
# પ્રવચનસાર
## દોહન

ભાગ ૨



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર દોહન

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૨-૬૩ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(૪૭ નય, શ્લોક-૧૯ થી ૨૨, ગાથા-૯ થી ૨૯, ૯૪
તથા ગાથા-૧૮૯ થી ૧૯૨)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૧

વીર સંવત
૨૫૫૧

ઈ. સન
૨૦૨૫

પ્રકાશન
તા. ૩-૭-૨૦૨૫, અષાઢ સુદ-૮,
શ્રી અષ્ટાન્હિકા પર્વ પ્રારંભ

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુ જીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાની જીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્ય જીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૨-૬૩માં ચાલેલ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અને પરિશિષ્ટ અધિકારની ગાથાઓ ઉપરના ૩૦ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી.. વેબ સાઈટ (www.vitragvani.com) તથા વીતરાગ વાણી એપ જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલે પાર્લા તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા વીતરાગ વાણી એપ ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્ર. નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૧ | ૨૫–૧૦–૧૯૬૨ | નય–૧ થી ૩ | ૦૦૧ |
| ૩૨ | ૨૬–૧૦–૧૯૬૨ | નય–૩, ૪, ૨૬, ૨૭ | ૦૧૫ |
| ૩૩ | ૨૮–૧૦–૧૯૬૨ | નય–૨૭ થી ૩૦ | ૦૩૦ |
| ૩૪ | ૨૯–૧૦–૧૯૬૨ | નય–૩૦, ૩૧ | ૦૪૩ |
| ૩૫ | ૩૦–૧૦–૧૯૬૨ | નય–૩૧ થી ૩૪ | ૦૫૭ |
| ૩૬ | ૩૧–૧૦–૧૯૬૨ | નય–૩૪ થી ૩૮ | ૦૭૧ |
| ૩૭ | ૦૧–૧૧–૧૯૬૨ | નય–૩૮ થી ૪૦ | ૦૮૬ |
| ૩૮ | ૦૨–૧૧–૧૯૬૨ | નય–૪૦ થી ૪૩ | ૧૦૧ |
| ૩૯ | ૦૩–૧૧–૧૯૬૨ | નય–૪૪ થી ૪૬ | ૧૧૪ |
| ૪૦ | ૦૪–૧૧–૧૯૬૨ | નય–૪૭ તથા ૧૦ થી ૧૪ | ૧૨૯ |
| ૪૧ | ૦૬–૧૧–૧૯૬૨ | નય–૧૪ થી ૧૭ | ૧૪૩ |
| ૪૨ | ૦૭–૧૧–૧૯૬૨ | નય–૧૭ થી ૨૩ | ૧૫૪ |
| ૪૩ | ૦૮–૧૧–૧૯૬૨ | નય–૨૪, ૨૫, ૪૭, ટીકા | ૧૬૭ |
| ૪૪ | ૦૯–૧૧–૧૯૬૨ | શ્લોક–૧૯, ૨૦, ૨૧ | ૧૮૧ |
| ૪૫ | ૧૨–૧૧–૧૯૬૨ | શ્લોક–૨૧, ૨૨ | ૧૯૫ |
| ૫૦ | ૦૯–૦૨–૧૯૬૩ | ગાથા–૯, ૧૦ | ૨૦૯ |
| ૫૧ | ૧૦–૦૨–૧૯૬૩ | ગાથા–૧૦ | ૨૨૨ |
| ૫૨ | ૧૧–૦૨–૧૯૬૩ | ગાથા–૧૦, ૧૧ | ૨૩૬ |
| ૫૩ | ૧૨–૦૨–૧૯૬૩ | ગાથા–૧૧ થી ૧૪ | ૨૫૧ |
| ૫૮ | ૧૮–૦૨–૧૯૬૩ | ગાથા–૧૬, ૧૭ | ૨૬૪ |
| ૫૯ | ૧૯–૦૨–૧૯૬૩ | ગાથા–૧૭, ૧૮ | ૨૮૦ |

| | | | |
|---|---|---|---|
| ૬૦ | ૨૦–૦૨–૧૯૬૩ | ગાથા–૧૯, ૨૦ | ૨૯૪ |
| ૬૧ | ૨૧–૦૨–૧૯૬૩ | ગાથા–૨૧ | ૩૦૭ |
| ૬૨ | ૨૨–૦૨–૧૯૬૩ | ગાથા–૨૨, ૨૩ | ૩૧૯ |
| ૬૫ | ૨૮–૦૨–૧૯૬૩ | ગાથા–૨૮, ૨૯ | ૩૨૬ |
| ૬૬ | ૨૪–૦૮–૧૯૬૩ | ગાથા–૯૪ | ૩૩૯ |
| ૬૯ | ૨૭–૦૮–૧૯૬૩ | ગાથા–૧૮૯ | ૩૫૩ |
| ૭૦ | ૨૮–૦૮–૧૯૬૩ | ગાથા–૧૮૯, ૧૯૦ | ૩૬૭ |
| ૭૧ | ૨૯–૦૮–૧૯૬૩ | ગાથા–૧૯૦, ૧૯૧ | ૩૮૧ |
| ૭૨ | ૩૦–૦૮–૧૯૬૩ | ગાથા–૧૯૧, ૧૯૨ | ૩૯૬ |

।।नमः सिद्धेभ्य।।

# પ્રવચનસાર દોહન

## (ભાગ-૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૨-૬૩ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**આસો વદ-૧૨, ગુરુવાર, તા. ૨૫-૧૦-૧૯૬૨**
**પરિશિષ્ટ-નય-૧, ૨, ૩, પ્રવચન-૩૧**

પ્રવચનસારની ૨૭૫ ગાથા તો પુરી થઈ. ૨૩૨થી શરૂ કરી હતી. આ નયનો અધિકાર. ૪૩૭ પાનું છે. 'હવે ટીકાકાર...' આખા પ્રવચનસારનું દોહન ૪૭ નયમાં આવી જાય છે. જેમ સમયસારમાં ૪૭ શક્તિમાં ત્યાં દ્રવ્ય એ દૃષ્ટિનો વિષય છે એટલે શક્તિ લીધી છે. અહીંયા જ્ઞાનપ્રધાનતાથી કથન છે એટલે ૪૭ નયથી વાત લીધી છે. બેમાં કથનની પદ્ધતિ ફેર છે. એટલે અહીંયા આ આત્મા કોણ છે? એમ અમૃતચંદ્રાચાર્યદેવ વડે થોડું પરિશિષ્ટ રૂપે કહેવામાં આવે છે. અહીં તો એવી રીતે પ્રશ્ન કર્યો છે કે '**આ આત્મા કોણ છે (—કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો...**' જેને એવી જિજ્ઞાસા થાય કે આ છે કોણ આત્મા? અને એ આત્માની પ્રાપ્તિ કઈ રીતે થાય? બે. એવો પ્રશ્ન કરવામાં આવે (જેને) જિજ્ઞાસુને આ સમજવાની ધગશ હોય તેને. એને '**તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે...**' પહેલો ઉત્તર તો કહેવાઈ ગયો છે છતાં '**અહીં (ફરીને) પણ...**' એનો ઉત્તર એવા જિજ્ઞાસુ જીવને—સત્ય સમજવાનો આકાંક્ષી છે એને આ વાત ૪૭ નય દ્વારા વિશેષપણે ફરીને કહેવામાં આવે છે. કહો, સમજાણું?

પહેલી વાત તો આ સિદ્ધ કરી કે પ્રશ્ન એને ઉદ્‌ભવે છે? આ આત્મા કોણ છે પણ? શું છે આ? અહીં તો બધું હોં! દ્રવ્ય, ગુણ અને પર્યાય સહિત બધું. આગળ ઈ લેશે પોતે

કે રાગાદિ ઉપાધિ પણ એનો ધર્મ છે. એનો પોતાનો અશુદ્ધનયે પોતાનો ધર્મ પોતામાં પોતાથી થાય છે. ઈ નયમાં લેશે. પરદ્રવ્યથી પૃથક્. પરદ્રવ્યને લઈને નહિ. એના આત્મામાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વિકારી કે અવિકારી પોતાનો જ ધર્મ એની પર્યાયનો તે કાળનો એનો ધર્મ છે. સાધકજીવની અપેક્ષાએ આ કથન છે. સમજાય છે કાંઈ? જેને આત્મા રાગ અને નિમિત્તથી પૃથક્ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ, ભાન, સાધકપણું પ્રગટ્યું છે એના લક્ષમાં આત્મા કેવો છે અને કઈ રીત એને પ્રાપ્ત થયો એ વાત કહેવા માંગે છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે **'એવો પ્રશ્ન કરવામાં આવે તો...'** અમે તમને પરાણે નથી કહેતા. આવો પ્રશ્ન કરવામાં આવે કે આ કોણ છે? ચીજ શું છે આ? અને એની પ્રાપ્તિ (અર્થાત્) સ્વસંવેદન આત્માનો સાક્ષાત્કાર ચૈતન્યનો અનુભવ કઈ રીતે થાય? એમ જેને જિજ્ઞાસા અને પ્રશ્ન હોય એને ઉત્તર કહેવાઈ તો ગયો છે પણ ટૂંકામાં ફરીને પણ સ્પષ્ટતા માટે કહેવામાં આવે છે. હવે એનો ઉત્તર.

**'પ્રથમ તો,...'** **'तावत'** શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. પહેલા તો **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...'** એમ પહેલી વાત કરી. શું કહે છે? **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...'** ચૈતન્ય જ્ઞાન દર્શન એવો જે સ્વભાવ એના વડે વ્યાપ્ત અનંત ધર્મો. ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત-રહેલ અનંત ધર્મો. બધા એના ધર્મો લેશે. કાળે મોક્ષ, અકાળે મોક્ષ (આદિ) એક સમયમાં બધા એના ધર્મ છે. સમજાય છે કાંઈ? કોઈ જીવને કાંઈ અને કોઈ જીવને કાંઈ એમ નહિ. એ જીવને કોઈ વખતે કાંઈ અને કોઈ વખતે કાંઈ એમ નહિ. **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...'** શું? અનંત ધર્મો. એ એક સમયે અનંતા ધર્મો છે એના. એક જ સેકંડના અસંખ્યભાગમાં. એક સમયમાં જેટલા કહેવાય છે એટલા બધા એકસાથે. સમજાણું કાંઈ? ઓલામાંથી કાઢે છેને? કોઈક કહે છે, કોઈને કાળે મોક્ષ થાય, કોઈને અકાળે મોક્ષ થાય. કોઈને ક્રિયાથી મોક્ષ થાય, કોઈને જ્ઞાનથી થાય. કોઈને પુરુષાર્થથી થાય, કોઈને દૈવથી થાય. એમ નથી, એમ નથી. આહા..હા..! ક્યાંના ક્યાં ગોટા વાળ્યા છેને.

એક સમયમાં એક જીવને સાધકને એવી યોગ્યતા એક સાથે અનંતી ગણવામાં આવી છે. એક જીવને. સમજાય છે? કાળે મોક્ષ એ પણ એ સમયનો મોક્ષ થવાનો તે જ કાળે છે. એવો પણ એનો એક ધર્મ છે. એ જ સમયે એક ધર્મ અકાળે પરિતસંસાર કર્યો અને સંસાર નાશ કર્યો એવું વાચક છે તો એનો એક વાચ્ય ધર્મ તે કાળે, કાળે મોક્ષને કાળે જ અકાળે મોક્ષ થાય તે જીવને તે સમયમાં એ બે ધર્મ એક સમયમાં સાધકને સાથે રહેલાં છે.

મુમુક્ષુ :— અકાળનો અર્થ...

ઉત્તર :— અકાળનો અર્થ આ. બોલવામાં આવે છે કે એણે સંસારને તોડી નાખ્યો, પરિત કર્યો. એવા વાચકનું વાચ્ય, ત્યાં કાળે મોક્ષ થાય છે તે સમયે એવો એક વાચ્ય ધર્મ એ જ સમયે ગણવામાં આવ્યો. સુમેરુમલજી! કોઈ જીવને અકાળે થાય અને કોઈ જીવને કાળે થાય એમ નહિ. તેમ કોઈ જીવને કાળે થાય અને કોઈ જીવને અકાળે થાય એમ નહિ. ઝીણી વાત છે આખી.

આખું દ્રવ્યનું મૂળ સ્વરૂપ આખું છે એને આમાં સમાડી દીધું છે. '**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત '**અનંતા ધર્મોનું...**' એક સમયમાં. સેકંડના અસંખ્યમા ભાગનો એક સમય એમાં એ અધિષ્ઠાતા હોવાથી. કોણ? આત્મા. એક સેકંડના અસંખ્યભાગમાં—એક સમયમાં આત્મા ચૈતન્યસામાન્ય વડે (અર્થાત્) જ્ઞાન દર્શનના સામાન્ય વડે '**વ્યાપ્ત અનંત ધર્મો...**' એનો '**અધિષ્ઠાતા...**' તે એક દ્રવ્ય આત્મા છે. એમ મથાળું સામાન્ય પહેલું બાંધ્યું. એનો વિશેષ (વિસ્તાર) કરશે હવે. સમજાય છે કાંઈ? નવરંગભાઈ! આ તો 'નય પ્રજ્ઞાપન' (પુસ્તક) તો આવી ગયું છે, છપાઈ ગયું છે. કહો, સમજાણું કાંઈ?

પહેલો આ સિદ્ધાંત કે એક સેકંડના અસંખ્યભાગમાં—એક સમયમાં '**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' જ્ઞાન દર્શન એવા સામાન્ય રૂપે વ્યાપ્ત, સામાન્ય વડે વ્યાપ્ત. અનંત ધર્મોનો અધિષ્ઠાતા, એક સમયમાં અનંતા ધર્મો સાધકજીવને એક સેકંડના અસંખ્યમા કાળમાં—એક સમયમાં હોય છે. આઘાપાછા નહિ, બીજા જીવને કાંઈ અને બીજા જીવને કાંઈ એમેય નહિ. સમજાય છે કાંઈ? ડાલચંદજી! મોટી તકરાર કાઢે છે એમાંથી તો. કોઈને ક્રિયાથી મોક્ષ થાય છે, કોઈને જ્ઞાનથી મોક્ષ થાય છે. સાંભળ તો ખરો.

એક સમયમાં જ અનંત ધર્મો છે. વળી કોઈને ક્રિયાથી થાય છે અને કોઈને જ્ઞાનથી થાય છે એવી વાત નથી. બધા જીવની સાધકદશામાં એક સમયમાં રાગનો અભાવ થઈને થયું તો એવો એક ધર્મ ગણવામાં આવ્યો, ક્રિયાનયનો. ધર્મ એ સમયમાં, હોં! અને એ જ સમયે જ્ઞાનનો ધર્મ ગણવામાં આવ્યો. સમય તો એક જ છે. બે સમય નથી. બે જીવ નહિ, બે સમય નહિ, બે ધર્મ ભિન્ન ભિન્ન નહિ. ભિન્ન ભિન્ન નામ ભિન્ન કાળે નહિ. એક સમયમાં અનંત ધર્મ એકસાથે રહે છે. સમજાય છે કાંઈ? આ એનું મથાળું છે પછી એનું વિશેષ સ્પષ્ટીકરણ (આવશે). બધા વિશેષ રહે છે એક સમયમાં. એક જ સમયમાં આ બધા ધર્મ છે એક જ જીવને, તે પણ સાધકની વાત છે આમાં. મિથ્યાદૃષ્ટિની વાત નથી, કેવળીની નથી. કારણ કે અહીં તો...

આત્માનો એક સમયમાં સ-ઉપાધિક રાગ થવો એ એનો એક ધર્મ છે એમ લેશે. અશુદ્ધનય આવે છેને? એનો ધર્મ એમ લેશે. એ ધર્મ ત્રિકાળ નથી. પર્યાયનો એક સમયનો વિકાર થવો એનો પોતાનો સ્વયં ધર્મ છે. એમ સાધકજીવ પોતાના જ્ઞાનને જાણતો, આ વિકારરૂપે પરિણમવું

એ મારો ધર્મ છે, એમ સમયનો ધર્મ એક સમયે જાણે છે. અને એ જ સમયે નિરૂપાધિકપણે થવું એ મારો (ધર્મ છે). એ જ સમયે, એક સમયમાં બે ધર્મને સાધક પોતાના પોતાને કારણે જાણે છે, પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? એટલું આનું આખું રહસ્ય પહેલા શબ્દમાં લીધું છે.

આત્મા ચૈતન્યસામાન્ય વડે એક સમયમાં અનંત ધર્મોનો, ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મ એક સમયમાં (રહેલાં છે) એનો અધિષ્ઠાતા—આધાર એને આત્મા કહેવાય છે. આવો આત્મા સાધકજીવને દૃષ્ટિ અને જ્ઞાનમાં હોય છે. સમજાણું કાંઈ? 'કારણ કે...' હવે બીજી વાત લ્યે છે. પહેલી તો ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મ. બસ, એટલી વાત લીધી. કોઈ એમ કહે કે આગળપાછળ ધર્મ છે જીવના, વિકાર થવો એ ધર્મ પહેલાં અને વિકાર ન થવો એ ધર્મ પછી એમ કહેતા હોય તો એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ. એક જ સેકંડના અસંખ્યભાગમાં જીવને કાળે મોક્ષ થાય એવો પણ એ સમયનો એક ધર્મ, અકાળે થાય એટલે કે એમ બોલાય એવો પણ એ જ કાળે અકાળે મોક્ષનો (એવો) એક ધર્મ એ જ જીવને (હોય છે). તે બધામાં ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા તે આત્મદ્રવ્ય છે. ઝીણી વાત છે જરી આ. સમજાણું કાંઈ? સુમેરુચંદજી! એ શેઠિયા માટે રાખ્યું હતું હોં! કહ્યું હતું હોં સભામાં. હમણાં નહિ, આવવા દ્યો એ પછી... શક્તિઓ પહેલી ગઈ, હવે આ તો થોડું રહે. હવે બીજી વાત. એક સિદ્ધ કર્યું.

એક સેકંડનો અસંખ્યમો ભાગ એમાં અનંતા ધર્મો એક સમયમાં તે સાધકજીવને સમ્યગ્દૃષ્ટિને. મિથ્યાદૃષ્ટિની અહીં વાત નથી, કેવળીની વાત નથી, સામાન્ય અનાદિનો રખડ્યો જીવ એની અહીં વાત નથી. સમજાય છે કાંઈ? એક સમયમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને એક સમયમાં અનંતા ધર્મો ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત છે એનો આધાર તે દ્રવ્ય છે. એમ સાધકજીવ પોતાના સમ્યક્જ્ઞાનમાં પોતાના ધર્મને પોતાની પર્યાયમાં ભાળે છે. એ એક એક ધર્મને જોઈને અંદરમાં જાય તોપણ નિર્વિકલ્પ ચૈતન્યની દૃષ્ટિ થતાં સ્થિરતા થાય. આખા ધર્મને બધા એક સમયે જોવે તો પ્રમાણજ્ઞાન વડે શ્રુતજ્ઞાન વડે જાણે, ભાવજ્ઞાન વડે (જાણે) તોપણ અંતરમાં જઈને સ્થિરતાનો અનુભવ થાય. સમજાણું કાંઈ?

'કારણ કે...' હવે કારણ કહે છે. સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાન એનું કારણ? કે **'અનંત ધર્મોમાં વ્યાપનારા...'** આત્માને એક સમયમાં સાધકજીવને અનંતા ધર્મો છે. કોઈ પર્યાયનો ધર્મ, કોઈ દ્રવ્યનો ધર્મ, કોઈ ગુણનો ધર્મ, કોઈ વિકારી ધર્મ, કોઈ અવિકારી ધર્મ—એ બધા એક સમયની અંદર છે. પોતાના કારણે પોતાનો ધર્મ. એ અનંત ધર્મોમાં વ્યાપનારા એ અનંત નયો એટલે કે તે અનંત ધર્મને જાણનાર અનંત નય. એક નય એક ધર્મને જાણે, બીજો નય બીજા ધર્મને જાણે, એમ અનંત નયો અનંત ધર્મને જાણે. **'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું...'** હવે એમાં પાછું વ્યાપનારું. ભાઈ! ત્રણ વ્યાપ્ત લીધા.

ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા દ્રવ્ય, આ એક સિદ્ધાંત. આ તો મહા સિદ્ધાંતો છે. આ તો મહા મંત્રો ચૌદ પૂર્વના રહસ્યના છે. પછી અનંત ધર્મોમાં વ્યાપનારા એટલે કે જાણનારા અનંતા નયો છે. નય એટલે જ્ઞાનનો એક ભાગ. તેમાં વ્યાપનારું, એ અનંત નયમાં વ્યાપનારું એટલે એકરૂપ થનારું '**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ—ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ. છે તો જ્ઞાનનો પર્યાય શ્રુતજ્ઞાન. દ્રવ્ય ત્રિકાળ, જ્ઞાન ત્રિકાળ એનો એક સમયનો ભાવશ્રુતજ્ઞાન પર્યાય છે. પણ એ પર્યાય અનંત નયને એકસાથે સામાન્ય, વિશેષ અને ઉપાધિ (વિકાર) આદિ બધાને એકસાથે જાણે માટે તેને શ્રુતજ્ઞાનપ્રમાણ કહ્યું અને એ પ્રમાણનો એક ભાગ તેને નય કહ્યું. આ અનંતા નયો અનંત ધર્મને એક સમયમાં, અનંત ધર્મને અનંત નય, વર્તમાન નય વર્તમાન ધર્મને જાણે. પણ એ અનંત નયોમાં વ્યાપનારું, પ્રસરનારું... છે બધી એક સમયની વાત હોં આ બધી.

'**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...**' ઓલા અનંત હતાને? એમાં વ્યાપનારું જે એક, '**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...**' એવા શ્રુતજ્ઞાનના પ્રમાણપૂર્વક પોતાના અનંતા ધર્મો એક એક નયે જાણતાં એનામાં મારાથી છે, પરની અહીં વાત છે જ નહિ કંઈ. કર્મને લઈને વિકાર થાય અને આને લઈને આ થાય એ વસ્તુસ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ? અહીંયા તો પોતાનો તે સમયનો પર્યાયધર્મ, કોઈ દ્રવ્યધર્મ, કોઈ ગુણધર્મ એવા જે ધર્મો એક સમયમાં જે વ્યાપનારા નયોને નય દ્વારા જણાય એક સમયમાં, એક-એક ગુણને એક-એક નય (જાણે), એક-એક નય (દ્વારા) એક-એક ધર્મ (જણાય). પણ એકસાથે જાણનારું પ્રમાણ એવા '**પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...**' આ રીતે જ્ઞાન કરીને અંતર્મુખમાં વળે તો તેને આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે...**' જુઓ! શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે. જ્ઞાન પોતે પ્રમાણ અને આખું દ્રવ્ય જે આવું દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળો આખો આત્મા તે આ પ્રમાણ વડે પ્રમેય થાય છે. સમજાય છે કાંઈ? એક આત્મા ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (અને) એના ધર્મોમાં અનંત નયો વ્યાપનારા... આ બધી એક સમયની વાત ચાલે છે. ભલે એક એક ધર્મ જોવા માટે પહેલું આમ અને પછી (આમ), ઈ પછી વાત. પણ એક સમયમાં અનંતા ધર્મો, એવા અનંતા નયોમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાનપ્રમાણ એવા પ્રમાણ વડે એના દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વજ્ઞેયની સત્તામાં એટલું સમાઈ ગયું છે. પરની સત્તાના અંશનો ભેળસેળ નહિ. પરની સત્તાને કારણે આમાં વિકાર છે એમ નહિ, ત્રણકાળમાં નહિ. લક્ષ્મીચંદજી! આ મોટી તકરાર અત્યારે ચાલે છે. નહિ, વિકાર નિમિત્ત વિના થતો નથી, નિમિત્ત વિના થતો નથી. અહીં કહે છે કે અશુદ્ધ પર્યાયનો એનો ધર્મ છે એને કારણે થાય છે એવા એક નયની સાથે અનંત નયમાં શ્રુતજ્ઞાનપ્રમાણથી જ્ઞાની પોતાના

પર્યાય, ગુણ, દ્રવ્યને જાણીને દ્રવ્યનો અનુભવ કરે છે અને એ પ્રમાણમાં એ દ્રવ્ય પ્રમેય થાય છે.

એવા '**પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...**' આ રીતે જ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાય પોતાની પોતામાં એક સમયમાં અનંતા ધર્મો ભાસતા શ્રુતજ્ઞાન વડે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે '(**તે આત્મદ્રવ્ય) પ્રમેય...**' નામ શ્રુતજ્ઞાનમાં જણાય છે. તે સમયનું પ્રમાણ પણ પોતે અને તે સમયનું આખું દ્રવ્ય, ગુણ, પર્યાય પ્રમેય પણ પોતે. પ્રમાણ એનો શ્રુતજ્ઞાનનો પર્યાય અને પ્રમેય દ્રવ્ય, ગુણ અને પર્યાય. ભાઈ! સમજાણું કાંઈ? અમરચંદજી! આહા..હા..! આ આત્મલક્ષ્મીનું પ્રમાણ બતાવે છે. અરે..! ભગવાન! આ જ્ઞાનપ્રધાન કથન છેને આમાં તો. પ્રવચનસાર જ્ઞાનપ્રધાન કથન છે એટલે જ્ઞાનમાં જેટલું જ્ઞેય સ્વસત્તાના અસ્તિત્વમાં હોય તે બધું પોતાથી અને પોતાનું છે એમ જ્ઞેય કરે, એ જ્ઞાન જ્ઞેય કરે ત્યારે પ્રમેય યથાર્થ એના જ્ઞાનમાં આવ્યું કહેવાય. સમજાય છે કાંઈ?

દ્રવ્યદૃષ્ટિના વિષયની વાત જુદી છે. ત્યાં તો એમ કહે કે વિકાર મારો ભાવ જ નથી. તે તો દ્રવ્યને, ચૈતન્યદ્રવ્ય એકસ્વરૂપી વસ્તુ એને (નક્કી કરનાર) સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ચીજ છે અને એ અભેદ ચીજ છે, એમાં ભેદ નથી. એ નિર્વિકલ્પ દૃષ્ટિવાળાથી નિર્વિકલ્પનું ધ્યેય નક્કી કર્યું ત્યારે તેને એ દ્રવ્યના સ્વભાવનું પરિણમન સ્વભાવ જ હોય છે, વિભાવ નહિ. એ વિભાવનું પરિણમન, કર્મનું નિમિત્ત અને વિભાવનો એનો પોતાનો ધર્મ બેયને વ્યવહારમાં નાખી દઈને એ કર્મનું છે, મારું નથી એમ કાઢી નાખ્યું છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિના વિષયમાં પ્રતીતનો વિષય છે એ અખંડ દ્રવ્ય એકરૂપ વસ્તુ છે, અનંત ગુણનું એકરૂપ. કેમકે એને ભેદ નથી દૃષ્ટિમાં. જ્ઞાન તો ભેદવાળું છે. સ્વને જાણે, પરને જાણે, પર્યાયને જાણે, દ્રવ્યને જાણે. એટલે દૃષ્ટિનો વિષય જ્યાં વર્ણવાય (એમાં) એકલો દ્રવ્ય ભગવાનસ્વભાવ પરિપૂર્ણ છે એમ પ્રતીત થતાં જે વિકારનું પરિણમવું થાય તે વિકારનું વ્યાપ્ય, એ કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય. સમજાય છે કાંઈ? કેમકે સ્વભાવ જ્યાં જ્ઞાયક દૃષ્ટિમાં આવ્યો તે વ્યાપકનું વ્યાપ્ય એકલી સ્વભાવદશા છે. સ્વભાવદશા એનું વ્યાપ્ય છે, કાર્ય છે, અવસ્થા છે. એ દૃષ્ટિના જોરમાં જે કંઈ વિકાર રહ્યો, છે એનો પોતાનો ધર્મ, જ્ઞાન એને પોતાનો ધર્મ પોતાથી થાય એમ જાણે છે, છતાં દૃષ્ટિના વિષયમાં સ્વભાવનું જ્યાં પરિણમન થયું એટલે એ વિકાર દૃષ્ટિના વિષયની અપેક્ષાએ કર્મ પણ પર છે અને વિકાર પણ પર છે. બેને વ્યવહાર કહી, બેને એકમાં નાખી, એ બેનું કારણ અને કાર્ય બધું એનું છે, આત્માનું નહિ. એમ કહીને ઊડાડી નાખવા, કાઢી નાખવા વાત કરી છે. સમજાણું કાંઈ?

અહીં બીજી વાત છે એનાથી. અમૃતચંદ્રાચાર્ય બેયના કર્તા અને કુંદકુંદાચાર્ય બેયના કર્તા. કહો, સમજાણું કાંઈ? ત્યાં ૭૬, ૭૭, ૭૮, અને ૭૯ ગાથા કર્તાકર્મની. આત્મામાં વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર પંચ મહાવ્રતના વિકલ્પો એ વિકલ્પનું વ્યાપ્ય-વ્યાપક કર્મ સાથે

જાય છે. એની આદિમાં કર્મ છે, મધ્યમાં કર્મ છે અને અંતમાં (કર્મ છે). વ્યવહારશ્રદ્ધા વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એની આદિ, મધ્ય, અંતમાં કર્મ છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના પરિણામ થયા એની આદિ, મધ્ય અને અંતમાં આત્મા (છે). ...ચંદજી! અટપટી વાત છે હોં! જરી ઓલું ફેરફાર થાય તો બહુ અટપટું (લાગે). આ તો બહુ અટપટી છે વાત.

એક કોર કહે કે વ્યવહારરત્નત્રય કર્મનું વ્યાપ્ય—કાર્ય—છે, આત્માનું નહિ. અહીં કહે કે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તારો પોતાનો નિજી ધર્મ છે. તારો ધર્મ છે એમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનમાં જોવે છે. આહા..હા..! કથનની પદ્ધતિ. ડાલચંદજી! બિચારા ગોથા ખાય જ્યાં ત્યાં માથા મારી ઊંધે ઊંધા. આ કહે કે જુઓ, અહીંયા કર્મનું કાર્ય કહ્યું. અરે..! સાંભળને. જ્ઞાનમાં પહેલું જણાયું તેથી અહીં જણાય છે. સ્વ અસ્તિ નાસ્તિ આવશેને હવે? તારો તારો તે સમયનો પર્યાયધર્મ છે. સાધકને પર્યાયધર્મમાં અશુદ્ધતાનો મલિન વિકાર મારો ધર્મ, મારી યોગ્યતા, મારું અશુદ્ધ ઉપાદાનનું કાર્ય છે. બિલકુલ બીજાનો અધિકાર એમાં નથી. નિમિત્તનો અર્થ જ એ કે બીજી ચીજ છે એ જાણવાલાયક છે. સમજાય છે? જો એનું કાર્ય થાય તો એ નિમિત્ત રહેતું નથી. કાર્ય મારા જ અશુદ્ધ પરિણામ મારો ધર્મ છે એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના (જ્ઞાનમાં જાણે છે). દૃષ્ટિના વિષયમાં અભેદ ભાળે છે પણ જ્ઞાનમાં બે અંશ ભાળે છે. એક ત્રિકાળ અભેદ અને એક વિકારી પર્યાયનો મારો પોતાનો નિજી ધર્મ છે. એ છેલ્લે કહેશે. કેટલામી (નય છે)? અશુદ્ધ છેને અશુદ્ધ. ૪૬મી. ૪૬ નય આવશે. ૪૬મી નય આવશે. આ અનંત ધર્મના ભેદ પાડે છે. અનંત ધર્મ પહેલું તો કહી દીધું કે અનંત ધર્મોનો અધિષ્ઠાન એક જ આત્મા પોતે જ એનો આધાર અને પોતાથી થયેલ છે. પણ અહીં કહેશે, '**આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે. ૪૬.**' સોપાધિસ્વભાવવાળું છે. એમ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પોતાનો પર્યાયધર્મ સોપાધિક મારાથી છે એમ જ્ઞાની બરાબર જાણે છે. સમજાણું કાંઈ? પરનો ધર્મ નહિ અને પરને લઈને નહિ. સુમેરુમલજી! વેદાંત સાથે તો ભારે કઠણ પડે હોં!

વેદાંત તો કહે, આત્મા શુદ્ધ શુદ્ધ (છે), વળી પર્યાયમાં અશુદ્ધતા? ત્યારે વળી જૈનમાં કહે કે અશુદ્ધતા ક્યાંથી આવી? કર્મથી આવી. બેય એક મતવાળા છે. બેય ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. બેયને વસ્તુની કંઈ ખબર નથી. સમજાણું કાંઈ? સોપાધિસ્વભાવવાળું, ભાઈ! એમ કીધું. સમ્યગ્દૃષ્ટિ પોતાની પર્યાયમાં વિકાર મારો છે, સોપાધિ મારો સ્વભાવ છે. પર્યાયસ્વભાવ હોં! દ્રવ્ય-ગુણ નહિ. ગુણમાં એવો કોઈ ગુણ નથી કે વિકાર થાય. જો વિકાર થાય એવો ગુણ હોય તો સદાય વિકાર થયા કરે, કોઈ દિ' ધર્મ થાય અને મોક્ષ થાય નહિ. અને પર્યાયનો એક સમયનો ઉપાધિ ધર્મ મારો છે એમ સમ્યક્જ્ઞાની પોતાની પર્યાયને જોતો પોતાનો ધર્મ છે એમ જાણે છે. ઓહો..! સમજાણું કાંઈ? ભોગીભાઈ! કેટલા લખાણ આમાં બિચારા

શું કરે? જ્યાં ત્યાં સલવાય. પ્રત્યક્ષ દેખાય છે કે વિકાર થાય છે અને દ્રવ્ય-ગુણમાં નથી. સાધકને વિકાર તો થાય છે. દ્રવ્ય-ગુણમાં આવ્યો ક્યાંથી? કહો, સમજાણું કાંઈ? મારી પર્યાયમાં અશુદ્ધતા રાગ, દ્વેષ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન જે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને થાય છે એ અશુદ્ધ સ્વભાવ પર્યાયનો મારો પોતાનો ધર્મ છે. અનંત ધર્મ માહ્યલો આ એક પણ મારો ધર્મ છે. જેવો શુદ્ધ સ્વભાવ ધર્મ છે એવો અશુદ્ધ પણ પર્યાયનો અંશનો મારો મારામાં મારો ધર્મ છે. એમ પ્રમેય, શ્રુતજ્ઞાનમાં પ્રમેય કરતાં એ ભાવ પોતાનો છે એમ પ્રમાણમાં આવી જાય છે. સમજાણું કાંઈ? કેમ લક્ષ્મીચંદજી! બહુ ગડબડ ચાલે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યાંથી થાય? તારી પર્યાયનો ધર્મ કોઈ બીજાથી થાય છે?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા, પણ આ બધા કહે છે કે નહિ, નહિ, કર્મથી થાય છે, કર્મથી થાય છે. પ્રત્યક્ષ વાત છે. શ્વેતાંબર પણ કહે છે. શ્વેતાંબર કહે છે કે આઠ કર્મથી રખડે છે. આ કહે કે કર્મને લઈને વિકાર થાય છે. બેય એક માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ છે. ધર્મચંદભાઈ! જરી ઝીણી વાત આવી ગઈ. .... કહો, સમજાણું કાંઈ?

કહે છે, જુઓ! સાથેને સાથે પાછી છેને ૪૭? '**આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.**' એક સમયમાં બે મારા ધર્મ છે. આ તે કંઈ (વાત)! નિરુપાધિ સ્વભાવ પર્યાયનો એ મારો પોતાનો સ્વભાવ છે. ઉપાધિ સ્વભાવ એ મારો પોતાનો સ્વભાવ છે. એક સમયમાં બે ધર્મ. સાંખ્યું જાય નહિ હોં! સાંભળ્યું જાય નહિ. વેદાંતવાળાને અને કર્મથી વિકાર થાય એને (સાંખ્યું ન જાય). પ્રત્યક્ષ દેખાય છે કે નિમિત્તથી થાય છે. શું દેખાય છે? જડ? પર્યાયનો તેનો પોતાનો યોગ્ય ઉપાદાન સ્વતઃસિદ્ધ સત્... અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ થઈને આખું લેવું છેને. એ વિકાર પણ સત્ છે. વિકાર પણ ચારિત્રગુણનો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ ચારિત્રગુણ જેમ સત્ છે એમ વિકારનો ઉત્પાદ એ સત્નો અંશ છે. સત્નો અંશ છે. એને કોઈ અપેક્ષા હોઈ નહિ. મારો એ સત્નો અંશ ચારિત્રગુણનો વિપરીત અંશ મારા કારણે વિકાર મને મારા ધર્મમાં મને થાય છે. એમ શ્રુતજ્ઞાની પોતાને અનંતા ધર્મ સાથે આ એક ધર્મ શ્રુતજ્ઞાનમાં ભેળો દેખે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એવો શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે તે આત્મદ્રવ્ય પ્રમેય થાય છે. આ રીતે અનંત ધર્મવાળો આત્મા તેને એક સમયમાં પર્યાયધર્મ પર્યાય, દ્રવ્યધર્મ દ્રવ્ય, ગુણધર્મ ગુણ એ રીતે જે એક સમયમાં સત્તાની સમાપ્તિ એના દ્રવ્યમાં થાય છે એવો આત્મા શ્રુતજ્ઞાન વડે પ્રમેય નામ જણાય છે. એ શ્રુતજ્ઞાન વડે જણાય છે. એ સિવાય જણાતો નથી. આવા અનંતા ધર્મોને જાણનારું મારું જ સ્વરૂપ અને મારામાં છે એમ સ્વજ્ઞેયને પોતામાં સમાપ્ત કરીને પ્રમાણજ્ઞાન જાણે છે. પરજ્ઞેય સાથે લાગવળગ મારે કાંઈ છે નહિ. સમજાણું

કાંઈ? આહા..હા..! આવો આત્મા છે હજી એવું શ્રદ્ધામાં નક્કી કરે નહિ ત્યાં સુધી એનું વીર્ય સ્વ અનુભવ તરફ કોઈ દિ' ત્રણ કાળમાં વળે નહિ. સમજાણું કાંઈ? એનું વીર્ય ત્યાં ગોથા ખાય છે હજી. જેવું વસ્તુનું સ્વરૂપ છે પર્યાયધર્મ, દ્રવ્યધર્મ, ગુણધર્મ એમાં જ્યાં એ સત્‌ને પરમાં ખોવે છે અને પરને લઈને નાશ કરે છે. એ વીર્ય જ ખંડ ખંડ થઈ ગયેલું છે. શ્રદ્ધાના વિષયને બરાબર પકડી શકતું નથી જ્ઞાન, શ્રદ્ધા, એ વીર્ય અંતર્મુખ થઈને આત્માનુભવ કરે, ત્રણ કાળમાં થાય નહિ. સમજાણું કાંઈ? હજી તો બાહ્ય બુદ્ધિ એની ભટકે છે. કહો, સમજાણું આમાં? એ વાત સામાન્ય કરી કે આવા અનંતા ધર્મો છે એક સમયમાં. એ ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત છે બધા ધર્મો. અનંતા ધર્મોમાં અનંતા નયો વ્યાપે છે. અનંતા નયોનું એકરૂપ શ્રુતજ્ઞાનપ્રમાણ એ વડે અનુભવ કરતાં એ આત્મા આખો જે રીતનો એક સમયમાં છે તેમ તેને પ્રમેય નામ જ્ઞેય થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? ઝીણા બહુ બોલ પણ આ. દયા પાળવી, ભક્તિ કરવી, પૂજા કરવી એમ કહી દેને તો ફટ દઈને થઈ જાય. વ્રત પાળવા. અરે..! ક્યાં પાળે? ધૂળ પાળે? હજી વસ્તુ શું છે? એનો ગુણધર્મ, દ્રવ્યધર્મ, પર્યાયધર્મ ત્રણેના સ્વતંત્ર ધર્મ શું છે? સ્વતંત્ર ધર્મ. ગુણમાં એવો વિકાર કરવાનો ધર્મ ત્રણ કાળમાં નથી. પર્યાયધર્મ તે એક સમયનો ધર્મ છે. પૂર્વના કારણે નહિ, પછીના કારણે નહિ, નિમિત્તને કારણે નહિ, ગુણને કારણે નહિ. ગજબ વાત છેને! શું કહ્યું? એક સમયનો વિકાર મારો મારાથી થાય એમ સમ્યક્‌જ્ઞાની જાણે છે કે ઈ દ્રવ્યને કારણે નહિ, ગુણને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ, પૂર્વની પર્યાયને કારણે નહિ, પછીની પર્યાયને કારણે નહિ. એક સમયનો પર્યાય અશુદ્ધ ધર્મ સોપાધિક મારો મારાથી છે એમ સમ્યક્‌જ્ઞાનમાં જ્ઞાની એને જોવે છે. સમજાય છે કાંઈ? શેઠિયા!

અરે..! તને ખ્યાલ ન મળે, માર્ગની શું રીત અને દ્રવ્ય છે અને પછી પ્રરૂપણા કરવા માંડે કે નહિ, આમ હોય, નહિ આમ હોય. જુઓ ભાઈ! પ્રત્યક્ષ દેખાય છે આ લાકડી પડી છે જુઓ, આંગળી વિના ઉઠે છે? પ્રત્યક્ષ નથી દેખાતું? શું જોયું તેં? તેં ભ્રમણા જોઈ છે. સમજાણું કાંઈ? એનો પર્યાયધર્મ તે સમયે ઊંચું થવાનો પર્યાયનો ધર્મ છે તે ઊંચી થાય છે. એમ પ્રતિભાસો એમ આચાર્ય કહે છે. અહીંથી ઊંચી થઈ એમ પ્રતિભાસો નહિ. ખબર નથી, ખબર નથી શું કરે? ભારમલજી! સમજાય છે કે નહિ આ? મહાજન! મહાજન નામ છેને? આપણે ભારમલજી કીધું. આ બધાને જી લગાવે છેને હિન્દીમાં. કહો, સમજાય છે કાંઈ? હિન્દુસ્તાનમાં જી લગાડે છે.

આ મથાળું બાંધ્યું, ઉપોદ્‌ઘાત કર્યો. નયો અને ધર્મ કહેવા છે એ ક્યાં છે અને કેમાં (છે), એનું આ મથાળું બાંધ્યું. આ રીતે પહેલું સમજાવ્યું પછી એનો એક એક ધર્મ જુદો જુદો (સમજાવશે). એનો પર્યાયધર્મ, કોઈ દ્રવ્યધર્મ એનો એનામાં છે એમ શ્રુતજ્ઞાન જાણે છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? પહેલા થોડા લઈશું. પછી વચ્ચે થોડું મૂકી દેવાનો વિચાર

આમને છે. લાંબુ ન ચાલવું હોયને, ભાઈ! નિયત, અનિયત.. પહેલા એક-બે તો લઈએ. પછી ઓલા મૂકી દેવા ઘણા, પછી પાછું લઈ લઈશું. પણ નિયત, અનિયત, સ્વભાવ, અસ્વભાવ ને કાળ ને અકાળ એ જરી બોલવાળા ૨૬થી, ૨૬થી વિશેષ છે. આખા સમજવા જેવા છે મૂળ. આમને રહેવાનું ઝાઝું ન હોય, પછી આપણે વાંચી લઈશું. શું કહે છે સમજાય છે કાંઈ? તમારે બહુ રહેવાનું ન હોય.

'**તે આત્મદ્રવ્ય...**' આ શબ્દ પડ્યો છે. કોણ? '**તે આત્મદ્રવ્ય...**' જે આ કીધું તે આત્મદ્રવ્ય કે જે દ્રવ્ય ચેતનસામાન્ય વડે અનંત ધર્મથી વ્યાપ્ત અને અનંતા ધર્મો અનંત નયથી એક સમયમાં વ્યાપ્ત અને અનંતા નયનું એકરૂપ એવું શ્રુતજ્ઞાન એ વડે પ્રમેય થાય એવું તે આત્મદ્રવ્ય. આમાં વજન છે 'તે'માં. આખું વજન છે એના ઉપર. તે આત્મદ્રવ્ય જે અમે કહ્યું તે આત્મદ્રવ્ય. બીજાની વાત અહીં નથી હવે. ફલાણાની ને કર્મની, ઢીકણાની ફલાણાની વાત નથી. આવું જે આત્મદ્રવ્ય સમ્યક્જ્ઞાનીના લક્ષમાં કઈ રીતે આવે છે? પહેલા સાધારણ વાત કરી, હવે વિશેષ ફોડ પાડીને વાત કરે છે. ઓલામાં સામાન્ય અનંત ધર્મ કીધાં હતા. હવે અનંત ધર્મ ક્યા ક્યા? એના નામ પાડીને વિશેષ સ્વરૂપે વર્ણવે છે.

'**તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...**' એક નય. અનંતા ધર્મ માયલો એક આ નય છે. દ્રવ્યનયે ચિન્માત્ર છે, '**પટમાત્રની માફક,...**' પટમાત્રની માફક. '**(આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે,...**' ચૈતન્યમાત્ર. દ્રવ્ય લીધું છેને અહીંયા. દ્રવ્યનયે ચૈતન્યમાત્ર દ્રવ્યનયે છે. એવો એનો એક ધર્મ છે, એવો એનો એક ધર્મ. અનંત ધર્મ માહ્યલો એક ધર્મ. એક સમયમાં આ બધા ધર્મ છે પણ એ માહ્યલો એક આવો ચૈતન્યદ્રવ્યનયે. જુઓ આ! દ્રવ્ય પણ આવ્યું. વિકારમાં પર્યાયધર્મ આવશે. અહીં દ્રવ્ય લીધું. આખું લેવું છેને, દ્રવ્ય ગુણ પર્યાય ત્રણે. એક સમયની સત્તાની પૂર્ણતા. '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક,...**' જેમ વસ્ત્ર વસ્ત્રપ્રમાણ છે. વસ્ત્ર વસ્ત્રમાત્ર છે એમ આત્મા દ્રવ્યનયથી જોઈએ, નિત્યનયથી દ્રવ્ય જોઈએ તો એ એકલો ચૈતન્યમાત્ર છે. ચૈતન્યમાત્ર દ્રવ્યનયે છે. એવો એનો સ્વતઃ સ્વયં પોતાથી ધર્મ છે. એ ધર્મ એક નયે પોતે એક ધર્મને જોવે છે. આગળ લેશે. એક નયથી જોવો કે શ્રુતથી જોવો, અંતરના પ્રમાણમાં જતાં, આવું જ્ઞાન કરીને અંતરમાં જતાં તે દ્રવ્યનો નિર્વિકલ્પ અનુભવ થઈ શકે છે. એ સિવાય કોઈ રીતે નિર્વિકલ્પ અનુભવ થાય નહિ. શેઠી! ઝીણું છે, ઝીણું પડે છે.

આત્મદ્રવ્ય '**તે આત્મદ્રવ્ય,...**' ક્યુ? કે જે ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા તે જ આત્મદ્રવ્ય, અનુભવાય છે તે, જે પ્રમેય થાય છે તે, પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય નામ જ્ઞેય થાય છે તે. '**તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ). ૧.**' વસ્ત્રમાં બીજી કોઈ ચીજ છે નહિ. એમ ચૈતન્યમાત્ર એકરૂપ એક નયે એક ધર્મ આવો તે સમયે છે. તે સમયે બીજા અનંતા સાથમાં છે પણ એક ધર્મ આ જાતનો છે એમ બતાવ્યું.

તે '**આત્મદ્રવ્ય...**' 'તે' બધામાં લઈ લેવું હવે. 'તે' શબ્દ જે પડ્યો છે, છેને ભાઈ એમાં? '**आत्मा हि तावच्चैतन्यसामान्यव्याप्तानन्तधर्मा...**' '**तत्तु**' જુઓ ૪૩૮. '**तत्तु द्रव्यनयेन पटमात्रवच्चिन्मात्रम्।**' સંસ્કૃત છે. '**तत्तु**' એટલે 'તે'. એ 'તે' બધામાં લઈ લેવા. ૪૭ નયમાં તે, તે, તે, તે લઈ લેવું. સમજાણું કાંઈ? તે '**આત્મદ્રવ્ય...**' જ્ઞાન જેવી વસ્તુ છે તેને જ્ઞેય કરે તો એ જ્ઞાન સમ્યક્ કહેવાય. જે રીતે વસ્તુ છે એનાથી વિરુદ્ધ જ્ઞેય કરે તો એ જ્ઞાન કહેવાય નહિ. એ તો મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ? તો એક નયે ચૈતન્ય જ્ઞાનમાત્ર ચૈતન્ય છે દ્રવ્યનયે એવું પણ એણે જ્ઞાન બરાબર કરવું જોઈએ. તે જ દ્રવ્ય, તે જ દ્રવ્ય, જેને એક ચૈતન્યમાત્ર કહ્યું તે જ દ્રવ્ય. એક નયે ચૈતન્યમાત્ર કહ્યું તે જ દ્રવ્ય '**પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે...**' એકસાથે બેય ધર્મ છે. તંતુમાત્ર, જેમ વસ્ત્ર તંતુમાત્ર, વસ્તુ તે તંતુમાત્ર છે. બધા તાણા.. તાણા.. તાણા. એમ આત્મા પર્યાયનયે દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ, આનંદ આદિ પર્યાયનયથી આટલા ભેદો એમાં પડે છે. '**દર્શનજ્ઞાનાદિમાત્ર છે...**' એટલે અનંતા ગુણોમાત્ર છે, પર્યાયમાત્ર છે. પર્યાયનયે તંતુમાત્રની માફક, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ આત્મા પર્યાયનયે દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ માત્ર છે. એ પણ એવો એનો એ સમયમાં (ધર્મ છે).

દ્રવ્યનયે ચૈતન્યમાત્ર. એક. પર્યાયનયે દર્શન, જ્ઞાન, ચારિત્ર (આદિ) અનંત ગુણમય છે. એક જ સમયે. કહો, ઓલા કેટલાક કહે છે કે સમયસાર કુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. પણ વેદાંતમાં આ વાત હતી કે દિ'? આ એના જાણનાર રહ્યા સુમેરુચંદજી. આ વેદાંતના જાણનાર છે, ઘણું વાંચ્યું છે અને ઘણું જાણ્યું છે એણે. સમજાણું કાંઈ? ભાઈ! એ પદાર્થ હજી જૈનોને ખબર નથી, જૈનમાં જન્મ્યા અને કાળ ગાળ્યા જેટલા અનંત કાળ, જૈનમાં રહીને અનંત કાળ ગાળ્યો છે, જૈનનો સાધુ અનંત વાર થયો. દિગંબર સાધુ અગિયાર અંગ નવ પૂર્વ ભણેલો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' પણ આત્મા દ્રવ્ય શું છે? એક સમયમાં આખો પદાર્થ એ ભાવશ્રુતજ્ઞાન વડે એનો વિષય કોઈ દિ' કર્યો નથી. સમજાણું કાંઈ? બે થયા.

હવે આખો જૈનનો સિદ્ધાંત જુઓ આખો. જૈનની વસ્તુનો સિદ્ધાંત. '**આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;...** ' આ મહા સિદ્ધાંત. આત્મદ્રવ્ય... 'તે દ્રવ્ય' એમ લેવું પાછું. તે આત્મદ્રવ્ય. બધામાં 'તે' લેવું. તે આત્મદ્રવ્ય જેને અનંત ધર્મવાળું એક સમયમાં કહ્યું હતું અને શ્રુતજ્ઞાન એક સમયમાં આ જાણે તે આત્મદ્રવ્ય. સ્વદ્રવ્ય—એક સમયમાં પોતાનું દ્રવ્ય. ગુણ પર્યાયનું એકરૂપ એવું દ્રવ્ય. સ્વક્ષેત્ર (અર્થાત્) પોતાની પહોળાઈ. અસંખ્યપ્રદેશી પહોળાઈ સ્વક્ષેત્ર. સ્વકાળ (અર્થાત્) અનંતા ગુણોની વર્તમાન પર્યાયથી અસ્તિત્વવાળું છે. વિકાર કે અવિકાર બેય (પર્યાય). સમજાય છે કાંઈ? શક્તિના વર્ણનની આખી વાત બીજી હતી. ત્યાં તો કોઈ વિકારની વાત નહિ, ગંધ નથી. અહીં પર્યાયનો ધર્મ

જ્ઞાનપ્રધાન કથનમાં (આવે છે). દૃષ્ટિનો વિષય વસ્તુ (લક્ષગત થયા) પછી જ્ઞાન થયું ઈ આમ જાણે છે એ જ્ઞાનનો વિષય બતાવે છે. સમજાણું કાંઈ?

તે આત્મદ્રવ્ય અસ્તિત્વનયે—હોવાપણાના નયે—હોવાપણાના ધર્મને જોનારી એક નયે. એક નય છે આ પણ. આત્મદ્રવ્ય તે હોવાપણાના ગુણને, હોવાપણાના ધર્મને એક નયથી જોતાં તે હોવાપણાનો ધર્મ સ્વદ્રવ્યથી અસ્તિત્વવાળું છે, સ્વદ્રવ્યથી હોવાપણે છે, સ્વક્ષેત્રથી હોવાપણે છે, સ્વકાળથી સત્‌વાળું છે. સ્વકાળથી અસ્તિત્વવાળું છે. છેને ઓલામાં? સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ બધામાં સ્વ લેવું અને બધામાં 'થી' લેવું. સ્વદ્રવ્યથી સત્‌વાળું છે એક સમયમાં. અસ્તિત્વનયે જોતાં છે, છે, છે, એમ જોતાં સ્વક્ષેત્રથી અસ્તિત્વવાળું છે. સ્વ અનંતા ગુણોની અનંતી વર્તમાન પર્યાય વિકાર કે અવિકાર એ પોતાના સ્વકાળથી અસ્તિત્વ છે એમ એક નય તેને જોવે છે. કહો, સમજાણું કાંઈ? આ વાંધા કાળમાં છે.

એ પર્યાયનો કાળ એનો છે માટે ત્યાં થઈ છે. એમ અસ્તિત્વનય તેના પોતાના કાળના અસ્તિત્વથી આ પર્યાય છે એમ અસ્તિત્વનય જોવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધકને સાધકપણું પણ છે અને બાધકપણું પણ છે. સાધક અને બાધકનો પર્યાય સ્વકાળના અસ્તિત્વથી છે, સ્વકાળના અસ્તિત્વથી છે એમ અસ્તિત્વનયથી જોનારા પોતાની પર્યાયમાં સાધક અને બાધક છે ઈ પર્યાય મારો ધર્મ છે એમ જોવે છે. સત્‌થી મારો ધર્મ છે એમ જોવે છે. સમજાણું કાંઈ? ક્યાં સમયસારના કથનો અને ક્યાં આ જ્ઞાનપ્રધાન કથન. જાણે ફેર હશે? ફેર નથી. સમજાય છે?

પહેલું જેણે જ્ઞાન દ્વારા, આ રીતે છે એમ નક્કી કર્યું વ્યવહારે, દૃષ્ટિ થઈ પછી જે જ્ઞાન થયું એ આ રીતે ધર્મને જોવે છે એમ અહીંયા કહેવામાં આવે છે. શું કહ્યું? પહેલું નક્કી કરે કે મારા સ્વચતુષ્ટય મારાથી છે, પરનો કાળ અને પરની પર્યાયથી મારો કાળ નથી. શું કહ્યું? એમ દરેક દ્રવ્યની વાત છે. આ તો આત્માની વાત કરી. દરેક દ્રવ્ય પોતાના કાળમાં તે પર્યાયથી છે અને પર સામે નિમિત્તના કાળના પર્યાયથી નથી. સમજાણું કાંઈ? અહીં તો અસ્તિથી જ વાત કરી છે. પછી નાસ્તિથી પછી બીજા બોલમાં કહેશે. પહેલામાં અસ્તિથી વાત કરી છે.

અસ્તિત્વનયે જોવે છે કે મારું દ્રવ્ય, મારું ક્ષેત્ર, મારી વર્તમાન દશા અને મારો ત્રિકાળી ભાવ એ મારું અસ્તિત્વ મારાથી છે, મારામાં છે, મારા સત્‌નો અંશ છે. એ સત્‌નો અંશ છે. ગુણ સત્ છે, દ્રવ્ય સત્ છે અને પર્યાય સત્ છે. દ્રવ્ય-ગુણ, દ્રવ્ય અને ક્ષેત્ર ને ભાવમાં જાય છે. અને વર્તમાન પર્યાય કાળમાં જાય છે. શું કહ્યું સમજાણું કાંઈ? દ્રવ્ય અને ગુણ, પહોળાઈ આદિ એ બધું દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવમાં જાય છે, એની શક્તિ આદિ ત્રિકાળ. અને એની વર્તમાન ક્ષેત્રની અવસ્થા કે ગુણની અવસ્થા, ક્ષેત્રાંતર આકૃતિ ફરે છેને એની ક્ષણે ક્ષણે, આકૃતિ ફરે છે તે કર્મને લઈને નહિ. સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશનો સ્વકાળ

જે આકૃતિનું થવું સ્વકાળ, અસંખ્ય પ્રદેશી પહોળાઈ ત્રિકાળ, એની આકૃતિનું વર્તમાન સ્વકાળે અસ્તિત્વથી થવું અને બીજા અનંતા ગુણોની વર્તમાન વિકાર, અવિકારી પર્યાયનું થવું એ મારા સ્વકાળનું અસ્તિત્વ તે અસ્તિત્વનયથી મારા સ્વકાળમાં છે, મારા અસ્તિત્વથી છે એમ તે નય જોવે છે. સમજાણું કાંઈ? આવા બધા નયોનો સમુદાય થઈને શ્રુતપ્રમાણ કહેવામાં આવે છે અને એ બધાનો નયોનો ધર્મનો સમુદાય થઈને દ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! આત્મા.. આત્મા.. કરે કે અમે આત્મા જાણીએ છીએ. અમે આત્મા છીએ. ઈ ધૂળ છે. હજી આત્મા શું કેમ છે તેની એને ખબર નથી. કહો, સમજાણું? અને ભગવાનને નામે કહે પાછું ઈ. ભગવાન આમ કહે છે. અરે..! ભગવાન કહે છે રહેવા દે. ભગવાન આમ કહે છે જુઓ. ડાહ્યાભાઈ!

તે આત્મદ્રવ્ય કે જે અનંત ધર્મવાળું એકસાથે કહ્યું હતું તે. એક એક ધર્મને છૂટો પાડીને સમજાવીએ છીએ તે આત્મદ્રવ્ય હોવાવાળાને જોનારી નયે, હોવાવાળા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એને જોનારી નયે, હોવાવાળા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એને જોનારી નયે સ્વદ્રવ્યથી છે. અસ્તિત્વવાળું, છેપણું છે. સ્વદ્રવ્યથી પોતાથી છેપણું છે, સ્વક્ષેત્રથી પોતાથી અસ્તિત્વ છેપણું છે, કાળથી ગુણના અનંતા પર્યાયો મારા છેપણે છે, મારા છેપણે છે, મારાથી છે. આ કાળનો પર્યાય લીધોને. કાળ એટલે પર્યાય છે. વિકારી કે અવિકારી બેય પર્યાય એમાં આવી જાય છે. સાધક છેને, અહીં તો સાધકની વાત છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના પર્યાયમાં અસ્તિત્વનયે સ્વકાળના પર્યાયના જેટલા વિકાર, અવિકાર પર્યાયો મારા ધર્મે પરિણમ્યા છે (એમ જાણે છે). એ ધર્મ પછી લેશે. અહીં તો અસ્તિત્વપણાનો ધર્મ લેવો છે. સોપાધિ ધર્મ અને નિરુપાધિનું પછી લેશે. અહીં તો અસ્તિત્વ ધર્મે મારા અનંતા ગુણોનું એક સમયનું સત્‌રૂપ જે પરિણમન વિકાર કે અવિકાર એને એ નયથી જોવે છે તો મારા સ્વકાળમાં મારા સત્‌થી તે સત્ છે. સોભાગચંદજી! સમજાય છે? આહા..હા..! વાત તો બહુ સીધી અને સાદી છે પણ એવે ચકરડે નાખી દીધી છેને. ઊંધે રવાડે એવી ચડાવી દીધી છે કે ક્યાંય પત્તો ખાય નહિ સત્યનો. શું સત્ય છે? અને સત્યનું જ્ઞાન કેવું હોય? કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા પોતે વસ્તુ છે તો એનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર પ્રકારનો એક ધર્મ છે. ચાર પ્રકારનો એક ધર્મ છે. ઈ એક ધર્મને અસ્તિત્વનય એક નયે જોવે એમ કહેવું છે ભાઈ! આ એક ધર્મ લેવો છેને આ. બોલ ચાર, પણ ધર્મ એક અને એક નયે, એક અસ્તિત્વનય એ ચાર ધર્મને મારામાં છે એમ જોવે છે. એક સમયની વાત છે. એક જીવની વાત છે. તેના તે જીવની વાત છે. એ માથે કહ્યું તે. સમજાણું? સપ્તભંગી તો જૈનશાસનનું તત્ત્વ છે એમ કહેશે. રાડું પાડે છે. ના, ના, ના. દરેક દ્રવ્યનો પર્યાય નિમિત્ત વિના ન થાય. એટલે જે નિમિત્ત એનામાં નથી અને એનાથી નાસ્તિ છે તો એના નાસ્તિ વિના એ ન થાય. એનામાં જે નથી, પરકાળ, પરપર્યાય, પરનિમિત્તનો પર્યાય આમાં નથી. આ

ઉતારી છે આત્મામાં પણ અનંતા દ્રવ્યો એક સમયમાં સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ છે અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ નામ એના પર્યાય અને નિમિત્તથી તે નાસ્તિ છે. સમજાણું કાંઈ? બીજી ચીજ તે કાળે છે. જ્ઞાન સ્વપરપ્રકાશક છે તે જાણવા માટે. માટે એના સ્વકાળનો અંશ જે છે એ પરને લઈને છે એવું વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? કહો, ભોગીભાઈ! શું કરવું? આ ગુરુથી કાળ નથી પ્રગટતો એમ કહે છે. ભારે વાત ભાઈ! ગુરુ ને દેવ ને શાસ્ત્ર પર છે. એની પર્યાયને લઈને તારો પર્યાય નથી એમ કહે છે. આહા..હા..! એ.. પોપટભાઈ!

આ અક્ષરો ફરે છેને લક્ષમાં આમ, તો કહે છે ન્યાં જ્ઞાનનો પર્યાય પહેલો બીજો હતો અને પછી બીજો થયો. અહીં નિમિત્ત પણ ફર્યું ને અહીં ફર્યું. તો અહીં ફર્યાનો જે સ્વકાળ થયો એ કોનાથી થયો? કોનાથી છે? કોનાથી એ સત્ ધરાવે છે? એ જ્ઞાનનો પર્યાય બીજો તે પોતાથી સત્ ધરાવે છે. પહેલો થયો તે પોતાથી સત્ ધરાવે છે. એ બીજો પર્યાય થયો, અક્ષર ઉપર લક્ષ ગયું ન્યાં જ્ઞાન ફર્યું. નિમિત્ત ફર્યું, જ્ઞાન પણ ફર્યું. આગળ કહેશે, નિમિત્તની મૈત્રી છોડતો નથી તે ઘુમરી ખાય છે ચાર ગતિમાં. આવે છે એક છેલ્લે. કેમ આત્મા પ્રાપ્ત થાય એની છેલ્લી લીટીમાં છે. છેને? છેલ્લો નય છે. ૪૪૮ પાને છે. જુઓ! છેલ્લું છે. ઈ તો ઉપરથી કહ્યું હતું એકવાર. જુઓ!

**'પ્રથમ તો, અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવનાના** (મોહના **અનુભવના**) **પ્રભાવ વડે...'** મોહભાવ પોતાનો એમાં ઓલું નિમિત્ત એ સ્વકાળ. એવી **'આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો...'** પોતામાં હોં પોતાને કારણે. **'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે, તેથી જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી...'** ઓલા સામા છેને નિમિત્ત જ્ઞેય. **'જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...'** એને લઈને ફર્યું, એને લઈને ફર્યું, એને લઈને ફર્યું. એટલે નિમિત્તની મૈત્રી ટળતી નથી. જેવું નિમિત્ત ફર્યું, અહીં ફર્યું. એની જ્ઞેયની મૈત્રી ફરતી નથી. પણ આ દેખાય છેને, આ ફર્યું. પણ ઈ ફર્યું ત્યારે તું ફર્યો તારે કારણે એ નથી દેખાતું તને? કુંભારનો હાથ પડ્યો આમ, માટીના ઓલા પડ્યા. જુઓ! હાથ પડ્યો તો અહીં પડ્યા. પણ તે વખતનો એનો પર્યાય છે કે નહિ કાંઈ? કે હાથને લઈને થયો? એનો સ્વકાળ છે કે નહિ કોઈ? ભારે ભ્રમણા પણ જગતને. સમજાણું કાંઈ? જુઓ! **'બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક શિથિલ થઈ ગયો...'** છે. આત્માનો વિવેક વિપરીત થઈ ગયો છે. આ નિમિત્તને લઈને થાય, નિમિત્ત આવ્યું તે ફર્યું, નિમિત્ત આવ્યું તે ફર્યું. મૈત્રી ટળતી નથી અને એની ઘુમરી મિથ્યાત્વની કોઈ દિ' જાતી નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા પોતાની અસ્તિત્વ—હોવાપણાને જોનારી નયે જોઈએ,

હોવાપણાના ભાવને જોનારી જોઈએ તો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર. સ્વદ્રવ્યથી સત્ છે, અસ્તિત્વવાળું છે. એ આત્મા સ્વદ્રવ્યથી હોવાવાળું છે, સ્વક્ષેત્રથી હોવાવાળું છે, સ્વકાળથી હોવાવાળું છે. પરપર્યાયથી હોવાવાળું છે એવો એનામાં કોઈ ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? અને સ્વભાવથી હોવાવાળું તે છે. એના ભાવથી હોવાવાળું છે, ત્રિકાળ ભાવ. તે ક્ષેત્રની વર્તમાન આકૃતિ જે ફરે છે આત્માની સાધકજીવને, અહીંયા અમુક હાથ હોય ત્રણ હાથ, સ્વર્ગમાં જાય તો સાત હાથની આકૃતિ (થઈ જાય). આકૃતિ પોતાની હોં! કહે છે કે એ શું છે? કર્મને લઈને? ના, ના. એ ક્ષેત્રની આકૃતિના સ્વકાળનું અસ્તિત્વ અસ્તિત્વનયે પોતાથી પોતે છે એમ જાણે છે. સમજાણું કાંઈ? ફટ પલટી જાય પાધરી આકૃતિ. ત્યાં જાય ત્યાં પલટી જાય. સાત હાથનો સ્વર્ગનો દેવ થાય સૌધર્મનો. સાત હાથ, અહીં હોય ત્રણ હાથ. સમજાણું? એ આકૃતિનો સ્વકાળ એનું જે અસ્તિત્વ-પ્રદેશગુણના પર્યાયનું અસ્તિત્વ સ્વકાળથી હોવાપણે પોતે છે એમ અસ્તિત્વનય જોવે છે. પરને કારણે આ પર્યાય ફરી છે એમ જ્ઞાની પોતાના આકૃતિના ગુણને કે અનંતા ગુણના અર્થપર્યાયની પર્યાયને પોતાના અસ્તિત્વથી એ જોવે છે, પરને લઈને એ અસ્તિત્વ છે એમ જ્ઞાની જોતો નથી. એમ વસ્તુમાં નથી માટે જોતો નથી. જેમ વસ્તુમાં છે તેમ જોવે તેને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૧૩, શુક્રવાર, તા. ૨૬-૧૦-૧૯૬૨**
**નય-૩, ૪, ૨૬, ૨૭, પ્રવચન-૩૨**

પ્રવચનસારનો પરિશિષ્ટ અધિકાર ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે આ આત્મા કોણ છે? અને આત્માની પ્રાપ્તિ કેમ થાય? એવા બે પ્રશ્ન હતા એમાં પહેલા પ્રશ્નનો ખુલાસો થાય છે. ૪૭ નય એ પહેલા પ્રશ્નનો ખુલાસો છે. આત્મા કોણ છે? કેમ પ્રાપ્તિ થાય એ પછી આવશે. પણ આવો આત્મા છે એમ એની શ્રદ્ધા-જ્ઞાનમાં યથાર્થપણે આવે તો પછી એનો અનુભવ થઈ શકે. એ વિના એનો અનુભવ થઈ શકે નહિ. એટલે આત્મા... ૪૭ નયો વર્ણવી છે, એવી અનંતી નયો છે પણ વર્ણન કાંઈ અનંતી નયથી થઈ શકે નહિ. ત્રીજો નય આવ્યો છે, ત્રીજો.

તે આત્મદ્રવ્ય કેવું છે? છે આ બધા ધર્મો એક સમયમાં. ક્રમે ક્રમે કહેવામાં આવે છે, ત્યાં ક્રમ નથી. સાધકજીવના... આ નય છેને? રાત્રે કોઈએ પ્રશ્ન કર્યો હતો, ભાઈએ. આ નય છેને એ સમ્યક્જ્ઞાનનો અંશ છે. તો જેને પ્રમાણજ્ઞાન થયું છે એને એનો ભેદ નય હોય.

અને એને પ્રમાણજ્ઞાન થાય કે જેને એક સમયમાં શુદ્ધ દ્રવ્ય ભૂતાર્થ એક સમયનો સ્વભાવ એના તરફ ઢળેલી ભૂતાર્થ દૃષ્ટિ અને ભૂતાર્થ સ્વભાવનો આશ્રય, એમ થતાં સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શનની સાથમાં શ્રુતજ્ઞાન પ્રમાણ હોય અને એ શ્રુતજ્ઞાન પ્રમાણ હોય એનો એક ભાગ-અવયવ તે નય હોય. સમજાય છે કાંઈ? એની અહીં વાત ચાલે છે, સાધકજીવની.

એ સાધક, દૃષ્ટિમાં દ્રવ્યને એકરૂપ સામાન્ય નિર્વિકલ્પ અભેદ વસ્તુ એકરૂપ (શ્રદ્ધે છે). એ સમ્યગ્દર્શન નથી નિમિત્તથી પમાતું, નથી વિકલ્પથી પમાતું, નથી વર્તમાન પર્યાયને આશ્રયે અને પર્યાયથી પમાતું. એ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન ત્રિકાળ ધ્રુવ એકરૂપ ચૈતન્યદ્રવ્યની સન્મુખ જતાં, સાવધાનપણે એને પકડતાં જે સમ્યગ્દર્શન થાય એ ભૂતાર્થ ત્રિકાળ સ્વભાવને આશ્રયે દર્શન થાય. એમાં સમ્યક્જ્ઞાન થાય તેને પ્રમાણજ્ઞાન કહે છે. એના પ્રમાણજ્ઞાનના પેટાભેદને, અવયવને, અંશને નય કહે છે. એ એક એક નય એક એક ધર્મને બરાબર જોવે છે. બધા ધર્મોને એકસાથે શ્રુતજ્ઞાન જોવે છે. એક નય એક ધર્મને જોવે છે. પણ એક નય એક ધર્મને જોતા એનામાં જે ભાવ છે તે પ્રકારે જોતાં નયને નયપણું લાગુ પડે છે. અને તે એક નય એક ધર્મને જોતાં એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ?

અને પ્રમાણ, અનંતા ધર્મોને પ્રમાણરૂપ લક્ષમાં લેતા સામાન્ય દ્રવ્ય, વિશેષ પર્યાયનો ધર્મ, સામાન્ય દ્રવ્યના બધાય ધર્મો આ ૪૭ (નયમાં) છે. પહેલું દ્રવ્યનય આવી ગયું. સામાન્ય ચૈતન્યમાત્ર એકપણું એક નયનો વિષય છે. જ્ઞાન, દર્શન આદિ પણ એક નયનો વિષય છે. પણ એક નયનો વિષય કરતાં પણ પાછું સ્વભાવ ઉપર જાવું, એની સાવધાની સ્વભાવ ઉપર છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. અને પ્રમાણજ્ઞાન કરતાં પણ દ્રવ્ય, આ ધર્મ ચૈતન્ય દ્રવ્યનયે પર્યાયનો આ ધર્મ એમ નક્કી કરતાં પણ પ્રમાણમાં વ્યવહારનો નિષેધ થતો નથી. સમજાણું કાંઈ? અને તેથી તે નિશ્ચયનયથી પ્રમાણ પૂજ્ય નથી. પ્રમાણ કરતાં નિશ્ચયનય પૂજ્ય છે. કેમકે પ્રમાણમાં બે અંશો એવા અનંતા અંશોનું જ્ઞાન ભલે હો, પણ તેનું વલણ પ્રમાણનું બેને જાણવામાં અટકેલું છે અને સ્વભાવના સાધન માટે પ્રમાણ કામ કરતું નથી. સમજાય છે કાંઈ? એના પર્યાયના ભેદો લક્ષ(માં) એને છોડીને સમયે સમયે દ્રવ્ય ઉપર જાય એવો નિશ્ચયનયનો વિષય તે ભૂતાર્થ અને તે આશ્રય કરવા લાયક છે. માટે પ્રમાણ કરતાં નિશ્ચયનય પૂજ્ય છે. સમજાણું કાંઈ?

અહીંયા બતાવીને લઈ જવું છે ત્યાં. સમજાણું કાંઈ? નયનો ધર્મ એનો જે એનામાં જે રીતે છે તે જણાવે છે અને જ્ઞાની બરાબર એમ જ જાણે કે આ મારો ધર્મ મારામાં આ રીતે છે. પરને લઈને નહિ. પરની અપેક્ષાનું જ્યાં લક્ષ કરવામાં આવે ત્યાં વ્યવહારુ જ્ઞાન કરવા માટે વાત છે. વસ્તુની અસ્તિત્વતા સિદ્ધ કરવા માટે આ ૪૭ નયો એનામાં રહેલા ધર્મોને જાણે છે. તો બે નય તો થઈ ગઈ.

ત્રીજી. તે આત્મદ્રવ્ય. જે દ્રવ્યને અનંતા.. પહેલું કહ્યું હતુંને? કે આત્મા ચૈતન્યસામાન્ય

વડે વ્યાપ્ત અનંત ધર્મોનો આધાર—અધિષ્ઠાન દ્રવ્ય છે તે અનંત ધર્મોમાં વ્યાપનારા, તે અનંત ધર્મ છે તે હોં, એમાં છે તે, એમાં છે તે, લખ્યા તે એમાં છે એ. એના કારણે છે તે. એમાં વ્યાપનારા જે અનંત નયો, તેમાં વ્યાપનારું શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ, તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય થાય છે. આત્મા દ્રવ્ય કેવું, ગુણ કેવા, પર્યાય કેવી એનું જે અસ્તિત્વ એનામાં સમાપ્ત પામે છે તે જ્ઞાન નયથી અને પ્રમાણથી જણાય છે.

તે '**આત્મદ્રવ્ય અસ્તિત્વનયે...**' અસ્તિત્વનયે સ્વદ્રવ્યથી અસ્તિત્વવાળું છે, સ્વદ્રવ્યથી હોવાવાળું છે, સ્વક્ષેત્રથી હોવાવાળું છે, સ્વકાળથી હોવાવાળું છે. આ તો આત્માની વાત છે, પણ દરેક અનંતા પદાર્થ સમયે સમયે પોતાના સ્વકાળની પર્યાયથી હયાતીવાળું છે. પરના પર્યાયના કાળે આ પર્યાય છે માટે એને લઈને છે એમ નથી. નહિતર તો એકમાં સત્‌નો અંશ બીજો એને કારણે આ સત્‌નો અંશ થાય તો એ બે નિમિત્ત રહેતાં નથી અને આની સ્વતંત્રતા રહેતી નથી. સમજાણું કાંઈ? સત્‌નો અંશ જે છે એ પોતાથી છે, બીજાના નિમિત્તના સત્‌ના અંશને લઈને નથી. એના અભાવને લઈને છે અને પોતાના ભાવને લઈને છે. સમજાણું કાંઈ? આમ જ્ઞાની સમ્યક્‌જ્ઞાની પોતાના નયથી પોતાનો ધર્મ પોતામાં જોવે છે.

સ્વકાળથી. વાંધા અહીં કાળમાં છેને મોટા. અનંત કાળથી. અનંત કાળથી કાળના વાંધા. એક સમયના અનંતા ગુણોના અનંત પર્યાય, તે એક સમયનો પર્યાય તે સ્વકાળથી અસ્તિત્વવાળું છે, પોતાના સ્વકાળથી હોવાવાળું છે. પરથી નહિ હોવાવાળું પછી લેશે, અહીં અસ્તિથી પહેલું સિદ્ધ કરે છે. અને સ્વભાવથી. સ્વ-ભાવથી. સ્વ બધામાં લેવો. સ્વદ્રવ્યથી, સ્વક્ષેત્રથી, સ્વકાળથી, સ્વભાવથી અસ્તિત્વ નામ હયાતી ધરાવે એવો આત્મા છે. બીજા બધા પદાર્થ પણ એ રીતે હયાતી ધરાવે એવા પદાર્થ છે. હવે એનો દાખલો આપે છે જરી.

'**લોહમય,...**' તીર. આ તો લોહમય છે. ... છેને. જુઓ આ લોહમય તીર. આ કામઠું છે. હરવખતે આ શ્રીચંદજી તૈયાર રાખે છે. એ વખતે પણ તૈયાર રાખ્યું હતું. ઘણીવાર.. આ લોહમય તીર, તીર. '**દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...**' આમ હોય છેને અંતરાળ. વચમાં રહ્યું છેને? આ જુઓ એનું ક્ષેત્ર. સમજાય છે? દોરી અને કામઠા. દોરી અને આ કામઠુ એના વચમાં રહેલું એ એનું ક્ષેત્ર. આનું તીરનું ક્ષેત્ર. '**સંધાયેલી અવસ્થામાં...**' સાધન અવસ્થામાં. એ આમ થઈને જે રહ્યું એની અવસ્થા છે. સામે ચીજ છેને, લક્ષ્યને મારવું છેને જે લક્ષ્ય ઉપર, એની સન્મુખ થઈને રહેલી આ અવસ્થા તે તીરની વર્તમાન અવસ્થા છે. એ પોતે અવસ્થામાં રહેલું છે, એના ક્ષેત્રમાં રહેલું છે, એના દ્રવ્યમાં લોહમયમાં રહેલું છે. સંધાયેલી અવસ્થા—સાધન અવસ્થા. આ જે આમ જ્યાં તીર મારવું છેને લક્ષ કરીને, એની સન્મુખ થયેલું છે આ.

'**અને લક્ષ્યોન્મુખ તીરની માફક.**' લક્ષ્યોન્મુખ. આ ભાવ જે છે આ ભાવ એની શક્તિ, તે બધા જેટલા સામાન્ય લક્ષ્યો છે એની સામે આ બધી અવસ્થા પોતાથી થાય

છે અને સામાન્ય જે બધા લક્ષ્યો છે, અહીં દૃષ્ટાંત લેવો છેને. ઓલામાં એમ આવશે કે સામાન્ય સામાન્ય બધા જે નિમિત્ત.. નિમિત્ત.. નિમિત્ત.. નિમિત્ત.. છે એની સામે થયેલી જે અવસ્થા પોતાથી અને તે અવસ્થામાં જે શક્તિ છે, સમય સમયના જે અનંત લક્ષ્યો સામાન્ય એમાં રહેલા એમાં આ જે પર્યાય સન્મુખ થઈ એવી દરેક સમયમાં એ પર્યાય તેના લક્ષ્યની સન્મુખ થાય જેમાંથી, તેને તેનો ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું કીધું? '**લક્ષ્યોન્મુખ તીરની માફક...**' લક્ષ્ય ઉન્મુખ. લક્ષ્ય તો એક સામાન્ય વર્તમાન એક હોય, પણ જેટલા જેટલા લક્ષ્યો હોય તેટલા તેટલા લક્ષ્યની સંધાયેલી અવસ્થા જે છે એ બધી અવસ્થાના લક્ષમાં સામાન્યની શક્તિ આ તીરના ભાવમાં રહેલી છે. સમજાણું કાંઈ? હવે પછી આત્મામાં વધારે લેશું. આ તો દૃષ્ટાંત છેને.

'**(જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી અને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે...**' ખેંચાયેલી સ્થિતિ. આમ પડ્યું હોય એમ નહિ, આમ ખેંચાયેલું છે. સમજાણું? અહીંથી છોડે છેને? દોરી આમ રહે. એને પાછી છોડીને મૂકો ત્યારે જાયને આમ. જોર લાગે અને આમ જાય. આમ સંધાયેલી અવસ્થા ખરેખર તો ગણાય. અહીંથી આમ કર્યું છેને, એટલે આમ મૂકે તો ફડાક જાય આઘું. '**સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે,...**'

'**તેમ આત્મા અસ્તિત્વનયે...**' પોતાના દ્રવ્યમાં છે દ્રવ્યથી. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશમાં છે, કાળથી વર્તમાન અવસ્થા જે થઈ તેમાં તે અવસ્થા એનાથી થયેલી તેનામાં છે અને ભાવથી જેટલા સામે ત્યાં ત્યાં નિમિત્તો હોય એની સામે પોતાની જે અવસ્થા પોતાથી થવાની છે એ બધા લક્ષને સામાન્યપણે શક્તિ ધરાવનાર એને ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં તો એ ન્યાય નીકળ્યો કે જે સામે લક્ષ્ય છેને, તેની સામે સંધાયેલી અવસ્થા તે કાળે તેની શક્તિમાંથી આવે છે. તે શક્તિમાંથી એ જ અવસ્થા આવવાને લાયક ભાવ છે. ભાઈ! શું કીધું સમજાણું કાંઈ? જે સંધાયેલી અવસ્થા આમ થઈ એક, એવી એવી અનેક અવસ્થાઓ જે જે સમયે થવાની લક્ષ્ય સામે, એની સન્મુખમાં આ શક્તિરૂપ જે ભાવ, એના ભાવમાં તે સમયે તે લક્ષ્યના સન્મુખવાળી અવસ્થા આવવાની. એવા બધા અનંતા લક્ષ્યોની સામે અવસ્થા થવાની તાકાત ધરાવે છે એને ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તેમ આત્મા...**' એમ પ્રત્યેક દ્રવ્ય. અહીં તો આત્માની વાત છે. પ્રત્યેક પદાર્થ અનંતા. જેટલા અનંતા છે તે વસ્તુપણે દ્રવ્ય છે, પહોળાઈ પ્રમાણે ક્ષેત્ર છે, એની વર્તમાન અવસ્થા જે પ્રગટ થઈ તે એનો કાળ છે, અનંતા ગુણોની અવસ્થા. અનંતા ગુણો છેને, પરમાણુમાં

અનંતા (ગુણો છે). એના સ્વકાળે તે પોતાને કારણે, તે જ કાળે. પહેલાના કાળે નહિ, પછીના કાળે નહિ, તે જ કાળે તે જ અવસ્થા તેને પોતાના કાળે થયેલી છે. પરને કારણે નહિ, પરથી નહિ, પરને લઈને નહિ. સમજાણું કાંઈ? પરને લઈને નહિ ત્યારે સ્વને લઈને થાય એ અસ્તિ સિદ્ધ થાય છે. અને તે અવસ્થા દરેક દ્રવ્યની સામે જે પ્રકારના નિમિત્તો હોય, એ લક્ષ્ય છે એટલે કે સામે ચીજ છે એટલું. એના સન્મુખમાં જે વર્તમાન અવસ્થા થઈ એ બધી અવસ્થાને એ ભાવમાંથી આવવાની તાકાતવાળી વસ્તુ તેને શક્તિ અને ભાવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં ભાવમાં એ શક્તિ એની છે. તે તે પર્યાય જ્યાં લક્ષ્ય છે, એક લક્ષ્ય નહિ, ત્યાં સામાન્ય બધા લક્ષ્યો, જ્યાં જ્યાં બધા લક્ષ્યો છે ત્યાં ત્યાં સન્મુખ થયેલી અવસ્થા (થઈ છે), પણ એ અવસ્થા લક્ષ્યને સન્મુખ થવાની (એવી) ભાવમાં તાકાત છે તો એવી જ પર્યાય થઈને લક્ષ્યમાં આવે એવા જ પર્યાયો ભાવમાંથી એ આવે છે. એને ભાવ કહેવામાં આવે છે. આ વસ્તુ તો જૈનદર્શનની વસ્તુનું મૂળ માખણ છે. પણ જગતને ભ્રમણા એટલી છે કે પરને લઈને થાય, પરને લઈને થાય, પર વિના થાય નહિ, પર કારણ વિના થાય નહિ. મોટી ભ્રમણા. મોટી ભ્રમણા શું, મહા મિથ્યાત્વ. સમજાય છે? મિથ્યા નામ (ઉંધો) અભિપ્રાય. અનંતા તત્ત્વોની વર્તમાન પર્યાયનું સ્વથી થવું અને પરથી ન થવું એમ ન માનનાર અનંતા ત્રિકાળ દ્રવ્યને એની શ્રદ્ધામાં પરથી થાય એમ માનનાર એટલો વિપરીત અભિપ્રાય છે કે એમાંથી એને નીકળવું મહા કઠણ પડે એવું છે. કષાયની મંદતા એ પોતે જ મિથ્યાત્વ કષાય છે. મિથ્યાત્વ પોતે કષાય (છે).

અનંતા દ્રવ્યો વર્તમાન સમયે પોતાના કાળથી અને એ ભાવ તેનો સન્મુખ થયેલો, તેના કાળે તે ભાવમાં એ પર્યાય આવે, એવા જે અનંતા બાહ્ય પદાર્થો એમાં થયેલી વર્તમાન પોતાની અવસ્થા એના સન્મુખ રહેલો ભાવ, એ ભાવમાંથી એક સમયનો પર્યાય પોતાને કાળે પોતાને કારણે આવે. આમ ન માને એને આખી દ્રવ્ય-વસ્તુ, ક્ષેત્ર, કાળ, ભાવ ચારેયની સાચી શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? કેટલી વાત કરી છે! ઓહો..હો..! આ લક્ષ્યોન્મુખની વાત પહેલા થોડી થઈ હતી પણ બહુ નહોતું. કહો, સમજાણું? પંડિતજીને પૂછ્યું, શું આ લક્ષ્યોન્મુખ? બોલે ક્યાં પણ ... માંડ થોડું બોલ્યા હોય. એટલું તો મેં કીધું, સામે લક્ષ્ય કર્યું છે, એ ભાવને નાખ્યું કેમ? તે તે પર્યાયને શક્તિવાળો ભાવ.. તે તે પર્યાય આમ જાય લક્ષ્ય (તરફ) પણ એના શક્તિવાળું (તત્ત્વ) એમાંથી જ આવો પર્યાય આ કાળે આવો જ આવે, આ કાળે આવો જ આવે. એવી જ એ ભાવમાં તાકાત છે. એ સમયની જે પર્યાય આવે તે જ પર્યાય આવવાની ભાવમાં તાકાત (છે). એવા અનંતા લક્ષ્યની સામે એ ભાવ શક્તિરૂપે પડ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુની સ્થિતિની વાત આમ છે ત્રણ કાળ ત્રણ લોકમાં. આ કાંઈ એક દ્રવ્યની વાત નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ!

**'સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે,...'** સન્મુખ છે એટલે?

જેટલા નિશાનો જ્યાં જ્યાં છે એની સામે આ શક્તિ શક્તિ ભાવમાં શક્તિ ધરાવે છે. સમજાણું કાંઈ? એમાં તો ભાઈ આ સિદ્ધાંત લક્ષ્યમાં વધારે પહેલો આવ્યો. પર્યાય એ સમયે જે ભાવમાં એ જ પર્યાય આવવાની છે. એવા એવા અનંતા પર્યાયો એ લક્ષ્ય સન્મુખ તે તે ભાવમાં તે કાળે તે આવવાનો, એવો શક્તિરૂપ ભાવ તેને ભાવ કહેવાય છે. સમજાણું કાંઈ? આ તો મહા મંત્ર છે. પહેલા આવી ગયું છે પ્રવચસારની કઈ ગાથા? ૧૫મી? કેટલામાં? ૧૧૫. આ મહા મંત્ર છે એમ આવી ગયું છે એમાં. ૧૯૮ પાનું છે. ... છેને? પછી તો મારે ઓલું મંત્રનું કાઢવું છે. જુઓ! આ '**સપ્તભંગી સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા 'સ્યાત્'કારરૂપી અમોઘ મંત્રપદ વડે,...**' મંત્રપદ વડે '**જ' કારમાં રહેલા સઘળાય વિષયવિરોધના મોહને દૂર કરે છે.**' છેને? '**એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય...**' જે અહીં અનંત ધર્મ કહેવાય છે એ. પહેલી લીટી. '**તેના એક એક ધર્મનો આશ્રય કરીને વિવક્ષિત-અવિવક્ષિતના વિધિનિષેધ વડે પ્રગટ થતી સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા...**' ઉચ્ચારવામાં એટલે કથનથી વાત લીધી, પણ સમ્યક્ રીતે જાણવામાં આવતા '**સ્યાત્'કારરૂપી અમોઘ મંત્રપદ વડે,...**' સ્યાત્ કેમ? કે અસ્તિ સ્વથી છે અને પરથી નથી. છે સ્વથી કથંચિત, નથી (તો) પરથી નથી એમ સ્યાત્. સ્યાત્નો અર્થ એમ નથી કે સ્યાત્ સ્વથી પણ છે અને પરથી પણ છે. સ્વથી છે, છે? હા. કથંચિત્. પોતાની અપેક્ષાએ. નથી કથંચિત્. કઈ અપેક્ષાએ? કે પરની અપેક્ષાએ. એવા સ્યાત્ પદના અમોઘ મંત્રપદ વડે ''**જ' કારમાં રહેલા સઘળાય વિષયવિરોધના...**' ઝેર, વિરોધનું ઝેર ઉતારી નાખવાને, મોહ દૂર કરવાની તાકાત છે આમાં. સમજાણું કાંઈ? શું થાય પણ? એ વાતને...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનંત દ્રવ્ય. ઈ તો અનંત દ્રવ્યની વાત છે ત્યાં, અહીં આપણે ચાલે છે એક આત્માની. ત્યાં અનંતા દ્રવ્યની, ત્યાં અનંતા દ્રવ્યની વાત (છે). જ્ઞેય અધિકાર છેને. જ્ઞેય અધિકાર એટલે સામાન્ય બધા. જેટલા અનંતા રજકણો, અનંતા આત્માઓ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ બધા તે સ્વકાળે પોતાના પર્યાયથી છે અને પોતાના પર્યાયની શક્તિરૂપ ભાવ એનાથી પોતે છે. એની પોતાની શક્તિથી, પોતાના ક્ષેત્રથી, પોતાના દ્રવ્યથી, પોતાના કાળથી છે. ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયો, સિદ્ધ લ્યો, નિગોદ લ્યો, એક પરમાણુ લ્યો, એક શરીરમાં અનંતા નિગોદ પણ એક એક જીવ પોતાના સ્વકાળથી, ક્ષેત્રથી, દ્રવ્યથી અને ભાવથી છે. એ કર્મના નિમિત્તના કાળથી, ક્ષેત્રથી, ભાવથી નથી. સમજાણું કાંઈ? એ જ્ઞેય અધિકાર છે. સામાન્ય જ્ઞેય. અહીં આપણે ચાલે છે એ તો આત્માનો અધિકાર (ચાલે છે). સમજાણું કાંઈ? પણ આ સપ્તભંગી ત્યાં લેવી આવી. દરેક જ્ઞેયને માટે, દરેક પરમાણુ અને દરેક આત્માને માટે. કહો, સમજાણું કાંઈ? એ ત્રીજો ભંગ થઈ ગયો લ્યો.

ચોથો હવે એક નાસ્તિનો લઈએ ભેગો. તે આત્મદ્રવ્ય, તે આત્મદ્રવ્ય. દ્રવ્ય તો જે

અનંત ધર્મવાળું અનંત નયોથી જણાય, શ્રુતપ્રમાણથી આખું જણાય એવું જે દ્રવ્ય તે '**આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે...**' નથી પરથી તે આત્મા. એમ પ્રત્યેક દ્રવ્ય પરથી ત્રણ કાળમાં નથી. પરથી ત્રણ કાળમાં નથી. '**નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે;...**' આ આત્મા એમ પરમાણુ, બધાનું લઈ લેવું આ જ્ઞેય અધિકારને હિસાબે. આત્મદ્રવ્ય પરદ્રવ્યથી નથી, પરક્ષેત્રથી નથી, પરની અવસ્થા ન્યાં છે માટે તે નથી, પરની શક્તિ છે અવસ્થા આવવાની એ શક્તિથી આ નથી. એવા નાસ્તિત્વવાળું (અર્થાત્) પરદ્રવ્યના અભાવસ્વભાવવાળું, પરક્ષેત્રના અભાવસ્વભાવવાળું, પરપર્યાયના અભાવસ્વભાવવાળું, પરશક્તિના અભાવસ્વભાવવાળું. સમજાણું કાંઈ?

વસ્તુ તો આ છે પણ એને અનાદિથી (બેઠી નથી). આ તો સ્યાદ્વાદ આ રીતે બેસે એને અનુભવ થયા વિના રહે નહિ. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન થયા વિના રહે નહિ એમ કહે છે અહીંયા. ઓલા શલ્ય પડ્યા છેને વચમાં, આ કર્યું ને આ કર્યું ને આનું કર્યું ને આનાથી થયું ને આનાથી થયું. એ શલ્ય એને આ અમોઘ મંત્રને સમજવા દેતું નથી. સમજાણું કાંઈ? અમોઘ કેમ (કહ્યું)? સફળ મંત્ર છે એમ. અમોઘ એટલે સફળ. રામનું બાણ જેમ સફળ છે. આ સ્યાદ્વાદ—સ્વ અસ્તિ પરથી નથી એમ થતાં એની દૃષ્ટિ સ્વના અસ્તિત્વ ઉપર ઢળે છે. પરથી હું નથી એટલે પરને કારણે મારો પર્યાય નહિ, પરને કારણે મારો ભાવ નહિ, પરને કારણે મારું દ્રવ્ય નહિ, પરને કારણે મારું ક્ષેત્ર નહિ. એમ જ્યાં પરથી લક્ષ છૂટતાં એની પર્યાય, આમ લક્ષ છૂટતાં એનું લક્ષ જ દ્રવ્ય ઉપર જાય છે. સમજાય છે કાંઈ? ત્યારે તેને સ્યાદ્વાદ આ અમોઘ મંત્ર 'સ્વથી છે અને પરથી નથી' એનું સાચું જ્ઞાન થાય છે. ધર્મચંદજી! આ ધનતેરસ છે આજે. જ્ઞાન ધનતેરસ છે. આ જ્ઞાન ધનતેરસ છે. ધન બીજું ક્યું હતું? જ્ઞાનરૂપ લક્ષ્મી એ ધન છે. ધૂળમાં શું છે? લ્યો, સોભાગચંદભાઈ! કહો, સમજાણું આમાં? આહા..હા..!

એક એક શબ્દમાં કેવળજ્ઞાન ભરી દીધું છે. આખા લોકાલોકનું સત્ અને અસ્તિત્વ શું? એક ભંગી સ્વથી અસ્તિ, પરથી નાસ્તિ લ્યો. આમ ચૌદ બ્રહ્માંડનું તત્ત્વ શ્રુતજ્ઞાનના પરોક્ષ પ્રમાણમાં, કેવળી પ્રત્યક્ષ દેખે છે, એમ પરોક્ષ એના જ્ઞાનમાં અસ્તિત્વપણે ભાસિત થાય છે. છે ક્યાંય આ કલ્યાણમાં... વેદાંતમાં...? સર્વ બ્રહ્મ ખલુ. આહા..હા..! અરે..! જૈનને ક્યાં ખબર છે? જૈનના વાડામાં જન્મ્યા પણ વાત એ કે વસ્તુ છે. ચારે અકૃત્રિમ પદાર્થ છે ત્યારે વળી આ પર્યાયનો આ કાળે આ હોય તો થાય અને આ ન હોય તો ન થાય, એ વસ્તુમાં ક્યાંથી આવ્યું આ? સમજાણું કાંઈ? એ નાસ્તિતા પરથી છે એમાં આ હોય તો થાય અને આ ન હોય ન થાય, આવ્યું ક્યાંથી આ? સમજાણું કાંઈ? વિપરીત બુદ્ધિમાંથી ઊભું થયેલું છે. એ સ્યાદ્વાદના અમોઘ મંત્રમાંથી આવેલી વાત નથી.

અહીં આચાર્ય કહે છે, ઓહો..હો..! ટીકા કરીને ત્યાં સમજાવ્યું હતું સામાન્યપણે અહીં

હવે આત્મામાં ઉતારી દીધું છે. '**અલોહમય...**' દેખો! અલોહમય છેને? આ લોહમય છે. આ લોહમય છે અને પરની અપેક્ષાએ તે અલોહમય છે. એની અપેક્ષાએ અલોહમય છે, બીજાની અપેક્ષાએ અદ્રવ્ય છે. શું કીધું? આ દ્રવ્ય જે છે એ પોતાની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે, પરદ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. અલોહમય છે આ. છે લોઢું પણ પરની અપેક્ષાએ અલોહમય છે. એમ આત્મા સ્વદ્રવ્યે અસ્તિ છે તે પર પરમાણુ અને પર અનંતા સિદ્ધો અને અનંતા આત્માઓ એની અપેક્ષાએ આત્મા અદ્રવ્ય છે. આ અલોહમય છે. આ લોહમય છે તે પરની અપેક્ષાએ અલોહમય છે. પરની અપેક્ષાએ લોહમય છે? સમજાણું કાંઈ? કોઈપણ બીજું લો, એનું એ તીર બીજું લ્યો, એવુંને એવું તીર બીજું લ્યો તોપણ આ અલોહમય છે. એટલે કે ઈ લોહમય આ નથી માટે અલોહમય છે. સમજાણું કાંઈ? ઝાટકિયા! જવાબ આપતા અંદર ખખડાટ થાતો હતો ઘણો. જે તે દીધે રાખે, આ ન દ્યે. આ તો વિચારીને બોલે છે. ... શું કીધું સમજાણું કાંઈ?

'**દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા,...**' એ પોતે દોરીના અંતરાળમાં આમ છે એ નથી. છે એ નથી. કોની અપેક્ષાએ? પરની અપેક્ષાએ નથી. પર દોરી, પર કામઠું એની અપેક્ષાએ આમાં નથી. પરના કામઠાનું ક્ષેત્ર છે એ અપેક્ષાએ એ પરના ક્ષેત્રના અભાવમાં છે. પરનું ક્ષેત્ર આમાં છે નહિ. એટલે કે કામઠાના અને દોરીના અંતરાળમાં નથી રહેલું. અસ્તિથી રહેલું છે અને પરથી નથી રહેલું. એમ ભગવાન આત્મા અસંખ્યપ્રદેશમાં સ્વક્ષેત્રથી છે, અનંતા બીજા આત્મા અને પરમાણુના ક્ષેત્રથી તે અક્ષેત્ર છે. આહા..હા..! પરના ક્ષેત્રમાં રહેલું નથી. પોતાના ક્ષેત્રમાં રહેલું અને પરના ક્ષેત્રથી અક્ષેત્રરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! વસ્તુ તો આમ છે. હવે તને ગોઠે તો માન, ન ગોઠે તો ન માન. સમજાય છે કાંઈ?

કહે છે, '**દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' પોતાનું અસ્તિત્વ આમ સંધાયેલી અવસ્થામાં છે પણ પરની સંધાયેલી અવસ્થા, બીજું તીર છે એની અપેક્ષાએ નહિ રહેલું. એમ આત્મા પોતાના સ્વકાળની અનંત ગુણની પર્યાયના વર્તમાનથી તે જ પર્યાયથી છે, અનંતા દ્રવ્યોના સ્વકાળની એ પર્યાય સામે એનાથી નથી. અકાળ છે, પરના કાળની અપેક્ષાએ પોતે અકાળ છે. પોતાની અપેક્ષાએ સ્વકાળ છે, પરની અપેક્ષાએ તે જ પર્યાય અકાળ છે. આહા..હા..! એકને બે લાગુ પડે. સ્વની અપેક્ષાએ સ્વકાળ છે, પરના જેટલા નિમિત્તનો પર્યાય છે એનાથી આ અકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક પરમાણુ, એક ઘડો છે. એ માટી છે એનું ક્ષેત્ર એના પ્રમાણમાં, એનો સ્વકાળ, ઘડો થવાનો પર્યાયનો સ્વકાળ પોતાથી છે અને એવા એવા પર્યાયની શક્તિરૂપ જે ભાવ તે માટીમાં પોતાથી છે. હવે કુંભાર, એનું દ્રવ્ય એનાથી તે અદ્રવ્ય છે માટી. કુંભારનું ક્ષેત્ર એનાથી અક્ષેત્ર છે, કુંભારની આમ આમ હાલત થાય એનાથી અકાળ છે અહીં. એની પર્યાયનો

એનો કાળ એનામાં, એનાથી આ અકાળ છે. એટલે કે એને કાળે, એને કાળે એનો કાળ, આના કાળે એનો કાળ નહિ. આનો કાળ એના કાળને લઈને નહિ માટે અકાળ છે. સમજાય છે? હવે અહીં (એમ કહે કે) કુંભાર વિના ઘડો થાય નહિ, ફલાણા વિના થાય નહિ. ક્યાંથી લાવ્યો પણ આ ભ્રમણા બધી? અનંતા દ્રવ્યના વર્તમાન કાળને મારી નાખ્યા તેં. જીવતા જીવતા છે પર્યાય એના, એક સમયના જીવતા. ભાઈ! આવે છેને? સર્વવિશુદ્ધમાં. સર્વવિશુદ્ધમાં જીવતો પર્યાય એને છે. વિદ્યમાન તત્ત્વનો પર્યાય એને કારણે જીવતો છે, એને તું મારી નાખે છો. સમજાણું કાંઈ? મારી (નાખે છે) એટલે કે પરને લઈને છે (એમ માનતા) મારી નાખ્યા તેં તારા અનંતા અનંતા ગુણના પર્યાયને, અનંતા દ્રવ્યના પર્યાયને તેં જીવતા, ટકતા ન રાખ્યા. અભાવરૂપે તેં કરી નાખ્યા. સમજાણું કાંઈ? શું સુમેરુમલજી?

આ તો બે ને બે ચાર જેવી વાત છે. આમાં ક્યાંય કાંઈ ઝઘડાની વાતેય નથી, આમાં ક્લેશની વાતેય નથી, આમાં અસત્યતાની ગંધેય નથી. એવી ચીજ એના લક્ષમાં ન આવે અને વિપરીત માન્યતામાં તો અનંતુ ઘુંટણ વિપરીતનું થયું. એટલે કષાય અનંતો ઘુંટે છે મિથ્યાત્વનો. મિથ્યાત્વનો કષાય છે કે નહિ? મિથ્યા અભિપ્રાય વિપરીત ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થનું વિપરીત જ્ઞાન. આત્મામાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક છે એવું જ્ઞાન કરવાની તાકાત છે. છે એવું જ્ઞાન કરવાની તાકાત છે, પણ છે એમાં પરને લઈને એમાં થાય એવી જાણવાની જ્ઞાનની તાકાત નથી. કેમકે જ્ઞાનનું જ્ઞેય એવું હોઈ શકે નહિ. જ્ઞાનનું જ્ઞેય એમ છે કે પરને લઈને નથી અને સ્વને લઈને છે એવું જે જ્ઞેય એને યથાર્થ જાણવું અનંતા ત્રણ કાળ ત્રણ લોકને એનું નામ જ્ઞાનપર્યાય કહેવાય. એને ઠેકાણે ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થની વર્તમાન અવસ્થા પરને લઈને છે, એ જ્ઞાનની એટલી જ ઊંધાઈની વિપરીત માન્યતા છે. જેવી જ્ઞાનપર્યાયમાં અનંતાને જાણવાની તાકાત છે એવી જ એની ઊંધાઈ માન્યતા એક સમયમાં ઊભી કરી છે એણે કે જે જ્ઞેયમાં નથી અને જે સ્વરૂપમાં નથી. પર્યાયમાં ઊભી કરી છે. સમજાણું કાંઈ? શેઠી! વસ્તુ છેને પ્રભુ! ઈ ક્યાં કોઈના ઘરની ચીજ છે આ? પણ અભિપ્રાયે ઘર ઘાલ્યા ઈ કોઈ દિ' ઉપાડતો નથી.

અહીં કહે છે કે એ તીર જેમ લીધું, સમજાણું? '**(જેમ પહેલાનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે,...**' જુઓ! પહેલું તીર આ. અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાએ અલોહમય છે. '**(અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે,...**' પણ રહેલું છેને? એ તો પોતાથી છે. પરના ક્ષેત્રને લઈને રહેલું નથી. એમ આત્મા આકાશના ક્ષેત્રને લઈને અસંખ્ય પ્રદેશમાં રહેલો નથી. આત્મા કર્મના અનંતા પરમાણુના ક્ષેત્ર જે છે એને લઈને આત્મા અક્ષેત્રીય છે. એમાં એ આત્મા છે જ નહિ. આહા..હા..! પોતાના અસંખ્ય પ્રદેશમાં છે અને બીજા અનંત પ્રદેશના અનંત ક્ષેત્ર છે એની અપેક્ષાએ આ અક્ષેત્ર છે. એને માટે આત્મા અક્ષેત્ર છે. અને એ પરમાણુનું જે ક્ષેત્ર છે એનાથી ક્ષેત્ર

છે અને એ પરમાણુનું ક્ષેત્ર સ્વ અસંખ્ય પ્રદેશના ક્ષેત્રની અપેક્ષાએ પરમાણુ અક્ષેત્ર છે. ઓહો..! સમજાણું કાંઈ?

આ તો અમોઘ મંત્ર જૈનદર્શનનો! જૈન નહિ પણ વસ્તુના સ્વભાવનો. સપ્તભંગી તો ઝેરને ઉતારનારી ન કહ્યું? ઝેર ઉતરી જાય એનું, ઝેર મિથ્યાત્વનું છેને અનાદિનું. પણ એ વાત, બીજા ઘણા લખાણ હોયને, એ લખાણને આડાઅવળા કરીને જ્યાં ત્યાં ગૂંચવણ (ઊભી કરે) અને ગૂંચવણમાં ઊભો કરોળિયો પોતાની મેળે ગૂંચવણમાં ઊભો રહે છે.

અહીં કહે છે, '**(અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળમાં નહિ રહેલું છે,...**' રહેલું તે નથી રહેલું. આહા..! આનું નામ અનેકાંત. રહેલું તે કથંચિત્ પોતાથી અને કથંચિત્ પરથી એમ અનેકાંત ન હોય. રહેલું તે પોતાથી છે, પરની અપેક્ષાએ તેમાં રહેલું નથી. કહો, સમજાણું? '**(અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે...**' બીજું તીર છે આમ બરાબર સંધાયેલી અવસ્થા હોય આમ સામું. એના કાળે ત્યાં એ છે, એના કાળની અપેક્ષાએ એનો અકાળ છે, અકાળ છે અહીં. એના કાળને લઈને આ અકાળ છે અહીં. અહીંની વર્તમાન અવસ્થા એની અવસ્થાની અપેક્ષાએ અ-અવસ્થા છે, અ-અવસ્થા છે. સમજાણું કાંઈ? '**(અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે...**' ઓહો..! એમ ભગવાન આત્મા અનંતા ગુણોનો વર્તમાન સમયનો પર્યાય તે સ્વકાળે છે અને સામા અનંતા કર્મના ઉદયનો પર્યાય-કાળ, ઉદયનો પર્યાય-કાળ છેને? એનો પર્યાય-કાળ. એક સમયમાં સામો ઉદયનો સમય કાળ. એના કાળની અપેક્ષાએ આનો અકાળ છે. સમજાણું કાંઈ? એ દ્રવ્યનો પર્યાયના સ્વકાળે ત્યાં છે એનો પર્યાય સ્વકાળે. પાઠમાં આવ્યું કર્મ એના સ્વકાળે એને કાળે છે, તે કાળની અપેક્ષાએ અહીં પોતાના ભાવમાં એનો અકાળ છે. અકાળ છે એ કાળની અપેક્ષાએ અકાળ છે. અને એના ઉદયના કાળની અપેક્ષાએ એનો ઉદયકાળ છે અને આત્માના રાગ અને જ્ઞાનની પર્યાયના કાળની અપેક્ષાએ તે ઉદયકાળ અકાળ છે. સમજાણું કાંઈ? આ ત્રણ કાળ ત્રણ લોકના લોકાલોકના પદાર્થના સ્વરૂપની વાત ચાલે છે. એમાં એકનો પણ ગોટો વાળ્યો એણે અનંતાનો ગોટો વળ્યો. એગં જાણઈ સવ્વં જાણઈ, એગં ભૂલઈ સવ્વં ભૂલઈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના અનંતા ગુણોની વર્તમાન જે અવસ્થાનો સ્વકાળ છે એ સ્વકાળમાં રહેલું છે અને અનંતા બીજા સિદ્ધના સ્વકાળ, કેવળજ્ઞાન આદિનો એનો કાળ એનાથી આત્મા અકાળરૂપે છે. અદ્રવ્યરૂપે, અક્ષેત્રરૂપે, અકાળરૂપે અને અભાવરૂપે છે. તો તે અસ્તિ નાસ્તિની અનેકાંતની અમોઘ શક્તિ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? '**અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે,...**' ઓલું લક્ષ્ય ઉન્મુખ છે બીજું તીર. આ પોતે પોતાથી લક્ષઉન્મુખ છે, પણ બીજા તીરના લક્ષ્યોન્મુખની અપેક્ષાએ અલક્ષ્યોન્મુખ છે, અભાવરૂપ છે. એના ભાવની અપેક્ષાએ આત્માનો ભાવ અભાવરૂપ છે. અનંતા દ્રવ્યોના ભાવની અપેક્ષાએ આત્માનો ભાવ

અભાવરૂપ છે. એક પરમાણુનો ભાવ અનંતા બીજા પરમાણુ, અનંતા આત્માની અપેક્ષાએ અભાવરૂપ છે.

એક પરમાણુનો વર્તમાન લીલો રંગ આદિ પરિણમ્યો ભાવ-પર્યાય, તે પર્યાય તે સ્વકાળથી અસ્તિરૂપે છે. જુઓ, બે પરમાણુ ભેગા થાય તો ચારગુણો થાય એમ શાસ્ત્રમાં છે. એકનો બે, એકનો ચાર હોય તો ચારરૂપે થાય. કહે છે કે એ ચારપણાની પર્યાયનો સ્વકાળ પોતાથી છે, જોડે પરમાણુનો ચારગુણો ચીકાશ આદિ છે એના સ્વકાળથી ચાર(ગુણો) પર્યાય નથી. એના અકાળરૂપ છે, એના કાળરૂપે નથી. સમજાણું કાંઈ? ભારે કઠણ પડ્યું જગતને. સમજાણું કાંઈ આમાં?

'**અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે,...**' અલક્ષ્યોન્મુખ છે. ઓલામાં કીધું કે લક્ષ્યોન્મુખ છે. ત્યારે અહીં કીધું કે અલક્ષ્યોન્મુખ છે. એટલે કે એના ભાવો જ્યાં દરેક દ્રવ્યનો જેનો જે સમય આવવાનો એના ભાવની શક્તિમાંથી આવે છે એ અપેક્ષાએ તેનો એ ભાવ છે અને એના ભાવની અપેક્ષાએ અહીં ભાવનો જે પર્યાય આવ્યો એ એની અપેક્ષાએ સન્મુખ ભાવ છે, પણ પરના ભાવના લક્ષસન્મુખની અપેક્ષાએ અલક્ષ્યોન્મુખ છે એટલે કે અભાવરૂપ છે. સમજાણું કાંઈ? સંભળાય છે બધું? ચોખ્ખું?

'**(તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે).**' ખલાસ થઈ ગયું. દરેક દ્રવ્ય પરથી અભાવવાળો છે. હવે પરના અભાવવાળો એ પરથી ભાવ થાય? આહા..હા..! જૈનપણાનો વ્યવહાર રહ્યો નહિ. સમજાય છે? વ્યવહાર એટલે કે આવું જ્ઞાન કરે વ્યવહાર પહેલું. આ તો નિશ્ચયજ્ઞાન છે. આવું જ્ઞાન કરે કે આમ છે. પછી એનો જ્ઞાનપર્યાય દ્રવ્ય ઉપર વળે ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય. સમજાણું કાંઈ? ઓલા ચાર ઉતાર્યા એમ લઈ લેવું. .. ઉતાર્યાને. તેમ આત્મા નાસ્તિત્વનયે એટલે પરના નાસ્તિત્વભાવે પરચતુષ્ટયથી નથી. અનંતા આત્માઓ પોતાની વર્તમાન પર્યાયથી અસ્તિ છે અને બીજા આત્માની પર્યાય અને બીજા પરમાણુની પર્યાયથી નાસ્તિત્વ છે. અકાળ છે, અકાળ છે. આહા..હા..! એમ અનંતા પરમાણુઓ એક એક પરમાણુનો વર્તમાન સ્વકાળનો પર્યાય પોતાથી છે અને અનંતા બીજા પરમાણુ અને બીજા અનંતા આત્માના સ્વકાળથી અકાળરૂપે છે. સમજાણું કાંઈ? નહિતર એ સ્યાદ્વાદ અનેકાંત વસ્તુ એના અનંત ધર્મ છે. અનંતનો અર્થ અસ્તિ નાસ્તિ (આદિ) વિરુદ્ધ શક્તિ એને અનેકાંત કહે છે. છેને અનેકાંત? એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ. અસ્તિ સ્વથી છે અને પરથી નથી એનું નામ અનેકાંત છે. આ તો અનેકાંતને ફૂદડીવાદ કરી, આમ પણ હોય અને આમ પણ હોય, ક્યાંય એનો કઈ રીતે એના મેળ વિનાનું. સમજાણું કાંઈ? લ્યો, આ ચોથો ભંગ થયો. કહો, સમજાણું આમાં? અસ્તિનો ભંગ ત્રીજો, નાસ્તિનો (ચોથો).

છે એક સમયમાં હોં બધા ધર્મો. અસ્તિ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે ધર્મ અસ્તિ. તે

જ કાળે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ નાસ્તિ. ધર્મ તો એક સમયમાં આવા અનંતા છે. એને એક એક ધર્મને એક નય જોવે છે. બધા ધર્મને સાથે પ્રમાણ જોવે છે. જોઈને પણ અંતર દ્રવ્ય સન્મુખ જઈને એકાગ્ર થવું એ એનું વાસ્તવિક ફળ છે. સમજાણું કાંઈ? હવે એ બીજા પાંચ ભંગ તો એને ને એને મળતા છે. એમને એમ લઈ લેવું. હવે પછી ૨૬મી નય લેવાનો વિચાર છે. સમજાય છે? ૨૬, ૨૬. શું કહે છે જુઓ! ચાર થઈ ગયાને ચાર? પાંચ ભંગ તો એ માહ્યલાને માહ્યલા છે. હવે ૨૬, ૨૬. લ્યો, પોણો કલાક ચાલ્યું એમાં. પા કલાક રહી ગયો. સવા આઠે શરૂ કર્યું છેને? સમજાણું આમાં કાંઈ?

અરે..! એક ભંગ સમજેને એક, એક ભાવને યથાર્થ જાણે એ બધા ભાવને યથાર્થ જાણે. એક ભાવને જેણે ઊંધો જાણ્યો એ બધા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ ઊંધા જાણ્યા. સમજાય છે કાંઈ? પણ નિશ્ચય અને વ્યવહારનયે જગત ભરમાયો છે. ભ્રમણા, બનારસીદાસ કહે છેને? ભરમાયો. જ્યાં વ્યવહારના કથન આવ્યાને, ભરમાઈ ગયા. પણ વ્યવહારનય અભૂતાર્થનય છે, અસત્યાર્થને પ્રગટ કરે છે. અન્યથા, જે રીતે વસ્તુ છે એ રીતે નહિ પણ અન્યથા પ્રગટ કરે છે. નિશ્ચય જેમ છે તેમ તેને પ્રગટ કરે છે. એક ઉપચાર છે, એક અનુપચાર છે. એક આરોપિત છે, એક યથાર્થ છે. સમજાય છે? એક આશ્રય કરવાલાયક છે, એક જ્ઞાનમાં જાણીને છોડવાલાયક છે. આ વચ્ચે છેને ઈ પછી લેશું. સાધારણ છેને. આ જરી ગોટાળી નય છે, ન સમજે એને. એટલે અહીંથી (લઈએ). ૨૬મી. સાથે ને સાથે છે તો એક સમયમાં બધા ધર્મ હોં, આઘાપાછા નહિ.

તે '**આત્મદ્રવ્ય...**' એમ લેવું. ક્યું આત્મદ્રવ્ય? પહેલું કીધું હતું ઈ. તે આત્મદ્રવ્ય અનંતા ધર્મોથી, સામાન્ય ચૈતન્ય વડે અનંત ધર્મથી વ્યાપ્ત છે. અનંતા ધર્મો અનંત નયથી વ્યાપ્ત છે, અનંતા નયો શ્રુતપ્રમાણથી વ્યાપ્ત છે અને એ શ્રુતપ્રમાણથી અનુભવ કરતા આત્મા જણાય એવો છે. તે '**આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે,...**' કેવું છે આત્મદ્રવ્ય? કે નિયતનયથી જુઓ તો નિયત સ્વભાવે (અર્થાત્) જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવથી ભાસે છે. એનો સ્વભાવ છે તે રીતે ભાસે છે. '**નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે,...**' નિયત નામ નિશ્ચય સ્વભાવે ભાસે છે. નિયતિનયે નિયત સ્વભાવ એનો જે નિયત-નિશ્ચય ભાવ છે તે રીતે તે ભાસે છે.

એ નિયતિ જે પાંચ સમવાય છે એ માહ્યલી આ નિયતની વાત નથી. જે નિયત ઓલી પર્યાયની વાત છે અને અહીં સ્વભાવની વાત છે. આમાં વિકારની પછી લેશે અનિયતનયમાં. અહીં સ્વભાવનયને બતાવનારો નિયતનય છે. ઓલો જે નિયત છે, એકલો નિયત એકાંત એ તો વસ્તુના સ્વભાવ, પુરુષાર્થના ભાન વિના તે તે સમયનો નિયત. અને નિયતની સાથે પાંચ સમવાય એ નિયત બીજો અને આ નિયત બીજો. એ નિયતમાં તો જે સમયે જ્યાં થવાનું તે થાય. તે પર્યાય પણ જે દ્રવ્યની જે સમયે થવાનો થાય તે નિયત

અને એને જાણનારું જ્ઞાન તે સ્વભાવ, એને પુરુષાર્થે નક્કી કર્યું એ પુરુષાર્થ, એને તે કાળે તે જ ભાવ થવાનો તે ભવિતવ્ય. અને એમ ભાન થતાં તે કાળે કર્મનો અભાવ પણ તેને કારણે-કર્મને કારણે હોય તે કર્મનો અભાવ. એમ પાંચ સમવાય એક સમયમાં એક નક્કી કરતાં એક કારણ હોય અને ચાર ન હોય એમ બની શકે નહિ. જ્યાં એ પાંચ કારણ હોય ત્યારે જ એને કારણ પૂરા કહેવામાં આવે. એક હોય અને ચાર ન હોય એમેય નહિ. હોય જ. કોઈ કહે કે નિયત હોય અને બીજું ન હોય. એ વસ્તુને સમજતો નથી. નિયત કારણ જ્યાં નક્કી કર્યું, તેના સ્વભાવ, પુરુષાર્થ (આદિ) પાંચે સમવાય એક સમયમાં જ હોય છે. સમજાણું કાંઈ? ઓલો જે નિયત માનનારો છે એ તો થવાનું થાય, થવાનું થાય, થવાનું થાય એક જ વાત છે. બાકી ચાર કારણો સાથે હોય છે છતાં એ માનતો નથી. સમજાણું કાંઈ?

આ બીજી નિયત છે. ઉતાર્યું છે એવી શૈલીએ. અમૃતચંદ્રાચાર્ય પાંચ બોલ તો એવાને એવા જ લેશે. નિયત-અનિયત, સ્વભાવ-અસ્વભાવ, કાળ-અકાળ, પુરુષાર્થ-દૈવ. સમજાય છે? લેશે એવા જ તે. ઈશ્વર-અનિશ્વર. પણ આ નિયતની વ્યાખ્યા બીજી છે. આત્મામાં એવો એક ધર્મ—સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ (છે કે) '**જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક.**' અગ્નિમાં ઉષ્ણતા એનો સ્વભાવ છે. અગ્નિનો ઉષ્ણ વાસ્તવિક સ્વભાવ છે. એમ નિયમિત સ્વભાવ છે એની માફક. આત્માનો જ્ઞાન, દર્શન, આનંદ નિયત સ્વભાવ છે. સમજાણું કાંઈ? સ્વભાવ એનો પોતાનો નિયત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પ્રકારે સ્વભાવ છે એમ. એનો સ્વભાવ પોતાનો ધર્મ જ્ઞાન, દર્શન, આનંદ આદિ પરિણમન શુદ્ધ સ્વભાવ, શુદ્ધ સ્વભાવનું પરિણમન શુદ્ધ ભાવ એ એનો નિયત સ્વભાવ છે. શું કીધું સમજાણું આમાં?

તે આત્મદ્રવ્ય, જે ચાલ્યું આવે છે કીધું એ, નિયત સ્વભાવે ભાસે છે. એટલે? નિયતિનયે નિયત સ્વભાવવાળો ભાસે છે. જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયત સ્વભાવવાળો છે. એમ આત્મામાં નિયમ સ્વભાવ એનો શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ, આ એની પર્યાય પણ નિયત સ્વભાવ છે શુદ્ધ તેમ એક નયે ભાસે છે. નિયતનયે તેનો શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય સ્વભાવ તે નયથી ભાસે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં પણ શુદ્ધ સ્વભાવ છે એમ ભાસે છે, ભાઈ! એમ કીધું. સાધકની વાત લીધી છેને. નયનો વિષય લેવો છેને. સ્વભાવ. દ્રવ્ય પણ તેનું તેમ છે, સ્વભાવ પણ તેનો તેમ છે, પર્યાય પણ તેની સ્વભાવિક નિર્મળ છે.

નિયતનયે અગ્નિની જે ઉષ્ણતા નિયમરૂપ એનો સ્વભાવ છે. એમ ભગવાન આત્માનો નિયમરૂપ શુદ્ધરૂપે પરિણમવું એનો નિયમરૂપ સ્વભાવ છે, નિયતરૂપ સ્વભાવ છે, એનું એ

મૂળ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? નય પ્રજ્ઞાપન જોયું છે કે નહિ? શેઠી! જોયું છે? એક ધર્મ હોં આ. આવા એક સમયે અનંતા. આમ તો નિત્ય ચૈતન્ય ચિન્મૂર્તિ કીધું દ્રવ્યનયે. ઈ જુદું. અને અહીંયા એનો સ્વભાવ જ દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધરૂપે પરિણમવું એ જ એનો નિયત સ્વભાવ છે. નિયતનયે, નિયમ રીતે, ચોક્કસ રીતે એનો નિયમ કાયદો છે કે એ શુદ્ધરૂપે પરિણમે એવો જ એનો નિયતનયથી જોનારો સ્વભાવ જણાય છે. નય છે નિયતનય, સ્વભાવ પોતે એક ધર્મ, એને એ નય જોવે છે. સમજાણું કાંઈ?

સ્વભાવરૂપે થવું એ પણ મારો નિયમિત, નિયત, નિશ્ચય, નિયમરૂપ સ્વભાવ છે. અગ્નિનો જેમ ઉષ્ણતાનો નિયમ છે. અગ્નિ ઉષ્ણરૂપ એનો નિયમ છે. એમ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, અકષાય પરિણતિ સ્વભાવ એ એનો નિયમ, નિયત સ્વભાવ છે. એવો એક સમયનો ધર્મ એની સામે એક બીજો ધર્મ એ સમયમાં છે, એનાથી વિરુદ્ધનો. સમજાણું કાંઈ? આમાં તો એમ સિદ્ધ કર્યું કે આત્મા દ્રવ્ય, ગુણે તો સ્વભાવ છે જ, પણ નિયતનયથી એનું સ્વભાવનું પરિણમન થવું એવો એનો નિયમ છે, ભાઈ! આ નયે વિકારરૂપે થવું એ એનો ધર્મ નથી. એ બીજો ધર્મ આવશે એ વખતે. સમજાણું કાંઈ?

વસ્તુ.. નય જોવે છેને સ્વભાવને? તો એ સ્વભાવ ખીલ્યો છે. દ્રવ્ય અને ગુણ શક્તિરૂપ જે છે એનું અવલંબન લઈ જે સ્વભાવરૂપ પરિણમવું એ જ દ્રવ્યનો, ગુણનો એ પર્યાય સ્વભાવ નિયતનયથી છે. સ્વભાવરૂપે થવું એ જ નિયતનયનો સ્વભાવ અને નિયતનય એવા ધર્મને, એક નય એવા ધર્મને જોવે છે. સમજાણું કાંઈ? આ ઝીણું લીધું શેઠિયા માટે. બાકી રાખ્યું હતું. મેં કીધું, શેઠિયા આવે ને કાંઈક (ઝીણું લેવું). સવારે સાધારણ મોક્ષમાર્ગપ્રકાશક ચાલશે, સાતમે અધ્યાય ચાલે છે અમારે તો. .. ઘણું આવ્યું છે એમાં પણ. નવમો નવમો. કર્મ કાંઈ જ નથી. પોતાને કારણે વિકાર થાય એને તું કર્મને માથે ઢોળ, જૈન આજ્ઞા માન તો અનીતિ આવી સંભવે નહિ. બે પ્રકાર ન્યાં મૂક્યા છે. કર્મનું કાંઈ પ્રયોજન નથી અને કર્મ કાંઈ નથી. લે. તારા વિકારને કારણે તું વિકાર કર અને કર્મ હોય તો થાય અને ઈ ન હોય તો ન થાય (એમ માન તો) કાળા કેર કરે છે તું આ. ઝેર ઊભું કરે છે આ. ઈ આવ્યું હતું તમારી પહેલા. મોક્ષમાર્ગપ્રકાશક છેને. નવમાં. હજી પરમ દિ' તમે આવ્યાને, એના પહેલા આવ્યું હતું.

મુમુક્ષુ :—

ઉત્તર :— હા, ઈ. તે દિવસે આવ્યું હતુંને, ઈ. ૩૧૩. લ્યો આવ્યું આ. આ રહ્યું જુઓને, ૩૧૨ છે.

ત્યાં કર્મનું તો કાંઈ પ્રયોજન નથી. ઉપયોગ તું લગાવતો નથી અને ઉપયોગ કર્મને માથે નાખે છે. પહેલા ઈ આવ્યું હતું અને પછી ઘાતિને માટે આવ્યું હતું. **'એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયનો પુરુષાર્થ સ્વયમેવ થશે. વળી તત્ત્વનિર્ણય ન કરવામાં કાંઈ કર્મનો તો દોષ**

છે **નહિ...**' છે? કાંઈ છે નહિ એમ હોં! કાંઈ એટલે કિંચિત્ નહિ, અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? બીજે ક્યાંક લખ્યું હોય વ્યવહારનયથી તો એને ગોતે. આ યથાર્થથી કહ્યું છે, ક્યાંક કહ્યું હોય તે નિમિત્તથી કથન હોય છે. '**કર્મનો તો દોષ છે નહિ પણ તારો જ દોષ છે. તું પોતે તો મહંત રહેવા ઈચ્છે છે અને પોતાના દોષ કર્માદિકને લગાવે છે!**' શું કરીએ? એ ઉદય આવે એટલે વિકાર કરવો પડે. '**પણ જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ.**' અન્યાય કરે છે તું તત્ત્વની ઉપર. તારે પર્યાયને કાળે તારો વિકાર (થાય છે). હવે આવે છે જુઓ ઈ. એ ૨૬મો ધર્મ થયો. ૨૬મી નય થઈ.

હવે વિકારની આવે છે. ઈ એનો આત્માનો ધર્મ છે એમ કહે છે અહીં. પર્યાયધર્મ હોં! આ ગુણ ધર્મ નહિ. આહા..હા..! કોઈ ગુણનો એવો ધર્મ નથી કે વિકારરૂપ થવું. જો ગુણનો વિકારરૂપ ધર્મ હોય તો ગુણ સદાય વિકારરૂપ થયા કરે અને કોઈ દિ' મોક્ષ થાય નહિ. પણ જૈનદર્શનની વસ્તુની સ્થિતિમાં પર્યાયનો એક ધર્મ અજ્ઞાની નવો ઉત્પન્ન કરે છે. અથવા જ્ઞાનીને પણ તે તે કાળે જ્યાં સુધી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી વિકારનો પર્યાયનો ધર્મ પર્યાયમાં છે. વિકારનું થવું એ પોતાનો ધર્મ છે. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય...**' એટલે એમ લેવું, તે આત્મદ્રવ્ય. 'તત્તુ' છેને? 'તત્તુ' શબ્દ હતો. તે આત્મદ્રવ્ય, જેને અહીંયા નિયતિનયે સ્વભાવ ભાસે એમ કીધું, તે જ '**આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...**' એક ધર્મ એને અનિયત સ્વભાવના નયે ભાસે છે. '**જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક.**' પાણીમાં ઉષ્ણતા નિયમિત નથી, નિયમિત નથી. એનો પાણીનો એ સ્વભાવ નથી. વિભાવ છે પણ એ પાણીનો પોતાનો પર્યાયધર્મ છે એમ થાય છે. શું કીધું? ઓલામાં ઉષ્ણતામાં અગ્નિનો દાખલો આપ્યો હતો અને આ ઉષ્ણતા પાણીનો દાખલો આપ્યો. એ ઉષ્ણતા પાણીનો નિયત સ્વભાવ નથી. પણ ઉષ્ણ થવું એ અનિયત સ્વભાવ પાણીનો છે. તે કાળે તેને કારણે (થાય છે), અગ્નિને કારણે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? અગ્નિનો ઉષ્ણ ધર્મ, એમ આત્મામાં પર્યાયનો સ્વભાવ ધર્મ એ પણ એનો પોતાનો ધર્મ. અને પાણીનો જેમ ઉષ્ણ ધર્મ એ અનિયત સ્વભાવ છે, પણ અનિયત સ્વભાવ છતાં ધર્મ એનો છે. આહા..હા..!

તે '**આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી...**' જુઓ! નિયતિથી એટલે '**(-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. (આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે,...**' વિકારવાળો ભાસે છે એમ. સ્વભાવવાળો ભાસતો નથી. પણ એ વખતે સ્વભાવ વિનાનો વિકાર પણ ભાસે છે. એક સમયમાં બે (વિરુદ્ધ ધર્મ). આ બધા ધર્મો એક સમયમાં આત્માની સાથે રહેલા છે. સાધકજીવ સમ્યક્‌જ્ઞાનમાં એક સાથે બધા જાણે છે. એક પછી એક જાણે તોપણ છે એકસાથે. સમજાય છે કાંઈ? નિયત સ્વભાવ પહેલો, અનિયત પછી કે અનિયત પહેલો અને

નિયત પછી એમ છે નહિ.

આત્મદ્રવ્ય.. કહો, સમજાણું કાંઈ? એ ઉષ્ણતા જેમ નિયમથી નથી પાણીમાં, એમ આત્મામાં વિકારપણું તે અનિયતસ્વભાવવાળું છે. નિયત સ્વભાવ નથી, ટળી શકે છે, પણ એનો અનિયત એક ધર્મ છે. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૦)), રવિવાર, તા. ૨૮.૧૦.૧૯૬૨**
**નય-૨૭ થી ૩૦, પ્રવચન-૩૩**

આજ તો ભગવાન મહાવીર પરમાત્માનો મોક્ષ દિવસ છે. નિર્વાણ દિવસ, નિર્વાણ. અનાદિ કાળની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા નહોતી, પૂર્ણ શુદ્ધતા નહોતી એ પ્રગટ થઈ. પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈને એનું નામ મોક્ષ. સ્વભાવ તો શુદ્ધ હતો. એનું ભાન કરી પ્રથમ તો સમ્યગ્દર્શન પામેલા પૂર્વ ભવોમાં, પછી સ્વરૂપની સ્થિરતા અને ચારિત્ર અંતર પ્રગટ થઈ આ કાળે, એ ભવમાં તો તીર્થંકરગોત્ર બાંધેલું પૂર્વે, એને લઈને તીર્થંકર થયા અને આ છેલ્લો આ દિવસે રાતના પાછલા ભાગમાં અજોગીપણાની દશા પ્રાપ્ત કરી અને પૂર્ણ શુદ્ધતાને પામ્યા. એક સમયમાં સિદ્ધક્ષેત્રમાં બિરાજ્યા. સિદ્ધક્ષેત્ર તો પોતાનું પોતામાં છે. વ્યવહારે સિદ્ધક્ષેત્ર એને કહેવામાં આવે છે. લોકના અગ્રે એ સિદ્ધનું ક્ષેત્ર છે, સિદ્ધનું ક્ષેત્ર વ્યવહારે. નિશ્ચયથી પોતાનું અનંત આનંદ આદિનું સ્વરૂપ પ્રગટ થઈને પોતાના ક્ષેત્રમાં બિરાજે છે. એનો ઈન્દ્રોએ આવીને મોટો મહોત્સવ કર્યો.

દિવાળી. દિ વાળ્યોને, દિ વાળ્યો. સ્વકાળે એણે પોતાની શુદ્ધિને પૂર્ણ કરી. એને લઈને ઈન્દ્રો પણ ... વિકલ્પથી એની બાહ્ય સાધનથી એની ભક્તિ આદિ કરે. એને દિવાળી કહેવામાં આવે છે. અહો..! એ કેવળજ્ઞાનપદ અને એક સમયના સ્વભાવની તાકાત. પૂર્ણ આનંદ, પૂર્ણ કૈવલ્ય, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય આદિ અનંતા ગુણોની વર્તમાન એક સમયની અવસ્થા એક એકની પૂર્ણ. એવી મોક્ષદશા એના પર્યાયના સામર્થ્યની શું વાત! વચનથી અગમ્ય, વિકલ્પથી અગમ્ય. એ જ્ઞાનગમ્ય થઈ શકે એવી ચીજ છે. એવા પરમાત્માએ આજ, અરિહંતપદ તો પહેલેથી પ્રાપ્ત કર્યું હતું, સિદ્ધપદની પ્રાપ્તિ થઈ. એને અહીંયા નિર્વાણ મહોત્સવ કહેવામાં આવે છે.

એ ભગવાનની વાણીમાંથી... પહેલું કેવળજ્ઞાન થયું વૈશાખ સુદ દસમે. વાણી નીકળી શ્રાવણ વદ એકમે, ૬૬ દિવસે. રાજગૃહી નગરીમાં બહાર વિપુલાચલ પર્વત ઉપર. એ વાણીનો સાર તેને પ્રવચનસાર કહે છે. એનો પણ સાર આ ૪૭ નયે આ દ્રવ્યને આખા આત્માને

સમજાવે છે. આત્મદ્રવ્ય કેવું છે? આત્મદ્રવ્ય અહીંયા પર્યાય વિકારી, અવિકારી, ગુણ અને દ્રવ્ય ત્રણે થઈને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીંયા આવ્યું આપણે. ૨૭મી નય ચાલે છે.

આત્મા એને જો નિયતિનયે જોઈએ, ૨૬મી, તો એનો સ્વભાવ શુદ્ધ શુદ્ધ શુદ્ધ, પર્યાયે પણ એનો સ્વભાવ શુદ્ધ પ્રગટેલો છે. દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે, પર્યાય શુદ્ધ છે એ નિયતનયે જોઈએ, નિશ્ચયથી જોઈએ તો શુદ્ધ સ્વભાવરૂપે ભાસે છે. નિયમ—નિયત એનો સ્વભાવ છે એમ ભાસે છે. જેમ અગ્નિની ઉષ્ણતા નિયમરૂપ છે, નિયતરૂપ છે, નિયતિરૂપ છે, નિયમિતરૂપ છે. એમ ભગવાન આત્મા એનો શક્તિ—સ્વભાવ તો નિયમિત શુદ્ધ છે, પણ પર્યાયમાં થવો એ એનો નિયમિત શુદ્ધ સ્વભાવ છે. એક નયથી એટલે નિયતનયથી જુઓ તો શુદ્ધ પર્યાયસ્વભાવ એનું સ્વરૂપ છે. આ નિયત(નયની વાત). સ્વભાવ(નય)ની પછી વાત આવશે.

૨૭મો નય જોતાં... એક એક નય એક ધર્મને જોવે. આખા નયના સમૂહથી જોવો તો એ અને પ્રમાણથી એકસાથે જુઓ તો એ આત્મદ્રવ્ય પર્યાયસહિત આખું દ્રવ્ય ભાસે. એવું ભાસન થતાં એને પ્રમાણજ્ઞાન થાય અને એ પ્રમાણજ્ઞાનવાળો વળ્યો હોય છે અંતરમાં. સમજાય છે? એની દૃષ્ટિ અને એનું ધ્યેય શુદ્ધ ચૈતન્યમાત્ર જ્ઞાયકભાવમાં વળેલ આવા જ્ઞાનસહિત (હોય છે) એને અહીંયા સાધકજીવ, મોક્ષના ઉપાયનો કરનાર જીવ કહેવામાં આવે છે. એને એક ધર્મ એવો છે. તે '**આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે...**' એની પર્યાયમાં વિકારરૂપ એ અનિયત સ્વભાવ છે. કાયમ રહેવાવાળો એ સ્વભાવ નથી. પર્યાયમાં, એક સમયની અવસ્થામાં આનંદની અવસ્થા હો કે શાંતિ એટલે ચારિત્રની અવસ્થા હો, એની અંદરમાં એક સમયનો પર્યાય એનો કેટલોક નિયત શુદ્ધભાવ પણ છે અને કેટલોક અનિયત-અશુદ્ધભાવ પણ છે. એ પોતાના ધર્મને કારણે એ નય પોતે અંદર અશુદ્ધતા છે તેને જાણે છે. સમજાણું કાંઈ?

'**અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે...**' પર્યાયમાં એવો જે નિયત સ્વભાવ એનાથી વિરુદ્ધ અનિયત સ્વભાવે પણ ભાસે છે. એના પોતાના ધર્મને લઈને, પોતાની યોગ્યતાના પર્યાયધર્મને લઈને. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ તો શુદ્ધ ભાસે, પણ પર્યાયમાં એનો એક અંશ શુદ્ધ ભાસે અને એનો ને એનો એક ભાગ અશુદ્ધ ભાસે. બહુ ઝીણું. સમજાણું કાંઈ? એ જ્ઞાન... પ્રશ્ન કર્યો હતો કો'કે, જ્ઞાન છે એ તો પ્રમાણ છે, અખંડ છે. સમજાણું? વળી આ નય તો ખંડ પડી? છોકરાએ પૂછ્યું હતું. અશોક, અશોક વાછાણીનો. ઈ કહે, જ્ઞાન તો અખંડ છે અને આ નય તો ખંડ છે. એમ કેમ થયું? વાત સારી છે, કીધું. સમજાણું કાંઈ? શું કીધું? જ્ઞાનગુણ અખંડ છે અને પર્યાય જેટલી શુદ્ધ થઈ છે એ પણ અભેદ થઈ ગઈ છે. પણ જે નય, જ્ઞાનનો પ્રમાણનો અંશ છે, એના બે ભાગ. એક ભાગ અંતરને

જોવે અને એક ભાગ રાગને અને પર્યાયને જોવે. એવો જ્ઞાનનો નયસ્વભાવ છે. ભેદરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ? પ્રમાણજ્ઞાન છે એ તો અખંડ છે, અવયવી છે અને એનો નય છે તે અવયવ છે, અવયવ છે. છે તો એ પર્યાય. પ્રમાણ પણ પર્યાય અને નય પણ એક ઉપયોગરૂપ પર્યાય. પ્રમાણ પણ ઉપયોગરૂપ પર્યાય અને નય પણ ઉપયોગરૂપ પર્યાય (છે). ઝીણું બહુ ભાઈ! કોઈ દિ' આમાં ... નહિ, શાંતિભાઈ! ઘડિયાળના કાંટા આડે નવરા ક્યાં પણ? શું આ તત્ત્વ છે? કેવી રીતે છે?

ભગવાન આત્મા એના એક સમયના પ્રમાણજ્ઞાનનો અંશ, અંશ છે એક સમયનો એના પ્રમાણનો. એના બે ભાગ પડે છે. પ્રમાણના નય. એક નિશ્ચય, એક વ્યવહાર. સમજાણું? એ નય છે તો ઉપયોગાત્મક. પ્રમાણ પણ ઉપયોગાત્મક છે અને નય ઉપયોગાત્મક છે. પણ એક ભાગ પડ્યો અંદર પ્રમાણમાંથી અવયવરૂપ, એ એનો વર્તમાન પર્યાય રાગાદિને જોવે અને એક ભાગ ત્રિકાળ સ્વરૂપને જોવે. બે થઈને એકસાથે જોવે એને પ્રમાણ કહેવામાં આવે છે. બહુ ઝીણું. ચોપડામાં આ નીકળે નહિ. પૈસામાં નીકળે નહિ, ચોપડામાં નીકળે નહિ. બહારમાં પાનામાં તો આ જડ છે. એ કંઈ પોતે બોલે નહિ કે આમાં આશય શું છે. એ આશયનું જ્ઞાન હોય એ આશયને જાણે.

અંતરનું જ્ઞાન, વસ્તુ જે છે આત્મા એનો જ્ઞાન ત્રિકાળ ગુણ છે. એનો પ્રગટ પર્યાય એક સામાન્યને અને વિશેષને બેયને જાણે. વિકારને અને ત્રિકાળને. વિકારને, વર્તમાન શુદ્ધતાના અંશને, વર્તમાન અશુદ્ધતાના અંશને અને ત્રિકાળને, બેયને એકસાથે જાણે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. એમાં પ્રમાણમાં હજી પુરું પ્રમાણ થયું નથી એટલે એને ભાગ પડે છે. એક ભાગ એને નય (કહે છે). એવા તો અનંત નયો છે. અહીં ૪૭ નય કહેવામાં આવ્યા છે. એનો એક એક નયનો એક ભાગ એક એક ધર્મને જોવે છે. સમજાણું કાંઈ? એવો એનો ખંડરૂપ પણ એક ભાગ છે. પહેલા આવી ગયું છે ભાઈ નયનું. નહિ? ખંડ ખંડ હોવા છતાં અખંડને જો. છે તો ભલે અનંત ધર્મો અને એક એક નય એક એકને જોવે, છતાં એ ખંડ અને નિરાકૃત થયું નથી. એમાંથી અનંત ધર્મો ગયા નથી છતાં હું એને અખંડ દ્રવ્ય વસ્તુ છું એને જોનારો છું. કહો, સમજાણું આમાં?

કહે છે કે જ્ઞાનનો જે એક અંશનો ઉપયોગ નય એ પોતામાં વિકારનો અંશ જે જોવે છે, અનિયત, નહિ રહેનારો-કાયમ નહિ રહેનારો એવો પણ એક મારામાં મારો ધર્મ, મારો ધર્મ છે. મારી સમયની એક પર્યાયનો એક બીજો ભાગ તે મારો ધર્મ છે. એક ભાગ શુદ્ધ ધર્મ છે, એક ભાગ અશુદ્ધ ધર્મ છે. એક પર્યાયના બે ધર્મો એ મારા ધર્મો છે. મારા કારણે છે, મારા અસ્તિત્વમાં છે. પરને કારણે નહિ. સમજાણું કાંઈ? આ મોટા વાંધા છેને આમા. અનિયત સ્વભાવ છે માટે કર્મને લઈને થાય. દાખલો આપ્યોને આમાં, જુઓને! પાણીના દાખલાના તકરાર છેને મોટી.

'**જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક.**' પાણીમાં શીતળતા તે નિયમ એનો સ્વભાવ છે. પર્યાય હોં પર્યાય, દ્રવ્ય-ગુણ તો ભલે પણ પર્યાયનો શીતળ સ્વભાવ છે. પણ છતાં એ પર્યાયમાં જે ઉષ્ણતા છે એ પણ એનો એક ધર્મ છે. અગ્નિને લઈને નહિ. સમજાણું કાંઈ? પોતાનો ધર્મ એ પરના ધર્મને લઈને નહિ, નિમિત્તના ધર્મને લઈને આ ધર્મ નહિ. અગ્નિનો ધર્મ ઉષ્ણતા ધર્મને લઈને પાણીની ઉષ્ણતાનો ધર્મ નહિ. પણ એનો પોતાનો જ અનિયત ધર્મ છે એને કારણે ઉષ્ણ થયું છે. સમજાણું કાંઈ? ...ભાઈ! બહુ ઝીણું પણ આમાં. ભગવાને આવું ઝીણું કાંત્યું હશે? બહુ ઝીણું કાંતે. ઉનાળામાં તો ઝીણા લુગડાં જોવે છેને માણસો? નહિ? ગરમીમાં બહુ ઝીણા જોવે, શરબતી મલમલ. શું કહેવાય? મલમલ. આ ઝીણી વાત છે. પણ તું ઝીણો છોને. સૂક્ષ્મ સ્વભાવ સમજનારો, સૂક્ષ્મ બોધનો અભિલાષી, શ્રીમદ્ કહે છે, એ મહાવીરના બોધનો પાત્ર છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ બોધનો અભિલાષી.

વસ્તુ તદ્દન સૂક્ષ્મ, દ્રવ્ય સૂક્ષ્મ, ગુણ સૂક્ષ્મ, પર્યાય સૂક્ષ્મ. એક ન્યાયે વિકારના પર્યાયને શાસ્ત્રકાર સ્થૂળ પણ કહે છે. સમયસાર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં તે વિકલ્પ જે શુભ અશુભ છે એ સ્થૂળ છે, સ્થૂળ છે એમ કહે છે. કઈ અપેક્ષાએ? સ્વભાવની સૂક્ષ્મતાનું વિપરીત રૂપ જરી પર્યાયમાં થયું એ સ્થૂળ કહ્યું સ્થૂળ. સમજાણું કાંઈ? એ દ્રવ્યસ્વભાવની જ્યાં દૃષ્ટિના વિષયનું વર્ણન ચાલે ત્યારે એને સ્થૂળ કહે. એટલે કે જાણે એનામાં નથી. એનો નથી, એનામાં નથી. એ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ નિર્વિકલ્પ સ્વભાવની દૃષ્ટિના ભાનમાં સ્વભાવદૃષ્ટિથી આમ કથન ચાલે. પણ એ દૃષ્ટિના સ્થાનમાં જે જ્ઞાન થયું એ જ્ઞાન... દૃષ્ટિ નિર્વિકલ્પ છે તે નિર્વિકલ્પ બેને ભાળે નહિ, નિર્વિકલ્પ એકની શ્રદ્ધા કરે, સમજાણું? સામાન્ય એકરૂપ ધ્રુવ. પણ સાથે જ્ઞાન સ્વપરપ્રકાશક તે જ્ઞાન બેને જાણે એવો સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. એટલે દૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન આત્મામાં શુદ્ધતાનો સ્વભાવ છે નિયત જે છે તે થયો અને અનિયત એમાં એ નહિ રહી શકે કાયમ, છતાં નહિ રહી શકે કાયમ એવો પર્યાય એ પર્યાયનો બીજો ભાગ જેને સમયસારમાં સ્થૂળ કહ્યો, અરે..! એને પુદ્ગલના પરિણામ કહ્યા.. ઓહો..હો..! એની સાથે રહેલો સૂક્ષ્મ શુદ્ધ પર્યાય એ જીવનો પર્યાય કહ્યો. ભાઈ! આહા..હા..!

એક સમયની પર્યાયમાં બે ભાગ. એમાં શુદ્ધ પર્યાયને દ્રવ્યદૃષ્ટિના સ્વભાવમાં જીવનો કહ્યો અભેદ સહિત, પર્યાય અભેદ થઈ ગયો. અને જે વિકાર રહ્યો એને પુદ્ગલનો કહ્યો, કર્મજન્ય કહ્યો, કર્મની ઉપાધિ કહ્યો, એ વિભાવ તે તદ્દન પુદ્ગલ જ છે. પુદ્ગલ એટલે પરમાણુ એમ નહિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નહિ, પણ પૂરણ ગળાય, પૂરણ ગળાય, વિકાર થાય એ સ્વભાવ મૂળ સ્વરૂપ છે નહિ એ અપેક્ષાએ એને પુદ્ગલ કહ્યો. અહીં એને પોતાની અનિયત પર્યાયનો ધર્મ કહ્યો. ઓહો..હો..! આટલો બધો ફેર. એમાં આત્મદ્રવ્ય આવું કહ્યું. આત્મદ્રવ્ય આવા અનંત નયના વિષયવાળું આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રના હાર્દને ક્યા સ્થાને ક્યા પ્રકારે કહેવું છે એની ખબર નહિ (અને) એમ જ મરડીને કચરડી નાખે. આ ઠેકાણે આ છે, આ ઠેકાણે આ છે, આ ઠેકાણે આ છે. પણ આ ઠેકાણે એનો કાંઈ મેળ હશે કે નહિ? કે કાંઈ વિરોધ હશે? વિરોધ હોય નહિ. વસ્તુનો સ્વભાવ જેમ છે તેમ અવિરોધ રીતે વર્તમાન સાધકમાં સિદ્ધ કર્યો છે. સમજાણું કાંઈ?

ભગવાનના કેવળજ્ઞાનમાં એમ આવ્યું હતું કે તારું આત્મદ્રવ્ય એક સમયની પર્યાય શુદ્ધતા થઈ એ પણ તારો ધર્મ અને અશુદ્ધતા થઈ અનિયતરૂપ પણ તારો ધર્મ. એ તારા જ્ઞાનનો એક નય એને તારા ધર્મ તરીકે સ્વજ્ઞેયમાં ભાળે છે, સ્વજ્ઞેયમાં ભાળે છે. એ પરજ્ઞેયમાં નહિ. મલિનતા પરજ્ઞેયમાં નહિ. પરજ્ઞેયથી નહિ, પરજ્ઞેયમાં નહિ, પરજ્ઞેયને કારણે નહિ. સમજાણું કાંઈ? એ સ્વપર્યાય.. શેઠી! ધ્યાન રાખજો! .... આવશે. શું કહ્યું?

એક સમયની અંદર... વાત એવી કે.. કહે છે, અનિયત. જેમ પાણીમાં ઉષ્ણ સ્વભાવ અનિયત છે પણ છે એનો ધર્મ. એનાથી એનામાં એને કારણે એના છ કારકથી થયેલો પર્યાય છે. અશુદ્ધ પર્યાયના ષટ્કારકના અંશો. ષટ્કારક જે ત્રિકાળ શુદ્ધ છે એ તો શુદ્ધનું જ કામ કરે. પણ એનો એક અંશ જે વર્તમાન અશુદ્ધ એના ષટ્કારક લાગુ પડે છે. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? તે અશુદ્ધ પર્યાય એનો કર્તા અશુદ્ધ પર્યાય, કાર્ય અશુદ્ધ પર્યાય, સાધન અશુદ્ધ, પોતે થઈને પોતામાં રાખે, પોતાથી થાય અને પોતાને આધારે થાય. એ શુદ્ધ પર્યાયને આધારે નહિ, ગુણને આધારે નહિ, દ્રવ્યને આધારે નહિ, નિમિત્તને આધારે નહિ. સમજાણું કાંઈ? આ તે કંઈ જૈનદર્શન! બીજાને તો એવું લાગે કે આ તે શું પણ? એક તો પર્યાય કહે, અનિત્ય કહે, એના ભાગલા પાડે. એનો એક ભાગ એના ષટ્કારક પાડે. આના નિશ્ચય ષટ્કારક શુદ્ધના એક પર્યાયના. આ પર્યાયના અંશના ષટ્કારક અશુદ્ધ. આ તે શું છે પણ આ? એ એક અંશ પણ અનંત ધર્માત્મક છે. શું કહ્યું? એક અનિયત જે રાગનો પર્યાય, દ્વેષનો, વિકારનો એ પર્યાય પણ અનંત ધર્માત્મક છે. એક ધર્મસ્વરૂપ નથી. ઓહો..! જેનો સ્વભાવ અલૌકિક.. ! આહા..! સમજાય છે કાંઈ?

કાલે કહ્યું હતુંને? ક્યાં ક્ષેત્રસ્વભાવ જુઓ તો શું પણ આ કંઈ તર્કમાં ગમ્ય ન થાય, જ્ઞાનગમ્ય થાય. સાધારણ વિકલ્પના તર્કથી બેસે નહિ. એનો સ્વભાવ કાળસ્વભાવ અનંત, દ્રવ્ય વસ્તુસ્વભાવ, અનંત ગુણ વસ્તુસ્વભાવ, પર્યાય અનંત પર્યાયસ્વભાવ. પર્યાયના બે ભાગ. એ પર્યાયનો વસ્તુ સ્વભાવ. એ પર્યાયને એક ન્યાયે વસ્તુ કહેવામાં આવે છે. અસ્તિપણે છેને.

કહે છે કે ભગવાન આત્મા જ્ઞાન સમ્યક્ થયું દૃષ્ટિની સાથે, એ જ્ઞાન... આ જ્ઞાનપ્રધાનથી પ્રવચનસારમાં કથન છે. એટલે એમાં ૪૭ નયો અશુદ્ધ અને શુદ્ધ આદિના પ્રકાર લીધા. ત્યાં ૪૭ શક્તિ લીધી એકલી શુદ્ધ શક્તિઓ. એ શક્તિ દ્રવ્યમાં, ગુણમાં અને શક્તિનું ભાન થતાં એની પર્યાયમાં પણ એ શક્તિ પરિણમી ગઈ. કાલે આવ્યું હતું કે નહિ? અકાર્યકારણ. પર્યાયનો અંશ પણ અકાર્યકારણ. અનંતા ગુણના નિર્મળ અંશ જે થયા એનું કોઈ રાગાદિ

કારણ નહિ અને અનંતા બીજી પર્યાયોનો એ અંશ કારણ નહિ. એ અંશ કારણ નહિ. બીજા કારણનું કાર્ય નહિ, આ કારણને બીજા કાર્ય નહિ. એવો વસ્તુનો નિશ્ચય સત્ય સ્વભાવ, સત્ય પરમેશ્વર સતેશ્વર છે. સમજાણું કાંઈ? આવો સત્ પરમેશ્વર છે.

એટલે અહીંયા કહે છે કે પાણીમાં પાણીની શીતળતા એ નિયત સ્વભાવ છે, પણ ઉષ્ણતા નિયમિત સ્વભાવ નથી, કાયમ રહે એવું નથી છતાં ધર્મ એનો છે. અગ્નિથી થયેલો નહિ, અગ્નિમાં નહિ, અગ્નિને કારણે નહિ, અગ્નિના આધારે નહિ. એમ આત્મા નિયમિત નથી ઉષ્ણ (થયેલા) પાણી માફક. '**(આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે,...**' ભાસે છે હોં! જ્ઞાનમાં એમ જણાય છે. જ્ઞાનમાં એમ જ્ઞાન સ્વજ્ઞેયની પર્યાયને જ્ઞાન જાણે છે. આહા..હા..! કેટલી તકરાર અત્યારે તો હજી બહારમાં. હજી તો બહાર. બીજા દ્રવ્ય સાથેની તકરાર. સમજાણું કાંઈ? '**(જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી...**' પાણીને ઉષ્ણતા તે કાયમ નહિ રહેવાથી '**(પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ). ૨૭.**' પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે. એમ આત્મા અનિયત સ્વભાવે ભાસે છે. સમજાણું કાંઈ?

આ સમજીને શું કહે છે કે એનું અસ્તિત્વ કેટલામાં પૂરું થાય છે અને એ દ્રવ્ય, ગુણ અને પર્યાયના શુદ્ધ-અશુદ્ધ અસ્તિત્વો આખું થઈને અહીંયા દ્રવ્ય કહેવામાં આવે છે. એને પરદ્રવ્ય જોડે ભલે હો, પણ એના સાથના કારણે કોઈ અંશ સત્નો, શુદ્ધનો કે અશુદ્ધનો છે એમ છે નહિ. એમ હોય તો બીજાના સત્ના અંશે અહીં સત્ના અંશની ઉત્પત્તિ, એ સત્ને લઈને અહીં સત્, એમ થતાં બે સત્ એક થઈ જાય છે. સમજાણું કાંઈ? શેઠિયા! બહુ ઝીણું પણ.. વાંચીને કંઈ ... એ કરતાં વેદાંત (કહે), અદ્વૈત ખલુ ધર્મ. એગો અહં ... એક હતો ... ઓલા કહે, ઘણાના એક થઈ જાય, સંકેલાઈ જાય. પણ ભ્રમણા છેને.

વસ્તુ છે સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ, લોકાલોક એટલે છ દ્રવ્યરૂપ સ્વભાવ. સમજાણું? એક જીવસ્વભાવ, એની સામે પુદ્ગલસ્વભાવ, એક કાળસ્વભાવ, એક ક્ષેત્રસ્વભાવ, એક ધર્માસ્તિસ્વભાવ તો એની સામે એક અધર્માસ્તિસ્વભાવ. આવા દ્વૈત સ્વભાવોથી છ દ્રવ્યના સ્વભાવના સ્વરૂપથી લોકાલોક ભરેલો છે. સમજાણું કાંઈ? સોભાગચંદજી! ... સાંભળ્યું છે કે નહિ? ઘણા ... છે કે નહિ? કહ્યું હતુંને. પ્રશ્ન થયો હતોને, નહિ? શેઠિયાને પ્રશ્ન થયો હતો. આસ્રવ જીવ છે કે અજીવ છે? પ્રશ્ન થયો હતોને? ભાઈને ખબર છે? આસ્રવ જીવ છે કે અજીવ છે? એમ પ્રશ્ન કર્યો. ધારો કે જીવ છે. આમણે કહ્યું કે, ભેદ છે કે અભેદ છે? હવે જો આસ્રવના પરિણામ ભેદ કહે તો એ લોકોની શ્રદ્ધા છે કે જીવના પરિણામ છે, આસ્રવ જીવના પરિણામ છે. કેમકે એ પરિણામ પદ ચાલ્યું છે ... એમાં બધાને જીવના જ પરિણામ કહ્યા છે. લખ્યા અક્ષર વાંચે. પરિણામ પદ છે એમાં શુભાશુભ પરિણામ છે એ જીવ પરિણામ, જીવ પરિણામ, જીવ પરિણામ, જીવ પરિણામ. ... નામનું સૂત્ર છે.

એમાંથી જીવના પરિણામ છે એમ કહી ગયા છે એના ... જીવ પરિણામ છે. આસ્રવ પણ જીવ પરિણામ છે. ત્યારે આમણે પૂછ્યું છે કે એ ભેદ છે કે અભેદ જીવથી? હવે જો એમ કહે કે ભેદ છે, તો જીવના પરિણામ માને તો ભેદ રહેતા નથી. સમજાય છે? અભેદ કહો, તો વિકારમાં આવી ગયું કે જો અભેદ હોય તો સિદ્ધમાં તો એ પરિણામ રહેતા નથી. અભેદ હોય એ કાયમ રહે. એનો અર્થ શું થયો? દ્રવ્યદૃષ્ટિએ ભેદ છે, પર્યાયથી અભેદ છે. એમ બે નયથી જોવે તો એને વસ્તુનું સ્વરૂપ સમજમાં આવે. પર્યાયથી અભેદ છે, વસ્તુના દ્રવ્યથી તે ભેદ છે. કે જેથી તે છૂટું પડીને સિદ્ધમાં રહેતું નથી.

એ અહીં કહેવા માંગે છે. અનિયત સ્વભાવે જોવો તો પર્યાય એનો પર્યાય એનામાં એનાથી છે. પર્યાયથી અભેદ છે. પણ નયની પહેલી ખબર ન મળે. નિશ્ચય શું, વ્યવહાર શું, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક શું? ભેદાભેદ શું? સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાન આત્મામાં અનિયત સ્વભાવ ભાસે છે એ અનિયતિનયે. એ એનો સ્વ-ભાવ, સ્વ-ભાવ. આનો સ્વભાવ કીધો. વિકાર સ્વ પોતાનો પર્યાયરૂપ ભાવ છે. અનિયત સ્વભાવે ભાસે છે. સમજાણું કાંઈ? '**ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે...**' તેમ આત્મા અનિયત સ્વભાવે ભાસે છે. વર્તમાન પર્યાય કાયમ રહેવાવાળી નથી પણ એમાં પર્યાયધર્મ છે એમ સમ્યક્જ્ઞાની પોતાનો પર્યાય પોતાના જ્ઞેયમાં જ્ઞાન કરીને જોવે છે. ઓહો..! સમજાણું કાંઈ? ત્યારે તેને દ્રવ્યના ગુણ અને પર્યાય, આખું દ્રવ્ય એના લક્ષમાં આવ્યું.

એક અંશ પણ કાઢી નાખે કે એ વિકારનો અંશ મારો નહિ, તો એ દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. કેમ? કે જે ચારિત્રગુણ છે એનો એક સમયનો પર્યાય (એના) બે ભાગ. અહીં તો સાધકની વાત છેને. બે ભાગમાંથી એક ભાગ કાઢી નાખે તો એ ચારિત્રગુણ જ આખો સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? ચારિત્રગુણ જે છે એના ત્રણ કાળના પર્યાયો છે. ત્રણ કાળના પર્યાયનો સમૂહ તે ગુણ છે અને અનંત ગુણનો સમૂહ તે દ્રવ્ય છે. હવે જો એક ગુણની એક પર્યાયનો એ અંશ-અશુદ્ધ અંશ દ્રવ્યદૃષ્ટિમાંથી કાઢી નાખ્યો, પણ પ્રમાણના જ્ઞાનદૃષ્ટિમાંથી કાઢી નાખે તો એ દ્રવ્ય એક અંશ અસ્તિત્વતાનો જતા એક પર્યાય પૂરી એક સમયની નહિ અને એવી એવી અશુદ્ધતા અનંત થઈ ગઈ, તો એ એની નહિ તો એ દ્રવ્ય જ સાબિત થતું નથી. અને ગુણની પરિપૂર્ણતા અનંતા અંશવાળો ગુણ એ સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભારે ઝીણું પણ ભાઈ. દિવાળીને દિ' આવી વાત? દિવાળીને દિ' તો બધા લાડવા ખાય. તો આ શું ચાલે છે?

આ તો આત્માના મધુર મીઠા સ્વાદની વાત છે. આત્માના આનંદનો મીઠો સ્વાદ લેવો હોય તો આવો આત્મા છે એ નક્કી કરીને અંદર જો. અંદર ભગવાન જ્ઞાનેશ્વર બિરાજે છે. હમણા શેઠિયા બોલ્યા હતા. સમજાણું કાંઈ? જ્ઞાનેશ્વર છે. રાગ આવે એને જાણે ખરો, જાણે ખરો કે મારા ધર્મમાં છે. સમજાણું? એક કોર એમ કહેવું કે શુભાશુભ પર્યાયનો, પરિણામનો

સ્વામી પોતે મિથ્યાત્વ છે. ભાઈ! આ લખ્યું સામે જુઓને! શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે મિથ્યાત્વ છે. અરે..! આ તે પણ કેટલા અનેકાંત? સ્વામીત્વનો અર્થ સહજ સ્વરૂપ છે તેનો એ ધણી છે, પણ આ ધર્મ મારી પર્યાયમાં છે એના વ્યવહારે સ્વામી છે. નથી એમ નહિ. સમજાણું કાંઈ? સ્વામી એનો પોતાનો સંબંધ છે.

૪૭ શક્તિમાં એમ કીધું, સ્વસ્વામીસંબંધ શક્તિ. એમાં સ્વભાવ શુદ્ધ એનું સ્વ અને એનો એ સ્વામી. ત્યાં અશુદ્ધનો સ્વસ્વામી નહિ. આહા..હા..! ૪૭મી શક્તિ આવી તો એનો ગુણ એવો છે, એનો ગુણ એવો છે, સ્વસ્વામીસંબંધ શક્તિ. શુદ્ધ સહજ પ્રભુ દ્રવ્ય-ગુણનો નિર્મળ પર્યાય તેનો શુદ્ધનો એ સ્વામી છે. ક્રમસર પર્યાય થાય, અક્રમ ગુણ અને અક્રમ દ્રવ્ય એનો એ સ્વામી, શુદ્ધ સ્વભાવનો સ્વામી એવો એનો ગુણ છે. એનામાં અશુદ્ધતાનો સ્વામી થાય એવો ગુણ નથી. અશુદ્ધતાનો ધણી થાય એવો એનામાં ગુણ નથી. ગુણ હોય તો એ ગુણ સદાય અશુદ્ધપણું રહ્યા કરે અને કોઈ દિ' ટળે નહિ. પણ પર્યાયમાં પર્યાયપણે પર્યાય છે. આહા..હા..! પર્યાયનો ધર્મ, પાછો એનો સ્વામી છે એ પર્યાયધર્મ છે. સમજાણું કાંઈ? વાડીભાઈ! બહુ ઝીણું આ. કેમ ધીરૂભાઈ! બરાબર છે? ઈ કહે છે, ન આવે ઈ બધા બરાબર જ કહે છે, એમ કહે છે ન્યાં. .... છેને? ત્યાં તો હા એ હા. ક્રમબદ્ધ તો કહે હા, વ્યવહાર હેય છે તો હા, આ ફલાણું તો હા, વિકાર પોતાથી થાય, પરથી નહિ તો હા. શેઠી! શેઠિયા! એમ માણસ કહે છે.

અરે..! ભગવાન! સાંભળ પ્રભુ! બાપા! તારી ચીજ કંઈ બીજી છે ભાઈ! એ તારી કોઈ મહિમા અચિંત્ય છે. વિકારની પણ અચિંત્ય અને નિર્વિકારીની તો શું વાત કરવી? સમજાણું કાંઈ? તારો મહિમા તારામાં સમાય છે, તારો મહિમા બહાર જાતો નથી. ભગવાન કુંદકુંદાચાર્યે કહેલા ભાવો, અંદરમાં આ બધા નયો આવી ગયેલા છે. સ્વદ્રવ્યથી થાય ને એ બધું આવી ગયેલું છે. એમાંથી નયો કાઢી. ૪૭ શક્તિઓ પણ બધી આવી ગઈ હતી ગાથા, ટીકામાં એમાંથી કાઢી છે. આ નયો પણ અંદર આવી ગઈ છે કે વિકાર એનો સ્વ ધર્મ છે, સ્વજાતથી થયેલો છે, પોતાથી થયેલો છે. દ્રવ્યજાત ... આવ્યું છેને ભાઈ ગાથામાં? '**दव्वजादस्स**'- દ્રવ્યથી વિકાર ઉત્પન્ન થયેલો છે એમ પહેલું આવી ગયું છે. ક્યાં આવ્યું છે? '**दव्वजादस्स**' જ છે. જુઓ! મૂળ પાઠ છેને. '**दव्वजादस्स**'. ૧૮૬ (ગાથા).

**स इदाणिं कत्ता सं सगपरिणामस्स दव्वजादस्स।**
**आदीयदे कदाई विमुच्चदे कम्मधूलीहिं।।१८६।।**

દેખો! અર્થ છે. શબ્દાર્થ પણ છે એમાં, જુઓ! '**द्रव्यजातस्य**'. '**દ્રવ્યથી (આત્મદ્રવ્યથી) ઉત્પન્ન થતા (અશુદ્ધ) સ્વપરિણામનો કર્તા થતો થકો...**' અશુદ્ધ સ્વપરિણામની અહીં વાત (છે), વિકારની વાત ચાલે છે. સમજાણું? (૧૮૬ ગાથાનો) શબ્દાર્થ ચાલે છે. '**स्वकपरिणामस्य**' '**स्वकपरिणामस्य**' છેને? એ '**स्वक**' એટલે અશુદ્ધ સ્વપરિણામનો આત્મા

કર્તા છે. સ્વપરિણામ અંદર ટીકામાં પણ છે જુઓ! '**પરદ્રવ્યપરિણામને નિમિત્તમાત્ર કરતા એવા કેવળ સ્વપરિણામમાત્રનું—તે સ્વપરિણામ દ્રવ્યભૂત હોવાથી—કર્તાપણું અનુભવતો થકો,...**' પોતાના પરિણામ છે, દ્રવ્યત્વમાંથી દ્રવે છે. વિકાર પોતાના દ્રવ્યત્વમાંથી દ્રવે છે. આહા..હા..! એક કોર કહે કે... અરે..! ભગવાન! ઈ દ્રવ્યત્વમાં એ પર્યાય પણ દ્રવ્યનો એક અંશ છે. એમાંથી થયો એટલે દ્રવ્યથી દ્રવ્યો એમ કહે છે. દ્રવ્ય દ્રવે, ગુણ દ્રવે, પર્યાય દ્રવે. ત્રણે દ્રવે છે. સમજાણું કાંઈ? દ્રવ્યત્વગુણ છે ઈ ત્રણમાં વ્યાપી જાય છે. એટલે કહે છે કે સ્વપરિણામ જીવના એ સ્વભાવ એનો પોતાનો છે. વસ્તુ તો બીજી નિમિત્તમાત્ર છે. નિમિત્ત નામ એક પૃથક્ ચીજ છે. એનો અંશ છે તો અહીં અંશ છે એમ છે નહિ. એવા બીજા ... લેખ આવી ગયા. કહો, સમજાણું કાંઈ? એ આવ્યા છે એમાંથી કાઢીને ... કરીને ૪૭ નયો મૂકી છે. એ ૨૭મી થઈ. ૪૭માંથી ૨૭ થઈ.

હવે આવી ૨૮મી. '**આત્મદ્રવ્ય...**' તે લેવું. '**તત્તુ**' એટલે તે આત્મદ્રવ્ય. જે આ માથે ધર્મવાળો વર્ણવીએ છીએ તે જ આત્મદ્રવ્ય એક સમયમાં આ બધા ધર્મવાળું છે એમ લેવું છે. ક્રમ સમજાવવામાં આવે છે, ન્યાં ક્રમ નથી. એક સેકંડના અસંખ્યભાગમાં આ બધા ધર્મો એક સમયમાં રહેલા છે. કોઈ જીવને આમ અને કોઈ જીવને આમ, એમ નહિ. એમ એ જીવને પહેલો આ નિયત અને પછી અનિયત એમેય નહિ. અને પહેલો અનિયત અને પછી નિયત એમેય નહિ. એક સમયમાં નિયતધર્મ અને અનિયતધર્મ એક સમયમાં સાથે રહેલા છે. સમજાણું કાંઈ?

તે '**આત્મદ્રવ્ય સ્વભાવનયે...**' હવે સ્વભાવ આવી. ઓલો નિયત, એનો નિયમિત, નિયત સ્વભાવ હતો. આ હવે એકલો સ્વભાવ લીધો. પેલી અનિયત અને નિયત એમ કરીને વાત હતી. તે '**આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે),...**' એટલે કે એને કોઈ નિમિત્ત થઈને અંદર આમ સંસ્કાર નાખે (એમ નથી). નાખનારો તો પોતે છે, સમજાય છે? પણ એ સંસ્કાર સ્વભાવ જ છે ત્યાં સંસ્કાર નાખવા તે નિરુપયોગી છે. એવો એનો એક પર્યાયધર્મ છે. સમજાણું કાંઈ? એ આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને તે જ સમયે જ્યાં જ્યાં નિયત અને અનિયતધર્મ સાથે રહેલા છે ત્યાં જ એક આવો ધર્મ છે, ધર્મ નામ લાયકાત છે પર્યાયની કે સંસ્કારને નિરર્થક કરનારું છે.

'**જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી એવા તીક્ષ્ણ કાંટાની માફક.**' તીક્ષ્ણ કાંટો, આ બાવળનો આવેને કાંટો. બબુલનો કાંટો હોય છેને. કોણે કર્યું છે કોઈએ? સીધો કાંટો, આ ગોરડનો કાંટો બહુ તીખો હોય છે. ગોરડ ગોરડ એક થાય છે જંગલમાં. બહુ કઠણ, એવો કઠણ ને ઝીણો. એ તો જાણે આમ કોઈએ ઉતાર્યું હોય નહિ સંઘાડે? સંઘાડો સમજો છો? આ લાકડા ... પાયા કરે, એને રંગ દે. ... અમારે અહીંયા સંઘાડે એમ કહે

છે. ગોળ ચક્કર આમ કરીને ... લાકડાના ઓલા પાડે તો એનાથી થાય, આમ ફોલવા જાય તો એટલું બધું ક્યાં ... સંઘાડે ... આમ રાખે તો આમ ઝીણા ઝીણા ગોળ પડતા જાય. પાછો એની સાથે રંગનો ઓલો હોય, રંગ પણ ચડાવતા જાય. છોકરાઓ હતાને પહેલા. એમ કહે છે કે એ કાંટામાં અણીને કોણે સંઘાડે ચડાવ્યો છે? સહજ એની મેળાએ થયેલો છે. સમજાણું કાંઈ?

શાહુડી હોય છે, શાહુડી હોય છેને જંગલમાં, નહિ? એની પીંછા હોય છે. શું કહે છે તમારે હિન્દી ભાષામાં? શાહુડી. પીંછા હોય છેને ધોળા. આમ પાછળ ધોળા (હોય). ઝીણા અને કાંટાવાળા. એ સહેજે એવા હોય છે, કોણ ઘડે છે? ઘડે છે કોઈ એને? એવા જ કાંટા. કેળા હોય છે કેળા. કેળા નથી થાતા? બહુ કાંટા હોય. સર્પ જ્યાં આવે ત્યાં તરત એની પૂંછડી પકડી લ્યે ઓલો અને પછી માથે પછાડે, કાંટા વાગે ન મરી જાય તરત. કેળા હોય કેળા. એ કાંટા એવા કોણે ઘડ્યા છે? સહેજે તીખા છે.

એમ ભગવાન આત્મા, જેમ કાંટાને '**કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે)...**' એવો આત્મા તીક્ષ્ણ કાંટાની પેઠે સ્વભાવે જેના પર્યાયની પરિણતિમાં સંસ્કાર બીજાના અથવા પોતાના પણ આમાં આમ નાખું, એ ક્યાં નાખે? પરિણતિ સ્વભાવની જ્યાં વહે છે એમાં સંસ્કાર નિરુપયોગી થાય છે. સમજાય છે? આમ કહેને, સંસ્કાર નાખો, સંસ્કાર નાખો એમ કહે છેને? આ નિશ્ચયધર્મ છે. સ્વભાવ એનો સહજ એના પર્યાયના ક્રમમાં એ આવ્યો એ સ્વભાવને બીજાના સંસ્કાર, પૂર્વની પર્યાયના કે નિમિત્તના સંસ્કાર નિરર્થક જાય છે. એ પર્યાયનો સ્વતઃ એ સમયનો સ્વભાવ પોતાથી પ્રગટ થઈને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્યે સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે),...**' એવો પણ એક એનામાં એક સેકંડના અસંખ્યભાગના સમયમાં એવો એક એનો પોતાનો પોતામાં ધર્મ છે. સમજાણું કાંઈ? સ્વભાવની પર્યાયને, પર્યાયની વાત ચાલે છે હોં! દ્રવ્ય-ગુણ તો છે. પર્યાય સ્વભાવની સહજ એ સમયે પ્રગટી તેને સંસ્કારની જરૂર નથી. સહજ આ રીતે એ પર્યાય પ્રગટે છે. એને સંસ્કાર નિરુપયોગી થાય. એવો જ એ આત્મદ્રવ્યની પર્યાયનો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ તો સ્વભાવ છે જ પણ પ્રગટ થયેલી પર્યાય પણ કોઈના સંસ્કારે પ્રગટે એમ છે નહિ. કહો, સમજાણું આમાં? સંસ્કાર નિરર્થક કરનારું છે. પાછું સાર્થક કરનારું કહેશે. આ વાત જગતને (બેસવી કઠણ). એ ને એ સમયે બીજો ધર્મ ત્યાં ગણવામાં આવ્યો છે. એને ને એને હોં! એને ને એને, એના એ જીવને. જે સમયે સ્વભાવ (સંસ્કારને) નિરર્થક બીજાનો (સંસ્કાર) નિરર્થક કરનારો છે, નિરુપયોગી (છે), એક સમયનો એ ધર્મ, એક ધર્મ એ જ સમયે બીજો ત્યાં એક ધર્મ ગણવામાં આવ્યો છે. કહો, સમજાણું?

અહીં તો નથી કેટલાક કહેતા? કે મોરના... શું કહે છે? પીંછા પીંછા એને ચીતરામણ શું? ઓલા મોરના પીંછા હોય છેને? .... એવા રંગરંગી કોઈ ચીતારો ચીતરી શકતો હશે? શાંતિભાઈ! પીંછી વડે કરીને લીલી ઝાંય, પીળી ઝાંય, રાતી ઝાંય. એમાં તાંબુ હોય છે હોં! એમાં તાંબાનો ભાગ હોય છે. પીંછામાં લાલ, લીલી, રાતી (ઝાંય) હોય છે એ ત્રાંબાનો ભાગ હોય છે. એમાંથી ત્રાંબુ કાઢે વૈદ્ય. એમાંથી ત્રાંબુ કાઢીને ક્ષય રોગ ઉપર આપે. એમાં પીળી, લીલી પંચવર્ણી ઝાંય હોય છે. જે રીતે આમ ... આમ કરે, કોણે કર્યો હશે ઈ? એનો પર્યાયધર્મ ત્યાં છે એ વખતનો. પર્યાયના સ્વભાવના એના ધર્મે ત્યાં થયું. એમ ભગવાન આત્માનો પર્યાયસ્વભાવ ધર્મ એને કારણે પોતાને કારણે એમાં સંસ્કાર-ફંસ્કારનો ઉપયોગ થાય એવો સ્વભાવ ધર્મને કારણે એમાં સંસ્કાર કામ કરતા નથી. એવો એક એનો સ્વતઃ પહેલો ધર્મ સિદ્ધ કર્યો.

એ જ સમયે '**આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે),...**' સંસ્કાર નાખવા પોતાના પુરુષાર્થથી (એ ઉપયોગી છે). આહા..! ઓલો તો સ્વભાવિક થયું એમ કીધું. પછી કીધું કે સંસ્કાર નાખવા કે આ આમ છે, આ આમ છે. એવો પણ એક એમાં તે સમયનો પર્યાયધર્મ ગણવામાં આવ્યો છે. તે જ સમયે હોં! સમય બીજો નહિ, બીજું દ્રવ્ય નહિ, બીજો જીવ નહિ. એના એ જીવને એ સમયે સ્વભાવને કારણે સંસ્કાર નિરુપયોગી અને અસ્વભાવને કારણે સંસ્કાર ઉપયોગી. એવો એક ત્યાં એક સમયની પર્યાયમાં આવા અનંતા ધર્મમાં આ એક ધર્મ ગણવામાં આવ્યો છે. બહુ ઝીણું ભાઈ આ તો. ... ડાલચંદજી! આહા..હા..!

એના એક સમયની પર્યાયમાં આટલા પ્રકારના ધર્મો સાથે, આઘાપાછા નહિ, વળી કો'કને સ્વભાવ એક સમયે અને પાછો સંસ્કાર થઈને પ્રગટ્યો બીજે સમયે. સંસ્કાર નાખ્યા અને પછી બીજે સમયે પ્રગટ્યો એમ નહિ. શું કીધું સમજાણું આમાં? ભાઈ! એમકે સ્વભાવ તો એક સમયનો થયો, પણ સંસ્કાર નાખીને એવો પછી બીજે સમયે ઊભો થયો એમ છે નહિ. એમ નહિ. એ જ સમયમાં સંસ્કાર ઉપયોગી છે એટલે ત્યાં બીજા કહેતા હતા અને ખ્યાલ પોતાના ઉપાદાનમાં લીધો એનો સંસ્કાર ઉપયોગી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ નિમિત્તનો સંસ્કાર તો પોતે ઝીલ્યો છે. સમજાણું કાંઈ? એવો એ સમયનો એક પર્યાયમાં અથવા એ પર્યાયમાં જ આવા ધર્મો છે સાથે રહેલા, આઘાપાછા નહિ અને એકને સંસ્કાર નિરર્થક કરે અને એકને સંસ્કાર સાર્થક કરે એમેય નહિ. એને એ જીવને કોઈ કાળે સંસ્કાર સાર્થક કરે અને કોઈ કાળે સંસ્કાર નિરર્થક કરે એમેય નહિ. આ ભારે વાત પણ. શેઠી! શું કરવું? બાળકમાં સંસ્કાર કામ કરે અને યુવાન હોય તો ન કરે, એમ હશે? તેથી તો વાત પહેલેથી કરી છે કે આત્મદ્રવ્ય અનંત ધર્મોથી વ્યાપક વર્તમાન એક સમયમાં છે. એ અનંત ધર્મો અનંત નયથી વ્યાપક છે, અનંત નયો શ્રુતજ્ઞાનથી વ્યાપક છે. એક સમયમાં

વાત ચાલે છે. એક સમયની અંદરની વ્યાખ્યા છે જીવની. એના એ સમયમાં સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો સ્વભાવ સંસ્કાર નિરુપયોગી છે એમ જોવામાં આવે અને એના એ સમયમાં નિમિત્તની અપેક્ષા લક્ષમાં લઈને જોઈએ તો ત્યાં સંસ્કાર પોતે પોતાને કારણે પડ્યા. એ સમયે હોં, સમય બીજો નહિ. તો સંસ્કાર સાર્થક કરનારું છે એમ પણ કહેવામાં આવે છે. આ આવો ધર્મ? કંઈ નિર્ધાર નહિ એમ માણસ કહેશે. નિર્ધાર તો કાંઈ રહ્યો નહિ કે આમ જ છે અને આમ નથી. નિર્ણય શું કરવો આમાં અમારે? માણસ કહે. અરે..! સાંભળને ભાઈ! એવો એક પર્યાયનો એવો ધર્મ સ્વભાવ ગણવામાં આવ્યો છે કે સંસ્કારથી થયો એમ પણ કહેવાય અને સ્વભાવથી થયો એમ પણ કહેવાય. એકના એક કાળમાં બે પ્રકારના ધર્મો ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

બોલાય છેને એવું કે આમ જ્યાં વારંવાર એને કહેવામાં આવ્યું. ગુરુએ.. આવે છેને પહેલું? ગુરુ વારંવાર એને કહે છે અને સાંભળવામાં વારંવાર ઊભો રહે છે ઝીલીને એટલે એને સંસ્કાર પડ્યા એમ કહેવામાં આવે. લીધા તો પોતે. સમયસારમાં આવે છે ૩૫મી ગાથામાં. ગુરુ વારંવાર કહે છે ત્યારે એને ખબર પડે છે કે અરે..! આ! ઓલા કપડાનો દાખલો આવે છેને? ઓઢીને સૂતો હતો કપડું. એના કપડામાં આ લક્ષણ તારું નહિ, આ કપડું તો અમારું છે. ... જો ચિહ્ન, અમારું આ છે. હવે આ તમારા અંગ્રેજીમાં લખે છેને. એ ને બી ને ફલાણું ને ઢીકણું. એવું જોયેલું ક્યાંક. કાળા અક્ષર હોય. ... જેવા હોયને, પછી ધોબીને ત્યાં ધોવા જાય તો એવો રંગ ... આ કપડું નહિ બાપા તમારું, જુઓ આ લક્ષણ. હેં? હા ભાઈ. વારંવાર કહે છે. ઓલો સૂતો હતોને. આ કપડું નહિ. જુઓ, આ કોટ તારો નહિ. હા ભાઈ, ... એમ વારંવાર કહે ત્યારે.

એમ ગુરુ પણ વારંવાર કહે ત્યારે એને સમજાય છે. એ અપેક્ષાથી સમજવાની લાયકાતનું ઉપાદાન તો એનું. સમજાણું કાંઈ? પણ વારંવાર કહે ત્યારે સમજ્યો એ સંસ્કાર સાર્થક કર્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક સમયમાં વળી ક્રમબદ્ધ પર્યાય થઈ, એને કાળે થયેલી એના કાળે એને કારણે હોં! ...ચંદજી! આવે છેને તમારા ગાયનમાં? ગાય છે ક્રમબદ્ધ. પહેલા ગાયનમાં બોલ્યા હતા. સમજાણું કાંઈ? આરે..! આ પણ જગત કઈ જાતના? એનો પર્યાય એને સમયે એ પ્રકારે સ્વભાવ સંસ્કારને નિરર્થક કરે તો એનો એ પર્યાય એ સમયે અને સ્વભાવના સંસ્કાર પડે તો એ સમયનો પર્યાય તે સમયે. અપેક્ષાથી એને જોવાની વાત રહી. સમજાણું કાંઈ? જ્ઞાન તો એક એક અવિભાગ પ્રતિચ્છેદને જુદો પાડીને જોવે. દ્રવ્યને જુદું જાણે, ગુણને જુદું (જાણે). એટલે દ્રવ્ય તે અનંત ગુણરૂપ છે, ગુણ તે એક એક એવા અનંત છે અને પર્યાયો અનંત. એની એક એક પર્યાય ભિન્ન ભિન્ન, એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન ભિન્ન. આહા..હા..!

અશુદ્ધનો એક અંશ એના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ અને શુદ્ધના એક પર્યાયના અંશના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. સમજાણું? એમાં એક ધર્મ જે છે એ ધર્મમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. અવિભાગ પ્રતિચ્છેદ સમજ્યા? જેના ભાગ ન પડતાં છેલ્લો છેદી છેદીને જ્ઞાનથી ખ્યાલમાં આવતા આવતા પ્રતિચ્છેદ, છેલ્લો છેદતા છેદતા, ભાગ પાડતા પાડતા છેલ્લો રહે જેનો ભાગ ન પડે એવા અંશને અવિભાગ પ્રતિચ્છેદ કહે છે. એવા અવિભાગ પ્રતિચ્છેદ એક સમયનો પણ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. એને નિમિત્તની અપેક્ષા લઈને એને સાંધવું અને આમ વિચારવામાં રોકાણો એટલે જાણે સ્વભાવમાં સંસ્કાર સાર્થક છે એમ એ અપેક્ષાથી, તે જ સમયના ધર્મમાં નિરર્થક હતો સ્વભાવ સંસ્કાર, તે જ સમયે સાર્થક છે એમ એના ને એના ધર્મને કહેવામાં આવે છે. ધર્મ બીજો આ, પણ એના ને એના આત્માને એના પર્યાયમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને...**' એમાંથી કાઢશે. આદિપુરાણમાં આવે છેને? ... ક્રિયા. બાળકને ... ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... ... ઓલાને ભાનેય કાંઈ નથી. આ તો બીજી (વાત), આ તો સાધકજીવની વાત છે. આમાંથી ગોટો ઉઠાવે. જુઓ! ઓલાને સંસ્કાર પડ્યા. એની વાત નથી આ. આ તો સમ્યગ્દૃષ્ટિ સાધકમાં આવા પ્રકારના એક સમયમાં અનંતા ધર્મ નામ ભાવ છે એની વ્યાખ્યા ચાલે છે. મિથ્યાદૃષ્ટિને નય કેવો અને આ ધર્મ કેવો એના જ્ઞાનમાં? નય તો એક વિષય કરે છે કોઈને. તો વિષય કરનારું જ્ઞાન સમ્યક્ પ્રગટ્યું હોય એ સમ્યક્ તેના ભાવને વિષય કરે. ઓલાને તો સમ્યક્જ્ઞાન પ્રગટ્યું નથી તો કોનો વિષય કરે? સંસ્કાર-ફંસ્કાર ક્યાં હતા ત્યાં? સમજાણું કાંઈ?

'**જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.**' લોઢાનું તીર આમ. ... તો એનાથી થયું છે. સમજાણું? પણ નિમિત્તની સાપેક્ષતા લઈને તે થવાના સંસ્કાર તેમાં થયા, તેના પોતામાં થયા એમ ત્યાં કહેવામાં આવે છે. એમ અણી નહોતી અને અણી કાઢી એવો પણ એક પર્યાયમાં જીવના સાધક સમ્યગ્દૃષ્ટિ જીવને જે કાળે સ્વભાવ (સંસ્કારને) નિરર્થક કરે તે જ કાળે સ્વભાવ (સંસ્કારને) સાર્થક કરે છે એવો પર્યાયમાં એક ધર્મ ગણવામાં આવ્યો છે. એને અનેકાંત કહેવામાં આવે છે. વિરુદ્ધ બે ધર્મ એકસાથે રહે તેને અનેકાંત કહે છે. સમજાણું કાંઈ? '**લુહાર વડે અણી કાઢવામાં આવી હોય એવા તીક્ષ્ણ તીરની માફક.**' ૨૯મી થઈ.

હવે આ તકરારી નય આવી. તકરારી નય હોય? પણ સમજ્યા વિનાના નયને ઠેકાણે નયના દોરડામાં સલવાઈ ગયા. શ્રીમદ્ કહે છે કે નયનું સ્વરૂપ શું અને એનો ધર્મ શું એ સમજ્યા નહિ અને નયના દોરડામાં ગળાફાંસો થઈ ગયો. શ્રીમદ્માં એ કહે છે. નયના દોરડા ચોંટી ગયા, વળગી ગયા. આ, આ બધા ધર્મો જે કીધા એક સમયની અંદર છે. એમાં

એકાબીજા બે ધર્મ સાથે છે એમ ગણ્યા છે. આ પણ એકસાથે બે ધર્મ છે.

તે '**આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે...**' એની મુક્તિનો જે સમય હોય ત્યારે જ મુક્તિ થાય. સમજાણું કાંઈ? તે આત્મદ્રવ્ય કાળનયે, સમયના કાળનયે જેની એટલે આત્માની મુક્તિ, સિદ્ધિ એટલે મુક્તિ '**સમય પર આધાર રાખે છે...**' તે જે સમયે જ્યાં તેનું કેવળ થઈને મુક્તિ થવાનો તે સમયે જ ત્યાં થવાનો છે. આગળપાછળ એક સમય હોઈ શકે નહિ. શેઠી!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એમાં બેફીકર રહે છે કલ્પનાથી. સ્વભાવ સન્મુખતાનું સાવધાનીપણું પડ્યું છે એ ક્રમમાં એની પર્યાય સ્વભાવ સન્મુખની આવી જશે. એની દૃષ્ટિ ક્રમપર્યાય ઉપર નથી, નિમિત્ત ઉપર નથી, વિકલ્પ ઉપર નથી. સમજ્યા? અહીંયા તો એક ધર્મ છે તેને નય જાણે છે એટલી વાત છે. દૃષ્ટિ તો અંદર પડી છે. એમ દૃષ્ટિના વિષયને પકડેલો જીવ જ્ઞાનથી પોતાના એક સમયને જ્યારે જ્યાં જે.... અહીં તો મુક્તિની વાત કરી છે, સમજાણું? પણ બધી રીતે લેવું. ચારિત્રને, શુક્લધ્યાનને, તે પર્યાય તેને કાળે કાળલબ્ધિ, કાળ એટલે? છએ દ્રવ્યને કાળલબ્ધિ હોય છે. સ્વામી કાર્તિકેયમાં એક ગાથા છે, છએ દ્રવ્યને કાળલબ્ધિ છે. એટલે? કે તે તે સમયની પર્યાયની એની પ્રાપ્તિ તે સમયમાં તે તે દ્રવ્યની કાળલબ્ધિ. આઘીપાછી કાળલબ્ધિ કોઈ દ્રવ્યની હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોસી કાહે હોત અધીરા?' આવે છે કે નહિ? એ બોલતા હતા. પછી લોકોમાં એ .... આમ કરીએ તો આમ થાય.. હાય.. હાય..! આ તો પછી નિયત થઈ જાય, આ તો પછી ક્રમબદ્ધ થઈ જાય. અને ક્રમબદ્ધ થઈ જાય તો પછી આ સોનગઢની વાત કબુલ થઈ જાય. ભાઈ, સોનગઢની નથી, સાંભળને! એ ભગવાનના ઘરની, આત્માના ઘરની છે. સમજાણું? '**કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે...**' એનો દાખલો આપીને સિદ્ધ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૧, સોમવાર, તા. ૨૯.૧૦.૧૯૬૨
## નય-૩૦, ૩૧, પ્રવચન-૩૪

પ્રવચનસાર, એનો પરિશિષ્ટ અધિકાર છે. જરીક ઝીણો અધિકાર છે, સૂક્ષ્મ તો અધિકાર છે. આ વાત જગતમાં સાંભળવા મળતી નથી એટલે લોકોને આત્મધર્મ શું છે એને સમજવામાં

ઘણો પ્રયત્ન અને સત્‌સમાગમ જોઈએ.

**'આત્મદ્રવ્ય...'** જે આ ચાલે છે આત્મદ્રવ્ય. શિષ્યે પ્રશ્ન કર્યો છે કે આત્મદ્રવ્ય કોને કહેવું? એની વાત ચાલે છે. કહો, સમજાણું કાંઈ? તો કહે છે કે આત્મદ્રવ્ય... સાંભળો હવે. ... અહીં તો ટાઈમ હોય તો ચાલે. આત્મદ્રવ્ય એક સેકંડના અસંખ્યભાગમાં જેટલું તત્ત્વ છે એની અંદર કે અનંત અનંત તો એનામાં ગુણ છે. સમજાય છે? શક્તિ. અને એની સાથે બીજા અનંતા અપેક્ષિત ધર્મો છે. ધર્મ એટલે એણે આત્માએ ધારી રાખેલા ધર્મ. ધારી રાખેલા. એવા ધર્મમાં આવા ૪૭ ધર્મ અને કેટલાક ગુણો ને બધું એમાં છે. એમાં અત્યારે તો એ અધિકાર ચાલે છે કે આ આત્મદ્રવ્ય, શિષ્યે પૂછ્યું કે પ્રભુ! એ આત્મદ્રવ્ય કોણ છે? તો કહે છે કે, એ આત્મદ્રવ્ય ચૈતન્યસામાન્ય, ચૈતન્યસામાન્ય (અર્થાત્) જાણવું દેખવું એવું સામાન્ય એના વડે અનંત ધર્મોથી વ્યાપ્ત છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં જે ચૈતન્યસામાન્ય દ્વારા અનંત ધર્મોથી વ્યાપ્ત છે. ... પહેલા વાત આવી ગઈ છે. અને તે અનંત ધર્મ એણે ધારી રાખેલા એક સમયમાં હોં! સેકંડના અસંખ્યભાગમાં-એક સમયમાં. એ અનંત ધર્મો એમાં અનંત નય વ્યાપે છે. એક એક ધર્મ ધારેલાને એને એક જ્ઞાનનો એક અંશ એને જોવે છે, એટલે અનંત ધર્મ અનંત નય વ્યાપક છે. અને અનંત નયો એ શ્રુતજ્ઞાન પ્રમાણમાં વ્યાપ્ત છે. અને એ શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક આત્માનો અનુભવ કરે અને અંતરમાં જાય તો ચૈતન્યમૂર્તિ ભગવાન શુદ્ધ આત્મા છે એનો એને અનુભવ ક્ષણે ક્ષણે થાય. સમજાય છે કાંઈ?

એની અંદર એક ધર્મ એવો ગણ્યો છે કે આત્મદ્રવ્ય, એ વસ્તુ છે તેમાં એક એવો ધર્મ છે, ધર્મ એટલે ધારી રાખેલો ભાવ. ધારી રાખેલો ભાવ, એમાં રહેલો ભાવ. જે **'કાળનયે...'** એ જ્ઞાનનો અંશ જે છે એનાથી અંદર જોવે તો **'કાળનયે જેની સિદ્ધિ...'** જેની એટલે આત્માની મુક્તિ **'સમય પર આધાર રાખે છે...'** જે કાળે મુક્તિ થવાની તે કાળે જ થાય. શેઠી! સમજાય છે કાંઈ? **'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ...'** એવો એક એનામાં ધર્મ નામ યોગ્યતા નામ એનો સ્વભાવ છે અથવા ભાવ છે કે જે ધર્મને જોનાર કાળનય એને સમયે જ, કાળે, જે સમયે તેનો મોક્ષ થવાનો તે સમયે જ થાય. અરે..! તો પુરુષાર્થ ક્યાં રહ્યો હવે આમાં? અરે..! સાંભળ તો ખરો પ્રભુ! સમજાય છે કાંઈ?

આત્મદ્રવ્ય એક સેકંડના અસંખ્યભાગમાં અસ્તિ-સત્તા સત્તા સ્વભાવ આત્મા છે એમાં અનંતા ગુણો અને અનંતા અપેક્ષિત ધર્મો છે. આવા ધર્મોને સાધકપર્યાયમાં જ્ઞાનથી દેખવામાં આવે છે અને એનું અસ્તિત્વ એવું છે એમ અહીં જણાવે છે. જે સમયે તેની મુક્તિ (થવાની હોય) તે જ સમયે થાય એવો આત્મા છે. આઘાપાછા આગળપાછળ મોક્ષ થાય એવો એનામાં ધર્મ નથી, આ ધર્મ છે. સમજાય છે કાંઈ? શું કરવું આમાં? આત્મદ્રવ્ય, આત્મપદાર્થ વસ્તુ સત્તા અસ્તિ છે એમાં એક એવો ધર્મ રહેલો છે કે જેને કાળનયે જોઈએ તો જેની મુક્તિ

કાળ પર આધાર રાખે છે. એના સમયનો કાળલબ્ધિ કેવળપ્રાપ્ત અને મોક્ષનો (સમય છે) તે સમયે જ મોક્ષ થાય, આઘોપાછો થાય નહિ. ભારે! એમાં હવે અમારે કરવાનું શું?

આ ધર્મ પર્યાયમાં યોગ્યતા રાખે છે એમ જાણીને એણે ચૈતન્યમૂર્તિ આત્મા છે તેમાં અંતર નજર કરવાની છે. એને વર્તમાન સમયે મોક્ષ છે નહિ અને થશે તે સમયે. હવે એ સમયના પર્યાય ઉપર એને જોવાનું નથી. સમજાણું કાંઈ? એને તો એ સમયે થશે એમ જ્યાં નક્કી કરે છે ત્યાં એ નક્કી એ સમયે જ થશે પણ એની દૃષ્ટિ એ કાળે સ્વભાવ તરફનું ઘોલન હોય છે. સમજાણું કાંઈ? એની અહીં વાત ચાલે છે. ઝીણું બહુ પણ માણસને... સમજાણું આમાં?

જે આત્મા એને કાળનયે.. ધર્મચંદજી! આ વર્ષ બેસતું છે કાળ. કહે છે કે એની મુક્તિ તો જે સમયે થવાની તે સમયે થાય એવો એક એનામાં ધર્મ નામ ધારી રાખેલો ભાવ છે. એટલે કે અનંત ધર્મો એનામાં છે એમાં એક ધર્મ આવો પણ છે. એ બધાને એક એક નયથી જોતા અને શ્રુતજ્ઞાનથી આખા અનંત ધર્મોને જોતા એની દૃષ્ટિનું વલણ તો આટલું અસ્તિત્વ છે એમ જ્ઞાનીને 'જ્ઞાયક ચૈતન્યમાત્ર છું' એને દેખવાનું છે. સમજાણું કાંઈ? કોની પેઠે? '**ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક.**' ઉનાળાના કાળ અનુસાર પાકતું આંબા ઉપરનું ફળ કેરી. આમ્રફલની માફક એને કાળે પાકે. સમજાણું કાંઈ? શું કહે છે? નથી કહેતા કાંઈ? આંબા... શું કહે છે કાંઈ? ઉતાવળે આંબા પાકે નહિ. આવે છે તમારે ... હિન્દીમાં ... તો હશે. શું કહે છે? ઉતાવળે આંબો પાકે નહિ, ઉતાવળે આંબો ન પાકે. આજ વાવ્યો અને લાવ તરત કેરી. એ કેરીને કાળે કેરી પાકે છે. સમજાય છે?

'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોસી કાહે હોત અધીરા?' પણ એવી માન્યતાવાળાની દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છે તેના ઉપર ગયેલી હોય છે. વાત કરે કે એ કાળે થશે, એ કાળે થશે એમ પર્યાયના લક્ષ ઉપરની દૃષ્ટિ ન હોય. સમજાય છે કાંઈ? સુમેરુમલજી! બહુ ઝીણી વાત છે. '**ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.**' ક્રમબદ્ધનો અર્થ પણ એ છે. જે સમયે તેના ગુણની પર્યાય પ્રાપ્ત થવાની ક્રમ પરિણતિમાં તે સમયે જ થવાની. આઘો (પાછો) એક સમય પહેલા અને એક સમય પછી (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં હોઈ શકે નહિ. અટલ વિશ્વનો એ નિયમ છે. પણ.. નવરંગભાઈ! ... વાત છે. પણ જેણે આવો એક ધર્મ જોયો જ્ઞાનમાં કે આવું પણ અસ્તિત્વ છે અને એવા અનંત ધર્મનો ધરનાર પર્યાય ગુણ આદિ છે. એમ કરીને એનું વલણ તો ચૈતન્ય જ્ઞાયક છે ત્યાં જાય ત્યારે આ કાળનય (અનુસાર) કાળે મોક્ષ થશે એનું જ્ઞાન સાચું થાય. એ વિના એનું જ્ઞાન સાચું થાય નહિ. સમજાય છે કાંઈ?

એમ ક્રમબદ્ધે થાય, ક્રમબદ્ધે થાય, કાળે થાય, એમ ન ચાલે. ક્રમબદ્ધે થાય અને કાળ

થાય એનું નક્કીપણું ક્યારે થાય? સમજાણું કાંઈ? જ્ઞાયક ચૈતન્ય તરફ જ્ઞાયકમાત્ર આત્મા ઝુકનાર સ્વભાવ મારો એકલો ચૈતન્ય છે. એની વર્તમાન દશા જ્ઞાયકમાત્રમાં ઝુકતા જ્ઞાતાદૃષ્ટાપણું જ્યાં પ્રગટ્યું, જે કાળે જ્યાં થવાનું તે થાય તે જાણનાર દેખનાર રહે છે. એ પુરુષાર્થ. સમજાણું આમાં કાંઈ? ધર્મચંદજી! આ નિયતિવાદનું ભારે કરે છે ભાઈ. નિયતિવાદ પાખંડ છે. નિયતિવાદ પાખંડ છે એટલે શું? સમજાણું કાંઈ? જે એક સમયે જ્યાં થવાનું એ થવાનું (એવો) એક જ ધર્મ માને છે પણ એ ધર્મનો ધરનાર ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે એના ઉપર દૃષ્ટિ કરતો નથી. દૃષ્ટિ કરે તો સ્વભાવ, પુરુષાર્થ, નિયત, કાળ, ભવિતવ્ય બધું એમાં એક સમયે સાથે આવી જાય છે. સમજાણું કાંઈ? બહુ અટપટી વાત છે. ભારે!

મુમુક્ષુ :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, હમણાંથી આવ્યું છે લખાણ. ઉપાદાન નિમિત્ત, નિશ્ચય વ્યવહાર, પુણ્યમાં ધર્મ. સમજ્યાને? ભવિતવ્યતા અને નિયતવાદ બધો પાખંડ છે. પાખંડનો ખુલાસો કરે છે એમ કીધું હતું એક જણાએ. મુંબઈમાં... કહો, સમજાણું કાંઈ? અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારા ઘરની લીલા, તારી તને ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયની અંદર એવો છે કે જે સમયે તેની મુક્તિ થશે તે સમયે થશે જ એવો નિર્ણય કરનાર એ સમયની પર્યાય ઉપર એની દૃષ્ટિ નથી રહેતી. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ પર્યાયવાન દ્રવ્ય જે જ્ઞાયકમૂર્તિ છે એના ઉપર એની દૃષ્ટિ ઝુકે છે. ત્યારે કાળનયે મુક્તિ થઈ. ક્રમે ક્રમકાળમાં આવનારી થઈ એમ નિશ્ચય સ્વભાવ સન્મુખ થાય છે તેને થાય છે. સમજાય છે કાંઈ?

પ્રશ્ન ઉઠ્યો છે કે પ્રભુ! આ આત્મા કોણ છે? એને અહીંયા ઉત્તર દેવામાં આવે છે. એને જિજ્ઞાસા થઈ છે કે આ શું કહે છે? અરે..! ભગવાન આત્મા એક સમયમાં અનંત ધર્મ ધારે છે. ધર્મ એટલે કે એના ગુણ, એની પર્યાય, એની યોગ્યતા બધાને ધારણ કરવાવાળો એક આત્મા છે. એ આત્મામાં, જેને પૂછવાનો પ્રશ્ન થયો કે ઈ કોણ છે? એ આત્મામાં અનંત ધર્મમાંથી એક ધર્મ એવો પણ છે કે જ્યારે જે સમયે મુક્તિ થશે તે સમયે થશે, બીજો સમય એમાં થશે નહિ. કહો, સમજાય છે કાંઈ? છેને? ભગવાન આત્મા... એક સેકંડના અસંખ્યમા ભાગની વાત ચાલે છે. એક સેકંડના અસંખ્યમા ભાગની વાત ચાલે છે. એક સેકંડના અસંખ્યભાગમાં ભગવાન આત્મા એવો છે કે અનંત ધર્મ નામ યોગ્યતા ધારે છે. યોગ્યતા એક સમયમાં હોં! આ બધી યોગ્યતા એક સમયમાં છે, આઘીપાછી નથી. ભારે ઝીણું આમાં હોં! ભગવાનજીભાઈ! કાળે મોક્ષ થાય. લ્યો થઈ રહ્યું, નિયત થઈ ગયું. સમજાણું કાંઈ?

શિષ્યે આ પ્રશ્ન કર્યો છે કે ભગવાન આત્મા કોણ છે? તો એક સેકંડના અસંખ્યમા ભાગમાં કોણ છે એનો પ્રશ્ન છે. એ આત્મદ્રવ્યમાં અનંત ધર્મ છે. અનંત યોગ્યતા છે. ૪૭

નય ચાલે છે, ૪૭ નય. ... પ્રવચનસારની નય. થોડી સૂક્ષ્મ વાત છે. શક્તિનું વર્ણન છે એ તો દ્રવ્ય અને શક્તિ ત્રિકાળ છે એની વાત છે. આ ધર્મમાં કોઈ ત્રિકાળ છે એવા કોઈક છે અને કોઈક તો ત્રિકાળ નહિ પણ વર્તમાન પૂરતા એક સમયના ધર્મની વાત ચાલે છે. સમયસારમાં જે ૪૭ શક્તિ ચાલી એ તો આત્મદ્રવ્યમાં ત્રિકાળ છે ત્રિકાળ. અને એવી દૃષ્ટિ, જ્યાં ત્રિકાળ અનંત શક્તિનો હું પિંડ છું, એવી દૃષ્ટિ કરતાં એ શક્તિનું પરિણમન, અનંત (શક્તિ) છે એનું શક્તિનું પરિણમન એની પર્યાયમાં વ્યાપ્ત થઈ જાય છે. આ વાત એવી નથી. ૪૭ નયમાં એવી નથી. અહીંયા તો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ, ગુણસ્વભાવ ત્રિકાળ અને વર્તમાન પર્યાયમાં પણ.. અહીં સાધક સ્વભાવની વાત ચાલે છે, વિકાર એક સમયમાં થાય છે એ એનો ધર્મ છે. શક્તિમાં એમ ન આવે. કારણ કે એ તો દૃષ્ટિના વિષયમાં એકલો શુદ્ધ ચિદાનંદમૂર્તિ ભગવાન એની દૃષ્ટિ કરવાથી શુદ્ધ પર્યાયનું પરિણમન થઈ જાય છે. અહીંયા તો એક સમયમાં સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને, મુનિઓને, જ્ઞાનીને એક સમયમાં આવા અનંત ધર્મ સાધકમાં દેખાય છે તો એક ધર્મ જીવમાં રહેવાવાળો એવો દેખાય છે કે હું રાગનો કર્તા છું અને રાગ મારું કાર્ય છે, એવો મારી પર્યાયનો ધર્મ છે. સમજાય છે કાંઈ? એ ગુણધર્મ નહિ, દ્રવ્યધર્મ નહિ, પર્યાયના અંશ ધર્મની વાત ચાલે છે.

સાધકજીવ પોતાના આત્માને દ્રવ્ય-ગુણે શુદ્ધ સમજે છે, છતાં પોતાની પર્યાયમાં વિકાર થવાનો પોતાનો નિજ ધર્મ છે, અંશમાં નિજ ધર્મ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? ત્યારે કોઈ કહે કે ધર્મ હોય તો વિકાર સદાય રહેશે. અરે..! સાંભળ તો ખરો. અહીં તો પર્યાયધર્મની વાત ચાલે છે. દ્રવ્યધર્મ અને ગુણધર્મ જો હોય તો વિકાર સદા રહે. એ તો એકવાર કહ્યું હતુંને? એક સમયમાં ચારિત્રગુણની પર્યાય,... ચારિત્રશક્તિ આત્મામાં છે, સમ્યગ્દર્શન શક્તિ આત્મામાં છે, દર્શનશક્તિ. શક્તિનો ધરનાર ભગવાનનો આશ્રય કરવાથી પર્યાયમાં જે નિર્મળ દશા થઈ એની સાથે એક પર્યાયમાં કંઈક મલિનતા અને કંઈક નિર્મળતા (રહે છે). એક પર્યાયમાં બે ધર્મ. એક શુદ્ધ ધર્મ, એક અશુદ્ધ ધર્મ. બેય પોતાના ધર્મ છે. શેઠિયા! આ તે કંઈ વાત! જૈનતત્ત્વ એટલે સર્વજ્ઞની ... સિદ્ધ વસ્તુ શું છે એ સાંભળવા મળે નહિ અને ગડબડે ગડબડ (કરે).

શિષ્યને પ્રશ્ન થયો તો ઉત્તર આપે છે કે, સાંભળ! એક સમયમાં આત્માની પર્યાયમાં અશુદ્ધતા થવી એ પોતાનો ધર્મ છે. પોતાનો ગુણ શું? ગુણ તો ત્રિકાળ છે પણ એની પરિણમનની દશાની પર્યાયમાં એક અંશમાં ધર્મ છે. એ ધર્મ પોતાની પર્યાયમાં આત્માએ ધારી રાખ્યો છે. પરને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ, સંયોગને કારણે નહિ. અને એ પર્યાયધર્મ કાયમ નથી. પર્યાયધર્મ છેને. સ્વભાવનો આશ્રય કરતાં જ્યારે પર્યાયમાં અશુદ્ધતા છૂટી ગઈ તો એ ધર્મ નથી રહેતો. અહીં તો સાધકપણે જ્યારે છે ત્યારની વાત ચાલે છે. બહુ ઝીણું પણ. આ ધર્મને સમજવા માટે દરકાર ન મળે અને એમને એમ ... કરી લ્યો, પૂજા ને

ભક્તિ ને વ્રત ને દયા ને દાન. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો, એ તો રાગ છે, એ તો વિકલ્પ છે, પુણ્યભાવ છે.

ભગવાન આત્મા આવા એક સમયમાં અનંત ધર્મ ધારે છે. એમાં એક ધર્મ એવો છે, કે મારો ધર્મ આવો છે એમ જ્ઞાની જાણે છે, જે સમયમાં જે કાળે મુક્તિ થશે તે જ સમયે મુક્તિ થશે. ... સમજાય છે કાંઈ? ૩૦મી, ૪૭ નયમાં ૩૦મી નય ચાલે છે. એક નયનો એક ધર્મ હોં! એવા અનંતા ધર્મ પર્યાયમાં, ગુણ આદિમાં છે. એમ જાણનાર ધર્મી (જાણે છે કે) જે સમયે (મુક્તિ) થશે તે સમયે જ મુક્તિ થશે. એનો આઘોપાછો સમય નહિ. આઘોપાછોને શું કહે છે? આગેપીછે નહિ. જે કેવળજ્ઞાનના જ્ઞાનમાં જોયું તો એ જીવને એ જ સમયે કેવળજ્ઞાન થઈને મુક્તિ થશે. કેવળજ્ઞાને જોયું માટે નહિ, એનો ધર્મ છે માટે. સમજાય છે કાંઈ? પણ જેને કાળે મુક્તિ થશે એવો એક ધર્મ, એક ભાવ, એક યોગ્યતા જોવાવાળાનું એક પર્યાય ઉપર લક્ષ નથી, એક ધર્મ ઉપર લક્ષ નથી. એવા અનંત ધર્મને ધરનાર ભગવાન આત્મા ઉપર એની દૃષ્ટિ અંતરમાં જાય છે. ત્યારે એને આ કાળે થાશે ને થાશે એનું સાચું જ્ઞાન એને હોય છે. નહિતર માત્ર કાળે થશે, કાળે થશે એવું સાચું જ્ઞાન, દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ થયા વિના સાચું જ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— પૂર્ણ પર્યાય નહિ, પૂર્ણ સ્વભાવ. પર્યાય ... કહ્યું. પર્યાય બોલ્યા હતા, તમને ખબર નથી.

મુમુક્ષુ :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ... રામજીભાઈએ સાંભળ્યું અને મેં પણ એમ સાંભળ્યું. કહો, સમજાણું કાંઈ? અહીં તો તોલ થાય છે, શેઠી! પૂર્ણ પર એટલે દ્રવ્ય પૂર્ણ પર. પૂર્ણ પર્યાય પર નહિ. પૂર્ણ શબ્દ ત્રિકાળ પૂર્ણ અને એક સમયમાં શુદ્ધ ચિદાનંદમૂર્તિ છું. પૂર્ણ શબ્દે સામાન્ય ત્રિકાળ જ્ઞાયકભાવ છે. કાળ નયના ધર્મ જાણનારની કાયમ સામાન્ય છે એના ઉપર એની દૃષ્ટિ જાય છે. સમજાય છે કાંઈ? ત્યાં પર્યાય એક ધર્મ જોઈને ત્યાં જાય છે એમ નથી. તો પુરુષાર્થ આવી ગયો સ્વભાવમાં. થશે તો તે જ સમયે મુક્તિ. સમજાણું કાંઈ? પણ એ કાળે મુક્તિ થશે એનો નિશ્ચય કર્યો તો સ્વભાવનો પુરુષાર્થ થયો. સ્વભાવ આવ્યો, પુરુષાર્થ આવ્યો, તે સમયે થશે એનું જ્ઞાન પણ આવી ગયું, ભવ્યત્વ (એટલે) તે સમયે થવાની છે એ આવી ગયું. તે જ સમયે કર્મના નિમિત્તના અભાવનું પરિણમન મારામાં છે એવું જ્ઞાન પણ તે સમયે આવી ગયું. આઘુંપાછું નહિ. પાંચ સમવાય કહ્યા, કાળ, સ્વભાવ, નિયતિ, ભવિતવ્ય, કર્મનો અભાવ એ આગળપાછળ નથી, એક કારણ હોય છે ત્યારે પાંચે કારણ એક સમયમાં હોય છે. સમજાય છે કાંઈ? આ સમજ્યા વિના... સંસારમાં સમજે તો કાંઈક માણસ માલ લેવા જાય તો સમજીને લેવા જાય. અહીં ધર્મ છે એનાથી વિરુદ્ધ હશે? ન્યાં

કાંઈક માલ લેવા જાય, ચોખા-બોખા લેવા જાય તો એને ખબર પડે કે આ પાંચ રૂપિયા આપું છું, મને અનાજ આપો. એમ કહે તો? પણ ક્યુ અનાજ? અનાજ લેવા મોકલ્યો છે મારા પિતાજીએ. મૂરખ છે. પાંચ રૂપિયા પણ ક્યુ અનાજ? ચોખા, ઘઉં, બાજરો કઈ ચીજ? મને ખબર નથી. પિતાજીએ પાંચ રૂપિયા ... અનાજ આપો. શું કહે? મૂરખ કહે. શાક લેવા જાય અને કહે કે બે રૂપિયાનું શાક આપો. ક્યુ? મને કંઈ ખબર નથી. શાક લેવા મોકલ્યો છે. મૂરખ છે, ગાંડો લાગે છે. પાગલ લાગે છે. અહીંયા પચ્ચીસ જાતના શાક-તરકારી પડી છે એમાંથી દૂધી કે કારેલા કે શું તોળી દઉં? મને ખબર નથી. બાબુભાઈ! ... કહે તો? મને કાંઈ ખબર નથી, મને કાંઈ ખબર નથી. મૂરખ છો, શેનો લેવા આવ્યો અહીંયા? અહીં આત્મધર્મમાં મને કાંઈ ખબર નથી શું હશે? ભારે મૂર્ખાઈ ભાઈ.

મુમુક્ષુ :— કહેવાનો હેતુ..

પૂજ્ય ગુરુદેવશ્રી :— કહેવાનો હેતુ કીધોને, હોય જ છે. પુરુષાર્થ અને સ્વભાવ એક સમયમાં હોય છે. જે સમયે મુક્તિ થવાની તે થવાની એનો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં જ્ઞાયકનો નિર્ણય થઈ જાય છે. મારો તો એને પણ જાણવાનો સ્વભાવ છે. એમ જ્ઞાયકનો સ્વભાવ, પુરુષાર્થ-એના તરફ વલણ, કાળનું જ્ઞાન, ભવિતવ્યનું જ્ઞાન, કર્મનો અભાવ એક સમયમાં જ એ હોય છે. કહેવાનો હેતુ નહિ પણ એ હોય છે. હેતુ શું? સમજાણું આમાં કાંઈ?

કાળે મુક્તિ થશે એના ખ્યાલમાં આવ્યું. પણ એને ધર્મ કરવો છે એની ભાવના ક્યાં જાય? કાળે થાશે એમ એને જોવું છે? સમજાય છે કાંઈ? છે તો એમ, પણ કાળે મુક્તિ થશે એની દૃષ્ટિ ક્યાં જશે? એને ધર્મ કરવો છે કે નહિ? ધર્મ આ સમયે થાશે એમ સમય જોવા જાય? એને ધર્મ કરવો છે એટલે થશે કાળે, પણ એને કાળ સામું જોવાનું નથી, એને સ્વભાવ સામું જોવાનું છે. સમજાય છે કાંઈ? શેઠિયા! મારે અધર્મ નથી કરવો. અધર્મ નથી કરવો, ધર્મ કરવો છે. તો ધર્મ કરવો છે જ્યાં ધર્મ છે ત્યાં દૃષ્ટિ જશે કે જ્યાં અધર્મ છે ત્યાં દૃષ્ટિ જશે? અને પર્યાયમાં દૃષ્ટિ રહેશે? થશે તો કાળે મુક્તિ, પણ ધર્મના કરનારની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય ત્યારે આ કાળે થશે એનું જ્ઞાન થાય. શેઠિયા! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું પણ. આ સમજવાની દરકાર ન મળે, સમજવું નહિ અને એને ધર્મ કરવો. સંસારમાં સમજીને કાંઈક લેવા જાય અને એનાથી વિરુદ્ધ ધર્મ એટલે અણસમજ્યે થાતો હશે એમ હશે? કારણ કે વિરુદ્ધ છે કે નહિ આ તો? બાબુભાઈ! શું હશે આ? સાચું નહિ. મેં બીજું કહ્યું. સંસારમાં જાણીને ચીજ લેવા જાય અને આ સંસારથી વિરુદ્ધ છે માટે અજાણ્યે ધર્મ થઈ જાય. એનાથી વિરુદ્ધ એટલે એમ હશે? અહીં તો એનાથી (-સંસારથી) સૂક્ષ્મ જ્ઞાન એનું જોઈએ. સમજાણું કાંઈ? ઓલામાં તો અનુમાનથી કહે કે આ ... આ કેરીનું ટાણું છે તો કારેલા-બારેલા માંગશે. ... ખબર નથી. સમજાય છે? જેઠ મહિનાનું ટાણું હોય, કેરીનું

ટાણું ... કારેલા લેવા મોકલ્યો. કારેલા લઈ જા. મને કંઈ કીધું નથી પણ હું ભૂલી ગયો. કારેલા ... મહેમાન પચાસ આવ્યા છે. મને ખબર છે. કેરી લઈ ગયા છે માટે એની સામે કારેલા હોય. ન્યાં અનુમાન ચાલે, અહીં ન ચાલે. સમજાય છે કાંઈ? કારેલા સમજો છો? કારેલાનું (શાક) કરે છેને? રસ વાયડુ હોય, .... કડવું હોયને? ઘીમાં તળીને કરકરીયું કરીને ખાય. ઓલો સમજે કે આને ભાન નથી, પણ લાગે છે મહેમાન હતા તો આ લેવા આવ્યો છે. આમાં ન ચાલે. આમાં તો વાસ્તવિક આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં જેટલા જેટલા ધર્મ, જેટલા ગુણ, જેટલી પર્યાયની યોગ્યતા એ બધાના જ્ઞાન વિના એનો આત્મા ત્યાં દષ્ટિપણાને પામે નહિ. સમજાણું કાંઈ? તો કાળે મુક્તિ થાય (એ સાંભળતા) ધડાકા લાગે છે કે આહા..! અરેરે..! પણ ગોમ્મટસારમાં ના પાડી છેને. ગોમ્મટસારમાં (એકાંત) નિયતનયને મિથ્યાદષ્ટિ કહ્યો છે. અરે..! સાંભળ રે સાંભળ ભાઈ! તને ખબર નથી. ગોમ્મટસારમાં તો એકલા પુરુષાર્થવાદીને પણ મિથ્યાદષ્ટિ કહ્યો છે. પુરુષાર્થ એકલો માને એ પણ મિથ્યાદષ્ટિ છે એમ કહ્યું છે. સ્વભાવ એકલો માને તોપણ મિથ્યાદષ્ટિ છે એમ કહ્યું છે, સાથે એકલો નિયતિ માને તો મિથ્યાદષ્ટિ કહ્યો છે. એ એકલાની વાત છે. સમજાય છે કાંઈ? ગોમ્મટસારમાં એમ કહે અને અહીં અમૃતચંદ્રાચાર્ય એમ કહે કે જે સમયે મુક્તિ થવાની તે થવાની. એ નિયત થઈ ગયું. અરે..! સાંભળને! એ નિયત અને આ નિયતમાં ફેર છે. એ નિયત તો થવાનું હોય એ થશે, થવાનું હોય તે થશે. પણ ક્યાં થશે? કોનામાં થશે? કેવી રીતે થશે? ઈ માનતો નથી. અહીં તો થવાનું હશે તે જ થશે એમ નિર્ણય કરનારનો, જ્ઞાયકમૂર્તિ આત્મા હું છું, શુદ્ધ અખંડાનંદ પ્રભુ હું છું એવી દષ્ટિ થાય છે ત્યારે થવાનું હશે તે થશે એનું સાચું જ્ઞાન થાય છે, નહિતર સાચું જ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ? ભીખાભાઈ!

હવે આ એથી વિરુદ્ધ આવ્યું. એ જ આત્મદ્રવ્ય. જેને જે સમયે કાળે મુક્તિ થાય તે જ આત્મદ્રવ્ય '**અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી...**' કહો.

મુમુક્ષુ :— જેની કાળે એની અકાળે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— જેને કાળે એની અકાળે (મુક્તિ)? હા. બીજો જીવ નહિ. એ જીવને માટે આઘાપાછાની વાત નહિ. એ જ આત્માને અનંત ધર્મ એક સમયમાં રહ્યા છે તો યથાર્થ તે સમયે થાય એ પણ ધર્મ છે અને તે સમયે એવી એક યોગ્યતા છે કે અનંત સંસાર નાશ કર્યો, અભાવ કર્યો એવું વાચક છેને, એનો વાચ્ય ધર્મ એ જ સમયે ગણવામાં આવ્યો છે. સમય બીજો નથી. શેઠિયા!

એ આત્મદ્રવ્ય, જે કીધું તેનું તે. જેને કાળે મુક્તિ થાય તે આત્મદ્રવ્ય અકાળનયે તે જ સમયે, તે જ સમયે '**જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી...**' ધર્મ તો તે જ સમયે છે. એ જીવને કોઈ વખતે કાળે મુક્તિ થાય અને કોઈ વખતે અકાળે થાય એમ નહિ. અને કોઈ જીવને કાળે મુક્તિ થાય અને કોઈને અકાળે થાય એમ નહિ. એ જ

જીવને એક સમયની યોગ્યતામાં એવો ધર્મ, ધર્મ નામ ભાવ, યોગ્યતા ગણવામાં આવ્યો છે કે આવો પુરુષાર્થ કર્યો, પુરુષાર્થ કર્યો તો કહે છે કે જાણે આ કાળ નથી અને થયું. એવી બોલણી આવે છે કે અનંત સંસાર તરી ગયા, અનંત ભવનો નાશ કર્યો. પ્રવચનસારમાં આવે છેને? .... એવી ઊંધી-મિથ્યા માન્યતા કરે તો એ અનંત સંસારી થાય છે. અનંત સંસારી થાય છે એનો અર્થ શું? સમજાણું કાંઈ? આત્મતત્ત્વ જેવું શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે, એવી પ્રતીતિ નહિ કરીને વિકારને પોતાનો માનીને વિકારથી ધર્મ માનનારો, પરના સંગથી પોતાના સ્વભાવમાં લાભ માનનારો અનંત સંસાર પ્રગટ કરે છે, અનંત સંસારની વૃદ્ધિ કરે છે. એનો અર્થ શું? તે સમયમાં સ્વભાવનું ભાન નથી અને મિથ્યાત્વ ઘૂંટે છે તો એ મિથ્યાત્વમાં અનંત સંસાર થવાની તાકાત છે. તો જેવો અનંત સંસાર વૃદ્ધિ કર્યો તોપણ એ સમયે એમ એને થવાનું જ હતું. પણ એ ભાવમાં મિથ્યાત્વની ઉગ્રતા આવી તો અનંત સંસાર વધી ગયો એમ કહ્યું. એમ સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ તો અનંત સંસાર તોડી નાખ્યો એમ કહ્યું. એ તોડી નાખ્યો એમ કહ્યું એવો એક ધર્મ તે સમયે ગણવામાં આવ્યો. ઝીણું છે, બાબુભાઈ! ભારે ઝીણું.

કાળનય એ સમયે અકાળનય. સમય એનો એ છે. એનો એ જીવ અને એનો એ સમય અને એને ને એને ત્યાં એક અકાળનય પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માલચંદજી! આ વાંચ્યું છે કે નહિ? નય પ્રજ્ઞાપન આવ્યું છેને. ના પાડે છે. આહા..હા..! આત્મદ્રવ્ય, તે જ આત્મદ્રવ્ય, એનું એ આત્મદ્રવ્ય. અને નયજ્ઞાનવાળો, નયજ્ઞાનવાળા સાધકજીવની વાત છે. જેને નયજ્ઞાન, પ્રમાણજ્ઞાન પ્રગટ્યું સમ્યગ્દર્શન થયું, પ્રમાણજ્ઞાન પ્રગટ્યું, પ્રમાણનો અવયવ નામ ભાગ જે નય, એ નયથી પોતાની એવી એક યોગ્યતા દેખે છે. જે સમયે મુક્તિ થશે એવો પણ ધર્મ તે સમયે જોવે છે અને તે જ સમયે અનંત સંસાર તૂટ્યો એમ કહેવામાં આવે છે, એવો પણ તે જ સમયે એક ધર્મ ત્યાં અકાળનયે જોવામાં આવે છે. સમયફેર નથી. ભારે ગડબડ.

પહેલેથી તો કહેતા આવે છે. એક સમયમાં આત્મા અનંત ધર્મમાં વ્યાપક છે. કહ્યું છેને પહેલું? પહેલા આવ્યું છે જુઓને. ૪૩૭ પાનું છે આમાં. '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય...**' એક સમયમાં છે. અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક સમયમાં, એક સમયની અંદર છે. એનો અકાળધર્મ વળી કોઈ વખતે થાય, અકાળે મોક્ષ થઈ જાય અને કોઈ વખતે કાળે થાય એવા બે ધર્મ આગળપાછળ છે એમ નથી. સમજાણું કાંઈ? સામાન્ય ધર્મ, અનંત ધર્મોનો અધિષ્ઠાતા. કેમકે અનંત ધર્મમાં વ્યાપનારા અનંત નય એક સમયમાં તેમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાનપ્રમાણ '**તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે, (-જણાય) છે.**' ભારે ગડબડ. આના ઉપર તો મોટી ગડબડ છે અત્યારે. ગડબડ. અરે..! ભગવાન! તારી વસ્તુની

મહિમા તને ખબર નથી. એ જ સમયે, જે સમયે કાળે મુક્તિ થશે તે થશે જ, એ ધર્મ પણ તારી પર્યાયમાં, તારા ભાવમાં અને એ જ સમયે અકાળે મુક્તિ થાય એમ કહેવામાં આવે છે એવો ધર્મ પણ તે જ સમયે તારામાં ગણવામાં આવ્યો છે. શું કહે છે?

તે '**આત્મદ્રવ્ય...**' બધામાં તે તે લેવું. '**તત્તુ**' હતુંને? અકાળનયે જેની મુક્તિ સમય પર આધાર રાખતી નથી. આમાં તો કોઈ નિશ્ચય જ ન રહે. કોઈની અસમયમાં મુક્તિ થાય અને કોઈની સમયમાં. તો નિશ્ચય શું કરવો? એમ નથી. નિશ્ચયથી એમ છે કે મારી પર્યાયમાં એવી યોગ્યતાનો ધર્મ મારો ગણવામાં આવ્યો છે. જાણે એકદમ સંસાર તોડી નાખ્યો એમ કહ્યું તો એનું વાચ્ય ધર્મ તે સમયે ગણવામાં આવ્યો છે. મુક્તિનો સમય આઘોપાછો થાય છે એમ નહિ. માલચંદજી! છે ભાઈ? છે કે નહિ? જુઓ! તમારા માટે આ બધું લીધું છે. શેઠિયા માટે. શેઠ આવશે ત્યારે કાંઈ સાધારણ વાત હશે ઈ કરતાં નયની ... આહા..હા..!

અરે..! પ્રભુ! તારી મહિમા અને તારા ધર્મ સર્વજ્ઞે શું કહ્યા છે? એમણે જાણ્યા છે અને તારામાં છે. એક જ સેકંડના અસંખ્યભાગમાં આ બધા ધર્મ છે. જો એમ કહો કે કાળે મુક્તિ એની અકાળે (મુક્તિ), તો તો કંઈ નિર્ણય રહ્યો નહિ. સમજાય છે? પણ છે તો એ જ સમયે મુક્તિ. પણ એ સમયે અનંત સંસાર તોડી નાખ્યો, પરિત સંસાર કર્યો એમ બોલવામાં આવે છે એટલે એવું વાચ્ય એવી યોગ્યતા ગણવામાં આવી છે. એટલી વાત છે. સમજાય છે? ભારે ભાઈ! આ વર્ષ બેસતાની વાત. આવી વર્ષ બેસતાની વાત હશે? બાપા! તારો સ્વકાળ કોઈ અલૌકિક છે.

મુમુક્ષુ :— ..

પૂજ્ય ગુરુદેવશ્રી :— બધાને માનવાની એવી છે આ. ... કાઢી નાખી. પણ આ માનવાનું કોને કહે છે આ? સવારમાં સાંભળ્યું નથી તમે ત્યારે.

કુંદકુંદાચાર્ય કહે છે કે અમારો શ્રોતા એને અમે કહીએ છીએ કે એક સમયમાં અમે સિદ્ધને સ્થાપીએ છીએ તેની પર્યાયમાં. આજ સવારે આવ્યું હતું, પહેલી ગાથામાં. એ શ્રોતા એને અમે કહીએ છીએ કે એક સેકંડના અસંખ્યભાગમાં અનંત સિદ્ધોને તારા જ્ઞાનની પર્યાયમાં અમે સ્થાપીએ છીએ. હા પાડ કે અનંત સિદ્ધ મારી પર્યાયમાં આવી ગયા છે, મારી દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે એવું લક્ષ કરાવવા માટે કહ્યું, એવું લક્ષ કરે એ અમારો શ્રોતા છે, બીજો કોઈ શ્રોતા નથી. સમજાણું કાંઈ? વક્તા નહિ શ્રોતાની વાત ચાલે છે. સવારે કહ્યું નહિ?

અનંતા સિદ્ધને મારી પર્યાયમાં હું સ્થાપુ છું. આચાર્ય કહે છે. અને શ્રોતાની પર્યાયમાં હું સ્થાપુ છું. પછી સાંભળ! પછી સમયસાર તને કહીશું, ઈ પહેલા નહિ કહીએ. ઓહો..હો..! એકદમ! સાંભળ તો ખરો. અહીંયા શું કરવા આવ્યો છો? ધર્મ સાંભળવા આવ્યો છોને. તો ધર્મ કોના લક્ષે થાય છે? આત્માના લક્ષે થાય છે. આત્મા કેવો છે? પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે. એ તારી પર્યાયમાં, અમે કહીએ છીએ કે સમયસાર કહેતા પહેલા અનંત સિદ્ધને તારી

જ્ઞાનપર્યાયમાં અમે પસ્તાનુ સ્થાપીએ છીએ. સમજ્યા? એની હા પાડ અને હા કર તો સમયસાર સાંભળવાને લાયક છે, નહિતર તું લાયક નથી. મારા અને તમારામાં અનંત સિદ્ધને સ્થાપું છું, એનો અર્થ શું? એનો અર્થ શું? સમજાણું? સવારે ઘણું કહ્યું હતું, કાલે પણ કહ્યું હતું.

માણસ એમ કહે કે અમે તો કંઈક સારું સમજવા આવ્યા છીએ એમ કહે અને એમ કહે કે આવી વાત અમારે માટે નહિ. બેય (વાતમાં) વિરોધ આવે છે. તું સારું સમજવા આવ્યો નથી. અહીં તો કુંદકુંદાચાર્ય પહેલી ચોંટમાં પહેલી ગાથા ઉપાડતા કહે છે, અનંતા સિદ્ધ પરમાત્મા થઈ ગયા. શું છે? અમારા આત્મામાં મેં સ્થાપ્યા છે કે અનંત સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે. અમે શ્રોતાને કહીએ છીએ કે અનંત સિદ્ધને અમે તમારામાં સ્થાપીએ છીએ. પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપુ છું. એનો અર્થ કે તું શ્રોતા છો એને અમે કહીએ છીએ કે જેની દૃષ્ટિમાં નિમિત્ત, રાગ ને અલ્પજ્ઞતાનો આદર ન રહે અને અનંત સિદ્ધ જેમાં સમાય એવા આત્મદ્રવ્યનો આદર રહે, એવા શ્રોતાને સમયસાર સંભળાવીએ છીએ. ઝીણી વાત છે, ...ભાઈ! સમજાણું કાંઈ?

અસ્તિ સત્તા હામાંથી હા આવે છે. કાંઈ નામાંથી હા આવે છે? પહેલા કહ્યું કે એક સમયની તારી અલ્પજ્ઞ જ્ઞાનની પર્યાય એમાં અનંત સિદ્ધને સ્થાપું છું. પ્રભુ! પણ અમે શ્રોતા આટલી બધી તમારી વાત? આત્મા જે સિદ્ધ થયા તે આત્મશક્તિમાંથી થયા છે. અને અનંત સિદ્ધ થયા અને તું વંદન એને કર તો વંદનનો એવો અર્થ થાય છે કે તારી જ્ઞાનપર્યાયમાં અનંત સિદ્ધોનો આદર થયો. વિકલ્પ નહિ, વિકલ્પથી નહિ, નિમિત્તથી નહિ. અનંત સિદ્ધનો તારી પર્યાયમાં આદર થાઓ અને વિકલ્પ અને નિમિત્તનો આદર છૂટી જાય ત્યારે તું મારા શાસ્ત્રને સાંભળવાને લાયક છો. એવો શ્રોતા લીધો છે. બીજાને શ્રોતા પણ જૈનમાં ગણવામાં આવ્યા નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ શ્રોતા છે. ઓલો ના પાડે કે ના, ના. અમારે માટે નહિ. તમારા માટે નથી તો તું ધર્મ સાંભળવા નથી આવ્યો. શેઠિયા! કેમ છે નેમિદાસભાઈ! એક જણ કહેતો હતો, મહારાજ! તમારી વાત હોજરી પાચન કરી શકે નહિ. શું છે? સત્ય સમજવાની ઈચ્છા છે કે દુનિયાની વાત સમજવી છે? એ તો સમજી છે અનાદિ કાળથી. હવે તારે શું છે? સત્ય સમજવું છે? શેના માટે આવ્યો છે? સત્ સમજવું છે તો સત્ સાંભળવા ઉપર લક્ષ હોય છે. અસત્ય સમજ્યો છે, અલ્પજ્ઞ દશા છે, રાગ છે, નિમિત્ત છે એનું લક્ષ છોડીને જ્યારે સ્વભાવ ઉપર લક્ષ કર અને અનંતા સિદ્ધોને જ્ઞાનમાં આદર દે તો તને સત્ સમજવાની લાયકાત છે અને એને અમે શ્રોતા કહીએ છીએ. સમજાણું કાંઈ? એ સાંભળનારો છે, બીજા સાંભળનારા નથી.

સાંભળ્યું તો છે અનાદિ અજ્ઞાનથી એક સમયનો આત્મા, એક સમયના અંશવાળો, એક

સમયનો રાગ, એક સમયનો સંબંધ નિમિત્ત, કર્મ ... નિમિત્ત સંબંધ એ તો અનાદિ કાળથી સાંભળતો આવ્યો છે, એ કાંઈ નવી વાત છે? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' '**उवलंभो**' એનાથી ભિન્ન કરીને ભેદજ્ઞાન કરવા માટે... શું તું સાંભળે છે? શું તારે સાંભળવું છે? પહેલી ચોંટમાં શું સાંભળવું છે? સત્ય શું છે? સત્ય છે? સત્યનો ઈ અર્થ છે કે અસત્ય જે અલ્પજ્ઞ જ્ઞાન છે એટલામાં તારા આત્માને તેં કબુલ કરી લીધો છે, ગુલાંટ ખા પહેલા સાંભળીને. સમજાણું કાંઈ?

અનંતા સિદ્ધનો આદર તારા પેટમાં—જ્ઞાનમાં થયો, ખલાસ થઈ ગયું. અલ્પજ્ઞનો આદર નહિ, રાગનો આદર નહિ, નિમિત્તનો આદર નહિ, એમ માનનારો, લક્ષવાળાને શ્રોતા કહે છે. ઓલામાં આવ્યું છેને ભાઈ? નહિ? પ્રવચનસારમાં. આ પ્રશમને લક્ષે સાંભળજે. આવ્યું છેને? પહેલા આવ્યું છેને? ચરણાનુયોગની શરૂઆત કરતાં. ક્યાં? જ્ઞેયની શરૂઆત કરતાં. જ્ઞેયની શરૂઆત કરતાં આવે છે. એ તો અલૌકિક વાત એક એક આચાર્યની ગજબની વાતું છે! ૯૨ (ગાથા, કળશ-૬), ૧૪૦ (પાનું). '**પ્રશમના લક્ષે (-ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી) જ્ઞેયતત્ત્વ જાણવાનો ઈચ્છક (જીવ) સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત...** ' જણાવીએ છીએ. પ્રશમ. જુઓ છે. છેને? '**આત્મારૂપી અધિકરણમાં રહેલા (અર્થાત્ આત્માના આશ્રયે રહેલા) જ્ઞાનતત્ત્વને એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને, તેની સિદ્ધિને અર્થે (-કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે) પ્રશમના લક્ષે...**' લક્ષ પહેલું ફેરવ. લક્ષ ફેરવ્યા વિના તારી સાંભળવાની લાયકાત જ નથી. અને શ્રીમદ્દે તો કહ્યું ભાઈ, ઓલામાં નહિ? 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી'.

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી.

એક જ વાત. એણે ભણકાર માર્યો છે ન્યાં એ વખતે. ઈની ઈ વાત છે. શાસ્ત્રને કહેવું છે શું? અને શ્રોતાને સાંભળવું છે શું? સમજાણું કાંઈ?

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી.

સુખના દાતા શાસ્ત્ર. લક્ષ બીજાથી ફેરવીને સ્વમાં લાવવું એના માટે શાસ્ત્રને સાંભળનારા શ્રોતાઓ હોય છે. સમજાણું કાંઈ? માણસ કહે કે મારે ધર્મ સમજવો (છે). વળી કહે કે અમારે માટે આવી લાયકાત નહિ. ઈ બે વાત તો, એક મ્યાનમાં બે તલવાર જેવું છે. ચંદુભાઈ! અમે ધર્મ સાંભળવા આવ્યા છીએ. એમ? ધર્મ એટલે સત્ય સ્વરૂપ. પણ અમને આ અધર્મ એકદમ ટળે અને લક્ષ ફરે એનું અમારે (શું કામ છે)? તો પછી ધર્મ સાંભળવા આવ્યો છે એનો અર્થ શું છે? સમજાય છે કાંઈ? અસત્યને નાશ કરવો અને સત્યને પ્રગટ કરવું એવા માટે તો શ્રવણ છે. એ શ્રવણનું પહેલું લક્ષ અસત્યનો અભાવ અને સત્યનું પ્રગટ

થવું એટલે કે સત્ય ત્રિકાળ છે એના ઉપર એનું લક્ષ જવું ત્યારે તો તે સત્યને શ્રવણ કરવાને લાયક કહેવામાં આવ્યો છે. પણ વાત એવી છેને, બીજે રસ્તે ચડી ગઈ છે. એટલે એને એમ લાગે છે કે સત્ય વાત, સત્યને સાંભળવાના કામી છીએ. સત્ય સાંભળવાના કામી છો તો અસત્ય નથી જોઈતું એનો કામી છે ઈ એમાં આવી જાય છે, પહેલી ચોંટે આવી જાય છે ઈ. સમજાણું કાંઈ?

તેથી કુંદકુંદાચાર્ય મહારાજ સમયસારની ગાથામાં શરૂઆત કરતાં (કહે છે), અનંત સિદ્ધોને અમે અમારા જ્ઞાનની પર્યાયમાં સ્થાપીએ છીએ અને તારી જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે એની અમને ખબર નથી? ખબર નથી? એક સમયમાં અનંત સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ, શું કારણ છે? તારું લક્ષ ફેરવવા માટે તો તું આવ્યો છો. લક્ષ ફેરવવા આવ્યા છો તો અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ. તારી પર્યાયમાં પસ્તાનુ મૂકીએ છીએ. લક્ષ દ્રવ્ય ઉપર થઈ જાય તો સિદ્ધની પર્યાય, અનંત સિદ્ધની પર્યાય એક પર્યાયમાં બેસી જાય. સમજાણું કાંઈ? અને પછી અમે સંભળાવીએ છીએ, તારું લક્ષ ત્યાં ઘૂંટાયા કરશે. ઘૂંટતા.. ઘૂંટતા.. ઘૂંટતા.. ઘૂંટતા.. ઘૂંટતા.. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? સોભાગચંદભાઈ! બરાબર છે? આહા..હા..!

અરે..! છેતરપીંડી કરે છે એને પોતાને હોં! છેતરપીંડી સમજો છો? શું કહે છે? ઠગે છે. મારે ધર્મ જોઈએ પણ હું ધર્મને માટે લાયક નથી. ઠગે છે. સુમેરુમલજી! અરે..! ભગવાન! ધર્મ સાંભળવાના પહેલી ચોંટમાં, અનંતા સિદ્ધ સમાન મારો સ્વભાવ છે એવી કબુલાત પર્યાયમાં પહેલી ચોંટમાં ન આવે તો એને અમે શ્રોતા કહેતા જ નથી. એને જૈનના શ્રોતા, વસ્તુના સાંભળનારા એને અમે કહેતા નથી. પણ કહેતા નથી એ વાત લીધી નથી અહીં તો. અહીં તો અસ્તિથી વાત કરનારા છે. અહીં તો અસ્તિથી વાત કરનારા ... એ દૃષ્ટિથી વાત કરે છે. અમે શ્રોતાના જ્ઞાનમાં અનંતા સિદ્ધોને પહેલા સ્થાપીને સમયસાર કહેશું. નહિ માનનારા છે એ વાત અમારા લક્ષમાં પણ નથી અહીં તો. ... સમજાણું કાંઈ? આહા..હા..! આ તે કાંઈ પરમાત્માના ઘરમાં પેસવું છે અને પામરતાને (મૂકવી નથી). પામર.. પામર, હું તો પામર.. પામર. બેનો મેળ નહિ થાય.

ભગવાન આત્મા એક સમયમાં પરમાત્મસ્વરૂપ એની પર્યાયમાં અનંતા સિદ્ધ? હા. આવી કબુલાત? અલ્પ જ્ઞાનમાં અનંતા સિદ્ધોનો આદર ઈ ક્યારે થાય? ક્યારે થાય? એનું અલ્પજ્ઞતાથી, રાગથી, નિમિત્તથી પહેલી ચોંટમાં લક્ષ ફરી જાય. નથી કરી શકતો એને કામી કહેવામાં નથી આવતો. અસત્યનો કામી તો અનાદિથી છે એમાં અમારે શું કહેવું છે? એ વાત કહેવી નથી અને એ તને સમજાવવી નથી. સમજાણું કાંઈ?

કહે છે, એ આત્મદ્રવ્ય જે સમયે મુક્તિ થાય છે એવો ધર્મ જાણીને પણ દ્રવ્યના લક્ષમાં અંદર જાય છે અને અકાળનયે સિદ્ધિ સમય પર આધાર નથી રાખતી. એવા એક સમયમાં

કાળે મુક્તિ થશે, તે જ સમયે અકાળે થશે એવો એક ધર્મ જોવે છે. સમજાણું કાંઈ? **'કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.'** આંબાને ઘાસ દ્વારા પકવવામાં આવે. પણ પાકવાના કાળે જ પાકે છે. સમજાય છે કાંઈ? એ આંબાના ફળમાં એ પાકનો કાળ જે સમયે છે એના કર્તા, કર્મ આદિ ષટ્કારકથી પરિણમેલો છે આંબો. ઘાસને લઈને નહિ. ... સત્તાસારમાં બંસીધરજીએ લખ્યું છે, સોલાપુરવાળા. એમ લખ્યું છે. આમ્રફળનો દાખલો આપ્યો છે તો એમ નહિ કે ઘાસને લઈને પાક્યો છે. નહિ, તેના સમયના ષટ્કારકથી કર્તા, કર્મ પોતાના કારણે પાક્યો છે. .... સોલાપુરવાળા નહિ? ચાલીસ વર્ષ પહેલા લખ્યું છે સત્તાસાર. એટલો ફેર છે પણ બીજા પંડિતો કરતાં કાંઈક ઠીક હતું. અને જ્યારે અમે ઇંદોર ગયા હતાને. ઘણા માણસો હતા. પાંચ-છ હજાર. એવી વાત આવી ... ઓહો..! વ્યવહાર જાણવાલાયક છે, વ્યવહાર આદરવાલાયક નથી. જ્યારે નિશ્ચય પોતાના આત્માનું જ્ઞાન થયું તો અલ્પજ્ઞતા અને રાગ આવે છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. ... આવી વાત અત્યાર સુધી સ્પષ્ટ થઈ નથી. પંડિત લોકો બેઠા હતા બધા. પંડિત લોકો બેઠા હતા, બંસીધરજી. આવી વાત હજી સુધી સ્પષ્ટ થઈ નથી. ... આંખ જરી એવી અને સાધારણ ગરીબ માણસ અને દેખાય નહિ એટલે આપણને એમ કે... પહેલા આવ્યા પગે લાગવા. કોણ છે? બંસીધરજી. ... સોલાપુરના પંડિત? ... શું છે? હું અભિનંદન આપવા માટે આવ્યો છું, મહારાજ! હું અભિનંદન આપવા આવ્યો છું. સોલાપુરવાળા પંડિત? હા. આવું વ્યાખ્યાન મેં સાંભળ્યું નથી. પંડિત આવું કહેતા. પહેલા વ્યાખ્યાન પછી આવ્યા હતાને. ગરીબ માણસ ને અત્યારે .... દેખાવ સાધારણ. બહુ સુંદર વ્યાખ્યાન. આવી વાત ક્યારેય સાંભળી નથી. પંડિત હોં! શું છે? વસ્તુની શું સ્થિતિ છે? મર્યાદા શું છે એની ખબર નથી. વ્યવહાર આદરણીય છે ને વ્યવહારથી (થાય). અરે.. ચાલ.. ચાલ! વ્યવહાર આદરણીય અને નિશ્ચય આદરણીય બે? તો બેના વિષય ભિન્ન કેમ પડ્યા? સમજાણું કાંઈ?

આ બે વિરુદ્ધ ધર્મ એક સમયમાં રહે છે. આહા..હા..! ફક્ત એની દૃષ્ટિ ફેર છે. અકાળે અનંત સંસાર છૂટ્યો એ અપેક્ષાએ આને એક ધર્મ ગણવામાં આવ્યો. બસ! સમય તો એ જ છે. સમજાણું કાંઈ? ઈ કહે છે કે આમ્રફળ એની પર્યાયના કાળમાં પાકે છે. આઘોપાછો નહિ. એમ અહીંયા પોતાની મુક્તિ પણ તે સમયે થાય છે પણ ઈ અપેક્ષાએ કહેવામાં આવ્યું કે ઘાસથી પાકી. એમ અલ્પ કાળમાં એની અકાળે મુક્તિ થઈ એમ કહેવામાં આવે છે. એવો ધર્મ એ સમયે ગણવામાં આવ્યો છે. આવો ધર્મ જોઈને પણ ચૈતન્ય ઉપર જાવાનું છે. બેય ધર્મ એક સમયમાં જોઈને ચૈતન્ય ઉપર જવાનું છે. એવી દૃષ્ટિ અંતરમાં હોય તો આ કાળે, અકાળે બેય ધર્મનું યથાર્થ જ્ઞાન થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૨, મંગળવાર, તા. ૩૦.૧૦.૧૯૬૨**
**નય-૩૧ થી ૩૪, પ્રવચન-૩૫**

આ પ્રવચનસાર. ભગવાન અરિહંત તીર્થંકરદેવ જેને ત્રણ કાળનું જ્ઞાન થયું એમાં જે વાણી-દિવ્યધ્વનિ આવી એને પ્રવચન કહે છે. એનો આ સાર ટૂંકામાં હિતરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય એવું ટૂંકામાં પ્રવચનસાર કહેવામાં આવ્યું. એમાં આ ૪૭ નયનો અધિકાર છે. કાલે ૩૧મી નય આવી. ચાલે છે શું?

આ આત્મા જે વસ્તુ છે આત્મા. સર્વજ્ઞ ભગવાને કેવળીએ પ્રત્યક્ષ દીઠો છે આત્મા, બધી રીતે પ્રત્યક્ષ. એવો એક આત્મા એમાં અનંતા ધર્મો છે. એક સેકંડના અસંખ્યભાગમાં અનંતા ગુણો અને ધર્મ અપેક્ષિત અને કોઈ સાધકમાં એક સમય પૂરતો પણ વિકારી ધર્મ (હોય છે). એવા અનંતા ધર્મોનો અધિષ્ઠાન-આધાર આત્મા છે. એવા આત્માને ઓળખનાર એનું જ્ઞાન અનંત ધર્મનું કરે પ્રમાણથી કે એક એક નયથી, પણ વસ્તુ તો ચૈતન્ય ધ્રુવ છે એવું જ્ઞાન કરીને, ચૈતન્ય અંદર ધ્રુવસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ, અંતર્મુખ દૃષ્ટિ કરતો આત્માનું સાધન જીવ સાધી શકે છે. સમજાણું કાંઈ? એના ખ્યાલમાં, કેવા ધર્મો કઈ જાતના છે એ બધા એના ખ્યાલમાં આવવા જોઈએ. કારણ કે બધા ધર્મોનું આખું રૂપ કરીને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. ૩૧મીની આવી ગઈ વાત.

૩૨. કેરીની વાત હતી. આમાં દોરીની નહિ, દોરીમાં અકાળ મૃત્યુમાં જાય. ભાઈ! ભાઈનો પ્રશ્ન હતો શેઠિયાનો. આંબાનો પાક થયોને, થયો તો તે સમયે થવાનો, પણ નિમિત્તની અપેક્ષા લઈને એકદમ પાક્યો એમ કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા પોતાના અનંત ધર્મવાળો કાળે જ મુક્તિ થાય એવો એનો ધર્મ (છે). છતાં એણે અનંત સંસાર તોડી નાખ્યો, મિથ્યાત્વનો ભાવ તોડી નાખ્યો, નાશ કર્યો. એ મિથ્યાત્વમાં અનંતપણું સંસારની ગાંઠ હતી એને તોડી નાખી એવો એક ભાવ એ સમયની પર્યાયમાં ધર્મ અકાળે થયો એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આગળપાછળ કાળ છે એમ નહિ. જાણે કે કાળે થાય તો હવે એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? એ ૩૨માં કહે છે. ૩૨મી નય આજ આવે છે.

તે '**આત્મદ્રવ્ય...**' એ ભગવાન આત્મા. આ વસ્તુ પોતે આત્મા દેહ, વાણી, મન, માટીથી ભિન્ન છે. આ તો હાડકા, માટી અને માંસ છે, અંદર આઠ કર્મ છે ઈ જડ ભિન્ન છે, તૈજસ અને કાર્મણશરીર પણ ભિન્ન છે. આત્મામાં આવા અનંતા ધર્મો જ્ઞાની પોતે એક સમયમાં શ્રુતપ્રમાણથી જાણે છે. આત્મદ્રવ્યમાં એક એવો ધર્મ છે કે '**પુરુષકારનયે...**' પુરુષાર્થથી '**જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું...**' આત્મદ્રવ્ય છે. કાળે મુક્તિ થાય એ છતાં તે કાળે પુરુષાર્થથી યત્નસાધ્ય તે મુક્તિ છે. તે જ સમયે. જે સમયે-કાળે મુક્તિ... એમ કાળે મુક્તિ,

કાળે સમકિત, કાળે ચારિત્ર, કાળે શુક્લધ્યાન બધું એમ જ છે. સમજાય છે કાંઈ? જે કાળે એને સમ્યગ્દર્શનનો કાળ (હોય) ત્યારે જ તેને સમ્યગ્દર્શન થાય. જ્યારે ચારિત્રનો એને કાળ હોય ત્યારે થાય, શુક્લધ્યાનનો કાળ હોય ત્યારે થાય, કેવળજ્ઞાનનો કાળ હોય ત્યારે થાય. પણ એ યત્નસાધ્ય છે. એનું કાળ ઉપર એકલું લક્ષ (છે) કે સમયે સમયે થશે એમ નહિ. એનો આત્મા અંદર ચૈતન્યપ્રભુ પૂર્ણ શુદ્ધ છે એવા પુરુષાર્થનયે જેની એટલે આત્મદ્રવ્યની મુક્તિ યત્નસાધ્ય છે, પુરુષાર્થથી સિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? એ પુરુષાર્થ અંતરમાં વળે ત્યારે એની મુક્તિ થાય છે. કાળે થાશે, કાળે થાશે, અકાળે થાશે એમ એની પર્યાયની યોગ્યતાની સામે જોવાનું રહેતું નથી. સમજાણું કાંઈ? એક (ધર્મ) છે એવું જાણ્યું. પણ અંતર ચૈતન્યપ્રભુ પૂર્ણ આનંદના સ્વભાવથી ભરેલો ભગવાન ચૈતન્ય સ્ફટિક રતન, આખું ચૈતન્ય સ્ફટિક રતન એના ઉપર યત્નસાધ્ય પુરુષાર્થથી એને સિદ્ધ કરે ત્યારે તે મુક્તિ પામે છે. એવો એનામાં ધર્મ છે. સમજાણું કાંઈ?

તે '**આત્મદ્રવ્ય...**' જે કાળે મુક્તિ થાય તે જ કાળે આ એક ધર્મ છે પાછો. યત્નસાધ્ય એવું આત્મદ્રવ્ય છે. એ પ્રયત્નસાધ્ય છે. કોઈ ઠેકાણે યત્નસાધ્ય નથી કહ્યું, આ યત્નસાધ્ય છે. સમજાણું કાંઈ? એમ ને એમ મુક્તિ થઈ જાય કે સમ્યગ્દર્શન થઈ જાય એમ નથી. એનો અંતર પ્રયત્ન, પ્ર-વિશેષે યત્ન અંદરમાં જાય છે. સ્વભાવ સન્મુખ, સ્વભાવ સન્મુખ. રાગ, અલ્પજ્ઞતા અને નિમિત્તના સન્મુખ હતો એ પ્રયત્ન અંદરમાં ગુલાંટ ખાઈને અંદર તરફ વળે છે, ત્યારે તેની મુક્તિ થાય એવો એનામાં એક સમયનો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ?

'**જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે...**' આ બહારનો દાખલો આપ્યો. કોઈએ પુરુષાર્થથી લીંબુનું ઝાડ મેળવ્યું. લીંબુનું ઝાડ '(-ઊગે છે)...' પ્રાપ્ત કરે છે અથવા ઊગે છે, લીંબુનું ઝાડ ઊગાડે છે. ધ્યાન રાખી રખોપું કરીને પાણી પાઈને કરે છેને? '**એવા પુરુષકારવાદીની માફક.**' એ લીંબુના ઝાડને વાવીને ઊગાડે અને પુષ્ટ કરે, રક્ષા કરે એમ '(**પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી...**' આત્માને પોષી પ્રયત્ન દ્વારા... અંતરમાં રાગ અને પુણ્યના વિકલ્પથી ખસી અંદર સ્વભાવના પ્રયત્ન દ્વારા આત્માને પોષી આત્માને પુરુષાર્થ દ્વારા રખોપું કરી આત્માની મુક્તિ થાય છે. કહો, સમજાય છે કાંઈ? '(**પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ**).' પ્રયત્ન વિના એ પ્રગટ થતું નથી. ભલે કાળે થાય, એના સ્વભાવે થાય તોપણ પ્રયત્નસાધ્ય ન હોય એમ બની શકે નહિ.

કોઈ કહે છેને, ક્રમબદ્ધ હશે તેમ થાશે. વાતની કોણ ના પાડે છે? એ ક્રમબદ્ધમાં જ પ્રયત્ન આવે છે. અરે..! હું આત્મા જ્યાં જગતના અનંત પદાર્થો મારા સિવાય અનંત છે એની પર્યાયની પરિણતિ ધારા ચાલી જાય છે. એને હું શું કરું? શરીરને શું કરું? વાણીને શું કરું? કર્મની પર્યાયને હું શું કરું? એ જગતનો પર્યાય પ્રવાહ એના દ્રવ્યથી ચાલ્યો જાય

એમાં મારું ક્યાં કામ છે અને મારામાં પણ જે રાગ, રાગ, રાગ પ્રગટ થાય એ રાગનું પણ મારું ક્યાં કામ અને મારું કાર્ય છે? ક્રમબદ્ધમાં એનો પ્રયત્ન સ્વભાવ તરફ વળે છે. સમજાણું કાંઈ? અત્યારે ઘણું ક્રમબદ્ધની સ્વચ્છંદતાના નામે બોલી નાખે છે ઘણા. કેમ શેઠિયા? વીરજીભાઈ અમારે કહે છે, એ.. આ ક્રમબદ્ધ જે થવાનું હતું તે થયું. પણ થવાનું થયું, બાપુ! ભાઈ! તારી દૃષ્ટિ ક્યાં છે? તું ધીઠો થઈને બોલીશ તો તને ન્યાં કાંઈ લાભ થશે નહિ. સમજાણું? એ તો થવાનું હોય ઈ થયું, અમારે પરિણામ આવવાના હતા તે આવ્યા, અમારે ક્રોધ આવવાનો હતો તે આવ્યો, અમારે માન આવવાનું (હતું તે આવ્યું). ભાઈ! બાપુ! એ ક્રોધ, માન આવવાનો હતો એ આવ્યો એમ માનનાર કોના ઉપર દૃષ્ટિ રાખીને એમ કહે છે? શેઠી! એમ બોલવાનું હતું તો બોલાઈ ગયું, ફલાણું થવાનું તે થઈ ગયું. પણ ક્યાં તારી દૃષ્ટિ ક્યાં પડી છે? તું કોને માહાત્મ્ય આપે છો? માહાત્મ્ય થવાનું હતું તે થયું એવી દશાનું કે થવાનું થાય એનો હું એક જાણનાર ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવી છું (એનું માહાત્મ્ય છે)?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુ જેમ એક સમયમાં ત્રિલોકનાથ તીર્થંકર ત્રણ કાળ ત્રણ લોક દેખે જાણે એવો હું પણ મારી યથાશક્તિના ઉઘાડમાં જાણનાર દેખનાર છું, હું જાણનાર દેખનાર છું. હું રાગનો કરનાર અને પરનો કરનાર નથી. એમ યત્નસાધ્ય સ્વભાવ ઉપર જાય ત્યારે તેને ક્રમબદ્ધનું અકર્તાપણું પ્રગટ્યું કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? અરે..! આ કંઈ પોપાબાઈનું રાજ નથી કે ન્યાં એમ ને એમ ધર્મ થઈને મુક્તિ થઈ જાય અને ધીઠાઈ કરે એટલે એને આત્માને લાભ થઈ જાય. ધીઠાઈ સમજો છો? ધીઠ કહે છેને ધીઠ. થવાનું હશે એ થશે. આ ક્રોધ આવ્યોને? અમારે ક્યાં લાવવો હતો? એ આવવા કાળે આવ્યો. તારી પર્યાયના કર્તા વિના આવ્યો? પછી કહેશે ૩૭મી નયમાં. સમજાય છે? રાગાદિનું પરિણમન, વિકાર પરિણમન તારો એવો કર્તૃત્વ ધર્મ તારામાં છે એમ તું જાણજે.

સમ્યગ્દૃષ્ટિને પણ કહે છે કે રાગ થયો, જેટલો દ્વેષ થયો એ પર્યાયમાં કર્તૃત્વ પરિણમન છે, હું કરું રાગને એમ નહિ, પણ પરિણમન છે તારું એવું તારે લક્ષમાં રાખવું જોઈએ. સમજાય છે કાંઈ? એની મેળાએ રાગ થઈ જાય અને ક્રોધ થઈ જાય ને માન થઈ જાય તારા કર્તૃત્વના પરિણમનના ધર્મ વિના અને એ રાગ કોઈ કર્મ કરાવે (એમ) ત્રણ કાળમાં નહિ. કર્મ જડ છે, માટી છે, ધૂળ છે અજીવ. જેવી આ માટી છે એવી માટી ઝીણી માટી છે. રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ, શુભાશુભ બધા વિકારો એનો કર્તૃત્વ ધર્મ તારી પર્યાયમાં (રહેલો છે). ત્યારે (કોઈ) કહે કે કર્તૃત્વ ધર્મ આવો હશે તો સદાય રહેશે. સાંભળને ભાઈ! એ પર્યાયનો ધર્મ છે એટલું કહ્યું છે, ગુણધર્મ નહિ. ૩૮મી નય છેને? છેને? **'આત્મદ્રવ્ય કર્તૃત્વનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ).'** આમ રંગે છે કે નહિ? ક્યાં ગયા પોપટભાઈ! આ રહ્યા. કહો, સમજાણું? રંગતા હતા કે નહિ? ઓલા

ઊનું ઊનું હોય તો લાકડા ઊંચા નાખીને લુગડા ઊંચા કરવા પડેને? હાથેથી તો લેવાય નહિ. કહો, સમજાણું કાંઈ? ન્યાં અપાસરાના પાડોશી હતા. સારા પાડોશી થયા પાછા. ખત્રી, ભાઈ! ત્યાં રંગનું બહુ મોટું કામ હતું. ઈ ન્યાં જોડે રહેતા. જોડે જોડે હતા. ખત્રી છે લ્યો. એ રંગરેજ.. સામે છેને બધા, બીજા ઘણાય નહિ? આમ ઊંચુ નીચું કરતા. જોઈએ અમે દિશાએ જતા (ત્યારે). લાકડીથી ધબ ધબ કરતા. અહીં ગયા હતા ત્યાં જોયું હતું. ભુપેન્દ્ર (ડાઈંગ). ઘણા નોકરો રાખેને. આમ ઊંચુ નીચું કરે એટલે રંગ બોળે.

એ રંગરેજ જેમ (કપડાને) રંગે છે, એમ આત્મા પોતાની પર્યાયમાં વિકારને કર્તૃત્વધર્મથી પરિણમે છે. પોતાનું પરિણમન છે, પોતે જ કરેલું છે. હું કરું, એ જુદી વસ્તુ છે. એ પર્યાયબુદ્ધિ થઈ જાય છે. પણ પરિણમનમાં રાગ અને દ્વેષના પર્યાયો, જ્યાં સુધી કૈવલ્ય નથી ત્યાં સુધી વિકારનો પર્યાયનો, પર્યાયનો અંશ છે. ગુણધર્મ નહિ. એ કાળે જેટલો શુદ્ધ છે એ તો અકર્તાધર્મમાં જશે. સમજાય છે? સમ્યગ્દષ્ટિને પણ જેટલું શુદ્ધ પરિણમન છે એ રાગના અકર્તાપણામાં સાક્ષીપણામાં જાય. અને જેટલો રાગ રહે એક સમયની પર્યાયમાં એ કર્તૃત્વધર્મનું પરિણમન એનો પોતાનો ધર્મ છે. ધર્મ નામ તે પર્યાયને મેં મારે કારણે ધારી રાખી છે. કહો, સમજાય છે આમાં?

કોઈ એમ કાઢી નાખે કે કર્મને લઈને વિકાર થયો, ફલાણાને લઈને થયો એમ નહિ ચાલે. ભાઈ! એમ પોપાબાઈનું રાજ નથી અહીં કે કર્મના અમારે ઉદય આવ્યા એટલે આ થયા. બાપા! તારી દશામાં વિકાર થાય એટલો પણ તારી યોગ્યતાને કારણે થાય છે. અને એને જ એનું જ્ઞાન હોય છે કે જેને એ રાગ કરું એવી બુદ્ધિ ટળી ગઈ છે. જ્ઞાયક ચૈતન્ય ઉપર દૃષ્ટિ છે. સાધકભાવ—સમ્યગ્જ્ઞાન, દર્શન નિર્મળ સ્વભાવને આશ્રયે પ્રગટ થયું છે. એવા કાળમાં પણ જેટલો અંશ ધર્મનો એટલે રાગનો છે એ મારે લઈને મારામાં, મારું કર્તવ્ય, મારું પરિણમન, મારા ધર્મ સ્વતંત્રપણે હું પરિણમું છું. સમજાણું કાંઈ? એક બાજુ કહે કે સમ્યગ્દષ્ટિ કર્તા, સ્વતંત્રપણે કરે તે કર્તા, એ આવે છેને ભાઈ સમયસારમાં? માટે વિકારપણે સ્વતંત્રપણે પરિણમતો નથી માટે વિકારનો અકર્તા છે. અરે..! સાંભળ ભાઈ! એ તો દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવની દૃષ્ટિ છે, સ્વતંત્રપણે વિકારપણે પરિણમવું એવી ત્યાં બુદ્ધિ નથી. સમજાય છે કાંઈ? પણ પર્યાયમાં જેટલે અંશે વિકારનું પરિણમન (થાય છે) એ સ્વતંત્રપણે પર્યાયના ષટ્કારકપણે કર્તૃત્વ ધર્મે પરિણમી રહ્યા છે. આહા..હા..! ભારે પણ અપેક્ષાઓ.

એક કોર બળજોરીથી.. નથી આવતું? સમયસારમાં આવે છે. કારણ કે જ્ઞાની તો કંઈ રાગનો કરવાનો કામી નથી. એ તો સ્વભાવની દૃષ્ટિ છે, સ્વભાવપણે રુચિ છે પણ રાગાદિ વિકાર થાય એ કર્મની બળજોરી છે. એ તો નિમિત્ત અને નિમિત્તના લક્ષે થયેલો પોતાનો અપરાધ, બેયને વ્યવહારમાં નાખીને એનો કરેલો નથી, પરનો કરેલો છે એમ કહેવામાં આવ્યું છે. એ દૃષ્ટિના જોરના સ્વભાવની અપેક્ષાથી એ કહેવામાં આવ્યું છે. પણ તે દૃષ્ટિની સાથે

થયેલું સમ્યક્જ્ઞાન એ સમયના એક પર્યાયનો એક ભાગ અશુદ્ધ પણ મારું પરિણમન, મારું કર્તૃત્વ છે (એમ જાણે છે). સમજાણું કાંઈ? એક સમયની શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો અંશ. એમાં શુદ્ધતાના અંશે સાક્ષી અકર્તા છે રાગનો અને અશુદ્ધતાના અંશે કર્તા છે વિકારનો. એવા બેય ધર્મ એને એક સમયે સાથમાં રહેલા છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ ભાઈ!

વીતરાગ માર્ગ અને વસ્તુદર્શન એવું છે. લોકોમાં અત્યારે જ્ઞાન ન મળે. જે માથે કહેનારા મળ્યા એ હાંક્યું અને ચાલ્યું. કાંઈ ખબર ન મળે દ્રવ્ય શું, વસ્તુ શું. આ કરો, આ કરો, પરોપકાર કરો, ફલાણું કરો, ધૂળ કરો. કોણ કરે? બાપા! પરવસ્તુની કોણ ક્રિયા કરે? એ પરનો કર્તૃત્વધર્મ તારામાં નથી અને રાગનું કર્તૃત્વ તારામાં છે. અને એની સાથે, રાગની સાથે રાગ ન કરું એવો ભાવ પણ પડ્યો એવો અકર્તા ધર્મ અને સાક્ષી ધર્મ પણ એ સમયમાં પડ્યો છે. આહા..હા..! બહુ પણ વાત.. આમાં તો મગજને—જ્ઞાનને કેળવવું પડે. એ જ્ઞાનને કેળવ્યા વિના... ઓલા લોટને કેળવે ત્યારે રોટલી થાય છે. એમ ને એમ થાતી નથી. કેળવે છેને? શું કહે છે એને? તેલ નાખીને. શું કહેવાય? ટૂંપે. મોણ નહિ. મોણ તો તેલમાં જરી આમ આમ કરીને.. મોણ ... ત્યારે રોટલી થાય, નહિતર રોટલી ન થાય. ન્યાં એમ થાય, અહીં કેવળવવાની નહિ.

જ્ઞાનકળા, પોતાની જ્ઞાનદશા, અરે..! આત્મા જ્ઞાનમૂર્તિ એની જ્ઞાનકળા કેમ કેળવાય એની ખબરેય ન મળે અને અમારે ધર્મ થાય છે. અમે સામાયિક કરીએ ને પોષા કર્યા ને પડિકમણા કર્યા. ધૂળેય નથી, સાંભળને! ન્યાં ધર્મ ક્યાં? એ તો વિકલ્પ ઉઠ્યો. આ રાગ, આ રાગ, આ રાગ. સમજાણું કાંઈ?

અહીં તો રાગનો કરનાર પર્યાયધર્મ જાણતો, રાગનો નહિ કરનાર પણ હું એવું જાણતો. આહા..હા..! અને એક જ સમયમાં બે ધર્મો એમાં રહેલા છે. ધર્મ નામ ધારી રાખેલો ભાવ. ધારી રાખેલો ભાવ. એમ જ્ઞાની પોતાના અંશે અંશની સત્તાનો સ્વીકાર કરતો, અંતર ચૈતન્યમૂર્તિ સ્વરૂપ છે એના ઉપર એની દૃષ્ટિનું વલણ હોય છે. કહો, સમજાણું કાંઈ? આ યત્નસાધ્ય છે એની વાત ચાલે છે આ. પુરુષાર્થ વિના આત્માનો મોક્ષ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ ત્રણ કાળમાં બને નહિ. કહો, સમજાણું કાંઈ આમાં?

તો કહે છે કે જેમ પુરુષાર્થવાદીએ લીંબુને ઉગાડ્યું બરાબર સાચવીને, જાળવીને, પાણી પાઈને આમ .... એવા પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય, એમ પુરુષાર્થથી ભગવાન આત્માનો મોક્ષભાવ પ્રાપ્ત થાય છે. પુરુષાર્થથી થાય. જુઓ! કેટલાક કહે છે કે તમે નિયતિ અને ક્રમબદ્ધ માનો (એમાં) પુરુષાર્થ ઊડી ગયો. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! અરે..! ભગવાન! તારી લીલા તે કોઈ એવી છે કે તને તારી ખબરું ન મળે. સમજાય છે કાંઈ? થવા કાળે અને તે કાળે કાળલબ્ધિએ મુક્તિ થાય એ ત્રણ કાળમાં ફરે નહિ. છતાં તે કાળે તેનો પ્રયત્ન સ્વભાવ તરફ વળેલો ન હોય એમ પણ બને નહિ. સમજાણું કાંઈ? એ સ્વભાવ તરફ પ્રયત્ન વળ્યો

ત્યારે કાળે મુક્તિ થવાની, કાળે આ થયું એવું એને જ્ઞાન સાચું કહેવામાં આવ્યું. પ્રયત્ન તો સાથે સાથે છે. ઊડાવે છે પણ બધું કોણ જાણે. સમજાણું કાંઈ? ઓહો..! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માનો માર્ગ ક્યાં રહ્યો અને લોકો ક્યે રસ્તે ચડી ગયા. ઉભાંગડે ચડ્યા અને (માને છે કે) માર્ગ કાપીએ છીએ! એ અનાદિથી એક વાત... સમજાણું? પુરુષાર્થનયે આત્મામાં પ્રયત્નસાધ્ય સિદ્ધિ છે. સમજાણું કાંઈ?

કળશટીકામાં તો એવું આવ્યું છે, કીધુંને? યત્નસાધ્ય નથી, જતનસાધ્ય નથી. એટલે કે એનો અર્થ એમ લેવો કે હું એકલો પુરુષાર્થ જુદો પાડીને કરું એવા વિકલ્પથી (સાધ્ય) નથી. બાકી તો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં નોંધ છે કે આ જીવ આ કાળે આ સમયે મુક્તિએ જશે. સમજાણું કાંઈ? છે કે નહિ? કળશટીકા છેને? કળશટીકા. દસમે પાને છે જુઓ! (કલશ-૪) **'ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે.'** 'થાકો સમય' મારવાડી ભાષા છે. સમજ્યાને? **'તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે. વિવરણ—આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.'** ભગવાન સર્વજ્ઞ પરમાત્માના કેવળજ્ઞાનમાં એક સમયમાં જણાણું છે કે આ જીવ આ સમયે મોક્ષ થશે. આ જીવને આ સમયે (આ થશે) એમ બધું કેવળજ્ઞાનમાં નોંધ છે. વાણિયા નોંધ રાખે છે કે નહિ? ભગવાનજીભાઈ! કેવળજ્ઞાન પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ જૈન દેવ, જેના કેવળજ્ઞાનમાં બધી નોંધ છે. ... છેને? નોંધ છે. નોંધું, એ ઢુંઢારી પુરાની ભાષા છે. **'નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી...'** એ તો એક વાત કરી છે અપેક્ષાએ. સમજાય છે? **'એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે.'** એ બીજી અપેક્ષા છે.

અહીંયા તો એ યત્નસાધ્ય છે મોક્ષ. એવો એનો નિજધર્મ છે. આહા..હા..! કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ (આ સમયે મોક્ષ જશે). પણ એ કેવળજ્ઞાનનો નિર્ણય કરનાર કોણ? કેવળજ્ઞાન આ જગતમાં, એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે (કે) ત્રણ કાળ ત્રણ લોક જાણે. આહા..! એટલા બધાનો એક અલ્પ પર્યાયમાં સત્તાનો સ્વીકાર, સત્તાનો આદર, સત્તાનો સત્કાર, એની હયાતી છે એમ જ્ઞાનપર્યાય ઝીલે એ જ્ઞાન ડોલે અંદરમાં જાય ત્યારે ઝીલે એને. સમજાણું કાંઈ? એક સમયના જ્ઞાનની પર્યાય ભાર આવ્યો માથે બહુ. જેમ ... ઉપર કૂવો હોયને, ભાર આવેને તો આમ આમ ફરી જાય છેને ફટ ફટ. એક જ્ઞાનની પર્યાયમાં આટલું કેવળજ્ઞાન આમ છે એમ જ્યાં અંદર ભાર આવે છે પર્યાયમાં, એ પર્યાય ગુલાંટ ખાઈને દ્રવ્ય ઉપર જાય છે. સમજાય છે કાંઈ? પણ વાત એવી છે કે...

પ્રયત્ન અંદર જાય છે ત્યારે તેને, જે સમયે થવાનું એનો સાધ્યનું, એની પર્યાયનું નક્કી ત્યારે એના જ્ઞાનમાં થાય છે. માટે આત્માની મુક્તિ યત્નસાધ્ય છે. હવે એ જ સમયે યત્નસાધ્ય છે તે જ સમયે તે '**આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે...**' આ તે અનેકાંત ધર્મ! ભાગચંદજી! આ તમારી માટે લીધું છે. નયો કેટલા પ્રકારની ઝીણી છે, કેવું એનું સ્વરૂપ છે વીતરાગમાર્ગમાં એની ખબર ન મળે અને એમ ને એમ હાંકે રાખે, થઈ ગયા ધર્મ ને આ થઈ ગયું. ઓલાને કહે, દેરાસર ને ભક્તિ ને પૂજાથી (ધર્મ થયો), ઓલો સામાયિક ને પોષા (કરીને ધર્મ માને). હવે ધૂળમાંય નથી, સાંભળને! રાગ મંદ હોય તો પુણ્ય થાય. ધર્મ-બર્મ ન મળે. સમજાણું કાંઈ? ધર્મ તો ભગવાન એક સમયમાં પોતાનું સ્વરૂપ અનંત ગુણ અને ધર્મને ધરનાર એની બધી કબુલાત કરીને સ્વભાવ તરફમાં ઝુકાવ થાય ત્યારે તેને ધર્મની દશા ઉત્પન્ન થાય. સમજાણું આમાં?

હવે કહે છે કે તે '**આત્મદ્રવ્ય...**' તે આત્મદ્રવ્ય (એટલે) જે કીધું ઈનું ઈ. તે જ સમયે ધર્મ પાછો. યત્નસાધ્ય વખતે અયત્નસાધ્ય ધર્મ. ભાગચંદજી! એક સમયે આવું બધું! જૈન માર્ગ કેવો પણ આ? કંઈ કોઈ રીતે એનો નિર્ધાર નહિ? ન્યાલભાઈ! નિર્ધાર છે બધો, નિર્ધાર નહિ શું? તે '**આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે...**' જે આત્મદ્રવ્યની મુક્તિ અયત્નસાધ્ય છે, '**(-યત્ન વિના થાય છે) એવું છે,...**' એટલે? પુરુષાર્થ કર્યો છે અને કર્મનો અભાવ તે કાળે કર્મને કારણે થયો. એ અભાવ થયો તેનો એક અહીંયા ધર્મ ગણીને કર્મના અભાવને કારણે મુક્તિ થઈ એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે ભાઈ? આ બહુ ઝીણી વાત છે હોં!

કહે છે, આત્મામાં એમ પણ કહેવાય કે અહો..! કર્મ આના મોળાં પડ્યા, કર્મ ખસી ગયા. અહો..! ધર્મ થયો. એવો એક વાચ્ય યત્નસાધ્ય ધર્મના કાળમાં પણ આવો એક વાચ્ય ધર્મ એમાં ધારી રાખ્યો એમ ગણવામાં આવે છે. આહા..હા..! નિમિત્તની અપેક્ષા છે આ. ઓલું પહેલું નિશ્ચયની અપેક્ષા છે અને આ નિમિત્તની અપેક્ષા છે. કર્મનું નિમિત્ત એક દ્રવ્ય છેને, સ્વતંત્ર પદાર્થ છેને એ પણ. એનું પરિણમવું, એનું ખસવું એને કારણે થયું અને અહીં મુક્તિ ને ધર્મ થાય, ત્યારે કહે છે કે એવો એક ભાવ યત્નસાધ્યના તે દ્રવ્યના કાળમાં અયત્ન નામ કર્મ યત્ન વિના ટળ્યા છે અને ટળ્યા અને અહીં ધર્મ થયો, એવો અયત્નસાધ્ય નામનો એક ધર્મ એ સમયમાં ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આ કોણ પણ મહેનત કરે આમાં? ... જાધવજીભાઈ! જય ભગવાન, ચાલો ચાલો! અરે..! ભાઈ! તને ખબર નથી. સર્વજ્ઞદેવ શું કહે છે? સર્વજ્ઞના સંતો કેવા હોય અને એ શું કહે છે અને એમની વાણીમાં શું આવ્યું છે? એની ખબર વિના તને ધર્મ ક્યાંથી થાતો હતો? સમજાણું કાંઈ?

કહે છે, '**આત્મદ્રવ્ય દૈવનયે...**' દૈવનયે. દૈવમાં માંડ્યું હશે તો થાશે. એટલે કર્મ ખસશે તો થાશે એવો પણ એક ભાવ ગણવામાં આવ્યો છે. આહા..! સમજાણું કાંઈ? પણ એ

કંઈ આગળપાછળ નહિ. જે વખતે પુરુષાર્થથી સિદ્ધ છે, જે વખતે કાળથી સિદ્ધ છે, એ જ વખતે અકાળથી સિદ્ધ છે, એ જ વખતે દૈવથી સિદ્ધ છે એમ એવો એક ધર્મ એ સમયમાં સાથે ગણવામાં આવ્યો છે. આઘોપાછો કોઈને પુરુષાર્થથી થાય અને કોઈને દૈવથી થાય એમ નહિ. એમ એ જીવને કોઈ વખતે પ્રયત્નથી ગુણનો લાભ થાય અને કોઈ વખતે કર્મ ખસવાથી થાય એમ નહિ. સમજાણું કાંઈ? એને એ જ કાળે પુરુષાર્થ દ્વારા ભગવાન ચિદાનંદની ખાણ આત્મા આવા બધા ધર્મોનો સ્વીકાર, ધર્મ નામ દશા, ભાવ, અવસ્થા, ધારી રાખેલી યોગ્યતા છે. એવું લક્ષ કરીને સ્વભાવ તરફ ઢળ્યો છે એને થાય છે ધર્મ પોતાના કારણે. સમજાય છે? પણ કર્મના નિમિત્તનો તે કાળે એ પણ એક દ્રવ્ય છેને, વસ્તુ છેને, એનું ખસવું કાંઈ આત્માને આધીન નથી. સમજાણું? આત્માને આધીન નથી. આત્મા પોતામાં પ્રયત્ન કરે. એનું ખસવું એને આધીન છે. એ દ્રવ્ય માર્ગ આપે ત્યારે અહીં થાય એવી પણ એક બોલવામાં વાત આવે છે. સમજાણું કાંઈ? છે તો અહીં માર્ગે ચડ્યો એટલે ત્યાં માર્ગ આપે. પણ પરદ્રવ્યની સ્વતંત્રતા ગણી એના પર્યાયનો કર્તા તો એ પરમાણુઓ છે. એનો અભાવ થાય ત્યારે અહીં ધર્મ થાય એવો એક યત્નસાધ્યના કાળમાં પણ આવી એક યોગ્યતા ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? 'એવું છે,...' કોની પેઠે?

પહેલું તો આપણે આટલું સિદ્ધ કરવું છે આ. સમજાણું? દૈવનયે. જાદવજીભાઈ! એ કર્મ માર્ગ આપે તો ધર્મ થાય. પણ પહેલો પ્રયત્નસાધ્યનો ધર્મ તો એ સમયે ગણવામાં આવ્યો છે. પુરુષાર્થથી થાય એ તો કીધું ત્યાં. ઈ સ્વની અપેક્ષા લીધી. ઓલું પરદ્રવ્ય સ્વતંત્ર કર્મ છે અને એનું બદલવું આત્માને આધીન નથી. એ બદલ્યા અને અહીં ધર્મ થયો એવું જે કહેવામાં આવે એ દૈવથી થયું એમ ઉપચારથી કહીને એવી એક યોગ્યતા, પ્રયત્નસાધ્ય ધર્મ કાળે ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? લ્યો, આ સમજવા જેવી છે હોં! આ બધી સમજીને આ પ્રકારે જાજો, પાછું બહારમાં વળી કાંઈકનું કાંઈક ન થઈ જાય. જયંતીભાઈ! આમ કહેતા હતા. સાંભળ બાપા! શું કહે છે?

અરે..! ઓલા હીરા સરાણે ચડે એ સરાણું જુદી જાતની હોય. કેમ શેઠિયા? શેઠી! ઈ કાંઈ લોઢાના કાટ કાઢે એ સરાણું હોય એની? લાખો રૂપિયાનો હીરો, એક એક હીરો એક એક હોં! એ પાસા પડે હીરાના એ જુદી જાતની સરાણું હોય. હીરા લઈ જાય એની તો શું વાત કરીને કિંમત ભરીને, પણ એના ભુક્કા પડે એના હજારો રૂપિયા ઊપજે. હીરા સરાણે ચડે છે આ તો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એના એ સમયે, એના એ સમયે. બેય સાચી વાત. એના એ સમયે. અપેક્ષા બીજી, સમય એનો એ. પહેલા વજન ક્યાં છે એ પહેલું જાણવું જોઈએને. સમજાણું કાંઈ? પુરુષાર્થથી પણ થાય એવો પણ એક ધર્મ તે સમયે અને એ સમયે પુરુષાર્થથી ન થાય,

કર્મના ખસવાથી થાય એવો એક યોગ્યતાનો તે સમયે ધર્મ.

મુમુક્ષુ :— પુરુષાર્થ વગર થાય?

ઉત્તર :— પુરુષાર્થ વગર થયું ઈ. એવો પણ એક ધર્મ. પુરુષાર્થથી થાય એ કાળે પુરુષાર્થથી ન થાય એવો એક ધર્મ. એને પુરુષાર્થથી ન થાય અને કો'કને પુરુષાર્થથી થાય એમ નહિ. સમજાણું કાંઈ? ભીખાભાઈ!

આ તો નય. શક્તિઓનું, વસ્તુનું દ્રવ્યસ્વરૂપનું તો અલૌકિક વાતું. પણ આ નયને તો સમજાવવામાં જ્ઞાનનું કેટલું એનું રૂપ છે અને જેટલા એના દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપો સાધકમાં છે બધા એને ધર્મ છે એમ સિદ્ધ કરવા છે અહીં તો. પુરુષાર્થથી થાય અને પુરુષાર્થથી ન થાય ઈ કઈ અપેક્ષા? પોતાના જ સ્વભાવના પ્રયત્નથી થાય તે પુરુષાર્થથી થાય એમ કીધું અને તે જ કાળે કર્મનો અભાવ થયો એટલી અપેક્ષા લઈને પુરુષાર્થથી નથી થયું એમ કીધું. સમય તો એનો એ અને ધર્મ એનો એ, એ આત્મામાં. અપેક્ષા ફેર પડી ગઈ. સમજાણું કાંઈ?

તે '**આત્મદ્રવ્ય...**' એટલે જે જે આ બધા ધર્મવાળો તો એક સમયમાં જ આખો આત્મા છે. '**જેની સિદ્ધિ...**' એટલે તે આત્મદ્રવ્યની મુક્તિ '**અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે)...**' કર્મના અભાવની અપેક્ષા લઈને કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કરી શકતો નથી એને. એ તો સ્વતંત્ર દ્રવ્ય છે. એને ક્યાં કરવું છે? પણ એને કારણે ત્યારે અહીં જાણે યત્નસાધ્ય વખતે એને યત્ન વિના ટળ્યું એટલે અયત્નસાધ્ય મુક્તિ છે એમ કહેવામાં આવે છે. ... છે. પણ કર્મ ... વિના ક્યાંથી તમે પુરુષાર્થ કરશો? એમ પહેલા બહુ ચર્ચા આવતી. ઘણા વર્ષ (પહેલા), ચાલીસ વર્ષ પહેલા. કર્મ દ્રવ્ય છેને? દ્રવ્ય છેને? એનો ગુણ છેને? એના પર્યાયનું સત્ છેને? એ કબજો ન છોડે ત્યાં સુધી તમારા હાથમાં માલ નહિ આવે. આ જુઓને, ડૉક્ટર છે. બધા હોય છેને, નવો ડૉક્ટર આવે ત્યારે એને સોંપે કે નહિ બધું? શું કહેવાય? ચાર્જ. ત્યારે નવો ડૉક્ટર ચાર્જ લ્યેને, ઓલો સોંપે ત્યારે. સોંપ્યા વિના શી રીતે લે? એમ કર્મ એક દ્રવ્ય છે. ત્યારે તમે ઉપાદાનનું જોર કહેશો કે ઉપાદાનથી થાય, તો અમે કહીએ છીએ કે કર્મ પણ ઉપાદાનનું જોર છે. એના જોરે એનું ઉપાદાન ટળે ત્યારે થાય, તમારાથી થાય એવું છે નહિ.

(સંવત) ૧૯૮૩ની સાલમાં મોટો અધિકાર ચાલ્યો હતો. જિનવિજય છેને? જિનવિજયને? પુરાતત્ત્વનો. એણે એક પુસ્તક બહાર પાડ્યું છે. કર્મ એક દ્રવ્ય છે, વસ્તુ છે. દ્રવ્ય પોતે પોતાના ઉપાદાનથી ખસે ત્યારે અહીં ધર્મ થાય. બધી વાત પરથી લીધી ભાઈ! એક આખું મોટું પુસ્તક બનાવ્યું છે. ૮૩માં જે અમારે હતા ત્યાં, જુઓ! આ પ્રમાણે આ પુસ્તકમાં છે. મેં કીધું, શું છે? અહીં કર્યા વિના ત્યાં એની મેળાએ થાતું હશે? થાય છે એની મેળાએ.

પુરુષાર્થ અહીં કરે છે એટલે એનો અભાવ થાય વિના (રહે નહિ). આના યત્ન વિના કર્મનો અભાવ થાય (એમ બને નહિ). કર્મનું દ્રવ્ય છેને, એ પણ દ્રવ્ય છેને એમ કહેતા.

પછી પ્રશ્ન ઉઠ્યો હતો. આવ્યો હતોને? ૧૯૯૫માં. ઉપાદાનનું જોર તો અમે કહીએ છીએ કે કર્મના ઉદયનું ઉપાદાન આવે એટલે વિકાર કરવો જ પડશે. તમે કહો કે આત્માના પુરુષાર્થથી વિકાર થાય એવું ઉપાદાન પોતાનું છે. અમે કહીએ છીએ કે કર્મનો ઉદય આવે, એનું ઉપાદાન બરાબર એનું છે તો એના પ્રમાણમાં અહીં વિકાર (કરવો પડે). ઉપાદાન (હોય) ત્યારે અહીં નિમિત્તરૂપે કરવું જ પડશે. અરે..! ઉપાદાનની સ્વતંત્રતા આમ ન જોવાય. સમજાણું કાંઈ? ઉપાદાનની સ્વતંત્રતા જોનાર, વિકાર મારાથી થાય અને ગુણ મારામાં ત્રિકાળ છે- એવી સ્વતંત્રતાને જોનાર ઉપાદાનને સ્વીકારે છે. વાત કરી આની ઉપાદાનની અને વાત તું ત્યાં લઈ જાય કર્મની. કેમ ભાઈ? એ હતા ...માં. લીંબડી. રમણીકલાલ. એ પ્રશ્નમાં હતા, ઉપાદાનમાં. એક તો અમારે વનેચંદભાઈ હતા. રામજીભાઈના સાળા. એણે કીધું ન્યાંથી આવ્યું હતું. ત્રણ પ્રશ્ન ચાલતા, ૧૯૯૫માં. ખબર છે કે નહિ રમણીકભાઈ? અહીં તો એક વાર આવ્યું હોય તો ખ્યાલ હોય કે નહિ?

ત્રણ તરફથી પ્રશ્ન આવ્યા હતા. ઉપાદાન હોય, કર્મનું ઉપાદાન ખસે ત્યારે ધર્મ થાય. વનેચંદભાઈએ અમારે પ્રશ્ન એ કર્યો હતો કે ઉપાદાન આમ છેને? ન્યાંથી આવ્યો હતો, હિન્દુસ્તાનમાંથી. ઉપાદાનનું જોર લેશો તો અમે જડનું પણ ઉપાદાન કહીએ છીએ કે એ ખસે ત્યારે તમને કલ્યાણ થશે, એ વિના નહિ થાય. અરે..! ભગવાન! ક્યાં તારી દૃષ્ટિ ગઈ? ઉપાદાન સ્વતંત્ર છે પર્યાયમાં વિકાર, અવિકાર કરવામાં-એમ નક્કી કરનાર એના દ્રવ્યસ્વભાવ ઉપર એનો યત્નસાધ્ય પુરુષાર્થ જાય છે. સમજાય છે? એને કર્મનો અભાવ થયા વિના રહે નહિ. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ. કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' ઈ આવે છે, ભક્તિમાં આવે છેને? પૂજામાં આવે છે. 'કર્મ બિચારે કૌન?' એ તો જડ માટી ધૂળ ઝીણી છે. 'ભૂલ મેરી અધિકાઈ' હું ભૂલ કરું ને હું ભૂલ ટાળું. મારા સ્વતંત્ર અધિકારની વાત છે. પરને લઈને છે નહિ.

અગ્નિ લોઢામાં પેસે તો ઘણના ઘા ખાય છે. એકલી અગ્નિને ઘણ પડતા નથી. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંગમાં જાય છે. ઈ કહેશે પછી, તરત જ આવશે, ઈશ્વરનય. સમજાણું કાંઈ? પોતે પરતંત્ર થઈને નિમિત્તાધીન થાય એવો એનામાં એક ધર્મ છે. ઈ આવશે, ૩૪માં. આ ચાલે છે ૩૩મો ધર્મ. સમજાણું કાંઈ?

તો કહે છે, તે આત્મ ભગવાન એનામાં અનંતા ધર્મ નામ પર્યાયો ધારી રાખ્યા એમાં એક આવો ધર્મ છે. યત્નસાધ્યના કાળે કર્મની અપેક્ષાનો અયત્નસાધ્ય છે. એવો એક ધર્મ ગણીને એવું એ આત્મદ્રવ્ય છે. દાખલો. '**પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.**' સમજાણું?

દૈવવાદી હતો (કહે કે) અમારે તો દૈવથી મળશે. એમાં કોઈએ પુરુષાર્થથી લીંબુનું ઝાડ પકવ્યું અને એ લીંબુનું ઝાડ આપ્યું ઓલા દૈવવાદીને. એ ઝાડમાં એના લીંબુમાં માણેક (મળ્યું). ઝાડમાં લીંબુના બીજના ઠેકાણે માણેક પાકે. શેઠી! સાંભળ્યું છે? નથી સાંભળ્યું. વીસ વીસ હજારના માણેક પાકે છે. એ લીંબુના ઓલામાં ઠળિયા પાકે છેને ઠળિયો કઠણ, એને ઠેકાણે ત્યાં માણેક પાકે. લીંબુમાં માણેક પાકે.

વીરજીભાઈ તો કહેતા હતા, ત્યાં ગયા હતાને. વીરજીભાઈ જૂના માણસ છેને. ૯૦ વર્ષ. કલકત્તા એક ફેરી ગયા હતા, ત્યાં ૨૧૦૦૦નું માણેક લીંબુમાં પાકેલું જોયું હતું એમણે. પણ ઘણા વર્ષની વાત હોં! ૯૦ વર્ષની ઉંમર છેને એની અત્યારે. બહુ ફરેલાને. નહિ આ ભરત આવે છે? વીસ વીસ હજારનું માણેક લીંબુના આટલામાંથી મળ્યું. એવું માણેક પાકે. માણસને પથરી પાકે છેને, પથરી નથી થાતી? પથરી થાય છેને, એમ ત્યાં લીંબુમાં માણેક થાય છે પત્થરના કોઈ રજકણો ભેગા થઈ. સમજાણું કાંઈ? લ્યો, આ ઝવેરીને ખબર નથી. જુઓ! અહીં શાસ્ત્રમાં કહ્યું છે ભગવાને.

કહે છે કે કોઈ દૈવવાદી હતો. અમારે તો કર્મમાં માંડ્યું હશે એમ થાશે. એમાં કોઈ પુરુષાર્થવાદી હતો એણે લીંબુ પકવ્યું, લીંબુનું ઝાડ. એમાં લીંબુનું ઝાડ પકવીને ઓલા દૈવવાદીને આપ્યું. દીધું ત્યાં એમાં લીંબુમાંથી માણેક નીકળ્યું. કહો, સમજાણું કાંઈ? એવા માણેક ઘણા નીકળે કેટલી વાર. એક ઝાડમાં સેંકડો લીંબુ હોય તો બે-ચાર નીકળી જાય. લાખો રૂપિયા (પેદા થાય). અહીં પૈસાને માટે વાત નથી કહેવી હોં! પુણ્યનો જોગ હોય. આ સોભાગભાઈ રહ્યા, જુઓને! કહો, સમજાણું કાંઈ? પુરુષાર્થવાળાએ લીંબુનું ઝાડ પકવ્યું અને પછી આપી દીધું. દશ, પાંચ, પંદરમાં આપી દીધું કો'કને. ઓલાએ જ્યાં લીંબુને ફોલવા માંડ્યાં (તો એમાંથી) માણેક નીકળ્યું. ઈ ક્યાં પુરુષાર્થ કરવા ગયો હતો? કહે છે. એને એના લીંબુમાંથી માણેક મળ્યું. વીરજીભાઈ કહેતા હતા હોં. ઝવેરી હતા. લીંબુમાં પાકેલા માણેક છે. એવા એક નહિ પણ ઘણાની વાત છે. સમજાણું કાંઈ?

એમ એ પુરુષાર્થવાળાએ લીંબુનું ઝાડ પકવીને કોઈને આપ્યું. યત્ન વિના દૈવથી માણેક પ્રાપ્ત થાય ઓલાને. એમ આત્માએ પ્રયત્ન કર્યો પોતાને માટે અને કર્મ ખસી ગયા એને કારણે. એને અયત્નસાધ્ય આત્માની પ્રાપ્તિ થઈ જાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ વીતરાગ માર્ગ. જૈન પરમેશ્વરનો કેવળજ્ઞાનીનો માર્ગ શું છે? કાંઈ કોઈ દિ' શાસ્ત્ર સાંભળવા મળે નહિ અને શું છે અને કેમ છે (સમજ્યા વિના) જય નારાયણ ભગવાન! જાઓ! ધર્મ, ધર્મ, ધર્મ. બાપા! ધર્મના મોઢા કાંઈક બીજા છે. એક સમયનો ધર્મ અનંતા જન્મ મરણને કાપી નાખે. અનંતા જન્મ મરણને કાપી નાખે. કીધું હતુંને ઈ? અકાળ ધર્મ. સમજાણું કાંઈ?

કહે છે, એવા લીંબુમાંથી માણેક પાકી જાય. એમ યત્ન કર્યો અહીં અને (ત્યાં) કર્મ

ખસી ગયા એમ કહેવામાં આવ્યું. દર્શનમોહ ટળી ગયો, ફલાણું થયું, ચારિત્રમોહ ગયો તો ... થઈ ગઈ, લ્યો. આઠ કર્મના ક્ષયે ભગવાનને સિદ્ધપદ મળ્યું. ચાર કર્મના ઘાતિ ક્ષય થયે ચાર કર્મ ટળ્યા તો કેવળજ્ઞાન થયું એમ કહેવામાં આવ્યું. ત્યાં એને ટાળવાનો યત્ન કરવો પડતો નથી પરને માટે. ક્યાં એનો કર્તાહર્તા આત્મા છે? પણ એ ટળ્યા અને થયું એમ કહેવામાં એમાં દૈવથી મુક્તિ થઈ એમ પણ એક ધર્મ કહેવામાં (આવ્યો છે). પુરુષાર્થ કાળે, પુરુષાર્થ કાળે આ એક કહેવામાં આવે છે. કહો, બરાબર છે? ઓહો..હો..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એમ નહિ. વાત ક્યાં છે? કો'કને.. એને નથી. એને કોઈ વખતે પુરુષાર્થથી થાય અને કોઈ વખતે દૈવથી થાય એમેય નથી. એકને જ સાથે છે. વાત અહીં છે. એને વળી કોઈ વખતે પુરુષાર્થથી થાય અને કોઈ વખતે પુરુષાર્થ વિના થાય એમ નહિ. એને એ સમયે આવી અપેક્ષા, ભિન્ન ભિન્ન અપેક્ષાએ ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? નંદલાલભાઈ! સમજાય છે આ? પણ આ બધું વાંચવું અને વિચારે તો સમજાય એવું છે. સમજાણું? કેટલાકને ચોપડા જોવાની દરકાર નહિ. ... લેવી હોયને, ઈ ચોપડા ન જોવે. મૂકો ચોપડા કોર્ટમાં પછી. એમ આપણું ચાર ગતિમાં શું થશે એને શાસ્ત્ર જોવાની દરકાર નહિ કે શું છે પણ આ સ્વરૂપ? કેમ કહેવામાં આવ્યું? અને કઈ રીતે સર્વજ્ઞ ત્રિલોકનાથ ભગવાને ભાળ્યું છે? અને ભાળ્યું છે એવું છે અને છે એવું જ્યાં સુધી એના જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી એને કોઈ રીતે અંશે પણ ધર્મ થાય નહિ. સમજાય છે કાંઈ? એ ૩૩મી નય થઈ.

૩૪મી. તે જ **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...'** દેખો ખુબી! ઓલા કહે છે એમ નહિ. બીજાઓ કહે છે, કર્મને, નિમિત્તને આધીન નિમિત્તે કરાવ્યું. એમ ત્રણ કાળમાં આત્મામાં એવો ધર્મ નથી. પણ આત્મા પોતાના ભાનમાં આવી જ્ઞાનને જાણ્યું તે કાળે જરી રાગ ને વિકાર પોતે નિમિત્તને આધીન થાય એવો એક એનામાં ધર્મ છે. સમજાણું કાંઈ? નિમિત્ત એને આધીન કરાવે એવો ધર્મ નથી એનામાં. નિમિત્તમાં ધર્મ નથી, આત્મામાં એવો ધર્મ નથી. ધર્મ એટલે પર્યાયની લાયકાત નથી કે જે નિમિત્ત એને પરાધીન કરાવે. પણ આત્મામાં એવો એક ધર્મ યોગ્યતારૂપ ભાવ જીવે ધાર્યો છે એમ સાધક જાણે છે કે નિમિત્તને આધીન હું થાઉં છું એટલે પરાધીન હું થાઉં છું. પરાધીન હું થાઉં છું એવો મારામાં મારો ધર્મ છે. ફેર પડ્યો મોટી વાતનો. ઓલા કહે કે કર્મથી આત્મા પરાધીન છે. કોણે કહ્યું એવું તને? ક્યાં કહ્યું છે એવું ભગવાનના માર્ગમાં? ક્યાં છે એવો તારો ધર્મ કે કર્મ તને પરાધીન કરે? હા, તું સ્વતંત્ર થઈને કર્મના નિમિત્તને આધીન તું પોતે પોતાને કારણે થા એવી એક તારી સાધકદશા જ્યાં સુધી છે ત્યાં સુધી બાધકપણું, પરાધીનપણું તારો એક ધર્મ છે. જુઓ! ઓલા કહે, કથંચિત્ સ્વાધીન અને કથંચિત્ પરાધીન. કાલે આવ્યું હતુંને? કથંચિત્ સ્વાધીન અને પરાધીન. કઈ અપેક્ષાથી? એના એ દ્રવ્યમાં એક પરાધીન અને સ્વાધીન

હોવું જોઈએ. એક જ સમયની અહીં વાત છે. કો'ક પરાધીન કરાવે એવી વાત ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ?

પોતે આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનું અંતર ભાન થયું, સ્વતંત્ર દ્રવ્યના સ્વભાવની શુદ્ધિ કરવાની ભાવના છે. સમજાણું? જ્ઞાનીને તો ભાવના એ છે, એકાગ્ર સ્વભાવ તરફ હોય છે. છતાં જેટલો વિકાર થાય છે એ નિમિત્તને આધીન થવાનો એનામાં પોતાનો પોતાને લઈને ધર્મ છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ પછી કહેશે. સ્વતંત્રતાનું પછી કહેશે. અત્યારે પરતંત્રતાની વાત છે. આ રીતે પરતંત્ર પણ સ્વતંત્રપણે થાય છે. અરે..! આ ભારે! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એની પર્યાયમાં વિકાર થાય, રાગ દ્વેષ આદિ.. સમજાણું? ચક્રવર્તી તીર્થંકરો, છન્નુ હજાર જેને ઘરે (રાણીઓ). ક્ષાયિક સમકિતી, ત્રણ જ્ઞાન લઈને આવ્યા. પછી લગન કરે છે છન્નુ હજાર (સાથે). તો કહે છે કે શું છે આ? એ નિમિત્ત ને કર્મને આધીન થવાનો એક મારો પોતાને કારણે ધર્મ છે. એટલે હું પરાધીન થાઉં છું. કર્મનો ઉદય મને પરાધીન કરે છે એવું મારામાં નથી. સમજાણું કાંઈ? ભારે વાતું!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પરાધીન થવાનો પોતાની પર્યાયનો ધર્મ જાણે છે. પર પરાધીન કરે છે એમ નહિ. કે સ્ત્રીઓ પરાધીન કરે છે, કર્મનો ઉદય પરાધીન કરે છે. શું કરું? આટલા પુત્ર, પુત્રીઓ થયા, હું તો પરથી પરાધીન થઈ ગયો. એમ નહિ. એવો કોઈ જીવ છે જ નહિ. પોતાની પર્યાયમાં એવી એક યોગ્યતા જે સમયે સ્વતંત્રતાનો કરનાર છે એવો પણ મારો એક ધર્મ છે, તે જ સમયે પરતંત્ર હું થાઉં છું મારે કારણે એવો પણ મારો મારામાં મારે કારણે ધર્મ છે. ભાગચંદજી! સમજાણું કાંઈ? અરે..! ભગવાન! શાંતિથી (સાંભળ) ભાઈ!

અરે..! આવા મનુષ્યદેહ મળ્યા અને આંખ્યું વીંચાઈને ક્યાં જઈશ? ભાઈ! એ તારી રાડ કોઈ નહિ સાંભળે. સાંભળશે? અને કોઈ તને શરણ નથી, બાપુ! આ સત્યના રસ્તા સમજ્યા વિના ક્યાંય શરણ ક્યાંય નથી. છતે રૂપિયે, છતે બાયડીએ રોઈશ, પોકાર કરીશ હોં! અરેરે..! અત્યારે મારા કોઈ નહિ. પણ કે દિ' તારા હતા? અરે..! આવે કાળે મારા કોઈ નહિ. ગળે ફાંસો ખાવા તૈયાર થઈ જાય. ખાય છેને મોટા મોટા શેઠિયાઓ. ક્યાંય ચેન ન પડે લ્યો. ચેન ન પડે ક્યાંય. હવે જીવવું વરવું લાગે છે. કેમ છે? પૈસા છે, બાયડી છે, આ છોકરા છે. ચેન પડતું નથી ક્યાંય. ઝાંવા નાખ્યે ક્યાંય સંતોષ થતો નથી. ... કહે છેને, મોટા ભાળ્યા છેને, અનેક લાખોપતિ બોલે છે. અરે..! અમને ક્યાંય અત્યારે ચેન નથી. મરી જઈએ જાણે. ક્યાં જશો બાપા? ન્યાં માસીબા બેઠી છે ક્યાંય? કે આવ ભાઈ હવે, ન્યાં દુઃખી થતો હતો. દુકાન ફેરવી એટલે કંઈ લેણદાર છોડે એવું છે?

એવો આત્મા પોતાનો સ્વાધીન સ્વભાવ ભરેલો ભગવાન અને સ્વાધીનપણાના ભાન કાળે પણ મારામાં જેટલો વિકાર (થાય), હું નિમિત્તને આધીન થાઉં એટલો મારામાં વિકાર મારે કારણે છે. કોઈને કારણે નથી. બાયડી, છોકરા, કુટુંબ, રાજે મને આવા વેપાર ને એમાં મોટા ધાર્યા બહાર વેપાર થઈ ગયા માટે એણે મને પરાધીન કર્યો એમ છે નહિ. શું ધર્મચંદજી? શું કહે છે?

તે **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...'** પણ પરતંત્રતાનો અર્થ આ હોં! પરતંત્રતાનો અર્થ પોતાનો ધર્મ છે કે જડનો? એથી આ પરતંત્રતા ભોગવનાર એ પોતાનો એક ધર્મ છે. પરને લઈને પરતંત્રતા નહિ, પરને આધીન થવાની પરતંત્રતા મારો એક ધર્મ છે. હવે આમાંથી એવું કાઢે છે કે દેખો! પરતંત્રતા પણ કથંચિત્ છે. કઈ અપેક્ષાથી કીધી છે પરતંત્રતા? પોતે પરને આધીને થવાનો એક ધર્મ છે એ અપેક્ષાએ પરતંત્રતા કીધી છે. પર એને પરાધીન કરે એવો ધર્મ આત્મામાં પરને લઈને કોઈ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? રતિભાઈ! શું હશે આ? આવા સંચા ને બંચા ને મોટા ધંધા પછી શું કરે? નિવૃત્તિ ક્યાંથી લે? એને લઈને પરાધીન થાવું પડે કે નહિ? આફ્રિકામાં શું કરીએ? આટલા આટલા માલ પડ્યા હોય. ભાડા ઊપજતા હોય દોઢ દોઢ લાખ રૂપિયાના. ભઈ હવે પડ્યા રહો એને લઈને પરાધીન. એમ હશે? પોતે ફસાય છે. જાણીને રાગમાં પોતે પરાધીન નિમિત્તને આધીન થઈ જાય છે. એવો પણ તારો પોતાનો પોતાથી થયેલો ધર્મ છે. કર્મને લઈને થયેલો ધર્મ છે એ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. આવો ધર્મ હોય તો સદાય રહ્યા કરે. સાંભળને! આવો જો ધર્મ હોય તો સદાય રહ્યા કરે. પણ જ્યાં સુધી પર્યાયનો ધર્મ, જ્યાં સુધી પરતંત્રતા કરે ત્યાં સુધી છે. સ્વતંત્રતા કરે તો ફટ છૂટી જાય છે. આ કાંઈ ગુણધર્મ નથી. અંદરનો ગુણ—શક્તિનો ધર્મ નથી. એક સમયની પર્યાયમાં અમુકને પરાધીન થાય છે એટલો એનામાં એ ધર્મ ગણવામાં આવ્યો છે. કોની પેઠે?

**'ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.'** ધાવમાતા. કો'કની માતા હોય એને ધાવણ ન હોય તો ધાવમાતાની દુકાન હોય છેને ક્યાંક, એની પાસે (ધવડાવે). તો છોકરું એને પરાધીન થાય છેને, ધાવમાતાને. એને જેમ કરે એ પ્રમાણે (થાવું પડે), આમ આમ ઊંચુ નીચું કરે. **'ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.'** મુસાફર નીકળ્યો. બાળક રહ્યું, એની મા મરી ગઈ હોય અથવા મા હોય પણ ધાવણ ન આવતું હોય. એની પાસે ... શું કહેવાય ઈ? .... ધવરાવે. એટલી વાર ઊભા રહેવું પડે એને, છોકરાને જ્યાં સુધી ધવરાવે ત્યાં સુધી. અને છોકરાને પણ પરાધીનતા (ભોગવવી પડે). સ્વતંત્ર એની માના ખોળામાં પડ્યો હોય એ કંઈ ધાયના ખોળામાં એ રીતે સ્વતંત્ર હોય નહિ. એટલી પરાધીનતાનો જેમ બાળકમાં એક ધર્મ ગણ્યો છે ધાવમાતા (પાસે), એમ જીવની પર્યાયમાં એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? લીધું છેને આપણે

ભાઈ. નિયમસારમાં ક્યાંક છે. નિયમસાર. નાખ્યું છે? ૨૪૬ પાનું. કહ્યું હતું. ૨૪૬ જુઓ!

ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવ કહે છે, (કળશ-૧૯૮) '**અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને...**' મારો આત્મા શુદ્ધ આનંદકંદની સંપદાથી ભરેલો '**કે જે સમાધિનો વિષય છે...**' મારી શાંતિનો એ વિષય છે. '**તેને મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (-દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી), અરેરે..! હું સંસારમાં માર્યો ગયો છું (-હેરાન થઈ ગયો છું).**' નિમિત્તથી વાત (છે). પ્રભુતા આપી છે એને. પોતે આપીને વાત કરે છે હોં! સમજાય છે કાંઈ? પ્રાયશ્ચિત્તના અધિકારમાં છે. પ્રાયશ્ચિત્તના અધિકારમાં ૧૨૧ ગાથામાં છે. અહો..! પહેલી તો વાત સંપદાની કરી. '**મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને...**' એવી તો ભરી છે, છે આત્મા આનંદસ્વરૂપ સ્વાધીન પૂર્ણાનંદ, છતાં અને એ સમાધિનો—શાંતિનો વિષય છે મારું સ્વરૂપ. પૂર્વે મેં એક ક્ષણ પણ એ જાણી નહિ. પૂર્વે. એમ પ્રાયશ્ચિત્ત કર્યું ગયા કાળનું. '**ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત...**' ત્રણ લોકના વૈભવના નાશનો હેતુભૂત '**દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (-દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી), અરેરે..!**' મારી પ્રભુતાને સંભાળીને નહિ એટલી કર્મના નિમિત્તમાં પ્રભુતા મેં સોંપી એ મેં સોંપેલી હતી. સમજાણું? '**હું સંસારમાં માર્યો ગયો છું (-હેરાન થઈ ગયો છું).**'

એમ આત્મા પોતાના સ્વાધીન સ્વરૂપના ભાનમાં ગયા કાળમાં હું મારા પોતાના પરાધીન ધર્મથી હું પરાધીન થયેલો, આ એનું સ્વાધીન કરીને પ્રાયશ્ચિત્ત કરે છે. એમ અહીંયા પોતે પરાધીન સ્વતંત્ર પોતાની પર્યાયથી થાય છે, કોઈ એને પરાધીન કરે એવું છે નહિ. એવો પણ એક ધર્મ ગણવામાં આવ્યો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૩, બુધવાર, તા. ૩૧.૧૦.૧૯૬૨
## નય-૩૪ થી ૩૮, પ્રવચન-૩૬

આ પ્રવચનસાર, પરિશિષ્ટ છેલ્લો અધિકાર ચાલે છે. એમાં ૪૭ નયનું વર્ણન છે. શિષ્યે પ્રશ્ન કર્યો છે, પ્રભુ! આ આત્મા છે કોણ કે એને અમે જાણીએ કે આવો આત્મા? અને

એ આત્માની પ્રાપ્તિ અનંત કાળથી નથી થઈ તો એની પ્રાપ્તિ કેમ થાય? એવા બે પ્રશ્ન પૂછ્યા છે. પહેલા પ્રશ્નનો ઉત્તર આપે છે. આત્મા કોણ છે એટલે કે કેવો છે? આ આત્મા શું વસ્તુ છે? એ પોતે દ્રવ્ય શું છે? એની શક્તિઓ શું છે? એની પર્યાયમાં શું થાય છે? એમાં અપેક્ષિત ધર્મો પણ શું શું (રહ્યા છે)? અંદર ધર્મ એટલે ધારી રાખેલા એ જાતની અપેક્ષા ભાવ, એ ધર્મો શું છે? એને જાણ્યા વિના આત્મામાં ધર્મ થાય એ ત્રણ કાળમાં બને નહિ. સમજાય છે કાંઈ? નહિતર તો આ શરીરની કાંઈ ક્રિયા થઈ અને અમને ધર્મ થયો, દયા, દાન ને વ્રતના કંઈ ભાવ થયા અને અમને ધર્મ થયો એમ તો અનાદિ કાળથી મિથ્યાદૃષ્ટિ માનતો આવે છે. પણ આત્મા શું ચીજ છે એને જાણ્યા વિના એની દશામાં, એની શક્તિમાં ક્યા ક્યા પ્રકારની એને અપેક્ષાઓ અસ્તિ ધરાવે છે ધર્મની એની એને ઓળખાણ હોવી જોઈએ. અહીં તો ઓળખાણવાળાની વાત લીધી છે, પણ પૂછે છે એને આ રીતે સમજાવે છે.

ઘણી વાત આવી ગઈ હવે. ૩૩મી આવી છે, કેટલીક તો મૂકી દીધી છે. ૩૪મી નય ચાલે છે. શું કહે છે પહેલું? આ આત્મા જે છે એ, અનંત ધર્મો (એટલે) એનામાં ધારી રાખેલા ભાવ, અવસ્થા એવા અનંતા ધર્મો, ચૈતન્યસામાન્ય જે જ્ઞાન, દર્શન આદિ છે એ વડે વ્યાપ્ત નામ પ્રસરેલ એમાં અનંતા ધર્મો છે. ધર્મ એટલે આ સંવર, નિર્જરા, મોક્ષ ઈ અહીં વાત નથી અત્યારે. અહીં ધર્મ એટલે એનામાં ક્યા ક્યા પ્રકારની અપેક્ષાવાળો પર્યાય, ગુણ આદિ છે એને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. એમાં સંવર થવાનો ધર્મ, નિર્જરા થવાનો ધર્મ એ બધું એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ?

શરીર, વાણી, મન અને કર્મ એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. એ તો બધા પર જડ છે. એને લઈને આત્માને કાંઈક ધર્મ એમાં થાય અથવા એને લઈને આત્માનો ધર્મ કોઈ અપેક્ષિત પ્રગટ થાય એવું પણ નથી. એ આત્મા સામાન્ય ચૈતન્ય વડે અનંત ધર્મોનું અધિષ્ઠાન—આધાર છે. એ અનંત ધર્મોમાં એક એક ધર્મ, ધર્મ નામ ધારી રાખેલો ભાવ, એવા ધારી રાખેલા ભાવને એક એક જ્ઞાનનો અંશ એક એક ધર્મને જાણે છે અને બધા નયોનો સમૂહરૂપ શ્રુતજ્ઞાનપ્રમાણ બધા અનંત ધર્મને એકસાથે જાણે છે. એ માહ્યલા ક્યા ક્યા ધર્મો કેટલાક એ કેટલાક કહેવામાં આવે છે. ૩૪મું ચાલ્યું હતું કાલે. શેઠી! રાત્રે તો આવ્યા નહિ.

'**આત્મદ્રવ્ય...**' બપોરે પૂછ્યું હતું. કીધું, અત્યારે નહિ. અત્યારે અમારો વખત નથી. રાત્રે પૂછવું, રાત્રે આવવું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અચ્છા, દિવસે અમારે દવા લગાવવાની છે. કહો, સમજાય છે કાંઈ?

કેવું છે આત્મદ્રવ્ય? તેમાં અનંતા અનંતા ગુણો અને ધર્મો છે. ધર્મ નામ ધારી રાખેલો

ભાવ. એમાં એક એવો ધર્મ છે, એમાં પોતાનો, કે 'ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે...' કર્મ જે જડ છે એને આધીન થવાનો એનામાં એક ધર્મ છે. સમજાણું? અહીં તો એમ કહે કે કર્મને ઈશ્વરતા આપે છે એમ છે ખરેખર તો. સમજાણું કાંઈ? કે ભાઈ તું મોટો. તારા નિમિત્ત(પણા)ને આધીન મને વિકાર થાય છે. એવી પણ એક આત્મામાં લાયકાત છે. કર્મને લઈને નહિ, કર્મ એને દબાવતું નથી, પણ કર્મના નિમિત્તમાં પોતાનો શુદ્ધ આનંદસ્વભાવ છે, આત્માનો સ્વભાવ સચ્ચિદાનંદ નિર્મળ શુદ્ધ છે એનો જેટલે અંશે આશ્રય ભૂલી અને નિમિત્તને આશ્રયે આધીન થાય છે એટલે આધીન, પરાધીન, કર્માધીન કહેવામાં આવે છે. એવો પણ એક આત્મામાં ધર્મ છે. પોતાનો ધર્મ છે, કર્મને લઈને નહિ. કહો, શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રશ્ન ક્યાં છે? એમ તો આખી દુનિયા પડી છે. એને કાળે એને કારણે આખી દુનિયા પડી છે. એ ક્યાં આત્માને આધીન કે પરાધીન કરાવે છે કોઈ? પોતે જ આત્મા (પરાધીન થાય છે).

અહીં તો સમ્યક્ ભાન થયું છે એની વાત છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન. હું આત્મા ચૈતન્ય છું, આનંદ છું, મારો આનંદ મારામાં છે. આનંદ એટલે મારો ધર્મ. મારો આનંદ મારામાં છે. એ મારા આનંદને આશ્રયે મને પર્યાયમાં ધર્મ એટલે શાંતિ થાય છે. કોઈ જડની ક્રિયાને લઈને નહિ, દયા, દાનના પુણ્ય પરિણામને લઈને ધર્મ નહિ, મારો ધર્મ સમ્યગ્દૃષ્ટિ એમ જાણે અને માને છે કે મારામાં આનંદ છે. અતીન્દ્રિય આનંદ અનંત અનંત સામર્થ્યસ્વરૂપ આત્મા છે. એમાં એનો આશ્રય લઈને જે પર્યાય નામ અવસ્થામાં ગુણનું કાર્ય આનંદ દશાને પ્રગટ કરી છે એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ધર્મ કરનારને અતીન્દ્રિય આનંદ આવે છે. ધર્મ કરનારને રાગ અને દુઃખ થાય છે એમ નહિ. આહા..હા..! રતિભાઈ! આ આનંદ આવતો હશે? આ પૈસા જુઓ, તમારા સંચા જુઓ.

અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, તપના ભાવ છે એ પણ રાગ છે, એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીજીવ પોતામાં એવો શુભરાગ થાય એને દુઃખરૂપ જાણે છે. આનંદ મારો સચ્ચિદાનંદ સ્વભાવ સત્.. સત્.. સત્.. સત્... શાશ્વત રહેનારું સત્ એમાં આનંદ પણ મારો અતીન્દ્રિય શાશ્વત રહેનારો સ્વભાવ છે. એવા આનંદમાં અંદરમાં એકાકાર થઈ એટલે સ્વ-સાવધાનીમાં આવી, રાગ ને પુણ્ય ને નિમિત્તની સાવધાની છોડી અંતર સાવધાનમાં આવે ત્યારે એને અંતરમાં શાંતિ અકષાયની, વીતરાગી આનંદનો અંશ પ્રગટ થાય તેને તે ધર્મ માને છે. સુમેરુમલજી! બરાબર છે? આહા..હા..! હવે એવા ધર્મ માનવાના કાળમાં અને પ્રગટ કાળમાં એમાં કેટલા કેટલા પ્રકારના અપેક્ષિત અને સ્વતંત્ર ધર્મ છે એનું અહીં વર્ણન ચાલે છે.

એવે કાળે પણ ધર્મી પોતાના આનંદને ખોલે છે એકાગ્ર થઈને. એનું વલણ અંતરમાં

હોય છે. બાહ્યમાં ભલે લડાઈ આદિ હોય, ખાવા-પીવા, વિષય આદિના વિકલ્પ ને પ્રવૃત્તિ દેખાય છતાં અંદર ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. પરમ આનંદસ્વરૂપ એના તરફની સાવધાનીનો ભાવ ખસતો નથી. સમજાય છે કાંઈ? ખસતો નથી, સમજો છો? હઠતા નહિ. અંદરમાં આનંદસ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી તેનાથી તે દૂર થતો નથી. એવા આત્માના આનંદના દશાના પ્રેમના-પ્રીતિના વેદનના કાળમાં એને એક એક સમયમાં કેટલા એનામાં ધર્મો છે તેને પણ જ્ઞાનથી જાણે છે.

કહે છે કે શું એ જાણે છે? કે મારામાં કર્મનું નિમિત્ત એને આધીન થવાનો મારામાં એક ધર્મ છે અને હું એને ઈશ્વરતા આપું છું એવો મારામાં એક ધર્મ છે. સમજાણું કાંઈ? એને મોટપ આપું છું કે ભાઈ, આ તારે લઈને વિકાર થયો. લે. શેઠી! સમજાણું? કેમ કે મારે લઈને તો વિકાર થાય નહિ. મારા સ્વભાવને લઈને તો વિકાર નથી. હું તો શુદ્ધ આનંદ ચૈતન્યમૂર્તિ છું. ત્યારે આ વિકાર (છેને)? તારે લઈને થયો એમ ગણીને એનો એક ધર્મ ગણ્યો છે. શેઠિયા! સમજાય છે કાંઈ? એ ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે. એટલો આત્મા, આત્મભાન—ધર્મ થયો છતાં એટલો રાગાદિ થાય, એ શુભરાગ થાય, દયાનો, બીજો જીવ ન મરે એ બધો વિકલ્પ અને રાગ છે, આ વ્રત પાળું ને અપવાસ કરું ને આ કરું, એ બધી વૃત્તિ છે, રાગ છે, ધર્મ નહિ. એ રાગપણે પરિણમવું, થવું એટલી નિમિત્તની પરાધીનતાનો મારો ધર્મ છે એમ જ્ઞાની જાણે છે. સમજાય છે? ઓહો..હો..! કોની પેઠે?

'**ધાવની દુકાને ધવડાવવામાં આવતા...**' ધાવમાતા હોય છેને ધાવમાતા. ધવડાવે છેને? શું કહે છે તમારી હિન્દી ભાષામાં? ધવડાવવાનો શું શબ્દ છે? ધવડાવે છેને બાળકને. મુસાફર નીકળ્યો અને એને જરૂર પડી અને એની મા સાથે હોય કે મરી ગઈ હોય, અને હોય તો દૂધ ન હોય તો ધાવમાતાની દુકાન હોય છેને, ત્યાં એને ધવડાવે. એટલો બાળક ત્યાં પરાધીન છે. એમ આત્મા પોતાની વર્તમાન પર્યાયમાં કર્મના નિમિત્તને મોટપ આપી એને આધીન થયેલો ભાવ એટલું પરાધીન(પણું) આત્મા ભોગવે છે. પણ ઈ સ્વતંત્રપણે પરાધીન થાય છે. ઈ વાત ભારે વાત ભાઈ! નહિતર તો કર્મ કર્તા થાય અને આત્માનો રાગ કર્મ (કાર્ય) થાય એમ તો હોઈ શકે નહિ. શું કીધું સમજાણું કાંઈ?

પરદ્રવ્ય કર્તા અને વિકાર તેનું કાર્ય એ તો કોઈ દિ' હોઈ શકે નહિ. ત્યારે અહીં ઈશ્વરતા આપી કે તારે લઈને મારે આ. એ નિમિત્તની પ્રધાનતા કરી અને મને જે વિકાર થયો, સ્વભાવની પ્રધાનતા હું ચૂક્યો છું એટલી, સમજાણું કાંઈ? એવી પરાધીનતાનો રાગ, દ્વેષ, દયા, દાન, પુણ્ય-પાપનો ભાવ એટલી મારામાં પરાધીનતા છે એવો પણ એક મારામાં મેં ધારી રાખેલો ધર્મ નામ એક ભાવ છે. એ જાતનો એક ભાવ મારામાં મારે કારણે છે. સમજાય છે કાંઈ? ખબર ન મળે. આમાં આત્મા ક્યાં, ગુણ ક્યાં અને કરો ધર્મ. ક્યાં ધૂળમાં ધર્મ છે? અનંત કાળ એમ ને એમ ચાલ્યો ગયો. ખબર ન મળે. ધર્મ શું થાય? એને બનાવનારા બનાવનારા

એવા મળ્યા અને માનીને ચાલી નીકળ્યા લાકડા લઈને. અનંત કાળ થયો, નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો, દિગંબર મુનિ જૈન સાધુ અનંત વાર થયો છતાં ધર્મ થયો નહિ. મુનિ જેના પંચ મહાવ્રત, જુઓ તો અત્યારે પાળનારો કોઈ મુનિ હોઈ શકે નહિ. સાચો મુનિ હોય તો એના મહાવ્રતના જે શુભભાવની લાયકાત એવી અત્યારે ન હોય. સમજાણું? સાચો મુનિ તો કોઈ છે નહિ હિન્દુસ્તાનમાં. શેઠી! ભલે ઉતરે એમાં. ઉતરે તો સાંભળે, ખ્યાલ આવે. ઈ ખ્યાલ આવે. સમજાણું કાંઈ?

કહે છે કે સંત સાચા જેને આત્મદર્શન થયું હોય એ ઉપરાંત સ્વરૂપની આનંદની દશાના ઝુલામાં ઝુલતો હોય અને જેની નગ્નદશા બાહ્યમાં થઈ ગયેલી હોય અને જે વનવાસમાં રહેતો હોય તેને મુનિપણું હોઈ શકે છે. સમજાણું? એ સિવાય વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં મુનિપણું હોઈ શકતું નથી. એ તો એક કોર રહ્યું, પણ અહીંયા તો ધર્મની દૃષ્ટિમાં એને શું હોય છે? સમ્યગ્દૃષ્ટિ ભલે સાધુ ન હોય અને શ્રાવક પણ ન થયો હોય. સાધુ, શ્રાવક એટલે યથાર્થ. વાડાના છે ઈ કંઈ સાધુ, શ્રાવક છે નહિ. સમજાણું કાંઈ?

અહીંયા કહે છે કે હું મારા શુદ્ધ સ્વભાવને આધીન થયેલો સ્વતંત્ર છે, પણ એક પર્યાયમાં જરી... ઓલું આવે છેને? ઈ જોયું હતું હમણાં ભાઈ! શિષ્ય કહે, જીવ સ્વાધીન કે પરાધીન? આવે છેને? ઈ જોયું હતું. બનારસીદાસ. ઈ અમારે (સંવત) ૧૯૯૦ની સાલમાં પ્રશ્ન ઉઠ્યો હતો. ઓલા, ભવાનજીભાઈ સાથે. ભવાનજી હતાને આ કચ્છી, કચ્છી. અને એક આ ભાવનગરના હતા, સવાઈલાલ ગાંધી. આ કુબેર ગાંધીના દીકરા. ઈ કહે કે સ્વાધીન કે પરાધીન? મેં કીધું, સ્વાધીન અને પરાધીન બેય સ્વતંત્ર પોતાથી છે. ૧૯૯૦ની સાલની વાત. સંપ્રદાયમાં મૂળી હતા ત્યારે. આ કાઢ્યો હતો. આ ... કાઢ્યો હતો. આ તો એ પહેલા ઘણા વખતથી જોઈએ છીએને. 'શિષ્ય કહે, સ્વામી! જીવ સ્વાધીન કે પરાધીન? જીવ એક હૈ કિધૌ, અનેક માની લીજીએ. જીવ સદીવ કીધો નાહી હૈ જગત માંહી, જીવ અવિનશ્વર કે નશ્વર કહી લીજીયે. સત્‌ગુરુ કહે જીવ હૈ સદૈવ નિજાધીન. એક હૈ, અનીશ્વર હૈ, દ્રવ્યદૃષ્ટિ દીજીયે.' વસ્તુ દૃષ્ટિએ જોઈએ તો તે સ્વાધીન છે. એક છે, અવિનાશી છે અને પોતે પોતાના સ્વરૂપમાં છે, દ્રવ્યદૃષ્ટિએ જોઈએ તો. 'જીવ પરાધીન, ક્ષણભંગુર, અનેકરૂપ નાંહી, જહાં તહાં પરજાય પ્રમાણ કીજીયે.' પર્યાયનું પ્રમાણ કરીએ તો એ પર્યાય પૂરતો આત્મા નથી માટે નાશવાન છે એમ પણ કહેવાય છે. પર્યાયમાં એ પરાધીન પણ કહેવાય છે. સમજાણું કાંઈ? પર્યાય વર્તમાન અવસ્થા એનું લક્ષ કરતાં એને વિકલ્પ ઉઠે છે એટલો પરાધીન થાય છે, પરાધીન થાય છે. સમજાણું કાંઈ? 'પર્યાયદૃષ્ટિસે પરાધીન હૈ, ક્ષણભંગુર હૈ, અનેકરૂપ હૈ, નાશવાન હૈ. જહાં જિસ અપેક્ષાસે કહા ગયા ઉસે પ્રમાણ કરના ચાહિયે.' (સ્યાદ્વાદ દ્વાર પદ ૯)

પણ એનો અર્થ એવો નથી કે કર્મ એને પરાધીન કરાવે છે. તો તો એવું થાય કે કર્મ પરદ્રવ્ય છે અને આત્મા સ્વદ્રવ્ય છે, તો કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ દ્રવ્યના કાર્યમાં કરે તો

એવું વસ્તુનું સ્વરૂપ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. કર્તા કર્મ નહિ. પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં જીવ પોતાની પર્યાયમાં સ્વઆશ્રય આનંદકંદ પ્રભુ, એમાં અંતરનો આશ્રય જેટલો અપૂર્ણ અને અધૂરો છે, ધર્મીને પણ આત્મા આનંદસ્વરૂપનો આશ્રય જેટલો અધૂરો છે, આશ્રય તો લીધો છે, સમજાય છે કાંઈ? પણ જેટલો અધૂરો આશ્રય છે એ આનંદનો આશ્રય જેટલો અધૂરો અથવા જેટલો ચારિત્રગુણનો આશ્રય અધૂરો એટલો કર્મના નિમિત્તના આશ્રયે એનામાં વિકાર પરાધીનપણે પોતે કરે છે. સમજાય છે કાંઈ? કહો, સમજાણું કાંઈ? એવો પોતાનો એક ધર્મ છે. સમજાણું? એ ૩૪મી થઈ. હવે ૩૫.

'**આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,...**' એ જ સમયે આ એક ધર્મ છે. જે સમયે નિમિત્તાધીન પરાધીન અને પરને મોટપ આપવાનો પણ એક ધર્મ છે, એ વખતે હું સ્વતંત્ર સ્વભાવે છું. મારી સ્વતંત્રતા મારે લઈને છે એવો પણ એક સમયમાં ધર્મ છે. એના એ સમયે, હોં! સમય બીજો નહિ, જીવ બીજો નહિ. સમય બીજો નહિ, જીવ બીજો નહિ. કો'ક જીવ પરાધીન અને કો'ક જીવ સ્વાધીન એમ નહિ. તેમ એ જીવ પણ કોઈ વખતે સ્વાધીન અને બીજે વખતે પરાધીન એમેય નહિ. એક જ સમયની અંદર, જેમ નિમિત્તાધીન પરાધીન પણ પોતાનો ધર્મ જોવે છે ધર્મી, એમ અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર એવો ધર્મ તે સમયે પોતે પોતામાં જાણે છે. સમજાણું કાંઈ? ભારે ભઈ!

ધર્મ સમજવા માટે આ બધું સમજવું પડે? સમજ્યા વિના નહિ થાતું હોય? આ બધું ચાલે છેને અત્યારે? એમ નહિ થાતું હોય? ભોગીભાઈ! નહિ થાતું હોય? તમારી ઓલી શું કહેવાય? કસુંબા, શું કહેવાય ઈ? સમજ્યા વિના રંગાતા હશે? કેવી ભાત પાડે. ભાન ન હોય ઈ પાડતો હશે ન્યાં? ખ્યાલ હોય એને કે આમ થાય, રંગ આમ થાય, એનું બીબું આમ થાય, ઢીકણું આમ થાય. એમાં ... કાંઈક નાખે-બાખે રંગ ચડે એવું. ફટકડી ને એવું નાખે, એની ખબર હોય. રામજીભાઈ જેવાને બેસાડ્યા હોય તો ખબર હોય ત્યાં? વકીલાતમાં તમને બેસાડ્યા હોય તો? કહો, સમજાણું? એ જાતનો ખ્યાલ ન હોય તો ખ્યાલમાં આ શું, થાય જડની ક્રિયા જડને કારણે પણ ખ્યાલ તો હોવો જોઈએને?

એમ આત્મામાં આત્મા શું ચીજ છે? અહો..! એક સેકંડના અસંખ્યભાગમાં મારામાં અનંતા ધર્મો મેં ધારી રાખેલા છે, મારે લઈને છે. એ માહ્યલો એક ધર્મ મારો, ધર્મ એટલે કે દશા અથવા યોગ્યતા એવી છે કે અનીશ્વર(નયે) સ્વતંત્રતા ભોગવનાર હું છું. '**હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક. ૩૫.**' દાખલો. હરણ લીધું નાનું બચ્ચુ બિચારું, હરણ સાધારણ. એમાં સિંહ આવ્યો, પંજો માર્યો. આમ સ્વતંત્ર, એને કંઈ ડર છે જરીયે? સિંહ સિંહને મારતો હોય અને એ મારતો હોય તો કાંઈક એને લાગે કે આમ કરશે તો? આ તો હરણ, પાન ખખડે, સૂકા પાન ખખડે ત્યાં ફડફડ થાય. એવું હરણિયું એમાં એક મોટો વાઘ, સિંહ આવ્યો મારફાડ (કરતો), ટેં

થઈને પડે. સ્વતંત્રપણે ક્યાંથી ખાવું ઈ સ્વતંત્ર છે. મોઢામાંથી ખાવું, જીભ એની કાઢીને ખાવું, વચલું પેટ ખાવું, સ્વતંત્ર છે. એમાં ક્યાંય એમ નહિ કે આ પેટ ખાઉં છું અને મોઢેથી કરડશે તો? છે? પરતંત્રતા છે એમાં? સિંહ હરણને સ્વચ્છંદે, સ્વચ્છંદનો અર્થ કર્યો '(**સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક.**'

ભગવાન આત્મા જ્ઞાનાનંદમાં ઈશ્વરતા એટલી પડી છે કે એની સ્વતંત્રતાએ પરને મોટપ દીધા વિના, પરને આધીન થયા વિના પોતાના સ્વાધીનપણે પોતે પરની ઈશ્વરતા નથી આપતો. હવે અનીશ્વર. પરની ઈશ્વરતા પોતામાં આપતો નથી. પોતામાં પરની ઈશ્વરતા આપતો નથી. પોતામાં પોતાની ઈશ્વરતા આપે છે. સમજાણું કાંઈ? રાગાદિ, પુણ્યાદિને ફાડી તોડીને કાપનાર, મારનાર હું સ્વતંત્ર છું. સમજાણું કાંઈ? હરણને ફાડી નાખનાર સિંહ જેમ ગર્જનાથી પંજો મારે ત્યાં તો ઈ ટેં થઈ જાય અંદર. એમ ભગવાન આત્મા અનીશ્વર નામ પરને ઈશ્વરતા નથી આપતો, પણ પોતાની ઈશ્વરતા પોતાને આપે છે. હું જ આનંદ ને જ્ઞાન ને શુદ્ધ ચૈતન્ય છું. એ રાગના ભાગને મારી તોડીને ખલાસ કરી નાખું એવી મારામાં તાકાત છે. સમજાણું કાંઈ? પર્યાય ધર્મ એવો એક ગણવામાં આવ્યો છે.

વળી કહે કે રાગને નાશ કરવો એ આત્મામાં નથી. એક કોર એમ કહે સમયસારમાં. વિકાર નાશ કરવો એવું કર્તાપણું આત્મામાં નથી. આહા..હા..! સ્વભાવમાં ક્યાં છે? એ તો સ્વભાવનો આશ્રય લેતા વિકાર ઉત્પન્ન થતો નથી એને નાશ કરે છે એમ નિમિત્તથી વ્યવહારથી કહેવામાં આવે છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ (છે), પણ અહીંયા પર્યાયધર્મને લઈને એની યોગ્યતા ગણી છે એક અંદર કે હું સ્વતંત્ર છું. મારા આનંદને અનુભવવામાં અને રાગને ફાડી તોડીને અભાવ કરવામાં હું સ્વતંત્ર છું. સમજાણું કાંઈ? સ્વતંત્રતા ભોગવનાર એટલે પરને ઈશ્વરતા આપતો નથી, એમ. અનીશ્વર કીધું છેને? પરને મોટપ આપતો નથી. એનો અર્થ કે સ્વને મોટપ આપે છે. હું જ મહાત્મા પરમેશ્વર છું. હું જ જ્ઞાન અને આનંદથી પરમેશ્વર છું. મારા સ્વભાવનો અનુભવ મારાથી સ્વતંત્ર થાય છે અને રાગ ને પુણ્ય પાપના વિકલ્પો છે એને તોડીને ફાડી નાખનાર (છું), હરણને જેમ સિંહ કાપી નાખે એમ વિકારને કાપી નાખવાનો મારો પર્યાયધર્મ એવો યોગ્યતાવાળો છે. સમજાણું કાંઈ?

ક્યાં સમયસારની કથની અને ક્યાં આ કથની. કઈ અપેક્ષાથી કથન છે ઈ સમજે નહિ. ત્યાં તો કહ્યું કે રાગ ને વિકલ્પ ને પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પને નાશ કરવું એ તો નામમાત્ર કથન છે આત્મામાં. ઉત્પન્ન કરવું તો આત્મામાં છે જ નહિ. એ તો વિકલ્પની લાગણી વાસના છે. આમ કરું ને આ ન ખાઉં ને આ લઉં ને આ દઉં ને આ પાળું એ તો વાસના એક રાગ છે. એનું કરવું એના સ્વરૂપમાં તો છે જ નહિ. પણ એને નાશ કરવું એ સ્વરૂપમાં નથી. શેઠિયા! ઈ દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવની અપેક્ષાએ વાત છે. પણ પર્યાયની અવસ્થામાં નિમિત્તાધીન પરને મોટપ આપવાની પણ એક ધર્મ દશા છે, પરને

મોટપ નહિ પણ વિકારને તોડવાની, સ્વતંત્રપણે ફાડી નાખવાની શક્તિ મારામાં છે એમ પણ તે પર્યાયમાં ધર્મ માને છે. સમજાણું કાંઈ? આ બધું કેટલું સમજવું આમાં? ઓલું તો વગર સમજ્યે કરી નાખે સામાયિક ને પોષા ને પડિકમણા, જાઓ! થઈ ગયા ધર્મ. ધૂળમાંય નથી. ધર્મ શું, પુણ્યના પણ તારે ઠેકાણા નથી. જે ધર્મની દિશા એમાં જે પુણ્ય બંધાય એના પણ તારા ઠેકાણા નથી. બાપુ! એ ચીજ કંઈ બીજી છે.

જગતને આમ લાખો ને કરોડો માની લ્યે ને કરી લ્યે એવી ચીજ એ નથી. આ વિરલ પ્રાણીને આ વાત સમજાય અને બેસે ને કરી શકે. છે આત્માની તાકાત પણ આ પામરતા અનાદિ કાળની કરી રહ્યો છે. નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો, જૈનનો સાધુ દિગંબર આમ ખખડધજ, બાવીસ પરિષહ બહારથી જાણે કેટલા સહન કરીને.. ઓહો..હો..! ધૂળમાંય લાભ ન થયો જરીયે. એક જરીયે નહિ, સ્વર્ગ મળ્યું. પડ્યો હેઠે ચાર ગતિમાં પાછો. નિગોદમાં ચાલ્યો જાય, બટાટા ને શક્કરકંદ. હજારો રાણીઓનો ત્યાગી. પણ આ આત્મા કોણ ચીજ છે એના ભાન વિના એ વિકલ્પ નામ રાગ પણ મારી ચીજમાં નથી, પણ પર્યાયધર્મ મારી યોગ્યતાથી મારામાં થાય છે અને ટાળવાની પણ મારા યોગ્યતામાં ટાળવાનો ભાવ છે. સ્વતંત્ર છું. પરની સાથે મારે કાંઈ સંબંધ છે નહિ. સ્વતંત્ર જગતના ચક્રો એને કારણે, કર્મોના, શરીરના ચક્રો પરિણમે હું મારે કારણે દ્રવ્યપણું, ગુણપણું રાખીને પરિણમું છું. એવું અંતર ભાનવાળો જીવ પોતાને અનીશ્વરનયે સ્વતંત્ર ભોગવનાર છે એમ પોતાને સ્વતંત્રતાનો ધર્મ જાણે છે. નવા માણસને તો આકરું લાગે આમાં શું પણ કહે છે? ધર્મ કાંઈ (કહેતા નથી), શું કરવું ઈ તો કાંઈ કહેતા નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ શું કરવું? આ જ્ઞાન કરવું, સાચું સમજવું, સાચી શ્રદ્ધા કરવી એ કરવું. શું આ જડનું ધૂળનું કરી શકે છે તું? રોટલા ખાઈ શકે છે તું? રોટલા તોડી શકે છે તું ત્રણ કાળમાં? એને કારણે ન આવે રોટલા અને એને કારણે આવે ને ક્રિયા થાય, આત્માને કારણે બિલકુલ નહિ. ખબર ન મળે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, હરણને સ્વચ્છંદે સ્વતંત્રપણે પોતાની મરજી અનુસાર. ભાવ અનુસાર, યોગ્યતાની સ્વતંત્રતાને લઈને વિકારને નાશ કરી શકે છે અને પોતાના અનુભવને ભોગવી શકે છે. શાંતિના અકષાયભાવને ભોગવી શકે છે. એમાં કોઈનો અધિકાર છે જ નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં, ગમે તે હોય બહાર. મારામાં અંતરમાં રાગ નથી પછી આ ક્યાં આવ્યું? રાગ પર્યાયમાં છે એ જાણે છે. મારી પર્યાયમાં રાગ છે, અધુરાશ છે માટે મારો ધર્મ છે, ધર્મ એટલે ધારી રાખેલી અશુદ્ધતા છે અને એ અશુદ્ધતાને ટાળવા પણ હું સ્વતંત્ર છું. મારી સ્વતંત્રતામાં કોઈ દખલ કરે એવી તાકાત ત્રણ કાળમાં, ત્રણ લોકમાં કર્મમાં કે બીજામાં છે નહિ. એમ ધર્મી પોતાના આત્માને ઓળખીને વિચારે છે.

૩૬. તે જ '**આત્મદ્રવ્ય...**' આત્મા તો ઈનો ઈ અને એના એ ધર્મો એક સાથે. એક સાથે બધા ધર્મ એક સમયમાં છે. કોઈને કાંઈક અને કોઈને કાંઈક એમ નથી. '**ગુણીનયે ગુણગ્રાહી છે,...**' એવો એક એનો ધર્મ છે. '**શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક. ૩૬.**' રાજકુમાર હોય છેને રાજકુમારો, મોટા પચાસ પચાસ કરોડના તાલુકાદાર રાજકુમારો પણ ભણવા જાય. છતાં એ શિક્ષક પાસે આમ શાંત (થઈને બેસે). સમજાણું? ઈ કહે એમ કરે. એમ નહિ કે અમે રાજા છીએ અને આ તો અમારી પ્રજાનો માસ્તર છે. શિક્ષક વડે કેળવણી આપવામાં આવે એવા કુમારની માફક. કુમાર એમાંથી ગુણ ગ્રહે. માસ્તર અમને શું કહે છે? ઈ પૈસાવાળા નથી અને અમે પૈસાવાળા છીએ એમ નહિ. સમજાણું? અમે રાજા છીએ અને એની આ પ્રજા છે માસ્તર, અમને એ (શું સમજાવે)? એમ નહિ. ઈ માસ્તર છે. શું શીખવે છે? આમ શીખો, કુંવરજી! આમ શીખો. પ્રભુ! અન્નદાતા! એમ કહે. રાજાના કુંવર હોં મોટા. અત્યારે તો બધું સમજવા જેવું છે. પણ પહેલાના રાજાના કુંવરો તો આમ માસ્તર જ્યાં આવે, મોટા મોટા તાલુકાદાર હોય, કરોડ કરોડના, પચાસ પચાસ લાખના, .... માસ્તર આવે તો, પધારો સાહેબ એમ કહે. જે પ્રમાણે કેળવણી આપે એ પ્રમાણે (ગ્રહે). એમાં ડહાપણ કાંઈ ન કરે.

એમ આત્મદ્રવ્યમાં એવો એક ગુણધર્મ છે (કે) ગુણ જ ગ્રહે. ન હોય એમાં એમ નહિ. એમાંથી ગુણ ગ્રહવા. આ આમ છે, આ આમ છે, આ આમ છે આ અપેક્ષાએ. એમ કરીને ગુણ ગ્રહણ કરવાનો એક એનામાં ધર્મ છે. સમજાણું કાંઈ? સાક્ષી પછી કહેશે. અહીં તો હજી પહેલી ગ્રહણ કરવાની વાત (કરે છે). '**ગુણીનયે ગુણગ્રાહી છે,...**' ગુણગ્રાહી છે. કોઈનામાંથી કોઈ પણ અપેક્ષિત વાત હોય એને પકડી લ્યે. આ માણસનો કષાય મંદ છે, આને બ્રહ્મચર્ય છે, આનામાં આ છે. આની શ્રદ્ધાગુણની પર્યાયમાં ઘણી નિર્મળતા છે. આનું જ્ઞાન શ્રદ્ધાપૂર્વક સમ્યક્ ઘણું શુદ્ધ છે એવું તેનામાં હોય ઈ ગ્રહણ કરે. ગ્રહણ કરે એટલે જાણે. જાણે અને એમાં આદર સ્થાપે એને અહીં ગુણગ્રાહી એક ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગ્રહણ કરી શકતો નથી ઈ જ વ્યવહારની વાત છેને. સાક્ષી આવશે પછી નિશ્ચયમાં. સમજાણું કાંઈ? કોઈ વખતે પહેલો નિશ્ચય લીધો, કોઈ વખતે (વ્યવહાર લીધો). અપેક્ષિત વાત છેને. ગુણ ગ્રહણ આમ કરે છે કે અહો..! બાળક હોય તો એનામાં એમ કે આહા..! ભારે સમજવાની એની દરકાર છે. આટલો બાળક પણ... એમ કોઈપણ રીતે એના ગુણ જ્ઞાની પાસેથી, ગુરુ પાસેથી, શાસ્ત્રમાંથી, ગુરુ પણ કોઈ વખતે ઠપકો આપતા હોય તો એમાંથી ગુણ ગ્રહણ કરે. સમજાણું? કાંઈ હેતુસર કહે છે, કાંઈક આમાં મારા ઉદ્ધારનો હેતુ પડ્યો છે માટે કંઈક કહેતા લાગે છે. એમ ગુણ જ ગ્રહણ કરે. સમજાણું કાંઈ? એમ

નહિ કે લ્યો, ત્યારે તમે ઠપકો આપો છો તો તમે તો હજી કષાયવાળા છો. મને સુધારવા માંગો છો? સમજાણું કાંઈ? ગુણગ્રહણ કરે કે બરાબર છે, ન્યાય છે. વિકલ્પ (ન કરે). મૌન રહેવામાં ઘણા ગુણ છે એમ ગુરુ બોલે. ઓલો સાંભળીને એમ કરે કે બરાબર વાત છે. એમ ન કહે કે મૌન રહેવામાં ઘણા ગુણ છે તો તમે કેમ મૌન રહેતા નથી અને મને ઉપદેશ દેવા બેઠા? અરે..! સાંભળને. એમાં હેતુ શું છે? વાણી વાણીને કાળે નીકળે છે. પણ એમાં વિકલ્પ થાય છે કે એ વિશેષે કરવા જેવું છે, કરવા જેવું. એ વાતના પ્રયોજન માટે આ વાત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ પણ આ ધર્મ સમજવા માટે, હજી તો સમજવા માટે, પછી સમજ્યા પછી કરવું એ તો પછી વાત. સમજાણું કાંઈ?

કહે છે, એ રાજકુમારો સુંવાળા આમ રેશમ જેવા શરીર જેના હોય, આમ માખણ જેવા. પણ ઈ રાજા એને શીખવતો હોયને, ... આપણે વડિયા? ઓલા રાજા. વડિયાના દરબાર હતાને? ... એ રાજા હુશિયાર હતા તો એની પાસે રાજાના કુંવર ભણવા આવતા હોય. બીજા રાજા હોયને? ... વાળા. આ ...વાળા આપણા .. હતાને? ૯૬માં. ૯૬માં ત્રણ દિ' ઓલી ધર્મશાળામાં. એ દરબાર પોતે આવતા અને એની સાથે રાજકુમાર ત્યાં ભણવા આવતા. બધા વ્યાખ્યાનમાં આવતા. પછી બધા એને ..વાળાને માન આપે. આપણે બધા રાજા અને એ રાજા પણ બુદ્ધિવાળો છે, આપણને રાજ કેમ કરવું એ કેળવણી આપશે. બરાબર શાંતિથી કહે. એમ નહિ કે અમે પણ રાજા અને ઈ પણ રાજા. બુદ્ધિવાળો છે. ૯૬માં ગયા હતા, વ્યાખ્યાનમાં ત્રણે દિ' આવ્યા. નાનાલાલભાઈ હતા, રામજીભાઈ ને બધા ઘણા હતા. રાજાના કુંવરો પણ જેની પાસે શીખે ત્યારે ગુણ ગ્રહણ જ કરે. એમાંથી શું કહેવા માંગે છે ઈ ગ્રહણ કરે, આડીઅવળી વાત નહિ.

એમ અહીંયા આત્મામાં એવો એક ધર્મ છે કે ગમે ત્યાંથી એનો ગુણ હોય ને યોગ્યતા હોય ઈ ગ્રહણ કરીને સમજી લ્યે. સમજાણું કાંઈ? છેને, ઓલો આવે છેને દાખલો શાસ્ત્રમાં? કૃષ્ણ ને દુર્યોધનને મોકલ્યા હતા. બહારમાં કોઈ, કૃષ્ણને કહ્યું કે બહારમાં કોઈ દુર્ગુણી છે? જોવા જાઓ. ક્યાંય દુર્ગુણી ન દેખાયા. કરતા કરતા કરતા એક સડેલો કૂતરો... પણ એના બત્રીસી દાંત સારા. આવીને કહ્યું, એક કૂતરો.. એના દાંત બહુ સારા. ઈ ગોતીને લાવ્યા. સમજાણું? હતું એ અપેક્ષાએ. અને દુર્યોધન ગોતવા ગયા તો દુર્યોધનને ક્યાંય કોઈ ગુણી મળ્યો જ નહિ. બધાય દુર્ગુણી, દુર્ગુણી ને દુર્ગુણી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ના, કોઈ સજ્જન નહિ. બીજું વળી શું હતું? કાંઈક હતું ખરું. ... દુર્યોધનને કોઈ ઠેકાણે કોઈ મળ્યો જ નહિ. દરેકમાં વાંક, દરેકમાં વાંક. બધા એને દુર્જન એટલે એને કીધું કે તમને કોઈ સજ્જન મળ્યો જ નહિ? તું જ પોતે દુર્જન છો. ઓલાને કહે, તમને કોઈ દુર્જન મળ્યો નહિ? ના, આ કૂતરો મરી ગયેલો જોયો તો ધોળા દાંત સારા સરખા...

મરી ગયો છતાં દાંત સરખા હતા.

એમ ગુણી એટલે જેમ યથાર્થ ભાવ જ્યાં હોય, યથાર્થની વાત છે હોં એમાં, એને પોતાના ગુણગ્રહણ કરવાનો એક (ધર્મ છે). કારણ કે ગુણમાં અવગુણ પણ ગ્રહણ કરે એમ નહિ હોં પાછું. એમ કહેતા અમારે એક પંડિત કહેતા એ. અમારે તો ગમે ત્યાંથી ગુણ ગ્રહણ કરવો, મિથ્યાદૃષ્ટિ હોય તોપણ એની વાત સાચી માનવી અમારે. એમ નહિ. સમજાણું? '**ગુણીનયે ગુણગ્રાહી છે. શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.**' આત્મદ્રવ્યમાં એવો એક ધર્મ છે, ધર્મ નામ લાયકાત છે. એક લાયકાત છે કે ગુણને ગ્રહણ કરે. એવી જ એનામાં (યોગ્યતા છે). સમજાણું? લખે છેને આમાં જુઓ. 'ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ થતા ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે.' છેને? ચોથો ચાકળો નાનો. 'ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ થતા ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે.' છેને. ગમે એવા પ્રસંગ બનો, એમાંથી પોતાને ગુણ અને લાભ થાય એ જ વાત કાઢી લે. વૈરાગ્ય કાઢી લે, વૈરાગ્ય કાઢી લે. બીજું જાઓ એના ઘરે. સમજાણું કાંઈ? આ મરી ગયો, આનું આમ થયું. અરે..! આ શું? આવા પ્રસંગ? એક ક્ષણમાં ચાલ્યો જાય. દેહ આત્માને આધીન નથી. એમ વૈરાગ્ય કાઢી લે. દુશ્મન મરી ગયો હોય તો વૈરાગ્ય કાઢે. એમ નહિ કે સારું થયું હવે આ. સમજાય છે? ધર્મીને દુશ્મન કોઈ હોતો નથી. ધર્મીને કોઈ દુશ્મન નહિ અને અંતરમાં કોઈ ઈષ્ટ તરીકે પરમાર્થે કોઈ પ્રિય નહિ. દુશ્મન હોય તો રાગ અને સજ્જન હોય તો પોતાના ગુણ અને દ્રવ્ય. સમજાણું કાંઈ?

કહે છે, રાજકુમારને જેમ શિક્ષક શીખવે. એમ ન લ્યે કે અમે મોટા પુણ્યના ધણી, ક્યાંથી આવ્યા? ચક્રવર્તીના પુત્ર છીએ અમે. અને તમને પાંચસો મળે મહિને, પાંચસો હજાર અહીં તો અમને એક સેકંડના લાખો, કરોડો મળે. એમ ન લે. ઓહો..! એ અમને કેળવણી આપનાર છે માટે એમાંથી ગુણ ગ્રહણ કરે. એમ આત્મામાં જ્યાં ત્યાંથી ગુણ જ ગ્રહણ કરે. શિક્ષણ મેળવે, જ્ઞાન મેળવે, ન્યાય મેળવે એમાંથી. એવો જ આત્માનો (એક ધર્મ છે). સમ્યગ્દૃષ્ટિ છે હોં આ. આ એની વાત ચાલે છે. એ પણ ગુણ ગ્રહણ કરે અને ગુણને ... એને ધારે. એવો એક ૩૬મો એનામાં ધર્મ છે.

૩૭. '**આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી),...**' જેવા સામાના ગુણ ને અવગુણ હોય એને જાણતો દેખતો રહે. સાક્ષી તરીકે રહે સાક્ષી. આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. જેમ છે તેમ જાણે, એમાં ઘાલમેલ કરે નહિ. ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, જ્ઞેય છે તેને જાણે પણ, આ જ્ઞેય સારું કે નરસું એમ કરતો નથી. સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ...**' પાછું. ઓલામાં લીધું, ગ્રહણ કરે અને આમાં કેવળ (સાક્ષી છે). એક સમયમાં બે ધર્મ. જે સમયે ગુણ ગ્રહણ કરે એ જ સમયે કેવળ સાક્ષી. ભારે વાત ભાઈ! સમજાણું? બેય ધર્મ એક સમયમાં છે. આ વાત વીતરાગની. જૈન તત્ત્વ સર્વજ્ઞ

ત્રિલોકનાથ વીતરાગદેવે કહ્યું એ તત્ત્વને આ રીતે સમજ્યા વિના એના આરા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ એનું ભાન થયું તોપણ એક સમયમાં ગુણગ્રાહી પણ યોગ્યતા અને સાક્ષી રહેવું પણ એક એનો ધર્મ. સમજાણું કાંઈ? એવો એનો પોતાનો સ્વયંસિદ્ધ ધર્મ છે.

**'શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર...'** રાજકુમારોને શિક્ષણ અને બીજા એના પોલીસ આદિ માણસો હોયને? ઊભા હોય, જોવે, એને કાંઈ લેવાદેવા નથી. જોવે કે આમ કરે છે. **'જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક. ૩૭.'** પ્રેક્ષક હોય છેને? ઊભા હોય બહાર. આ શીખવે છે આને. ... જાણતો દેખતો (રહે છે). એને ક્યાં શીખવું છે? એને પોતાને જાણવું દેખવું રહે. એમ આત્મામાં એક એવો યોગ્યતાનો ધર્મ છે, સ્વભાવ એનો છે. સાક્ષી.. સાક્ષી.. સાક્ષી. સાક્ષાત્ અરિહંત હોય તોપણ એ છે એમ જાણે છે. સમજાય છે કાંઈ? સાક્ષાત્ સિદ્ધ ખ્યાલમાં આવે (તો) છે એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. સમજાણું કાંઈ? વસ્તુ દૃષ્ટિ છે એથી આ મોટા છે માટે મને વિકલ્પ આવે છે એમ નથી. પણ વિકલ્પ આવે છે એ પોતાને બહુમાનનો તે પ્રકાર પ્રસંગ છે માટે. પોતાને કારણે, એને કારણે નહિ. છતાં એક એવો ધર્મ તે કાળે છે, બહુમાનનો વિકલ્પ આવ્યો એમાં, છતાં એ કાળે એક એવો ધર્મ છે કે એને જાણે ફક્ત. જ્ઞાતા દૃષ્ટા તરીકે વિકલ્પને જાણે અને એ ભગવાન છે, આ અરિહંત છે, આ સિદ્ધ છે (એમ) જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળ સાક્ષી, એકલો સાક્ષી. જ્ઞાતા ચૈતન્યપ્રભુ છેને. એનું જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. એ જાણનાર દેખનાર ચેતનપ્રભુ છે એમ જ્યાં ભાન થયું છે એટલે એવો એક ધર્મ એ તો મૂળ છે, જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું, ગમે તે ગુણ હો કે ગમે તે પોતાથી અધિક પરમાત્મા હોય તો એને જ્ઞાનમાં જાણે કે આ છે. સમજાણું કાંઈ?

પહેલામાં ગુણ ગ્રહણ કરે એમ કહ્યું, આમાં ગુણનો સાક્ષી રહે કેવળ. એ કુમારને શીખવનારનો જે સાક્ષી માણસ હોય એની પેઠે સાક્ષી છે. સમજાણું? અનંત કેવળીઓ દેખાય, સાક્ષાત્ તીર્થંકરો દેખાય, મહાવિદેહમાં અવતાર હોય તો ભગવાન દેખાય સમવસરણમાં, કેવળીઓ દેખાય, સંતો દેખાય, સાક્ષી છે. જાણવા દેખવાનો મારો સ્વભાવ છે. મને અને પરને જાણું દેખું એ જ મારું સ્વરૂપ છે. એ મારો ધર્મ મુખ્ય છે. ઓલો ગુણગ્રાહી હતો એ અપેક્ષિત ધર્મ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આવા આત્મામાં એક સમયમાં એવા અનંતા ધર્મોને જાણતો, પણ એની દૃષ્ટિ ચૈતન્ય ધ્રુવ જ્ઞાનમૂર્તિ છે તેના ઉપર કાયમ રહેતી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હજી ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. શ્રાવક તો ક્યાંય રહ્યા અને મુનિ તો ક્યાંય (રહ્યા). આ દશા વિના શ્રાવક કેવા અને મુનિ કેવા? સમજાણું કાંઈ આમાં? તે આત્મદ્રવ્ય જેમાં ગુણગ્રાહી એક ધર્મ છે એ જ આત્મદ્રવ્ય અને એ જ સમયમાં અને એ જ જીવને એવો એક ધર્મ અગુણીનયે કેવળ સાક્ષી છે. એ ૩૭ થઈ.

૩૮મી. કાલે થોડું કહેવાણું હતું.

**'આત્મદ્રવ્ય...'** તે જ આત્માનો, વસ્તુ ભગવાન આત્મા પોતે દેહથી ભિન્ન, અનંત અનંત ગુણો અને ધર્મનો ધરનાર, જે સમયે આવા ધર્મો (કહ્યા) એ જ સમયે એક ધર્મ એવો છે, ધર્મ એટલે લાયકાત **'કર્તૃનયે, રંગરેજની માફક...'** લ્યો આવ્યું તમારું. રંગરેજ જેમ (કપડાને) રંગે છે એ રાગાદિ પરિણામનો આત્મા કરનાર છે. જુઓ! ઓહો..હો..! સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એ બધા રાગ છે, શુભાશુભ. એ શુભાશુભ રાગ એની પર્યાયમાં—અવસ્થામાં આત્મા પોતે કરે છે એવો એનો કર્તૃત્વ નામનો ધર્મ છે. કહો, સમજાણું? એક કોર કહે કે રાગનો કર્તા થાય તે મિથ્યાદષ્ટિ. આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે. અહીં તો એ બુદ્ધિ થતાં પરિણમન છે એટલી વાત છે અહીં તો. પરિણમન અહીં કર્તા છેને, કરનાર છેને, પરિણમન છે એટલું સિદ્ધ કરવું છે. કરું છું રાગ અને કરવા જેવો (છે રાગ) એમ અત્યારે વાત નથી. સમ્યગ્દર્શનના ધર્મમાં દ્રવ્યસ્વભાવમાં રાગ કરવા જેવો છે એવી માન્યતા હોતી નથી. અને રાગ કરું એવી બુદ્ધિ પણ હોતી નથી. એ દષ્ટિના વિષયમાં રાગનો કર્તા થાય તો મિથ્યાદષ્ટિ થઈ જાય. પણ અહીંયા દષ્ટિનો વિષય એવો હોવા છતાં એને રાગનું પરિણમન, રાગ શબ્દે દ્વેષ, વિષયવાસના સમ્યગ્દષ્ટિને હોય છે. એ પણ એ વિષયવાસનાનો કરનાર, પરિણમનાર હું છું, મારો પર્યાયનો કર્તૃત્વ ધર્મ છે એમ તે પર્યાયમાં પોતે જાણે છે. સુમેરુમલજી! જરી ઝીણી વાત છે.

રાગ થાય છે કે નહિ? જો રાગ ન હોય તો સર્વજ્ઞ થઈ જાય. એક સમયમાં જો રાગ ન હોય તો વીતરાગ થઈ જાય, સર્વજ્ઞ થઈ જાય. અને રાગનું જ્ઞાન પણ સાથે ન હોય તો સાધક રહે નહિ. અહીં તો જાણે છે કે રાગ મારું કર્તવ્ય નથી. એવી દષ્ટિ હોવા છતાં સાધક છેને, કે ભાન થયું એટલે તરત મુક્તિ થઈ જાય? આત્માનું ભાન થયું એટલે તરત મુક્તિ થઈ જાય? તો પછી સાધક રહે ક્યાં? તો પછી સાધકને સાધવાનું, અંદર પ્રયત્ન કરવાનો (ક્યાં રહે)? આ વસ્તુ અને પછી આ વસ્તુમાં રમવું (એ ક્યાં રહ્યું)? જો સાધક થઈને તરત એક સમયે મોક્ષ થઈ જાય (તો) આ આત્મા અને એમાં મારે ઠરવું એ વાત રહેતી નથી. સમજાય છે કાંઈ? આ આત્મા કે જે ચૈતન્ય શુદ્ધ જ્ઞાનમૂર્તિ છે એમ જાણ્યું. એ જાણ્યા ભેગું ઠરી ગયો ન્યાં એ સમયે? આમાં ઠરવાનું છે. આમાં એ પહેલું જાણ્યું પછી ઠરવાનું આમાં એમ જાણ્યું છે. જાણ્યું છે સાથે, પણ ઠરવાનું પછી રહે છે. સમજાણું કાંઈ? ઠરવાનું એટલે ચારિત્ર. આમાં ઠરવાનું છે અને આમાં ઠર્યે કેવળ પૂર્ણ પ્રાપ્તિ થશે. એ ઠર્યે પૂર્ણ પ્રાપ્તિ થાય એનું ભાન પહેલું થાય. પણ ભાનને કાળે ઠરી જવાય અંદર એમ નથી. સમજાણું કાંઈ? કેમકે શ્રદ્ધાગુણ ભિન્ન છે, ચારિત્રગુણ ભિન્ન છે અને એક ન્યાયે અભિન્ન છે. એક દ્રવ્યમાં બધા ગુણો એકસાથે છે એટલે એક સમયમાં ગુણ પ્રગટતાં બધા ગુણોનો અંશ પ્રગટે, પણ કાંઈ સમ્યગ્દર્શન થતાં ચારિત્ર (પણ પૂર્ણ) થઈ જાય તો ગુણભેદ રહેતો

નથી. અને એકસાથે અનંતા ગુણોનું સમ્યક્ ભાન થતાં નિર્મળ ન થાય અંશે તો અભેદપણું રહેતું નથી. સમજાણું કાંઈ? આ અભેદ ને ભેદ ને ભારે વાત!

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મજીવ હજી ચોથા ગુણસ્થાનવાળો છે, શ્રાવક અને મુનિ થવા પહેલા. સાચા શ્રાવક અને મુનિ હોં! આ ખોટાની વાત નથી. એ કાંઈ શ્રાવક કે મુનિ છે ક્યાં? સાચા શ્રાવક અને મુનિ થવા પહેલાં આત્મદ્રવ્ય આ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે, એકલો જ્ઞાનપુંજ છે, એવું ભાન થયું. જે સમયે થયું એ સમયે ઠરીને કેવળ થાય છે? પૂર્ણતા એ સમયે થાય? ન થાય. તો આ વસ્તુ છે અને આ વસ્તુમાં ઠરું એ વાતનો અંદર આંતરો રહેતો નથી. આ ચીજ જ્ઞાન જે અનાદિ કાળથી પુણ્ય ને પાપ, દયા ને દાનમાં ઠરતો અને રહેતો એ તો મિથ્યાદૃષ્ટિ હતો. એને આમાં ઠરવું એમ જે હતું એ ફર્યું, ખલાસ! ગુલાંટ ખાઈ ગયો. એક સેકંડના અસંખ્યભાગમાં આ ચૈતન્યવસ્તુ ઉપયોગમાં ભલે અસંખ્ય સમયે આવે, પણ અંદર પરિણમન તો એક સમયમાં ગુલાંટ ખાઈ જાય છે. આ જ્ઞાનમૂર્તિ એકલો પ્રભુ આ, આમાં ઠરીશ તો હવે પૂર્ણતા થશે. આવે છેને સમયસારમાં? જીવરાજનો અધિકાર. એ ઠરવું એટલે ચારિત્ર. શેમાં ઠરવું? કે આ જ્ઞાયકમૂર્તિ આત્મા એમાં. તો એનું ભાન થાય તે સમયે ઠરી શકે એકદમ-એ જ સમયે ઠરી શકે એમ નહિ. એને અસંખ્ય સમય તો લાગે, લાગે ને લાગે જ. સમજાણું કાંઈ?

એવું ઠરવાનું જ્યારે નથી અથવા પૂર્ણ ઠર્યો નથી ત્યારે અંદર એક રાગદશા ઉત્પન્ન થાય છે. રાગ ન હોય તો વીતરાગ પૂર્ણ હોવો જોઈએ અને વીતરાગપણું આ સ્વરૂપમાં છે એમ ભાન થયું પણ વીતરાગપણું પ્રગટ્યું નથી પૂર્ણ. પૂર્ણ પ્રગટ્યું નથી હોં! આ વસ્તુ વીતરાગ એટલે કષાય વિનાની અને જ્ઞાનઘન ચીજ છે આત્મા. એમાં દયા, દાનના વિકલ્પ વિનાની અને એ જ્ઞાનઘન છે. એટલે કે વીતરાગ એટલે અકષાય સ્વભાવ અને જ્ઞાનઘન આ ચીજ. એવું ભાન થવું એ તો હજી સમ્યગ્દર્શન થયું પણ એ વખતે કંઈ તરત સ્થિર થઈ જાય અને કેવળ થઈ જાય એ સમયે એમ હોતું નથી. એટલે વચમાં જેટલો કાળ બાકી રહે એમાં જરી રાગાદિ ઉત્પન્ન હોય છે, વીતરાગ પૂર્ણ થયો નથી માટે. પણ એ રાગ એ મારો કર્તૃત્વ ધર્મ છે માટે થાય છે. એ રાગ કર્મને લઈને થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આ તો ચોથે, પાંચમે ગુણસ્થાને તો રૌદ્રધ્યાન પણ થાય છે. નથી થતું? સમ્યગ્દૃષ્ટિ પાંચમે હોય, રૌદ્રધ્યાન થાય. ભાન છે અને રૌદ્રધ્યાન (થાય) એ સમજે કે એ પરિણમન મારું કર્તૃત્વ છે. કોઈ કર્મનું આકરું જોર આવ્યું માટે રૌદ્રધ્યાન થયું અને આ છોકરો મરી ગયો માટે રૌદ્રધ્યાન થયું એમ માનતો નથી. મારા પરિણામમાં એ કચાશ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ છું એવું ભાન છે દ્રવ્યનું, પણ વર્તમાનમાં મચક ખાઈ જાય છે જરી. રાગ, થોડો દ્વેષ, થોડી મશ્કરી, રતિ, અરતિ, ક્ષોભ જે પર્યાય કર્તૃત્વ મારામાં મારો ધર્મ છે. એટલું જાણવાનું છે, બસ. છે એટલું જ્ઞાન કરવા માટે આ નય છે. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ આમાં? ભીખાભાઈ!

ક્યાં સમયસારની વાત ચાલે અને ક્યાં આ વાત. ઓલામાં કહે કે રાગનો સ્વામી પુદ્ગલ છે. એ વિકારનો સ્વામી પુદ્ગલ, ચૈતન્ય સ્વામી નહિ. સહજાત્મસ્વરૂપ આત્મા સહજ ચૈતન્યસ્વરૂપનો સ્વામી છે. સહજાત્મસ્વરૂપ આત્મા છે એનો એ સ્વામી છે. ૪૭ શક્તિમાં આવ્યુંને? સ્વસ્વામીસંબંધ શક્તિ એક છે આત્મામાં. સ્વપણું એટલે પોતાના દ્રવ્ય, ગુણ અને શુદ્ધ નિર્મળાનંદ પર્યાય નિર્મળ એ સ્વ, એનો આત્મા સ્વામી, રાગનો નહિ. એ વસ્તુના સ્વભાવની શક્તિના વ્યાપકપણે પરિણમનમાં વ્યાપી ગઈ શક્તિ પર્યાયમાં એટલાનો સ્વામી. રાગ તે જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનનું જ્ઞેય, પરજ્ઞેય. અહીં કહે છે કે એક કર્તૃત્વ ધર્મ તારી પર્યાયનો તારામાં છે એમ જાણજે. સમજાણું કાંઈ? બહુ પણ. નવરંગભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પર્યાયધર્મ, પર્યાયધર્મ કીધોને. એ અંશ ધર્મ છે. પર્યાય એકમાં પણ આ અંશ છે. કારણ કે સાધક તો છેને. શુદ્ધતા તો સાથે છે. ચારિત્રગુણની પર્યાયની અંશે શુદ્ધતા તો છે, આનંદની અંશે શુદ્ધતા તો છે. એની સાથે એક અંશે અશુદ્ધતા અને દુઃખની દશાનું પરિણમન છે. એ ભોગવવામાં આવશે. સમજાય છે કાંઈ? આ વસ્તુ... મવાળા (વાળ) ચીરેને એ તો હજી જાડા કહેવાય. આ તો એથી ચીરીને ચીરીને ઝીણું, એક સમયની પર્યાયને ચીરીને બે ભાગ. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં આ રીતે વસ્તુ ન આવે ત્યાં સુધી એની સાચી દૃષ્ટિ થાય નહિ. અને દૃષ્ટિ વિના બધી રણમાં પોકવાની ક્રિયાઓ છે. એમાં ક્યાંય એને ધર્મ-બર્મ જરીયે થાતો નથી. આહા..હા..! આ કહેશે, આચાર્યનું વિરુદ્ધ તો નહિ હોયને? ન્યાં કાંઈક કહ્યું, અહીં કાંઈક કહ્યું. સમજ તો ખરો. ન્યાં શું કહ્યું અપેક્ષાએ અને અહીં શું કહ્યું અપેક્ષાએ? સમજાણું?

ન્યાં તો કહે એક વિકલ્પનો જરી (અંશ આવ્યો), મહાવીર ત્રિલોકનાથના પ્રત્યેનો બહુમાનનો વિકલ્પ એનો એ કર્તા થાય, દૃષ્ટિ મિથ્યાત્વ છે. જ્ઞાનચંદજી! ભારે વાત ભાઈ! અહીં કહે કે તે પર્યાયમાં તારો કર્તૃત્વની યોગ્યતાવાળો તારો ધર્મ તારામાં તારાથી છે. જાણવાનો વિષય છે. જાણવાનો જ્ઞાનમાં સ્વભાવ છેને. બેય પડખાને જાણે. સામાન્યને પણ જાણે, ગુણને પણ જાણે અને પર્યાયને જાણે. બેયને જાણવાનો સ્વભાવ સવિકલ્પસ્વરૂપ સ્વપરપ્રકાશક સ્વરૂપ છે. જ્ઞાનનું સ્વપરપ્રકાશક સ્વરૂપ છે. અહીં તો પોતાના સ્વમાં આવો ધર્મ છે એમ જાણે. સમજાણું કાંઈ? અંશે અંશમાં જેટલી વિકારતા દેખાય એની સાથે અવિકારતા એની સાથે ... દ્રવ્ય-ગુણ ત્રિકાળ એકરૂપ. પર્યાયના બે ભાગ. એમાં એક ભાગનો કર્તૃત્વ ધર્મ મારો મારામાં છે એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? એને કાઢી નાખે તો, ચારિત્રગુણ અને આનંદગુણના અંશોમાંથી એક અંશ કાઢી નાખે તો ગુણ રહેતો નથી અને ગુણ રહેતો નથી તો એવા અનંતા ગુણનું દ્રવ્ય પણ અખંડ રહેતું નથી.

ત્રણ કાળની પર્યાયનો સમૂહ તે ગુણ છેને? જેટલા ત્રણ કાળના સમય છે એટલી પર્યાય

છે. એ બધી પર્યાયનો સમૂહ તે ગુણ છે અને એવા અનંતા ગુણનો સમૂહ તે દ્રવ્ય છે. બરાબર છે? તો એક અંશ પણ જો કાઢી નાખે તો એ દ્રવ્યની એકતા આખી જે છે એ રહેતું નથી. સો વર્ષનો માણસ છે એમ કહો, એ માહ્યલો કોઈ એક સમય કાઢી નાખે તો સોપણું રહેતું નથી. એમ દ્રવ્ય, ગુણ અને પર્યાયની એકતારૂપ જે દ્રવ્ય આખું એક સમયમાં છે અને ત્રણે કાળના પર્યાયનો સમૂહ તે દ્રવ્ય છે એનો એક સમયનો પર્યાય પરનો કહી દ્યો તો એ દ્રવ્ય, ગુણ, પર્યાયની અને બીજા અનંતા છે તેની એકરૂપતા રહેતી નથી. ભારે સમજણ આમાં તો. નવરંગભાઈ! પૈસામાં કાંઈ સમજણ કરવી પડી નથી. શેઠિયા! પુણ્યને લઈને આવી ગયું. આમાં તો બહુ પુરુષાર્થ કરવો પડે. એ માલચંદજી!

કર્તૃત્વનયે, કર્તૃત્વનય એટલે જ્ઞાનનો અંશ અને ઓલો કર્તૃત્વ ધર્મ એનો વિષય, એમ. નય છે તે વિષયી છેને? વિષયી. અને એનો વિષય છે અંદર. એક ધર્મ પરિણમે છે એ એનો વિષય છે અને કર્તૃત્વનય એ જ્ઞાનનો અંશ છે. તે '**આત્મદ્રવ્ય કતૃનયે રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ)**.' એમ. રંગારો રંગકામનો કરનાર છે, કંઈ કોઈ કુંભાર-બુંભાર બીજો (નથી). એ તો શીખ્યો હોય તો એ પણ રંગારો થઈ જાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૪, ગુરુવાર, તા. ૧.૧૧.૧૯૬૨**
**નય-૩૮, ૩૯, ૪૦, પ્રવચન-૩૭**

આ પ્રવચનસાર ચાલે છે. સર્વજ્ઞ ભગવાન... જે આત્મ પદાર્થ છે એમાં જ્ઞાનનો સ્વભાવ શક્તિ પૂર્ણ પડી છે. એનો અંતર અનુભવ કરીને એકાગ્ર થઈને જ્યારે સર્વજ્ઞપદ નામ જ્ઞાનની પરિપૂર્ણતા પ્રગટ થઈ, જ્ઞાનની પર્યાય નામ અવસ્થા.. શક્તિ તો હતી આત્મામાં. સંપૂર્ણ સર્વજ્ઞસ્વભાવ આત્મામાં છે, દ્રવ્ય વસ્તુ પદાર્થમાં, એમાં એકાકાર થઈને શક્તિમાંથી વ્યક્તતા સર્વજ્ઞપર્યાયની પ્રગટ થઈ તે સમયે ઈચ્છા વિના પૂર્વના પ્રારબ્ધને કારણે વાણી નીકળી એ વાણીને અહીંયા પ્રવચન કહે છે. અને એ પ્રવચનમાં સાર શું છે? એ અલ્પ શબ્દોમાં થોડામાં પ્રવચનસારમાં કહેવામાં આવ્યો છે.

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે પ્રભુ! આ આત્મા કોણ છે? આ દેહમાં આત્મા કોણ છે આત્મા?

એવો પ્રશ્ન કર્યો. એનો ઉત્તર આપવામાં આવે છે. સમજાય છે? જેને તૃષા હોય એની પાણી પીવડાવવામાં આવે છે. જેને આત્મા સમજવાની અભિલાષા હોય એને આત્મા કહેવામાં આવે છે કે આત્મા કેવો છે. તો કહે છે કે એક સમયમાં-સેકંડના અસંખ્યભાગમાં ભગવાન આત્મા દેહ, પરમાણુ, માટીથી ભિન્ન છે. આ તો માટી જડ છે એનાથી ભિન્ન આત્મપદાર્થ અનાદિ-અનંત વસ્તુ છે. એમાં અનંત અનંત ગુણ, પર્યાય, શક્તિઓ, અવસ્થાઓ, યોગ્યતા એવા અનંત એમાં ધર્મ છે. ધર્મ નામ એટલે એણે ધારી રાખેલો ભાવ, ટકાવી રાખેલો ભાવ. એક આત્મામાં એવા અનંત ધર્મ છે. ધર્મ એટલે પર્યાય અપેક્ષિત યોગ્યતા, ગુણ એ બધાને ધર્મ કહેવામાં આવે છે. આ શી રીતે સમજાય અભ્યાસ ન હોય એને? ભગવાનજીભાઈ!

આત્મદ્રવ્ય વસ્તુ ચૈતન્યપ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, જેનું સત્ નામ શાશ્વત જ્ઞાન, આનંદ મુખ્ય સ્વભાવ અને એની સાથે અનંતા અનંતા બીજી શક્તિ આદિ, પર્યાય આદિ ધર્મો છે. એવું જેને ભાન થયું, પોતાનો આનંદમૂર્તિ આત્મા, પોતામાં આનંદ છે, અતીન્દ્રિય આનંદ આત્મા છે એનો, રાગ, સંયોગથી પૃથક્ થઈને નિજ સ્વરૂપનો અનુભવ થયો કે હું તો શુદ્ધ આનંદ છું, મારામાં શાંતિ અને આનંદ રસ જ પડ્યો છે. એવું ભાન થયું એને શું શું એની પર્યાયમાં, યોગ્યતામાં ગુણ અને ક્યા ક્યા ધર્મ છે ઈ અહીંયા બતાવે છે. ૩૮મી નય ચાલી. ૩૮—૩૦ અને ૮. શું કહે છે જુઓ.

તે '**આત્મદ્રવ્ય...**' ૩૮, ૩૮. '**કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે...**' શું કહે છે? આત્મા, હું શુદ્ધ આનંદ છું, જ્ઞાન ચૈતન્યસ્વભાવ મારો ત્રિકાળ છે એવું ભાન થયું. ભાન થવા છતાં પોતાની વર્તમાન દશામાં—પર્યાયમાં હજી રાગ, દ્વેષ, વિષયવાસના એવી પરિણતિ નામ પર્યાયનો ધર્મ એનામાં છે. જો એટલો (ધર્મ) ન હોય તો પૂર્ણ આનંદનો અનુભવ અને સર્વજ્ઞપદ આત્માની પ્રાપ્તિ થઈ જાય. સમજાણું કાંઈ? એવી એક સમયની પર્યાય નામ હાલત (છે). કૂટસ્થ નથી આત્મા. કાયમ રહીને પલટે છે, બદલે છે. તો પલટવાની પર્યાયમાં પોતાના સ્વરૂપનું ભાન થયું. હું શુદ્ધ જ્ઞાનાનંદ છું. મારી શક્તિમાં તો શુદ્ધતા જ પડી છે. પણ મારી વર્તમાન દશામાં કેટલીક અંતર શુદ્ધતા પ્રગટ થઈ છે અને કેટલીક અશુદ્ધતા પ્રગટ છે, અશુદ્ધતા પ્રગટ છે. સમજાય છે કાંઈ? જ્ઞાની... ...ભાઈ! આ ઝીણું છે. કોઈ દિ' સાંભળ્યું પણ નથી બાપ દાદાના ગોતરે. જય ભગવાન! વેપાર ધંધા ને આ ને તે. અને અપાસરે જાય, ધર્મમાં જાય (તો એવું સાંભળવા મળે કે) સામાયિક, પડિકમણા, પોષા કરો, અપવાસ કરો થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ ચીજ જ કોઈ બીજી છે. કહો, સમજાય છે?

ધર્મ એ તો આત્મા સચ્ચિદાનંદ ધ્રુવસ્વરૂપ અનાદિ-અનંત આનંદકંદ છે. એમાં પુણ્ય, પાપના જે વિકલ્પ નામ રાગની ઉત્પત્તિ થાય છે એને પૃથક્ કરીને પોતાના સ્વભાવમાં એકાગ્ર થઈને આનંદનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. ધર્મ કોઈ બાહ્યના ક્રિયાકાંડમાં અને દયા,

દાન, વ્રત, ભક્તિના રાગમાં ધર્મ-બર્મ થતો નથી. સમજાણું કાંઈ? તો એ ધર્મી જેને ધર્મનું ભાન થયું એનો શું શું ખ્યાલ છે અને એના જ્ઞાનના વિષયમાં કેવો કેવો પોતાની દશામાં વિકાર છે? તો કહે છે કે એ વિકારનું પરિણમન, હજી વિકારરૂપી દશા પોતાની દશામાં થાય છે. ભાન થયું કે હું શુદ્ધ જ્ઞાયક છું, ચૈતન્ય છું, આનંદ છું. સાધકભાવ થયો. સચ્ચિદાનંદ નિર્મળાનંદ મારી ચીજ છે. વિકાર થાય છે એ મારી વર્તમાન દશામાં મારી નબળાઈનો અપરાધ છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો રાગ ઉત્પન્ન થાય છે એ રાગ છે, વિકલ્પ છે, વાસના છે. તો કહે છે કે ધર્મીને પણ એવી વૃત્તિ ઉઠે છે તો જાણે છે કે એ રાગનો, દ્વેષનો, વિષયવાસનાનો અંશરૂપ મારી દશામાં મારી નબળાઈથી થાય છે. એવું જ્ઞાન કરે છે, જાણે છે. એ રાગનો આદર કરતો નથી. સમજાણું કાંઈ?

શુભભાવ ઉત્પન્ન થાય છે. આદર નથી, અંગીકાર કરતો નથી પણ જાણે છે કે મારી પર્યાયમાં મારી નબળાઈથી મારામાં રાગ, દ્વેષ, રતિ, અરતિ, શોક આદિની દશા મારામાં થાય છે. મારી દશામાં અસ્તિત્વમાં છે. એમ સમ્યક્જ્ઞાની જીવ પોતાનો વિકાર કર્તૃત્વનયે, રંગરેજની માફક રાગાદિના પરિણામનો કર્તા છે. પર્યાયમાં રાગાદિ પરિણમન છે એમ બરાબર સમ્યક્જ્ઞાની જાણે છે. કર્મને કારણે નહિ, શરીરને કારણે નહિ. પોતાની પર્યાય, અવસ્થાની યોગ્યતાને કારણે મારામાં છે એમ જાણે છે.

'**(આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે,...**' કર્તાનો અર્થ એનામાં પરિણમન છે. કર્તા એને કહે છે કે પરિણમે તે કર્તા. પરિણમે નામ એ અવસ્થામાં રાગ થાય છે. રાગ ન હોય તો પૂર્ણ આનંદનો અનુભવ હોવો જોઈએ. આત્મા તો પૂર્ણ આનંદસ્વરૂપ અંતર શક્તિમાં છે અને પર્યાય નામ હાલતમાં જો પૂર્ણાનંદ થઈ ગયો તો પછી રાગાદિ થતા નથી. અને અપૂર્ણ આનંદ છે, શાંતિનું ભાન થયું છતાં પૂર્ણ આનંદ નથી તો રાગની વૃત્તિ, શુભાશુભ લાગણી વૃત્તિ અંદર દશામાં ઉત્પન્ન થાય છે. એ મારો ધર્મ નામ ધારી રાખેલો ભાવ છે. મારી પર્યાયનો એ ભાવ છે એમ જ્ઞાની બરાબર જાણે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે આ તત્ત્વનો. એમ ઉપરટપકે કોઈ લઈ જાય ધર્મ એવી ચીજ નથી. કોલેજમાં પ્રોફેસર એક કલાક ભાષણ કરે અને સાંભળીને વયા જાય. કેમ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પોતાની પર્યાયમાં—દશામાં એટલો રાગ છે. રાગ..

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીં તો બે વાત કહી છે. આત્મા વસ્તુ છે એમાં અનંત ગુણ શક્તિ પણ છે અને એની પર્યાય પલટે પણ છે. જો પલટવું ન હોય તો એને કંઈ કરવાનું રહેતું નથી. અજ્ઞાન અને રાગ-દ્વેષમાં પડ્યો છે તો સમ્યક્જ્ઞાન અને અવિકારી દશા કરવી એનું કર્તવ્ય ઈ છે. તો જો પલટતો ન હોય તો એ કર્તવ્ય થાય નહિ.

કહે છે કે પોતાની પર્યાય... જરી સૂક્ષ્મ વિષય છે તદ્દન. નયનો અધિકાર તો બહુ (ઝીણો છે). એ અભ્યાસમાં કદી લીધો નથી. પરનો કર્તા નથી, શરીર, વાણીનો આત્મા કર્તા નથી. આ તો માટી જડ છે, ધૂળ છે, અસ્તિ જગતની ચીજ છે. એ ટકીને પલટે છે એને કારણે, આત્માનો એમાં અધિકાર નથી. પણ આત્મા, નિજ સ્વરૂપનું ભાન થયું, હું તો જ્ઞાતા દૃષ્ટા ત્રિકાળ જ્ઞાયકપણે રહ્યો છું. છતાં મારી દશામાં અત્યાર સુધી અનાદિ વાસનાની મારી પર્યાયમાં વિકૃત દશા થાય છે. એ વિકૃત દશાનો પણ પોતામાં સ્વીકાર કરે છે અને એ સ્વીકાર કરીને ચૈતન્ય શુદ્ધ છે એના ઉપર એની દૃષ્ટિ લગાવે છે. સમજાણું કાંઈ? આ ધર્મીના ધર્મના કાળમાં આ થાય છે એમ કહે છે.

ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ થવા છતાં પોતાની દશામાં રાગ, દ્વેષની વાસના છે એનું પણ જ્ઞાન સાથે રાખે છે. વિકાર કરે છે, પરે કરાવ્યો અને મારામાં વિકાર બિલકુલ દશામાં છે જ નહિ, તો તો નિર્વિકારી પૂર્ણ દશા સર્વજ્ઞપદ આનંદપદ થઈ જાય, તો એમ તો છે નહિ. તો કર્તૃત્વ ધર્મ મારામાં છે એમ જાણે છે. એક વાત. તે જ સમયે, જે સમયે રાગાદિ, દ્વેષાદિની પર્યાય દશામાં અંશ વિકાર છે તે જ ક્ષણે '**આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...**' શેઠી! એ રાગનું પરિણમન થયું, દશા થઈ એનો પણ હું સાક્ષી છું. તે જ સમયે તેનો જાણનાર દેખનાર છું. બહુ ભાઈ વિરોધ, પરસ્પર વિરોધ. સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય...

૩૯મી નય. '**આત્મદ્રવ્ય...**' આત્મપદાર્થ, દ્રવ્ય. દ્રવ્ય શબ્દ વાપરે છે. દ્રવતિ ઈતિ દ્રવ્યમ્. પર્યાયને દ્રવે છે, પરિણમે છે. સમજ્યા? એ '**આત્મદ્રવ્ય અકર્તૃનયે...**' તે જ સમયે આત્મા રાગ થયો એ જ સમયે રાગને હું જાણનાર છું એમ તે સમયે જ છે. રાગને પણ હું જાણનાર છું. સમજાણું કાંઈ? એક સમયમાં બે ધર્મ છે. ધર્મચંદજી! સાંભળ્યું નથી. જૈનમાં જન્મ લીધો પણ શું છે, જૈન પરમેશ્વર શું કહે છે અને વસ્તુ શું છે ખબર નથી, ખબર નથી અને બધાને ધર્મ કરવો છે. ક્યાં ધર્મ બહાર લટકે છે? બહારથી ધર્મ થાય છે? અનંત કાળમાં એક સેકંડમાત્ર ધર્મ કર્યો નથી. એક સેકંડમાત્ર ધર્મ થાય તો જન્મ-મરણનો અભાવ થઈ જાય. ચૈતન્યની ચિનગારીનો એક સમયમાત્ર અનુભવ થઈ જાય, ભલે રાગ હો, દ્વેષ પણ હો, વિકાર પણ થોડો હો, હજી પૂર્ણ નથી થયો ત્યાં સુધી પણ એના ભાવમાં ભાસન થઈ જાય કે હું તો ભવરહિત જ છું. મારામાં ભવ નથી અને ભવનો ભાવ પણ મારા ત્રિકાળ સ્વભાવમાં નથી. મારી દશામાં જરી રાગ છે એ મારે જાણવાલાયક છે. પરિણમન છે એ અપેક્ષાએ કર્તા માન્યો અને જાણવાલાયક પણ તે જ સમયે છે. રાગ છે તે મારે જાણવાલાયક છે. અકર્તા છું. રાગનું પરિણમન તે સમયે પણ થોડુંક નથી. રાગનું પરિણમન છે, તે જ સમયે રાગનું પરિણમન નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? શેઠી! શું કરે આમાં?

આત્મદ્રવ્ય, ભગવાન આત્મા. એ સંસ્કૃતમાં છે. સંસ્કૃતનો જ શબ્દાર્થ છે. સમજાણું

કાંઈ? છેને દેખો. '**अकर्तृनयेन स्वकर्मप्रवृत्त**' છેને? '**रञ्जकाध्यक्षवत्केलमेव साक्षि।**' ૩૯ છે, સંસ્કૃત. ઉપર સંસ્કૃત છે. છે કે નહિ? ૩૯. એનું અહીં હિન્દી બનાવ્યું છે. પહેલા તો ગુજરાતી બનાવ્યું છે, પછી ગુજરાતીનું હિન્દી કર્યું છે. શું કહે છે સમજાણું? તારી લીલા, ભગવાન ચૈતન્યપ્રભુની લીલા અર્થાત્ એનો ત્રિકાળ આનંદ આદિ શુદ્ધ સ્વભાવ એવો અનુભવ દૃષ્ટિથી થયો તોપણ પોતાની પર્યાય નામ અવસ્થા નામ હાલતમાં રાગ-દ્વેષ વાસનાનું પરિણમન છે એમ પણ જાણે છે અને તે જ વખતે થોડા રાગ દ્વેષ આદિ મારામાં નથી એમ સાક્ષી તરીકે રાગને જાણે છે. ધર્મચંદજી! આ ક્યારેય કર્યું હતું? લે, દિગંબરમાં કદી નહોતું કર્યું. સમજાણું કાંઈ?

અહીંયા ન્યાયથી વાત ચાલે છે કે આત્મ પદાર્થ, આત્માનો અનુભવ... શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તો એનો કોઈ સ્વભાવ કાયમી છેને કાયમી. વસ્તુ છે અનાદિ-અનંત, એની ઉત્પત્તિ નથી, છે એનો નાશ નથી. તો છે એનો કોઈ ત્રિકાળ ભાવ છે કે નહિ સ્વભાવ? જેમ અફીણ છે તો કડવાશ સ્વભાવ છે, સાકર છે તો ગળપણ સ્વભાવ છે, મીઠો સ્વભાવ છે, લીંબુ છે તો ખાટો સ્વભાવ છે. આત્માનો (સ્વભાવ) શું? આત્મા ઈ છે કે જ્ઞાન, દર્શન, આનંદથી અંદર શુદ્ધ ભરેલો છે અને 'અતતિ ગચ્છતિ ઈતિ આત્મા' (અર્થાત્) એ પોતાની જ્ઞાન, દર્શન, આનંદની દશારૂપે આત્મા થાય એનું નામ આત્મા કહેવાય છે. સમજાણું કાંઈ? તે જ આત્માનું ભાન થયું, એવું ભાન થયું કે હું તો જ્ઞાન, દર્શન, આનંદની અવસ્થા રૂપે થવાની તાકાત રાખું છું, છતાં તે કાળમાં પૂર્ણ દશાની પર્યાય નામ હાલત-દશા પ્રગટ નથી થઈ તો તે સમયે જરી વિકારની લાગણી પણ છે તેને પણ જાણે છે કે છે, નહિતર અપૂર્ણતા ન હોય અને વિકાર હોવા છતાં હું વિકારને જાણનાર પણ તે જ સમયે છું. સમજાણું કાંઈ? જેટલું વિકારરૂપ પરિણમન નથી થયું એટલું અકર્તૃત્વ દૃષ્ટિથી રાગનો કર્તા નથી પણ રાગનો જાણનાર પણ હું છું. જાણનાર જ્ઞાતા દૃષ્ટા. રાગ થયો જ્ઞેય, આત્માનું જ્ઞાન થયું તેને પ્રમાણ--માપ કરનાર જ્ઞાન. હું જ્ઞાન આત્મા છું, રાગ મારો પર તરીકે જ્ઞેય છે. પર નામ સ્વભાવની અપેક્ષાએ પર, પણ છે પોતાની પર્યાયમાં. સમજાણું કાંઈ?

'**અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ સ્વભાવનું ભાન થયું, અનંત કાળમાં નહિ થયેલું એવું, હું ચૈતન્ય છું. મારી સંપદામાં શાંતિ પડી છે. મારી અંતર સંપદામાં શાંતિ પડી છે અને મારા અંતરમાં અતીન્દ્રિય રસ આનંદ પડ્યો છે એવો હું આત્મા છું. મારું સુખ પરમાં નથી, મારું સુખ પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે છે એમાં નથી અને મારું સુખ એક અલ્પ અવસ્થામાં પૂરું થતું નથી. મારું સુખ-આનંદ મારા ત્રિકાળ સચ્ચિદાનંદમાં આનંદસ્વભાવ છે. સમજાણું કાંઈ? મણિભાઈ! ભગવાન જાણે શું હશે? એવો આત્મા. વળી કોઈ એમ કહે, વ્રત કરો, તપ કરો, દયા, દાન કરો, ભાઈ! કરતા કરતા ધર્મ થશે. ધૂળમાંય નહિ થાય. એ તો વિકલ્પની ક્રિયા રાગની છે. સમજાણું કાંઈ? એ રાગ એ ધર્મ નહિ. બીજી

ભાષાએ કહીએ તો એ રાગ અધર્મ છે. સમજાણું કાંઈ? એ વૃત્તિનું ઉત્થાન, ઉત્થાન છે, ઈ વૃત્તિ ઉઠે છે. હું આમ કરું, હું આમ કરું, હું દયા પાળું, હું દુઃખ ન દઉં, હું આમ કરું, હું તપ કરું એ તો વૃત્તિ છે, રાગ છે. રાગ એ પોતે ધર્મ નથી. રાગથી રહિત જ્ઞાનાનંદ સ્વરૂપનો અંતર અનુભવ થવો અને શુદ્ધતાની શક્તિની પ્રગટતા થવી એનું નામ ધર્મ છે. એ ધર્મથી જન્મ મરણથી રહિત થઈને આત્મા મુક્તિને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

અહીં તો બીજું કરો, આમ કરો, અનાસક્તિથી કરો. ધૂળેય કરી શકતો નથી. એક આંગળી હલાવી શકતો નથી, એ તો જડની દશા છે. આ કર્તૃત્વ રાગનું લીધું છે, જડનું નહિ. પક્ષઘાત થાય છે શરીરમાં પક્ષઘાત, ઈચ્છા હોય કે હું આમ ચાલું પણ ચાલી શકતો નથી. એ જડની અવસ્થા નહિ થવાને લાયક છે તો પોતાથી થતી નથી. તારાથી નહિ. તારી થતી હોય તો જ્યાં જ્યાં તું કરવા ઈચ્છે ત્યાં બધે થઈ શકે. એમ છે નહિ. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન આ જડ જડ છે, આ ધ્વનિ ઉઠે છે ઈ, જડની ધ્વનિ ઉઠે છે, આત્મામાં એ ધ્વનિ નથી, જડ નથી. આહા..હા..! એ જડનું કર્તૃત્વ અહીંયા નથી લીધું. સમજાણું કાંઈ? હું શરીરનું કરી શકું છું. અનાસક્તિ રાખવી ભાઈ! કામ કરવું. ધૂળમાંય નથી કરી શકતો. ક્યાંથી કરી શકે તું? ખબર નથી? શરીર પાંગળુ થઈ જાય છે, આમ થાય છે. લકવો થાય છે અને તોતડું બોલે છે. તોતડાને શું કહે છે? મોટો વિચક્ષણ હુશિયાર હોય, મારે આવી અત્રુટ ભાષા બોલવી છે તોપણ બોલી શકતો નથી. કેમકે જડની દશા છે એ આત્માના અધિકારની વાત નથી. પણ અજ્ઞાનીને ખબર નથી કે હું ચૈતન્ય છું અને આ જડની દશા થાય છે. જડના કાર્ય હું કરું છું એમ માને છે એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ઈ અહીંયા કર્તૃત્વની વાત નથી લીધી.

વિકલ્પ ઉઠે છે જરી પોતાની નબળાઈથી ઈ મારી પર્યાયમાં, મારી દશામાં છે એમ જાણે છે. બસ એટલું. પરનું કરવું, શરીરનું, વાણીનું, કુટુંબનું અને પરનું (કરવું) એ તો જડમાં દશા થવાની હોય તો થાય છે અને ન થવાવાળી નથી થતી. તારી ઈચ્છાથી થાય એમ બનતું નથી. સમજાણું કાંઈ? આ કર્તૃત્વ જે લીધું છે એ તો વિકલ્પની વાસનાની દશાની અપેક્ષાથી લીધું છે. સમજાય છે કાંઈ? અને અકર્તૃત્વ લીધું છે, પરનો કર્તા છે જ નહિ, ઈ વાત અહીંયા નથી, અહીંયા રાગ-દ્વેષની વાસના જરી ઉત્પન્ન થાય છે નબળાઈથી એ જ સમયે રાગનું પરિણમન છે એમ જાણે છે, ઈ થાય છે એમ જાણે છે અને હું એવડો નથી, રાગનો સાક્ષી છું એટલી શુદ્ધતા તો અંદર સ્વભાવના અવલંબનથી, ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુના આશ્રયથી શક્તિમાંથી વ્યક્તતા શુદ્ધતા પ્રગટ કરી છે. એટલી અપેક્ષાથી રાગ અને વાસનાનો અકર્તા છે. ઝીણું બહુ પડે આમાં. ક્યાં ગયા મનસુખભાઈ? છે કે નહિ મનસુખ? પછી જવું છે? મુંબઈ જવાનું છે? ઠીક. સમજાણું કાંઈ? ઓહો..હો..!

જુઓ આ શરીરનો ધર્મ. ઘડીકમાં કાંઈક થાય, ઘડીકમાં લોહી પડે, હાર્ટ ફેઈલ થઈ જાય.

તારા અધિકારની વાત છે? એ તો ઘણું કરે છે. ડૉક્ટર પણ બહુ કરે છે. ઈંજેક્શન ખોસે છે. ડૉક્ટર પોતે મરી જાય છે કે નહિ? મોટો ડૉક્ટર, અહીં વૈદ્ય હતા કે નહિ મોટા? આખા સર સર.. શું કહેવાય? સર્જન. વેદ્ય હતાને સર્જન. અહીં ભાવનગર. હેમંતકુમાર. બીજાનું ઓપરેશન કરતા કરતા... કંઈક થાય છે. ખલાસ, હાર્ટ ફેઈલ, ત્યાંને ત્યાં હાર્ટ ફેઈલ. જડના વૈદ્ય છો કે નહિ તું? ધૂળમાંય નથી. એ જડ છે એની દશા કેમ થવી એ જડને આધીન છે, તારે આધીન નથી. ઈ અહીંયા કર્તૃત્વમાં નથી લીધું. સમજાણું કાંઈ? કર્તૃત્વ પણ વિકારી દશા છે, મારા જાણવામાં આવે છે. અને અકર્તૃત્વમાં રાગને પણ હું જાણનાર છું એવો મારો ધર્મ છે. હું રાગને જ્ઞેય કરનાર છું, જાણનાર છું. સ્વભાવથી જ્ઞાનથી રાગ થયો, જ્ઞાનથી રાગ નથી થયો, રાગ થયો તો સ્વભાવથી જાણે છે કે છે. એવો હું જ્ઞાતા દૃષ્ટા છું. હું જ જ્ઞાતા દૃષ્ટા છું અને રાગનું પરિણમવું પણ-બેય પર્યાયના ધર્મ મારામાં છે. સમજાણું કાંઈ?

જ્યાં સુધી સ્વભાવમાં પરિપૂર્ણતા ન થાય ત્યાં સુધી રાગનો, દ્વેષનો અંશ પોતામાં થાય છે. સ્વભાવના આશ્રય કરતા કરતા બધો વિકાર છૂટી જાય, પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ જાય એનું નામ મુક્તિ કહેવાય છે. એનું નામ મુક્તિ છે, મુક્તિ કોઈ બીજી ચીજ નથી. વિકારથી છૂટીને નિર્વિકારી દશાની પરિપૂર્ણતાની પ્રાપ્તિ, પ્રાપ્તમાંથી પ્રાપ્તિ છે, દ્રવ્યમાંથી પ્રાપ્તિ થવી એનું નામ મુક્તિ કહેવાય છે. સમજાણું કાંઈ? અંદરમાં શક્તિ પડી છે દ્રવ્યમાં, વસ્તુમાં. ન હોય તો કંઈ બહારથી આવતી નથી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં હોય તો મળે છે. તો શુદ્ધતા અને આનંદ તો પોતાના પદાર્થ સ્વભાવમાં પડ્યા છે. એનો અંતર અનુભવ કરીને શાંતિનો અંશ પ્રગટ થયો, અકર્તાપણાનો અંશ પ્રગટ થયો અને રાગ પણ છે, બેય ધર્મ મારામાં છે એમ જાણે છે. સમજાણું કાંઈ? નેમિદાસભાઈ! બહુ પણ... એક સમયમાં બે ભાગ જગતને કઠણ પડે. વસ્તુ એક અને વસ્તુનો સ્વભાવ અનંત અને એની દશા વર્તમાન એ દશાના બે ભાગ. કંઈક સાક્ષીનો ભાગ અને કંઈક રાગનો ભાગ. આહા..હા..!

તારી વસ્તુની ... વિકારી પણ તારી દશામાં અને અવિકાર પણ તારી દશામાં, એમ ન માને તો વસ્તુની સિદ્ધિ સતરૂપે સાબિત નથી થતી. (બિલકુલ) વિકાર ન હોય તો પરમાનંદનો પ્રગટ અનુભવ હોવો જોઈએ. પરમાનંદનો પ્રગટ અનુભવ નથી તો ત્યાં વિકાર પણ છે. અને સાધક છે તો વિકારથી રહિત થોડો આનંદનો અનુભવ પણ છે. અજ્ઞાનીમાં તો આનંદનો અનુભવ બિલકુલ નથી. એકલા પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ વિકલ્પનો અનુભવ છે. એ અજ્ઞાનભાવથી એકલું વિકારનું વેદન છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે **'અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...'** વળી એમ પાછું. કેવળ અને સાક્ષી જ છે. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ છે પ્રભુ. એ જ્ઞાનનો સૂર્ય છે આત્મા. જ્ઞાનનો સૂર્ય. આ પરમાણુનો સૂર્યપ્રકાશ જે જડ દશ્ય દેખાય છે, ભગવાન આત્મા જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનસૂર્ય, જ્ઞાનપ્રકાશ સૂર્ય. એ જ્ઞાનપ્રકાશ સૂર્યની સાથે અનંત આનંદ આદિ ગુણ શક્તિ રહે છે. એવું

જ્ઞાનસ્વરૂપનું ભાન થયું કે હું તો જ્ઞાનસૂર્ય સમ્યક્ છું. તો એટલો તો રાગનો અકર્તા થયો અને રાગનો સાક્ષી પણ રહ્યો અને રાગ થાય તેનો પણ જાણનાર રહ્યો. આહા..હા..! આ અભ્યાસ કરવો પડે થોડો. સમજાણું કાંઈ? દુનિયામાં પણ અભ્યાસ કરે તો થોડું જાણે છે.

દાખલો નહોતો આપ્યો? અનાજ લેવા જાય પચ્ચીસ રૂપિયા લઈને. ન્યાં ઊભો રહે, પચ્ચીસ રૂપિયા છે, અનાજ આપો. શું પણ અનાજ? આ પચ્ચીસ જાતનું અનાજ છે. એટલી પણ ખબર નથી, મૂરખ છે આ. આવો તે મૂરખ કોણ આવ્યો? પચ્ચીસ રૂપિયાનું અનાજ આપો. પણ અનાજ ક્યુ? આ દાળ, ભાત ઘણું છેને? ચોખા, ઘઉં, બાજરો, તુરની દાળ, અડદની દાળ, મગની દાળ, મગ, ઘઉં, અડદ ઘણું છે. મને કાંઈ ખબર નથી. શું લેવા આવ્યો? અનાજ. કઈ ચીજ? ખબર નથી. ત્યાં ખબર ન હોય તો મૂરખ ગણાય. એમ આ આત્મપદાર્થમાં શું ચીજ છે? શું થાય છે? શું થઈ રહ્યું છે? મને કાંઈ ખબર નથી. ધૂળમાં ધર્મ થશે? ક્યાંથી થશે? સમજાણું કાંઈ? જગતની ચીજમાં તો જાણપણું જોઈએ, આત્મામાં નહિ. એમ ચાલે? ચાલે છેને અનાદિથી.

હું કોણ છું અંદર? આ ચીજ શું છે? અસ્તિ તો જણાય છે, કાંઈક છે. જાણનાર છે, છે, છે. છે એમ જાણે છે. પણ એ જાણનારમાં શક્તિ—સ્વભાવ કેટલો છે? સ્વ પોતાનો ભાવ કાયમ રહે અને એની વર્તમાન દશામાં શું શું થાય છે? સમજાણું કાંઈ? તો કહે છે કે ધર્મીને સમ્યક્જ્ઞાનીને પોતાના સ્વરૂપનું પણ ભાન છે કે હું શુદ્ધ ચૈતન્ય છું એવી દશામાં પરિણમન પણ નિર્મળ છે. અને પોતાની પર્યાય-દશામાં જરી રાગનું પરિણમન છે, દ્વેષનું છે, હાસ્યનું છે, રતિ આદિનું થાય છે (તો) જાણે છે કે આટલી મારામાં નબળાઈ છે. સમજાણું કાંઈ?

**'કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.'** રંગરેજ રંગે અને બીજો પુરુષ દેખે, એમ રાગરૂપી પર્યાય થાય, જ્ઞાન એને જાણે. નવરંગભાઈ! આટલો બધો આ ધર્મ ને... ઈ કરતાં આઠ મૂળગુણ પાળવા, જાઓ! દારૂ ન પીવો, માંસ ન ખાવું, ફલાણું ન ખાવું, જેમાં ત્રસ જીવ પડ્યા હોય એ ન ખાવા. હવે એ તો જડ પર છે, સાંભળને! ખાય કોણ? એવો ભાવ આવે એટલી વાત છે. એ તો ક્રિયા જડની થવાવાળી હોય તો થાય છે, ન થવાની હોય નથી થતી. મૂળગુણ તો અહીંયા એને કહે છે કે રાગ ને પુણ્ય ને વિકલ્પ જે ઉઠે છે દયા, દાન, વ્રતનો, એ રાગથી ભિન્ન પોતાના આત્માને જાણવો એનું નામ મૂળગુણ છે. આવો ભેદ કર્યા વિના રાગની મંદતાની ક્રિયામાં ધર્મ માને છે, મૂઢ જીવ અનાદિ કાળથી ચોર્યાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરનારો છે. સમજાણું કાંઈ? મૂળગુણ છેને? આમાંય છે, નિયમસારમાં છે. મૂળગુણ આમ છે. ઓલામાં આવ્યું છેને? તારણસ્વામીમાં, જ્ઞાનસમુચ્ચયસારમાં. નિશ્ચયની વાત છેને અહીંયા. નિશ્ચયની ... માં મૂળગુણ આવ્યું છે. મૂળગુણ, નિશ્ચય એ મૂળગુણ

છે. આ મૂળગુણ કેવા? એ તો રાગની પર્યાય મંદ કોઈક હોય એ જાતનો ભાવ. એ તો અભવિને પણ હોય છે.

'**આત્મદ્રવ્ય...**' રંગરેજ જેમ રંગ કરે છે અને સાક્ષી દેખે છે, એમ રાગ-દ્વેષ જરી પર્યાયમાં થાય છે એની સાથે હું જાણનાર પણ છું, હું જાણનાર છું, પ્રેક્ષક તરીકે છું. જેમ પ્રેક્ષક દેખે છેને? બસ, છે, થયું. રાગ છે, એટલી વાત છે. એમ જાણે છે. એમ પણ પોતાની પર્યાય નામ પોતામાં ધર્મ છે. બે થઈ.

'**આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે,...**' દેખો! ભગવાન આત્મા.. કોઈ કહે છે કે સુખ-દુઃખ શરીરનો ધર્મ છે. નહિ, જડનો ધર્મ નથી. જડને કાંઈ ખબર છે? એ તો ખબર વિનાની ચીજ છે. માટી છે, ધૂળ છે. અને આ (શરીર) મૂળ પદાર્થ નથી. આનો છેલ્લો પોંઈટ કરતા કરતા કરતા કરતા એનો છેલ્લો સૂક્ષ્મ (ભાગ) રહી જાય તેને પરમાણુ, પરમ અણુ, પરમ નામ છેલ્લો નાનો અણુ તેને પરમાણુ કહે છે. અસ્તિ તત્ત્વ છે. એવા અનંત પરમાણુના પિંડરૂપે આ શરીર જોવામાં આવે છે, આ શરીર જોવામાં આવે છે. એ પરમાણુ જે છે પરમ અણુ. પરમાણુ એટલે સમજ્યા? અમારે ત્યાં વૈદ્ય છેને, ઈ પરમાણુ કરે છે. ઈ પરમાણુ નહિ. આ વસ્ત્રનું દરજી માપ કરે છે. લાવ પરમાણુ કરીએ, ઈ પરમાણુ નહિ હોં! આ તો પોંઈટ. આ ચીજ છેને, અસ્તિ દેખાય છેને? જુઓ! અસ્તિ દેખાય છે? અસ્તિ એનો છેલ્લો પોંઈટ, જેનો બીજો ટૂકડો ન થાય જ્ઞાનથી પણ, ખ્યાલમાં આવે કે આ ચીજ છે, એવી ચીજ એક રજકણ એવા અનંત મળીને એક સ્કંધ દેખાય છે, આ માટી. આત્મા એ માટીનો જોનાર છે, કરનારો નથી. અને એને ભોગવનારો પણ નથી.

જડની પર્યાય દાળ, ભાત, શાક, રોટલી, સ્ત્રીને ભોગવનારો આત્મા નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં અજ્ઞાની પણ નહિ. ત્યારે છે શું? એ પદાર્થના કાળમાં પોતમાં જરી હરખ, શોકની વૃત્તિ ઉઠે છે એને અજ્ઞાની એકલા હરખ, શોકને ભોગવે છે. માને છે કે મેં સ્ત્રીને ભોગવી, દાળ, ભાત, શાક ખાધા, લાપસી ખાધી, શિરો ખાધો. એ તો માટી ધૂળ છે. તું તો અરૂપી ચીજ છો, એ તો અરૂપી છે. એ દૃષ્ટ છે, તું દૃષ્ટા છે, ઈ જ્ઞેય છે, તું જ્ઞાતા છે. સમજાણું કાંઈ? શરીર, સ્ત્રી, મકાન, લક્ષ્મી, દાગીના, કપડા એને આત્મા ભોગવી શકતો નથી. આહા..હા..! ભારે ભઈ ભ્રમ આ.

ચૈતન્યપ્રભુ તો અરૂપી, જેમાં રંગ નહિ, ગંધ નહિ, રસ નહિ, સ્પર્શ નહિ એવો આત્મા છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એ તો જડ છે. વ્યવહારનયે ભોગવે, બોલવામાં આવે કે આણે આ ખાધું, પીધું. એમ નિમિત્તથી કથન કરવામાં આવે છે. શું દાળ, ભાત, શીરો, મેસુબ (ખાઈ શકે છે)? મેસુબ સમજો છો? મેસુબ નથી કરતા મેસુબ? મૈસુરપાક કહે છેને? શું કહે છે? એક શેર ચણાના લોટમાં ચાર શેર ઘી પાઈને મેસુબ બનાવે છેને? આજે મેસુબ ખાધો. હમણાં અહીંયા જાંબુ નહોતા? માવાના જાંબુ. વાસ્તામાં માવાના જાંબુ. કેટલાક

છોકરાઓને ભાવે નહિ. સમજાણું કાંઈ? કહે છે કે એ જાંબુ આત્મા ખાઈ શકતો નથી. ભારે વાત ભાઈ. એ તો જડની દશા, જડ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ પદાર્થ છે. ભગવાન આત્મા રંગ, ગંધ, રસ, સ્પર્શ રહિત પદાર્થ છે. સમજાણું કાંઈ? ભ્રમણા, ભ્રમણા થઈ જાય છે. શું ભ્રમણા થાય છે? કે હું કોણ છું, હું શું કરી શકું છું અથવા શું ભોગવી શકું છું એની પણ ખબર નથી. તો કહે છે કે આત્મા શરીર, સ્ત્રી, કુટુંબ, દેહ, દાળ, ભાત, લાડવા, શાક, દાગીના આદિ કોઈ વસ્તુને આત્મા ભોગવી શકતો નથી, ભોગવી શકતો નથી. મિથ્યાદૃષ્ટિ મૂઢ માને છે કે હું ભોગવું છું, એ તો એની કલ્પનાનો ઉઠાવ છે, કલ્પનાનો ઉઠાવ છે. પરનો ભોક્તા આત્મા ત્રણ કાળમાં થતો નથી. ત્યારે કોનો ભોક્તા થાય છે? અજ્ઞાનભાવમાં. અજ્ઞાનભાવમાં હોં! એ રાગ ને હરખ ને શોક (ભોગવે છે). એ વસ્તુ જોઈને, આ બહુ સારી છે, ઠીક છે, અઠીક છે એવી કલ્પના, એની વાસના, એ કલ્પનાને વેદે છે. પરને નહિ. સમજાણું કાંઈ? બરાબર છે? દવાને આત્મા ભોગવી નથી શકતો. ભોગવે છે એમ માને છે. ભોગવતો નથી, માને છે. કલ્પના ઉઠાવીને (માને છે).

દૃષ્ટાંત નહોતું આપ્યું? એકવાર દૃષ્ટાંત આપ્યું હતું. જાંબુ હોય છેને માવાના? લ્યો. સારા ગુલાબજાંબુ હોય. જુઓ! ધ્યાન રાખજો. ગુલાબજાંબુ આવ્યા. કલ્પના કરી કે સારા છે. અંદર આવ્યા, બે ચાર સેકંડમાં થૂંક થઈ ગયું, થૂંક. ગળીને થૂંક થઈ ગયું. નહિતર તો આખું ઉતરી શકે નહિને અંદર. પછી થૂંક હોય ઈ ગળા નીચે ઊતરે છે. તો એક વાર થૂંક થયું, લાળ થઈ પાંચ સેકંડમાં તો આમ નજર કરો અરીસામાં તો કૂતરાની એંઠ છે. પણ કલ્પના કરી રાખી છે કે સારા છે, સારા છે. એવી કલ્પનાનો અનુભવ કરે છે. પહેલા કલ્પના કરી હતી કે સારા છે, પછી પણ કલ્પના કરી કે સારા છે. છે નહિ સારું-ફારું. એ તો એની પર્યાય દશામાં છે. કૂતરાની એંઠ છે. નહિતર બહાર કાઢી નાખે થોડી વારે ઓગાળીને પછી ગળી જાય. પણ જ્ઞાન ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ ભૂલીને એ ચીજને જોઈને કલ્પના કરે છે કે સારી છે. એ બગડી ગઈ તોપણ એને તો સારી લાગે છે. સમજ્યા? કલ્પના. બસ, એ કલ્પનાને વેદે છે, પરચીજને વેદતો નથી. પરચીજનો ભોક્તા આત્મા ત્રણ કાળમાં થઈ શકતો નથી.

હવે, બીજી વાત. પહેલા પરનો તો ભોક્તા નથી, એક વાત કરી. હવે અજ્ઞાની પરનો ભોક્તા નથી પણ એ કલ્પના કરે છે એનો ભોક્તા છે. એકલી કલ્પનાનો ભોક્તા છે, મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાદિનો છે. હવે જ્ઞાની, જ્ઞાની ધર્મી ભોક્તા અને અભોક્તા બે ચીજ એની પાસે છે. સમજાણું કાંઈ? ધર્મી, પહેલી વાત પરની કરી એનો તો ભોક્તા છે જ નહિ. એક વાત થઈ. હવે અજ્ઞાની કલ્પના કરે છે કે આ સ્ત્રી સારી, આ માવા સારા, મકાન પાંચ લાખનો હજીરો સારો, અહીંયા પવન આવે છે ઉપરથી, શું કહેવાય ઈ? પડદો હોયને? હવા નાખે હવા. એ પડદો તો હવે ક્યાં છે? હવે તો પંખા (આવી ગયા). પહેલા તો

આવા મોટા કચેરીમાં પડદા હતા. દોરી આમ ખેંચે. પહેલા હતા, એ તો ઘણા વર્ષ પહેલાની (વાત છે). સંવત ૧૯૬૩ની સાલમાં જોયું હતું. ત્રણ હજારનો પગારદાર હતો, વડોદરામાં. ૬૩ની સાલ, વડોદરામાં બહાર એક મોટો (જજ), મહિને ત્રણ હજાર, ૬૩ની સાલમાં. ત્યાં અમારો અફીણનો કેસ ચાલ્યો હતો. 'ખોટો...' એક સવા મહિનો કેસ ચાલ્યો. એને આમ નાખે, માણસ બહાર બેસે. કાણુ પાડ્યું હોય. ત્યાં દોરી બહાર કાઢી હોય. મોટો પંખો હોય. ઈ હવે નહિ, હવે તો આ પંખા થઈ ગયા.

**મુમુક્ષુ** :— ...

**ઉત્તર** :— ઈ પંખાને ભોગવી શકે છે કે નહિ હવાને? કલ્પના છે, ભગવાન! તારી કલ્પના ઉઠાવગીરે કલ્પના કરી કે આ સારું છે, આ સારું નથી, આ ઠીક નથી, આ ઠીક છે. માવો ખાધો, લાડવા ખાધા એમાં જરી કાંકરી આવી ગઈ, કાંકરી. ઉંહું... તો એ કલ્પના થઈ, કલ્પના હોં દ્વેષની. અને અનુકૂળ. એ દ્વેષ અને રાગની કલ્પના કરે છે એને આત્મા અજ્ઞાનભાવે વેદે છે નામ ભોગવે છે. મિથ્યા ભાવે ભોગવે છે, પરનો ભોક્તા નથી.

હવે જ્ઞાની. આ જ્ઞાનીની વાત ચાલે છે હવે તો, ધર્મી જીવની. તે આત્મદ્રવ્ય.. ૪૦મી નય. '**ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે...**' જ્ઞાની જાણે છે કે મારી દશામાં જરી સુખ-દુઃખની કલ્પના થાય છે એવું ભોક્તાપણું મારી એક સમયની પર્યાયમાં ધર્મ છે. કાયમનો નહિ હોં! સ્વભાવ કાયમ નથી. પણ એક સમયનો (ધર્મ છે). જ્યાં સુધી નબળાઈ છે, હરખ-શોકનું વેદન સમ્યક્જ્ઞાની ધર્માત્માને જરી થાય છે. ભારે ઝીણું પણ આ. આમાં કરવું શું પણ? આમાં કાંઈ આવે છે? અરે..! કરવું શું? આત્મા અનંત ગુણનો પિંડ શુદ્ધ ચિદાનંદ છે એની અંદર નજર નાખ. તારા અસ્તિત્વમાં પર ભાસે છે. પર અસ્તિત્વ, રાગ દ્વેષ અસ્તિત્વ છે એને છોડીને અંદર ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો ભંડાર ભગવન પડ્યો છે એની અંદર નજર કર અને નજર કરવાથી શાંતિ અને શ્રદ્ધા ને જ્ઞાન જે થયા એટલી તો શુદ્ધતા છે. જેટલો આશ્રય સ્વનો અલ્પ છે-ઓછો છે એટલો અંદર પર્યાયમાં હરખ-શોકની વેદન દશા જ્ઞાનીને પણ પોતાની દશામાં થાય છે.

દૃષ્ટિનો વિષય ચાલે ત્યારે જ્ઞાની આનંદનો જ ભોક્તા છે એમ કહે. આ વિકારનો ભોક્તા જ્ઞાની નથી એમ કહે. એક સમયમાં બે ભોક્તા દૃષ્ટિના વિષયમાં આવતા નથી. શું કહ્યું સમજાણું? સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ છે એવી જ્યાં અંદર દૃષ્ટિ અનુભવ થયો તો ધર્મીજીવ તો એકલો સ્વભાવનો જ ભોક્તા છે. એમ દૃષ્ટિ અભેદ છે, એનો વિષય અભેદ છે તો પર્યાયમાં જેટલો અભેદ થયો એટલો જ અનુભવ કરવાવાળો છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અભેદ અને આ ભેદ નહિ, પોતે નિર્વિકલ્પ દૃષ્ટિ છે અને એનો વિષય અભેદ નિર્વિકલ્પ છે. આવી શુદ્ધની દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પણ જેટલી અશુદ્ધતા ટળીને શુદ્ધતા થઈ એ શુદ્ધતાને જ સમ્યગ્દૃષ્ટિ ભોગવનાર છે એમ દર્શનપ્રધાન

કથનમાં આવે છે. સમયસારમાં લ્યો ત્યાં એકદમ એ જ આવે. નહિ, હરખ શોકનો, રાગ-દ્વેષનો ભોક્તા નહિ, આત્મા પોતાના અનુભવનો ભોક્તા છે. પોતાના શુદ્ધ પરિણમનનો કર્તા અને શુદ્ધ પરિણમનનો જ ભોક્તા. એક સમયમાં દૃષ્ટિના વિષયમાં બે એકસાથે આવતા નથી. પણ સાથે જ્ઞાન છે, દૃષ્ટિની સાથે જ્ઞાન સમ્યક્ થયું એ સમ્યક્જ્ઞાન જાણે છે કે મારી પર્યાય નામ અવસ્થામાં થોડો હરખ-શોક થાય છે, રતિ-અરતિ થાય છે, એનો ભોક્તા પર્યાયમાં (થાય છે). હું ભોગું એમ નથી, પણ એવું પરિણમન ભોક્તાની દશા હોય છે એને જ્ઞાની જાણે છે કે આટલી મારી નબળાઈથી ભોક્તાપણાની પર્યાય પરિણમે છે.

ભારે નિરાધાર ભગવાન પણ. પરના આધાર વિનાનો સહજાનંદ પ્રભુ, એ સહજાનંદ ચિદાનંદની ઋદ્ધિનું ભાન થતાં એની દશામાં બે પ્રકાર રહી જાય છે. કંઈક ભોક્તાપણું અને કંઈક અભોક્તાપણું. પૂર્ણ જો રાગનું ભોક્તાપણું ટળી જાય હરખ શોકનું (તો) પૂર્ણાનંદની પ્રાપ્તિ પરમાત્મ મુક્તદશા થઈ જાય. પણ મુક્તદશા થવા પહેલા સાધકદશામાં ધર્મીને શું હોય છે ઈ વાત કહે છે. સમજાય છે કાંઈ?

આખી આત્મવસ્તુ ભોક્તૃનયે, નય એટલે જ્ઞાનના અંશથી જાણે છે કે મારામાં સુખ-દુઃખાદિ પર્યાય થાય છે. સુખ-દુઃખની દશા મારામાં મારે કારણે થાય છે. એ ચીજ છે તો મને સુખ-દુઃખની કલ્પના થઈ છે એમ નહિ. સ્ત્રી અનુકૂળ છે, લક્ષ્મી અનુકૂળ છે, પાંચ પચાસ લાખ, કરોડ રૂપિયા આમ અનુકૂળ છે તો મને સુખની કલ્પના થઈ એમ નહિ. પણ મારી નબળાઈને કારણે મારી પર્યાયમાં સુખની જરી કલ્પના થાય છે એટલો હું ભોક્તા છું એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ?

વાત આખી નિરાળી. સંપ્રદાયમાં મળે નહિ અને આ સાંભળે ત્યારે સમજે નહિ. જયંતિભાઈ! સત્ય પરમેશ્વર સત્ય ત્રિકાળ સર્વજ્ઞ ત્રિલોકનાથ દેવાધિદેવ પરમાત્મા એમણે કહ્યો એવો આ આત્મા છે, એવો આત્મા ખ્યાલમાં આવ્યા વિના કિંચિત્ પણ ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? અધિકાર આ તો જરી શેઠિયા આવ્યાને એટલે લીધો હતો, પૂરો કરવો છે.

ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે આત્મા. અતીન્દ્રિય આનંદ હોં! અતીન્દ્રિય આનંદ. આ ઈન્દ્રિયથી લક્ષમાં આવીને જે માને છે કલ્પના એ તો દુઃખરૂપ દશાનું સુખ માને છે. આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ ભગવાન આત્મા છે. એ અતીન્દ્રિય આનંદની, ઈન્દ્રિયના વિષયની રુચિ છોડીને, ઈન્દ્રિયના વિષયની રુચિ છોડીને, ઈન્દ્રિયોની રુચિ છોડી, પોતાનો ભગવાન આત્મા આનંદમૂર્તિ છે એવી રુચિ, દૃષ્ટિ થઈ ત્યારે એને સમ્યક્જ્ઞાની, સમ્યક્દૃષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. એ ધર્મીમાં બે નયનો વિષય એકસાથે રહે છે એમ કહે છે. ઓહો..હો..! હરખ શોકનો ભોક્તા પણ છે નબળાઈથી, તો ભોક્તાનયે સુખ દુઃખ રાગ આદિ, હરખ શોક, રતિ અરતિ આદિનો ભોક્તા પર્યાયમાં એક સમયની અવસ્થામાં થોડો ભાગ એવો પણ છે. સમજાણું કાંઈ? અહીં તો હજી પરને ખાઉં ને પીઉં ને લઉં ને આ ખાઉં ને માંસ ખાઉં

ને દારૂ પીઉં, અને આ બધા ખાઈ શકીએ અને ભોગવી શકીએ. પણ ખાઈ શકીએ, ભોગવી શકીએ તો તો હર સમયે તારી ક્રિયામાં ખાવાની ઈચ્છા થાય તો થવી જોઈએ. અરે..! આમ .. અર..ર..ર..! હવે શરીર જીર્ણ થયું. અને સુંદર સ્ત્રી હોય અને આવકાર (કરતી હોય), અરે..! અત્યારે? શું થઈ ગયું પણ? અનુકૂળતામાં તો રાગનો ઉછાળો આવતો. અત્યારે દ્વેષ થયો. ઈ રાગ અને દ્વેષનું વેદન કરે છે. પરની ક્રિયાનું વેદન આત્મા અજ્ઞાનમાં પણ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી કરી શકતો. સમજાણું કાંઈ? પણ આવું ભાન થયા છતાં ધર્મીને એક સમય, કાળનો સૂક્ષ્મ સમય, જેનો એક સમય નામ કાળના બે ભાગ ન થાય એવો સૂક્ષ્મ ખંડ કાળનો, એક સમયમાં આત્મામાં આવી અનંત અનંત યોગ્યતા છે એમાં એક યોગ્યતા હરખ શોકની કલ્પનાનું ભોગવવું એવી યોગ્યતા સમ્યક્જ્ઞાનીને ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ?

છ ખંડનું રાજ ચક્રવર્તીનું હતું, ક્ષાયિક સમકિતી જ્ઞાની હતા. છન્નુ હજાર સ્ત્રી હતી. એને કારણે સુખ-દુઃખની કલ્પના નહોતી. સ્વભાવ નથી, પણ પર્યાયમાં-અવસ્થામાં સુખ-દુઃખની ભોક્તાની કલ્પના થતી હતી, અરે..! આ વિકારનું વેદન, એક સમયની દશામાં વિકારનું વેદન એ મારો ધર્મ છે. ધર્મ નામ એ ધર્મ મેં ધારી રાખ્યો છે. એ ધર્મને કારણે આવો ભોક્તા થયો છે એમ નથી. પરદ્રવ્યને કારણે એમ નથી. પરદ્રવ્યનો ભોક્તા નહિ અને પરદ્રવ્યને કારણે મારી પર્યાયનો ભોક્તા નહિ. શેઠી! પણ હવે આ મહેન્દ્રભાઈ જેવા, બાબુભાઈ જેવા દીકરા હોય અને એકબીજા રળે ને ખાવ, પીવો ને લહેર કરો, એવું ભોગવવાનું પરને લઈને કાંઈક હશે કે નહિ કલ્પના? અરે..! ભગવાન! પરને લઈને કલ્પના ન હોય. પર કલ્પના કરાવે તો જ્યાં સુધી પર રહે ત્યાં સુધી તને કલ્પના છૂટે નહિ. સમજાણું કાંઈ? અને કલ્પના કરવાની તારામાં યોગ્યતા ન હોય તો બીજો કલ્પના કરાવી શકે નહિ. તારામાં કલ્પના કરવાની યોગ્યતા ન હોય તો બીજો કલ્પના કરાવી શકે નહિ. કલ્પના તારી દશામાં થાય છે, પણ એ કલ્પનાથી આત્મા ભિન્ન છે એમ પહેલા જાણ્યું છે. સમજાણું કાંઈ? સ્વભાવથી હોં! પર્યાય તો એનામાં છે.

મારો શુદ્ધ સ્વભાવ આનંદ અને જ્ઞાતા દૃષ્ટા છે એમ જાણતો સમ્યગ્દૃષ્ટિ ધર્મીને પોતાની દશામાં હરખ, શોક, રતિ, અરતિનું જરી વેદન રહે છે એ વેદન મેં ધારી રાખ્યું છે. મારામાં એટલી નબળાઈ છે એવા જ્ઞાનના એક અંશને જાણે છે. સમજાણું કાંઈ? ... દાખલો આપતા નહિ? સોના, રૂપાની ... એક બાજુ જોવે તો રૂપાની ... અને એક બાજુ જોવે તો સોનાની. એવું આવતું હતું? આખી આમ દેખે આખી આમ બે નજર કરીને, તો બેય દેખે. એક બાજુ ... આ ચાંદીની ઢાલ છે, આ બાજુથી દેખે તો સોનાની છે, સામે બરાબર દેખે તો બેય પડખા એનામાં છે. એમ ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવના લક્ષથી એકલો જોવે તો શુદ્ધતાનું વેદન કરવાવાળો છે. અશુદ્ધ પર્યાયથી જોવે તો અશુદ્ધતાનું થોડું વેદન

છે એને દેખે. શ્રુતપ્રમાણથી દેખે તો એક સમયમાં બેયનું વેદન છે એમ દેખે. સમજાણું કાંઈ? અહીં અજ્ઞાનીની વાત નથી. અહીંયા તો જ્ઞાનીની વાત છે. અજ્ઞાની તો એકલી કલ્પના.. કલ્પના.. કલ્પના.. ઉઠાવગીર જ્યાં ત્યાં અનુકૂળ પ્રતિકૂળ જોઈને કલ્પના ઉઠાવે છે કે મને અનુકૂળ છે, મને પ્રતિકૂળ, મેં ઠીક કર્યું, મેં અઠીક કર્યું એવી કલ્પનાનું વેદન એકલું પાખંડ અજ્ઞાન વેદન છે. મિથ્યાવેદન મિથ્યાદૃષ્ટિને એકલું અજ્ઞાનનું, રાગનું, વિકારનું વેદન છે. એને અહીંયા નથી લીધો, વેદનના જાણનારની વાત અહીંયા લીધી છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિ...**' આદિ એટલે રતિ, અરતિનો ભોક્તા. '**હિતકારી, અહિતકારી અન્નને ખાનાર રોગી...**' હિતકારી અહિતકારી અન્નને ખાનાર રોગી. આ હિત એટલે સુખ અને અહિત એટલે દુઃખ એમ. '**અન્નને ખાનાર રોગીની માફક.**' પથ્ય આહાર કરે તો સુખ થાય, અપથ્ય આહાર કરે તો દુઃખની કલ્પના થાય છે. પથ્ય આહાર હોય તો સુખની કલ્પના થાય છે. એમ આત્મામાં ભોક્તાનયથી સુખ-દુઃખાદિને ભોગવે છે. '**(જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ).**' ઝેર પીવે ઝેર. તો એ કલ્પનાનો ભોક્તા છે. અરે..! આહા..! પહેલું તો એમ થયું કે મરી જઈએ ઝટ. પણ ઝેર જ્યાં આવ્યું અને ગળું સુકાવા માંડ્યું. ત્યાં ઓલી કલ્પના ઉઠી દ્વેષની. એ દ્વેષને ભોગવે છે. રોગને ભોગવે છે એમ કહેવામાં આવે છે. પથ્ય અને અપથ્યને ભોગવે છે. રાગદ્વેષને ભોગવે છે એમાં.

એમ આત્મા ભગવાન આત્મા સચ્ચિદાનંદ આનંદ-સુખસ્વરૂપ છે. જેવા સિદ્ધ પરમાત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે પરમાત્મા, ણમો સિદ્ધાણં. ણમો અરિહંતાણં અનંત આનંદથી ભરેલા છે. અનંત આનંદ વ્યક્ત થઈ ગયો. અરિહંત પરમાત્મા, પરમાત્મા સિદ્ધ અશરીરી, અરિહંત સશરીરી જીવનમુક્ત પણ આનંદની દશા એમાં પૂર્ણ પ્રગટ અંતર આત્મામાંથી થઈ છે. તો એ તો એકલા આનંદના ભોક્તા છે. એકલા અતીન્દ્રિય આનંદના ભોક્તા છે. એક વાત. અજ્ઞાની અનાદિ કાળનો એકલા હરખ શોકનો ભોક્તા છે. એકલો હરખ શોકનો ભોક્તા છે. સાધકજીવ હરખ શોકનો ભોક્તા અને અભોક્તા બેય એક સમયમાં છે. સમજાણું કાંઈ? આ બધું સમજ્યા વિના આ કાંઈ ધર્મ થાય એવો રસ્તો હશે? સમજવું ન પડે અને પ્રોફેસર થવાય. નહિ? ના પાડે છે. ... આ કોણ શું બોલે છે? છોકરાઓ ઉંચુંનીચું કરી નાખે. એમાં વળી અત્યારના છોકરા. બરાબર બોલતા હોય એક કલાક સરખું.

એમ ભગવાન આત્મા એની શક્તિઓ શું? પર્યાય શું? અવસ્થા શું? સુખ દુઃખ શું? કઈ રીતે થાય છે? એનું ભાન નથી અને એને આત્માનું કલ્યાણ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાણું કાંઈ?

તો કહે છે, '**હિતકારી અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે...**' ન્યાં પણ સુખ-દુઃખ એટલે ઓલી કલ્પનાને ભોગવે છે હોં! કફ હોય અને પેંડા

ચડાવ્યા. પેંડા કહે છેને? શું કહે છે? પેડે. કફ હોય અને એમાં પેંડા ચડાવ્યા. પછી આમ ... થાય અંદરથી. હાય.. હાય..! ના પાડી હતી તમને કે ન ખાવું. અમારે હતા લક્ષ્મીચંદભાઈ. કફ ચાલતો હતો અને દૂધપાક ને લાડવા બેય ચડાવ્યા. ત્યાં ગટકા.. ગટકા. પણ થયું નહિ કાંઈ હોં! એટલે પછી ... હતાને તમે. દૂધપાક ને બેય ઠંડા. ગટકા ગટકા છેને પાંચ ગાઉ. મારી સાથે આવ્યા અને દરબાર તરફથી જમણ હતું. દરબાર કહે, સારું સારું જમણ કરો. લાડવા અને દૂધપાક બેય એકસાથે. પણ આ તમને કફ છેને? પણ કાંઈ થયું નહિ. હમણા ગુજરી ગયા, નહિ? પોર.

કહે છે, નહિતર એક પ્રતિકૂળ ખાય અને પીડા.. પીડા. શરીરની અવસ્થા ફેરફાર થાય અને એમાં દુઃખ આવ્યા વિના રહે નહિ. કલ્પના, કલ્પના. અને અનુકૂળ ખાય આમ. બરાબર પચી ગયું, જોયું. ચાલીસ કેળા ખાધા હતા પણ પાંચ રૂપિયાભાર એલચી ખાધી. એનો કરે પોરસ. કેળાનું મારણ એલચી છે. કેળા ખાઈને એલચી પાંચ રૂપિયાભાર ખાય તો ... જોયું? ખાધું પણ... કો'ક વખતે રહી જાય તો મરી જાય. આ અમારે થયુંને પટેલને? પટેલને શું કહેવાય? શીંગ. શીંગદાણા ખાધા કાચા અને ઉપર ખાધા કેળા. શ્વાસ ઉપડ્યો મરવાનો. તરત મરવાનો. એકદમ. હમણા આવ્યા, પોર ભાદરવા વદ નોમ, દસમ. કેળા બે અને આ શું કહેવાય? શીંગ. કાચા ઓળા ખાધા ઓળા. શીંગના મગદાણા હોયને કાચા. પેટમાંથી અહીં ડૂંટીથી શ્વાસ છૂટી ગયો ફડાક દઈને એકદમ. ખાધું ને બે, ચાર, પાંચ, છ કલાક થયા હશે. શું છે પટેલ? ઉપડ્યા. કાંઈ નહોતું હોં! છેલ્લી ક્રિયા. પણ કાંઈ નથીને? અંદરથી ખસી ગયો છે. એ દુઃખના વેદન કરે, એમ જ્ઞાનીને પણ જરી રાગ હરખ, શોક થાય છે એનું થોડું વેદન પણ હોય છે. જેટલી નબળાઈનો રાગ આવે હરખ આદિ, એટલું વેદન હોય છે. સુખ પણ જરી હોય છે. દીકરો મરી જાય તો એને કારણે નહિ, પોતાની દશાની નબળાઈને કારણે જરી હરખ, શોક તો ધર્મીને પણ થાય. અજ્ઞાનીને એકલો હરખ શોક થાય. જ્ઞાનીને હરખ શોક પણ થાય અને હરખ શોકનો જાણનાર પણ રહે. એવા બેય ધર્મો એક સમયમાં જ્ઞાની પોતામાં પોતાના અસ્તિત્વમાં જોવે છે. સમજાણું કાંઈ? આ રીતે ન જોવે તો એના અંશમાં અસ્તિ છે એનું જ્ઞાન એને સાચું રહેતું નથી. એટલે કહ્યું, અન્નને ખાનાર રોગીના સુખ દુઃખની અપેક્ષાએ. એ જ સમયે એને અભોક્તા નામનો પણ ધર્મ છે. ભોક્તાને પણ જાણે છે. હરખ શોક થયો એને પણ જાણનાર છું એવો ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૫, શુક્રવાર, તા. ૨.૧૧.૧૯૬૨**
**નય-૪૦, ૪૧, ૪૨, ૪૩, પ્રવચન-૩૮**

પ્રવચનસાર એની ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. એનો છેલ્લો ૪૭ નયનો અધિકાર છે. ૪૭ નયનો અધિકાર ચાલે છે. શું કહે છે? કે આ આત્મદ્રવ્ય જે છે આત્મા, એમાં અનંત ધર્મ, ધર્મ નામ એની શક્તિ, એની અવસ્થા અને કેટલાક પર્યાય ધર્મ, જ્યાં સુધી સાધક રહે છે ત્યાં સુધી પર્યાયની યોગ્યતામાં વિકાર આદિ જે રહે છે તે બધાને અહીંયા ધર્મ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ એમાં અનંત ધર્મ. ધર્મ તો એક પ્રકારનો હોય કે અનંત ધર્મ હોય? મણિભાઈ! અનંત ધર્મ આ બધા હશે ઈ એક હશે? એમ નહિ, આ આત્મવસ્તુ છે એમાં એક સેકંડના અસંખ્યભાગમાં અનંત અનંત ગુણ છે. એને પણ અહીંયા ધર્મ કહેવામાં આવ્યા છે. ગુણ અનાદિ છે અને એની વર્તમાન પર્યાય, હાલત, દશાને પણ ધર્મ કહેવામાં આવે છે. ધર્મ નામ એ શક્તિ અને અવસ્થાને આત્મા ધારણ કરે છે માટે તેને ધર્મ કહેવામાં આવ્યા છે. પોતાની પર્યાય-અવસ્થામાં વિકાર થાય છે એ પણ એક ધર્મ છે. ધર્મ નામ પોતાની યોગ્યતાનો ભાવ છે. એનાથી ધર્મ થાય છે નામ લાભ થાય છે એમ પ્રશ્ન નથી અહીંયા. આત્મતત્ત્વ એક સેકંડના અસંખ્યભાગમાં સર્વજ્ઞ ભગવાને જોયું, જ્ઞાનીએ અનુભવમાં લીધું. સમ્યગ્દૃષ્ટિએ અનુભવમાં લીધું. એવો આત્મા એ સમયે ધર્મના સાધનકાળમાં, ધર્મ નામ સ્વરૂપની શુદ્ધિના સાધન કાળમાં એક સેકંડના અસંખ્યભાગમાં એમાં અનંતી યોગ્યતા-શક્તિ પર્યાય વિકારાદિની છે તેને જ્ઞાની બરાબર જાણે છે. જાણીને પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તે તરફનો જ કાયમ ઝુકાવ છે. સમજાણું કાંઈ? ભારે વાત. આવી વાત કોઈ... આવી વાત તો અમે સાંભળી નહોતી. કેમ ધર્મચંદજી?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માસ્તરપણું શું એની ખબર નહોતી એને પહેલા. એમ આ ધર્મ શું છે? કઈ રીતે થાય છે? શું એમાં શક્તિ, દશા છે ખબર નથી. એ ખબર વિના ધર્મ કદી થતો નથી.

કહે છે કે ભગવાન આત્મા આ દેહમાં બિરાજમાન પ્રભુ એક સેકંડના અસંખ્યભાગમાં વર્તમાનમાં જેને હું શુદ્ધ ચૈતન્ય આનંદ છું એવી દૃષ્ટિ અનુભવ થયા એ કાળમાં પણ પોતાની પર્યાય નામ અવસ્થામાં વિકારની યોગ્યતા છે એ પોતામાં છે એમ જાણે છે. અને વિકારનો હું જાણનાર છું એમ વિકારથી પૃથક્, પોતાની ચીજને પૃથક્ કરીને જેટલી શુદ્ધતા પ્રગટ કરી છે એ શુદ્ધતા દ્વારા, જ્ઞાતા(પણા) દ્વારા રાગ દ્વેષ થાય છે તેને તે જાણે છે. એવા એક સમયમાં બે પરસ્પર વિરુદ્ધ ધર્મ રહે છે. સમજાય છે કાંઈ?

હવે આ ભોક્તા, અભોક્તાની વાત. ભોક્તાની તો કાલે ચાલી ગઈ. ભગવાન આત્મા શરીર, વાણી, પરને તો ભોગવતો નથી અજ્ઞાનભાવમાં પણ. મિથ્યાદષ્ટિ કરે, ઊલટી દશા પુણ્યથી ધર્મ માને, પાપમાં સુખ માને, સંયોગી ચીજમાં હું છું એમ માને કે સંયોગી ચીજ મારામાં છે એમ માને તોપણ પરનો ભોક્તા તો આત્મા થઈ શકતો નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની શું ભોગવે છે? કે અંદરમાં રતિ, અરતિ, હરખ, શોક એવા જે ભાવ, અનુકૂળમાં રતિ, પ્રતિકૂળતામાં શોક એવા વિકારભાવનો અજ્ઞાની મિથ્યાદષ્ટિ અજ્ઞાનમાં વિકારનો ભોક્તા છે. એનું નામ સંસાર છે. એનું નામ મિથ્યાત્વરૂપી સંસાર છે. સમજાણું કાંઈ?

આત્મા અનંત ગુણ અંદર શાંતિ, આનંદ આદિથી ભરેલો છે, તોપણ અજ્ઞાનીને અંતર સ્વભાવ, અંતર સ્વરૂપની અંદર દષ્ટિ થઈ નથી. હું શું આનંદ છું, શુદ્ધ છું, પવિત્ર છું એવી મિથ્યાદષ્ટિને દષ્ટિ સત્ય નથી થઈ તો મિથ્યા-અસત્ય દષ્ટિમાં એ વિકારનો જ ભોક્તા અનાદિ કાળથી ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? ભલે દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ હો, એમાં હરખ કરે, હરખ કરે કે મેં કાંઈક કર્યું. એ હરખનો ભોગવનાર અજ્ઞાની વિકારનો ભોક્તા છે, પરનો ભોક્તા નથી. અને આત્માની શાંતિનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનીને આત્માની શાંતિ ધર્મ નથી, દષ્ટિ સમ્યક્ નથી, હું શુદ્ધ ચૈતન્ય છું એવું ભાન નથી તો શાંતિનો ભોક્તા નથી, પરનો ભોક્તા નથી શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર. કર્મનો પણ ભોક્તા આત્મા નથી. કર્મ તો જડ છે. પણ એ કર્મના લક્ષે પોતાની પર્યાય નામ દશામાં વિકાર જે હરખ શોકનો ઉત્પન્ન થાય એ હરખ શોકનું વેદન એનો ભોક્તા (થાય છે), એ મિથ્યાત્વભાવ સંસાર છે, એ પરિભ્રમણનું મૂળ છે.

હવે જ્ઞાની. બે પ્રકાર જ્ઞાનીને છે. સર્વજ્ઞ પરમાત્માને એક પ્રકાર છે. જેમ અજ્ઞાની એક પ્રકારે વિકારને જ ભોગવે છે. સમજાણું કાંઈ? પરને નહિ, સ્વભાવને નહિ. વિકારને. કેવળજ્ઞાની પરમાત્મા એકલા શાંતિ અને આનંદના ભોક્તા છે. સમજાણું કાંઈ? એકલા શાંતિ અને આનંદ પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કર્યા છે, એ અનંત ચતુષ્ટય આનંદ આદિના ભોક્તા છે. બે વાત થઈ. હવે ત્રીજી, આ ચાલે છે એ ત્રીજી વાત છે. સાધકજીવ ધર્મી જે છે એ હજી સિદ્ધ, અરિહંત થયો નથી. અને મિથ્યાદષ્ટિનો નાશ થયો તો એને શું છે? તો કહે છે કે પોતાની પર્યાય નામ દશામાં જરી હર્ષ શોક થાય છે જ્ઞાની ધર્મીને પણ, નબળી દશાથી છે. તો એ ભોક્તા છે એમ પર્યાયમાં જ્ઞાન જાણે છે કે આટલી ભોક્તાપણાની પર્યાય મારામાં છે. સમજાણું કાંઈ? અને એ જ સમયે જ્ઞાની જાણે છે કે હું એ હરખ શોકનો ભોક્તા એક અંશે છું, તે જ કાળે હું હરખ શોકનો ભોક્તા નથી પણ એનો હું જ્ઞાતા દષ્ટા છું. એમ એ જ સમયે જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ? ઈ કહે છે જુઓ.

'આત્મદ્રવ્ય...' ૪૧મી નય. નય નામ જ્ઞાનનો અંશ. એક એક ધર્મ જે પોતાની પર્યાયમાં ધારી રાખ્યા છે તેને જાણે છે, આદરતો નથી. ... જ્ઞાતા દષ્ટાનો ભોક્તા, રાગનો અભોક્તા.

સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત પણ. શેઠી! ઓહો..હો..! ભગવાન આખો... એક જ રચના... સાધકજીવને અંતરમાં આમ થાય છે તેને એ જાણે છે. રાગનો, હરખનો ભોક્તા થાય છે, ન હોય તો પૂર્ણ આનંદ હોવો જોઈએ. એ તો છે નહિ. તેમ એકલો હરખનો ભોક્તા છે એમ પણ નથી. એકલો હરખનો ભોક્તા હોય, શોકનો ભોક્તા હોય તો તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? શેઠી! શું કહ્યું? ...

કહે છે કે '**આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...**' તે જ સમયે. આત્માની વર્તમાન પર્યાય નામ દશા હરખના ભોક્તાનો અંશ છે, તે જ સમયે એક અંશ અભોક્તા છે. હરખનો ભોક્તા નથી. ઓહો..હો..! આ વસ્તુનું સ્વરૂપ ખ્યાલ નથી, જ્ઞાન નથી, શ્રદ્ધા નથી. ક્યાંથી ચારિત્ર આવે એમાં? સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન! તારી ચીજ અંદર આનંદથી ભરી છે. એવા આનંદની અંદર રુચિ અને દૃષ્ટિ થાય અને વિકારની રુચિ ખસી જાય તોપણ થોડી વિકારની પરિણતિ પર્યાયમાં ભોક્તાની રહે છે. અને એ જ સમયે વિકારને ભોગવવાની રુચિ ખસી ગઈ છે પણ અસ્થિરતા છે, તો તે જ સમયે હરખ શોકની દશા છે તેને હું જાણનાર છું એવું હરખનું અભોક્તાપણું પણ સાથે દશામાં રહ્યું છે. ઓહો..હો..! બહુ ઝીણું પણ આ તો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બે સુખ નથી. એક દુઃખ છે અને એક છે સુખ. ધર્મીને જેટલો હરખ થયો, શોક થયો એટલું તો દુઃખ છે અને હરખ શોકની સાથે અંદરમાં પૃથક્ આત્મા, સમ્યગ્દષ્ટિએ હરખ શોકથી પૃથક્ કર્યો છે, હરખ શોકથી પૃથક્ કર્યો છે. જે અનાદિનું હરખ શોકમાં એકત્વ હતું એ મિથ્યાત્વ હતું. આહા..હા..! આ દશા કેવી પણ! કોઈ કહે કે હિંસામાં ધર્મ માને, ફલાણું આમ કરે, બોકડા કાપે કે આ કરે, તો વળી એ બધું પાપ (કહેવાય). આ પાપ કેવું? અને એ પાપમાં તો અલ્પ (દોષ) આવે છે. સાંભળ તો ખરો.

અહીંયા તો પુણ્ય અને પાપ, હરખ અને શોક જે વિકારના અંશનો એકલો એકતામાં ભોક્તા થાય છે એ તો મિથ્યાત્વનું મોટું પાપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પરનો કર્તા ભોક્તા નહિ, હરખ શોકનો એકલો. મજા આવી, હરખ થયો, શોક થયો, દયા પાળી તો હરખ થયો, હિંસા થઈ તો શોક થયો એ બધાનું વેદન કરવું અને હું એ જ વસ્તુ છું એમાં દૃષ્ટિ પડી છે તો એને અહીંયા મિથ્યાદષ્ટિ અજ્ઞાની કહે છે. એને જૈન કહેતા નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

વિરોધ કેમ? એને જોયું સાંજે. આવી વાત છે અને વિરોધ કેમ? સમજાતી નથી વાત. સમજ બીજી બાજુથી ઘુંટાઈ ગઈ છે. આ વસ્તુ શું છે એનાથી એમાં વિરોધ આવે છે. આ આમ ન હોય, આમ ન હોય. કંઈક કંઈક રાગનું કરવું, રાગથી પુણ્યથી ધર્મ થાય છે. કોઈ સંયોગી ક્રિયાથી પણ આમ અપવાસ કર્યા, આહાર છોડ્યો, આહાર ન લીધો, એમાં

પણ કાંઈક ધર્મ છે—એવું લક્ષ અનાદિ કાળથી બાંધી રાખ્યું છે. મિથ્યાદષ્ટિએ આવું લક્ષ બાંધી રાખ્યું છે તો આ વાત (બેસતી નથી). આહાર તો તેં છોડ્યો નથી પણ તને રાગ આવ્યો કે આજે હું આહાર ન લઉં એ રાગ પણ વિકલ્પ અને શુભ છે, એ પણ અધર્મ છે. સાંભળવામાં કઠણ પડે. ધર્મ નહિ તે અધર્મ. બીજું શું છે? એ રાગથી પણ ખસીને, એ શુભરાગથી પણ ખસીને હું ચૈતન્ય જ્ઞાનાનંદ સહજ સ્વરૂપ શુદ્ધ છું એમ અંતરમાં સ્વભાવ તરફ ઢળી જવું, વિભાવને પૃથક્ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને પ્રથમ શાંતિ અને ધર્મ છે. એની તો ખબરેય નથી, સાંભળ્યું નથી, વિચાર નથી, ક્યાંથી વિકાર આવે છે. સમજાણું કાંઈ? વાત છે તો વિરોધ કરે. ક્યાં ગયા જ્ઞાનચંદજી? કેમ વિરોધ છે? નેમિચંદજી પૂછતા હતાને? વિરોધ કેમ છે? કેમ વિરોધ છે, સમજાતું નથી. આત્મા વિલક્ષણ વસ્તુ છે. રાગના લક્ષણથી, સંયોગના લક્ષણથી તદ્દન વિલક્ષણ વસ્તુ છે. એ વસ્તુનું ભાન થયા વિના એ વસ્તુની વાત કરે તો વિરોધ કર્યા વિના રહે નહિ. બનારસીદાસજીમાં આવે છે. સમજ્યા? અનુભવી કહે કે અનુભવ ધર્મ, તો ઓલા કહે કે એમ નહિ, એમ નહિ, એમ નહિ. શ્લોક આવે છે. સમજાણું કાંઈ?

ધર્મ તો આત્માના જ્ઞાન, શાંતિ અને આનંદનું અંતરમાં વેદન થવું એનું નામ ધર્મ છે. અનુભવ ધર્મ છે. ત્યારે ઓલા કહે કે એમ નહિ. સાંભળીને તકરાર કરે છે. એમ સમયસાર નાટકમાં આવે છે. ક્યાંક છે પાછળ. છેને? આ તો એક શ્લોક છે. અત્યારે ક્યાં હાથ આવે? સમજાણું? પરમાર્થ ધર્મ અનુભવી કહે. ત્યારે ઓલો કહે, નહિ, એમ નહિ. આમ નહિ, એમ નહિ, એમ નહિ. એમ અજ્ઞાની પોતાના સ્વરૂપને સમજે નહિ એટલે એમાં વિરોધ થાય. એમાં કોઈ નવી વસ્તુ નથી. સર્વજ્ઞના વખતમાં પણ તત્ત્વનો વિરોધ તો હતોને. અંદરમાં તત્ત્વનો વિરોધ કરતા હતા. એ વખતે પણ એકલું જૈનદર્શન જ હતું અને જૈનદર્શનથી વિરુદ્ધ નહોતું એમ નથી. પણ અત્યારે તો જૈનદર્શન જગતને દુર્લભ થઈ ગયું. શું જૈન સર્વજ્ઞનો માર્ગ છે? સાંભળવા મળતો નથી તો વિચારમાં ક્યાંથી લે? અને રુચિના પંથે ક્યાંથી જાય? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા અજ્ઞાનથી હરખ શોકનું એકલું વેદન અનાદિ કાળથી હતું એનાથી છૂટ્યો, દષ્ટિથી છૂટ્યો અને પોતનું આનંદ સ્વરૂપ જ્ઞાન અવિકારી શાંતરસ સ્વભાવ એમાં એકાગ્ર થઈને જરી વિકારથી રુચિ ખસેડીને સ્વભાવની દષ્ટિ, રુચિ થઈ, સ્વભાવનું દષ્ટિમાં પોષણ થયું અથવા દષ્ટિમાં એનો આ સ્વભાવ છે એ પ્રતીતમાં આવ્યો. પ્રતીતમાં આવ્યો તો શાંતિ અને આનંદનો અંશ પણ વેદનમાં આવ્યો. અને એની સાથે જરી રાગ અને હરખ શોકનું પણ વેદન રહ્યું. તો હરખ શોકનું વેદન છે તેને પણ ધર્મી જાણે છે અને તે જ વખતે હું એને વેદન કરનાર નથી, જ્ઞાતા છું, હું હરખ શોક નહિ પણ શાંતિનું વેદન કરનારો છું એમ જાણે છે. સમ્યગ્દષ્ટિ પોતામાં બેય ધર્મ એક સમયમાં જાણે છે. હવે આ

ક્યાં માથાફોડ? આ નય ને આ જ્ઞાન ને... ..ભાઈ! હવે આ ક્યાં (બધું સમજવું)? કાંઈ ખબર જ ન મળે કે શું ચીજ છે, ક્યાં છે. માથે બેઠેલાને પણ ખબર મળે અને હાંકે રાખે ગાડા અને ઓલો માને હા. સમજાય છે કાંઈ?

કહે છે, આ તો મહા... ટોટલ સાધકજીવની દશાનું વર્ણન છે આમાં તો. પ્રવચનસાર વીતરાગ સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિ સમવસરણમાં જે આવી એનો સાર. મૂળ માખણ. માખણ કહે છેને? મક્ખન, મક્ખન. કહે છે કે અરે..! આત્મા! તારી દશાનું તને ભાન થાય તો તારામાં કઈ કઈ યોગ્યતા કેટલી છે એ તારે જાણવી જોઈએ, એ અહીંયા જણાવે છે. આત્મદ્રવ્ય જે હરખ શોકનો ભોક્તા કહ્યો, તે એક સમયમાં થોડો ભોગ છે. નહિતર સર્વજ્ઞ થઈ જાય, પૂર્ણ આનંદનો ભોક્તા થઈ જાય તો. આનંદનો ભોક્તા પણ થયો અને હરખ શોકનો ભોક્તા પણ રહ્યો. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? શું કહ્યું?

અહીંયા ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ જેણે આખા ત્રણ કાળ ત્રણ લોક જોયા. એમની વાણીમાં-દિવ્યધ્વનિમાં આવ્યું સમવસરણમાં, ત્યાં સો ઈન્દ્ર સાંભળતા હતા. એનો સાર ગણધરદેવે શાસ્ત્ર રચ્યા. એ શાસ્ત્રમાંથી સાર કાઢીને કુંદકુંદાચાર્યે પ્રવચનસાર રચ્યું. એ પ્રવનચસારમાંથી સાર કાઢીને ૪૭ નય રચી. આહા..હા..! સમજાણું કાંઈ? ૪૭ નયમાં આખું પ્રવચનસાર ભરી દીધું છે. ૪૭ શક્તિમાં સમયસાર ભરી દીધું છે. અલૌકિક રચના! સંતો ભાવલિંગી સંત હતા જંગલમાં વસનારા. દિગંબર મુનિ આત્મધ્યાન આનંદમાં મસ્ત! અતીન્દ્રિય આનંદને ભોગવનારા, એક વિકલ્પ જરી ઉઠ્યો કે શાસ્ત્ર રચું. થઈ ગયું શાસ્ત્ર શાસ્ત્રના કારણે. તો કહે છે કે જ્યારે ધર્મી થયો, સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારથી ધર્મી સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનથી એવી જ રીતે પાંચમે, છઠ્ઠે, એ આત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની પર્યાય નામ દશામાં જરી હરખ શોકનો હું ભોક્તા છું એટલું પણ જ્ઞાન કરે છે અને હું તે જ સમયે હરખ શોકનો ભોક્તા નથી, હું શાંતિ અતીન્દ્રિય આનંદનો અંશે ભોક્તા છું એમ સમ્યગ્દૃષ્ટિ બે ધર્મને એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ?

હજી પર્યાય શું? વળી એના બે ભેદ ક્યા? વળી એ દ્રવ્ય શું? દ્રવ્યમાંથી પર્યાય શાંતિની આવી? અને કેટલી અશાંતિ બાકી રહી. ભગવાન જાણે. આમાં ક્યાં જ્ઞાન ન મળે, ઓળખાણ ન મળે. ચાલ્યો જાય અનાદિ કાળનો મુઠ્ઠી વાળીને પરિભ્રમણ કરવા ચોર્યાશી લાખના અવતારમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મદ્રવ્ય કેવું છે? અમૃતચંદ્રાચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય પછી ૧૧૦૦ વર્ષે થયા. જંગલમાં વસનારા દિગંબર સંત આત્મજ્ઞાની ધ્યાની હતા. કહે છે કે આત્મદ્રવ્ય આવું છે એમ અમે જાણીએ છીએ. અને તને બતાવીએ છીએ કે સાધકજીવને આવી દશા હોય છે. **'અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...'** સમ્યગ્દૃષ્ટિ જીવ હરખ શોકનો ભોક્તા છે એ પણ જાણે છે કે ભોક્તા છું અને એનો ભોક્તા નથી એમ પણ જાણે છે. સમજાય

છે કાંઈ? મનસુખ! જુઓ આ ઝીણું. આમાં ક્યાં તમારા ઓલા ભૈયા-બૈયા.. અરે..! ભગવાન! શું કરે? ચીજ એટલી સૂક્ષ્મ છે. સાંભળવા મળે નહિ એ વિચારમાં ક્યાંથી લે? અને રુચિમાં ક્યાંથી પ્રગટ કરે? અને શાંતિની સ્થિરતા ચારિત્ર તો ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જીવ હજી ચોથા ગુણસ્થાનમાં હોં! ગૃહસ્થાશ્રમમાં હો તોપણ. પંચમ ગુણસ્થાનમાં શ્રાવક હો કે છઠ્ઠે ગુણસ્થાને મુનિ હો, બધાની વાત ચાલે છે. '**કેવળ સાક્ષી...**' પહેલા કહ્યું હતું કે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ ધર્મી એની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર પડી છે. હું શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ આનંદ છું એમાં પડી છે તો એમાંથી આનંદનો અંશ પણ પ્રગટ થયો છે. અતીન્દ્રિય આનંદનો અંશ પણ સમ્યગ્દૃષ્ટિને પ્રગટ થયો છે. તો એ અપેક્ષાથી હરખ શોકના એક અંશને ભોગવે છે એ પણ જાણે છે અને હરખ શોકનો ભોક્તા નથી એ પણ હું છું. ઓહો..હો..! સમજાય છે કાંઈ? '**હિતકાર અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક,...**' રોગી હિતકારી અનાજ ખાય તો જરી સુખની કલ્પના લાગે, અહિતકારી તે દુઃખ (લાગે). એને નહિ પણ એને દેખનારા વૈદ્યને કંઈ હરખ શોક થતો નથી. જેને રોગ હોય એને શોક અને રોગ ન હોય તેને કલ્પના સુખની (થાય), પણ જોનારને કાંઈ નથી.

એમ હું આત્મા કેવો છું એ સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે હું આત્મા, વિકાર જરી ઉત્પન્ન થાય છે એ પણ મારી પર્યાયની અવસ્થાની યોગ્યતા છે અને તે જ સમયે હું જરી પૃથક્ થયો છું તો એટલી શાંતિ અને અતીન્દ્રિય આનંદનો પણ હું ભોક્તા છું, એ અપેક્ષાથી એનો ભોક્તા નથી. હરખ શોકનો ભોક્તા નથી. ભોક્તા પણ છું અને ભોક્તા નથી પણ. શુકનચંદજી! શું છે? આમાં બુદ્ધિ કામ ન કરે અને ધર્મ થઈ જાય. ક્યાંથી થાય ધર્મ પણ? આહા..હા..! સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનની વાત છે. પછી પંચમ ગુણસ્થાન ને પહેલી પડિમા ને બીજી, ત્રીજી, ચોથી, અગિયારમી અને મુનિ. બધાની દશા એવી હોય છે કે પોતાના આત્માના અતીન્દ્રિય આનંદનું પણ થોડું વેદન હોય અને થોડા રાગ અને હરખ શોકનું પણ વેદન હોય. આવા ધર્મીને બન્ને ધર્મ એક સમયમાં ભાસે છે. ધન્નાલાલજી! શું છે? આવી સૂક્ષ્મ વાત, શું કરવું? એક પર્યાયમાં બે ભાગ. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ તો ક્યાં રહ્યા?

દ્રવ્ય નામ વસ્તુ અને ગુણ નામ અનંત શક્તિ છે. એનું અંતર્મુખ થઈને ભાન થયું તો અંતરમાં હરખ શોક પણ થોડા છે અને થોડો આનંદ પણ છે, તો હરખ શોકની અપેક્ષાથી ભોક્તા છું અને આનંદની અપેક્ષાથી હરખ શોકનો ભોક્તા નથી. સમજાય છે કાંઈ? કેમ જ્ઞાનચંદજી! સમજાણું? કોની વાત ચાલે છે? સાધક ધર્મીજીવની. ધર્મી આવો છે. પ્રથમ દરજ્જાનો સમ્યગ્દૃષ્ટિ ધર્મી હો કે પહેલી પડિમા, બીજી પડિમા, ચાર પડિમા, અગિયાર પડિમા પંચમ ગુણસ્થાનવાળો હોય કે છઠ્ઠાવાળા મુનિ હોય, ઈ કેવો હોય છે? તો આવો હોય છે. આવું હોય તો ધર્મી, નહિતર એ ધર્મી નથી. સમજાણું?

**'આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે...' '(આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે—ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ).'** વૈદ્ય તો કેવળ સાક્ષી છે. વૈદ્યને છે કાંઈ સુખદુઃખ? એમ ભગવાન આત્મા પોતાના હરખ શોકનો પણ કેવળ સાક્ષી છે. પર્યાયમાં છે એમ જાણનાર છે. હરખ શોક પર્યાયમાં છે એમ ધર્મી જાણનાર છે અને હરખ શોક છે એનું જરી વેદન છે તે પણ હું છું એમ જાણનાર છે. સમજાય છે કાંઈ? એ ૪૧મી નય કહી.

હવે આ તકરારી નય. સમજે નહિ તો શું કરે? આ કઈ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે એ સમજે નહિ તો શું કરે? હવે ૪૨મી નય. આટલી વાત કર્યા પછી તો લે છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા આત્મદ્રવ્ય વસ્તુ, વસ્તુ, વસ્તુ કેવી છે સમ્યક્જ્ઞાનીના લક્ષમાં? **'આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...'** ક્રિયા નામ રાગની મંદતા, કષાયની મંદતા એવું જે અનુષ્ઠાન. કષાયની મંદતાનું અનુષ્ઠાન નામ આચરણ, એની મુખ્યતાથી સિદ્ધિ સધાય એવું છે. એની મુખ્યતાથી. ૪૭ નયમાં બીજામાં પ્રધાનતા લીધી નથી. એક અહીંયા અને એક જ્ઞાનનયમાં પ્રધાનતા લેશે. સમજાણું કાંઈ? શું? કે આત્માનું ભાન થયું, ભાન થયું કે હું તો શુદ્ધ ચૈતન્ય છું. આ એના પછીની વાત કરે છે, ભાઈ! અહીં તો સિદ્ધિ થાય તેની વાત કરે છે. સમ્યગ્દર્શન કઈ રીતે થયું એ વાત તો પછી. એ તો ગઈ ચાલી ગઈ. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ, પૂર્ણ શાંતિનો રસકંદ એ પુણ્ય પાપ ને નિમિત્તથી રુચિ ખસેડીને શુદ્ધ આનંદની રુચિનો અનુભવ થયો એ સમ્યગ્દર્શન. હવે સમ્યગ્દષ્ટિની અહીંયા વાત છે ભાઈ! આ એની વાત છે. પાછું કોઈ એમ કહે કે મિથ્યાદષ્ટિને આમ થાય, ફલાણે લાગુ પડે એમ નથી એટલે આ જરી ખુલાસો કરવો પડ્યો. સમજાણું કાંઈ? અને સિદ્ધિની વાત છેને. સિદ્ધિ સાધિત થાય. સાધક સમ્યગ્દષ્ટિ તો છે. સમજાણું કાંઈ? સાધક સમ્યગ્દષ્ટિ છે. પુણ્ય, દયા, દાનના વિકલ્પ છે એનાથી હું પૃથક્ છું એવો બોધ થયો છે અને મારી શાંતિ અને આનંદથી હું એકત્વ છું. એવું ભાન સમ્યગ્દર્શનમાં, સમ્યક્જ્ઞાનમાં પ્રથમ થયું છે. આ એને એક એવો ધર્મ ગણવામાં આવ્યો. એને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એની વાત છેને અહીંયા. ચીમનભાઈ! શું? ઈ સંકરદોષ આ. અહીં સાધકજીવની વાત છે. સમ્યગ્દષ્ટિ સાધકને સિદ્ધિ કેમ હોય એના નયોની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા, સમ્યગ્દષ્ટિમાં એક ધર્મ એવો છે, સમ્યગ્દષ્ટિમાં, સાધકજીવમાં સિદ્ધિ થાય એનું કારણ, કે કષાયની મંદતા જે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા આદિનો ભાવ ઉઠે એને છોડીને સ્વરૂપમાં આવ્યો તો એ કષાયની મંદતાથી સિદ્ધિ (થઈ એમ કહેવાય).

આવ્યો અંદરમાં અને એનાથી મુક્તિ થાય છે પણ કષાયની મંદતાથી, એની અનુષ્ઠાનની પ્રધાનતાથી મુક્તિ થઈ એવો આરોપિત એક સમયમાં ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? કઠણ પડે એવું છે એટલે આ વધારે (સ્પષ્ટ) કરીએ. આ પંડિત બેઠા. એને કઠણનું હળવું કરીએ હળવું. આ પોચું તો કર્યું કે ભાઈ આ સમ્યગ્દષ્ટિની વાત છે એમ પોચુ કર્યું પહેલું. શેઠી! કેમ લાલચંદભાઈ! સમ્યગ્દષ્ટિ તો થયો છે. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા દૃષ્ટા છે. એ રાગનો વિકલ્પ દયા, દાન, વ્રતનો કરનારો નથી. એ હું કરું એવી બુદ્ધિ જ્ઞાનીને ખસી ગઈ છે અને નિમિત્ત સંયોગની ક્રિયા (કરું), નિમિત્તને જોડું અને છોડું એ બુદ્ધિ ખસી ગઈ છે. એવા જીવને એના જ્ઞાનમાં શું શું આવે છે એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

**'આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...'** એમ કહેવામાં આવે છે. એવો એક વ્યવહારુ ધર્મ ગણવામાં આવ્યો. સમ્યગ્દષ્ટિને પોતાની પર્યાયમાં એવી યોગ્યતા ગણવામાં આવી છે. કષાયની મંદતા છે એનાથી હું રહિત છું એ સ્વભાવ ખ્યાલ છે, પણ પર્યાયમાં હજી કષાય મંદ ચાલે છે તો એનો અભાવ કરીને સ્થિર થયો તો એનાથી સ્થિર થયો અથવા એનાથી સિદ્ધિ થાય છે એવો એક ધર્મ એમાં ગણવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્રિયા નામ રાગની મંદતા. સમ્યગ્દષ્ટિને પણ વ્રત, નિયમના વિકલ્પ ઉઠે છે એ રાગ છે, કષાયની મંદતા છે, એ ધર્મ નહિ. ધર્મ તો એનાથી ભિન્ન પોતાનો બોધ થયો અને સ્થિરતા થઈ એ. પણ રાગ, જે સ્વભાવમાં નિમિત્તરૂપ આવા જ કષાયની મંદતા હતી, જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતના વિકલ્પ, શ્રાવકને બાર વ્રતના વિકલ્પ, એ વિકલ્પ છે તો રાગ, પણ રાગથી સિદ્ધિ થઈ એમ આરોપ કરીને તે જ સમયે આત્મામાં સમ્યગ્દષ્ટિને એક યોગ્યતા ગણવામાં આવી છે. સમજાય છે કાંઈ?

**'થાંભલા વડે માથું ભેદાતાં...'** થાંભલા વડે. એક આંધળો હતો આંધળો. લોહી, લોહીવિકાર હતો. **'થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક.'** આંધળાને આમ લોહી ચડી ગયું હતું, માથું ફૂટ્યું (લોહી) નીકળી ગયું તો આમ નિધાન જોયું. એમ સમ્યગ્દષ્ટિને સમ્યક્‌જ્ઞાનમાં કષાયની મંદતાની નિમિત્તની અપેક્ષા લઈને એનાથી સિદ્ધિ થઈ એવો ત્યાં એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. તે જ સમયે, જ્ઞાનથી મુક્તિ થશે (એવો) એ જ સમયે બીજો ધર્મ છે. કોઈને સમ્યગ્દષ્ટિને કષાયની મંદતાથી મુક્તિ થશે અને કોઈને જ્ઞાન વિવેકથી થશે એમ નહિ. સમજાય છે કાંઈ? પહેલા કહી ગયા છેને, શ્રાવકને શુભભાવથી મુક્તિ થાય છે. એ શુભભાવથી નથી થતી. શુભભાવ તો રાગ છે, પણ નિમિત્તની અપેક્ષા લઈને અશુભ ટાળ્યું છે અને શુભ પણ ટાળીને સ્વભાવની સ્થિરતા શાંતિ પ્રગટ કરશે. તો શાંતિ તો પોતાની શુદ્ધતાથી પ્રગટ કરશે, પોતાની શુદ્ધતાથી સિદ્ધિ થશે, પણ એની સાથે કષાયની મંદતાના નિમિત્તમાં સિદ્ધિ શુદ્ધતાથી થઈ

એનો મંદતામાં આરોપ આપ્યો કે એનાથી પણ સિદ્ધિ થઈ. સમજાણું કાંઈ?

સિદ્ધિ—આત્માની મુક્તિ તો પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એનું અંતર નિર્વિકલ્પ વીતરાગી સાધક દ્વારા વીતરાગપદ પ્રાપ્ત થાય છે. પણ એમાં એક ધર્મ એવો ગણવામાં આવ્યો છે કે શુદ્ધથી જે મુક્તિ થાય છે તો સાથે શુભભાવ છે એમાં નિમિત્તનો આરોપ આવ્યો. એનાથી સિદ્ધિ થાય છે એવો આરોપિત ધર્મ આત્મામાં એક ગણવામાં આવ્યો છે. સમ્યગ્દષ્ટિને ગણવામાં આવ્યો છે હોં! ઈ વાત છે. બહુ ચીજ પણ ભાઈ. આમાં કેટલું નાખે તો જાડું થાય?

શુદ્ધભાવમાં એ નિમિત્ત હતો તો નિમિત્તમાં આરોપ કરીને એ આરોપિત ધર્મ અહીંયા ગણવામાં આવ્યો. સમજાણું કાંઈ? આહા..! અરે..! એની ચીજ એની એને ખબર ન પડે અને શાંતિ મળી જાય, ક્યાંથી શાંતિ મળે? સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એમ કહેવાય છેને? કાંઈ સમજાય છે કે નહિ? કાંઈક કાંઈક એની ગંધ (આવે છે)?

મુમુક્ષુ :— થોડું સમજાય...

ઉત્તર :— તો તો સમજાય બધું એમાં. એની વાસના એવી છે. થોડા ગંધે ખબર પડે કે અહીં કસ્તુરીની ગંધ છે. આ ગંધ કસ્તુરીની આવી. આવે તો ખબર પડે કે નહિ? ઘણી કસ્તુરી છે એમાં. આવી જ આવે છે ગંધ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કષાયની મંદતામાં આરોપ કર્યો કે એ મુક્તિનું કારણ. આરોપ દઈને અહીંયા એવો ધર્મ ગણવામાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'થાંભલા વડે માથું ભેદાતા દષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે...'** નિધાન મળ્યું. ઓલી સિદ્ધિ મળીને? એમ નિધાન. સમજાય છે? **'(ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે...'** લોહી હતું આંખ ઉપર. લોહી સમજ્યા? ખુન ખુન. હોયને વિકાર? રક્ત લ્યોને. **'આંખો ખુલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ).'** એક ધર્મ ગણવામાં આવ્યો છે. ધર્મ નામ યોગ્યતા ગણવામાં આવી છે સમ્યગ્દષ્ટિને. સાધકપણું થયું છે, શુદ્ધિથી મુક્તિનું સાધન કરે છે. શુદ્ધિથી મુક્તિનું સાધન કરે છે તેને રાગના નિમિત્તનો ધર્મ એમાં ગણવામાં આવ્યો છે. છે તો એમાં આરોપ પણ એ ધર્મ અહીંયા (ગણવામાં આવ્યો છે).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ નિમિત્ત છેને. નિમિત્ત છે તો એમાં આરોપ દેવામાં આવે છે કે નહિ? એ ધર્મ આત્મામાં છે, કષાયની મંદતાથી સિદ્ધિ થઈ એમ કહેવામાં એક યોગ્યતા ગણવામાં આવી, પણ અનંત ધર્મની સાથે એક ઈ ધર્મ છે, આગળપાછળ નહિ. કોઈ જીવને આમ અને કોઈ જીવને આમ એમ નહિ. એ જીવને પણ કોઈ વખતે ક્રિયા અને કોઈ વખતે જ્ઞાનપ્રધાન

વિવેક એમ નહિ. સમજાણું કાંઈ?

અને તે જ જીવને **'આત્મદ્રવ્ય જ્ઞાનનયે...'** દેખો! જીવ તો એનો એ છે અને તે જ સમયે બધા ધર્મ છે. બેય એક સમયમાં છે. પણ એકમાં અપેક્ષા નિમિત્તની લીધી, એકમાં અપેક્ષા પોતાની શુદ્ધતાની લીધી. સમજાણું કાંઈ? એક સમયમાં સાથે (છે).

મુમુક્ષુ :— ..

ઉત્તર :— અનાદિનિધનની ક્યાં વાત છે? અહીં તો સાધકની વાત ચાલે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એને નય છે જ નહિ. પણ નય જ નથી પછી ક્યાં પ્રશ્ન છે? આ તો નયની વાત ચાલે છે, આ તો સાધકની વાત ચાલે છે. મિથ્યાદૃષ્ટિની નહિ, કેવળીની નહિ. સમ્યગ્દૃષ્ટિ સાધક, સાધક, સાધક પહેલેથી કહીએ છીએ. સમજાય છે કાંઈ? કેવળીને નય નથી, પૂર્ણાનંદ પૂર્ણ દશા થઈ ગઈ. મિથ્યાદૃષ્ટિને નય નથી. કેમકે એકલા પુણ્ય અને હરખ શોકનું વેદન છે અને પુણ્યમાં ધર્મ માને છે. ઈ તો મિથ્યાદૃષ્ટિ છે. એને ધર્મ ક્યાં અને ક્યાં સાધકપણું છે જ નહિ. બહુ ઝીણું પણ. આ ન સમજાયને પછી જ્યાં પડ્યા હોય ત્યાં પડ્યા રહીએ. આપણે આમાંથી પણ જાશું અને આમાંથી જાશું. ગયેલો જ છો, હવે સાંભળને. અનાદિ કાળનો અજ્ઞાનમાં તો પડ્યો જ છો, એમાં શું જાવું હતું ક્યાં? આ વાત સમજાય તો એના લક્ષમાં વીર્યમાં રુચિ ફરી જાય. આમ ખ્યાલમાં આવે તો વાત જુદી છે. રાગ નહિ, પુણ્ય નહિ, દેહની ક્રિયા નહિ, બધું નહિ, બીજી ચીજ છે. એમ એની શ્રદ્ધામાં, લક્ષમાં પહેલા આવી જાય તો એની મહત્તા ચૈતન્ય ઉપર આવી જાય, રાગ અને નિમિત્તની મહત્તા ટળી જાય અને એનું જ ઘોલન રહી જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :—

ઉત્તર :— આ દવા છે. ઓલી દવા જરી કડવી લાગે. સમજ્યા? વૈદ્ય કંઈ કડવી મીઠીથી બંધાયેલા નથી, વૈદ્ય એનો રોગ મટાડવાની દવા આપે છે. એમ ભગવાન એને અનૂકૂળ લાગે કે પ્રતિકૂળ લાગે એ નથી જોતા, વસ્તુનું સ્વરૂપ આમ છે એમ જણાવે છે. આહા..હા..! કાંઈ ખબરેય ન મળે વાતની અને પ્રરૂપણા કરે, આમ ધર્મ થાય. એ પ્રરૂપણા મિથ્યાદૃષ્ટિની પ્રરૂપણા છે. કષાયની મંદ રાગની પુણ્યની ક્રિયા છે અને માને છે ધર્મ, એ મિથ્યાદૃષ્ટિ પ્રરૂપે છે, માને છે અને એને માનવાવાળા મિથ્યા દૃષ્ટિનું પોષણ કરે છે. શેઠી! ઝેરની પુષ્ટિ કરે છે અને માને છે કે અમે કાંઈક સારું કર્યું. સમજાણું કાંઈ? સમજાય નહિ એટલે વિરોધ ઉઠે છે. ... પડ્યા હોય, પચાસ પચાસ વર્ષની દીક્ષા માની હોય, હોય નહિ મિથ્યાત્વ સિવાય કાંઈ. એકલી પુણ્યક્રિયા અને દેહની ક્રિયા અમે કરીએ છીએ અને અમારો ધર્મ છે ને આ અમારો ધર્મ છે. અમારો ધર્મ આ છે અને બીજાનો ધર્મ બીજો છે. એમ માનીને બેઠા હોય એને આ વાત જ્યાં કાને પડે (તો) વિરોધ કરે. ગુલાબચંદભાઈ! શું છે આ? ઓહો..હો..!

કહે છે, તે જ આત્મદ્રવ્ય, જે આત્મદ્રવ્ય (વિષે) પહેલા કહ્યું કે કષાયની મંદતાથી સિદ્ધિ થાય છે એવો આરોપિત ધર્મ એક સમયમાં ગણવામાં આવ્યો છે, તે જ સમયે જ્ઞાનપ્રધાનતાથી મુક્તિ થાય એવો એનામાં ધર્મ છે. યથાર્થ શુદ્ધ નિશ્ચયનો ઉપાદાન ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય...**' વિવેકની પ્રધાનતાથી. દેખો! એ રાગ હતો એનાથી પણ હું ભિન્ન સાધન કરીને જ્ઞાનની દશામાં રમું, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનસ્વરૂપ નિજ ચૈતન્યમૂર્તિ પ્રકાશપુંજ એ જ્ઞાનની પ્રધાનતાના અનુષ્ઠાનથી, જુઓ '**જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય...**' સિદ્ધિ—મુક્તિ થાય '**એવું છે,...**' એવું આત્મદ્રવ્ય છે.

'**ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક,...**' એક વેપારી હતો. શેઠી! એક આવ્યો હીરો લઈને. પાંચ હીરા લઈને. શેઠ! જુઓ જરા. લાવો ભાઈ લાવો. એક મુઠ્ઠી ચણા આપ્યા, એ ખુશી થઈ ગયો. ચણા ખવાય, હીરા કંઈ ખવાય છે? મુઠ્ઠી ચણા આપ્યા, ખુશી ખુશી થઈ ગયો. અને લઈ લીધા પાંચ કરોડના પાંચ હીરા. એમ ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિનો પોતાની જ્ઞાન નિધિમાં એકાકાર થઈને વગર પરિશ્રમે ખાસ દુઃખ લાગ્યા વિના રાગથી પૃથક્ પોતાના જ્ઞાનની ક્રિયાથી મુક્તિ થાય છે. ઓહો..હો..! એ જ સમયે આ ધર્મ છે હોં! પહેલા ગણ્યો બીજો એ પણ આ જ સમયે છે, બીજો ગણ્યો એ એના સમયે સાથે છે, આગળપાછળ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બસ, એ શુદ્ધ ઉપાદાનની ક્રિયા ... સમજાણું કાંઈ? એ કહેતા હતા, નહિ? નટુભાઈ હતાને? વારીયા. ઈ કહે, અમે જ્યારે દરિયામાં જતા ઘણા વર્ષ પહેલાની વાત છે, હોં! દરિયામાં. ત્યારે ભીલ લોકો હોયને? ભીલ લોકો અમર લઈને આવે. બે બે મણ, ત્રણ ત્રણ મણ, ચાર ચાર મણ. અમર, અમર. આ સો રૂપિયાનો તોલો આપેને? અમર. મગરમચ્છના ફીણ સૂકાઈ જાય. ચાર ચાર મણ લઈને આવે. પછી એક ખજૂરનું વાડિયું દઈએ. ખજૂર ખજૂર સમજો છો? ખજૂર નથી થતા? ચાર મણ અમર અને ખજૂરનું વાડિયું આપીએ એટલે ખુશી ખુશી થઈ જાય. આ મુઠ્ઠી ચણા (આપે). અમર ખવાય નહિ. ઓલું તો ઘણા દરિયામાં ફરતા હોય, અમર પડ્યું હોય ઘણું. ચાર ચાર મણ લઈને આવે. નટુભાઈ વારીયા કહેતા. એક અઢી રૂપિયાનું.. સમજ્યાને? ત્યારે તો અઢી રૂપિયાનો મણ હતોને ખજૂર. દશ રૂપિયાનું વાડિયું અને પોણો લાખનું અમર. સમજાણું કાંઈ? ખબર હતીને ખબર હતી. આ ચીજ બીજી છે, આ લોકોને ખબર નથી. આ તો ગરમ ચીજ છે. એક તો મગરમચ્છ ગરમ, એના ફીણ ખૂબ નીકળે એ ગરમ અને એ ગરમી તો એવી કે ચરબીને તોડી નાખે એવી મહા કિંમતી ચીજ છે. એને ખબર હતી, ઓલાને ખબર નહોતી. ચાર મણના ખજૂર લઈ ગયો અને રાજી રાજી, શેઠિયાએ આજે તો ઘણું આપ્યું. શેઠિયાએ આપ્યા, બે આનીના

તોલાનું નથી એટલું નથી આપ્યું તને.

એમ ધર્મીજીવ પોતાના આત્મામાં રાગ ને નિમિત્તથી ખસીને સ્વભાવની એકાગ્રતા દ્વારા, જ્ઞાનના વિવેક દ્વારા, જ્ઞાનના નિધાન દ્વારા મુક્તિ પ્રાપ્ત કરી લે છે. સમજાણું કાંઈ? એની શું કિંમત હોય? હીરા કાંઈ ખવાય? ચણા ખવાય. અમર ખવાય? ખજૂર ખવાય. એમ અજ્ઞાનીને ઓલી રાગની મંદતામાં કાંઈક.. ઓહો..હો..! ધર્મ.. ધર્મ.. ધર્મ. છોડી દે, ઝેર છે. રાગ મંદ દયા, દાન, વ્રતના પરિણામ પણ ઝેર છે. અમૃત તો એનાથી ભિન્ન મારી ચીજમાં જ્ઞાનાનંદમાં ભર્યું છે. એવા જ્ઞાનની લીનતા અને એકાગ્રતા દ્વારા જ્ઞાનના વિવેકથી જ્ઞાનીને મુક્તિ થાય છે. એ શુદ્ધ ઉપાદાનના સ્વભાવથી વાત કરી છે. સમજાણું કાંઈ? કોઈ જીવને ક્રિયાનયથી અને કોઈ જીવને જ્ઞાનનયથી એમ નહિ. એ જીવને કોઈ વખતે ક્રિયાનયથી અને કોઈ વખતે જ્ઞાનનયથી (મુક્તિ થાય) એમ નહિ. એક સમયમાં જ (બેય) અપેક્ષા, એક નિમિત્તની અપેક્ષા અને એક શુદ્ધ ઉપાદાનની અપેક્ષા ગણવામાં આવી છે. મનસુખ! સમજાણું કાંઈ?

હીરાવાળા કાંઈ મહેનત કરવા જાતા હશે? અને સાંઠ્યું વેચે એને કાંઈ ઘરે મેડી થાતી હશે? શેઠી! આ હીરા માણેકવાળા તો પાંચ પાંચ લાખ, દશ દશ લાખ એક પંદર દિ'માં પેદા કરી લે. એક દિ'ના સોદામાં. જાઓ... એ તો એની કિંમતની ખબર છે. હીરા કોને કહેવા, માણેક કોને (કહેવા) એની ચમકની કિંમત છે. એ કિંમતવાળા કિંમતી ચીજ લઈ શકે. એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ જ્ઞાનાનંદની ક્રિયામાં મુક્તિ છે એમ કિંમત કરે છે. સમજાય છે કાંઈ? રાગની પ્રધાનતાથી નિમિત્ત ગણીને એક ધર્મ યોગ્યતા ગણ્યો, પણ સાથે આ પણ યોગ્યતા મૂળ યોગ્યતા છે, એનાથી મારી મુક્તિ થાય છે એમ માને છે. ક્રિયા કષ્ટ કર્યા વિના. સમજાણું કાંઈ? શાંતિ અને આનંદનું વેદન કરતા કરતા કરતા, આનંદનું વેદન કરતા કરતા કરતા મુક્તિ થાય છે. આનંદ કરતા કરતા મુક્તિ થશે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતા કરતા મુક્તિ થશે. સમજાણું કાંઈ? એવો સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના દ્રવ્યમાં, આત્મામાં આવી યોગ્યતા એક સમયમાં જ્ઞાનથી જાણે છે, આગળપાછળ નહિ. આમાં ગડબડી કરવી હોય એટલી કરે માણસ, પણ ગડબડી કાંઈ થાય એવું નથી એમાં.

કહે છે કે '**જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...**' વિવેક, વિવેક, વિવેક ભેદજ્ઞાન. રાગ આવ્યો એનાથી ભેદ કરીને સ્વભાવમાં એકતા થઈ, રાગ આવ્યો એનાથી ભેદ કરીને સ્વભાવમાં એકતા થઈ. એવી પ્રધાનતાથી આત્માની મુક્તિ નામ સિદ્ધિ થાય છે. '**જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ રતન ખરીદી લે તેમ.**' ઈ આવે છેને, અનુભવપ્રકાશમાં આવે છે એક. એક કોઈ લાખો કરોડો ચિંતામણિ રતન હતા, ત્યાં પડ્યા હતા. એની કિંમત નહોતી. એક કોઈ કંદોરો ચાંદીનો હતો, કંદોરામાં એણે એક નિલમણિ જડેલું. ઈ તળાવમાં નહાતો હતો. એમાં શેઠી જેવા એક ઝવેરી આવ્યા. એણે અંદર જોયું, ઓહો..! આ પાણીમાં લીલો લીલો રંગ ઉઠે છે. આના કંદોરામાં

નિલમ છે નિલમ. નિલમ. ઓહો..! સ્નાન કરીને ઈ બહાર નીકળ્યો, તો શેઠ એને કહે છે, ભાઈ! મને તમારે વેચવો છે? મને વેંચોને. શું છે? તને હું સોનામહોર ભરેલી વખાર છે ઈ તને આપીશ. ચાલો, ચાલો. હેં! આ નિલમણિની આટલી કિંમત! આ અમારી સોનામહોરની વખાર છે એ તો કંઈ નથી, આ તો મોટી કિંમતી ચીજ તારી પાસે છે. અરે..! જ્યાં હું હતો ત્યાં તો આવા અબજો નિલમ પડ્યા હતા, મને તો ખબર નહોતી. મને તો આ લીલો રંગ લાવ્યો તો ચાંદીના કંદોરામાં લગાડ્યો હતો, સમજ્યા? પણ મને એની કિંમત ખબર નહોતી. શેઠિયાને કિંમત હતી કે લે ભાઈ! ઓહો..! મને તો ખબર નથી. વખારું સોનાની આપી. એની કિંમત મહા કરોડો કરોડો રૂપિયાની.

એમ ભગવાન આત્મા શુભાશુભ દયા, દાનના વિકલ્પથી પાર ચૈતન્ય રતન છે એની પરીક્ષા તો સમ્યગ્દર્શનમાં થઈ છે, પણ વિશેષ સ્વરૂપમાં લીનતા, શાંતિનો રસ, સરસ, આનંદનો રસ ભોગવતા ભોગવતા જ્ઞાનનયે રાગથી પૃથક્ થઈને સિદ્ધિ કરશે એમ સમ્યગ્દષ્ટિ પોતાના એક જ્ઞાનપ્રધાન નયે જોવે છે. સમજાણું કાંઈ? જુઓ! આમાં તમારા દાખલા પણ આવ્યા ઝવેરીના. થોડી ખબર ન હોય તો થોડી કિંમત આપી દે ઓલો. એને ખબર ન હોય તો બિચારો શું કરે? કાણું પાડીને બકરીને ડોકમાં પહેરાવી દે અને કાં કાનમાં પહેરાવે. બકરી હોયને બકરી? બકરીને શું કહે છે? બકરી. કાનમાં પહેરાવી દે, ખબર નથી. ઝવેરીના હાથમાં ગયો. અરે..! તેં આને કાણું પાડી દીધું. બહુ કિંમત હતી અબજોની. કાણું પાડી દીધું તોપણ કરોડોની કિંમત છે એના કટકા થોડા થોડા કરે તોપણ. અખંડ હોત તો એની કિંમતનો પાર નહોતો. મને તો ખબર નહોતી. મેં તો આમ પથરો જોયો હતો, કાણું પાડીને લગાવો.

એમ અજ્ઞાનીને દેહની કિંમત છે. દયા, દાન, વ્રતના શુભ વિકલ્પની કિંમત છે. આત્મા એનાથી ભિન્ન છે એની કિંમત નથી. સમજાણું કાંઈ? હું અખંડાનંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ, પરમ શાંતરસના સાગરમાં હું એકાકાર થાઉં એ જ મારી ક્રિયાથી મને મુક્તિ થશે. એ નિમિત્તથી વાત કરી હતી, શુદ્ધ ઉપાદાનની સાથે. યથાર્થમાં તો આ ક્રિયાથી મુક્તિ થાય છે. બીજી ક્રિયા કષ્ટ ક્લેશ કરો તો (કરો). આવી ગયું છે નિર્જરામાં, સમયસારમાં. ક્રિયા કષ્ટ કરો, પંચ મહાવ્રત પાળો નગ્ન મુનિ થઈને, તોપણ તને કંઈ ધર્મ-બર્મ થતો નથી. સમજાણું કાંઈ? ક્લેશ ભાર વહો ભાર. રાગની મંદતાનો બોજો છે, બોજો એમાં, ભાર.

અહીંયા જ્ઞાનની મુખ્યતાના વિવેકથી મુક્તિ થાય છે એવો પણ આત્મામાં એક ધર્મ છે. ધર્મ નામ યોગ્યતા છે. તો એક સમયમાં બેય ધર્મને જ્ઞાની દેખે છે. બેય છે. જોઈને ચિંતામણિ શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં એની સાવધાની છે. એનાથી એની મુક્તિ થશે તો અહીંયા એવું જ્ઞાન કરાવ્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૬, શનિવાર, તા. ૩.૧૧.૧૯૬૨**
**નય-૪૪, ૪૫, ૪૬, પ્રવચન-૩૯**

આ પ્રવચનસાર ચાલે છે. એમાં નયનો અધિકાર ચાલે છે. નય શું છે? આત્માનો જ્ઞાનગુણ છે એની એક જ્ઞાનની પર્યાય, પર્યાય એટલે હાલત જે પ્રમાણ એનો એક ભાગ એને નય કહે છે. સૂક્ષ્મ વિષય છે. આ આત્મદ્રવ્ય, આ ભગવાન આત્મા દેહ, વાણી, મનથી ભિન્ન અને કર્મથી ભિન્ન એવો જે આત્મા છે તે એક સેકંડના અસંખ્યભાગમાં અનંત ધર્મને ધરવાવાળો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમ નહિ, એમ નહિ. આ આત્મ પદાર્થ જે છે.. ઈ હજી વાત કરે છેને. બે મિનિટ મોડા છે શેઠ. સમજાણું કાંઈ?

આ આત્મદ્રવ્ય... જુઓ! ૪૪મી નય છે. જરી ઝીણી છે આજ. ૪૩ છેને? પછી ૪૪. છે? ત્રંબકભાઈ! 'આત્મદ્રવ્ય....' પહેલો શબ્દ પડ્યો છે. આ આત્મા પદાર્થ આ દેહ, વાણી, મન, કર્મથી ભિન્ન આત્મ વસ્તુ એમાં અનંત ધર્મ છે. ધર્મનો અર્થ એમાં શક્તિ છે, શક્તિ નામ ગુણ છે, એની વર્તમાન અવસ્થા છે અને અવસ્થામાં વિકાર, અવિકાર આદિ દશા (છે). સાધકજીવની વાત ચાલે છે. વિકાર, અવિકાર, શક્તિ બધાને અહીંયા ધર્મ ગણવામાં આવ્યા છે. ધર્મનો અર્થ આત્મપદાર્થે એને ધારી રાખ્યા છે. અહીંયા ધર્મથી મુક્તિ થાય છે એ પ્રશ્ન અત્યારે નથી. ધર્મ નામ ધર્મી એવો આત્મા એણે એ વિકાર, અવિકાર, શક્તિ-ગુણ એણે ધારી રાખ્યા છે, એમાં છે, એમાં છે, ધારી રાખ્યા છે એ અપેક્ષાએ તેને ધર્મ કહેવામાં આવે છે. ધર્મ, મુક્તિનો ધર્મ એ પછી વાત. સમજાણું કાંઈ?

આત્મપદાર્થ એક સેકંડના અસંખ્યભાગમાં ભગવાન આત્મા દેહમાં બિરાજમાન તત્ત્વ એમાં અનંત શક્તિઓ છે. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, શાંતિ વગેરે અને અનંતી એની અવસ્થા છે-પર્યાય, પર્યાય નામ હાલત, હાલત નામ દશા. એવો આત્મા જ્ઞાનમાં યથાર્થપણે જણાય, પછી અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ છું એવી દૃષ્ટિ થઈને આત્માની શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. ઝીણી વાત છે. જિંદગીમાં સાંભળી ન હોય એવી. દયા ને વ્રત ને ફલાણું એવી કોઈ વાત નથી અહીંયા. એ બધી વિકલ્પની રાગની વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દેહદેવળમાં કેવી વસ્તુ છે? સર્વજ્ઞ ભગવાન બતાવે છે, સાધકજીવને એવી જ્ઞાનમાં આવે છે, ધર્મીને જ્ઞાનમાં એવી આવે છે કે મારી ચીજ, એ ૪૩માં ગયું, જ્ઞાનપ્રધાનથી મારી મુક્તિ થાય છે એવો પણ એક મારો ધર્મ-લાયકાત છે. સમજાણું કાંઈ?

મારો ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાનસ્વરૂપી જ્ઞાનપ્રકાશ પુંજ છે. એ જ્ઞાનમાં એકાકાર થઈને રાગ અને પુણ્યથી પૃથક્ થઈને, શરીર, કર્મ આદિ પરપદાર્થથી પૃથક્ થઈને, મારું જ્ઞાનાનંદ પુંજ સ્વરૂપ છે એમાં લીન થઈને મારી જ્ઞાનની ક્રિયાથી મારી મુક્તિ થાય છે. ધર્મી પોતામાં આવી એક ધર્મની યોગ્યતા જુએ છે. સમજાણું કાંઈ? નેમિચંદજી! બહુ ઝીણી વાત. ઘણો વિરોધ કરે છે. શેઠિયા કહે છે કે આ શું છે? ભાઈ! સાંભળવા મળ્યું નથી કે વસ્તુ શું છે? એમ ને એમ અનંત કાળથી માની રાખ્યું છે પોતાની કલ્પનાથી કે આ ક્રિયા મેં કરી ને આમ કર્યું ને આમ કર્યું ને ધર્મ થશે. પ્રભુ! ધર્મ કોઈ બીજી ચીજ અલૌકિક ચીજ છે. જેણે એક સેકંડમાત્ર પણ અનંત કાળમાં કર્યો નથી. એક સેકંડમાત્ર કર્યો નથી એક સમયમાત્ર. એવી ચીજ અપૂર્વ છે.

પોતાનો આત્મા રાગ, પુણ્ય-પાપના વિકલ્પ શુભાશુભ ભાવ એનાથી પણ અંતરમાં ભિન્ન થઈને, હું જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદકંદ શુદ્ધ છું એવી અંતર દૃષ્ટિ લગાવીને જ્ઞાનમાં એકાકાર (થઈને), અંતર જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકાકાર થઈને પોતાની મુક્તિ સાધે છે. એવો જ્ઞાની પોતામાં આવો એક ધર્મ નામ યોગ્યતા દેખે છે. સમજાણું કાંઈ? હવે આજે તો જરી બીજી વાત છે. આત્મદ્રવ્યમાં એવો એક ધર્મ (છે), ધર્મ નામ યોગ્યતા, યોગ્યતા નામ આત્માની દશામાં નિમિત્તની અપેક્ષાથી થવાવાળો પોતાનો યોગ્યતા ધર્મ. ધર્મ નામ લાયકાત. એક લાયકાત કેવી છે એ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પોતાને પોતામાં જાણે છે. શું?

**'આત્મદ્રવ્ય વ્યવહારનયે...'** વ્યવહારનય શબ્દ છે. વ્યવહાર નામ પરની અપેક્ષાથી **'બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે,...'** શું કહે છે? ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય અદ્વૈત હોવા છતાં એમાં એક એવો ધર્મ-યોગ્યતા છે કે કર્મ જડ છે એના બંધની અપેક્ષાથી વ્યવહારમાં બંધ છે એમ કહેવામાં આવે છે. અને એની મુક્તિ—કર્મની મુક્તિથી આત્મામાં કર્મનો વિયોગ થયો, કર્મનો બંધ છે એ સંયોગ એવી એક અપેક્ષા અને કર્મનો વિયોગ એવી એક અપેક્ષા, એવા ધર્મને અનુસરનાર, દ્વૈતને અનુસરનાર, બંધ અને મોક્ષમાં નિમિત્તને અનુસરનાર એવી એક પોતાની પર્યાયમાં યોગ્યતા રાખે છે. ભારે ઝીણું. તત્ત્વ કોઈ દિ' સાંભળ્યું નથી. આ કરો ને આ કરો, દયા પાળો ને વ્રત પાળો.

મુમુક્ષુ :— સેવા તો કરે છે.

ઉત્તર :— કોણ ધૂળમાં સેવા કરે છે? એના શરીરની રક્ષા કરી શકતો નથી. શરીરમાં રોગ આવે છે તો રક્ષા કરી શકતો નથી. શું કરે? આ તો જડ પરપદાર્થ છે. જડમાં જડની કેવી દશા થાય એ તો જડને આધીન છે, પોતાને આધીન નથી. પોતાને આધીન હોય તો કોઈ રોગ આવવા જ ન દે, સદાય નિરોગી રહે. બરાબર છે? રોગ આવવા ન દે જો પોતાની ઈચ્છાથી રોગ આવતો હોય તો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. ખબર છેને. ... સમજાય છે કાંઈ? એ તો શરીરની અવસ્થાને કારણે રોગ નથી. શું પોતાનું પથ્ય અને પોતાની કાળજીથી રોગ નથી આવતો એમ કદી બનતું નથી. રોગ-નિરોગ એ તો જડની એક અવસ્થા પરમાણુ માટી આ ધૂળ છે એની અવસ્થાનું થવું એને રોગ, નિરોગ કહે છે. આત્માથી રોગ-નિરોગતા થતી નથી. કહો, બરાબર છે? આ ડૉક્ટર ઊડી જાય છે. આ મોટા ડૉક્ટર છે. શું કરે ડૉક્ટર? ડૉક્ટરનું શરીર પણ પડી જશે? શું રાખી શકશે?

કહે છે કે ભગવાન આત્મા એમાં એક એવી યોગ્યતા છે, લાયકાત કે કર્મના નિમિત્તનો સંયોગ રહે એવી એક લાયકાત અને કર્મનો વિયોગ થાય એવી એક લાયકાત. બેનો વ્યવહારનયથી એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. આહા..! નેમિદાસભાઈ! બહુ ઝીણું. કોઈ દિ' આ તો.. ત્રંબકભાઈ! સંપ્રદાયમાં તો આ શબ્દ પણ સાંભળ્યા ન હોય. આ શું વળી? અરે..! ભગવાન! સર્વજ્ઞ ત્રિલોકનાથ દેવાધિદેવ જૈન પરમેશ્વરે એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એમણે કહ્યું કે અરે..! આત્મા! તારી લાયકાતમાં આટલી આટલી યોગ્યતા અને શક્તિ પડી છે. તારામાં તારાથી પડી છે. એમ એને ભાન થાય ત્યારે એને ચૈતન્ય ભગવાન આનંદકંદ શુદ્ધ છું એમાં દૃષ્ટિ લગાવીને આત્માની શાંતિ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? તો ધર્મ થાય છે, નહિતર ધર્મ-બર્મ થતો નથી.

તો કહે છે કે, ભગવાન આત્મા વ્યવહારનય નામ જે જ્ઞાનનો એક અંશ નિમિત્તના એક અપેક્ષિત ધર્મને દેખે અને જાણે છે એવા વ્યવહારનયથી બંધ અને મોક્ષમાં, કર્મનો બંધ અને કર્મની મુક્તિ એમાં દ્વૈતનું અનુસરણ કરનારો છે. નીચે છે નીચે. 'દ્વૈત—બે-પણું, (વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે).' બેય થઈને એક છે, હોં! વળી બે દ્વૈત નથી. આત્મદ્રવ્ય વસ્તુ એ કર્મ જડ સંયોગ એ બંધક છે એવો એક પોતાની પર્યાયમાં નિમિત્તની અપેક્ષાનો ધર્મ ગણવામાં આવ્યો છે અને એ મોચક છે, કર્મ છૂટે છે, છૂટે છે એવી એક પર્યાયની યોગ્યતા દ્વૈતપણે ગણવામાં આવી. ઘણું ઝીણું. આ નય અધિકાર હજી સંપ્રદાયના પંડિતોને કઠણ પડે છે.

કહે છે કે **'દ્વૈતને અનુસરનારું છે, બંધક...'** કેવો છે ભગવાન આત્મા? જડ કર્મ તો જડપણે છે, પણ પોતાના ભાવબંધમાં નિમિત્તની અપેક્ષા ત્યાં સંયોગની આવે છે અને પોતાની મુક્તિ પોતાથી થાય છે ત્યારે કર્મના મોટપપણાની નિમિત્તની અપેક્ષા એમાં આવે છે. એ અપેક્ષાથી દ્વૈતને અનુસરે છે એમ કહેવામાં આવ્યું છે. **'અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા...'** શું કહે છે જરી? એક પરમાણુનો દૃષ્ટાંત આપ્યો છે. એક પરમાણુ છેને પોઈંટ? આ તો ઘણા પરમાણુ થઈને એક પિંડ બન્યો છે. આ કંઈ એક મૂળ ચીજ નથી. આત્મા તો ભિન્ન

છે પણ આ મૂળ ચીજ નથી. આના ટુકડા કરતા કરતા છેલ્લો એક સૂક્ષ્મ પોઇંટ રહી જાય તેને ત્રિલોકનાથ ભગવાન પરમાણુ કહે છે. સમજાણું કાંઈ? આ તો સ્થૂળ સ્થૂળ છે. આ તો જડ માટી છે. આવા અનંત પરમાણુ એકઠા થઈને પિંડરૂપ દેખાય છે. આ આત્મા નથી, આ તો જડ છે. જડનો છેલ્લો અંશ જે પરમાણુ, એક પરમાણુનો દૃષ્ટાંત આપે છે કે બંધક ઈ એક પરમાણુ છે, બીજા પરમાણુ છે એને આ પરમાણુને બંધ કરનાર છે. એક પરમાણુને બીજો પરમાણુ એવોને એવો બંધક-બંધ કરનાર નિમિત્તની અપેક્ષાથી, બંધ કરનાર. કોણ કરનાર? એક પરમાણુને બીજો પરમાણુ. એક પરમાણુને બીજો પરમાણુ બંધ કરનાર અને મોચક. એક પરમાણુને બીજો પરમાણુ મોચક. છોડવાવાળો.

મુમુક્ષુ :— છોડવાવાળો.

ઉત્તર :— પરમાણુ છૂટ્યો અને પરમાણુ બંધાયો એટલી અપેક્ષા અહીંયા નિમિત્તમાં ગણવામાં આવી છે. અહીં તો દૃષ્ટાંત દઈને સિદ્ધાંત સિદ્ધ કરવો છે આત્માની સાથે.

એક પરમાણુ બંધ કરનાર. એક પરમાણુ સૂક્ષ્મ રજકણ છે, બીજો રજકણ એને બંધ કરનાર એટલી નિમિત્તની અપેક્ષા. અને મોચક. એક પરમાણુને જ્યારે બીજો પરમાણુ છોડે છે ત્યારે એ પરમાણુને મુક્ત કરવાવાળો પેલો પરમાણુ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો જાણવાની ચીજ છે. જાણ્યા વિના કંઈ ધર્મ-બર્મ થતો નથી. પૈસાથી નથી થતો એમ કહે છે. આ પૈસાવાળાને પૈસાથી ધર્મ થાય છે? પાંચ-પચ્ચીસ હજાર ખર્ચી નાખો પૈસા. ધૂળમાંય ધર્મ નથી, પૈસામાં ક્યાં ધર્મ આવ્યો? સમજાણું કાંઈ? રાગ મંદ કરે તો પુણ્ય થઈ જાય. ધર્મ તો બીજી વસ્તુ છે.

ભગવાન આત્મા પોતાની અનંત શક્તિઓ-ગુણ રાખે છે અને એની પર્યાયમાં અનેક-અનંત યોગ્યતા છે. એમાં એક યોગ્યતા એવી છે કે એક પરમાણુ બીજી પરમાણુથી, બીજા પરમાણુએ એને બાંધ્યો, બીજા પરમાણુએ એને છોડ્યો એવી એક પરમાણુમાં બીજા પરમાણુની અપેક્ષા આવે છે, એમ ભગવાન આત્મામાં કર્મથી બંધાણો અને કર્મથી આત્મા છૂટ્યો એવી પરની અપેક્ષા આત્મામાં આવે છે. એવી એક સમયની યોગ્યતા-નિમિત્તને અનુસરનારનો ધર્મ ગણવામાં આવ્યો છે. ઓહો..હો..! ક્યાં કોઈ દિ' કોણ છે ક્યાં? તું કોણ છો એની વાત કરે છે. તું આત્મા કોણ છો આત્મા અંદરમાં? ભગવાન જાણે, હું કોણ છું, મને ખબર નથી. ખબર નથી અને એને ધર્મ કરવો છે. કરવાવાળો આત્મા (અને) આત્મા શું એની ખબર નથી અને ધર્મ કરવો છે. ક્યાંથી ધર્મ થશે? અનંત કાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે એવીને એવી દશા કરે છે અને ચાર ગતિમાં રખડે છે.

**'આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે,...'** નિમિત્તનું અનુસરણ. એકલો આત્મા નિમિત્તનું અનુસરણ કરનાર એ દ્વૈતનું અનુસરણ કરનારો છે. **'બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે...'** અન્ય

પરમાણુ સાથે. એ અન્ય પરમાણુથી બંધ અને મુક્ત કરનાર. એની **'સાથે સંયુક્ત થતા...'** એક પરમાણુ બીજા પરમાણુને બંધક-મોચક કરનારો એની સાથે સંયુક્ત થતા **'અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. (વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્‌ગલ સાથે) દ્વૈતને પામે છે,...'** નિમિત્તની અપેક્ષાથી એવી યોગ્યતા છે કે દ્વૈતને અનુસરે છે. **'(જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ).'** ઓહો..હો..! શું ભાષા! બધું સમજાય એવું છે પણ ધ્યાન રાખે ત્યારેને. સંસારના વ્યાજ કેટલા કાઢે છે. પાંચ લાખ હોય તો ચક્રવર્તી વ્યાજ કાઢે, આ આઠ આના, છ આના લેખે. વ્યાજ અને એના ઉપર વ્યાજ. વાણિયા કાઢે કે નહિ? નેમિદાસભાઈ! બરાબર કાઢે ત્યાં. બે મોટા મકાન છે. બરાબર ભાડું લે અને કેટલા કોણ છે? કેમ છે? આ તો કાયદા છે એટલે કાઢી શકે નહિ, નહિતર આ ભાડાને કાઢીને બીજા ભાડાને લાવે.

અહીં કહે છે કે ભાઈ! તને તારી ખબર નથી, પ્રભુ! તારા આત્મામાં એવી એક નિમિત્તની અપેક્ષાને અનુસરનારી યોગ્યતા તારામાં ગણવામાં આવી છે. નિમિત્ત બાંધે અને નિમિત્ત છોડે અહીં તો એની વાત છેને. પોતે છૂટે અને પોતે બંધાય એ તો નિશ્ચયમાં જાશે. સમજાણું કાંઈ? કર્મબંધન થયું એટલી નિમિત્તની અપેક્ષા. આત્મા ભાવબંધથી બંધાય છે. પોતાના વિકારથી બંધાય છે એ ભાવબંધ પોતાથી છે. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો રાગ એ રાગ બંધન છે. એ ભાવબંધન નિશ્ચયથી પોતામાં છે. પણ એ ભાવબંધમાં જે જડબંધના નિમિત્તપણાનું અનુસરણ થયું તો જડના બંધનની અપેક્ષાથી આત્મા દ્વૈતને અનુસરે છે અને એના મુક્તની અપેક્ષાથી આત્મા મુક્તને, પર છૂટવાની અપેક્ષાએ અનુસરે છે તો આત્મામાં કર્મબંધન થાય છે (એમાં), બંધ કરનાર કર્મ અને છોડાવનાર કર્મ (એમ અપેક્ષાથી કહેવાય છે).

મુમુક્ષુ :— ..

ઉત્તર :— કર્મની ક્યાં વાત છે ત્યાં? અહીંયા તો કહે છે કે વ્યવહારનયથી આમ ગણવામાં આવ્યું કે કર્મ જ બંધ કરનાર છે અને કર્મ જ છોડાવનાર છે. નિમિત્તમાં બંધક થવાની તાકાત છે અને છૂટવાની તાકાત છે. એટલી અપેક્ષા આત્મા સાથે લીધી, કર્મ બંધાયું હતું તે જ કર્મ છૂટ્યું એટલી એક સમયની અપેક્ષા લઈને દ્વૈતને અનુસનાર એવી એક પોતાની યોગ્યતા ગણવામાં આવી છે. ઓહો..હો..! કોઈ દિ' એણે ઘર જોયું નહિ ઘર. કો'કના ઘર તપાસ્યા. ધૂળ ને પાણી. મારી વસ્તુ શું છે? અને મારામાં કઈ કઈ યોગ્યતા નિમિત્તની અપેક્ષાની અને સ્વભાવની અપેક્ષાની કઈ લાયકાત મારામાં છે એ જાણવાનો કદી પ્રયત્ન કર્યો નહિ. કહો, સમજાય છે કાંઈ?

આત્માને કર્મ બાંધે છે અને આત્માને કર્મ છોડે છે. એવી નિમિત્તની અપેક્ષા લઈને વ્યવહારનયથી એવી યોગ્યતા ગણવામાં આવી છે. તે જ સમયે નિશ્ચયની યોગ્યતા પણ પોતામાં છે. આઘીપાછી નહિ. કોઈ વખતે કર્મ બાંધે છે અને કર્મ છોડાવે છે અને કોઈ વખતે હું બંધાઉં છું અને હું છૂટું છે એવો ધર્મ આઘોપાછો નથી. એક જ સમયમાં એક જ જીવને કર્મથી બંધાયો અને કર્મ છૂટ્યા એવી નિમિત્તની અપેક્ષા ગણીને એક એક યોગ્યતા ગણવામાં આવી. તે જ સમયે હું જ મારા વિકારથી બંધાયો છું અને હું જ મારા વિકારથી છૂટું છું. એવી યોગ્યતા મારી પર્યાયમાં મારામાં મારાથી થાય છે. ભીખાભાઈ! ઓહો..હો..!

મુમુક્ષુ :— નિમિત્તની વાત આવી ખરી.

ઉત્તર :— નિમિત્ત વસ્તુ નથી. પણ નિમિત્તને અનુસરનારને યોગ્યતા કોની? પોતાની યોગ્યતા છે તો આવા વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા લઈને ગણવામાં આવી છે. સમજાય છે કાંઈ? એ ૪૪મો ધર્મ થયો. ૪૪મી યોગ્યતા, ૪૪મી નય. ૪૭ નય છે આમાં. એવા અનંત ધર્મ(રૂપ) આત્મામાં યોગ્યતા ગણવામાં આવી છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જોયું છે અને સમ્યક્જ્ઞાની આમ યથાર્થ જાણે છે. સમજાણું કાંઈ?

૪૫. '**આત્મદ્રવ્ય...**' તે જ સમયે હોં! સમય બીજો નહિ. જે સમયે કર્મ બંધ કરનાર અને કર્મ છૂટવાવાળા એવી અપેક્ષાનો ધર્મ છે તે જ સમયે આત્મા '**નિશ્ચયનયે...**' યથાર્થ નયે, ખરેખર નયે, સ્વાશ્રય નયે, ઓલી વ્યવહારનય પરાશ્રય નયથી હતી, આ નિશ્ચય સ્વઆશ્રય નયથી.. સ્વઆશ્રય ને નય ને... '**બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે,...**' દેખો! ભગવાન આત્મા પર્યાયમાં જે વિકાર થાય છે વિકાર, દયા, દાન, પુણ્ય, પાપ, કામ, ક્રોધનો વિકાર એ બેય વિકાર છે. શુભાશુભ ભાવ વિકાર છે, એ બંધ છે, એ ભાવબંધ છે. ઓહો..! એક કોર કહે કે સમકિતીને બંધ છે જ નહિ દૃષ્ટિના વિષયમાં. અહીં કહે કે સમ્યગ્દૃષ્ટિ પોતામાં ભાવબંધની યોગ્યતા પોતાની પર્યાયમાં જોવે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

'**આત્મદ્રવ્ય...**' વ્યવહારનયથી કહ્યું હતું કે પર આશ્રયની અપેક્ષા લઈને કહ્યું હતું, નિશ્ચયનયથી સ્વ અપેક્ષાનો આશ્રય લઈને. '**બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે,...**' શું? એ કર્મના નિમિત્તની અપેક્ષા તો વ્યવહારનયથી કહ્યું, નિશ્ચયનયથી તો પોતાની પર્યાયમાં–અવસ્થામાં વિકારનો ભાવબંધ થાય છે એ એકલો અનુસરે છે, આત્મા એકલો વિકારને અનુસરીને ભાવબંધની પર્યાયને જાણે છે. આહા..! સમજાણું કાંઈ? સમયસારમાં કહે કે સમ્યગ્દૃષ્ટિને બંધ છે જ નહિ. અહીં કહે કે સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનમાં, પોતામાં રાગ અને દ્વેષ, દયા ને દાન, પુણ્ય ને પાપની વૃત્તિ ઉઠે છે એ હું એકલો ભાવબંધમાં રોકાઉં છું, હું એકલો આત્મા ભાવબંધમાં રોકાઉ છું એમ જાણે છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું. ભગવાનજીભાઈ! ... શું કહ્યું?

આ આત્મવસ્તુ છે પદાર્થ, પદાર્થ એમાં આનંદ આદિ અનંત અનંત શક્તિ-ગુણ છે. એનું ભાન થયું કે હું તો આત્મા જ્ઞાન, દર્શન, આનંદ છું એવું સમ્યગ્દર્શન થયું. મારા ત્રિકાળ સ્વભાવમાં વિકાર નથી અને વિકારમાં ત્રિકાળ સ્વભાવ નથી. છે બધું પોતાની સત્તામાં, છે બધું પોતાની સત્તામાં, છતાં એ ત્રિકાળ સ્વભાવમાં વિકાર નથી, દયા, દાન, પુણ્ય, પાપના વિકલ્પ ઉઠે છે એ વિકાર નથી અને વિકારમાં ત્રિકાળ સ્વભાવ નથી. છતાં છે પોતાની સત્તામાં. પરની સત્તાનો એમાં કોઈ ભેળસેળ નથી. પણ ધર્મીજીવ પોતાનો સ્વભાવ અબંધસ્વરૂપ દ્રવ્ય છે, અબંધસ્વરૂપ આત્મા છે. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**' ૧૫મી ગાથા. ભગવાન આત્મા કર્મથી અબદ્ધ છે, કર્મથી સ્પર્શિત નથી એ નિશ્ચય યથાર્થ દૃષ્ટિના વિષયમાં છે. અહીં કહ્યું કે કર્મના નિમિત્તની અપેક્ષાથી બંધ અને મોક્ષ છે. એ પરની અપેક્ષા લઈને એમ ... આવ્યું છે.

હવે અહીંયા તો લીધું હતું કે આત્મદ્રવ્ય વસ્તુ ચૈતન્ય ભગવાન અનંત ગુણનો રાશિ પુંજ પ્રભુ એ કર્મ અને ભાવબંધથી રહિત છે. કર્મથી તો રહિત છે સમ્યગ્દર્શનના વિષયમાં આત્મા, પણ પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પનો ભાવબંધ છે એનાથી પણ હું રહિત છું. આહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા કર્મ, શરીર તો જડ માટી, ધૂળ છે એનાથી તો હું ભિન્ન છું, પણ પોતાની દશામાં દયા, દાનના વિકલ્પ ઉઠે છે શુભાશુભ ભાવ એ ભાવબંધ છે, જડનો દ્રવ્યબંધ વ્યવહારનયની અપેક્ષાથી ગણવામાં આવ્યો. અશુદ્ધનિશ્ચયથી વિકાર પોતાની પર્યાયમાં છે એ ભાવબંધ છે. પણ એ ભાવબંધથી પણ હું રહિત છું. એમ સમ્યગ્દૃષ્ટિના દૃષ્ટિના વિષયમાં હું ભાવબંધ અને દ્રવ્યબંધથી રહિત અબંધસ્વરૂપ મારી ચીજ છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, સર્વજ્ઞ પરમાત્મા જેવા થયા અને સર્વજ્ઞે જોયું એવી મારી ચીજ છે. સમ્યક્જ્ઞાની ધર્મી પોતાના આત્માને વસ્તુ તરીકે અબદ્ધ અને અસ્પર્શ જોવે છે. સમજાણું કાંઈ? કર્મથી બદ્ધ નહિ અને વિકારથી પણ બદ્ધ નથી. એવા આત્મા આત્માને જોવે છે એણે જૈનશાસન જોયું, એણે જૈનશાસન સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ જોયો. ધર્મચંદજી! ત્યારે એ તકરાર કરે છે કે બીજો (માર્ગ) ક્યાં ગયો? સાંભળ તો ખરો. એ જ્ઞાનના વિષયમાં રહ્યો. સમજાણું કાંઈ?

૧૫મી ગાથામાં એમ કહ્યું, ભગવાન આત્મા, કર્મ તો શરીર માટી તો ધૂળ છે એનાથી તો હું રહિત છું, પણ વિકાર ઉત્પન્ન થાય છે જરી વિકૃત ભાવ શુભાશુભ દયા, દાન, પુણ્ય-પાપના એ બધાથી હું રહિત છું. અને હું એકરૂપ છું. મારામાં ગુણ-ગુણીના ભેદ પણ નથી એવો હું એકરૂપ છું. એવી અંતર સ્વભાવની દૃષ્ટિ હોવાથી જે ભાવશ્રુતજ્ઞાન અને શાંતિ ને શ્રદ્ધા પ્રગટ થયા એને જૈનશાસન કહેવામાં આવે છે. એને જૈનશાસન છે એમ કહેવામાં આવ્યું છે. ધર્મચંદજી! ધ્યાન રાખે તો સમજાય એવી વાત છે. આચાર્યે શું કરવા આ લખ્યું છે? સમજનાર સમજશે એ કારણે કે નહિ સમજે એ કારણે? અરે..! સમજવાની તૈયારી કરે

નહિ અને નહિ સમજે તો અનાદિકાળથી છે જ. તારે કાંઈક નવું કરવું છે કે નહિ કે સત્ય શું છે? ઓહો..હો..!

ભગવાન આત્મા વસ્તુ તરીકે દેહડાબલીમાં ચૈતન્યહીરો ભિન્ન છે અને જરી વિકૃત ભાવ છે, દયા, દાન, વ્રતાદિ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને, મુનિને એનાથી પણ હું ભિન્ન છું. એવી દૃષ્ટિ કરીને વીતરાગી દૃષ્ટિ અને વીતરાગ સંવેદનજ્ઞાન થાય અને રાગ રહિત આટલી સ્થિરતા થાય એને ભગવાન જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? ભારે જૈનશાસન! જૈનશાસન મંદિરમાં નથી રહેતું, મૂર્તિમાં નથી રહેતું, શરીરમાં નથી રહેતું, વાણીમાં નથી રહેતું, પુણ્ય-પાપના ભાવમાં જૈનશાસન નથી રહેતું. જૈનશાસન વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વર સો ઈન્દ્રથી પૂજનિક એવા અરિહંત ભગવાનનું શાસન ક્યાં રહે છે? એમની સલાહ, શિખામણ, જ્ઞાન આદિ શાસન ક્યાં રહે છે? પોતાનો આત્મા શરીર, કર્મથી રહિત અંદર નજર પડે છે અને પુણ્ય-પાપના વિકલ્પથી પણ ખસીને એકલા પવિત્ર સ્વરૂપ તરફ નજર પડતાં જે નિર્મળ દશા સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રનો અંશ વીતરાગી દશા સ્વદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય એને જૈનશાસન કહે છે. એ જૈનશાસન કહો કે જૈનધર્મ કહો કે મુક્તિનો ઉપાય કહો. ત્યાં એમ કહ્યું. પણ આવી દૃષ્ટિ જેને થઈ અને એની સાથે જ્ઞાન પણ સમ્યક્ થયું એ સમ્યક્જ્ઞાન શું જોવે છે એ વાત અહીંયા ચાલે છે. આહા..હા..!

તો કહે છે કે '**આત્મદ્રવ્ય નિશ્ચયનયે...**' આ નિશ્ચયનય એટલે સ્વઆશ્રિત એટલી અપેક્ષા છે. ત્રિકાળ શુદ્ધનિશ્ચયનય એ વાત અત્યારે નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સ્વઆશ્રયમાં પુણ્ય-પાપના જે ભાવ ઉઠે છે એ ભાવબંધ છે, એ ભાવબંધ છે તે પોતાથી છે. હું એકલો અનુસરું છું, અદ્વૈત હું એકલો ભાવબંધને અનુસરું છું, નિમિત્તની અપેક્ષા વિના નિરપેક્ષ ભાવબંધને અનુસરું છું. એમ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પોતામાં ભાવબંધ થોડો રહ્યો એ પોતાથી છે એમ જ્ઞાન કરે છે. બહુ પણ લખાણની પદ્ધતિ.. ક્યાં સમયસારની પદ્ધતિ અને ક્યાં આ. ઈ દૃષ્ટિપ્રધાન કથનમાં બધું ઊડાવી દીધું છે અને જ્ઞાનપ્રધાન કથનમાં અદ્વૈત પણ જ્ઞાનમાં છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ અને પર્યાયમાં અંશે અંશ જેટલી યોગ્યતા રહી એ પણ એના જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ એ તમારી હિન્દીમાં છે. શેઠી!

ભગવાન આત્મા સમ્યક્જ્ઞાની પોતાને કેવો જાણે છે? કે દૃષ્ટિની અપેક્ષાથી શુદ્ધ છે, પવિત્ર છે એવી નિર્મળ દૃષ્ટિ વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન ઉત્પન્ન થયા. પણ એ સમયે પણ જ્ઞાન એમ જાણે છે કે મારામાં જેટલી નબળાઈના વ્રત, નિયમ, તપનો જે વિકલ્પ રાગ ઉઠે છે એ રાગ મારામાં હું એકલો અનુસરનારો છું, કર્મનો ઉદય આવ્યો તો મારામાં રાગ થયો એમ મારામાં નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! સ્વઆશ્રયમાં એકલો આત્મા જ અનુસરે છે, પરાશ્રય કથન કરવામાં બંધક, મોચક ઈ છે. અહીંયા બંધક, મોચક આત્મા છે.

આહા..હા..! એની લીલા. એ આત્મદ્રવ્યની કેટલી શક્તિ અને કેટલા પ્રકાર સાંભળે નહિ, સમજે નહિ, વિચારે નહિ અને બહારથી માનો અને ધમાધમ. જો એને કહો કે ક્રિયાથી ધર્મ નથી, દયા, દાનથી ધર્મ નથી. આહા..હા..! ઝઘડા ઉઠાવે.

મુમુક્ષુ :— લાઠી લેતે હૈં.

ઉત્તર :— લાઠી લેકર... ભગવાન! થંભી જા, થંભી જા. તારી લાઠી કામ કરે નહિ. નેમિદાસભાઈ!

ભગવાન! તારી ચીજ તો સચ્ચિદાનંદ શુદ્ધ સિદ્ધ સમાન તારો આત્મા પડ્યો છે. એ સિદ્ધ થાય છે એ ક્યાંથી થાય છે? અરિહંત થયા એ ક્યાંથી થયા? અંતરમાં શક્તિઓ પડી છે, ગુણ પડ્યા છે એમાંથી પ્રાપ્ત કર્યું છે. કોઈ બાહ્યની ક્રિયા દયા, દાન, રાગાદિથી પ્રાપ્ત થતી નથી. ખબર નહિ, ખબર નહિ, શ્રદ્ધાની ખબર નહિ, જ્ઞાનની ખબર નહિ. કોની તરફ શ્રદ્ધા કરવી, શ્રદ્ધાનો શું પક્ષ લેવો અને સત્યનું શરણ શું છે, ખબર નથી. અને માને કે અમે સાચું શરણ લીધું છે. ધર્મનું શરણ લીધું અને અમને ધર્મ થયો. માને. ધણીને સૂઝે ઈ ઢાંકણીમાં, અમારે કાઠિયાવાડમાં કહે છે. ઢાંકણી હોય છેને કાળી, નહિ? હવે તો ક્યાં ઢાંકણી હોય. હવે તો વાસણ, વાસણ (થઈ ગયા). માટીના વાસણ હોયને માટીના કાવા. ... હોયને, એમાં એક માણસ કહે મારું મોઢું દેખાય, પણ કાળી માટીમાં મોઢું ન દેખાય. પાણી દેખાય, પણ ઈ બધું ખરું ન દેખાય. કાળા ધબ. સમજાણું કાંઈ? ધણીને દેખાય ઢાંકણીમાં એમ લોકો કહે છે. ઓલો કહે, મને સૂઝે છે, સૂઝે છે. શું ધૂળ સૂઝે છે તને? આત્મા શું... કોરી ઢાંકણી કહેવાયને? પાણીને ક્યાં ઢાંકણી કહેવાય? ... અંદર થયું. ઢાંકણી સમજો છો? એક માટીનું વાસણ હોય છે. પહેલા તો ઈ હતા. હવે તો તપેલા થઈ ગયા. શું કહે છે? કંકણ થતા હતા માટીના. એ તો કાળા મશ હોય એમાં મોઢું ક્યાં દેખાય? અજ્ઞાની કહે છે કે પણ મને સૂઝે છે. ધૂળમાં તને સૂઝે છે, તને ખબર નથી કાંઈ.

ભગવાન આત્મા નિશ્ચય એટલે પોતાનો આશ્રય કરનાર ભાવ એને નય નામ જાણનાર જ્ઞાનનો અંશ એ બંધ અને મોક્ષમાં મને વિકારનો બંધ અને મારું વિકારથી છૂટવું એ અદ્વૈતને અનુસરીને, હું જ ભાવબંધમાં રોકાઉં છું અને મારાથી જ ભાવબંધ છૂટે છે. પરની અપેક્ષા મારામાં ભાવબંધ કરવામાં અને ભાવબંધ છૂટવામાં નિશ્ચયનયથી નથી. એમ જ્ઞાનપર્યાય પોતાના ભાવબંધ અને ભાવમોક્ષને જાણે છે. ચંદુભાઈ! આહા..હા..! શુદ્ધનિશ્ચયથી બીજી વાત છે. અહીં તો પર્યાયાર્થિકની નિશ્ચયનયની વાત છે. પર્યાય પોતાની દશામાં ધર્મી જાણે છે કે મેં જેટલો શુદ્ધ સ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ કરી, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી દશા (પ્રગટ થઈ), એ વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે એમાંથી વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ કર્યા એટલી મારી શુદ્ધતા છે અને એ જ ખરેખર મારા મોક્ષમાં કારણ છે. પણ એની સાથે મને હજી રાગ છે, દયા, દાન, વ્રતાદિ વિકલ્પ ઉઠે છે એ હું જ રાગને અનુસરનારો છું. સમજાણું

કાંઈ? એ અદ્વૈત-એકલો આત્મા જ રાગને અનુસરે છે તો ભાવબંધ મારામાં મારે કારણે અદ્વૈતથી છે, પરથી નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

'**બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને...**' અદ્વૈત (એટલે) કર્મના નિમિત્તની અપેક્ષા એમાં નથી. હું જ એકલો આત્મા ભાવબંધમાં રોકાઉં છું અને ભાવબંધથી છૂટું છું. મારી અપેક્ષાથી હું એકલો. પરની અપેક્ષા, નિશ્ચયનયમાં પરની અપેક્ષા આવતી નથી. વ્યવહારનયમાં પરની અપેક્ષા આવી એ પણ એક યોગ્યતા ગણી અને નિશ્ચયનયમાં મારાથી બંધ અને મારાથી મુક્તિ થશે એવો ધર્મ મારામાં છે એમ જ્ઞાની પોતાથી જાણે છે. આ પાછા વ્યવહારને માને અને નિશ્ચયને માને તો એક સમયમાં બેય અપેક્ષાના ધર્મ લીધા. એક સમયમાં આવ્યા. એમાં વળી કોઈને કર્મને લઈને બંધન અને કોઈને ભાવને લઈને બંધન એવો તો ભેદ છે નહિ. કોઈ જીવને કર્મને લઈને બંધન અને કોઈ જીવને વિકારને લઈને બંધન એમ જીવમાં ભેદ નથી. સાધકજીવને કોઈક સમયે કર્મને લઈને બંધન, કોઈ સમયે પોતાની પર્યાયથી બંધન એમ પણ નથી. એક સમયમાં બે ધર્મ ગણવામાં આવ્યા. એક નિમિત્તની અપેક્ષા લઈને વ્યવહારનયથી પરાશ્રયથી બંધ, મોક્ષ કરનાર પર છે એવી અપેક્ષા લીધી. નિશ્ચયથી બંધ અને મોક્ષ કરનાર હું છું એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

'**એકલો...**' એકલો.. હવે દાખલો આપે છે. ઓલો પરમાણુનો આપ્યો હતોને, એવો ને એવો. '**એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત...**' દેખો! એક પરમાણુ છે એમાં ચીકાશ, લુખાશની પર્યાય થાય છે. તો પોતાથી યોગ્યતાથી બંધ થાય છે અને પોતાની યોગ્યતાથી એ છૂટી જાય છે. પરથી બંધન અને પરથી છૂટવું એ તો અપેક્ષા એ સમયે ગણી. અહીંયા તો પરમાણુ એક પોતાની ચીકાશ, લુખાશના બે (ગુણ) આદિ, ત્રણ આદિ, ચાર આદિ ચીકાશ, લુખાશ જે બંધનયોગ્ય હતી એ પોતાથી હતી અને પરથી છૂટ્યો તો પોતાથી છૂટ્યો છે. પરની અપેક્ષા એમાં નથી. '**એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક.**' એક પરમાણુ એક રજકણ પોંઈટ ચીકાશરૂપ અને લુખાશરૂપ એવી પર્યાયમાં બે, ત્રણ, ચારગુણની અધિક આદિ પોતામાં થાય છે એવા પરમાણુ પોતાથી બંધાય છે અને પોતાથી છૂટા પડે છે. બે, ત્રણ ચીકાશ હોય તો પોતાથી બંધન થયું. અને એ બે, ત્રણ છૂટી ગયા અને એક રહ્યો તો પોતાથી રહ્યો. પોતાથી બંધાયો અને પોતાથી છૂટ્યો એવા પરમાણુની માફક. એ પરમાણુનો દૃષ્ટાંત કહ્યો.

પહેલા (ધર્મમાં) પરમાણુમાં બીજો પરમાણુ બંધક અને મોચક હતો એટલી અપેક્ષા લઈને ગણ્યું. આ પરમાણુ પોતાની યોગ્યતાથી બંધાયો અને પોતાની યોગ્યતાથી છૂટ્યો એટલો નિશ્ચય સ્વઆશ્રિત ધર્મ ગણવામાં આવ્યો. સમજાણું કાંઈ? આ સમજવાની મહેનત કોણ કરે? આમ ને આમ મળી જાતું હોય, પાધરો મોક્ષ અને ધર્મ બીજી રીતે...

મુમુક્ષુ :— બતાવે છે.

ઉત્તર :— બતાવનારા આંધળા છે. 'અંધો અંધ પલાય' આંધળો ચાલે અને આંધળો દેખાડે. બેય પડશે ખાડામાં.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ આવા આત્માને, સાધકજીવનો ધર્મીનો આવો આત્મા છે એમ એને જણાય છે એમ ભગવાન કહે છે. આમ જણાતું નથી અને કહે છે કે અમને ધર્મ થયો. થયો અધર્મ. અનાદિ કાળથી શુભ-અશુભ ભાવ કરે છે, બંધ થશે અને ચાર ગતિમાં રખડશે. કોઈ પુણ્ય હોય તો સ્વર્ગ-બર્ગ ધૂળ મળે. પણ ત્યાંથી નીકળીને ચાર ગતિમાં ઢોર અને નિગોદમાં ચાલ્યો જશે. અનંતા ભવ નિગોદમાં કરશે. એક અંતર્મુહૂર્તમાં કેટલા ભવ કરે છે. અંતર્મુહૂર્તમાં શું, એક શ્વાસોશ્વાસમાં અઢાર ભવ (કરે). ઓહો..હો..! એકને હારી ગયા, હારી ગયા, હારી ગયા. વસ્તુ ચૈતન્ય શું છે, વસ્તુ સ્વભાવ શું છે, ભગવાન કઈ રીતે કહે છે એનું જ્ઞાન અને યથાર્થ પ્રતીતિ કરી નહિ અને ઊલટી રીત પકડી. અને એ રીતને કારણે ચાલ્યો જશે, કદાચિત્ થોડો પુણ્યબંધ થાય, પણ મિથ્યાત્વના મોટા પાપનું લાકડું તો સાથે છે. સ્વર્ગમાં જાશે, ત્યાંથી પટકાશે અને ચાર ગતિમાં રખડશે. સમજાણું કાંઈ?

'(**નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે,...**' દેખો! બેય અપેક્ષા. એક વ્યવહારની નિમિત્તની અપેક્ષા અને શુદ્ધ ઉપાદાન અને અશુદ્ધ ઉપાદાનની અપેક્ષા. '**આત્મા એકલો બદ્ધ...**' ભાવબદ્ધ હોં ભાવબદ્ધ. ઓહો..! અશુદ્ધ પુણ્ય-પાપના ભાવ એનાથી એકલો આત્મા પોતાથી બંધાય છે અને પોતાના ભાવબંધથી એકલો છૂટે છે. '**જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે...**' એટલે ચીકાશપણું '**રૂક્ષત્વગુણે...**' એટલે લુખાશ એવા ગુણરૂપ નામ પર્યાયરૂપ '**પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ.**)' આત્મા પોતાથી જ ભાવબંધ (કરે) છે એમ જ્ઞાની જાણે છે. જુઓ આ તકરાર અત્યારે કરે છે કે નહિ? સમ્યગ્દૃષ્ટિને પછી જે ભાવબંધ રહ્યો એ કર્મને કારણે થાય છે. સમજાણું કાંઈ?

રામચંદ્રજી જુઓ! લક્ષ્મણજીનું મડદું છ મહિના સુધી ઉપાડ્યું. સમકિતી છે, જ્ઞાની છે. રામચંદ્રજીને આત્મજ્ઞાન થયું હતું એમ કહે છે, ભગવાન કહે છે એવું. નાનો ભાઈ મરી ગયો. પ્રીતિ ઘણી તો છ મહિના સુધી મડદું ઉપાડ્યું. ચારિત્રમોહનો ઉદય આવ્યો તો એટલું થયું. ચારિત્રમોહ ટળી ગયો તો શાંતિ થઈ એમ કહે છે. એ તો વ્યવહારનયની અપેક્ષાનું કથન થયું. પણ એમાં સ્વઆશ્રયનું કથન શું? સમજાણું કાંઈ? ઈ વખતે પણ પોતાના જ્ઞાનમાં જાણે છે કે મારી પર્યાયમાં જે લક્ષ્મણજી પ્રત્યેનો રાગ છે એ મારા ભાવબંધથી છે, મારા ભાવબંધથી છે અને જ્યારે છૂટ્યો તો હું મારાથી છૂટ્યો છું, કર્મ છૂટ્યો એટલે હું છૂટ્યો એમ નથી. સમજાણું કાંઈ? રામચંદ્રજીમાં આવે છે.

શ્રીકૃષ્ણ અને બળદેવ. શ્રીકૃષ્ણને પણ છ મહિના સુધી બળદેવ માથે લે છે. ભાવબંધ

પણ પોતાની પર્યાયમાં છે એમ જ્ઞાન જાણે છે અને રાગ પણ પોતાને કારણે છે. એ રાગ પોતાને કારણે છૂટ્યો. સ્વભાવનો આશ્રય લીધો તો છૂટી ગયો. એમ પણ જ્ઞાની પોતામાં ભાવબંધ પણ જાણે છે, ભાવમોક્ષ પોતાથી છે એમ જાણે છે. આમાં તકરાર ક્યાં રહેશે? કોઈ કહે કે ના, જ્ઞાનીને નહિ. મિથ્યાદષ્ટિને કર્મના જોરથી થાય એમ નહિ. એને વળી .... વિકાર થાય કર્મના જોરથી. નહિ. આને સમકિતીને તો કર્મનું જોર છે. કઈ અપેક્ષા? એ તો સ્વભાવની રુચિ થઈ છે, વિકાર કરવાની રુચિ નથી એ અપેક્ષાથી ગણવામાં આવ્યું. પણ અસ્થિરતા છે એ તો પોતાની અપેક્ષાથી છે. રાગ અને દ્વેષના ભાવ જે અસ્થિરરૂપ પરિણમન છે એ જ્ઞાની અંશે અંશને જાણે છે કે એ મારાથી છે. નિમિત્તની અપેક્ષા ગણી એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું. આ તો યથાર્થ એનો ભાવ છે. મારાથી હું રોકાયો છું. કર્મથી નહિ, સ્ત્રી, કુટુંબથી નહિ, કોઈથી નહિ. હું છૂટ્યો પણ મારાથી દ્રવ્યદષ્ટિ કરીને, દ્રવ્યથી અને પર્યાયમાં વિકાર છે એ પણ મારાથી, અને પર્યાયથી છૂટી જાઉં, વિકારથી છૂટીશ એ પણ મારે કારણે. પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? આ તો કહે, કર્મબંધન આવ્યા, ઉદય આવ્યો, વિકાર થાય છે, ભાઈ! તો કર્મ ટાળવા માટે કરો અપવાસ. વળી કહે કે કર્મને લઈને વિકાર થાય અને વળી કર્મ ટાળવા માટે કરો અપવાસ, તો કર્મફળથી વિકાર ન થાય. ધૂળેય (ન થાય). ધૂળમાં કાંઈ માલ, એક્કેય વસ્તુમાં માલ ન મળે કાંઈ. કર્મ ક્યાં ટાળી શકે છે તું? કર્મ તો જડ ચીજ છે. ઈ અપેક્ષા અહીંયા નથી લીધી. અહીંયા તો છૂટે છે, બંધાય છે એને કારણે એની નિમિત્તની અપેક્ષા લઈને યોગ્યતા ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે આ ૪૭ ધર્મ તો એક સમયમાં છે. સમજાવવામાં ક્રમ પડ્યો છે. ક્રમથી સમજાવે છે કે ભાઈ! તારી વસ્તુને જો. ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ છે, આનંદ છે, અતીન્દ્રિય આનંદનો ભંડાર છે અને જ્યારે તારી દષ્ટિ એમાં પડી તો તને શાંતિ અને ધર્મપર્યાય પ્રગટ થઈ. તે જ કાળે તને જે સમ્યક્જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાન એક એક અંશ વિકાર પણ પોતામાં પોતાથી છે અને વિકાર પોતાથી છૂટે છે એમ એ જ્ઞાન જાણે છે. સમજાય છે કાંઈ?

સમયસારમાં બંધ અધિકારમાં ચાલ્યું હતું કે સમ્યગ્દષ્ટિને અંતરંગની અપેક્ષાથી લઈએ તો એ બંધથી રહિત છે. એમ લીધું. મુનિ તો બંધથી રહિત છે એ બાહ્ય અપેક્ષાથી લીધું હતું. અને ગૃહસ્થ સમકિતીને સમિતિ, ગુપ્તિ આદિનો શુભભાવ નથી એ અપેક્ષાથી એને બંધ થોડો ગણ્યો હતો. અંતર અભિપ્રાયની દષ્ટિથી લઈએ તો ભગવાન આત્મા એકલો ચૈતન્યકંદ નિર્મળાનંદ પ્રભુ છે એવો અનુભવ થયો, સમ્યગ્દષ્ટિને અભ્યંતરની અપેક્ષાથી બંધ છે જ નહિ. ... લીધું હતુંને, બંધ અધિકાર. સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં લખાણ સમયસારના. કઈ અપેક્ષાથી કથન છે, શાસ્ત્રનું હાર્દ શું છે હાર્દ? એ ઠેકાણે કઈ અપેક્ષા કહેવામાં આવે છે? શું વસ્તુ છે? અભ્યાસ નહિ અને માથે જે કહે એમ હા, હા, ચાલો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગુરુગમ કરવાવાળો કોણ? સમજાણું કાંઈ? તમે કર્યું એમાં નિમિત્તની અપેક્ષા લઈને એવો ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! બેય ધર્મ એક સમયમાં હોં! આ ૪૪ અને ૪૫. બેય યોગ્યતા એક જ સમયમાં છે. બીજા જીવને નહિ અને એ જીવને બે કાળે નહિ. કોઈ જીવને નહિ અને એ જીવને બે કાળે એટલે જુદે જુદે કાળે નહિ. એક જ કાળમાં ભગવાન આત્માનું ભાન થયું કે ચૈતન્ય (છું), તો કર્મના બંધન, મુક્તિની અપેક્ષાથી નિમિત્ત યોગ્યતા ગણવામાં આવી અને પોતાથી બંધ, મુક્તિ થાય છે એવો એક ધર્મ ગણવામાં આવ્યો. એક સમયમાં બેયને જ્ઞાની જાણે છે. નેમિદાસભાઈ! એ ૪૫ થઈ.

હવે સ્પષ્ટ લ્યે છે વાત. એને બંધમાં ... કરીને વાત કરી. હવે તે જ '**આત્મદ્રવ્ય...**' ૪૬. તે જ આત્મદ્રવ્ય, જે માથે કહ્યું એ જ આત્મા જે અત્યાર સુધી કહેવામાં આવ્યો, સિદ્ધ આત્મા છે એનું ભાન થયું એ પોતાની પર્યાયમાં શું છે ઈ જાણે છે. '**અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક,...**' શું કહે છે? એક માટી છે માટી, ધૂળ. એના ઘટ અને રામપાત્ર જુદા જુદા વાસણ થયા. જુદા જુદા, જુદા જુદા. '**સોપાધિસ્વભાવવાળું છે.**' જેમ માટીમાં એ રામપાત્ર અને ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન દશા થઈ એ ઉપાધિવાળી છે. એમ આત્મામાં અશુદ્ધનયથી જુઓ તો ઉપાધિભાવવાળો આત્મા છે, સમ્યગ્દષ્ટિનો. સમજાણું કાંઈ? એકલી અશુદ્ધતા હોય, એકલી અશુદ્ધતા. પુણ્ય અને પાપની એક અશુદ્ધતા એ જ હું આત્મા છું, એ તો મિથ્યાદષ્ટિ માનવાવાળો છે. શું કહે છે? મારી પર્યાયમાં અશુદ્ધતા, મલિનતા, પુણ્ય પાપ આદિ, ક્રોધ, માન, માયા, લોભ આદિ (થાય છે) તો એકલી અશુદ્ધતા જોનાર, એ અંશ દષ્ટિથી જોનાર તો મિથ્યાદષ્ટિ છે. એની વાત અહીંયા નથી.

અને જેને કેવળજ્ઞાનીને પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ, અરિહંતને પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ થઈ ગઈ એની અહીંયા વાત નથી. અહીંયા તો કંઈક શુદ્ધતા પ્રગટ છે અને કંઈક અશુદ્ધતા છે. એવા ધર્મીજીવનો ધર્મ શું, યોગ્યતા શું ઈ કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? આ આત્મદ્રવ્ય, વળી અશુદ્ધ.. આહા..હા..! પ્રભુ! એ પર્યાયમાં અવસ્થામાં જરી મલિનતા છે, શુભાશુભ ભાવ છે, દયા, દાન, વ્રતના ભાવ છે એ અશુદ્ધ છે. એ અશુદ્ધ છે, મલિન છે, ઉપાધિ છે. એમ ધર્મી પોતાના દ્રવ્યને શુદ્ધ જાણે છે, વસ્તુ તો શુદ્ધ જ્ઞાયકમૂર્તિ (જાણે છે), પર્યાયમાં કેટલીક શુદ્ધતા પ્રગટ થઈ છે, સમ્યગ્દર્શન, જ્ઞાન અરાગી પરિણતિ કેટલીક શુદ્ધતા પ્રગટ થઈ છે. એની સાથે થોડી અશુદ્ધતા બાકી રહી છે. સમજાણું કાંઈ? તો અશુદ્ધતા અશુદ્ધનયથી જુઓ તો મારામાં અશુદ્ધતા થવાનો ધર્મ નામ યોગ્યતા છે. મારા કારણે છે, કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? પણ એ કોણ જાણે છે અશુદ્ધનયથી મારામાં ઉપાધિ છે ઈ? કે મારો સ્વભાવ નિરુપાધિ ત્રિકાળ છે અને નિરુપાધિ પર્યાય અંશે પ્રગટ થઈ છે,

એ ઉપાધિ મારામાં મારે કારણે છે એમ જાણે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન, આનંદ શુદ્ધ શક્તિથી ભરેલો છે એનું ભાન નથી અને એકલા પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપ ને જપ જે રાગ છે એ રાગમાં જેની દૃષ્ટિ છે અને રાગમાં જેનું સર્વસ્વ અર્પણ છે કે હું આ જ આત્મા છું, એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ અધર્મી જીવ છે. એની વાત અહીંયા નથી. અને જેને પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ અરિહંત પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં જેની પર્યાય સિદ્ધને પૂર્ણ શુદ્ધ થઈ ગઈ. સિદ્ધ ભગવાન પૂર્ણ અશરીરી થઈ ગયા. એની પર્યાયમાં, દશામાં પૂર્ણ શુદ્ધતા થઈ. એની અહીંયા વાત નથી.

સાધકજીવને ધર્મીને, ધર્મી એવો આત્મા, એવા આત્માની દૃષ્ટિ જેને પર્યાયમાં થઈ. પર્યાયમાં દૃષ્ટિ છેને? દૃષ્ટિ તો પર્યાય છે. એ પર્યાયથી આત્મા શુદ્ધ ત્રિકાળ છે એવો અનુભવ થયો. ધર્મીને સમ્યગ્દૃષ્ટિને, પહેલા ધર્મની પ્રથમ દરજ્જાના જીવને. એવી વસ્તુના સ્થાનમાં જેટલી દૃષ્ટિ નિર્મળ થઈ એ તો શુદ્ધ, જેટલું જ્ઞાન શુદ્ધ થયું સ્વસંવેદન એ શુદ્ધ. જેટલો સ્વાશ્રાય રાગ રહિત પરિણતિ, પર્યાય થઈ એ તો શુદ્ધ. પણ એ જ કાળે હજી અશુદ્ધતા બાકી છે, કર્મના ઉદયને કારણે નહિ. એ તો નિમિત્તની અપેક્ષા બંધ, મોક્ષમાં લીધી હતી. અશુદ્ધતામાં નિમિત્તની અપેક્ષાથી એ વાત અહીંયા લીધી જ નથી. સમજાણું કાંઈ? અહીંયા તો પર્યાય એક સમયમાં સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનથી ઉપાધિભાવ ન હોય તો હું પૂર્ણ નિરુપાધિ થઈ જાઉં. નિરુપાધિ થઈ જાય તો કેવળજ્ઞાન થઈ જાય. પણ ઉપાધિ છે અને નિરુપાધિ, બેય એક સમયમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'આત્મદ્રવ્ય...'** અશુદ્ધનિશ્ચયનયે પોતાની પર્યાયમાં જોવે તો **'ઘટ અને રામપાત્રથી...'** શકોરુ. એ વિશિષ્ટ માટી, એ ખાસ માટીની પર્યાયો થાય છે એને પેઠે. માટીમાં એ બધા પર્યાયો ઉપાધિરૂપ ગણ્યા છે અહીંયા. એકરૂપતા નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ છે એવી દૃષ્ટિ, અનુભવ થયા તોપણ પર્યાયમાં હજી પૂર્ણતા પ્રગટ નથી તો મલિનતા છે, એ મલિનતા અશુદ્ધનિશ્ચય નય નામ જ્ઞાનનો અંશ, નિશ્ચય નામ સ્વમાં છે, મલિન છે માટે અશુદ્ધ. અશુદ્ધનિશ્ચયનય... એને જાણે છે કે મારામાં મલિનતા મારે કારણે છે. સમજાણું કાંઈ? એમ.એ.ની ચોપડી ગમે એ લીપીમાં ગુજરાતીમાં કરે તોપણ ગુજરાતીવાળો હોય એને ભાષા ગુજરાતી થાય પણ ભાવ સમજી શકે? એને માટે એટલી તો તૈયારી જોઈએને. કોઈ તો અંગ્રેજીનું ગુજરાતી કરી નાખે. પણ ગુજરાતી કરે તો ગુજરાતીના અક્ષર વાંચે. પણ એમાં ભાવ ક્યા છે એ પકડી શકે નહિ. એમ આત્માને સમજવા માટેની યોગ્યતાનો ભાવપર્યાય હોવો જોઈએ. સમજાય છે કાંઈ?

અરે..! આત્માને કેળવવો છેને! શુદ્ધતામાં કેળવીને એને પૂર્ણ શુદ્ધતામાં પહોંચાડવો છે. એવો આત્મા, ધર્મીની દૃષ્ટિ પુણ્ય-પાપ, નિમિત્ત, અલ્પજ્ઞ ઉપર નથી. દૃષ્ટિ તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ

ધ્રુવ ઉપર પરિણમન છે. અંતર્મુખ થઈને પરિણમન થયું. એટલું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર શુદ્ધતાને પ્રાપ્ત થયો. એ પછી કહેશે. પહેલા અશુદ્ધતા કહે છે. મારી પર્યાયમાં મલિન ભાવ, ઉદયભાવ, વિકારનો ઉદયભાવ હોં! વિકારનો ઉદયભાવ. કર્મનો કર્મમાં. વળી એ કોઈ કહેતું હતું. કર્મનો ઉદય જ એને કહીએ ભાઈ! આવ્યું છેને? ઓલામાં લખ્યું છે. એને જ કહીએ કે, ઉદય એને જ કહીએ કે ઉદય હોય એ પ્રમાણે વિકાર કરે એને ઉદય કહીએ. અરે..! ભગવાન! ક્યાં શું પણ આ નવીન ક્યાંથી કાઢ્યું આવું?

અહીં તો કહે છે કે તારી પર્યાયમાં... અહીં તો નિમિત્તની વાતેય લીધી નથી. નિમિત્તની વાત લીધી હતી એ બીજી વાત હતી. એ તો આત્માને ભાવબંધ છે એમાં નિમિત્તની અપેક્ષા છે અને નિમિત્ત છે અને ભાવ પણ પોતાથી છૂટે છે. નિમિત્ત છૂટવાની અપેક્ષાએ ધર્મ ગણ્યો. એક ભાવબંધ છૂટવાની અપેક્ષાએ નિશ્ચય ગણ્યું. સમજાણું કાંઈ? દ્રવ્યબંધ થયો તો એ નિમિત્ત એની અપેક્ષાએ. ભાવબંધ તો પોતાથી થયો એ નિશ્ચય. નિમિત્ત બંધાણું એની અપેક્ષાએ વ્યવહાર. પોતે બંધાયો એ નિશ્ચય. એટલી અપેક્ષાથી પોતામાં એકસાથે ગણ્યા.

અહીંયા તો કહે છે કે તારી મલિન દશા... કેટલાક કહે છે કે સમ્યગ્દષ્ટિને શુભભાવ નિર્જરાનો હેતુ છે. ભોગીભાઈ! સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ ગણવામાં આવ્યો. તો શુભભાવ તો નિર્જરા હેતુ છે એમ કહે છે. ખોટી વાત છે. એમ નથી. સમ્યગ્દષ્ટિના પાપભાવ પણ બંધનું કારણ છે અને શુભભાવ દયા, દાન, વ્રતના ભાવ ઉઠે એ પણ બંધનું કારણ છે. જુઓ, આ દેખાય. શું દેખાય છે? બંધમાં પણ આવ્યું. ભાવબંધમાં અટકવાવાળો હું એકલો આત્મા અનુસરું છું અને અશુદ્ધતા મારામાં છે એમ નય જોવે છે. સમજાણું કાંઈ? કહો, જયકુમારજી! કોઈ તર્ક છે કે નહિ આ વાતમાં? પણ કેટલા? અરે..! ભગવાન! હા તો પાડ. પણ ઓલા શલ્ય પડ્યા છેને શલ્ય. એને સખ આવવા દે નહિ. કંઈક કર્મ કરાવતું હશે, કંઈક કર્મ મને કરાવતું હશે. ધૂળ કરાવતું નથી. તારી અપરાધી દશા તને હેરાન કરે છે. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી...' કર્મ તો જડ માટી ધૂળ છે. અજીવતત્ત્વ છે, શું તારા જીવમાં ઘુસી જાય છે? શું જીવનો એ સ્વામી છે કે એ કર્મ જીવને અપરાધ કરાવે? ખબર ન મળે. મિથ્યાશ્રદ્ધામાં પડેલા ...

તો કહે છે, '**સોપાધિસ્વભાવવાળું છે.**' ભાષા દેખો! અશુદ્ધનિશ્ચયનયે જોઈએ તો પોતાની પર્યાયમાં વિકારની ઉપાધિ એવો સ્વનો સ્વભાવ છે. પોતાના સ્વભાવથી વિકારી ભાવ છે. સમજાણું કાંઈ? અને એ જ સમયે અશુદ્ધતાને પણ જાણે છે અને એ જ સમયે શુદ્ધતાને પણ જાણે છે. કેમકે ધર્મ તો પ્રગટ થયો છે. એ નયમાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૭, રવિવાર, તા. ૪.૧૧.૧૯૬૨**
**નય-૪૭ તથા ૧૦ થી ૧૪, પ્રવચન-૪૦**

આ પ્રવચનસાર, એમાં નય અધિકાર ચાલે છે. ૪૭ નય. આજ ૪૭મી છેલ્લી છે. પછી હજી બાકી રહી ગયો છે શ્લોક. શું કહે છે? આ આત્મદ્રવ્ય છે, આત્મદ્રવ્ય પદાર્થ. એમાં એટલા અનંત ધર્મ છે. એમાં ૪૭ તો કહેવામાં આવ્યા. આવા ધર્મ-યોગ્યતા જાણીને પોતામાં એવી ગુણ પર્યાયમાં યોગ્યતા છે એમ જાણીને પછી શુદ્ધ ચૈતન્યદ્રવ્ય.... કેમકે આવું દ્રવ્ય છે એવું સમ્યક્જ્ઞાન થાય તો અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ થવાથી આત્માનો અનુભવ અને આત્માનો ધર્મ થાય છે. સમજાણું કાંઈ? ૪૭ ધર્મ એમાં છે. એમ જાણીને, આવો અશુદ્ધ છે પોતાની પર્યાયમાં એવી પણ મારી યોગ્યતા છે, શુદ્ધ પણ દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાની શુદ્ધતા પ્રગટ થઈ છે એ પણ મારો ધર્મ છે. આવું રાગરૂપ પરિણમન કરે છે કર્તૃત્વરૂપ એ પણ મારી પર્યાયમાં છે, રાગને જાણનાર પણ હું છું એવા અનેક ધર્મને, એક એકને જાણીને અથવા સમૂહને જાણીને આવું યથાર્થ જ્ઞાન થયું છે, દૃષ્ટિ ચૈતન્યદ્રવ્ય ઉપર જઈને પોતાના શુદ્ધ આત્માનો અનુભવ થાય તેને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? શુભભાવમાં ધર્મ નથી એમ આવ્યું એમાં. એઈ..! શુભભાવ છે ખરો એમાં. એ તો આવ્યું અશુદ્ધમાં આવ્યુંને?

'**આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક,...**' જેમ માટી ખાસ ઘટ અને રામપાત્રરૂપે થવાવાળી દશા એને અહીંયા માટીની ઉપાધિરૂપ ગણવામાં આવી છે. એ '**સોપાધિસ્વભાવવાળું છે.**' એમ આત્મા પોતાની પર્યાયમાં વિકારની ઉપાધિ છે એવું જ્ઞાન એને વિષય કરે છે અને જાણે છે. એમ જાણીને અંતર શુદ્ધ દ્રવ્ય ચૈતન્યમૂર્તિ આનંદ ધ્રુવ છે તેના ઉપર લક્ષ કરીને એકાગ્ર થવું એનું નામ આત્મધર્મ ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? બહારની વાત નથી અહીંયા, બહારથી કોઈ ગણતરી કરી નથી. બહારમાં પોતાની સત્તા જ નથીને. પોતાની સત્તા જેટલામાં છે એટલામાં શું શું પોતાની યોગ્યતાનો ધર્મ છે એને જાણીને, એમાંથી એક પણ ધર્મ પોતામાં નથી એમ કાઢી નાખે તો જ્ઞાન ખોટું થાય છે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાનો જેટલો વિષય છે એટલો જ્ઞાનમાં ન આવે તો જ્ઞાન સમ્યક્ નથી થતું, તો દૃષ્ટિ પણ સમ્યક્ થતી નથી. એમ જ્ઞાનમાં જાણીને,.. અહીંયા તો સાધકની વાત કરી છે. એક ધર્મ અસ્તિ ધર્મ છે, તે જ સમયે મારામાં શુદ્ધ ધર્મ પણ છે. એક સમયમાં બેય વિરુદ્ધ ધર્મને પોતાનું જ્ઞાન વિષય કરીને જાણે છે કે છે. પછી અંતર્મુખ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા એમાં ઢળવાથી એકાગ્ર થાય છે તેનું નામ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? અશુદ્ધનય કહી તે જ સમયે તે જ આત્મદ્રવ્ય, બીજું નહિ. દ્રવ્ય તો તેનું તે અને સમય પણ તે જ. કહેવામાં ક્રમ પડે છે.

૪૭. તે જ **'આત્મદ્રવ્ય શુદ્ધનયે,...'** શુદ્ધનયથી જુઓ તો **'કેવળ માટીમાત્રની માફક,...'** એકલી માટી જેમ જોવામાં આવે એમ ભગવાન આત્મા ઉપાધિથી રહિત **'નિરુપાધિસ્વભાવવાળું છે.'** એમ જોવામાં આવે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં એકલો નિરુપાધિ, પરની ભેળસેળ નહિ. આ ઉપાધિ છે ઈ નહિ. સમજાણું કાંઈ? **'શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક નિરુપાધિસ્વભાવવાળું છે.'** દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય પણ ઉપાધિ વિનાની તે જ સમયે હોં, જે સમયે ઉપાધિ દેખાય છે તે જ સમયે નિરુપાધિ જાણે છે. સાધકની વાત છેને અહીંયા. પ્રગટ ને બધું. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે શુદ્ધ સ્વભાવ એવો પોતાનો ધર્મ છે એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણો પડે જ્ઞાનનો અધિકાર. લોકોને આ બહારથી બધું મનાવી દીધું છેને. રોકાઈ ગયા, લોકો ચાલ્યા એમ ને એમ અનાદિથી.

અહો..! આત્મદેવ મહાન. આ મનુષ્યદેહમાં આવી ચીજ સામગ્રી યોગ્ય આદિ અનુકૂળતા મળી એમાં પોતાની વસ્તુ શું છે એની ખબર, શ્રદ્ધા, જ્ઞાન કરે નહિ અને એને લાભ થાય એમ કદી બને નહિ. સમજાણું કાંઈ? એક બાજુ એમ કહેવું કે આત્માની પર્યાયમાં વિકાર થાય છે એ સ્વભાવમાં નથી. શેઠી! પણ પર્યાયમાં છે એમ જ્ઞાનમાં જાણવું જોઈએ. સાધકને, જ્ઞાનીને પણ રાગ મારામાં છે એટલી મલિનતાનો અંશ એ જાણે છે કે છે. નહિતર પૂર્ણ નિર્મળતાનો અનુભવ હોવો જોઈએ. તો પૂર્ણ નિર્મળ તો છે નહિ. તો પર્યાયમાં એમ માને છે અને સ્વભાવની દૃષ્ટિમાં વિભાવનો તો મારામાં અભાવ છે એમ પણ જાણે છે. સમજાણું કાંઈ? ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં વિભાવ છે જ નહિ અને જેટલો નિશ્ચય (ધર્મ) સ્વભાવના આશ્રયે પ્રગટ થયો એમાં પણ વિભાવ નથી. જ્ઞાયકમૂર્તિ પૂર્ણ સ્વરૂપ એમાં દૃષ્ટિ કરીને જેટલી નિર્મળતા પ્રગટ થઈ એટલો વિભાવનો અભાવ છે. એવા બેય ધર્મ જાણીને, એક સમયમાં બેય ધર્મ છે. અશુદ્ધતા પણ મારામાં અને શુદ્ધતામાં પણ મારામાં, એક સમયમાં. આવ્યું છેને તમારું? નહિ? શું કહેવાય? નય પ્રજ્ઞાપન.

**'શુદ્ધનયે, કેવળ માટીમાત્ર...'** એકલી માટી એની પેઠે, એની માફક. પેઠે તમારે હિન્દીમાં નથી. **'કેવળ માટીમાત્રની માફક,...'** એકલો આત્મા શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ.. એમાં ઉપાધિનો અભાવ છે એવો પણ પોતામાં ધર્મ છે એમ જાણે છે. **'નિરુપાધિસ્વભાવવાળું છે.'** ઓલામાં પણ સોપાધિસ્વભાવવાળું છે એમ કહ્યું હતું. ઉપાધિ પણ પોતાની પર્યાયનો સ્વભાવ અને નિરુપાધિ પણ પોતાની પર્યાયનો સ્વભાવ. દ્રવ્ય-ગુણ પણ સ્વભાવ. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ બધું જાણીને પોતાનું જ્ઞાન યથાર્થ થયું તો એ જ્ઞાનમાં વિષય જાણવામાં આવ્યો. એ દ્રવ્ય તરફ ઝુકાવ(વાળી) દૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યધાતુનું લક્ષ કરીને એકાગ્રતા થવી એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વૃદ્ધિ થાય છે. કહો, સમજાણું કાંઈ?

હવે પહેલી મૂકી દીધી હતી આપણે. નવ નય થઈ. (હવે) ૧૦મી નય. ૧૬મી નય વચમાં મૂકી દીધી હતી. શેઠિયા આવ્યા હતાને માટે. નવમી નય પછી દશમી નય. નયનો

અર્થ જ્ઞાનનો એક અંશ પોતામાં જે ધર્મ છે, યોગ્યતા છે તેને વિષય કરનાર જ્ઞાનને નય કહે છે. કહો, સમજાણું કાંઈ? ૩૨૯ પાનું છે. નથી એમાં? શું છે? પાનું નથી? દ્યો ભઈ બીજું દ્યો. હિન્દી છેને હિન્દી. હિન્દી છે કે ગુજરાતી? હિન્દી નથી હિન્દી? જુઓ, નવ નય તો પહેલા ચાલી ગઈ છે, એમાં ચાર નય ચાલી હતી. પાંચ છોડી દીધી હતી. કારણ કે એનો એ વિષય હતો એટલે પાંચ છોડી દીધી હતી. હવે દશમી નય.

તે જ '**આત્મદ્રવ્ય...**' આ જેટલા ધર્મ કહે છે તે આત્મદ્રવ્ય '**વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક,...**' એક જ પુરુષ બાળક, યુવાન, વૃદ્ધ એવા એક પુરુષમાં ત્રણ ભેદ દેખાય છે એની માફક આત્મા સવિકલ્પ છે અર્થાત્ ભેદ સહિત દેખાય છે. જ્ઞાન, દર્શન, આનંદ એવા ગુણસ્વરૂપ દેખાય છે. સમજાણું કાંઈ? '**(અર્થાત્ આત્મા ભેદનયે, ભેદસહિત છે, જેમ એક પુરુષ, બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).**' ભેદનયથી જુઓ તો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ ગુણના ભેદસહિત દેખાય છે. જેમ એક જ પુરુષ ત્રણ ભેદસહિત દેખાય છે. બાળક, યુવાન, વૃદ્ધ એ કાળભેદની અપેક્ષાથી વાત લીધી. અહીં તો એક સમયમાં ત્રણ સાથે લેવા છે. સમજાણું કાંઈ? એક પુરુષમાં તો ભેદ આમ લીધા. બાળક, યુવાન અને વૃદ્ધ એ તો કાળભેદે. અહીં તો એક સમયમાં એ ધર્મ છે. સવિકલ્પ ધર્મ પણ એક સમયમાં અને નિર્વિકલ્પ ધર્મ પણ એક સમયમાં. સવિકલ્પ ધર્મ પણ એક સમયમાં છે.

પોતાનો આત્મા એ સવિકલ્પનયથી જોવે તો જ્ઞાન, દર્શન, આનંદ ભેદરૂપ, પર્યાયરૂપ, અંશરૂપ, ભેદરૂપ દેખાય છે. એનો ભેદરૂપ પણ પોતાનો પર્યાય અને ગુણનો ધર્મ છે. સમજાણું કાંઈ? એકલો અભેદ જ છે એમ નથી. ભેદ પણ એનો ધર્મ છે. એક પુરુષ બાળક, યુવાન અને વૃદ્ધની માફક. સમજાય છે કાંઈ? '**ભેદનયે ભેદ સહિત છે,...**' આહા..હા..! એ જ આત્મા ભેદ સહિત અને એ જ આત્મા અભેદ સહિત, આવું વિરુદ્ધ શું? વિરુદ્ધ બેય એનામાં ધર્મ છે. ૪૭ શક્તિમાં આવી હતી. એનામાં વિરુદ્ધશક્તિ એક ગુણ છે. વિરુદ્ધશક્તિ છે. તત્ અતત્ બેય એક સમયમાં રહે છે. એવી વિરુદ્ધ નામની એક ગુણ નામ શક્તિ આત્મામાં છે.

એમ એક સેકંડના અસંખ્યભાગમાં આત્મા... એક સમયની અહીંયા વાત છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ, પ્રમેયત્વ વગેરે એવા અનંત અનંત ગુણથી ભેદરૂપ એક ભેદનયથી, સવિકલ્પનયથી દેખાય છે. સવિકલ્પ નામ ભેદનય. ભેદનયથી ભેદ પણ આત્મામાં દેખાય છે. પણ એ જોઈને, એટલું કબુલ કરીને શુદ્ધ ચૈતન્ય અંદર છે એના ઉપર દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન પ્રગટ થવાનો ઉપાય છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. પણ સમ્યગ્દર્શન કઈ રીતે થાય એ વાત પણ સાથે આવે છે. પ્રેમચંદભાઈ! સમજાય છે કાંઈ?

ભેદ જોઈને અંતર શુદ્ધ ચૈતન્ય (ઉપર દૃષ્ટિ કરવાની છે). ભેદ છે એવું જ્ઞાન તો યથાર્થ

કરવું. છે, એક સમયમાં જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણરૂપ ભેદ છે. પર્યાય અંશરૂપ પણ ભેદ છે. છે એવું જ્ઞાન કરીને પોતાનો દ્રવ્યસ્વભાવ ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમૂર્તિ ઉપર દૃષ્ટિ કરવાથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. શુદ્ધિ ઉત્પન્ન થઈ છે એનાથી પણ શુદ્ધિની વૃદ્ધિ (થાય છે). આવો ધર્મ જાણીને શુદ્ધ ચૈતન્ય ઉપર એકાકાર થાય તો શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત પણ આમાં. કંઈ એક તો પકડાય નહિ. નય શું? ને નયનો વિષય શું? શું કહે છે? માંડ કો'ક દિ' આવ્યા હોય. એમાં આ ઝીણું.. ઝીણું.. ઝીણું. મનહર! માંડ કો'ક દિ' આવ્યા હોય કે વેપાર મૂકો, ચાલો ત્યાં જાઓ જાઓ. ચાલો ભાઈ જઈએ એકાદ દિ', એમાં આવું આવે. એક નય આવી છે અને એ નયે ધર્મ આવો છે. આમ તો વરસ બેસતું હોય તો આવવું તો હોય અને બેય રીતે... કહો, સમજાણું કાંઈ?

આત્મદ્રવ્ય, ભગવાન આત્મા કોને યથાર્થ ખ્યાલમાં આવે છે? કે જેટલી એનામાં ધર્મની યોગ્યતા છે એ બધાને એક એક ધર્મને એક એક નય જોવે છે, આખું શ્રુતજ્ઞાનપ્રમાણ બધા ધર્મને જોવે છે. પણ જોઈને પણ, માનીને પણ, યથાર્થ વિષય કરીને પણ શુદ્ધ ચૈતન્યમાં અંદર દૃષ્ટિ કરવી ભગવાન જ્ઞાયકમાં, પણ એ બધું કબુલ કરીને. આવી કબુલાત કર્યા વિના આત્મા એકલો દ્રવ્ય શુદ્ધ છે, આવું શુદ્ધ છે, આવું શુદ્ધ છે (એમ માને) તો આખું દ્રવ્ય વસ્તુ શું છે એ એના ખ્યાલમાં આવી નહિ. અને એ ખ્યાલમાં આવ્યા વિના જ્ઞાન ખોટું છે તો દૃષ્ટિ પણ અંતરમાં વળી શકતી નથી. સમજાય છે કાંઈ? આવા ધર્મ માનીને પછી એ દૃષ્ટિ અંતર્મુખ (થાય). કેમકે જ્ઞાન સાચું હોય તો દૃષ્ટિ સત્ય ઉપર, ત્રિકાળ સત્ય ઉપર ઝુકે છે તો શુદ્ધિની વૃદ્ધિ થાય છે. શુદ્ધિની નામ જે ધર્મ પ્રગટ થયો છે, અવિકારી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ (કરવાથી), શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ દેવાથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આવા કારણે અંદર ધર્મની શુદ્ધિ (અર્થાત્) ચારિત્ર આદિ પ્રાપ્ત થાય છે. પણ આટલા બધા ધર્મ કબુલ કર્યા પછી દૃષ્ટિ લગાવે તો. આવા ધર્મની ખબર નથી અને (કહે કે) જાઓ તદ્દન શુદ્ધ છે આત્મા, કાં એકલો અશુદ્ધ જ છે, કાં એકલો એકરૂપ જ છે, કાં એકલો ભેદરૂપ જ છે. (યથાર્થ) જાણ્યા વિના જ્ઞાન, એની દૃષ્ટિ પૂર્ણ ચૈતન્ય ઉપર ઝુકી શકતી નથી. સમજાય છે કાંઈ? ઝીણું છે નંદલાલભાઈ! બહુ ઝીણું પણ આ. વાંચ્યું તો હશે આ, નહિ? નય પ્રજ્ઞાપન છે. આવ્યું છેને ત્યાં? નય પ્રજ્ઞાપન. કોઈને ત્યાં છે. બે વાર પૂછ્યું. કાચું લાગે છે અહીં. પણ ત્યાંથી વાંચ્યું છે કે નહિ? કહો, સમજાણું કાંઈ?

એક પુરુષ જેમ ત્રણ રૂપે દેખાય છે, એમ એક આત્મા અનંત ગુણ અને પર્યાયરૂપ દેખાય છે એવો પણ એનો એક ધર્મ છે. સમજાણું કાંઈ? એ ૧૦મો ધર્મ કહ્યો.૧૧મો.

તે જ **'આત્મદ્રવ્ય...'** તે જ કાળે, તે જ સમયે. જે સમયે ભેદરૂપ દેખાય છે તે જ સમયે. સમય તો એ જ છે, કાળ તો એ જ છે, જીવદ્રવ્ય પણ એ જ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે **'આત્મદ્રવ્ય અવિકલ્પનયે,...'** જુઓ! આમાં ખુલાસો (શું કામ કરે

છે)? કે કોઈ વેદાંત આદિ તદ્દન અદ્વૈત કહે છે, તદ્દન શુદ્ધ કહે છે, પર્યાયમાં પણ અશુદ્ધતા નથી અથવા ગુણભેદ નથી કે આત્મા એકલો અદ્વૈત છે. બધામાં વિરોધ છે. દ્રવ્ય એવું નથી. કોઈ કહે કે એકલી પર્યાય પૂરતું દ્રવ્ય છે, કોઈ કહે આત્મા એકલો દ્રવ્ય છે. એવી વસ્તુ નથી. જેવી ચીજ છે એવું એને જ્ઞાન કરાવે છે ત્યારે એની દૃષ્ટિ અંતરમાં જાય છે. સમજાણું કાંઈ? ઈ પણ કહ્યુંને કે ભેદરૂપ પણ હું છું. હો, તો જ્ઞાનના વિષયમાં શું છે? એ તો જાણવામાં આવે છે. અને તે જ સમયે હું અભેદ પણ છું. આત્મદ્રવ્ય, તે જ આત્મદ્રવ્ય અવિકલ્પનયે, અવિકલ્પ નામ અભેદનયે **'એક પુરુષમાત્રની માફક...'** એક પુરુષની માફક. એક પુરુષ જેમ દેખે, એકરૂપ જ દેખે. બાળ, યુવાન અને વૃદ્ધના ભેદ નહિ જોઈને પુરુષ... પુરુષ.. પુરુષ.. પુરુષ.. જોવે.

**'એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા...'** એ અવિકલ્પનો અર્થ કર્યો. અભેદનયે અભેદરૂપ ભગવાન આત્મા એકરૂપ છે. ભેદનયે ભેદરૂપ છે, અભેદનયે એકરૂપ છે. એકરૂપ અને ભેદરૂપ બેય એક સમયમાં રહે છે. એક સમય નામ એક કાળ. એક કાળમાં એને જ્ઞાન વિષય કરીને સ્વભાવ સન્મુખ ઢળે છે. કહો, સમજાય છે કાંઈ? ઓહો..હો..! **'અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધના ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).'** ભેદ નહિ, એક પુરુષ બસ. પુરુષ.. પુરુષ.. પુરુષ.. પુરુષ.. બાળક તોપણ પુરુષ છે, વૃદ્ધ છે તોપણ પુરુષ છે. બસ, એમાં એકપણું જોવું. એમ આત્મામાં જ્ઞાન, દર્શનના ભેદ નહિ જોઈને એક આત્મદ્રવ્ય, અભેદ એકરૂપ છે, એક અભેદરૂપ છે એમ જ્ઞાન દેખે, એમ જોઈને પણ પછી ચૈતન્ય ધ્રુવધાતુ ઉપર જાય. ઓહો..હો..!

ઈ પહેલા આવ્યું હતુંને, દ્રવ્યનય નહોતી પહેલી? એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. પહેલી નય આવી હતીને, પહેલી? દ્રવ્યનયે ચિન્માત્ર, પર્યાયનયે જ્ઞાન, દર્શન આદિ ભેદ-પર્યાયરૂપ. જ્યાં દ્રવ્યાર્થિકનયનો વિષય ત્યાં લીધો હતો પહેલો. ચિન્માત્ર, આમ જ્ઞાનમાત્ર. સમજાણું કાંઈ? એ પણ એક ધર્મ છે. લ્યો. દ્રવ્યાર્થિકનયે ચિન્માત્ર એ પણ એક ધર્મ છે. આવ્યું હતુંને પહેલા? **'તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક,...'** પટમાત્ર. આમાં ભૂલ થઈ ગઈ છે. પરમાત્ર એમ છે. હિન્દીમાં ભૂલ છે. **'પટમાત્રની માફક, ચિન્માત્ર છે...'** એમ જોઈએ. પર એમ શબ્દ છે ચોખ્ખો આમાં તો. છે હિન્દીમાં? પર, પર. છે તો પરને? આમાં નથી સુધાર્યું. આત્મદ્રવ્ય.. પહેલેથી લીધું, પહેલી નય. ભગવાન આત્મા એવો છે કે દ્રવ્યનયે-દ્રવ્યાર્થિકનયે, દ્રવ્યાર્થિકનયે એક ધર્મ છે. નય છેને. સમજાણું કાંઈ? નયથી **'પટમાત્રની માફક,...'** એમ. પટ પટ જેમ છેને, એક વસ્ત્ર. એમ **'દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે,...'** એકલો ચૈતન્યમાત્ર. એ પણ એક ધર્મ. એક ધર્મ છેને ઈ. એવા તો અનંતા ધર્મ છે.

મુમુક્ષુ :— એકલો ધ્રુવ કે દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત?

ઉત્તર :— ચૈતન્ય એકલો ધ્રુવ, ચૈતન્યમાત્ર ધ્રુવ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. સમજાણું કાંઈ? છતાં એ એક ધર્મ છે. પર્યાયના અનંત ધર્મ દ્રવ્યમાં રહે છે કે નહિ? પર્યાયમાં પણ અનંત ધર્મ છેને. અનંત ધર્મ છે. કંઈ એકલો શુદ્ધ ચૈતન્યધર્મ દ્રવ્ય છે? દ્રવ્ય તો પર્યાય, ગુણ અને દ્રવ્ય બધું મળીને આખું દ્રવ્ય છે. કહો, સમજાય છે કાંઈ?

તો કહે છે, આત્મદ્રવ્ય... એક ધર્મ છે એવા અનંત ધર્મ એમાં છે. ધર્મ નામ એણે ધારી રાખેલા ભાવ. એનાથી ધર્મ થાય છે એ વાત નથી અત્યારે. ધર્મ તો, ધારી રાખેલી દશા કે હું અભેદ છું, એકરૂપ છું. એ પણ એક ધર્મ છે. ભેદરૂપ એ પણ એક ધર્મ છે, એક યોગ્યતા છે. પણ એ તરફનું, એક ધર્મનું લક્ષ છોડીને અને બધાને જાણનાર શ્રુતજ્ઞાનપ્રમાણ એનું પણ લક્ષ છોડીને શુદ્ધ ચૈતન્યમાત્ર ધ્રુવ તરફ ઝુકવું અને ઝુકેલા ભાવમાં જે જ્ઞાન થયું એ આ પ્રકારે જાણે છે. ..ચંદજી! ઝીણું બહુને એટલે લોકોને પછી સ્થૂળ રસ્તે ચડાવી દીધા. જાઓ, કરી દ્યો આમ, કરી દ્યો આમ. વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો ને પૂજા કરો. જેટલું કરશો એટલો લાભ લેશો. શરીરમાંથી માલ કાઢો એમ અજ્ઞાની કહે છે. અજ્ઞાની કહે છે, શરીરમાંથી માલ કાઢો, ભાઈ! જેટલું નાખ્યું છે, અપવાસ કરો, શરીરમાંથી માલ કાઢો. ધૂળમાંથી માલ નીકળે છે? મૂઢ છે. ક્યાંથી લાવ્યો આવી વાત? શરીરમાંથી માલ કાઢો. શરીર તો જડ માટી છે, એમાંથી શું તારે માલ કાઢવો છે? પર્યાયમાં રાગ છે. તો એમાંથી માલ કાઢવો છે? ક્યાંથી માલ નીકળશે?

એક સમયની અંદર જ્ઞાયકમૂર્તિ ભગવાન જ્ઞાનપિંડ પરમ સ્વભાવભાવમાં માલ પડ્યો છે. આવી બધી યોગ્યતા જાણીને, યથાર્થ દ્રવ્યનું લક્ષ કરીને, દ્રવ્યનું એટલે ગુણ, પર્યાય, દ્રવ્યનું એમ. પછી અંદર શુદ્ધ ચૈતન્યધાતુમાં જાય છે એને ધર્મ થાય છે, મોક્ષના કારણરૂપ પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ. કહો, અમુલખભાઈ! હવે આમાં શું કરવું આમાં? દેરાસર કરવું ને આ કરવું ને બધું ક્યાંથી...?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્રણ, બધું એકરૂપ. અભેદ એકરૂપ જ છે. ભેદ-બેદ નહિ. ગુણ ને પર્યાય (ભેદ નહિ), એકરૂપ ધ્રુવ. એકરૂપ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ના, ના. બધું અભેદ. અભેદનયે ભેદ પણ નહિ. એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. એવા એક પુરુષની માફક. પુરુષનો પર્યાય બાળ, યુવાન બધો ગરી ગયો એમાં. એક પુરુષમાં કાંઈ બાકી રહ્યો નહિ. કેમ શેઠી? શું કહ્યું? એક મીઠાલાલજી. તો એમાં બાળ, યુવાન, વૃદ્ધ ભેદ રહી ગયા? બધા એમાં આવી ગયા, બધા એકરૂપમાં. સમજાણું કાંઈ?

હવે જરી આકરી નય થોડી થોડી શબ્દથી આવે છે, શબ્દમાં. એક નય એવી છે, એક ધર્મ આત્મામાં. તે જ **'આત્મદ્રવ્ય...'** આવો આત્મપદાર્થ **'નામનયે...'** નામનયથી

**'નામવાળાની માફક,...'** નામવાળાની પેઠે. જેમ મીઠાલાલજી નામ પડ્યુંને, મીઠાલાલજી. **'નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે...'** ભાષા છે, જુઓ! **'शब्दब्रह्मामर्शि'.** છેને સંસ્કૃત? **'आमर्शि'** છેને? **'शब्दब्रह्मामर्शि'** ૧૨, ૧૨. સંસ્કૃતમાં. **'शब्दब्रह्मामर्शि'** ભાષા તો આચાર્યે... કાલે તો ચાલતું હતું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. એ.. ધર્મચંદજી! દેખો! શું કહે છે?

કાલે બપોરે તો એમ ચાલતું હતું, સાંભળ્યું કે નહિ? એક આત્મા, એક પરમાણુ બીજા દ્રવ્યને કદી આડતા નથી, સ્પર્શતા નથી, અડતા નથી. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. સમજાણું કાંઈ? અને એક આત્મા પરમાણુને અડતો નથી, એક આત્મા બીજા આત્માને અડતો નથી. એ તો અરૂપી છે એટલે નથી અડતો એમ લાગે માણસને. પણ આ રૂપી તો અડતું હશે કે નહિ? નહિ. અડવાનો બીજો અર્થ કરશે. સમજ્યા? નામનયે કહેવામાં આવે છે એવો એનો અર્થ છે. અડતો-બડતો તો આ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાયું કે નહિ?

આત્મદ્રવ્ય.. રાત્રે એક પ્રશ્ન ચાલ્યો હતો કે જ્યારે એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શ નથી કરતો તો કર્મ જ સિદ્ધ નથી થતા. કર્મ તો વ્યવહાર થઈ ગયો, કર્મ તો ઘણા પરમાણુનો વ્યવહાર થઈ ગયો. એક પરમાણુ આત્માના વિકારને નિમિત્ત થતો નથી. એક પરમાણુમાં વિકાર થતો નથી. વિકારનું નિમિત્ત તો અનંત પરમાણુ છે. અનંત પરમાણુ તો મૂળ દ્રવ્ય રહ્યું નહિ, નિશ્ચય દ્રવ્ય નથી, એ તો વ્યવહારદ્રવ્ય થયું. વ્યવહારદ્રવ્ય થયું તો નિમિત્તથી પોતામાં જે નૈમિત્તિક વિકાર થયો એ પણ વ્યવહાર થયો. સમજાણું કાંઈ? કઈ દૃષ્ટિથી? સ્વભાવ દૃષ્ટિથી. સ્વભાવ દૃષ્ટિથી જુઓ તો વિભાવ એક સમયની પર્યાય છે પણ એમાં નિમિત્ત એક (પુદ્ગલ) દ્રવ્યની એક પર્યાય નથી. એમાં (સ્કંધમાં) તો બધી પર્યાય ભિન્ન ભિન્ન છે. શેમાં? કર્મમાં. બધી પર્યાય ભિન્ન ભિન્ન છે. પણ બધી પર્યાયના સમૂહરૂપ નિમિત્ત, વિકારમાં સમૂહરૂપ નિમિત્ત થાય છે. એ વ્યવહાર થઈ ગયો. વિભાવ પણ વ્યવહાર થઈ ગયો. એનું નિમિત્ત વ્યવહારભૂત વિભાવ થયો. વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુના સ્વરૂપમાં વિભાવ છે જ નહિ. નિશ્ચય સ્વભાવ જો એનો જુઓ તો ઈ એક પરમાણુ છે તો એક પરમાણુ તો નિમિત્ત થઈ શકે નહિ. તો અનંત પરમાણુ તો વ્યવહાર થઈ ગયો, તો વ્યવહાર નિમિત્ત થયું. તો અહીંયા વિભાવ પણ વ્યવહાર થઈ ગયો. તો નિશ્ચયમાં તો એકલો સ્વભાવ રહી ગયો. શેઠી! એકલો નિશ્ચય સ્વભાવ ભગવાન આત્મા. પણ જ્ઞાનમાં એમ જાણવું કે મારી પર્યાયમાં વિભાવ છે એમ જાણવું જોઈએ. એમાં તો નિમિત્તથી વિભાવ છે એમ પણ નહિ અહીંયા તો. સમજાણું કાંઈ?

પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે એવો પોતાનો ધર્મ છે એમ જાણવું. પોતાની પર્યાયના અંશમાં એવી યોગ્યતા છે એમ જાણવું. સમજાણું કાંઈ? ત્યાં નિમિત્તથી વાત નહિ. પણ

જ્યારે સ્વભાવદષ્ટિ કરી, ચૈતન્યજ્યોત એકલો પિંડ એકલો જ્ઞાયકભાવ છે તો એમાં જે વિકલ્પ વિભાવ જરી ઉઠ્યો, દયા, દાન, વ્રતાદિનો તો એમાં નિમિત્ત તો અનંત પરમાણુ છે, એક દ્રવ્ય નહિ. નિશ્ચયદ્રવ્ય નહિ, વ્યવહારદ્રવ્ય થયું. વ્યવહારદ્રવ્યનો વિકલ્પ પણ વ્યવહારમાં જઈને વિભાવ થયો, વિભાવ સ્વરૂપમાં છે જ નહિ. આ કારણે જ્ઞાની વિભાવથી મુક્ત છે. સ્વભાવથી અભેદ છે અને વિભાવથી ભેદ છે. એ દષ્ટિ અને સ્વભાવની અપેક્ષાથી. પણ સાથે જ્ઞાન એવું હોવું જોઈએ કે વિભાવ મારી પર્યાયમાં મારાથી મારામાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયા ઈ કહે છે કે '**આત્મદ્રવ્ય નામનયે,...**' દેખો! '**નામવાળાની માફક,...**' નામની માફક એ '**શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે...**' એનો અર્થ શું? આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવામાં આવે છે. શબ્દનયથી 'આ આત્મા' એમ કહેવામાં આવે છે એવી એક એનામાં યોગ્યતા ગણવામાં આવી. શબ્દથી (કહેવાય છે કે) 'આ આત્મા, આ આત્મા' એવી વાણી આવીને? તો વાણીમાં એ ધર્મ બતાવ્યોને? એટલું બતાવવાની યોગ્યતા (રહેલી છે) તો એવો એક ધર્મ ગણવામાં આવ્યો. સમજાય છે કાંઈ? જો વાણીથી બતાવવાની એનામાં યોગ્યતા ન હોય તો વાણી શું કરે? સમજાણું કાંઈ? વાણીથી બતાવવાની લાયકાતનો પણ એનામાં એક ધર્મ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનો ધર્મ છે એક. તો વાણી કહે છે કે 'આ આત્મા'. નામ દ્વારા આત્માના નામ દ્વારા, સંજ્ઞા દ્વારા, નામ વાચક દ્વારા વાચ્ય આ છે એમ એમાં નામથી, કથનથી, શબ્દથી બતાવનાર બતાવે છે. આત્મામાં આવી પણ એક યોગ્યતા ગણવામાં આવી છે. વાચકથી (બતાવાય) એવો વાચ્યમાં પણ ધર્મ છે. સમજાણું કાંઈ?

એક બાજુ કહે કે અવક્તવ્ય છે. સમજાણું કાંઈ? નહિ, સર્વથા અવક્તવ્ય નથી. એ તો ભાઈ પહેલી નય લીધી છેને? એવી સાત, પહેલી નય અને પછી ઉપાડ્યું છે આ. સર્વથા અવક્તવ્ય હોય તો સર્વજ્ઞ વાણીથી શું કહ્યું એવી યોગ્યતા એના ખ્યાલમાં આવતી નથી. એમ નથી. કથંચિત્ વક્તવ્ય, કથંચિત્ અવક્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખી પૂર્ણ ચીજની અપેક્ષાએ એકસાથે કઈ રીતે કહી શકે? અને વાણી શું કરે? એ અપેક્ષાથી અવ્યક્ત પણ કહે છે. અને એ કથંચિત્ વ્યક્તવ્ય પણ છે. નામ દ્વારા, શબ્દ દ્વારા 'આ આત્મા આવો છે', જેમ સાકર નામની પેઠે. સાકર નામ છેને? તો નામ એ સાકરને બતાવે છે. સાકરમાં એવી યોગ્યતાનો ધર્મ છે. તો સાકર નામથી બતાવવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક,...**' નામવાળા. સાકર નામ, ગોળ નામ, કોઈપણ (નામ) સમજ્યા? હીરા નામ. હીરો, હીરો, હીરો. હીરો નામ પણ હીરો બતાવવાની યોગ્યતા શબ્દમાં છે અને એનામાં પણ યોગ્યતા છે. સમજાણું કાંઈ? શબ્દમાં સ્વપર વાર્તા

કહેવાની તાકાત છે પણ આ શું છે, એમાં પણ કહે છે તો એનામાં એવો ધર્મ ગણવામાં આવ્યો. સમજાણું કાંઈ? નથી હજી સમજાણું. ગડ બેસતી નથી. ઝીણું છેને આ. એમ કહે છે કે સંજ્ઞા પડીને, નામ આત્માનું? આત્મા નામ છે કે નહિ નામ? તો નામે શું બતાવ્યું? 'આત્મા.' તો આત્મામાં એવો એક ધર્મ ન હોય તો નામથી બતાવી શકાય છે? વાચક બતાવે છે કે 'તું આત્મા, પરમાત્મા, સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન તું છો એ આત્મા.' તો એવી એનામાં એક ધર્મની યોગ્યતા ગણી છે. વાચકના શબ્દમાં જે વાચ્ય આવ્યું એનો એક ધર્મ ગણ્યો છે. ન હોય તો વાચકથી સમજાય નહિ. સમજાણું કાંઈ?

સમજે તો પોતાથી છે પણ પોતામાં વાચક કહે છે કે આ આત્મા, એવો એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. એ ધર્મ જોઈને, જાણીને પણ જે આત્મદ્રવ્યમાં અનંત ધર્મ છે તો સાધકભાવમાં એ અનંત ધર્મને જેમ છે તેમ જાણે અને સ્વભાવ સન્મુખ થાય. આવો એક ધર્મ કાઢી નાખે તો એની પરિપૂર્ણતા રહેતી નથી. સમજાય છે કાંઈ? હજી ઝીણું પડે છે કહે છે. શું લખ્યું છે જુઓને.

**'આત્મદ્રવ્ય...'** આત્મપદાર્થ નામ, નામ-સંજ્ઞાનયે, નામનયે **'નામવાળાની માફક,...'** કોઈ પદાર્થનું નામ પડે છેને? સાકર નામ, ગોળ નામ, હીરો નામ, કપડું નામ, ઘટ નામ, પટ નામ. નામ છે કે નહિ? તો ઈ નામ છે ઈ આત્માનો એક અંદર ધર્મ છે એને બતાવે છે. એનામાં યોગ્યતા છે એને બતાવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વાણી, પણ છે એનામાં એક ધર્મ છે એમ બતાવે છે. શેઠી!

**'આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક,...'** માફક (શબ્દ) તો છેને તમારે હિન્દીમાં? **'શબ્દબ્રહ્મથી કહેવાય છે,...'** બસ એટલું. સ્પર્શ કરનાર છે એનો આટલો અર્થ લેવો. સ્પર્શ કરનારનો અર્થ એટલો લેવો કે આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે. કહેવાય છે એવો એનો ધર્મ છે હોં! વાણીમાં તો ઠીક છે. આ તો જીવનો ધર્મ છે. કહેવાને યોગ્ય જો એનામાં ધર્મ ન હોય તો વાણી કહી કહીને કંઈ સમજે નહિ. સમજે છે તો પોતાથી, પણ એનામાં વાણીથી કહેવાય એવો એક ધર્મ છે. વાણીના ધર્મની અહીંયા વ્યાખ્યા નથી ચાલતી. વાણીમાં જે સ્વપર કહેવાનો ધર્મ છે એ તો વાણીમાં, જડમાં રહ્યો. પણ આત્મામાં આવો વાણીથી કહ્યું કે આ આત્મા, એવો આત્મામાં એક ધર્મ ગણવામાં આવ્યો.

મુમુક્ષુ :— છે એટલે ગણવામાં આવ્યો?

ઉત્તર :— છે. ગણવામાં આવ્યો એટલે એ વખતની અપેક્ષાની વાત છેને અત્યારે સાધકને, એટલે ગણવામાં આવ્યો. સમજાણું કાંઈ? પૂર્ણ થઈ ગયું ત્યાં ક્યાં છે (કંઈ)? શબ્દનય છેને શબ્દનય? એ શબ્દનય જે શબ્દ કહે છેને, એનું વાચ્ય ત્યાં અંદર એને પરિણમેલું હોય છે. શબ્દનય છેને શબ્દનય, સાધકમાં એક નય છે. શબ્દનય છે એવું જ ત્યાં બોલે જેવી ભાષા

હોય એવું ત્યાં પરિણમન અંદર હોય છે એમ એ શબ્દનય બતાવે છે. સાત નય છેને, ભાઈ! શબ્દનય સાધકજીવને બતાવે છે. સાધકની તે ... દશા, આમ આત્મા હોય, તો એ શબ્દ જે કહે છે એનો જ પર્યાય ત્યાં પરિણમેલો હોય છે એમ એ શબ્દનય બતાવે છે. બહુ પણ (સૂક્ષ્મ).

અરે..! પણ બાદશાહ ચૈતન્ય, એની બાદશાહીની એને ખબર ન મળે. રાંકો થઈને ફરે, પામર થઈ, પામર થઈને. કંઈકની ઓશિયાળી. અહીં તો કહે છે કે નામ ... એવો એક ધર્મ તારામાં છે, પરને લઈને નહિ. સમજાણું કાંઈ? એ નામવાળાની પેઠે, '**(જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ)**.' એમ આત્મા એના શબ્દથી કહેવામાં આવે છે.

'**આત્મદ્રવ્ય સ્થાપનાનયે,...**' જુઓ સ્થાપનાનય આવી. ઓહો..હો..! '**મૂર્તિપણાની માફક,...**' એ મૂર્તપણાની માફક. મૂર્ત વસ્તુ છેને. આ મૂર્તિ, મૂર્તિ. ભગવાનની મૂર્તિ એ સ્થાપના છે, સ્થાપના છે ભગવાનની મૂર્તિ. સમજાય છે કાંઈ? એમ '**મૂર્તિપણાની માફક,...**' મૂર્તિની માફક. આ ભગવાન છે એમ સ્થાપે છે કે નહિ મૂર્તિમાં? આ પાર્શ્વનાથ ભગવાન, સીમંધર ભગવાન એ સ્થાપના નિક્ષેપ છે. અનાદિ કાળથી ચાલ્યો આવે છે. સમજાય છે કાંઈ? અને સ્થાપના અને નામ નિક્ષેપથી ઘણા લોકો ચડી ગયા એમ શાસ્ત્રમાં કહે છે. ચડે છે તો પોતાથી પણ એમાં એ નિમિત્ત પડ્યું. સ્થાપના ભગવાનની. આવે છેને નહિ ઓલામાં? અનુભવપ્રકાશમાં. નહિ કંઈક ગાથા? (દેવ અધિકાર). '**किं ब्रह्मैकमयी**' એવું કાંઈક આવે છે. ક્યાં ગયા ચંદુભાઈ! '**किं ब्रह्मैकमयी**' સ્થાપનાનું બહુ સારું આવે છે, શ્લોક આવે છે. '**किं ब्रह्मैकमयी**' અહીં આવડે ક્યાં સંસ્કૃત આપણને? ઈ શબ્દ '**किं ब्रह्मैकमयी**' રહી ગયો વળી મગજમાં. અનુભવપ્રકાશમાં છે. સમજાણું? કાલે હતુંને? અનુભવપ્રકાશ કોઈ અહીંયા લાવ્યું હતું. બિલ્લીલોટન, બિલ્લીલોટનનું બતાવ્યું હતું. બિલ્લીલોટન અને એક... કંઈક હતું. બે આવે છે. લોટન કબુતરનો દાખલો આવે છે. કબુતર લોટન હોય છેને, આમ આમ ચક્કર ચક્કર ફર્યા જ કરે. એમ અનાદિથી અજ્ઞાની રાગ-દ્વેષના ચક્કરમાં ફર્યા જ કરે છે. બિલ્લીલોટનનો દૃષ્ટાંત. ... બિલ્લીલોટન અહીંયા છે. બિલ્લીલોટન ભાઈ ક્યાંક આવે છે. સમયસારનો ખ્યાલ રહી ગયો, પણ આમાં આવે છે. આમાં એક સાતમામાં આવે છે.

'**જિનસ્થાપનાથી સાલંબધ્યાન વડે નિરાલંબપદ પામે છે. કેવી છે સ્થાપના? કહ્યું છે કે :**'

किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु।
ज्ञानानंदमयी किमुन्नतमयी किं सर्वशोभामयी;
इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीश्यता (ताम)।
किं सर्वातिगमेव दर्शयति सा ध्यानप्रसादन्मह।।१।।

એનો અર્થ શું છે? **'किं ब्रह्मैकमयी'** '**સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખીને સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે–**' ભગવાનની મુદ્રા દેખીને. અનાદિથી સ્થાપના ચાલી આવી છે હોં! જુઓ આ લખ્યું છેને? અહીં તો ત્યાં સુધી લીધું છે, નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ પૂજ્ય છે. ચારે પૂજ્ય છે. જેનો ભાવ પૂજ્ય છે એનું '**નામ, સ્થાપન, દ્રવ્ય પૂજ્ય છે.**' એકલા નામ, સ્થાપના, દ્રવ્ય એમ નહિ. જેનો ભાવ પૂજ્ય છે, વીતરાગભાવ એનું નામ પણ પૂજ્ય છે. લખ્યું છેને? '**અરહંતનું નામ લેતાં જ પરમપદની પ્રાપ્તિ થાય છે.**' નામ લેતાનો અર્થ એ નામનો જે ગુણ છે એનું અંદરમાં ગુણનું ભાન થઈને પોતાથી લાભ થાય છે. તો નામ લેવાથી (પરમપદની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે). જુઓ! પાઠ તો એમ લીધો છે. અનુભવપ્રકાશ સૂક્ષ્મ વાત કરે છે તોપણ. '**અરહંતનું નામ લેતાં જ પરમપદની પ્રાપ્તિ થાય છે.**'

જિન સુમરો જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનેન,
જિન ધાયંતહિ પરમપદ, લહિયે એક ક્ષણે ન. ૧.

'**જિનસ્થાપનાથી સાલંબધ્યાન વડે નિરાલંબપદ પામે છે.**' લ્યો. સમજાણું? '**આ સ્થાપનાના નિમિત્તથી ત્રણ કાલ લોકમાં ભવ્ય જીવો ધર્મ સાધે છે,...**' નિમિત્ત નિમિત્ત છેને. ધર્મી છે, વિકલ્પ ઉઠે છે કે અહો..! ભગવાનનો વિરહ, ભગવાનનો વિરહ છે. તો ભગવાનના વિરહમાં મૂર્તિ અનાદિથી ચાલી આવે છે. નવી વાત નથી. અનાદિ તીર્થંકરના વખતમાં હતી, મહાવિદેહક્ષેત્રમાં અત્યારે છે. મંદિરો, પૂજા, ભક્તિ અનાદિ કાળથી ચાલી આવે છે. સમજ્યા? અજ્ઞાનીએ ઉથાપી અને શુભભાવનું જે નિમિત્ત હતું અને નિજ સ્વરૂપના સ્મરણમાં પણ નિમિત્ત હતું તેને ઊડાવી દીધું. જયંતિભાઈ! પાછા કેટલાક વળગ્યા કે એનાથી મુક્તિ થાય. છોટાભાઈ! લખાણ આમ પકડે કે આમ. એ તો શુભભાવ આવે અને સ્મરણ (થાય). અને પોતાની કલ્પના એમાં આરોપ કરે છે કે અહો..! ભગવાન! આપ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ (સ્વરૂપ છો). એવી આમ કલ્પના ઉઠે, આવા, આવા, આવા છો, જેટલી કલ્પનાથી આરોપ કરે એટલી એટલી પોતામાં શુભભાવની શુદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો ઈ કહ્યું, જુઓ.

'**સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે. પૂર્વે એ સરાગ હતા, રાગ મટાડી (તેઓ) વીતરાગી થયા. હાલ હું સરાગ છું, એમની માફક જો હું રાગ મટાડું તો મારા વીતરાગ પદને હું પામું. નિશ્ચયથી હું વીતરાગ છું. કહ્યું છે કે :—**' '**पिरिछहु अरहो देवो पच्छरघडियो हु दरसयं मग्गं। इति वचनात्।।**' અહો! પત્થરથી ઘડેલા ભગવાન પણ પોતાના સ્વરૂપનો માર્ગ દેખાડે છે. 'જિનપ્રતિમા જિનસારખી' એમ ગણે છે, લ્યો બનારસીદાસ તો. 'જિનપ્રતિમા જિનસારખી' સાક્ષાત્ જિનપ્રતિમા. એને તો વળી એક ઠેકાણે (કહે છે કે) સાક્ષાત્ તીર્થંકર કરતા દશ હજારગુણો

એમાં મહિમા છે. કેમકે જ્યારે જુઓ ત્યારે તૈયાર. એમ. ભગવાન તો કોઈ વખતે ક્યાં હોય, કોઈ વખતે ક્યાં હોય અને અહીં તો પ્રતિમા સાક્ષાત્ એમ ને એમ બિરાજતી હોય. જ્યારે તમારું લક્ષ કરો, ધ્યાન કરો, સદાય રહે છે. આવે છેને ભાઈ ઓલામાં? શેમાં આવે છે? 'ભાવદિપીકા'. દશ હજાર સાક્ષાત્ ભગવાન અને એક પ્રતિમા, એટલી મહિમા ગણી છે. એઈ..! મગનભાઈ! એનો હેતુ આ છે એમાં હોં! ભગવાન તો અમુક ઠેકાણે હોય અને આ સદાય એક સ્થાનમાં બિરાજમાન એમ ને એમ અને પોતાની કલ્પના એમાં લગાવીને જ્યાં જ્યાં જ્યારે પણ લગાવો. ઓહો..હો..! આવું અક્રિયબિંબ અનંતજ્ઞાન, દર્શન, આનંદસ્વભાવ એ જ મારો અક્રિય સ્વભાવ છે. એવું નિમિત્ત સદાય બન્યું રહે છે. જે બનાવે તેને બનેલું રહે છે. સમજાણું કાંઈ? અહીંયા પણ છે હોં!

**'આ સ્થાપનાના નિમિત્તથી ત્રણ કાલ લોકમાં ભવ્ય જીવો ધર્મ સાધે છે, તેથી સ્થાપના પરમ પૂજ્ય છે.'** અહીં તો ઓલી મૂર્તિનું આવ્યુંને જરી. શેઠી! મૂર્તિની માફક ભગવાનને સ્થાપ્યા, આ ભગવાન છે અમારા. ઓહો..હો..! ઈન્દ્રો પણ આવીને એની પૂજા કરે છે. લ્યો, ઈ આજ અષ્ટાહ્નિકા છે. આજે અષ્ટાહ્નિકાનો પહેલો દિવસ છે. નંદીશ્વરદ્વીપમાં બાવન જિનાલય, શાશ્વત જિનપ્રતિમા છે. નંદીશ્વરદ્વીપ આઠમો. જે આપણે નીચે ચીતર્યો છે ત્યાં. નંદીશ્વરદ્વીપ. આ શું કહેવાય? માનસ્તંભમાં નીચે. ચારે બાજુ તેર તેર મંદિર, એક એક મંદિરમાં એકસો આઠ રત્નની પ્રતિમાઓ ભગવાન તીર્થંકરની. શાશ્વત, જેમ આ ચંદ્ર અને સૂર્ય શાશ્વત છે એમ. એની પૂજા કરવા આજથી આઠ દિન સુધી ઈન્દ્રો જશે. ઈન્દ્રો એકાવતારી–એકભવતારી–એક ભવે મોક્ષ જનારા. આજથી છે. ઓલી તેરશ ઘટે છે તો આજથી છે. ઘુઘરા પગે બાંધી અને સમકિતી ઈન્દ્ર નાચે. જડની ક્રિયા જડમાં થાય છે, બહુમાન ભાવ રાગમાં છે અને સ્વભાવનું ભાન સ્વભાવમાં છે. એવો માર્ગ, ભક્તિ આવે છે એને ન સમજે...

અહીં કહે છે કે **'આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક,...'** મૂર્તિ મૂર્તિ. **'સર્વ પુદ્ગલોને અવલંબનારું છે...'** આમાં પણ ભાષા એવી છે. સમજાણું? **'पुद्गलालम्बि'** એવો શબ્દ છે. આલંબીનો અર્થ એક પદાર્થ બીજાનું આલંબન કરે છે એમ નહિ. અહીં તો બીજી વાત કહેવી છે. **'આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને...'** એમ લીધું છે. સકળ શબ્દ છેને. **'(અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે,...'** કે આત્મા આવો છે એમ બતાવી શકાય છે. સિદ્ધની નથી બતાવતા? સિદ્ધની સ્થાપના છેને મંદિરમાં? પીત્તળમાં આમ ખાલી ભાગ. એમ બતાવે કે જુઓ આત્મા આવો છે, એમ. અસંખ્ય પ્રદેશ આમ ચીતરતા નથી? આ બાળપોથીમાં ચીતર્યું છે કે નહિ? આમ આત્મા, આવો આત્મા, આવો આત્મા એમ બતાવાય છે. સ્થાપનાનય દ્વારા એની સ્થાપના એટલે આત્મા આવો એમ બતાવાય છે. એવો પણ એક એનામાં ધર્મ ગણવામાં

આવ્યો છે. પોતામાં એવી યોગ્યતા છે. નહિતર સ્થાપના કરી શકે એમ બની શકે નહિ. કહો, સમજાય છે કાંઈ?

**'આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે...'** કોઈપણ પુદ્‌ગલથી એની સ્થાપના બતાવી શકાય છે એમ કહે છે. આમ અમથા શરીરથી નથી બતાવતા આમ હાથથી કરીને? આત્મા આવો હોય, અરૂપી હોય, આમ હોય. આવી અવગાહના, એમ. ધર્મચંદજી! ચીતરામણ કરે કે આત્મા.. માથું આમ હોય, ઊભો આમ હોય એમ બતાવી શકાયને? એવો એનામાં એક ધર્મ ગણવામાં આવ્યો છે. યોગ્યતા છે, આત્મામાં યોગ્યતા છે. એવી યોગ્યતાનો ધર્મ ન ગણે ને આત્મામાં યોગ્યતાનો અભાવ માને તો આત્માને જાણી શકે નહિ. સમજાણું કાંઈ? જ્યાં જ્યાં જે રીતે છે તેનું તે બરાબર જ્ઞાન કરે તો એમાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ જાય. સાચું જ્ઞાન ન હોય તો દૃષ્ટિ સ્વભાવસન્મુખ કેવી રીતે થાય? દૃષ્ટિ પણ સત્ય છે અને સ્વભાવ ત્રિકાળ સત્ય છે. એના ઉપર જાવું છે તો એની સત્યતા જ્ઞાનમાં જેવી વસ્તુ છે એવી આવે તો સમ્યક્‌દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે, ત્યારે એને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

**'સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે,...'** અર્થાત્ પુદ્‌ગલથી દેખાડી શકાય છે, પુદ્‌ગલથી બતાવવામાં આવે છે કે આવા ભગવાન છે. સિદ્ધ નથી બતાવ્યા? બે પગ વચ્ચે ખાલી પછી આમ પીત્તળ લગાવ્યું. પોલા. સિદ્ધ ભગવાનની મૂર્તિ. એવો આત્મા છે, એવો આત્મા છે. ખાલી ભાગ આત્મા આવો છે. સમજાણું કાંઈ? શરીર આમ છે, આત્મા આમ છે. એમ પુદ્‌ગલ બતાવે છે. તો કોઈ સમયે કોઈપણ પુદ્‌ગલથી બતાવવામાં આવે છે. સકળ પુદ્‌ગલથી બતાવી શકાય છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? **'મૂર્તિની માફક.'** જેમ મૂર્તિની સ્થાપના ભગવાનની કરે છે કે કોઈપણ અન્યની કરે છે, એ મૂર્તિની માફક ભગવાન આત્માને પુદ્‌ગલના પરમાણુના પિંડથી બતાવી શકાય છે. એનો આકાર બતાવીને. એવો પણ એનામાં એક ધર્મ ગણવામાં આવ્યો છે. એમ જે બતાવવામાં આવે છે તે એમાં ધર્મ ન હોય તો બતાવી શકાય જ નહિ. તો એવી પણ એક એમાં યોગ્યતા ગણવામાં આવી છે. યોગ્યતા જોઈને પણ જોવાનું છે પોતાના આત્મામાં. સમજાણું કાંઈ? આત્મામાં એટલે? ચૈતન્યધાતુ. આવી યોગ્યતા ન માને તો એનું જ્ઞાન મિથ્યા થાય છે. મિથ્યાજ્ઞાન હોય તો દૃષ્ટિ ચૈતન્યધાતુ પર ઢળતી નથી. સમજાણું કાંઈ?

જેટલા જેટલા એનામાં ધર્મ છે એમાંથી એક કાઢી નાખે તો એના જ્ઞાનનો વિષય જૂઠો થયો. સમજાણું કાંઈ? જ્ઞાન ખોટું થયું. જ્ઞાન ખોટું થયું તો જ્ઞાનની સાથે શ્રદ્ધા સ્વભાવસન્મુખ કામ નથી કરી શકતી. સમજાણું કાંઈ? અને સ્વભાવસન્મુખ જો દૃષ્ટિ કામ કરે, એની સાથે જ્ઞાન છે તે તેના એક એક ધર્મને જેમ છે તેમ બરાબર જાણે છે. નિષેધ નથી કરતું કે એમ નહિ, એમ નહિ, એમ નહિ. ઓહો..હો..! ક્યાં દૃષ્ટિનો વિષય અને સાથે રહેલો જ્ઞાનનો

વિષય! યથાર્થ જ્ઞાન છે એ તો. ... કરે જ છે એમ અહીંયા કહે છે. સમજાણું કાંઈ? જેવું છે એવું જ્ઞાન ન હોય તો થઈ રહ્યું, જ્ઞાને જાણ્યું શું? અયથાર્થ જ્ઞાન થયું. સમજાણું કાંઈ? પદાર્થ, જેવો આત્મા, જેવો પરમાણુ છે એમાં પર્યાયમાં પણ જેટલી જેટલી યોગ્યતા એના ખ્યાલમાં આવે એવો ખ્યાલ ન કરે તો જ્ઞાન જ ખોટું પડે. જ્ઞાન અસત્ય હોય તો, વિષય તો અંદર સત્ય ધર્મવાળો છે એનું જ્ઞાન ન કરે તો દૃષ્ટિ સ્વભાવ તરફ આવતી નથી. દૃષ્ટિ સ્વભાવ તરફ આવ્યા વિના એને શાંતિ કે ધર્મ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

ચાર નય થઈ. સવિકલ્પ, અવિકલ્પ, નામ અને સ્થાપના. પાંચમી તો છેલ્લી ૪૭માં ગઈ. હવે **'આત્મદ્રવ્ય દ્રવ્યનયે...'** આત્મદ્રવ્યમાં દ્રવ્યનયે એક ધર્મ દશા છે, યોગ્યતા છે, **'બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે...'** દેખો! ભગવાન આત્મા એમાં એવી એક ધર્મ-યોગ્યતા છે કે જેમ બાળક હોય અને પછી શેઠ ભાસે છેને, બાળક શેઠ ભાસે. ભવિષ્યમાં શેઠ થવાનો છે. શેઠ, નગરશેઠ એમ નથી કહેતા? અત્યારે તો નગરશેઠ નથી, એના પિતા નગરશેઠ છે. એ નગરશેઠનો પુત્ર હોય તો એને નગરશેઠ ભાસે છે. ભવિષ્યની અપેક્ષાએ બાળક નગરશેઠ ભાસે છે બીજાને કે ઓહો.. નગરશેઠ છે. સમજાણું કાંઈ? ભવિષ્યમાં થનારો શેઠ બાળકમાં ભાસે છે એવો ધર્મ છે.

એમ ભગવાન આત્મા ભવિષ્યમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો હોય ભવિષ્યમાં, સમજાણું કાંઈ? તીર્થંકર થવાના હોય તો વર્તમાનમાં તીર્થંકર ભાસે છે કે એ તીર્થંકર છે. દ્રવ્યમાં વર્તમાનમાં આવી યોગ્યતા-ધર્મ રાખે છે એમ કહે છે. ઓહો..હો..! આ બધા ધર્મ તો એકસાથે છે હોં! નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ એકસાથે છે. ચારેય ધર્મ. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. આગળપાછળ નથી. કોઈ કોઈમાં નહિ, એક જ જીવમાં ચાર છે. સાધકમાં ચારે (એકસાથે છે). ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું છે તે વર્તમાનમાં ભાસે છે, આ કેવળજ્ઞાની છે. અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેવાના છે તો ભાવીનું કેવળજ્ઞાન વર્તમાનમાં ભાસે, ભાવીનો શેઠ બાળકમાં ભાસે. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...'** દ્રવ્યનય તો પહેલી આવી હતી. આવી હતી કે નહિ? એ દ્રવ્યનય બીજી, એ દ્રવ્યાર્થિકનયની દ્રવ્યનય લીધી. એ પણ આત્મદ્રવ્ય દ્રવ્યનયે હતું, પટમાત્રની માફક. પહેલી પહેલી. આ દ્રવ્ય તો ભવિષ્યમાં થનાર વર્તમાનમાં ભાસે એનું નામ દ્રવ્યનય છે. છે તો વર્તમાન ધર્મ હોં! ભવિષ્યમાં થવાવાળો વર્તમાન ભાસે એવો વર્તમાન ધર્મ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? એ બાળકમાં વર્તમાન ધર્મ છે, ભવિષ્યમાં શેઠ થવાનો છે એ વર્તમાન ધર્મ દ્રવ્યનયે છે. છે કે નહિ? વર્તમાનમાં કે ભવિષ્યમાં થશે ત્યારે? બાળકમાં વર્તમાનમાં, ભવિષ્યમાં શેઠ થશે એ વર્તમાનમાં ધર્મ છે. દ્રવ્યનયે વર્તમાન શેઠ છે એમ દ્રવ્યનયે એમાં ધર્મ જાણવામાં આવે છે. નાનો બાળક હોય તો કેટલો આદર કરે, શેઠ છે. ત્યાં ગયા

ગયા હતાને અમે, મથુરા, મથુરા. મથુરા નહોતા ગયા? ઓલા સોનાના બધા સ્તંભ છે. સોનાના વાઘ ને સિંહ ને બધું છે ત્યાં. છોકરો આવ્યો હતો. વચ્છરાજજીનો દીકરીનો દીકરો સાથે (હતો). એના મા-બાપે બધું કર્યું હતું. એ છોકરાનો છોકરો તો જૈન પણ ઓલા લોકો તો આદર બહુ કરે. એવો આદર કરે. અમારી સાથે બેસાડ્યો હતો .... ન્યાં જોવા જાવું હતું. બધું ખુલી ગયું, ફટ ફટ ફટ બધું ખુલી ગયું. શેઠસાહેબ આવ્યા, શેઠસાહેબ આવ્યા. નાનો છોકરો બાર-તેર વર્ષનો હતો. વચ્છરાજજીના દીકરીનો દીકરો. એના બાપના બાપે બધું કરાવી દીધું હતું એ વૈષ્ણવોનું. અત્યારે તો બધા સોનાના સિંહ ને બધું... કરેલા છે. ખુલી ગયું છે બધું. અને આખી ટોપલી આપી લાડવાની ટોપલી. નાનો છોકરો તેર વર્ષનો છે, બાર વર્ષનો છે. શેઠસાહેબ આવ્યા, શેઠસાહેબ આવ્યા. એને એમ કે આપણે વૈષ્ણવ છીએ અને આ જૈન લોકો આટલું રાખે તો આપણે ઘણું કહેવાય. એને શેઠ તરીકે જોવે. શેઠી! ઝવેરીના દીકરાને ઝવેરી તરીકે દેખે. વર્તમાન કે આ ઝવેરી છે, વર્તમાન એના દ્રવ્યમાં લાયકાત છે. ઝવેરીનો ધંધો કરશે. ... દ્રવ્યનયે બાળકને જેમ શેઠ કહેવામાં આવે. આત્મામાં ભવિષ્યમાં થનારી પર્યાય એ વર્તમાનમાં કહેવામાં આવે છે, એવો એનામાં ધર્મ રહે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૯, મંગળવાર, તા. ૬.૧૧.૧૯૬૨**
**નય-૧૪ થી ૧૭, પ્રવચન-૪૧**

આ પ્રવચનસાર ચાલે છે, ચરણાનુયોગસૂચક ચૂલિકા. એમાં નય અધિકાર. ૧૪મી નય ચાલે છે. શું કહે છે? કે આત્મા શુદ્ધ અનંત ચૈતન્ય આદિ ગુણથી સંપન્ન છે એવું ભાન થયું તો એની પર્યાયમાં અનેક પ્રકારના, પર્યાય, ગુણ અને દ્રવ્યમાં જે ધર્મ છે અનેક પ્રકારના, બધાને જ્ઞાની એક સમયમાં એક એક ધર્મને જાણે છે, એક ધર્મને એક નય (જાણે), સંપૂર્ણ શ્રુતપ્રમાણથી બધા ધર્મને પોતામાં જાણે છે અને જાણીને આશ્રય અને દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ તરફનો આશ્રય કરે છે. એ અહીંયા ૪૭ ધર્મના વર્ણનમાં આવ્યું. નામ, સ્થાપના પણ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતામાં, શબ્દથી આત્મા કહેવામાં આવે છે એવો એક પોતાની પર્યાયમાં ધર્મ જાણે છે. એ નામનિક્ષેપમાં આવ્યું. સ્થાપના નિક્ષેપમાં સર્વ પુદ્ગલોનું અવલંબન અર્થાત્ પર પુદ્ગલથી આત્મા (સ્થાપીત) શકાય છે કે આત્મા આવો. એમ સમ્યક્જ્ઞાની જીવ પોતાની પર્યાયમાં આવો એક ધર્મ જાણે છે. કહો, સમજાણું કાંઈ?

હવે દ્રવ્યનય. અહીંયા સમ્યક્જ્ઞાનીની વાત ચાલે છે. એ પોતામાં એક સમયમાં ૪૭ ધર્મ શ્રુતજ્ઞાન પ્રમાણથી પૂર્ણ એક ધર્મ એક નયથી જાણે છે એની વાત ચાલે છે. તે જ **'આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક...'** જેમ બાળક હોય તો (પણ) વર્તમાન શેઠ છે એમ બીજા માને છે. એમ પોતામાં આત્મા સમ્યક્જ્ઞાની પોતાની પર્યાયમાં એક ધર્મ દેખે છે. ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું હોય ઈ તો ખબર છે સમ્યક્દૃષ્ટિને. સમજાણું કાંઈ? અને કોઈ ભવિષ્યમાં મુનિ તીર્થંકર થવાના હોય તો એ પોતાની પર્યાયમાં વર્તમાન આવો એક ધર્મ જાણે છે. સમજાય છે કાંઈ? આત્મદ્રવ્ય.. સમ્યક્જ્ઞાનીની વાત ચાલે છે. બીજાને જોવે કે ભગવાન પધાર્યા આ નયે, ભાવિ નયે. તીર્થંકર આજ મોક્ષ પધાર્યા એમ ... એ નયથી જ્ઞાન કરાવ્યું.

અહીંયા ધર્મીજીવ, પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે એવું ભાન થયું છતાં પોતાની પર્યાયમાં અનેક ધર્મની યોગ્યતા રાખે છે એ બધા ધર્મને જ્ઞાની (જાણે છે). કોઈ ધર્મ દ્રવ્યનયનો દ્રવ્યાર્થિકનો પણ છે, કોઈ સામાન્ય અને નિત્ય પણ એક એક ધર્મ છે. બધા એક એક ધર્મ છે. સામાન્ય અને વિશેષ ધર્મ આવ્યા હતાને? એ એક એક ધર્મ છે. એ એક એક ધર્મ દ્રવ્યાર્થિકનયે-દ્રવ્યનયે ચિન્મય છું એમ પણ જાણે છે અને આ દ્રવ્યનયે, આ દ્રવ્યનયે ભવિષ્યમાં થવાવાળા, એને ખબર હોય કે હું જિન થવાનો છું, તો એવી પર્યાય વર્તમાનમાં ખ્યાલમાં આવે છે કે હું વર્તમાન જિન, ભાવિનયથી પણ વર્તમાનમાં છું એવો ખ્યાલ પોતાના ધર્મમાં જોવે છે. સમજાય છે કાંઈ? એમ સમ્યક્જ્ઞાનીને પોતાને ખબર હોય કે હું અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો છું, તો વર્તમાનમાં પણ દ્રવ્યનિક્ષેપથી કેવળજ્ઞાનમયથી ખ્યાલ આવે છે. એવો પોતામાં એક ધર્મ સમ્યક્જ્ઞાની, કેવળજ્ઞાનનો ધર્મ વર્તમાનમાં હોય દ્રવ્યનિક્ષેપે તો આમ જાણે છે. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક,...'** સાધુ પૂર્વમાં રાજા હતા એ વર્તમાનમાં ધર્મ દેખે છે કે વર્તમાનમાં આ રાજા છે. એમ ભૂતકાળમાં કોઈ ચારિત્રપર્યાય આદિ પ્રાપ્ત થઈ ગઈ, સમજાણું કાંઈ? અને કદાચિત્ ચારિત્ર પર્યાયથી ખસી ગયા, સમ્યગ્દર્શનમાં આવ્યા તોપણ વર્તમાન જાણે છે કે ભૂતકાળની ચારિત્રપર્યાય હતી એવો એક પોતાની પર્યાયમાં ધર્મ દેખે છે. સમજાણું કાંઈ? વર્તમાન ભાવ સમ્યક્જ્ઞાનની પર્યાય પરિણમી છે એની અહીંયા વાત છે. એ પોતાના આત્માને અંતરમાં શુદ્ધ ચૈતન્ય દેખે છે, જાણે છે, માને છે, છતાં પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જે ધર્મ વર્તમાનમાં યોગ્યતા જેટલી હોય એ બધી પોતાથી જ્ઞાનમાં આવે છે. લ્યો, આ તો આમ કહ્યું. ભગવાન મોક્ષ પધાર્યા, ભાવિનયથી.. ઈ અહીં વાત નથી. એની અહીંયા વાત નથી.

અહીંયા તો ભગવાન આત્મા પોતાની યોગ્યતામાં શુદ્ધ ચૈતન્ય છું એમ પણ જાણે છે, માને છે, એની પર્યાયમાં જેટલી યોગ્યતા છે, ભવિષ્યમાં મને કેવળજ્ઞાન થવાનું છે એ ચોક્કસ

છે એને. કરીશ એમ નથી, જુઓ અહીંયા. સમજાણું કાંઈ? હું વર્તમાનમાં પાછો પડું એવો ધર્મ નથી દેખતો. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયક શુદ્ધનું ભાન થયું તો એની પ્રતીતિમાં, જ્ઞાનમાં એવો એક ધર્મ દેખાય છે કે જાણે વર્તમાનમાં કેવળજ્ઞાન છે, વર્તમાનમાં કેવળજ્ઞાન છે એવો એક દ્રવ્યનયે, દ્રવ્યનિક્ષેપે ... એવો પોતાની પર્યાયમાં એક ધર્મ દેખે છે. કહો, સમજાય છે કાંઈ? જયંતિભાઈ!

ધવલમાં તો લીધું છેને કે જે જિન થવાનો છે, કેવળજ્ઞાની થવાનો છે એનું જીવદ્રવ્ય જ મંગળિક છે, એનું જીવદ્રવ્ય જ મંગળિક છે. પણ એની પહેલા મિથ્યાત્વ હોય ત્યારે એને ખ્યાલ નથી. સમજાણું કાંઈ? અહીંયા તો ચૈતન્યનો શુદ્ધ આનંદનો જ્ઞાયકનો અનુભવ થયો હોય અને પોતાની પર્યાયમાં એને ચોક્કસ છે કે હું અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ. તો દ્રવ્યનિક્ષેપથી વર્તમાનમાં કેવળજ્ઞાનનો પણ ખ્યાલ આવી જાય છે. સમજાણું કાંઈ?

નયમાં કોઈ પર્યાય દેખાણી ભૂતકાળની એ પણ વર્તમાન પર્યાયમાં છે એમ સમ્યક્જ્ઞાની પોતાની પર્યાયમાં એવો એક ધર્મ દેખે છે. સમજાણું કાંઈ? દ્રવ્યનિક્ષેપથી. કોઈ અગિયારમા ગુણસ્થાનથી સમ્યક્જ્ઞાની પૂર્વમાં ચ્યુત થઈ ગયા હોય, વર્તમાનમાં ચોથે, પાંચમે, છઠ્ઠે હો અને એને કંઈક ખ્યાલ આવી ગયો કે હું પૂર્વમાં અગિયારમા ગુણસ્થાને ગયો હતો. એ ભગવાન પાસે સાંભળવાથી કે ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? સાંભળ્યું નથી. આ તો સાંભળવાની વાત નથી. આ ભાસે. પણ સાંભળ્યું હોય તોપણ પ્રત્યક્ષ ખ્યાલ આવે, એમ. સાંભળેલું હોય તો એનો ધર્મ પોતાનો વર્તમાનમાં દેખાય. ઓલી ખબર ન હોય કે ભૂતકાળમાં શું થયું, તો એને વર્તમાન ધર્મ એ દેખાય નહિ. એમ વાત છે અહીં. સાંભળેલું હોય એનો ખ્યાલ હોય. પણ એનો ખ્યાલ પોતાને આવી જાય સમ્યક્જ્ઞાનીને. સાંભળેલું હોય. આમ સીધો ખ્યાલ ન આવ્યો. સાંભળ્યું કે ત્યાં પૂર્વે આ ગુણસ્થાન પ્રાપ્ત થયું હતું. એમ સમ્યક્જ્ઞાનમાં એવો ભાસ થયો. તો અગિયારમા ગુણસ્થાનનો વર્તમાનમાં ખ્યાલ આવી જાય એને અહીંયા દ્રવ્યનિક્ષેપે પોતાનો તે સમયે ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

પહેલા સાંભળ્યું હોય પછી યાદ આવ્યું. એના જ્ઞાનમાં એમ આવ્યું કે પૂર્વે હું અગિયારમે ગુણસ્થાનથી પડી ગયો હતો. એમ સીધું ખ્યાલમાં આવ્યું. બેય ખ્યાલમાં આવીને વર્તમાનમાં હું આ ગુણસ્થાનમાં છું એમ દ્રવ્યનિક્ષેપે ધર્મ દેખે છે. સમજાય છે કાંઈ? એની અજબ લીલા છે! શ્રુતજ્ઞાનની તાકાત છે. શ્રુતજ્ઞાનમાં એવો ખ્યાલ આવી ગયો સીધો અને સાંભળીને વર્તમાનમાં સમ્યક્જ્ઞાનમાં, સમ્યગ્દષ્ટિપણામાં ખ્યાલ આવી ગયો. સમજાણું કાંઈ? ભૂતકાળનો વર્તમાનમાં ખ્યાલમાં આવવું જોઈએ હોં! ખ્યાલ આવ્યા વિના એના ધર્મને અહીંયા દ્રવ્યનિક્ષેપમાં કેવી રીતે લે? અને ભવિષ્યમાં તો હું કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ, કેવળજ્ઞાન લઈશ જ, તો વર્તમાનમાં એ દેખે છે અને ભૂતકાળની પર્યાય આ રીતે વર્તમાનમાં ખ્યાલમાં આવી તો વર્તમાનમાં દેખે છે કે અગિયારમું ગુણસ્થાન વર્તમાનમાં છે એમ ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...'** આ દ્રવ્યનય એટલે દ્રવ્યનિક્ષેપથી હોં! સમજાણું? બાળકને શેઠ વર્તમાન એમ દેખે છે. અને સાધુને રાજા વર્તમાન એમ દેખે છે. વર્તમાન સાધુ પૂર્વે રાજા હતા તો રાજા છે એમ દેખે છે, મહારાજા. પોતાને હોં! અહીં પોતાની વાત છે. પોતાને પણ એ જાતનો ખ્યાલ આવે, ધર્મ દેખે. ભૂતકાળની કોઈ પર્યાય દેખાઈ ગઈ અને ભવિષ્યમાં પર્યાય થશે, બેયનો દ્રવ્યનિક્ષેપથી વર્તમાનમાં પોતામાં વર્તમાન યોગ્યતા દેખે છે. આવા ધર્મ વર્તમાનમાં જાણવામાં આવે છે. સમજાય છે કાંઈ? છતાં એક સિદ્ધાંત લીધો છે. કેવળજ્ઞાન ભવિષ્યમાં થશે, તીર્થંકર હું થઈશ એવો ખ્યાલ દ્રવ્યનિક્ષેપથી લીધો, પણ એના આશ્રયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ એમ નથી માનતા. સમજાણું કાંઈ? જાણે છે પોતાની પર્યાયમાં, પણ એના આશ્રયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ એમ નહિ. આશ્રય તો દ્રવ્યનો આશ્રય લઈને જ કેવળજ્ઞાન પ્રાપ્ત થશે એમ વર્તમાનમાં દેખાય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્યારે તીર્થંકર થવાનો છું એટલે એને લઈને અહીં આગળ વધાશેને-એમ નથી એમ કહેવું છે. કેવળજ્ઞાન થવાનું એમ દ્રવ્યનિક્ષેપે ધર્મ જાણ્યો. પણ કેવળજ્ઞાનને આશ્રયે કેવળજ્ઞાન નથી. અને દ્રવ્યનિક્ષેપે ... એના આશ્રયે કંઈ શુદ્ધિની વૃદ્ધિ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણું પણ. માણસને તો.. ભગવાનજીભાઈ! અરે..! તારી ઋદ્ધિ તો જો. તારી શ્રુતજ્ઞાનની પર્યાયમાં આટલી તાકાત છે. સમજાણું કાંઈ? આવી તાકાત કબુલ કરવી પણ એને મુશ્કેલ પડે છે. આહા..!

આત્મા **'અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે...'** એમ કહે છે. ભૂતકાળની પર્યાય અને ભવિષ્યની પર્યાય એ વર્તમાનમાં પ્રતિભાસે છે. દ્રવ્યનિક્ષેપ છેને. સમજાણું કાંઈ? **'આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે,...'** સમજાણું કાંઈ? **'જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે...'** બાળકમાં શેઠપણાનું સ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે. **'અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ).'** ... નિર્મળ પર્યાયનો અર્થ કરીને... સમજાય છે કાંઈ? પણ પૂર્વે એવી કોઈ મલિન પર્યાય ભજી ગઈ હોય, વર્તમાનમાં એનો આરોપ કરીને દ્રવ્યનિક્ષેપે પોતામાં ખ્યાલ કરે છે. સમજાણું કાંઈ? આવે છેને, પૂર્વે મેં આમ કર્યું, આમ કર્યું. ... પણ કર્યું હતું એમ આવે છે. ૪૯ ભંગ. મેં પૂર્વે આમ કર્યું હતું, કરતો હતો, આમ કરાવ્યું, આમ કર્યું, આમ અનુમોદ્યું. એક બાજુ કહે કે કરે કોણ અને મૂકે કોણ? હું તો જ્ઞાતા છું. એક બાજુ કહે કે સમ્યક્જ્ઞાની પૂર્વની ક્રિયાને યાદ કરીને મેં પૂર્વે આમ કર્યું હતું, આમ કર્યું હતું, મેં પૂર્વે આમ કર્યું હતું (એમ કહે). કર્યું હતું તો અત્યારે તો કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. ભૂતકાળ અને ભવિષ્ય ત્રણે કાળની કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. ભાઈ! ત્રણે કાળની છૂટી ગઈ છે. ત્યાં બહુ લ્યે છે. સમયસાર નાટકમાં. મેં હિંસા કરાવી, હિંસા કરી, આમ કર્યું, આમ કર્યું, આમ કર્યું.

પણ વર્તમાનમાં નથીને. કર્યું કર્યું ક્યાંથી આવ્યું? કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, જ્ઞાતાદ્દષ્ટાપણાની તો વાત ચાલે છે. સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધ અધિકાર. (૫૬-૯૧) (નાટક સમયસાર) ભાંગા ભાંગા. 'હિરદૈ હમારે મહા મોહકી વિકલતાઈ, તાતૈ હમ કર, ન ન કીની જીત ઘાતકી...' પણ વર્તમાન નથીને? સાંભળને. એ પર્યાયનો ... જાણે છે. 'હિરહૈ હમારે...' સમજ્યાને? છેને? 'હિરહૈ હમારે...' સમજાય છે? 'જ્ઞાનવંત અપની કથા કહૈ આપસે આપ, મિથ્યાત દસા વિષૈ કીનૈ બહ વિધ પાપ' '... હમારે મહામોહકી વિકલતાઈ, તાકૈ હમ કરુણા કીની જીવ ઘાતકી આપ પાપ કીનો, ઔરનીકો ઉપદેશ દીનો, હુતી અનુમોદના હમારી યાહી બાતકી મન, વચન, કાયમેં મગન વ્હૈ કમાયે કર્મ, ધાયે ભ્રમજાલમૈં કહાયે હમ પાતકી. ગ્યાન કે ઉદય ભયે હમારી દસા ઐસી ભઈ, જૈસે ભાનુ ભાસત અવસ્થા હોત પ્રાતકી.' સમજાણું કાંઈ? શું કહે છે? દ્રવ્યમાં એવી વર્તમાન યોગ્યતા જોઈને ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયક ચૈતન્યમૂર્તિનું ભાન થયું તો ભૂતની અને ભવિષ્યની એ પર્યાય વર્તમાનમાં પ્રતિભાસિત થાય છે એવો એક દ્રવ્યનિક્ષેપથી ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

... પણ ગયા કાળની અપેક્ષા કરીને ઈ તીર્થંકરની સ્તુતિ કરે છે. એ તો પરની અપેક્ષા. અહીં તો પોતાનો નિમિત્ત ધર્મ છે આ. અત્યારે હું કરતો નથી તો ભૂતકાળનું કર્યું મારામાં છે જ નહિ. પણ છતાં ઈ આવે છેને? આલોચનામાં નથી આવ્યું? કે હું હજી ભવિષ્યમાં કરીશ, બીજા પાસે કરાવીશ, કરતાને રૂડું જાણીશ. આવે છે છોટાભાઈ? આલોચના. આ આપણે આલોચના વાંચી ઈ. પદ્મનંદી. હે ભગવાન! એ તો જ્ઞાની પોતે આલોચના કરે છે. ગતકાળમાં મેં આવા કર્યા, કરાવ્યા, અનુમોદ્યા, ભવિષ્યમાં હજી કરીશ. લે! કરાવીશ અને કરતાને રૂડું જાણીશ. થોડો ઓલો ભાવ છેને એને વર્તમાન નિક્ષેપમાં આરોપ કરીને કહે છે. કરે કોણ અને કરાવે કોણ ભવિષ્યમાં? આવે છે કે નહિ એમાં? એ.. દેવાનુપ્રિયા!

આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમાં એવી તાકાત છે કે જ્યાં પોતાના સ્વરૂપનું ભાન થયું તો ભૂતકાળમાં પણ હું કરતો હતો અને ભવિષ્યમાં થોડો કરીશ અને ભૂતકાળમાં કરતો હતો, એમ વર્તમાન દ્રવ્યનિક્ષેપથી જોવે છે. સમજાય છે કાંઈ? આ તો ભઈ ગંભીર વસ્તુ છે. આ કંઈ આમાંથી પૂરું નીકળી શકે એવું નથી. સમજાણું કાંઈ? અપાર.. અપાર.. વસ્તુ ... ગજબ વાત છે! સમજાય છે કાંઈ? કહે છે કે.. કેટલામો ધર્મ ચાલે છે આ? ૧૪મો. ૧૪ છેને? શેઠી! દેખો! '**ખ્યાલમાં આવે છે...**' એમ કહ્યું છે હોં! '**અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે...**' એમ કહ્યું છે. ગયા કાળની પર્યાય વર્તમાનમાં ખ્યાલમાં આવે છે, ભવિષ્યની પર્યાય વર્તમાનમાં ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ? એ ૧૪(મી થઈ).

હવે ભાવનિક્ષેપ. છે તો ભાવનિક્ષેપ પણ ભાવનય (કહે છે). એમાં ... તે જ '**આત્મદ્રવ્ય...**' તે જ આત્મદ્રવ્ય. દ્રવ્ય તો ઈ જ. એક સમયમાં બધા ધર્મ છે પણ ક્રમે

ક્રમે આવી યોગ્યતાને, તાકાતને સમજાવવા માટે ક્રમે ક્રમે કહેવામાં આવે છે. છે તો એક સમયમાં. નામનો ધર્મ બીજા સમયે અને સ્થાપનાનો ધર્મ બીજા સમયે અને ભાવનો ધર્મ ત્રીજા સમયે અને દ્રવ્યનો ધર્મ (ચોથા સમયે) એમ નથી. પણ દ્રવ્યનો ધર્મ પોતાની પર્યાયમાં છે એમ જાણે છે અને ભાવરૂપ જેટલું પરિણમન છે ભાવનિક્ષેપથી એને પણ પોતાનો ધર્મ વર્તમાનમાં જાણે છે. સમજાણું કાંઈ? તે જ **'આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક,...'** પુરુષની સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક **'તત્કાળ...'** દ્રવ્ય ન દેખતાં જાણે આ તત્કાળ ભાવ આવી ગયો આખો અહીં. ભાવનું પરિણમન એને દેખાય છે. જેટલો ભાવ પરિણમ્યો છે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ વર્તમાન એ જ આત્મા આખો પર્યાયમાં ભાવનિક્ષેપથી આરોપ કરીને. **'પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે...'** વર્તમાન દશામાં ઉલ્લસીત, દ્રવ્ય ઉલ્લસ્યું. દ્રવ્ય જે સામાન્ય ત્રિકાળ એ પર્યાયમાં ઉલ્લસિત થયું. શુદ્ધ શુદ્ધતા ઉલ્લસીત થયું, પ્રકાશિત થયું **'પ્રતિભાસે છે...'** ઉલ્લસિત, પ્રકાશિત પ્રતિભાસે છે.

ભાવનયે જેટલી પોતાની પર્યાય શુદ્ધપણે વર્તમાન તત્કાળ પરિણમી હોય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, ચાર જ્ઞાન વગેરે વગેરે.. સમજાણું કાંઈ? એ તત્કાળ પ્રતિભાસે છે. પોતાની પર્યાયમાં પ્રતિભાસે છે. ભાવનયથી પણ થાય છે અને દ્રવ્યનિક્ષેપથી વર્તમાન પ્રતિભાસે છે. ઓહો..હો..! આ વાત! જૈન સિવાય ક્યાંય નથી. ભવિષ્ય અને ભૂત બેય. કેવળી વર્તમાન છે એમ કીધું એમાં. અને આ પરિણમ્યો એટલો ભાવપણે છે. પરિણમ્યો એટલો ભાવપણે છે. જેટલું સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર... સમજાયું? અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન આદિ જેટલું પરિણમન ભાવરૂપ ઉલ્લસીત થયું, દ્રવ્ય ઉલ્લસ્યું, ફાટ્યું આમ. દ્રવ્ય આમ ઉલ્લસ્યું પર્યાયમાં. વર્તમાન, વર્તમાન. ઉલ્લસીત, પ્રકાશીત પ્રતિભાસે છે. કઈ નયે આમ પ્રતિભાસે છે? ભાવનયે આમ પ્રતિભાસે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? અર્થાત્.. એ દૃષ્ટાંત જરી લોકનો આપ્યો. સ્ત્રી પુરુષની ક્રિયાપણે પ્રવર્તે એવો દાખલો છે. સમજાણું કાંઈ?

**'(અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે,...'** દ્રવ્યમાં તો બધું પડ્યું છે પૂર્ણ સર્વજ્ઞ આનંદ આદિ, પણ જેટલું ઉલ્લસીત થઈને પર્યાયમાં આવ્યું, સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ, શાંતિ વગેરે એ વર્તમાન પર્યાયરૂપે દ્રવ્ય, એ આત્મદ્રવ્ય વર્તમાન પર્યાયરૂપે પ્રતિભાસે છે. એ દ્રવ્ય જે આત્મા છે તે જ ભાવનિક્ષેપ, ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રતિભાસે છે. સમજાણું કાંઈ? ખુબી તો ઈ છે કે ભાવનયે પ્રતિભાસિત જેટલું થયું એમાં આવી આવી યોગ્યતાના ધર્મ ગણવામાં આવ્યા છે. જેને ભાવનયની વર્તમાન પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પરિણમનની પર્યાય નથી એમાં આ ધર્મ નથી. સમજાય છે કાંઈ?

અહીં તો ભાવનયે સમ્યક્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું કે સમ્યક્ચારિત્ર (થયું), પોતાની પર્યાય દ્રવ્યથી ઉલ્લસિત થઈને પર્યાયમાં પ્રકાશિત થયું. એવો ભાવનય વર્તમાનમાં ભાસે છે

તે જ જીવને એ જ સમયમાં દ્રવ્યનયે ભવિષ્યમાં કેવળજ્ઞાન થશે એમ વર્તમાન પ્રતિભાસે છે. ભૂતકાળમાં કોઈ ચાર જ્ઞાન આદિ દેખાઈ ગયા હોય અને વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ હો.. સમજાણું કાંઈ? તો એ ચાર જ્ઞાન પણ વર્તમાનમાં પ્રતિભાસે છે. કેવળજ્ઞાન તો થયું જ નથી એટલે એનો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ?

'**આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે...**' જેવી પુરુષની ચેષ્ટા છે એવી જ સ્ત્રી ચેષ્ટા કરતી હોય એ રીતે દ્રવ્યમાં જેવું છે એવું ભાવમાં આવીને દશા ઉલ્લસીત થઈ ગઈ એને ભાવનિક્ષેપે, ભાવનયે જાણવામાં આવે છે કે હું પર્યાયમાં આટલો પરિણત થયો છું. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેટલા પરિણમ્યા છે તેને પ્રતિભાસે છે. સમજાય છે કાંઈ? આવા પ્રતિભાસમાં બધા ધર્મ પ્રતિભાસે છે. મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધામાં આ એક્કેય ધર્મ પ્રતિભાસતા નથી. શેઠી! સમ્યગ્જ્ઞાન થયું વર્તમાન ભાવનિક્ષેપથી પરિણત, ઉપયોગે પરિણત પર્યાય થઈ. ... કેવળજ્ઞાન પણ વર્તમાન ભાસે છે, ભૂતકાળમાં ચાર જ્ઞાન થયા હોય તો વર્તમાન ભાસે છે, ભૂતકાળમાં મેં આવા આવા કામ કર્યા હતા એ વર્તમાનમાં જ્ઞાનમાં આવો ધર્મ જોવે છે, બસ! આહા..હા..! જૈન પરમેશ્વરનું આત્મતત્ત્વ એવું સર્વનું તત્ત્વ. સમજાણું કાંઈ?

એક સમયનો તે તે સમયનો એ જ ધર્મ. બીજા સમયે વળી શુદ્ધિમાં વૃદ્ધિ થઈ, કાળનું પરિણમન તે સમયમાં તેટલો તે ધર્મ. સમજાણું કાંઈ? બહુ ઝીણું પડે માણસને. આ તો એકલી જ્ઞાનની જ વાત. પણ પ્રભુ! તું એકલો જ્ઞાન જ છો. એકલો જ્ઞાન, એકલો આત્મા. જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન વિના વસ્તુ શું પણ? આત્મા એટલે શું? આત્મા એટલે શું? કે જ્ઞાનનો પુંજ તે આત્મા. એની સાથે ભલે અનંત ગુણ હો. પરમભાવ દૃષ્ટિથી જુઓ, પરમભાવ ગ્રાહક દૃષ્ટિથી. પરમભાવ. અને જ્ઞાનભાવથી દેખો તો જ્ઞાન એ જ આત્મા. આત્મા એટલે બીજી ચીજ નહિ. જગતનો ચક્ષુ આત્મા. દેખનાર જાણનાર આત્મા. એ આત્મામાં આવું અનંત જ્ઞાન થવાની તાકાત છે. સાધકજીવની વાત ચાલે છે હોં! પૂર્ણ સિદ્ધની તો વાત શું કરવી! સમજાય છે કે નહિ આમાં? એક ધર્મ ગણ્યો. ઓહો..!

આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ છે એ એક ધર્મ છે. ઈ એક ધર્મ છે. પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાની અવસ્થા અને પોતાનો ભાવ પણ અસ્તિ એક ધર્મ છે. એમ પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિ એ પણ એક ધર્મ છે. અને આ અભેદ પણ એક ધર્મ છે અને ભેદ પણ એક ધર્મ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? અહીં તો એકલા આત્માની વાત ચાલે છે.

હવે ૧૬મા પણ સામાન્યનયમાં એક ધર્મ કહે છે. શું કહે છે? તે '**આત્મદ્રવ્ય...**' એ જ આત્મદ્રવ્ય, દ્રવ્ય તો એનું એ. જીવ એનો એ અને ધર્મ ક્રમસર કહેવામાં આવે છે. ધર્મ તો એકસાથે એક સમયમાં બધા છે. તે જ '**આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર-માળા-કંઠીના**

**દોરાની માફક,...**' હાર, માળા અને કંઠી એનો દોરો અંદરનો. સળંગ સળંગ દોરો. સમજાણું કાંઈ? હાર, માળા, કંઠી. '**सामान्यनयेन हारस्रग्दामसूत्रवद्वयापि**' ઈ શું શબ્દ છે? ... કહો, સમજાણું કાંઈ? હાર, માળા અને કંઠી. ... છેને? સમજાણું? જેમ હારમાં અથવા માળામાં કે કંઠીમાં ત્રણેમાંથી ગમે તે એક. એમાં દોરો જેમ સળંગ છે સળંગ. સળંગ કહે છે? શું કહે છે? સીધા? સીધું તો વાંકુ સામે સીધું હોય. વાંકાની સામે સીધું હોય. આ તો વ્યાપકની સામે શું લેવું છે? બધામાં દોરો, બધામાં સળંગ વ્યાપક છે. માળામાં દોરો.. દોરો.. દોરો... આત્મદ્રવ્ય સામાન્યનયે '**(અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે,...**' સર્વ એક એક પર્યાય. જે માળા છેને માળા? માળામાં એક એક જે મણકો, મણકો કહે છેને? એમાં દોરો વ્યાપ્ત રહે છે. દોરો બધામાં વ્યાપ્ત છે. આમ વ્યાપક તરીકે વ્યાપ્ત. વ્યાપ્ય એ અવસ્થા અને વ્યાપક દોરો. સમજાણું કાંઈ?

માળા, હાર અને કંઠી એના દોરાની માફક. દોરાની માફક '**આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે,...**' એમ લેવું છેને અહીં તો. સર્વ પર્યાયોમાં વ્યાપ્ત રહે છે. સર્વમાં. એક એક મણકામાં જુદો એમ નહિ. બધા મણકામાં દોરો-સુતર ચાલ્યું આવે છે. સુતર ચાલ્યું આવે છે. ઈ આવ્યું. શું કહે છે? વ્યાપક છેને? જુઓને, વ્યાપકનો અર્થ કરવો છેને. '**આત્મદ્રવ્ય સામાન્યનયે...**' સામાન્ય એટલે એમાં જેમ મોતી લેવું કે કંઠીની કડી લેવી એમ નહિ, એમાં જે દોરો છેને, ત્રાંબાનો દોરો હોય કે પીત્તળનો દોરો હોય, કોઈપણ દોરો .... એ બધામાં જેમ દોરો વ્યાપક છે, અહીંયા ભગવાન પોતાની બધી પર્યાયમાં સામાન્યપણે વ્યાપક જ છે. જેટલી પોતાની પર્યાય નામ અવસ્થા થાય છે એમાં સામાન્યપણે એ દ્રવ્ય જ વ્યાપક છે. સમજાણું કાંઈ?

અહો..! મુનિઓ જંગલમાં રહીને આ શ્રુતજ્ઞાનના પ્રવાહની ધારા ચાલતી હતી, વિકલ્પ આવ્યો ... નરસિંહ મહેતાના વખતમાં આવ્યા હતા ભગવાન ... ફલાણું આવે છેને એમાં? ઈ ભગવાન નહિ, આ ભગવાનની વાત છે. આ પોતાનો ભગવાન આત્મા પ્રત્યેક પર્યાયમાં હાજર છે. સામાન્યપણે બધે ઠેકાણે વ્યાપક છે એવો પોતામાં ધર્મ જોવે છે. આમાં તો સામાન્યપણે એનો એ દોરો જેમ રહે છે, એમ એનું એ સામાન્યપણું સળંગ (રહે છે). ... ધર્મ નહિ, સામાન્ય પણ એક ધર્મ છે, અભેદ પણ એક ધર્મ છે, દ્રવ્યનયનો પણ એક ધર્મ છે. પછી ઈ આવશે. એક નિત્યનયનો પણ એક ધર્મ છે. ઓહો..!

ધર્મનો અર્થ, ધર્મનો અર્થ શું કર્યો? ધર્મનો અર્થ શું કર્યો? ... અહીં તો તૈયાર હોવું જોઈએ. એમ કંઈ ન્યાં.... ધર્મનો અર્થ આપણે કેટલી વાર કરી ગયા કે ધર્મ એટલે તે પ્રકારની યોગ્યતાને ધારે તે ધર્મ. અત્યારે એક એક પણ ધર્મ એટલે શું એમ પૂછ્યું હતું મેં. ધર્મ પૂછ્યું હતુંને ભાઈ? એમ નહોતું પૂછ્યું કે ધર્મ એક છે કે બે? ધર્મ આપણે ચાલે છે. સંવર નિર્જરાનો ધર્મ ચાલે છે કે નહિ? એમ કહેવું .... સમજાણું કાંઈ? સંવર, નિર્જરાની એક

પર્યાયનો એક ધર્મ. ધર્મ નામ ધારી રાખેલો ભાવ, ધારી રાખેલો ભાવ. સમજ્યા? આત્મામાં ધારેલો એવો ભાવ, યોગ્યતા. દ્રવ્યની યોગ્યતા, ગુણની યોગ્યતા, કોઈ પર્યાયની યોગ્યતા એવા ધર્મ છે. હવે આત્મદ્રવ્ય... ૧૭.

'**વિશેષનયે,...**' લ્યો. આત્મદ્રવ્ય તે જ સમયે. સામાન્ય ધર્મ છે તે જ સમયે વિશેષ ધર્મ છે. જે સમયે ભેદ ધર્મ છે, તે જ સમયે અભેદ ધર્મ છે. આખું તોડી નાખ્યું વેદાંત... પાર નથી કહે છે. એવી તાકાત તારા જ્ઞાનના અનંત ગુણોને જાણવાની, અનંત ધર્મોને જાણવાની, ભેદાભેદને જાણવાની. આહા..! જુઓ! વસ્તુનો સ્વભાવ છે, સ્વભાવ છે. સ્વભાવ કાઢી નાખે, એક કાઢી નાખે તો આત્મા રહેતો નથી. સમજાણું કાંઈ? ઓહો..! તે '**આત્મદ્રવ્ય...**' તે આત્મદ્રવ્ય. બધામાં તે તે આવતું હતુંને. એનું એ આત્મદ્રવ્ય એમાં એક '**વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે...**' તેનાથી એટલે માથે કહ્યું હતુંને? હાર, માળા, કંઠી વગેરે. મોતીની માળા એના એક મોતીની માફક, એક જ મોતી. હારનું એક મોતી, હારની એક કડી. કંઠી કંઠી કહે છેને, કંઠી. '**અવ્યાપક છે...**' એ વ્યાપક પણ છે અને પર્યાય અપેક્ષાએ અવ્યાપક પણ ઈ છે. સામાન્યની અપેક્ષાએ વ્યાપક પણ છે એવો ધર્મ, એક એક અંશની અપેક્ષાએ વ્યાપક નથી એવો પણ એક ધર્મ. સમજાણું કાંઈ?

તે '**આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક...**' તે માળાનું એક મોતીની માફક '**અવ્યાપક છે...**' એક મોતી બીજા સ્થાનમાં છે? દોરો તો બધામાં છે. એક મોતી ક્યાંક છે, બીજું મોતી ક્યાંક છે, ત્રીજું મોતી ક્યાંક છે. '**(અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ.)**' પેલામાં આખી માળામાં (દોરો) વ્યાપક હતો. દોરો બધા મોતીમાં વ્યાપ્ત હતો. આ એક મોતી એક મોતીમાં છે. ઓહો..હો..! જુઓ! માળાનો આવ્યો હતોને દાખલો? આમાં જ આવ્યો હતોને ૯૯માં? સમજાણું કાંઈ? એક સમયની પર્યાય અનંત ગુણની, ઈ એક પર્યાય વિશેષનયે વિશેષ ધર્મ એમાં દેખે છે. એ જ સમયનો, એ જ સમયનો નિશ્ચિત તે જ ધર્મ. સમજાણું કાંઈ?

વિશેષ જે છે તે સમયનું અનંત ગુણનું, એક પર્યાય એ બધામાં વ્યાપક નથી. ગુણ-દ્રવ્ય વ્યાપક છે, પર્યાય વ્યાપક નથી. પર્યાય તો એક સમયમાં એક, એવો વિશેષ ધર્મ, વિશેષ ધર્મ પોતાના આત્મામાં એક સમય પૂરતો દેખાય છે. સમજાણું કાંઈ? પર્યાય તો એક સમય હોય છે. ઉપયોગ તો અસંખ્ય સમયે લાગુ પડે છે. પણ પ્રતીતિમાં છે કે નહિ? ખ્યાલમાં છે કે નહિ ખ્યાલમાં? કે એક સમયમાં એક ધર્મ-વિશેષ પર્યાય છે. ખ્યાલમાં ગમે તે કાળે આવો અસંખ્ય ... એક જ સમયમાં સામાન્ય એવો વિશેષ (ધર્મ). એક સમયની પર્યાય વિશેષ છે તે બધામાં વ્યાપક નથી, બધામાં નથી રહેતી. એક સમયની પર્યાય એક સમય જ રહે છે. મોતી મોતી જ રહે છે. મોતીનું સૂતર એકસાથે ગણવામાં આવ્યું. પણ ભાવથી ગણો તો આ મોતી, આ મોતી, આ મોતી... ઈ તો ક્ષેત્રથી ગણવામાં આવ્યું,

આ તો કાળથી. સમજાય છે કાંઈ?

દાખલો આપ્યો છે ૯૯ ગાથામાં. મોતીની લટકતી માળા, લટકતી માળા. એમાં પર્યાય જે સમયે જ્યાં જે હોય તે અવસ્થિત છે, તે જ સમયની અવસ્થા વિશેષનયે તેમાં વ્યાપક છે, બીજામાં નહિ. બીજામાં બીજી, ત્રીજામાં ત્રીજી. એ ધર્મ થઈ ગયોને એની એ સમયની પર્યાયનો? વ્યવસ્થિત હશે કે નહિ? ક્યાંથી કાઢ્યું? ... શું છે? એક એક સર્વમાં વ્યાપક નથી તો તે સમયમાં એક વ્યાપક છે. તો નિશ્ચિત છે કે નહિ? આ પર્યાય એમાં વ્યાપક છે, આ પર્યાય બીજામાં નથી, બીજી આમાં નહિ અને આ આમા નહિ. દોરો તો બધામાં વ્યાપક થયો. પણ વિશેષનયે આ પર્યાય એમાં જ વ્યાપક છે. વ્યાપ્ય એટલું બસ. આ છે તો કોઈ છે કે નહિ? કંઈ નિશ્ચિત છે કે નહિ? એનું વિશેષ કંઈ નિશ્ચિત છે કે નહિ? કોણ જાણે આ હોય કે આ હોય? આ હોય કે આ હોય? એમ છે? આ જ એટલે નિશ્ચિત જ છે ઈ. થઈ એ નિશ્ચિત અહીં થયેલાની વાત કરે છેને. ... વિશેષ લાવવાની વાત નથી. એક સમયમાં જે વિશેષ પર્યાય છે અહીંયા એક સમયની એ પોતામાં વ્યાપ્ય છે, આગલી નહિ-બીજામાં નહિ, પહેલામાં નહિ. દોરાની જેમ નહિ. સમજાણું કાંઈ?

એક વિશેષ ધર્મ ગણ્યો છે. વિશેષ ધર્મ આ સમયે આવો જ હોય એમ ક્યાં છે? પણ એમ ન હોય તો વિશેષ રહ્યો ક્યાં? ક્યા પ્રકારનું વિશેષ? સમજ્યા? આ થયું તે પ્રકારનું વિશેષ. બસ. થયું તે પ્રકારનું વિશેષ. એક સમયની પર્યાય પોતાથી વ્યાપી છે. સમજાણું કાંઈ? ૯૯ ગાથામાં કહ્યું એ બધું ટોટલ કરીને નાખ્યું છેને આમાં. આવો ધર્મ પોતામાં જ્ઞાની દેખે છે. પૂર્વની અવસ્થા પૂર્વમાં અને પછીની અવસ્થા પછીમાં. છે કે નહિ ૯૯માં? આ તો હિન્દી છેને. હિન્દીમાં ક્યાં ખ્યાલ (આવે)? ન્યાં ઝીણા અક્ષર છે. '**લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે,...**' ૯૯ ગાથા છે. '**પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતી પ્રગટ થતાં હોવાથી...**' હિન્દીમાં ૧૨૫ પાનું છે, હિન્દીમાં ૧૨૫ છે. સમજાણું આવ્યું? ગુજરાતી નથી આવ્યું.

'**અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો...**' દેખો! '**અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે; તેમ જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે, પોતપોતાના અવસરોમાં...**' પોતપોતાના અવસરોમાં '**પ્રકાશતા (પ્રગટતા)...**' વિશેષ '**સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી...**' એ હાથ ન આવે ઝટ. '**અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...**' એ તો પ્રગટ નથી થતા એમ કહે છે. તે જ સમયે તે પ્રગટ થાય છે. તે જ સમયનું સત્ એ અંશ વિશેષ બધામાં વ્યાપક નથી. આ અંશ બધામાં વ્યાપક નથી, એમ

બીજો બધામાં વ્યાપક નથી, ત્રીજો બધામાં વ્યાપક નથી. સમજાણું કાંઈ? ...

આત્મદ્રવ્યમાં આવો એક ધર્મ છે, એ જ્ઞાની પોતાની પર્યાયમાં એ વિશેષ પર્યાય જે સમયની છે તે એક સમયની આ જ છે એમ વિશેષ ધર્મ દેખે છે. સમજાણું કે નહિ? આ જ છે એવો કોઈ નિર્ણય નહિ? જ્ઞાને વિષય શું કર્યો? આ સમયનું વિશેષ પોતાથી વ્યાપ્ય છે.

મુમુક્ષુ :— અક્રમ...

ઉત્તર :— અક્રમ કોણ કહે છે? અક્રમમાંથી ક્રમ થાય છે. અક્રમમાંથી... અક્રમ દોરો. એમ અક્રમ ગુણ એમાં ક્રમિક થાય છે. અક્રમ સામાન્ય, ક્રમ વિશેષ. આ ક્રમ સામાન્ય બધામાં વ્યાપક. વિશેષ એક એકમાં વ્યાપક. .... સમજાણું કાંઈ? વસ્તુનો વ્યવસ્થિત પર્યાય એ સમયે વિશેષ ધર્મ જે છે એને જ્ઞાની વિશેષ ધર્મથી હું છું એમ જાણે છે. એ વિશેષ ધર્મ મારામાં મારાથી છે એમ જાણે છે. લ્યો, વળી આ એક આવ્યું. સમજાણું કાંઈ? શું કહે છે?

આત્મદ્રવ્ય વિશેષનયે એના એક મોતીની માફક અવ્યાપક. પોતાની પર્યાય વિશેષનયે પોતાની પર્યાયનો ધર્મ પોતાથી છે એમ જોવે છે કે નહિ? કે વિશેષ પર્યાય બીજા નિમિત્તથી એનો ધર્મ છે એમ દેખે છે? આ ધર્મ તો વિશેષનયનો પોતાનો છેને. સામાન્ય તો ઠીક, ભઈ ચાલો વ્યાપક છે. પણ વિશેષનયે વર્તમાન વિશેષ પર્યાય પોતાનો ધર્મ છે એમાં પોતામાં વિશેષ છે. એક તો વિશેષ પરથી નથી એ થયું, બીજું વિશેષ તે જ વિશેષ સમયનું છે એ વિશેષ થયું. સમજાણું કાંઈ? એક સામાન્ય ... છે અને વિશેષ ધર્મ પોતાનો છે, વિશેષ ધર્મ. ઓલા કહે છેને કેટલાક, વિશેષ પર્યાય તો નિમિત્તથી પરેણ જાય તે પર્યાય. ભારે... વિશેષ એટલે પર્યાય. પર્યાય એટલે પરેણ જાય તે પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? પરથી થાય તો પર્યાય. પર્યાય છેને. અરે..! પર્યાયનો અર્થ એવો ક્યાં છે? ... પર્યાયને પામે-પહોંચે. સમજાય છે કાંઈ? સમજાણું? .. વાત છે કે નહિ? એ પણ પ્રભુ છેને. એની ચીજમાં જે ભાળે એને ના પાડે નહિ. ઈ ના પાડે? આમાં એમ કહે, નહિ. ... જેમ છે એમ છે.

સમ્યક્જ્ઞાન થયું તો સમ્યક્જ્ઞાની અનંત ગુણમાં ગુણને વ્યાપક દેખે છે અને એક એક સમયની વિશેષનયે પર્યાયને પણ ભાળે છે. એ મારો વિશેષ ધર્મ છે. વિશેષ ધર્મ મારો છે. પોતપોતાની પર્યાય પોતામાં છે એ પર્યાય વિશેષ ધર્મ મારામાં છે એમ જોવે છે. વિશેષ ધર્મ પોતામાં જોવે છે. પરથી છે એમ નથી દેખતો. સમજાણું કાંઈ? આ તો વિકાર, અવિકાર બધું વિશેષમાં આવી ગયુંને. અશુદ્ધ, શુદ્ધ નય આવી ગઈને. વિકાર, અવિકાર બધું સાધક છેને. ન્યાં ક્યાં કેવળજ્ઞાની શુદ્ધ થઈ ગયો છે. ન્યાં ક્યાં મિથ્યાદૃષ્ટિ છે તો નિર્મળતા સાથે નથી? તો કહે છે કે નિર્મળ અને સમળ બેય એક સમયની વિશેષ પર્યાય એ પોતાથી પોતામાં ધર્મ છે એમ જોવે છે. સમજાણું કાંઈ? એ નય તો અશુદ્ધ અને શુદ્ધ એક એકમાં લઈએ

છીએ, એક અશુદ્ધનય અને એક શુદ્ધનય છેલ્લી. અહીં તો વિશેષમાં બધી આવી. જેટલા વિશેષ પોતાની પર્યાયમાં વિકાર, અવિકાર, શુદ્ધ, અશુદ્ધ છે એ બધા વિશેષ ધર્મને એક ધર્મ ગણ્યો. પેલામાં શુદ્ધ અને અશુદ્ધ બે ધર્મ ભિન્ન ભિન્ન ગણ્યા. આ વિશેષમાં અનંત ગુણની અનંતી પર્યાય કેટલીક શુદ્ધ અને કેટલીક અશુદ્ધ બધા વિશેષ ધર્મ પોતાની પર્યાયમાં વિશેષ ધર્મ વિશેષ જોવે છે. પોતાના વિશેષ છે, પોતાનો ધર્મ પોતાથી છે, પરથી નથી, સંયોગથી નથી. ઉપાદાન શક્તિ છે, નિમિત્ત સંયોગરૂપ ભાવ. સંયોગરૂપ ભાવથી વિશેષરૂપ ભાવ છે? સમજાણું કાંઈ? ધર્મી આત્મદ્રવ્યને વિશેષનયે એક મોતીની જેમ. એક પર્યાયની માફક. એક પર્યાય બધામાં વ્યાપક નથી. એવી એક એક પર્યાયને દેખે છે. એમ. '**આત્મા વિશેષનયે અવ્યાપક છે...**' આ એક પર્યાય આગળ નથી ચાલતી, આ પર્યાય આગળ નથી ચાલતી, આ પર્યાય પૂર્વે નહોતી. સમજ્યા? '**જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ.**' એમ ભગવાનની એક સમયની પર્યાય બધા ધર્મમાં વ્યાપક નથી. એક સમયની અનંત ગુણની અનંત પર્યાય એક સમયની ... એવો પોતાનો વિશેષ ધર્મ જોવે છે. પણ જોઈને પણ અંદર શુદ્ધ ચૈતન્ય ધર્મ ઉપર એની દૃષ્ટિ છે. વિશેષનો આશ્રય લેવો અને વિશેષ ધર્મનો આશ્રય લેવો એમ નથી. એમ એક ધર્મનો આશ્રય લેવો એમ નથી. હું તો અનંત ગુણનો પિંડ શુદ્ધ ચૈતન્યધાતુ એના આશ્રયથી વિશેષની સિદ્ધિ થાય છે. છે વિશેષ ધર્મ, પણ શુદ્ધિ થાય છે દ્રવ્યના આશ્રયે. એમ જ્ઞાની પોતાને જાણે છે અને માને છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૦, બુધવાર, તા. ૭.૧૧.૧૯૬૨**
**નય-૧૭ થી ૨૩, પ્રવચન-૪૨**

પ્રવચનસારનો નય અધિકાર ચાલે છે. પરિશિષ્ટ છેને. ૧૭ થઈ ગઈ ૧૭ કાલે. શું છે આ અધિકાર? કે આત્મા એ રીતે એક સમયમાં એના દ્રવ્ય, એના ગુણો અને એની વર્તમાન પર્યાય અને એમાં અધિષ્ઠિત રહેલા ધર્મો એ બધાનું બરાબર જ્ઞાન હોય, એ જ્ઞાન સહિત અંતર શુદ્ધ ચૈતન્ય આત્મામાં અંતર એકાગ્ર થઈને ... ધર્મની ઉત્પત્તિ થાય એનાથી ધર્મની વૃદ્ધિ થાય અને ધર્મ રહેલો એ એનાથી ટકે. સમજાણું? ધર્મ એ આત્માનો અંતર શુદ્ધ ચૈતન્યસ્વભાવ વસ્તુનો ત્રિકાળ એની દૃષ્ટિ સહિત એના જ્ઞાનમાં કેટલીક ધર્મમાં અને એક દ્રવ્યમાં યોગ્યતાઓ સાધકજીવમાં એ પ્રકારની છે. તેને તે એક એક ધર્મને, એક એક નય એ ધર્મને જાણે. ધર્મ એટલે ધારી રાખેલો ભાવ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જૈનધર્મ એટલે આત્માનો ધર્મ. જૈનધર્મ એટલે આત્માના ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થઈને જે શાંતિ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય એનું નામ જૈનધર્મ. અને એ જૈનધર્મમાં જે ભાન થયું દૃષ્ટિમાં આત્માનું એમાં જે જ્ઞાન થાય, એની વર્તમાન યોગ્યતામાં ગુણમાં, દ્રવ્યમાં કઈ કઈ યોગ્યતા, ધર્મ છે એને પણ એ જ્ઞાન જ્ઞેય તરીકે જાણે. શેઠી! ધર્મની ભારે વ્યાખ્યા. ધર્મચંદજી! જુઓ! ૧૭મી આવી.

વિશેષ ધર્મ છે ધર્મ, એ ગુણ નથી. સમજાય છે કાંઈ? આમાં કહ્યું છેને ૧૭માં? એક મોતીની માળા એમાં એક મોતી એ એક મોતીમાં જ વ્યાપે છે. એમ વિશેષનયે તેના એક મોતીની માફક આત્મા અવ્યાપક. એક સમયની પર્યાયમાં એ પર્યાય વ્યાપ્ય છે. પહેલાની, પછીની, દ્રવ્ય-ગુણમાં એ નથી. એવો એક એનો ધર્મ છે, ગુણ નહિ. ગુણ હોય તો એની પર્યાય હોય. આનો વળી આ વિશેષગુણ અને વળી એની પર્યાય એમ નથી. પર્યાયનો ધર્મ આવ્યો એ. એક સમયમાં મોતીની માળામાં જેમ મોતી એક એક એ બધા મોતીમાં વ્યાપતું નથી, પ્રસર્યું નથી, રહેલું નથી. એમ આત્મા એક સમયની અનંત ગુણની જે અવસ્થા-વર્તમાન પર્યાય એટલે એનો એક વિશેષ પર્યાયધર્મ છે. સામાન્ય ધર્મ તો ત્રિકાળ દરેક પર્યાયમાં વ્યાપેલું તત્ત્વ ત્રિકાળી આત્મદ્રવ્ય દરેક પર્યાયમાં વ્યાપેલું તેને સામાન્ય ધર્મ કહે. સમજાણું કાંઈ? એ સામાન્ય ધર્મનો પાછો વળી બીજો વિશેષ ધર્મ, વિશેષ પર્યાય એમ નહિ. સમજાણું કાંઈ?

આ સામાન્ય જે ધર્મ છે એ એક ધર્મ એની લાયકાતવાળો એક ધર્મ છે. ત્રિકાળ અનંત ગુણ સામાન્ય ગુણો અને એની જે વિશેષ પર્યાય એ તો ગુણની પર્યાય છે. સમજાણું કાંઈ? આ જે છે કે આત્મા દરેક પર્યાયમાં વ્યાપક સામાન્ય એની વળી કોઈ બીજી અવસ્થા, એ તો કાયમ રહેવાની અપેક્ષાએ, સદશપણાની અપેક્ષાએ, વ્યાપકપણાની અપેક્ષાએ તેને સામાન્ય ધર્મ કહ્યો, આ વ્યાપ્ય અપેક્ષાએ વિશેષ ધર્મ એક કહેવામાં આવ્યો. એનામાં છે. ધર્મ વળી જુદો ને ગુણ જુદો ને આ શું વળી? તત્ત્વ શું છે? કઈ રીતે છે? કેમ છે? એની ખબર ન મળે અને ધર્મ કરવો છે. ધર્મ શી રીતે થાય? વસ્તુ ધર્મનો ધરનાર એવું દ્રવ્ય, એની શક્તિઓ, એની દશાઓ એમાં યોગ્યતાની લાયકાત ધર્મ દશા. એના સત્તામાં જે જે હોય એનું જ્ઞાન યથાર્થ ન હોય તો એને શુદ્ધ ચૈતન્ય અંતર્મુખ પ્રભુ અંતર્મુખ થઈને ચૈતન્યની અંતરમાં એકાકાર થાય ત્યારે એને અંતર દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિનો ધર્મ થાય. એ વિના ધર્મ થાય નહિ. કહો સમજાણું કાંઈ? આ સામાયિક કરી નાખી, પોષા કર્યા, પડિકમણા કર્યા અને ધર્મ થઈ ગયો. હતી કે દિ' સામાયિક તને? હજી દૃષ્ટિ શું તેની ખબર નથી. વાડીભાઈ! પોષા કર્યા ને પડિકમણા કર્યા ને આ કર્યા ને અપવાસ કર્યા. એ બધું કર્યું લાંઘણ અને બધો કર્યો અધર્મ. એ અધર્મ છે. રાગની મંદતા કંઈક થઈ હોય પણ સાથે મિથ્યાત્વનો-વિપરીત અભિપ્રાયનો કષાય અનંતો વળગ્યો છે. સમજાય છે કાંઈ?

આત્મતત્ત્વ એક સમયમાં આવા અનંત ધર્મવાળું છે. એમાં કેટલાક તો ગુણો છે, કેટલાક પર્યાય છે, કેટલોક દ્રવ્ય સ્વભાવ છે. એમાં આ વિશેષ પણ એનો એક ધર્મ છે. વળી એ વિશેષનો એક વિશેષ પાછો કોઈ પર્યાય હોય એમ નહિ. સમજાય છે કે નહિ આમાં? સામાન્ય વિશેષ વિના હોય નહિ અને વિશેષ સામાન્ય વિના હોય નહિ એવું નથી આવતું? એ બીજી અપેક્ષા છે. સામાન્ય જે ત્રિકાળ શક્તિઓ છે એની કોઈ વિશેષ અવસ્થા હોય, હોય ને હોય એમ ત્યાં કહેવું છે. અહીં તો સામાન્ય વિશેષ એક એક ધર્મ કહેવા માંગે છે. સમજાણું કાંઈ?

(૧૮) હવે આવ્યો એક નિત્યધર્મ. ગુણ નહિ. ગુણ હોય એ આત્મામાં એની શક્તિ એની વર્તમાન પર્યાયપણે પરિણમે એને ગુણ કહેવામાં આવે. આ નિત્ય છે એ ગુણ નથી. એનું કાયમ એકરૂપ ટકવું એ અપેક્ષાએ તેનો એક ધર્મ આત્મામાં એટલે ભાવ એ જાતનો આત્માએ ધારી રાખ્યો છે. સમજાય છે કાંઈ? એ '**આત્મદ્રવ્ય...**' અત્યાર સુધી જેટલા નયો કહ્યા અને જે ધર્મો કહ્યો એ આત્મદ્રવ્ય વસ્તુ પોતે '**નિત્યનયે...**' જ્ઞાનનો એક અંશ જે નિત્ય ધર્મને જાણે એ નયને નિત્યનય કહેવામાં આવે છે. સકલ અવસ્થાયી. સામાન્યમાં સર્વવ્યાપક લીધું. અહીં અવસ્થાયી (લીધું છે). ટકવું, ટકવું, ટકવું એવી અપેક્ષા છે અહીં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એમાં એક એવી યોગ્યતારૂપી ધર્મ રહેલો છે કે '**નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે...**' નટ તો તેનો તે. ગમે તે વેષ ધારણ કરે. રામ, રાવણ આદિ અનેક અવસ્થા ધારણ કરે છતાં નટ તો અવસ્થાયી છે. સામાન્યમાં તો વ્યાપક હતું, આ તો નટ તો તેનો તે રહે છે. અવસ્થાયી તરીકે નિશ્ચય તરીકે એનો એ રહે છે. ગમે એટલા રામ, રાવણના રૂપ ધારણ કરે. સમજાણું?

આત્મપદાર્થ.. રામ રાવણના .. એકસાથે રામ, રાવણ બે રૂપ નથી. એકસાથે તો હોય નહિ, રામ હોય ત્યારે રાવણ નહિ અને રાવણ હોય ત્યારે રામ ન હોય. એકસાથે હોય નહિ. સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક,...**' એક એનામાં એવી યોગ્યતા છે કે અવસ્થાયી ટકી રહેવું, ટકી રહેવું એટલી અપેક્ષા છે આમાં. સામાન્યમાં વ્યાપકની અપેક્ષા હતી. બધી પર્યાયમાં તેનો તે રહે. અહીં ટકી રહેવું. સમજાણું કાંઈ? '**નટની માફક, અવસ્થાયી છે...**' અવસ્થાયી એટલે તે ટકી રહેલો છે. ગમે તેટલા વેષ હોય એ ટકી રહેલો છે. '**(અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય ટકનારો છે, જેમ રામ રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં...**' એનો એ માણસ કોઈ વખતે રામનું રૂપ ધારણ કરે. રૂપ ઓલો. રામ નહિ પોતે. આવે છેને, કથામાં આવે છે. ... સીતાજીને કેમ વશ કરવા? આવે છે. કોઈએ કહ્યું, રામનો વેષ ધારણ કર. તો રાવણે રામનો વેષ ધારણ કર્યો. ઓલા મૂળ રામ નહિ. સમજાણું કાંઈ? જ્યાં રામનો વેષ ધારણ કર્યો ત્યાં મારી વૃત્તિઓ પલટી જાય છે. રામનો વેષ જ્યાં ધારણ કરું ત્યાં મારી વૃત્તિઓ પલટી જાય છે. એ માતા તરીકે દેખાય છે, એ પત્ની તરીકે કરું એ ભાવ મારો ઊડી જાય છે. રામનો વેષ જ્યાં ધારણ કરું, એમ

રાવણ કહે છે, બીજાએ કહ્યું કે આ સતી છે, રામ સિવાય કોઈની સામું જોશે નહિ. મહા પતિવ્રતા છે. એની જો ... થઈ તો એ દષ્ટિએ બાળીને ભસ્મ કરી નાખશે એવી એ છે. ત્યારે વશ કરવાનો ઉપાય? રામનો વેષ ધારણ કરે. આબેહૂબ... ... મગનભાઈ ક્યાં ગયા? નથી? ... જ્યાં રામનો વેષ લઉં ત્યાં મારી વૃત્તિ ફરી જાય છે. હજી એનું રૂપ લઉં ત્યાં ફરી જાય છે. સીતા તરીકે લેવાની વૃત્તિ થતી નથી. માતા એમ થઈ જાય છે. રામનો વેષ ધારણ કરું ત્યાં. એટલે એના એ માણસે રામનો ભેષ ધારણ કર્યો. એમ અહીં મેળવવું છે. સમજાણું કાંઈ?

એમ એનો એ માણસ પાછો રાવણનો (વેષ ધારણ કરે). એ તો મૂળ જે રૂપ છે ઈ ધારણ કરીને આવે, એની પાસે ગયો. અરે..! રાવણ! હાથ અડાડીશ નહિ. અમે પતિવ્રતા સ્ત્રી તરીકે છીએ. દૂર રહે. રાડ નાખી જાય અંદરથી. કહે છે કે એ રામ અને રાવણના રૂપ ધારણ કર્યા પણ જીવ તો એનો એ છે. એમ નટે, આ તો નટની વાત ... નટે કોઈ વખતે રામનું રૂપ ધારણ કર્યું અને રાવણનું રૂપ ધારણ કર્યું. **'અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ.'** ... રામલીલા. એ તો આબેહૂબ રામ અને લક્ષ્મણ. ... પંદર રૂપિયાનો પગાર હશે. ૬૫-૬૬ની વાત છે, ૬૫-૬૬ની વાત છે. રામ ને લક્ષ્મણ, સીતા.. ઓહો..હો..! અંદરથી એ વખતે એવું થઈ ગયું હતું. એક બાવો હતો. બાવો સાચો હોં! ... આબેહૂબ જાણે રામ હોય. કપડા કાઢી નાખે તો ગામનો છોકરો હતો. માણસ તો એનો એ હતો, પણ રામ અને રાવણના ભેખ ધારણ કર્યા.

એમ આત્મદ્રવ્યમાં એવો એક ધર્મ છે કે તેનો તે ગમે તેટલી અવસ્થા મનુષ્યદેહ આદિ ધારણ કરે અથવા અનેક પ્રકારની અવસ્થાઓ થાય છતાં ટકી રહેલો આત્મા તો એનો એ છે. એવો એક ધર્મ આત્મામાં (રહેલો છે). ધર્મ એટલે યોગ્યતા. એને જાણીને એણે અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન અંતરમાં એણે આશ્રય અને દૃષ્ટિ મૂકવી જોઈએ, ત્યારે એને ધર્મ થાય, નહિતર ધર્મ થાય નહિ. કહો, સમજાય છે કાંઈ?

૧૯. **'આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક,...'** લ્યો. ઘડીકમાં રામ અને ઘડીકમાં રાવણ. સમયે-સમયે પલટી ગયુંને. એ આત્મપદાર્થ અનિત્યનયે, રામ અને રાવણની માફક **'અનવસ્થાયી છે...'** એક અવસ્થારૂપ રહે એવો નથી. એક અવસ્થારૂપ રહે એવો નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? અવસ્થા પલટી કેમ? આવું નિમિત્ત આવ્યું તો પલટી કેમ? બીજું આવ્યું તો આમ પલટી કેમ? પણ અવસ્થા અનવસ્થાયી જ હોય. સમજાય છે કાંઈ? એમ કે આવો સંયોગ આવ્યો અને આ અવસ્થા થઈ, આવો સંયોગ આવ્યો માટે નક્કી સંયોગથી અવસ્થા થાય છે. કહે છે કે એ અવસ્થા અનવસ્થાયી હોય. પોતાને કારણે અવસ્થા અનવસ્થાયી-નિત્ય ટકી ન રહે. એની એ અવસ્થા ટકે તો એને અવસ્થા કહેવાય નહિ. એને તો નિત્ય કહેવાય. સમજાય છે કાંઈ? જુઓ આ સ્વતંત્ર અવસ્થા પોતાની અનવસ્થાયીપણે

રહેવું એનો એક અનિત્ય ધર્મ છે, પોતાનો ધર્મ છે. આત્માનો ધર્મ એટલે ધારી રાખેલો ભાવ. ધર્મ એટલે મોક્ષનો માર્ગ ધર્મ એ અહીં વાત નથી. એનામાં એક એવો ભાવ છે કે જે અનવસ્થાયી (અર્થાત્) એનો એ ન રહે, એનો એ ન રહે એવો અનવસ્થાયી અનિત્ય ધર્મ છે. એનો એ રહે એવો નિત્ય અવસ્થાયી ધર્મ છે. બેય એક સમયમાં એક આત્મામાં સાધકને સાથે ભાસે છે. એક નયથી જોવે તો એક ધર્મ અને સાથે શ્રુતપ્રમાણથી જોવે તો અનેક ધર્મ સાથે ભાસે છે. સમ્યક્‌જ્ઞાનીની આ વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મી. સમજાય છે કાંઈ?

'**(અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે,...**' એ અનિત્યનયે જે જ્ઞાન એને અનવસ્થાયી દેખે છે તે નયે તે અનવસ્થાયી જ છે. એકરૂપ અવસ્થા રહેવી એનો પર્યાયમાં સ્વભાવ નથી. એ આવ્યું હતુંને ઓલામાં? નહિ? કળશમાં નહિ? સમયસાર. ... એકરૂપ અવસ્થા ન રહે. આવ્યું હતું. એકરૂપ સ્થિતિ ન હોય. એકરૂપ સ્થિતિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન અવસ્થા આત્માની થાય એ એનો પોતાનો ધર્મ છે, પોતાને કારણે છે. નિમિત્તો આવ્યા માટે અવસ્થા અનવસ્થાયી દશા થઈ, અવસ્થા ભિન્ન ભિન્ન થઈ એમ છે નહિ. સમજાણું કાંઈ?

અનિત્યનયે '**જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).**' ઘડીકમાં રામને ધારણ કરે અને ઘડીકમાં (રાવણનું રૂપ ધારણ કરે). આ તો નટની વાત લેવી છેને. ઘડીમાં એનો એ રામ થઈને આવે અને ઘડીકમાં રાવણ થઈને આવે. ઘડીકમાં ભર્તૃહરી થઈને આવે. ભર્તૃહરી ... ઘડીકમાં એની પીંગળા થઈને આવી. એનો મેનેજર, નાટકનો મેનેજર હતો. એમાં તકરાર થઈ તો એમને એમ હજી સ્ત્રીનો વેષ પહેરતો હતો એમાં બહાર નીકળવું પડ્યું. ... એમને એમ હજી વેષ પહેરતો હતો ને બહાર નીકળ્યો. પીંગળા બહાર નીકળી. ... આ તો મેનેજર. ઘડીકમાં પીંગળા અને ઘડીકમાં ભર્તૃહરી એવી અવસ્થા ધારણ કરે. એમ આત્મા અનવસ્થાયી કોઈ વખતે રાગની અવસ્થા, કોઈ વખતે દ્વેષની, કોઈ વખતે વીતરાગપણાની, કેવળજ્ઞાનની એવી અનેક પ્રકારની અવસ્થા ધારણ કરે એવો આત્માનો પોતાની યોગ્યતારૂપ ભાવ છે એને અહીં ધર્મ કહે છે. ૧૯ થઈ.

૨૦. તે જ '**આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.**' માણસ નથી કહેતા? કે મારી આંખ આમ બધે ફરી વળે છે. આંખ શું ફરી વળે? આંખ તો અહીં રહી છે. બધું ખ્યાલમાં આવી જાય છે, આંખથી બધું ખ્યાલમાં આવી જાય એટલે કહે છે કે આંખ મારી બધે ફરી વળી. એમ કહે છેને? એમ અહીંયા એક અપેક્ષાએ એવો (ધર્મ) લીધો કે જ્ઞાનનો એવો આત્માની પર્યાયનો એક ધર્મ છે, સર્વગત, બધાને જાણી લે એવો સર્વવ્યાપક એવો એક ધર્મ છે. જુઓ! છેને? '**ખુલ્લી રાખેલી આંખની માફક,...**' આમ ખુલ્લી હોય એટલે બધું (દેખાય). છે તો આંખ

અહીંને અહીં. પણ આમ અપેક્ષામાં બધું જાણવામાં આવ્યું એ અપેક્ષાએ એને સર્વગત કહેવામાં આવ્યું. એવો સર્વગત ધર્મ કહેવામાં આવે છે.

પંચાધ્યાયી કહે છે કે સર્વગત એ નય ન કહેવાય. સર્વગત ધર્મ એ આત્માનો ધર્મ કહેવાય જ નહિ. કારણ કે સર્વગત... ઈ અપેક્ષાથી (કહ્યું છે). દૃષ્ટિના જોરમાં દ્રવ્યની અપેક્ષાનું કથન છે ત્યાં સર્વગત ધર્મ પરમાં જાણવાની અપેક્ષાએ ત્યાં સર્વગત લેવામાં આવતો નથી. અહીં તો લીધો છે કુંદકુંદાચાર્યે પોતે. એને અમૃતચંદ્રાચાર્ય નાખ્યો છે. સમજાણું કાંઈ? આ મૂળ પાઠ અને ટીકામાંથી આ બધા નયો નીકળેલા છે. કંઈ અધ્ધરથી કાઢ્યા નથી. એક ઠેકાણે સર્વગત આવી ગયું છે. પહેલા જ્ઞાન અધિકારમાં. જ્ઞાન સર્વગત છે. સર્વગત છે. દેખો! છેને અંદર? જ્ઞાન અધિકારમાં છે. ચક્ષુનો દાખલો જ આપ્યો છે ત્યાં. સર્વગત શબ્દ લીધો છેને. સર્વગત શબ્દ લીધો છે. ... સર્વગત શબ્દ પડ્યો છે. ૩૧, ગાથા ૩૧.

**जदि ते ण संति अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं।**
**सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा।।३१।।**

અહીં આપણે મૂળ સર્વગત લેવું છે. અહીં તો કહે છે, સમજાણું? '**પદાર્થો જ્ઞાનમાં ન હોય તો જ્ઞાન સર્વગત ન હોઈ શકે.**' લ્યો, જ્ઞાનમાં પદાર્થ આવી ગયા, પદાર્થમાં જ્ઞાન આવ્યું અને પદાર્થ આવ્યા એમ કહેવામાં આવ્યું. જ્ઞાનમાં બધા પદાર્થો આમ જણાઈ ગયા તેથી જાણે બધા પદાર્થો અહીંયા (આવી ગયા). પદાર્થ પદાર્થમાં છે, જ્ઞાન જ્ઞાનમાં છે. પણ જ્ઞાનમાં એ બધા પદાર્થનું જ્ઞાન આવ્યું માટે એને કહ્યું કે જ્ઞાનમાં જો પદાર્થો બધા ન હોય તો જ્ઞાન સર્વગત ન હોઈ શકે '**અને જો જ્ઞાન સર્વગત તો પદાર્થો જ્ઞાનસ્થિત કઈ રીતે નથી?**' લ્યો, અહીં તો સર્વગતની એ અપેક્ષા સિદ્ધ કરીને છે, એ સર્વગત ધર્મ અહીં નાખ્યો છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો એ જ્ઞાનમાં એવો જ સ્વભાવ છે કે રાગ હો, પુણ્ય હો, નિમિત્ત હો, સંયોગ હો, ભગવાન હો કે પર હો, બધાને જાણવાનો એનો સર્વગત ધર્મ છે. સમજાણું કાંઈ? કોઈને કાંઈ કરવાનો, કોઈને દૂર કરવાનો, કોઈને હઠાવવાનો કે મેળવવાનો એનો સ્વભાવ છે જ નહિ. એ સર્વગત—સર્વને જાણવું એવો એનો એક વ્યાપક ધર્મ છે. સમજાણું કાંઈ? ... અને સ્વતઃ જ્ઞાનસ્વભાવ સ્વપરપ્રકાશક એટલે જાણે આંખ પરમાં ફરી વળી હોય, એમ જ્ઞાન પરમાં ફરી વળ્યું એવો ઉપચાર કરીને જ્ઞાનને સર્વગતનયમાં ગણવામાં આવ્યું છે. ત્યાં કહ્યું છે એવું અહીં કહ્યું છે.

પંચાધ્યાયીમાં, ઓલો પરનો સંબંધ વ્યવહારનો થાય છે એથી કહ્યું કે નહિ, એ નય નહિ. એને કહ્યું કે એ નય જ નહિ, નયાભાસ છે. પરની અપેક્ષા આવીને? આ સર્વમાં વ્યાપે, સર્વમાં વ્યાપે. એથી કહ્યું, એ નય નહિ. એ દૃષ્ટિના જોરની અપેક્ષાના કથન, પરથી તદ્દન અભાવના કથનની અપેક્ષાએ વાત કરી છે. પાછી મેળ વિનાની છે એમ નથી ત્યાં.

સમજાય છે? ઘણા એમ કહે છે, પંચાધ્યાયીનો મેળ ખાતો નથી. ફલાણાનો મેળ (ખાતો નથી). હવે સાંભળને! પંચાધ્યાયીએ તો એક જ નિશ્ચયનય એક જ કીધી છે, લે. એક નય નિશ્ચયનય સિવાય બે નય માને એ સર્વજ્ઞની આજ્ઞા બહાર મિથ્યાદષ્ટિ છે. કહ્યું છેને? ન્યાં તો એમ કહ્યું, એક નિશ્ચય સ્વભાવ અભેદ એકાકાર શુદ્ધ ચૈતન્ય એ જ નિશ્ચયનય એક જ પ્રકાર હોય, બે હોઈ શકે નહિ. બે પડે, ભેદ કર્યો એ વ્યવહાર થઈ ગયો. અશુદ્ધનિશ્ચય તે વ્યવહાર. એક નિશ્ચય સ્વભાવ એકાકાર ભગવાન જ્ઞાનમૂર્તિ અભેદ એને જાણે તે નિશ્ચયનય, તે સાચી નય. એમાં બે ભેદ પાડે એ સર્વજ્ઞની આજ્ઞા બહાર મિથ્યાદષ્ટિ છે એવો પાઠ લીધો છે. સમજાણું કાંઈ? હોય કોઈ તો જુઓ પંચાધ્યાયી પ્રમાણ... હવે, સાંભળને, તને ખબર નથી કે કઈ અપેક્ષાની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

એ તો કાલે નહોતું આવ્યું? સમયસારમાં નહિ? બધા પદાર્થોને પ્રકાશે છે. ગોમ્મટસારમાં કહે કે જેટલું જાણ્યું એના અનંતમે ભાગે વાણી આવે છે. સમજાણું કાંઈ? કઈ અપેક્ષા છે? ઈના ઈ શાસ્ત્ર છે. અહીં તો કહે છે, સર્વ ભાસે. શ્રીમદ્ કહે છે, જેટલું દીઠું ભગવાને એટલું કહી શક્યા નહિ. ગોમ્મટસારમાં એમ આવે છે. જેટલું જાણ્યું ભગવાને એટલું કહી શક્યા નહિ. ગોમ્મટસારમાં એમ આવે છે. જેટલું જાણે તેટલું તે વાણીમાં આવી શકતું નથી. વાણી ... અને જેટલું કહ્યું એટલું ગણધર પણ ધારી શકતા નથી. માટે જેટલું ધાર્યું એટલું વાણીમાં બાર અંગમાં આવી શકતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કઈ અપેક્ષા છે એ વાતને સમજે નહિ.

એવો ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં એવી એની એક લાયકાતરૂપી, યોગ્યતારૂપી ધર્મ છે કે બધાને જાણે. આ વાત કેવળીની નથી અહીંયા આ ધર્મને દેખવાની. આ છદ્મસ્થ સાધકજીવ પોતામાં આવો એક ધર્મ છે એમ જોવે છે. નેમિદાસભાઈ! તેથી અંદર આવ્યુંને, પહેલું આવી ગયું કે આત્મા સર્વગત (છે). રાગ વ્યવહાર વિકલ્પ ઉઠેને દયા, દાન આદિનો એને જાણે એવો એક એનામાં ધર્મ છે, બસ. સાધક એમ પોતાના આત્મામાં જોવે છે. ધર્મી (જાણે), જે દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો એનો જાણનારો હું છું, જાણનાર હું છું, દયા, દાનનો વિકલ્પ રાગ ને પુણ્ય ને વિકાર છે. સમજાણું કાંઈ? મારામાં એક એવો ધર્મ છે કે સર્વને જાણું. પોતાના દ્રવ્યને, પોતાના ગુણને, પોતાની પર્યાયને, જે વ્યવહાર ઉઠ્યો રાગને અને બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્રને, સ્ત્રી-કુટુંબને, લોકાલોકને. સાધકજીવ સમ્યક્જ્ઞાની ધર્મી પોતામાં એક સમયમાં સર્વને જાણવું એવો એક ધર્મ જોવે છે. છતાં એ એક ધર્મ જોઈને પણ અંતર ચૈતન્યદ્રવ્ય સ્વરૂપ શુદ્ધ આનંદકંદ ચૈતન્યધાતુ એકરૂપ વસ્તુ પડી છે એના ઉપર દૃષ્ટિ હોય છે. કહો, સમજાય છે કે નહિ? નેમિદાસભાઈ! ... કહો, સમજાણું કાંઈ? શું કહે છે?

ઓહો..! આત્મામાં સમ્યક્જ્ઞાની ધર્મી એમ જાણે છે કે મારામાં, બધાને જાણવું (એવો ધર્મ રહેલો છે). જાણે કે મારું જ્ઞાન બધામાં ફરી વળ્યું. રાગને જોવામાં, પુણ્યને જોવામાં,

વ્યવહારને જોવામાં, નિમિત્તને જોવામાં, દેવ-ગુરુ-શાસ્ત્રને જોવામાં, બાયડી, છોકરા હોય તોપણ સંસાર આખો લોકાલોક બધાને જોવામાં મારું જ્ઞાન ફરી વળ્યું, જાણવામાં ફરી વળ્યું એવો એક ધર્મ-યોગ્યતા સમ્યક્જ્ઞાની પોતામાં ભાળે છે. એમાં તો કેટલું ઊડાડી દીધું. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ પણ એમાં આવી ગયું. આહા..હા..! સાધકજીવની વાત છેને. ભાવનિક્ષેપ સાથે લઈને બધી વાત કરી છે. આત્મામાં અનંત શ્રુતજ્ઞાનનું પ્રમાણ ભાવનિક્ષેપે સમ્યક્જ્ઞાન પરિણમ્યું છે એવા ધર્મની સાથે એક આવો પણ ધર્મ ભાળે છે. ઓલો એક અને બીજો પાછો આ. સમજાય છે કાંઈ? શું કહ્યું? નેમિદાસભાઈ! શું કહ્યું? ભાવ અને આ બે એકસાથે ગણ્યા છે. ભાવ એટલે શું? ભાવનિક્ષેપે-ભાવનયે જ્ઞાન સમ્યક્પણે પરિણમ્યું છે, દર્શન સમ્યક્પણે પરિણમ્યું છે. એવો પણ પોતાનો સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્યમૂર્તિની પ્રતીતની પર્યાય નિર્વિકલ્પ પર્યાય ભાવનિક્ષેપે, જ્ઞાન સ્વસંવેદનરૂપ ભાવનિક્ષેપે, ચારિત્ર રાગરહિત સ્વરૂપની સ્થિરતારૂપ ભાવનિક્ષેપે એવો પણ એક ધર્મ જ્ઞાની પોતમાં જોવે એ જ કાળે, આવા કાળમાં બીજા ધર્મો છે ત્યારે એ જોવે છે. અજ્ઞાનીની વાત નથી એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ એ રાગ, પુણ્ય, વ્યવહાર દયા, દાન વિકલ્પ એ તો વિકાર છે. એનાથી રહિત મારી ચીજ છે એમ સમ્યક્જ્ઞાની પોતાને જોવે, ભાવનિક્ષેપે પરિણમ્યો એનો એક ધર્મ એવો છે, ત્યાં તો આવ્યું હતું કે સ્વસંવેદનજ્ઞાનથી જાણે, પણ એને વિશેષ સ્પષ્ટ કરીને કહ્યું કે અહીંયા તો જ્ઞાન સર્વને જાણે, બધાને જાણે. સમજાણું? રાગ આવ્યો દયા, દાનનો એને જ્ઞાન જાણે. કરે નહિ, ઊપજાવે નહિ, ટાળે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! ઓહો..હો..! ચૈતન્યપ્રકાશપુંજ પ્રભુ એની જ્યાં અંતર દૃષ્ટિ અનુભવની થઈ એની સાથે આ બધા ધર્મો એક નયથી જોવે તો એક ધર્મ દેખાય, અનેક નયના સમૂહથી અનંત ધર્મ (દેખાય) અને એકસાથે શ્રુતપ્રમાણથી જોવે તો બધા ધર્મો (દેખાય). એવા જાણીને પણ અંતર ભગવાનના પિંડમાં અંદરમાં એક આત્માના પેટના અંદરમાં આનંદની શુદ્ધ ધાતુ પડી છે, એણે ધારી રાખી છે. એ પણ ધારી રાખેલો ધર્મ છે લ્યો. સમજાણું? એમાં આ અચિદ્ ધાતુ રાગાદિ જે થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઉઠે એ રાગ છે, શુભ છે, પુણ્ય છે એને સર્વગત જ્ઞાન ફરી વળ્યું છે બધાને જાણવા માટે. જાણે છે એવો એક એનામાં ધર્મ છે. સમજાય છે કાંઈ? ... અજબ લીલા!

લડાઈમાં ઊભો હોય સમ્યગ્દૃષ્ટિ. તો કહે છે કે સર્વગત ધર્મ છે એમ જાણે છે, જાણે છે, કે આ થઈ રહ્યું છે. જાણવા તરીકે કંઈ કરવા તરીકે, ટાળવા તરીકે (નહિ). અહીં બંદુક ઉપાડી ને ત્યાં ગોળી મારી એ કાંઈ નહિ. જ્ઞાન વ્યાપ્યું છે બધાને જાણવા. શું છે? શુકનચંદજી! સમજાય છે કે નહિ? ભારે ઝીણું. ... એક સમયમાં-એક સેકંડના અસંખ્યભાગમાં આત્માનું જ્યાં અંતર ભાન, સમ્યક્જ્ઞાન, દર્શન થયું એ જ કાળે એવો એક ધર્મ ત્યાં જાણવામાં આવે કે આ તો બધાને જાણનાર છે. આ તો જાણનાર. કોઈની દયા પાળનાર હું નથી. દયા

પાળનાર એ મારામાં ગુણ જ નથી, કોઈ ધર્મ જ નથી. શું કીધું? પરની દયા પાળવી એ મારામાં કોઈ ધર્મ એટલે મારામાં કોઈ લાયકાત નથી. હું પરની દયા પાળવાને નાલાયક છું. અજ્ઞાની તો કહે કે પરની દયા પાળવાને હું લાયક છું. મૂઢ છે. આવ્યું હતું કે નહિ આપણે ક્યાંક? નાલાયક છે. .... ૩૭૨માં આવ્યું હતુંને? ૩૭૨માં નહોતું આવ્યું? .... અયોગ્ય શબ્દ છે. અયોગ્ય કહો કે નાલાયક કહો, એક જ વાત છે. હિંમતભાઈએ જરી કીધું હતું.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જિન વીતરાગ કહે છે, અરે.. આત્મા! તું સર્વને જાણવાને લાયક છો, આ ધર્મ છે, પણ કોઈની દયા પાળવી કે બોલવું કે હાલવું કે આ રોટલા છોડવા કે રોટલા ખાવા એને માટે તો નાલાયક છો. શેઠી! એને માટે ... આ મૂક્યું ને લીધું ને દીધું એને માટે તારામાં લાયકાત નથી. પરને બધાને જાણવાની લાયકાત, ધર્મ તારામાં છે, એ પૂરો ધર્મ છે બધાને જાણવાનો. એક રજકણને ફેરવવાનો, એક જીવ આ પાણીનો ફૂલો લાવ બચાવું એવો ભાવ હો, પણ એ ભાવથી એ કામ કરી શકે એવી એનામાં લાયકાત નથી અને એ ભાવ કરું એવી લાયકાત નથી. પણ ભાવ છે એમ જાણવું એવી એની લાયકાત છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ જ્ઞાનને આ નયમાં ... નહિતર તો ઓલો ઊડાડી નાખે.

પરને જાણવું, નહિતર પરને જાણવું એ તો ઉપચાર છે, વ્યવહાર છે. સ્વને જાણવું એ નિશ્ચય છે. અહીં તો કહે છે કે જ્ઞાન પરને જાણે છે એ તો જાણે છે એટલી અપેક્ષાવાળો એક સર્વગત ધર્મ પોતામાં પોતામાં પોતાની અંદર જોવે છે. પરને લઈને નહિ. સમજાણું કાંઈ? સર્વગતમાં ઘણું આવ્યું. સમજાણું આમાં?

'**સર્વગત નયે, ખુલ્લી રાખેલી આંખની માફક,...**' આ જ્ઞાન ખુલી ગયું છે એમ કહે છે. જ્ઞાન ખુલી ગયું, ખીલી ગયું, ખુલી ગયું છે. સમ્યક્જ્ઞાનમાં ધર્મીને જ્ઞાન ખીલી ગયું છે. જેમ કળી ખીલી નીકળે એમ સમ્યક્જ્ઞાન કળી ખીલી ગઈ છે. એનાથી જાણે. સમજાણું? આ રાગ છે, આ મહાવ્રતનો રાગ થયો એ રાગને જાણે જ્ઞાન. આ સાધકજીવની વાત ચાલે છે હોં, કેવળીની નહિ. ત્યાં વાત કરી છે કેવળીની. ભાઈ! આ ૩૧ (ગાથામાં) આવ્યું ઈ. જ્ઞાનમાં જો બધા પદાર્થ ન આવ્યા હોય તો જ્ઞાન એને જાણે શી રીતે? માટે બધા પદાર્થ જ્ઞાનમાં સ્થિત છે. માટે સર્વગત કહેવામાં આવે છે. ત્યાં તો કેવળજ્ઞાનીની વાત છે. આ વાત છે એ સાધકજીવની વાત છે. સાધકને વર્તમાન ધર્મમાં આમ ભાસે છે. સમજાણું કાંઈ? આ પણ કઈ જાતનો ઉપદેશ આવો? વાડીભાઈ! ઓલા તો કહે સામાયિક કરો, દયા પાળો, આ કરો એવું સાંભળ્યું હતું. ન્યાં ... હતું બીજું? ... બેસી જાય, બે ઘડી સામાયિક કરી લીધી, ... ફલાણું કરી નાખ્યું. ધૂળમાંય ન્યાં ધર્મ નથી ક્યાંય. એ તો રાગ હતો કાંઈક મંદ હોય તો, મિથ્યાત્વનું પાપ. ઊંટડુ પેઠું અને મીંદડું કાઢ્યું. મંદ રાગ હતો પણ ઊંટડું નાખ્યું મિથ્યાત્વનું ભેગું મોટું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એક આત્મદ્રવ્યની અંદર એક જ સમયની અંદર–સેકંડના અસંખ્યભાગમાં અનંત અનંત યોગ્યતાઓ રહેલી છે એમાં એક સર્વગત નામની યોગ્યતા નામ ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલો ભાવ, એ જાતનો ધારી રાખેલો ભાવ (રહેલો છે). સમજાણું? એ '**ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી...**' લ્યો. એ બધામાં વ્યાપનારું. અરે..! શ્રુતજ્ઞાન બધામાં વ્યાપનારું? શ્રુતજ્ઞાનની તો વાત ચાલે છે અહીં. અહીં તો શ્રુતજ્ઞાનનો અંશ નય અને શ્રુતજ્ઞાન બધા ધર્મને જોવે છે એમ તો વાત આવે છે. અનંત ધર્મને શ્રુતજ્ઞાન આમ જોવે છે. શ્રુતજ્ઞાન જોવે છે. એ ભાવશ્રુતજ્ઞાન. સમ્યગ્દૃષ્ટિનું ભાવશ્રુતજ્ઞાન, અંતરમાં ધર્મીનું ભાવશ્રુતજ્ઞાન જે ખીલ્યું છે એ સર્વગત ધર્મને જોવે છે એમાંથી. હું બધાને જાણનાર છું. બધા પદાર્થો જાણે મારા જ્ઞાનમાં આવી ગયા હોય અને જ્ઞાન એમાં ફરી વળ્યું હોય. ફરી વળ્યું સમજો છો? આ તો અમારી કાઠિયાવાડી ભાષા છે. જાણી લીધું બધું. એવો '**સર્વવર્તી (બધામાં વ્યાપનારું)...**' જુઓ! વર્તીનો અર્થ કર્યો.

'**સર્વગત નયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું)...**' પરમાં વ્યાપે નહિ ને? આ અપેક્ષાથી કહ્યું છે, જાણવાની અપેક્ષાથી સર્વમાં વ્યાપ્યું છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાન તો એવો એનો સ્વભાવ છે, વિષય છે કે સ્વપર બધું જાણે. ઈ એક જ ધર્મ એનો એવો છે. બાકી બીજા બધા ધર્મો સત્તા રાખે. પોતે પોતાને ન જાણે, પોતે પરને ન જાણે. આ એક જ એવો ગુણ છે કે જે પોતે પોતાને જાણે અને આ ચારિત્ર છે, આ આનંદ છે, આ શ્રદ્ધા છે, આ રાગ છે, આ દયા છે, આ પુણ્ય છે એવું જાણનાર એક હોય તો એ જ્ઞાન જ છે. જ્ઞાનમાં એક સર્વગત નામનો એક ધર્મ છે કે જેથી જ્ઞાન જાણે બધામાં ફરી વળ્યું હોય. સર્વવર્તી એમ કીધું છેને. સમજાણું? સર્વવર્તી '**सर्वगतनयेन विस्फारिता**' વિસ્ફારિત એટલે ખુલ્લું મૂક્યું છે એમ ને? '**विस्फारिताक्षचक्षुत्सर्ववर्ति**'.

એ સમ્યગ્દૃષ્ટિ પાછો એમ જાણે કે મેં રાગ કર્યો, મેં પરની દયા પાળી. એ કર્યું તો પરિણમન થયું છે એમ. પરિણમ્યો છે. હું રાગ કરું અને આ કરવા જેવો છે એમ જ્ઞાનમાં પરિણમન છે રાગનું. જ્યાં સુધી પૂર્ણ ન હોય (ત્યાં સુધી) રાગ છે ઈ પરિણમે છે. પણ એ રાગને જાણનાર સર્વગતમાં લઈ લીધું. સમજાણું કાંઈ? દયાનો ભાવ આવ્યો એ રાગ છે એને સર્વગત જ્ઞાનમાં જાણવામાં લઈ લીધું. જાણનાર છું, સર્વને જાણનાર છું. કોઈ બાકી ચીજ નહિ. અનંતા કેવળીઓ, અનંતા.. સમજાય છે? નિગોદના આત્માઓ, અનંતા પરમાણુઓ, અનંતા ... સ્કંધો—બધું આ રીતે છે એમ જ્ઞાન જાણે છે. અસ્તિ છે તેને જાણે છે પણ આ અસ્તિ છે માટે મારે એની રક્ષા કરવાલાયક છે કે એને હું મારી શકું છું, એવું જ્ઞાની પોતામાં યોગ્યતા ભાળતો નથી. જાણવાની યોગ્યતા ભાળે છે. ધર્મચંદજી! હવે એની સામે. એકનો એક ધર્મ ને વળી બીજો ધર્મ આવ્યો એનાથી ઊલટો. અનેકાંત છેને, તે અપેક્ષાએ

તે નહિ પણ બીજી અપેક્ષાએ બીજો, એમ.

(૨૧) તે '**આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક,...**' ઓલામાં ખુલ્લી રાખેલી આંખની માફક હતું. ત્યાં સર્વવર્તી હતું તો અહીંયા આત્મવર્તી (છે). પોતાના જ્ઞાનમાં... મીંચેલી આંખ જાણે, પોતે પોતાનું જ્ઞાન બધું સમાઈ ગયું પોતામાં. પરમાં વ્યાપવાની અપેક્ષા ત્યાં છે નહિ. કહો, સમજાણું? તે '**આત્મદ્રવ્ય...**' ધર્મીજીવ પોતાને સર્વગત ધર્મની સાથે અસર્વગત ધર્મે પણ જ્ઞાન મારામાં સમાયેલું છે (એમ જાણે છે). સમજાણું? '**મીંચેલી આંખની માફક,...**' ઓલામાં ખુલ્લી હતી. આંખ આમ ખુલેલી બધાને જાણે છે એમ. અને આ જ્ઞાન પોતામાં વ્યાપેલું આત્મવર્તી છે, આત્મવર્તી. ઓલી સર્વવર્તીની અપેક્ષા લીધેલી, અહીંયા આત્મવર્તી આંખ મીંચેલી ... એવો પણ એક એનો સર્વગત ધર્મ છે, એ જ સમયે આ અસર્વગત ધર્મ છે. એક સમયે બે? સર્વવર્તી પણ એ સમયે અને આત્મવર્તી પણ એ જ સમયે. ઓહો..! સમજાણું આ? કેવળજ્ઞાનીના માર્ગ અલૌકિક માર્ગ છે! અલૌકિક પંથ છે!! જેના ફળ કેવળ છે. આવો અનંત આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. અનાકુળ દશા. એવું જે એનું ફળ, એવો એનો માર્ગ એ માર્ગની અંદરમાં આ દશાનું ભાન ... સમજાણું કાંઈ? સર્વવર્તી પણ કબુલે છે, આત્મવર્તી પણ કબુલે છે. એક સમયમાં બે કબુલે છે. સમજાણું?

'**આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક...**' આંખ મીંચેલી હોય એ બહારમાં ફરતી નથી આમ .... અંદરમાં ... મારું જ્ઞાન મારામાં જ વ્યાપેલું છે, સર્વવર્તી નથી, આત્મવર્તી છે. સર્વવર્તી છે તે જ કાળે આત્મવર્તી છે. આત્મવર્તી છે તે જ કાળે સર્વવર્તી છે. વર્તી એટલે શું? વ્યાપનાર કીધુંને. આત્મવર્તી આત્મામાં વ્યાપનારું. કીધુંને, જુઓને. પોતામાં રહેલું છે. ઓલામાં બધામાં વર્તીનો અર્થ વ્યાપનારું કહ્યું, અહીં આત્મવર્તીમાં પોતામાં રહેનારું છે એમ કહ્યું. નહિતર સર્વવર્તી એટલે સર્વમાં વ્યાપનારું, આત્મવર્તી એટલે આત્મામાં વ્યાપનારું. સમજાણું કાંઈ? પરમાં પણ વ્યાપનારું અને સ્વમાં પણ વ્યાપનારું. એકને એક આત્મા કેટલે ઠેકાણે જાતો હશે? અહીંયા ને ન્યાંને ન્યાં કામ ચાલે છે. એના જ્ઞાનની પર્યાયની યોગ્યતા પોતાની પોતામાં છે, જાણે પોતામાં જ વ્યાપી રહ્યું છે. સ્વક્ષેત્રમાં વ્યાપ્યું છે અસંખ્ય પ્રદેશમાં. એ જ્ઞાન કાંઈ બીજા પ્રદેશમાં વ્યાપ્યું નથી. એક પ્રદેશ છોડીને આઘું ગયું નથી. એમ આત્મવર્તી. આત્મા અસંખ્ય પ્રદેશમાં છે એમાં જેનું જ્ઞાન-એક સમયની પર્યાય ત્યાં જ વ્યાપી રહ્યું છે, એમ જાણે છે. સમજાણું કાંઈ?

આ તો ... સર્વગતમાં વળી લોકાલોકમાં વ્યાપક અને આત્મા આખો વ્યાપક ને.. ધર્મનો કાંઈ નિર્ણય ન મળે. સંશયવાદ છે એમ વળી કહે છે. આ શું પણ? એક કોર કહેવું સર્વવર્તી, વળી પાછું આત્મવર્તી. આમાં ક્યાંય કોઈ એક નિર્ધાર કરીને ખીલે બાંધતા નથી. ખીલે સમજને, કઈ અપેક્ષાથી સર્વવર્તી અને કઈ અપેક્ષાથી આત્મવર્તી. અહીં જ્ઞાન બધાને જાણવાની તાકાતવાળું છે એ અપેક્ષાએ એને સર્વવર્તી ઉપચારથી ધર્મ કહેવામાં આવ્યો. ઉપચારથી એ ધર્મ છે.

આત્મવર્તી એ નિશ્ચયથી ધર્મ છે. લે. સમજાણું કાંઈ? આચાર્યોએ જંગલમાં રહીને કેવી રીતે એમની ધારા ચાલતી હશેને! ...

આત્મદ્રવ્ય અસર્વગતનયથી જોઈએ તો આત્મામાં આત્મવર્તી આત્મામાં જ એ જ્ઞાન વર્તી રહ્યું છે. એ ધર્મ પોતામાં જ વ્યાપેલો છે. તે આત્મદ્રવ્ય મીંચેલી આંખની માફક, અસર્વગતનયે આત્મવર્તી પોતામાં જ રહેલું છે. કહો, સમજાણું કાંઈ? એ બધા ધર્મો એક સમયે સાથમાં છે. આઘાપાછા નહિ, તેમ એ સર્વગત ધર્મ કોઈ જીવને હોય સાધકને અને કોઈને અસર્વગત હોય એમ પણ નહિ. તેમ એ જીવને કોઈ વખતે સર્વગત ધર્મ હોય અને કોઈ વખતે અસર્વગત ધર્મ હોય એમ પણ નહિ. એક જ સમયમાં એ જીવને સર્વગત ધર્મ અને અસર્વગત ધર્મ એવી યોગ્યતા ગણીને ધર્મ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એ ૨૧મી થઈ. આ બધી નાની છે. ... અહીં ૪૭ મુદ્દાની લીધી છે. ... અનંત છે, ભાઈ! થોડું લખ્યું ઘણું કરીને જાણજે. શું કહીએ તારી સંપદા? આત્મતત્ત્વ અંતર અવલોકનથી તને જણાય એવો તું, એની શું વાત થાય? એ કંઈ વિકલ્પથી અને શરીરથી, વાણીથી કે પરથી જણાય એવો નથી.

૨૨મો ધર્મ. તે '**આત્મદ્રવ્ય શૂન્યનયે,...**' શૂન્યનયે '**શૂન્ય (ખાલી) ઘરની માફક,...**' ખાલી ઘર હોયને ખાલી ઘર? માલ વિનાનું ઘર. માલ વિનાનું એટલે આ માલ, ફર્નીચર વગરનું. સમજાય છે? .... ઓહો..! કરોડો રૂપિયાનો બંગલો ખાલીખમ. ... કરોડો રૂપિયાનો બંગલો. ખુલ્લો, માણસો બધા જોવા આવે. ખાલીખમ. કોઈ માણસ ન મળે. મોટા બાદશાહ... એમ '**આત્મદ્રવ્ય શૂન્યનયે શૂન્ય (ખાલી) ઘરની માફક એકલું (અમિલિત) ભાસે છે.**' એકલો આત્મા ભાસે છે. ભલે એના જ્ઞાનમાં બધું આવી ગયું પણ એકલો આત્મા ભાસે છે. સમજાણું?

અસંખ્યપ્રદેશી અનંત ગુણનું ધામ એકલો પરના સંબંધ વિનાનો અને પર જેમાં જરીયે નથી. એ પરનું જ્ઞાન એ પર નથી કાંઈ. પરનું જ્ઞાન એ પર નથી. પરનું જ્ઞાન એ સ્વ છે. સમજાય છે કાંઈ? એટલે પરને જ્ઞાન આમ જાણે કે આ લોકાલોક માટે જ્ઞાન પરનું એમ નથી. એ તો પોતે આત્મા પોતે ભલે પરને જાણે પણ એ એકલું જ જ્ઞાન છે, એકલું જ જ્ઞાન છે, શૂન્ય, પરથી શૂન્ય છે. સમજાણું કાંઈ? એ આત્મદ્રવ્ય શૂન્યનયે. નય એટલે જ્ઞાનનો અંશ. એનાથી એક ધર્મને જોવે. એવા અનંતા ધર્મનો ધરનાર. '**શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત)...**' અમિલિત—કોઈથી મેળ વિનાનું છે. કોઈની સાથે જરીયે અંશે મેળ નથી. સમજાણું કાંઈ? આ સાધકજીવની વાત ચાલે છે હોં! સાધકજીવ પોતાને પરથી કાંઈ મેળ નથી એમ જોવે છે. એમ નિમિત્ત સાથે, કર્મ સાથે, દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે, કુટુંબ હોય સમકિતીને એની સાથે કાંઈ મેળ મારા આત્માને નથી. એવો એક ધર્મ પોતે પોતામાં જોવે છે. કહો, સમજાણું આમાં કાંઈ?

'**(ખાલી) ઘરની માફક,...**' એટલે એકલું ઘર એમ. એકલું ઘર. અમિલિત—કોઈ સાથે

મેળવાળું નહિ. એકલો ચૈતન્ય પ્રકાશનો પુંજ, સ્ફટિક ચૈતન્ય, સ્ફટિક ચૈતન્ય. સ્ફટિકરૂપ ચૈતન્ય, ચૈતન્યરૂપ સ્ફટિક એકલું. એ પણ એક ધર્મ છે. બધા ધર્મોમાં, એ ૪૭ અને અનંતમાંથી આ એક ધર્મ છે. સમજાણું કાંઈ? એકલું અમિલિત ભાસે છે. ... છેને? અમિલિત એકલું ભાસે છે. ભાસે છે. એકલો આત્મા હું છું. સમજાણું કાંઈ? મારામાં કોઈ જીવ, કોઈ ચીજ છે નહિ. બધી ચીજોનું જ્ઞાન હોવા છતાં બીજી ચીજને અને મારે કાંઈ મેળાપ છે નહિ, ત્રણ કાળ ત્રણ લોકમાં. એમ સમ્યક્જ્ઞાની જ્ઞાનમાં પરથી ખાલી એકલો આત્મા પોતાનો પોતામાં છે એમ ભાસે છે. સમજાણું? આવું તો સાંભળ્યું પણ ન હોય અને આ ... વાંચ્યું ને ફલાણું ફલાણું, હવે આપણે ધર્મ કરવો છેને. એમ કહે છે. એ જાણીને શું? જાણી કરીને પછી તો ધર્મ કરવો છેને? તો પહેલેથી કરી લ્યો. ખાધા વિના હાથ ધોઈ નાખો. હાથ તો ધોવા છેને પછી, તો પહેલેથી ધોઈ નાખો હાથ. થઈ રહ્યું. ...

ધર્મ કરવો છેને. એક જણો કહેતો હતો. ભણી ભણીને શું કરવું છે? આ પરની દયા પાળવી એ કરવું છેને. લાંબુ શું... નવરો થાય તો માળા ગણવી, આમ હોય તો કોઈને દુઃખ ન થાય, ... બસ આ ધર્મ. એ અધર્મ છે, સાંભળને હવે. પરની દયાના ભાવ એ બધા કેવા હતા એ સમજવા જેવા હતા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભાઈ! તારા જ્ઞાનસ્વભાવમાં એકલો જ જ્ઞાન છે, આત્મા એકલો જ છે, એકલો જ છે. એમાં ક્યાંય પરની સાથે સંબંધ નથી. એ તો આવી ગયુંને આપણે. આત્મા પરદ્રવ્યને કોઈ દિ' અડ્યો નથી, સ્પર્શતો નથી. શરીરને, કર્મને કોઈ દિ' અડતો જ નથી, અડ્યો જ નથી, અમિલિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? મિલિતમાં અડ્યાનું આવશે? બીજી રીતે આવશે. સમજાણું કાંઈ? '(ખાલી) **ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.'**

(૨૩) એની સામે તે જ આત્મદ્રવ્ય તે જ કાળે '**અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.**' આ. મિલિત એટલે પરની સાથે નહિ. પોતાના જ્ઞાનમાં બધું જ્ઞાન.. બધું જ્ઞાનમાં ... પોતાનું જ્ઞાન પરને જાણે, બધું એમાં સમાઈ ગયું. '**લોકોથી ભરેલા વહાણની માફક,...**' એકલું વહાણ નહિ પણ લોકોથી ભરેલા વહાણની માફક. એમ બે લીધા. સમજાણું? જ્ઞાન વહાણ છેને, બધા જ્ઞેયોનું જ્ઞાન એમાં આવી ગયું છે. આખા લોકાલોકનું શ્રુતજ્ઞાનમાં જ્ઞાન આવી જાય છે. સમજાણું આમાં? આ પણ એક એનો ધર્મ છે. શૂન્ય પણ એક ધર્મ છે-પરથી ખાલી અને પરના જ્ઞાનથી ભરેલો એટલે પરથી ભરેલો એમ કહેવામાં આવ્યું. તે '**આત્મદ્રવ્ય અશૂન્યનયે લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.**' જાણે જ્ઞાન ને આનંદ ને અનંતા ગુણો ને બધું અંદર, દેવ-ગુરુ-શાસ્ત્ર ને બધું એના જ્ઞાનમાં મિલિત થઈ ગયું હોય એમ ભાસે છે. પણ એમાંને એમાં ભાસે હોં! બહારની વાત નથી આ. એ ધર્મ એમાં ભાસે છે, એમાં એને ભાસે એમ છે અહીં. સમજાણું કાંઈ?

આ ૪૭ નય અને ૪૭ શક્તિની વાત સમયસાર, પ્રવચનસાર સિવાય કોઈ ગ્રંથમાં બીજે

ક્યાંય નથી. બીજા અન્ય ધર્મમાં તો નથી, બીજા જૈનના ફાંટામાં તો નથી, પણ આ દિગંબરના બીજા શાસ્ત્રમાં આ ૪૭ની વાત નથી ક્યાંય. આવી ૪૭ નય અને ૪૭ શક્તિ, ગજબ વાત છે! આખી વસ્તુને સમજાવવાની એની ગડ અને પદ્ધતિ અલૌકિક છે! કહો, સમજાણું કાંઈ? એ આત્મામાં જાણે બધું ભરેલું હોય. શેનું? જ્ઞાન ભરેલું હોય એમ. જ્ઞાનમાં બધું આવી જાય. ખાલી પણ એ અને ભરેલું પણ એ. એ મિલિત ભાસે છે. જાણે જ્ઞાનસ્વભાવમાં બધું અંદર મળી ગયું હોય. આવે છેને છેલ્લે? આવી ગયું છેને. જ્ઞેય જાણે અંદર ચોંટી ગયા હોય, ગરી ગયા હોય, અંદર પેઠા હોય. એવા સાત બોલ આવે છે. ... ગયા હોય બધા જ્ઞેયો. જ્ઞાન એટલું ભરેલું છે બધા જ્ઞેય... એથી જાણે અશૂન્ય છે. અશૂન્ય નામ ખાલી નથી. ખાલી નથી, ભરેલું છે. એવો પણ એક એનો ધર્મ છે. એ બધા ધર્મોની યોગ્યતા જ્ઞાનથી જાણી અંદર ચૈતન્યના... આ તો કંઈ અધૂરું જ્ઞાન ન રહે, ખોટું જ્ઞાન ન રહે, કોઈ એનો યોગ્ય ધર્મ હોય એ અભાવ થઈ જાય નહિ, એટલા બધા ધર્મો ગણીને એને શુદ્ધ ચૈતન્યધાતુ પર વાળેલો છે. વળેલો છે એને વાળ્યો છે એમ અહીંયા કહેવામાં આવે છે. એથી એનો ધર્મ ભાવ બીજી રીતે ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૧૧, ગુરુવાર, તા. ૮.૧૧.૧૯૬૨
## નય-૨૪, ૨૫, ૪૭, ટીકા, પ્રવચન-૪૩

આ પ્રવચનસારનો નય અધિકાર ચાલે છે. ૨૩ નય થઈ. બીજી પહેલી થઈ ગઈ છે, હવે ફક્ત બે નય રહી છે. શું અધિકાર છે આ? કે આ આત્મદ્રવ્ય જે વસ્તુ છે એમાં એક-એક યોગ્યતાને એક-એક નયથી જોઈએ તો એક ધર્મરૂપ દેખાય અને અનંત ધર્મો એમાં યોગ્યતાઓ છે એને શ્રુતજ્ઞાનપ્રમાણ વડે દેખે તો પૂર્ણ દેખાય એવું આત્મદ્રવ્ય. અહીં સાધક સ્વભાવની સ્થિતિનું વર્ણન છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થયું છે, એની સાથે સમ્યક્જ્ઞાન શું કામ કરે છે, કેટલા ધર્મોને લક્ષમાં લઈને એની યોગ્યતા છે ઈ જાણે છે એ વાત અહીંયા કહેવામાં આવી. એટલે આત્માનો સ્વભાવ વસ્તુ તરીકે શુદ્ધ ચૈતન્ય એમ અનુભવમાં આવ્યો છતાં એની વર્તમાન દશામાં અનેક યોગ્યતા મલિનપણાની, શુદ્ધતાની, કર્તૃત્વના પરિણમનની, અકર્તૃપણાની વગેરે યોગ્યતાઓ તે જ્ઞાન પોતાની પર્યાયમાં ધર્મો જાણે છે. કોઈ દ્રવ્ય તરીકે ચિન્મૂર્તિ ત્રિકાળ છે તોપણ એને એ રીતે જાણે. કોઈ પર્યાય તરીકે જ્ઞાન, દર્શન આદિ જુદા

જુદા છે તો એ રીતે જાણે. એમ જ્ઞાન જાણતું એક એક નય એક એક ધર્મને જાણે એ વ્યાખ્યા અહીં કહેવામાં આવે છે. ૨૩ નય થઈ ગઈ.

૨૪. તે **'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે...'** જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે એટલે કે જ્ઞાન આત્મા અને જ્ઞેય બીજાં, એનું બધું અહીંયા જ્ઞાનમાં અદ્વૈતપણું થઈ ગયું છે. જ્ઞાન અને જ્ઞેય એનું એકરૂપ છે આત્મામાં. એવા જ્ઞાન અને જ્ઞેય અદ્વૈતનયે (અર્થાત્) જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈત નામ બેપણા રહિત નયે જોઈએ તો **'મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.'** મોટો લાકડાનો ઢગલો-સમૂહ હોય અને અગ્નિ એને (બાળે). અગ્નિ એકરૂપ કહેવાય, અગ્નિ એકરૂપ છે. લાકડા ભલે ભિન્ન ભિન્ન પ્રકારના હોય અને એને બાળ્યું છે અને અગ્નિ પરિણમી ગઈ છે. છતાં મોટા લાકડાના સમૂહરૂપે પરિણત અગ્નિની માફક આત્મા અનંત જ્ઞેયો અને જ્ઞાનપણે આત્મા પરિણમ્યો છતાં તે એકરૂપે આત્મા અદ્વૈતનયે ભાસે છે. પોતામાં હોં! પરને લઈને અગ્નિ એમ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમ નહિ. અનંત જ્ઞેયોનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન બધું એકરૂપ છે એમ અદ્વૈતનયે ભાસે છે. સમજાણું કાંઈ? બધા જ્ઞેયો અને હું એમ બે થઈને એકરૂપ એમ નહિ. જુઓને!

**'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે...'** એ જ્ઞેયનું અહીં જ્ઞાન અને (પોતે) જ્ઞાન, એ બધું એકરૂપ છે પોતામાં હોં, એ અપેક્ષાએ અદ્વૈત. બધા જ્ઞેય થઈને અદ્વૈત એમ નહિ. એનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એવું જે એકરૂપપણે, મોટા લાકડાને બાળીને અગ્નિ જેમ એકરૂપ દેખાય છે એમ અનંત જ્ઞેયોને જાણવાની જ્ઞાનરૂપ શક્તિથી આત્મા જ્ઞેય અને જ્ઞાનરૂપ એકરૂપે દેખાય છે. એવો એક એનો ધર્મ છે. આ રીતે અદ્વૈત છે.

મુમુક્ષુ :— વેદાંત કહે છે એમ નથી?

ઉત્તર :— એમ નથી, ઈ કહે છે. શેઠી! શું કહે છે?

મુમુક્ષુ :— ખુલાસો ફરમાઈયે.

ઉત્તર :— કહ્યુંને. આત્મા અને અનંત જ્ઞેય, બે તરીકે અદ્વૈત ધર્મ છે એમ નહિ. પણ આત્માનું જ્ઞાન અને અનંત જ્ઞેયોનું જ્ઞાન જાણે એકરૂપ જ્ઞાન હોય એ રીતે આત્મા અદ્વૈતનયે મોટા લાકડાના ઢગલા સળગાવીને અગ્નિ એકરૂપ થઈ ગઈ છે, અગ્નિ એકરૂપ થઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાન-અંગારો ચૈતન્યસ્વરૂપ અનંત જ્ઞેયોને પોતાને જાણવાનું એકરૂપ જ્ઞાન એ નયે જોઈએ તો આત્મા અદ્વૈત દેખાય છે. આત્માનો આત્મામાં ધર્મ છે.

મુમુક્ષુ :— આમાં અને વેદાંતમાં કાંઈ ફેર નથી.

ઉત્તર :— મોટો ફેર પડ્યો. વેદાંત તો બધી ચીજ એક કહે છે. ઈ ક્યાં છે અહીં વાત? આ તો બધી ચીજ સંબંધીનું જ્ઞેયનું જ્ઞાન અને પોતાનું બધું એકરૂપ છે એ અપેક્ષાએ તેને

અદ્વૈત કહેવામાં આવે છે. કહો, શેઠી! હવે થયો કે નહિ ખુલાસો? નથી થયો. આ ઠીક. ટાઢા માણસ છેને. શું કહ્યું?

લાકડાનો ઢગલો હોયને, ઈંધનના ઢગલા મોટા, અગ્નિ પરિણત થઈને અગ્નિ એકરૂપ છે કે નહિ? કે લાકડા જુદા અને અગ્નિ જુદી એમ બે ભાસે છે? બસ, એકરૂપ ભાસે છે. એ જ્ઞાનનું એકરૂપ... આમ અંગારો એકરૂપ ભાસે છે. એ લાકડાપણે અગ્નિ પરિણમી ગઈ છે. અગ્નિ પરિણમી છે અને ત્યાં લાકડા જુદા અને અગ્નિ જુદી એમ નહિ. પણ લાકડાને બાળીને જેમ અગ્નિ એકરૂપ થઈ ગઈ છે, એમ અનંત જ્ઞેયોને જાણીને જ્ઞાન એકરૂપ પરિણમી ગયું છે. કહો, સમજાય છે કાંઈ? એ અપેક્ષાએ અદ્વૈત કહેવામાં આવે છે. આત્મામાં એક આવો ધર્મ છે કે અનંતા જ્ઞેયોને જાણતું જ્ઞાનરૂપે પરિણમતું આત્મા એકરૂપ જ્ઞાન થઈ ગયું છે. એને અદ્વૈતનયે આત્મા એક ધર્મવાળો આમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કે નહિ આમાં?

બધા જ્ઞેયો લોકાલોકના અને આત્મા, બે થઈને અદ્વૈત, બે થઈને અદ્વૈત એમ નહિ. પણ બધા જ્ઞેયોને જ્ઞાન પી ગયું છે એના સંબંધીનું જ્ઞાન. એનું એકરૂપ જ્ઞાનની દૃષ્ટિએ એને અદ્વૈતનયે એક નયથી એક ધર્મ આવો દેખવામાં આવે છે. કહો, સમજાણું? એક જ છે. અગ્નિની માફક કીધુંને? અગ્નિ પરિણમી ગઈ છે લાકડાની અગ્નિપણે. તેમ આત્મા જ્ઞેયનું જે જ્ઞાન એ પણે આત્મા પરિણમી ગયો છે. એકરૂપ જ ભાસે છે. બીજી કોઈ ચીજ જ નહિ, હું આ એક જ છું. બીજી બીજીમાં રહી ગઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એક જ છે. ઈ ક્યાં વાત છે અહીં. અહીં તો અનંત જ્ઞેયોનું જ્ઞાન થયું એ પણે જ્ઞાન પરિણમ્યું એ એકરૂપે જ છે એમ કહેવું છે. અનંત જ્ઞેયોનું જ્ઞાન. જેમ લાખો મણ લાકડાની અગ્નિ, એ અગ્નિ એકરૂપે જ છે. એમાં લાકડા જુદા નથી. સમજાય છે? અહીં જુદા બીજી રીતે કહેશે દ્વૈતનયમાં. કહો, સમજાણું કાંઈ?

આત્મદ્રવ્ય વસ્તુમાં એવો એક ધર્મ છે કે જ્ઞાન અને જ્ઞેયનું અદ્વૈતનયે એકરૂપે થઈ જવું એટલે જ્ઞેયનું જ્ઞાનરૂપે (થઈ જવું એવો એક અદ્વૈત ધર્મ ગણવામાં આવ્યો છે). ભલે જ્ઞેય જ્ઞેયમાં રહ્યા પણ જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાપણે પરિણમી ગયું છે. એકરૂપ જ જ્ઞાન જ આમ આત્મા થઈ ગયો છે. એની પેઠે આત્મા એક, અગ્નિની પેઠે એક છે એમ અદ્વૈતનયે જોવામાં આવે છે.

(૨૫) એનો એ આત્મા એ જ સમયે '**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે,...**' અંદર જ્ઞાન અને આ જ્ઞેયનું જ્ઞાન એમ અંદર જાણે સંપર્ક લાગ્યો હોય એમ દ્વૈતનયે બે રૂપે તે ભાસે છે. '**આત્મદ્રવ્ય જ્ઞાન અને જ્ઞેયદ્વૈતનયે પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત...**' પરના પ્રતિબિંબથી સંગવાળો અરીસો. અરીસો તો અરીસો જ છે. એમ એ અરીસાને એકરૂપ દેખો તો એના

પ્રતિબિંબો અને અરીસો એ બધું એક. અને પ્રતિબિંબ અને અરીસાને બે રૂપે દેખો તો છે તો એમાં ને એમાં, એમાં ને એમાં પણ એ અરીસાને પ્રતિબિંબના સંગવાળો દેખો, ભાવ અંદર એની જે પર્યાય થઈ એ, તો એ દ્વૈતરૂપે દેખાય છે.

એમ આત્મા જ્ઞેયના જ્ઞાનમાં, જ્ઞેયનું જ્ઞાન અને આત્મા એમ બે રૂપે દ્વૈતનયે પોતામાં દ્વૈતનયે (અનેકપણે ભાસે છે). એકરૂપે ભાસે તે પણ તે અને બે રૂપે ભાસે પણ તે. એમાંને એમાં પોતાનો ધર્મ પોતાને લઈને પોતામાં છે. સમજાણું કાંઈ? વેદાંત જેવી અહીં વાત નથી કે એક ન્યાયે દ્વૈત પણ છે અને એક ન્યાયે અદ્વૈત છે. ઈ પોતાના અંદર પોતામાં છે. આત્મા જ્ઞાનસ્વભાવરૂપે પરિણમતા જ્ઞાનનો સ્વભાવ છે કે અનંત જ્ઞેયને જાણવું એ પોતાનું સ્વરૂપનું સામર્થ્ય અને પોતામાં પોતાથી છે. એ એકરૂપે જોતા આત્મા અદ્વૈત દેખાય છે અને જ્ઞેયનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, જ્ઞેયનો સંગ થયો અને જ્ઞાન થયું અહીંયા એમ દેખો તો દ્વૈતરૂપે દેખાય છે. છે તો એનામાં ને એનામાં. કહો, નેમિદાસભાઈ! સમજાણું કે નહિ?

**'આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો...'** સંગવાળો એટલે એમાં જે પાસ થાય છે તે. પ્રતિબિંબનો સંગ હોં અંદર. ઓલા બિંબનો નહિ. બિંબ બહાર રહ્યા. પ્રતિબિંબનો જે ન્યાં અંદર સંગ છે, અંદર અરીસામાં દેખાય ઈ. અરીસામાં જે આકાર દેખાય એ ચીજ અને અરીસો અને આકાર બે દેખાય, છે તો એકરૂપ એનું, પણ એ રીતે જોતાં તે દ્વૈતનયે બે રૂપે ભાસે છે. કહો, સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? નંદલાલભાઈ! આ તો આપણે 'નય પ્રજ્ઞાપન' બહાર આવી ગયું છે. પુસ્તક ઘણું... કહો, એ ૨૫ થઈ. બીજી બધી વંચાઈ ગઈ છે. નય થઈ ગઈ ૪૭, લ્યો. ૪૪૬ પાનું, ૪૭ નય થઈ ગઈ. બાર દિ' ચાલ્યું અને આ પા કલાક ચાલ્યું, લ્યો. નય.

શું કહ્યું આ? કે આ આત્મપદાર્થ, આ દેહમાં રહેલો આત્મા એ દેહથી તદ્દન ભિન્ન, તદ્દન ચૈતન્ય ભિન્ન આત્મા છે. એમાં અંતરમાં શુદ્ધ ચૈતન્યરૂપ એનું જ્ઞાયકરૂપ એક છે ત્રિકાળ. એની અંતર દૃષ્ટિ કરીને જેને ધર્મ પ્રગટ્યો છે, સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, સમજાણું? આત્મા વસ્તુ એ શરીર, વાણી, કર્મથી ભિન્ન અને અંદર પુણ્ય-પાપના વિકલ્પની અવસ્થા વિકારની છે એની પર્યાયમાં-અવસ્થામાં, પણ દૃષ્ટિ કરનાર તે અવસ્થાથી અધિક ભિન્ન જે ચૈતન્ય એકરૂપ છે એની અંતર દૃષ્ટિ કરીને, ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુ એની દૃષ્ટિ કરીને અનુભવ થયો એને સમ્યગ્દર્શન ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મકાળમાં એને જ્ઞાન જે સમ્યક્ પ્રગટ્યું એ આવા અનંત ધર્મોને, એક નય એક ધર્મને જોવે છે અને શ્રુતપ્રમાણ બધા ધર્મોને એકસાથે જાણે છે. એમ અહીંયા કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત એટલે જાણે કે આ... એને ઝીણું કેવળજ્ઞાન લેવાની તાકાત છે એનામાં. એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોકને રાગના વિકલ્પ વિના જાણવાની તાકાત આત્મામાં છે અને તે પણ ખંડ ન થાય તેવી. એક જ્ઞાનની એક સમયની દશા, એક સમયની દશા,

'ક' બોલો એમાં અસંખ્ય સમય જાય એમાં એક સમય એનો, એમાં ત્રણ કાળ ત્રણ લોક અને સ્વ બધું જાણવાની તાકાત એની શક્તિમાં પડી છે. એવી એક સમયમાં પર્યાયમાં પ્રગટ કરે એવી એની તાકાત છે.

હવે આ તો સાધક સ્વભાવની વાત છે. સમજાય છે? હજી સિદ્ધપણું કેવળજ્ઞાન પ્રગટ્યું નથી. એવી તાકાત કબુલી છે અંદરમાં. હું એકલો ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ છું. છેને, આવશે એમાં જ્ઞાનાનંદ આવશે. સમજાણું કાંઈ? જ્ઞાન અને આનંદ એ મારી ચીજ અસલી અનાદિ-અનંત છે. એમ ધર્મી જીવે એવા જ્ઞાન અને આનંદને અંતરમાં પકડી એટલે કે તેમાં એકાકાર થઈ અને વ્યક્તતા પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના અંશ આદિ પ્રગટ્યા એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મકાળમાં જે જ્ઞાન સમ્યક્ પ્રગટ્યું એ આ બધી અપેક્ષાઓ (સહિત) યોગ્યતાઓને તે જ્ઞાન જાણે છે એમ અહીંયા કહેવામાં આવ્યું છે. જયંતિભાઈ!

છેલ્લે ઈ આવ્યું, તે '**આત્મદ્રવ્ય...**' છેલ્લી ૪૭મી '**શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.**' ભગવાન આત્મા તદ્દન નિરુપાધિસ્વભાવ. રાગ ને પુણ્યનો વિકલ્પ છે, દયા, દાન, વ્રતાદિનો એ ઉપાધિ છે. એ ઉપાધિ એક સમયનો મલિન ભાવ છે એમ જ્ઞાની જાણે કે છે. પણ એ જ કાળે હું નિરુપાધિ છું એમ પણ જાણે છે. સમજાણું કાંઈ? નિરુપાધિ. માટી જેમ એકલી માટી. એનો કાંઈ ભેદ નહિ. એમ ચૈતન્યપ્રભુ એકલો શુદ્ધ.. શુદ્ધ... શુદ્ધ... દ્રવ્ય, ગુણ, પર્યાયે એકલો શુદ્ધ જ અભેદ છે એકાકાર. એમ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ધર્મી પોતાના એક ધર્મને (જાણે છે). આ એક પ્રકારનો ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલો ભાવ એને જાણે છે. એમ પહેલી દ્રવ્યનયથી માંડીને આ શુદ્ધનય સુધી ૪૭ નય કીધી. પહેલી દ્રવ્યનય લીધી હતી, ચિન્માત્ર. દ્રવ્યાર્થિકનયથી ભગવાન આત્મા પોતાનો ચિન્-જ્ઞાનમાત્ર ચૈતન્યમાત્ર, જ્ઞાનમાત્ર સ્વરૂપ છે. એ પણ એક ધર્મ જ્ઞાની પોતાના જ્ઞાનમાં જાણે. એમ થઈને આખું ચૈતન્યનું રૂપ પૂર્ણ શુદ્ધ છે તેનો અનુભવ કરી અને જ્ઞાનમાં આ અનેક પ્રકારની અપેક્ષાઓને આત્મામાં રહેલી યોગ્યતાઓને જાણે. પૂર્ણ સિદ્ધ થઈ જાય પછી કેટલીક યોગ્યતા પછી રહેતી નથી. સમજાણું કાંઈ?

'**તેથી કહ્યું છે કે :—**'

**जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा।**
**जावदिया णयवादा तावदिया चेव होंति परसमया।।**
**परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा।**
**जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो।।**

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે '**જેટલા વચનપંથ છે...**' જેટલા વચનના કહેવાના ભાવ છે વચન એટલા જ ખરેખર નય જ્ઞાનપંથ છે. જેટલા વચનથી કહેવાય તેટલા બધા જ્ઞાનના અંશોથી જણાય એવો ધર્મો છે. સમજાય છે કાંઈ? નીચે લખ્યું

છે, જુઓ! વચનના પ્રકાર. '(**જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. અપેક્ષા સહિત નય તે સમ્યક્ નય છે અને અપેક્ષા રહિત નય તે મિથ્યા નય છે; તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા જ મિથ્યા નયો છે.**)' એક જ ધર્મને, એક એટલે એક અશુદ્ધતાને જ માનવો (તે) મિથ્યાદષ્ટિ છે. એકલો શુદ્ધ જ જાણવો એ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે? એકલો આત્માને અકર્તા જાણવો મિથ્યાદષ્ટિ છે. કર્તૃત્વરૂપ પરિણમન એકલું છે, એકલા ધર્મને જાણવો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? એવા જેટલા વચનના માર્ગ એટલે પંથને કહેવાના પ્રકાર છે તેટલા ખરેખર જ્ઞાનના અંશથી બોલવાના, જાણવાના નયો છે.

'**જેટલા નયવાદ છે તેટલા જ...**' મિથ્યા મત છે. એક એક નય તે મિથ્યા મત છે એમ કહે છે. અને બધા નયોનું સમૂહરૂપ એક સ્વરૂપ તે યથાર્થ છે. '**પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન...**' સર્વજ્ઞ ભગવાન એક સેકંડના અસંખ્યભાગમાં આત્મા ત્રિકાળ ત્રણ લોક અને ત્રણ કાળ જેણે જોયા એના માર્ગ સિવાય જેટલા અજ્ઞાનીએ, અલ્પજ્ઞાનીએ પોતાથી કલ્પેલા માર્ગ છે એ પરસમયોનું વચન '**સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના)...**' અપેક્ષા વિના '**કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે;...**' એ અશુદ્ધ કહે તો અશુદ્ધ જ માને, અનિત્ય કહે તો એકલો અનિત્ય જ માને. નિત્ય કહે તો એકલો નિત્ય જ માને. એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ. સમજાય છે કાંઈ આમાં?

બહુ આ તો જાણવાની.. જાણવાની.. જાણવાની વાત આવે છે. એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે, આત્મા બીજી કોઈ ચીજ નથી. પ્રકાશનો પુંજ આત્મા પ્રકાશમૂર્તિ અરૂપી ચૈતન્ય છે. એના જ્ઞાનમાં આટલા બધા પ્રકારો જાણવાની તાકાત છે. તેથી અનંતગુણી પણ જાણવાની તાકાત છે. સમજાણું કાંઈ? તો એ આત્મા સર્વજ્ઞનો કહેલો આત્મા અને સર્વજ્ઞનું કહેલું સ્વરૂપ એ તો અપેક્ષા સહિત છે. આત્માને અશુદ્ધ કહે તો કહે પર્યાયમાં દશામાં અશુદ્ધતા છે. સર્વથા અશુદ્ધ છે એમ નહિ. સર્વથા નહિ. શુદ્ધ કહે તો દ્રવ્ય-ગુણથી શુદ્ધ છે, કથંચિત્ પર્યાય પણ થોડી શુદ્ધ છે, પણ કથંચિત્ અશુદ્ધતા પણ સાથે છે. એમ જ્ઞાની સર્વથા એક નયને કહેતો નથી. અજ્ઞાની એક નયને સર્વથા માને માટે એનું બધું મિથ્યાદષ્ટિપણું છે.

'**કહેવામાં આવતું હોવાથી...**' અજ્ઞાનીનું વચન સર્વથા. પાછું આ સર્વથામાં વાંધા. સમજાણું? અશુદ્ધતાથી પણ ધર્મ થાય અને શુદ્ધતાથી પણ ધર્મ થાય એમ બે કહે તો સર્વથા ન થાય. એમ નહિ. અશુદ્ધતાથી ધર્મ થાય નહિ અને શુદ્ધતાથી ધર્મ થાય એમ એની અંદરમાં વાત છે. અશુદ્ધતાથી થાય એમ વ્યવહારનયના અભૂતાર્થનયથી કથન કહેવામાં આવે, પણ એમ છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો કહે છેને ... કથન આવે. વ્યવહાર સાધન છે, વ્યવહારથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે, વ્યવહાર કારણ છે, વ્યવહાર હેતુ છે. સમજાય છે કાંઈ? પણ એ કથનનો

પદ્ધતિનો એક સ્વભાવ છે કથનપદ્ધતિનો, વસ્તુ સ્વભાવ એમ નથી. એ રીતે ન સમજે તો શું થાય? સમજાય છે કાંઈ?

એક જ સિદ્ધાંત મહા '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. આ એક સિદ્ધાંત વસ્તુના સ્વભાવનો કે ભગવાન આત્માને ધર્મ, શાંતિ, સ્વતંત્ર શાંતિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કેમ થાય? કે ત્રિકાળ વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ પડ્યો છે એને આશ્રયે તે ધર્મ થાય. એ સિદ્ધાંત. એને મૂકીને બીજી વાત કોઈ દિ' એમાં યથાર્થમાં આવે નહિ. વ્યવહારના કથનો આવે તેને સમજવું કે એ બધા ઉપચાર અને આરોપિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! મહા ત્રિકાળ રજીસ્ટર થયેલો ધર્મ. એક સેકંડના અસંખ્યભાગમાં પ્રભુ પૂર્ણ આનંદ અને શુદ્ધ સામાન્ય સ્વભાવ એકરૂપ સ્વરૂપ છે. એના ઉપર આશ્રય કરતા, એનો આશ્રય કરતા, એને અવલંબતા, તેને ધ્યેય બનાવતા, દષ્ટિને ત્યાં રોકતા જે દશા થાય તેને ધર્મ કહેવામાં આવે છે. આ ત્રણ કાળ ત્રણ લોકમાં એક નિયમ અને એક સિદ્ધાંત. સમજાય છે કાંઈ? એક સિવાય એના જેટલા કથન આવ્યા હોય એ નિમિત્તના, રાગના જાણવાના કથનો હોય છે. એને જ્ઞાની અપેક્ષિત જાણે ખરો. સમજાણું કાંઈ? આદરવામાં એક અને જાણવામાં બેય. સમજાણું કાંઈ?

અહીં તો ઓલા ૪૭ નયની અપેક્ષા લેવી છેને. ત્યાં કોઈ કહે કે દ્રવ્ય જ છે આત્મા, કોઈ કહે કે પર્યાય જ છે, કોઈ કહે કે સ્વથી અસ્તિ છે અને પરથી પણ અસ્તિ છે. કોઈ કહે કે પરથી નથી તેમ પોતાથી પણ નથી, કોઈ કહે કે એકલો મલિન છે અને કોઈ કહે કે એકલો નિર્મળ છે. એમ નથી. એનામાં સાધકજીવને મલિનદશા પણ દેખાય એટલી અશુદ્ધતામાં અટક્યો છે અને પવિત્રતા પૂર્ણ ભગવાન આત્મા દ્રવ્ય-ગુણે અને કંઈક પ્રગટ્યો છે એ બધું એક સમયમાં છે. સર્વથા પવિત્ર અને સર્વથા અપવિત્ર એમ માનનાર મિથ્યાદષ્ટિ છે.

'**અને જૈનોનું વચન...**' સર્વજ્ઞ ભગવાનના સાધકજીવ અને સર્વજ્ઞોનું વચન '**કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.**' જ્ઞાની બરાબર જેમ છે તેમ જાણીને કહે માટે તેનું જ્ઞાન સમ્યક્ છે. કહો, સમજાણું આમાં? આ ગોટો ઉઠાવે છે બધો, લ્યો. ભગવાનનો માર્ગ ઘણા વચનના પંથનો, ઘણા નયનો છે માટે પુણ્યથી પણ ધર્મ થાય અને ધર્મથી પણ ધર્મ થાય. નિમિત્તથી પણ કાર્ય થાય અને પોતાથી પણ કાર્ય થાય. એ જ્ઞાન કરવા માટે એવી વાત ભલે આવે, વસ્તુસ્થિતિ તો આ રીતે છે. એમાં ત્રણ કાળમાં કંઈ ફરે એવું નથી. સમજાણું કાંઈ?

'**આ રીતે...**' આ ૪૭ નય કીધી એમ અનંત લઈ લેવી અનંત. કેટલી કહે? ૪૭ આવીને અટક્યું. આચાર્યને નયોનો અધિકાર ૪૭ એ પૂરો થયો. શક્તિઓમાં ૪૭ પૂરી થઈ. આમાંય ૪૭ પૂરું થયું. કોણ જાણે અઢીસો વર્ષ પહેલા ઓલા થયા, બ્રહ્મવિલાસ, ભૈયા ભગવતીદાસ, એને ૪૭ શ્લોકે પૂરું થયું. સમજાણું? એવો વચનનો યોગ અને એ પ્રકારનો

જ્ઞાનનો પ્રકાર કે ત્યાં આટલું કહ્યું. અનંત નયો છે, અનંત શક્તિઓ છે એમ જાણી લેવું. થોડું લખ્યું ઘણું કરીને જાણવું. શું આત્માની વાત કહેવી? એક ત્રણ કાળ ત્રણ લોકનો જાણનાર એની શક્તિ અને એની દશાની શું વાત કરવી? સમજાણું કાંઈ? એક કીડીમાં પડ્યો આટલો એ પણ અનંત ગુણનો ધણી અને કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો. શેઠી! કાલે સાંજે કીધું નહિ? આત્મા આમાં કેવડો હશે? કેવડો હશે? એ તો આટલા નાનામાં આવી ગયો. નાનું તો ક્ષેત્ર કહે છે તું. પણ ભાવ કેવડો? કહ્યું હતું? આ કીડીઓ નથી નીકળી? હજારો કીડીઓ. એમાં પણ આત્મા તો આવડો જ છે. એને પોતાની ખબર નથી એટલે એની પાસે આવા ધર્મોનું જ્ઞાન નથી અને પ્રગટ થયેલું શું છે એની એને ખબર નથી. એને ઉઘાડમાં વિકાસ તો છે, જ્ઞાનનો વિકાસ, દર્શનનો વિકાસ, દર્શન એટલે ઉપયોગ હોં, વીર્યનો વિકાસ એવા અનંતા અસ્તિત્વગુણ આદિ નિર્મળપણે એને પણ પરિણમી રહ્યા છે. અસ્તિત્વગુણ આદિ અનંતા નિર્મળપણે એ કીડીને પણ પરિણમી રહ્યા છે. પણ આ નિર્મળ નહિ કે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ નિર્મળ નહિ. સમજાય છે કાંઈ?

એવો ભગવાન આત્મા દેહમાં બિરાજતો એના અનંતા ગુણો અને અનંતી પર્યાય અને અનંત અપેક્ષિત ધર્મો. **'એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું એ વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે)...'** કહો, સમજાણું? એક એક ધર્મ એટલે જેમ દ્રવ્યથી ચિન્માત્ર છે, પર્યાયથી જ્ઞાન, દર્શન આદિ છે, વ્યવહારથી કર્મના નિમિત્ત સંયોગ અને વિયોગવાળા ધર્મવાળો છે. નિશ્ચયથી પોતાથી બંધ અને મુક્તિના પર્યાયવાળો છે. એવો એક એક ધર્મ, એક એક યોગ્યતા, એક એક ધર્મમાં એક એક નય, જ્ઞાનનો એક અંશ, જ્ઞાનનો એક અંશ એ વ્યાપે-જાણે. **'એમ અનંત ધર્મોમાં વ્યાપક...'** અનંત આત્મામાં ધર્મો છે, ગુણો, પર્યાયો, અપેક્ષિત ધર્મો એમાં વ્યાપક અનંત નયો વડે, અનંત નયો વડે. હવે એ તે અનંત નય વડે શી રીતે કહે અનંત? સમુચ્ચય કહે અનંત નય વડે **'નિરૂપણ કરવામાં આવે તો...'** જોયું! એમ કીધું. **'અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે...'** એઈ..! અનંત નયો વડે નિરૂપણ. એટલે સમુચ્ચય અનંત નય વડે કહેવામાં આવે. આમ એક એક નયને જુદી પાડવા જાય તો અનંત કાળ જાય. અનંત કાળ તો કોઈનું આયુષ્ય હોઈ શકે નહિ.

**'અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો...'** ભગવાન આત્માની જે યોગ્યતાઓ તેને જાણનારા જ્ઞાનના અંશો એવા **'અનંત નયો વડે...'** કથન કરવામાં આવે અને જાણવામાં આવે. એમ બેય લઈ લેવું. **'તો, સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક,...'** એ સમુદ્રની અંદર મળતા શ્વેત અને નીલ, ગંગાનું પાણી શ્વેત હોય છે અને યમુનાનું પાણી નીલ-વાદળી રંગનું હોય છે. પણ દરિયામાં બધું ભેગું દેખાય એકસાથે. છે તો બેય જુદે જુદા દરેક. **'સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના**

**જળસમૂહની માફક,...'** આત્મા **'અનંત ધર્મોને...'** અનંતા ધર્મ કીધા એ દ્રવ્યનય ને પર્યાયનય ને અસ્તિનય ને નાસ્તિનય વગેરે. **'અનંત ધર્મોને પરસ્પર...'** માંહોમાંહે **'અતદ્ભાવમાત્ર...'** અતદ્ભાવ છે. એક ધર્મ બીજા ભાવરૂપે થયો નથી. જેમ ઓલું ધોળું તે લીલું થયું નથી, વાદળી રંગનું પાણી તે ધોળું થયું નથી. એ તો સમુદ્રની અંદરમાં જઈને એક દેખાય છે. પણ પોતે ધોળું અને લીલું ભિન્ન ભિન્ન છે એમાંય. એમાં એક પ્રવાહમાં દેખે તો ભિન્ન લાગે છે. એમ આત્મામાં આવા જે અનંતા ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર, અતદ્ભાવમાત્ર. બે એક નથી કંઈ, તદ્ભાવ નથી થઈ ગયા. પ્રત્યેક એક એક ધર્મ તે અતદ્ છે. એક ધર્મ તે બીજા ધર્મરૂપે નથી. છતાં અતદ્ભાવમાત્ર છે. છતાં **'જુદા પાડવા અશક્ય હોવાથી,...'** જુદા પડાતા નથી. દરિયામાં જુદું નથી, ત્યાં તો ભેગું દેખાય છે. સમજાણું કાંઈ? **'જુદા પાડવા અશક્ય હોવાથી...'** અસંખ્ય પ્રદેશમાં એ બધું છે કે નહિ? એમાં આ જુદું ને આ જુદું ન્યાં કેમ પડાય છે ઈ? આત્મા તરીકે એમાં અનેક ધર્મો દેખાય છે.

**'અતદ્ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું,...'** ભગવાન આત્મા અભેદ, વિવિધતા રહિત, એક (છે). અમેચક સ્વભાવની વ્યાખ્યા કરી. એક સ્વભાવવાળું. અમેચકસ્વભાવવાળું એટલે એક સ્વભાવવાળું વિવિધતા રહિત અભેદ સ્વભાવવાળું એવું જે આત્મદ્રવ્ય **'એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે...'** એવું જે દ્રવ્ય એક નયે જોઈએ તો એક ધર્મથી આખું દ્રવ્ય એવું જણાય. સમજાણું કાંઈ? આત્મા એક ધર્મસ્વરૂપ જણાય. એક એક નયે. કારણ કે એમાં કાંઈ જુદા પાડી શકાતા નથી. તો કહે છે કે અમેચકસ્વભાવવાળું એકરૂપ દ્રવ્ય. એ એક ધર્મમાં વ્યાપનારું એકરૂપ જે દ્રવ્ય છે એ એક નયે જોતાં એક ધર્મમાં વ્યાપનારું (છે). નેમિદાસભાઈ! **'એક ધર્મી હોવાને લીધે...'** એક આત્મા. એક ધર્મમાં (વ્યાપક). છે તો અનંતા ધર્મો એક સાથે. તેથી તો તેને એક દ્રવ્ય કીધું, એક. છતાં એક નયે એક ધર્મમાં વ્યાપનારું જોતાં એક ધર્મસ્વરૂપ દ્રવ્ય છે એમ જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ? અટપટી ભાષા ભારે ભાઈ! સમજાણું કે નહિ આમાં? ઈ તમને પૂછ્યું હતું પહેલું કે આ બધા બુદ્ધિવાળા છે તો શું વાંચતા હશે? વ્યાખ્યાન પહેલા. કીધું, શું છે આ? પરસ્પર અતદ્ભાવમાત્ર વડે. સમજાણું કાંઈ? શું કહે છે?

આત્મપદાર્થ ભગવાન આત્મા એમાં અનંતા ગુણો અને અનંત ધર્મો છે. એ રીતે તે એક છે, એ રીતે તે એક છે. પણ એમાં એક નયથી જોઈએ તો એ દ્રવ્ય અનંત ધર્મવાળું એક તે એક ધર્મરૂપે જણાય. સમજાણું કાંઈ? શું કહે છે? આ ધર્મ તે શી રીતે? આમાં ધર્મ શું કહે છે? ધર્મ તો કંઈક બહારમાં દયા પાળે કે ભક્તિ કરે કે વ્રત પાળે એવો ધર્મ હોય. અરે..! સાંભળને તારા ધર્મ, તને ખબર ક્યાં છે? દયા કોણ પાળે? દયા પરની એને કારણે પળે, શું તારાથી પળે છે? રાગ આવ્યો એ પણ વિકાર છે, વિકલ્પ છે. વ્રતાદિનો

વિકલ્પ એ રાગ છે. એ ક્યાં ધર્મ હતો? હા, એણે અશુદ્ધતા એક ધારી છે એ અપેક્ષાએ ધારેલો છે માટે ધર્મ કહેવાય. પણ શાંતિરૂપ ધર્મ એમ એને કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? ઈ એક ધર્મથી જોવે તો અશુદ્ધ દ્રવ્ય લાગે. એમ કહે છે અહીં. અનંત ધર્મવાળો એક. અમેચક કીધુંને? અમેચક. આત્મદ્રવ્ય એક અથવા વિવિધતા વિનાનું એક. એને એક ધર્મમાં વ્યાપનારું, અશુદ્ધ જે કીધું પર્યાયમાં મલિન એનાથી જોતાં એ દ્રવ્ય અશુદ્ધમાં વ્યાપેલું એક જ ધર્મી દેખાય. ઈ એક ધર્મી એક ધર્મસ્વરૂપ દેખાય. કહો, સમજાણું કાંઈ? કઠણ પડે એવું પણ. ધીમે ધીમેથી તો કહીએ (છીએ), આમાં કાંઈ એકદમ ચાલ્યું નથી જાતું.

આત્મપદાર્થ જ્ઞાનનો વિષય જેણે કર્યો અને જેણે જણાવ્યું એ જણાવ્યું એ જાણતા એને કઠણ પડે છે. સીધું જાણીને કીધું કે આમ છે. હવે એને કહે કે તારો આત્મા આવો છે, સાધકપણે થા તો. ધર્મને સાધનારો જો હો તો તારો ધર્મ આવો છે એમ અમે જાણ્યું છે, એમ આ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે...**' એમ કીધું છેને? અને '**સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક,...**' ભગવાન આત્મા '**અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર...**' છે. છતાં જુદા પાડવા અશક્ય છે. જુદા પાડી શકાતા નથી.

આત્મદ્રવ્ય એકરૂપ '**એક ધર્મમાં વ્યાપનારું,...**' '**આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું,...**' આત્મદ્રવ્ય એક સ્વભાવવાળું '**એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી...**' એક ધર્મમાં વ્યાપનારો એક ધર્મી '**હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે.**' યથા ઉપર કહ્યા પ્રમાણે એકધર્મસ્વરૂપ દ્રવ્ય કહેવામાં આવે છે. એકધર્મસ્વરૂપ આત્મા છે. એક નયથી જોતા એકધર્મસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? આવી વાત ન આવે, બિચારાએ સાંભળી ન હોય કોઈ દિ'. ખબર ન મળે. આ તે શું કોની વાત ચાલે છે આ? ... વાતું ચાલતી હશે? વાડીભાઈ! આત્માની. પણ બાપુ! તું કોણ છો? અને કેવી તારી ઋદ્ધિ અને કેટલા પ્રકારની અપેક્ષાઓ તારામાં છે એ બધું જ્ઞાન, સમ્યક્જ્ઞાન થતાં થયા વિના રહે નહિ. ધર્મદશા થતાં આ થાય ત્યારે એને ધર્મ કહેવાય. આમ માની બેસે એમ ધર્મ નથી. સમજાણું કાંઈ? એમ તો અનંત કાળ વીત્યો ચોર્યાશીના અવતાર. કહો, સમજાણું કાંઈ? શેઠી!

'**અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર વડે...**' પણ '**જુદા પાડવા અશક્ય હોવાથી,...**' ભગવાન આત્મા એકરૂપ સ્વભાવવાળું એકરૂપ ધર્મી એને એક ધર્મમાં વ્યાપનારું એક ધર્મવાળો ધર્મી કહેવામાં આવે છે. એક ધર્મવાળો ધર્મી કહેવામાં આવે છે. કહો, નેમિદાસભાઈ! ઈ એક વાત થઈ નયની અપેક્ષાએ. હવે શ્રુતપ્રમાણની ચાલશે. શ્રુતપ્રમાણ. શ્રુતજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાન અંતરમાં સમ્યક્જ્ઞાન ભાવશ્રુત થયું, ધર્મ થતા એ શ્રુતજ્ઞાન અનંતા ધર્મોને એકસાથે યુગપદ્ જાણનારું. નય છે તે એક ધર્મને એક વખતે જાણનારી અને એ અપેક્ષાએ આખું દ્રવ્ય પણ ધર્મી એક ધર્મવાળો છે એમ જાણનારું છે. અને અહીંયા...

'**પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક...**' જેટલી આત્માની શક્તિઓ અપેક્ષાઓ ધર્મ જે સાધકમાં છે એટલા એકસાથે '**અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં...**' અનંત નયો અને એમાં '**વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...**' જે પહેલેથી લીધું હતું ઈ. સમજાણું? અનંત ધર્મમાં અનંત નય વ્યાપક, અનંત નય શ્રુતમાં વ્યાપક. ભાવશ્રુતજ્ઞાન. ઓહો..હો..! ધર્મ થતા, સમ્યગ્દર્શન થતા ધર્મીને ભાવશ્રુતજ્ઞાન એટલું પ્રગટેલું હોય છે કે એકસાથે આ અનંતા ધર્મોને એકસાથે જાણે છે. સમજાણું કાંઈ? '**યુગપદ્...**' એકસાથે '**અનંત ધર્મોમાં વ્યાપક...**' કોણ? '**એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ. ભાવશ્રુતજ્ઞાન હોં! આખું જ્ઞાન. છે તો જ્ઞાનનો પર્યાય એ. ભાવશ્રુતજ્ઞાન એ ગુણ ત્રિકાળ નહિ. પણ ગુણમાંથી પ્રગટ થયેલો સમ્યક્જ્ઞાનનો પર્યાય છે. એ પર્યાયને અહીંયા પ્રમાણ કહે છે. અને એમાં એક એક ભાગને એક એક નય જાણે એના અંશને નય કહે છે.

એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે વડે નિરૂપણ કરવામાં આવે. નિરૂપણ, નિરૂપણ છે. કથન કરવામાં આવે કે જાણવામાં આવે એમ લેવું. '**તો, બધી નદીઓના જળસમૂહના...**' બધી નદીઓના જળસમૂહના '**સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક,...**' બધી નદીઓનો સમૂહ તે એક દરિયો. બધી નદીઓના જળના સમૂહાત્મક એક દરિયો. '**અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા...**' ઓલામાં અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવ વડે જુદા પાડવા હતું. અહીં અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા, એટલો ફેર છે. વસ્તુપણે અનંત ધર્મ ક્યાં જુદા છે? સમજાણું કાંઈ? વસ્તુ એક છે આત્મદ્રવ્ય. એક સમયમાં આટલા બધા ધર્મો ગણ્યા એટલા હોં. એથી અનંતગુણા (છે).

'**એક સમુદ્રની માફક...**' ઓલા ગંગા-યમુનાના જળસમૂહની માફક હતું. સમુદ્રની અંદર મળતા એમ હતું અને આમાં બધી નદીઓના સમૂહના સમવાયાત્મક એક સમુદ્રની માફક. '**અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય...**' ભગવાન આત્મા અનંતા ગુણો એમાં છે પણ કંઈ જુદા પડી શકે એવું નથી. વસ્તુ તો એક છે, પદાર્થ તો એક છે. સોનાની લગડી એક છે. એમાં પીળાશ, ચીકાશ, વજન આદિ કાંઈ જુદા પાડી શકાય નહિ, એક જ વસ્તુ છે. એમ આત્મદ્રવ્ય અનંત ધર્મોનું એકરૂપ છે. તે અનંત ધર્મોને. ધર્મ એટલે આ કહ્યા ઈ હોં ધર્મ. ફલાણાનો ધર્મ ને ફલાણાનો ધર્મ, ઈ અહીં વાત નથી. એમાં ધારી રાખેલા ભાવ. '**વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું...**' વિધ વિધ અનેક ધર્મવાળું. આત્મદ્રવ્ય અનેક ધર્મવાળું '**અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે...**' ભેદવાળું પણ અનંત ધર્મોમાં વ્યાપનારું એક ધર્મી હોવાને લીધે. ઓલો એક ધર્મવાળો ધર્મી હતો, આ એકસાથે અનંત ધર્મવાળો ધર્મી છે. ભેદવાળું પણ. અનંત ધર્મો ભેદ છેને અંદર. '**અનંત ધર્મોમાં વ્યાપનારું,...**' એ બધામાં વ્યાપનારું '**એક ધર્મી**

**હોવાને લીધે યથોક્ત અનેકાન્તાત્મક (અનેકધર્મસ્વરૂપ)** છે.' યથા કીધા પ્રમાણે તે દ્રવ્ય અનંત ધર્મસ્વરૂપ છે. પહેલામાં નયથી એક ધર્મસ્વરૂપ ધર્મી કીધું હતું. આમાં અનંત ધર્મસ્વરૂપ ધર્મી કહ્યો. ભાષા બહુ અટપટી હોં જયંતિભાઈ! અમારા નેમિદાસભાઈ જેવા બુદ્ધિવાળાને જરી ... એવું છે. જુઓ આ શું કહ્યું? વાંચ્યું છે કે નહિ ન્યાં? વાંચતા હશો. વ્યાખ્યાન વાંચે છે. આમાં સીધુ પણ વાંચવું જોઈએને, એમાં મગજ કેટલું પોગે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એક ધર્મથી દેખો તો ધર્મી એકસ્વરૂપ છે, પ્રમાણથી દેખો તો અનંતધર્મસ્વરૂપ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેય સાચું છે. અહીં તો ઓળખાવવાની અપેક્ષાથી વાત છેને. એક ધર્મથી જોવે કે આ સોનું પીળું, સોનું પીળું. એક ધર્મથી આખું. અને સોનું પીળું, ચીકાશ વગેરેથી જોવે તો અનંત ધર્મથી આખું. સમજાણું કાંઈ? કહો, દાસ! સમજાય છે કે નહિ આમાં? એનો ખુલાસો સારો કર્યો છે ભાઈએ, પંડિતજીએ, જુઓ અર્થમાં.

'**(જેમ એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે,...**' લ્યો, બહુ સાદી ભાષા કરી નાખી. અંદર અટપટી (હતી). '**(જેમ એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે...**' જ્ઞાનાંશ એટલે નય '**તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે,...**' દરિયો એક નદીના જળસ્વરૂપ જણાય છે. એમ આત્મા એક ધર્મથી જોતા એકધર્મસ્વરૂપ જણાય છે. કહો, હવે તો સીધું થયું કે નહિ? ભીખાભાઈ! આવી ટીકા ક્યાં કરી? ભઈ, આ સાદામાં સાદી ટીકાની શૈલી જ આ છે. સમજાણું? વસ્તુનું સ્વરૂપ જણાવવું છેને. આવો આત્મા.

આ શરીર, વાણી, મનને મૂકને પડતું. આ તો હાડકા ને પર છે. એને કારણે આવ્યા અને એને કારણે જાશે. તારા રાખ્યા રહે નહિ અને તારા ટળ્યા ટળે નહિ. તારામાં અશુદ્ધતા રાખી રહે અને અશુદ્ધતા ટાળી ટળે. એવી બધી તારામાં યોગ્યતા રહેલી છે એને તું જાણ એમ કહે છે. સમજાય છે કાંઈ? તારો અધિકાર તારામાં હોય. તારો અધિકાર આ ધૂળમાં હોય નહિ. આ તો માટી ધૂળ છે. બાયડી, છોકરા તો ક્યાંય પડ્યા રહ્યા. એના ઉપર અધિકાર કેટલો હશે? આ તો ધૂળ છે. આને કેમ રહેવું એ કંઈ તારી યોગ્યતાથી રહેતું નથી. એને જેમ રહેવાની પર્યાયની યોગ્યતા (હશે) એમ રહેશે આ. તારે આધારે એક સમય પણ આ શરીર રહેતું નથી.

અને તારે આધારે અનંતા ધર્મો રહેલા છે એમ કહે છે. વિકારદશા પણ તારે આધારે, નિર્વિકારી પણ તારે આધારે, એકપણું પણ તારે આધારે, અનેકપણું પણ તારે આધારે, શુદ્ધપણું

પણ તારે આધારે, અશુદ્ધપણું પણ તારે આધારે. સમજાણું કાંઈ? સ્વપણાની અસ્તિ પણ તારે આધારે, પરપણાની નાસ્તિ પણ તારે આધારે. પરના આધારે કાંઈ છે નહિ અને પરના આધાર માટે તારું કાંઈ છે નહિ. એવો કોઈ એક ધર્મ છે કે શરીરને રાખી શકે એવો ધર્મ છે કોઈ? ૪૭માં આવ્યો એક્કેય? ધૂળમાંય નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અસદ્ભૂત એટલે નથી, જૂઠી નયે. એ તો જૂઠી નયે કીધું. જૂઠા નયે જૂઠાને બોલવું. કીધું નહોતું? ઓલો કહે જૂઠો છું. ભુવો હતો ભુવો. પાળિયાદમાં એક ભુવો હતો. એનો સુરધન જૂઠો હતો જૂઠો. પછી પોષા-બોષા કરે અપાસરામાં. તમે ભુવા? પણ હું તો જ્યારે ધુણું છેને, તો કોણ? તો કહે જૂઠો. ઓલા સમજે કે આ જૂઠો સુરધન આવ્યો છે. તમારે કહેવું છે કે આ સુરધન નહિ. વિશાશ્રીમાળી હતા. મેં કીધું, તમે પોષા કરો અને આ દેવી દેવલાની ભ્રમણા શી? આ તે અજ્ઞાન ક્યાં? તમારા પોષા-બોષા ક્યાં રહ્યા આમાં તમારા ધર્મ? પણ હું કહું છું ધુણતા વખતે કે હું જૂઠો છું. પણ જૂઠો એટલે ઓલા કહે કે... એના સુરધનનું નામ જૂઠા હતું. જૂઠા ડોસા એક થઈ ગયા હશે. જેમ મીઠાલાલ એમ જૂઠા ડોસા. ઓલો કહે એનો સુરધન છે. સુરધન સમજો છો? કુટુંબમાં કોઈ વડા મરી ગયા હોયને, પછી એનો પત્થર... એટલે ધુણે ત્યારે પછી ઓલો કહે કે જૂઠો. ઈ કહે કે હું જૂઠો કહું છું. પણ જૂઠો તો તમારો બાપ હતો ઈ. સુરધન માટે આવ્યા એટલે એમ સમજે કે આવ્યો જૂઠો અહીંયા.

એમ આ જૂઠાપણાની વાત છે. શરીરને રાખી શકે અસદ્ભુતનયે જૂઠાપણાનું જૂઠું છે. સમજ્યા? એ ભુવો ધુણે તો ખરો. એમ આ અસદ્ભુતનયે.. અરે..! તારો જૂઠો નય છે, સાંભળને! કહો, સમજાણું? ધુળને રાખે નહિ. આ રજકણ છે જગતના. એને કેમ રહેવું અને કેમ પરિણમવું એ શું તારે આધીન છે? રોટલા કેમ આવવા અને રોટલા કેમ પરિણમવા એ કંઈ તારા અધિકારની વાત છે? એવો એક્કેય ધર્મ આવ્યો ૪૭માં? જયંતિભાઈ! પૈસા સાચવી શકે એવો કોઈ ધર્મ આવ્યો આત્મામાં? આહા..હા..! એને રાગ થાય એ પ્રત્યેનો, એ રાગ રાખવાની યોગ્યતાનો ધર્મ છે. ધર્મ એટલે લાયકાત એનામાં છે. સમજાય છે? પણ રાગને રાખતા આને પણ રાખે, કર્મને રાખે, શરીરને રાખે, બાયડીને રાખે, વ્યાજ ઊપજાવે, પૈસા દે એવો કોઈ આત્મામાં યોગ્યતા હશે? ત્રણ કાળ ત્રણ લોકમાં એ વાત છે નહિ. એમ કહે છે. શું થાય? મરવા ટાણે પછી આમ થઈ જશે. આ બધું કર્યુંને. શું ધૂળ કર્યું હતું? અજ્ઞાન કર્યું હતું. થઈ રહ્યું, શરીર... વાણી સાંભળી શકે નહિ, બોલી શકે નહિ. કોઈ કહે તો સાંભળી શકે નહિ, બોલી શકે નહિ. બીજા કહે કે જુઓ હવે બે-ચાર કલાક, હવે રહેવા દો ઘોદા મારવા. ઓલા ઈંજેક્શન. હમણાં પતી જશે બે ચાર કલાકે. આહા..હા..! આ તારી દશા.

અરે..! તું તે કોણ પ્રભુ છો? અને આ શરીરમાં આટલી પરાધીનતા અને હાય.. હાય..! બોલવાની ઇચ્છા હોય બોલાય નહિ, સાંભળવાની ઇચ્છા (હોય પણ) કાન બહેરા થઈ જાય. અંગારા ઉઠી જાય. એ તારે પરનું થાય એવી કોઈ યોગ્યતાની યોગ્યતા ભગવાને જોઈ નથી અને તારી જેટલી યોગ્યતાઓ છે એ પરને લઈને છે એમ ભગવાને જોઈ નથી. સમજાણું કાંઈ? જેટલા ૪૭ ધર્મ કહ્યા એ કર્મને લઈને અને પરને લઈને એમ ત્રણ કાળમાં નથી. ધર્મચંદજી! આહા..હા..! દવાથી બીજાને રોગ મટાડી દઉં એવો કોઈ ધર્મ-યોગ્યતા હશે કે નહિ જીવમાં?

મુમુક્ષુ :— અસદ્ભુતનયે..

ઉત્તર :— તમે રામજીભાઈનું ઓઠું લીધું. એ તો આમાં કહ્યું છે ઓલામાં હોં! જૂઠી નયે એમ લખ્યું છે, કળશટીકામાં છે એ. બહુ ઠેકાણે. અસદ્ભૂત જૂઠી નયે કહીએ છીએ. જૂઠા અસદ્ભુત એટલે જૂઠું. જૂઠાથી જૂઠાની વાત કરીએ છીએ. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્માને, અહીં તો શું કહેવું છે? કે જે આત્માનું ભાન થયું અને આત્માની યોગ્યતાઓ જેટલી દેખી એ પોતામાં છે અને પોતાને કારણે છે એમ એક ધર્મથી જુઓ તો આખું દ્રવ્ય એક ધર્મી એક ધર્મવાળું દેખાય. અનંત ધર્મોથી દેખો તોપણ અનંત ધર્મવાળું એક ધર્મી દેખાય. એક બોલ આવ્યો, પાછો બીજો. '**તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે;...**' જુઓ! '**પરંતુ...**' હવે બીજો બોલ શ્રુતપ્રમાણ. '**જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓના જળસ્વરૂપ જણાય છે,...**' એકસાથે સર્વ નદીઓના જળને જાણનારા જ્ઞાન વડે. આખું થયુંને. '**જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓના જળસ્વરૂપ જણાય છે, તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે...**' પોતામાં હોં! ધર્મ એટલે અહીં. અશુદ્ધતા, શુદ્ધતા, એક, અનેક વગેરે વગેરે જે છે ઈ. દ્વૈત, અદ્વૈત આવ્યું હતુંને બધું. એ '**વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે.**' પોતામાં ને પોતામાં જેટલી લાયકાતો છે એ એક લાયકાતથી જુઓ તો આખું દ્રવ્ય એવું જણાય, અનેક લાયકાતથી જુઓ તો આખું દ્રવ્ય એવું જણાય.

તારું તારામાં સમાય છે, તારું બીજામાં નહિ અને બીજાને લઈને તારામાં કાંઈ નહિ. એ માટે અહીં ભેદજ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ? કહો, આ કર્મને સાથે લઈ જવાનો ધર્મ આત્મામાં કેટલો હશે કે નહિ? સાથે લઈ જવાનો એક્કે આવ્યો નથી. એ તો કર્મનું સંયુક્ત, વિયુક્તની યોગ્યતાનો એક ધર્મ પોતામાં છે, ઓલા સંયુક્ત, વિયુક્તના સંબંધની અપેક્ષાએ લઈએ તો. આવે ને જાય એને કારણે સંયુક્ત થાય અને એને કારણે વિયુક્ત થઈ જાય. સમજાણું કાંઈ? જુઓ! એનામાં એક યોગ્યતા એવી હશે કે નહિ કે આ શરીરને આમ સાથે લઈ જાય? ઘરે લઈ જાય, કર્મને સાથે લઈ જાય એવી કોઈ યોગ્યતા હશે જીવમાં? એવી

યોગ્યતા ત્રણ કાળમાં દીઠી નથી. સમજાણું કાંઈ? પોતે જ કર્મમાં સંયુક્ત-સંગ કરે અને વિયુક્ત નામ છૂટો પડે. એવો એક નિમિત્તની અપેક્ષાનો પોતામાં ધર્મ છે. પણ એને આમ કરે અને આમ કરે એવી એનામાં એક્કે યોગ્યતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુદ્‌ગલનો પુદ્‌ગલમાં ધર્મ. સંયોગ વિયોગ શક્તિ રાખે છે. બંધન અને છૂટવાની શક્તિ આવે છેને? પરમાર્થ વચનિકામાં. પાછળ આવે છે કે નહિ? બંધન, મુક્તિ શક્તિ સહિત. મોક્ષમાર્ગપ્રકાશકમાં પાછળ નહિ? પરમાર્થ વચનિકા. છેને? બંધન મુક્તિ શક્તિસહિત વર્તે છે ઈ. ઈ તારી શક્તિને લઈને નથી, એનામાં એ બધી શક્તિઓ છે. સમજાણું?

**'આ રીતે એક નયથી જોતાં આત્મા...'** એક ધર્મ દેખાય એકધર્મસ્વરૂપ **'અને પ્રમાણથી જોતાં...'** અનેકધર્મસ્વરૂપ દેખાય છે. એ રીતે એણે બરાબર જાણવું જોઈએ.

**'(હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને 'આત્મા કેવો છે' એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છે :)** બે પ્રશ્ન હતા શિષ્યના. પ્રભુ! આત્મા કેવો? કે આવો. એ આત્મા કેમ પમાય? એ હવે પછી કહેશે ઈ. એમાં આવી તો જાય છે. આમ કરીને શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ દેવી. પણ વિશેષ સ્પષ્ટતા માટે પછી આત્મા કેમ પમાય, આ તો છેલ્લો શ્લોક આત્મા કેવો છે એનું સમાધાન કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૨, શુક્રવાર, તા. ૯.૧૧.૧૯૬૨**
**શ્લોક-૧૯, ૨૦, ૨૧, પ્રવચન-૪૪**

આ પ્રવચનસાર, નય અધિકારનો છેલ્લો કળશ છે. ૪૭ નય થઈ ગઈ, એનો આ છેલ્લો કળશ. **'(હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને 'આત્મા કેવો છે' એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છે :)'**

स्यात्कारश्रीवासवश्यैर्नयौघैः
पश्यन्तीत्थं चेत् प्रमाणेनचापि।
पश्यन्तेव प्रस्फुटानन्तधर्म-
स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः।।१९।।

**'(અર્થ) :- આ રીતે સ્યાતકારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ...'** ૪૭ નય કીધી. એક એક નય એક એક ધર્મને જાણે છે એમ અપેક્ષાથી જાણીને **'વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે...'** આત્મામાં અનંત ધર્મ જે કહ્યા, દ્રવ્યે ચિન્માત્ર મૂર્તિ છે,

પર્યાયે જ્ઞાન, દર્શન આદિ છે ભેદે, સવિકલ્પ આદિ ભેદ છે અને અભેદ અવિકલ્પ છે એવા અનંતા ધર્મો એક સમયમાં આત્મદ્રવ્યમાં છે એને નયસમૂહ વડે જોવે '**તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા...**' સ્પષ્ટ પ્રત્યક્ષ અનંત ધર્મોવાળા '**નિજ આત્મદ્રવ્યને અંદર શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' આ એનો સાર થયો. આત્મદ્રવ્ય વસ્તુ એમાં અનંતા ધર્મો, ધર્મ એટલે ધારી રાખેલા ભાવો એને એક એક નયથી જુઓ અથવા સર્વ નયના સમૂહથી જુઓ કે શ્રુતપ્રમાણથી જુઓ તોપણ અનંત ધર્મવાળું એવું જે આત્મદ્રવ્ય અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે. એકલો શુદ્ધ ચૈતન્ય (દેખે છે). છે ભલે અનંતા ધર્મો. પર્યાયમાં, ગુણ, દ્રવ્ય આદિમાં અનંત ગણ્યા પણ અંતરમાં જુએ તો એકલો જ્ઞાનઘન શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ દેખે છે જ. એનો સરવાળો ત્યાં શુદ્ધ ચૈતન્ય ઉપર જાય છે. જ્ઞાન જાણે છે આ બધું આ પ્રમાણે છે. કહો, સમજાણું કાંઈ? હવે એ આત્મા કોણ છે ઈ વાત થઈ ગઈ. કોણ છે? કે આવો છે. સાધકમાં હોં આવો છે. સાધકની વાત ચાલી છેને. સમ્યક્જ્ઞાની જીવ આત્માને એવો જાણે. જેટલી એની યોગ્યતા હોય વિકાર થવાની, વિકાર નહિ થવાની એ બધી પ્રગટેલી દશાઓને જાણે. જાણીને અંતર ચૈતન્યસ્વભાવ જ્ઞાયક ચિન્મૂર્તિ એના ઉપરનું વલણ સદાય રહ્યા કરે. એના સારમાં એ શુદ્ધતાને ક્રમે ક્રમે પામે. હવે એનો જે બીજો પ્રશ્ન હતો એની વાત કરે છે.

હવે '**એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું...**' આત્મા વસ્તુ છે કોણ એને કહેવામાં આવ્યું. '**હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત)...**' એની પ્રાપ્તિનો એટલે પૂર્ણ પ્રાપ્તિનો પ્રકાર એમ અહીંયા નવો અર્થ થાય છે. પહેલા એવો નહોતો. પહેલા એવો અર્થ નહોતો. કારણ કે એમાં આત્મવિવેકનો અભાવ છેને, એમ કહ્યું હતું એટલે પછી આમાં એ પ્રમાણે લખ્યું છેને. એ જરીક કાઢી નાખવું પડશે, નવામાં કાઢી નાખવું. હવે તેની પ્રાપ્તિ, પ્રાપ્તિ એટલે આત્મા પૂર્ણ કેવળજ્ઞાનઘન સિદ્ધની પ્રાપ્તિ આત્માને કેમ થાય એવો એનો પ્રશ્ન છે. કારણ કે સાધકમાં ઓલા ૪૭ નયો તો સાધકને છે. એટલે સાધકપણું તો બતાવ્યું. એને રાખીને હવે એની પૂર્ણ પ્રાપ્તિ કેમ થાય એવો જે એનો પ્રશ્ન (હતો), પ્રાપ્તિ કેમ થાય એનો પ્રશ્ન એટલે કે પ્રાપ્તિનો અર્થ ઉપલંભ-પૂર્ણ અનુભવ કેમ થાય એનો અહીંયા પ્રશ્ન છે. એમ કહેવામાં આવતા '**તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છે :**'

'**પ્રથમ તો અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે...**' સાધક તો છે. સમજાણું? પણ જેને હજી મોહકર્મનું નિમિત્ત છે '**એવી મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે...**' પોતાની વિકારી પરિણતિના પ્રભાવ વડે. નિમિત્ત છે મોહકર્મ. પણ પોતાનો મોહભાવ (એટલે) હજી પર તરફમાં સાવધાનીનો ભાવ જરી છે. સાધક છેને. બાધકપણું થોડું ઊભું છે. એવા પર તરફના વલણવાળો રાગ મોહની ભાવનાના પ્રભાવ વડે. ભાવના એટલે એ ભાવ-મોહનો અનુભવ પર્યાયમાં છેને જરી. ભાવના એટલે કંઈ એની ભાવના નથી, પણ

પર્યાયમાં જરી રાગનો ભાગ, જ્ઞાનીને પણ સાધકપણું પ્રગટ્યું છતાં, અનંત ધર્મવાળા દ્રવ્યને લક્ષમાં લઈને શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉપર આશ્રય હોવા છતાં હજી રાગનો ભાગ ધર્મીને પણ કર્મના નિમિત્તના લક્ષે (થાય છે). એના પ્રભાવથી. કોના? વિકારી ભાવના પ્રભાવથી. નિમિત્તના પ્રભાવથી એમ નહિ. મોહભાવના પ્રભાવથી એટલે મોહના અનુભવના પ્રભાવથી. અનુભવ એટલે પ્રભાવ. **'આત્મપરિણતિ...'** આત્માની અવસ્થા હજી સાધક હોવા છતાં, સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની હોવા છતાં, આત્મા ઉપર દૃષ્ટિનો અનુભવ હોવા છતાં **'આત્મપરિણતિ સદાય...'** તદ્દન સ્થિર થઈ નથી એ અપેક્ષાએ **'સદાય ઘુમરી ખાતી હોવાથી...'** સમજાણું કાંઈ? ચક્કર, રાગમાં વિષય પલટાયા કરે છે. રાગમાં વિષય એટલે પરવસ્તુ. દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે દયા, દાન આદિના પરિણામ તરફ એ રાગ ઘુમ્યા કરે છે, રાગ ઘુમ્યા કરે છે. સમજાણું?

**'આત્મપરિણતિ સદાય ઘુમરી ખાતી...'** ઈ આત્મપરિણતિ એટલે કે ઓલો વિકલ્પ ઉઠે તે. આમ આત્મપરિણતિ તો જેટલી પ્રગટ થઈ એ નિર્મળ છે. પણ એની સાથે જે રાગ છે એથી આત્મપરિણતિ... ઈ આમાં બેસે શી રીતે આમાં? ભાષા તો આત્મપરિણતિ લીધી છેને, પણ ઈ આત્માની પર્યાયમાં જે રાગ છે એ સહિતની જે પરિણતિ **'સદાય ઘુમરી ખાતી હોવાથી...'** રાગ વિષયને પલટાવ્યા કરે છે. દૃષ્ટિનો વિષય તો એક છે, છતાં રાગ ભિન્ન ભિન્ન પ્રકારનો આવતા તેના વિષયોમાં રાગ ફેરફેર કરે, ઘુમરી (ખાઈને) વિષય પલટાવ્યા કરે છે. આ દેવ, આ ગુરુ, આ શાસ્ત્ર, આ ભક્તિ, આ પૂજા કે દાન કે દયા, આ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય વગેરે. કહો, સમજાણું કાંઈ? ઈ આત્મપરિણતિ (અર્થાત્) રાગનો અંશ ભેગો છે તે. સદાય... તદ્દન શુદ્ધ ઉપયોગ ઠરીને ઠર્યો નથી એ અપેક્ષાએ ચકરાવો મારે છે. રાગ ચકરાવો મારે છે, ફરી ફરીને લક્ષ (પર) ઉપર જાય છે.

**'આ આત્મા...'** એવા કારણે **'સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો...'** અંદર રાગને લઈને અસ્થિર થયો થકો **'ક્રમે પ્રવર્તતી...'** ક્રમે પ્રવર્તતી. ક્રમે ક્રમે રાગમાં જે જ્ઞાન, તે વખતે જ્ઞાનની જ્ઞપ્તિનો વિકાસ છે એ **'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ...'** અનંત જ્ઞપ્તવ્યક્તિઓ. સમય સમયમાં જ્ઞાનનો પર્યાય અનંતને લક્ષમાં લે છે. **'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે...'** કઠણ તો બધું પડે છે. સમજાય છે કાંઈ? એક એક સમયનું લેવું છેને અહીં તો, એક સમયનું લેવું છેને. એક સમયમાં જ્ઞાનની જાણવાની વ્યક્તતા પ્રગટ છે અને એની સાથે ઓલો જે રાગ ઘુમરી ખાય છે એથી અનંત સામે જ્ઞેયો તેના તરફ અનંત જ્ઞપ્તિનો ઉઘાડનો પર્યાય વળેલો છે. અનંત જ્ઞપ્તિવ્યક્તિ. વ્યક્તિ એટલે જાણવાની પ્રગટ દશા. જાણવાની પ્રગટ દશા. એ અનંતજ્ઞપ્તિવ્યક્તિઓ. એક સમયમાં અનંતપણે... શ્રુતજ્ઞાનનો પર્યાય છેને. અનંતને જાણવાની પ્રગટતા છેને. અનંતને જાણવાની પ્રગટતા છે. એ **'વડે પરિવર્તન પામે છે,...'** ફરી ગયું કહે છે. અર્થ જેમ બેસતો હોય એને બેસાડવો જોઈએને પાછો. કહો, સમજાણું કાંઈ?

આત્મપરિણતિ સદાય ઘુમરી. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના દૃષ્ટિમાં દ્રવ્યને લીધું છતાં પર્યાયમાં રાગની કચાશને લઈને રાગ અસ્થિરતાને પામે છે. ઘણો હજી ચકરાવો મારે છે. આમ .... લક્ષ રાગનું તો નિમિત્ત ઉપર જાયને. એ વડે '**ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિવ્યક્તિઓ...**' એક એક સમયમાં જાણવાની શક્તિની વ્યક્તતા જે અનંત છે એ ક્રમે ક્રમે ક્રમે બીજે સમયે અનંતી થાય, એવી ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિની પ્રગટતા દ્વારા તે આત્મપરિણતિ પરિવર્તનને પામે છે. કહો, દરિયાની પેઠે. દરિયો પોતામાં જેમ ક્ષુબ્ધતાને પામે છે, એમ રાગથી ક્ષુબ્ધતાને પામે છે.

'**તેથી જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ...**' જે જાણવાના ઉઘાડભાવની પ્રગટતા જે અનંત છે એ પલટો મારે છે. પરિવર્તન પામે છે એમ કીધુંને. એથી તેને નિમિત્તભૂત, નિમિત્તો પણ બીજા બીજા હોય છે. તેથી જ્ઞપ્તિવ્યક્તિઓ, છેને નીચે? '**પ્રગટતાઓ, પર્યાયો, વિશેષો. (બાહ્યપદાર્થવિશેષો જ્ઞપ્તિવિશેષોનાં નિમિત્ત હોવાથી જ્ઞેયભૂત છે).** ' એ બાહ્યપદાર્થ જ્ઞપ્તિવ્યક્તિની પ્રગટતાઓમાં નિમિત્તરૂપ હોવાથી '**જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ...**' એટલે ભિન્ન ભિન્ન પણ બાહ્ય પદાર્થની નિમિત્તતા હોય છે. જેમ જ્ઞાનની જ્ઞપ્તિની પર્યાય ભિન્ન ભિન્ન છે. એમ એક સમયમાં સામે નિમિત્ત થયું, બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું અહીં વ્યક્તિતા પ્રગટતા પણ જ્ઞાનની ભિન્ન ભિન્ન, એમ નિમિત્તો પણ સામે ભિન્ન ભિન્ન. જ્ઞપ્તિપ્રગટતાના '**નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થ...**' પ્રગટતા પ્રત્યે, બાહ્ય પદાર્થની તેવી તેવી અવસ્થા પ્રત્યે '**તેને મૈત્રી પ્રવર્તે છે,...**' એટલો રાગ હજી પ્રવર્તે છે, નિમિત્ત પ્રત્યે પ્રેમ પ્રવર્તે છે. ઈ પંચાસ્તિકાયમાં તો આવ્યું છેને બધું ઘણું. સમજાણું કાંઈ? સૂત્રની રુચિ, તીર્થંકરની ભક્તિ, નવ પદાર્થના ભેદનો ભાવ એનો પ્રેમ વર્તે છે, વ્યવહારે પ્રેમ વર્તે છે. એ પદાર્થ પ્રત્યે વ્યવહારે પ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ? જો એટલો પ્રેમ ન હોય તો સ્વરૂપમાં ઠરી ગયો હોય, વીતરાગ વિજ્ઞાનઘન ઠરી જાય.

તેને બાહ્ય પદાર્થની પ્રગટતા.. કારણ કે જ્ઞપ્તિની જેટલી વિશેષતા ભિન્ન ભિન્ન થાય એવી જ વિશેષતાઓ સામે નિમિત્તમાં પણ ભિન્ન ભિન્ન હોય છે. એથી તેને તેના વલણમાં નિમિત્ત પ્રત્યે મૈત્રી નામ પ્રેમનું વલણ હોય છે. કહો, સમજાણું કાંઈ? કઠણ છે, પણ હવે એક સિદ્ધાંત આમ નક્કી કરવો છે પછી કઠણને સહેલું કરી નાખવું જોઈએને. કહો, નેમિદાસભાઈ! એમ કહે છે, આ બધું અમે નવું સમજ્યા. અત્યાર સુધી તો બીજો અર્થ કર્યો. એમાં લખ્યો છે બીજો. ભઈ ઈ તો ફરી જાય. ન્યાય મગજમાં આવે. એ વખતે એમ લક્ષમાં હતું. ત્યાં વિવેક મોળો પડ્યો છે, એમ. મોળો પડ્યો એટલે અભાવ થયો છે.

અહીંયા આત્મામાં રાગથી, પુણ્યથી, નિમિત્તથી પૃથક્ એવું ભાન તો વર્તે છે, સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન વર્તે છે. છતાં રાગનો ભાગ, પ્રેમનો ભાગ બાહ્ય જ્ઞપ્તિ જે અંતરમાં ભિન્ન ભિન્ન થાય છે એનું લક્ષ પર ઉપર જતાં રાગ પણ પર ઉપર પ્રેમ કરે છે. કહો, સમજાણું કાંઈ?

જયંતિભાઈ! સમજાય છે કે નહિ? આ સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે સાધકજીવની. આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને તે અનંત ધર્મ સહિત (છે). અનંત ધર્મ એટલે આ અશુદ્ધ, શુદ્ધ જે બધા ૪૭ કીધાને. છતાં એવું ભાન વર્તતા છતાં રાગનો ભાગ અભાવરૂપે સર્વથા થયો નથી એથી તેનો જ્ઞાન ભાગ પણ ભિન્ન ભિન્નપણે વ્યક્ત પ્રગટ થાય છે અને રાગ પણ ભિન્ન ભિન્નપણે પ્રગટ થાય છે અને એના નિમિત્તો પણ ભિન્ન ભિન્નપણે દેખાય છે. એથી રાગને લઈને તે નિમિત્તો પ્રત્યે ધર્મીને પણ પ્રેમ વર્તે છે એ શુભરાગ છે. સમજાણું કાંઈ?

બાહ્યપદાર્થ પ્રગટતા. ભિન્ન ભિન્ન પ્રગટ છેને. એમ પ્રગટ કહે છે. પર્યાય પલટ્યા કરે છેને. એના પ્રત્યે તેને, ધર્મી જીવ રાગમાં આવ્યો એટલે રાગથી તેને મૈત્રી પ્રવર્તે છે. '**તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...**' તેથી આત્માનો વિવેક શિથિલ નામ ઢીલો પડ્યો હોવાને લીધે. અંદર લખ્યું છે, અભાવ. ઈ કાઢી નાખવું જોઈએ. સમજાણું કાંઈ? એને ચેકો મારી દેવો. શું કહ્યું આ સમજાણું? ઓહો..! ભારે ઝીણી વાતું. આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ધ્રુવપણે શુદ્ધ ચૈતન્યનો અનુભવ અને દૃષ્ટિ થયા છતાં તેની વર્તમાન દશામાં રાગની અશુદ્ધતા છે અને રાગના અભાવરૂપ શુદ્ધતા પણ પ્રગટ થઈ છે. એવા બધા ધર્મને જાણતો હવે એને પૂર્ણ પ્રાપ્તિ નથી એથી આ રાગનો ભાગ જે વર્તે છે અને એની સાથે જે જ્ઞાનની ભિન્ન ભિન્નતા પ્રગટ વ્યક્તિઓ થાય છે. જ્ઞાન પણ પ્રગટ ભિન્ન ભિન્ન સમયે સમયે થાય છે અને રાગ પણ ભિન્ન ભિન્ન, સમયે સમયે રાગ જુદી જુદી જાતનો આવે છે. એમ સામે નિમિત્તો પણ બાહ્ય પદાર્થની અવસ્થાની વ્યક્તતા ભિન્ન ભિન્ન હોય છે. તેથી તેને પરપદાર્થ પ્રત્યે પ્રીતિ ચારિત્રમોહના દોષ પૂરતી વર્તે છે. ચારિત્રમોહના દોષ પૂરતી પ્રીતિ વર્તે છે. સમજાણું કાંઈ? એનાથી મને લાભ થશે, એવી સ્થિતિથી પ્રેમ વર્તતો નથી. સમજાણું કાંઈ?

'**તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...**' આત્માનો અનુભવ જે સ્વરૂપમાં સ્થિર થવું જોઈએ, અનુભવમાં લીન થવું જોઈએ એ લીન નથી તેથી તે ઢીલો વિવેક છે. ઢીલો છે, શિથિલ થયો છે. '**અત્યંત બહિર્મુખ એવો...**' એને લઈને રાગનું વલણ જરી છે તેથી રાગ બહિર્મુખના વલણમાં જાય છે.

મુમુક્ષુ :— રાગ પણ જરાક છે.

ઉત્તર :— દૃષ્ટિની અપેક્ષાએ જરાક છે, પણ રાગનું વલણ આખું પર ઉપર છે એ અપેક્ષાએ અત્યંત બહિર્મુખ છે એમ કહેવામાં આવે છે. અંતર્મુખની દૃષ્ટિને છોડીને અત્યંત બહિર્મુખ નથી. એ અપેક્ષાએ જરીક કહ્યું હતું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે એવા અંતર્મુખનો આશ્રય ટળે તો તો સમ્યગ્દર્શન રહે નહિ. મિથ્યાદૃષ્ટિ થઈ જાય. પણ અંતર્મુખનો આશ્રય છે એમ રાખીને રાગમાં

બહિર્મુખ થયેલ છે. દૃષ્ટિની અપેક્ષાએ જરાક છે અને અસ્થિરતાની અપેક્ષાએ અત્યંત બહિર્મુખ છે, લ્યો. શેઠી! સમજાણું કાંઈ? અત્યંત બહિર્મુખ. જેટલો રાગ છે એટલો તો બહિર્મુખ જ છેને. એ ક્યાં અંતર્મુખ છે? ભલે દયા, દાન, વ્રત, જાત્રા, ભક્તિ, પૂજાનો વિકલ્પ સમ્યગ્દૃષ્ટિને આવે પણ એ રાગ બહિર્મુખ ઉપર જાય છે, એ રાગ કાંઈ અંતર્મુખ જતો નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ ધર્મીની દૃષ્ટિ તો અંતર્મુખ હોય છે. હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એ ઉપર દૃષ્ટિ હોય છે અને રાગ ને નિમિત્તની ઉપર એકાંત બાહ્ય દૃષ્ટિ હોય, એકાંત બાહ્ય દૃષ્ટિ હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. પણ અંતર દૃષ્ટિનો વિષય અંતર્મુખ હોવા છતાં ચારિત્રદોષની જ્યાં અસ્થિરતાનો ભાગ વહે છે એ રાગ બાહ્યમાં જ વહે છે, બાહ્યમાં જ જાય છે. એનું લક્ષ રાગનું જરીયે અંતર્મુખમાં જાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? બાહ્ય જ એનો ચકરાવો ખાય છે. પછી ભલે એ જાત્રામાં હોય, ભગવાનના દર્શનમાં હોય, અરે..! સાક્ષાત્ સમવસરણમાં હોય, પણ જ્યાં રાગ આવ્યો ભગવાનની ભક્તિ ઉપર, ત્યાં ઈ રાગ પર ઉપર જ લક્ષ જાય છે. માટે તેને રાગની, ચારિત્રના દોષની અપેક્ષાએ અત્યંત બહિર્મુખ કહેવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ?

'**અત્યંત બહિર્મુખ એવો તે...**' આત્મા '**ફરીને પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે...**' રાગદ્વેષ દ્વૈતરૂપે થાય છે. રાગ પણ થાય છે, દ્વેષ પણ થાય છે. જ્ઞાનીને રાગ પણ થાય, દ્વેષ પણ થાય, ભાન હોવા છતાં ચારિત્રદોષને લઈને. એ તો વસ્તુનું સ્થાપન કરે છે એ એક રાગ છે અને ઉત્થાપન કરે કે આ નહિ હોય એ પણ એક જરી દ્વેષનો અંશ છે. એ લક્ષ પર ઉપર જ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, ભાઈ! તારી ચીજ તો અંતરમાં એક સેકંડના અસંખ્યભાગમાં સચ્ચિદાનંદ શુદ્ધ આનંદકંદ છે. શુદ્ધ ચૈતન્ય એ ઉપર તારી દૃષ્ટિ હો અને એ દૃષ્ટિ હોવા છતાં આત્મભાન અને રાગથી ભિન્ન વિવેક વર્તતા છતા હજી રાગથી અભાવરૂપ ભાવ નથી એટલો વિવેક શિથિલ થઈ ગયો છે. સમજાણું કાંઈ? ધર્મીને. અરે..! છઠ્ઠા ગુણસ્થાનવાળાને રાગ જરી આવે છે પ્રમાદ, અઠ્યાવીશ મૂળગુણનું પાળવું એ રાગ છે. આત્મા અંદરથી અને ભિન્ન સ્થિરતાનું ભાન છે પણ અઠ્યાવીશ મૂળગુણ એક વાર આહાર વગેરે વગેરે, એને માટે કરેલો આહાર નહિ, અચેલ લેવું એવો જે વિકલ્પ છે એ બહિર્મુખ જાય છે, બહારમાં જાય છે કે આને ન મારું, આને દુઃખ ન દઉં, આને આમ બોલું. સમજાય છે કાંઈ? એથી એને અત્યંત રાગ અને દ્વેષની પરિણતિ બહિર્મુખ વર્તતી હોવાથી એને પુદ્ગલકર્મના નવા બંધનમાં નિમિત્ત થવારૂપે રાગદ્વેષદ્વૈતરૂપે જ્ઞાની પણ વિકારની પરિણતિમાં પરિણમે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ભઈ ઈ તો અર્થ જ્યાં બંધબેસતો હોય (એમ થાય). બધાને એમ લાગે કે આ બધું ફરી ગયું આખું. વળી રાગદ્વેષરૂપે પરિણમે. ઓલામાં-બંધ અધિકારમાં કહે કે રાગદ્વેષ બિલકુલ નહિ. અંતર દૃષ્ટિએ જોઈએ તો સમ્યગ્દૃષ્ટિને બંધન છે જ નહિ. એ દૃષ્ટિ અને અભેદ

સ્વભાવનું વર્ણન છે. અહીં તો પર્યાયે પર્યાય અને અંશે અંશનો મેળ લેવો છે.

મુમુક્ષુ :— પાઈ પાઈનો હિસાબ છે.

ઉત્તર :— પાઈએ પાઈનો હિસાબ અહીં કરવો છે. ત્યાં તો આખી પૂર્ણની વાત હતી. સમજાણું કાંઈ?

તો કહે છે, સમ્યગ્દષ્ટિને પણ સ્વરૂપનું ભાન થવા છતાં, સ્વરૂપમાં સ્થિરતા-સપ્તમ ગુણસ્થાનની ભૂમિકા જે જોઈએ તે નથી માટે એને નવા કર્મ પુદ્‌ગલને રચવામાં નિમિત્ત એવું રાગદ્વેષનું દ્વૈતપણું પરિણમે છે. તદ્દન અદ્વૈત થયો નથી. સમજાણું કાંઈ? '**અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.**' એને આત્માની પ્રાપ્તિ એટલે મોક્ષ દૂર છે. આ કારણે સમ્યગ્દષ્ટિ અથવા છઠ્ઠા ગુણસ્થાને મુનિને, મુનિને પણ મોક્ષની પ્રાપ્તિ દૂર છે. કેમકે અઠ્યાવીશ મૂળગુણના રાગમાં કે ભગવાનની ભક્તિમાં આવ્યો છે કે સૂત્રની રુચિના રાગમાં આવ્યો છે, તીર્થંકરની ભક્તિના પ્રેમમાં આવ્યો છે કે નવ પદાર્થના ભેદના રાગના પ્રેમમાં આવ્યો માટે તેને મુક્તિ દૂર છે. કહો, સમજાણું કાંઈ? શેઠી! '**અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.**' એટલું લીધું. હવે ઉગ્ર લ્યે છે.

'**પરંતુ હવે જ્યારે આ જ આત્મા...**' એ જ સાધક આત્મા '**પ્રચંડ કર્મકાંડ વડે...**' વ્યવહારથી વાત કરી છે. શુભરાગ છઠ્ઠે ગુણસ્થાને હોય છેને. પંચ મહાવ્રતનો, અઠ્યાવીશ મૂળગુણનો એ રાગ છે એને અહીંયા પ્રચંડ કર્મકાંડ કહેવામાં આવે છે. શુભરાગની શુભરાગ દશા. છઠ્ઠા ગુણસ્થાન આદિ. અહીં મૂળ છઠ્ઠાની વાત છેને. એનો જે રાગ છે એ શુભરાગ. છે સ્વરૂપનું ભાન, છે ત્રણ કષાયના અભાવની સ્થિરતા પણ જે રાગ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો રાગ એને અહીં કર્મકાંડ કહેવામાં આવ્યું છે. પ્રચંડ કર્મકાંડ. સાધારણ નહિ પણ એને ગુણસ્થાનને યોગ્ય રાગની મંદતાનું કાર્ય. પ્રચંડ કર્મકાંડ એ વડે '**અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' વ્યવહારથી વાત કરી છે, વ્યવહારથી વાત કરી છે. પ્રચંડ કર્મકાંડ વડે એટલે કે નિમિત્ત દ્વારા એટલે કે તેનું લક્ષ છોડીને સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે આના દ્વારા કર્યું એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ...**' નામ રાગની મંદતા. જ્ઞાનદશા તો છે અંદર પણ પ્રચંડ જ્ઞાનક્રિયા દશા નથી. એથી એને કર્મ શુભરાગની દશાને અભાવ કરીને અંદર જાય તેને તેના વડે ગયો એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. વ્યવહારનય અન્યથા કથન કરે છે. એનાથી ગયો નથી, એને છોડીને ગયો છે, તો કહે છે કે એને લઈને ગયો એમ વ્યવહારનય કથન કરે છે. શેઠી! ઓલાએ તો અર્થ કર્યો જ નથી, હેમરાજે કર્યો જ નથી. ભાઈએ પછી એને લઈને કર્યો છે. આ શું કહેવાય? ધર્મદાસ ક્ષુલ્લક. એની નકલ કરી છે. એટલે પ્રચંડ કર્મકાંડ લીધો જ નથી. અને અહીં જે પ્રચંડ કર્મકાંડને લઈને ન પામે, એણે પ્રચંડ કર્મકાંડ લીધો છે અર્થમાં. એટલે જો કાંઈ સંતાડવું હોય તો... સમજાણું કાંઈ? પાઠ

છેને પણ? '**प्रचण्डकर्मकाण्डोच्चण्डीकृताखण्डज्ञानकाण्डत्वेना**' છે, બીજી લીટી છે માથે. સમજાણું કાંઈ?

આત્મા છઠ્ઠે ગુણસ્થાને મુનિની ભાવલિંગ દશા, જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થઈ ગયો છે અંદર. અતીન્દ્રિય આનંદના અનુભવના ઝરણા. બપોરે કાલે આવ્યું હતું ઝરણા. આનંદ ઉગ્ર ચારિત્રવંતને તો અતીન્દ્રિય આનંદના ઝરણા વહેતા હોય અંદર. એ અતીન્દ્રિય આનંદના અનુભવની દશામાં એને જેટલો ભાગ હજી રાગ ભાગ, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આદિનો રહ્યો એને અહીંયા કર્મકાંડ, ક્રિયાકાંડ, કર્મધારા, કર્મધારા કહેવામાં આવી છે. એ પ્રચંડ કર્મધારા દ્વારા '**અખંડ જ્ઞાનકાંડને...**' એટલે કે જ્ઞાનનો એકાકાર શુદ્ધ ઉપયોગ જામી જાય એને પ્રચંડ કરવાથી. જ્ઞાનાનંદ ભગવાન આત્મા નિર્વિકલ્પ સુધારસના પીણામાં એકાકાર પડ્યો. સમજાય છે કાંઈ? '**અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' એકરૂપ જ્ઞાન હતું અખંડ એકરૂપ અમુક એને પ્રચંડ કરીને સ્થિર થયો. સમજાણું કાંઈ? પ્રચંડ અખંડ. બેયમાં પ્રચંડ શબ્દ વાપર્યો, ઓલામાં પણ પ્રચંડ કર્મકાંડ, અહીં પણ પ્રચંડ જ્ઞાનકાંડ અને અખંડ. બધા 'ડ' મેળવાળું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના આનંદને વેદતો, અનુભવતો છતાં રાગનો ભાગ હજી છઠ્ઠા ગુણસ્થાને પ્રેમ-પ્રીતિ, પર પદાર્થ પ્રત્યે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો ઝોંક વર્તે છે એ દ્વારા એટલે કે એને એટલું બધું મંદ કરી નાખ્યું છે, એ દ્વારા એટલે એનું લક્ષ છોડીને જ્યારે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કર્યો છે અંદર. અખંડ જ્ઞાનકાંડ એકરૂપ જ્ઞાનાનંદ પ્રભુ જ્ઞાનધારા, અખંડ જ્ઞાનધારા, સ્વભાવધારાને પ્રચંડ કરવાથી, જ્ઞાનકાંડને-જ્ઞાનધારાને ઉગ્ર કરવાથી. આ સાતમા પછીની બધી વાત (છે). સમજાણું કાંઈ?

'**અનાદિ-પૌદ્ગલિક-કર્મરચિત...**' અનાદિ પૌદ્ગલિક કર્મરચિત '**મોહને વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો)...**' કર્યો છે, '**કરવાને લીધે...**' વધ્ય નામ હણાવાયોગ્ય આત્મા અને મોહ તે હણનાર છે. એ રાગ છેને રાગ, એ પંચ મહાવ્રતનો રાગ, અઠ્યાવીશ મૂળગુણનો રાગ, ભગવાનની ભક્તિ, પૂજાનો રાગ, એ રાગ હણનાર અને આત્મા હણાવાલાયક છે. સમજાણું કાંઈ? એ રાગમાં આત્માની શાંતિનો ઘાત થાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું સમજમાં આવ્યું? શેઠી! શું સમજાણું? પ્રચંડ કર્મકાંડ.. અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી એ દ્વારા.

મુમુક્ષુ :— કરવાથી તો આવ્યું.

ઉત્તર :— કરવાથી કહ્યુંને. જુઓને આ ચરણાનુયોગની ચૂલિકાનો અધિકાર છે છેલ્લો. પરિશિષ્ટ છેને. ઈ કથનની પદ્ધતિ એવી છે. સમજાય છે કાંઈ?

આત્મા શુદ્ધ આનંદના ધ્યાનમાં એકાકાર અમુક દશાએ થયેલો છે, છતાં મુનિને હજી પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો જે રાગ છે એ રાગ આત્માની શાંતિનો ઘાતક

છે, એ આત્માના ધર્મનો ઘાતક છે. છોટુભાઈ! જુઓ! શું કહે છે આ? એ રાગ ભલે શુભ છે. પણ એ રાગની પ્રીતિ પર ઉપર જાય છે, સ્વ ઉપર નથી. એથી એ રાગનો વિકલ્પનો અંશ (વડે) આત્મા એની પર્યાયમાં હણાવાયોગ્ય છે. રાગ એને હણે છે, રાગ ઘાતક છે, શુભરાગ આત્મશાંતિ અને ધર્મનો ઘાતક છે. કહો, સમજાણું કાંઈ?

એવો જે **'મોહને વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે...'** જુદા પાડી નાખ્યા છે. જે રાગ.. રાગથી ભિન્ન તો સમ્યગ્દર્શનમાં કર્યો છે, પણ અહીં હવે રાગથી ભિન્ન પાડ્યો (પછી) ચારિત્રમાં સ્થિર થયો છે. રાગને પણ જુદો (કરીને). આવા પૂર્વક, **'વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે...'** ઓલામાં હવે આવ્યો શબ્દ જુઓ. ઓલામાં મોહભાવનાના પ્રભાવ વડે હતું. એ શબ્દ હવે અહીં આવ્યો, બધા એની સાથે મળતા. ન્યાં મોહભાવનાના પ્રભાવ વડે હતું. સમ્યગ્દષ્ટિને આત્મજ્ઞાનમાં પણ જે રાગ દયા, દાન, વ્રતનો, ભક્તિનો આવે એ રાગ મોહનો પ્રભાવ એટલે પોતાની વિકારી પર્યાયનો પ્રભાવ છે. એ વડે આત્માની પરિણતિ ચકરાવો ખાતી. રાગમાં ચકરાવો ખાતી. અંદર સ્થિર ન થતા બહારના નિમિત્તમાં ઝોંક, એનું વલણ હતું. એ અહીંયા **'કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે...'** એ રાગથી પણ છૂટો પડી અને એકાકાર અંદર શુદ્ધ ઉપયોગમાં આવ્યો ત્યારે કેવળ એકલી આત્મભાવના અથવા એકલો આત્માનો અનુભવ. ન્યાં કર્યું હતુંને, મોહનો અનુભવ. મોહભાવનાના એનો અર્થ મોહના અનુભવના પ્રભાવ વડે. અહીં કેવળ આત્મભાવનાના એટલે આત્માના અનુભવના પ્રભાવ વડે. સમજાણું કાંઈ?

**'પરિણતિ નિશ્ચળ કરી હોવાથી...'** પોતાની શુદ્ધ દશા... છેલ્લી છેને વાત આ છેલ્લી છે. પ્રવચનસારનો સાર છેલ્લો પરમાત્માની પ્રાપ્તિ. **'પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી...'** સ્વરૂપમાં ઠરી ગયો, જામી ગયો અંદર. એ રાગ જે ભક્તિ, દયા, દાનનો હતો એ શુભરાગ હતો એ પણ ધર્મને ઘાત કરનારો હતો. એ ધર્મ નહોતો, શુભભાવ હતો. એનાથી ખસીને સ્વરૂપમાં સ્થિર થયો. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદના ગંજમાં પેઠો. આનંદકંદનો ગંજ. લપેટાઈ ગયો અંદરમાં. સમજાણું કાંઈ? **'કેવળ આત્મભાવના...'** એટલે પોતાના અનુભવના પ્રભાવ વડે, આત્માના આનંદના, શાંતિના અનુભવના પ્રભાવ વડે પરિણતિ નામ નિર્મળ દશા નિશ્ચળ કરી હોવાથી. ઓલામાં ઘુમરી ખાતી હોવાથી હતી. આ નિશ્ચળ કરી હોવાથી. સામેસામે છે. **'સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો...'** ઓલામાં **'સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો...'** હતો. આ સમુદ્રની માફક. સમુદ્ર જેમ ઠરે, એ **'પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો...'** પોતામાં જ અતિ અકંપ રહેતો થકો.

**'એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને...'** ક્રમ પડે નહિ હવે એકસાથે. ક્રમે પ્રવર્તતો હતોને, એમાં ક્રમે હતું. **'એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને**

**અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી,...'** પૂર્ણ જ્ઞાનની પર્યાય એવી પ્રગટી કે હવે એમાં એ જાતનો પલટો થતો નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કેવળજ્ઞાન થયું ઈ જ વાત કરે છે. ઈ જ વાત છે અહીં અત્યારે. કહો, સમજાણું કાંઈ?

**'ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી...'** બાહ્ય પદાર્થમાં ગુલાંટ ખાતો નથી. રાગ જ્યાં ગયો એટલે નિમિત્તમાં પણ જે લક્ષ જતું એ રહેતું નથી. એકલો જ્ઞાનનો પર્યાય પૂર્ણ વ્યક્ત થઈ ગયો. એનું પલટાવું ક્રમે ક્રમે જે જ્ઞપ્તિની વિશેષતાનું હતું એ રહ્યું નહિ. એટલે નિમિત્તોની પ્રીતિ પણ રહી નહિ. જ્ઞપ્તિવ્યક્તિ એટલે જાણવાની પ્રગટતાના નિમિત્તભૂત હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થપ્રગટતાઓ પ્રત્યે ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી. એને બિલકુલ મૈત્રી પ્રવર્તતી નથી. **'અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત...'** ઓલામાં આત્મવિવેક શિથિલ હતો. અહીં **'આત્મવિવેક સુપ્રતિષ્ઠિત...'** સુપ્રતિષ્ઠિત—આત્મા આત્મામાં સ્થિર જામી ગયો એને લઈને **'અત્યંત અંતર્મુખ થયેલો...'** ઓલામાં અત્યંત બહિર્મુખ હતો. **'અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો...'** એ પૌદ્‌ગલિક કર્મના રચવામાં નિમિત્તભૂત જે રાગદ્વેષ એના વિકારથી દૂર થયો થકો **'પૂર્વે નહિ અનુભવેલા...'** પૂર્ણાનંદ. પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્મા. એમ. અપૂર્વ જ્ઞાન અને આનંદસ્વભાવવાળા **'ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.'** અત્યંતપણે પ્રાપ્ત કરે છે એમ કીધું. પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. આ વિધિ થઈ.

પરમાત્મ પ્રાપ્ત કરવાની આ વિધિ છે. પરમાત્મા એટલે મોક્ષ થવાની પ્રાપ્તિની આ રીત છે. આ રીતે મોક્ષ થાય, બીજી રીતે થતો નથી. પહેલું તો રાગ અને નિમિત્તથી પૃથક્ કરી શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરી, જેટલી એની યોગ્યતાઓ છે તેને ખ્યાલમાં રાખી અને સાધક થાય પછી તેને રાગ રહે છે, એ રાગને પર ઉપર પ્રેમ જાય છે એથી તેનું વલણ છોડી સ્વરૂપમાં નિષ્કંપપણે ઠરે ત્યારે તેને પૂર્ણ આત્માની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.'** લ્યો. અત્યંત એટલે પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. **'જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.'** ઓહો..હો..! એ આશીર્વાદ આપે છે જુઓ! હે આત્માઓ! જગત, જગત એટલે આત્માઓ. જગતમાં વસેલા આત્માઓ. જગત પણ જ્ઞાનાનંદસ્વરૂપ એવો પરમાત્મા આત્મા એને પ્રાપ્ત કરો જ, કરો જ. અરે..! પણ આટલું જોર! પોતાનું જોર છેને! સમજાણું કાંઈ? અમે પરમાત્મા થવાના જ એમ કહે છે. મુનિ આચાર્ય અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલમાં

વનવાસી આત્મધ્યાનના આનંદના ઉછાળામાં હતા અને આ લખવા વખતે એને આ વિકલ્પ છે. કહે છે, એ જ્ઞપ્તિની વિશેષતામાં આ વિકલ્પ પર ઉપર જાય છે. શાસ્ત્ર લખવાનો પણ પ્રેમ છેને એટલો. શાસ્ત્ર લખવાનો પ્રેમ છેને, એ રાગ છે. એટલી મૈત્રી વર્તે છેને કે આ શાસ્ત્ર હોય તો લોકો ધર્મ પામે. એટલો પણ રાગભાગ છે, એ ધર્મ નથી. કહે છે કે એ રાગ પણ અમારી શાંતિનો ઘાતક છે. સમજાણું કાંઈ? આ શાસ્ત્ર લખવા, આ પ્રવચનસાર લખ્યું. કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ સંત વનવાસી, ઘોર પરાક્રમી, ઘોર પરાક્રમી એ કહે છે કે આ લખવાનો રાગ, અમને પ્રેમ વર્તે છે હોં હજી શાસનનો એટલો. શાસનનું આમ થાય, પ્રભાવના થાય, શાસ્ત્ર હોય તો (સારું), એવો અમને પ્રેમ (વર્તે છે) પણ એ પ્રેમ અમારી શાંતિનો ઘાતક છે અમે જાણીએ છીએ. ધર્મચંદજી! એને છોડીને સ્વરૂપમાં નિષ્કંપ ઠરે, પરમાત્મા થઈ જાય. સમજાણું કાંઈ? અલ્પકાળમાં પરમાત્મા થશે. તો અહીં તો કહે છે કે અત્યંતપણે પ્રાપ્ત કરે છે.

અરે..! જગતના પ્રાણી! તમે પણ આવો જ્ઞાન આનંદસ્વરૂપ ભગવાન એના પરમાત્મદશાની પૂર્ણ દશાને પ્રાપ્ત કરો જ. આ તો આદેશ આપ્યો, ઉપદેશ પણ નહિ. સમજાણું કાંઈ? આવી સ્થિતિ પ્રભુ! અહો..! જેના સ્વભાવમાં આનંદ ને જ્ઞાન ને શુદ્ધતા છલોછલ ભરી છે, જેના અંતર્મુખના ધ્યેયની ચીજમાં આખો પૂર્ણ પૂર્ણ પૂર્ણ પૂર્ણ પૂર્ણ અખંડ પૂર્ણ એવો શુદ્ધ આનંદ અને શાંતિનો રસ પડ્યો છે, એની દૃષ્ટિ કરી અને સ્થિરતા કરીને આવી પરમાત્મદશાને જગત પામો. ફલાણા ન પામો એમ નથી લીધું, અહીં તો બધા પામો. જાઓ! સમજાણું કાંઈ? સાગમટે નોતરું. સાગમટે સમજો છો? અમારે કાઠિયાવાડમાં (કહે છે), બધા જમવા આવજો. એમ. આખું ઘર, આખું ઘર. એમ અહીંયા બધા જગતના (જીવો), અરે..! અનંત આત્માઓ! તમે જ્ઞાન અને આનંદના કંદ છો. તમારા વેલડીના બીજ કેવળજ્ઞાનના કોળા પાકે એવા તમારા બીજડા છે. માટે તમે પરમાત્મા થાઓ હોં! અરે..! પ્રભુ! અમે આવા પાંચમા આરાના પામર પ્રાણીઓ. આરો-બારો કે દિ' આત્મામાં હતો? રાગ પણ નથી અને કર્મનો સંબંધ પણ જ્યાં સ્વભાવમાં નથી. શેઠી! પણ ભઈ તમે લોકની યોગ્યતા જોઈને ઉપદેશ આપો. લોકો એમ કહે છે. અમે એવો શું કરવા ઉપદેશ આપતા નથી ? કે જગતની લાયકાત નથી. પણ તું સમજ્યો છો કે નહિ? પહેલું કહે.

અહીં તો કહે છે કે લોક લાયક નથી એ પ્રશ્ન અહીં રાખ્યો નથી. આત્મા છે કે નહિ? આત્મા આખો અખંડાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું દળ પડ્યું છે એ તો. દળ એકલું જ્ઞાન અને આનંદનું દળ કંદ. એના અંકુરા ફૂટે, શુદ્ધ જ્ઞાન અને આનંદના ફૂટે એવું એ બીજ છે. સમજાણું કાંઈ? બોધીબીજ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું બીજડું છે ઈ. એમાંથી ફાલ આવે છે. કહે છે કે જગત પણ... અરે..! ભગવાન અંતર આત્મા તારો પડ્યો છે પૂર્ણ એમાંથી પરમાત્માની પર્યાયને પ્રાપ્ત કરો જ, કરો જ. આ જોર! કરો હી. અહીં શ્લોક પણ છે હવે, બોલો લ્યો.

आनन्दामृतपूरनिर्भरवहत्कैवल्यकल्लोलिनी-
निर्मग्नं जगदीक्षणक्षममहासंवेदनश्रीमुखम्।
स्यात्काराङ्कजिनेशशासनवशादासादयन्तूल्लसत्
स्वं तत्त्वं वृतजात्यरत्नकिरणप्रस्पष्टमिष्टं जनाः।।२०।।

અહો..! જુઓ! પૂર્ણતાની વાત લીધી છેને.

'(**અર્થ :-) આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે,...**' કેવું આત્મતત્ત્વ છે? આત્મા આત્મા. '**આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતા...**' પર્યાય હોં પાછી આ. આહા..હા..! પરમાત્માની પ્રાપ્તિ કીધીને છેલ્લી? આનંદામૃત એવું તો પૂર અંદર ભર્યું છે, આનંદામૃતનું પૂર તો અંદર છે પણ એ પૂરથી ભરચક વહેતી પર્યાય આવી છે, અહીં તો કહે છે. પર્યાયમાં ભરતી આનંદામૃતની આવી ગઈ. સમજાણું કાંઈ? અનાકુળ શાંતરસ અને આનંદરસ એનું પૂર છે આત્મા. પૂર પૂર. એમાંથી વહેતી આનંદ અને જ્ઞાનની પર્યાયની સરિતા. નદી નદી, વર્તમાન નદી હોં! પુરથી ભરચક વહેતી, ભરચક વહેતી. ઓહો..હો..! કૈવલ્યસરિતામાં—એકલી મુક્તિરૂપી નદીમાં જે ડૂબેલું છે. મુક્તિરૂપી નદીમાં જ આત્મા પરિણમી ગયો છે એમ કહે છે.

ભગવાન આત્મા પરમાત્મપદને પામ્યો. આ વિધિ તો કીધી. આત્મા કીધો, કેમ પામે એ કીધું. હવે એની દશાનું વર્ણન કરે છે. કેવું છે ઈ? '**જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે,...**' જ્ઞાનની પર્યાય જેમાં મુખ્ય છે. જે જ્ઞાન પોતાને અને પરને જાણવાની તાકાતવાળું (છે એ) જ્ઞાનની જ જ્યાં મુખ્યતા રાખે છે. '**જગતને જોવાને...**' એટલે ત્રણ કાળ ત્રણ લોકને જોવાને એમ. '**એવી મહાસંવેદનરૂપી શ્રી...**' મહાજ્ઞાન, સંવેદનજ્ઞાનરૂપી લક્ષ્મી '**જેમાં મુખ્ય છે,...**' એની વિશેષતા વર્ણવી જ્ઞાનની. આજે હતુંને આપણે ઓલામાં? જીવોમાં આવ્યું હતુંને, સાત બોલમાં. જ્ઞાનની એક સમયની પર્યાય સમસ્ત જગતને જાણે છતાં એકરૂપ રહે છે. એકરૂપ વિશેષતા... ખાસ જે જ્ઞાન એવો સ્વભાવ કે અસાધારણ સ્વભાવ છે. બીજામાં તો નહિ પણ બીજો એવો નહિ, એવો જે જ્ઞાનસ્વભાવ એ જ આત્મા કહી કહીને વારંવાર વર્ણવે છે. તો અહીં કહે છે કે એવો ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનથી ભરેલું પૂર એ પર્યાયમાં પૂરપણે વહ્યું. પર્યાય નામ અવસ્થામાં આનંદ અને જ્ઞાનથી ભરચક કૈવલ્યસરિતા થઈ ગઈ. એમાં ડૂબેલું એટલે એમાં પરિણમી ગયું છે એવું આત્મરત્ન. '**જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી...**' એટલે બીજા ગુણો બીજાને જોતા નથી. એક જ્ઞાન જ એનો એવો સ્વભાવ છેને.

'**જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે...**' સ્વતત્ત્વ. સમજાણું કાંઈ? '**ઉત્તમ રત્નના કિરણ જેવું...**' ઉત્તમ રત્ન. સાધારણ નહિ. આમ ઉત્તમ હોય તો કિરણો પણ ફાલે છે આમ. પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. એવું '**જે સ્પષ્ટ છે અને જે ઈષ્ટ**

**છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને...**' જે ઈષ્ટ છે (અર્થાત્) આત્મપદાર્થ ઈષ્ટ છે. જે સ્પષ્ટ છે અને જે ઈષ્ટ છે '**એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને...**' પોતાના નિજ તત્ત્વને '**જનો...**' હે જીવો! '**સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો...**' '**સ્વતત્ત્વને જનો...**' એવા સ્વતત્ત્વ આત્માને હે જીવો! '**સ્યાત્કારલક્ષણ જિનેશશાસન...**' છે. નિત્ય-અનિત્ય આદિનું વર્ણન કોઈ અપેક્ષાએ કરવામાં આવે છે. સર્વથા નિત્ય અનિત્ય છે નહિ. એવા સ્યાત્કારલક્ષણ (અર્થાત્) કથંચિત્ કહેવાની અપેક્ષાવાળા ભાવને સમજી. છેને નીચે? '**(-સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવા જિનભગવાનના શાસનનો...**' જિનેશ. સ્યાત્કાર લક્ષણ જિનેશ, જિન ભગવાન એનું શાસન. એમ. જિનેશ-જિનેશ્વર જિન ભગવાન વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એનું શાસન એટલે એની શિખામણ એને વશે પમાય છે. બીજાથી પમાતું નથી. એક સર્વજ્ઞ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર વીતરાગ દેવાધિદેવ એણે કહેલા માર્ગથી આ તત્ત્વ પામી શકાય છે. બીજા અજ્ઞાનીઓએ અનંત મતો કહ્યા હોય એ બધા મતો પાખંડ છે અને અજ્ઞાન (હોવાથી) એનાથી આ તત્ત્વ પામી શકાતું નથી. કહો, શેઠી!

આચાર્ય કહે છે, જિનેશ... છેને? ક્યાં આવ્યું પાઠમાં? આ નીચે આવ્યું. '**स्यात्कार**' હું તો ઉપર જોતો હતો ઓલામાં. '**स्यात्काराङ्कजिनेशशासनशादासादयन्तूल्लसत्**'. ઓહો..! ભગવાન આત્મા શુદ્ધ શાંતરસ અને આનંદથી ભરેલો એને જિનેશ—પરમેશ્વર વીતરાગદેવ ભગવાન એની શિખામણ, એમનું કહેલું જ્ઞાન એના વશ થઈને પામો. એ સિવાય પમાય એવું નથી. કહો, સમજાણું કાંઈ? '**જિનેશશાસનના વશે પામો...**' છેલ્લી વસ્તુ કે આ જ માર્ગ છે. જૈન પરમેશ્વરે જે આત્મા જોયો અને જેવો છે એવો પામ્યા અને એવો કહ્યો. એના જ્ઞાનના વશે એ આત્મા અનુભવ કરી શકે એવા જ્ઞાનના સ્થિરતાના વશે કેવળ પામી શકે છે. એમણે કીધી એ રીતે, બીજી રીતે હોઈ શકતું નથી. અને બીજા મતમાં અને બીજા પંથમાં આ ધર્મ અને ધર્મનો પંથ ને મોક્ષનો માર્ગ હોઈ શકતો નથી એમ કહેવા માંગે છે. વીતરાગ પરમેશ્વર જૈન તીર્થંકર દેવાધિદેવ એના શાસનને સમજો અને સમજીને એમણે આ આત્મા આવો કહ્યો છે. એવા આત્માને સમજીને પામો અને પરમાત્મદશાને પ્રગટ કરો. કહો, સમજાણું કાંઈ?

'**(હવે અમૃતચંદ્રસૂરિ આ ટીકાના રચનાર છે' એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વની પ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે :)**'

**व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु गुम्फो गिरां**
**व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहज्जनो वल्गतु।**
**वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलात्**
**लब्ध्वैवकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः।।२१।।**

અહો..! આચાર્ય વસ્તુના સ્વરૂપની જેવી સ્થિતિ છે એ વર્ણવે છે.

**'અર્થ :—'** અરે..! **'ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...'** આ ટીકા શબ્દે પરિણમાવી છે, મેં કરી નથી. આત્મા જડની પર્યાયનો કર્તા ત્રણ કાળમાં હોઈ શકે નહિ.

મુમુક્ષુ :— વ્યવહારે..

ઉત્તર :— વ્યવહારે એટલે થાય ત્યારે નિમિત્ત કોણ હતું એ જ્ઞાન કરાવવા કહ્યું છે. વ્યવહારે કરી શકે છે માટે છે એમ છે નહિ.

આ ટીકા પ્રવચનસારની, મૂળ શ્લોક ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યા, જે સંવત ૪૯માં થયા, બે હજાર વર્ષ (પહેલા). દિગંબર મુનિ સંત. એના પછી ૧૧૦૦ વર્ષે આ અમૃતચંદ્રાચાર્ય થયા. એ ટીકાના પરમાણુની રચના, કહે છે કે મેં કરી નથી. આહા..હા..! જડની પર્યાય તે આત્મા કરી શકે ત્રણ કાળમાં? આત્મા બોલી શકે? આત્મા ચાલી શકે? એ તો જડની ક્રિયા છે. કહે છે કે આ શાસ્ત્ર મેં રચ્યા નથી. મેં રચ્યા એમ મને ગાળ્યું ન દેશો. આહા..હા..! સમજાણું કાંઈ? રચવાની અપેક્ષાએ. નિમિત્તની અપેક્ષાએ બહુમાન માનવું એ જુદી વાત છે. સમજાય છે કાંઈ?

**'પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...'** આ ભાષા. આત્મા એનો કર્તા નથી ભાષાનો, ટીકાનો, શાસ્ત્રનો, શબ્દનો આત્મા કર્તા ત્રણ કાળમાં અજ્ઞાનભાવે પણ નથી. કોઈ કહે કે એ તો નિર્માનપણું વર્ણવ્યું છે. નિર્માન નહિ, વસ્તુની સ્થિતિ વર્ણવી છે. એક પણ અક્ષર અનંતા પરમાણુના અનંતા સ્કંધનો, એ અનંતા સ્કંધથી શબ્દ થાય છે, આત્માથી થતો નથી. આચાર્ય કહે છે કે આ શાસ્ત્ર મેં રચ્યું એમ મને ન કહેશો, એમ ન બોલશો, એમ ન નાચશો. સમજાણું કાંઈ? **'આત્મા તેમને પરિણમાવી શકતો નથી...'** તેથી આવ્યુંને, 'સિદ્ધોવર્ણમ્ સમામ્નાય' અનાદિ શબ્દની પરિણતિ શબ્દથી થાય છે. એને આત્મા કોઈ દિ' કરી શકતો નથી. ક્યારે નહિ કરી શકતો હોય? સિદ્ધ થાય ત્યારે? સમજાણું કાંઈ? અત્યારે. આ વાણીનો ધ્વનિ ઉઠે એ આત્માથી નહિ, આ અક્ષરો લખાણા તે આત્માથી નહિ એમ અમૃતચંદ્રાચાર્ય પોકાર કરે છે. અજીવતત્ત્વની અવસ્થા આત્માથી થાય, ત્રણ કાળ ત્રણ લોકમાં થતી નથી.

**'આત્મા તેમને પરિણમાવી શકતો નથી...'** પહેલા પરિણમે છે એમ કહ્યું, એ શબ્દો પરિણમે છે. ત્યારે કહે, પરિણમાવી શકે? ના, પરિણમાવી શકતો નથી. પરિણમે ભલે ઈ અને પરિણમાવે બીજો. એમ થતું હશે? ના. શબ્દની ધ્વનિથી આ પરમાણુ પુસ્તક બની ગયું છે. એને આત્મા કોઈ રીતે બનાવી શકતો નથી. એ વિશેષ વાત છે. વખત થયો છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧, સોમવાર, તા. ૧૨.૧૧.૧૯૬૨**
**શ્લોક-૨૧, ૨૨, પ્રવચન-૪૫**

પ્રવચનસાર એટલે શું? સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમને એક સેકંડના અસંખ્યભાગમાં—સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાણા. એટલે કે સર્વજ્ઞપદ જે સ્વભાવ—શક્તિમાં હતું એ અંતરના અનુભવ અને સ્થિરતા દ્વારા એ સર્વજ્ઞપદની પ્રાપ્તિ ભગવાન અરિહંતને થઈ. એની વાણી નીકળી એને અહીંયા પ્રવચનસાર કહે છે. પ્ર-વચન. પ્ર એટલે પ્રધાન, વચનો. ભગવાનની દિવ્યધ્વનિ આવી. એ તો વીતરાગ છે, વીતરાગને કંઈ ઈચ્છા હોતી નથી. પૂર્ણ વીતરાગ થયા પછી પૂર્વના પ્રારબ્ધથી બંધાયેલું તીર્થંકરગોત્ર આદિ એને લઈને વાણી સહજ નીકળી. એ દિવ્યધ્વનિને પ્રવચન કહે છે અને એ પ્રવચનનો સાર આમાં આચાર્યોએ બહુ ટૂંકામાં કહ્યો છે. એ વાત કહેવાઈ ગઈ છે. હવે આ તો છેલ્લા બે શ્લોક છે.

'(**હવે, અમૃતચંદ્રસૂરિ...**' કૌંસમાં છે. '**આ ટીકાના રચનાર છે**' **એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વની પ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે :**' શ્લોક બોલો.

व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु गुम्फो गिरां
व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहज्जनो वल्गतु।
वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलात्
लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः॥२१॥

ઈ ઉપર શ્લોક હતો એનો, હવે નીચે અર્થ છે એનો. કહે છે કે આ ટીકા જે બની એ '(**ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે...**' શબ્દ એક ભાષાવર્ગણા છે જડ, ઈ ભાષાવર્ગણા પરમાણુનો પિંડ છે. એ પરમાણુઓ જ આ ભાષાપણે પરિણમે છે. આત્મા એને પરિણમાવી શકતો નથી. કેમકે બીજું પૃથક્ દ્રવ્ય છે. જડ ભાષા એ પૃથક્ દ્રવ્ય છે. એટલે ટીકા બનવાના અક્ષરો જે થયા એ શબ્દે પોતે શબ્દરૂપે પરિણમીને ટીકા થઈ છે એમ કહે છે. ઓહો..! '(**આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...**' એ જડને પરિણમાવી શી રીતે શકે? આત્મા અરૂપી. એ જ્ઞાન કરે કાં રાગ કરે, પણ શબ્દની ધારા કે આ ટીકાના અક્ષરો, એક અક્ષર અનંત પરમાણુના પિંડનો બનેલો હોય છે. તો અનંત પરમાણુ, એક એક પરમાણુ સ્વતંત્ર જગતનો અજીવ પદાર્થ સ્વયંસિદ્ધ છે. એવા અનંત પરમાણુથી બનેલો એક અક્ષર એની શબ્દની ધારાથી તે પરમાણુમાં અક્ષરરૂપે પરિણમન થાય છે. પુદ્‌ગલો સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આ વાત ભારે આકરી પડે.

કર્તા જગતનો કોઈ ઈશ્વર નથી. વસ્તુ સ્વયંસિદ્ધ અનાદિ છે. છે અનાદિ-અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ એવા ભગવાને કેવળજ્ઞાની પરમાત્માએ છ વસ્તુ જોઈ છે, છ દ્રવ્ય છે જાતિએ. સંખ્યાએ અનંત છે. અનંત આત્માઓ, અનંતા પરમાણુઓ આ માટી. જેના મૂળ પોંઈટ જે છે, છેલ્લો રજકણ એને પરમાણુ કહે છે. એ બધા એકઠા થઈને આ દૃશ્યમાન દેખાય છે. આ આત્મા નથી. આત્મા એનાથી જુદી ચીજ છે. એમ આ ભાષા થાય છે એ આત્માથી થતી નથી. અને આ ટીકા જે થઈ છે, આચાર્ય પોતે કહે છે, આત્માની વાત કરી પણ એ શબ્દે કરેલી છે, મેં નહિ. હું તો આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ તો જાણે, દેખે. એ જડને અડતોય નથી અને જડની દશા જડને કાળે શબ્દરૂપે થાય એમાં હું કેમ એને કરી શકું? ઝીણી વાત છે જરી.

સર્વજ્ઞ વીતરાગમાર્ગ કંઈ બીજા કરતાં તદ્દન જુદી જાત છે. ઓલો તો ઈશ્વરને આખા જગતનો કર્તા કહે છે. અહીં તો શબ્દની પર્યાયનો આત્મા કર્તા નથી એમ કહે છે. ઓહો..! અભિમાન છેને અનાદિનું. આ શરીર, આ વાણી, આ શબ્દો આ હું કરું છું, હું કરું છું, હું કરું છું એ અજ્ઞાન છે. કહે છે, ભાઈ! તું તો ચૈતન્ય છોને. જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એ તો જ્ઞાનનો પુંજ પ્રકાશ છે. બહુ તો એમાં રાગદ્વેષ અને પુણ્ય પાપના ભાવો થાય, પણ એ કંઈ શરીરને ને વાણીને અને અક્ષરને બનાવે એવી તાકાત આત્મામાં નથી. એ શબ્દો જ શબ્દરૂપે પરિણમીને ભાષા થાય છે. ખરું કઠણ પડે જગતને. સમજાણું કાંઈ? એ શબ્દો જ ખરેખર શબ્દરૂપે પરિણમે છે, પુદ્‌ગલો. આત્મા તેને પલટાવી શકતો નથી. એક વાત.

'**તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે,...**' અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એ બધા જ્ઞાનમાં જણાય એવા જ્ઞેય છે. એ જ્ઞેય પોતાને કારણે સમયે સમયે પરિણમી-બદલી રહ્યા છે. '**શબ્દો તેમને જ્ઞેય બનાવી...**' શબ્દો તેને જ્ઞેય બનાવી '**સમજાવી શકતા નથી)...**' જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. ઈ જ્ઞેય બનાવે છે? શબ્દો કંઈ જ્ઞેય બનાવે છે? એ જ્ઞેયમાં જે વસ્તુ છે, શબ્દો સ્વપરની વાર્તા કરે. સ્વપરની વાર્તા એટલે પરમાણુ છે પર એની પર્યાયપણે પરિણમીને શબ્દોમાં સ્વપરનું કહેવાનું પરિણમન જડમાં છે. પણ જ્ઞેયને બનાવીને જ્ઞેયને સમજાવે એ જડમાં તાકાત નથી. જરી ઝીણું છે ભાઈ! વીતરાગનું તત્ત્વ બહુ ઝીણું છે. અત્યારે એમાં જુવાનિયાને હા હો અને હરિફાઈ એમાં ભારે કઠણ પડે એવું છે.

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જેને સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ જણાણા. ભગવાન ફરમાવે છે એમ સંતો પોતાના ભાવથી જે વસ્તુ છે તેમ એ ફરમાવે છે. ભાઈ! આ ટીકા મેં રચી એમ ન માનીશ હોં! એમ કહે છે. એ શબ્દોની પરમાણુના પરિણમનમાં-બદલવામાં શબ્દ થવાની તાકાતથી એ શબ્દો થયા છે. ભાષા તોતડી હોય, જીભ તોતડી હોય, હુશિયાર માણસ હોય લ્યો. જ્ઞાનમાં ખ્યાલ હોય કે અત્રુટકપણે બોલવું છે.

ધારાવાહી બોલવું છે પણ ધારાવાહી બોલાતું નથી. એના ખ્યાલમાં હોય કે આમ બોલવું જોઈએ. ખ્યાલ કરી શકે, ભાષા આમ અત્રુટક બોલવી એમ નહિ બોલી શકે. કારણ કે ભાષાની દશા ભાષાને કારણે છે. સમજાણું કાંઈ? હવે ક્યાં રહ્યું શરીર? આ તો માટી જડ ધૂળ છે. એનું પલટવું અને ટકવું, રોગ-નિરોગનું થવું એ આત્માને લઈને નથી. શરીરના પરમાણુઓ માટી પોંઈટ પરમાણુ છે એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એક સેકંડના અસંખ્યભાગમાં નવી પર્યાય ઊપજે, પુરાની પર્યાય વ્યય નામ અભાવ થાય, સદશપણે એ પરમાણુનું ધ્રુવપણું ટકી રહે. એવો એક એક પરમાણુ અને એક એક આત્મામાં સ્વયંસિદ્ધ સ્વતઃ સ્વભાવ છે. એ કોઈને કારણે પરિણમે અને કોઈ એને પરિણમાવી શકે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. અનાદિથી માને ભલે. સમજાય છે?

તો કહે છે, '**ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે,...**' શબ્દો એટલે શું? આત્મા આત્માપણે જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાય એ રીતે પોતે પોતાને કારણે પરિણમે છે. પણ શબ્દો તેમને જ્ઞેય બનાવી 'આ જ્ઞેય છે' એમ બનાવી સમજાવી શકતા નથી. એ શબ્દમાં તાકાત નથી કે આનું જ્ઞાન હું તને કરાવી દઉં. સામે આત્મા છે, જડ છે એનું જ્ઞાન કરાવી દઉં એવી શબ્દમાં તાકાત નથી. જ્ઞાન તો જ્ઞાન કરનાર પોતાની મેળાએ કરે ત્યારે થાય. કહો, સમજાણું આમાં? '**માટે) આત્મા સહિત વિશ્વ...**' ભગવાન આત્મા એ સહિત વિશ્વ નામ છ દ્રવ્યો, અનંત પદાર્થો. વિશ્વ કીધુંને? આત્મા સહિત વિશ્વ. આત્મા સહિત વિશ્વ એટલે છ દ્રવ્ય છે. એકલા આત્માઓ નથી. અનંતા પરમાણુઓ પુદ્ગલ છે જેને શાસ્ત્રકાર પુદ્ગલ કહે છે. આ પુદ્ગલાસ્તિકાય. બીજું એક કાળાણુ છે. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ એવા છ દ્રવ્યો સહિત વિશ્વ કહેવામાં આવે છે. આખું વિશ્વ એટલે સમસ્ત છ દ્રવ્યનું બનેલું અનાદિનું એમ ને એમ છે. કોઈએ કરેલું નથી. કોઈ દિ' નાશ થાય એવું નથી, કોઈ દિ' અભાવ થાય એવો નથી.

એવું '**આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે,...**' એ સમજાવવાયોગ્ય છે એમ ન માનશો કહે છે. ધ્યાન રાખજો જરી. આહા..! '**આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે...**' વાણીની ગૂંથણી-રચના તે તેને સમજૂતી આપે છે એમ ન માનશો. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રકાશપુંજ. આત્મા એટલે જ્ઞાનપુંજ. જ્ઞાનનો દરિયો. પ્રકાશનો પુંજ, ચૈતન્યપ્રકાશ પુંજ. એ પોતે પોતાથી જ્ઞાનને કરે છે. શબ્દોથી જ્ઞાનને કરે અને શબ્દોમાં જ્ઞાન કરાવવાની તાકાત છે એમ છે નહિ. સમજાણું કાંઈ? શબ્દ જડ વસ્તુ પર છે એને આત્મા પરિણમાવે તો નહિ, પણ આત્મા શબ્દ વડે જણાય એવો નથી અને શબ્દ એને જણાવે એવું શબ્દમાં નથી. ભારે આકરું ભાઈ. આ હા હો ને હરિફાઈના જમાનામાં આ કહેવું કે આત્મા બોલે નહિ. અરે..! ગાંડો લાગે છે આ તો.

ભગવાન! તું તો અરૂપી છો પ્રભુ! એ રૂપી જડની દશા કરે તો શરીરમાં રોગ આવવા જ ન દ્યે કોઈ. પરનું આનું કરી શકતો હોય તો શરીરમાં રોગ આવવા ન દ્યે. કાળાના ધોળા થવા ન દે. જો એના અધિકારની વાત હોય તો. એ તો જડના અધિકારની વાત છે. જડની પર્યાય એની અવસ્થાપણે પરિણમે, એ પ્રમાણે હોય. તારે કારણે જડમાં, શરીરમાં અને વાણીમાં ભાષામાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ રીતે પણ તત્ત્વનું જ્ઞાન કરાવે છે કે તું જ્ઞાનસ્વરૂપ છો એમ નક્કી કર. રાગ આવે પણ એ પણ આસ્રવ અને વિકાર છે એમ નક્કી કર અને તું બીજાને સમજાવી શકે છે તે નકાર છે. એ તો વાણી વાણીનું કામ કરે છે. બરાબર હશે?

**'આત્મા સહિત વિશ્વ વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે,...'** એમ ન માનશો એમ કહેવું છે અહીં. **'વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે...'** એટલે વાણીની ગૂંથણી આ ટીકા થઈ તે સમજણ આપે છે, એ સમજણ આપે છે એમ ન માનીશ. સમજણ તો જેમાં હોય એમાંથી આવે કે જેમાં (ન હોય એમાંથી આવે)? જડમાં સમજૂતી છે વાણીમાં ભાષામાં? એને ખબરેય નથી કે અમે કોણ છીએ જગતના તત્ત્વ? એને તો ખબરેય નથી. જ્ઞાન જાણે છે કે આ જડ છે. વાણીની આ રજકણોની ધ્વનિ ઉઠે છે એને ખબર નથી કે અમે જગતના કોણ તત્ત્વ છીએ. જ્ઞાન જાણે, આત્મા જાણે કે આ અજીવતત્ત્વ છે. એટલે અજીવ શબ્દોથી જ્ઞાન થાતું નથી. અજીવમાં તાકાત નથી કે આત્માને જ્ઞાન પરિણમાવે અથવા જ્ઞાન કરાવે. શેઠી! બરાબર છે? તો સાંભળવું શું કરવા હવે? એમ કોઈ કહે. પ્રશ્ન તો ઉઠેને માણસને. ભગવાન! તારી એવી લાયકાત છે કે શબ્દો જ્યારે શબ્દરૂપે થાય ત્યારે તારામાં તે પ્રકારના જ્ઞાનના પરિણમનનો કાળ એટલે તારે કારણે જ્ઞાન થાય છે, કંઈ શબ્દને કારણે નથી. પણ વાત ભારે ઝીણી. નવા માણસને તો સાંભળવું કઠણ પડે હોં!

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા કહે છે, વાણી વાણીને કારણે નીકળે છે હોં! હું તો આત્મા છું. આત્મા તો જ્ઞાન આનંદમાં પરિણમનારો આત્મા છે. આ કંઈ વાણીને પરિણમાવે? અને વાણી કંઈ આને લઈને પરિણમે? અને વાણી કંઈ આત્માને સમજાવે? આહા..હા..! ત્યારે વાણી ભગવાનની નીકળીને? એમ કહેવાયને? ઘણા સભામાં તીર્થંકર ભગવાનની સભામાં ઈન્દ્રો, મોટા મોટા વાઘ, નાગ... ઈ એના યોગ્યતાના પ્રમાણમાં એ જ્ઞાનને સમજ્યા છે. વાણીથી સમજ્યા નથી. વાણીથી સમજાય એ તો નિમિત્તના કથન છે. એની યોગ્યતા પ્રમાણે સમજ્યા. વાણી તો એક પ્રકારની આવે છે. જો વાણીથી સમજે તો વાણી એક પ્રકારની આવે તો બધાને એક પ્રકારનું જ્ઞાન સરખું થવું જોઈએ. જો વાણીથી સમજાય તો સમજનારને શ્રોતાને બધાને એક પ્રકારનું સરખું જ્ઞાન થવું જોઈએ. તો સરખું જ્ઞાન થતું નથી માટે વાણીથી જ્ઞાન થતું નથી. એની જ્ઞાનની લાયકાતની યોગ્યતા પ્રમાણે ત્યાં જ્ઞાન થાય છે. બરાબર છે? વાત તો લોજીકથી ચાલે છે હોં! આ તમારા જુવાનિયાને (કહું છું).

ભગવાનનો માર્ગ ન્યાયથી છે. એટલે ઘચડીપચડીને વાત નથી કરી. તીર્થંકરદેવ '....**न्यावयम्**' ન્યાયથી સિદ્ધ કરે છે, ન્યાય લોજીકથી સિદ્ધ કરે છે. ન્યાય એટલે 'નિ' ધાતુ છે એમાં. એટલે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય છે. એ ન્યાયથી અહીં આચાર્ય કહે છે કે ભાઈ! એ વાણીની ગૂંથણી સમજૂતી આપે છે એમ માનીશ નહિ. આહા..હા..! એ.. ભીખાભાઈ! ભારે ભાઈ છેલ્લો શ્લોક. પ્રવચનસારની પૂર્ણાહૂતિ. ભગવાન પ્રવચનસાર ત્રિલોકનાથની વાણી નીકળી એમ કહેવાય નિમિત્તથી. બાકી વાણીને કારણે વાણી (છે). વાણી અને શરીર બધું પડ્યું રહ્યું અને ભગવાન ગયા મોક્ષ. દેહ છૂટી ગયો અને પરમાત્મા સિદ્ધપદને પામ્યા. તો સિદ્ધને વાણી નથી અને શરીર નથી સિદ્ધમાં. ણમો સિદ્ધાણં. તો ણમો અરિહંતાણં વખતે પણ કહે છે કે વાણી અને શરીર મારા નથી. એ વાણી અને શરીર, વાણીને કારણે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

આત્મા સહિત વિશ્વ તે સમજાવવાયોગ્ય છે એમ માનશો નહિ. વાણીની ગૂંથીણી સમજૂતી આપે છે એમ માનશો નહિ. આહા..હા..! પ્રભુ! તું તો નિરાળો ચૈતન્ય છો. આ વાણી... આ લકવા થાય છે ત્યારે જુઓને બોલી શકે છે? એં..એં.. નથી બોલવાનો ભાવ એને? આ તો માટી છે. બોલોને ભઈ. નથી બોલાતું. એં...એં.. એ જડની અવસ્થા તે કાળે એવી થવાની હોય તો થાય છે. આત્માને કારણે નહિ. આત્માને કારણે હોય તો હરવખતે આત્મા ધારે એ પ્રમાણે ભાષાને પરિણમાવી શકે. પણ એમ છે નહિ. સમજાય છે કાંઈ? ભારે ભાઈ આ અભિમાન કાઢી નાખવું. જ્યાં હોય ત્યાં 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' જ્યાં ત્યાં હું કરું. બાપા! તું કોણ છો? પ્રભુ! તું તો આત્મા છોને, ભાઈ! પરમાત્મા કહે છે કે તું તો મારી નાતનો જાતનો આત્મા છો. તું કંઈ જડ નથી અને જડ પદાર્થ જગતના જુદા તત્ત્વ છે. એને કોઈએ રચ્યા નથી અને એ કોઈ આત્માના જ્ઞાનને રચાવતા નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

જેમ આત્મા કોઈથી રચાયેલો નથી, છે. એના ગુણો—શક્તિઓ પણ છે, છે એને કોણ રચે? એમ એની વર્તમાન દશા સમજણ કરે છે એ પોતે રચે છે. એને રચાવે કોણ? એને શબ્દ રચાવતું નથી એમ કહે છે. એ સમજૂતી વ્યાખ્યા સમજૂતી આપે છે એમ માનીશ નહિ. શું કીધું સમજાય છે કાંઈ? જ્યારે તું આત્મા દ્રવ્ય નામ વસ્તુ તરીકે અનાદિ સ્વયં અકૃત્રિમ પદાર્થ છો. તો તારી શક્તિઓ જે જ્ઞાન આનંદ પણ અકૃત્રિમ છે, કોઈએ કરેલી નથી. તો તારી વર્તમાન દશા કોઈએ કરેલી નથી. એટલે કે શબ્દોએ સમજૂતી તને આપી તો એ (જ્ઞાન) પર્યાયની કરનાર ભાષા થાય છે. તો અકૃત્રિમ પર્યાય કોઈથી નહિ કરેલી એમ રહેતી નથી. સમજાણું કાંઈ? ભારે તત્ત્વ ઝીણું.

એ વાણીની ગૂંથણી સમજૂતી આવે એમ માનીશ નહિ. તો તો તારી સમજૂતીની પર્યાયનો કર્તા થઈ ગઈ વાણી અને સમજણની તારી દશા એની સ્વયંસિદ્ધતા તેં બનાવી છે એમ

રહ્યું નહિ. સમજાણું કાંઈ? તો વર્તમાન તારી સમજણની દશા શબ્દે બનાવી, પછીની પણ શબ્દે બનાવી, એટલે તારી દશા તો જડે બનાવી. તારી દશાને તેં બનાવી એ તો રહેતું નથી. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ જૈન પરમેશ્વરનો માર્ગ છે. આ કાંઈ આલીદુઆલીએ કલ્પના કરીને કહ્યું છે કે આમ હોવું જોઈએ અને આમ હશે, આમ હોવું જોઈએ એમ નહિ. આમ છે, આમ છે. જેમ છે તેમ છે એમ ભગવાને સમજાવ્યું છે.

તો કહે છે કે ભાઈ! પ્રભુ! તું તો કોણ છો? શબ્દોએ સમજ એવો તું નથી એમ કહે છે ભાઈ. શબ્દો દ્વારા આવી સમજણની દશા થાય એવો તું નથી અને શબ્દો તને સમજાવે, સમજૂતી આપે એ શબ્દમાં નથી, શબ્દમાં તાકાત નથી. આહા..હા..! મગનભાઈ! અરે..! કોના પણ ક્યાં બાપા? કોઈ સમજાવતું નથી. આહા..હા..! એની સમજવાની દશાના કાળે એ શ્રોતા પોતાના જ્ઞાનની પર્યાયને ગુણમાંથી રચે છે. અંદર નિધાન પડ્યું છે જ્ઞાનનું એમાંથી રચના જ્ઞાનની થાય, શ્રદ્ધાની થાય, ચારિત્રની થાય, આનંદની થાય. એ વસ્તુ છે ભગવાન આત્મા પદાર્થ છે, વસ્તુ સત્તા સત્તા-હોવાવાળો અને એમાં અનંતા ગુણો નામ શક્તિઓ પણ હોવાવાળું સ્વરૂપ છે એનું. એનું વર્તમાનમાં વર્તમાન ચાલુ કાળમાં.. શું કહે છે? વર્તમાનકાળ કહે છેને? તમારે શું કહે છે? ચાલુ વર્તમાનકાળ. એ સંસ્કૃતમાં એમ કહે છે. ચાલુ વર્તમાનકાળ એ સંસ્કૃતમાં આવે છેને? સંપ્રતિ આવ્યુંને? ચાલુ વર્તમાનકાળમાં ભગવાન આત્મા પોતાના ગુણોની વર્તમાન દશાને જ્ઞાનની સમજૂતીને, શ્રદ્ધાની પર્યાયને, શાંતિની પર્યાયને એ પોતે પરિણમાવે છે. એને શબ્દો સમજાવે છે, પ્રભુ! એમ છે નહિ હોં! સમજાણું કાંઈ?

દેખત ભૂલી આમ કહે. શ્રીમદ્ એ કહ્યું. દેખત ભૂલી ટળે તો ભ્રમ ટળે. દેખત ભૂલી ટળે એટલે જાણે આને લઈને અહીં થયું અને આને લઈને આ થયું. એ બધી દેખત ભૂલ છે. એ કોઈથી કાંઈ થાય નહિ. કેમકે પદાર્થ જેમ જડ પણ સ્વયં પરમાણુ છે, એની શક્તિ પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સ્વયં છે અને એની ભાષારૂપે પર્યાય થવી એ પણ સ્વયં એને કારણે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ છે વસ્તુમાં. દ્રવ્ય એટલે કાયમી ચીજ, ગુણ એટલે એની શક્તિ નામ સ્વભાવ અને પર્યાય એટલે એની વર્તમાન હાલત. વાત સમજાય છે? ભાષા તો સાદી છે. છે લોજીક એવું જરી.

દરેક પદાર્થ ભગવાને જે અનંત જોયા એ વસ્તુ છે, પદાર્થ છે. એને ભગવાનની વાણીમાં દ્રવ્ય કહે છે, દ્રવ્ય કહે છે. દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય કેમ કહે છે? કે પરમાણુ અને આત્માને દ્રવ્ય કહ્યા. દ્રવતિ ઈતિ દ્રવ્યં. જેમ પાણી દ્રવે છે મોજાને, એક પછી એક તરંગ ઉઠે છેને, દ્રવે છે આમ. એમ દરેક આત્મા અને પરમાણુઓ એને દ્રવ્ય કહ્યા, વસ્તુ છે અને એમાં અનંતી શક્તિઓ છે દરેકમાં. પરમાણુમાં રંગ, ગંધ, સ્પર્શની શક્તિ. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિની શક્તિ. એ શક્તિઓનું વર્તમાન ચાલુ કાળમાં એક સમયનું જે પરિણમન થાય એને પર્યાય કહેવામાં આવે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. કોઈથી રચ્યા

જાય નહિ અને કોઈ એને રચાવે એમ બની શકતું નથી. સમજાણું કાંઈ?

જેમ આમ કહે કે ભગવાને આત્મા રચ્યો નથી. ઓલા કહે કે ઈશ્વરે આત્મા રચ્યો. ત્યારે આ કહે કે ના, ભાઈ ભગવાને ... આત્મા આત્મા જ છે, રચે કોણ? છે એને રચે કોણ? હોય એને રચે કોણ? અને ન હોય એને રચે કોણ? છે. છે એને રચે કોણ? તો પછી છે એની વર્તમાન દશાને શબ્દો રચે? એ તો દ્રવે છે, દ્રવે છે એ તો પોતે. સમય... સમય નામ સૂક્ષ્મ 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય. નાનામાં નાના કાળમાં દરેક પદાર્થ આમ દ્રવે છે, દ્રવે છે. પાણી જેમ તરંગ છોડે છે આમ ક્રમે ક્રમે પાણીપણું રાખીને તરંગ છોડે. પાણી પેશાબ થઈને તરંગ છોડે એમ છે? કે પાણી લોઢું થઈને તરંગ છોડે એમ નથી. પાણી પાણીપણું રાખીને તરંગ થાય છે. એમ દરેક પદાર્થ પોતાની જાતને જાળવીને એનામાં તેની પર્યાય દ્રવે છે. ક્ષણે ક્ષણે અવસ્થા થાય. તો કહે છે કે ભાષાની પર્યાય પણ પરમાણુના દ્રવ્યમાંથી દ્રવીને થઈ છે. સમજનારની પર્યાય ભાષાની પર્યાયથી થઈ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભારે ભગવાન ભાઈ આકરો.

કહે છે, વિશ્વ વ્યાખ્યેય-સમજાવવાયોગ્ય છે એમ પણ માનીશ નહિ અને વાણી તેને સમજૂતી આપે છે એમ પણ માનીશ નહિ અને અમૃતચંદ્રસૂરિ એના વ્યાખ્યાતા છે એમ માનીશ નહિ. આ ટીકાનું નિમિત્તપણું... અમૃતચંદ્રાચાર્ય થયા ૯૦૦ વર્ષ પહેલા. જંગલમાં વસતા મુનિ હતા. એમણે સંસ્કૃત ટીકા બનાવી એમ નિમિત્તથી કહેવાય છે. ખરેખર છે નહિ. એ માટે કહેવા માંગે છે કે હું એક અમૃતચંદ્રસૂરિ આ પ્રવચનસારની ટીકા, વ્યાખ્યા કરનાર, સમજાવનાર છે એમ ન માનશો. એ.. દેવાનુપ્રિયા! કહો, હવે શું છે આમાં? **'એમ મોહથી જનો ન નાચો...'** આહા..હા..! હે આત્માઓ! તમે મિથ્યા ભ્રમણા કરીને આમ **'(-ન ફુલાઓ).'** કે અમૃતચંદ્રાચાર્ય તે સમજાવનાર ટીકા કરનાર છે, વાણી સમજૂતી આપે છે અને જ્ઞેય વાણી દ્વારા સમજાય છે એમ મિથ્યાત્વમાં ન નાચો. આહા..હા..! એ.. દેવાનુપ્રિયા! એકાંત થાય એનું શું આમાં કહેવું? એ પોતે પોતાથી થાય છે, પરથી થતું નથી એનું નામ અનેકાંત. અનેક અંત. અંત નામ ધર્મ, ધર્મ નામ ધારી રાખેલો ભાવ. દરેક પદાર્થ અનેકાંતસ્વરૂપ છે વીતરાગનો માર્ગ. સમજાણું? જુઓ કહેશે, સ્યાદ્વાદ કહીને. શું કહ્યું સમજાણું કાંઈ?

દરેક વસ્તુ આત્મા, એની શક્તિ, એની વર્તમાન દશા. એમ પરમાણુ માટી એની શક્તિ અને દશા બધી અનેકાંત છે. અનેકાંત એટલે? એ પરમાણુની ભાષાની પર્યાય ભાષાથી થાય અને આત્માથી ન થાય એનું નામ અનેકાંત. સમજનાર પોતાની સમજણથી સમજે, ભાષાથી ન સમજે એનું નામ અનેકાંત. શું છે? બોલો!

મુમુક્ષુ :— દેશનાલબ્ધિ...

ઉત્તર :— તે શું છે દેશનાલબ્ધિ? એ તો નિમિત્તથી વાત કરે છે. એની યોગ્યતા હોય ત્યારે સમજે ત્યારે એને દેશનાલબ્ધિ કહેવાય. એ તો પર્યાયનો ક્ષયોપશમનો ભાવ છે એનો.

એનો ક્ષયોપશમભાવ છે ઉઘાડભાવ. સમજ્યો, આ આમ કહે છે એ સમજ્યો એની પર્યાય એનાથી થઈ છે, વાણીથી થઈ નથી. આહા..હા..! ભારે પણ આકરું આ. એમાં આ જમાનો હા હો ને હરિફાઈ. મોટા કારખાના રાક્ષસ જેવા. રાક્ષસ જેવા છેને? આ બધી જુઓને બસું ચાલે ને મોટરું ચાલે ને આ ચાલે, ... માથે ચાલે, હેઠે ચાલે ને ઉપર ચાલે ને વચમાં ચાલે ત્રણે ઠેકાણે. એમ અહીં કહે છે કે કાંઈ નહિ હોં! એ સંચો એને કારણે ચાલે, ઓલા સંચાકારને લઈને નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના. ઈજનેરનો આત્મા આત્મામાં રાગ અને જ્ઞાન કરે. એક દ્રવ્ય બીજાની પર્યાયને-અવસ્થાને કરે તો એ દ્રવ્યે વર્તમાન શું કર્યું? પર્યાય-અવસ્થા વિનાનું એ તત્ત્વ રહે? સામાન્ય કાયમની ચીજ છે એની વર્તમાન વિશેષ અવસ્થા થાય. એ વિશેષનો કરનાર તો એ સામાન્ય પોતે જ તત્ત્વ છે. એ વિશેષને બીજું કરે તો એણે શું કર્યું? એની વર્તમાન વર્તમાન દરેક પદાર્થની અવસ્થારૂપ જે વિશેષ અવસ્થા એનો કરનાર તે તત્ત્વ છે દ્રવ્ય, બીજો એની અવસ્થાનો કરનાર છે નહિ. ઝીણું તો બહુ પણ ભાઈ. સમજાણું કાંઈ?

નવ તત્ત્વ છે ભગવાને કહેલા. છ દ્રવ્યના વિસ્તારરૂપે નવ છે. તો જીવ જીવનું કરે, અજીવ અજીવનું કરે. કંઈ જીવ અજીવનું કરે અને અજીવ જીવનું કરે તો બે તત્ત્વો જુદા રહેતા નથી. કહો, સમજાણું કાંઈ? એમ જુઓ! શું કહ્યું? એમ મોહથી મિથ્યાત્વપણે ભ્રાંતિપણે હે જીવો ન પરિણમો, ન ફુલાઓ. મગનભાઈ! હું ટીકા કરનાર છું, પ્રભુ! એમ ન માનશો હોં. હે આત્મા! તું એમ ન માનીશ હોં! તારી પ્રભુતા લૂંટાય છે. સમજાય છે? વાણીને મેં કરી એમ તું જો માનીશ, તો તને એમ થયું કે હું જડને કરું છું તો તારી સ્વતંત્રતા લૂંટાઈ જશે. સમજાણું કાંઈ? મોહ શબ્દે મિથ્યા ભ્રમણા નાખી છે. હે જીવો! એ મોહથી જનો ન નાચો, એ ભ્રમણાથી ન ફુલાઓ. ઓહો..! અમે એમણે સમજૂતી (આપી). ભાષા એ આવી. અમૃતચંદ્રાચાર્ય સમજૂતી કરાવનાર વ્યાખ્યાતા કરનાર હતા. અને અમારી સમજણ આપી, એણે જ્ઞેય બનાવ્યું વાણીએ. ના, ના, ના. તારી દશા તારાથી, વાણીની દશા વાણીથી. આચાર્યની દશા આચાર્યથી. સમજાણું કાંઈ? ન ફુલાઓ. એ ભ્રમણા ન કરશો. તારું તત્ત્વ તારાથી જણાય છે, વાણીથી નહિ. વાણી વાણીથી પરિણમે છે, મારાથી નહિ. મેં વાણીને કરી માટે હું એનો કરનાર એમ નથી. વાણીએ સમજૂતી આપી એમ નથી અને સમજ્યો એ વાણીથી સમજ્યો એમ નથી. આહા..હા..!

અહીં તો જ્યાં ત્યાં મેં આમ કહ્યું, મેં આમ કહ્યું. કલાક, બે કલાકનો ઉપદેશ મેં જોરદાર આપ્યો. અરે..! ભગવાન! તું કોણ છો? પ્રભુ! તું તો આત્મા છોને. અરૂપી છો તે રૂપીમાં જડમાં આવી ગયો છો તું? આ તો ભાષા રૂપી જડ માટી છે. એમાં આત્મા અરૂપી ચિદ્‌ઘન છે એ તો. અનંત અનંત અરૂપી શક્તિનો પિંડ છે. એને કોઈ સમજાવે એમ ન માનશો.

એ પરથી સમજે એમ ... નથી. એમ ન માનશો. સમજાણું? ત્યારે શું કરવું?

**'સ્યાદ્વાદવિદ્યાના બળથી...'** સ્યાદ્વાદવિદ્યાના બળથી, દેખો! સ્યાત્ નામ કોઈ અપેક્ષાએ કહેવામાં આવ્યું હોય. સમજાય છે? કે આત્મા પરથી સમજે. એ કહેવામાં આવ્યું હોય નિમિત્તથી. વસ્તુ એમ છે નહિ. **'સ્યાદ્વાદવિદ્યાના બળથી...'** અથવા જ્ઞાન જ્ઞાનથી થાય, વાણી વાણીથી થાય, વાણી જ્ઞાનથી ન થાય, વાણીથી જ્ઞાન ન થાય, વાણીને આત્મા ન કરે, આત્માને વાણી ન કરે. એવા સ્યાદ્‌વાદવિદ્યાના બળથી. જુઓ! આ વિદ્યા ભગવાનની. સ્યાદ્‌વાદવિદ્યા. સ્યાદ્‌વાદ વિદ્યાલય ચાલે છેને કાશીમાં મોટું? સમજાવે કાંઈકનું કાંઈક અને નામ આપે સ્યાદ્‌વાદવિદ્યા. એ **'સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે...'** દેખો! શું કહે છે? વાણી વાણીથી થઈ, હું મારાથી સમજું, વાણીને હું કરું નહિ, વાણી બીજાને સમજાવે નહિ એમ જ્ઞાન સ્વતંત્ર કરીને વિશુદ્ધ જ્ઞાનની કળા વડે. અરે..! હું તો જાણનાર છુંને આત્મા. આત્મા તો જ્ઞાનનો સૂર્ય છે, જ્ઞાનનો સૂર્ય છે. આ માટીનો સૂર્ય દેખાય છે આ. પરમાણુનો આ સૂર્ય દેખાય છેને? પરમાણુનો પ્રકાશ છે આ તો. પરમાણુ જડ.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે, જ્ઞાનસૂર્યથી ઝબકતો સ્વરૂપ આત્મા છે. એવો આ આત્મા જ્ઞાનની કળા વડે. આહા..હા..! એ અંતર જ્ઞાનકળા પ્રગટ કર. શરીર, વાણી, મનની ક્રિયા મારી નહિ. અરે..! અંદર પુણ્ય પાપનો રાગ ઉઠે છેને વિકલ્પ, એ પણ મારી કાયમની ચીજમાં નહિ. પુણ્ય અને પાપભાવ મારામાં નહિ. મારામાં હોય તો સિદ્ધમાં રહેવા જોઈએ. સિદ્ધ ભગવાન થયા એમાં તો પુણ્ય પાપ છે નહિ. શરીરરહિત, વાણીરહિત અને વિકારરહિત છે. આ એવો જ તું આત્મા છો અંદરમાં સ્વભાવ. તો એવી જ્ઞાનની કળા વડે **'આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને...'** દેખો! શું કીધું? આ જ્ઞાનકળા વડે. અંદર જ્ઞાનની કળા. ભેદજ્ઞાનની કળા વડે. પરથી જુદો, શરીરથી જુદો, વાણીથી જુદો, રાગથી જુદો. એવા જ્ઞાનની કળા વડે આ એક આખું શાશ્વત સ્વ, આખું શાશ્વત. જોયું! દ્રવ્ય લેવું છેને આખું. આખું શાશ્વત ધ્રુવ રહેનારું સ્વ તત્ત્વ નામ ભગવાન આત્મા એને **'પ્રાપ્ત કરીને...'** એ જ્ઞાનની કળા વડે પ્રાપ્ત કરીને એટલે ઉપાય પણ સાથે બતાવ્યો. એ દેહની ક્રિયાથી પમાય એવો નથી, એ પુણ્ય-પાપના વિકલ્પો રાગ ઉઠે એનાથી આત્મા પમાય એવો નથી. છે એમાં? જુઓ! એમાં છે કે નહિ? શું કીધું એમાં? શુભભાવથી પમાય એવો નથી એમ કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાં પમાય તો તો વીતરાગની વાણી વિરોધવાળી થઈ, કંઈ નિર્ધાર તો થયો નહિ. ખીલે ન બાંધી ક્યાંય. ગારના ખીલા જેવું થયું. એવો માર્ગ હશે વીતરાગનો? હવે તો બધા પથરા થયા અને શું કીધું આ? લાદી. ઓલી તો ગાર થાતી તો આવડી મોટી મોટી ગાર. ગારના મોટા ઢગલા. ગાર મૂકી હોયને. પછી આમ ભેંસને ખીલો નાખે તો? હલાહલ થાય. એમ આ માર્ગ હશે વીતરાગનો? આમેય હશે અને આમેય હશે, કાંઈ

નિર્ધાર જ નહિ? એક જ વાત છે નક્કી કરેલી. રત્નના વજની ભીંતમાં જેમ ફેરફાર ન થાય, એમ ભગવાન આત્મા એ શુભ અને અશુભ વિકલ્પો હો, પણ એ દ્વારા આત્મા પામી શકાતો નથી. એક ગાથામાં તો કેટલી વાત મૂકી દ્યે છે! ઓહો..હો..! સમજાણું કાંઈ?

એ જ્ઞાનની કળા. પ્રભુ આત્મા પ્રકાશનો પુંજ જ્ઞાનબ્રહ્મ આત્મા છે. એ સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞ અંતર સ્વભાવના આશ્રયમાંથી થયા. એવી અંદરમાં જ્ઞાનકળા પ્રગટ કરી, રાગ ને પુણ્ય ને નિમિત્તથી પર મારું સ્વરૂપ છે એવી જ્ઞાનની કળા દ્વારા 'આ...' આ શાશ્વત કીધું, આ પ્રત્યક્ષ એમ. 'એક...' આત્મા એકસ્વરૂપ. પોતાનો એક હોં! બીજાનો બીજા પાસે રહ્યું. આખું શાશ્વત પૂર્ણ ધ્રુવ, ધ્રુવ વસ્તુ. અનાદિ-અનંત ચૈતન્ય આદિ-અંત વિનાનો પદાર્થ આત્મા. એવા '**સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને...**' એ આત્મા જ્ઞાયકમૂર્તિ છે એમ જ્ઞાનકળા વડે પ્રાપ્ત કરીને. આત્મા કેવો એ આવ્યું, સમજાણું? એવું તત્ત્વ. '**જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વ...**' એને જ્ઞાનની પર્યાય દ્વારા અંતરમાં '**પ્રાપ્ત કરીને...**' અનંત કાળથી પ્રાપ્ત કર્યું નહોતું એમેય કહ્યું. અનંત કાળના ચોર્યાશીના અવતારમાં રખડતા અનંત અવતાર થયા. પણ આ સ્વતત્ત્વ જ્ઞાયકમૂર્તિ છે, એકલો જ્ઞાનનો ભંડાર છે અને રાગ ને પુણ્યથી પણ પૃથક્ છે એવી જ્ઞાનકળા વડે આત્માને કોઈ દિ' એણે પ્રાપ્ત કર્યો નથી. પ્રાપ્ત કરે તો એની મુક્તિ થયા વિના રહે નહિ. સંસાર જન્મ-મરણ એને રહે નહિ.

'**આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને...**' આહા..હા..! જુઓ જોર તો જુઓ! '**આજે...**' વાયદા ન હોય, કહે છે. વાયદા વાંફળ કરે, વાયદા વાંફળ કરે. વાંફળ આપણી ગુજરાતી ભાષા છે. વાંફળને શું કહે છે? શેઠી! વાંફળ વાયદા કરે એ અમારી કાઠિયાવાડી ભાષા છે. તમારી હિન્દીમાં હશે કાંઈક. ઠેકાણા વિનાનો વાયદા કરે. એમ. આવું સ્વ તત્ત્વ અનંત પર આત્માથી જુદો, અનંત પરમાણુથી જુદો, અરે..! પુણ્ય-પાપના રાગથી જુદો એવી જ્ઞાનકળા દ્વારા '**આજે (જનો)...**' પ્રભુ! પણ આમાં કાળલબ્ધિ અને કર્મનું જોર બધું ભૂલી જાય કહે છે. અરે..! ભાઈ! તને આ તત્ત્વનો ખ્યાલ આવીને જ્ઞાનકળા વડે જાગ્યો, બધું તારો પાક જ થઈ ગયું, સાંભળને! કાળેય પાકી ગયો અને કર્મ પણ તારે નથી આકરા, બધું છે. સબ અવસર આ ગયા હૈ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ કાળલબ્ધિ એમ. પુરુષાર્થ કરીને સ્વ તત્ત્વને પ્રાપ્ત કર એ તારી કાળલબ્ધિ. સમજાણું કાંઈ?

'**સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો)...**' હે જીવો! '**અવ્યાકુળપણે નાચો...**' જુઓ! જ્ઞાનકળા સાથે લઈ લીધી, એ વડે પ્રાપ્ત કરીને અવ્યાકુળપણે એટલે આનંદપણે પરિણમો. '**(પરમાનંદપરિણામે પરિણમો).**' પરમાનંદપરિણામે પરિણમો. ભગવાન તો આનંદમૂર્તિ છે આત્મા તો. એમાં દુઃખ નથી. એની દશામાં દુઃખ એણે ઊભું કર્યું છે. દુઃખ વિકૃતભાવ

કરીને ઊભું કર્યું છે. વિકૃત પુણ્ય-પાપનો ભાવ કરીને દુઃખ ઊભું કર્યું છે. વસ્તુમાં દુઃખ નથી. ભગવાન આત્મા આનંદ અતીન્દ્રિય આનંદરસ છે. એવા અતીન્દ્રિય જ્ઞાનને જ્ઞાનની કળાના અંતરમાં કળાબાજને પકડી અને આનંદથી પરિણમન કરીને નાચો. મોહથી ન નાચો એમ કહ્યું અને જ્ઞાનપણે, આનંદપણે નાચો એમ કહ્યું. અસ્તિ નાસ્તિ કરી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..!

તારી જ્ઞાનની શક્તિ વર્તમાન દશાની, એક રાગને પૃથક્ કરીને અંદરમાં આત્માને પકડે એવી તારી તાકાત છે. પણ એ તાકાત એને કોઈ દિ' બેઠી નથી એમ કહેવા માંગે છે. વર્તમાન જ્ઞાનની તાકાત એટલી છે, એ પર્યાયની તાકાત એટલી છે, એકલો રાગને, નિમિત્તને જાણીને પડ્યો એ તાકાત એટલી છે જ નહિ. એ જ્ઞાનની દશા એને અંતરમાં વાળ, એ તાકાત એને સ્વને-પરને જાણવાની તાકાત આજે જ પ્રગટ કર. ઓહો..હો..! વાહ! આશીર્વાદ પણ કેટલો છે!! મગનભાઈ!

શાસ્ત્રને હિસાબે આજે મહિનો બેસે છે. માગશર વદ એકમ કહેવાય, શાસ્ત્રને હિસાબે. એ તો આપણે લૌકિકને હિસાબે કારતક વદ એકમ છે. પૂર્ણ માસ થઈ ગઈને કાલે, પૂર્ણ માસ. પૂર્ણિમા એટલે પૂર્ણ માસ અને અમાસ એટલે અર્ધ માસ. શાસ્ત્રને સિદ્ધાંતને હિસાબે આમ છે. વીતરાગ સિદ્ધાંતને હિસાબે કાલે પૂર્ણિમા એટલે મહિનો કારતક પૂરો થઈ ગયો. આજ માગશર વદ એકમ બેઠી. સમજાણું? વદ પહેલી આવે અને સુદ પછી આવે. લોકોમાં આપણે સુદ પહેલી અને વદ પછી આવે. સિદ્ધાંતની દૃષ્ટિમાં એમ નથી. અને હિન્દુસ્તાનમાં એમ છેને તમારે. તમારે માગશર વદ એકમ બેઠી આજ. આજ મહિનો બેઠો મહિનો. એ મહિનો બેઠો આજ. ભગવાન શ્રાવણ વદ એકમથી ચોમાસુ કહે છે શાસ્ત્રમાં. અષાઢ વદ એકમ જે છેને આપણી, એને શ્રાવણ વદ એકમ કહે છે. એ શ્રાવણ વદ એકમે ભગવાનની ધ્વનિ છૂટી હતી. ભગવાન મહાવીર પરમાત્માને ૬૬ દિવસે... કેવળજ્ઞાન થયું હતું, પછી વિપુલાચલ પર્વત રાજગૃહી નગરી એની પાસે વિપુલાચલ પર્વત છેને ઉપર, ત્યાં ધ્વનિ ભગવાનની શ્રાવણ વદ એકમે છૂટી હતી. ભગવાન મહાવીર પરમાત્માને કેવળજ્ઞાન થયું ત્યારે શ્રાવણ વદ એકમ, મહિનાનો પહેલો દિવસ, પહેલો યુગ, પહેલો વર્ષ. કહો, સમજાણું કાંઈ?

કહે છે, અરે..! આજે અવ્યાકુળપણે પરિણમો. '**(હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવવાયોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે :)**' બોલો.

इति गदितमनीचैस्तत्त्वमुच्चावचं यत्
चिति तदपि किलाभूत्कल्पमग्नौ हुतस्य।
अनुभवतु तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्
अपरमिह न किञ्चित्तत्त्वमेकं परं चित्।।२२।।

'(**અર્થ :—) આ રીતે (આ પરમાગમમાં) અમંદપણે (જોરથી, બળવાનપણે, મોટે અવાજે) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું,...**' પ્રવચનસારમાં છ દ્રવ્ય, એના ગુણો, એની પર્યાય બધું વર્ણન કર્યું. અમંદપણે કર્યું છે, જોરથી કર્યું છે. બળવાનપણે કહ્યું છે. જેટલું કહેવાયોગ્ય હોય એ રીતે વાણી આવી છે. '**જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું,...**' લોકો નથી કહેતા કહીને પછી? 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' આપણે વાણિયામાં લખે છેને? પાછળથી લખે, દીકરી-બીકરીને તેડાવવી હોય તો. આ કાગળને તાર સમજજે. ઝટ આવજો. આપણે વાણિયામાં રિવાજ છે કે નહિ? છેલ્લી લીટી લખે. ઝટ આવજો. આ કાગળ તાર જેવો માનજો, થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ આચાર્ય કહે છે, '**જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન** (સ્વાહા) **થઈ ગયું.**' એની મહિમા શું કહેવી કહે છે! ઓહો..હો..!

આવો અનંત અનંત આનંદ જ્ઞાનનો ઘન એને વાણી દ્વારા કેટલી એની વાત થાય? અરૂપી ચૈતન્યઘન, વાણી જડ, એ ચૈતન્ય. આ રૂપી, આ અરૂપી. આ મૂર્ત, આ અમૂર્ત. બે વિરોધી તત્ત્વો. સમજાય છે કાંઈ? બે વિરોધી તત્ત્વો. અરૂપી ભગવાન આત્મા અને આ તો જડ માટી ધૂળ. એવા અવાજમાં કેટલું કહેવું? એ બધું કહ્યું એ '**ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન** (સ્વાહા) **થઈ ગયું.** (**અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે,...**' ઘી જ નથી જાણે, એ તો એકલી અગ્નિ જ છે. '**જાણે કે કાંઈ હોમાયું જ ન હોય!**' નથી જ કાંઈ જાણે.

'**તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું...**' આ વાત અહીં છે વજન, વજન અહીં છે ત્રણ અક્ષરમાં, ત્રણ શબ્દોમાં. '**અનંત માહાત્મ્યવંત ચૈતન્ય...**' અનંત અનંત જેનું માહાત્મ્ય. સર્વજ્ઞની વાણીમાં પણ 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન'. સમજાય છે કાંઈ? શ્રીમદ્‌માં આવે છે કે નહિ?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?

ત્રિલોકનાથની વાણીમાં પણ એ જાત પૂર્ણ આવી નહિ તો બીજા અલ્પ પ્રાણી એ તત્ત્વને શું કહે? અચિંત્ય માહાત્મ્યવાળું તત્ત્વ વચનાતીત, શરીરાતીત, રાગાતીત, મનાતીત એવા '**અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય...**' વજન અહીં છે. અનંત મહિમાવંત ચૈતન્યને કાંઈ જાણે કહ્યું જ નથી, ખાઈ જાય છે. '**ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય...**' વર્ણન જ ન થયું હોય '**એમ તુચ્છતાને પામે છે).**' આહા..હા..! કેટલું કહીએ, શું કહીએ? તમને એમ લાગ્યું હોય કે ઓહો..હો..! પ્રવચનસારમાં

તો બહુ કહ્યું છે હોં, બહુ કહ્યું છે, બહુ કહ્યું છે! ..ભાઈ! ... શ્લોકો પણ પ્રવચનસારમાં... બાપુ! એ તો શું કહેવું? અગ્નિમાં ઘી હોમાઈ જાય એ ઘી ન દેખાય. એ તો અગ્નિ જ દેખાય. એમ ગમે એટલી વાણી આ વહે, ચૈતન્યના મૂળ સ્વરૂપને કહી શકતી નથી. સમજાણું કાંઈ?

એક ગાયના સવારના તાજા ઘીના સ્વાદને કહી શકાતો નથી, વાણી દ્વારા કહેવાય છે? શરદઋતુનું ગાયનું ઘી હોય છેને? આ પીળું પીળું. અત્યારે તો ... થઈ ગયાને. નહિતર પીળું અમૃત જેવું ગાયનું કણિયાવાળું ઘી, ઈ ચાખે એને સ્વાદની ખબર પડે. પૂછે કે કેવો સ્વાદ? કોઈ ઉપમા આપને. કોઈ ઉપમા દેખાતી નથી. અરે..! પણ ઘી જેવો પદાર્થ? ગળથૂથીમાં મળ્યોને તને. જાણું છું સ્વાદને કે આવો. પણ ક્યા પદાર્થની સાથે મીંઢવું? મેળવીને કહી શકાતું નથી. કેળા જેવો સ્વાદ હશે? મીઠો ખરોને ઘીનો. કેળા જેવો હશે? ઘી કેળા થાય છે, નહિ? તળાવમાં થાય છે. ઘી કેળા. એવો સ્વાદ હશે? કોઈ સ્વાદની સાથે એને કહી શકાતો નથી. ઈ જણાય ખરો.

એમ વીતરાગ કહે છે કે અમે જાણીએ, પણ કહી શકાય ચૈતન્યના પૂર્ણ સ્વરૂપને એ વાણીમાં તાકાત નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! '**(એમ તુચ્છતાને પામે છે)**.' વાળી લીધી વાતને હોં. કહી શક્યો નથી હું અને ઘણું કહ્યું હોય તો એમ કહેજો કે એમાં બધી સમાઈ ગયું. એવો આત્મા ભગવાન એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તાકાતવાળું તત્ત્વ એને શું કહે? '**તે ચૈતન્યને જ...**' હવે જુઓ પાછું ઈ આવ્યું. એવું જે ચૈતન્ય અનંત મહિમાવાળું ભગવાન આત્મા આનંદ, જેની મહિમા વાણીએ પૂરી ન પડે એવા ચૈતન્યને, એવા '**ચૈતન્યને જ...**' જુઓ! સંયોગને નહિ, પુણ્ય-પાપના ભાવને નહિ, આ ચૈતન્યને જ. '**ચૈતન્યને જ ચૈતન્ય...**' જ્ઞાનના આનંદની શૈલી દ્વારા આત્માને આજે જ પામો. ત્યાં પણ 'આજે' કહ્યું હતું અને અહીં 'આજે' આ.

બાપુ! તને ભગવાન આત્માની જો રુચિ જાગી હોય તો રુચિને વાયદા શા? કે મને સારું તો લાગે છે આ, પણ હમણાં નહિ. ત્યારે એનો અર્થ કે તને સારું લાગતું નથી. સારું લાગે એને તું વાયદા કર, એ જેની જરૂરિયાત જણાય એમાં પુરુષાર્થ ન વળે એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? એમ તને આત્મા આવો છે એમ જો જરૂરિયાત લાગે, ઓહો..! વાણી સમજાવી શકે નહિ, આટલી આટલી વાણી છૂટી, સમાઈ ગઈ એમાં. આવું ચૈતન્યસ્વરૂપ ભગવાન એ '**ચૈતન્યને જ ચૈતન્ય...**' ચૈતન્યને જ ચૈતન્ય, એમ. એ '**ચૈતન્યને જ ચૈતન્ય આજે...**' આજે '**પ્રબળપણે...**' ભાષા એમ છેને? પ્રબળપણે ક્યાંથી (આવ્યું)? '**तदुच्चै**'. '**પ્રબળપણે...**' સંસ્કૃતાં '**तदुच्चै**' શબ્દ છેને, '**तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्**'. '**પ્રબળપણે...**' ત્રીજી લીટીમાં શબ્દ પડ્યો છે. એ સંસ્કૃતનો શબ્દ છે. આજે એવા ચૈતન્યને પ્રબળપણે એટલે કે '**ઉગ્રપણે અનુભવો...**' સાધારણ પણ નહિ એમ કહે છે અહીં તો.

મુનિ છેને પોતે. ત્યાં પણ પ્રચુર સ્વસંવેદન કહ્યું હતુંને? પાંચમી ગાથામાં. મારા પ્રચુર આનંદના વેદનથી હું તમને ઈષ્ટ વસ્તુ કહીશ.

અહીં પણ મુનિ પોતે કહે છે, આજે પ્રબળપણે, ઉગ્રપણે જ્ઞાનને જ્ઞાન દ્વારા અનુભવો. કહો, સમજાણું કાંઈ? આ દિવાળીની પ્રસાદી આપી!! આચાર્યો કહે છે, અરે..! પ્રભુ! તારી પાસે ખોરાક બહુ પડ્યો છે, આનંદ. તારી પાસે આનંદના ઢીમડા પડ્યા છે, ઢીમ પડ્યા છે. આત્મા અતીન્દ્રિય આનંદ છે. તારામાં આનંદ (ભર્યો છે). પ્રભુ! તું આત્મા છો. અને એમાં આનંદ તો ઝરમર ઝરમર વરસે એવો આનંદ પડ્યો છે. એને જ્ઞાનની અંતર કળા દ્વારા અંતરમાં જઈ આજે પ્રબળપણે, ઉગ્રપણે અનુભવો. '**(અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો)...**' અત્યંત અનુભવો. ઉગ્રનું અત્યંત કર્યું. સમજાણું કાંઈ? કચાશ શું કરવા રાખવી? અધુરાશ શું કરવા રહે? સુખ જોઈતું હોય તો ... કહે કે તમારે સુખ જોઈએ છે કે દુઃખ? સુખ. પૂર્ણ કે અપૂર્ણ? પૂર્ણ. કોઈ એમ કહે કે અપૂર્ણ? બે પ્રશ્ન થાય. સુખ જોઈએ કે દુઃખ? સુખ. અધુરું કે પૂરું? પૂરું. સ્વતંત્ર કે પરતંત્ર? અરે..! સુખ તો સ્વતંત્ર હોય તો થાયને. ત્યારે સુખ સ્વતંત્ર તો આત્માના અંદરમાં છે, લે!

'**કારણ કે...**' એ આત્મા આજે જ અનુભવો. કારણ? '**આ લોકમાં...**' જોયું, આ એમ કહે છે. '**બીજું કાંઈ જ (ઉત્તમ) નથી,...**' આત્માના આનંદની પ્રાપ્તિ કરવી એ સિવાય કોઈ ચીજ ઉત્તમ જગતમાં છે જ નહિ. ધૂળમાંય નથી. પુણ્યને લઈને પાંચ પચાસ લાખ રૂપિયા મળ્યા, ધૂળ મળી, ધૂળ મળી. આત્મા ક્યાં હતો ત્યાં હવે તારે? સમજાણું કાંઈ? પચાસ કરોડ રહ્યા, ચાલીસ કરોડ થયા. ... ખૂટી ગઈ તારી, સાંભળને! એ તો પૂર્વના પુણ્યના પૂતળા આમ જરી ધૂળ પડી હોય, ફળે ત્યારે દેખાય. એ ધૂળ દેખાય એમાં તારે શું છે? તારી ક્યાં હતી એ ધૂળ? મરતા ટાણે આમ કહેજે, હાય.. હાય..! હે લક્ષ્મી! મને શરણ કરજે. ધૂળેય શરણ થાય એવું નથી. એ તો માટી ધૂળ છે. તારામાં આનંદની લક્ષ્મીનો ઢગલો પડ્યો છે. ઢેર.. ઢેર. શું કહે છે? ઢેર કહે છેને તમારે હિન્દીમાં? બડા ઢેર પડા હૈ. ઓહો..હો..!

'**આ લોકમાં બીજું...**' આવા ચૈતન્યને જ્ઞાનકળા વડે આજે જ પામવું એ સિવાય બીજી કોઈ ઉત્તમ ચીજ નથી. '**ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' જુઓ! અનેકાંત કર્યું. '**આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી, ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' મહા પરમતત્ત્વ એક સમયમાં પૂર્ણ આનંદઘન પ્રભુ એને વર્તમાન જ્ઞાનની અલ્પજ્ઞ દશા દ્વારા પૂર્ણને પામીને પૂર્ણ ઉગ્ર પ્રયત્નથી આનંદને અનુભવ. આજે જ કર. એમ આચાર્યો, ગુરુદેવ, સદ્ગુરુ આદિનો આવો ઉપદેશ છે. આજ્ઞા કરી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્યે. મગનભાઈ! ઓહો..હો..! '**ચૈતન્ય જ એક...**' એમ બીજું નહિ, રાગ અને પુણ્યથી સ્વર્ગ મળશે ને ધૂળ (મળશે), રહેવા દે બધી. '**ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**'

'આમ (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) તત્ત્વદીપિકા... ' જુઓ! તત્ત્વદીપિકા છેને? તત્ત્વને બતાવનારો દીવો, દીવો. **'નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો).'** લ્યો, આ હિંમતલાલ અમારે પંડિત છે એનું કરેલું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં. ૪૬ થી ૪૯ ઉપલબ્ધ નથી.**

**મહા વદ ૧, શનિવાર, તા. ૯.૨.૧૯૬૩**
**ગાથા-૯, ૧૦, પ્રવચન-૫૦**

આ પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞાનપ્રધાન કથન છે આમાં. જ્ઞાનનો સ્વભાવ છે. આ નવમી (ગાથામાં) **'હવે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું...'** એ તો જીવ જ શુભ, અશુભ અને શુદ્ધ થાય છે એટલે છે એમ નક્કી કરે છે. ... એમ આવ્યુંને?

जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो।
सुद्धेण तदा सुद्धो हवदि हि परिणामसब्भावो।।९।।

**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.**

આ વજન છે અહીં, **'પરિણામસ્વભાવી હોઈને'**. ટીકા. શું કહે છે? આત્મા પોતે પરમાર્થે શુદ્ધ સ્વભાવ હોવા છતાં, ત્રિકાળ શુદ્ધ વીતરાગ અકષાય જ્ઞાનરસસ્વરૂપ હોવા છતાં પર્યાયમાં પરિણામસ્વભાવીને કારણે શુભ અને અશુભ અને શુદ્ધ એ ત્રણ રૂપે પોતે થાય છે. એ પોતે જ ત્રણ રૂપે છે. એ વાત કરે છે.

**'ટીકા :— જ્યારે આ આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે છે...'** શુભ કે અશુભ. દયા, દાન, વ્રત, તપ, પૂજા એ શુભ પરિણામ અને અશુભ—હિંસા, જૂઠું, ચોરી, વિષયકષાય વગેરે, મિથ્યાત્વ વગેરે. એવા રાગભાવે પરિણમે છે **'ત્યારે જાસુદપુષ્પના કે તમાલપુષ્પના (લાલ કે કાળા) રંગે પરિણમેલા સ્ફટિકની જેમ,...'** જાસુદપુષ્પ લાલ,

તમાલપુષ્પ કાળા. એના '**રંગે પરિણમેલા સ્ફટિકની જેમ,...**' સ્ફટિક તો સ્વચ્છ છે, પણ જેવું કાળું કે રાતું ફૂલ હોય એવી ઝાંય સ્ફટિકમાં પોતાને કારણે ત્યાં થાય.

એમ '**પરિણામસ્વભાવી હોવાથી...**' વજન અહીં છે. '**પરિણામસ્વભાવી હોવાથી...**' આત્મા પરિણામ-પલટવું-બદલવાનો સ્વભાવ હોવાથી '**શુભ કે અશુભ થાય છે...**' સ્ફટિક સ્વચ્છ હોવા છતાં લાલ અને કાળા ફૂલના ડંક અને ... પોતાની ત્યાં આગળ નૈમિત્તિક લાલ અને કાળી અવસ્થા થવાને લાયક સ્ફટિક છે. તેથી સ્ફટિક એ રીતે પરિણમે છે. એનો એ રીતે ત્યાં પરિણમવાનો સ્વભાવ છે. એમ આત્મા શુભભાવ કે અશુભભાવે પરિણમે છે એ એનો સ્વભાવ છે. શુભભાવથી પુણ્ય બંધાય, અશુભથી પાપ. '**(અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુભ કે અશુભ છે);...**' એ આત્મા જ શુભ અને અશુભ છે, કહો. બપોરે આવે છે કે શુભ અશુભ પરિણામ આત્માના અસ્તિત્વમાં છે નહિ. એ ત્રિકાળી શુદ્ધ ઉપાદાનના અસ્તિત્વમાં નથી, હયાતીમાં નથી એમ કહ્યું. અહીં એની વર્તમાન પર્યાયની હયાતીમાં છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. એકને એક આચાર્ય બે (કથન કહે છે). અપેક્ષા ફરે છે કે નહિ?

શુદ્ધ સત્તા એકલો વિજ્ઞાનરસ આત્મા વિજ્ઞાનનો જ રસકંદ પ્રભુ છે એમાં તો પુણ્ય પાપના ભાવ વસ્તુમાં સ્વભાવમાં નથી. એવો જે ધ્રુવ ચૈતન્ય જ્ઞાનરસ એમાં એ શુભાશુભ ભાવ નથી. એવી વસ્તુના સ્વભાવની દૃષ્ટિ કરાવવા વસ્તુની પર્યાયદૃષ્ટિને છોડાવવા એ વાત એમ કરી ત્યાં અને અહીંયા કોઈ એમ માની લે કે શુભાશુભ પરિણામ કર્મના જ છે, કર્મને લઈને થાય છે, તો કહે છે ના. તું જ એ થા છો, તું જ એ થા છો. દયા, દાન, વ્રતના શુભ પરિણામે પણ આત્મા થાય છે પર્યાયમાં અને હિંસા, જૂઠું, ચોરી, મિથ્યાત્વપણે પણ આત્મા થાય છે પરિણામમાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... પર્યાયમાં. એક સમયની અવસ્થામાં શુભાશુભ ભાવ થાય છે, ત્રિકાળમાં નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્મા થાય છે, પર્યાય કોની છે? પરની છે? પર્યાય કોની? એની પર્યાય છે. એના અસ્તિત્વમાં શુભાશુભ છે, એની હયાતીમાં શુભાશુભ છે, એના ક્ષેત્રમાં, એના કાળમાં શુભાશુભ છે. ... શુભાશુભ ભાવ આત્માના ક્ષેત્રમાં નથી, એ પુદ્ગલપરિણામ છે. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, તપના વિકલ્પ ઉઠે એ વિકાર છે, વિકાર છે, બેકાર છે, આત્માનો સ્વભાવ એ નહિ. એ વસ્તુના શુદ્ધ ઉપાદાનની સ્વરૂપદૃષ્ટિ નક્કી કરાવવા (એમ કહે છે). અહીંયા વસ્તુનો અંશે અંશ એનામાં સત્તામાં છે એ નક્કી કરાવવા વાત છે. અશુદ્ધ ઉપાદાન અને શુદ્ધ ઉપાદાન બધું તું છો. પરને લઈને નહિ અને તારું પરમાં નહિ. શુભ અને અશુભ

ભાવ થાય એ પુણ્ય-શુભ, અશુભ-પાપ, એ રૂપે આત્મા થાય અને એ આત્મા જ છે એમ કીધું અહીં તો. આત્મા જ છે. આત્મા... જોયું? '(**આત્મા પોતે જ શુભ કે અશુભ છે**);...' એકના એક અમૃતચંદ્રાચાર્ય અને એકના એક કુંદકુંદાચાર્ય. ક્યાં સમયસાર અને ક્યાં પ્રવચનસાર. પણ બેય... કઈ નયની અપેક્ષાએ કથન છે એ જાણ્યા વિના એને વિરોધ લાગે.

'**અને જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે...**' આત્મા શુદ્ધ. એ આત્માના ધર્મપણે (પરિણમે છે). એ પુણ્ય પાપના રાગ વિના આત્મા શુદ્ધ અખંડાનંદ છે એવી દૃષ્ટિ અને એવી લીનતાના અરાગભાવે, શુદ્ધભાવે, ધર્મભાવે પરિણમે છે '**ત્યારે શુદ્ધ અરંગે (રંગરહિતપણે) પરિણમેલા સ્ફટિકની જેમ,...**' ત્યારે શુદ્ધ અરંગે—રંગરહિતપણે પરિણમેલા સ્ફટિકની જેમ. સ્ફટિક રંગ વિના જેમ પરિણમે એમ આત્મા ધર્મપણે પરિણમે, પુણ્ય-પાપના રાગ વિના ચૈતન્યની શુદ્ધતાના સ્વભાવના આશ્રયે અરાગી પરિણતિએ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયપણે થાય એવો આત્મા છે, એ પણ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? અહીં પણ નાખ્યું, બેય ઠેકાણે નાખ્યું છે.

'**પરિણામસ્વભાવી હોવાથી,...**' ઓલામાં પણ એમ કીધું હતું. શુભાશુભ ભાવો થાય એ પરિણામ પલટવાના સ્વભાવે હોવાથી. શુદ્ધ પણ પરિણામસ્વભાવી હોવાથી. ધર્મની દશા આત્મામાં પુણ્ય-પાપના રાગ વિના અખંડ શુદ્ધની વીતરાગ પરિણતિ થાય એ શુદ્ધ પરિણતિ કહેવાય છે. એ શુદ્ધ ઉપયોગને પણ પોતે ધારણ કરીને પોતે એ રૂપે રહે છે. સમજાણું આમાં કાંઈ? સવારે કાંઈક અને બપોરે કાંઈક, આમાં માણસે નક્કી શું કરવું? કઈ અપેક્ષા? અહીં જ્ઞાનની વાત છે. જ્ઞાન એના અંશે અંશના પરિણમન સહિત દ્રવ્યને જાણે છે. દૃષ્ટિ, એનું ત્રિકાળ શુદ્ધ ઉપાદાન એકલું દ્રવ્યખાણ, આનંદની ખાણ એવા આત્માને દૃષ્ટિ પ્રતીત કરે છે, પ્રતીત કરે છે. એ પ્રતીતની સાથે થયેલું જ્ઞાન એ જ્ઞાન અંશે અંશે શુભ કે અશુભ કે શુદ્ધપણે થાય એ પણ મારા અસ્તિત્વમાં છે, મારા જ્ઞેયમાં છે એમ જ્ઞાન સ્વીકાર કરે છે. કહો, શેઠી!

'**શુદ્ધ થાય છે.**' જોયું? શુદ્ધ અરંગે પરિણમેલા સ્ફટિકની જેમ જ્યારે આત્મા અરાગભાવે પરિણમે, શુદ્ધ ધર્મભાવે પરિણમે, દયા, દાન, વ્રત, તપના રાગ વિના પરિણમે ત્યારે તે અરાગભાવે આત્મા શુદ્ધપણે પોતે થાય છે, શુદ્ધ થાય છે. '(**અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુદ્ધ છે**).' એનામાં એ આત્મા પોતે શુભાશુભ છે. એ એની પરિણતિ છેને પર્યાય. ભગવાનજીભાઈ! ક્યાં બપોરની વાત અને ક્યાં આ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એ સહિત આખું તત્ત્વ. એનામાં રાગ વિનાના અંશ વિનાની મહાસત્તા, એકલી શુદ્ધ મહાસત્તા, ચૈતન્ય મહાસત્તા, મહાપ્રભુ એકલો એ દૃષ્ટિનો વિષય છે. આ પર્યાયનો વિષય. સાથે દ્રવ્યનું જ્ઞાન કરાવવા પર્યાયને ... જણાવે છે. કહો, સમજાણું?

'**એ રીતે જીવનું શુભપણું,...**' એટલે પુણ્યપરિણામરૂપે થવું કે '**અશુભપણું...**' પાપરૂપે થવું કે '**શુદ્ધપણું...**' રાગ વિનાની આત્માની ધર્મદષ્ટિ શુદ્ધ ચૈતન્યના અનુભવની પ્રતીત થઈ, લીનતા તે રૂપે આત્મા થાય છે. ત્રણે દશા આત્મા છે, ત્રણે દશા આત્મા છે એમ '**સિદ્ધ થયું.**' લ્યો. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :— આત્મા સર્વથા કૂટસ્થ નથી,...**' એટલે? કૂટસ્થ નામ જેમ ડુંગર ઉપર શિખર હોય અને એમ ને એમ આમ શિખર રહે એમ નથી. પાણી જેમ છે અને પાણી આમ તરંગો ઉઠતું જાય અને પ્રવાહરૂપે રહે, એમ પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પદાર્થ કથંચિત્ ટકીને કથંચિત્ પલટે છે. નિત્ય અપેક્ષાએ ટકવું છે, પલટવા અપેક્ષાએ અ-ટકવું છે. સર્વથા નિત્ય છે કે સર્વથા અનિત્ય છે એમ નથી. શું વળી કહ્યું? આત્મપદાર્થ સર્વથા કૂટસ્થ નથી. કથંચિત્ કૂટસ્થ છે એનો અર્થ થયો. કથંચિત્ એટલે કાયમ રહેવાની અપેક્ષાએ કૂટસ્થ છે. કૂટ ... કૂટ એટલે શિખર, સ્થ એમને એમ રહે. એ નિત્યની અપેક્ષાએ છે. પણ વર્તમાન પર્યાયની અપેક્ષાએ કૂટસ્થ નથી, પરિણમે છે, બદલે છે. ક્ષણે ક્ષણે અવસ્થા પલટે છે. જુઓ કહે છે.

'**પણ ટકીને પરિણમવું...**' જુઓ આવ્યું. ટકવું એટલે નિત્ય અને પરિણમવું એટલે અનિત્ય. આત્મા કાયમ પોતાની જાત રાખીને પરિણમે છે એવો જ એનો સ્વભાવ છે. પરને લઈને નહિ. કોઈ એમ કહે, પરને લઈને પરિણમે, કાળ ન હોય તો ન પરિણમે. પરિણામસ્વભાવી હોવાથી. એ તો કાળને જ્યાં સિદ્ધ કરવું હોય ત્યારે એમ કહે. કાળ ન હોય તો ક્યાંથી પરિણમે? એમ બધા લેખો લખે છે. કાળ ન હોય તો પ્રશ્ન જ ક્યાં છે? પોતે જ પરિણામસ્વભાવી છે. કાળ કે દિ' નથી? આકાશ કે દિ' નથી? ... કે દિ' નથી? નિમિત્ત કે દિ' નથી? કાર્યકાળ કે દિ' નથી? કાર્યકાળ કે દિ' નથી? નિમિત્તકાળ કે દિ' નથી? છે, પણ તારે શું કરવું છે? નિમિત્ત વિના પણ થાય...

અહીં કહે છે, ભાઈ! વસ્તુ છે આત્મા એ સર્વથા એકરૂપ રહે એવો નથી. કૂટસ્થ એટલે એકરૂપ રહે એવો નથી. સર્વથા એવો નથી. એ અપેક્ષાએ છે. કાયમ રહેવાની અપેક્ષાએ કૂટસ્થ છે, એકરૂપ રહે છે. પલટવાની અપેક્ષાએ અનેક પરિણમન એની દશામાં થાય છે. અજ્ઞાની થાય છે એ પોતામાં જ છે, પરને લઈને નહિ. જુઓ આવે છે. પણ ટકીને થવું, પરિણમવું, બદલવું તેનો સ્વભાવ છે. '**તેથી જેવા જેવા ભાવે તે પરિણમે છે...**' જેવી જેવી પર્યાયે. ભાવ એટલે પર્યાય, અવસ્થા. એ પણે પરિણમે છે એટલે થાય છે. જે જેવા પર્યાયપણે તે થાય છે '**તેવો તેવો તે પોતે થઈ જાય છે.**' તેવો તેવો તે પોતે થઈ જાય છે.

'**જેમ સ્ફટિક મણિ સ્વભાવે નિર્મળ હોવા છતાં...**' જોયું? સ્ફટિક મણિનો સ્વભાવ તો ધોળો નિર્મળ છે. '**જ્યારે લાલ કે કાળા ફૂલના સંયોગનિમિત્તે પરિણમે છે...**' સંયોગનિમિત્તે પરિણમે છે પણ પોતાને કારણે. પરિણામસ્વભાવ તો એનો છે, સ્ફટિકનો એ

પરિણામસ્વભાવ છે, પોતાનો સ્વભાવ છે. એમ **'સંયોગનિમિત્તે પરિણમે** છે ત્યારે લાલ કે **કાળો પોતે જ થાય છે,...'** સ્ફટિક જ કાળો લાલ થાય છે. કાંઈ કાળા, લાલ (ફૂલ)ને લઈને નહિ. ... નિમિત્ત ચીજ છે, ચીજ ક્યાં નથી? પણ પોતે જ પોતાનો સ્ફટિકનો કાળો, રાતો થવાના સ્વભાવને લઈને કાળો, રાતો થાય છે.

**'તેમ...'** એ દૃષ્ટાંત (કહ્યો). **'આત્મા સ્વભાવે શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી...'** દેખો! **'હોવા છતાં...'** પ્રભુ આત્મા તો શુદ્ધ—નિર્મળ, બુદ્ધ—જ્ઞાનનો કંદ અને એકરૂપ છે વસ્તુ તરીકે. અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ, નિત્ય આનંદ શુદ્ધ પરમબ્રહ્મ પરમ આનંદ શુદ્ધ સ્વરૂપ એવો **'શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં...'** વસ્તુએ. **'છતાં વ્યવહારે...'** વર્તમાન પર્યાયમાં, વર્તમાન દશામાં **'જ્યારે ગૃહસ્થદશામાં...'** ગૃહસ્થદશા સંસારમાં સમકિતપૂર્વક **'સમ્યક્ત્વપૂર્વક...'** સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય છું એવા ભાનની પ્રતીતિપૂર્વક **'દાનપૂજાદિ...'** દાન દેવાનો ભાવ, પૂજાનો ભાવ એવો જે **'શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે...'** પોતે પરિણમે છે. એ આત્મા ગૃહસ્થાશ્રમમાં શ્રાવકદશામાં સમકિતપૂર્વક. એકલાની વાત અહીંયા લીધી નથી. સમજાણું કાંઈ? સમ્યક્ત્વ એટલે જ્ઞાનનો પિંડ ચૈતન્ય વીતરાગમૂર્તિ આત્મા છે એવું જ્ઞાનમાં અંતર્મુખમાં ભાન (થયું છે), એવી ભાનમાં પ્રતીતિ એવું સમ્યગ્દર્શન એ સહિત ગૃહસ્થને દાન હોય, પૂજા આદિ છેને? વ્રતાદિ હોય, એવો જે **'શુભ અનુષ્ઠાનરૂપ...'** શુભ આચરણરૂપ. શુભ આચરણરૂપ એ પુણ્યના ભાવ છે. દાન, પૂજા, વ્રતાદિ પુણ્યભાવ છે, ધર્મભાવ નહિ. સમજાણું કાંઈ?

એવા શુભ આત્મ-અનુષ્ઠાન નામ આચરણરૂપે **'શુભોપયોગે અને મુનિદશામાં...'** સમકિતપૂર્વક, આત્મભાનપૂર્વક, ચારિત્રપૂર્વક **'મૂળ ગુણ તથા ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે...'** મુનિ આત્મજ્ઞાની ધર્માત્મા વીતરાગી સંત અંતરમાં અનુભવ સહિત ચારિત્રની રમણતા હોય છે. એને મૂળ ગુણ અઠ્યાવીશ. એક વાર આહાર, અચેલપણે રહેવું એવા અઠ્યાવીશ મૂળ ગુણ એને હોય છે. ઉત્તર ગુણ ઈ આ ગુપ્તિ આદિ. **'વગેરે શુભ અનુષ્ઠાનરૂપ...'** શુભભાવ હોં! **'શુભોપયોગે પરિણમે છે...'** મુનિ. ભાવલિંગી સંત આત્મજ્ઞાન સહિત. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાતા-દૃષ્ટાના ભાનની ભૂમિકા સહિત, વસ્તુના સ્વરૂપમાં રમણતા સહિત એને આવા **'મૂળ ગુણ તથા ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે...'** એને શુભરાગ હોય છે. મુનિને પણ શુભરાગ એ વ્રતાદિનો હોય છે, પણ એ પુણ્યબંધનું કારણ છે. **'ત્યારે પોતે જ શુભ થાય છે,...'** એ આત્મા જ શુભપણે થઈ જાય છે. હવે અશુભની વાત કરે છે.

**'અને મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયરૂપ...'** ઊંધી માન્યતા, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ પ્રત્યય એટલે આસ્રવ એ રૂપે **'અશુભોપયોગે...'** આત્મા **'પરિણમે ત્યારે પોતે જ અશુભ થાય છે.'** પોતે જ અશુભ (થાય છે). કારણ કે એ આસ્રવનો ભેખ

આત્માની પર્યાયનો છે. સમજાણું કાંઈ? **'ત્યારે પોતે જ અશુભ થાય છે.'** લ્યો, એક કોર એમ કહ્યું કે મુનિપણું શુદ્ધ ઉપયોગને અંગીકાર કરે એ મુનિપણું. મુનિપણું એટલે શુદ્ધ ઉપયોગ. પંચ મહાવ્રતના પરિણામ એ કંઈ ખરું મુનિપણું નથી. એ તો શુભ પરિણામ છે. અઠ્યાવીશ મૂળગુણ આદિ શુભઉપયોગ. જ્ઞાનપ્રકાશની મૂર્તિ એમાં લીન થયેલી પરિણતિ નિર્મળ, અવિકારી વીતરાગી પરિણતિ એવો જે શુદ્ધ ઉપયોગ એ મુનિપણું. શુદ્ધ ઉપયોગ એ મુનિપણું. મુનિએ આ અંગીકાર કર્યું હોય છે, વચમાં એને આવા પંચ મહાવ્રતના ભાવ આવે છે. ઉત્તર ગુણ હોય છે. મિથ્યાત્વાદિ મુનિને હોતા નથી, સમકિતીને હોતા નથી. આ તો સામાન્ય વાત કરે છે.

**'મિથ્યાત્વાદિરૂપ પાંચ પ્રત્યયરૂપ અશુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ અશુભ થાય છે.'** સમજાણું? ગૃહસ્થદશામાં સમકિતી, મુનિ અશુભપણે પરિણમે એ વાત લીધી નથી. અશુભપણું હોવા છતાં એની વાત અહીંયા મુખ્યપણાના શુભભાવમાં લીધી નથી એટલે એને ભંગ પાડશે આગળ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એના પ્રમાણે ... કારણ કે આમાં લીધા નથી. પંચમ ગુણસ્થાને તો આર્તધ્યાન હોય છે, રૌદ્રધ્યાન હોય છે. મુનિને આર્તધ્યાન હોય છે. અશુભભાવ નથી. એની શુદ્ધની પ્રધાનતા છે. શુદ્ધની પરિણતિ છે પણ ઓલા ઉપયોગની અપેક્ષાએ અશુદ્ધતા ત્યાં નથી અને શુદ્ધની જ મુખ્યતા છે.

અજ્ઞાનીને મિથ્યા વિપરીત માન્યતા, અવ્રત પરિણામ, પ્રમાદ, કષાય અને યોગ એવા પાંચ આસ્રવરૂપ. પ્રત્યય એટલે આસ્રવ. **'અશુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ અશુભ થાય છે. વળી જેમ સ્ફટિકમણિ પોતાના સ્વાભાવિક નિર્મળ રંગે પરિણમે છે...'** સ્ફટિક પોતાના સ્વાભાવિક નિર્મળ (રંગપણે) પરિણમે છે **'ત્યારે પોતે જ શુદ્ધ થાય છે તેમ આત્મા પણ નિશ્ચયરત્નત્રયાત્મક...'** આમ ખુલાસો કર્યો. **'શુદ્ધોપયોગે પરિણમે...'** એટલે શું? એ આત્મા આનંદમૂર્તિની પ્રતીત, અનુભવ અને જ્ઞાન ને રમણતા. રાગ વિનાની આત્માની શુદ્ધ ચૈતન્યની રમણતા એવા નિશ્ચયરત્નત્રયરૂપ શુદ્ધોપયોગ કે જે મોક્ષનું કારણ, ધર્મની ક્રિયા (છે). **'આત્મા પણ...'** ઓલા સ્ફટિકનો દાખલો આપ્યો હતોને એટલે (પણ કહ્યું). નિશ્ચયરત્નત્રયસ્વરૂપ. નિશ્ચય એટલે સાચું આત્મજ્ઞાન, સાચું આત્મદર્શન અને સાચું આત્મચારિત્ર. જ્ઞાનાનંદ આત્મા તદ્દન શુદ્ધ એના અંદરનું ભાન ને પ્રતીત ને રમણતા, રાગ વિનાની, પુણ્ય વિનાની, દયા, દાનના વિકલ્પ વિનાની. એવી જે અંતર પરિણતિરૂપ ઉપયોગ એને નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધ ઉપયોગ કહે છે. એ રૂપે મુનિ પરિણમે છે. કહો, સમજાણું કાંઈ? એ આત્મા એ રૂપે પરિણમી જાય છે. વીતરાગ પરિણતિરૂપે, ચારિત્રદશારૂપે, શુદ્ધ ઉપયોગરૂપે, સામ્યભાવરૂપે (પરિણમી જાય છે). આવ્યું હતું ઘણું. મોહક્ષોભરહિત પરિણામપણે

પોતે પરિણમે છે. આત્મા જ ધર્મરૂપે પરિણમી જાય છે. એ પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત એ કંઈ ધર્મ નથી. એ તો પુણ્યબંધનું કારણ છે. એના રહિત અંતરમાં આત્મા આનંદ શુદ્ધને પકડી અને જેટલું શુદ્ધ ઉપયોગનું પરિણમન થયું, એ પોતે શુદ્ધ થાય છે. એ ધર્મ છે, એ મોક્ષનો માર્ગ છે અને એનાથી મોક્ષ થાય છે.

'**ત્યારે પોતે જ શુદ્ધ થાય છે.**' એ આત્મા જ શુદ્ધ થાય છે. એમ કેમ કહ્યું? શુભપણે પરિણમે ત્યારે શુભ થાય છે. કર્મના નિમિત્તનો ઉદય મંદ આવે તો શુભપણે પરિણમે છે તો શુભ થાય છે એમ નહિ. કર્મનો તીવ્ર ઉદય આવે તો આત્મા અશુભપણે થાય માટે અશુભ છે એમ નહિ. અને કર્મનો અભાવ કાંઈક થાય માટે આત્મા શુદ્ધપણે પરિણમે છે એને કારણે એમ નહિ. માટે આત્મા શુદ્ધ થાય છે એમ નહિ. પોતે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ શુદ્ધ ઉપયોગે પરિણમે છે, થાય છે ત્યારે પોતે શુદ્ધ થાય છે. કહો, હવે આવી તો વાત ચોખ્ખી (છે) પણ કેટલાક ગડબડ ગડબડ ગડબડ (કરે છે). વળી કહે કે સમયસારમાં વિકારને પર ગણ્યો માટે અમે નક્કી કર્યું છે, વિકાર કર્મથી થાય. પ્રવચનસાર શું છે આ? આ તો પ્રવચનસાર છે. આખા સિદ્ધાંતનો દિવ્યધ્વનિનો સાર છે. સમજાણું એમાં?

પોતે શુભપણે થાય ત્યારે પુણ્યરૂપ પરિણામે આત્મા જ પોતે છે, પાપરૂપ પરિણામપણે આત્મા જ છે અને શુદ્ધના ધર્મરૂપે આત્મા જ પોતે થાય છે. અમે એને આત્મા જ કહીએ છીએ. કહો, સમજાણું? આ અધિકાર કર્તા-કર્મની... વ્યવહારરત્નત્રયની આદિ, મધ્ય અને અંતમાં પુદ્ગલ છે, આત્મા નહિ. ..ભાઈ! એ તો બપોરે આવે છે. ભગવાન આત્મા એ પુણ્ય-પાપના ભાવરૂપે વસ્તુસ્વરૂપે નથી, પર્યાયરૂપે છે એનું અહીં જ્ઞાન કરાવ્યું છે. પુણ્ય-પાપનું કારણ વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ વસ્તુ સ્વભાવ નથી. પર્યાયમાં પોતાને કારણે પોતે પરિણમે છે. લ્યો. ... સ્ફટિકનો દાખલો આપીને. ત્યાં એમ કહ્યું હતું કે પરને લઈને વિકારપણે પરિણમે છે. એ પરના સંગને લઈને, વસ્તુનો દ્રવ્યસ્વભાવ એનો સંગ કર્યો નહિ, પરનો સંગ કર્યો તો પરિણમ્યો પોતે, પોતે પરિણમીને શુભાશુભ અને મિથ્યાત્વરૂપે થાય છે, કર્મને લઈને નહિ. પરિણામસ્વભાવી હોવાથી (એમ પરિણમે છે) એમ કહ્યું છે. ચંદુભાઈ! લોકો આમ કહે તો ઓલી કોર પકડે અને આમ કહે તો આમ કહે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છેને? ... એમ માને કે વિકાર મારે નથી એને કહ્યું કે તારો છે. એ વિકાર મારો સ્વભાવ છે એમ માને એને કહે કે નિમિત્તથી થયેલો નિમિત્તનો છે. સમજાણું કાંઈ? વિકાર પુણ્ય ને પાપ, દયા, દાન, કામ, ક્રોધ, વ્રતના ભાવ વિકાર છે બધા એને પોતાનો સ્વભાવ માને એને કહે કે તારો સ્વભાવ નથી, એ તો ઉપાધિભાવ કર્મના નિમિત્તથી થયેલો ભાવ છે. અને કોઈ કર્મના નિમિત્તથી થાય છે એમ માનતો હોય તો એને કહે કે પણ તારા અશુદ્ધ ઉપાદાનના ઊંધા પુરુષાર્થને લઈને થાય છે. શેઠી! શું કરવું? મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ કહ્યું લ્યો. કોઈ સ્વચ્છંદી થાય એને કહે કે વિકાર તારો થાય છે, તારામાં થાય છે

અને વિકાર પોતાનો સ્વભાવ માની લ્યે, એને એમ કહે કે ભાઈ! એ તો ઉપાધિભાવ છે, કર્મજન્ય ઉત્પન્ન છે, નિમિત્તની પ્રધાનતાએ ઉત્પન્ન થયેલો છે. પરિણમન તો તારું છે. શુભ અને અશુભભાવ, પુણ્ય પાપના ભાવ તારા છે. એના ફળરૂપે બંધન થાય છે. કાં શુદ્ધરૂપે તું પરિણમ તારા કારણે... આઠમીમાં પછી આવ્યું હતુંને? આઠમીમાં નહોતું આવ્યું? જે દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે એમ આવ્યું હતુંને? **'परिणमदि जेण दव्वं तक्कालं'**. કાઢ્યું એમાંથી, જે દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે તે કાળે તે દ્રવ્ય તે રૂપે જ થઈ ગયું હોય છે. સમજાણું?

હવે જરી જયસેનાચાર્ય એની ટીકામાંથી .... કાંઈક અંદરમાં સમકિતીને અશુદ્ધ નથી થયું. પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને અશુભભાવ પરિણમ્યો નથી એમ કહ્યું, એને શુભ કહ્યો છે, એને શુદ્ધ કહ્યો છે. સમજાણું? **'સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને...'** જીવના અસંખ્ય પરિણામ છે. શુભ, અશુભ અને શુદ્ધના પ્રકાર. એને **'મધ્યમ વર્ણનથી...'** ઉત્કૃષ્ટ વર્ણનથી ... થયું. **'મધ્યમ વર્ણનથી...'** ચૌદ ગુણસ્થાન થયા, જઘન્ય વર્ણનથી ત્રણ રહ્યા. શુભ, અશુભ અને શુદ્ધ. એ ત્રણને ચૌદ ગુણસ્થાનની અંદરમાં ઉતારે છે. **'કહેવામાં આવ્યા છે. તે ગુણસ્થાનોને સંક્ષેપથી 'ઉપયોગ'રૂપે વર્ણવતાં,...'** જુઓ સંક્ષેપ. એવા **'ગુણસ્થાનોને સંક્ષેપથી 'ઉપયોગ'રૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો અશુભોપયોગ,...'** લ્યો. એ પહેલે ગુણસ્થાને મિથ્યાદૃષ્ટિને અશુભભાવ હોય છે. શુભ નથી ગણ્યો. એને દયા, દાન, વ્રતના પરિણામ હોય મિથ્યાદૃષ્ટિને, છતાં તેને શુભમાં ગણ્યો નથી. એને અશુભની મુખ્યતામાં નાખી દીધો છે. કેમકે મિથ્યાશ્રદ્ધા એ મહાપાપ છે. સમજાણું કાંઈ?

ત્રણ ગુણસ્થાનમાં તારતમ્ય, તારતમ્ય એટલે ઘટતો ઘટતો. પહેલે ગુણસ્થાને અશુભ પરિણામ એકલા, બીજામાં એનાથી થોડા, ત્રીજે એનાથી થોડા. પણ કાંઈ શુભ પરિણામમાં ગણવામાં આવ્યા નથી. શેઠી! મિથ્યાદૃષ્ટિ તો વ્રત પાળીને નવમી ગ્રૈવેયક અનંત વાર જાય છે. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, શુભભાવ શુક્લલેશ્યા. છે કે નહિ શુક્લલેશ્યા? શુક્લલેશ્યાની તો ના પાડે છે અહીં. અહીં મુખ્યપણાની અપેક્ષાએ વાત છે. મુખ્ય તો દૃષ્ટિ મિથ્યાત્વ છે એને અશુભભાવ જ કહેવામાં આવે છે.

**'તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો અશુભોપયોગ,...'** ગણ્યો. સમ્યગ્દૃષ્ટિથી માંડી છઠ્ઠા સુધી. આત્મજ્ઞાન થયું અને આત્મજ્ઞાન ઉપરાંત ચારિત્ર થયું એવા **'ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક (વધતો વધતો)...'** ઓલામાં ઘટતો ઘટતો હતો. ચોથામાં સમ્યગ્દૃષ્ટિને શુભ ઉપયોગ હોય એનાથી પાંચમાનું શુભ વધારે હોય, એનાથી છઠ્ઠાને વધારે હોય. શુભ. દયા, દાન, પૂજા.. માથે કહ્યું હતુંને? દાનપૂજાદિ ભાવ. ... એવા ચોથે શુભોપયોગ હોય એનાથી પાંચમાને વધારે શુભ હોય, છઠ્ઠાને વધારે શુભ હોય. જેમ કષાય ઘટતો જાય એમ શુદ્ધતાની વિશેષતા વધતી જાય. **'(વધતો વધતો) શુભોપયોગ,...'** ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ ઉપયોગ

કહ્યો. આ શુભને કીધો એમાં અટકવાનું ચાલે છે અત્યારે. જુઓ! ઈ શુભ ઉપયોગમાં શુદ્ધતા છે. એમ ક્યાં કહ્યું છે? સાંભળને! શુભ ઉપયોગ તો રાગ મંદ હોય છે એને મુખ્ય ગણીને, શુદ્ધ પરિણતિ તો છે અંદર, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની શુદ્ધ પરિણતિ ન હોય અને એકલો શુભ હોય તો ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન હોય નહિ. સમજાણું કાંઈ? શુભ ઉપયોગ વધતો વધતો કહ્યો એ શુભની અપેક્ષાએ કહ્યો છે, પણ ચોથે, પાંચમે, છઠ્ઠે એકલો શુભ જ છે અને અરાગી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ બિલકુલ નથી માટે શુભને સંવર અને નિર્જરામાં નાખવો એમ કહ્યું નથી. પ્રેમચંદજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પરિણતિ શુદ્ધ રહેવી અને ઉપયોગ શુભ, અશુભમાં જોડાવું અને શુદ્ધ ઉપયોગ જ્યારે હોય ત્યારે શુભ કે અશુભ ઉપયોગ હોતો નથી. શુદ્ધ પરિણતિ તો ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીના અભાવની શુદ્ધ દશા હોય છે. શુદ્ધ ઉપયોગ ક્યારેક થાય છે પણ પરિણતિ શુદ્ધ તો નિરંતર ચાલે છે. પાંચમા ગુણસ્થાનમાં પણ, સાચા શ્રાવકની વાત છે હોં, વાડાના માનેલાની કાંઈ વાત નથી આ, એ તો શ્રાવક છે જ ક્યાં? હજી દૃષ્ટિની ખબર નથી. સમજાણું કાંઈ? ..ભાઈ! શું હશે આ? શુદ્ધ પરિણતિ પાંચમા ગુણસ્થાનમાં બે કષાયના અભાવની સમ્યગ્દર્શનની પરિણતિ નિર્મળ નિર્વિકારી હોય છે. એની સાથે શુભ ઉપયોગની પ્રધાનતા ગણવામાં આવી છે. અશુભની ... શુદ્ધ ઉપયોગ એને થાય છે પણ એને મુખ્યપણે ગણવામાં નથી આવ્યો. કોઈ વાર થાય માટે.

છઠ્ઠા ગુણસ્થાનમાં શુભ જ એકલો છે એમ કહ્યું. પણ ત્રણ કષાયના અને સમ્યગ્દર્શનના પરિણામ અને ત્રણ કષાયના અભાવ, ત્રણેને નિર્મળ શુદ્ધ છે, નિર્મળ શુદ્ધ પરિણતિ છે પણ પરિણતિની સાથે આવો એક શુભ ભાવ હોય છે શુદ્ધ ઉપયોગ ન હોય ત્યારે. અને એને જ્યારે શુદ્ધ ઉપયોગ થઈ જાય ત્યારે સાતમું થઈ જાય. સમજાણું કાંઈ? બહુ તકરારો પંડિતો કરે છે. ... એને નથી સમજાતું. શેઠી! આ નાખે ખુબ. જ્યાં હોય ત્યાં આ નાખે. જુઓ! આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ ઉપયોગ કહ્યો છે. શુભમાં સંવર અને નિર્જરા છે કે નહિ? અરે..! શુભમાં એકલો બંધ છે, સાંભળને હવે. એ દયા, દાન, વ્રતના પરિણામ આવે એ બંધનું કારણ છે, બિલકુલ સંવર, નિર્જરા જરીયે નથી એમાં. જેટલી શુદ્ધ પરિણતિ અંદર પ્રગટી છે એ જ અરાગી પરિણતિને સંવર, નિર્જરા કહે છે. બીજાને સંવર, નિર્જરા જૈનશાસનમાં વસ્તુના સ્વભાવમાં ભગવાન કહેતા નથી. સમજાણું કાંઈ? આ વાંધા ઉઠ્યા... જુઓ! વધતો શુભ ઉપયોગ છે, ત્યાં ક્યાં શુદ્ધ કીધું છે? શું શેઠી! ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધતા હોય છે કે નહિ? શુદ્ધ ઉપયોગ હોય છે કે નહિ? શુદ્ધ ઉપયોગ થાય છે પણ કોઈ કાળે થાય છે. પણ શુદ્ધ પરિણતિ નિરંતર રહે છે. પણ શુદ્ધ ઉપયોગ કોઈ કાળ રહે છે એ અપેક્ષાએ શુભની પ્રધાનતાથી શુભ કહ્યું. ...ભાઈ! આવું સાંભળ્યું પણ

ન હોય, બેઠું ન હોય. ... વાડામાં કાઢી કાઢીને જિંદગી ગઈ. શું ધર્મ છે અને શું પુણ્ય છે ને પાપ, કાંઈ ખબર ન મળે. આ બેઠા ને ધર્મ થઈ ગયો લ્યો. સામાયિક કરી એટલે ધર્મ થઈ ગયો. ધર્મ આત્મામાં થાતા હશે કે ત્યાં બેઠો એટલે થાતા હશે? ત્યાં કદાચિત્ રાગ મંદ રાખ્યો હોય તો પુણ્ય છે, ધર્મ ક્યાં ન્યાં આવ્યો? ધર્મ તો સ્વઘરમાં આવે તો થાય. સમજાણું કાંઈ? એ પરઘરની પ્રવૃત્તિ-પરિણતિ છે. એ ચોથેથી થાય. એની વાત અહીં છેને. ... સાતમે થાય. .... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો કથંચિત્ શું કરવા લખે છે? ઈ વિચારમાં પડી ગયા, કીધું આ કેમ કથંચિત્ લખ્યું છે? કારણ કે ત્રણ ભેદને લઈને ... લખ્યું છે. એમ કંઈ ખુલાસો કરે કે કથંચિત્ આમ છે અને ઓલામાં ... દેવાનુપ્રિયા! એમાં આવે છે ખરેખર તો. કથંચિત્માં શુદ્ધ પરિણતિ ચોથે, પાંચમે, છઠ્ઠે છે. પણ શુભ ઉપયોગની પ્રધાનતાએ શુભ કહ્યો છે. પહેલે, બીજે, ત્રીજે શુભ ઉપયોગ છે પણ મુખ્યતા અશુભ મિથ્યાત્વના જોરને લઈને એને અશુભ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ પણ અશુદ્ધ છે. ...

**'સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ...'** દેખો! ત્યાં તારતમ્યનો ઓછોવત્તો શબ્દ નથી લીધો. સાતમાથી અપ્રમત્ત દશા મુનિને હોય, તે બારમા ગુણસ્થાન સુધી તારતમ્ય નામ વધતો વધતો શુદ્ધ ઉપયોગ હોય. ઓલામાં આવી ગયું, સમજી લેવું. વધતો વધતો પહેલા આવી ગયું છેને. અહીંથી સાતમાથી શુદ્ધ ઉપયોગ હોય એમ લોકો માને છે. અત્યારે શુદ્ધ ઉપયોગ હોતો નથી તો પછી સાતમું હોતું નથી, અને સાતમું હોતું નથી એટલે મુનિપણું હોતું નથી. મુનિપણું કોને કહેવું એની ખબર ન મળે. શુદ્ધ ઉપયોગની રમણતા તેને મુનિપણુ કહે છે. એ પંચ મહાવ્રતના પરિણામને મુનિપણું કહેતા નથી. નગ્ન-ફગ્નપણું તો બહાર રહી ગયું શરીરનું. અહીં બારમાં શુદ્ધોપયોગ કહ્યો, છતાં સાતમામાં નથી અંદર અબુદ્ધિપૂર્વક રાગાદિ? છે, દશમા સુધી છે. પણ એની મુખ્યતા ન લેતા શુદ્ધ ઉપયોગની મુખ્યતા લીધી. પહેલા શુભભાવ હોવા છતાં મિથ્યાત્વના જોરની દૃષ્ટિની અપેક્ષાએ અશુભની મુખ્યતા લીધી. ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધ ઉપયોગની મુખ્યતા નથી. શુદ્ધ પરિણતિ હોવા છતાં અશુભની અપેક્ષાએ શુભની મુખ્યતા લીધી. સાતમાથી દસમા સુધી રાગ અબુદ્ધિપૂર્વક હોવા છતાં શુદ્ધ ઉપયોગની મુખ્યતા લીધી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... કઈ અપેક્ષાએ ... પહેલામાં આમ કહ્યું ... કે કાંઈક કહે છે બીજું. ... કહો, સમજાણું કાંઈ?

'**અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં...**' તેર અને ચૌદ. '**શુદ્ધોપયોગનું ફળ...**' ભગવાન અરિહંત અને સિદ્ધ થયા. .. તો પછી તેર અને ચૌદ. અરિહંતપદ જે થયા તેરમે ગુણસ્થાને ભગવાન અને ચૌદમું, શુદ્ધ ઉપયોગનું એ ફળ છે. '**આવું વર્ણન કથંચિત્ થઈ શકે છે.**' કોઈ અપેક્ષાના પ્રકાર બે. એક તો અસંખ્યપણે અને ત્રણપણે ન લેતા ચૌદપણામાં સમાડ્યા. અને એક અપેક્ષાએ શુદ્ધ પરિણતિ ચોથે, પાંચમે, છઠ્ઠે છે છતાં તેની અશુભતા નથી એની મુખ્યતા શુભની ગણીને એને શુભ ઉપયોગ ગણ્યો. પણ શુદ્ધ અંતર પરિણતિ નથી એમ નહિ. અને શુભ લઈને શુદ્ધ પરિણતિ છે એમ નહિ. કહો, સમજાય છે કે નહિ? વાડીભાઈ! આ છોકરાઓની ... ઓલા ડોસા પાછા પૂછે છે. શું કહ્યું? શું પણ કહ્યું?

પહેલામાં મિથ્યાદષ્ટિની અપેક્ષાએ અશુભ પરિણામમાં અંદર એને શુભ હોવા છતાં મિથ્યાદષ્ટિના જોરની અપેક્ષાએ અશુભ ગણવામાં આવ્યું. પણ અંદર શુભ નથી એમ નથી. એમ બીજે, ત્રીજે. બીજામાં પણ નિર્જરા જરી છે. જિનચંદ્રે વર્ણવ્યું છે.. બીજા ગુણસ્થાનમાં. અનંતાનુબંધી નથીને. .... સમજાણું કાંઈ? અને ત્રીજે પણ અશુભ ગણ્યું છે. છે તો ખરું .... એ તો અંતર્મુહૂર્ત સુધી. ચોથે, પાંચમે, છઠ્ઠે અશુભની અપેક્ષાએ એને શુભ મુખ્ય કહ્યો અને શુદ્ધની પરિણતિ છે પણ શુદ્ધ ઉપયોગ નથી અને કોઈ વાર આવે છે માટે એની શુદ્ધ પરિણતિને ન ગણતા, શુદ્ધ ઉપયોગ કોઈ વાર આવે માટે એને ગૌણ કરીને શુભ ઉપયોગની મુખ્યતાએ ગુણસ્થાનનું વર્ણન કર્યું છે. અને સાતમાથી દસમા સુધી શુદ્ધ ઉપયોગ કહ્યો, અબુદ્ધિપૂર્વક રાગ હોવા છતાં તેની ગૌણતા ગણીને શુદ્ધ ઉપયોગની ધારામાં એકાકાર ધ્યાનમાં વર્તે છે, ધ્યાનમાં વર્તે છે, એને એક ધ્યેય સિવાય બીજું છે નહિ, એવી દૃષ્ટિની અને ઉપયોગની અપેક્ષાએ એને શુદ્ધ કહ્યો. પણ અરાગના પરિણામ બિલકુલ શુદ્ધ થઈ ગયા છે એમ નહિ. હજી રાગ રહ્યો છે સાતમે. દશમા સુધી. અગિયારમે, બારમે નથી. ત્યાં વળી એકલો શુદ્ધ ઉપયોગ છે. અને તેર અને ચૌદ, તેર અને ચૌદ ગુણસ્થાન આત્માના શુદ્ધ ઉપયોગરૂપ પરિણામ ફળ છે. એ શુભાશુભનું ફળ તો બંધ છે. શુદ્ધ ઉપયોગનું આચરણ અંદર, આત્માના આનંદનું આચરણ, અતીન્દ્રિય આનંદના વેદનના સ્વસંવેદના એ સુધારસના ઘુંટડા પીતો પીતો એનું ફળ કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ આમાં? ... કહો, સમજાણું? આવું વર્ણન કોઈ અપેક્ષાએ ભેદ પ્રકારથી ચૌદના પ્રકારથી અને કોઈ અપેક્ષાએ શુદ્ધ પરિણતિને ગૌણ કરીને (શુભાશુભની) મુખ્યતાના પ્રકારથી વર્ણન કરવામાં આવે છે. કહો, સમજાણું આમાં? કેટલું યાદ રાખવું આમાં? .... લ્યો એ નવ ગાથા પૂરી થઈ.

અહીં તો આત્મા આત્મપરિણામસ્વભાવી હોઈને એમ કહ્યું હતું. ટીકામાં બે ઠેકાણે પરિણામસ્વભાવી હોવાથી કહ્યું. શુભાશુભ પરિણામ આત્મામાં પુણ્ય-પાપના થાય એ પરિણમવાના સ્વભાવને કારણે અને શુદ્ધ ઉપયોગ આત્માની દશા નિર્મળ નિર્વિકારી આત્મા પરિણમે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે એ પણ શુદ્ધ ઉપયોગ પોતાના પરિણામસ્વભાવને

લઈને છે. એમ બે ... ભાઈ કીધા. પાઠ એક જ છે. મેળવવું છેને, મેળવવું છે. **'जीवो परिणमदि'** **'परिणामसब्भावो'** છેલ્લો શબ્દ છેને. પરિણામસ્વભાવી હોઈને શુભાશુભ પરિણામ, પરિણામસ્વભાવ હોવાને લઈને શુદ્ધ પરિણામ. એમ. સમજાણું કાંઈ?

**'હવે પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે :—'** એ શુભ કે અશુભ કે શુદ્ધ એ ત્રણે આત્માનો સ્વભાવ છે. આહા..હા..! એ પરિણામ વસ્તુનો સ્વભાવ છે, ઈ પર્યાય એનો સ્વભાવ છે. શુભ, અશુભ, શુદ્ધ એ પરિણામ, પર્યાય, અવસ્થા એ વસ્તુનો સ્વભાવ, પર્યાયધર્મ છે એનો. પરને લઈને નહિ, પરનો નહિ. એ દશમી ગાથામાં કહે છે.

**णत्थि विणा परिणामं अत्थो अत्थं विणेह परिणामो।**
**दव्वगुणपज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो।।१०।।**

**પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;**
**ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.**

આહા..હા..! **'ટીકા :— પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...'** સમજાણું? **'પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...'** કોઈપણ પદાર્થ પરિણામ વિના-એની કાર્યદશા વિના હોતો નથી. કોઈપણ વસ્તુ એની વર્તમાન કાર્યદશા વિના હોતી નથી. કાર્ય કહો, પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, હાલત કહો, દશા કહો. આત્મા અને આ પરમાણુઓ બધા એ એક-એક પદાર્થ પરિણામ વિના, એનું વર્તમાન કાર્ય ન હોય અને વસ્તુ હોય એમ હોઈ શકે નહિ. પરિણામ એટલે વર્તમાન પર્યાય, અવસ્થા, કાર્ય એ વિના વસ્તુ હયાતી—મોજૂદગી રહેતી નથી, મોજૂદગીને ધરતી નથી. કહો, સમજાણું આમાં કાંઈ? હિન્દી છે કે નહિ ભાઈ હિન્દી? ગુજરાતી છે? અચ્છા. શું કહ્યું આમાં? સમજાણું આમાં? શું આમાં એક સિદ્ધાંત કહ્યો?

જેટલા જગતના અનંત આત્મા અને અનંત પરમાણુઓ છે એની વર્તમાન કાર્યદશારૂપ પરિણામ, એ પરિણામ વિના એ વસ્તુ હયાતી જ ધરતી નથી, હોતી જ નથી. કહો, બરાબર છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રાત્રે એ પ્રશ્ન કરતા હતા ભાઈ.

અહીં તો કહે છે, પરિણામ વિના વસ્તુ મોજૂદગી, હયાતી, ટકવું ધરતી નથી. તે ટકતી જ નથી. પરિણામ વિના, કાર્ય વિના એ વસ્તુ જ ટકતી નથી. શું કીધું આ? કોઈ કહે કે આ વાણીના... આ શરીર આમ ચાલે છે જુઓ, એ પરિણામ વિના એ વસ્તુ ટકતી નથી એમ કહ્યું છે અહીં. તે પરિણામ આત્માથી થયા છે એમ નથી. સમજાણું કાંઈ? જુઓ! આ આંગળી આમ થાય છે કે નહિ આ આંગળી? એ એનું પરિણામ છે. પરિણામ એટલે કાર્ય છે. કાર્ય એટલે અવસ્થા છે. એ પરિણામ વિનાની વસ્તુ એટલે પરમાણુ ટકતા જ નથી. એ પરિણામ એના પરિણામીથી થયેલા છે. આત્માથી આ હાલે છે એ ત્રણ કાળ

ત્રણ લોકમાં નથી. મૂઢ જીવ અજ્ઞાનીએ માનેલું છે કે મારાથી આ પરિણામ થાય છે. ભગવાનભાઈ!

ભગવાન આત્મા શુભાશુભ, શુદ્ધપણે પરિણમો. એ પરિણામ વિનાની એ ચીજ નથી અને આ પરિણામ વિનાની આ ચીજ નથી. ભારે કઠણ. જૈનમાં પચાસ પચાસ વર્ષ, સાંઈઠ સાંઈઠ વર્ષ ગાળ્યા હોય. સામાયિક ને પોષા ને પડિકમણા માનેલા,.. મીંડા. આ શું? આવું ભગવાનના માર્ગમાં? ભગવાનનો માર્ગ કોને કહે છે? છ દ્રવ્ય છે કે નહિ ભગવાને જોયેલા? એ અનંત છે કે નહિ સંખ્યાએ? અનંત. અનંત દ્રવ્ય પ્રત્યેક પદાર્થ પ્રત્યેક કાળમાં, પ્રત્યેક વસ્તુ પ્રત્યેક કાળમાં એના કાળના પરિણામ વિના એ વસ્તુ રહી શકતી જ નથી. પરિણામ વિના... માણસ નથી કહેતા? કે પણ તું આ સ્વભાવ વિના રહી શકતો નથી? એમ નથી કહેતા? આ તો તારો ... જ કરે છે. આ તો તારો સ્વભાવ પડ્યો. નથી કહેતા? ... વિના રહી શકતો નથી. અહીં કહે છે કે દરેક દ્રવ્ય એના પલટવાના ભાવ વિના રહી શકતો નથી એવો એનો સ્વભાવ પડ્યો છે. પરિણામસ્વભાવી કહ્યું છેને? સમજાણું કાંઈ? ઈ કહે છે દુનિયામાં નહિ? ... તને કેટલી વાર કહીએ ત્યારે.. સમજ્યાને? શું કહે છે આમાં? ... આ તો લોકમાં કહે છે. .... તારો આવો સ્વભાવ કે આના વિના તું રહી શકતો જ નથી. ... કાં ઢીકણે જવું, કાં ફલાણે જવું નથી કહેતા? એમ અહીંયા આત્મા અને પરમાણુ જેટલા છે એટલા તેની વર્તમાન કાર્યરૂપ દશા, પરિણામ જડમાં કાર્ય હોય. પરિણામ હોય કે નહિ જડને? પર્યાય હોય કે નહિ? પર્યાય કહો, પરિણામ કહો, કામ કહો, કાર્ય કહો. જડ પણ કાર્ય વિના ન રહી શકે એમ કહે છે. આત્મા પણ કાર્ય વિના નવરો ન રહી શકે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ..નું કાર્ય કર્યા કરે છે. હીરા, માણેકનું કાર્ય નથી કરી શકતા, મીઠાલાલજી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મહાસિદ્ધાંત જુઓ! '**णत्थि विणा परिणामं अत्थो**' પરિણામ વિના અર્થ નામ પદાર્થ જગતમાં ત્રણ કાળ ત્રણ લોકમાં હોઈ શકે નહિ. ત્યારે હવે તારે શું કરવું છે? બાયડીનું ને છોકરાનું ને રળવાનું ને ધંધાનું ઈ તારું કામ છે? તારા પરિણામ અંદર થાય. શુભાશુભ પરિણામ અને શુદ્ધ વિના આત્મા રહી શકતો નથી એમ કહે. શુભ, અશુભ અને શુદ્ધ એના પરિણામ વિના આત્મા હયાતી ધરાવતો નથી. આના કાર્ય વિના તારું કાર્ય હયાતી ન ધરાવે એમ છે નહિ. કેમ હશે આ મોહનભાઈ? શું કહે છે આ? બરાબર કહે છે?

પરિણામ એટલે? આ છોકરાઓના પરિણામ આવે ઈ પરિણામ હશે? પરીક્ષાનું પરિણામ ઈ હશે? ...ભાઈ! ત્યારે શું? પરિણામ એટલે શું? અવસ્થા. અવસ્થામાં ... બીજા નામે શું કીધું? ...માં શું કીધું? પછી શું કીધું? એક રહી ગયું. આખું બોલજો. કાર્ય. એ મૂળ વાત.. કેમ..ભાઈ? શું કીધું? કાર્ય ઉપર જોર હતું વધારે. એ તો ઓલા અર્થ કહ્યા પછી.

અવસ્થા ને પરિણામ ને પર્યાય ને હાલત ને એ તો બધા (અર્થ કીધા). કોઈપણ આત્મા અને કોઈપણ રજકણો તે કાર્ય વિના તે વસ્તુ ટકી શકતી નથી. કેમકે તેનો પરિણામ સ્વભાવ હોવાને કારણે. સમજાણું કાંઈ? ઓહો..હો..! જુઓ! હવે ન્યાય આપે છે.

'**કારણ કે વસ્તુ...**' પોતે પદાર્થ કોઈ આત્મા કે કોઈપણ પરમાણુ '**દ્રવ્યાદિ વડે (અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે)...**' વસ્તુનું દ્રવ્ય, એની પહોળાઈ-ક્ષેત્ર, એની અવસ્થા અને એની શક્તિ એવા '**પરિણામથી જુદી અનુભવમાં (જોવામાં) આવતી નથી;...**' જોયું? જોવામાં આવતી નથી. વસ્તુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પરિણામથી જુદી જોવામાં-અનુભવમાં આવતી નથી. વસ્તુ દ્રવ્યાદિ ભાવે પરિણામથી જુદી જોવામાં આવે કે આના પરિણામથી આનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વસ્તુ જુદી રહી ગઈ? સમજાણું? દરેક આત્મા અને દરેક પરમાણુ પોંઈટ એક એક એના પરિણામથી તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે એની દશાથી, એના કાર્યથી, એની અવસ્થાથી એ જુદી જોવામાં આવતી નથી, જુદી હોઈ શકતી નથી.

પહેલું તો સિદ્ધ કર્યું કે એના વિના હયાતી ધરતી નથી. પછી કીધું કે અમને જોવામાં આવતી નથી એમ કીધું. વસ્તુનો .. પહેલું કીધું, પરિણામ વિના વસ્તુ હોઈ શકે નહિ. પણ એમ જોવામાં જ આવતી નથી કે પરિણામ વિના વસ્તુ હોય, એમ કહે છે. દરેક પદાર્થ વર્તમાન કાર્ય તો હોય જ છે એને બીજો કોઈ કાર્ય કરે (એમ નથી). નકામો કોઈ પદાર્થ નથી. નકામો .... કામનો છે આત્માને એમ નહિ. એ કામ વિનાના, કાર્ય વિનાની કોઈ ... હોતી નથી. એનું કાર્ય એ ચીજ કર્યા જ કરે છે. એટલે બીજો આવે તો થાય અને નહિતર ન થાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૨, રવિવાર, તા. ૧૦.૨.૧૯૬૩**
**ગાથા-૧૦, પ્રવચન-૫૧**

આ પ્રવચનસાર ચાલે છે, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર. એની દસમી ગાથા. કુંદકુંદાચાર્ય દિગંબર સંત બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં થયા. ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, પછી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. જરીક સૂક્ષ્મ વાત છે, ઘણી સૂક્ષ્મ છે.

પ્રત્યેક પદાર્થ, જે આત્મા છે, પરમાણુ છે.. એક એક પરમાણુ પોંઈટ હોં! આ (શરીર)

તો ઘણા પરમાણુનો પિંડ છે. એમાં એક એક પરમાણુ છે, એમ આત્મા એક એક પૃથક્ ભિન્ન છે. એ પ્રત્યેક પરિણામી વસ્તુ છે. પ્રત્યેક વસ્તુ પોતાના પરિણામ પોતાથી વર્તમાનમાં કરે છે. પરિણામ નામ પર્યાય, પર્યાય નામ જીવની દૃષ્ટિએ લઈએ તો શુભપરિણામ-દયા, દાન, ભક્તિ, જાત્રાના પરિણામ એ શુભ, પુણ્ય. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ અશુભપરિણામ. અને ધર્મના પરિણામ, શુભ અશુભ પરિણામ વિનાના—અવસ્થા વિનાના. પોતાનો શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદ એના અંતરમાં શુદ્ધ નિર્વિકલ્પ ઉપયોગના પરિણામ થવા એ શુદ્ધ ઉપયોગ એ આત્માના પરિણામ છે, એ ધર્મ છે. બહુ ઝીણું. શેઠી! જુઓ!

'**પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે.**' બતાવો ભાઈ પહેલું. દશમી ગાથા ઉપર. દરેક પદાર્થ. આત્મા અનંત છે, અનંત પરમાણુ (છે). બીજા ચાર દ્રવ્ય છે એ ભગવાને જોયા એ સૂક્ષ્મ છે ચાર અરૂપી. તો પ્રત્યેક વસ્તુ પોતાના પરિણામ વર્તમાન અવસ્થા કરે છે એ એનો સ્વભાવ છે. આ વાત સિદ્ધ કરે છે. પછી લેશે, દાખલો ટીકામાં લેશે હોં! ટીકા જુઓ. '**પરિણામ વિના વસ્તુ હયાતી ધરાવતી નથી,...**' કોઈપણ ચીજ વર્તમાન પર્યાય, હાલત, પરિણામ, દશા એ વિના એ વસ્તુ ટકી શકતી નથી, હયાતી ધરાવતી નથી. જેમ કોઈ કહે કે ભગવાનની ભક્તિના કાળમાં અમારા જે પરિણામ થયા એ ભગવાનથી થયા. તો કહે છે કે મૂઢ છે, એને પરિણામની ખબર નથી. તે સમયે પરિણામ શુભ ભક્તિના, પૂજાના શુભભાવ પુણ્ય એ પરિણામ પોતાથી થયા છે. કેમકે પરિણામ વિના વસ્તુ ટકતી નથી. તે સમયે તે પરિણામ ભગવાનથી થયા તો પોતાના પરિણામ વિના વસ્તુ રહેતી નથી. શેઠી! ... સમજાણું કાંઈ?

પરિણામ વિના વસ્તુ અસ્તિત્વ નામ હયાતી, મોજૂદગી ધરાવતી નથી. આ પહેલો શબ્દ છે. મહાસિદ્ધાંત છે. ભાઈ! આ તો અનંત કાળથી એણે યથાર્થ શું વસ્તુ છે એની ઓળખાણ કરી નથી. તો કહે છે કે કોઈ એમ કહે કે અમે તો ભગવાનની જાત્રા કરી સમેદશિખરની અને એ સમેદશિખરને કારણે અમને શુભભાવ થયા. તો કહે છે કે તારો આત્મા પરિણામ વિના રહ્યો? એ પરિણામ એનાથી થયા તો તારો આત્મા શું પરિણામ વિના રહ્યો? ધર્મચંદજી! એ શુભપરિણામ જો પરથી થાય તો અહીંયા પરિણામ વિનાની વસ્તુ હયાતી, મોજૂદગી રહી શકતી નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— કારણ-ફારણ દ્રવ્ય છે એમ કહે છે. અહીંયા જરી સૂક્ષ્મ વાત છે. એ તો નિમિત્ત છે, એનાથી પરિણામ નથી થયા. એના પરિણામ એમાં થયા. અહીંયા પરિણામ આત્માના પરિણામ જો પોતાથી ન થાય તો પરિણામ વિનાની, પર્યાય વિનાની વસ્તુ જ ટકી શકતી નથી. સમજાણું કાંઈ? હજી ખબર નથી કે મારા પરિણામ મારાથી થાય છે કે મારા પરિણામ પરથી થાય છે. ખબરેય નથી. એ મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી. એને જૈનની

ખબર નથી. શેઠી! ... સમજાય છે કાંઈ?

એક આ સિદ્ધાંત. '**પરિણામ વિના...**' પરિણામ નામ પર્યાય, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ પ્રત્યેક પદાર્થની વર્તમાન દશા. એ દશા-વર્તમાન પરિણામ ન હોય તો વસ્તુ ટકી શકે નહિ, વસ્તુ પોતાની મોજૂદગી રાખી શકે નહિ. તો કોઈ પ્રાણી એમ કહે કે પર જીવનું જ્યાં મરવું થયું તો એને કારણે મને અશુભભાવ થયા. તો કહે છે કે, મૂઢ છે. આવું ક્યાંથી લાવ્યો તું? જો એ જ સમયે તારા અશુભભાવ ન હોય તો અશુભભાવ પરિણામ વિનાની વસ્તુ જ ટકી શકે નહિ. એ અશુભ પરિણામ તારાથી થયા છે, એ પ્રાણી મરી ગયો એનાથી નથી થયા. ધર્મચંદજી! ભારે કઠણ જગતને.

એમ પર પ્રાણીના... સમજાણું કાંઈ? એમ પરપ્રાણીને મેં બચાવ્યો, પરપ્રાણી બચી ગયો તો મને દયાનો ભાવ થયો. મૂઢ છો. તને વસ્તુની ખબર નથી. એ દયાના ભાવ-પરિણામ તારામાં તે સમયે તારાથી ન થાય તો પરિણામ વિનાની વસ્તુ ટકી શકતી નથી. પરની દયા પાળી તો પરિણામ થયા, મૂઢ છે. એને, પરિણામ પોતાની સ્વતંત્રતાથી ઉત્પન્ન થાય છે એવી તત્ત્વની નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વના પરિણામ મારાથી છે એની ખબર નથી. એમ ધર્મતત્ત્વ. પરિણામમાં તો ત્રણે વાત છે કે નહિ? ... મને ભગવાનના દર્શન થયા, હું સમવસરણમાં ગયો તો મને ધર્મના પરિણામ થયા. એ વાત ખોટી છે. ત્યાં ગયો તો ધર્મના (પરિણામ) તો થયા જ નથી, થયા છે પોતાના શુભ પરિણામ, પણ ધર્મ પરિણામ તો શુભ પરિણામથી રહિત છે. કે મને શુભભાવ હતો અને બહાર સંયોગ દેવ-ગુરુ-શાસ્ત્રનો હતો તો મને સમ્યગ્દર્શનના પરિણામ થયા એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે, એને સમ્યગ્દર્શન થતું જ નથી. કેમકે સમ્યગ્દર્શનના પરિણામ પોતાના પરિણામ પોતાથી ન થાય તો એ પરિણામ વિનાની વસ્તુ ટકી શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? ઝીણી વાત છે ભાઈ!

આ તો જૈનદર્શન સર્વજ્ઞ વીતરાગદેવ પરમેશ્વર (પ્રણીત છે). આ તો દિગંબર મુનિ છે. કુંદકુંદાચાર્ય મહાસંત દિગંબર મુનિ વનવાસી વનમાં રહેતા હતા. એમણે કહ્યું કે જૈનદર્શનમાં શું તત્ત્વ કહ્યું છે એની તને ખબર નથી તો તને ધર્મ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? પરિણામ વિના વસ્તુ અસ્તિત્વ નામ હયાતી, મોજૂદગી ધરતી નથી. વસ્તુ રહી શકે નહિ. એમ વર્તમાન જેમ સામે શબ્દ છે, આ શબ્દ છે તો અહીંયા જ્ઞાનનો ભાવ થાય છે, તો એ પરિણામ વિનાનો ગુણ રહી શકતો નથી અને ગુણ વિના દ્રવ્ય રહી શકે નહિ. તો પોતાના જ્ઞાનના પરિણામ જે પોતામાં થાય છે એ અહીંથી થયા છે એમ માનવાવાળો, પરિણામ વિના વસ્તુ રહી એમ માને છે. આ શાસ્ત્રમાંથી થયા. શાસ્ત્ર સાંભળવાથી જ્ઞાનના પરિણામ થયા. શાસ્ત્ર સાંભળવાથી જ્ઞાનના પરિણામ થયા તો તારા દ્રવ્યના ગુણના-જ્ઞાનગુણના પરિણામ વિનાનો ગુણ રહ્યો? અને પરિણામ વિના વસ્તુ રહી ગઈ? ધર્મચંદજી! બહુ મોટી વાત છે. .... આ બધા જૂના દિગંબરને ભાન ન મળે કાંઈ. ... જોયું? .... એ જ કહે છે.

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વર, એમણે કહ્યું એવું કુંદકુંદાચાર્ય મહારાજ મહા દિગંબર સંત ઈ વાત કહે છે. અમારા સંપ્રદાયમાં તેં જન્મ લીધો પણ સંપ્રદાયની વસ્તુ શું છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? પરિણામ વિના... આ તો મહાસિદ્ધાંત છે. આ નિમિત્ત બધા ઊડી ગયા, ભુક્કા ઊડી ગયા. પોતામાંથી હોં, ત્યાં તો રહે છે. નહિતર નિમિત્તમાં ન હોય તો એ પરિણામ વિના એ વસ્તુ રહેતી નથી, નિમિત્તના પરિણામ નિમિત્તમાં છે. ઓહો..હો..! મોટી તકરાર.

પરિણામ, પરિણામ એટલે વર્તમાન અવસ્થા. અવસ્થા નામ દશા, દશા નામ ભાવ, આત્માના ભાવ અને જડના પણ, આ પરમાણુના ભાવ. જુઓ! કોઈ એમ કહે કે આ આંગળી આમ આમ થાય છે, આ પરિણામ થયાને? પર્યાય. આ પર્યાય છે, પરિણામ. એ પરિણામ મારાથી-આત્માથી થયા એમ કોઈ કહે તો ભગવાન કહે છે કે તું મૂઢ છો. એ પરિણામ આત્માથી થયા તો એ પરિણામ વિનાની વસ્તુ-પરમાણુ રહી? એ પરમાણુમાં પરિણામ આમ થાય છે એ પરિણામ વિના વસ્તુ રહેતી નથી. એ પરિણામ આત્માથી થાય છે એમ વસ્તુમાં નથી. એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં માનવું એ મિથ્યાદષ્ટિ, મિથ્યાદર્શન શલ્ય છે. એને કદી ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધર્મ તો આ કહ્યુંને, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત હું ચિદાનંદ શુદ્ધ છું, હું આનંદ છું એમ અંતરમાં પરિણામ વીતરાગી પરિણામ થવા એનું નામ ધર્મ છે. કઠણ વાત છે. લોકોને ધર્મ ધર્મ... ઈ પણ આ કહે છે, જુઓ! ધર્મ એ પણ પરિણામ છે, ધર્મ એક પરિણામ છે. ધર્મ કોઈ ગુણ-દ્રવ્ય નથી, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે. ધર્મ પરિણામ છે. તો પરિણામ શું? કે હું શુદ્ધ ચૈતન્ય છું, હું પરનો કર્તા-હર્તા નથી. મારામાં પણ શુભ-અશુભ પુણ્ય-પાપ થાય છે એ પણ મારી ખરી અસલ ચીજની વસ્તુ નથી. તો પુણ્ય-પાપના ભાવથી ખસીને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની અંતર દૃષ્ટિ અને અનુભવ કરવા એનું નામ આત્માના પરિણામ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ જુવાનને સમજાય છે? આ બધું સમજવું પડે જુવાનોને. એમ ને એમ, અમે જૈન છીએ, જૈન છીએ એમ ન પાલવે. અમે દિગંબર છીએ, ઓલા કહે અમે શ્વેતાંબર છીએ. એમ કાંઈ પાલવે? ન પાલવેને શું કહે છે? એમ નથી ચાલતું, એમ ન ચાલે. સમજવું પડશે.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વર અનંત થયા. વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર મોજૂદ છે. સીમંધરપ્રભુ (આદિ) વીસ તીર્થંકર મોજૂદ છે. એમની પાસે કુંદકુંદાચાર્ય મહારાજ દિગમ્બર નગ્ન મુનિ વનવાસી હતા એ ત્યાં ગયા હતા, સદેહે ગયા હતા બે હજાર વર્ષ પહેલા. નગ્ન, મોરપીંછી, કમંડળ. આઠ દિવસ રહીને અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાણું કાંઈ? તો કહે છે કે પરિણામ, ધર્મના પરિણામ, કોઈ કહે કે મને ધર્મની પર્યાય શુભરાગ

હતો તો મને ધર્મ પરિણામ થયા. તો શુભરાગ તો પહેલા હતો. અત્યારે ધર્મ પરિણામ થયા એ શુભરાગથી થતા નથી. તો શુભરાગથી ધર્મ પરિણામ થયા? નિમિત્તથી થયા? ધર્મ પરિણામ તો આત્માના, હું અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા દૃષ્ટા છું એમ અંતર્મુખ થઈને પોતાના પરિણામમાં શુભાશુભ ભાવથી ખસીને નિર્વિકલ્પ પરિણામ રાગ રહિત ઉત્પન્ન કરવા એનું નામ ધર્મ છે. એ ધર્મના પરિણામ પોતાથી થયા છે. નહિતર પરિણામ વિનાની વસ્તુ ટકી શકતી નથી.

એમ ચારિત્ર... ચારિત્ર. કોઈ કહે કે ચારિત્ર, નગ્નપણું છે તો ચારિત્ર છે. જૂઠું છે. નગ્નપણું તો શરીરની માટીની દશા છે. અને કોઈ કહે કે અઠ્યાવીશ મૂળગુણનો અંદર મુનિને રાગ આવે છે એ ચારિત્ર છે. બિલકુલ નહિ. એ તો આસ્રવ છે, પુણ્ય છે. ચારિત્ર કોને કહે છે? એ અઠ્યાવીશ મૂળગુણના પરિણામ તે ચારિત્રના પરિણામ છે એમ છે જ નહિ. ચારિત્રના પરિણામ પોતાના આત્માનો અનુભવ કરીને સ્વરૂપમાં લીન થઈને આનંદનો, શાંતિનો ઉભરો આવવો, પર્યાયમાં-પરિણામમાં આનંદનો ઉભરો (આવવો). ઉભરો સમજો છો? દૂધમાં ઉભરો આવેને? ભરતી, ભરતી.

મુમુક્ષુ :— ઉમંગ આવવો.

ઉત્તર :— ઉમંગ આવવો એ બીજી વાત છે. ઉમંગ નહિ. ઉમંગ બીજી વાત છે. અહીં તો શબ્દે શબ્દ હોવો જોઈએ.

આત્મામાં શુદ્ધતા પરિપૂર્ણ પડી છે એમાં એકાગ્ર થઈને પોતાની વર્તમાન પર્યાય-પરિણામમાં શુદ્ધતાના, ઉગ્રતાના, શુદ્ધતાના પરિણામ થવા તેનું નામ ચારિત્ર છે. ભારે કઠણ વાત. જગતને અત્યારે વાત સાંભળવા મળે નહિ, સમજે નહિ, શું કરે? ચાલો, ચાલો ભાઈ ધર્મ કરો, ધર્મ કરો. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. હજી તો પાપ શેનાથી થાય છે એની ખબર નથી ત્યાં ધર્મ તો ક્યાં રહ્યો? કેમ? દૃષ્ટાંત આપ્યા હોં! આ ચારિત્ર, સમ્યક્, શુભ-અશુભ પરિણામના. આ વાંચે તો નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે એ ઊડી જાય છે આમાં તો. આમાં બનારસીદાસનું રહે છે. 'ઉપાદાન બલ જહાં તહાં, નહીં નિમિત્તકો દાવ' એ.. ધોળકિયા! આમાં આવે છે કે નહિ? નથી આવતું આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે કે વસ્તુ છે. અહીં પહેલી ચીજ તો આ સિદ્ધ કરી છે. કહો, સમજાય છે કાંઈ?

'કારણ કે વસ્તુ...' કારણ કે છેને? વસ્તુ નામ દરેક પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ રજકણ પોંઈટ ટૂકડો. આ તો ઘણો જથ્થો છે. 'દ્રવ્યાદિ વડે...' પ્રત્યેક વસ્તુ પોતાના દ્રવ્ય નામ વસ્તુ, ક્ષેત્ર નામ પહોળાઈ. પહોળાઈને શું કહે છે? ચૌડાઈ. કાળ નામ વર્તમાન દશા અને ભાવ નામ એના ગુણ. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે પરિણામથી ભિન્ન અનુભવમાં નથી આવતી. કારણ કે વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે એના પરિણામથી એ વસ્તુ

ભિન્ન-જુદી જોવામાં આવતી નથી એમ કહ્યું. સમજાય છે?

પરપ્રાણી, જુઓ મને પરિણામ થયાને, એ પરપ્રાણીની દયાના, પરપ્રાણી બચી ગયો એટલે મને પરિણામ થયા. ભાઈ! તારા દયાના પરિણામ તારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને છોડીને પરિણામ ભિન્ન તો જોવામાં નથી આવતા. એનાથી થયા એમ તો જોવામાં આવતું નથી. ધર્મચંદજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વસ્તુમાં એમ છે. પહેલી તો વસ્તુ કીધી. પછી ... જ્ઞાનમાં ... કહ્યો. વસ્તુ એવી છે તો જ્ઞાન એમ જોવે છે એમ કહ્યું. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર છેને. ચંદુભાઈ! ભારે કઠણ ભાઈ! હિંમતભાઈ! આવું સાંભળ્યું હતું ક્યાંય જિંદગીમાં? હરગોવિંદભાઈએ સાંભળ્યું નહિ હોય જિંદગીમાં. એમ ને એમ વયા ગયા. સવારે પોષા, સામાયિક કરે. આહા..હા..! આ ડોસાએ નહોતું સાંભળ્યું. આ બધા ડોસા વૃદ્ધ, કે દિ' સાંભળ્યું હતું એના બાપ દાદાએ ત્યાં? એના બાપ દાદા તો મોક્ષ ગયા છે, કેવળ પામીને મોક્ષ ગયા છે. અનંત પેઢીમાં તો તીર્થંકર પણ, તમારા પિતા.. પિતા.. પિતા.. પિતામાં કોઈ તીર્થંકર પણ થયા છે. નથી થયા? અનંત પેઢી થઈ ગઈ. હું તો મહેન્દ્રભાઈના બાપના બાપની વાત કરું છું. કહો, સમજાણું કાંઈ?

ઓહો..હો..! સિદ્ધાંત તે પણ સિદ્ધાંત!! ચાર પૈસે શેર તો મણના અઢી. એક કુંચી. શું કહ્યું? જુઓ! 'કારણ કે...' પદાર્થ આત્મા અને પરમાણુ પોતાનું દ્રવ્ય નામ વસ્તુ, ક્ષેત્ર નામ પહોળાઈ, કાળ નામ વર્તમાન હાલત, દશા, પરિણામ, પોતાના પરિણામ જુઓ, કાળમાં પાછું એ લીધું. પોતાના પરિણામ, પોતાના પરિણામથી એ વસ્તુ જુદી જોવામાં આવતી નથી. એના ભાવથી, પરિણામથી જુદી જોવામાં નથી આવતી. પહેલી તો વસ્તુ કહી એવી કે પરિણામ વિનાની વસ્તુ ટકી શકતી નથી. માટે પરિણામ સહિત વસ્તુ છે. એ પરિણામ એનાથી થયા છે. એ પરિણામ વિનાની વસ્તુ અમને જોવામાં નથી આવતી. કારણ કે વસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિના પરિણામથી ભિન્ન વસ્તુ જોવામાં નથી આવતી. જ્ઞેય બનાવી. સમજાણું કાંઈ?

'**કેમ કે...**' ફરીને. બીજી વાત હવે. '(૧) **પરિણામ વિનાની વસ્તુ ગધેડાનાં શિંગડાં સમાન છે...**' ત્રીજી પંક્તિ. જેમાં વર્તમાન પરિણામ, પરિણામ નામ પર્યાય, પર્યાય નામ ભાવ, ભાવ નામ દશા, દશા નામ હાલત. વર્તમાન ભાવ ન હોય, પર્યાય ન હોય તો વસ્તુ ગધેડાનાં શિંગડાં સમાન છે. ગધેડાને શિંગડાના વર્તમાન પરિણામ નથી, પરિણામ નથી તો વસ્તુ નથી. સમજાણું કાંઈ? ગધેડાનાં શિંગડાં સમજ્યા કે નહિ? ગધેડાનાં.

મુમુક્ષુ :— શિંગડાં નથી હોતા.

ઉત્તર :— નથી હોતા? પણ શિંગડાં નથી હોતા એ પ્રશ્ન નથી. કહે છે કે પરિણામ ગધેડાનાં શિંગડાંના કોઈ સુંવાળા આદિ પરિણામ નથી, તો પરિણામ નથી તો વસ્તુ નથી.

સમજાણું કાંઈ? ભારે ઝીણું. વર્તમાનમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન બિલકુલ ઘટી ગયું. દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું. અમે તો (સંવત) ૧૯૭૮ની સાલથી પોકાર કરીએ છીએ. દ્રવ્ય, ગુણ, પર્યાય શું છે એની લોકોને ખબર નથી. શેઠી! દ્રવ્ય કોને કહે? ગુણ કોને કહે? પર્યાય કોને કહે? ભગવાન જાણે. અમને તો કાંઈ ખબર નથી. તને ખબર નથી ત્યારે ભગવાનને અને તારે શું? બોલ, તું ધર્મ કરે છે એ ધર્મ ગુણ છે, દ્રવ્ય છે કે પર્યાય છે? અમને કાંઈ ખબર નથી. ખબર નથી ત્યાં ક્યાં તારે ધર્મ આવ્યો?

ધર્મ, પુણ્ય અને પાપ એ ત્રણે આત્માના પરિણામ-પર્યાય છે, પર્યાય છે. અને એ આત્મા પર્યાયને ધરનાર પર્યાયવાન છે. ધર્મ નિર્દોષ વીતરાગી પોતાની પર્યાય છે. એ વીતરાગી પર્યાયને ધરનાર ભગવાન આત્મા પર્યાયવાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ આત્મા ભગવાન. બીજો ક્યો ભગવાન હતો? બહાર ક્યાં, એ તો એની પાસે રહ્યા ભગવાન. એ ભગવાન એના પરિણામવાળા ભગવાન ત્યાં રહ્યા, સીમંધર ભગવાન કે અનંતા સિદ્ધો. કુંદકુંદાચાર્ય મહારાજ લ્યોને, ગયા, સ્વર્ગમાં ગયા અત્યારે. પંચમ આરાના મુનિ હતા. એક દેહ ધારણ કર્યા વિના મુક્તિ થતી નથી. તો અત્યારે સ્વર્ગમાં છે. નગ્ન મુનિ દિગંબર હતા. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષમાં જશે ભવિષ્યમાં. એ પરિણામ કરે છે તો પરિણામી વિના ત્યાં પણ નહિ થાય. મહાવિદેહક્ષેત્રમાં જન્મ લે કે બીજે ક્યાંય જન્મ લે તો એ કારણે પોતાના પરિણામ થાય છે એમ નથી. ભગવાન પાસે જો આપણે હોઈએને તો આપણા પરિણામ એને લઈને સુધરે. ભગવાન કહે છે કે આવી તારી માન્યતા મોટો ભ્રમ છે. શું તારી હયાતી પદાર્થ નથી? અને પદાર્થ એ વખતે પરિણામ વિના રહે છે કે તારા એ પરિણામ ભગવાનથી થયા? ભગવાનજીભાઈ! આહા..હા..!

'**પરિણામ વિનાની...**' પરિણામ સમજ્યાને? પર્યાય એટલે અવસ્થા, હાલત. આ સમુચ્ચય વાત છે. '**વસ્તુ ગધેડાનાં શિંગડાં સમાન છે (૨) તથા તેને, જોવામાં આવતા...**' હવે દૃષ્ટાંત (આપે છે). '**તેને, જોવામાં આવતા ગોરસ વગેરેના (દૂધ, દહીં આદિ) પરિણામો સાથે વિરોધ આવે છે.**' દેખો! '**જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે...**' નીચે નોટ. વસ્તુને વર્તમાન પરિણામ-પર્યાય-હાલત વિનાની માનવામાં આવે '**તો ગોરસ વગેરે...**' ગોરસ. એ '**વસ્તુઓના દૂધ, દહીં આદિ પરિણામો પ્રત્યક્ષ દેખાય છે તેની સાથે વિરોધ આવે.**' તો પરિણામ જોવામાં આવે નહિ. પરિણામ વિના ગોરસ રહેશે. દૂધ, દહીં, છાશ... મઠો કહે છેને? પરિણામ વિના ગોરસ રહે છે? ગોરસપણું સામાન્ય છે. એના વિશેષ પરિણામ વિના ગોરસ રહે છે? કોઈ દૂધના પરિણામ હોય, દહીંની અવસ્થા હોય, છાશની હોય, માખણની હોય, ઘીના હોય પણ એ પરિણામ વિનાના ગોરસ જોવામાં આવતો નથી. પ્રત્યક્ષ જોવામાં આવે છે કે ગોરસની કોઈપણ વર્તમાન પરિણામ-દશા છે.

પરિણામ વિનાનું ગોરસ હોતું નથી. કહો, સમજાય છે આમાં? કહો, સમજાય છે કે નહિ? કિરીટભાઈ! તમારે આવે છે ત્યાં આવું? ન્યાં ડિંગ મારે, ન્યાં શું આવું આવતું હતું? પણ આ ન્યાય સમજાય છે કે નહિ?

પદાર્થ છે. એની વર્તમાન વર્તમાન થતી અવસ્થા એ અવસ્થાને પરિણામ કહે છે. જેમ સોનું, સોનાનું કુંડળ, કુંડળ, કુંડળ, કડું, બાજુબંધ એ અવસ્થાને પરિણામ કહે છે. સોનાને પરિણામી, એ પરિણામનો ધરનાર, પરિણામનો કરનાર, પરિણામનું અસ્તિત્વ ધરાવનાર કહે છે. સોનું સોનું. આ મોંઘું થઈ ગયુંને અત્યારે? કે સોંઘુ થઈ ગયું? શું થયું? મળે નહિ લ્યો. ફફડાટ થઈ ગયો કેટલાકને. સોનું સંગ્રહ્યું હતુંને એને. પાંચ દશ લાખનું સોનું સંઘર્યું હતુંને. અરે..! ભાવ ઘટી ગયા. હવે બહાર પાડીએ તો? ઘરના માણસને ખબર પડી જાય કાં કોઈ ચોરી લેશે. આ બહાર ન પાડીએ તો પાછા પૈસા જાય છે. શું કરવું? શેઠી! એ તો પરિણામ થવાના ઈ થવાના. કાંઈ તારાથી સોનું ... અને તારાથી સોનાનો નાશ થતો નથી.

અહીં તો કહે છે, ગોરસ, ગોરસ હોં! ગાયનો રસ તે કોઈપણ પરિણામ નામ પર્યાય નામ હાલત. ઘી, દૂધ, દહીં અને છાશ એ પર્યાય, પર્યાય કહો કે પરિણામ કહો, પરિણામ કહો કે અવસ્થા કહો, એ પરિણામ વિના ગોરસ જોવામાં આવતું નથી. '**(જેમ...**' સમજાણું? '**(જેમ પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી તેમ)...**' હવે ગુલાંટ ખાય છે વાત. '**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી,...**' પહેલા કહ્યું કે પરિણામ વિના વસ્તુ રહી શકતી નથી, હવે કહે છે કે વસ્તુ વિના પરિણામ હોતા નથી. પર વિના હોતા નથી એમ નહિ. સમજાણું કાંઈ? સોનું સોનું ન હોય સુવર્ણ, સુવર્ણ અને બાજુબંધ અને વીંટી હોય, એમ બને? સોનું નહિ, વસ્તુ નહિ અને પરિણામ છે વીંટીના. વીંટી કે.. વીંટીને શું કહે છે? અંગૂઠી. વસ્તુ તો નથી, ભાઈ પણ વીંટી છે. પણ વસ્તુ વિના વીંટી ક્યાંથી આવી? સમજાણું કાંઈ? એમ વસ્તુ વિના પરિણામ ક્યાંથી આવ્યા? કેમકે પરિણામનો આધાર તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

જુઓ! અહીંયા જ્ઞાનના પરિણામ થાય છેને જાણવાના. તો કહે કે જાણવાના પરિણામ વસ્તુ વિના આવે છે. તો કહે છે, વસ્તુ વિના ક્યાંથી આવ્યા? વસ્તુ નથી અને પરિણામ આવ્યા. આ વસ્તુ છે અને અહીં પરિણામ થયા, એમ નહિ. પોતાના પરિણામ છે તે વસ્તુ વિના નથી આવતા. વસ્તુ કાયમ આત્મદ્રવ્ય છે એના આધારે પરિણામ આવ્યા છે. એ પરિણામનો આધાર આત્મા છે. શુભપરિણામનો આધાર પણ આત્મા. ઓહો..હો..! ક્યાંની ક્યાં વાત. ક્યાં સમયસાર (અને ક્યાં પ્રવચનસાર).

કહે છે કે ભાઈ! તારા ભાવ થાયને શુભ, અશુભ કે શુદ્ધ, શુદ્ધ એ ધર્મ, શુભ-અશુભ એ પુણ્ય અને પાપ, તો એ પરિણામ, જુઓ! '**વસ્તુ વિના...**' પદાર્થના કાયમ ટક્યા વિના '**પરિણામ હયાતી ધરતા નથી,...**' કોણ? પરિણામ ધરતા નથી હોં! ઓલી વસ્તુ નથી.

પરિણામ વિના વસ્તુ નથી હોતી અને અહીં વસ્તુ વિના પરિણામ નથી હોતા. એમ નથી કહ્યું કે પરવસ્તુ વિના એના પરિણામ ન હોય. જે વસ્તુના પરિણામ તેનો આધાર વસ્તુ છે. એ વસ્તુ વિના પરિણામ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કોઈ કહે કે મને અહીં દયાના પરિણામ તો થયા, પણ હું આત્મા વસ્તુ નથી. પરિણામ કોને આધારે થયા? પરને આધારે થયા? ત્રણ કાળમાં નહિ, પર વસ્તુ તો જુદી છે. દયાના ભાવ પુણ્ય કોના આધારે થયા? ભઈ, કર્મનો જેવો ઉદય આવે એવા ભાવ થાય. મૂઢ છો, કોણે કહ્યું એવું તને?

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પ્રભુ એમ ફરમાવે છે કે તારા જે પરિણામ શુભ દયાના થાય તે પરિણામને આધાર વસ્તુ ન હોય તો પરિણામ નિરાધાર ઉત્પન્ન થઈ શકે નહિ. પરિણામ નિરાધાર (થાય)? જુઓ! ખૂબી અહીં થઈ ગઈ. '**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી, કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...**' જુઓ! '**(અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.**' એમ ન કહ્યું કે પરવસ્તુના આધાર વિના પોતાના પરિણામ થતા નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો વ્યવહારનયના શાસ્ત્ર આવે ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું. નિશ્ચય યથાર્થ સત્ સત્નું સત્ત્વ છે ઈ, સત્નું સત્ત્વ છે. ધર્મચંદજી! કહો, હવે જૈનદર્શન વિના આવું ક્યાં હશે? નેપાળના બાવામાં હશે? ઓલો નેપાળનો બાવો છે ત્યાં જૈનના કેટલાય હાલી નીકળ્યા છે. દિગંબર ને આ ને, કાંઈક લાગે છે. ધૂળમાંય નથી હવે સાંભળને. વીતરાગમાર્ગમાં પ્રભુ પરમાત્મા અને આત્મા શું છે, પરમાણુ પરમાણુ શું છે?

કહે છે કે જો તારે... કહે છે કે આ ભાષાના પરિણામ થાય છેને, ભાષા પરિણામ, એ પરિણામનો આધાર ભાષાના પરમાણુ છે. એ પરમાણુ દ્રવ્ય ન હોય તો કોના આધારે પરિણામ થયા? શું આત્માના આધારે થયા? જૂઠું છે. ઓહો..હો..! આવી સ્વતંત્રતા અંતર દૃષ્ટિમાં જ્યાં સુધી કબુલાત ન થાય ત્યાં સુધી આત્મદ્રવ્ય શુદ્ધ ચિદાનંદ છે એના ઉપર દૃષ્ટિ જાતી નથી. એક સમયના પરિણામ સ્વતંત્ર તો એ વસ્તુ ત્રિકાળ સત્ છે. તો વસ્તુ વિના પરિણામ નહિ અને પરિણામ વિના વસ્તુ નહિ. પહેલા (કહ્યું), પરિણામ વિના વસ્તુ નહિ. હવે કહે છે કે વસ્તુ વિના પરિણામ નહિ. નિમિત્ત વિના પરિણામ નહિ એમ નથી કહ્યું. આહા..હા..! શું કહ્યું જુઓ!

'**વસ્તુ વિના...**' એટલે પદાર્થ કાયમી-ટકાઉ-ટકાઉ-નિત્ય પદાર્થ ન હોય તો એ વિના અનિત્ય એવા પરિણામ-અવસ્થા પણ '**હયાતી ધરતા નથી,...**' એમ નથી કહ્યું કે પર નિમિત્ત વિના પરિણામ હયાતી ધરતા નથી. એમ નથી કહ્યું. એ પરિણામી પદાર્થ વિના પરિણામ હયાતી ધરતા નથી એમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાન ન મળે એને શ્રદ્ધા ક્યાંથી સાચી થાય? અને એને ચારિત્ર-ફારિત્ર ક્યાંથી હોય ધૂળમાં? ચારિત્ર ક્યાં ઉપર બહાર

લટકે છે? નગ્ન થઈ ગયો એટલે ચારિત્ર થઈ ગયું? જ્યાં-ત્યાં જય મહારાજ કરે, માથા ફોડે. ધર્મચંદજી!

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા અને દિગંબર સંતો ફરમાવે છે કે તને ખબર છે કે વર્તમાન કોઈપણ પદાર્થની અવસ્થા એટલે પર્યાય એ દ્રવ્ય વિના ન હોય? કારણ કે પરિણામનો આશ્રય દ્રવ્ય છે, પરિણામનો આધાર પદાર્થ છે, પરિણામનો આધાર પર નહિ. શુભભાવ થાય દયા, દાનના એનો આધાર આત્મા છે, એનો આધાર પર નહિ, એનો આધાર કર્મનો ઉદય નહિ. શું કીધું? શુભપરિણામનો આધાર આત્મા દ્રવ્ય છે ભગવાન. એ શુભપરિણામનો આધાર કર્મ નહિ, કર્મના આધારે શુભપરિણામ થયા નથી અને અશુભ રૌદ્રધ્યાન, આર્તધ્યાન, પાપભાવ, હિંસા, જૂઠું, ચોરીના ભાવ થયા એ ભાવનો આધાર આત્મા છે. મિથ્યાદષ્ટિના ભાવનો આધાર આત્મા છે. મિથ્યાશ્રદ્ધા કરી કે પુણ્ય પરિણામ દયા, દાન એ ધર્મ છે. પાપના ભાવમાં મજા છે, પરવસ્તુથી મારામાં કાર્ય થાય, હું પરના કાર્ય કરી શકું—એવો મિથ્યાત્વભાવ, તો મિથ્યાત્વભાવનો આધાર કોણ? આત્મા ભગવાન. ઉદય આદિ નહિ, કર્મનો ઉદય નહિ. ભગવાનજીભાઈ! સમજાણું કાંઈ? અરે..! સત્યને સત્યપણે જાણ્યા વિના સત્ય પરમેશ્વર ક્યાંથી જાગે? શું બહારથી કોઈ ક્રિયાકાંડ કરવાથી ભગવાન આવી જાય? આત્મા સમજાય?

કહે છે કે '**વસ્તુ વિના પરિણામ પણ...**' પરિણામ પણ એમ. પોતાની '**હયાતી ધરતા નથી, કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...**' શું કહ્યું? એ પરિણામ થયા એને આધાર વસ્તુ ન હોય તો પરિણામ ટકી શકતા જ નથી અથવા .. શકતા નથી અથવા રહી શકતા નથી. સ્વ-આશ્રયભૂત વસ્તુ. ઓહો..! આ તો હજી રાગના પરિણામ. શુભાશુભ પરિણામ મલિન પરિણામ છે. જેમ પુત્ર, પત્ની અને પતિ વિના ઉત્પન્ન થતો નથી. બેથી પુત્ર ઉત્પન્ન થાય છે. એમ વિકાર, કર્મ અને આત્મા બેથી ઉત્પન્ન થાય છે. મૂઢ છો, કોણે કહ્યું તને? એમ છે જ નહિ. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવું કહ્યું. આ તો નિશ્ચયની વાત ચાલે છે. પોતાના પરિણામ પોતાના આધારે થાય, પરનો આધાર એમાં કામ કરતો નથી. પુણ્ય અને પાપના મલિન ભાવ આત્મદ્રવ્યના આશ્રયે થાય છે, પરથી નહિ. સમજાણું કાંઈ? કર્મથી નહિ અને અશુભભાવ હિંસાથી નહિ, શુભભાવ દયાથી નહિ. માંસ ખાવાની જડની ક્રિયા થાય છે તેનાથી અશુભભાવ (નથી થયા) એમ કહે છે. અશુભભાવના પરિણામનો આધાર આત્મદ્રવ્ય છે, એ નિમિત્ત નહિ. ઓહો..હો..! પુસ્તક છે કે નહિ ભાઈ? જુઓ આ લખ્યું છે એમાં એનું સ્પષ્ટીકરણ થાય છે. અભ્યાસ નહિ અને બહારમાં ધમાધમ. ચાલો ભાઈ જાત્રામાં, ચાલો ભાઈ દાન કરો, દયા કરો, વ્રત પાળો અને અપવાસ કરી નાખો, ધર્મ થઈ જાશે. ધૂળમાંય ધર્મ નથી. ધર્મની વસ્તુ તેં સાંભળી નથી.

ધર્મ તો પોતાના આત્મામાં, મારી વર્તમાન પર્યાય પુણ્ય, પાપ અને શુદ્ધતા મારાથી છે અને પરપદાર્થના પરિણામ શુભ, અશુભ, શુદ્ધ એનાથી છે અને આ શરીરના પરિણામ આવા

નિરોગતાના પરિણામ રહેવા, રોગના આ પરિણામ છે એ પરિણામ પરમાણુના આધાર વિના રહેતા નથી. દયાના આધારથી પરિણામ થયા એમ નહિ. હમણાં તો આ બારોટ આવે છે. બારોટ શું કહેવાય એને? રાઠોડ. વૈદ્ય આવે છેને? કાલનું કાંઈક કીધું, સાંજે નહિ ખાતા. એવી વાત છે. પોસ્ટમાસ્તર છે? કોણ છે? પોસ્ટમાસ્તર છે? સમજાય છે આમાં કાંઈ? આમાં કાંઈ સમજાય છે આ કહીએ એમાં? આ લોજીક-ન્યાયથી વાત ચાલે છે.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા દેવાધિદેવ એમણે જે પદાર્થ જોયા એ પદાર્થના પરિણામ નામ વર્તમાન અવસ્થા જોઈ, તો કહે છે કે એ અવસ્થા, એની અવસ્થા એ પદાર્થના આશ્રય વિના કદી અવસ્થા થતી નથી. ઓહો..હો..! સમયસારમાં કહે કે વ્યવહારરત્નત્રયનો આધાર જડ છે. બપોરે જ ચાલે છેને? શેઠી! બપોરે અને સવારે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બીજી વાત ચાલે છે. ઠંડા પહોરમાં સ્વતંત્રતાની વાત ચાલે છે, અશુદ્ધ અને શુદ્ધ ઉપાદાનની અને બપોરે એકલા શુદ્ધ ઉપાદાનની ચાલે છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઠંડા પહોરની વાત, આ ઠંડી શીતળતાની વાત છે. સ્વતંત્રતાના ઢંઢેરા. દરેક પરમાણુ... આ પરમાણુ, જુઓ આ અવસ્થા છેને? આ અવસ્થા છે, પરિણામ છેને? આ પરિણામ છે. મૂળ ચીજ દ્રવ્ય ગુણ તો અદષ્ટ છે. આ દશ્યમાન પરિણામ છે, દશ્યમાન પર્યાય છે, વિભાવિક પર્યાય છે આ. દશ્યમાન પર્યાય છે. અને પર્યાય નામ પરિણામ. અને પરિણામને ધરનાર દ્રવ્ય-ગુણ અદષ્ટ છે, અદષ્ટ છે, પર્યાયથી અવ્યક્ત છે. પર્યાય વ્યક્ત છે, દ્રવ્ય-ગુણ અંદર રજકણ તો અવ્યક્ત છે. તો કહે છે કે આ પર્યાય દ્રવ્યના આધાર વિના હોય એમ ત્રણ કાળમાં બનતું નથી. એ રજકણના આધારે તે પર્યાય થઈ છે. આત્માના આધારથી નહિ અને આત્મા ચિંતા કરે કે હું નિરોગ રહું તો એ ચિંતાના કારણે ત્યાં નિરોગ અવસ્થા રહે, ત્રણ કાળમાં નહિ. એ અવસ્થાનો આધાર તે પરમાણુ છે. આહા..હા..! ..ભાઈ! સમજાય છે આ? કાલેજમાં જાશે તો પાછા ગપેગપ ચાલશે. જુઓ! તમારા બાપ એમ કહ્યું. ન્યાં એમ ચાલશે. ક્યાં ગયા જીતુભાઈ? સમજાય છે આમાં કાંઈ? શું કીધું?

કોઈપણ પદાર્થ અનંત ભગવાને આત્મા જોયા, ભગવાને અનંત પરમાણુ જોયા, પરમાણુ જડ. અસંખ્ય કાળાણુ છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ છે. છ દ્રવ્ય ભગવાને જોયા. જાતિએ છ, સંખ્યાએ અનંત. તો અનંત પદાર્થમાં કોઈપણ પદાર્થના પરિણામ, પર્યાય, હાલત એના દ્રવ્ય વિના જોવામાં આવતા નથી. એ પરિણામનો આશ્રય દ્રવ્ય છે, પદાર્થ છે. એ પરિણામનો આશ્રય પરદ્રવ્ય નથી. ઓહો..હો..! હવે આટલું ઉપાદાન-નિમિત્તનું સ્વતંત્રતાપણું ક્યાં હશે બીજે વીતરાગ સિવાય? કહો. બનારસીદાસે કહ્યું, 'ઉપાદાન બલ જહાં તહાં, નહીં નિમિત્તકો દાવ'. એ બનારસીદાસ ભાવુકતામાં ચાલ્યા ગયા. ભાવુકતામાં ચાલ્યા

ગયા. અને ભૈયા ભગવતીદાસે નિમિત્ત-ઉપાદાનના (રચ્યા) એ પણ ભાવુકતામાં ચાલ્યા ગયા. પોતાની દૃષ્ટિમાં ઊંધાઈને કારણે (વાત) ન બેઠી એટલે કહે છે કે ભાવુકતામાં ચાલ્યા ગયા. અરે..! બનારસીદાસ તો મહા અધ્યાત્મના ખાં હતા, ખાં. સમજાય છે કાંઈ? એ સમયસાર નાટક છેને, એમણે બનાવ્યું છે સમયસાર નાટક. કુંદકુંદાચાર્યના શ્લોક હતા એની ટીકા છે, એની ટીકા અને કળશ છે, કળશની ટીકા બાલાવબોધ રાજમલજી પંડિત થઈ ગયા એમણે બનાવી. એમણે સમયસાર (કળશટીકા) બનાવી, એમાંથી સમયસાર નાટક બનાવ્યું. પહેલા શ્રૃંગારી હતા, પછી એકદમ ગુલાંટ ખાઈ ગયા. વીતરાગ જૈન... શ્વેતાંબર હતા. બનારસીદાસ. ઉપાદાન-નિમિત્તનું શ્વેતાંબરમાં ... ? એ તો ભૈયા ભગવતીદાસ પણ શ્વેતાંબર હતા પહેલા. પછી ઉપાદાન-નિમિત્તના (દોહા) બનાવ્યા. ઉપાદાન પોતાથી પર્યાય થાય છે. બનારસીદાસ પણ શ્વેતાંબર હતા. સમજાણું કાંઈ? કેમકે જ્યાં પડ્યા ઈ શોધ કરતા નથી અને પેલા શોધ કરીને આવ્યા છે. શું કહે છે?

વસ્તુ નામ પદાર્થ પરમાણુ અને આત્મા એના વિના પરિણામ પણ, પરિણામ નામ એની વર્તમાન હાલત, દશા અસ્તિત્વ નામ હયાતી ધરતા નથી. કેમ? કારણ આપે છે. **'સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...'** સ્વ-આશ્રયભૂત. આત્માના પુણ્ય, પાપ અને ધર્મના પરિણામ એનો આશ્રયભૂત આત્મા, એના વિના-એના અભાવમાં નિરાશ્રય પરિણામને આધાર વિના પરિણામ શૂન્યતાનો પ્રસંગ આવે છે. મીંડું વળે છે, શૂન્યતા આવે છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! નિગોદના જીવ, નિગોદના જીવ. નિગોદ સમજો છો? બટાટા, લીલ, ફૂગ-કાઈ કાઈ થાય છેને? એમાં એક શરીર છે, એટલામાં અસંખ્ય શરીર છે એક રાઈ જેટલી કટકીમાં. એમાં અનંત જીવ છે. એક આત્મા પોતાના પરિણામ તે સમયમાં છે તે પરિણામનો આધાર તે આત્મા છે. કર્મ આધાર બિલકુલ નથી. કોઈ કહે કે.. એ તો આપણે આવી ગયુંને? નિગોદના પરિણામમાં તો કોઈને શુભભાવ થાય છે. જે અનાદિથી નથી નીકળ્યા એ મનુષ્ય થાય છે નિગોદમાંથી. તો કહે છે કે એ પરિણામનું કારણ કોણ? કોણ કારણ? દ્રવ્ય કારણ. એના આત્મદ્રવ્યના કારણે શુભભાવ થયા અને શુભભાવથી પુણ્ય બંધાઈને મનુષ્યમાં આવ્યો. પોતાના કારણે શુભભાવ છે, કર્મને કારણે નથી, કોઈ કાળના કારણે નથી. સમજાણું કાંઈ?

**'કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં (અર્થાત્ પોતાને આશ્રયરૂપ...'** પોતાને આશ્રયરૂપ એટલે આ પરિણામ એના આશ્રયરૂપ, આધારરૂપ **'(જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને...'** આધાર વિના પરિણામ-પર્યાયને **'શૂન્યપણાનો...'** પર્યાયના **'શૂન્યપણાનો પ્રસંગ આવે છે.'** પર્યાયની શૂન્યતાનો પ્રસંગ આવે છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ કહ્યું કે ગોરસ આદિના (પરિણામ સાથે) વિરોધ આવે છે. પરિણામ વિના ગોરસ દેખાતું નથી. પરિણામ વિના ગોરસ દેખાતું નથી. એમ ગોરસ વિના પરિણામ દેખાતું નથી. એમ લઈ લેવું. સમજાણું કાંઈ? થઈ ગયુંને? એક પેરેગ્રાફ પૂરો થયો. છેને હજી એક

પેરેગ્રાફ બાકી છે. આ બે પૂરા થયાને. હવે દ્રવ્ય, ગુણ, પર્યાય લેશે. ઉત્પાદવ્યયધ્રુવ લેશે. વસ્તુ સિદ્ધ કરવી છેને આખી. આ તો આટલી સામાન્ય વાત કરી.

પરિણામ વસ્તુ વિના ન હોય અને વસ્તુ પરિણામ વિના ન હોય. વસ્તુ પરિણામ વિના ન હોય, પછી પરિણામ વસ્તુના આધાર વિના ન હોય. ત્રણે કાળના પદાર્થ. અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ. ઊર્ધ્વમાં હો, સિદ્ધ હો. સિદ્ધમાં પણ એમ હશે? ભઈ, ઉપર સિદ્ધ રહે છે. ધર્માસ્તિકાયનો અભાવ છે માટે ઉપર નથી જઈ શકતા. લ્યો. અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ છે તો સિદ્ધ ભગવાન આગળ નથી જઈ શકતા. અહીં ના પાડે છે કે એ વાત ખોટી છે. એ પોતાના પરિણામ પોતાના દ્રવ્યના આશ્રયે થયા છે ત્યાં ટકવાના. અધર્માસ્તિનો અભાવ છે માટે ત્યાં ટકવાના પરિણામ થયા છે એમ નથી. લ્યો, વળી એ ત્યાં ગયું, સિદ્ધમાં ગયું. પહેલું નિગોદમાં ગયું, ન્યાંથી વળી સિદ્ધમાં ગયું. વચમાં બધી વાત પહેલી થઈ ગઈ. શું કહ્યું?

સિદ્ધ ભગવાન છેને સિદ્ધ ભગવાન, લોકાગ્રે બિરાજે છેને? આગળ ધર્માસ્તિકાય નથી તો આગળ નથી જઈ શકતા. તો એ વાત સાચી છે? નહિ. એ સિદ્ધ ભગવાનના પરિણામ પણ ત્યાં ટકવાના પરિણામ એના દ્રવ્યના આધારે છે. ધર્માસ્તિકાયનો અભાવ છે માટે આગળ નથી જઈ શકતા એ તો વ્યવહારના કથન 'ધર્માસ્તિકાય નથી' એમ બતાવવાના છે. છે તો પોતાના પરિણામથી ત્યાં સિદ્ધ ભગવાન ટકી રહ્યા છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? ... એટલા બધા ઉઠાવે, આના વિના આ થાય ને આ વિના આ થાય. શું છે? શેઠ! શું છે? ... આવ્યું. હવે આવી ...

**'વળી વસ્તુ તો...'** વસ્તુ નામ આત્મા અને પરમાણુ, એક એક પરમાણુ આ રજકણ પોંઈટ. **'ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં,...'** ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં. નીચે નોટ છે. **'કાળની અપેક્ષાએ...'** એ વસ્તુ છેને, પરમાણુ અને આત્મા. **'કાળની અપેક્ષાએ ટકવું...'** કાળની અપેક્ષાએ કાયમ રહેવું. આત્મા અને પરમાણુ કાળની અપેક્ષાએ કાયમ રહેવાથી. **'અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહને...'** ઊર્ધ્વતા. કાળ અપેક્ષિત પ્રવાહ ઊર્ધ્વ ઊર્ધ્વ કાયમ રહે દરેક પદાર્થ. **'અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે.'** ઊર્ધ્વતા અથવા ઊંચાઈ કહેવામાં આવે છે. ઊંચાઈ એટલે આ ઊંચો સાડા ત્રણ હાથનો, ચાર હાથનો એમ નહિ. પદાર્થ કાળની અપેક્ષાએ કાયમ લંબાઈમાં રહે છે, કાળ અપેક્ષાએ. એને કાળની અપેક્ષાએ ટકવું. કાળની અપેક્ષાએ પ્રત્યેક પદાર્થ એમને એમ રહે, પરમાણુ અને આત્મા. **'કાળ-અપેક્ષિત પ્રવાહને...'** એક પછી એક, એક પછી એક કાયમપણું એમને એમ સદાય રહે ઊર્ધ્વ. **'ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે. ઊર્ધ્વતાસામાન્ય અર્થાત્ અનાદિ-અનંત ઊંચો...'** લ્યો, અનાદિ-અનંત ઊંચો કાળ અપેક્ષિત. **'ઊંચો (કાળ-અપેક્ષિત) પ્રવાહસામાન્ય તે દ્રવ્ય.'** છે. આમ કાળ અપેક્ષાએ એમને એમ ટકવું ઈ અપેક્ષાથી દ્રવ્યને ઊર્ધ્વતાસામાન્ય કહેવામાં

આવે છે. ભાષા એના ચોપડામાં ન આવે, સાંભળવામાં ન આવે.

મુમુક્ષુ :— નિશાળમાં ન આવે.

ઉત્તર :— નિશાળમાં ન આવે. ધર્મને અપાસરે જાય તો ન આવે. ઊર્ધ્વતાસામાન્ય શું હશે? શું કહ્યું?

કોઈપણ આત્મા અને પરમાણુ વસ્તુ છે વસ્તુ, ઊર્ધ્વતાસામાન્ય. કાળ અપેક્ષાએ ઊર્ધ્વ એમ ને એમ, એમ ને એમ સ્થિર રહેવાવાળું. દરેક વસ્તુ કાળ અપેક્ષાએ એમ ને એમ ટકી રહી છે. ટકવાવાળાને ઊર્ધ્વસામાન્યસ્વરૂપ દ્રવ્ય કહેવામાં આવે છે. એ વસ્તુ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં રહે છે એમ કહેવું છે. ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં વસ્તુ રહે છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? દરેક આત્મા અને પરમાણુ પોતાના ઊર્ધ્વતા નામ કાળપ્રવાહના સામાન્યરૂપ ટકવું એમાં એ પદાર્થ રહે છે, એમાં પદાર્થ રહે છે. સમજાણું કાંઈ? ઊર્ધ્વતાનું સમજાણું કે નહિ? કાળ અપેક્ષાએ સ્થિર, કાળ અપેક્ષાએ પ્રવાહની ઊર્ધ્વતા. પ્રવાહની ઊર્ધ્વતા નામ કાળ અપેક્ષાએ ઊંચું ઊંચું એમ. ક્ષેત્ર અપેક્ષાએ ઊંચું એમ નહિ, કાળ અપેક્ષાએ ઊંચું. ... કહેવામાં આવે છે. ઊર્ધ્વતાસામાન્ય અર્થાત્ અનાદિ-અનંત ઊર્ધ્વ પ્રવાહ, અનાદિ-અનંત એમને એમ પ્રવાહ સામાન્ય એને દ્રવ્ય કહે છે. એમાં વસ્તુ રહે છે. પોતાના ઊંચા અનાદિ-અનંત પ્રવાહમાં વસ્તુ રહે છે. વસ્તુ પરના કોઈ કારણમાં રહેતી નથી. સમજાણું કે નહિ? ચંદુભાઈ! પહેલું તો કહ્યું પંડિતજીએ નીચે અર્થ કરીને.

'**વસ્તુ તો...**' એક બોલ. ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં રહે છે. રહેલી છે એમ કહે છે. પર્યાયમાં રહેલી છે એમ કહે છેને છેલ્લે. વસ્તુ ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં રહેલી છે અને '**સહભાવી વિશેષસ્વરૂપ (સાથે સાથે રહેનારા વિશેષો-ભેદો જેમનું સ્વરૂપ છે એવા) ગુણોમાં...**' એ વસ્તુ પોતાના ગુણોમાં રહેલી છે. વસ્તુ પોતાના ઊર્ધ્વતાસામાન્યમાં રહેલી છે આમ ઊંચપણું અને પોતાના ગુણમાં, તીરછામાં ગુણમાં રહેલી છે. '**અને ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયોમાં રહેલી...**' છે. ક્રમે ક્રમે થનારી પર્યાય નામ અવસ્થા. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ. ક્રમે ક્રમે અવસ્થાવિશેષરૂપ. દેખો! પહેલામાં હતું સહભાવી વિશેષરૂપ, આ ક્રમભાવી વિશેષસ્વરૂપ. ગુણોને સહભાવી વિશેષ કહ્યા અને પ્રત્યેક દ્રવ્યની પર્યાયને, પરિણામને ક્રમભાવી વિશેષસ્વરૂપ કહી. એ ત્રણેમાં રહેલી છે. શું ત્રણ આવ્યા?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉત્પાદ, વ્યય, ધ્રુવ એમ નથી. ક્યા ત્રણ આવ્યા? એઈ..! જ્યોતિ! થઈ ગયા પંડિત ... ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્ય અને સહભાવી વિશેષસ્વરૂપ ગુણ, ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયમાં વસ્તુ રહે છે. ભઈ, ઠપકો પણ સાંભળવો પડે. ... સમજાણું આમાં કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે વસ્તુ જે આત્મા અને પરમાણુ જે જોયા છે એ ચીજ કેવી છે? કે પ્રત્યેક આત્મા અને પરમાણુ પોતાના ઊર્ધ્વતાસામાન્ય, આમ ઊંચપણે કાયમ

રહેવાવાળી ચીજ એમાં તે દ્રવ્ય રહે છે. એ વસ્તુ તે દ્રવ્યમાં રહે છે. પોતાના સહભાવી ગુણ, એમાં સાથે સાથે રહેનારા ગુણો એમાં વસ્તુ રહે છે અને ક્રમભાવી વિશેષસ્વરૂપ ક્રમે ક્રમે અવસ્થા-પર્યાય-હાલત થાય છે, અવસ્થા ક્રમભાવી વિશેષમાં વસ્તુ રહેલી છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વસ્તુ રહેલી છે એમ પહેલા સિદ્ધ કર્યું છે.

પહેલા એમ કહ્યું હતું કે પરિણામ વિના વસ્તુ નહિ, વસ્તુ વિના પરિણામ નહિ. હવે ઊર્ધ્વતાસામાન્યમાં દ્રવ્ય વસ્તુ રહેલી છે અને સહભાવી, સહવિશેષ ગુણોમાં વસ્તુ રહેલી છે, સહભાવી. ક્રમભાવી પર્યાયમાં વસ્તુ રહેલી છે. એમાં રહી છે. પરમાં, નિમિત્તમાં અને પરમાં નથી રહી. આકાશમાં નથી રહી. આકાશમાં નથી રહેલી એમ કહે છે. હવે ત્રણ બોલ બીજા લેશે. આ તો ત્રણ એક લીધા. દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વસ્તુ રહેલી છે. બે બોલ કીધા પહેલાં, પરિણામ વિના વસ્તુ નહિ (અને વસ્તુ વિના પરિણામ નહિ). હવે ઉત્પાદ, વ્યય, ધ્રુવ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૩, સોમવાર, તા. ૧૧.૨.૧૯૬૩**
**ગાથા-૧૦, ૧૧, પ્રવચન-૫૨**

આ પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર ચાલે છે. જ્ઞાન, જેવું વસ્તુનું સ્વરૂપ છે એને જ્ઞાન જાણે એનું નામ સાચું જ્ઞાન કહેવાય. કહે છે કે દરેક પદાર્થ ક્ષણે ક્ષણે, આત્મા કે પરમાણુ ક્ષણે ક્ષણે એના પરિણામ વિનાની એ ચીજ ન હોય અને ચીજ પરિણામ વિના ન હોય અને પરિણામ વસ્તુ વિના ન હોય. મહાસિદ્ધાંત છે આ તો. અનંતા પદાર્થો, જેટલા અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એનું અહીં વસ્તુનું સ્વરૂપ વર્ણવતા (કહે છે કે) દરેક પદાર્થમાં વર્તમાન પરિણામ વસ્તુ વિના ન હોય કે વસ્તુ નથી અને પરિણામ છે. અને વસ્તુ ન હોય અને પરિણામ ન હોય. વસ્તુ ન હોય તો પરિણામ ન હોય. વસ્તુને આશ્રયે પરિણામ થાય છે, પરને આશ્રયે થતા નથી. એવી દરેક પદાર્થની સ્થિતિ છે એમ જ્ઞાને બરાબર એને જાણવું જોઈએ. સમજાણું?

આત્મા અને પરમાણુ એની આ જ પ્રમાણે સ્થિતિ છે. હવે બીજા બે પ્રકાર લીધા છે. પાઠમાં છેને ઈ? '**दव्वगुणपज्जयत्थो**' એવો શબ્દ પડ્યો છે. એની વ્યાખ્યા થઈ. વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સ્થ-રહેલી છે. પહેલા બે બોલ આમ કહ્યા. પછી હવે કહે છે કે વસ્તુ આત્મા અને પરમાણુ આદિ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સ્થ-ટકેલી, રહેલી છે. આત્મા હો કે પરમાણુ

એ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં રહેલી છે, પરમાં રહેલી નથી. પર કંઈ આને લઈને રહેલું નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બધી વ્યવહારની વાતું છે. એ બધું નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. પાઠ લીધો છેને? '**दव्वगुणपज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो**'. એના ત્રણ અર્થ કર્યા. '**णत्थि विणा परिणामं अत्थो**' પરિણામ વિના વસ્તુ હયાતી ધરાવતી નથી અને વસ્તુ વિના પરિણામ થતા નથી. ઈ પહેલા બે પદની વ્યાખ્યા કરી. ત્રીજું, '**दव्वगुणपज्जयत्थो**' એની વ્યાખ્યા થઈ ગઈ છે કાલે. એટલે?

દરેક આત્મા અને દરેક પરમાણુ ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં વસ્તુ રહેલી છે. આત્મા ઊર્ધ્વતા નામ ઊંચો કાળે એના પ્રવાહરૂપ સામાન્ય અનાદિ-અનંત એમાં એ વસ્તુ રહેલી છે. આત્મા હો કે કર્મનો એક રજકણ હો કે એક છૂટો પરમાણુ હો, એ ઊંચાઈ એટલે કાળના પ્રવાહના ઊંચાઈની અપેક્ષાએ એકરૂપ પ્રવાહ અનાદિ-અનંત એવું દ્રવ્યમાં એમાં વસ્તુ રહેલી છે એટલે કે વસ્તુ એવી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બિલકુલ નહિ. કર્મ-ફર્મની અહીં વાતેય ક્યાં છે? કર્મ એકરૂપે એક એક રજકણ પોતાના ઊર્ધ્વતાસામાન્ય, કાળની અપેક્ષાએ ઊંચાઈ અનાદિ-અનંત અને પ્રવાહરૂપ સામાન્ય એમાં રહેલી છે. પરમાણુ એમાં રહેલો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ, નહિ. એ પર્યાયની વાત અહીંયા નથી. પર્યાયની વાત પછી આવશે. અહીં તો ઊર્ધ્વતા (એટલે) કાળ અપેક્ષાએ ઊંચો એમ ને એમ, એમ ને એમ પ્રવાહરૂપે અનાદિ-અનંત રહે તેને ઊર્ધ્વાતસામાન્ય એમાં વસ્તુ રહેલી છે એમ કહેવામાં આવે છે. ભારે ઝીણું ભાઈ! કહો, સમજાણું કાંઈ?

અને આ આત્મા અને રજકણ એક એક, એ પોતાના સહભાવી ગુણવિશેષ, સહભાવી વિશેષગુણો. આત્માના જ્ઞાન, દર્શન, આનંદ એકસાથે રહેલા એવા સહભાવી, સામાન્ય તો પ્રવાહ કીધા એમાં વિશેષરૂપ ગુણ, એમાં રહેલી વસ્તુ છે. એટલે વસ્તુ એવી છે. એમ એક પરમાણુ, એક રજકણ પોંઈટ ટૂકડો આનો છેલ્લો, એ પણ સહભાવી એકસાથે પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ગુણો એકસાથે રહેલા છે એવા તેને વિશેષગુણો કહેવામાં આવે છે. એ વિશેષગુણરૂપ વસ્તુ છે અથવા વિશેષગુણમાં રહેલી છે. અને ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયો. દરેક આત્મા અને દરેક પરમાણુ ક્રમે ક્રમે થતી જે અવસ્થા-હાલત ક્રમભાવી એ વિશેષ. ગુણ સહભાવી વિશેષ, વિશેષ એટલે ભેદરૂપ. વિશેષ એટલે ભેદસ્વરૂપ. એમ ક્રમભાવી વિશેષ એટલે ભેદસ્વરૂપ. દરેક આત્મામાં અને દરેક પરમાણુમાં વિશેષસ્વરૂપ ભેદરૂપ

ગુણ એમાં એ વસ્તુ રહેલી છે અને ક્રમભાવી વિશેષ એવી પર્યાય એમાં એ વસ્તુ રહેલી છે. બહુ ભાઈ.. સમજાય છે કાંઈ? એ ત્રણ બોલ તો કાલે આવ્યા હતા.

હવે ચોથું પદ કહે છે. '**अत्थित्तणिव्वत्तो**' એમ છેને? '**अस्तित्वनिर्वृत्तः**' એ ચોથું પદ છે. એની વ્યાખ્યા ચાલે છે. ઓહો..હો..! પ્રવચનસાર, સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિનો સાર (છે). આવી ચીજ તેને તેમ જાણે તો એ જ્ઞાન સાચું કહેવાય. એમાં ગડબડ કરે કે મારા પરિણામ પરને લઈને થયા, તો એ જ્ઞાન જૂઠું છે. એ વસ્તુ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં રહેલી છે. એને ઠેકાણે પરમાં રહેલી છે (એમ માને તો) એ જ્ઞાન ખોટું કહેવાય. જ્ઞાન નિમિત્ત તરીકે જાણે એ જુદી વાત છે. પરમાર્થે કોઈ વસ્તુ કોઈમાં રહી નથી અને કોઈના પરિણામ કોઈને લઈને થતા નથી અને એ પરિણામનો આધાર તેનો પદાર્થ છે. એ પરિણામનો આશ્રય કોઈ બીજો પદાર્થ નથી. સમજાણું કાંઈ?

હવે '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી અસ્તિત્વથી બનેલી છે;...**' એટલે? દરેક આત્મા અને પરમાણુ-પોંઈટ વસ્તુ, ઉત્પાદ નામ નવી અવસ્થાથી ઊપજવું, વ્યય નામ જૂની અવસ્થાથી પલટવું અને ધ્રુવ નામ સદશપણે ટકવું. એ મય, ત્રણ મય કીધી. એવા ત્રણમય હયાતી-અસ્તિત્વ નામના ગુણવાળી છે. ગુણવાળી છે એટલે એનાથી બનેલી છે. બનેલી એટલે એ વાળી છે. ભારે ભઈ ધર્મને સમજવા માટે આ? ભાઈ! તારી ચીજ બીજી (અને) બીજી ચીજ બીજી. તારે અને એને કાંઈ સંબંધ નથી. એવું વસ્તુનું સ્વયંસિદ્ધ જ્ઞાન સ્વતંત્ર પોતાનું પોતામાં અને પરનું પરમાં ન થાય ત્યાં સુધી સ્વતંત્ર સ્વભાવ તરફ વળીને આનંદની દશા પ્રગટ કરવી એવો અવકાશ એને પરાધીનમાં રહેતો નથી. સમજાણું કાંઈ? શું કરીએ, અમને કર્મ નડે છે. અહીં કહે છે કે પણ તારી પર્યાયમાં તું, એની પર્યાયમાં ઈ. નડે ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બધા વ્યવહારના કથન. નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). એ તો ભક્તિમાં નથી આવતું? કર્મનું જોર, મહારાજ! હવે તમારી પાસે વિનંતી કરીએ છીએ કે ફેરવી નાખો, આમ કરો. હવે છોડાવો આમાંથી. કહે છે, ભાઈ! તારો આત્મા તારા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે. તારા પરિણામ એનાથી નહિ અને પરિણામનો આશ્રય આત્મા એના પરિણામના આશ્રય માટે બીજાના આશ્રયની જરૂર નથી. અને એ પરિણામ જે ક્રમભાવી પર્યાય એમાં એ વસ્તુ રહેલી છે. એ વસ્તુ જ એમાં રહેલી છે એટલે એ રીતે જ વસ્તુ બનેલી છે. એ રીતે જ વસ્તુની રચનારૂપ સ્વરૂપ છે. એ રીતે પોતાનો ઊર્ધ્વતાસામાન્ય પ્રવાહ, સહભાવી ગુણ, ક્રમભાવી પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એથી બનેલી, રહેલી એ જ વસ્તુ છે. ધર્મચંદજી! સમજાણું કાંઈ? આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે. નિશાળમાંથી શીખવતા હશે એ કુજ્ઞાન. મારે ગપ્પા. જુઓ આમ છે ને ફલાણું આમ છે ને ઢીકણું આમ છે ને પેલું આમ છે. આ તો વિજ્ઞાન, કેવું છે એનું સ્વરૂપ એનું વિજ્ઞાન છે. સમજાણું કાંઈ?

ઉત્પાદ.. દરેક આત્મા અને પ્રત્યેક પરમાણુ એક સમયની અંદર નવી અવસ્થાપણે ઊપજે એ રીતે બનેલી છે. ઊપજે એ રીતે બનેલી છે. એને બનવામાં બીજાને ઊપજાવે કે બીજાથી ઊપજે એ રીતે વસ્તુ રહેલી, બનેલી, ટકેલી નથી. બહુ કઠણ જગતને. આમાં તો નિમિત્તથી કાંઈ થાય નહિ. નિમિત્ત છે તો આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એમ નથી એમ કહે છે. નિમિત્તોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નિમિત્તને લઈને અને પોતાના પોતાને લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવ. એના ઉત્પાદને લઈને અહીં ઉત્પાદ એમ વસ્તુના સ્વરૂપમાં નથી. એ ચીજ છે બીજી એ જાણવા માટે બરાબર છે. સમજાણું કાંઈ? ધીરૂભાઈ! નિમિત્ત નિમિત્તમાં છે. દરેક વસ્તુ પોતપોતાની પર્યાયમાં છે, એમ નિમિત્ત એની પર્યાયમાં, એના ગુણમાં, એના દ્રવ્યમાં રહેલી છે. નિમિત્ત પણ એના ઊર્ધ્વતાસામાન્ય કાળપ્રવાહ એના વિશેષ સહભાવી ગુણો એને એની ક્રમભાવી પર્યાય એમાં એ રહેલી છે. એના ઉત્પાદ, વ્યય અને ધ્રુવમાં એ રહેલી છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવથી એ બનેલી છે. એ આને માટે બને છે અને એને લઈને અહીં બને છે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. એમ જ્ઞાન ન જાણે તો એ જ્ઞાન સાચું કહેવાય નહિ. કહો, સમજાણું કાંઈ?

'**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય...**' મય કીધી છે પાછી જુઓ! ત્રણ ભંગ નહિ. આત્મા સમય સમયની અવસ્થા ઉત્પન્ન કરે, પૂર્વની અવસ્થાનો વ્યય થાય અને ધ્રુવ રહે. એવા ત્રણમય અસ્તિત્વ-હયાતી-હોવાપણું-સત્તાથી '**બનેલી છે;...**' આવા હોવાપણાથી રહેલી છે. દરેક પરમાણુ અને આત્મા આ રીતે રહ્યો (છે). હવે આમાં સિદ્ધ ને નિગોદ, એક પરમાણુ અને અનંતા પરમાણુનો સ્કંધ કોઈ કોઈને લઈને છે અને રહ્યો એમ આવે છે આમાં? એક પરમાણુ છે એ કર્મરૂપે થાય છે એ આત્માના રાગ વિના કર્મરૂપે થાય? એ કર્મનો એક પરમાણુ પોતાના ઊર્ધ્વતાસામાન્ય સહભાવી ગુણ, ક્રમભાવી પર્યાયમાં રહેલી વસ્તુ છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવના સત્‌થી અસ્તિત્વથી રહેલી, ટકેલી, બનેલી છે. આત્મામાં રાગ-દ્વેષ થતા આઠ પ્રકારના પરમાણુમાં કર્મની પર્યાયની ઉત્પત્તિ થઈ (એમ) વસ્તુમાં નથી. બીજા બધા એમ કહે છે કે રાગ દ્વેષ કરીએ તો કર્મ બંધાય, રાગ દ્વેષ ન કરીએ તો કર્મ ન બંધાય. જુઓ! એટલી પરાધીનતા વસ્તુમાં છે કે નહિ? બંધાય એ એને કારણે, આને આને કારણે. એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે વાત છે. પણ કોઈને લઈને કોઈનું અસ્તિત્વ છે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

'**માટે વસ્તુ પરિણામસ્વભાવવાળી જ છે.**' એમ સિદ્ધ કર્યું. સમજાણું? નવમી ગાથામાં કહ્યું હતુંને? ઈ. છેલ્લો શબ્દ (હતો), '**परिणामसब्भावो**'. નવમી ગાથામાં હતો છેલ્લો શબ્દ. '**માટે વસ્તુ પરિણામસ્વભાવવાળી જ છે.**' નવની સાથે સંધિ કરી, છેલ્લા શબ્દની સાથે. ઈ પરિણામસ્વભાવવાળીને અહીં સિદ્ધ કરી. પોતે વસ્તુ અને એના ઉત્પાદ-વ્યયનો ભાવ થાય. માટે દરેક આત્મા અને દરેક રજકણ-પોંઈટ-પરમાણુ પરિણામસ્વભાવવાળી જ છે. પલટવું, એનો પર્યાયધર્મ થયો ઈ એનો સ્વભાવ જ છે. નવમી ગાથામાં છેલ્લો શબ્દ હતો.

ભાવાર્થ. એ જે શાસ્ત્રભાષાથી ટીકા કરી હતી ઈ હવે ચાલતી ભાષાથી વાત છે. ઝીણું તો છે. એણે કોઈ દિ' વસ્તુની સ્વયંસિદ્ધતા સ્વતંત્રતા સ્વીકારી નથી. એનું નામ અનેકાંત કે વસ્તુ વસ્તુપણે છે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં, કાળના ઓછા વિશેષ ગુણો અને એક એક પર્યાયમાં છે, પરપણે નથી. એનું નામ અનેકાંત છે, એનું નામ અનેકાંત છે. પણ આ તો કહે, પરથી પણ છે કથંચિત્ અને કથંચિત્ સ્વથી છે એનું નામ અનેકાંત. એમ અનેકાંત છે નહિ. અસ્તિ નાસ્તિ કીધું છે અનેકાંતનું સ્વરૂપ છે જુઓ! સમજાણું કાંઈ? ભઈ કેટલાક કહે છે કે આ બધા ભોળા માણસ ભેગા થાય અને બધા હા પાડે છે એમ કહે છે. ચંદુભાઈ! હા એ હા પાડે છે. હા.. હા. અરે..! ભગવાન! નિમિત્ત છે એની કોણે ના પાડી? પણ ઈ છે માટે આ છે એમ નથી. ઈ છે માટે આ છે, તો એ નિમિત્ત રહેતું નથી. સમજાણું? બીજી ચીજ ઉત્પાદરૂપે પરિણતિ છે માટે અહીં આત્મામાં ઉત્પાદરૂપ પરિણતિ છે, તો બે સત્ ભિન્ન રહેતા નથી. સમજાય છે કાંઈ?

વજ્રનારાચ સંહનન વિના કેવળજ્ઞાન લાવી દ્યો એમ કહે છે. મનુષ્યપણા વિના કેવળજ્ઞાન લાવી દ્યો. એટલે કે જાણે વજ્રવૃષભનારાચ સંહનન, વજ્રનારાચ સંહનનને લઈને કેવળજ્ઞાનના પર્યાયનું અસ્તિપણું હોય, મહા જૂઠું છે. કેવળજ્ઞાનનો પર્યાય એ દ્રવ્યે પોતે ઉત્પન્ન કરીને બનેલી ચીજ એમાં રહેલી છે. સંહનનનું ભલે નિમિત્ત હો, પણ નિમિત્ત એમ કહેતું નથી કે આ તારો પર્યાય મારે લઈને થયો છે. તો તો બે સત્નું એકપણું ખીચડો થઈ જાય. સમજાણું કાંઈ? કર્મનું નિમિત્ત એમ કહેતું નથી કે હું છું તો તને વિકાર થાય છે. એમ ભગવાનનું જ્ઞાન એમ કહે છે કે એમ છે નહિ. કર્મ છે તો વિકાર છે એમ ભગવાનનું જ્ઞાન કહેતું નથી. ત્યારે? કે વિકારનો ઉત્પાદ પર્યાય તારામાં, કર્મનો ઉત્પાદ પર્યાય કર્મમાં. બે વસ્તુ ભલે હો, પણ સૌમાં સૌ, કોઈમાં કોઈનો ભાગ-બાગ છે નહિ. પચાસ ટકા-દોકડા નિમિત્તના અને પચાસ ઉપાદાનના એમ હશે કે નહિ? ... જુઓ, શું કહે છે?

'**ભાવાર્થ :— જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે...**' જ્યાં જ્યાં આત્મા અને પરમાણુઓ જોવામાં આવે છે '**ત્યાં ત્યાં પરિણામ જોવામાં આવે છે;...**' ત્યાં ત્યાં એની અવસ્થા જોવામાં આવે છે, પરિણામ-દશા જોવામાં આવે છે. ઓલા એક રજકણના પરિણામ જોવામાં આવે છે એમ તમે ક્યાંથી કાઢ્યું? આત્મા અરૂપી એના પરિણામ જોવામાં આવે છે એમ ક્યાંથી કાઢ્યું? '**જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે...**' આત્મા અને પરમાણુ ત્યાં ત્યાં પરિણામ તેના જોવામાં આવે છે. '**જેમ કે—ગોરસ...**' ગોરસ એટલે સાધારણ ગાયનો રસ હોં! દૂધ એમ નહિ. ગાયનો રસ. '**તેના દૂધ, દહીં, ઘી, છાશ વગેરે પરિણામ સહિત જ જોવામાં આવે છે.**' ગોરસ તેના દૂધ, દહીં, ઘી, છાશ વગેરે પરિણામ સહિત જ જોવામાં આવે છે. ગોરસ હોય અને પરિણામ ન હોય એમ બનતું નથી.

'**જ્યાં પરિણામ નથી ત્યાં વસ્તુ પણ નથી;...**' જ્યાં પરિણામ નથી ત્યાં પદાર્થ પણ હોતો નથી. '**જેમ કે—કાળાશ, સુંવાળપ વગેરે પરિણામ નથી...**' કાળી અને સુંવાળી વગેરે પર્યાય નથી '**તો ગધેડાનાં શિંગડાંરૂપ વસ્તુ પણ નથી.**' એ વસ્તુ હોય તો એની કાળી, સુંવાળી કોઈ પર્યાય હોવી જોઈએ. પર્યાય હોય તો પર્યાયવાન હોય. પર્યાય નથી માટે પર્યાયવાન નથી, શીંગડાં પણ નથી. '**માટે સિદ્ધ થયું કે વસ્તુ પરિણામ વિના હોતી જ નથી.**' માટે સાબિત થયું, કોઈપણ પદાર્થ આત્મા કે પરમાણુ એની વર્તમાન દશા વિના એ ચીજ હોતી નથી.

'**જેમ વસ્તુ પરિણામ વિના હોતી નથી તેમ પરિણામ પણ વસ્તુ વિના હોતા નથી;...**' આ બીજો બોલ. '**કારણ કે વસ્તુરૂપ આશ્રય વિના...**' એ પરમાણુ અને આત્મા દ્રવ્યનો આશ્રય ન હોય અને પરિણામ થાય, કોને આધારે થાય? વસ્તુરૂપ આશ્રય વિના પરિણામ કોને આધારે, કોને આશ્રયે થાય? વ્યવહાર આધાર અને વ્યવહાર આશ્રય એ બધા અસદ્ભુતનયના કથન, નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ઘી કટોરીમાં અને કટોરી શેમાં? હાથમાં અને હાથ રહ્યો શરીરમાં, શરીર રહ્યું આકાશમાં. ત્યારે પહેલેથી કહેને, કે ઘી રહ્યું ઘીમાં, કટોરીમાં નહિ. આહા..હા..! કેમકે ઘીનો પર્યાય એના દ્રવ્યને આશ્રયે, આધારે રહેલો અને થયેલો છે, રહેલો અને થયેલો છે. એ કાંઈ વાટકાના આધારે રહેલો અને થયેલો છે એમ નથી. બહુ ભાઈ જગતની ... ઊંધું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ લેવા જાય? શેઠી! એણે જાણવું એમ વર્તવું. કેમ થાય છે સામામાં એમ જાણવું, એમ વર્તવું. ઘીનો પર્યાય ઘીને આધારે, દ્રવ્યને આધારે થયેલો છે, એમ રહેલો છે એમ એણે જાણવું. વાટકાને આધારે ઘી રહ્યું છે એમ એણે જાણવું નહિ. સમજાય છે કાંઈ? આવી ... ક્યાંથી? કોઈ કહે કે જૈનધર્મનો માર્ગ આવો હશે? વીતરાગ... અમે તો અત્યાર સુધી સાંભળ્યું કે બધાનું આમ કરીએ, આમ કરીએ, આમ કરીએ. કેટલા પંડિતો લખે છે ખુબ. આટલા આટલા કામ થાય. કેટલા આધારથી થાય? શરીરને આધારે આ કામ થાય, વાણીને આધારે આ કામ થાય, ફલાણાને આધારે આમ કામ થાય. ઓહો..! ભગવાન! ગધેડાંના શીંગડાં હોય તો તારા પરને લઈને કામ થાય અને કાં તું પરનું કામ કર.

'**વસ્તુરૂપ...**' આધાર-આશ્રય વિના પરિણામ નામ વર્તમાન દશા '**કોના આધારે રહે?**' કોને આધારે રહે? અને કોને આધારે થાય? '**ગોરસરૂપ આશ્રય વિના...**' ગોરસ-ગાયના રસના આધાર વિના '**દૂધ, દહીં વગેરે પરિણામ કોના આધારે થાય?**' ઓલામાં રહે કીધું અને અહીં થાય કીધું. સમજાણું કાંઈ?

'**વળી વસ્તુ તો...**' હવે ત્રીજો. '**દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.**' દરેક આત્મા અને પરમાણુ દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. એ ત્રણે એકસાથે છે. '**ત્યાં ત્રૈકાલિક ઊર્ધ્વ પ્રવાહસામાન્ય તે**

**દ્રવ્ય છે,...'** ત્રણે કાળે ઊંચો એટલે કાળપણે, પ્રવાહપણે, સામાન્યપણે રહેવું એનું નામ દ્રવ્ય કહેવામાં આવે છે. એમાં વસ્તુ રહેલી છે. **'સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે...'** સાથે સાથે રહેનારા ભેદો એટલે ગુણ સાથે સાથે રહેનારા. **'અને ક્રમે ક્રમે થતા ભેદો તે પર્યાયો છે.'** સમજાણું કાંઈ? ધર્મચંદજી! દ્રવ્યની સાથે સાથે જે ગુણો રહે તેને વિશેષ કહેવાય. એમને? એમ નહિ. સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે. દેખો! ફેર છે. દ્રવ્યની સાથે સાથે રહેનારા તે ગુણો એમ નહિ. જ્ઞાન છે ત્યાં દર્શન છે ત્યાં ચારિત્ર છે તે સાથે સાથે રહેનારા ગુણો તેને વિશેષગુણ કહેવામાં આવે છે, સમજાણું કાંઈ? શું કહ્યું આમાં? શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દ્રવ્યની સાથે કાયમ રહે તે ગુણ છે. દ્રવ્યની સાથે. કાયમ રહે તે ગુણ છે. એમ નહિ. શું પકડ્યું તમે? એમ નથી. દ્રવ્યની સાથે સાથે તો પર્યાય પણ રહે છે. એમ નહિ. એ ગુણો ગુણો સાથે રહે છે માટે એને ગુણો કહેવામાં આવે છે, સહભાવી કહેવામાં આવે છે. જુઓ, શું લખ્યું છે જુઓને.

**'સાથે સાથે રહેનારા ભેદો...'** કોણ રહેનારા? ભેદો. સાથે સાથે. દ્રવ્યની સાથે એમ શબ્દ નથી, જુઓ! **'સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે...'** સમજાણું કે નહિ આમાં? ફેર શું પડ્યો આમાં? દ્રવ્યની સાથે રહે તે ગુણ. દ્રવ્યની સાથે તો પર્યાય પણ રહે છે. એને પણ ગુણ કહેવા જોઈએ. એમ નહિ. આત્મા અને પરમાણુઓ એના જેટલા ગુણો એ બધા સાથે રહેનારા, ગુણ સાથે રહેનારા છે. પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ ગુણની સાથે રહેલા છે. જે ગુણની સાથે રહેલા એવા ભેદો એમાં એ વસ્તુ રહેલી છે. ભારે વિજ્ઞાન ભાઈ આ.

**'અને ક્રમે ક્રમે થતા ભેદો...'** એમ કીધુંને? **'સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે અને ક્રમે ક્રમે થતા ભેદો તે પર્યાયો છે.'** દરેક પરમાણુ અને આત્મામાં ક્રમે ક્રમે થતી અવસ્થા ભેદ તેને પર્યાય કહેવામાં આવે છે. **'આવાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી,...'** આવાં દ્રવ્ય, ગુણ, પર્યાયની એકતા વિનાનો કોઈ પદાર્થ હોતો નથી. બરાબર છે? **'બીજી રીતે કહીએ તો, વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે અર્થાત્ તે ઊપજે છે, વિણસે છે અને...'** શું છે? **'ટકે છે. આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયમય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી, તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે.'** એમાં પરિણમન થયા જ કરે છે. **'માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે.'** છેલ્લે સરવાળો કર્યો. બહુ સરસ વાત. એક ગાથા બરાબર સમજે તો આ બધા ઉપાદાન નિમિત્તના ઝઘડા મટી જાય. કહો, બરાબર હશે આમાં? નિમિત્ત વિના થાય નહિ, બધે ગઈ છે અહીંની વાત. ... નિમિત્ત વિના કાંઈ મકાન થાય? નિમિત્ત વિના કાંઈ અપાસરા થાય?

એ બધી વાતું ત્યાં ચાલતી હશે. અમરેલીમાં. અહીંની વાત તો પ્રસિદ્ધ થઈ ગઈ છેને સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબરમાં. સોનગઢવાળા કહે છે કે નિમિત્ત હોય છે પણ નિમિત્ત હોય તો કાર્ય થાય છે એમ છે નહિ. એ કાર્ય થાય ત્યારે નિમિત્તની ઉપસ્થિતિ હાજરી દેખાય છે. હાજરી એટલે છે એમ જણાય છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— ધૂળમાં પણ, આપે કોણ? એ પરમાણુ એ પૈસા જવાના હોય ઈ જવાના જ એને કારણે. એનો ઉત્પાદ જે કાળે જે ક્ષેત્રે જ્યાં થવાનો છે ત્યાં થવાનો. કોઈ માણસે દીધા છે રૂપિયા?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈરાદા, એની પાસે રાગ રહ્યો ઈરાદાનો. રાગ રહ્યો એમાં, રાગમાં રહે છે આત્મા. જડની ક્રિયા ચાલે છે એમાં ઈ આત્મા રહે છે? કહો, સમજાણું? પૈસાથી શાક આવ્યું ઈ વાત ખોટી છે એમ કહે છે. પૈસા-પૈસાનો એક એક પરમાણુ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં રહેલો છે અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો છે. એ પરના શાકના રજકણ, ઈ કંઈ એને કારણે શાકના રજકણો અહીં આવ્યા પૈસાને લઈને એમ છે નહિ એમ કહે છે. તો પૈસા લીધા જાયને શાક લેવા? કોણ જાય? સાંભળને! ઓહો..હો..!

કહે છે, ભાઈ! તેથી જ ... નિમિત્ત વિના થાય છે? આ પૈસા આપ્યા, આવું મકાન એ વિના થાય? આ જુઓને અહીં અમે છીએ તો આ બધું થયું. નહિતર થાત? પાડા બેસતા હતા. એક ગરાસિયો કહેતો હતો, ગરાસિયો. મહારાજ! ... મને ગાળ દઈશ નહિ હોં, કીધું. ઈ પણ એમ કહેતા હતા. ... શું નામ? ... દરબાર. તપસીએ સાંભળેલું. ઈ કહે કે મહારાજ! અહીં બધા પાડા બેસતા હતા. આહા..હા..! આખું નગર રચાઈ ગયું. ગાય બેસતી હતી, મને કીધું. મારે લઈને થયું ઈ ગાળ છે, કીધું. એણે બિચારાએ અપેક્ષાથી (કીધું) નિમિત્ત જાણીને. મેં કીધું, ઈ થયું છે એને કારણે. એ હું આવ્યો તો થયું અને ન આવ્યો હોત તો ન થાત, ઈ પ્રશ્ન જ નથી. ભારે કઠણ જગતને. પહેલું જોરાવરનું હતું. ... પછી વળી સીતાપુર, સીતાપુર કહે છેને? શું કહે છે? દૂધરેજ, દૂધરેજ. જ્યાં થવાનો પર્યાય જ્યાં હોય ઈ થાય, ઈ કાંઈ કોઈના કર્યા થાતા હતા? સમજાણું કાંઈ? એ.. શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિમિત્ત તો એ થાય ત્યારે એ વસ્તુને નિમિત્ત કહેવામાં આવે. એવી વાત છે.

એ અધિકાર થયો. હવે જે મૂળ વાત છેને, એની સાથે વાતને જોડે છે.

**'હવે જેમને ચારિત્રપરિણામ સાથે સંપર્ક (સંબંધ) છે...'** જેને આત્મદર્શનપૂર્વક ચારિત્રપરિણામ પ્રગટ થયા છે. એ વાત લઈ લીધી આની સાથે કે ચારિત્રના પરિણામ પણ આત્માના ઉત્પાદથી પોતાથી થયા છે. ચારિત્રના પરિણામ ચારિત્રમોહ ટળ્યું છે માટે થયા

છે એમ નથી. એને ગુરુએ આમ પચ્ચખાણ આપ્યા માટે ત્યાં ચારિત્રપરિણામ થયા છે એમ નથી. એ **'ચારિત્રપરિણામ સાથે સંપર્ક (સંબંધ) છે એવા જે શુદ્ધ અને શુભ (બે પ્રકારના) પરિણામો તેમના ગ્રહણ તથા ત્યાગ માટે (-શુદ્ધ પરિણામને ગ્રહવા અને શુભ પરિણામને છોડવા માટે) તેમનું ફળ વિચારે છે :—'** બહુ સરસ વાત છે. આમાં તકરાર છે બધી. બધામાં ઉપાદાન નિમિત્તનો.. ઉપાદાનના કાળે પોતાને કારણે કાર્ય થાય, ઉત્પાદ થાય એમાં નિમિત્તને કારણે થાય એ મોટી તકરાર અનંતા ...ની છે.

**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो।**
**पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो य सग्गसुहं।।११।।**
**જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો**
**તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.**

આટલું તો સ્પષ્ટ છે છતાં કોણ જાણે .. જગતના પ્રાણી ... ઓલું નિમિત્તની પૃથક્તાનું ભાઈ કહ્યું. હવે શુભ અને શુદ્ધની પૃથક્તાના કારણ અને ફળ કહે છે. સમજાણું? દસમામાં દરેક વસ્તુ, દરેક આત્મા પોતાના ગુણપણે પોતાનો પર્યાય પરિણમે છે. એના પર્યાયના ઉત્પાદમાં બીજી ચીજને કારણે ઉત્પન્ન થાય છે એમ નથી. એમ વાતને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં પોતાને કારણે ઊપજે એમ સિદ્ધ કર્યું. હવે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ આત્મામાં પોતાથી પ્રગટ્યા. ઊર્ધ્વતાસામાન્યમાં રહેલું દ્રવ્ય, વિશેષ ગુણ ભેદોમાં રહેલું, વિશેષ પર્યાયના ભેદોમાં રહેલું અને ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં રહેલું એના કારણે પોતાથી સમ્યગ્દર્શનના પરિણામ, સમ્યક્જ્ઞાનના પરિણામ, સમ્યક્ચારિત્રના નિર્વિકારી પરિણામ એ પણે આત્મા પોતે ત્યાં રહેલો છે. એને શુભભાવ જોડે હોય તો પુણ્ય બંધાય અને એકલો શુદ્ધ ઉપયોગ હોય તો નિર્વાણ થાય એ વાત શુભ અને શુદ્ધની વચ્ચેની વહેંચણી કરે છે. નિમિત્ત નૈમિત્તિકના ઝઘડા જેમ ટાળ્યા એમ શુભ અને શુદ્ધનો ઝઘડો ટાળે છે હવે અહીં. સમજાણું કાંઈ?

**'ટીકા :— જ્યારે આ આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો...'** ધર્મપરિણત એટલે શુદ્ધ નિર્વિકારી પર્યાયરૂપ પરિણમતો થકો. **'જ્યારે આ આત્મા ધર્મ...'** એટલે ચારિત્રપરિણતિરૂપ સ્વભાવવાળો વર્તતો થકો. ચારિત્ર ધર્મ કીધો છેને પહેલો. ધમ્મો ચારિત્ર. હવે અહીં ઉપયોગની વાત જરી સાથે લેવી છે. **'જ્યારે આ આત્મા ધર્મપરિણત...'** શુદ્ધ. રાગ, પુણ્ય અને નિમિત્ત વિના આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એવા પરિણામે એ પરિણમતો **'સ્વભાવવાળો વર્તતો થકો...'** **'ધર્મપરિણતિ સ્વભાવવાળો વર્તતો થકો...'** પોતે પોતાથી વર્તતો થકો એમ થયું. સમજાણું કાંઈ? આ ચાર શાસ્ત્રો તો અલૌકિક વસ્તુ છે! સમજાણું? સમયસાર, પ્રવચનસાર, નિમયસાર, પંચાસ્તિકાય. બીજા પણ શાસ્ત્ર.. પણ આમાં તો એકદમ થોડામાં ઘણું ભરી દીધું છે. ગાગરમાં સાગર. સમજાય છે? એ ઘડામાં દરિયો!

'**જ્યારે આ આત્મા ધર્મપરિણત...**' પુણ્ય પાપના રાગ, એનું નિમિત્ત એનાથી ખસી આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ, આનંદરૂપ એની અંતર શ્રદ્ધા, એનું સ્વસંવેદનજ્ઞાન અને એના ચારિત્ર નિર્વિકારી પરિણામ, દસમી પછી આ (ગાથા) લીધી એટલે એ પોતે પોતાથી ત્યાં પરિણમ્યો છે. એ વાતની એની સાથે સંધિ કરી નાખી. હવે જો '**શુદ્ધોપયોગ પરિણતિને વહન કરે છે...**' ચારિત્રની પરિણતિ સમ્યગ્દર્શન સહિત છે એમાં જો શુદ્ધ ઉપયોગમાં જોડાઈ જાય, ટકાવી રાખે શુદ્ધ ઉપયોગને. જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનના ભેદ છૂટીને સપ્તમ ગુણસ્થાન શુદ્ધ ઉપયોગ પરિણતિ (ટકાવી રાખે છે). ધર્મ પરિણતિ તો હતી અને આ શુદ્ધ ઉપયોગ પરિણતિ. વળી બે પરિણતિ. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ.. એ શુભ અશુભ ભાવ એનાથી રહિત આત્માના શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા-ચારિત્ર એવા ધર્મ પરિણતિવાળો, સ્વભાવવાળો વર્તતો થકો. જુઓ! '**ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો શુદ્ધોપયોગ પરિણતિને વહન કરે છે—ટકાવી રાખે છે...**' જુઓ! એમ કહીને શું કહે છે? શુદ્ધ ઉપયોગ પોતાથી ટકાવી રાખે છે. શુદ્ધ ઉપયોગ કંઈ કર્મનું સંજ્વલનનું મંદપણું આવ્યું તો શુદ્ધ ઉપયોગ થયો અને તીવ્રપણું આવ્યું તો છઠ્ઠા ગુણસ્થાનનો શુભરાગ આવ્યો એમ નથી. શું કહ્યું સમજાણું? સંજ્વલન કષાય છેને એક? તો સંજ્વલનનો તીવ્ર ઉદય હોય ત્યારે છઠ્ઠું અને મંદ ઉદય હોય ત્યારે સાતમું એમ નથી એમ કહે છે. પોતે જ આત્મા પોતાના પુરુષાર્થથી ધર્મપણે પરિણમેલો આત્મા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાની દશાપણે થયેલો આત્મા એ શુદ્ધ ઉપયોગ પરિણતિને વહે, એ સ્વરૂપમાં લીનતાના વેપારને કરે અને ટકે ત્યારે. સમજાય છે કાંઈ?

'**જે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે...**' જુઓ! એ શુદ્ધ ઉપયોગ કેવો છે? કે વિરોધી શક્તિ વિનાનો છે. વિરોધ એટલે બંધનું કારણ એવા ભાવ વિનાનો તેથી છે. તેથી પોતાનું કાર્ય કરવા, ઉપયોગ પોતાનું કાર્ય કરવા સમર્થ છે. પોતાનું કાર્ય શુદ્ધતા પ્રગટ કરીને કેવળજ્ઞાન લેવાને સમર્થ છે. '**વિરોધી શક્તિ વિનાનું...**' એ શુદ્ધ ઉપયોગ વિરોધી શક્તિ વિનાનો. શુભરાગ વિરોધી શક્તિ છે, શુભરાગ એ વિરોધશક્તિ છે. એ શુદ્ધ ઉપયોગમાં ઠરે તો વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે. આ પર્યાયની અપેક્ષાએ શક્તિની વાત છે. ગુણ-દ્રવ્યની અપેક્ષાએ અત્યારે વાત નથી. વિરોધી શક્તિ નામ શુભ ઉપયોગ એના વિનાનું હોવાને લીધે. એ શુદ્ધ ઉપયોગ પોતામાં સ્વરૂપમાં ઠરે છે તે પોતાનું કાર્ય નિર્મળતા પ્રગટ કરવાને સમર્થ છે. '**એવા ચારિત્રવાળો હોવાથી,...**' એવા ચારિત્રવાળો હોવાથી. સમજાણું કાંઈ આમાં?

દસથી ... કીધી હતી, પછી નવમાં આમ પરિણામ સંબંધ છે. '**जीवो परिणमदि जदा**' એમ (હતું). આઠમામાં કહ્યું, '**धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो**' કીધો હતો. સાતમામાં કીધું, '**चारित्तं खलु धम्मो**'. એ ધર્મની વ્યાખ્યા કરીને કહ્યું, આત્મા ધર્મ છે. પછી કહ્યું

કે જે ભાવે પરિણમે તે તન્મય થઈ જાય છે. કેમ? સમજાય છે? કે પરિણામસ્વભાવ છે માટે. પછી આમાં .. લીધા. પરિણામ વિનાનું આ નહિ, આ વિનાનું પરિણામ નહિ. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ (લીધા). પછી આ વાત લીધી. આ નક્કી કરીને બતાવી.

આત્મામાં... ઓલી તો સામાન્ય બધા પદાર્થની વ્યાખ્યા કરી. હવે ધર્મ જે ચારિત્રપણે પરિણમેલો આત્મા એટલે કે જેને છઠ્ઠા ગુણસ્થાનની દશા થઈ છે. ચારિત્ર પરિણમન છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ જીવ જો શુદ્ધ ઉપયોગમાં જાય, સાતમા ગુણસ્થાનમાં શુદ્ધ ઉપયોગને ટકાવી રાખે, વહન કરે, પોતાના પરિણામના પુરુષાર્થ દ્વારા, પોતે જ પોતે દ્રવ્ય ત્યાં શુદ્ધ ઉપયોગપણે પરિણમતો ઉત્પાદપણે થાય તો તેમાં બંધના કારણરૂપ શુભભાવ વિરોધી શક્તિવાળો છે એ એમાં નથી. બરાબર છે? **'એવા ચારિત્રવાળો હોવાથી,** (તે) **સાક્ષાત્ મોક્ષને પામે છે,...'** શુદ્ધ ઉપયોગવાળો સાક્ષાત્ મોક્ષને પામે છે. શું કીધું સમજાણું આમાં? ચારિત્ર પરિણતનો બીજો પણ બોલ લેશે. આ પણ ચારિત્રપરિણત છે. સ્વરૂપની પરિણતિ તો પ્રગટ થઈ ગઈ છે, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. પણ જો ઉપયોગ શુદ્ધને ટકાવે, સ્વરૂપમાં ઠરે તો વિરોધી શક્તિ વિનાનો એ ઉપયોગ હોવાથી પોતાનું કાર્ય કરવા કે મોક્ષનું કાર્ય કરવા સમર્થ છે. પોતાનું કાર્ય કરવા એટલે મોક્ષનું કાર્ય કરવા એ સમર્થ છે. શુદ્ધ ઉપયોગનું કાર્ય કરવાને સમર્થ છે.

**'અને જ્યારે...'** હવે આ વાંધો છે. **'જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...'** દેખો! કોઈએ એમ લખ્યું હતું કે જુઓ! અહીંયા શુભ ઉપયોગને ધર્મ પરિણતિવાળો કીધો છે. શેઠી! ... આ એમ નથી. **'જ્યારે તે...'** તે એટલે જ્યારે આ આત્મા કીધો હતો એ ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો એ તો તે, એ જ **'ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...'** પહેલી લીટી એ જ આમાં. ધર્મે તો પરિણમેલો છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રની નિર્વિકારી નિર્દોષ પરિણતિ પર્યાયવાળો છે. છતાં **'શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે...'** ઓલાને ટકાવીને વહન કરે એમ કીધું હતું. શુભ ઉપયોગ કષાયની મંદતા, પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એવા શુભ ઉપયોગ પરિણતિ સાથે જોડાય, એમ લીધું. પરિણતિ તો પર્યાય એની છે ઈ. પણ એ જોડાય છે, વસ્તુના સ્વરૂપમાં (નથી). શુભ ઉપયોગ પરિણતિ. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ નામ રાગની મંદતા સાથે જોડાય છે ત્યારે **'જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...'** એ શુભ ઉપયોગ વિરોધી શક્તિ સહિત છે. શુભ ઉપયોગમાં તો બંધનું કારણ છે, બંધનું કાર્ય કરવાની તાકાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પરિણતિ છે, ઈ પરિણતિ છે પણ વિશેષ ઉગ્રતા ઉપયોગ જામી ગયો એવી પરિણતિ છે. સમજાણું કાંઈ?

આમાં શુભ ઉપયોગ સાથે જોડાય એમ કીધું છે. પાઠમાં છેને પણ જુઓને. '**सुहोवजुत्तो य सग्गसुहं**'. ... '**सुद्धसंपओगजुदो**' એ પણ ... સમજાણું? ટીકામાં એનો અર્થ કરીને, વહન કરે છે. શુદ્ધ પરિણતિ તો જેટલો મિથ્યાત્વ અને કષાયનો અભાવ કરીને પોતામાં પોતાને કારણે શુદ્ધ પરિણતિ થઈ એ શુદ્ધ પરિણતિ તો શુભ ઉપયોગના કાળમાં પણ હોય છે અને શુદ્ધ ઉપયોગમાં પણ હોય છે. પણ શુદ્ધ પરિણતિ શુદ્ધ ઉપયોગમાં જામી જાય ત્યારે શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ કહે છે. અને શુદ્ધ પરિણતિ હોતા છતાં છઠ્ઠા ગુણસ્થાનની નિર્વિકારી ચારિત્રદશા હોવા છતાં શુભ ઉપયોગમાં જોડાય, છઠ્ઠે શુભ ઉપયોગમાં જોડાય ત્યારે '**વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...**' જુઓ! નીચે લખ્યું. 'દાન, પૂજા, પંચ-મહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ...' દાન, પૂજા, પંચ મહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ 'ઇત્યાદિરૂપ જે શુભોપયોગ છે તે ચારિત્રનો વિરોધી છે.' આવું તો સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :— ઈ તો પંડિતજીએ કર્યું છે.

ઉત્તર :— પણ એમાં છે કે નહિ? પંડિતજીએ ઘરનું ક્યાં લખ્યું છે? વિરોધી શક્તિ સહિત હોવાને લીધે. એનો અર્થ કરશે કે નહિ? પેલામાં વિરોધી શક્તિ વિનાનો હોવાને લીધે (એમ હતું). ચારિત્રની પરિણતિમાં શુદ્ધ ઉપયોગ થયો ત્યારે વિરોધી શક્તિ વિનાનો શુદ્ધ ઉપયોગ છે. અને ચારિત્રની પરિણતિ હોવા છતાં શુભ ઉપયોગ છે ત્યારે વિરોધી શક્તિવાળો એ શુભ ઉપયોગ છે. સમજાણું કાંઈ? બે ગાથામાં તો નિમિત્ત-નૈમિત્તિક, શુભ અને શુદ્ધ બેયના ફેંસલા કરી નાખ્યા. મોટી તકરાર ઈ જ છેને બધી. નિમિત્ત હોય તો ઉપાદાનમાં કાર્ય થાય, વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારમાં પણ કાંઈક સંવર, નિર્જરા છે. મોટી તકરાર. શુદ્ધ ઉપયોગમાં અપ્રમત્ત અને શુભમાં પ્રમત્ત. સમજાણું કાંઈ?

જ્યારે તે આત્મા, પહેલો કીધો હતો તે, ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો હતો, અહીં ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં. એમ કહ્યું છે. ઓલો વર્તતો થકો શુદ્ધનું વહન કરે આગળ જતો, આગળ ગયો છે. અને અહીં કહ્યું કે આવો વર્તતો છતાં આગળ ગયો નથી. શુભ ઉપયોગ પરિણતિ સાથે જોડાય છે. પંચ મહાવ્રત, દાન, પૂજા, ભક્તિ, દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, દયા, અહિંસા એવા શુભભાવ એમાં મુનિ જોડાય છે. ત્યારે જે વિરોધ શક્તિ સહિત હોવાને લીધે. શું? ચારિત્ર. સમજાણું? ચારિત્ર એવી શક્તિવાળું શુભ ઉપયોગવાળું ચારિત્ર છે. '**સ્વકાર્ય કરવાને અસમર્થ છે...**' સ્વકાર્ય નિર્વાણ કરવાને અસમર્થ છે. સ્વકાર્ય એટલે નિર્વાણ કરવાને અસમર્થ છે. કોણ? ચારિત્ર. શુદ્ધ પરિણતિવાળો શુભમાં છે ત્યારે શુદ્ધ પરિણતિ વડે નિર્વાણ કરવાને અસમર્થ છે. '**સ્વકાર્ય કરવાને અસમર્થ છે...**' કોણ સ્વકાર્ય કરવાને અસમર્થ? ચારિત્ર. ધર્મપરિણત સ્વભાવવાળો આત્મા હોવા છતાં શુભ ઉપયોગ વિરોધી શક્તિ સહિત હોવાને લીધે, ચારિત્ર સ્વકાર્ય કરવાને અસમર્થ છે (અર્થાત્) મોક્ષ કરવાને અસમર્થ છે.

**'અર્થાત્ કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે...'** આમાંથી ... કથંચિત્ એટલે? શુભ અપેક્ષાએ એમાં બંધનું કારણ છે. કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું એટલે શુભમાં કથંચિત્ વિરુદ્ધ બંધનું કાર્ય અને કથંચિત્ અવિરુદ્ધ એમ નહિ. અહીં તો ધર્મપરિણત શુભભાવવાળો જીવ એમ કીધું છે. તે શુભ ઉપયોગવાળો કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે. એ શુભની અપેક્ષાએ વિરુદ્ધ કાર્ય કરનારું છે. નિર્વાણથી વિરુદ્ધ બંધનું કારણ કરનારું છે. સમજાણું કાંઈ? ધર્મપરિણત ચારિત્રવંત શુદ્ધ ઉપયોગમાં હોય તો સ્વકાર્ય કરવાને સમર્થ છે. ધર્મપરિણત જીવ શુભ ઉપયોગમાં હોય તો કથંચિત્ એટલે એ ચારિત્ર જે શુદ્ધ ઉપયોગવાળું ચારિત્ર હતું તે જ અહીંયા શુભ ઉપયોગવાળું ચારિત્ર એ વિરોધનું કરનારું છે, બંધનું કરનારું છે. **'વિરુદ્ધ કાર્ય કરનારું છે એવા ચારિત્રવાળો હોવાથી,...'** એમ. સમજાણું? સર્વથા વિરુદ્ધ કાર્ય (કરનારું નથી). ચારિત્ર છે એટલે સર્વથા વિરુદ્ધ નથી. થોડું વિરુદ્ધ કાર્ય કરનારું છે. ઈ શુભ જેટલું છેને. એમ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ચારિત્રવાળો કીધોને. છઠ્ઠાનું ચારિત્ર. ... પણ ચારિત્ર એને બંધનું કારણ નહોતું શુદ્ધ ઉપયોગમાં. આ ચારિત્ર શુભ ઉપયોગવાળું છે તો કથંચિત્ બંધનું કારણ છે. ચારિત્ર તો ... બેયમાં.

શુદ્ધ ઉપયોગવાળું ચારિત્ર, ધર્મપરિણત પરિણમેલો વર્તતો થકો શુદ્ધ ઉપયોગને ટકાવે તો એમાં વિરુદ્ધ કાર્ય નથી તેથી તે ચારિત્ર મોક્ષનું કારણ છે. ધર્મપરિણતિ વર્તતો થકો ચારિત્ર એ શુભભાવ છે માટે એ ચારિત્ર, વિરુદ્ધ કાર્યવાળું સાથે છે માટે તે મોક્ષનું ચારિત્ર થતું નથી. સમજાણું કાંઈ? ચારિત્ર કહેવું છેને અહીં. ચારિત્ર પણ સર્વથા વિરુદ્ધ કાર્ય કરનારું છે એમાં? આ શુભ પૂરતું કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે. ... એ અપેક્ષાએ કથંચિત્ કહ્યું. નહિતર ચારિત્ર કહેવું છે ધર્મપરિણત. તો ચારિત્ર સર્વથા વિરુદ્ધ કાર્ય કરનારું છે ઈ? સર્વથા છે? કથંચિત્ છે. પહેલા સર્વથા શુદ્ધ હતું, અહીં સર્વથા શુદ્ધ નથી. એટલે કથંચિત્ વિરુદ્ધ જે શુભભાવ છે એ ચારિત્ર જે છે એ કથંચિત્ વિરુદ્ધ (કાર્ય) કરનારું છે, સર્વથા વિરુદ્ધ કાર્ય કરનારું છે એમ નહિ. સર્વથા હોય તો ચારિત્ર રહેતું નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શુદ્ધ પરિણતિ. ચારિત્ર ધર્મપરિણત સ્વભાવવાળો આત્મા એ ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં એનું જે... અહીં તો **'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो।'** અને **'धम्मेण परिणदप्पा'** એ **'सुहोवजुत्तो य सग्गसुहं'**. **'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो। पावदि णिव्वाणसुहं'** **'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो सग्गसुहं'**. સમજાણું કાંઈ? ધર્મપરિણતિ તો બેયમાં રાખવી. સર્વથા ધર્મપરિણતિવાળો શુભવાળો સર્વથા વિરુદ્ધ કાર્ય કરનાર હોય તો પરિણતિ પણ વિરુદ્ધમાં

ચાલી જાય છે. પરિણતિ વિરુદ્ધ કાર્ય કરનારી નથી પણ એની સાથે ઈ ચારિત્રવાળો શુભવાળો છે એટલું વિરુદ્ધ કાર્ય કરનારું છે. સર્વથા વિરુદ્ધ કાર્ય કરનાર હોય તો ચારિત્રની પરિણતિ પણ બંધનું કારણ થાય. સમજાણું કાંઈ? હવે આમાં શુભ ઉપયોગમાં કાંઈ સંવર નિર્જરા છે કે નહિ જરીયે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ના પાડી. જેમ ઓલા નિમિત્તની ચોખ્ખી ના પાડી હતી કે ભલે હો, પણ થાય છે કાર્ય પોતાથી. ઈ વાંધા છે અત્યારે કે નહિ, કાર્ય પોતાથી થાય. બીજું હોય તો બે કારણ અને એક કાર્ય. ઈ બે કારણ અને કાર્ય તો પ્રમાણનું જ્ઞાન કરાવવા કહ્યું. વસ્તુની સ્થિતિ જ્યારે સ્વયંસિદ્ધ નિશ્ચયથી વર્ણવાય કાર્ય પોતાથી થાય છે, પરથી છે જ નહિ. પણ પ્રમાણજ્ઞાન કરાવવું હોય ત્યારે કહે કે આ થયું છે તો એને કાળે, પણ એક ચીજ બીજી ... નિમિત્ત હતી એ કોણ હતી? બીજા કરતા જુદી ચીજ ત્યાં હોય એને યોગ્ય એનું જ્ઞાન કરાવવા પ્રમાણથી કહ્યું કે બે કારણનું કાર્ય. એમ કહેવામાં આવે છે. અરે..! ભગવાન! શું થાય? અરે..! પણ પોતે જબરો છેને. ઊંધો પડ્યો ઈ માને નહિ તીર્થંકરનું. કેમ ધીરૂભાઈ! વાત તો ચોખ્ખી છે કે નહિ? તીર્થંકર આવે સાક્ષાત્ તો કહે નહિ, તું નહિ. ગુરુ આવે તોપણ માનીએ નહિ. પ્રત્યક્ષ દેખીએ છીએ કે જ્ઞાનાવરણીયને લઈને હીનાધિક આત્માની પર્યાય થાય છે. અહીં કહે કે હીનાધિક પર્યાયનો ઉત્પાદ ઉત્પાદમાં રહેલું દ્રવ્ય પોતે પરિણમે છે. એ જ્ઞાનાવરણીયને લઈને બિલકુલ નહિ. આહા..હા..! બહુ ફેર પણ. સમજાણું? કહ્યુંને? તેથી તો શુદ્ધ અને શુભ .. નાખ્યું જરી. કોઈ વળી એકલું .. લઈ જાય. પણ એ બધા ગુણોનો, પર્યાયનો દ્રવ્યમાં રહેલો એ આત્મા છે. પોતાને કારણે છે, પરને કારણે નહિ. જ્ઞાનની હીન પર્યાયપણે ઊપજે તોપણ પોતે, અધિકપણે ઊપજે તોપણ પોતે. પોતાની લાયકાતથી પોતે પોતામાં રહેલું દ્રવ્ય પોતાને કારણે છે. પર નિમિત્તમાત્ર હો, કોણે ના પાડી? પણ એથી કાર્ય અટક્યું છે એને લઈને અને થયું છે એને લઈને (એમ નથી). એ ન હોત તો ન થાત અને આવ્યું તો થાય, અટક્યું-ન હોત તો અટકે અને આવે તો થાય એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? શું કીધું?

‘**ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...**’ આત્મા ‘જ્યારે તે...’ આત્મા એમ છેને? ઓલામાં જ્યારે આ આત્મા એમ હતું, એ જ આત્મા, જ્યારે તે જ આત્મા ‘**ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે, ત્યારે જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...**’ સ્વકાર્ય કરે એટલે? ઓલું શુદ્ધ પરિણતિરૂપ ચારિત્ર શુભરાગની સાથે છે માટે ચારિત્ર સ્વકાર્ય કરવાને અસમર્થ છે અને એ ચારિત્ર શુભ ઉપયોગની સાથે છે માટે એ ચારિત્ર કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે. સમજાણું કાંઈ? ‘**એવા ચારિત્રવાળો...**’ જુઓને શું લીધું? ‘**કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે એવા ચારિત્રવાળો હોવાથી,...**’

એમ કીધું છે જુઓ. શું ભાષા છે? જુઓ! પાઠ ઈ છેને. '**धम्मेण परिणदप्पा**'. શું કીધું? વિરોધી શક્તિ સહિત હોવાને લીધે. કોણ? ચારિત્ર-ધર્મપરિણતિ. સ્વકાર્ય કરવાને—મોક્ષનું કાર્ય કરવાને અસમર્થ ધર્મપરિણતિ. એ ધર્મપરિણતિ વિરુદ્ધ કાર્ય કરનારું છે '**એવા ચારિત્રવાળો હોવાથી,...**' લ્યો. શુભ ઉપયોગ થાય છે એથી ચારિત્ર શુભ ઉપયોગ જેટલું બંધનું કારણ થાય છે.

'**જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી...**' અગ્નિથી ગરમ થયેલું ઘી '**જેના ઉપર છાંટવામાં આવ્યું હોય તે પુરુષ દાહદુઃખને પામે છે તેમ, સ્વર્ગસુખના બંધને પામે છે.**' આ સ્વર્ગનું સુખ ઊના ઘી જેવું છે. સ્વર્ગનું સુખ ઊનું ઘી. તડતડતું નાખે તો મારી નાખે. ચામડી ઉખડી જાય. તેલ મૂક્યું અને એનો સાળો બેઠો હતો. મૂળ મેળ નહોતો એને. ઓલો બિચારો ખાવા આમ બેઠો હતો. તેલ ઉકાળીને મૂક્યું હતું તો નાખ્યું માથા ઉપર. આખું શરીર... સમજાણું? સાસુ વહુને નહિ બનતું હોય, સાસુ વહુને શું, સાસરાને અને ... કાંઈ મેળ નહિ હોય. ઓલો બિચારો ખાતો હતો આમ, તેલ ઉપાડીને મૂકી દીધું ધગધગતું. એમ ઘી ઉકાળીને નાખે તો? નારાયણરૂપ છે ઘી. જયરામભાઈ એક હતા. જયરામભાઈ હતાને? ઈ કહે, ઘી નારાયણ છે. પછી અમારા નારણભાઈને ઠીક નહોતું તો નારાયણ આપ્યું તો ત્યાં નારાયણનું થઈ ગયું ... પણ ક્યે ઠેકાણે ઘી હોય અને ક્યે ઠેકાણે ન હોય, એનો વિવેક હોય કે નહિ? નારાયણ છે એટલે બધે જ પુષ્ટિ કરે? જઠર મંદ હોય તો મગજ અસ્થિર થાય, ઘી ખવડાવો તો સારું થાય. નાખ્યું ત્યાં રાત્રે ફાટ્યું. એમ ચારિત્ર સાથે શુભરાગ એ બંધનું જ કારણ છે, નુકશાનનું કારણ છે, લાભનું કારણ નથી.

'**આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે.**' આટલો તો ખુલાસો છે. એ શુદ્ધ ઉપયોગ અંદરમાં રમવું તે આદરણીય છે અને ઓલો શુભ પંચ મહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણનો રાગ આવ્યો તે હેય છે, હેય છે. બંધનું કારણ છે માટે હેય છે. ઓલું મોક્ષનું કારણ છે માટે શુદ્ધ ઉપયોગ ઉપાદેય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૪, મંગળવાર, તા. ૧૨.૨.૧૯૬૩**
**ગાથા-૧૧ થી ૧૪, પ્રવચન-૫૩**

પ્રવચનસારનો જ્ઞાનતત્ત્વ અધિકાર છે. જ્ઞાનનો સ્વભાવ જેવું છે તેવું જાણવું. અહીંયા કહે છે કે આત્મામાં શુદ્ધ સમ્યગ્દર્શન, પુણ્ય-પાપના રાગ રહિત, દેહ રહિત, કર્મ રહિત આત્માનો ત્રિકાળી પરમાનંદ શુદ્ધ સ્વભાવ એના ભાન સહિતની પ્રતીતિ. અનુભવમાં પ્રતીતિ એવું સમ્યગ્દર્શન, એ ઉપરાંત સ્વરૂપનું ચારિત્ર એટલે અરાગી પરિણતિ એને ધર્મ કહેવામાં આવે છે. એ અરાગી ચારિત્ર પરિણતિની સાથે જો એને શુદ્ધ ઉપયોગ થઈ જાય, જો તે શુદ્ધ ઉપયોગમાં રમે તો તો આત્માના જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનના ભેદ તો છોડીને સ્વરૂપમાં લીન થાય તો તે મોક્ષનું કાર્ય કરનારું છે. તો તે શુદ્ધ ઉપયોગ મોક્ષનું કાર્ય કરનાર છે. એ ચારિત્ર. પણ જો આત્માની ધર્મ પરિણતિ ચારિત્ર રમણતા પરિણતિ હોવા છતાં શુદ્ધ ઉપયોગનો અભાવ અને શુભભાવનો સદ્‌ભાવ (હોય), શુભ ભાવ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આદિ એવા શુભ ભાવ જો હોય તો એ ચારિત્ર પોતાનું કાર્ય મોક્ષનું કરવું જોઈએ એનાથી વિરુદ્ધ કાર્ય બંધનું કાર્ય થાય છે. ચારિત્ર સાથે રહેલો શુભ ભાવ જે વ્યવહાર વ્રતાદિનો એ પણ બંધનું જ કારણ છે. સમજાય છે કાંઈ? માટે શુભ ઉપયોગના ફળમાં સ્વર્ગસુખ છે અને શુદ્ધ ઉપયોગ ચૈતન્યની દૃષ્ટિ સહિતના, ચારિત્ર સહિતની અંતર રમણતા મોક્ષનું કારણ છે.

ભાવાર્થ. '**આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે.**' આટલી તો વાત સ્પષ્ટ છે. મુનિનો જે શુભ ઉપયોગ એ પણ હેય છે. કેમ કે સ્વર્ગસુખનું બંધનું કારણ છે, ધર્મ નહિ. શુદ્ધ ઉપયોગ એક જ ઉપાદેય છે. બીજું કોઈ ઉપાદેય છે નહિ.

મુમુક્ષુ :— ઈ તો મુનિને માટે, શ્રાવકને તો...

ઉત્તર :— શ્રાવકને માટે શુભ તો હેય છે. જ્યારે મુનિને હેય છે તો વળી શ્રાવકને શું છે? પૂજા, દાન, ભક્તિ એ આવી ગયુંને નીચે? દાન, પૂજા એને યોગ્ય હોય એ શુભભાવ છે. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો રાગ એ શુભ ઉપયોગ છે. અને શુભ ઉપયોગ એ બંધનું કારણ છે. નોટ છે, નોટ પંદર પાને નીચે. સમજાણું કાંઈ? ક્યાંથી આવ્યા છો તમે? ... સમજાણું કાંઈ? ભઈ, જુવાનિયાને સમજવું પડશેને આ.

આત્માને શાંતિ કેમ થાય એની આ વાત ચાલે છે. આત્મામાં શાંતિ... આત્મા પુણ્ય પાપ વિનાનો, દેહ વિનાનો આત્મા શુદ્ધ ચૈતન્યનો પૂર્ણાનંદ પ્રભુ છે. એવી અંતર્મુખ સન્મુખ થઈ પરની ઉપેક્ષા કરી અંતરમાં દૃષ્ટિમાં અનુભવમાં લઈ આત્માને અનુભવવો. એ ઉપરાંત સ્વરૂપની લીનતારૂપ ચારિત્ર થવું એ શાંતિનો ઉપાય છે. એમાં પણ જે શુભ ઉપયોગ બાકી

રહી જાય એવા ચારિત્ર સહિત, તો શુભ ઉપયોગ એટલે દયા, દાન, પૂજા ભાવ વ્રત એ શુભ ભાવથી સ્વર્ગનું સુખ એટલે પુણ્યનું સુખ મળે. ઈ કહેશે. અને શુદ્ધ ઉપયોગ, જે શુભ રાગ છૂટીને શુદ્ધ ઉપયોગની રમણતા આત્માના આનંદમાં કરે તો એના કારણથી શુદ્ધ ઉપયોગનું કાર્ય મોક્ષ મળે. હવે જરી કહે છે. ભાવાર્થ છેને ભાવાર્થ.

'**ભાવાર્થ :— જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં...**' જુઓ, ભાવાર્થ છે? '**જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં ગરમ ઘીથી દઝાય છે,...**' ગરમ ઘીથી દઝાય છે, '**તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં...**' આત્મા શુદ્ધ ચૈતન્યના આનંદમાં રમણતારૂપ ભાવ એ ચારિત્ર. એ મોક્ષનું કરનારું હોવા છતાં '**સરાગ ચારિત્રથી બંધ થાય છે.**' એમાં જેટલો ભાગ મહાવ્રતનો, પંચ મહાવ્રતનો રાગ રહી જાય એનાથી તેને બંધ થાય છે, પુણ્યબંધ થાય છે. '**જેમ ઠંડું ઘી શીતળતા ઉત્પન્ન કરે છે,...**' '**જેમ ઠંડું ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે.**' એમ આત્મામાં તદ્દન અરાગી-વીતરાગી પરિણતિની દશામાં જામી જાવું એ એક જ મોક્ષનું કારણ છે. અને શુભ ઉપયોગના ફળમાં ઊના ઘી જેવા દાઝેલા દુઃખ છે. સ્વર્ગના દાઝવાના દુઃખ છે. એ પુણ્યમાં દાઝી જાશે. સ્વર્ગના સુખને અહીંયા દાઝવું કહે છે. આ શેઠિયાના સુખ હોય, પાંચ પચાસ લાખ, કરોડપતિ જે ધૂળના એના શેઠને, ઈ કહે છે કે પૂર્વનું પુણ્ય હશે એને લઈને આ સુખ મળે છે એ દાઝેલું છે, ઊનું ઘી બળતરા કરશે. આત્માને શાંતિનું કારણ નથી. એ રાગ ભાગ પુણ્યનો, દયા, દાનનો એ પણ શાંતિનું કારણ નથી. શાંતિનું કારણ તો આત્મા સહજાનંદ શુદ્ધ પરમાનંદમૂર્તિ પ્રભુ એનો અંતર અનુભવ અને લીનતા એ એક જ શાંતિનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

'**હવે ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો...**' સંબંધ વિનાનો '**હોવાથી જે અત્યંત હેય છે...**' અત્યંત હેય છે. ઓલામાં હેય કહ્યું. સમ્યગ્દષ્ટિના, મુનિના પણ શુભભાવને છોડવા યોગ્ય કહ્યો અને શુદ્ધ ઉપયોગની રમણતા આદરણીય કહ્યો. હવે એ ચારિત્રની સાથે બિલકુલ જેને સંબંધ નથી. ઓલો તો ચારિત્રમાં હજી અપૂર્ણતા હોય તો શુભ રાગનો સંબંધ હોય. એ પણ હેય, છોડવાયોગ્ય છે. તો ચારિત્રપરિણામ સાથે સંબંધ વિનાનો હોવાથી અત્યંત હેય અશુભ ભાવ છે. પાપ ભાવ તો મહા નરકાદિનું કારણ છે. '**એવા અશુભ પરિણામનું ફળ વિચારે છે :—**' એટલે કહે છે. બારમી ગાથા.

असुहोदएण आदा कुणरो तिरियो भवीय णेरइयो।
दुक्खसहस्सेहिं सदा अभिहुदो भमदि अच्चंतं।।१२।।

**અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે**
**નિત્યે સહસ્ર દુઃખે પીડિત, સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.**

'**ટીકા :— જ્યારે આ આત્મા જરા પણ ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો...**'

નહિ પ્રાપ્ત કરતો થકો. જુઓ! આત્મામાં, વીતરાગ વિજ્ઞાનઘન સ્વભાવ આત્માનો છે એમાંથી વીતરાગી વિજ્ઞાનની પરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો '**ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો અશુભોપયોગપરિણતિને અવલંબે છે,...**' હિંસા, જૂઠું, વિષયભોગ, માંસ, દારૂ ખાવાના ભાવ વગેરે, આર્તધ્યાન, રૌદ્રધ્યાનના પરિણામ, કપટ, કુટિલ, દંભ, માયાના ભાવ એવાને અવલંબે છે '**ત્યારે તે કુમનુષ્યપણે...**' લ્યો. .. હલકા મનુષ્યપણે ઊપજે છે. કુમનુષ્યપણે. પાપના ભાવ, હિંસાના, જૂઠાના, ચોરીના, કુટિલ, કપટ, દંભ, માયા, પ્રપંચ એના ભાવના ફળમાં સમ્યગ્દર્શન વિના, સમ્યક્ચારિત્ર વિના એકલા પાપ ભાવથી કુમનુષ્યપણે દરિદ્ર મનુષ્ય હલકા રોગી આદિ સદાય રહે એવો અવતરે.

ઢોરપણે. એવા પાપના ભાવ વડે તો તિર્યંચ થાય, પશુ થાય, ઢોર થાય પાપભાવથી. '**નારકપણે...**' અને નારકી થાય નરકનો. પાપના ભાવના ફળમાં હજારો અનંત દુઃખ જ્યાં છે (ત્યાં જાશે). અરે..! એના વિચાર અને એના ભાવની એને ખબર ન મળે, એ ક્યાં જાય? હું કોણ છું? ક્યાં જઈશ? શું થશે? ક્યા પરિણામ મારા? એને કાંઈ પણ ખબર નથી. એવો પ્રાણી '**નારકપણે પરિભ્રમણરૂપ હજારો દુઃખો...**' હજારો એટલે કે લાખો, ક્રોડો, અનંતા. આ તો સંખ્યા કેટલી બાંધે? અનંત '**દુઃખોના બંધને અનુભવે છે;...**' એ પાપના ભાવથી એવું નરકનું આયુષ્ય આદિ બાંધશે કે નરકની અંદર... ઓહો..! મનુષ્યપણામાં પચ્ચીસ, પચાસ વર્ષ રહે, એ પચ્ચીસ પચાસમાં પાપભાવ કરી અને અસંખ્ય વર્ષ નરકમાં દુઃખમાં રહેવું. અસંખ્ય વર્ષ અને દુઃખ અનંત. આ એક પાંચ-પચ્ચીસ વર્ષનું વચ્ચે (આયુષ્ય) એમાં લોભ ને કષાય ને માન ને આબરૂ ને કીર્તિ ને દંભ ને કુટીલના એકલા પાપ. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એવા પાપ કરીને એ મનુષ્યપણે, ઢોરપણે અને નરકપણે ઊપજે છે. હજારો દુઃખોના બંધને અનુભવે છે એમ કહે છે. એવો જે બંધ કરશે કે એના પરિણામમાં દુઃખ જ એને મળશે. ઓહો..હો..! એક દશ, વીસ વર્ષ પાપ કરે અને અસંખ્ય અબજ વર્ષ નરકમાં દુઃખ ભોગવવું પડે. મીઠાશને આડે, વર્તમાનમાં પાપની મીઠાશ આડે ભવિષ્યમાં આનું ફળ મને શું આવશે એ વિચાર કરતો નથી. કહો, સમજાણું?

પરિભ્રમણ. દેવની વાત તો આમાં ક્યાં કરે? કારણ કે આ તો અશુભ પરિણામ છે. મનુષ્યની વળી ... વાત, હલકો મનુષ્ય લીધો. દેવનો ... થઈને હલકા દેવ થાય એની પણ વાત લીધી નહિ. એવા પાપના પરિણામ જરીએ ધર્મનું સ્થાન નહિ, સમ્યગ્દર્શનની ખબર નહિ અને એકલા પાપના આવા પરિણામ કરી ચાર ગતિ નરક, નિગોદની અંદર દુઃખો ભોગવશે. કહો, સમજાણું? એ તિર્યંચમાં નિગોદ પણ આવી જાય છે ભેગા.

'**તેથી ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી...**' ચારિત્ર સાથે પણ આનો કાંઈ સંબંધ નથી. શુભભાવનો તો ચારિત્ર સ્વભાવથી છે એનો અનુભવ, એની લીનતા, એની સાથે શુભ ભાવને તો વ્યવહારે નિમિત્તે સંબંધ કહેવામાં આવે છે. ફળ છે સ્વર્ગનું, ફળ છે

સ્વર્ગનું તો એને વ્યવહારે નિમિત્ત તરીકે કહેવાય. આ તો બિલકુલ પાપના પરિણામ લેશમાત્ર પણ ચારિત્ર સાથે અભાવ હોવાથી, '**ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી આ અશુભોપયોગ અત્યંત હેય જ છે.**' અત્યંત હેય જ છે. એ આત્માનું સમ્યગ્દર્શન શુદ્ધ પ્રગટ કરવું અને શુદ્ધ ઉપયોગ એ ઉપાદેય છે અને ચારિત્ર અને દર્શન સહિતનો શુભ ઉપયોગ એ હેય છે. અને સમ્યગ્દર્શન અને ચારિત્ર વિના એકલા અશુભ પરિણામ એ અત્યંત હેય છે. ત્રણ પ્રકાર પાડ્યા. અત્યંત હેય જ છે. એમાં કાંઈ જરીયે આત્માને ચારિત્ર સાથે પણ એને જરીયે સંબંધ હોતો નથી.

દસમી ગાથામાં નિમિત્ત વિના દરેક વસ્તુમાં કાર્ય થાય છે એમ સિદ્ધ કર્યું. ભલે નિમિત્ત હો. અગિયારમીમાં શુદ્ધ દર્શન સહિત ચારિત્રની રમણતામાં શુદ્ધ ઉપયોગ આવી જાય તો મોક્ષ થાય, શુભ ઉપયોગ રહી જાય તો સ્વર્ગ થાય, પણ એ શુભ ઉપયોગ હેય છે એમ સિદ્ધ કર્યું. દશમામાં નિમિત્ત હેય છે એમ સિદ્ધ કર્યું, અગિયારમામાં શુભ ઉપયોગ હેય છે એમ સિદ્ધ કર્યું. જ્ઞેય તરીકે ભલે નિમિત્ત જાણવામાં આવે. દરેક પદાર્થમાં જ્યારે સમય સમયની પર્યાયરૂપ કાર્ય થાય ત્યારે એક નિમિત્ત ચીજ હોય એ જ્ઞેય તરીકે, હેય તરીકે જ્ઞેય છે. સમજાણું? એમ ચારિત્રની પરિણતિ કાળે શુભ ઉપયોગ પણ હેય તરીકે જ્ઞેય છે. સમજાણું કાંઈ? છોડવાલાયક છતાં જાણવાલાયક છે. અને શુદ્ધ ઉપયોગ તો તદ્દન આદરણીય છે. અશુભ ઉપયોગ તો, એને તો જ્ઞેય છે જ નહિ જાણવાનું, એકલો હેય છે એમ બીજાઓ કહે છે. એને તો હેયની ખબર નથી. ઓલામાં તો ખબર છે. પોતાનું કાર્ય થાય ત્યારે નિમિત્ત હોય એ સમયે એ જ્ઞેય તરીકે જાણવાલાયક છે પણ ખરેખર હેય છે. એ તો જ્ઞાની કાર્યને જાણતો એને જાણે. ચારિત્રસહિતનો જે શુભ ઉપયોગ જ્ઞાની હેય તરીકે પણ એને જ્ઞેયમાં જાણે કે આ છે. અશુભ ઉપયોગને જાણનાર તો અજ્ઞાની હોય છે, ધર્મ પરિણતિ વિનાનો ... સમજાણું કાંઈ? એવા અશુભ પરિણામ નરકમાં, ઢોરમાં, કુમનુષ્યમાં રખડાવે. એવા મનુષ્યો થાય છેને, રોગી, રોગી આમ. ઊભા થાય ત્યાં કાંઈ ન મળે. મરે બિચારા ... દુઃખી.. દુઃખી.. દુઃખી. એવા શુભ પરિણામ માટે અત્યંત હેય છે એમ કહ્યું છે.

હવે આત્માના શુદ્ધ ઉપયોગનું ફળ મોક્ષ એના સુખનું વર્ણન કરે છે. '**આ રીતે આ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને (શુભ ઉપયોગરૂપ અને અશુભ ઉપયોગરૂપ પરિણતિને) અપાસ્ત કરીને...**' અપાસ્ત '**(શુભ ઉપયોગરૂપ અને અશુભ ઉપયોગરૂપ પરિણતિને) અપાસ્ત કરીને...**' એટલે તિરસ્કાર કરવું. શું કીધું? કુંદકુંદાચાર્યદેવે શુદ્ધ સમ્યગ્દર્શનની ભૂમિકામાં અને ચારિત્રની પરિણતિની ભૂમિકામાં જે શુભભાવ આવે એને અત્યંત તિરસ્કાર્યો. અશુભનો તો તિરસ્કાર સાથે છે જ. એ તો નથી. પણ ઓલો શુભ ઉપયોગને તિરસ્કાર્યો. એને હેય કીધું હતું એને અહીંયા તિરસ્કાર શબ્દ વાપર્યો. શું કહ્યું? આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના વિકાર વિનાનો એવું ભાન અને ચારિત્રની રમણતા

એટલી છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય હોવા છતાં જે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો રાગ, અહિંસા, સત્યનો રાગ થાય તે હેય છે, એ તિરસ્કાર કરવાલાયક છે. શેઠી! એમાં આવો અર્થ કર્યો છે પંડિતજીએ. અપાસ્ત કરીને-તિરસ્કારીને પછી તરછોડવું. એ શુભ ઉપયોગને તરછોડ્યો. તરછોડ્યો આપણી ગુજરાતી ભાષા છે. ... તરછોડવા જેવું છે. તરછોડવું એટલે શું છે હિન્દીમાં? તર છેને? તમ, તર. તરછોડે. અત્યંત છોડવું છેને. તરછોડવું એટલે છોડી દેવું, છોડવા લાયક છે. એ મુનિને પણ શુભ ભાવ પંચ મહાવ્રતનો આવે તે છોડવા લાયક છે એમ કુંદકુંદાચાર્યે અહીંયા નક્કી કરાવ્યું છે. નીચે છે, નોટમાં છે, ભાઈ! હેય ગણવું. એ તો આવી ગયું છે. ... દૂર કરવું. શુભને દૂર કરવું, અને અશુભ બેયને. શુભને છોડી દેવું. લ્યો. અપાસ્તનો અર્થ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... કરે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ સમસ્ત.. જુઓ! સમસ્તમાં કોઈ બાકી રહ્યો હશે શુભ અને અશુભ? સમસ્ત શુભ એમ લીધું છે ભાઈ! સમસ્ત શુભ. જેટલો શુભ છે એ બધોય અપાસ્ત કર્યો. લે, સમસ્ત. અને અશુભ. અશુભ તો હોય જ ને, એનો પ્રશ્ન ક્યાં છે? સમજાણું? સમસ્ત. જુઓ! સંસ્કૃત છે હોં માથે. '**एवमयमपास्तसमस्तशुभाशुभोपयोगवृत्तिः**' '**एवमयमपास्तसमस्त-शुभाशुभोपयोगवृत्तिः**' ઠીક! કુંદકુંદાચાર્યદેવ, આ મુનિના શુભને માટે પહેલી વાત આવી હતીને, એને ભેગા ભેળવ્યા છે અહીંયા. ધર્મપરિણતિ સહિતનો જે શુભ ઉપયોગ છે, મુનિનો શુભ ઉપયોગ છે, ભાવલિંગી સંતનો શુભ ઉપયોગ છે એ સમસ્ત શુભ ઉપયોગને અહીંયા તિરસ્કાર્યો, તરછોડ્યો, હેય ગણ્યો, દૂર કર્યો, છોડી દેવું. ઓળંગી જવું એમ કીધુંને અંદર પહેલા? ઓળંગી જઈને શુદ્ધ ઉપયોગમાં રહેવું. આવું વસ્તુનું સ્વરૂપ છે. આવે, હોય, પણ એ આત્માને મોક્ષનું કારણ, સંવર નિર્જરાનું કારણ છે એમ છે નહિ. મુનિનો શુભ ઉપયોગ તો સંવર નિર્જરાનું કારણ ખરુંને? એમ પ્રશ્ન આવે છે. સમ્યગ્દૃષ્ટિનો શુભ ઉપયોગ. કેમકે સમ્યગ્દૃષ્ટિનો ભોગ નિર્જરાનું કારણ છે. તો પછી શુભ ઉપયોગ તો નિર્જરાનું કારણ થાય, એમ કેટલાક કહે છે. એમ હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિના ભોગના પરિણામ પણ પાપ છે, છોડવાલાયક છે. એના દયા, દાન, વ્રતના પરિણામ પણ છોડવાલાયક છે, આદરણીય છે નહિ. મુનિને શુભ ઉપયોગ છોડવાલાયક છે. કારણ કે શ્રાવકને... બધામાં છોડવાલાયક છે. છૂટશે, જ્યારે સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ નિર્જરા-ફિર્જરા નથી. એ તો દૃષ્ટિની વાત કરી. ભોગ નિર્જરાનો હેતુ થાય? એ તો પાપ છે. દૃષ્ટાંત આપીને વાત કરે છે. છઠ્ઠા ગુણસ્થાનનો શુભ ઉપયોગ પણ તિરસ્કાર કરવાલાયક (છે તો) સમકિતીના ભોગના પરિણામ નિર્જરાનો હેતુ હોઈ શકે નહિ. એ તો

બીજી વાત છે. દૃષ્ટિની પ્રધાનતાનું જોર છે અને .... અલ્પરાગથી કંઈક બંધ થાય છે એને ગૌણ ગણીને દૃષ્ટિની ... ફળને ગણીને એને નિર્જરા કહેવામાં આવી છે. ભોગના પરિણામ બંધનું કારણ ન હોય તો ભોગ કરતા કરતા નિર્જરા થઈ જતી હશે! અહીં તો કહે છે, શુભ ઉપયોગ રહેશે તોપણ નિર્જરા નહિ થાય. આસ્રવ થશે અને બંધ થશે. આગળ કહેશે ઈ. સાચા સાધુની પાછળ પાછળ લેવા લાયક છે. શુભ ઉપયોગી સાધુ, સાચા સાધુ હોય ભાવલિંગી, તોપણ શુદ્ધ ઉપયોગી સાધુ અનાસ્રવી છે, એની પાછળ આ શુભ ઉપયોગીને, સમ્યગ્દર્શન ચારિત્ર સહિતવાળાને પાછળ પાછળ લેવા લાયક છે, મોઢા આગળ મૂકવા જેવા નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રસિદ્ધ છે, બંધનું જ કારણ છે. અત્યારે કોઈ કોઈ લખે છે કે જુઓ! શાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિના ભોગને નિર્જરા કહ્યું છે. મરી જઈશ. ભોગના પરિણામ તો પાપ છે. એ તો સમ્યગ્દર્શનનું જોર બતાવવા, દૃષ્ટિમાં અધિક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અસંગ છે, પવિત્ર છે એવી દૃષ્ટિ રાગથી અધિક-ભિન્ન થઈ ગઈ, એ અપેક્ષાથી અલ્પ બંધને ગૌણ કરીને નિર્જરા છે એમ કહ્યું. પણ બંધ નથી એમ નથી. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), એક આત્માનું શુદ્ધ સમકિત અને ચારિત્ર નિર્મળ અને શુદ્ધ ઉપયોગ, એ જ મોક્ષનું કારણ છે. બાકી મુનિને પણ એ શુભ ઉપયોગ હોય એ બંધનું જ કારણ છે. હવે '**(આત્મરૂપ,...**' શું કહે છે? શુદ્ધ ઉપયોગવૃત્તિને આત્મરૂપ કરતા. ઓલાનો તિરસ્કાર કરતા. શુદ્ધ ઉપયોગવૃત્તિ એટલે પરિણતિ. શુદ્ધ ઉપયોગરૂપી વૃત્તિ. પોતાનો શુદ્ધ આત્મા એના ઉપયોગની પરિણતિ એને આત્મસાત્-પોતારૂપ કરતા. ઓલાને છોડતા, આને પોતારૂપ કરતા થકા '**શુદ્ધોપયોગ-અધિકાર શરૂ કરે છે.**' શુદ્ધ ઉપયોગ અધિકાર શરૂ કરે છે. શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા કરશે. '**તેમાં (પ્રથમ) શુદ્ધોપયોગના ફળ માટે આત્માના પ્રોત્સાહન માટે પ્રશંસે છે :—**' અહો..! શુદ્ધ ઉપયોગનું ફળ મોક્ષ છે એવા શુદ્ધ ઉપયોગના ફળને આત્માના પ્રોત્સાહન, વધારવા, પુરુષાર્થની વૃદ્ધિ કરવા એને પ્રશંસે છે. ૧૩ ગાથા.

**अइसयमादसमुत्थं विसयातीदं अणोवममणंतं।**
**अव्वुच्छिण्णं च सुहं सुद्धुवओगप्पसिद्धाणं।।१३।।**

**અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.**

'**ટીકા :—**' ઓલું સ્વર્ગસુખ કીધુંને ત્યાં, એટલે હવે અહીંયા સ્વર્ગસુખને પાછળ દુઃખ કહ્યું ઓલા સુખનું, એની પાછળ હવે શુદ્ધ ઉપયોગના ફળનું—મોક્ષના સુખનું વર્ણન કરે છે. ઓહો..! અહીં તો એકલો શુદ્ધ ઉપયોગ જ મોક્ષનું કારણ છે. વચ્ચે શુભભાવ આવે એ મોક્ષનું કારણ નથી. જ્ઞાન એમ જાણે તો એ જ્ઞાન સાચું અને એ જ્ઞાન એમ માને કે આ

શુભ ઉપયોગ પણ મને લાભદાયક છે, મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ? કેવું છે આત્માનું સુખ મોક્ષમાં કે જે શુદ્ધ ઉપયોગથી પ્રગટ્યું છે? શુદ્ધ ઉપયોગથી પ્રગટ્યું છે. શુભ ભાવની પરંપરાએ સુખ પ્રગટ્યું છે એમ નથી. આત્મા તો આનંદમૂર્તિ છે, અતીન્દ્રિય રસકંદ છે, એમાં અંતરના શુદ્ધ ઉપયોગની પરિણતિ દ્વારા જે અંતર કાર્યરૂપે મોક્ષ થાય એના ફળની શું વાત કરવી? એ આનંદ સહજ આનંદ-સ્વાભાવિક આનંદ, અંદરમાં ડુંગર આનંદનો ભગવાન પડ્યો (છે) એમાંથી ઝરણા આવીને શુદ્ધ ઉપયોગ થયો એના ફળરૂપે પૂર્ણ મોક્ષના સુખની શું વાત કરવી? સમજાણું કાંઈ?

'(૧) **અનાદિ સંસારથી જે આહ્‌લાદ પૂર્વે કદી અનુભવાયો નથી...**' આહા..હા..! ભગવાન આત્મા એનું મોક્ષની દશાનું સુખ અનાદિ સંસારથી જે આહ્‌લાદ, આહ્‌લાદ, પ્રસન્નતા અનાકુળતાનો આનંદ પૂર્વે કદી એક ક્ષણ અનુભવયો નથી '**એવા અપૂર્વ,...**' એવો અપૂર્વ એમ. '**પૂર્વ કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ હોવાથી...**' પરમ અદ્‌ભુત આહ્‌લાદ. આહા..હા..! અતીન્દ્રિય આનંદ. ઈન્દ્રિય આનંદ સુખની કલ્પના છે એ નીકળી જાય તો પાછળ રહે અતીન્દ્રિય આનંદ. એ અતીન્દ્રિય આનંદની પરિપૂર્ણતા એનું નામ મોક્ષ. ઈન્દ્રિયમાં સુખબુદ્ધિનો ભાવ એનું નામ સંસાર. ઈન્દ્રિયમાં સુખબુદ્ધિનો ભાવ એનું નામ સંસાર. એ સુખબુદ્ધિનો ભાવ ટળી આત્માના આનંદમાં સુખ છે એવી બુદ્ધિ, દૃષ્ટિ થઈ એ સમ્યગ્દર્શન. અને એ પ્રગટ કરવા રમણતા કરે એનું નામ ચારિત્ર. એના ફળમાં પૂર્ણ સુખ અને આનંદ મળે એ અતીન્દ્રિય પૂર્ણ આનંદ છે.

'**પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ હોવાથી 'અતિશય'...**' છે. મહા વિશેષતાવાળું છે. એની વિશેષતાની શું વાત કરવી? સંસારમાં તો આ જેટલા ચક્રવર્તી, બળદેવ, ઈન્દ્ર સુખી કહેવાય એ તો દાઝેલા ઘી જેવા છે. બળે છે, બળે છે, બળતરા છે એમાં. બળતરા છે એમાં. અબજો કરોડો રૂપિયા અને ઈન્દ્રના ઈન્દ્રાસનમાં જેટલું લક્ષ ઈન્દ્રાણી ઉપર જાય એટલી બળતરા છે. બળતરાને શું કહે છે? જલન. જલન જલન. આહા..હા..! દુનિયા કહે છે કે સુખ કહે છે, આ કહે છે કે બળે છે, બળે છે. જલન વિનાનું સુખ એ આત્માની પૂર્ણ નિર્મળ દશા. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ' તે પામે.. તે પામે. મોક્ષના આનંદની પ્રાપ્તિ થાય 'તે પામે તે પંથ'. એવો જે મોક્ષ એનું સુખ અતિશય છે. પહેલા શબ્દનો અર્થ કર્યો, અતિશય, અતિશય.

બીજો અર્થ. '**आदसमुत्थं**'. '**આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી 'આત્મોત્પન્ન',...**' સમજાણું? શું કીધું? મોક્ષનું સુખ કેવું છે? કે આત્માના આશ્રિત એ પરિણમતું હોવાથી આત્મોત્પન્ન છે. સંસારના સુખ તો ઈન્દ્રિય અને નિમિત્તને લક્ષે ઉત્પન્ન થતા આત્મોત્પન્ન નથી, બહિરાત્મોત્પન્ન છે. ચક્રવર્તીના સુખ અને છન્નુ હજાર સ્ત્રીમાં પડેલો ચક્રવર્તીને આત્માના સુખનો અભાવ છે. એ ઈન્દ્રિયના તાણે વાણે દુઃખી થઈ રહ્યો છે. ઈ આત્મોત્પન્ન નથી.

મોક્ષનું સુખ તો આત્માના સહજ, પરના આલંબન વિના સહજ રસ પડ્યો છે આનંદનો, એમાંથી પ્રગટ થયેલું તે મોક્ષનું સુખ આત્માથી ઉત્પન્ન થયું છે. એમ કહેતા એ સુખ શુદ્ધ ઉપયોગથી આત્માથી ઉત્પન્ન થયું છે. એ મોક્ષ શુભ ઉપયોગ ને વજ્ર સંહનન ને મનુષ્યથી ઉત્પન્ન થયું નથી. મોક્ષનું સુખ તો મનુષ્યદેહ ને આ મળ્યા માટે ઉત્પન્ન થયું એમ નથી. તે શુદ્ધ ઉપયોગથી ઉત્પન્ન થયું છે. આ તો નિશ્ચયની વાત આવી. પણ ભેગું વજ્ર સંહનન હોય. અરે..! હોય એનું જ્ઞાન કરવા માટે વાત છે. સાંભળને! મનુષ્યદેહ હોય ને વજ્ર કાય હોય એનાથી મોક્ષ થાય અને કેવળજ્ઞાન થાય. એક પંડિત આવ્યો હતો (ઈ કહે), લાવો, મનુષ્ય વિના કેવળજ્ઞાન થયું હોય એવો બતાવો એક દાખલો. માટે મનુષ્યપણામાંથી ... વજ્રકાય વિના કેળજ્ઞાન થાય તો બતાવો દાખલો. હવે સાંભળને. વજ્રકાય વિના પોતાના શુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન થયું છે. આહા..હા..! એક બીજી ચીજ નિમિત્ત છે એટલે એ.. મારીને ઝઘડા એણે ઊભા કર્યા.

આત્મા એના જ્ઞાનધામમાં એકલો શાંત અને અનાકુળ રસ છે આનંદનો. એના અંતરમાં ઉપયોગ મૂકીને જે પ્રગટ થાય ઈ આનંદની શું વાત કરવી કહે છે. એ આનંદ આત્માથી ઉત્પન્ન થયેલો છે. એ રાગથી, પુણ્યથી, વિકલ્પથી, નિમિત્તથી, શરીરથી, સંહનનથી ઉત્પન્ન થયો નથી. '**આત્માને જ આશ્રય કરીને...**' ઓહો..! એટલી વાત નાખતા, મોક્ષ આત્માને આશ્રયે થાય છે. એટલે મોક્ષનું સુખ આત્માના આશ્રયે થાય, દ્રવ્યને આશ્રયે થાય એમ કહ્યું. ત્યાંથી ઉત્પન્ન થયું એમ કીધું. આહા..હા..! આત્મોત્પન્ન '**आदसमुत्थं**' '**आत्मसमुत्थं**' આત્માથી ઉત્પન્ન થયું. મોક્ષનું સુખ આત્માથી ઉત્પન્ન થાય છે. રાગ ને પુણ્ય ને નિમિત્ત ને દેહની ક્રિયા ને સંહનનની મજબુતાઈ, એ દુનિયામાં માનનારા ઘણા મળે માટે મોક્ષનું સુખ થાય, બધા ઘણા અમે એના દ્વારા સમજ્યા માટે એને મોક્ષનું સુખ થાય, હશે કે નહિ એવું કાંઈ? પોતાનો આત્મા પોતામાંથી પ્રગટ કરીને દશાને પ્રગટ કરી એવું મોક્ષનું સુખ આત્માથી ઉત્પન્ન થયેલું છે. સમજાણું કાંઈ? કથનની પદ્ધતિ જ એવી કોઈ, નિશ્ચયની સત્ય પરમ તરતું નિતરતું.

'(૩) **પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી...**' ઓલામાં અસ્તિ પહેલું સિદ્ધ કર્યું. '**પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી...**' પરાશ્રયની અપેક્ષા જ નથી એમાં. '**(—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી)...**' લ્યો ઠીક, નાસ્તિની વાત સાથે કરી. સંકલ્પ વિકલ્પનો આશ્રય નથી જેમાં. મોક્ષના સુખના કાર્યમાં સંકલ્પ-વિકલ્પનું આલંબન નથી. ભઈ, શુક્લધ્યાનમાં પણ રાગ હોય એમ કહ્યું. અને એને લઈને પણ કેવળજ્ઞાન થાય, શુક્લધ્યાનથી. પણ શુક્લધ્યાન તો નિર્મળ છે એનાથી થાય. જેટલો ભેદ ભાગ રહી ગયો એનાથી કેવળજ્ઞાન થાતું નથી. ૪૨ ભેદ આવે છે શાસ્ત્રમાં. શુક્લધ્યાનના પણ ૪૨ ભેદ છે. ઈ ભેદ દ્વારા થાતું નથી. ભેદ હોય છે તેમ જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

'**પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી)**...' જેમાં એનો કોઈ આશ્રય નથી. શબ્દના આશ્રય વિનાનું મોક્ષનું સુખ, ભગવાનની દિવ્યધ્વનિના આશ્રય વિનાનું મોક્ષનું સુખ. '**પરાશ્રયથી નિરપેક્ષ**...' એટલે અપેક્ષા કર્યા વિનાનું, પરના આશ્રય વિનાનું અને સંકલ્પ વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું. એ પરમાં બધાનું .... '**વિષયાતીત,**...' છે. એ વિષય-અતીત છે. પાંચ ઇન્દ્રિયના વિષયો અને મનનો વિકલ્પ, મૂળ તો. એના આશ્રય વિનાનું હોવાથી તે વિષયાતીત છે. પાંચ ઇન્દ્રિય અને મન એનો જે વિષય એનાથી અતીત નામ ... છે. એકદમ આત્માના આનંદમાંથી ઊછળતો ભરતી આવી ભરતી. ઈ આત્માને પરની અપેક્ષા મોક્ષના સુખ માટે નથી માટે વિષયાતીત કહ્યું.

'**(૪) અત્યંત વિલક્ષણ હોવાથી**...' અત્યંત વિલક્ષણ '**(અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું**...' ઈન્દ્રના સુખને મોટા સુખો કહ્યા.. ઓહો..હો..! ક્યાં ચક્રવર્તીના મિત્રો ઈન્દ્ર! ચક્રવર્તીના મિત્ર ઈન્દ્ર. દેવ ઉપરથી આવીને સાથે સિંહાસનમાં બેસે. છન્નુ હજાર સ્ત્રીઓ અપ્સરાઓ જેવી અને જેના શરીરમાં સુગંધ (આવે) એવી પદમણીઓ, જેની સુગંધે ભમરા એની આસપાસ ફરે. એવી છન્નુ હજાર સ્ત્રી અને મિત્ર જેને ઈન્દ્ર. સમજાય છે? પણ કહે છે, એ બધા સુખ જગતના ઉપમાલાયક છે. એ કંઈ સુખ સાચા નથી, આ અનુપમ સુખ છે કે જેને કોઈ ઉપમા (આપી શકાતી નથી). એ સુખથી કાંઈક ખરું કે નહિ? એ સુખની જાતને સિદ્ધના સુખમાં કાંઈક જાતનો વર્ગ ખરો કે નહિ? વર્ગ, વર્ગ. વર્ગ એટલે? પાંચમી ચોપડી કે છઠ્ઠી ચોપડી આવેને વર્ગ? પછી આઠમી, નવમી, દશમી એમ વર્ગની ચાલે, વર્ગ હશે કે નહિ કોઈ? ધર્મ, અર્થ ને કામ ત્રણથી એ અપવર્ગ છે. અત્યંત વિલક્ષણ. ઓહો..હો..!

વિકલ્પવાળું સુખ અને નિર્વિકલ્પ આત્માથી થયેલું સુખ, બેયની જાત જ જુદી. બેની જાત એક છે નહિ. માટે એને અનુપમ કહેવામાં આવ્યું છે. લ્યો, આ શુદ્ધ ઉપયોગને પ્રોત્સાહન આપે છે કે અહો..! શુદ્ધ ઉપયોગના ફળ આવા માટે શુદ્ધ ઉપયોગ જ આદરણીય છે. હવે કેટલાક કહે છે કે આ શુદ્ધ ઉપયોગ અત્યારે નથી. ન હોય તો ધર્મ નથી. સાંભળને. શુદ્ધ પરિણતિ નથી?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દેખાય ક્યાંથી? દેખાય તો, જે દેખનારો છે ઈ દેખે ત્યારે ખબર પડેને. બહારમાં એવું આંધળે આંધળું દેખાય. શું દેખાય એમાં? દેખનારો તો અરૂપી પોતે, એ અરૂપી ચીજનું જ્ઞાન કરે ત્યારે ખબર પડે.

'**અનુપમ**' (છે). '**(૫) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી 'અનંત',**...' સમસ્ત આગામી ભવિષ્યકાળ. હવેનો જેટલો કાળ રહે... કેટલો કાળ હશે ભૂતકાળથી ભવિષ્યકાળ. ધર્મચંદજી! કેટલો? ભૂતકાળથી કેટલા ગણો? અનંતગુણો. ભૂતકાળ,

અતીતકાળ, ગતકાળ, ગતકાળથી આગતકાળ અનંતગુણો, અનંતગુણો, અનંતગુણો, અનંતગુણો. કહો, સમજાણું કાંઈ? '**સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી...**' ઓહો..હો..! સંસારના સુખ કલ્પનાના, પાંચ પચ્ચીસ વર્ષ જુવાન રહે, પુણ્યનો ઉદય ત્યાં આ આવ્યા, ટાણા આવ્યા. અરે..રે..! બધું હારી ગયા હવે. ધૂળમાંય નહોતું સુખ, સાંભળને! કલ્પના કરીને માનેલું હતું.

ભગવાન આત્મામાંથી સુખ જે આવ્યું શુદ્ધ ઉપયોગના ફળરૂપે એવો મોક્ષ. અનંત સુખ. અનંત નામ એનો અંત નથી એમ. ભવિષ્યકાળમાં કોઈ દિ' નાશ ન પામે સુખ. પર્યાય છેને, સુખની તો પર્યાય છે. પર્યાય તો નાશ પામે કે નહિ? પ્રગટ પર્યાય... ઈ સદશ પર્યાય નીકળ્યા કરે, સદશ પર્યાય એવી ને એવી, એવી ને એવી, એવી અનંત.. અનંત.. અનંત.. દ્રવ્યનો નાશ નથી તો પર્યાયનો પણ અંત નથી. દ્રવ્ય પણ એવું ને એવું રહે, પર્યાય પણ એવી ને એવી રહે. આહા..હા..! આ અનંતમા ભાગમાં ગરી ગયો આ તો ભૂતકાળ. આખા સંસારનું દુઃખ અનંતમો ભાગ. અનંતમો ભાગ કાળની અપેક્ષાએ. કાળ અનંત અને એક સમયના સુખનું માપ અનંત. એવું સુખ એને અનંત કહેવામાં આવે છે. તે શુદ્ધ ઉપયોગનું ફળ છે.

'**(૬) અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન્ન'...**' આંતરો ન પડે. અહીં તમારે આંતરો પડે. ઘડીકમાં પાંચ વર્ષ ઠીક રહે, પાંચ વર્ષ ઓલા રહે, પાંચ વર્ષ પૈસા, પાંચ વર્ષ બાયડી વિનાના, વળી પાછા પૈસા. ... કેટલા જોયા એક ભવમાં? પહેલા પૈસા, પછી બાયડી, પૈસા નહિ, વળી પાછા બાયડી ને પૈસા. આ તે કાંઈ .... એ સંસારના સુખ આંતરાવાળા છે, વચ્ચે વિઘ્ન પડે એવા છે. આ અંતર પડ્યા વિનાનું પ્રવર્તતું અવિચ્છિન્ન. અવિચ્છિન્ન ધારા. એની ધારા આનંદની ત્રુટ ન પડે, ત્રુટ ન પડે. ધારા પ્રવાહી '**અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી...**' સુખ સુખ. અવિચ્છિન્ન નામ જેને છેદ છે નહિ. ...

'**આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું...**' અંદર પહેલો શબ્દ છે. નિષ્પન્ન થવું એટલે ઊપજવું, ફળરૂપ થવું, સિદ્ધ થવું. શુદ્ધ ઉપયોગથી નિષ્પન્ન થયેલા એટલે શુદ્ધ ઉપયોગરૂપ કારણથી કાર્યરૂપ થયેલા. લ્યો. કેવળજ્ઞાનરૂપી, આનંદરૂપી કાર્ય એનું કારણ શુદ્ધ ઉપયોગ. આ તો કારણ એક જ કહ્યું. બીજા બધા કારણોના ઢગલા પડ્યા છે એનું શું? ઓલો કહે કે પાંચ કારણ .... હવે સાંભળને. .. નાખને. અરે..! ભગવાન! પાંચ નહિ. કોઈ રીતે પણ ભૂલ કાઢીને પોતાનો કક્કો (ઘૂંટવો છે). ભાઈ! ત્યાં અભિમાન નહિ કામ આવે, બાપા! જ્યાં રાગની ગંધ નથી એને, આ આટલું મેં જાણ્યું અને આમાં આમ ન હોય, આમ ન હોય એવા અભિમાન એ એમાં કામ આવે એવા નથી.

અકષાય જ્ઞાન, આનંદ સ્વભાવ, કહે છે કે શુદ્ધ ઉપયોગ કારણથી જ મોક્ષ-કાર્ય થાય છે. એક કારણ કેમ કહ્યું? શુદ્ધ ઉપયોગ કારણથી કાર્ય થાય. કાળલબ્ધિ... હવે એમાં બધા આવી ગયા, સાંભળને. શુદ્ધ ઉપયોગથી થયું એમાં એ બધા આવી ગયા. આવે શાસ્ત્રમાં,

એ જ્ઞાન કરવા માટે (છે). આ થાય તે જ્ઞાન કરે કે આ છે. કાળલબ્ધિ થઈ ગઈ, ભવિતવ્ય... ઘણા હોય છે નિમિત્ત, ક્યાં નથી? એમાં શું છે? જ્યાં બેઠો છે એ બધું જમીન કહેવાય, આકાશ કહેવાય, ફલાણું કહેવાય, ઢીકણું કહેવાય. સાંભળને! મુખ્ય વસ્તુ જે છે શુદ્ધ ઉપયોગ કારણ છે. બાકી બધા કારણો ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અરે..! શુદ્ધ ઉપયોગ પોતાથી (થાય છે). માથે કહ્યું નહિ? **'ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો...'** જુઓ! એને પ્રાપ્ત કરતો થકો. એમ બધું આવ્યું કે નહિ? **'આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો...'** એમ આવ્યું જુઓ ૧૧માં. વર્તતો થકો અને ઓલામાં ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં શુભ ઉપયોગમાં જોડાય છે. સ્વતંત્ર.. સ્વતંત્ર.. સ્વતંત્ર. એમાં નગારા સ્વતંત્રના છે. પહેલેથી કીધું છે ઈ. બીજી ચીજ હોય છે જોડે એની કોણે ના પાડી પણ? કે દિ' નથી? પણ અહીંયા જે ખાસ કાર્ય, કારણથી કાર્ય થાય તેને અહીંયા સિદ્ધ કરવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા...'** લ્યો અહીં ઈ આવ્યું ઓલા નિષ્પન્નનું. **'આત્માઓનું સુખ છે...'** એ આત્માઓનું સુખ છે. **'માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે...'** દેખો! સર્વથા પ્રાર્થનીય છે. સર્વથા પ્રકારે એમાં ન હોય. કથંચિત્ પ્રાર્થનીય, કથંચિત્ અપ્રાર્થનીય એમ હશે? ... **'સર્વથા પ્રાર્થનીય છે (અર્થાત્ સર્વ પ્રકારે ઈચ્છવાયોગ્ય છે).'** લ્યો, આવું વસ્તુનું સ્વરૂપ (છે). જે આત્માથી ઉત્પન્ન થાય એ શુદ્ધ ઉપયોગથી પ્રગટ થયું. શુદ્ધ ઉપયોગ એને થાય કે જેને ચારિત્ર હોય એને. ચારિત્ર કોને થાય? કે જેને સમ્યગ્દર્શન હોય એને. સમ્યગ્દર્શન કોને થાય? કે જે ત્રિકાળ દ્રવ્યનો આશ્રય કરે એને. સમજાણું કાંઈ? આવું સુખ કોને થાય? કે શુદ્ધ ઉપયોગવાળાને. શુદ્ધ ઉપયોગ કોને હોય? કે જેને ચારિત્ર હોય એને શુદ્ધ ઉપયોગ હોય. ... ચારિત્ર કોને હોય? કે સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય એને. સમ્યગ્દર્શન, જ્ઞાન કોને હોય? કે ત્રિકાળ આત્માનો આશ્રય કરે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય. કહો, સમજાણું કાંઈ? આમાં ક્યાંય પરને લઈને થાય પરને લઈને, એ કાંઈ ન આવ્યું. શુદ્ધ ઉપયોગ પરને લઈને થાય એ ન આવ્યું. શુદ્ધ ઉપયોગ ન હોય અને જ્યારે ચારિત્ર (હોય) એ ચારિત્ર પણ પરને લઈને થાય એમ ન આવ્યું. એ ચારિત્ર પણ સમ્યગ્દર્શન, જ્ઞાન હોય તો થાય, સમ્યગ્દર્શન જ્ઞાન પરને લઈને થાય એમ ન આવ્યું. એ તો સ્વદ્રવ્ય.. સ્વદ્રવ્ય.. સ્વદ્રવ્ય. સમજાણું કાંઈ?

અરે..! એ તો નિરાશ્રય કહ્યોને. બિલકુલ પરાશ્રયથી નિરપેક્ષ છે, નિરપેક્ષ છે. ભઈ એમ ન હોય, સાપેક્ષ પણ હોય. કથંચિત્ સાપેક્ષ અને કથંચિત્ નિરપેક્ષ. પોતાના આત્માથી ઉત્પન્ન એ સાપેક્ષ થયો. આનંદ શુદ્ધ ચિદાનંદથી ઉત્પન્ન થયો અને પરથી નિષેધ એનું નામ અનેકાંત છે. પણ કથંચિત્ પરાશ્રયથી અને કથંચિત્ સ્વ આશ્રયથી એમ અનેકાંત ક્યાંય કર્યું નથી.

એવી અનેકાંતની વ્યાખ્યા જ નથી. નિરપેક્ષ હોય એ જૈનમાર્ગ નહિ, એમ વળી કોઈક કહેતું હતું. સાપેક્ષવાદ છે. અરે..! સાંભળને સાપેક્ષવાદ. નિમિત્ત છે એવું જ્ઞાન કરાવવા માટે ચીજ છે. ... પરનો આશ્રય નહિ, પરનો આશ્રય નહિ. અરે..! તારામાં શું ખોટ છે કે તારે પરનો આશ્રય લેવો પડે? સમજાણું? ... તમારે શું કરવા એમાં રહેવું જોઈએ? એમ વળી કહે. ... આત્મા એમ કે જો સબળો છે એને પરની શું અપેક્ષા રાખવી? માટે કરો, .. વાંધા. એમ હોય? વાંધા ઉઠાવે ... એવી વાત હોય? પોતાને પોતાનું જાળવી લેવું એ વાત બરાબર છે. પર સાથે વાંધા ઉઠાવીને ઝઘડા કરવા એ તે કંઈ માર્ગ હોય? એ વાત ... કહો, સમજાણું કાંઈ?

અહીં તો સર્વથા સુખને પ્રાર્થનીય કીધું, લો. પ્રાર્થનીય એટલે ઈચ્છવાયોગ્ય છે, ભાવના કરવાલાયક છે, આદરવાલાયક છે, એ કરવાલાયક છે અને ફળની પ્રાપ્તિ માટે શુદ્ધ ઉપયોગ આદરવાલાયક છે. અરે..! પણ ...

'**હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે :—**' ઈ પાછા આ વાત નાખે છે. ભઈ, શુદ્ધ ઉપયોગી આવા તો અત્યારે છે નહિ. ત્યારે હવે ધર્મ છે કે નહિ? પણ ઈ તો શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ કદાચિત્ ન હોય, પણ ધર્મ પરિણતિ નથી, તો ધર્મ પરિણતિ નથી તો પછી.. એમ કે એ નથી માટે શુભ ઉપયોગ જ ધર્મ પરિણતિ છે. જુઓ! આ શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા. હમણાં ગાથાઓ બહુ આવી છે બધી ચારે કોર.

'**શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે :—**' વસ્તુની સ્થિતિ શુદ્ધ ઉપયોગ ... પણ ચારિત્ર પણ ન હોય અને ચારિત્ર કદાચિત્ ન હોય પણ શુદ્ધ દર્શન પણ ન હોય કે શુભ ઉપયોગથી કંઈ થાય એ ત્રણ કાળમાં નથી. પરિણામ શુભથી ધર્મ થાય. જ્યારે શુદ્ધ ઉપયોગ ન હોય ત્યારે શુભથી થાય. એમ કોણે કહ્યું તને? શુદ્ધ ઉપયોગ ન હોય ત્યારે શુભ ઉપયોગ છે એનાથી પુણ્યબંધ થાય. એ શુભથી રહિત આત્માનું દર્શન અને સ્થિરતા જેટલી હોય એનાથી સંવર, નિર્જરા થાય. એથી શુદ્ધ ઉપયોગ નથી માટે શુભ ઉપયોગથી સંવર, નિર્જરા થાય એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ૧૪મી (ગાથા). '**હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે.**' એવા શુદ્ધ ઉપયોગથી પરિણમેલા, જોયું! પરિણમેલો આત્મા. 'परिणतात्मस्वरूपं निरूपयति '.

सुविदिदपयत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगो त्ति।।१४।।

લાવો, શુદ્ધ ઉપયોગ. શુભ ઉપયોગને તમે હેય કહો છો, શુભ ઉપયોગથી ધર્મ નથી તો લાવો શુદ્ધ ઉપયોગ, એમ કહે છે. શુભ ઉપયોગથી ધર્મ તો મિથ્યાદૃષ્ટિને પણ નથી, સમ્યગ્દૃષ્ટિને પણ નથી અને મુનિને પણ નથી. શુદ્ધ ઉપયોગની સીધી ના જ પાડે છે કે શુદ્ધ ઉપયોગ નથી. એ બધા શુભ ઉપયોગવાળા મુનિઓ છે. ... શુદ્ધ ઉપયોગીને ... આવ્યું ક્યાંથી?

પહેલો શુદ્ધ ઉપયોગ આવે ત્યારે છઠ્ઠું આવે. શુદ્ધ ઉપયોગ જ નથી તો છઠ્ઠું રહ્યું ક્યાં? અને છઠ્ઠું નથી તો ધર્મ પણ નથી. ચારિત્ર રહ્યું નહિ, ચારિત્ર રહ્યું નહિ તો થઈ રહ્યું.

**સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને**
**સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.**

અરે..! કુંદકુંદાચાર્ય પોતાના કાળમાં શુદ્ધ ઉપયોગમાં વારંવાર રમતા હતા. આ એ વખતની વાત અને પંચમઆરામાં પણ આવા હશે, એ માટે તો વાત કરે છે.

'ટીકા :— **સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' જુઓ! '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' બળ છે. બળ આમાં નથી. નવામાં છેને? ... '**सूत्रार्थज्ञानबलेन**'. પહેલો જ ... લીધો. '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' દેખો! '**સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં,...**' શું કીધું? કે સૂત્રોના અર્થનું જ્યારે જ્ઞાન એને થાય ત્યારે એમાં એ સમજે કે એ એને આવે, એમ. સૂત્રોના અર્થના જ્ઞાનનું બળ. સૂત્રો એના અર્થો એના જ્ઞાનનું બળ. જ્ઞાનનું બળ થયું એટલે શું જાણ્યું એમાં? એટલે સૂત્ર અને અર્થમાં શું કહેવામાં આવ્યું હતું એ પણ આમાં સિદ્ધ થઈ જાય છે. બરાબર છે? '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' ત્યારે એનો અર્થ કે કોઈપણ સૂત્રનો અર્થ પર અને સ્વની ભિન્નતા બતાવે તે સૂત્ર અને સૂત્રના અર્થનો મર્મ છે. એ તો બધે લાગુ પડે. કેવી કહે છે તમારે કુંચી? માસ્ટર કી, માસ્ટર કી. સૂત્રો અને એના અર્થો, એનું જ્ઞાન. ત્યારે એ સૂત્ર અને એના અર્થમાં એ જ્ઞાન આવ્યું છે અને એ કહ્યું છે કે સ્વદ્રવ્ય પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાન. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતા બતાવી છે એમાં. સ્વદ્રવ્યને પરદ્રવ્યથી લાભ થાય, પરદ્રવ્યને સ્વદ્રવ્યથી લાભ થાય એમ સૂત્ર અને અર્થના જ્ઞાનમાં આવતું નથી. બરાબર છે? શેઠી! શું કહ્યું?

સૂત્રોનું, એનો અર્થ એનું જ્ઞાન કરનારને શું જ્ઞાનમાં આવે? કે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગનું પરિજ્ઞાન. બે જુદા પાડવા છે એમાં આનાથી આને લાભ થાય તો જુદા પાડ્યા ક્યાં?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ધૂળેય કરતા નથી. આ બે જુઓને. આ બે જુઓને જુદા પડ્યા તો કેટલું હેરાન થાય છે. ઈ કરે છે, છોકરાઓ મોટા થયા આપણે બેસવું જોઈએ. ધ્યાન રાખે. ..ભાઈ! વયો ગયો? ક્યાં ગયો તમારો? સમજાણું કાંઈ?

આ સિદ્ધાંત અને સિદ્ધાંતના અર્થો, આગમ અને આગમના અર્થો. ચારેય અનુયોગ. ચારે અનુયોગના સૂત્રો અને તેના અર્થો એમાં એ નીકળે છે કે એના જ્ઞાનનું બળ વધ્યું તો એ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ પાડે, વિવેક કરે પરને જુદા, સ્વનું... એનું નામ પરિજ્ઞાન. સૂત્ર અને અર્થે કહેલા જ્ઞાનનું જ્ઞાન થયું કહેવાય. સમજાણું કાંઈ? ... '**सविदिदपयत्थसुत्तो**' એમ છે પહેલો શબ્દ. સુવિદિત—ઘણા પ્રકારે જાણ્યા છે. શું? સૂત્રોને

સારી રીતે જાણ્યા છે. **‘જેમણે (નિજ શુદ્ધ આત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે,...’** એનો અન્વયાર્થ છે. સારી રીતેનો અર્થ ઈ, એનું કહેવું છે તેમ જાણ્યું છે. ત્યારે એમને કહેવું છે કે વિભાગ કર. આ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ કર, જુદા પાડ, જુદા પાડ, જુદા પાડ. કોઈને લઈને કોને લાભ, કોઈને લઈને કોઈને નુકશાન એમ વસ્તુના સ્વરૂપમાં નથી. એવા જ્ઞાન વડે પરિજ્ઞાન કરીને, પરિજ્ઞાનમાં સમર્થ છે એ જીવ શુદ્ધ ઉપયોગને આગળ શ્રદ્ધા, ચારિત્રથી પામે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :— પ્રવચન નં. ૫૪ થી ૫૭ ઉપલબ્ધ નથી.**

**મહા વદ ૯, સોમવાર, તા. ૧૮.૨.૧૯૬૩**
**ગાથા-૧૬, ૧૭, પ્રવચન-૫૮**

૧૬મી ગાથા. ‘પ્રવચનસાર’ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞાનનું સ્વરૂપ એવું છે કે જેવું પદાર્થનું સ્વરૂપ છે એને ઈ જાણે. એમાં વિપરીત જાણે તે જ્ઞાન સાચું ન થાય. સાચું જ્ઞાન નહિ એટલે અસત્ય જ્ઞાન અને અસત્ય જ્ઞાન એટલે દુઃખદાયક જ્ઞાન. અસત્ય જ્ઞાન એટલે દુઃખદાયક.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નક્કી કરીએ.

જ્ઞાન જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાન જાણે તે સત્ય જ્ઞાન થાય. તો ત્યાં સત્ય જ્ઞાનમાં સુખ થાય. અને જેવું વસ્તુનું સ્વરૂપ છે એનાથી અસત્યપણે, વિપરીતપણે જ્ઞાન જાણે તો એમાં અસત્યપણું એટલે મિથ્યાભ્રમણા ભેળી ભળી. એટલે અસત્ય જ્ઞાન તે દુઃખદાયક છે. બાહ્ય ચીજ કોઈ દુઃખદાયક નથી, તેમ બાહ્ય ચીજ કોઈ સુખદાયક નથી. એનું સમ્યક્જ્ઞાન થવું એ સુખદાયક છે. મિથ્યાજ્ઞાન થવું એ જ એને દુઃખદાયક છે. શ્રદ્ધા ભેગી ભેગી આવી જાય છે.

એટલે અહીંયા કહે છે કે સ્વયંભૂ. સર્વજ્ઞ પરમાત્મા સ્વયંભૂ થયા. પોતાથી પ્રગટ થયા ષટ્કારકથી. કેવળજ્ઞાન...

મુમુક્ષુ :— ઈ તો ભગવાનની વાત..

ઉત્તર :— પ્રત્યેક દ્રવ્યની. ઈ આવે છે, હમણા આવે છેને આ.

કોઈપણ દ્રવ્ય બીજા દ્રવ્યને કરે કે બીજા દ્રવ્યનું કાર્ય કે બીજા દ્રવ્યને કારણ થાય કે

બીજા દ્રવ્યને આધાર આપે કે બીજા દ્રવ્યને દ્યે કે બીજા દ્રવ્યથી થાય, એ બધા કથનો વ્યવહારના છ કારકો છે. '**પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી.**' ત્રીજી લીટી. કર્મનું ફળ જીવને કર્મ આપી શકતું નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ આવે, વિપાક ફળદાન શક્તિ.

મુમુક્ષુ :— રસ દઈને ખરી ગયા.

ઉત્તર :— કોને રસ દે? એ કહે છે.

કર્મ જે સત્તામાં હતું એ પાકમાં આવ્યું એનું ફળ એણે દીધું અને એણે લીધું. એ કર્મનો વિપાક અનુભવ, એનો વિપાક જીવ અનુભવે અને આ અનુભાગ એને આપે એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

'**પરમાર્થે...**' કર્મના આઠ પ્રકાર, એમાં ૧૪૮ પ્રકૃતિ, એમાં સ્થિતિ અને અનુભાગ. એ કર્મની સ્થિતિ જીવને કાંઈ ન આપે. આયુષ્યની સ્થિતિ જીવને શરીરમાં ન રાખે. આયુષ્યની જે સ્થિતિ એનું કર્તાપણું એ આયુષ્યની પર્યાયમાં છે. એ જીવને શરીરમાં રાખે એમ કહેવું એ ષટ્કારક જૂઠા છે. આ જીવને નરકમાં જતા એ કર્મ એને લઈ જાય છે એમ જે કર્તાપણે કર્મને કહેવું એ જૂઠી વાત છે. એ પોતે જ પોતાની ષટ્કારકની તે ગુણની પરિણતિ દ્વારા ત્યાં ક્રમે ક્રમે ગતિ થાય છે. (એ) કર્મને લઈને ત્યાં જાય છે એ જૂઠા કારકનું કથન છે. ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ?

કર્મની સ્થિતિ પ્રમાણે જીવને રોકાવું પડે, કર્મની સ્થિતિ પ્રમાણે શરીરને રહેવું પડે—એ પણ ષટ્કારક વ્યવહારના જૂઠા છે. શરીર શરીરની સ્થિતિએ રહે, આત્મા આત્માની યોગ્યતા પ્રમાણે રહે, કર્મ કર્મની સ્થિતિ પ્રમાણે રહે. એકબીજાના આને લઈને આ, એ બધા અસદ્ભુત વ્યવહારનયના જૂઠા કથનો છે. શેઠી! '**પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી...**' આમાં ક્યો સિદ્ધાંત બાકી રહી ગયો? '**માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે.**' અગ્નિથી પાણી ઊનું થાય એ કથન અસદ્ભુત છે. પાણી પોતાના ષટ્કારકથી, સ્પર્શગુણના ષટ્કારકથી કર્તા, કર્મ આદિ થઈને ઉષ્ણતાપણે પરિણમે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉષ્ણતા એની કહી વ્યવહારે પર્યાયને. ઠંડો સ્વભાવ છે પણ પર્યાયધર્મ ષટ્કારકપણે ઉષ્ણ થવાનો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અગ્નિ વિના જ થાય છે. અગ્નિ પાણીને અડતી જ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એ તો આપણે સમયસારમાં આવી ગયું, ત્રીજી ગાથા. સમયસારની ત્રીજી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. સર્વ પદાર્થો '**પોતાનાં દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત**

**ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે—સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' ત્રણ કાળ ત્રણ લોકમાં. ત્રીજી ગાથા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સંયોગનો અર્થ શું? સંયોગ બીજી ચીજ હો, એનાથી અહીંયા થાય છે? એક રજકણ બીજા રજકણને અડતો નથી પછી પ્રશ્ન ક્યાં? '**एयत्तणिच्छयगदो**'. તો કર્મ આત્માને અડે છે—સ્પર્શે છે, આત્મા અગ્નિને સ્પર્શે છે, પાણી અગ્નિને સ્પર્શે છે, અગ્નિ પાણીને અડે છે એ બધા કથનો સંયોગમાં, સ્થિતિ સંયોગમાં કોણ હતી એ બતાવનાર છે. એનાથી કંઈ થાય એ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. આમાં તો એ કહ્યું જુઓ! અમૃતચંદ્રાચાર્ય. જેઓ—દરેક પરમાણુ, દરેક આત્મા અનંત ગુણોને ચુંબે છે, પોતામાં રહેલા ગુણપર્યાયને. પણ બીજા પદાર્થને ત્રણ કાળમાં છૂતો નથી, અડતો નથી, સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? એ સ્પર્શવું આદિ કહેવું એ અસદ્‌ભુત વ્યવહારનયના કથન છે.

જુઓ, કર્મ આત્માને જ્ઞાનાવરણીય ફળ આપે અને જ્ઞાનમાં હીણતા થાય, જ્ઞાનાવરણીય અનુભાગનું ફળ આપે તો જ્ઞાનની હીણતા થાય, એ કથન વ્યવહાર ષટ્‌કારકનું જૂઠું છે. જ્ઞાન પોતાને કારણે ષટ્‌કારકરૂપે પરિણતિ પર્યાયની હીનાધિકપણે આત્મા પોતાના એક ગુણની પર્યાયના ષટ્‌કારકથી પરિણમે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ નરકમાં એની યોગ્યતાથી, પોતાના ગુણની પર્યાયના ષટ્‌કારકથી જાય છે. કહે છેને, ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા છે, એને નરકમાં જાવું પડ્યું. કે કર્મને લઈને આયુષ્ય બંધાણું હતું માટે. ના, એમ છે જ નહિ વસ્તુમાં. જુઓ! અહીં શું કહ્યું?

'**વ્યવહાર છ કારકો અસત્ય છે.**' જૂઠા છે. '**તેઓ માત્ર...**' માત્ર. પાછા '**તેઓ માત્ર...**' ઉપચારથી અસદ્‌ભુત જૂઠા નયથી '**વ્યવહારનયથી કહેવામાં આવે છે.**' ત્રણ કાળ ત્રણ લોકના બધા દ્રવ્યની એક પર્યાય બીજી પર્યાયને કરે, ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. ઓહો..હો..! કર્મોએ તો ઘેરા ઘાલ્યા કર્મે બહુ, જૈનમાં. કર્મ આત્માને આપે, કર્મ આત્માને આપે અને કર્મ આત્માને આપે. સમજાણું કાંઈ? મતિજ્ઞાનાવરણીય એનો રસ મતિને આપે તો મતિજ્ઞાન હીણું પડે એ વસ્તુના સ્વરૂપમાં નથી. શ્રુતજ્ઞાનાવરણીયનો અનુભાગ પ્રગટ થાય એટલે શ્રુતજ્ઞાનને હીણું કરે એ વસ્તુના સ્વરૂપમાં નથી. કેવળજ્ઞાનાવરણીયને લઈને કેવળજ્ઞાન નથી થતું એ વસ્તુના સ્વરૂપમાં નથી. ચક્ષુદર્શનાવરણીયને લઈને અહીંયા ચક્ષુને અંદરમાં હીણપ રહે છે એમ વસ્તુસ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

આ વેદનીયને લઈને રોગ છે એ પણ ખરેખર નથી. એને કારણે રજકણનું પરિણમન એનું. એનાથી કહેવું એ અસદ્‌ભુત વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? એમ દર્શનમોહ, ચારિત્રમોહ. સંજ્વલનની તીવ્રતા હોય તો છઠ્ઠું રહે અને મંદ થાય તો સાતમું થાય. ગોમ્મટસારમાં

એમ નથી કહ્યું. એ વ્યવહારથી કથન કર્યું છે. સંજ્વલનની તીવ્રતા હોય તો છટ્ઠુ, મંદ હોય તો સાતમું. એમ નથી. અહીં પોતાની યોગ્યતાથી જ્યારે સંજ્વલનની તીવ્રતામાં હોય ત્યારે છઠ્ઠું, મંદતામાં હોય ત્યારે સાતમું. બીજી ચીજથી આમ છે ને આમ છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. એમ જ્ઞાને ઈહા અને અવાયથી નક્કી કરવું જોઈએ. ભારે વાત ભાઈ. અહીં તો શુદ્ધની વાત છે. પંચાસ્તિકાયમાં છે, છ અભિન્ન કારક વર્ણવ્યા વિકારના, વિકારના. અભિન્ન કારક છે. અભિન્ન કારકની વ્યાખ્યા શું? એ તો અભિન્ન છે. પણ અભિન્નનો અર્થ શું? ભિન્ન (વસ્તુ) એને કાંઈ કરતું નથી. વિકારમાં ... થઈને પોતે જ પોતાના પરિણમનથી એક સમયના પર્યાયમાં ષટ્કારકરૂપ કાર્યમાં પરિણમી રહ્યું છે. બીજાથી કાર્ય થાય એમ કહેવું જૂઠા, જૂઠા વ્યવહારના કારકથી છે.

મુમુક્ષુ :— ... દયાનો ભાવ છે એ પણ જૂઠા વ્યવહારનું?

ઉત્તર :— જૂઠો. કીધું હતુંને એક ફેરી? પાળિયાદનો એક હતો ભુવો ભુવો. એનો સુરધન હતો જૂઠો. સુરધન સમજો છો? સુરધનને શું કહે છે? વડીલ. મરી ગયા હોયને. એ ભુવો હતો. એ જૂઠો હતો. જૂઠો ડોસા થઈ ગયા હશે, જૂઠો ડોસો. જૂઢો ડોસો. ડોસાનું નામ જૂઠો. ... પછી અહીં વ્યાખ્યાનમાં આવે. પોષા કરે. પણ તું આ ભુવો? આ પોષા કરે અને આ શું? મહારાજ! હું તો ધૂણતા કહું છું કે જૂઠો છું. પણ જૂઠો છું એટલે? ... ઓલા શું સમજે? કોણ છે? હું જૂઠો. એટલે ઓલા સમજે કે વડીલ જૂઠો છે ઈ આવ્યો છે. આ કહે કે હું જૂઠો. વીસાશ્રીમાળી પાળિયાદમાં હતા. ઓલા ભુધરભાઈ, વીસાશ્રીમાળી હતા ભુધર ભુધર. કીધું, ભુવા! આ તમે શું કરો છો? તો કહે, હું તો ધૂણતા વખતે કહું છું, કોણ? જૂઠો. પણ જૂઠો તો તારો સુરધન છે, એનો તો તું ભુવો છે. એ લોકો તો એમ સમજે કે આપણા જૂઠા વડીલ આવ્યા, સુરધન. ધૂણવામાં આવ્યો. હું તો કહું છું, જૂઠો છું, હું ખોટો છું. આ બનેલી વાત છે પાળીયાદમાં. પાળીયાદમાં ભુધરભાઈ વીશાશ્રીમાળી ... સમજાણું? ભુધરભાઈ હતા, ગુજરી ગયા એ તો.

એમ કહે છે કે ષટ્કારક કહે છે કે અમે ધૂણીએ છીએ, પણ જૂઠા છીએ. અમે પરમાં કાંઈ કરતા નથી. ...ભાઈ! આહા..હા..! પાણીથી ચોખા ચડે. એ વ્યવહારના કારક જૂઠા છે. આવી વાત..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ ચોખો ચોખાથી ચડે. ચોખાનો એક રજકણ એમાં ષટ્કારકના પરિણમને એમાં જે સુંવાળી પર્યાય થવાની હોય, સુંવાળી, કડક હતી કડક એની સુંવાળી (દશા થઈ), એના એ પરમાણુ પોતે ષટ્કારકે પરિણમીને સુંવાળી થાય છે. પાણીને લઈને ચોખો ચડ્યો એ જૂઠા કારકથી કથન છે. વસ્તુ ખોટી છે. ખોટીને સાચી માનવી એ જ્ઞાનમાં ભ્રમણા છે. આહા..હા..! વાડીભાઈ!

આ પેટ્રોલથી મોટર ચાલે એ જૂઠી વાત છે, એમ કહે છે. એની તકરારું કરે છે... આપણે આવ્યું છેને વસ્તુવિજ્ઞાનમાં, વસ્તુવિજ્ઞાનસારમાં. આ ચાપડીનો અને ... બે દાખલા અમારે હોય. .. આ ચાપડી એને લઈને ચાલે. નહિ. કે નહિ. આંગળી વિના ચાલે? અરે..! સાંભળને. આંગળી આંગળીમાં રહી ગઈ. એના ષટ્કારકથી એ પોતે એક એક સમયની પર્યાયમાં પરિણમી રહી છે. આંગળીને લઈને આમ ઊંચી થઈ એ ષટ્કારક જૂઠા છે. સમજાણું કાંઈ? પેટ્રોલને લઈને મોટર ચાલે એ કથન ષટ્કારકના જૂઠાના છે. મોટર પોતાની પરમાણુની એક એક સમયની જે પર્યાય ક્ષેત્રાંતર, રૂપાંતર ક્રિયાવર્તીથી જે સમયે થાય તે તેનાથી થાય છે. નિમિત્તથી થાય કહેવા એ ષટ્કારક જૂઠા છે. વસ્તુની સ્થિતિ ત્રણ કાળ ત્રણ લોકમાં આમ છે. કહો, સમજાણું કાંઈ? ..ભાઈ! તમારી મોટરું પેટ્રોલ વિના ચાલે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... મોટર-બોટર કે દિ' હતી એની? અને શરીર પણ નથી, રજકણ પણ નથી, કર્મ પણ એના નથી. આ વસ્તુ એવી છે.

શાસ્ત્રમાં એમ આવે લ્યો, નારકીને ત્રણ શરીર-વૈક્રિયક અને તેજસ અને કાર્મણ. મનુષ્યને ત્રણ શરીર—ઔદારિક, કાર્મણ અને તેજસ. દેવને ફલાણું. એ બધા કથનો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. કોઈને શરીર-ફરીર આત્માને હોતા નથી. કહો, સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વાંધા કાઢે, વાંધા કાઢનારા તો કાઢે જને. આ જુઓને શું કહે છે? જયચંદ્ર પંડિત પોતે કહે છે, મૂળ પાઠમાં ફાવ્યું ન હોયને તો એ કાઢી નાખે. આત્મા કેવળજ્ઞાનપણે પરિણમે, પોતે આમ કર્તા થઈને પરિણમી રહ્યો છે. પૂર્વની પર્યાયને લઈને નહિ. પોતે કર્તા થઈ કર્મરૂપે-કાર્યરૂપે, કરણ-સાધન થઈને, લઈને દઈ, પોતામાંથી કાઢીને પોતાને દઈ, પોતાના ધ્રુવમાંથી લઈ, ધ્રુવ ટકી રહેવા છતાં પોતાને આધારે અને પોતાથી ત્યાં થઈ રહ્યું છે. એમ ત્રણે કાળ ત્રણ લોકમાં એક એક દ્રવ્યનું સમય સમયમાં એક એક ગુણના ષટ્કારક સમય સમય સ્વયંસિદ્ધ પરિણમી રહ્યા છે. ત્રણ કાળમાં બીજું કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ તો મોટો વાંધો ઉઠાવે છે હમણા તો ઓલા લોકો નહિ? આ શરીરથી આટલા કામ થાય, ઈ તો આત્માનો ગુલામ છે. એમ લખ્યું છે. શરીર તો આત્માનું ગુલામ છે. જેટલા આપણા કામ કરીએ એટલા આપણને ઉપકાર કરે, આપણે એને ઉપકાર કરીએ. અરે..! ભગવાન! ઓલું ઉપકાર આવે છે ખરુંને, તત્ત્વાર્થસૂત્રમાં. ઉપકાર એટલે કાર્ય વખતે નિમિત્ત હોય એને ઉપકાર કહેવામાં આવે છે. ઉપકાર-ફુપકાર કોઈ કોઈને કરે એવી વસ્તુમાં ચીજ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'તેઓ માત્ર...'** ઉપચાર. એ ઉપચાર પાછો, તે પણ અસદ્ભુત પાછો. એવા **'વ્યવહારનયથી કહેવામાં આવે છે.'** નિશ્ચયથી સાચી રીતે સત્યના પ્રવાહના જ્ઞાનથી જુઓ

તો 'કોઈ **દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.**' કાંઈ સંબંધ નથી. સંબંધ કેવા? પરસંબંધો નિષેધઃ. આવે છેને સમયસારમાં? એક દ્રવ્ય બીજા દ્રવ્યને સર્વ સંબંધ નથી. નિશ્ચય કારકોને... દાખલા આ બધા જેટલા લેવા હોય એટલા બધા છે. સમજ્યા કે નહિ? ... જ્ઞાન થાય. આમ લખાય? લખવામાં કેટલું જોઈએ. પુસ્તક જોઈએ, ફલાણું જોઈએ, આ જોઈએ. તમે કેટલા સાધનથી લખી રહ્યા છો અને કહો કે ના, ના કાંઈ થાતું નથી. એમ આવે છે ઓલામાં. પત્રોમાં આવે છે ટીકા. પંડિતજી ઉપર પણ ટીકા બહુ આવે છે. લેખક, પંડિતજી લેખક છે. ઈ કહે છે કે સોનગઢનું અમે માનતા જ નથી. પોતે લેખક છે, હું આનો કર્તા છું એમ પોતે કહે છે. હું આ પુસ્તકનો લેખક છું માટે કર્તા થઈ ગયા. માટે સોનગઢ કહે છે કે કોઈનો કર્તા નથી એ વાત એમના હૃદયમાં નથી. છાપામાં આવ્યું હતું છાપામાં. બીજાને સમજાવે છે કે આમ સમજો એટલે સામાની ક્રમબદ્ધપર્યાય એ માનતા નથી. ફક્ત પોતે સામાની વાત કહે છે, એણે માની છે નહિ. આહા..હા..! સ્વતંત્ર છેને. હવે એનો દાખલો આપે છે.

'**નિશ્ચય...**' નામ સાચા '**કારકોનું...**' નામ ખરેખર જે કર્તા, કર્મ હોય એનો દાખલો. '**આ પ્રમાણે છે :**' સાચા કર્તા-કર્મનો દાખલો આ છે. '**માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે—પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે...**' કુંભાર કર્તા કહેવો એ અસદ્‌ભુત ઉપચરિત અસદ્‌ભુત-જૂઠા કારકથી છે. એ ભારે કઠણ જગતને પડે છે. કુંભાર વિના ઘડા થાય? કુંભારનો અભાવ એમાં છે ત્યારે ઘડો એના ભાવથી થાય છે. કુંભારની પર્યાયનો એમાં અભાવ છે અને ઘડાની પર્યાયના ભાવથી ઘડો થાય છે. નહિ કે કુંભારને લઈને થાય. ત્રણ કાળમાં થતો નથી. કહો, સમજાણું આમાં? રોટલી કોઈ રીતે અગ્નિથી ચડતી નથી એમ કહે છે.

મુમુક્ષુ :— બળી તો જાય છે.

ઉત્તર :— પોતાથી. કોનાથી બળે છે? અગ્નિથી? પોતાની પર્યાયને કારણે ષટ્‌કારક પરિણતિથી એ જાતની બળવાની પર્યાયનો કારક એ પોતે છે. તાવડી કે અગ્નિ નહિ? બિલકુલ નહિ. કઠણ પડે જગતને પણ હવે... પ્રવીણભાઈ! પાણી ગાળી શકે નહિ આત્મા. પાકા ગળણે ગાળવા પાણી. એમ કહે છેને? શું કહેવાય એને? ડબલ રાખવું, ફલાણું રાખવું. આ કહે કે પાણી એક ટીપું આમાં ગળે એ આત્માનું કાર્ય નહિ.

મુમુક્ષુ :— ગળશે નહિ.

ઉત્તર :— કોણ ગળતો હતો તો નહિ ગળે? સ્વતંત્રપણે માટી ઘડાના કાર્યને પહોંચી વળે છે. કાલે કીધું હતુંને. ... એ પોતે પહોંચી વળે છે તે સમયે તેના કાર્યને. તે સમયે એ જ કાર્ય હતું.

'**પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે...**' અને ઘડો તેનું કામ છે. '**અથવા, ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે;...**' લ્યો. એ માટી પોતે કર્મરૂપે

અભિન્ન થઈ ગઈને અભિન્ન.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... વાત કરી. પાઠમાં નાખ્યું છેને. પોતે પ્રાપ્ત હોવાથી ... પોતે કહ્યું છેને અંદર. '(૨) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી (-પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો,...**' પોતે જ આત્મા છે. કર્મ પોતે જ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? અરે..! આટલા મેં કામ કરી દીધા ને આટલા એણે ન કર્યા, એ વાત જ રહેતી નથી. '**ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે;...**' એ માટીનું કર્મ અને માટી પોતે કર્મ. ખલાસ થઈ ગયું. કુંભારનું કાર્ય એ તો નહિ, પણ કાર્ય માટીનું એ પણ ભેદ પડી ગયો. માટી પોતે જ કાર્ય છે. આહા..હા..! વસ્તુસ્થિતિ એવી છે એમાં તમે... ઓલાએ કહ્યું છે, ભાઈ! કહ્યું છે કે નહિ? આપ્તમિમાંસામાં સમંતભદ્રાચાર્યે. નિત્ય-અનિત્ય આદિ થઈને... અરે.. જીવો! પોકાર કરો તો કરો, વસ્તુ તો આવી છે. સમંતભદ્રાચાર્યે આપ્તમિમાંસામાં કહ્યું છે. નિત્ય-અનિત્ય, એક-અનેક, ભાવ-અભાવ એવી વસ્તુનો વિરોધ કરો તો કરો, પોકાર કરો તો કરો પણ વસ્તુમાં બીજી ચીજ નથી. સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આ એમાંથી લખ્યું છે. એનો અર્થ કરીને. નિત્ય-અનિત્ય, એક-અનેક છે આમ કેમ હોય? એમ કેમ? કે છે. એ વસ્તુ પોકારે છે. પણ બીજાને લઈને પોકાર કરે કે આ વિરુદ્ધ છે રે વિરુદ્ધ. તારાથી એ વિરુદ્ધ છે, વસ્તુમાં વિરોધ નથી.

'**ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે;...**' રોટલીની પર્યાય લોટથી અભિન્ન હોવાથી લોટ પોતે રોટલી છે. તાવડીથી રોટલી થઈ એ વાત સાચી નથી એમ કહે છે. આત્માથી કર્મ બંધાય, વાત જૂઠી છે. આત્માએ કર્મ બાંધ્યા, આત્માએ કર્મ ભોગવ્યા બધી વાત જૂઠી છે. ઓહો..હો..!

મુમુક્ષુ :— અહીં જૂઠા ઝાઝા છે.

ઉત્તર :— જૂઠાં કથન જ ઝાઝા હોય. એ તો કહ્યું, હસ્તાવલંબ જાણીને ઘણા કથનો વ્યવહારના કહ્યા છે પણ એનું ફળ સંસાર છે. શરીર નહિ સાબિત થાય એમ લોકો કહે છે. કારણ કે શરીર તો અનંતા રજકણનું શરીર છે. કર્મ નહિ સાબિત થાય, જો એક દ્રવ્ય બીજા દ્રવ્યને ભેગુ નહિ માનો તો, એમ કહે છે કે લોકો. કર્મ તો અનંતા પરમાણુનો સમૂહ છે. સાંભળને, એક એક પરમાણુમાં કર્મ થવાની પર્યાયની યોગ્યતાથી થયેલો છે. બીજા પરમાણુને કારણે નહિ. એક એક પરમાણુમાં વર્તમાન વિકાર થવાની પર્યાયમાં હોં, દ્રવ્ય-ગુણમાં નથી, પોતે પર્યાયમાં વિકાર થવાની પોતાને કારણે થયેલો છે, બીજાને કારણે બિલકુલ (નહિ), બીજા પરમાણુને કારણે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે પોતે જ કાર્ય છે. કોણ? એ માટી પોતે જ કાર્ય છે. એમ દરેક પદાર્થ, પદાર્થે કાર્ય કર્યું એમ કહેવું અને એ પોતે, પદાર્થ પોતે જ કાર્ય છે. ત્રણ કાળના પદાર્થ પોતે જ કાર્ય છે એમ સિદ્ધ થયું. દરેક અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ પોતે જ કાર્ય છે. નિગોદનો જીવ રહે નિત્યનિગોદમાં એ કર્મને લઈને ત્યાં રહ્યો છે એમ નથી. ભાવકલંક પહુરા. એનો ભાવકલંક પ્રચુરરૂપી કાર્ય એ પોતે જીવ જ કાર્યરૂપે થઈ ગયો છે એટલે જીવ જ એ કાર્યરૂપ છે. કર્મને લઈને નહિ, કાળને લઈને નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે;...**' એમ પ્રત્યેક આત્મા વિકાર, અવિકારપણે પરિણમે એનું એ કાર્ય કહો અથવા પોતે જ કાર્ય કહો, પોતે જ કાર્ય કહો. વસ્તુ જ કાર્ય. સમજાણું કાંઈ? એમ શરીરમાં, વાણીમાં, મનમાં (લઈ લેવું). આનો ત્યાગ છે, આનો ત્યાગ છે. મોટા પાણીના વહેણ આમ ચાલતા હતા ઈ આમ ફેરવી નાખ્યા માણસોએ. આ બનાવ્યા બંધ. બંધ બધા બાંધ્યા. દાખલા આપે છે. ભાઈ હવે દાખલા અનંતા છે, તું સાંભળને. સંયોગથી તું વાત કરે છે, વાસ્તવિક સ્વભાવથી વાત સમજતો નથી. દરેક પરમાણુ તે તે કાળે આમ ફરવાનો હોય એ આમ (પોતે ફરે છે). મોટા પાણીના વહેણ આવ્યા તો આમ કર્યું તો પાણી આમ ગયું. જુઓ! અક્રમ થઈ ગયું કે નહિ? અક્રમ થયું કે નહિ? અને બીજાથી થયું કે નહિ? ત્રણ કાળમાં અક્રમે પણ નથી અને બીજાથી થયું પણ નથી, લે. સમજાય છે? દાખલા આપે છે ઓલા ...

અહીં કહે છે, જેમ ઘડો માટીથી અભિન્ન હોવાથી પોતે કાર્ય છે. એમ કર્મ પોતે પોતાના કાર્યરૂપે થયેલું પુદ્ગલ પોતે જ કર્મ છે. એમ શરીરની અવસ્થા થઈ છે આ, એ શરીર પોતે જ એ અવસ્થારૂપ છે. પુદ્ગલનું કાર્ય તો પુદ્ગલ જ છે, એમાં બીજું કોઈ છે નહિ. આ કાર્ય આત્માનું છે જ નહિ ત્રણ કાળમાં. સમજાણું? એમ વાણીનો પર્યાય એ વાણી પરમાણુનું કાર્ય થયું. પરમાણુ પોતે કાર્યરૂપ છે. પરમાણુ જ કાર્યરૂપ છે. બસ ખલાસ. ભાષાની પર્યાયરૂપ પરમાણુ જ પોતે કાર્યરૂપ છે. સમજાણું આમાં? વસ્તુ એમ છે.

અહીં જ્ઞાનતત્ત્વ અધિકાર છે. વસ્તુ એમ છે. એમ જ્ઞાનમાં જાણે તો એ જ્ઞાન સાચું કહેવાય. ત્રીજો. '**પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે જ કરણ છે;...**' લો, સાધન. પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે કરણ નામ સાધન છે. અને જીવ વિકાર પોતાના પરિણમન-પરિણતિ વિકાર કરે માટે પોતે સાધન છે. એમ નિર્મળ વીતરાગ પર્યાય પણ પોતે કરણ-સાધન કરવાથી પરિણમે છે એટલે પોતે સાધન છે. વ્યવહાર-ફ્યવહાર સાધન નથી એમ કહે છે. નિશ્ચય મોક્ષમાર્ગરૂપે પરિણમન એ પોતાના કરણ-સાધન વડે પરિણમે છે, કોઈ વિકલ્પ વ્યવહાર હતો માટે પરિણમે છે એમ વસ્તુમાં નથી. કારણ કે જેમ બીજું નિમિત્ત છે એમ વ્યવહાર પણ નિમિત્ત છે અંદર. જેમ એક પદાર્થના કાર્ય કાળે બીજું નિમિત્ત કહેવામાં આવે એ કારક નથી, એમ નિશ્ચય પરિણતિ

કાળે વ્યવહાર છે એ પણ અંતરનું નિમિત્ત છે. એ પણ અહીં કારક અને કર્તા સાથે બિલકુલ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? પોતે જ પરિણમન સ્વભાવ શુદ્ધ ચૈતન્યપ્રભુ, અહીં માટીનો દાખલો છે, પોતાના પરિણમનથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાયપણે ઉત્પાદપણે, વ્યય પોતે ઉત્પાદપણે તે નિર્મળની પર્યાયપણે ઊપજે છે. એના વખતનો વિકલ્પ કે પૂર્વનો વિકલ્પ એના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉત્પાદપણે પરિણમાવે છે સાધન થઈને (એમ) વસ્તુમાં છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પોતે જ દ્રવ્ય ભેખ ધારણ કરે છે. દ્રવ્યનો ભેખ એટલે દ્રવ્ય જ પોતે એનો ભેખ છે. બસ ખલાસ થઈ ગયું. અનંતા પરમાણુઓ, અનંતા આત્માઓ. અસંખ્ય કાળાણુઓ વાંધા તો આ બેના જ છે ને. સમજાણું? આહા..! પરમ સત્ય તો આ છે. આ પરમ સત્ય આ છે. ઓલી જૂઠી વાતું છે. ઓહો..હો..! આવી વસ્તુસ્થિતિ છે.

'**પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે જ કરણ છે;...**' કરણ નામ સાધન. '**માટીએ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું...**' એ કર્મ આત્માને આપે એ વાત નથી એમ કહે છે. આત્માએ આત્માને રાગ આપ્યો, આત્માએ આત્માને વીતરાગ પર્યાય આપી, આત્માએ આત્માને શાંતિ આપી, આત્માએ આત્માને શાંતિ આપી. કર્મ એને શાંતિ આપે અને ફળદાન થાય, એવો કર્મનો અનુભાગનો પ્રભાવ પડે, પ્રભાવ પડે. પ્રભાવની વ્યાખ્યા શી? કર્મનો અનુભાગ, પ્રભાવ પડે. એમ શાસ્ત્રમાં આવે કોઈ કોઈ ઠેકાણે. પ્રભાવની વ્યાખ્યા શું? શું પર્યાય ન્યાં ગરી જાય છે અંદર? એકબીજા તો અડતા નથી. કહે છે કે પોતાના... '**માટીએ ઘડારૂપ કર્મ પોતાને જે આપ્યું...**' એમ વિકારનું પરિણમન કરીને જીવે પોતાને આપ્યું. કર્મની પર્યાય થઈને કર્મે પોતાને આપી, પોતામાં રહી. આત્માને કાંઈ કર્મ આપતું દેતું નથી. કહો, સમજાણું કાંઈ?

આવે છેને, સમયસારમાં. આયુષ્યકર્મને લઈને જીવે, આયુષ્યકર્મને લઈને મરે. અરે..! એ તો બીજો નથી કરી શકતો એટલું બતાવવા વાત કરી છે. સમજાણું કાંઈ? એના જીવન-મરણ, સુખ-દુઃખ એના કર્મને લઈને—એમ જે કહ્યું એ પણ બીજાને જુદો પાડવા કહ્યું છે. એના આયુષ્ય પ્રમાણે એ જીવે, આયુષ્ય પ્રમાણે મરે, આત્મા ત્યાં રહે—એ બધા વ્યવહાર ષટ્કારકના જૂઠા કથનો છે. આહા..હા..! ઓલા દાખલા આપે ઈ. જુઓ, કર્મની ના પાડે છે આ સોનગઢવાળા. આમાં કહ્યું કુંદકુંદાચાર્યે. આયુષ્ય હોય તો જીવે, આયુષ્ય ન હોય તો મારે, સુખ-દુઃખ થાય, એના કર્મને લઈને સુખ-દુઃખ (ભોગવે). જુઓ! કર્મ પરદ્રવ્ય છે કે નહિ? એને સુખ-દુઃખ આપે છે કે નહિ? અરે..! પ્રભુ! એમ નથી ભાઈ! એ તો તું એને દઈ શકતો નથી એટલો જુદો પાડવા એ વાત કરી છે. એના કર્મનું નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જુદા કરીએ ત્યારે કર્મને લઈને અહીંયા સુખ છે, કર્મને લઈને દુઃખ છે એ પણ વાત

સાચી નથી, બિલકુલ જૂઠું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમાંથી ઈ કાઢે છે. આવે છેને, પ્રત્યક્ષ જોઈએ છીએને. અરે..! ભગવાન! શું કરે છે તું? આહા..હા..!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— પણ એ તો અશાતા અશાતામાં રહી. કોઈ બીજું ગરીને થયું છે? એમાં અશાતાએ શું કર્યું? અંતરમાં જે દ્વેષભાવ આવ્યો ... આ ઠીક નહિ, એ પોતાની પર્યાયથી થયો છે. શું શરીરને કારણે થયો છે? રોગને કારણે થયો છે? કર્મને કારણે થયો છે? સમજાણું કાંઈ? બહુ ઝીણું ભાઈ. આ તો જુઓને, જયચંદ્ર પંડિતે ખુલાસો કર્યો છે. ગૃહસ્થાશ્રમના પંડિત. ગૃહસ્થાશ્રમના પંડિત જયપુરવાળાએ ખુલાસો કર્યો છે. તમારા ગામવાળા આ પંડિત હતા. ... જોવે ત્યારેને કે આ શું છે. વસ્તુ એવી છે. પોકાર કરો તો કરો તમારા ઘરે, વસ્તુમાં બીજી પરાધીનતા નથી.

**'માટી પોતે જ સંપ્રદાન છે;...'** લ્યો. એ માટી પોતે સંપ્રદાન. પોતાને દીધું, લીધું એ ભેદ પાડીને (કહ્યું નહિ), પણ માટી પોતે સંપ્રદાન. **'માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તો ધ્રુવ રહી તેથી પોતે જ અપાદાન છે;...'** ધ્રુવ તો કાયમ રહ્યું. નાશ થતાં એનો કંઈ અભાવ થઈ ગયો નથી. પૂર્વ પર્યાયનો નાશ થતા ધ્રુવનો નાશ થયો નથી. માટે પોતે જ અપાદાન છે. **'માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો...'** થી, થકી છેને. આનાથી થયું એમ. માટીથી ઘડો થયો, કુંભારથી નહિ. વેલણથી રોટલી નહિ, રોટલી રોટલીથી થઈ છે. રાગ દ્વેષ જીવે કર્યા તો કર્મ થયું એમ નહિ. ઈ એમ કહે છે, રાગ-દ્વેષ ન કરીએ તો કર્મ કેમ નથી થતા? અને રાગ-દ્વેષ કરીએ તો કર્મ થાય, ન કરીએ તો ન થાય. એટલો તો પરાધીન છે કે નહિ? અરે..! સાંભળ! એમ નથી. રાગ-દ્વેષ તારા તારામાં (અને) ત્યાં પરમાણુમાં કર્મ થવાની યોગ્યતાવાળા જે રજકણ છે એને લઈને ત્યાં પર્યાય થઈ છે, એના ષટ્કારકથી થઈ, તારા રાગને લઈને નહિ. વસ્તુ આ રીતે છે એમાં બીજું લાવે ક્યાંથી? ... મેળવવું નથી અંદર. એ ચીજ એવી સ્વતંત્ર છે. કહો, સમજાણું આમાં?

**'માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો...'** કોઈ કુંભારના આધારે નહિ, માટીના આધારે નહિ, પૃથ્વીના આધારે નહિ, કોઈના આધારે નહિ. આધારમાં વાંધા ઉઠે છેને? પંડિતજીએ દાખલો આપ્યો ઘીનો. એમાં વાંધા. નહિ, ખોટું છે. હવે સાંભળને. એક એક રજકણ પોતાને આધારે ટકી રહ્યો છે. એકે એક. શું કહેવાય ઈ? હથોડીના આધારે નહિ. એક રજકણ બીજાને અડતો નથી ત્રણ કાળ ત્રણ લોકમાં, પછી પ્રશ્ન (ક્યાં)? અમૃતચંદ્રાચાર્ય પોકાર કરે છે ત્રીજી ગાથામાં.

एयत्त णिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।

બીજાનો સંબંધ કહેવો વિખવાદ, સંવાદ ઊભો થાય છે. એક પરમાણુ બીજાને અડે નહિ, એક આત્મા બીજાને અડે નહિ, એક પરમાણુ આત્માને અડે નહિ, એક આત્મા બીજા આત્માને અડે નહિ. ભારે કઠણ જગતને. આ સોઈ છેને સોઈ? સોઈ વાગેને અહીં? સોઈ. કહે છે કે સોઈ અહીં અડતી નથી એમ કહે છે અહીં. ચામડીમાંથી લોહી નીકળ્યું, આ છરી (વાગી). એ છરી આને અડી નથી. અડી જ નથી અને ત્યાં લોહી નીકળે છે એ પોતાની પર્યાયના પરિણમનને કારણે નીકળે છે. આહા..હા..! એઈ..! ... એનામાં શું થયું? ... કહે છે કે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. વસ્તુની સ્થિતિ, સ્વયંસિદ્ધ વસ્તુનો સ્વભાવ તે માટીએ પોતાના આધારે કામ કર્યું. માટી પોતે જ આધાર છે.

'**આ રીતે નિશ્ચયથી...**' એટલે ખરેખરથી. નિશ્ચય એટલે ખરેખરથી, સાચેસાચથી, એમ. નિશ્ચયથી એટલે સાચેસાચથી '**છ યે કારકો એક જ દ્રવ્યમાં છે.**' સાચેસાચથી જો કહીએ એમ કહે છે. સાચા થઈને જો તમે જાણો તો છએ કારકો એક દ્રવ્યમાં પોતાથી છે. સાચો થઈને જાણ તો. સાચું તત્ત્વ એવું એમાં છે. '**પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી...**' દેખો! અહીં તો સહાયનો અર્થ કર્યો જયચંદ્રજી પંડિતે પોતે. ખરેખર એક દ્રવ્ય, ત્યારે કોઈ કહે કે દ્રવ્ય (કહ્યું છે). પણ ઈ પર્યાયની વાત છે અહીં. એક દ્રવ્યની પર્યાયને બીજા દ્રવ્યની પર્યાય કંઈ સહાય કરી શકતી નથી. ત્યારે કહે છે, ઈ તો દ્રવ્ય નહિ. ઓલું દ્રવ્ય મૂક્યું છેને. એ દ્રવ્યનો અર્થ અહીં પર્યાય છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પડ્યા છે, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પડ્યા છે. વાત તો એકબીજાને મદદમાં પર્યાય હોય. એક દ્રવ્યની પર્યાય બીજા કાંઈ નથી કરી શકતી હોવાથી '**અને દ્રવ્ય પોતે જ...**' ... રજકણ અને આત્મા '**પોતે જ...**' કર્તા, '**પોતાને...**' કર્મ, '**પોતાનાથી,...**' કરણ, '**પોતાને માટે,...**' સંપ્રદાન '**પોતાનામાંથી...**' અપાદાન '**પોતાનાનમાં...**' આધાર. એ '**કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ...**' છ કારકો જ '**પરમ સત્ય છે.**' ઠીક. ઓલામાં જૂઠા કીધા હતા. આહા..હા..! સમજાય છે? અસત્ય એટલે જૂઠા. '**આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.**' એ સિવાય સાચું છે નહિ. અરે..! પણ એને ... થઈ જાય છેને, ટકરાઈ જાય છેને. ... અત્યાર સુધી આપણે આ બધું કર્યું ઈ? મૂકને હવે, ભૂલ થઈ હતી એમ કહેને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું પ્રત્યક્ષ? કોને પ્રત્યક્ષ કહેવું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અડે છે એ કોણે દેખ્યું? અંદરમાં ત્યાં પરમાણુમાં પર્યાય થાય છે જોઈ? કે છરીથી થઈ એમ જોયું? આચાર્ય કહે છે કે ઘડો કુંભાર કરે છે એમ અમને પ્રતિભાસતું

નથી. માટી ઘડો કરે એમ પ્રતિભાસે છે. આ દાખલો લઈએ. જુઓને! અહીં છરી છે અને આ છે. હવે એણે જોયું શું? આ છરી આમ ચાલતી જોઈ માટે અહીં થાય એમ જોયું કે નહિ એણે? અહીં પરમાણુમાં અહીં કાંઈક થાય છે એમ કેમ ન જોયું? અહીંયા પરમાણુમાં કાંઈક થાય છે એમ કેમ ન જોયું? અને છરી આમ આમ ચાલે માટે અહીં થાય એમ જોયું તો એની દૃષ્ટિમાં ભૂલ છે. પ્રત્યક્ષ કરતા જ આવડ્યું નથી એને.

દરેક દ્રવ્ય ત્યાં ભિન્ન ભિન્ન અસ્તિ રહીને કામ કરી રહ્યા છે એમ ન જોતા, ભિન્ન દ્રવ્ય આને લઈને અહીં થાય એ પ્રત્યક્ષ રહ્યું ક્યાં એને? બધી એકતાથી માનેલી વાત છે, પ્રત્યક્ષ છે જ ક્યાં એને. પ્રત્યક્ષ તો જ્ઞાન છે. ખરેખર તો જ્ઞાન જે છે એ વિકલ્પ છે અને નિમિત્ત છે માટે થાય છે એમ નહિ, એમ જ્યાં જ્ઞાનમાં ભાન થયું ત્યાં જ્ઞેય, શાસ્ત્રો, શબ્દો અને રાગ એમાંથી જ્ઞાન નહિ, જ્ઞાનનો પર્યાય જ્ઞાન. એટલે જ્ઞાનના પર્યાય સાથે વિકલ્પ સામે નિમિત્ત હોવા છતાં એનાથી નહિ, એમ જ્યાં જોયું, બધા જગતના પદાર્થ તેના નિમિત્ત અને એના સાધન વિના પોતાથી થઈ રહ્યા છે. એક સિદ્ધાંતે બધાનો નિકાલ કરી દીધો. સમજાણું કાંઈ?

અહો...! જ્ઞાનની પર્યાય એ પોતાથી થઈ છે, રાગથી નહિ, નિમિત્તથી નહિ, કર્મથી નહિ. અભાવ છે એમાં. એમ થયું એટલે સંયોગથી નહિ. જ્ઞાનનો પર્યાય સંયોગ, રાગથી નહિ, નિમિત્તથી નહિ. બધા જગતના પદાર્થ સંયોગથી નહિ, પોતાથી થઈ રહ્યા એ સિદ્ધાંત એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? એ વાત જ્યાં સુધી અંદર બેસે નહિ ત્યાં સુધી સંયોગની દૃષ્ટિ ખસે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ત્યારે કાર્ય વિનાનું રહ્યું?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— બસ, વાત એટલી છે. અને કોઈ દ્રવ્ય નકામું છે? નકામું એટલે? કાર્ય વિનાનું રહ્યું છે? કાર્ય વિનાનું રહ્યું નથી તો બીજાએ કર્યું શું એમાં? પોતે કાર્ય વિનાનું નથી, સામું કાર્ય વિનાનું નથી. એના કાર્યનો બીજો કર્તા એ વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળમાં છે નહિ. કહો, સમજાણું?

'**આ નિશ્ચય છ કારકો...**' ક્રિયાના કારકો 'જ' પાછું. જોયું? આ જ. ભાઈ! અનેકાંત કરો. આ ષટ્કારક કથંચિત્ નિશ્ચય સાચા અને વ્યવહાર ષટ્કારક કથંચિત્ સાચા. એમ નથી કહ્યું. જુઓ! '**આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.**' બીજા વડે કથંચિત્ સત્ય છે એમ નથી. ઓલા સર્વથા જૂઠા છે, આ સર્વથા સાચા છે. એમ છે. સમજાણું કાંઈ?

'**ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી...**' દેખો! ઉપર્યુક્ત (અર્થાત્) ઉપર કહ્યું તે રીતે દ્રવ્ય નામ વસ્તુ '**પોતે જ પોતાની**

**અનંત શક્તિરૂપ સંપદા...**' પોતાની શક્તિની સંપદાથી '**પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે;...**' ત્રણ કાળ ત્રણ લોકમાં સમય સમયના કાર્ય પોતાથી થઈ રહ્યા છે. બે કારણ જોઈએ, બે કારણ જોઈએ ઓલો કહે છે. હવે સાંભળને, ઈ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા માટે વાત છે. નિશ્ચયમાં તો એક જ કારણ છે. વ્યવહાર કારણ તે અભૂતાર્થ છે. લો. ... બે બે છે. નિશ્ચયકારણ, વ્યવહારકારણ. વ્યવહાર અભૂતાર્થ છે. એક જ કારણ ખરું છે.

જે દ્રવ્ય '**પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય...**' દરેક દ્રવ્ય પોતાનું કાર્ય '**નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી.**' જરીયે નિમિત્ત મદદ કરી શકતું નથી એમ કહ્યું અહીં તો. બાહ્ય સામગ્રી કહો કે નિમિત્ત કહો. નિમિત્ત એને કાંઈ. કાંઈમાં અકિંચિત્કર આવ્યું કે નહિ? ના, ના. કાંઈક-કિંચિત્ કરે કહે છે, કિંચિત્ કરે છે. '**તેને બાહ્ય સામગ્રી...**' એટલે નિમિત્ત '**કાંઈ મદદ કરી શકતી નથી. માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે.**' એમ દરેક પર્યાયને માટે સમજવું. આત્માની પૂર્ણાનંદની પ્રાપ્તિ એને માટે બાહ્ય નિમિત્ત આવા મળે અને આપણે મેળવીએ, આપણે મેળવીએ એ વાત જ તદ્દન નિરર્થક છે.

'**શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ...**' શુદ્ધ ઉપયોગમાં લીન '**આત્મા પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.**' પોતાને જ કારણે પોતે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાનાવરણીયનો ક્ષય થાય માટે કેવળજ્ઞાન થાય, જ્ઞાનાવરણીય ક્ષયાત્ એ બધા નિમિત્તના કથનો છે. કેવળજ્ઞાનારણીયનો ક્ષય થયો એની પર્યાયમાં, વ્યય થઈ ગયો. અહીં પોતાને કારણે ઉત્પાદ થયો. એના વ્યયને કારણે અહીં ઉત્પાદ નહિ. સ્વતંત્ર પદાર્થ અનંત છે તેને અનંત રાખતો નથી. અનંત છે પદાર્થ એને એક સમય અનંત રાખે તો અનંતના કાર્ય એક સમયના પોતપોતાના કાર્યમાં પરિણમી રહ્યા છે, ... થઈ ગયા એમાં. અનંત અનંતપણે ક્યારે રહે? એકબીજાના મદદ વિના પોતાના ષટ્કારકથી સમયમાં પરિણમન થાય તો અનંત અનંતપણે રહેશે. નહિતર અનંતની સંખ્યા (રહેશે નહિ), બધું નાશ થઈ જશે.

'**તે આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી...**' જુઓ! '**અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે; પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન...**' પોતાનું કાર્ય છે. એ કેવળજ્ઞાન પોતાનું કાર્ય અથવા કેવળજ્ઞાન જ કાર્ય છે, ઈ પાતે આત્મા જ કાર્ય છે, આત્મા જ કાર્ય છે. કેવળજ્ઞાન આમ થાય, ફલાણાથી આમ થાય, કેવળજ્ઞાનની પ્રકૃતિ ઘટે તો થાય. અરે..! ભાઈ! એ બધા વચનો નિમિત્તનું જ્ઞાન કરાવવાના હતા. વાસ્તવિક સ્થિતિની મર્યાદા વસ્તુમાં આ છે. '**અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે**

**જ કર્મ છે;...'** ઈ પોતે જ—આત્મા જ કેવળજ્ઞાનરૂપી કાર્ય છે. આત્મા જ પર્યાય છે એમ કહે છે. આત્મા જ પર્યાય છે, એમ. આત્માએ પર્યાય કરી પણ ઈ આત્મા જ પર્યાય છે એમ કીધું અહીં તો. આત્મા જ પર્યાય છે, લો. આત્મા જ કાર્ય છે. સમજાણું કાંઈ?

**'પોતાના અનંત શક્તિવાળા પરિણમનસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે...'** દેખો! ઈ સાધન ... સાધકતમ શબ્દ છેને? **'કેવળજ્ઞાન કરતો હોવાથી આત્મા પોતે જ કરણ છે;...'** પોતે જ સાધન છે. બીજો કોઈ સાધન-ફાધન નથી. **'પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી...'** લ્યો. **'આત્મા પોતે જ સંપ્રદાન છે;...'** કોઈને દાન દેતો-લેતો આત્મા નથી, કહે છે. ઓહો..હો..! એવો જબ્બર .. કે બીજા બધા દ્રવ્યને સ્વતંત્ર... મારી આશા તારે નહિ અને મને આશા તારી નહિ. તુંપણ પરિપૂર્ણ અને હુંપણ પરિપૂર્ણ. આપણે સ્વાધીન. પોતે પરાધીન માને તો બધાને પરાધીન માન્યા. પોતાને સ્વાધીન માન્યો તો બધાને સ્વાધીન માન્યા. જેવો હું એવો તું અને જેવો તું એવો હું, જાઓ! કોઈ કોઈને આધીન છે નહિ. પોતાને જ કેવળજ્ઞાન આપતો હોવાથી પોતે જ સંપ્રદાન છે. દાન દાન. પોતે પોતાને પરિણમીને દીધું, પોતે લીધું. સમય એક જ છે હોં!

**'પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને...'** અપાદાન. પૂર્વના ચાર જ્ઞાન હતા, બે-ત્રણ-ચાર, દૂર કરીને **'કેવળજ્ઞાન કરતો હોવાથી...'** કેવળજ્ઞાન પ્રાપ્ત કરતો હોવાથી **'પોતે સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી...'** ત્રિકાળ જ્ઞાન તો એવું ને એવું રહ્યું. પર્યાય ગઈ તો કાંઈ વયો ગયો નથી, ખાણ નથી ગઈ, ખાણ તો એવી ને એવી છે, ખાણ તો એવી ને એવી પડી છે. **'પોતે જ અપાદાન છે; પોતાનામાં જ અર્થાત્ પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે.'** આને એકાંત નિશ્ચય કહે છે લોકો. અરે..! એકાંત નિશ્ચય છે રે, એકાંત નિશ્ચય છે. એનાથી થાય અને આનાથી થાય, તો અનેકાંત કહેવાય. ઈ તો ફૂદડીવાદ થયો, અનેકાંત ન થયું.

મુમુક્ષુ :— આનાથી થાય અને આનાથી ન થાય તો અનેકાંત કહેવાય.

ઉત્તર :— તો અનેકાંત કહેવાય. આનાથી થાય, નિમિત્તથી ન થાય. ત્યારે તેને અનેકાંત અસ્તિ-નાસ્તિને ભગવાને દેખ્યું એમ છે. અનંત શક્તિઓને અનેકાંત નથી કહેતા, પરસ્પર વિરુદ્ધ શક્તિને અનેકાંત કહે છે. સમજાણું કાંઈ?

**'પોતાનામાં જ અર્થાત્ પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે.'** એને પોતાને આધારે જ કેવળજ્ઞાન કર્યું છે. કોઈનો આધાર નહિ. શરીરનો, વાણીનો, મનુષ્યદેહનો, અરે..! સંહનનનો-વજ્રકાય (એનો આધાર નહિ).

મુમુક્ષુ :— દિવ્યધ્વનિનો તો ખરો.

ઉત્તર :— દિવ્યધ્વનિનો ક્યાં, વજ્રકાય નજીક પડી એનો આધાર નથી.

**'પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે. આ**

રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ'...' એમાં કાઢ્યું છે. સ્વયંભૂ. બસ એમાંથી કાઢ્યું છે. સ્વયંભૂ પોતે છે. 'અથવા,...' હવે ઉત્પાદ. એક શબ્દ હતો ખરોને ટીકામાં. 'અનાદિ કાળથી અતિ દઢ બંધાયેલાં (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ) દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિકર્મોને નષ્ટ કરીને...' નિમિત્તનું જ્ઞાન કરાવે છે. 'સ્વયમેવ આવિર્ભૂત થયો... ' પોતાની મેળાએ પ્રગટ ભગવાન પરમાત્મપર્યાયપણે થયો. 'કોઈની સહાય વિના પોતાની મેળે જ પોતે પ્રગટ થયો તેથી તે 'સ્વયંભૂ' કહેવાય છે.' લ્યો. બહુ સરસ વાત! સોળમી ગાથા સોળ આનાની વાત છે!! કેવળજ્ઞાન સોળ આના થઈ ગયુંને પૂર્ણ અને અહીં પૂર્ણ (થયું). સોળમી ગાથામાં સ્વયંભૂ. બધા દ્રવ્યો સ્વયંભૂ જાઓ.

હવે જરી કહે છે, જે પર્યાય ઉત્પન્ન થયો એ હવે નાશ ન થાય. અને જે પર્યાય નાશ થયો એ ઉત્પન્ન ન થાય. એ વાત હવે સિદ્ધ કરે છે. ઉત્પન્ન થયો પર્યાય, હવે નાશ ન થાય. ઉત્પન્ન થયો ઈ થયો. અને વ્યય થયો જે અશુદ્ધ એ નાશ થયો ઈ થયો, ઈ નાશ થયો ઈ ઉત્પન્ન ન થાય ફરીને. સમજાણું કાંઈ? એ ૧૭મીમાં કહે છે.

**भंगविहूणो य भवो संभवपरिवज्जिदो विणासो हि।**
**विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवाओ।।१७।।**
**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.**

એનો ઉપોદ્‌ઘાત. 'હવે આ સ્વયંભૂને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું...' કેવળજ્ઞાન કીધું 'અત્યંત અવિનાશીપણું અને કથંચિત્ (કોઈ પ્રકારે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું વિચારે છે :—' શું સિદ્ધ કર્યું? જે આત્મા પોતાના ષટ્‌કારકે પરિણમીને પોતાની પર્યાય પ્રગટ કરી, કરી એ કરી હવે એનો વ્યય કોઈ દિ' થાય નહિ. ઈ ઉત્પાદ સમયનો છે અને બીજે સમયે વ્યય થાય ઈ અહીં સિદ્ધ નથી કરવું. એ શુદ્ધિ જે પ્રગટ થઈ એનો હવે ફરીને નાશ ન થાય. એવી ને એવી ધારા ચાલુ રહ્યા કરે એ વાત સિદ્ધ કરવી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વાત અહીં સિદ્ધ નથી કરવી. એ વાત નથી, એ પછી કહેશે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કરશે. બસ.

'ટીકા :— ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને...' એટલે કેવળજ્ઞાન પામેલા આત્માને 'શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો...' શુદ્ધ ઉપયોગના પ્રસાદથી થયેલું કેવળજ્ઞાન. શુદ્ધાત્મસ્વભાવ શુદ્ધ ઉપયોગના પ્રસાદે થયું છે. વ્યવહાર શુભ રત્નત્રય અને નિમિત્ત ને સંહનનથી થયું નથી. 'શુદ્ધાત્મસ્વભાવે (શુદ્ધાત્મસ્વભાવરૂપે) ઉત્પાદ...' દેખો હવે. એ શુદ્ધ ઉત્પાદ સ્વભાવ થયો, શુદ્ધ ઉત્પાદ સ્વભાવ થયો 'તે, ફરીને તે રૂપે પ્રલયનો

**અભાવ હોવાથી,...**' ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી, એમ. '**તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી,...**' સદશતા જે પ્રગટી કેવળજ્ઞાન એનો નાશ હવે થાય નહિ. પર્યાય ભલે નવી થાય, એ પ્રશ્ન નથી અહીં. ઉત્પાદ તે '**भंगविहूणो**' છેને પાઠમાં, જુઓને. '**भंगविहूणो य भवो**' વ્યય વિનાનો ઉત્પાદ, એમ. વ્યય વિનાનો ઉત્પાદ. ઉત્પાદ તો છે પણ વ્યય વિનાનો. હવે વ્યય નથી. અને વ્યય થયો એ ઉત્પાદ વિનાનો. આમ બે શબ્દ ... નાખ્યા. ...ભાઈ! કોઈ કહેને, ભાઈ! કેવળજ્ઞાન થયું, મોક્ષ થયો વળી પાછા સંસારી થાય. ભગવાનને... 'યદા યદા...' આવે છેને? ઈ કહે છે કે ના, ના. વસ્તુમાં એમ નથી, સાંભળને! જે પર્યાય ઉત્પન્ન થઈ એ હવે વ્યય થાય નહિ. '**भंगविहूणो य भवो**' દેખોને, પાઠ. કેવો શબ્દ છે. '**भंगविहूणो य भवो**' એ ભવ નામ પર્યાય જે થઈ એ ભંગ વિનાની થઈ, હવે એનો વ્યય કોઈ દિ' થાય નહિ.

'**ઉત્પાદ તે, ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી, વિનાશરહિત છે;...**' ઉત્પાદ થયો તે વિનાશરહિત છે. એ ઉત્પાદનો પર્યાય કોઈ દિ' નાશ થઈને હવે અશુદ્ધ થઈ જાય એમ છે નહિ. એટલી વાત છે. સમજાણું કાંઈ? જુઓ! પર્યાય પૂર્ણ જ્યાં પ્રગટી, હવે કહે છે કે વ્યય થાય નહિ. એની એ ધારા સાદિ-અનંત, સાદિ-અનંત (રહે). સંસારપર્યાય હતી અનંતમા ભાગની, અનંતમા ભાગની અને આ પર્યાય અનંત અનંતગુણી. એક જ જ્ઞાનગુણની જે અનાદિ-સાંત પર્યાય અનંતમા ભાગની હતી, અને પછી અનંતગુણી થઈ ગઈ. અનંત.. અનંત.. અનંત.. અનંતગુણી. પણ ઈ કહે છે કે ઉત્પાદ થયો ઈ થયો, એમાં ભંગ થાય નહિ એમ કહે છે. એમ ને એમ દ્રવ્ય જેમ કાયમ રહે છે, એમ એનો એ પર્યાય ઉત્પન્ન થયો એ એવીને એવી જાતનો કાયમ રહે. એનો વ્યય થાય અને ફરીને અપૂર્ણ થાય કે સંસારપર્યાય થાય એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**અને (તે આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો) જે અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ...**' દેખો! શુદ્ધ ઉપયોગના પ્રસાદથી થયેલો. શું? '**અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ...**' શુદ્ધ ઉપયોગથી થયેલો શુદ્ધાત્મસ્વભાવ ઉત્પાદ એનો નાશ નહિ અને જે શુદ્ધાત્માના પ્રસાદથી થયેલો અશુદ્ધ આત્મસ્વભાવનો વિનાશ. શુદ્ધ ઉપયોગના પ્રસાદથી વ્યવહાર અશુદ્ધ ઉપયોગનો નાશ થયો છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગના પ્રસાદથી થયેલો અશુદ્ધ આત્મસ્વભાવ, અશુદ્ધ આત્મા એટલે વ્યવહારરત્નત્રય આદિના જે વિકલ્પ ભેદ હતા એ. એ બધા શુદ્ધ ઉપયોગના પ્રસાદથી અશુદ્ધનો વિનાશ, વિનાશ થયો એ થયો, ઉત્પાદ વિનાનો. એ વિનાશ થયો એ થયો ઉત્પાદ વિનાનો, એનો ઉત્પાદ કોઈ દિ' થાય નહિ. એનો હોં! '**તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી,...**' જે વિનાશ થયો એનો ફરીને ઉત્પાદ છે નહિ તેથી '**ઉત્પાદરહિત છે.**' તે વ્યય તે ઉત્પાદરહિત છે. પહેલો ઉત્પાદ તે વ્યયરહિત છે, આ વ્યય તે ઉત્પાદરહિત છે. બે (વાત) સિદ્ધ કરી. વાત સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધાત્મ સ્વભાવથી જે ઉત્પન્ન થયો એ વ્યય વિનાનો છે હવે, એનો નાશ કોઈ દિ' નહિ. અને શુદ્ધાત્મ ઉપયોગ દ્વારા અશુદ્ધ ઉપયોગનો જે નાશ થયો એ નાશ ઉત્પાદરહિત છે. એ નાશ થયો ઈ થયો, હવે ઉત્પન્ન થાય ઈ ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? **'આથી (એમ કહ્યું કે) તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે.'** દેખો! બે વાત કરી. સિદ્ધપણે અવિનાશી છે. સિદ્ધપણે ઉત્પન્ન થયો એનો વ્યય નહિ, અશુદ્ધતાનો નાશ થયો તેનો ઉત્પાદ નહિ અને સિદ્ધપણે અવિનાશી. **'આમ હોવા છતાં તે આત્માને ધ્રૌવ્ય, ઉત્પાદ અને વિનાશનો સમવાય વિરોધ પામતો નથી,...'** એક સમયમાં ત્રણ પ્રકારનો એમાં વિરોધ થતો નથી. ઓહો..હો..! **'આત્માને ધ્રૌવ્ય, ઉત્પાદ અને વિનાશનો સમવાય...'** નામ ... એક સમયમાં ત્રણ વિરોધને પામતા નથી. **'કારણ કે તે વિનાશરહિત ઉત્પાદ સાથે,...'** વિનાશરહિત ઉત્પાદ સાથે. એ કેવળજ્ઞાન જે ઉત્પન્ન થયું એ વિનાશરહિત અને **'ઉત્પાદરહિત વિનાશ સાથે...'** અને વિનાશ થયો તે ઉત્પાદરહિત એની સાથે **'અને તે બન્નેના આધારભૂત દ્રવ્ય...'** બન્નેના આધારભૂત વસ્તુ એના **'સાથે સમવેત (તન્મયપણે જોડાયેલો—એકમેક) છે.'** છેલ્લો સરવાળો કર્યો. ઉત્પન્ન થાય તે વિનાશરહિત અને વિનાશ થયું તે ઉત્પન્નરહિત અને ધ્રુવ સહિત. ઉત્પન્ન થયો તે વિનાશરહિત, વિનાશ થયો તે ઉત્પાદરહિત અને ધ્રુવસહિત. ત્રણેનો સમવાય એક સમયમાં વિરોધપણાને પામતો નથી. એવી જ વસ્તુની સ્થિતિ અને મર્યાદા છે. એમ જ્ઞાનમાં બરાબર લાવવું જોઈએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૦, મંગળવાર, તા. ૧૯.૨.૧૯૬૩**
**ગાથા-૧૭, ૧૮, પ્રવચન-૫૯**

આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. ૧૭મી ગાથાનો ભાવાર્થ. જ્ઞાન, આત્માનો ત્રિકાળ સ્વભાવ એનું સ્વરૂપ જ્ઞાન છે. એવું અંતર ભાન થઈને શુદ્ધ ઉપયોગના અંતર આચરણ દ્વારા જેણે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે એવા ભગવાન ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. સમજાણું? સર્વજ્ઞસ્વભાવ પ્રગટ થયો એ પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે. કેવળજ્ઞાની કે સિદ્ધ ભગવાન. ... એવો જ જ્ઞાનનો સ્વભાવ છે એમ જ્ઞાન જાણે છે.

'**ભાવાર્થ :— સ્વયંભૂ સર્વજ્ઞભગવાનને...**' પોતે પોતાથી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું એવા સ્વયંભૂ. સર્વજ્ઞ ભગવાન, ત્રણ કાળનું જ્ઞાન જેને મહિમાવંત ... એમને જે શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો, એમને શુદ્ધાત્મ નામ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે કદી નાશ પામતું નથી. શુદ્ધ પૂર્ણ દશા પ્રગટ થઈ એ કદી નાશ પામતી નથી. '**તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે;...**' જે ઉત્પાદ કેવળનો થયો, હવે એનો નાશ છે નહિ. વિનાશ વિનાની ઉત્પત્તિ. સંસાર આદિમાં તો ઉત્પાદ થાય ગતિનો અને વળી વિનાશ થાય. આ તો ઉત્પાદ થયો એ થયો. અંતરના શુદ્ધ ઉપયોગ દ્વારા કેવળજ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ એ ઉત્પાદ નવી દશા થઈ, એ વિનાશરહિત છે, એનો કોઈ દિ' વિનાશ નથી.

'**અને અનાદિ અવિદ્યાજનિત...**' અનાદિ અજ્ઞાનજનિત '**વિભાવપરિણામ એક વાર સર્વથા નાશ પામ્યા પછી...**' એક વાર સર્વથા નાશ પામ્યા પછી '**ફરીને ઊપજતા નથી...**' એ વિકાર ફરીને ઉત્પન્ન થતો નથી. '**તેથી તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે;...**' સંસારનો વિનાશ થયો તે ઉત્પાદ વિનાનો. ફરીને ઉત્પન્ન થાય એવું એમાં હોઈ શકે નહિ. કહો, સમજાણું? કેટલાક કહેને, પરમાત્મા થયા પછી પણ સંસારનો ઉત્પાદ થાય. જગતમાં અવતાર ધારણ કરે. એ વસ્તુને સમજ્યા નથી. વસ્તુ એક વાર સંસાર-વિભાવનો નાશ થયો એ ઉત્પાદ ફરીને થાય જ નહિ.

'**આ રીતે અહીં એમ કહ્યું કે સિદ્ધપણે તેઓ અવિનાશી છે.**' સિદ્ધપણે તેઓ અવિનાશી છે. ઉત્પાદ થયો એ એમ ને એમ રહેશે, વ્યય થયો એ એમ ને એમ રહેશે. વ્યય થયો ઈ થયો. એ રીતે સિદ્ધપણે પરમાત્મદશા, પરમાનંદની દશા તે સદાય રહે છે. એમ તેઓ અવિનાશી છે એમ કહ્યું. '**આમ અવિનાશી હોવા છતાં...**' સિદ્ધપર્યાય અવિનાશી હોવા છતાં '**તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે;...**' એમાં પણ ઉત્પાદ-નવી અવસ્થા થઈ, જૂની ગઈ અને ધ્રુવપણું રહ્યું. '**કારણ કે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે,...**' સિદ્ધપર્યાય અને કેવળજ્ઞાનની પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે. એ પર્યાય અનાદિ નહોતી, નવી થઈ. '**અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે...**' પૂર્વની મલિન પર્યાયની અપેક્ષાએ વિનાશ '**અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે.**' આવું સર્વજ્ઞપદ જેને શ્રદ્ધામાં આવે એને અલ્પ કાળમાં સંસાર મુક્ત થઈને મુક્તિ થાય એમ કહેવા માંગે છે. આવું સર્વજ્ઞપદ—જે જ્ઞાનની પૂર્ણ દશા ઉત્પન્ન થઈ તે થઈ, સંસાર ગયો તે ગયો, ધ્રુવ બેને આધારભૂત રહ્યું એવું સિદ્ધપદ કે સર્વજ્ઞપદ આત્મામાં જેને શ્રદ્ધામાં આવે એને અલ્પજ્ઞતા અને રાગનો નાશ થઈ અને સર્વજ્ઞ અને વીતરાગપદની પ્રાપ્તિ થાય અને ધ્રુવપણું એમ ને એમ રહે. કહો, સમજાણું? એના પછી ગાથા એ નાખી જયસેનાચાર્યે. એમ કે આવી રીતે સર્વજ્ઞનું સ્વરૂપ (જેને બેસે) એને અલ્પ કાળમાં મુક્તિ થાય. સમજાણું કાંઈ? છેને એમાં? છેલ્લે છે. '**अथ तं पूर्वोक्तसर्वज्ञं ते मन्यन्ते ते सम्यग्दृष्टयो भवन्ति,**

**परम्परया मोक्षं च लभन्त इति प्रतिपादयति–**' એ શ્લોક નવો છે આમાં. આમાં નથી, એની અંદરમાં છે.

तं सव्वट्ठवरिट्ठं इट्ठं अमरासुरप्पहाणेहिं।
ये सद्दहंति जीव तेसिं दुक्खाण खीयंति।।१।।

ઈન્દ્રોના પૂજનીક સર્વજ્ઞ પરમાત્મા એવી સર્વજ્ઞની દશા પૂર્ણતા ઉત્પન્ન થઈ તે હવે નાશ ન થાય. સંસાર અવસ્થાનો નાશ થયો તે ઉત્પન્ન ન થાય એવું ધ્રુવ તત્ત્વ એની જે અંતરમાં શ્રદ્ધા કરે એને તરત જ સમકિત થાય, અલ્પ કાળમાં કેવળજ્ઞાન થાય. કહો, સમજાણું કાંઈ? તે માટે આ બતાવ્યું છે. હવે ૧૮મી.

'**હવે ઉત્પાદ...**' નવી અવસ્થાનો ઉત્પાદ થયો ભગવાન સિદ્ધને, જૂની સંસાર અવસ્થાનો વ્યય, બેયના આધારભૂત દ્રવ્ય ધ્રૌવ્ય રહ્યું. '**સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી...**' એ તો દરેક દ્રવ્યને વિષે હોય છે. કોઈ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ન હોય એમ હોઈ શકે નહિ. માટે '**સર્વ દ્રવ્યોને સાધારણ...**' હોવાને કારણે '**શુદ્ધ આત્માને (કેવળીભગવાનને અને સિદ્ધભગવાનને) પણ...**' તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જરૂર '**અવશ્યંભાવી છે એમ વ્યક્ત કરે છે :—**' સિદ્ધને ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ જ કહે છે કે દ્રવ્યનો સ્વભાવ એવો છે. જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સર્વ દ્રવ્યને માટે સાધારણ છે, એકરૂપ છે. સિદ્ધ ભગવાન પણ નવી, નવી, નવી અવસ્થાપણે ઉત્પન્ન થાય, જૂની જાય છે. કેવળજ્ઞાન જે ઉત્પન્ન થયું તે બીજે સમયે નાશ થાય, પહેલા સમયનું જે નાશ થાય, બીજે સમયે (બીજું) ઉત્પન્ન થાય, ધ્રુવપણે (કાયમ રહે). સિદ્ધને એમ છે હજી. ઉત્પાદ અને વ્યયે સિદ્ધને પણ છોડ્યા નહિ? નેમિદાસભાઈ! શું કીધું? વ્યવહાર નહિ, દ્રવ્ય એવું છે. દ્રવ્યનું સાધારણ કીધુંને. સર્વ દ્રવ્યોને સાધારણ. એ વસ્તુ નવી.. નવી.. નવી.. નવી.. સમયે સમયે સિદ્ધ ભગવાનને પણ કેવળજ્ઞાન નવું નવું થયા કરે. જૂનું કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય નાશ થાય અને ધ્રુવપણું કાયમ રહે. એ ૧૮મી ગાથામાં કહે છે.

**उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स।**
**पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो।।१८।।**
**ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્ભૂત કરે. ૧૮.**

'**ટીકા :— જેમ ઉત્તમ સુવર્ણને...**' સોનું ઊંચુ લીધું છે અહીં. જેના દાગીના થઈ શકે એવા સોનાને લીધું છે. '**જેમ ઉત્તમ સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે,...**' સમજાણું? કડું કડું. ઉત્તમ સોનાને બાજુબંધરૂપી કડાની પર્યાયની ઉત્પત્તિ જોવામાં આવે છે. '**સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે,...**' એ જ સુવર્ણને

'પૂર્વ અવસ્થારૂપે વર્તતા વીંટી વગેરે પર્યાયથી વિનાશ જોવામાં આવે છે...'

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... સુવર્ણની વાત ચાલે છેને.

**'જેમ ઉત્તમ સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે,...'** ઉત્તમ સુવર્ણને પૂર્વ અવસ્થારૂપે વર્તતા, પૂર્વ અવસ્થારૂપે વર્તતા, એમ છે પાછું. **'વીંટી વગેરે પર્યાયથી...'** વર્તતી હતી એ અવસ્થાથી વિનાશ જોવામાં આવે છે. સોનીને કારણે નહિ. સમજાણું કાંઈ? સોનીની હથોડીને કારણે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ શું કીધું આ? જોવામાં આવે છે, આનાથી આ થાય છે, આનાથી આ થાય છે, આનાથી આ થાય છે એમ તો ન આવ્યું અહીંયા. ધર્મચંદજી!

સોનું કડા(રૂપ) ઉત્પન્ન પોતે થાય છે, સોનું પૂર્વની વીંટી આદિ અવસ્થાથી સોનું પોતે નાશ પામે છે અને સોનું **'પીળાશ વગેરે પર્યાયથી...'** .... **'તો બન્નેમાં (બાજુબંધમાં ને વીંટીમાં)...'** નવું કડું થાય કે જૂની વીંટીની પર્યાય જાય, બેયમાં **'ઉત્પત્તિ-વિનાશ નહિ પામતું હોવાથી...'** સોનું બેયમાં ઉત્પત્તિ-વિનાશ નહિ પામતું હોવાથી **'ધ્રુવપણું જોવામાં આવે છે,...'** **'પીળાશ વગેરે પર્યાયથી...'** સોનામાં. પીળાશ, ચીકાશ, વજન સોનામાં કાયમ દેખવામાં આવે છે. સમજાણું આમાં કાંઈ? એ સોનીથી નહિ એમ કહે છે.

**'તેમ સર્વ દ્રવ્યોને કોઈ પર્યાયથી ઉત્પાદ,...'** દરેક દ્રવ્યને. એક એક પરમાણુ, એક એક સિદ્ધ, એક નિગોદ, એક સ્કંધ, એક કાળાણુ વગેરે. દરેક રજકણ આદિ આત્માને **'કોઈ પર્યાયથી...'** કોઈ એટલે જે પર્યાય ઉત્પન્ન થવાનીથી ઉત્પાદ છે. **'કોઈ પર્યાયથી...'** પૂર્વની પર્યાયથી એને **'વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રૌવ્ય હોય છે...'** ત્રણ પર્યાયવાળું કહ્યુંને એટલે ધ્રૌવ્યને પણ પર્યાય ગણી. કોઈ સહવર્તી અંદર શક્તિ દ્વારા ધ્રુવ રહે છે **'એમ જાણવું.'** સમજાણું આમાં? બહુ ઝીણો અધિકાર છે આ. સમયના ત્રણ અંશ દરેક દ્રવ્યને થઈ રહ્યા છે એમ કહે છે. કોઈને કારણે નહિ. ઓહો..હો..!

શરીરનો પર્યાય આમ ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય, રજકણપણે ધ્રુવપણે રહે એ પોતાને કારણે છે. આત્માને કારણે આગળી ચાલે છે એમ નથી. સમજાણું કાંઈ? આવી સૂક્ષ્મ વાત. શું હશે આમાં? રમણીકભાઈ! તમારી મોટર-બોટરનું શું છે આ? એક એક રજકણનો પર્યાય નવો પોતાથી ઊપજે, જૂનો જાય, આધારભૂત દ્રવ્ય ધ્રુવપણે રહે. આવું અનંત દ્રવ્યોનું સ્વરૂપ જ જ્ઞાનમાં ભાસ્યું છે એમ જ્ઞાનમાં ભાસવું જોઈએ, તો જ્ઞાનની સમ્યક્તા થાય. કોઈ પર્યાય કોઈની... પરની દયા પાળવાની પર્યાય આ આત્માથી થાય એમ નહિ, એમ કહે છે. એને પર્યાય ન્યાં બચવાનો હોય તો પર્યાય ઉત્પન્ન થાય અને પૂર્વની એની એ બચવાની પર્યાયનો વ્યય થાય. પરમાણુ અને જીવપણે ધ્રુવ રહે. એને પરની પર્યાયની

દયાને કોઈ પાળી શકે એ વસ્તુના સ્વરૂપમાં નથી. દયા એ ધર્મ છે એમ માણસ માને છે લ્યો. દયાનો ભાવ છે એ તો વિકલ્પ શુભરાગ છે, ધર્મ નહિ. પણ એ રાગથી પરની દયાનો પર્યાય ઉત્પન્ન કરી શકે એવી તાકાત કોઈના રાગમાં છે નહિ. એનો જ પર્યાય ત્યાં તે કાળે અવસ્થાએ ઊપજે, પૂર્વથી વ્યય પામે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પર્યાય-ભેદ થયોને એક. ઉત્પાદ-વ્યયના બે અંશો સિવાય ત્રીજો અંશ માટે પર્યાય કીધી. એ ધ્રુવ. દરેક રજકણ અને દરેક આત્મા પોતાના નવા પર્યાયથી ઊપજે, જૂનાથી નાશ થાય, એક અંશ ધ્રુવપણાથી કાયમ રહે. બધા રજકણો અને બધા આત્મા. કહો, સમજાણું કાંઈ? લોકો એમ કહે કે શરીર સારું હોય તો આત્માને સારી પર્યાય ઉત્પન્ન થાય. મનની સ્ફૂર્તિ અને શરીરની સ્ફૂર્તિ હોય તો મનના પરિણામ સારા થાય. કહે છે કે મૂઢ છે, ખોટો છે ખોટો, જૂઠો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શાસ્ત્રમાં આવે છે કે જુવાનીમાં કરી લે.

ઉત્તર :— એ તો ઉગ્રપણે પુરુષાર્થ કર એમ કહ્યું છે. કંઈ શરીરની જીર્ણતાને લઈને તું નહિ કરી શક એમ છે નહિ. દૃઢ પુરુષાર્થ કરીને આત્માને સંભાળી લે. સાવધાન સાવધાન થઈ જા. મૃત્યુ કાળે તને પંડિતમરણ, શાંતિનું મરણ થશે. પહેલેથી કર. શરીર જીર્ણ થશે, આમ થાશે, તેમ થાશે. ... વૃદ્ધાવસ્થા ન આવે, ઇન્દ્રિય હાનિ ન પામે, રોગ બહાર દેખાવ ન આપે. આવે છેને? ... આમાં પણ આવે છે, દસવૈકાલિકમાં આવે છે. સમજાણું કાંઈ? કહે છે પણ એનો અર્થ શો? એ.. મગનભાઈ! ત્યાં કહે છે એમાં, વૃદ્ધાવસ્થા ન આવે ત્યાં ધર્મ કરી લે. ..ભાઈ! એમ કહે છે એમાં. એનો અર્થ કે પછી તારો પુરુષાર્થ મંદ કદાચિત્ તારે કારણે થાય, અત્યારે ઉગ્ર પુરુષાર્થ કરી લે એમ કહે છે. અત્યારે, વાયદો નહિ. શરીર જીર્ણ હોય એને કારણે, એનો પર્યાય એને કારણે, આત્માનો પર્યાય આત્માને કારણે.

દરેક દ્રવ્યને સાધારણ છે એમ કીધું કે નહિ? દરેક પરમાણુ અને દરેક આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંતા ગુણોની જેટલી ગુણ—શક્તિ છે એનો એક સમય એટલે સેકંડનો અસંખ્યભાગ, બધા ગુણો એક સમયની પર્યાયે ઉત્પન્ન થાય છે, પૂર્વની પર્યાય વ્યય થાય અને આધારભૂત દ્રવ્ય કાયમ રહે છે. પરને લઈને નહિ. એનું સત્ સ્વને લઈને આમ પરિણમી રહ્યું છે. કહો, સમજાણું આમાં? બહુ વાંધા. વાડાવાળાને તો એવું નડે. આવું કાંઈ કરી શકે નહિ, પરને લઈને અસ્તિત્વ નહિ, શરીરને લઈને આત્મા નહિ, આત્માને લઈને શરીર નહિ, કર્મને લઈને આત્મા નહિ, આત્માને લઈને કર્મ નહિ. સૌના સૌ રજકણો અને સૌના આત્મા પોતાની નવી નવી અવસ્થાએ ઊપજે એ પોતાને કારણે છે. વ્યય થાય એ પોતાને કારણે. સિદ્ધ થયા એ પોતાની પર્યાયને ઉત્પન્ન કરી પોતાને કારણે થયા. કર્મના અભાવને કારણે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, કીધુંને પહેલું. એ જ કીધું. સંસારનો વ્યય થયો એ પોતાને કારણે, ધ્રુવપણે રહ્યું પોતાને કારણે, પરને કારણે નહિ. ઓહો..હો..!

**'આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માને પણ...'** એ સિદ્ધ પરમાત્મા થયા એને પણ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ...'** ઉત્પાદ-નવી અવસ્થાનું થવું, જૂનીનું જવું અને સદશનું રહેવું એવું અસ્તિત્વ-હોવાપણું **'કે જે દ્રવ્યનું લક્ષણ છે...'** કે જે પદાર્થ—વસ્તુનું લક્ષણ છે **'તે અવશ્યંભાવી છે.'** તે સિદ્ધમાં પણ જરૂર છે. અવશ્યંભાવીનો અર્થ કર્યો હતોને ઓલી કોર. 'જરૂર હોનાર, અપરિહાર્ય'. એને પરિહાર કરી શકાય નહિ. સિદ્ધને પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ થઈ રહ્યા છે. શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સમય સમયમાં પલટે છે. ઈ જ કહે છે. પદાર્થનું લક્ષણ જ ઈ છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં. બે સિદ્ધ કર્યા. આ જ્ઞાન અધિકાર છે. એના જ્ઞાનમાં આમ આવવું જોઈએ. કોઈપણ દ્રવ્ય એટલે વસ્તુની અવસ્થા બીજાના અસ્તિત્વથી એનું અસ્તિત્વ (રહે) એ વસ્તુનું સ્વરૂપ નથી. અહીં વસ્તુ સ્વરૂપને સિદ્ધ કરવું છેને. સમજાણું કાંઈ? આત્માને આધારે કર્મ અને કર્મને આધારે આત્મા-એમ અસ્તિત્વ છે જ નહિ. પોતપોતાને આધારે પરમાણુ અને પોતપોતાને આધારે આત્મા. એ ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જે દ્રવ્યનું લક્ષણ સત્ કહ્યું એ સત્‌ના ત્રણ અંશો ઉત્પાદ, વ્યય, ધ્રુવ કહ્યા એ પોતપોતાથી થઈ રહ્યા છે, કોઈને લઈને નહિ.

મુમુક્ષુ :— કર્મને આશ્રયે જીવ અને જીવને આશ્રયે...

ઉત્તર :— કોઈને આશ્રયે ન મળે, ... ક્યાં હતો? આ સંચાના આધારે કપડું થાય કે કપડાને આધારે સંચો થાય? આ બીજી વાત છે, ગુલાબરાયજી! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. અહીં કહે છે કે પરની દયા પાળી શકે છે એમ માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. બીજાને મારી શકવાની પર્યાય હું કરી શકું એ માને ઈ મૂઢ જીવ મિથ્યા અજ્ઞાની શઠ છે. શું છે?

મુમુક્ષુ :— દયાનો ભાવ...

ઉત્તર :— આહા..! એ દયાનો ભાવ તો તે ક્ષણે ચારિત્રગુણની ઉત્પાદરૂપ પર્યાય છે તો થશે જ થશે. ચારિત્રગુણ આત્મામાં છે એની દયાનો શુભરાગ ઉત્પાદના કાળમાં થશે જ. એ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં આવી ગયું. પોતાની દયાના પરિણામ ઉત્પન્ન, પૂર્વની પર્યાયનો વ્યય, ચારિત્રગુણ ધ્રુવ. પરની દયા પાળી શકે તો દયાનો ભાવ સિદ્ધ થાય એમ નથી. બહુ ઝીણું. જગતને એવું કઠણ પડે. એમાં સંપ્રદાયે બાંધેલા વાડા, એમાં આ કઠણ એવું લાગે. શું કહે છે આ? ભગવાને બસ થઈ રહ્યું?... કહે છે, ભાઈ! આ સિદ્ધ પરમાત્માને ત્રણ

ઉત્પાદ-વ્યય-ધ્રુવ પડ્યા છે. એ વસ્તુનું સ્વરૂપ છે. એ પરાધીનતા નથી. એમ પરિણમવું એ દુઃખરૂપ નથી, પરિણમવું એ દુઃખરૂપ નથી, નવી નવી અવસ્થા થવી એ દુઃખરૂપ નથી. એ તો વસ્તુનો સ્વભાવ છે. ખબર નહિ, શું કરે?

'**ભાવાર્થ :— દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે...**' અસ્તિત્વ નામ હોવાપણું છે. દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા અને પરમાણુ અનંતા જેટલા ભિન્ન ભિન્ન. આ તો બધા ભેગા દેખાય, ભેગા છે નહિ, એક એક રજકણ જુદો છે. એક એક રજકણ જુદો. આત્માએ આત્મા જુદા. એ દરેક દ્રવ્ય નામ વસ્તુ એનું લક્ષણ અસ્તિત્વ નામ હોવાપણું છે, હોવાપણું તેનું લક્ષણ છે. અને તે હોવાપણું '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે.**' બેય લક્ષણ આવી ગયા. દરેક પદાર્થનું હોવાપણું તેના ઉત્પાદ-નવી અવસ્થાથી ઊપજે, જૂનાથી વ્યય, ધ્રુવપણે રહે એવું એનું લક્ષણ છે. '**માટે કોઈ પર્યાયથી ઉત્પાદ,...**' કોઈ નવી અવસ્થા જે થવાની એનાથી ઉત્પાદ, કોઈ પૂર્વની અવસ્થા આ ઉત્પાદ પહેલા તે ક્ષણે હતી, એનો તે ક્ષણે નાશ અને કોઈ પર્યાયથી ધ્રુવપણું-ટકી રહેવું. દરેક પદાર્થનું આવું (સ્વરૂપ) છે. કહો, સમજાણું આમાં?

'**અહીં પ્રશ્ન સંભવે છે કે : દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું?**' શું કીધું? પ્રશ્ન કેમ ઉઠ્યો? કે દ્રવ્યનું હોવાપણું ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું? એક ધ્રુવથી કહેવું હતું એમ કહે છે. ધ્રુવ એટલે ટકે, ટકી રહે, ધ્રુવપણાને કારણે હોવાપણું હોય. પણ ઉત્પાદ, વ્યયને કારણે હોવાપણું એમ કેમ કહ્યું? સમજાય છે કાંઈ? દરેક આત્મા અને દરેક પરમાણુ એનું હોવાપણું.. હોવાપણું.. નવી અવસ્થાએ ઊપજે, પુરાનીથી જાય અને ટકવું એમ ત્રણથી કેમ કહ્યું? એક ધ્રુવથી જ કહેવું જોઈએ. જુઓ આ એનો પ્રશ્ન. પ્રશ્ન સમજાય છે આમાં કાંઈ? ધર્મચંદજી! શું પ્રશ્ન કર્યો? ત્રણથી કેવી રીતે? એકથી છે. દરેક આત્મા અને દરેક પરમાણુ પોતાના ધ્રુવપણે ટકવાપણું, નિત્યપણું એને કારણે હોવાપણું હો. પણ ઊપજવા, વિણસવાને કારણે હોવાપણું? ઊપજે વિણસે અને હોય, ઊપજે વિણસે અને હોય. સમજાણું કાંઈ? આ બધું બહુ ઝીણું છે હોં! ...ભાઈ! કો'ક દિ' આવે માંડ. આમાં સમજે... જુવાર દાણા કૂટ્યા કરે આખો દિ'. એમાં ઓલા કહે કે આમ થાય, ઓલા કહે કે આમ થાય. સમજ્યા વિના ... ક્યાંથી આવે? સમજાણું કાંઈ? એના લક્ષમાં આવ્યા વિના?

કહે છે, પ્રભુ! અમને પ્રશ્ન ઉઠે છે કે દ્રવ્યનું હોવાપણું ત્રણથી કેમ? દરેક પરમાણુ, દરેક આત્મા ઉત્પાદ-વ્યય-ઊપજે અને નાશ થાય, નાશ થાય એનું હોવાપણું, ઉત્પન્ન થાય એનું હોવાપણું, ટકી રહે એનું હોવાપણું—ત્રણને લઈને હોવાપણું કેમ સિદ્ધ કરો છો? સમજાણું? '**કારણ કે જે ધ્રુવ રહે તે સદા હયાત રહી શકે છે.**' અમને તો એમ લાગે કે દરેક પદાર્થ કાયમ રહી શકે કે ધ્રુવ રહે તેની હયાતી હોય, તેનું હોવાપણું હોય. '**આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે :**' ..ભાઈ! સમજાણું આમાં? પ્રશ્ન સમજાણો? શિષ્યનો એમ પ્રશ્ન થયો કે પ્રત્યેક પદાર્થ એને ઊપજવું, વિણસવું અને ટકવું ત્રણનું હયાતીવાળું કહ્યું, ત્રણથી

હયાતીવાળી ચીજ કીધી. અમને તો એમ લાગે કે ટકી રહે છે એ અપેક્ષાએ હયાતીવાળી ચીજ છે. પણ ઊપજે એની હયાતી, ઊપજવું તો હયાતી, વ્યયપણું તો હોવાપણું, ધ્રુવપણું તો હોવાપણું. ત્રણને હોવાપણું આપ કેમ સિદ્ધ કરો છો? ભીખાભાઈ! પ્રશ્ન સમજાણો કે નહિ આ? ના પાડે છે, લ્યો ઠીક.

અહીંયા ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એણે કહેલો માર્ગ સંતોએ સિદ્ધ કર્યો કે જો ભાઈ, પ્રત્યેક આત્માના એક એક રજકણ એક સેકંડના અસંખ્યભાગમાં હોવાપણે છે, હોવાપણે છે. એ ત્રણ પ્રકારથી હોવાપણે છે, ત્રણ પ્રકારથી હોવાપણે છે. નવી અવસ્થા ઊપજેથી હોવાપણે, જૂની અવસ્થા જાયથી હોવાપણે અને ટકવાની અપેક્ષાએ ધ્રુવપણે રહેવાપણે. ત્રણ અપેક્ષાએ હોવાપણે છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે ત્રણ અપેક્ષાએ હોવાપણું કેમ? ટકી રહેવાની અપેક્ષાએ હોવાપણું હોય. વ્યય થાય એ હોવાપણું, નવું ઊપજે તો હોવાપણું. મોહનભાઈ! સમજાણું કે નહિ આમાં? ત્રણ શું પણ હોવાપણે? .... આમને આમ. હવે આ તો કહે, ઊપજે તો હયાતી, વિણસે તો હયાતી, ટકી રહે તો હયાતી. ત્રણને આપ હયાતી કહો છો. સમજાણું કે નહિ? ભીખાભાઈ! વ્યયને હોવાપણું, ઉત્પાદને હોવાપણું. હજી નવો ઊપજે તો કહે 'છે' વ્યય થયો તો કહે 'છે' ટકી રહ્યો તો કહે 'છે' ત્રણે 'છે'. સમજાણું આમાં કાંઈ?

કહે છે, એનું સમાધાન સાંભળ! આ પ્રમાણે છે. **'જો પદાર્થ ધ્રુવ જ હોય...'** જો પદાર્થ એકલો ટકી રહે તો જ ધ્રુવ નિત્ય હોય. આત્મા અને પરમાણુ એક જ નિત્ય અને ધ્રુવ હોય **'તો માટી, સોનું, દૂધ વગેરે સમસ્ત પદાર્થો એક જ સાદા આકારે રહેવા જોઈએ;...'** એક જ સાદા આકારે રહેવા જોઈએ. એની ભિન્ન ભિન્ન અવસ્થા દેખાય એમ હોવી જોઈએ નહિ. સમજાણું આમાં? **'જો પદાર્થ ધ્રુવ જ હોય તો માટી, સોનું, દૂધ વગેરે સમસ્ત પદાર્થો એક જ સાદા આકારે...'** એટલે એક જ પ્રકારે હોવા જોઈએ. પણ માટીનો **'ઘડો,...'** દેખો! માટીમાંથી ઘડો (થતો) દેખાય છે. સોનાનું **'કુંડળ...'** દૂધનું **'દહીં...'** એમ લેવું ત્રણેય, સામાસામે લેવા. **'વગેરે ભેદો કદી ન થવા જોઈએ.'** જો એકરૂપ રહેતું હોય તો માટીમાંથી ઘડો, સોનામાંથી કુંડળ અને દૂધમાંથી દહીં, એકરૂપ રહેતા હોય તો આ સ્થિતિ બનવી સંભવે નહિ.

**'પરંતુ એમ તો બનતું નથી અર્થાત્ ભેદો તો જરૂર જોવામાં આવે છે.'** દૂધ દહીંરૂપે થતું જોવામાં આવે છે, માટી ઘડારૂપે થતી જોવામાં આવે છે, સોનું કુંડળરૂપે થતું જોવામાં આવે છે. એકરૂપે ટકવું હોતું નથી. લોટ રોટલીરૂપે થતો જોવામાં આવે છે, પાણી ટાઢુ-ઊનું થતું જોવામાં આવે છે, ઊનું હોય એ ટાઢું થતું જોવામાં આવે છે. એમ ભિન્ન ભિન્ન પ્રકારની દશા, મીઠું ઓગળીને પાણી થતું જોવામાં આવે છે. પાણી ભિન્ન થઈને મીઠું થતું જોવામાં આવે છે. એકરૂપ જો સ્થિતિ હોય તો આ રીતે ભિન્ન ભિન્ન અવસ્થા જોવામાં

આવે નહિ. જોવામાં આવે નહિ.

**'માટે પદાર્થ સર્વથા ધ્રુવ ન રહેતાં...'** માટે આત્મા અને પરમાણુ દરેક વસ્તુ સર્વથા ધ્રુવ ન રહેતાં **'કોઈ અવસ્થાથી ઊપજે પણ છે...'** કોઈ અવસ્થાથી ઊપજે પણ છે નવી નવી **'અને કોઈ અવસ્થાથી નાશ પણ પામે છે.'** દરેક વસ્તુ. **'જો એમ ન માનવામાં આવે તો સંસારનો જ લોપ થાય.'** સમજાણું કાંઈ? આ ચીજો જગતમાં દેખાય એમ દેખાઈ શકે નહિ. દેખાઈ શકે નહિ, શૂન્યપણાનો પ્રસંગ આવે. બરાબર છે? દૂધ એકરૂપે રહેતું નથી, દૂધનું દહીં, દહીંનું ઘી, ઘીનું વગેરે વગેરે. દહીંનું માખણ, માખણનું ઘી અને ઘીનું વગેરે. કહો, સમજાણું કાંઈ? દરેક વસ્તુ એકરૂપે રહેવા છતાં એનું ક્ષણે ક્ષણે ભેદની અવસ્થારૂપે પણ ભાસિત કરે છે. જો ભેદ અવસ્થા ન હોય તો એકરૂપે બધી દેખાવી જોઈએ. પરમાણુ પલટીને લોટ થાય, લોટ પલટીને લોહી થાય, લોહી પલટીને વિષ્ટા થાય, ધૂળ થાય, ધૂળ પલટીને કાંકરા થાય. એ દરેક રજકણો પોતામાં ધ્રુવપણે ટકતા થકા તેની અવસ્થા નવી નવી ઊપજે અને વિણસે નહિ તો આવા ભેદો દેખવામાં આવે તે હોઈ શકે નહિ. વાત સમજાય છે કાંઈ? **'જો એમ ન માનવામાં આવે તો સંસારનો જ લોપ થાય.'** એક બોલવાની પર્યાય પહેલી નહોતી અને થઈ. વળી થતી, વળી અટકી. એમ જે ભેદ, રજકણોમાં ભેદ ભેદ ભાસે છે એ જો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ન હોય તો આ બધી વસ્તુનો નાશ થાય. કહો, સમજાણું કાંઈ?

**'આમ દરેક દ્રવ્ય...'** દરેક આત્મા અને દરેક પરમાણુ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી...'** નવી અવસ્થાથી ઉત્પન્ન થાય, પલટે, જાતને રાખીને નવી વસ્તુ કોઈ તદ્દન ન થાય અને જૂની વસ્તુ સર્વથા અભાવ ન થાય. તેથી **'દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી...'** આ તો સિદ્ધ કરે છે હવે મુક્તને. **'મુક્ત આત્માને પણ...'** સિદ્ધ પરમાત્મા થયા એને પણ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે.'** સિદ્ધ ભગવાનમાં પણ... ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં ગડિયો ગોખી જાય. અરિહંત અને સિદ્ધ કોને કહેવા એની કાંઈ ખબર ન મળે. ભગવાન જાણે હશે અરિહંત ભગવાન. આ અરિહંત ભગવાને કીધું, છ કાયની દયા પાળો એ ધર્મ. લ્યો. આ માની બેઠા. એકે એક વાત ઊંધી. અરિહંતને નથી ઓળખ્યા, નથી અરિહંતે એમ કહ્યું. અને પરની દયા પાળી શકાય એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું નથી.

જગતના પદાર્થ પ્રત્યેક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી પોતાને જ કારણે અહીંયા નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા જાય, ધ્રુવપણે રહે. કહો, બરાબર હશે આ? દવાને કારણે આ રોગ મટે? એ શરીરની રોગની અવસ્થા એનો નાશ, નિરોગતાની ઉત્પત્તિ અને પરમાણુનું ટકવું—એ પરમાણુના પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવને લઈને છે. પરને લઈને દવાને લઈને કે પરને લઈને એમાં કાંઈ ફેરફાર થતો નથી. ભારે આકરી વાત. આ તો ડૉક્ટરોને આકરું પડે, નવરંગભાઈ! ઈંજેક્શન આપે, આમ કરે. ભાઈ! વસ્તુ તો છે ઈ છે.

એ દરેક તત્ત્વ, જેટલી સંખ્યામાં આત્માઓ અને જેટલી સંખ્યામાં રજકણો છે એ દરેક પોતાની જાતને જડ ચૈતન્યને જાળવી અને (દરેક) સમયે નવી નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની જાય. એ વસ્તુનું સ્વરૂપ છે. પરને લઈને થાય અને પરને લઈને જાય અને પરને લઈને ટકે એમ તત્ત્વના વાસ્તવિક સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? તો સિદ્ધ ભગવાનમાં પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. ભગવાન જાણે, સિદ્ધ ભગવાનને હજી ઊપજવું હશે? સિદ્ધ ભગવાન પણ હજી ઊપજતા હશે? સંસારી તો જન્મે-ઊપજે, રહે ને મરે દેહ છૂટે ત્યારે, વળી પાછો આત્મા તો કાયમ રહે. એને ઊપજવું અને મરવું, એને ઊપજવું અને મરવું લાગુ પડ્યું. મરવું એટલે પૂર્વની અવસ્થાનો વ્યય તે મરવું, નવી અવસ્થાનું ઊપજવું એ જન્મવું. સિદ્ધને પણ એમ છે. હે ભગવાન! ણમો સિદ્ધાણં! જાઓ. ભગવાન જાણે સિદ્ધ કેવા હશે, અમને કાંઈ ખબર નથી.

કહે છે કે સિદ્ધ ભગવાનમાં પણ સમયે સમયે શુદ્ધ ઉપયોગ દ્વારા જે પરમાત્મદશા થઈ, એને પણ સેકંડના અસંખ્યભાગમાં જે દશા ઉત્પન્ન થઈ તે બીજે સમયે નવી ઊપજે છે. પહેલા સમયની નાશ થઈ જાય છે, બીજે સમયે નવી થાય છે અને ધ્રુવપણે કાયમ ટકી રહે છે. એક સેકંડના અસંખ્યભાગમાં સિદ્ધ ભગવાનને ત્રણ અંશો વર્તી રહ્યા છે. ... કીધું છેને, ભાઈ! સ્તુતિમાં નથી આવ્યું? હે પ્રભુ! અમારો ઉપયોગ તો અંતર્મુહૂર્તે ફરે હોં! તમારો સમયે સમયે ફરે. બહુ અસ્થિર તમે. ..ભાઈ! સ્તુતિમાં એમ કીધું છે. ભગવાન! અહીં પણ સમયે સમયે ફરે છે, પણ લક્ષમાં અસંખ્ય સમયે આવે છે. લક્ષમાં અસંખ્ય સમયે આવે છે. બાકી ફરે છે તો એક સમયમાં સમયમાં. દરેક ગુણની અવસ્થા, વસ્તુ આત્મા, એના ગુણ ત્રિકાળ, એની અનંત અવસ્થા. એક સમયમાં એક જ અવસ્થા રહે. બીજે સમયે એ અવસ્થાનો નાશ થાય, અનંતા ગુણની અવસ્થાનો. પણ લક્ષમાં આવે છે અસંખ્ય સમયે. એટલે પણ હે નાથ! અમે ભક્તોના ઉપયોગ અંતર્મુહૂર્તે ફરે અને તમારે સમયે સમયે ફરે. સમજાણું કાંઈ આમાં? શું સમજાણું આમાં?

ભગવાનને સમયે સમયે ઉપયોગ ફરે છે, ઉપયોગ એટલે પર્યાય. એક સેકંડના અસંખ્યભાગમાં 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય. એનો એક સમય. એક સમયમાં ભગવાન સિદ્ધને અનંતા ગુણોનો એક સમયમાં નવો ઉત્પાદ થાય. કેવળજ્ઞાન નવું થાય. સિદ્ધને બીજે સમયે કેવળજ્ઞાન નવું થાય. કારણ કે કેવળજ્ઞાન પર્યાય છે. પૂર્વનું કેવળજ્ઞાન વ્યય થાય અને ગુણપણે ધ્રુવ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? દરેક વસ્તુનો સ્વભાવ એવો છે સમયનો ત્રણ અંશો થઈને, તો વળી સિદ્ધને વળી બાકી ક્યાં દ્રવ્યમાંથી જુદા પાડવા છે? એ કાંઈ અદ્રવ્ય બીજી ચીજ છે? ભીખાભાઈ! ભારે! એ સ્વરૂપ આ છે.

મારો આત્મા અનંત ગુણનો પિંડ છે. એનો નવો પર્યાયનું હોવાપણું, એ જ સમયે જૂની અવસ્થાનું વ્યયપણું, એ જ સમયે સદશપણે ટકી રહેવું એ રીતે મારી હયાતી છે. એમ દરેક

પદાર્થની આ રીતે હયાતી છે. પરને લઈને કોઈના ઉત્પાદ-વ્યય-ધ્રુવ (હોય) ત્રણ કાળ ત્રણ લોકમાં બની શકતા નથી. બહુ ઝીણું પણ ભાઈ. જૈનદર્શન એટલે વસ્તુદર્શન. વસ્તુદર્શનની વ્યાખ્યા. આ કરતા તો કાંઈક કરવું, બીજાનું કરવું, મંદિર કરવું, આનું કરવું એ કાંઈ રહેતું નથી આમાં. ત્યારે શેના મોટા મોટા કરે છે આ? રમણીકભાઈ! બધા ચાર ચાર લાખના મંદિર, સમવસરણ ને.. શું બધું કરે છે ત્યાં? કહે છે કે ત્યાં કરાવે છે. રમણીકભાઈ બહુ ભાગ લે છે, કો'ક કાલે કહેતું હતું. .. બહુ ભાગ લે છે. આ શું હશે આ બધું?

કહે છે, ભાઈ! આત્મા પોતાની અવસ્થામાં ઊપજે નવી નવી દશાએ કે જગતના પદાર્થો તે જ ક્ષણે-તે કાળે તેની અવસ્થાથી ઊપજે. એવો જ એનો સત્‌નો દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય કહો કે વસ્તુ કહો. દ્રવ્યનું લક્ષણ સત્ છે અને સત્‌નું હોવાપણાનું લક્ષણ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે. તો જો દ્રવ્ય છે તો સત્ છે, સત્ છે તો ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એક સમયમાં છે એ જ એનું સ્વરૂપ અને લક્ષણ છે. બીજાને લઈને ત્રણ કાળમાં ક્યાંય હોય એમ ક્યાંય ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. આહા..હા..! કેમ ગટુલાલજી! આ બધા વાંધા ઉઠાવે છે. સિદ્ધ ભગવાનની પર્યાય મનુષ્યદેહને લઈને થઈ, મજબૂત સંહનન હતું તો થયું, સાંભળવા મળ્યું તો જ્ઞાન થયું. એ બધું અહીં ના પાડે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ના પાડે છે અહીં પણ. કહે છે કે તારો જ્ઞાનગુણ આત્મદ્રવ્યમાં કાયમ તે ધ્રૌવ્ય, એની વર્તમાન અવસ્થા નવી થવી એ ઉત્પાદ, પૂર્વની અવસ્થા તે ક્ષણે નાશ થવી તે વ્યય, તે શબ્દને કારણે નહિ, વાણીને કારણે નહિ, સાંભળવાને કારણે નહિ. એ ગુણનો ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એવો દ્રવ્યનો સ્વભાવ, એમ ગુણનો પણ એવો જ સ્વભાવ. ગુણ કાયમ રહીને ઉત્પાદ-વ્યય થાય અનંતા ગુણોનો. એક એક આત્મામાં અને એક એક પરમાણુમાં. એક પરમાણુ પોંઈટ-છેલ્લો ટૂકડો, અસ્તિત્વ, વસ્તુત્વ એના ધર્મો-ગુણો. એક એક ગુણના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક સમયમાં હોવાપણે છે માટે ત્રણે હોવાપણાને સાબિત કરે છે. એ ત્રણે એના હોવાપણાને સાબિત કરે છે. બીજી ચીજ હતી માટે અહીં ત્રણ ઉત્પાદ-વ્યયને સાબિત કરે છે એમ નથી. ઘડાની ઉત્પત્તિને સાબિત માટી કરે છે કે માટી ધ્રુવપણે રહી, ઘડાપણે ઉત્પન્ન થઈ, પિંડપણે વ્યય થઈ. એ ત્રણનું હોવાપણું માટીથી સિદ્ધ છે. એનું હોવાપણું કુંભારથી સિદ્ધ છે એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? ભારે આંતરો પણ ભાઈ.

કુંભારના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ તેની હયાતીને, એની હયાતીને સૂચવે છે. અને માટીના, ઉત્પાદ ઘડાનો અને પિંડનો વ્યય અને ધ્રુવપણું એ માટીના ઉત્પાદ-વ્યય અને ધ્રુવની હયાતીને સૂચવે છે. એની હયાતી કુંભારને લઈને છે એમ સૂચવતું નથી. અને માટીના ઉત્પાદ-વ્યય-ધ્રુવની હયાતી માટીને સૂચવે છે એમ જોડે કુંભારને પણ એ સૂચવે છે એમ નથી. અહીંયા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, આના અસ્તિત્વપણું હોવાપણું સૂચવે છે માટે ત્યાં કુંભારને રહેવું

જોઈએ એવું આને લઈને એની હયાતી સૂચવે છે એમ નથી. કહો, સમજાણું આમાં કાંઈ? ઈ કહે છે જુઓ!

**'આમ દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી...'** એની હયાતી સૂચવે છે, એનું અસ્તિત્વ લક્ષમાં આવે છે. એનું અસ્તિત્વ-હોવાપણું લક્ષમાં આવે છે. બીજાનું અસ્તિત્વ એને લઈને લક્ષમાં આવે છે એમ નથી. આહા..હા..! ભારે! કારીગર માણસ હુશિયાર, કારીગર હુશિયાર (હોય) તેથી કારીગરે આમ મોરને કાગળમાં ચીતર્યો. એક માણસ હતો, કહે, લાવો મહારાજ એક કાગળ જરી. અહીં બેઠો હતો. આમ આમ કરીને મોર ચીતર્યો. અમથો અમથો ... એમ કે મેં આ કર્યું. ઈ છાપે મોર ઓલામાં ... પડ્યો છે એમને એમ. ... હશે. એ તો એનો પર્યાય એનો જે કાગળ છે આમ સાધારણ એમાં ઉલ્લસવાની પર્યાયનો ઉત્પાદ, ઉલ્લસવું આમ ખાડો પડ્યોને? એનો ઉત્પાદ, આનો વ્યય પૂર્વની ..., પરમાણુનું ધ્રુવપણું. એને લઈને એ એનું અસ્તિત્વ બતાવે છે, જોડે કારીગર હતો માટે આ બતાવે છે એમ છે નહિ. એ.. દેવાનુપ્રિયા! શેઠ!

સારો નખ ... નથી એમ કહે છે અહીં. નખ રાખ્યો છેને એક લાંબો. કાંટો-બાંટો કાઢવો હોયને. આ નખથી કાંટો નીકળે એ વાત સાચી નથી એમ કહે છે. શેઠી! કેમકે કાંટાના રજકણો અનંત છે. એનો એક એક રજકણ પોતામાં નવી પર્યાયથી ઉત્પન્નપણાથી હયાતી (ધરાવે) છે, હયાતી જણાવે છે. જૂની અવસ્થાથી અંદર હતો, બહાર આવ્યો, જૂની અવસ્થાથી વ્યય થયો એ એની હયાતી જણાવે છે. પણ જોડે કોઈ નખવાળો હતો માટે આ નીકળ્યો એમ હયાતી જણાવતું નથી. ભારે આકરી વાત. કહો, બરાબર હશે આ? ચંદુભાઈ! કોઈ દિ' સાંભળ્યું હતું ન્યાં બાપગોતરે? જૈનમાં જન્મ, અમે જૈન છીએ. સમજાણું કાંઈ?

જૈન એટલે જૈન પરમેશ્વરે સર્વજ્ઞપણે જગતના અસ્તિત્વો-હોવાવાળા પદાર્થો જે રીતે છે તેમ જોયા, તેમ કહ્યા, તેમ છે. કહે છે, દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય(પણે) હોવાથી. આમાં કોને લઈને કોની હયાતી? આહા..હા..! સમજાણું? અને કોને લઈને કોની અવસ્થાનો વિનાશ? કોઈને લઈને કોની અવસ્થાનો ઉત્પાદ? અને કોને લઈને કોનું ટકી રહેવું? બધી ભ્રમણા, ભ્રમણા, ભ્રમણા. એને સમ્યક્શ્રદ્ધા અને સત્યના શરણની ખબર નથી.

**'દરેક દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમય હોવાથી મુક્ત આત્માને પણ...'** સિદ્ધ ભગવાનને પણ હવે. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે.'** સિદ્ધ ભગવાનને અત્યારે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સમયે સમયે હોય છે. અનંતા સિદ્ધ પરમાત્મા. **'સ્થૂલતાથી જોઈએ...'** સામાન્ય સ્થિતિથી જોઈએ **'તો સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો,...'** સાધારણ. સંસાર અને સિદ્ધની અપેક્ષાએ. સિદ્ધદશાનો ભગવાનને ઉત્પાદ થયો. કોઈ અત્યારે સિદ્ધ થાય, મહાવિદેહક્ષેત્રમાં અત્યારે પણ સિદ્ધ થાય છે, તો સિદ્ધની પર્યાયની અવસ્થાનો ઉત્પાદ. **'સંસારપર્યાયનો વ્યય થયો,...'** પૂર્વની સંસારદશા હતી એમાં ઉદયભાવની એનો નાશ

થયો. '**આત્માપણું ધ્રુવ રહ્યું...**' આત્માપણે તો સિદ્ધ, સંસારથી નાશ, સિદ્ધની પર્યાયથી ઉત્પન્ન, આત્માપણે ધ્રુવ (રહ્યા). '**એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.**' એ અપેક્ષાએ કોઈપણ મુક્ત આત્માને આમ ત્રિકાળના બે ભાગ પાડીને, એક સંસાર, એક સિદ્ધ એમ. સમજાણું કાંઈ?

'**અથવા, મુક્ત આત્માનું જ્ઞાન...**' એ સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનીનું જ્ઞાન '**જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે...**' જ્ઞેય જાણવાયોગ્ય પદાર્થને જે દશા છે તે રીતે પોતાની પર્યાય પોતાને કારણે થઈ રહી છે. '**મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે...**' આમ છેને અત્યારે આંગળા, ભગવાનના જ્ઞાનમાં એમ જણાણા. આમ થયા તો એમ જણાણા, આમ થયા તો એમ જણાણા. અહીં જેમ ફર્યું એમ ત્યાં જ્ઞાન પણ એ જાતનું પરિણમન ફરે છે. ફરે છે પોતાને કારણે. પણ અહીં ફર્યું એમ પોતાને કારણે ત્યાં ફરતું જાય છે. સમજાણું કાંઈ?

આ લાકડી જુઓ! અહીંયા છે એમ ભગવાનના જ્ઞાનમાં અત્યારે છે. હવે અહીં ગઈ તો ભગવાનના જ્ઞાનમાં એમ જોયું કે અત્યારે અહીં છે. એમ અહીં જ્ઞેયનો પલટો થાય એમ જ્ઞાનમાં પણ પોતાને કારણે ભૂતનું જ્ઞાન વર્તમાન અને વર્તમાનનું ભૂત થઈ જાય. વર્તમાનનું ભૂત અને ભવિષ્યનું વર્તમાન એમ અંદર પરિણમન થયા કરે છે. ભવિષ્યનું વર્તમાન, વર્તમાનનું ભૂત. '**મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે, તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં...**' સર્વ જ્ઞેય પદાર્થોમાં '**જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદાદિ થયા કરે છે,...**' અરીસો છેને અરીસો. સામે જેવી ચીજ હોય, કપડું, સમજાણું? કપડું આમ.. આમ.. આમ થાય તો ત્યાં પણ અરીસાની અવસ્થા (એમ એમ) થાય. થાય છે પોતાને કારણે. આમ થાય તો ત્યાં પણ એમ એમ થાય. એમ જ્ઞેયો જગતના જાણવાયોગ્યમાં ફેરફાર થાય એમ જ્ઞાનમાં, સર્વજ્ઞના જ્ઞાનમાં પણ ફેરફાર થાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... પહેલા સામાન્ય હતું. સંસારનો વ્યય, સિદ્ધનો ઉત્પાદ, આત્માનું ધ્રુવપણું.

હવે આ '**જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદાદિ થયા કરે છે, માટે મુક્ત આત્માને સમયે સમયે...**' એક સેકંડના અસંખ્યભાગમાં '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે.**' એક સમયમાં ત્રણ મુક્તને હોય છે. એક સમયમાં ત્રણ મુક્તને હોય છે. ઓ..હો..હો..! સમય એક અને અંશ ત્રણ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્રણ કાળમાં ત્રણ કાળનું જ્ઞાન યુગપદ્ છે. અહીં પલટ્યું તો આમ પલટતું જાય છેને? વર્તમાન પર્યાય એની આવી હતી અને વર્તમાન ભૂતમાં ગઈ. અહીં પણ વર્તમાનમાં

જાણ્યું હતું ઈ ભૂતમાં ગયું. વર્તમાનનું જ્ઞાન ભૂતપણે પરિણમી ગયું અને ભવિષ્યનું જ્ઞાન અહીં હતું આ ભવિષ્યની પર્યાય એમ અહીં પરિણમી તો એમ જ્ઞાનમાં આવ્યું. ભવિષ્યની વર્તમાન થઈ એમ જ્ઞાન પરિણમ્યું. પલટો મારે છેને ઉત્પાદ વ્યય. એમ. ભારે ઝીણું ભાઈ!

**'માટે મુક્ત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે.'** બે વાત થઈ, બે વાત થઈ. બે વાત એટલે? એક સંસારનો વ્યય, સિદ્ધની ઉત્પત્તિ, આત્માનું ધ્રુવપણું એક અપેક્ષા. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. બીજી અપેક્ષા-જ્ઞેયોના આકારો પલટતા એનું જ્ઞાન પણ પોતાના ઉપાદાનને કારણે પલટે છે. નિમિત્ત પલટ્યું એમ જ્ઞાન પણ પલટે છે. માટે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ આમાં સિદ્ધ થાય છે.

**'અથવા વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો,...'** ત્રીજો બોલ. **'અગુરુલઘુગુણમાં થતી ષટ્‌ગુણ હાનિવૃદ્ધિને લીધે...'** અગુરુલઘુ નામનો ગુણ છે ભગવાનમાં એને લઈને એની વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં, એક સમયની અવસ્થામાં **'ષટ્‌ગુણ હાનિવૃદ્ધિને લીધે...'** બહુ ઝીણી વાત છે. છ છ ગુણ. અનંતગુણ અધિક, અસંખ્યગુણ અધિક, સંખ્યગુણ અધિક. અનંતગુણ હીણ, અસંખ્યગુણ હીણ, સંખ્યગુણ હીણ. એમ અનંતભાગ હીણ, અસંખ્યભાગ હીણ, સંખ્યભાગ હીણ. અનંતભાગ અધિક, અસંખ્યભાગ અધિક, સંખ્યભાગ અધિક. એવા છ ભંગ ચડતાના અને પડતાના થાય છે. સૂક્ષ્મ વાત છે જરી. એક સમયમાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ ભગવાનના એક એક ગુણની એક એક પર્યાયમાં થાય છે. તત્ત્વજ્ઞાન દ્રવ્યાનુયોગનો એટલો સૂક્ષ્મ કે જગતમાં જરી નજરને અંદર કેળવ્યા વિના એ સમજાય એવો નથી. ઝીણી વાત છે. આહા..હા..! એ વસ્તુ, એની શક્તિઓ, એની અવસ્થાઓ એક સમયમાં અને એક સમયમાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ. આ તે કાંઈ.. આહા..હા..!

**'અગુરુલઘુગુણમાં થતી ષટ્‌ગુણ હાનિવૃદ્ધિને લીધે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે.'** સિદ્ધમાં પણ સમયે સમયે નવી નવી અવસ્થા ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ, હાનિવૃદ્ધિપણે ઊપજ્યા કરે છે. લ્યો, એમ ત્રણ થયા. **'અહીં જેમ સિદ્ધભગવાનનાં ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળીભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં.'** આ તો સિદ્ધ ભગવાનની વાત કરી. કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાનપણે ઊપજે, ચાર જ્ઞાનપણે નાશ થાય અને ધ્રુવપણે આત્મા રહે. એમ આમાં લઈ લેવું. ષટ્‌ગુણ હાનિવૃદ્ધિપણે પરિણમે છે. જ્ઞેયને આકારે જ્ઞાન પણ પરિણમે છે. પૂર્વની અવસ્થાનો વ્યય એને જે પ્રકારે થયો એ અપેક્ષાએ. ચાર જ્ઞાનનો નાશ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને ગુણપણે, દ્રવ્યપણે ધ્રુવ. સિદ્ધ ભગવાનમાં એક સેકંડના અસંખ્યભાગમાં જેમ આ ત્રણ બોલ ગણવામાં આવ્યા એમ કેવળીને પણ ગણવામાં આવ્યા. ઓહો..!

જગતમાં તો ઝવેરીને મજૂરી કરવી પડતી હશે? અને ઝવેરીને બંગલા થાય લાખો, કરોડોના. સાંઠ્યું સૂડી એની કાંઈ મેડીઓ થાતી હશે? મેડી સમજ્યા? બંગલા. એમ સમ્યક્‌જ્ઞાનના ઝવેરીના

ધંધામાં સમ્યક્જ્ઞાનનો શું લાભ છે ઈ એને ખબર પડે. સાંઠી સૂડે, આ ક્રિયા કરી ને દયા પાળી ને વ્રત પાળ્યા ને ભક્તો કર્યો... એ શુભરાગ સાંઠી સૂડી. એમાં કંઈ બંગલા થાય નહિ. આ જ્ઞાનની અંતર વસ્તુમાં મહત્તા, ઓહો..! અનંત આત્માઓ સિદ્ધપણે બિરાજમાન એને પણ આ રીતે ઉત્પાદ-વ્યય અને હોવાપણું છે તેને ધ્રુવ કહેવાય, એને અસ્તિત્વ કહેવામાં આવે છે. એ પોતાને કારણે જ છે, પરને કારણે (નહિ). ત્યાં કહ્યું ભલે કે ગુણ, પદાર્થના આકારે, એ તો નિમિત્તથી એને સમજાવ્યું. નિમિત્તનો પલટો થતાં ત્યાં પલટો થાય એટલું સમજાવવા નિમિત્તની વાત કરી. એને લઈને થતું નથી. સમજાણું કાંઈ?

આવા સર્વજ્ઞ ભગવાન અને આવા સિદ્ધ ભગવાન. કેમકે દરેક વસ્તુનો જ્યારે સાધારણ નામ નિરપવાદ આવો સ્વભાવ છે કે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, તો સિદ્ધ ભગવાન પણ દ્રવ્યમાંથી જુદા પડતા નથી. તો એના પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ આ રીતે સિદ્ધ થાય છે. એમ દરેક વસ્તુ એક સમયમાં ત્રણ અંશથી હયાતી ધરાવે છે. બીજાને કારણે બિલકુલ હયાતી ધરતી નથી. એવું જ્ઞાન થાય તેને સમ્યગ્દર્શન થઈને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. એ જ્ઞાન અને શ્રદ્ધાની કિંમત છે. શેઠી! ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ ૧૧, બુધવાર, તા. ૨૦.૨.૧૯૬૩
## ગાથા-૧૯, ૨૦, પ્રવચન-૬૦

૧૯ ગાથા, પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વના... '**હવે શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા આ (પૂર્વોક્ત) આત્માને...**' અહીં જ્ઞાનતત્ત્વ અધિકાર, એનો જ્ઞાનસ્વભાવ જે આત્માનો એમાં એને શુદ્ધ આચરણરૂપ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ. પુણ્ય-પાપના વિકલ્પ રહિત શુદ્ધ આચરણના પ્રભાવથી સ્વયંભૂ થયો. આત્મા કેવળજ્ઞાનને પામ્યો. એવા '**આત્માને ઈન્દ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય એવા સંદેહનું નિરાકરણ કરે છે :—**' એને વળી જ્ઞાન અને આનંદ? ઈન્દ્રિયો નથી, એને જ્ઞાન અને આનંદ કેમ હોય? એવા સંદેહનું નિરાકરણ આ ગાથામાં કરે છે.

**पक्खीणघादिकम्मो अणंतवरवीरिओ अहियतेजो।**
**जादो अदिंदिओ सो णाणं सोक्खं च परिणमदि।।१९।।**
**પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને**
**ઈન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.**

'ટીકા :—' મોક્ષ એટલે કેવળજ્ઞાન દશા આત્માની એ '**શુદ્ધોપયોગના સામર્થ્યથી...**' જ પ્રગટ થાય છે. કોઈ બીજી ક્રિયાકાંડ એનાથી તે કેવળજ્ઞાન નામ મોક્ષ પ્રગટ થતો નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શુદ્ધ ઉપયોગ સ્વતંત્ર થાય. શુભ ઉપયોગથી શુદ્ધ, શુભથી શુદ્ધ ત્રણ કાળમાં ન થાય. શુભ છે એ રાગ છે અને શુદ્ધ છે તે અરાગ છે. સ્વભાવ છે તે વીતરાગી વિજ્ઞાનઘન છે. એનું શુદ્ધ આચરણ અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પ રહિત અનુભવની સ્થિરતામાં શુદ્ધ આચરણ દ્વારા ચાર ઘાતિનો ક્ષય થઈને કેવળજ્ઞાન પામ્યા. ત્રણ કાળ ત્રણ લોકમાં આ એક જ પ્રકાર છે. વ્યવહાર શુભથી શુદ્ધ થાય એમ વસ્તુમાં નથી. શુભની રુચિ, આશ્રય, લક્ષ છોડી અને ચૈતન્યના અંતરના લક્ષની દૃષ્ટિ કરતા આત્મા સમ્યગ્દર્શનને પામે, એ પછી કહેશે આગળ અને તેના શુદ્ધ ઉપયોગના આચરણ દ્વારા કેવળજ્ઞાનને પામે. કહો, સમજાણું?

'**શુદ્ધોપયોગના સામર્થ્યથી...**' આ સિદ્ધાંત પહેલો. ભગવાન આત્મા... એમાં ગાથા-૧૮માં અંદર આવી ગયું છે, જયસેનાચાર્યમાં. જે સર્વજ્ઞની શ્રદ્ધા કરે તે નિશ્ચયથી દુઃખથી મુક્ત થાય. એટલે કે સર્વજ્ઞ એકલો જ્ઞાનનો પિંડ પર્યાયરૂપ પ્રગટ થઈ ગયો. એકલું જ્ઞાન. જ્ઞાનની પૂર્ણ દશા, જે શક્તિ-સ્વભાવ હતો એ શુદ્ધ ઉપયોગ દ્વારા પૂર્ણ પર્યાય પૂર્ણ જ્ઞાન એકલું એકલું જ્ઞાન, પર્યાયમાં એકલું જ્ઞાન, એમ દ્રવ્ય-ગુણમાં પણ એકલું જ્ઞાન. એવા કેવળીને જે શ્રદ્ધે એટલે કે જેમ એ જ્ઞાનમય છે એકલું, એમ હું એકલો જ્ઞાનમય છું. સર્વજ્ઞ પરમાત્મા એકલા, એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, અપૂર્ણ નહિ, રાગવાળું નહિ. એકલું જ્ઞાન એવું જેને અંતર શ્રદ્ધામાં આવે એટલે કે હું પણ એકલું જ્ઞાન (છું). રાગ કે પુણ્ય કે વિકલ્પ કે દયા, દાન કે શરીર એ નહિ. હું એકરૂપ જ્ઞાન છું એમ જેને અંતરમાં પ્રતીતનો અનુભવ થાય એને સર્વજ્ઞને શ્રદ્ધ્યા કહેવાય, એને જ્ઞાનભાવની પૂર્ણતા ભગવાનને થઈ એવું જ્ઞાન એકરૂપ હું છું, એ જ્ઞાન એકરૂપ થયું એમ હું જ્ઞાન એકરૂપ છું એમ અંતરમાં પ્રતીત અને અનુભવમાં આવવું એને સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કહ્યુંને, સર્વજ્ઞના શું બે પ્રકાર છે? પૂર્ણ જ્ઞાન થયું. શું? અનંત કહો કે પૂર્ણ કહો-એમાં કાંઈ નહિ. પૂર્ણ પૂર્ણ એકલું જ્ઞાન. એમાં અપૂર્ણ નહિ, રાગ નહિ, પૂર્ણ એકલું જ્ઞાન. દ્રવ્યમાં જ્ઞાન, ગુણમાં જ્ઞાન, પર્યાયમાં એકલું જ્ઞાન. એકલું જ્ઞાન એટલે પૂર્ણ જ્ઞાન. પૂર્ણ કહો, અખંડ કહો, એકરૂપ જ્ઞાન કહો, એકરૂપ કહો. એમ કેવળીની શ્રદ્ધા જે કરે એને આત્મામાં, હું પણ એકલો જ્ઞાનમૂર્તિ છું, પુણ્ય-પાપના વિકલ્પો નહિ, વ્યવહાર નહિ, નિમિત્ત નહિ, શરીર નહિ, હું એક જ્ઞાનમૂર્તિ (છું). જેમ એ જ્ઞાનનો ગોળો એ સર્વજ્ઞ થયા પૂર્ણ દશા, એ જ્ઞાન પૂર્ણ જ્ઞાન, બેહદ જ્ઞાન. વિકાસની જેટલી શક્તિ (હતી) એટલી પૂર્ણ પ્રગટ થઈ ગઈ. એકલું જ્ઞાન. એવો હું એકલું જ્ઞાન. એમ રાગથી, પુણ્યથી તારવીને-જુદો પાડીને

એકલું જ્ઞાન એમ જેના પ્રતીતમાં, શ્રદ્ધામાં, અનુભવમાં આવે એને સમ્યગ્દર્શન, કેવળજ્ઞાનીની પ્રતીતિ થઈ એને. એકલું જ્ઞાન કેવળ. એકલું જ્ઞાન હું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... થાય છેને હમણાં. આખી વાતમાં અત્યારે તો એટલો ફેર (થઈ ગયો).

ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં બીજી ... ક્યાં? એમાં ન જાણવું અને આઘુંપાછું જાણવું એવો એમાં અવકાશ ક્યાં? કેવળજ્ઞાન, એકલું જ્ઞાન, એકલું જ્ઞાન. કેવળજ્ઞાન-એકલું જ્ઞાન, કેવળજ્ઞાન-એકલું જ્ઞાન. સમજાણું કાંઈ? એવા જ્ઞાનસ્વરૂપ ભગવાન એકલું જ્ઞાન, પ્રકાશસ્વરૂપ જ્ઞાન. એમ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા અને દાન એવા વિકલ્પ અને વિકારથી છૂટી એકલું જ્ઞાન જેમ કેવળજ્ઞાન પ્રગટ્યું શુદ્ધ ઉપયોગથી, એકલું રહ્યું તો એનો એ સ્વભાવ એમ હું એકલું જ્ઞાનમય છું, એમ રાગથી લક્ષ છોડી એકલા જ્ઞાનમયને અંગીકાર કરી અંતર અનુભવમાં જ્ઞાનમાં પ્રતીત કરી એને સમ્યગ્દર્શન કહે છે. ત્યારથી પહેલી ધર્મની શરૂઆત થાય છે. એણે કેવળીને શ્રદ્ધ્યા, એણે અરિહંત ભગવાનને માન્યા. કરવાનું બીજું કાંઈ નથી એમાં. રાગાદિ આ કરવા ને...

એકરૂપ જ્ઞાન... આ વસ્તુ સર્વજ્ઞને એકરૂપ થઈ ગઈ શુદ્ધ ઉપયોગથી, એકલી રહી ગઈ જ્ઞાનદશા. એમ જ્ઞાનમૂર્તિ પ્રભુ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપી ગયું છે એવો હું એકલો દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં જ્ઞાનમય જ છું. એવા જ્ઞાનમયની રાગથી વિમુખ થઈ, સ્વભાવથી સન્મુખ થઈ અંદર કેવળ-એકલા જ્ઞાનને અંતર અનુભવ, પ્રતીતમાં લેવું એ સર્વ દુઃખના નાશનો ઉપાય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન દ્વારા ક્રમે ક્રમે સ્વરૂપમાં સ્થિર થઈને રાગાદિ ટળીને કેવળજ્ઞાનને પામશે. બીજી કોઈ ક્રિયા આત્માના ધર્મને માટે નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે,...**' પૂર્ણતા ... થઈ અને ત્યાં કર્મ પણ ક્ષય પામ્યાં છે. કેવળજ્ઞાન. '**ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન સાથે અસંપૃક્ત (સંપર્ક વિનાનો) હોવાથી...**' સર્વજ્ઞનું જ્ઞાન એક સમયની પૂર્ણ જ્ઞાનદશા એમાં ક્ષયોપશમ જ્ઞાન-દર્શનનો અભાવ છે. ક્ષયોપશમજ્ઞાનનો સંપર્ક-સંબંધ-સંગનો અભાવ હોવાથી '**જે અતીન્દ્રિય થયો છે,...**' ક્ષયોપશમ હોય તો ઈન્દ્રિયજનિત જ્ઞાન હોય. ક્ષયોપશમજ્ઞાનના અલ્પ ઉઘાડના સંપર્ક-સંબંધ વિનાનો પૂર્ણ જ્ઞાનના સંબંધવાળો, અપૂર્ણ જ્ઞાનના સંપર્ક વિનાનો (છે) તેથી તે અતીન્દ્રિય થયો છે આત્મા. કહો, સમજાણું કાંઈ?

'**સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી...**' ભગવાનના જ્ઞાનની સામર્થ્ય દ્વારા, શુદ્ધ ઉપયોગના સામર્થ્ય દ્વારા. આવ્યુંને? ઘાતિકર્મ ક્ષયમાં બધું આવ્યું. શુદ્ધ ઉપયોગ દ્વારા અંતરાયનો ક્ષય થયો એમ લીધું છેને પહેલું? એમ અહીં બધે લઈ લેવું. '**સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી...**' શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી '**અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત**

**જેનું ઉત્તમ વીર્ય છે,...**' પંડિતવીર્ય. અનંત જેનું ઉત્તમવીર્ય છે કે જે અનંતજ્ઞાન, દર્શન, આનંદને રચવાનું કાર્ય કરે છે. સમજાણું કાંઈ? '**અંતરાયનો ક્ષય થયો હોવાથી...**' શુદ્ધ ઉપયોગના સામર્થ્ય દ્વારા અંતરાયનો નાશ થયો હોવાથી '**અનંત જેનું ઉત્તમ વીર્ય છે,...**' જેની વર્તમાન દશામાં ઉત્તમ વીર્ય, અનંત આનંદ અને શાંતિને રચે એ ઉત્તમ વીર્ય છે. સમજાય છે કાંઈ?

સમસ્ત શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી '**જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી...**' પહેલો એ શબ્દ મૂક્યો છેને. ચાર ઘાતિ ક્ષય થયા એ પહેલું આનાથી કહ્યું છે, પછી ઓલી વાત કરી છે. '**સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો...**' શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી '**પ્રલય થયો હોવાથી...**' ત્યાં ક્ષય કહો કે પ્રલય કહો. આવા કારણે '**અધિક જેનું કેવળજ્ઞાન...**' જોયું? ઓલું ઉત્તમ જેનું વીર્ય હતું. '**અધિક જેનું કેવળજ્ઞાન...**' અને અધિક જેનું '**કેવળદર્શન નામનું તેજ છે...**' પર્યાય અધિક કેવળજ્ઞાન અને કેવળદર્શનના તેજવાળી છે. એકલું તેજ, ચૈતન્યપ્રકાશનું તેજ. પરિપૂર્ણ શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયનો નાશ થયો હોવાથી અધિક જેનું જ્ઞાન અને દર્શન તેજ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... દયા, દાન, વ્રત, તપ, ભક્તિના રાગ રહિત પોતાના શુદ્ધ સ્વભાવના નિર્વિકલ્પ આચરણ સહિતને શુદ્ધ ઉપયોગ કહે છે. વ્રત, તપ, દાન, દયાના વિકલ્પ રહિત આત્માના નિર્વિકલ્પ શુદ્ધ વેપાર પરિણામ સહિત એને શુદ્ધ ઉપયોગ કહે છે.

વસ્તુ જ્ઞાન અને આનંદનો કંદ છે. અહીં જ્ઞાન અને આનંદ પરિણમે છે એમ કહેવું છેને. ટીકા ... જુઓને, છેલ્લે કીધુંને? '**णाणं सोक्खं च परिणमदि**'. '**परिणमदि**' એટલે? ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદ જ છે એનું સ્વરૂપ. અનંત ગુણ ભલે હો, એની વાત નથી અત્યારે. એ જ્ઞાન અને આનંદરૂપ છે એની અંતરમાં દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી, શુભાશુભ પરિણામ રહિત એવી સ્થિરતાના પરિણામને શુદ્ધ ઉપયોગ કહે છે. વીતરાગી પર્યાય સ્વભાવ તરફ વાળવી તેને શુદ્ધ ઉપયોગ કહે છે. વ્યવહારશ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની, પંચ મહાવ્રત એ બધા રાગ છે. એ કંઈ આત્માનો ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. એ રાગની રુચિ તેનો આશ્રય, લક્ષ છોડી ત્રિકાળ જ્ઞાન અને આનંદ એવો પરમાત્મસ્વભાવ પોતાનો કર્યો એમાં અંદરમાં ધ્યેય કરીને અંદર એકાકાર થવું તે શુદ્ધ ઉપયોગ પુણ્ય-પાપના અભાવરૂપ, અશુદ્ધના અભાવરૂપ અને શુદ્ધના આચરણરૂપ ઉપયોગ કહેવામાં આવે છે. નવરંગભાઈ! એ શુદ્ધ ઉપયોગના આચરણના બળથી ચાર ઘાતિનો નાશ થાય છે. શુક્લધ્યાન કહો કે શુદ્ધ ઉપયોગ કહો. સમજાણું કાંઈ? ત્યારે કહે, શુદ્ધ ઉપયોગ કેમ થાય? આ શુભ ઉપયોગને ખસેડીને દૃષ્ટિ અંતરમાં સ્થિર કરે એમ થાય. શુભ ઉપયોગથી થાય એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ?

'**અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળદર્શન નામનું તેજ છે—એવો આ (સ્વયંભૂ)**

**આત્મા...**' એવો આ સ્વયંભૂ ભગવાન સર્વજ્ઞપર્યાય પોતાથી પ્રગટ થયેલો, જાગેલો જાગી ઉઠ્યો. '**સમસ્ત મોહનીયના અભાવને લીધે...**' ઓલા ત્રણ થયા, હવે ચોથું લીધું. '**સમસ્ત મોહનીયના અભાવને લીધે...**' એ પણ શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી '**સમસ્ત મોહનીયના અભાવને લીધે...**' એ તો પહેલી વ્યાખ્યા કરી છે. પછી આ એક એકને જુદું બતાવે છે. '**સમસ્ત મોહનીયના અભાવને લીધે...**' એટલે કે દર્શનમોહનો નાશ, રાગનો ચારિત્રમોહનો નાશ એને લઈને શુભરાગનો નાશ, કોને લઈને? શુદ્ધ ઉપયોગના સામર્થ્યને લઈને. શુદ્ધ ઉપયોગના સામર્થ્યને લઈને. આત્માના જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ આપતા, એમાં લીન થતા જે પર્યાય પ્રગટ થઈ એને શુદ્ધ ઉપયોગ કહે છે. એ શુદ્ધ ઉપયોગમાં શુભાશુભનો અભાવ કરવાની તાકાત છે. એવા શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી '**સમસ્ત મોહનીયના અભાવને લીધે અત્યંત નિર્વિકાર...**' જોયું! ઓલામાં ઉત્તમ વીર્ય લીધું હતું, ઓલામાં અધિક જેનું કેવળજ્ઞાન, કેવળદર્શનનું તેજ લીધું, આ મોહનીયના અભાવમાં નિર્વિકાર, અત્યંત નિર્વિકાર. શુભાશુભ ભાવ રહિત થઈ ગયો. નિર્મળ કેવળજ્ઞાન એમાં વીતરાગી પર્યાય અત્યંત નિર્વિકાર.

'**શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને...**' એવો શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો આત્મા. સમજાણું? પ્રગટ થયેલાની વાત છે હોં અત્યારે. '**(—અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા આત્માને) અનુભવતો થકો...**' એવા આનંદ શુદ્ધ, જ્ઞાનના શુદ્ધને અનુભવતો થકો '**સ્વયમેવ (પોતે જ)...**' લ્યો. પહેલો વિષય શું, કેમ પ્રાપ્ત થાય? જેની ખાણમાં બેહદ જ્ઞાન ને દર્શન ને વીર્ય ને આનંદ પડ્યો છે, જેના અંતર સત્‌માં અનંત ચતુષ્ટય સંપન્ન પ્રભુ છે. સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય '**અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને અનુભવતો થકો સ્વયમેવ (પોતે જ)...**' પોતાના શુદ્ધ આત્માના અંતર વેપાર દ્વારા પોતે જ. પોતે જાતે જાગ્યો. કેવો?

'**સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન...**' દેખો! અહીં તો લક્ષણ આ કહ્યું. કેવું જ્ઞાન પ્રગટ્યું? કે '**સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન...**' આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિસ્વરૂપ છે. એમાં અંતર દૃષ્ટિ અને લીનતા કરવાથી સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન જેનું પરિણમ્યું છે એમ કહેવું છે. સાર છેને છેલ્લો. '**णाणं सोक्खं च परिणमदि**' જ્ઞાન, સુખ ક્યાંકથી લાવે છે એમ નહિ. એ શબ્દ સમયસારમાં છેલ્લી ગાથામાં છે. '**णाणं सोक्खं परिणमदि**' છેને ભાઈ? ૪૧૫. સમજાણું? એ જ શબ્દ અહીં છે. '**उत्तमं सोक्खं**' '**अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं**' એટલે ટીકામાં પછી લીધું છેને. '**સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.**' '**પરમાનંદ**' **શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા-લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.**' છેલ્લે. પોતે જ થાય છે. કંઈ લાવવું નથી ક્યાંયથી. અંતર આનંદમૂર્તિ ભગવાન અતીન્દ્રિય આનંદનો રસકંદ છે એના અનુભવમાં સ્થિર થતા પોતે જ આનંદરૂપ થઈ જશે, આનંદરૂપ પરિણમશે. આનંદ લાવશે ક્યાંયથી એમ નહિ. પોતે જ આનંદમૂર્તિ આત્મા છે,

અતીન્દ્રિય આનંદ એમાં છે. એનો અંતર્મુખ શુદ્ધ ઉપયોગ દ્વારા અભ્યાસ થતા પોતે જ આનંદરૂપે પરિણમી જાય છે. એને અરિહંતપદ અને કેવળજ્ઞાન કહે છે. સમજાણું?

**'સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન...'** આ પ્રશ્ન હતો તે દિ' કે સ્વપરપ્રકાશક જ્ઞાન કંઈ ... થયું છે? એમ પ્રશ્ન હતો ૨૦૦૬ની સાલમાં, રાજકોટ. સ્વપરપ્રકાશ જ્ઞાનનું પરિણમવું ... છે? એમ પ્રશ્ન કર્યો હતો. અરે..! ભગવાન! એક વાર વાંચ્યું હોય જયધવલમાં કે જ્ઞાન પરપ્રકાશક અને દર્શન સ્વપ્રકાશક. એ પકડ્યું હોય ત્યાંથી. એ તો ગુણભેદની વ્યાખ્યા કરી છે. જ્ઞાનનો વિકલ્પ સ્વભાવ છે સ્વપરને જાણવાનો, વિકલ્પ એટલે સ્વપરને, ત્યાં પરની પ્રધાનતા લઈને (સ્વપ્રકાશકપણું) ગૌણ કર્યું. જ્ઞાન **'સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન...'** એ આત્માનો અંતર સ્વભાવ પણ સ્વપરપ્રકાશક હતો એ અંતરના શુદ્ધ આચારણ દ્વારા. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત વિકલ્પ એ બધા બંધના કારણ છે. એના રહિત આત્માના શુદ્ધ આચરણના ઉપયોગની રમત દ્વારા ભગવાન સર્વજ્ઞને જ્ઞાનરૂપે જેનું પરિણમન સ્વપરપ્રકાશક લક્ષણવાળું થયું. હજી તો અરિહંત કોને કહેવા અને એના જ્ઞાન અને આનંદની કાંઈ ખબર ન મળે અને અમે અરિહંતના ભક્ત જૈન છીએ. કોથળીમાં કડવાટ, માથે લખ્યું સાકર. કોથળી સમજો છો? થૈલી થૈલી. અંદર કરિયાતું ભર્યું, માથે લખ્યું સાકર. ધૂળમાં સાકર લખે તો કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? હજી જૈનપણું કોને કહેવું એની ખબર ન મળે અને નામ ધરાવવા શ્રાવક અને સાધુ. મીઠા સાકર જેવા શબ્દ, અંદર કડવાશ ભરી છે.

આ કહે છે કે આત્મા એને જાણ્યો, જાણ્યો અનુભવ્યો કહેવાય અને સમ્યગ્દર્શન એને કહેવાય કે પુણ્ય-પાપના રાગ રહિત, શુભાશુભ વિકલ્પની ક્રિયાકાંડ રહિત એકલો હું આનંદ અને શુદ્ધ એના તરફ ઝુકવાથી નિર્વિકલ્પ નામ વીતરાગ વિકાર સિવાયની વીતરાગી પરિણતિ દ્વારા જેણે આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને પછી સ્વરૂપમાં સ્થિરતાના આચરણ દ્વારા જેણે ચાર ઘાતિનો ક્ષય કરીને કેવળજ્ઞાન કર્યું છે એવા કેવળજ્ઞાનીનું જ્ઞાન પરિણમી ગયું. ક્યાંથી? અંતરમાંથી આવીને. સ્વપરપ્રકાશક જેનું લક્ષણ એવું કેવળજ્ઞાનરૂપ અરિહંત પરિણમી ગયા, એ રૂપે થઈ ગયા, એ રૂપે થઈ રહ્યા. થઈ ગયા. થઈ ગયાનો અર્થ જ ઈ છે, થઈ ગયા એટલે પરિણમી ગયા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદનો કંદ છે આત્મા. એની ખાણમાં તો જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય પડ્યો છે. એની ખાણમાં દયા, દાન, વ્રતના વિકલ્પો-ફિકલ્પો એના સ્વરૂપમાં નથી. એથી એ વિકલ્પની જાત રાગની એની રુચિ છોડી ભગવાન જ્ઞાનમૂર્તિ આનંદની અંતર દૃષ્ટિ કરી અને અરિહંત સર્વજ્ઞને એકલું જ્ઞાન એવું આ એકલું જ્ઞાન અને આનંદની પ્રતીતિ થઈ એને સમ્યગ્દર્શન (કહે છે). એટલે કે હવે હું તો જાણનાર દેખનાર રહેવાનો છું. હતો એવો રહેવાનું છે. રાગાદિનો કર્તા નહિ, દેહાદિની ક્રિયાનો કર્તા નહિ, વ્રતના પરિણામનો પણ હું કર્તા નહિ. એવી સમ્યગ્દષ્ટિમાં સમ્યક્જ્ઞાન અને આનંદનું ભાન થયું અને સ્વરૂપમાં

લીનતા કરતા શુદ્ધ ઉપયોગના આચરણથી કેવળજ્ઞાન સ્વપરપ્રકાશ જેનું લક્ષણ એ જ્ઞાન પ્રગટ્યું. એવું લક્ષણ જ્ઞાન તે થઈને પરિણમે છે એમ લેવું છેલ્લું. સમજાણું કાંઈ? એ સ્વયં પરિણમે છે એમ કહે છે. આ શરીર ને સંહનન ને મનુષ્યદેહ હોય તો તે જ્ઞાનપણે પરિણમે છે એમ નથી.

'**સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન અને અનાકુળતાલક્ષણ સુખ...**' બેના લક્ષણ બાંધ્યા. અનાકુળતાલક્ષણ આનંદ. જેમાં આકુળતા નથી. એકલો આનંદ અનાકુળનો રસ આત્મા છે એવો પર્યાયપણે અનાકુળતાલક્ષણ આનંદરૂપે આત્મા થઈ જાય છે. '**થઈને પરિણમે છે.**' પરિણમે છે એટલે એ રૂપે થાય છે. એને કેવળજ્ઞાની અને પરમાત્મા કહેવામાં આવે છે. એ પરમાત્મપદ સ્વરૂપના આચરણ દ્વારા પ્રાપ્ત કર્યું છે. બીજી કોઈ ક્રિયાકાંડ ને વ્યવહાર-ફ્યવહારથી થાતું નથી. સમજાણું કાંઈ? '**સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન...**' પાઠમાં. જ્ઞાન અને સુખ પરિણમાવ્યું તો તેના લક્ષણ બાંધ્યા અમૃતચંદ્રાચાર્યે. અનુકાળતાલક્ષણ સુખ આનંદ થઈને પરિણમે છે, આનંદરૂપે થઈ જાય છે. એ પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ દશા હતી. સમજાણું કાંઈ? જે શુભરાગ દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, જાત્રા શુભરાગ એ દુઃખદશા હતી. રાગ છે તે દુઃખદશા હતી. એની અંતરના આનંદના અવલંબે અનાકુળલક્ષણ આનંદની પરિણતિ પ્રગટ કરતા એ દુઃખનો નાશ થયો અને અનાકુળ આનંદલક્ષણરૂપે જેનું પરિણમન દશામાં થયું. શેઠી! .. જગતને બહારથી ક્યાંકથી મળતું હોયને જાણે આ. ધૂળમાંય બહારમાં નથી ક્યાંય. અંદરની ચીજ તો અંદરથી પ્રાપ્ત થાય કે અંદરની ચીજ કોઈ બહારના કારણથી પ્રાપ્ત થાય? ઈ કહેશે પછી ... ગાથામાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો જ્ઞાનનો ઘન, આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. અતીન્દ્રિય આનંદ. એમાં પુણ્ય-પાપના વિકલ્પો દુઃખરૂપ છે એનાથી રુચિને હઠાડી સ્વભાવની રુચિમાં, એકલો જ્ઞાન અને આનંદમય છું એમ પ્રતીતિ સમ્યગ્દર્શનમાં સ્વરૂપના અનુભવમાં થઈ ત્યારે તે જ્ઞાતા દૃષ્ટા થયો. ત્યારે તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કહેવાણો. સમજાણું કાંઈ? હજી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. પછી એ અવિરતિનો જે રાગ (રહ્યો) એનાથી ખસીને સ્વરૂપમાં સ્થિરતાની વીતરાગ પરિણતિ દ્વારા કેવળજ્ઞાનને પ્રગટ કરે એ રાગનો અભાવ થઈ જાય. એટલે આત્મા તે કાળે જ્ઞાન અને આનંદરૂપે પરિણમી જાય છે. પોતે એ રૂપે પરિણમી જાય. એના આનંદ અને જ્ઞાન કંઈ બહાર રહેતા નથી. સમજાણું કાંઈ? એને અરિહંતપદ અને સર્વજ્ઞપદ કહેવામાં આવે છે.

'**આ રીતે આત્માનો, જ્ઞાન અને આનંદ સ્વભાવ જ છે.**' જુઓ! '**આ રીતે આત્માનો, જ્ઞાન અને આનંદ સ્વભાવ જ છે.**' પર્યાયસ્વભાવ. અંતર સ્વભાવ તો છે પણ વર્તમાન દશામાં જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય આનંદ. જેને ઈન્દ્રોના ઈન્દ્રાસનમાં પણ આનંદ નથી. એ તો બધા ઝેરવાળા દુઃખ છે. ભગવાન આત્મા એ પુણ્ય પાપના ભાવના ફળ અને ભાવથી રહિત સ્વભાવમાં અંતર દૃષ્ટિ કરીને જે આનંદની, જ્ઞાનની દશા સર્વજ્ઞ

પરમાત્માને પ્રગટ થઈ એ એનો સ્વભાવ જ છે. એ તો એનું સ્વરૂપ જ છે એમ કહે છે. **'અને સ્વભાવ તો પરથી અનપેક્ષ હોવાથી...'** દેખો! શું કીધું? અરે..! સર્વજ્ઞને જ્ઞાન અને આનંદ કેમ થાય? ઇન્દ્રિયો નહિ, ખાવા-પીવા નહિ, ભોજન નહિ, લાડુ નહિ, દાળ નહિ, લાડુ નહિ, વાડી નહિ, ગાડી નહિ. ઈ કહેશે હમણાં. અરહિંત પરમાત્મા અને સિદ્ધ-ગાડી, લાડી, વાડી, ઘોડી, લાડવા, દાળ, ભાત, શાક, આ મોસંબી કાંઈ ન મળે. ઇન્દ્રિયો ન મળે. એને જ્ઞાન અને આનંદ ક્યાંથી આવ્યા? સાંભળને હવે. ઇન્દ્રિય-ફિન્દ્રિય તો માટી ધૂળ છે આ તો. જ્ઞાન અને આનંદ અંદરમાંથી પરિણમીને પોતે જ્ઞાન અને આનંદ (રૂપ પરિણમ્યા), જેને ઇન્દ્રિયની અપેક્ષા છે નહિ. એવું અરિહંત ભગવાનનું જ્ઞાન અને આનંદની દશારૂપે પરિણમન થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનુભવ જ્ઞાન. અંદર સ્થિરતા કરવી, શ્રદ્ધા એમાં પ્રતીત કરવી ઈ. પ્રતીતનું નામ સમ્યગ્દર્શન છે, અનુભવ જ્ઞાન કરવું અને સ્થિરતા કરવી એનું નામ અનુભવ છે. વાત આખી અગમનિગમની વાતું. અનંત કાળમાં અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, જૈન દિગંબર સાધુ અનંત વાર થયો, મૂઢ મિથ્યાદૃષ્ટિ રહ્યો. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો અને 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ બધી મૂઢદૃષ્ટિમાં એ વ્રત ને દયા ને દાન ને મૂળગુણના વિકલ્પો રાગ એ અમારો ધર્મ અને એ અમારી ક્રિયા એમ મૂઢ મિથ્યાદૃષ્ટિએ માની અને મિથ્યાત્વમાં આત્માનું શું સ્વરૂપ છે એ જરીયે જાણ્યું નહિ. સમજાણું કાંઈ? એ સ્વરૂપ પોતાના આનંદ અને જ્ઞાન, રાગ ને વિકલ્પ ને શુભ ઉપયોગ વિનાના છે. એવું શ્રદ્ધી, અનુભવી, પ્રતીત કરી, સ્થિરતા આચરણ કરી. ભગવાનને જ્ઞાન અને આનંદ છે એને ઇન્દ્રિયની અપેક્ષા હોતી નથી. કેમકે સ્વભાવ પરની અપેક્ષા રાખતો નથી. જે જેનો સ્વભાવ તે પરની અપેક્ષા રાખતું નથી.

**'ઇન્દ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.'** ઇન્દ્રિય માટી જડ હોય તો જ્ઞાન થાય. આ હોય તો આ થાય. આ તો ધૂળ છે. માટી છે, પુદ્ગલ છે, અજીવ છે. ભગવાન આત્માનું જ્ઞાન અત્યારે પણ જ્ઞાન પોતાથી થાય છે. કંઈ ઇન્દ્રિયથી થાય છે? સમજાણું કાંઈ? માટીનું ચોસલું તો ઢીમ પડ્યું છે અંદર. જ્ઞાન ભિન્ન અને આ ભિન્ન. બેય જુદેજુદા પદાર્થ એકબીજાને અડતા પણ નથી. અડતા નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. અહીં કહે છે કે ભગવાનને આવું? તારે એ અને ભગવાનને એ. સાંભળને! ભીખાભાઈ! એ આત્મા નિરાલંબ પદાર્થ છે એનું એણે કોઈ દિ' ભાન કર્યું નહિ. કર્યા વિના મરી ગયો કરી કરીને. વ્રત ને નિયમ ને સંયમ ને ક્રિયા ને દાન ને તપ ને જાત્રા ને ભક્તિ. રાગ મંદ હોય તો કંઈક આ ધૂળ-બૂળનો શેઠિયો થાય. ભૂતડા-બુતડા થાય દેવના. એમાં આત્માને કાંઈ લાભ થાય નહિ. ભૂતપણું ન જાય આત્માનું. ભૂતપણું એટલે છતાપણું, હોવાપણું. ભગવાન આત્મા

એકલો જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ છે એ અંતરની નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ આચરણ દ્વારા જ જણાય એવો છે. એ સિવાય ત્રણ કાળ ત્રણ લોકમાં એ જણાય એવો નથી. એ જાણીને ભગવાનને કેવળજ્ઞાન આનંદ થયા એ સ્વભાવ પરની અપેક્ષા રાખતું નહિ હોવાથી **'ઈન્દ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.'** કોઈ કહે, પણ ભગવાનને આનંદ શું? એલા! પણ તને આનંદ શું? તને ખબર છે? આ રૂપિયા ને બાયડી ને છોકરા એ આનંદ છે તને? એ તો કલ્પના કરે છે કે મને ઠીક. એ કલ્પનાને તું આનંદ માને છો. પરમાં આનંદ છે? લાડવામાં, બાહ્યમાં, બાયડી, છોકરા, પૈસા, હજીરા-મકાન... ધૂળ એ તો જડ છે, માટી છે. એમાં છે? એમાં તને ઠીક પડે એવી કલ્પના કર એમાં તને સુખ લાગે છે. છે એ કલ્પના દુઃખ. એ કલ્પના જઈને નિર્વિકલ્પ પરિણતિ અંદરમાંથી આવી એને આનંદ અને શાંતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત છે આ. ભારે ક્યાં, પહેલામાં પહેલી એ જ છે. જે છે તે એ જ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :— આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં...'** આનંદ અને જ્ઞાનરૂપે થવામાં **'ઈન્દ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી;...'** જરૂર નથી. કહ્યું છેને? જયધવલમાં ન કહ્યું? જ્ઞાનની પર્યાય ઈન્દ્રિયોથી તને થાય તો જ્ઞાનગુણનું સામાન્યપણે વિશેષ કર્યું શું? જ્યારે આ જ્ઞાનની વર્તમાન દશા આ ઈન્દ્રિયોથી થાય તો વર્તમાન એટલે વિશેષ વિશેષ, એ સામાન્ય જ્ઞાન ત્રિકાળ વિશેષ વિનાનું રહ્યું તે એને લઈને વિશેષ થયું? વાડીભાઈ! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ જે કાયમી અસલ છે એ સામાન્ય. સામાન્ય એટલે એકરૂપ. એનો અંશ વર્તમાન વિશેષરૂપે સામાન્ય પોતે પરિણમે છે જ્ઞાન. ઈન્દ્રિયને લઈને નહિ, મનને લઈને નહિ. કહો, બરાબર છે? ભીખાભાઈ! સાંભળવાને લઈને નહિ એમ કહે છે. જો સાંભળવાથી થયું તો એ વખતે સામાન્યે કર્યું શું? સામાન્ય એકરૂપ રહેનારું વિશેષ ... રહ્યું? એટલે કે જ્ઞાન કાર્ય વિનાનું રહ્યું? સાંભળવાથી જ્ઞાન થયું, ઈન્દ્રિયથી થયું તો એ વખતે સામાન્ય કારણરૂપ જ્ઞાન ત્રિકાળ એ કાર્ય વિના રહ્યું? તો કાર્યવાળું થયું તો ઈન્દ્રિયની અપેક્ષા વિનાનું કાર્ય વિનાનું થયું. સમજાણું કાંઈ? વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? પદાર્થમાં શક્તિઓ છે કે નહિ? એ શક્તિ માહ્યલી જ્ઞાન અને આનંદ એની શક્તિ છે. જ્ઞાનશક્તિએ વર્તમાન કાર્ય વિના એનું કાર્ય બીજાએ કર્યું ઈન્દ્રિયોએ, તો એણે શું કર્યું? નમાલું રહ્યું નકામું? ભ્રમ પડી ગયો અજ્ઞાનીઓને કે અમારી જ્ઞાનદશા આનાથી થાય. અત્યારે પણ જ્ઞાનની દશાનું કાર્ય-થાય વિશેષ સામાન્યથી થાય છે. ભગવાન એકલું સામાન્ય જ્ઞાન પરિણમી ગયું પૂર્ણ રૂપે, પર્યાયરૂપે. એને ઈન્દ્રિય અને મનની બાહ્ય પદાર્થની જરૂર નથી. એવું જ્ઞાન અને આનંદ થઈ ગયું.

**'કારણ કે સ્વપરનું પ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે.'** એમ કરીને

સિદ્ધ કર્યો આત્માનો સ્વભાવ.

હવે કેટલાક કહે છેને કે ભગવાનને આહાર હોય. ક્ષુધા લાગે, પાણી પીવે, રોગ થાય, દવા લે. કહે છે કે ભગવાન! તેં એને શારીરિક દુઃખી માન્યા હજી તો. તેં ભગવાનને ઓળખ્યા નથી. આહા..હા..! એ વાત ૨૦મી ગાથામાં કરે છે. કેવળજ્ઞાન અને આનંદ એવા પરિણમે એને હવે ક્ષુધા લાગે અને આહાર લાવે ત્યારે ઠીક પડે, રોગ થાય અને દવા લાવે ત્યારે ઠીક પડે એ તો બધી અજ્ઞાની છદ્મસ્થની વાત કરી છે. કેવળજ્ઞાનીને તેં ઓળખ્યા નથી. કેવળજ્ઞાનનો આનંદ પ્રગટે તેને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, આહાર ન હોય, રોગ ન હોય. શરીરની કોઈ ક્રિયા એનામાં લાગુ પડતી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મૂળમાં ભૂલ છે. અરિહંતના પદની ઓળખાણમાં જ ભૂલ છે. એ માટે તો આ (કહે છે). જ્ઞાન, અરિહંતના જ્ઞાન અને આનંદને આમ જાણો. એના આનંદને માટે અહીંયા પદાર્થની જરૂર પડે એવું એનું સ્વરૂપ હોઈ શકે નહિ. ...ભાઈ!

'**હવે અતીન્દ્રિયપણાને લીધે જ શુદ્ધ આત્માને** (કેવળીભગવાનને) **શારીરિક સુખદુઃખ નથી એમ વ્યક્ત કરે છે :—**' શારીરિક સુખદુઃખ નથી. ભગવાનને રોગ નથી, શરીરમાં હોં! આત્મામાં તો ક્યાં હતો? એને શરીરમાં ક્ષુધા ન હોય, તૃષા ન હોય, આહાર ન લે, પાણી ન પીવે. ધર્મચંદજી! જ્યારથી પ્રગટ્યું કેવળજ્ઞાન ત્યારથી. અરે..! કેવળજ્ઞાન અને આનંદ કોને કહે! એને ક્ષુધા લાગે, એને વળી આહાર લાવે, ખાય. આજ્ઞા કરે, મુનિને આજ્ઞા કરી એવું આવે છે. ...સિંહ અણગાર રોવે છે એવી ભાષા છે. સિંહ અણગાર રોવે છે. ભગવાન કહે છે, જા હે સિંહ! ... બોલાવ. જા આહાર લઈ આવ રેવતીના ઘરેથી. ... લઈ આવે છે. લેવા ગયા અને પછી હાથમાં લીધો, ખાધો, રોગ મટી ગયો. બધી કલ્પનાની વાતું છે. દૃષ્ટિ વિપરીતે બનાવેલા શાસ્ત્રો છે. સમજાણું કાંઈ? કઠણ પડે જગતને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વસ્તુનું સ્વરૂપ જ એમ નથી. અહો..! જ્યાં તૃપ્ત તૃપ્ત આનંદની દશા એને શરીર સાથે શું સંબંધ છે. અનંત આનંદ, આનંદ, આનંદ... અમૃતના આનંદનો અનુભવ, જેને-ગણધરને પણ અનંતમે ભાગે, એથી અનંતગુણો આનંદનો અનુભવ છે. અનંત ચતુષ્ટય વ્યક્ત થયા. એના પુણ્ય પણ એવા ન હોય કે શરીરમાં રોગ થાય કે પુણ્યમાં ખામી દીઠી કે પૂર્વના ભાવમાં ખામી દીઠી. એના ફળમાં ખામી એટલે પૂર્વના કારણમાં ખામી. એણે અરિહંતના પદના સ્વરૂપને જાણ્યું નથી. અને એના સાધકપણાના ઉપયોગમાં કેવું પુણ્ય હોય અને એના ફળમાં સાધકપણું પણ જાણ્યું નથી. વાત તો આમ છે ભાઈ! આજ માને, કાલે માને, પછી માને, ન માને તો ... સમજાણું કાંઈ?

જેને સ્વરૂપનું સાધન કરતા, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું સાધન કરતા એટલા બધા

પુણ્યના રસ વધી ગયા છે, એને કારણે પુણ્ય. જેને શરીરમાં રોગ કેવા? કે જેને રોગ તેને પુણ્ય ઓછું પાપ ઝાઝુ અને પાપના કારણરૂપ ભાવ એને હજી કહ્યો નહોતો એટલે. એટલે એના કેવળજ્ઞાનને પામવાના ઉપાય પણ ખોટા, ખોટી વાત, એના ફળમાં પણ ખોટી વાત. આખા તત્ત્વમાં ફેર છે. ઈ અહીં સિદ્ધ કરે છે ભગવાન કુંદકુંદાચાર્ય. સમજાણું કાંઈ? ૨૦મી ગાથા.

**सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि देहगदं।**
**जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं।।२०।।**
**કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.**

એમ કહે છે. '**णेयं**' શબ્દ છેને છેલ્લો. ગાથામાં '**तम्हा दु तं णेयं**' આમ જાણજે એમ કીધું છે, અહીં આદેશ કર્યો છે. ૨૦મી ગાથા. કેમ? '**अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं**' એ તો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ થઈ ગયું છે. એને કોઈ ઈન્દ્રિયના સુખ દુઃખનો સંયોગ પ્રતિકૂળ અનુકૂળ હોઈ શકે નહિ. એને લઈને સુખ હોય નહિ.

'**ટીકા :— જેમ અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી...**' એકલી અગ્નિ છૂટી પડી એને '**લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત...**' સંસર્ગ નથી. સમજાય છે? એકલી અગ્નિને લોઢાનો સંગ નથી. '**(અર્થાત્ અગ્નિ તે લોખંડના ગોળાના પુદ્ગલોના વિલાસથી—તેમની ક્રિયાથી—ભિન્ન છે) તેમ શુદ્ધ આત્માને (અર્થાત્ કેવળજ્ઞાની ભગવાનને) ઈન્દ્રિયસમૂહ નથી;...**' લોઢાનો સંગ હોય, અગ્નિ લોઢાનો સંગ કરે તો ઘણઘાત પડે, ઘણ પડે. ભગવાનને ઈન્દ્રિયનો સંગ નથી. અગ્નિનો લોઢાનો સંગ હોય તો લોઢાનો ઘણ પડે. એમ જ્ઞાનને ઈન્દ્રિયનો સંબંધ હોય તો દુઃખ થાય. ભગવાનને ઈન્દ્રિયનો સંગ છે નહિ. '**શુદ્ધ આત્માને (અર્થાત્ કેવળજ્ઞાની ભગવાનને) ઈન્દ્રિયસમૂહ નથી;...**' ત્યારે કોઈ કહે કે ઈન્દ્રિયસંગ તો પહેલેથી નથી દૃષ્ટિમાં જ. ખંડખંડ ઈન્દ્રિય અને જડ (ઈન્દ્રિય) એ પહેલેથી દૃષ્ટિના વિષયમાં નથી. અહીં તો જરી નિમિત્ત-નૈમિત્તકિ સંબંધ હતો એ પણ હવે નથી એમ કહે છે. સમજાણું કાંઈ? દ્રવ્યઈન્દ્રિય, ભાવઈન્દ્રિયને જીતીને દ્રવ્યદૃષ્ટિ કરી છે એ અપેક્ષાએ તો એને સંબંધ છે નહિ. પણ હજી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જરી અલ્પજ્ઞતા, ઓછપ છે, ... એવો સંબંધ છે એ બધો સંબંધ ભગવાનને નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માને...**' ઈન્દ્રિય સંબંધ નથી.

'**તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી...**' ટીકા જુઓને ટીકા. અગ્નિને ઘોર ઘણ. ઘણ ઘણ પડેને લોઢાનો? '**અગ્નિને ઘોર...**' અગ્નિ ઉપર કોણ ઘણ નાખે? લોઢામાં અગ્નિ ગરે તો નાખે. લોઢામાં જો અગ્નિ જાય તો એનામાં ઘણ પડે. એકલી અગ્નિ પર કોણ ઘણ નાખે? '**જેમ અગ્નિનો ઘોર ઘણના ઘાના માર...**' એની

પરંપરા પાછી, એમ. ઉપરાઉપર પીટાપટ કરે છેને? લુહાર નથી કરતા લોઢું ઊનું કરીને? સળિયાને વાળવો હોયને સળિયાને, ... પડે, એક મારે ત્યાં બીજો મારે ઉપરાઉપર. ... '**અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી (અર્થાત્ લોખંડના ગોળાના સંસર્ગનો અભાવ થતાં ઘણના ભયંકર ઉપરાછાપરી ઘાનો માર અગ્નિને પડતો નથી)...**' એ દાખલો. એમ ભગવાનના જ્ઞાનને ઇન્દ્રિયનો સંબંધ નથી. '**શુદ્ધ આત્માને શરીરસંબંધી...**' કંઈ પણ સંબંધ નથી. એટલે એને સુખદુઃખ કંઈ હોતા નથી. જુઓ! અહીં કુંદકુંદાચાર્ય મહારાજ સનાતન કેવળજ્ઞાનની દશા (વર્ણવે છે). શુદ્ધ ઉપયોગ દ્વારા જેણે સમ્યગ્દર્શન થતા કર્મના રસની અશાતા ઘટાડી ઘટાડી કેટલો ઘટ્યો, શાતા કેટલો વધ્યો, ચારિત્રમાં કેટલી અશાતા કે શાતા વધી, એમાં શુક્લધ્યાનમાં કેટલી અશાતા ઘટી અને શાતા વધી, એવા કેવળીને શરીરમાં ક્ષુધા લાગે કે રોગ થાય, ત્રણ કાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અરિહંતના પદમાં પહેલી ચોટે ભૂલ્યા છે એમ કહે છે. પહેલે કોળિયે માખી.

જેમ એકલી અગ્નિ (હોય) એને ઘણ નથી, એમ એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, એમ કહે છે, એકલું જ્ઞાન થઈ ગયું નિમિત્તના સંબંધ વિનાનું એને દુઃખ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એકલો જ્ઞાન અને આનંદ એની દૃષ્ટિ થઈ, છતાં હજી અસ્થિરતાનું દુઃખ એને હોય છે, સમ્યગ્દૃષ્ટિને. એકલો જ્ઞાન અને આનંદ, એકલો જ્ઞાન અને આનંદ એમ પ્રતીતમાં આવ્યું પણ છતાં જેટલો શુભાશુભ પરિણામ રહ્યો એટલું સમ્યગ્દૃષ્ટિને દુઃખ છે. એ પરિણામ રહિત થઈને શુદ્ધ ઉપયોગ દ્વારા જ્યાં કેવળજ્ઞાન થયું એ દુઃખના પરિણામનો અભાવ કરીને ... ઉત્પન્ન કર્યા. એને કોઈ જાતના શારીરિક સુખ-દુઃખ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખદુઃખ નથી.**' '**देहगदं**' શબ્દ પડ્યો છેને? '**केवलणाणिस्स णत्थि देहगदं**'. દેહગત છેને, દેહગત. કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે કે '**तम्हा दु तं णेयं**'. અતીન્દ્રિય થયાને ઇન્દ્રિયના દુઃખ ન હોય. અતીન્દ્રિય થયા એને ઇન્દ્રિય એટલે શરીર સંબંધી દુઃખ ન હોય. સમજાણું કાંઈ? જુઓ! આ જ્ઞાનનો આવો સ્વભાવ છે કે એકલું જ્ઞાન જ્યાં પરિણમીને ઊભું રહે, એમાં પૂર્ણ આનંદની છલક સાથે હોય. એને જરીયે શારીરિક કે માનસિક દુઃખ હોઈ શકે નહિ. એવા કેવળીને પણ જે ઓળખે નહિ એ આત્માને ઓળખે અને સમ્યગ્દર્શન થાય, ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ?

આવે છેને? નથી આવતું? 'અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ' આવે છેને? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ' ત્યાં તો ભૂલની વાત કરી છે. 'કર્મ બિચારે કૌન?' ઈ તો જડ માટી ધૂળ, જેવી આ ધૂળ એવી એ ધૂળ છે. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ'. મારી ભૂલના દુઃખ મને થાય છે. કંઈ કર્મને લઈને દુઃખ અને કર્મને લઈને વિકાર એમ છે નહિ. 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ'. અગ્નિ લોઢાનો સંગ કરે (તો) ઘણના ઉપરાઉપરી માર સહન કરવા પડે. સમજાણું?

એમ ભગવાન આત્મા પોતાની ભૂલે રખડે છે, કર્મને લઈને નહિ. એ ભૂલ ભાંગીને ભગવાન થયો એને સુખ દુઃખ શારીરિક હોઈ શકે નહિ અને શરીરસંબંધી સુખ દુઃખ (હોય નહિ). પણ નવરા કોણ છે આવું નક્કી કરવા? એને મેળે ચાલ્યું જાય છે. જ્યાં જે વાડામાં જન્મ્યા.. '..' જ્યાં જન્મ્યા, જેનો સંગ, એનો પ્રેમ, એનો રંગ, એની આસક્તિમાં જિંદગી જાય છે. '...' એ અમારા મહારાજ છે, અમે એના ભક્ત છીએ. આ અમારા ગુરુ છે, આ અમારા ભગવાન છે. '...' ગુલાબરાયજી! એને તો આને લઈને માંડ સાંભળવાનું મળ્યું, નહિતર ક્યાં સાંભળવા નવરા થાતા હતા. એક છોડી છે અને .... છે. કહો, સમજાણું કાંઈ? કહો, આમાં સમજાય છે આમાં?

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પ્રભુ બિરાજે છે એની પાસે ગયા હતા. સંવત ૪૯. દિગંબર સંત મુનિ ભરતક્ષેત્રના. એ ભગવાન મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન બિરાજે છે તે કાળે બિરાજતા, ઈના ઈ છે, સીમંધરપ્રભુ. બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય નગ્ન દિગંબર સંત ત્યાં ગયા, આઠ દિ' રહ્યા, આવીને આ શાસ્ત્રો થયા. તે પહેલા પંથ બે જુદા પડી ગયા હતા. એટલે કહે છે, ભાઈ! આમ ન હોય. એ જ્ઞાન ને આનંદરૂપે જ્યાં પરિણમન થઈ ગયું એને એવા નિમિત્તો ... અને સુખ દુઃખ હોય એમ ભગવાનના જ્ઞાનમાં નથી હોં! શું થાય પણ? કોઈ ... બેસે એવું છે? ત્યારે ઓલા કહે, નહિ, લાવો ચર્ચા. બાપા! આમાં વાદવિવાદ ન હોય. વસ્તુની સ્થિતિ સમજવા માટે ઝઘડા અને વાદ ન હોય. એવી ચીજ છે.

**ભાવાર્થ :—** ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, '**કેવળી ભગવાનને શરીરસંબંધી ક્ષુધાદિદુઃખ કે ભોજનાદિસુખ...**' શરીરમાં ક્ષુધા લાગે તો દુઃખ થાય અને ભોજન આવે તો સુખ થાય. તો એ તો ન થાય એમ વળી કહે છે. સમજ્યાને? પણ એ દશા નિમિત્તમાં હોય જ નહિ. એને પૂજનારા ઈન્દ્રોને શારીરિક દુઃખ નહિ. ભગવાનને પૂજે, જેના ચરણકમળમાં દાસાનુદાસ (થઈને રહે) ઈન્દ્રો અર્ધ લોકના સ્વામી, ઈશાન ઈન્દ્ર અને શક્રેન્દ્ર. એને જિંદગી બે સાગરની સ્થિતિમાં રોગ ન હોય. એક સાગરોપમમાં દશ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવા જે ... એને રોગ નહિ અને એના દેવને શરીરમાં રોગ હોય એ વસ્તુના સ્વરૂપને જાણતા નથી. સમજાણું કાંઈ? દેવની ભૂલ, ગુરુની ભૂલ, તત્ત્વની ભૂલ, નવે તત્ત્વની ભૂલ. '**તેથી તેમને કવલાહાર હોતો નથી.**' સરવાળો કર્યો. ભગવાન આત્માને જ્ઞાન ને આનંદનું પરિણમન થયું એને કવળ ખાય અને રોગ મટે એવું એને હોતું નથી. એવું જ્ઞાન અને આનંદનું સ્વરૂપ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૨, ગુરુવાર, તા. ૨૧.૨.૧૯૬૩**
**ગાથા-૨૧, પ્રવચન-૬૧**

જ્ઞાનતત્ત્વ અધિકાર ચાલે છે. શું કહ્યું એમાં? કે જે સુખી થાય છે, જેને સુખી થવું છે કે દુઃખ જેને ટાળવું છે એણે આત્માનું જ્ઞાનસ્વરૂપનું સામર્થ્ય કેટલું છે અને એ સામર્થ્ય પ્રગટ ક્યાંથી થાય છે એમ એને પહેલી પ્રતીતિ, અનુભવ કરવો જોઈએ. ..ભાઈ! શું કહ્યું? સુખી થવું હોય તો સુખ ક્યાં છે? સુખી થવું કહો કે ધર્મ થવો કહો, બેય એક જ વાત છે. ધર્મ થાય અને સુખી ન થાય, સુખી થાય અને ધર્મ ન થાય એમ હોઈ શકે નહિ. ધર્મ થાય એટલે સુખી થાય. પણ ઈ ક્યો ધર્મ? કે આત્મા પદાર્થ છે એનો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે. એ જ્ઞાન અને આનંદની, પરિપૂર્ણ મારું જ્ઞાન અને આનંદ અંદર છે એવી પ્રતીતિ થતા એની સાથે સમભાવનો અંશ જાગે, એની સાથે આનંદના અંશનું વેદન હોય. એને સુખી અને ધર્મી કહેવામાં આવે. સમજાણું? એ માટે આચાર્યે છેલ્લું કહ્યું કે અતીન્દ્રિય જ્ઞાનપણે આત્મા જ્યારે પરિણમે ત્યારે એની સાથે અનંત આનંદ અવિનાભાવી સાથે હોય. એટલે જ્ઞાનની વિકાસ શક્તિ પૂર્ણ જ્યાં પ્રગટે અને અંદરમાં છે એમાંથી પૂર્ણ પ્રગટે. ત્યારે એની સાથે પૂર્ણ આનંદ હોય. એ આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની જે મૂર્તિ છે. એને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની પ્રતીત અને અનુભવના વેદન દ્વારા પૂર્ણ સર્વજ્ઞ અને પૂર્ણ આનંદનું પરિણમન જીવને થઈ ગયું એ આત્માની પૂર્ણ આનંદની દશા, એ આત્માની મુક્ત દશા કહેવામાં આવે છે. તો એ જ્ઞાન અને સુખની તાકાત કેટલી છે અને પરિણમે ત્યારે એમાં જ્ઞાન અને આનંદ કેટલો હોય છે એનો અહીંયા આચાર્ય વિસ્તાર કરીને વર્ણન કરવા માંગે છે. સમજાણું કાંઈ? જુઓ!

‘**હવે, જ્ઞાનના સ્વરૂપનો વિસ્તાર...**’ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. લોકો એમ માને છે કે કાંઈક બહારથી મેળવીએ અને બહારથી લઈએ એમાં સુખી થાય. પણ બહારની ચીજ જ તારામાં નથી અને તારામાં છે તે બહારમાં નથી. તારામાં જ્ઞાન અને આનંદ અંદર છે. એ જ્ઞાન અને આનંદનું પરિપૂર્ણ પર્યાયરૂપે પરિણમવું એ એની તાકાત છે. એથી આચાર્ય, જ્ઞાન અને આનંદના પૂર્ણ સ્વરૂપના વિસ્તારનું, એનું સ્વરૂપ કેવું છે, ક્યાંથી પ્રગટે છે, પ્રગટવામાં સાધન કોણ હોય છે એ બધી વાત સાથે કરશે. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનના સ્વરૂપનો વિસ્તાર...**’ ભાઈ! તું આત્મા છો, આત્મા છે એનો જ્ઞાનસ્વભાવ છે સ્વભાવ. સ્વભાવ નામ એનું સ્વરૂપ, શક્તિ. એનું શક્તિમાંથી વિકાસ થઈને પૂર્ણ જ્ઞાનની દશા થવી એ પૂર્ણ આનંદ અને પૂર્ણ મુક્તિ છે. કહો, સમજાણું? અને તેના ‘**સુખના સ્વરૂપનો વિસ્તાર...**’ એ જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદની સ્વતંત્રતાના સુખનું વેદન એ કેવું અતીન્દ્રિય

જ્ઞાનમાં હોય એનો આ વિસ્તાર, ભગવાન કુંદકુંદાચાર્ય વર્ણવે છે. એ '**ક્રમે પ્રવર્તતા બે અધિકારો દ્વારા કહે છે.**' પહેલો જ્ઞાનસ્વરૂપનો વિસ્તાર અને પછી સુખસ્વરૂપનો વિસ્તાર. '**તેમાં, (પ્રથમ) અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી...**' આત્મા જેનું જ્ઞાન એ સ્વરૂપ છે શક્તિ એની વ્યક્તતા—પ્રગટતા અતીન્દ્રિય જ્ઞાનરૂપે (હોય). ઈન્દ્રિયના અવલંબનમાં જ્ઞાનની પર્યાય અટકે એ તો પરાધીન દશા છે. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા પોતાનો, એને અવલંબીને અતીન્દ્રિય જ્ઞાનરૂપનું પરિણમન થયું કેવળી ભગવાનને, એવી પૂર્ણ જ્ઞાનદશા થઈ તે ભગવાનને '**બધું પ્રત્યક્ષ છે...**' બધું પ્રત્યક્ષ છે, કોઈ પરોક્ષ છે નહિ. એવા પ્રત્યક્ષ જ્ઞાનમાં પૂર્ણ આનંદ હોય છે. ..ભાઈ! જ્ઞાનમાં આનંદ છે એમ સિદ્ધ કરવું છે અહીં તો. એ દેહની ક્રિયામાં આનંદ નથી, પુણ્ય-પાપના પરિણામમાં (આનંદ નથી). દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પો ઉઠે એમાં આનંદ નથી એટલે ધર્મ નથી. આનંદ નથી એટલે ધર્મ નથી. આનંદ અને ધર્મ બે સાથે હોય છે.

જ્ઞાનનો ધર્મ પૂર્ણપણે અતીન્દ્રિયપણે થવું તો એનો આનંદધર્મ પણ તે કાળે પૂર્ણપણે થવું છે. એવા જ્ઞાનમાં કંઈ પણ જગતની ચીજ જોયા વિના, પ્રત્યક્ષ વિના રહે એમ બને નહિ. બધું પ્રત્યક્ષ થઈ જાય. જુઓ! આ સુખી થવાની પૂર્ણ દશા થઈ એ દશાનો ધરનાર આત્મા છે એવા આત્માના અંદરમાં જ્ઞાન અને આનંદ પડ્યા છે એને તું પ્રતીત અને અનુભવના વેદનમાં લઈને વિશ્વાસ કર. એ તારા ધર્મની દશા અને કેવળજ્ઞાન પામવાના ઉપાયનું કારણ છે. બહુ જાત જુદી પણ આ તો. માણસ કહે કે આમ ફલાણું કરે ને આ કરે ને આ કરે, આ તે કંઈ... ભાઈ! તારા અંતર વળમાં અંદર જ્ઞાન અને આનંદ છે. એ ક્યાંય શરીર, વાણી, મન, પુણ્ય-પાપના રાગાદિમાં ક્યાંય નથી. સુખી થવું હોય, એકને કે સમાજને, એક વ્યક્તિને કે સમાજને કે સર્વને. તો સર્વતયા તારો આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલી ચીજ છે. એની શક્તિની વ્યક્તતા અંતરમાં એકાકાર થઈને એકલું જ્ઞાન અપૂર્ણતા વિનાનું, રાગ વિનાનું અને આનંદ સહિતવાળું પૂર્ણ જ્ઞાન થાય એને કંઈ જગતની ચીજ અપ્રત્યક્ષ રહી જાય એમ છે નહિ. બધું પ્રત્યક્ષ થઈ જાય છે. જુઓ! આવા સર્વજ્ઞ ભગવાન જેને જ્ઞાનમાં બેસતા નથી એને આત્માના ધર્મની ખબર અને કિંમત કરી શકતો નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા...**' જ્ઞાન તો છે. આ પાંચ ઈન્દ્રિયો છે એના લક્ષે પરિણમન છે એ તો જ્ઞાન પોતાનું અને પરલક્ષી પરિણમન એ તો પરાધીન છે. પણ જે જ્ઞાન અતીન્દ્રિય પોતાના આશ્રયે પરિણમીને પૂર્ણ પામ્યું, એવું હોવાથી કેવળી ભગવાનને બધું એક સેકંડના અસંખ્યભાગમાં પ્રત્યક્ષ છે. આવી કેવળજ્ઞાનની તાકાત છે એમ પહેલી ઓળખાવીને પ્રતીત કરાવે છે. ધર્મચંદજી! આમાં છ કાયની દયા પાળવી કે ચોવિહાર કરવો કે કંદમૂળ ન ખાવા એ કંઈ વાતેય આવી નહિ આમાં. પણ એમાં એ ... ક્રિયા બધી અતીન્દ્રિય જ્ઞાનના શ્રદ્ધા-જ્ઞાનના ભાન દ્વારા આગળ વધ્યો એટલે તે પ્રકારનો રાગ ઘટતા એ પ્રકારની

ક્રિયા તેને કાળે તે થવાની નહોતી તે ન થાય. એનો ધણી તું નથી અને કર્તા-હર્તા નથી. એટલે કે અતીન્દ્રિય પરિણમેલા જ્ઞાનમાં એટલે આત્માની પૂર્ણ દશામાં કંઈ અજાણપણું રહેતું નથી. એવા કેવળજ્ઞાનીને પૂર્ણ આનંદ હોય છે. આહા..હા..! ..ભાઈ!

આ વીતરાગનો ધર્મ, આ જૈનધર્મ. જૈનધર્મ એટલે કંઈ વાડો નથી, સંપ્રદાય નથી. વસ્તુનું જ્ઞાન અને આનંદ જે સ્વરૂપ ચૈતન્યનું છે એનો વિકાસ થઈને પૂર્ણ જ્ઞાન અને આનંદ થાય એનું નામ મુક્તિ. તે મુક્તિનું કારણ, જ્ઞાન અને આનંદની એકાગ્રતાની શરૂઆત એ મુક્તિનું કારણ. એ માટે આ અધિકાર (કહે છે). જ્ઞાનતત્ત્વ કહ્યું છેને? જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે? એક સમયમાં પ્રગટેલા જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે એ તને જો પ્રતીતમાં આવે તો એ સામર્થ્યની શક્તિ તારા દ્રવ્યમાં પડી છે અને એ દ્રવ્યના અંતરમાં એકાકાર થતા તને જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને અંશે સ્થિરતા થાય એની સાથે શાંતિ થાય, આનંદ થાય એને ધર્મ કહેવામાં આવે છે. ભારે ધર્મની વ્યાખ્યા. ભગવાનજીભાઈ! જૈનધર્મમાં તો કંદમૂળ ન ખાવા એ ધર્મ, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એ ધર્મ, ... એવી વાતું ચાલે છેને? કોને પાળે? પ્રભુ!

તું જ્ઞાનમૂર્તિ, એ જગતના તત્ત્વો હયાતીવાળા. શરીર, વાણી, મન આદિ છૂટે કે ન રહે કે આવે એ જગતના તત્ત્વો એની હયાતીવાળા એને કારણે આવે અને જાય ને પલટે, એમાં તારો અધિકાર નથી. તારો અધિકાર જ્ઞાનની શક્તિની વ્યક્તતા કરીને એ બધાને પૂર્ણ જાણવું એવી તારી તાકાત અને સામર્થ્ય છે. સમજાણું કાંઈ? '**એમ પ્રગટ કરે છે :-**–' ૨૧ ગાથા જુઓ.

**परिणमदो खलु णाणं पच्चक्खा सव्वदव्वपज्जाया।**
**सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं।।२१।।**
**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.**

ઓહો..હો..! જ્ઞાન અધિકાર બતાવતા ધર્મનો ઉપાય પણ શું અને એના ફળરૂપે શું, એ ત્રણ વાત બતાવે છે. એ જ્ઞાનસ્વભાવના સાધનમાં જ ધર્મ અને સાધનની પરિપૂર્ણતામાં એનું ફળ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ વાત એવી છે કે એનું હોવાપણું કેવું કેવું કેમ છે અને જગતના પદાર્થનું હોવાપણે એને કારણે એમ ને એમ ટકીને પલટ્યું છે, એને તારે હોવાપણાના જ્ઞાનથી જાણવાનું કામ રહે, બસ! તે વ્યવહાર. સમજાણું કાંઈ? જુઓ ટીકા. ૨૧ ગાથાની ટીકા.

'**ટીકા :– ઈન્દ્રિયોને અવલંબીને અવગ્રહ-ઈહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી,...**' એટલે કે આત્માના જ્ઞાનની પરિપૂર્ણ દશા થઈ તેને ઈન્દ્રિયોના અવલંબનથી પહેલું થોડું અવગ્રહ જાણે, પછી વિચારે, પછી નિર્ણય કરે એવા ક્રમ વડે જાણવું, કેવળજ્ઞાન નામ આત્માની જ્ઞાનશક્તિના પૂર્ણ વિકાસની દશામાં એવું ક્રમપૂર્વક જાણવું રહેતું નથી. સમજાણું

કાંઈ? ક્રમપૂર્વક જાણવું રહે ત્યાં જ્ઞાનની પરિપૂર્ણતા હોઈ શકે નહિ અને જ્ઞાનની પરિપૂર્ણતા હોય ત્યાં ક્રમે જાણવું રહી શકતું નથી. સમજાણું કાંઈ? **'ઇન્દ્રિયોને અવલંબીને...'** એટલે નિમિત્ત બનાવીને **'અવગ્રહ-ઈહા-અવાયપૂર્વક ક્રમથી...'** જ્ઞાનની, આ આત્માનું જ્ઞાનતત્ત્વ એની પરિપૂર્ણતાની પ્રાપ્તિ જ્યાં થઈ, કેમ થઈ એ કહેશે હમણાં, એવા **'કેવળી ભગવાન જાણતા નથી...'** ઇન્દ્રિયને અવલંબીને ક્રમે ક્રમે (જાણવું), જ્ઞાનની પૂર્ણ સામર્થ્ય દશા એમાં એમ જાણવું હોતું નથી.

**'(પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ,...'** અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલો આત્મા એટલે કે મોક્ષરૂપી દશાએ પરિણમેલો આત્મા **'સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ,...'** સ્વયમેવ પોતે જ **'સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ,...'** સમસ્ત આવરણના નાશને કાળે **'અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવે જ કારણપણે ગ્રહવાથી...'** લ્યો. આ સિદ્ધાંત. ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે. અનાદિ અનંત જ્ઞાન છે, અંદર શક્તિ—ગુણ. એ જ્ઞાન આદિ-અંત વિનાનું અહેતુક છે. એ જ્ઞાન કોઈ હેતુએ રહેલું નથી. કોઈ હેતુએ રહેલું નથી. અસાધારણ, કે જે જ્ઞાન પોતા સિવાય આ જ્ઞાન બીજામાં હોતું નથી. એ જ્ઞાન બીજામાં હોતું નથી. સમજાણું કાંઈ? આ કેવળજ્ઞાન કેમ પ્રગટે એનો ધર્મનો ઉપાય શું એ બતાવ્યો.

આ ભગવાન આત્મા વસ્તુ છે આત્મા, તો એનો જ્ઞાનગુણ અનાદિ અનંત (છે). જેમ આત્મા અનાદિ અનંત છે, આદિ અંત વિનાની ચીજ અને એનો જ્ઞાન જે ગુણ-સ્વભાવ-શક્તિ-સત્ત્વ-સામર્થ્ય એ અનાદિ અનંત છે. અને એ અહેતુક છે. હોય અનાદિ અનંત એને કોઈ હેતુથી હયાતી હોય નહિ. એને કોઈ હેતુથી હયાતી હોય એમ નહિ. અહેતુક છે. સમજાય છે કાંઈ? અને અસાધારણ છે. એક જ સ્વભાવ એનો કે જે બીજા ગુણોમાં નથી અને બીજા દ્રવ્યમાં પણ નથી. એવા **'અસાધારણ જ્ઞાનસ્વભાવને જ...'** જુઓ દેખો! ભગવાન આત્મા આદિ-અંત વિનાની ચીજ અહેતુક એમ એનો જ્ઞાનગુણ અનાદિ અનંત, અહેતુક, અસાધારણ સ્વભાવ જેનો એને જ **'કારણપણે ગ્રહવાથી...'** એવા ગુણની ઉપર એકાગ્ર થવાથી, એ ગુણને કારણપણે ગ્રહવાથી, ત્રિકાળ અનાદિ અનંત આત્માનો જ્ઞાનગુણ એને કારણપણે બનાવવાથી, કારણપણે ગ્રહવાથી એટલે કે એમાં એકાગ્ર થવાથી. આ સાધન છે.

આત્મા વસ્તુ જે છે એનો જ્ઞાન અસાધારણ ત્રિકાળ અનાદિ અનંત અહેતુક અકારણિક સ્વભાવ છે. એને કારણપણે ગ્રહવાથી, એટલે? એને કારણ બનાવવાથી, એટલે? કે પુણ્ય ને પાપ ને નિમિત્તનો આશ્રય છોડી અને ત્રિકાળ જ્ઞાનગુણનો આશ્રય કરવાથી એ જ્ઞાનને કારણપણે બનાવ્યું. જુઓ! બીજું કોઈ કારણ નહિ. શરીર, વાણી, મન ને દયા, દાન ને વ્રત-ફતના વિકલ્પો રાગ ઉઠે એ બધા વિકાર છે, કારણ નહિ. કેવળજ્ઞાનની પ્રાપ્તિના કારણ માટે અનાદિ અનંત જ્ઞાનને અસાધારણ સ્વભાવ જે ચૈતન્યનો અંતર જે છે, સત્ સત્ સત્,

અહેતુક એનો આશ્રય લઈ, એનું અવલંબન લઈ, એને કારણપણે લઈ અને '**કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા...**' એવા અનાદિ અનંત અહેતુક જ્ઞાનને એકાકાર પકડવાથી એ જ મારા કાર્યનું કારણ છે. એ કેવળજ્ઞાનરૂપી કાર્યનું એ કારણ છે. એ પૂર્ણ સુખી થવાને અને મુક્તદશા થવાને કારણપણે ભગવાન આત્મા વસ્તુ છે તેનો જ્ઞાનગુણ, અહીં જ્ઞાનતત્ત્વ સિદ્ધ કરવું છેને, એટલે દ્રવ્યને લેતા જ્ઞાનગુણ લીધો. કેવળજ્ઞાન સિદ્ધ કરવું છેને કેવળજ્ઞાન. અતીન્દ્રિય શક્તિની વ્યક્તિ. અતીન્દ્રિય શક્તિ આત્મામાં જ્ઞાનરૂપ, એની વ્યક્તિ નામ અતીન્દ્રિય પ્રગટ પર્યાય. એવી કેવળજ્ઞાન દશા, એવી પરમાત્મ અરિહંત, સિદ્ધ દશા એ કેમ પ્રગટ થાય? અને એ વિના પૂર્ણ આનંદ ક્યાંય હોય નહિ.

ભગવાન આત્મા છે એમ નક્કી કર્યું તો ભેગું જ્ઞાનસ્વભાવ છે એમ નક્કી થયું. એ જ્ઞાન સ્વ પોતાનો ભાવ અસાધારણ એકરૂપ અનાદિ અનંત છે. એવા જ્ઞાનના ધ્રુવપણાને જ્ઞાનને, શ્રદ્ધાને સ્થિરતામાં અંદર લઈને એને કારણપણે બનાવી. '**તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' આત્મા. ઓહો..હો..! શું કીધું સમજાય છે કાંઈ? પહેલું શરૂઆતમાં પણ, આ તો એકદમ કેવળજ્ઞાનની વાત લેવી છેને, જ્ઞાનતત્ત્વની પરિપૂર્ણતા. જ્ઞાનસ્વભાવ... કેવળજ્ઞાન પ્રગટ કહેવું છેને? એના પહેલા પણ મતિ શ્રુતની સમ્યક્તા પ્રગટતામાં, મતિ શ્રુતના સમ્યક્જ્ઞાનની પ્રગટતામાં પણ ત્રિકાળી જ્ઞાનને કારણપણે ગ્રહણ કરીને જે જ્ઞાન સમ્યક્તાને, સત્યતાને, શુદ્ધતાને પામ્યું એના કારણપણે તો જ્ઞાન અનાદિ અનંત, અહેતુક એ જ કારણ છે. કોઈ શરીર, વાણીની ક્રિયા કે દયા, દાન, વ્રતના વિકલ્પની ક્રિયા એ સમ્યક્જ્ઞાનને પ્રથમ પ્રગટવાનું કારણ નથી. ... આમ લાગે. શું છે પણ આ વાત? ભોગીભાઈ! એવું સાંભળીને વર્ષ કાઢ્યા હોયને, પચાસ, સાંઈઠ, સીત્તેર. મગજ ભર્યા હોય. આ વાત ઉગમણે આથમણે. ...ભાઈ!

ભગવાન! તારી વાત ભગવાને કીધી એ તેં જાણી નથી, તેં સાંભળી નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ જૈન પરમેશ્વર જેને એક સેકંડના અસંખ્યભાગમાં કેવળજ્ઞાન પરિણમ્યું, કેમ પરિણમ્યું એમ કહે છે અને એણે આમ કહ્યું એમ કહે છે. શેઠી! અહીં તો કેવળજ્ઞાન સિદ્ધ કરવું છેને. પૂર્ણ દશા કે જે પ્રત્યક્ષ જાણે. એવું જે જ્ઞાન કેવલ્ય અરિહંતને કેમ પ્રગટ્યું? સર્વજ્ઞ પરમાત્મા કેમ થયા? કે અંતરના અસાધારણ જ્ઞાનને દૃષ્ટિમાં લીધું, ભરોસાની સરાણે ચડાવ્યું અને પછી એમાં એકાકાર થઈને એ જ કારણપણે ગ્રહ્યું હતું શ્રદ્ધામાં, એમ કારણપણે ગ્રહ્યું હતું સ્થિરતામાં, કારણપણે એને પકડીને સ્થિર થયો છે એને તરત કેવળજ્ઞાન થઈ જાય છે. જુઓ! વચમાં બીજા દયા, દાનના વિકલ્પો હોય એને કારણપણે ગ્રહે તો થાય કેવળ અને મુક્તિ, એમ ના પાડી અહીં. તો આ વ્યવહારથી મુક્તિ થાય એમ ના પાડી અહીં. શેઠી! વ્યવહાર મોક્ષમાર્ગ નથી એમ કહ્યું અહીંયા. ક્યો? વ્યવહાર સંસારનો નહિ. આ દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિના જે રાગ ઉઠે છે એ વિકલ્પ છે. એ મુક્તિનું કારણ નહિ,

ધર્મનું કારણ નહિ, એ તો પુણ્યબંધના કારણમાં જાય છે. ભારે કઠણ વાત ભાઈ! જૈન પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યું એના વાડાવાળાને ખબર ન મળે. ગટુલાલજી! '...' શું પણ એણે કહ્યું એની તને ખબર છે નહિ.

જ્ઞાનતત્ત્વ કહે છેને. જ્ઞાનનો ભાવ. જ્ઞાનતત્ત્વ એટલે જ્ઞાનનો ભાવ. જ્ઞાનના ભાવનું સામર્થ્ય કે જે પૂર્ણ કેવળજ્ઞાન છે. એ કેમ પ્રગટ્યું? એટલે કે મોક્ષ કેમ થયો? અલ્પ જ્ઞાનપણે અટકતું જ્ઞાન ટળીને સર્વજ્ઞપણે કેમ થયું? ભગવાન આત્મા ધ્રુવ અનાદિ અનંત એના જ્ઞાનસ્વભાવ ઉપર એકાકાર થઈ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટી. એક જ કારણને જ્યાં લીધું તે પૂર્વની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયને પણ કારણ નહિ. આહા..હા..! શું કીધું? સત્તા ચૈતન્યસત્તામાં વ્યાપક જ્ઞાનગુણ એને કારણપણે ગ્રહીને કેવળજ્ઞાન થયું. એટલે કે દેહની ક્રિયાથી નહિ, પુણ્ય-પાપના રાગથી નહિ અને એને કારણપણે ગ્રહીને, પહેલી જે અપૂર્ણ દશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ધર્મદશા થઈ એને પણ કારણપણે ગ્રહીને મુક્તિ થઈ એમ નહિ. નિશ્ચયમોક્ષમાર્ગથી મોક્ષ નહિ એમ કહ્યું અહીં તો. ઓહો..હો..!

વાત એણે અનંત કાળમાં એના ચૈતન્યતત્ત્વના સામર્થ્યના ભાવની એને કોઈ દિ' એની વાત બેઠી નથી. સમજાણું કાંઈ? પાંચ પચાસ હજાર, લાખ, બે લાખ ખર્ચી નાખે. ધર્મ ધુરંધરનું બિરૂદ આપી દ્યે લ્યો. ધૂળમાંય હવે તારા દશ લાખ, કરોડ ખરચને. કરોડ તો જડ છે. જડ ક્યાં તારી ચીજ હતી તો તેં આપ્યા? એ તો માટી ધૂળ છે, અજીવ છે. એને કારણે ન્યાં ગયા અને એને કારણે આવે. આ તને રાગ કંઈ થયો હોય તો એ પુણ્ય શુભભાવ છે. એને કારણે પણ ધર્મ નહિ અને એ પોતે ધર્મ નહિ. આહા..હા..! એ તો દંડાય એવો દંડ છે. ભારે આકરી વાત. એઈ..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો પ્રભુના ઘરની વાત. એ જૈન પરમેશ્વરના ઘરની વાત. ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ જેણે પરમેશ્વરતા શક્તિમાંથી પર્યાયમાં વિકાસની રેલમછેલ જેને પ્રગટ થઈ છે. એવા જૈન પરમેશ્વર એટલે વીતરાગની પૂર્ણ ઈશ્વરતા જેણે પ્રગટ કરી છે. એ પ્રગટ થઈ છે અમને કેમ અને તને કેમ થાય, એ બેય વાત ભેગી કરે છે. અમને આમ થઈ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય, કેવું નાખ્યું! '**परिणममदो खलु णाणं**'. પરિણમે છે જ્ઞાન પૂર્ણ. એ પણ અહીં પ્રત્યક્ષ ઉપરનું વજન છે. '**पच्चक्खा सव्वदव्वपज्जाया**'. પરિણમે છે પ્રત્યક્ષ જ્ઞાન, સર્વ દ્રવ્ય પર્યાયને જાણે છે. '**सो णेव ते विजाणदि**' અહીં વાત તો પરિણમતા કેવળજ્ઞાનની વાત છેને ભાઈ. એમાંથી કારણ કાઢ્યું છે, એમાંથી કારણ કાઢ્યું છે. કાર્યની વાત કરવી છે અહીં તો. પરિણમેલું કેવળજ્ઞાન એકલું છ દ્રવ્ય પર્યાયને પ્રત્યક્ષ જાણે. એમાંથી ગુલાંટ મારીને અમૃતચંદ્રાચાર્યે, એ કાર્યરૂપે પરિણમ્યું કેમ? સર્વજ્ઞ પરમાત્મા પરમ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત થયા કેમ? કે જેથી એના જ્ઞાનમાં પ્રત્યક્ષ સર્વ દ્રવ્ય પર્યાય છે, એમ સિદ્ધ કરવું છે.

એ પરિણમ્યા અને થયા, અંતર શક્તિનો સ્વભાવ જે પરિપૂર્ણ અહેતુક છે આત્માનો એને અંતર દૃષ્ટિમાં લઈ, એને ધ્યેયમાં લઈ, એને કારણ બનાવી અને તેના કારણે કેવળજ્ઞાનનું કાર્ય પ્રગટ થયું છે. સમજાણું કાંઈ? ખંખેરી નાખ્યું આ બધું. પણ બધા જીવને આ શી રીતે લાભ થાય આ રીતે? કંઈક બીજા બધાને ભેગા કરે, હો હા થાય. પણ ભેગા... અહીં તો રાગથી છૂટો પાડતા કલ્યાણ થાય એમ છે. ભેગા કોને કરવા છે આમાં? અને કરી શકે કોણ? રાગને એકઠો માનવું એ પણ માન્યતા છે. રાગ અને જ્ઞાન એક થયા જ નથી. તો શરીર અને જ્ઞાન એક થાય, આત્મા અને જ્ઞાન એક છે એમ શરીર અને આત્મા એક થાય, ત્રણ કાળમાં નથી. રાગ જે વિકલ્પ ઉઠે દયા, દાનનો, એ રાગ અને જ્ઞાનનું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ બેય એક થયા નથી. માન્યા એ જુદી વાત છે, પણ થયા નથી. થયેલા તો આત્મા અને જ્ઞાન એકસ્વરૂપે રહ્યા છે. એવા ભગવાન આત્માના જ્ઞાનને, એ અસાધારણ જેનો ચૈતન્યપ્રકાશ પુંજ સ્વભાવ છે એ બધાના આશ્રય અને લક્ષ છોડીને એનો આધાર અને શરણ લે એટલે કે એને કારણ બનાવે કે તારા પ્રતાપે મને કેવળજ્ઞાન થાશે. સમજાણું કાંઈ? આહા..! આ બધી જગ્યા-બગ્યા, કેળવણી-બેળવણી શીખવું મટી જાય આમાં તો. છોકરા મરી મરીને માથાકૂટ કેટલી કરે છે, લ્યો. બી.એ. ને એલ.એલ.બી.ના પૂંછડા વળગાડીને કેટલા બિચારા હેરાન હેરાન થાય છે.

કહે છે કે તારે જ્ઞાનની ખાણ જોવી હોય તો તારી પાસે છે. એ ખાણ તું પોતે આત્મા. એનાથી જ્ઞાનની ધારા એકાગ્ર થાય એવી ધારા અંદરથી વહે, પૂર્ણ એકાગ્ર થાય તો કેવળજ્ઞાન થઈ જાય. એવો જ્ઞાનનો ખજાનો તારી પાસે અને તું ગોતવા પરમાં જા, નહિ હોય ત્યાંથી ક્યાંથી મળશે? અને હોય ત્યાં મેળ કર્યા વિના પ્રાપ્ત ક્યાંથી થાશે? સમજાણું કાંઈ? મહા સિદ્ધાંત. કાર્યને કારણરૂપે ગોઠવવાની એક...

કહે છે, ભગવાન! તારે આનંદ જોવે છેને? સુખી થાવું છેને? દુઃખનો નાશ કરવો છેને? એકલા રહીને સુખી થાવું છેને? એકલા રહીને સુખી થાવું છેને? બેકલાની ગરજ ન હોય એવું તારે થાવું છેને? બીજાની જરૂર ન પડે એવું આનંદ અને સુખ. એવું આનંદ અને સુખ તારા દ્રવ્યમાં શક્તિરૂપે પડ્યું છે. એનો પહેલો કર ભરોસો અને એને કારણ બનાવીને સ્થિર થા, પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન (પ્રગટ થયા વગર નહિ રહે). આ શું હશે આમાં? આ શરીરમાં, આ માંસમાં, આ હાડકામાં, આમાં સુખ હશે? આમાં બધી વિસ્મયતાના વિકલ્પનો અભાવ અને જ્ઞાનનું પૂર્ણ જાણપણું. એવી દશા તને થશે કે તારો એવો સ્વભાવ છે એમ તું થાશે. સમજાણું કાંઈ? વાત એ તો એને (વિશ્વાસમાં આવવી જોઈએ). વિશ્વાસે વહાણ ચાલે એમ કહે છેને?

પ્રભુ! એ વાત તને બેસે છે? વિશ્વાસમાં મહત્તા આવે છે? તારા અંતર સ્વભાવના સામર્થ્યમાં કાર્ય થવાનું કારણ એમાં પડ્યું છે. તારા કાર્યના કારણ ન્યાં છે. અહીં તો હજી

તકરાર બહારના કારણની. એક કાર્યને બે કારણ હોય, એક કાર્યને બે કારણ હોય. અરે..! ભગવાન! સાંભળ બાપુ! ભાઈ! અહીં તો પૂર્વનો મોક્ષમાર્ગ છેને નિશ્ચય, એને પણ કારણ કહ્યો નથી. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન એના જ્ઞાનનો આશ્રય, આધાર કારણ બનાવ્યું ત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન થયું. એને ખુબ કારણ બનાવી એકાગ્ર થયો ત્યારે કેવળજ્ઞાન થયું. કોઈ વ્યવહાર, વિકલ્પ દયા, દાનનો, વ્રતનો ભાવ એને કાંઈ કારણરૂપ મોક્ષને માટે થાય, ત્રણ કાળમાં નહિ. અરે..! નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાયના કારણે મોક્ષમાર્ગ થાય એ વ્યવહારની વાત છે કે પૂર્વે પર્યાય કઈ હતી.

ભગવાન સત્તાનો ઉકેલ કરનાર. લીંડીપીપરમાં ચોસઠ પહોરી થનાર. એ ચોસઠ પહોરી થનારમાં ચોસઠ પહોરી કારણ નહિ. આહા..હા..! એ ચોસઠ પહોરી તીખાશ થવાનું કારણ ત્રેસઠ નહિ. પથરો તો નહિ, પથરો તો નહિ.. હજી એક જણો પ્રશ્ન કરતો હતો. આ તો દાખલો અમારે ગામોગામ આવે. એક જણ કહે, લ્યો પથરા વિના કાંઈ થાય? અરે..! ભગવાન! શું થયું તને? એ તો સંયોગની વાત કરી, અહીં તો સ્વભાવની વાત ચાલે છે. પથરાથી (પ્રગટ) થતું હોય તો તો કોલસામાંથી ચોસઠ પહોરી તીખાશ નીકળવી જોઈએ. અહીં તો કહે છે કે ચોસઠ પહોરી તીખાશ જે અંદર પડી છે એને કારણ થઈને કાર્ય એની દશામાં ચોસઠ પહોરી આવે છે. બે, પાંચ, દશ પહોરી થઈ એનાથી પણ ચોસઠ પહોરી થાતી નથી.

એમ ભગવાન આત્મામાં પૂર્ણ જ્ઞાન અને આનંદ ચોસઠ પહોરો પૂરો પડ્યો છે અંદરમાં એના કારણે કેવળજ્ઞાનનું કાર્ય પ્રગટ થાય છે. ઓહો..! ચાર જ્ઞાનથી પણ ન થાય, બાર અંગના જ્ઞાનથી કેવળજ્ઞાન ન થાય એમ કહે છે. લે! ...ભાઈ! બાર અંગના જ્ઞાનથી ન થાય. પરમઅવધિજ્ઞાન થાય. શું બીજું કીધું? સર્વાવધિજ્ઞાન થાય, મનઃપર્યયજ્ઞાન થાય. આ સર્વાવધિ, પરમાવધિ, મનઃપર્યયજ્ઞાનની પર્યાય એ કારણપણે થઈને કેવળજ્ઞાન કાર્ય થાય એમાં એ તાકાત નથી. ભઈ એમ કહે લોકો કે સર્વાવધિ થાય એના ભેગું કેવળ જ થાય. પરમાવધિ થાય એ ભવમાં એને ... થાય એ તો બીજી વાત થઈ. પણ કોનાથી થઈ એ વાત ક્યાં રહી ત્યાં? સમજાણું કાંઈ?

હજારપુટી અબરખ નથી થાતી હજારપુટી? અબરખ થાય છે કે નહિ? લાલઘુમ જેવી. એ હજારપુટી અગ્નિના આંચથી થઈ નથી. એ શક્તિમાં હતી. કોલસા મૂકે નહિ? એકવાર આપે ત્યાં રાખ થઈ જશે કોલસો. અને ઓલી અબરખ... રસ્તામાં બહુ આવતી નહિ ભાઈ અબરખ? બહુ રસ્તામાં દેખાય અબરખ અબરખ. અબરખના સંચાઓ પણ બહુ. નહિ, મલૂકચંદભાઈ? એ તો શેઠ સાથે હોયને મોઢાઆગળ. અબરખ બહુ આવતી. આમ દેખાય અને આ અબરખનો સંચો છે ને આ ફલાણું છે. વિરડી પાસે, મધુવનની પાસે. એનામાં એ પરમાણુના સ્કંધમાં, અહો..! એની બાહ્ય પ્રગટ પર્યાયમાં એટલી તાકાત હોં! અંદરના પરમાણુ નથી, એ તો બીજા પણ પરમાણુ એવા છે. પણ એ પરમાણુ જ એવી રીતે પરિણમેલા

છે, એ પરમાણુનું પરિણમવું છે વર્તમાન કે જેમાં હજાર પુટીની તાકાત પ્રગટ થાય. એવી શક્તિ એની પર્યાયમાં પડી છે. નવરંગભાઈ! પર્યાયમાં કે દ્રવ્ય-ગુણમાં? ન્યાં પર્યાયની વાત છે. દ્રવ્ય-ગુણ તો બધાયમાં પડ્યા છે પણ ન્યાં અબરખમાં એવી તાકાત. સ્કંધમાં છેને એ જાતની.

અરે..! અનંતા રજકણના ભેગા થવાથી પણ એક સમયની તે પર્યાય ત્યાં આવી શકતી નથી. તો આ તો અસંયોગી દ્રવ્ય, એક દ્રવ્ય, એક વસ્તુ એની તાકાતની શું વાત કરવી! ઓલા તો ઘણા ભેગા થયા, એ જાતના પર્યાયની યોગ્યતા થઈ ત્યારે હજારપુટી લાલપ પ્રગટ થાય એવી તો પર્યાયની (તાકાત). એના દ્રવ્યમાં તો અનંત બીજી ઘણી શક્તિઓ (રહેલી છે). આ તો સંયોગી દ્રવ્યના પર્યાયની આટલી તાકાત. અસંયોગી પદાર્થ ભગવાન એકલો સ્વભાવી વસ્તુ. સ્વભાવ.. સ્વભાવ.. એવો જ્ઞાનસ્વભાવ જે અહેતુક એનો આશ્રય કરીને એને કારણપણે બનાવીને, કારણ તો હતું પણ બનાવ્યું ક્યારે? કે એમાં એકાગ્ર થયો ત્યારે. સમજાણું કાંઈ? શું આ વાત ચાલે છે? આ ધર્મ કેમ થાતો હશે ઈ આવતું આમાં હશે કાંઈ? સવાર સાંજ સુધી જોઈએ તો ધર્મમાં તો પથરણું પાથરો, સામાયિક કરો, પોષા કહો, અપવાસ કરો. આમાં તો કાંઈ આવ્યું નહિ. હવે સાંભળને, ન્યાં કોણ કરતો હતો? ધૂળ? અભિમાન અજ્ઞાન છે ત્યાં.

ભગવાનના જ્ઞાનમાં પથરણું પાથર. સત્તાનું પથરણું આખું પડ્યું છે દ્રવ્યમાં એમાં બેસ. એમાં બેસ અને કારણ એને બનાવ, પૂર્ણ કેવળજ્ઞાનની સામાયિક થઈ જશે. આવું તો સાંભળ્યું પણ નહિ હોય કોઈ દિ'. સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ જૈનદેવ એમ ફરમાવે છે, એ સંતોએ જાણ્યું છે, સંતો જગતને સુખના પંથના પ્રકાર બતાવે છે. ભાઈ! તારે સુખી થાવું હોય તો આ છે. કેટલા સંચા ભેગા થાય તો સુખી થતો હશે? ધીરૂભાઈ! બે લાખ, પાંચ લાખની ઊપજ હોય સંચામાં તો? ધૂળમાંય નથી કાંઈ ન્યાં. અરે..! એના પ્રત્યેનો મમત્વભાવ થાય એ મમત્વ દુઃખ છે. એ દુઃખ આનંદસ્વભાવની વિકૃત દશા છે. તો જેને આનંદ જોતો હોય અને દુઃખનો નાશ કરવો હોય, એણે જ્ઞાનની સાથે વણાયેલો આનંદ પડ્યો છે અંદરમાં એને કારણ બનાવવું. એ એના અધિકારની વાત છે. સમજાણું કાંઈ?

જુઓ! આ શબ્દ એક.. અનાદિ અનંત અહેતુક સત્ છે એને હેતુ કોણ? એનો કર્તા કોણ? કોનું એ કાર્ય? '**અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ...**' ભઈ, આમાં અનેકાંત તો કરો (કે) જ્ઞાનસ્વભાવને જ અને રાગભાવને પણ. આને જ કારણેપણે ગ્રહવાથી. પાછું તુરત જ પ્રગટ થતા, ફડાક કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ! અસંખ્ય પ્રદેશે અનંત સૂર્યો. અસંખ્ય પ્રદેશે અનંત સૂર્ય. એના પ્રકાશના કિરણો એમાં અને પ્રકાશ એમાં, બધું એમાંને એમાં. એવું '**પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ...**' જોયું ભાષા પાછી? કેવળજ્ઞાન ઉપયોગરૂપ

થઈને પ્રવર્તે છે. કોઈ વળી તકરાર કરે છે. કેવળજ્ઞાનને ઉપયોગ ન કહેવાય. ભાઈ, ઈ પર્યાયને નિરુપયોગ કીધો, સાંભળને! એ ચર્ચા ચાલી હતી. પરિણમ્યો છેને એ રૂપે. જ્ઞાનના ... ઉપયોગ કહ્યા છેને? જ્ઞાનના.... કેવળજ્ઞાન-એકલા જ્ઞાનના વેપારરૂપે પરિણમી ગયું. આ જ્ઞાનતત્ત્વનું સામર્થ્ય પર્યાયનું. જ્ઞાનતત્ત્વના ભાવનું સામર્થ્ય પર્યાયનું હોં પર્યાય. કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નહિ. ગુણ તો ત્રિકાળ છે.

'**માટે તેમને...**' હવે સિદ્ધ કરે છે. આવું કેવળ પરિણમ્યું '**માટે તેમને સમસ્ત દ્રવ્ય,...**' જગતના જેટલા પદાર્થો એટલા બધા જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ ગયા. બધું '**ક્ષેત્ર,...**' લોક, અલોક ક્ષેત્ર પ્રત્યક્ષ થઈ ગયું. '**કાળ,...**' ત્રણ કાળ જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ ગયા, ભગવાનના જ્ઞાનમાં. અને સર્વ '**ભાવ.**' સમજાણું? કાળ (અર્થાત્) સર્વની પર્યાય અને ત્રણ કાળ, બધા ભાવ એનું '**અક્રમે ગ્રહણ હોવાથી...**' આવા કેવળજ્ઞાન પ્રગટ દશામાં બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અક્રમે જાણવાથી. અક્રમે ગ્રહણ. ગ્રહણ એટલે જાણવું હોં! પકડવું નથી કાંઈ એને, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને. અક્રમે ગ્રહણ આવ્યું, લ્યો. લ્યો આમાં ક્યાં આવ્યો ક્રમપર્યાય ક્રમબદ્ધ? અક્રમે જ રહે એમ આવ્યું. આ તો જ્ઞાન એકસાથે જાણે છે એમ આવ્યું. એકદમ એકસાથ-યુગપદ્ સાધારણ. એને જ્ઞાનતત્ત્વ અને સ્વભાવ સામર્થ્ય કહીએ, એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? અત્યારે કેટલી તકરાર કેવળજ્ઞાનમાં. કેવળી ભગવાન આમ જાણે, આવું ન જાણે, અનિયત જાણે. પણ અનિયતની વ્યાખ્યા શું? અહીં તો જેમ વસ્તુઓ, ક્ષેત્ર, એની પર્યાયો અને ભાવ, ત્રણ કાળ જેમ છે એમ જ્ઞાનમાં જણાણા. એમાં અનિયત એટલે શું? સમજાણું કાંઈ?

એ ભાવનું અક્રમે ગ્રહણ એટલે જાણવું હોવાથી '**સમક્ષ સંવેદનને...**' સમક્ષ એટલે પ્રત્યક્ષ, સંવેદન એટલે જ્ઞાન. '**સમક્ષ સંવેદનને (-પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત...**' નિમિત્તભૂત '**સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' ભગવાનના જ્ઞાનમાં બધું પ્રત્યક્ષ છે. એક સમયે થયું, થાય અને થશે, છે એ બધું જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ ગયું છે. એમ કરીને, જ્ઞાનસ્વભાવ તે જાણવાનું જ કામ કરે, ફેરવવાનું કાંઈ કામ એના હાથમાં છે નહિ. કહો, આમાં શું થઈ ગયું? '**(-પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો...**' જુઓ બધા નિમિત્ત. સામા દ્રવ્ય અને પર્યાયો. એ બધા '**પ્રત્યક્ષ જ છે.**' 'જ, જ' બધે નાખે છે. અરે..! કેવળજ્ઞાની પરમાત્મા જ્યાં જ્યાં જે થયું એમાં થાય એ પ્રમાણે જાણે કે નહિ? કે આઘુંપાછું જાણતા હશે? આઘુંપાછું કોને કહેવું? જગતના પદાર્થ છે આત્મા, પરમાણુઓ અસ્તિ છે એને વ્યવસ્થિત પર્યાય તે કાળે થાય, તે કાળે થાય, તે કાળે થાય એમ ને એમ છે. એમ છે એમ જ્ઞાને જાણ્યું. પોતાની પરિણતિ પ્રગટ પૂર્ણ થઈ એમાં જણાણું. હવે આમાં અક્રમ હોય કે નહિ? આમાં આવ્યું કે નહિ અક્રમે ગ્રહણ કર્યું? એકસાથે ગ્રહણ કર્યું. એટલે કે ન્યાં ક્રમબદ્ધ જે અવસ્થા જ્યાં.. જ્યાં.. જ્યાં.. જ્યાં.. જેમ છે એને અક્રમ એકસાથે ગ્રહણ કરી, એકસાથે જાણી. હવે આ પર્યાયને અનિયત અને આને નિયત, આ પાંચ વર્ષ

પહેલા મરવાનો હતો પણ મર્યો નહિ માટે ભગવાને અનિયત જાણ્યું. શું કરે છે? અને શું કહે છે આ? જ્ઞેયનો સ્વભાવ શું છે અને જ્ઞાનનો એને પ્રત્યક્ષ જાણવાનો શું છે? બેયમાં ગોટો ઉઠ્યો.

જુઓ! આ **'સમસ્ત દ્રવ્ય-પર્યાયો...'** કોઈ બાકી રહી પર્યાય આમાં ભૂતકાળની? ભવિષ્યની? બધી પર્યાયો સહિતનું દ્રવ્ય છે. પર્યાય વિનાનું દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પર્યાય નહિ એ તો પહેલા કહી ગયા છે. એ બધા અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ એક સમયના પર્યાય સહિત બધા અનંત અનાદિના જ્ઞાનના એક સમયના પર્યાયમાં પ્રત્યક્ષ થઈ ગયા છે, કોતરાઈ ગયા છે. કંઈ અજાણ્યા હશે ભગવાનના જ્ઞાનમાં? ભવિષ્યની પર્યાય ભગવાને ભાળી હશે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નક્કી જ છે. નક્કી નથી?

મુમુક્ષુ :— અકલંકદેવમાં એવું આવે છે.

ઉત્તર :— અકલંકદેવનું એ તો જુદા જુદા જીવની અપેક્ષાએ વાત છે.

આ જીવનો આ સમયે મોક્ષ થશે તે કેવળજ્ઞાનમાં નોંધ છે. કેવળજ્ઞાનમાં નોંધ છે. બરાબર છે? ઘરમાં મુડી છે એની નોંધ છે ચોપડામાં. ચોપડામાં નોંધ હોય એની. વાણિયા એમ અધ્ધર ન રાખે. ઈ તો હવે ફેરફાર થયા એ જુદી વાત, કાળાબજાર છે એટલે. ઓલો તો આંકડો લખે એમાં. બધા લખે. હવે અત્યારે તો આ બધો ફેરફાર થઈ ગયોને. દેવું કેટલું, બતાવવું કેટલું એવા બધા ભાગ પડી ગયા. ઓલું દેવું કાંઈ નહોતું એટલે કોઈને બતાવવું નહોતું. એવું હતું હોં! એમ ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જ્યાં જ્યાં છે તેની બધી નોંધ છે અહીં જ્ઞાનમાં કે આ સમયે અહીં થાશે, આ સમયે આ થશે, આ સમયે થશે. બધું જ્ઞાનમાં જણાઈ ગયું. ભગવાનના જ્ઞાનબહાર કાંઈ વાત રહી નહિ. એવો જ્ઞાનનો સ્વભાવ અરિહંતનો અને કેવળજ્ઞાનનો છે એવો પ્રગટ કરવાની તાકાત તારામાં છે એમ બતાવે છે. આ તારે કરવાનું છે અને બધાને આ કરવાનું છે. સમજાણું કાંઈ? ન સાંભળ્યું હોય એને તો એવું લાગે કે આ તો બધું.. આમાં કાંઈ ઓલું તો આવ્યું નહિ. પણ ઈ આવ્યું જ્ઞાનના જાણવામાં. થાય અને થયું, શરીર આમ બેઠું અને ચાલ્યું એ બધું જ્ઞાન જાણે કે આમ થયું. કરે-બરે કંઈ નહિ જ્ઞાન પરનું. કરે એ માન્યતા મૂઢ અને મિથ્યાદૃષ્ટિની છે. જ્ઞાનતત્ત્વને માનનારની નથી. જ્ઞાનતત્ત્વને માનનારની નથી એટલે કેવળીને માનનારની નથી, અરિહંતને માનનારની નથી. આ કરું ને લઉં ને દઉં, એ માન્યતા ભગવાનના ઘરની નથી. એ અજ્ઞાનના ઘરની ઊભી કરેલી છે. કહો, આજ તો બહુ સારું આવ્યું, નવરંગભાઈ!

**'સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.'** એ સામે ચીજ જે હતી એ બધી ચીજો જ્ઞાનમાં એ સંબંધીનું જ્ઞાન પોતામાં પરિણમી ગયું છે, એને કંઈ બાકી રહ્યું નથી. ઓ..હો..હો..!

હજારો શાસ્ત્રના ભણનાર પણ હજી ભૂલે કે ન્યાં આડીઅવળી દશા થાય. જ્ઞાને આમ જાણ્યું અને એ સમયે છે એ તો જ્ઞાનમાં રહ્યું નહિ. આ જ્ઞાનના ઉકેલ વિના જ્ઞેયનું ક્રમબદ્ધ શું છે એ સમજાય એવું નથી. શાસ્ત્રના ભણતરે નિવેડા નથી. આત્મા.. આત્મા.. આત્મા... રાગ વિનાનું જ્ઞાન અને જ્ઞાનવાળો ભગવાન એની અંતરમાં એકાકાર થઈ અને જે કેવળજ્ઞાન થાય એ અક્રમને ગ્રહે, વસ્તુમાં ક્રમ હોય, થવામાં ક્રમ હોય પર્યાયમાં, જાણવામાં ક્રમ હોય નહિ. એકસાથે જ્ઞાન જાણે. ક્રમ પડે ... અવગ્રહ, ઈહાની તો ના પાડી. અવલંબનની વાત છે. સમજાણું? યુગપદ્ એકસાથે. ઈ એકસાથ ન હોય તો ઈ સ્વભાવ શેનો? જ્ઞાન કહેવું, વસ્તુ વસ્તુનો સ્વભાવ અને એની પ્રગટતા. હવે પ્રગટતામાં જ્ઞાન એને કેમ કહેવાય કે જે ઓછું જાણે, આડુંઅવળું જાણે કે આ જાણે. બસ, છે એમ જાણે.

એવા કેવળજ્ઞાનતત્ત્વવાળો તારો આત્મા છે. અપૂર્ણ જ્ઞાનવાળો પણ આત્મા એ કંઈ મૂળ આત્મા પૂરો નથી. રાગવાળો ને પુણ્યવાળો ને દયાવાળો ને કર્મવાળો ને ફલાણાવાળો એ આત્મા છે નહિ. અપૂર્ણ જ્ઞાનવાળો આત્મા તે અમારે કબુલ નથી. પૂર્ણ પર્યાયવાળો આત્મા જ્ઞાન એ આત્મા, એ આત્મા. સમજાણું? હજી આવા આત્માની ખબર ન મળે અને એને ધર્મ થાય... માને, જગત અનાદિથી માન્યું છેને.

**'ભાવાર્થ :— જેનો આદિ નથી તેમ જ અંત નથી, જેનું કોઈ કારણ નથી...'** અહેતુક કીધુંને? **'અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી...'** ચારે બોલ લઈ લીધા. અનાદિ-અનંત હતું એટલે આદિ નથી એમ પણ લીધું, અહેતુક એટલે કોઈ કારણ નથી **'અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી...'** એ અસાધારણ લીધું **'એવા જ્ઞાનસ્વભાવને જ ઉપાદેય કરીને,...'** ઉપાદેય--એ જ અંતરમાં આદરવાલાયક છે. **'કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત...'** કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત **'શુક્લધ્યાન નામના સ્વસંવેદનજ્ઞાને...'** લ્યો, શુક્લધ્યાન નામનું સ્વસંવેદન જ્ઞાન. **'જ્યારે આત્મા પરિણમે છે...'** થાય છે અવસ્થારૂપે **'ત્યારે તેના નિમિત્તે સર્વ ઘાતિકર્મોનો ક્ષય થઈ જાય છે...'** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાયનો નાશ થઈ જાય છે.

**'અને તે ક્ષય થવાના સમયે જ આત્મા સ્વયમેવ કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે.'** પરિણમવા લાગે એટલે પરિણમે છે. એમ. **'કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે.'** અપૂર્ણ જ્ઞાને પરિણમતો એ પૂર્ણ જ્ઞાને પરિણમવા લાગ્યો. એમ. **'તે કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ,...'** એટલે કંઈક થોડું પકડવું પછી વિચારવું પછી નિર્ણય કરવો અને ધારી રાખવું એવા **'ક્રમથી જાણતા નથી પરંતુ સર્વ દ્રવ્ય,...'** આહા..! આવા સત્તાનું સત્ત્વ, એ આત્મસત્તાનું જ્ઞાનસત્ત્વ આવડું પ્રગટ થાય તેને આત્મા (કહેવાય). એ આત્મા માન્યા વિના ધૂળધાણી ને વા-પાણી છે. સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યુગપદ્ જાણે છે;...'** અક્રમનો અર્થ કર્યો. 'એ

**રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે.'** એ પ્રત્યક્ષની વ્યાખ્યા કરી. પ્રત્યક્ષ જ્ઞાનમાં જ આનંદ છે અને પ્રત્યક્ષ જ્ઞાનનું કારણ તે ત્રિકાળ જ્ઞાન છે. એ બધું કહી દીધું. જ્ઞાનની સત્તા કરી, એના કારણ દ્રવ્યને (અવલંબને) મોક્ષમાર્ગ પ્રગટે અને એને જ કારણ કરી મોક્ષ થાય. એને કંઈ પણ અજાણ્યું રહે નહિ. આવા જ્ઞાનતત્ત્વની સત્તાનો સ્વીકાર નક્કી કરવો જોઈએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૩, શુક્રવાર, તા. ૨૨.૨.૧૯૬૩**
**ગાથા-૨૨, ૨૩, પ્રવચન-૬૨**

પ્રવચનસાર. કુંદકુંદાચાર્ય મહારાજ દ્વારા બનાવેલ પ્રવચનસાર છે. પ્રવચનસાર અર્થાત્ સર્વજ્ઞ ભગવાન જે તીર્થંકરદેવ થયા એમની જે દિવ્યધ્વનિ નીકળી એ દિવ્યધ્વનિનો...

... એક એક રૂપે ગ્રહણ કરવું એમ નહિ, એકસાથે જ્ઞાન... અહીંયા એકસાથે જાણ્યું. તો ત્યાં પર્યાયમાં ક્રમબદ્ધ જ્યાં જ્યાં જે પર્યાય થાય છે તે જાણી. તો એમાં ક્રમમાં અક્રમ ક્યાં આવ્યું પરમાં? બરાબર છે? શું ગટુલાલજી! ભગવાનના જ્ઞાને ત્રણ કાળ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જાણ્યા તો એમાં જ્યાં જ્યાં જે સમયે જે દશા થશે, બીજામાં, ત્રીજામાં, ચોથામાં અનંત સમયમાં એ બધું જાણ્યું. તો ભગવાનના જ્ઞાનમાં આ અક્રમ છે એમ આવ્યું? અક્રમ જ્ઞાનમાં જણાયું એકસાથે બધું, પણ ત્યાં જે ક્રમસર પર્યાય થાય છે એક પછી એક, એક પછી એક પછી એક બધી ક્રમબદ્ધ જ્ઞાનમાં આવી ગઈ છે. બરાબર છે? ક્રમબદ્ધ થઈ ગયું? તો બધું નિયત થઈ જશે. તને ખબર નથી હજી દ્રવ્યની. શું કહે છે જુઓ!

સર્વજ્ઞના જ્ઞાનમાં કંઈ અનિયત છે કે આ સમયે આ પર્યાય નહોતી થવાની અને થઈ? અકાળમૃત્યુ ભગવાનના જ્ઞાનમાં આવ્યું કે આ સમયે મૃત્યુ નહોતું થવાનું એમ આવ્યું, એમ કેવળીએ જાણ્યું છે? ભગવાન તો જે સમયે દેહનું છૂટવું છે તે સમયે બરાબર જાણે છે. આ સમયે દેહ છૂટશે, એનો આ સમયે દેહ છૂટશે, આ સમયે એને જ્ઞાન થશે, આ સમયે દર્શનમોહ છૂટશે, આ સમયે ચારિત્રમોહ છૂટશે, આ સમયે જ્ઞાનાવરણીય છૂટીને કેવળજ્ઞાન થશે. ભગવાનના જ્ઞાનમાં બધા પ્રાણીના-આત્માના અને બધા શરીરાદિ માટીની પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થા નામ હાલત જે ક્ષણે ક્ષણે એક પછી એક, એક પછી એક થાય છે એ બધી ભગવાનના જ્ઞાનમાં અક્રમે એકસાથે આવી ગઈ છે. બરાબર છે? અહીં આવ્યું એમ ત્યાં ક્રમબદ્ધ થયું કે નહિ? ત્યાં તો ક્રમબદ્ધ થઈ ગયું કે નહિ? શું ના પાડો છો?

અહીં અક્રમ થઈ ગયું. જાણવામાં એકસાથે, પણ થવામાં ક્રમસર થાય છે. પર્યાય એક સમયમાં બધી થાય છે? જાણવામાં કેવળજ્ઞાને અક્રમ એકસાથે જાણ્યું પણ જગતમાં પદાર્થ છે, અરે..! એમની પોતાની પણ પર્યાય છે એ પણ ક્રમબદ્ધ છે. કેવળજ્ઞાને જાણ્યું કે આ કેવળજ્ઞાનની પર્યાય, આ કેવળજ્ઞાનની પર્યાય એમ ક્રમ જાણ્યો. આહા..હા..! ઈ આવે છે, ઈ બધું લખ્યું છે એમાં અને હવે આવશે, તરત જ આવશે. અનંત પર્યાયમાળા. ૯૦મી ગાથામાં. પર્યાયમાળા. ભારે કઠણ. જગતને તત્ત્વ (શું છે એની ખબર નથી).

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર જૈન પરમેશ્વર, જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ જણાણા, હવે એમાં આઘુપાછું ક્યાં આવ્યું? આઘુપાછુંને શું કહે છે? આગેપીછે. ભગવાનના જ્ઞાને જાણ્યું એમાં આઘુપાછું થાય છે? 'જો જો દેખી વીતરાગને સો સો હોસી વીરા, અનહોની કબહુ ન હોસી કાહે હોત અધીરા?' ભૈયા ભગવતીદાસ ૨૫૦ વર્ષ પહેલા થયા છે. ભૈયા ભગવતીદાસ, જેણે બ્રહ્મવિલાસ બનાવ્યું છે, ઉપાદાન-નિમિત્તના ૪૭ દોહા બનાવ્યા છે. એ પણ કહે છે, 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા, અનહોની કબહૂ ન હોસી, કાહે હોત અધીરા?' ભગવાનના જ્ઞાનમાં ભાસ્યું છે તે થશે. આવો જેને નિર્ણય કરવો છે, ભગવાને જ્ઞાનમાં જોયું એમ થાય છે આવો નિર્ણય કરવાવાળાને પોતાના જ્ઞાનગુણમાં દૃષ્ટિ આપવાથી ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. મારી પર્યાય પણ ક્રમબદ્ધ, ભગવાનની પણ ક્રમબદ્ધ અને જગતની પણ ક્રમબદ્ધ. ઓહો..! કેવળીની પણ ક્રમબદ્ધ થાય છે? ભગવાનજીભાઈ! એ તો એક સમયની કેવળજ્ઞાન પર્યાય બીજા સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી, ચોથા સમયે ચોથી એમ ગયા કાળના ચાર જ્ઞાન આદિ જે ક્રમસર થાય છે તે પણ .... એમ અનંતા આત્માઓનું જ્ઞાન અનંત ગુણ ક્રમસર જે પર્યાય થાય છે, કોઈ પદાર્થમાં આઘીપાછી પર્યાય થતી નથી. એમ ભગવાનના જ્ઞાનમાં ઝળક્યું, આવા જ્ઞાનનો જે ધર્મી નિર્ણય કરે છે કે અહો..! હું પણ સર્વજ્ઞશક્તિનો ભંડાર છું, ભગવાનના જ્ઞાનની પરિપૂર્ણતામાં બધું ઝળક્યું. એકલું પરિપૂર્ણ જ્ઞાન રહ્યું ભગવાનનું, તો હું પણ એકલું પરિપૂર્ણ જ્ઞાન છું. હું પરિપૂર્ણ જ્ઞાન છું. એવું પરિપૂર્ણ જ્ઞાન પર્યાયમાં નથી, પણ હું પરિપૂર્ણ છું એમ શક્તિમાં દૃષ્ટિ કરે છે તો, હું પરિપૂર્ણ જ્ઞાન છું એવો નિર્ણય ક્રમબદ્ધવાળાને સ્વભાવનો અનુભવ કરવામાં દૃષ્ટિમાં આમ આવે છે. ઝીણું બહુ. પણ આમાં શું કરવું સૂઝ પડે નહિ. ભીખાભાઈ! શું કરવું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ જ પુરુષાર્થ છે. ઓહો..! ભગવાનનું જ્ઞાન પરિપૂર્ણ! એકરૂપ જ્ઞાન! એકરૂપ જ્ઞાન! પરિપૂર્ણ જ્ઞાન, વિકારરહિત જ્ઞાન, ઈન્દ્રિયાતીત જ્ઞાન, સ્વ અપેક્ષિત જ્ઞાન, પરનિરપેક્ષ જ્ઞાન. એવા ભગવાન (છે). હું પણ એવો પૂર્ણ આત્મા એમની નાતનો છું, એમની જાતનો હું આત્મા છું. હું પણ એકલો જ્ઞાનરૂપ છું. પણ પર્યાયમાં પૂર્ણ નથી, પર્યાયમાં પૂર્ણ નથી પણ પર્યાયનો સ્વીકાર (છે કે) હું પણ જ્ઞાન પરિપૂર્ણ આત્મા છું એમ અંતર્મુખ દૃષ્ટિ કરીને

પોતાની પર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે એનું નામ સમ્યગ્દર્શન કહે છે. ભગવાન જાણે સમ્યગ્દર્શન શું હશે. નવરંગભાઈ! ... વસ્તુ તો આવી છે.

પરિપૂર્ણ જ્ઞાન, અરિહંતનું પરિપૂર્ણ જ્ઞાન. એ આત્મા છે. એકલું જ્ઞાન દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય પરિપૂર્ણ, ગુણ પરિપૂર્ણ, પર્યાય પરિપૂર્ણ. એ વસ્તુ એક દ્રવ્ય. આવડું દ્રવ્ય છે. વસ્તુ આવડી છે. હું પણ આત્મા છું. હું પણ પરિપૂર્ણ દ્રવ્ય એટલે વસ્તુ, પરિપૂર્ણ ગુણ, પર્યાયમાં પરિપૂર્ણ થયો નથી પણ પરિપૂર્ણની પ્રતીતિ થઈ ગઈ. હું પરિપૂર્ણ થવાનો છું, હું પરિપૂર્ણ જ્ઞાનના અવલંબનથી પરિપૂર્ણ થવાનો છું એવી પર્યાયમાં પરિપૂર્ણની પ્રતીતિ થાય છે. પુણ્ય અને પાપ, રાગ અને નિમિત્તથી પર થઈને પોતાના જ્ઞાનનો પ્રકાશમય સ્વભાવનું અવલંબન લઈને દ્રવ્ય-ગુણની પરિપૂર્ણતા તો થઈ, પર્યાયમાં, હું પરિપૂર્ણ દ્રવ્ય-ગુણ છું એવી પરિપૂર્ણની પર્યાયમાં સામર્થ્ય—શક્તિની પ્રતીતિ થઈ. સમજાય છે કાંઈ? આ ક્રિયા મોક્ષની. આ ક્રિયાની સૂઝ પડે નહિ.

જેનો જે સ્વભાવ હોય એની એ ક્રિયા હોયને. એનો સ્વભાવ તો જ્ઞાન છે તો એમાં રાગાદિની ક્રિયાનો એનો સ્વભાવ નથી. રાગાદિ ક્રિયા એનો સ્વભાવ નથી. એ તો સ્વભાવ નથી પણ જ્ઞાનમાં ઈન્દ્રિયો નિમિત્ત થાય એ જ્ઞાનનો સ્વભાવ નથી. સ્વભાવને પરની અપેક્ષા હોતી નથી. એમ પોતાના આત્મામાં, કેવળજ્ઞાની આવા છે, સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પરિપૂર્ણ વિકલ્પ વિના, રાગ વિના, ઈન્દ્રિય વિના, મન વિના જાણે છે. ઈ આત્મા એવો છે. ઈ આત્મા પરિપૂર્ણ થયો. તો હું એમની જાતનો આત્મા છું. મારા આત્મામાં પણ અંતર્મુખમાં પરિપૂર્ણ જ્ઞાન આનંદ ભર્યા છે, દ્રવ્ય અને ગુણ પરિપૂર્ણ છે, પર્યાયમાં પરિપૂર્ણ નથી તો પર્યાયમાં પરિપૂર્ણની કબુલાત આવી. સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની આ ક્રિયા કે જે અંતરની દૃષ્ટિગ્રાહ્ય છે. ઈ કહે છે જુઓ.

'**સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી...**' ગ્રહણ નામ જ્ઞાન હોવાથી ભગવાનને '**કાંઈ પણ પરોક્ષ નથી.**' કેટલી વાત સ્પષ્ટ કરે છે તોય કેવળજ્ઞાનમાં વાંધા ઉઠાવે. કેવળજ્ઞાન આમ જાણે, કેવળજ્ઞાન આમ જાણે. ભવિષ્યની પર્યાય થતી હોય ત્યારે જાણે. નહિતર તો ભગવાનના જ્ઞાન પ્રમાણે હોય તો પછી અમારે કરવાનું શું રહ્યું? ભગવાનના જ્ઞાન પ્રમાણે બધું થશે તો અમારે શું કરવાનું રહ્યું? પણ ભગવાનના જ્ઞાનનો નિર્ણય કરવા જાય ત્યારે તને પુરુષાર્થ થશે. ભગવાનનું પરિપૂર્ણ જ્ઞાન એવો હું છું. મારો આત્મા પણ એવો છે. આવો નિર્ણય—નિશ્ચય કરવા જાય તો નિર્વિકલ્પ સ્વભાવનો પુરુષાર્થ થાય છે અને એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું. આ ચાલતી બહારની વાત સાથે કાંઈ મેળ ખાય એવું નથી એટલે લોકો બિચારા પોકાર પોકાર કરે છે. પોતાની વસ્તુ શું છે? ન શું જાણે? જ્ઞાન તો બધું જાણે. કેટલાક કહે છે, અપેક્ષિત ધર્મને ભગવાન ન જાણે. ભગવાન ન જાણે? શ્રુતજ્ઞાની જાણે અને ભગવાન ન જાણે? તો શ્રુતજ્ઞાની

જાણે અને શ્રુતજ્ઞાનને ભગવાન જાણે. તો બધું આવી ગયું કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બાકી હોય? ક્રમબદ્ધની વાત આવી એટલે કેવળજ્ઞાનને ઊડાડવા મંડ્યા હવે.

'**ભાવાર્થ :— ઇન્દ્રિયનો ગુણ...**' આ ઇન્દ્રિયોનું નિમિત્તપણું '**સ્પર્શાદિ એક ગુણને જ જાણવાનો છે,...**' આ તો ભાવઇન્દ્રિય કીધી. '**જેમ કે ચક્ષુઇન્દ્રિયનો ગુણ રૂપને જ જાણવાનો છે...**' આ ચક્ષુ રૂપને જાણવામાં નિમિત્ત થાય એમ કહેવું છે. રૂપને જ જાણવામાં નિમિત્ત થાય છે. '**વળી ઇન્દ્રિયજ્ઞાન ક્રમિક છે.**' આ આંખ છે તે રૂપને જાણવામાં નિમિત્ત થાય છે. કંઈ આંખ આત્માને જાણવામાં નિમિત્ત થાય છે? આંખથી આત્મા જાણવામાં આવે છે? એ તો અતીન્દ્રિય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન આંખથી પ્રાપ્ત નથી થતા, કાનથી પ્રાપ્ત નથી થતા. ઇન્દ્રિયથી તો ઇન્દ્રિયજ્ઞાન પ્રાપ્ત થાય છે. ભગવાન આત્મા ચક્ષુઇન્દ્રિયના જ્ઞાનમાં જે રૂપને જાણવાનું કરે છે એમાં એ ઇન્દ્રિય નિમિત્ત થાય છે. પ્રત્યેક ઇન્દ્રિય. અને ઇન્દ્રિયજ્ઞાન ક્રમિક છે. એ ઇન્દ્રિયનું જ્ઞાન એક પછી એક થાય છે.

'**કેવળીભગવાન તો ઇન્દ્રિયોના નિમિત્ત વિના સમસ્ત આત્મપ્રદેશેથી...**' એકસાથે. ખંડ ખંડ હતું ને ઈ .... '**સ્પર્શાદિ સર્વ વિષયોને જાણે છે, અને જે સમસ્તપણે પોતાનું અને પરનું પ્રકાશક છે એવા લોકોત્તર જ્ઞાનરૂપે (-લૌકિકજ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાનરૂપે) સ્વયમેવ પરિણમ્યા કરે છે;...**' ભગવાનનું જ્ઞાન એકલું ઇન્દ્રિયાતીત લોકોત્તર થયું થકું પોતાનું જ્ઞાન પરિણમ્યા કરે છે તે જ મોક્ષદશા છે. '**માટે સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અવગ્રહાદિ ક્રમ વિના...**' ભગવાન પહેલું એક જાણે અને પછી વિચાર કરે ને પછી નિર્ણય કરે અને પછી ધારે એમ હોતું નથી. માટે '**કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી.**' કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ છે નહિ.

'**હવે આત્માનું જ્ઞાનપ્રમાણપણું અને જ્ઞાનનું સર્વગતપણું પ્રકાશે છે :—**' આત્માનું જ્ઞાનપ્રમાણપણું (અર્થાત્) આત્મા જ્ઞાનપ્રમાણ છે. જ્ઞાન આત્માપ્રમાણ છે. જ્ઞાન અને આત્મા હીનાધિક નથી. સાકરનું ગળપણ.. ગળપણ કહે છેને? શું કહે છે? મીઠાશ. સાકરનું ગળપણ સાકર પ્રમાણે અને સાકર ગળપણ પ્રમાણે. હીનાધિક નથી. એમ આ આત્મા પોતાના જ્ઞાનપ્રમાણમાં છે, જ્ઞાન પોતાના આત્મપ્રમાણમાં છે. કોને ખબર ક્યાં છે આત્મા અને શું છે આત્મા.

મુમુક્ષુ :— ... હાલે-ચાલે આત્મા...

ઉત્તર :— હાલે-ચાલે આત્મા... જડ હાલે. ક્ષેત્રાંતર પર્યાયની યોગ્યતા હોય તો ચાલે...

'**આત્માનું જ્ઞાનપ્રમાણપણું...**' આત્મા જ્ઞાનપ્રમાણ જ છે અને '**જ્ઞાનનું સર્વગતપણું...**' જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. ઈ ૨૩માં કહે છે.

आदा णाणपमाणं णाणं णेयप्पमाणमुद्दिट्ठं।
णेयं लोयालोयं तम्हा णाणं तु सव्वगयं।।२३।।

ભગવાન કુંદકુંદાચાર્યે જગતના હિતની કરુણાબુદ્ધિથી આ જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર, પ્રવચનસારમાં લીધા છે. પરમ પરમ તત્ત્વનો નિચોડ છે.

'ટીકા :— 'समगुणपर्यायं द्रव्यम्' ગુણ-પર્યાયે યુગપદ્ સર્વ ગુણ-પર્યાય એ જ દ્રવ્ય છે. તે જ કર્યું છેને ગુજરાતીમાં? જ જ. કેવો છે આત્મા? આ આત્મા, દરેક આત્મા. આ સર્વજ્ઞનો આત્મા અહીં સિદ્ધ કરવો છેને. 'समगुणपर्यायं द्रव्यम्' પોતાની શક્તિ-ગુણ અને પર્યાય-અવસ્થા '(યુગપદ્ સર્વ ગુણો અને પર્યાયો તે જ દ્રવ્ય છે)' તે જ આત્મા. આત્મા એ ગુણ-પર્યાયવંત અને ગુણ-પર્યાય તે જ આત્મા. શું કહ્યું? સર્વજ્ઞ ભગવાનનો આત્મા, કહે છે કે 'समगुणपर्यायं' આત્મા. ભગવાન સર્વજ્ઞપ્રભુનો આત્મા એના જ્ઞાનગુણ આદિ બધા અને પર્યાય, એની વર્તમાન દશા તે આત્મા. અને આત્મા ગુણ-પર્યાયરૂપ. ગુણ-પર્યાયથી દ્રવ્ય હીનાધિક અને દ્રવ્યથી ગુણ-પર્યાય હીનાધિક નથી. ભારે ઝીણી વાતું. અમારે એમાં ધર્મ ક્યાં આવ્યો? શેઠી!

'समगुणपर्यायं द्रव्यम्' લ્યો. કહે છે, પ્રભુ! તારો આત્મા જ્ઞાનગુણ આદિ અનંત અને એની પર્યાય, એ ગુણ-પર્યાય તે આત્મા. રાગ ને પુણ્ય ને શરીર, વાણી, મન નહિ. ભગવાનનો આત્મા. એનું દ્રવ્ય જે આત્મા તે પોતાના ગુણ અને પર્યાયરૂપ છે. ગુણ અને પર્યાય તે જ આત્મા. ભગવાન અરિહંતનો આત્મા, એમની અનંત શક્તિઓ અને પર્યાય અનંત તે જ આત્મા. અને અનંત શક્તિ અને પર્યાય એ આત્મા અને આત્મા એ અનંત શક્તિ અને પર્યાય. ઈ એક વસ્તુ છે. બેમાં હીનાધિકતા નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! મુનિઓએ દિગંબર સંતોએ જંગલમાં રહીને આવા ક્ષયોપશમમાં એવા શાસ્ત્ર બન્યા કે સામાન્ય જનતાને સમજવા કઠણ પડે.

સાકર છે કે નહિ સાકર? સાકર કેટલા પ્રમાણમાં છે? પ્રમાણ ક્ષેત્રથી નહિ. સાકર કેટલી છે? સાકર પોતાની મીઠાશ આદિ શક્તિઓ અને એની અવસ્થા તે જ સાકર. બરાબર છે? સાકરમાં જેટલી શક્તિઓ એટલે ગુણ અને જેટલી એની પર્યાય છે, સફેદ આદિ પ્રગટ પર્યાય છેને, એ પર્યાય અને ગુણ, સાકર ગુણ અને પર્યાય અને ગુણ-પર્યાય તે સાકર. બસ! એમ આત્મા, આ આત્મા કેવડો છે કેવડો? કેવડો એટલે ક્ષેત્રમાં એમ નહિ. સમજાણું કાંઈ? આત્મા કેવડો છે? કે આ આત્મા પોતાના ગુણ અને પર્યાય એ આત્મા અને ગુણ પર્યાય તે આત્મા અને આત્મા તે ગુણ પર્યાય. હજી સાત તત્ત્વમાં, નવ તત્ત્વમાં આત્મા કોને કહેવો? તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. તો સાત તત્ત્વના શ્રદ્ધાનમાં આત્મા કોને કહેવો એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આત્મા શું વસ્તુ છે એ કદી એણે ઓળખાણમાં લીધી નથી. અગિયાર અંગ ભણી નાખ્યા, નવ પૂર્વ ભણી લીધા, ક્રિયાઓ કરી નાખી, અઠ્યાવીશ મૂળગુણ આદિ પાળ્યા.

શુભ બંધ થાય પુણ્ય આદિ અને સ્વર્ગ મળી જાય. જન્મ મરણનો અંત એને આવતો નથી. સમજાણું કાંઈ?

કેવો છે આત્મા? અહીં તો ભગવાનનો આત્મા જ્ઞાન ગુણ અને પર્યાય પ્રમાણે છે અને એ જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. જેટલા જ્ઞેય છેને જાણવાલાયક એટલા પ્રમાણમાં જ્ઞાન છે. વ્યવહારથી સર્વગત કહ્યું છે હોં! આ નિશ્ચયથી કહ્યું છે કે પોતાનો આત્મા... અનંત અરિહંતો થયા, સિદ્ધ થયા અનંત સિદ્ધ, તો અનંતા સિદ્ધ અને લાખો કેવળીઓ બિરાજમાન છે વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં, ભગવાન તીર્થંકર તો વીસ બિરાજે છે, સીમંધરપ્રભુ આદિ, પણ કેવળજ્ઞાની લાખો બિરાજે છે અને સિદ્ધો અનંત બિરાજે છે અશરીરી. આ તો શરીરસહિત બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. તો કહે છે કે એ અરિહંતના જ્ઞાનની પર્યાય અને એના ગુણ અને એની પર્યાયો, તો કહે છે કે ગુણ અને પર્યાય તે આત્મા અને આત્મા તે ગુણ પર્યાયરૂપ. ગુણ-પર્યાયથી હીન-અધિક આત્મા અને આત્માથી ગુણ-પર્યાય હીન-અધિક એમ નથી. એકરૂપ છે.

એમ અહીંયા આત્મા, આ આત્મા કોને કહેવો? કે આત્મા વસ્તુ એના જ્ઞાનાદિ અનંત ગુણ અને નિર્મળ પર્યાય આદિ. એ દ્રવ્ય-ગુણ-પર્યાય એટલા પ્રમાણમાં આત્મા. એ આત્મા ગુણ-પર્યાયરૂપ આત્મા, ગુણ-પર્યાયરૂપ દ્રવ્ય અને દ્રવ્ય ગુણ-પર્યાયરૂપ તેને આત્મા કહે છે. પરનો એને સ્પર્શ સુદ્ધાં નથી. પુણ્ય-પાપના ભાવ એ આસ્રવતત્ત્વ છે. અહીં સંવર, નિર્જરા આદિની પર્યાય અભેદ કરીને દ્રવ્ય-ગુણ-પર્યાય એક લઈ લીધા છે. કેવળજ્ઞાનની પર્યાય મોક્ષ છેને મોક્ષ? તો એ પર્યાયને આત્મા કહી દીધો. ગુણ અને પર્યાય તે આત્મા. સમજાણું કાંઈ?

ભગવાન અરિહંતનો આત્મા, એમના ગુણો—ત્રિકાળ શક્તિઓ, એની પ્રગટ પર્યાય, એ ત્રણે થઈને દ્રવ્ય, ઈ દ્રવ્ય. ગુણ પર્યાય તે દ્રવ્ય અને દ્રવ્ય તે ગુણ પર્યાય. એમ અહીંયા પણ આત્મા કોને કહે છે? કે પુણ્ય-પાપના જે વિકલ્પ રાગ છે એ આત્મા નથી, એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ છે, ઉદયભાવ છે. શરીર, વાણી, મન તો જડ અજીવતત્ત્વ છે. આત્મા પોતાનું દ્રવ્ય, એમાં ગુણ અને વર્તમાન પર્યાય એ ગુણ-પર્યાયરૂપ તે જ આત્મા. જ્ઞાનની કળા વિના કેવળજ્ઞાનની કળા કોઈ દિ' પ્રગટ થતી નથી. જ્ઞાનની કળા જ્ઞાનગુણ વિના જણાય એવી નથી. 'જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી'. આવે છેને બનારસીદાસમાં? 'જ્ઞાનકલા જિસકે રે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી, જ્ઞાની મગન વિષયસુખ માંહી, જ્ઞાની મગન વિષયસુખ માંહી યહ વિપરીત સંભવે નાહિ, જ્ઞાનકલા જિસકે રે ઘટ જાગી...' બનારસીદાસ, સમયસાર નાટક. સમયસારના કળશોમાંથી સમયસાર નાટક બનાવ્યું. બનારસીદાસ. એમાં આ એક કળશ લીધો. 'જ્ઞાનકલા જિસકે રે ઘટ જાગી' રાગ ને પુણ્ય ને શરીર વિનાનો હું આત્મા. એવી જ્ઞાનની કળા ધર્મની જ્યાં અંતરમાં જાગી. 'જ્ઞાનકલા જિસકે રે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી'. એ રાગથી વૈરાગ્ય છે, નિમિત્તથી

વૈરાગ્ય છે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને. 'જ્ઞાની મગન વિષયસુખ માંહી, યહ વિપરીત સંભવે નાહિ'. જ્ઞાનકળા જાગી અને વિષયસુખમાં પ્રીતિ અને મોજ મસ્તીમાં હોય એમ કોઈ દિ' સંભવે નહિ. રાગ હોય. જ્ઞાનીને પૂર્ણ વીતરાગ ન હોય તો રાગ હોય, પણ એમાં સુખબુદ્ધિ હોય (એવું) ત્રણ કાળમાં હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

એ કહે છે, **'समगुणपर्यायं द्रव्यम्'**. તત્ત્વાર્થસૂત્રમાં આવો શબ્દ આવતો નથી. આવે છે? ગુણ-પર્યાય જેટલો આત્મા એમ. ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ કહ્યું છેને? ગુણપર્યાયવત્ દ્રવ્ય. ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. ગુણપર્યાયરૂપ દ્રવ્ય. એમ અહીં ગુણ અને પર્યાય જેટલો આત્મા એટલે કે એ આત્મા, એમ. ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ છેને. **'એ વચન પ્રમાણે...'** ભગવાનનો આત્મા અને સાધક જીવનો આત્મા પણ પોતાના ગુણ-પર્યાયરૂપ જ આત્મા છે. અહીંયા ભગવાનના આત્માની વાત કરી છે. પૂર્ણ જ્ઞાન થયું છેને. **'એ વચન પ્રમાણે જ્ઞાનથી હીનાધિકતારહિતપણે...'** દેખો! એટલે દ્રવ્ય તે ગુણ-પર્યાયરૂપ અને ગુણ-પર્યાય તે દ્રવ્યરૂપ. બસ. આત્મા **'જ્ઞાનથી હીનાધિકતારહિતપણે પરિણમતો હોવાથી...'** સમજાણું? જ્ઞાન વધી જાય અને આત્મા પાછળ રહી જાય, આત્મા બદલી જાય અમુક અને જ્ઞાન હીણું રહી જાય એમ હોઈ શકે નહિ. **'હીનાધિકતારહિતપણે પરિણમતો...'** આત્મા જ્ઞાન જ્ઞાનપ્રકાશ, જ્ઞાનસૂર્ય ભગવાન પોતે જ્ઞાનમાં હીનાધિકતારહિતપણે પરિણમે છે. માટે **'જ્ઞાનપ્રમાણ છે,...'** કોણ? આત્મા. છેને? આત્મા **'જ્ઞાનથી હીનાધિકતારહિતપણે પરિણમતો હોવાથી...'** જ્ઞાનપ્રમાણ આત્મા છે. આત્મા જ્ઞાનપ્રમાણ. જ્ઞાન ક્યુ? આ શાસ્ત્રનું નહિ. માટે જ્ઞાનપ્રમાણ છે.

**'અને જ્ઞાન જ્ઞેયનિષ્ઠ હોવાથી...'** જ્ઞાનની જાણવાની ચીજો જે જ્ઞેય છે તેનું અવલંબન કરનાર, એમાં તત્પર છે. એટલે જ્ઞાન જાણવામાં સન્મુખ છે. જ્ઞેય જાણવામાં જ્ઞાન સન્મુખ છે. આ રીતે **'જ્ઞાન જ્ઞેયનિષ્ઠ હોવાથી...'** આત્મા જ્ઞાનપ્રમાણ અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ એમ સિદ્ધ કરવું છેને. તો જ્ઞાન જ્ઞેયનિષ્ટ હોવાથી **'દાહ્યનિષ્ઠ દહનની જેમ,...'** દાહ્ય નામ બળવાયોગ્ય લાકડી આદિ છે એ દહનની જેમ. એ અગ્નિમય થઈ ગઈ છે. બળવાલાયક વસ્તુ અગ્નિમય છે. એમ જાણવાલાયક જ્ઞાન જ્ઞેયનિષ્ઠ છે, જ્ઞેયમાં તત્પર છે. એમ અગ્નિ બળવાલાયક વસ્તુમાં એકાકર થઈ ગઈ છે. તેની જેમ **'જ્ઞેયપ્રમાણ છે.'** આત્માનું જ્ઞાન, (જેમ) બળવાલાયક વસ્તુ અગ્નિપ્રમાણ થઈ ગઈ છે એમ જ્ઞાન જ્ઞેયપ્રમાણ થઈ ગયું છે. સમજાણું કાંઈ? **'જ્ઞેય તો લોક અને અલોકના વિભાગથી વિભક્ત...'** જ્ઞેય લોક અને અલોકના બે ભાગ.

**'અનંત પર્યાયમાળાથી આલિંગિત સ્વરૂપે સૂચિત...'** દેખો હવે આવ્યું. અનંત પર્યાયમાળા. જેમ માળા...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સૂગ શેની પણ? શબ્દ ગમે તે કરે નહિ. વ્યવસ્થિત છે, આઘુપાછું વિનાની કહે. નાખને ભાષા હવે, ભાષામાં શું તકરાર? એને ખબરેય નહિ હિંમતભાઈએ નાખ્યું હશે

ત્યારે. હિન્દુસ્તાનમાં ... સમજાણું કાંઈ?

કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. ભગવાન આત્મા એ જ્ઞાનપ્રમાણ આત્મા અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે. સમજાણું? જ્ઞેય લોકાલોક, જ્ઞેય લોકાલોક. અને એ લોકાલોકમાં બે ભાગ પડ્યા પણ એની પર્યાયમાળા આલિંગિત. દરેક પદાર્થમાં પર્યાય સમયે સમયે સમયે પર્યાયમાળા જે સમયે સમયે થાય છે એને આલિંગિત. ગુજરાતીમાં શું છે? પ્રગટ ... આલિંગિતનો અર્થ કર્યો છે કે નહિ? એમ ને એમ રાખ્યું છે. ઠીક. એ પર્યાયમાળાથી સ્પર્શિત. દરેક પદાર્થ એની પર્યાયમાળા (એટલે). એક પછી એક પર્યાય, પર્યાય, પર્યાય-અવસ્થા એક પછી એક, એક પછી એક... આડીઅવળી નથી થતી. માળામાં મણકા એક પછી એક હોય છે, આઘાપાછા નથી હોતા. એમ જગતના દ્રવ્ય-ગુણ જે છે એની પર્યાય એક પછી એક, એક પછી એક ક્રમબદ્ધ થાય છે. એ પર્યાયમાળાથી આલિંગિત સ્વરૂપે સૂચિત. જ્ઞેય, એ જ્ઞેય આમ સૂચિત છે એમ અહીં કહે છે, ભાઈ! પર્યાયમાળાથી સૂચિત જ્ઞેય છે. લે! એ જ્ઞેયનો સ્વભાવ જ પર્યાયમાળા એક પછી એક પછી એ રીતે જ્ઞેય સૂચિત થાય છે. સમજાણું?

‘**નાશવંત દેખાતો છતાં ધ્રુવ એવો ષટ્દ્રવ્ય-સમૂહ છે એટલે કે બધુંય છે.**’ લ્યો. એ બધા છ દ્રવ્યો જ્ઞેય છે. આત્મા જ્ઞાનપ્રમાણ, જ્ઞાન જ્ઞેયપ્રમાણ. એટલે આખું સર્વગત જ્ઞાન થઈ ગયું. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાવાળું જ્ઞાન સર્વગત વ્યવહારે કહેવામાં આવે છે. ... આવો જ્ઞાનનો સ્વભાવ કેવળજ્ઞાન. આવો જો પોતામાં નિર્ણય કરે તો હું પણ આખા લોકને જાણનાર, દેખનાર નિજ સત્તાવલંબનથી જાણનાર-દેખનાર છું એવો અનુભવ કરવો, નિર્ણય કરવો, એનું નામ મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં.-૬૩માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી. તથા પ્રવચન નં. ૬૪ ઉપલબ્ધ નથી.**

**ફાગણ સુદ ૫, ગુરુવાર, તા. ૨૮.૨.૧૯૬૩**
**ગાથા-૨૮, ૨૯, પ્રવચન-૬૫**

આ પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ પ્રકાશન. પહેલો અધિકાર ચાલે છે. એમાં શું કહે છે કે

આ આત્મા જે વસ્તુ છે એનો જ્ઞાનતત્ત્વનો, એ જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ એનું શું સ્વરૂપ? અને એનું સામર્થ્ય શું છે એનું આ વર્ણન છે. વર્ણન તો સર્વજ્ઞની પર્યાયનું છે. એ જ્ઞાનતત્ત્વ એકલું જ્ઞ છે. આત્મપદાર્થ એમાં જ્ઞાન એનો ગુણ, એની વર્તમાન દશા ત્રિકાળ અસાધારણ જ્ઞાનનો આશ્રય લઈને જે જ્ઞાનની પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય એ જ્ઞાનના સ્વભાવનું સામર્થ્ય સ્વને, પરને પૂર્ણ જાણવાનું છે. એ વાત કરે છે જુઓ! ૨૮મી ગાથાની ટીકા.

'**ટીકા :— આત્મા અને પદાર્થો...**' અહીં નીચે પણ એ લાગુ પડે છે હોં! આ તો પૂર્ણની વાત છે. આ આત્મા અને આ પદાર્થો વાણી, શરીર આદિ કે લોકાલોક એના '**સ્વલક્ષણભૂત પૃથક્પણાને લીધે...**' આત્માનું સ્વલક્ષણ જુદું અને બીજા બધા જગતના પદાર્થોનું લક્ષણ જુદું. એવા '**સ્વલક્ષણભૂત પૃથક્પણા...**' નામ જુદાપણાને લીધે '**એકબીજામાં વર્તતા નથી...**' આત્મા લોકાલોકને જાણે છતાં લોકાલોકમાં આત્મા પ્રવેશ કરતો નથી અને લોકાલોક જ્ઞાનમાં પ્રવેશ કરતા નથી. સમજાય છે કાંઈ? '**પરંતુ તેમને માત્ર જ્ઞાનજ્ઞેયસ્વભાવ-સંબંધથી સધાતું...**' તેમને માત્ર... જ્ઞાન આત્માનો સ્વભાવ અને બીજા જ્ઞેયો, એ બધા સ્વભાવના જ્ઞેયજ્ઞાયકસંબંધ (અર્થાત્) આ જાણનાર અને એ જણાય. આત્મા જ્ઞાન વડે જાણનાર અને બીજા પદાર્થ જણાય, એવા સંબંધથી સધાતું '**એકબીજામાં વર્તવું છે,...**' આ રીતે એકબીજામાં વર્તવું કહેવામાં આવે છે.

'**નેત્ર અને રૂપની જેમ.**' દાખલો છે. જ્ઞાન પરને જાણે. અત્યારે પણ જ્ઞાનનો વાસ્તવિક સ્વભાવ પુણ્ય-પાપના ભાવ થાય, શરીરાદિ છે એને જાણે. જાણતા છતાં તે વિકાર અને શરીરમાં પ્રવેશ કરતું નથી. જ્ઞાન પ્રવેશ કરતું નથી. આત્મભાવ છે કે નહિ? પદાર્થ છે કે નહિ આત્મા જ્ઞાનભાવ? ભાવ વસ્તુ સ્વભાવ છે કે નહિ? તો જ્ઞાનની હયાતીપણાની મોજૂદગી શક્તિ, એ રાગ દ્વેષ થાય તેમાં એ જ્ઞાન પ્રવેશ કરતું નથી, એને જાણે છે. જ્ઞાનનું તત્ત્વ, જ્ઞાનનો ભાવ, જ્ઞાનનો સ્વભાવ... અહીં સર્વજ્ઞને સિદ્ધ કરે છે, પણ એ જ્ઞાનતત્ત્વનો સ્વભાવ જ એવો છે એમ સિદ્ધ કરે છે. સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન એક સમયમાં પૂર્ણ વિકાસ થઈ ગયો પર્યાયમાં, તે લોકાલોકને જાણે પણ લોકાલોકને અડે નહિ. લોકાલોકમાં એનું જ્ઞાન પ્રવેશ કરે નહિ.

કાલે દાખલો નહોતો આપ્યો? ખાટું, ખારું જ્ઞાનમાં જણાય. ખાટું, ખારું, તીખુ, ગળ્યું, મોળું, તુરું જ્ઞાન જાણે, પણ જ્ઞાન ખાટા, ખારામાં પ્રવેશ કરી જાય છે? એટલે ખાટા, ખારારૂપ થઈ જાય છે?

મુમુક્ષુ :— એટલો વખત તો થાય છે.

ઉત્તર :— એટલો એક સમય થાતું નથી. જ્ઞાન.. આ તો સમજાય એવું છે કે નહિ? સમજાય એવું છે. આ છોકરાઓ કહે છે, સમજાય એવું છે. ન સમજાય એવું ન હોય છોકરાઓને.

આ આત્મા છેને આત્મા, વસ્તુ છેને આત્મા. એ જાણનાર સ્વભાવ સંપન્ન છે. જાણનાર

સ્વભાવવાળો આત્મા. એ જાણનાર સ્વભાવ તે, અંદર રાગ પુણ્ય, પાપના ભાવ થાય એને ખરેખર જ્ઞાનસ્વભાવ એને જાણે એવો એનો સ્વભાવ છે અને એ પુણ્ય-પાપના ભાવ થાય, એના જ્ઞાન અને રાગને એકપણું થવું એવો જ્ઞાનનો કે રાગનો બેયનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એમ ભગવાનનું જ્ઞાન અરિહંત પરમાત્માના જ્ઞાનમાં લોકાલોક જણાણા. એ જણાણા છતાં લોક અને અલોક જ્ઞેય તરીકે જે જાણવાલાયક ચીજ એ આત્માના જ્ઞાનમાં આવી નથી અને જ્ઞાન એને જાણતું તેમાં પ્રવેશ કર્યું નથી. એટલે કે બે થઈને એક થયા નથી. જ્ઞાનતત્ત્વની વ્યાખ્યા છેને આ. છતાં જાણનાર જ્ઞાન અને જણાય જગતના પદાર્થો એ એકબીજાને જાણવું અને જણાવું એવા સંબંધથી, જાણે કે જ્ઞાન જ્ઞેયમાં વર્તતું હોય એમ વ્યવહારે કહેવામાં આવે છે.

'**નેત્ર અને રૂપની જેમ.**' અહો..! પદાર્થ શું છે એણે કોઈ દિ' જાણ્યો નહિ. સમજાય છે કાંઈ? અત્યારે પણ શરીરથી થતી અવસ્થા કે પરની પળતી દયા, ન મરે પરપ્રાણી એને જ્ઞાનતત્ત્વ જાણે કે આમ થયું, શરીરમાં આમ થયું, પરમાં આમ થયું એમ જ્ઞાન જાણે. છતાં જ્ઞાન શરીરમાં અને પરની દયાની ક્રિયામાં જ્ઞાન પ્રવેશ કરતું નથી એટલે એમાં પેસી જતું નથી. તેમ રાગનો દયાનો ભાવ અને સામે શરીર અને જીવ બચ્યા—છૂટા ન પડ્યા, એ જ્ઞેય જ્ઞાનમાં પ્રવેશ કરતા નથી. જ્ઞાન એમાં પ્રવેશ કરતું નથી અને એ જ્ઞાનમાં પ્રવેશ કરતા નથી. છતાં જ્ઞાન એને જાણે છે એ અપેક્ષાએ જાણે કે જ્ઞેયો આમાં જણાઈ ગયા એમ, આવી ગયા એમ વ્યવહારે કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! ...ભાઈ! સમજાણું આ?

'**(અન્ય દ્રવ્યોથી ભિન્નપણું દરેક દ્રવ્યનું લક્ષણ હોવાથી...**' દરેક આત્મા, દરેક પરમાણુ, અરે..! પુણ્ય-પાપના ભાવ એ બધાનું ભિન્નપણું, દરેક પદાર્થનું લક્ષણ હોવાથી '**(આત્મા અને પદાર્થો એકબીજામાં વર્તતા નથી,...**' આત્મામાં આ શરીર આવી જતું નથી અને શરીરની દશામાં આત્મા પ્રવેશ કરતો નથી. બે જુદેજુદાં તત્ત્વો ટકીને કામ કરી રહ્યા છે. આવી વાત તો ઓલા એલ.એલ.બી. ને એમ.એ. ને મેટ્રીકમાં ભણવું હોય તો ત્યાં ઓલો પ્રોફેસર ગોળાગપ્પા મારે, એને સાંભળે બરાબર કે ઓહો..હો..! એ તો ગપ્પેગપ્પા હોય હોં! એમાં કાંઈ ન મળે. ... લૌકિકની વાત હોય એમાં આત્માને કાંઈ ન મળે.

આ તો સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પ્રોફેસર જગતના ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા, એણે કહ્યું કે અરે.. આત્મા! તું કોણ અને કેટલી મર્યાદામાં તારું કામ? જગતના પદાર્થો જ્ઞેય જણાય એની કેટલી મર્યાદા? એટલી કે તે જણાવાને લાયક થાય, તું તેને જાણ. એકબીજામાં પ્રવેશ કરે નહિ. છતાં જાણનાર આત્માને જણાવાયોગ્ય પદાર્થ સાથે જ્ઞાન અને જ્ઞેય સંબંધની અપેક્ષાએ જાણે કે આંખ બધે ફરી વળે છેને જેમ રૂપાદિમાં, સમજાણું? એમ જ્ઞાન બીજે ફરી વળ્યું એમ વ્યવહારે કહેવામાં આવે. પરંતુ એ '**(આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે...**' આત્મા ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશ સ્વભાવ છે. આ પ્રકાશ એટલે? આ (જડ) પ્રકાશનો પણ પ્રકાશક. આ પ્રકાશ છે એમ જેમાં જણાય તે જ્ઞાનપ્રકાશ

આત્મા છે. આ પ્રકાશ છે એ જડ છે. એ પ્રકાશ જેમાં જણાય એ જ્ઞાનપ્રકાશ છે. એ જ્ઞાનપ્રકાશ જાણે છે કે આ જડ પ્રકાશ છે. સમજાય છે કાંઈ? પણ કોઈ દિ' હું કોણ અને ક્યાં, ભાન ન મળે. એમ ને એમ મુઠ્ઠી વાળીને ચોર્યાશીના અવતારમાં રખડ્યા કર્યો છે.

મારો તત્ત્વસ્વભાવ જ્ઞાન છે. એ જ્ઞાન પરજ્ઞેયો જે રીતે ભજતા, થતા, પરિણમતા, હોતા હોય, એને અને મારે જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે. એકબીજામાં વર્તતા નથી છતાં એકબીજાની હયાતી બીજામાં જતી નથી છતાં એકબીજા જણાવાલાયક અને જાણનાર એટલો સંબંધ રહે છે. એટલા સંબંધની ખાતર એમ કહેવામાં આવે છે. આગળ કહેશે, જુઓ! '**એવા જ્ઞાનજ્ઞેયસ્વભાવરૂપ સંબંધના કારણે જ માત્ર તેમનું એકબીજામાં વર્તવું ઉપચારથી કહી શકાય છે;...**' જ્ઞાન, આ ખાટું, ખારું એમ જાણ્યું છે. ખાટુ, ખારું તો જડની દશા છે. ખાટું, ખારું કોની દશા હશે? આત્માની? આત્મા ખાટો, ખારો છે? ખાટું, ખારું તો માટી ધૂળ છે. આ મસાલો તમારો, ઢોકળા, શું કહેવાય? લીંબુ, સાકર, ગોળ જડ માટી. એનો પર્યાયધર્મ વર્તમાન લક્ષણ ખાટું, ખારું, તીખુ, ગળ્યું એ તો જડની દશામાં છે, જડમાં છે. એનું જ્ઞાન ખાટા વખતે ખાટું થઈ જાય, ગળ્યા વખતે ગળ્યું થઈ જાય તો જડ થઈ જાય. ખાટા કાળે ખાટાના જ્ઞાનને જ્ઞાનરૂપે જાણ્યું, આ ખાટું છે એમ જ્ઞાને જાણ્યું. પણ જ્ઞાન ખાટામાં પેઠું નથી, ખાટું જ્ઞાનમાં આવી ગયું નથી.

જુઓ! આ ભેદજ્ઞાન. ભેદજ્ઞાન એટલે વસ્તુની જેટલી પૃથક્ પૃથક્ ગુણ અને દ્રવ્ય અને પર્યાયોની મર્યાદા છે એ મર્યાદા જ્ઞાનમાં જણાય અને બીજા જણાવાલાયક રહે એવું અંતરમાં ભેદજ્ઞાન કરવું એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન છે. જે રીતે સત્ય છે એ રીતે જ્ઞાન અને જ્ઞેયના સત્યનો સ્વીકાર જ્ઞાનમાં આવવો એનું નામ સમ્યક્જ્ઞાન અને એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ?

'**(નેત્ર અને રૂપી પદાર્થોની જેમ)**.' દાખલો. '**જેમ નેત્રો...**' આંખ '**અને તેમના વિષયભૂત રૂપી દ્રવ્યો...**' આ રૂપી. એમાં '**પરસ્પર પ્રવેશ વિના...**' આંખ અગ્નિમાં પ્રવેશે છે? બરફમાં આંખ પ્રવેશે છે? '**જ્ઞેયાકારોને ગ્રહવાના...**' આંખનો, આ અગ્નિ છે .. એવું જાણવાનો, આ બરફ છે એવું જાણવાનો—ગ્રહવાનો '**અને અર્પવાના સ્વભાવવાળાં છે,...**' એ અગ્નિ અને બરફ આંખમાં, જેવો એનો ઉષ્ણ સ્વભાવ છે, ઠંડો છે એ ગ્રહાય, આંખ ગ્રહે અને એ અર્પે, અર્પે એટલે નિમિત્ત થઈને એમાં જણાય. '**અર્પવાના સ્વભાવવાળાં છે,...**' શું કીધું આ? આંખ અને અગ્નિ આદિ પદાર્થ. આંખ એનો જાણવાનો સ્વભાવ છે અને અગ્નિનો આંખમાં જણાવાનો સ્વભાવ છે. આંખ અગ્નિને જાણતા અગ્નિ થાય? તો આંખ બળી જાય. સમજાણું કાંઈ? આંખ અગ્નિને જાણે ત્યારે આંખ અગ્નિરૂપ થાય છે? તો તો બળી જાય. અને અગ્નિ આંખરૂપ થઈ જાય છે? તો અગ્નિ અહીં આવી જાય, આંખ રહે નહિ. જગતના નિયમોના કાયદાની ખબર ન મળે, એને ભણ્યો, ગણ્યાના કાયદાને શીખવાની

ગરજ. પૈસા પેદા થાશે, નહિતર મરી જશું. આ એના મરણ ક્ષણે ક્ષણે ભાવમરણ થાય છે એની એને ખબર નથી. તું એક જ્ઞાન છો અને જગતના બધા પદાર્થો જ્ઞેય જણાવાલાયક અને હું જાણનાર, આ સિવાય બીજો મારે અને એને કાંઈ (સંબંધ નથી). એ મારાથી ટકે અને એનાથી હું ટકું, એવો મારો અને એનો બેયનો સ્વભાવ નથી. બરાબર હશે?

ખાટા, ખારા, અગ્નિ, ઉષ્ણ અને બરફ એ આ આંખ જાણે છે માટે ટકી રહ્યા છે? અને એ ટકી રહ્યા છે માટે આંખ ટકી રહી છે એને કારણે? છતાં આંખનો સ્વભાવ એને ગ્રહવાનો એટલે જાણવાનો છે કે આ છે અગ્નિ અને બરફ. બરફ અને અગ્નિનો સ્વભાવ ગ્રહાવાનો, અર્પવાનો કે જેવું એનું જ્ઞેયનું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં પ્રમેય થવાનો સ્વભાવ છે. બસને, કે બીજું હશે આમાં કાંઈ? જુઓ!

**'જ્ઞેયાકારોને ગ્રહવાના અને અર્પવાના સ્વભાવવાળાં છે...'** એ આંખમાં અર્પાઈ જાય એટલે જેવું અગ્નિનું અને બરફનું સ્વરૂપ હોય એમ આંખમાં જણાય. **'તેમ...'** આ તો બાળકને સમજાય એવી વાત છે. પણ એણે ધ્યાન કે દિ' રાખ્યું છે? એમને એમ અનંત વાર ભૂંડ અને ગલુડિયાની જેમ અવતાર લીધા અને મરી ગયા. પણ ચૈતન્ય-બાદશાહ ભગવાન આત્મા કોણ છે અંદર અને એ ચૈતન્યના સામર્થ્યની મર્યાદા કેટલી છે, એની મર્યાદા જે કંઈ જગતના પદાર્થો હોય તેને જાણવાની છે. કોઈને રચવાની, કોઈને રાખવાની, કોઈને ભાંગવાની, કોઈને દૂર કરવાની એ આત્માના જ્ઞાનમાં સામર્થ્ય નથી. તેમ જણાય એનું સામર્થ્ય જ્ઞાનથી ભાંગી જાય, જ્ઞાનથી તૂટી જાય, જ્ઞાનથી દૂર થાય એવો એનો પણ સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

**'તેમ આત્મા અને પદાર્થો એકબીજામાં વર્ત્યા વિના...'** આત્મા અને પદાર્થો. જેમ આંખ અને જ્ઞેય એકબીજામાં... એ રૂપી પદાર્થ કીધોને આંખનો વિષય? એનો વિષય અને આંખ, બે પ્રવેશ કર્યા વિના. લોઢાનો આમ સોયો ધગધગતો ધગધગતો. આ ફૂલખરણી નથી આવતી દિવાળીમાં? અગ્નિ અગ્નિ ખરે છે. આંખ આમ જોવે છે એને. બસ, આંખનો એ ગ્રહવાનો સ્વભાવ અને એ અગ્નિના તણખાનો જણાવાનો, અર્પવાનો સ્વભાવ. એ આંખ તણખામાં પેસી જાય છે? પેસી જાય તો તો આંખનો નાશ થઈને અગ્નિ થઈ જાય. અને એ તણખા ખરે ઈ અહીં આવી જાય છે? ભિન્ન ભિન્ન પદાર્થ છે. બધાનું અસ્તિત્વ ભિન્ન છે. એ ભિન્ન અસ્તિત્વ એમાં એકબીજાને કારણે નહિ એવો અંતરમાં સ્વીકાર થવો એ સ્વભાવ સન્મુખ થઈને આત્માના તત્ત્વનો સ્વીકાર અને એમાં પરની હયાતીનો સ્વીકાર નાસ્તિરૂપે આવી જાય છે. નાસ્તિ એટલે મારામાં નથી, એનામાં છે. સમજાણું?

**'(જેવી રીતે આંખ રૂપી પદાર્થોમાં પ્રવેશતી નથી અને રૂપી પદાર્થો આંખમાં પ્રવેશતા નથી તોપણ આંખ રૂપી પદાર્થોના જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના—જાણવાના સ્વભાવવાળી છે અને રૂપી પદાર્થો પોતાના જ્ઞેયાકારોને...'** જ્ઞેય એટલે જેવી ચીજ

એ છે એને અર્પવાના એટલે '(**જણાવવાના સ્વભાવવાળા છે, તેવી રીતે આત્મા પદાર્થોમાં પ્રવેશતો નથી...**' આહા..હા..! આ બાયડી ને છોકરા ને મકાન ને હજીરા ને પૈસા ને દાગીના ને વાણી ને કર્મ, રાગ ને પુણ્ય અને પાપના ભાવ એમાં આત્માનું જ્ઞાનતત્ત્વ, આત્મા પ્રકાશમૂર્તિ પ્રભુ એમાં પ્રવેશ કરતો નથી. મૂઢે માન્યું છે કે એમાં હું છું અને એ મારામાં છે. એ મિથ્યા શલ્ય માન્યતા તેને દુઃખદાયક છે. સમજાણું કાંઈ?

માણસો તો એમ કહે કે સગાવહાલા બહુ હોયને બે ભાઈઓ, ડાંગે માર્યા કાંઈ પાણી જુદા પડે? પણ જુદા જ છે, સાંભળને હવે. ડાંગો શું મારવો હતો? વાતું કરે, આ બધા નવરા હોયને. ડાંગે માર્યા કાંઈ પાણી જુદા પડે? પાણી પાછું ભેગું થઈ જાય. એમ ભલે બાપ-દીકરાને અત્યારે વાંધો છે પણ બધા ભેગા થઈને રહેશે અંતે તો. કહે છે કે નહિ? તમારે ક્યાં વાંધો છે? ઓલો અનુકૂળ છે તે. પણ જેને વાંધા હોય એ બધા જુદા પડી જાય. પહેલા એક હશે? ત્રણે કાળ ત્રણ લોકમાં આત્મા પોતાના જ્ઞાનસત્‌ને ધારતું અને જ્ઞેયો પોતાના પ્રમેય સત્ત્વને-જ્ઞાનમાં જણાવાયોગ્ય સત્‌ને ધારતું ટકી રહ્યું છે. કહો, મલૂકચંદભાઈ! શું હશે આ? જ્ઞાન બહુ ઉગ્ર થાય તો બીજી ચીજોને લાવી શકે, છોડી શકે એમ કરે કે નહિ? ત્યારે શું આ હમણાં કહે છેને? રસોડાનું કામ બહુ સારુ કરે છે. શું હશે આ? બોલવું કાંઈક, અંદરમાં કાંઈક. હાથીના દાંત અંદરના જુદા અને બતાવવાના જુદા. એ તો બોલવાની રીત છે.

બાકી જ્ઞાન આત્મતત્ત્વ આત્મા જ્ઞાનસૂર્ય છે, આત્મા જ્ઞાનસૂર્ય છે. જ્ઞાનના પ્રકાશસૂર્યરૂપ આત્મા (છે). અને એ સિવાયની જગતની ચીજો એ જ્ઞાનસૂર્યમાં પ્રકાશવાયોગ્ય છે એ જ્ઞાન જાણે. સમજાણું કાંઈ? આ દેવ-ગુરુ-શાસ્ત્ર, બાયડી, છોકરા, કુટુંબ, સમેદશિખર ને શેત્રુંજય ને ગિરનાર એ બધા, આ જ્ઞાનતત્ત્વ આત્મા, જ્ઞાનપ્રકાશ પ્રભુ, જ્ઞાનપ્રકાશની પ્રભુતા ધરનાર આત્મા એ બધાને જાણે કે આ છે. એવું જ જાણે જેવું છે એવું. અને જે છે એવા એમ જ આમાં જણાય જાય. બસ, એટલો સંબંધ છે. બાકી આઘોપાછો સંબંધ કરે કે હું બીજાની દયા પાળી દઉં, બીજાને મારી શકું, બીજાને દૂર કરી શકું, આ લાકડું છે એને આમ કરી શકું, આમ કરી શકું—એ એના જ્ઞાનમાં વિપરીત માન્યતા. વિપરીત શલ્ય મિથ્યાશ્રદ્ધા. જે દુઃખદાયક દૃષ્ટિ છે તે દૃષ્ટિ છોડાવવા આ વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ જૈન પરમેશ્વર જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા. તો કહે છે કે લોકાલોકને જાણતા જ્ઞાન લોકાલોકરૂપ થઈ ગયું? ના, જ્ઞાન જ્ઞાનરૂપ રહ્યું, લોકાલોક લોકાલોકપણે રહ્યો. અને શું લોકાલોક જ્ઞાનમાં ગરી ગયા? ના, એ તો લોકાલોક લોકમાં રહ્યા, જ્ઞાન જ્ઞાનમાં રહ્યું. એમ જ્ઞાનનો સ્વભાવ છે જ્ઞેયને જાણે. જ્ઞેયનો સ્વભાવ છે જ્ઞાનમાં જણાય. એ અપેક્ષાએ એક અપેક્ષાએ કહીએ તો જેમ રૂપી પદાર્થને આંખ દેખે એમ લોકાલોકને જ્ઞાન જાણે તો લોકાલોક જાણે જ્ઞાનમાં આવ્યા એમ ઉપચારથી

કહેવામાં આવે છે. કેમકે એ સંબંધીનું જ્ઞાન અહીં થયું ગયું એટલે.

ખાટું, ખારું, ગળ્યું, મોળું, તીખું એમ જ્ઞાનમાં જણાણું. એથી કાંઈ જ્ઞાન ખાટુ, ખારું, મોળું થયું નથી અને ખાટું, ખારું, મોળું જ્ઞાનમાં આવ્યું નથી. આમ જ્ઞાનના સ્વભાવને પરથી પૃથક્ પ્રતીત કરવો, રાગથી, દયાથી, પુણ્યના ભાવથી અને બહારની ક્રિયાથી મારું જ્ઞાનતત્ત્વ પરથી પૃથક્ છે અને આત્માને અવલંબીને તે કામ કરે છે. એમ અંતરમાં નિર્ણય-નિશ્ચય કરવો એનું નામ સત્યનું સમ્યગ્દર્શન કહેવાય છે. એને સત્યનું દર્શન થયું, એને સત્યનું દર્શન થયું. જૂના માણસને તો બધું... છબીલભાઈ! સામાયિક ને પોષા ને પડિકમણા કરી કરીને વરસ ગાળ્યા હોય અને જાણે ધર્મ કર્યો ધર્મ. એમના પર્યુષણ જ્યારે થઈ રહેને, એટલે બધા ખમાવવા જાય. ... શું કાંઈક બોલે છેને? પોર.. ફલાણું કાંઈક બોલે છે. અડતાલીસ અને આઠ વાર એવું બોલે છે. બધા સગાવ્હાલા પણ જાતા પહેલા એકબીજા હોં. ... હોયને, નાનાને આપે. બે આના આપે, ચાર આના (આપે).... કાંઈ ભાન ન મળે એને અને ભાન ન મળે આને. આ થઈ ગયા ખામણા લ્યો. આ સંવત્સરી થઈ ગઈ. અરે..! સાંભળને, હજી તું કોણ, ઈ કોણ, શું થઈ રહ્યું (છે) એની તો તને ખબર ન મળે. સમજાણું આમાં?

કહે છે કે રૂપી પદાર્થોનો જણાવાનો સ્વભાવ આંખમાં, એમ '**આત્મા પદાર્થોમાં પ્રવેશતો નથી, પદાર્થો આત્મામાં પ્રવેશતા નથી તોપણ આત્મા પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના—જાણવાના—સ્વભાવવાળો છે...**' આ દુકાન થાય છે, ચાલે છે, બોલાય છે, ચાલે છે એને જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. આ હું કરું છું અને થાય છે મારાથી, એ માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. ભગવાનજીભાઈ! જ્ઞાનતત્ત્વ અધિકાર છેને. સત્ય પરમેશ્વર જ્ઞાન, પરમ ઈશ્વર જ્ઞાનસ્વભાવ એ જગતના ચાલતા કામોને જાણવાના સ્વભાવવાળો છે, ચાલતા કામોને ચલાવવાના સ્વભાવવાળો નથી. અને ચાલતા કામ જ્ઞાનથી ચાલે એવો એનો સ્વભાવ ચાલતા કામનો નથી. ભારે ભાઈ! વજુભાઈ! આ ઈડરમાં દુકાન, મકાન ને ફલાણું મકાન. અમદાવાદમાં દુકાન અને ઈડરમાં મકાન. સૌ સૌમાં. સમજાણું કાંઈ?

'**અને પદાર્થો પોતાના સમસ્ત જ્ઞેયાકારોને અર્પવાના—જણાવવાના—સ્વભાવવાળા છે.)**' જે રીતે આ થાય છે શરીરનું, વાણીનું, પરનું, કર્મનું, ઉદયનું, રાગનું આદિ બહાર. મકાન થયા, ગયા, તૂટ્યા, ફૂટ્યા એ જે રીતે જ્ઞેયો જ્ઞાનમાં જણાવાલાયકનું થાય એમ જ્ઞાન જાણે અને જણાવાલાયક જે પદાર્થ જે રીતે છે તે રીતે જ્ઞાનમાં જણાવાયોગ્ય થઈ જાય. આ સિવાય જ્ઞાનતત્ત્વ એટલે આત્મતત્ત્વને અને પરને બીજો કાંઈ સંબંધ છે નહિ. કહો, કર્તા, કર્મ સંબંધ નહિ. આ તો જ્ઞેયજ્ઞાયકસંબંધ આટલો. આ જ્ઞાનતત્ત્વ આ હાથને ઊંચો કરે... હાથ એની મેળાએ ઊંચો થાતો હશે? સમજાણું કાંઈ? ભાઈ! તને ખબર નથી. એ જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. હાથનો જ્ઞેય (સ્વભાવ). જ્ઞાનમાં આ જણાય કે આ આમ આમ થાય છે. એ જ્ઞાનને લઈને આમ આમ નહિ અને આમ આમ થાય માટે જ્ઞાનમાં

આને લઈને જ્ઞાન એવું થાય એમ નહિ. બહુ ભાઈ આવો જૈનધર્મ હશે? જૈનધર્મમાં તો ભાઈ એવું સાંભળ્યું કે દયા પાળવી, વ્રત પાળવા, સામાયિક કરવી, પોષા કરવા. છબીલભાઈ! શું સાંભળ્યું હતું? ગઢડા શું સાંભળ્યું હતું? ઈ હતા કે નહિ? અરે..! ભગવાન! જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમણે કહેલો જ્ઞાનભાવ, એનો કહેલો સ્વભાવ એવો છે કે જે જાણનાર વસ્તુ જણાવાયોગ્ય તેને જાણે, બસ. આ સિવાય બીજો પરની સાથે સંબંધ નથી. આહા..હા..! જ્ઞાન શું કરે? આંખ શું કરે? અગ્નિને ઉજાળે? ઊંચી કરે? બરફને ઓગાળે આંખ? આમ મૂકે એટલે બરફ ઓગળી જાય? ઓગળે કે જોવે એ તો એને કારણે, અગ્નિ ઝળે અને બરફ ઓગળે એને કારણે. જ્ઞાન એને જાણે કે આ ઓગળે છે અને જળે છે, બળે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? શું કીધું? એ.. નારણભાઈ! શું હશે આ બધું દુકાન-બુકાનનું કોણ કરે છે? આરે.. આરે..! ભારે આ તો ગોટો. આ છોકરાને સાચવવા, બાયડી સચવાય, એનું પોષણ કરવું, આ રળવું, પૈસા આવ્યા, મકાન કર્યા. ભગવાન કહે છે કે એ તારાથી થયું નથી. જ્ઞાનનો સ્વભાવ એ થયું એને જાણવાનો છે, થયા એ તારાથી નથી અને તારું જ્ઞાન એને જાણે. એ થયું છે ત્યાં એટલે અહીં જ્ઞાન થયું છે એમ પણ નથી. જ્ઞાનથી જ્ઞાન થયું, જ્ઞેયથી જ્ઞેય થયું છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આવું સત્ય જ્ઞાન પરમેશ્વર એનો સ્વભાવ છે. એ સત્ય પરમેશ્વર જ્ઞાન છે આત્મા. ખબર ન મળે કાંઈ, ખબર ન મળે. રાંકો ભિખારી થઈને ફરે છે. એ.. મોહનભાઈ! શું હશે આ? ભારે વાત ભાઈ! એ ૨૮ કીધી. સમજાણું કાંઈ?

એક ભાવને પણ બરાબર સમજેને, તો એકમાં અનંત કેમ છે તેનું જ્ઞાન થઈ જાય. એગં જાણઈ સવ્વં જાણઈ. અહો..! તારે સત્ય માનવું છેને? સાચું માનવું છેને? સત્યના શરણે જાવું છેને? તો સત્ય શરણના સ્વરૂપની મર્યાદા એવી છે કે આ ભગવાન આત્મા પ્રકાશસૂર્ય છે, પ્રકાશસૂર્ય—ચૈતન્યપ્રકાશસૂર્ય. આ પ્રકાશ સૂર્ય જડ છે. આ ચૈતન્યસૂર્યપ્રકાશ છે કે જેના પ્રકાશની જળહળ જ્યોતિમાં જગતના પદાર્થ વર્તમાનમાં કઈ રીતે વર્તીને વર્તન થઈ રહ્યા છે એનું જ્ઞાન જ્ઞાન કરે. આત્મા એને જાણે, આત્મા એને રચે, તોડે-ફોડે એવો આત્માના જ્ઞાનનો સ્વભાવ નથી. અને જ્ઞાનનો સ્વભાવ એમ માનવો કે હું આ બીજાનું કરું, બીજાને રચું તો મિથ્યાદર્શનનું કસાઈના પાપ કરતાં એ મહા અનંતગુણું પાપ એની શ્રદ્ધામાં લાગે છે. આહા..હા..! કેમકે સત્યને એણે ગુલાંટ મારી નાખ્યું, સત્યનું ખુન કર્યું. સમજાય છે? ઓલાએ બોકડાના ખુન કર્યા.

આ સત્ય ભગવાન આત્મા, સત્ય જ્ઞાન પરમેશ્વર આત્મા વસ્તુ જે આદિ અને અંત વિનાની વસ્તુ. સમજાણું કાંઈ? આત્મા સત્યરૂપે એનું સ્વરૂપ તો જ્ઞાનપણું એનું સ્વરૂપ છે. એ જ્ઞાનને જ્ઞાનપણે રાખીને જાણવું દેખવું અને રાગને કાળે રાગ થાય, પુણ્યને કાળે પુણ્ય થાય, શરીરને કાળે શરીર આ હાલે, ચાલે ને પડે એ બધું જ્ઞાન જાણવાના સ્વભાવવાળું

છે. એનો થયેલો સ્વભાવ એ આમાં જણાય, એવો એનો (જ્ઞાનનો) સ્વભાવ છે. એ સિવાય વચ્ચે લપ નાખવી ત્રીજી એ (મિથ્યાત્વનું પોષણ છે). એ સ્વભાવ, જ્ઞેયોને સુધારી શકું, બગાડી શકું અને એ જ્ઞેયો મને સુધારી શકે, બગાડી શકે એ માન્યતા સત્ય જ્ઞાન પરમેશ્વર અને જ્ઞેયનું સત્ય રૂપ તેને ખુન કરનારું છે. અમરચંદભાઈ! બહુ વાત તો.. કોઈ દિ' હતી ત્યાં? નામેય સાંભળ્યું નહોતું નામ. ઉમરાળામાં ક્યાં હતું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો ...ભાઈએ કીધું, પ્રાણજીવનભાઈ માસ્તર હતા. ઉમરાળાનો ઓમ... ૧૯૮૯માં કહ્યું હતું. ૮૯નું ચોમાસુ પૂરું થયુંને, એ વખતે તો આમ પ્રેમ હતોને એટલે જરી... ઓમ શબ્દ છેને ઉમરાળા. ઓમ છેને ઉમ ઉમ. ઉમરાળાનો ઓમ પ્રગટ્યો એમ બહારમાં કહ્યું હતું. ... હતા તમે? ઈ. અમારા પંડિતજીને તો એ પણ યાદ છે બધું. ઉમરાળા છેને? ઉમરાળા. ઉમ ઉમ એટલે ઓમ થયો. માસ્તર હતા રાજકોટના કેળવણી અધિકારી. એ બોલ્યા હતા. ચોમાસુ પૂરું થયુંને. પ્રાણજીવનદાસ. કહો, સમજાણું આમાં? અરે..! ભગવાન! જેમ છે એમ છે. કહો, સમજાણું?

અહીંયા ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા તીર્થંકરદેવ જ્ઞાનતત્ત્વનું, જ્ઞાનતત્ત્વ એટલે જ્ઞાનભાવ... જ્ઞાનભાવ, આત્માનો જ્ઞાનસ્વભાવ એની શું સ્થિતિ મર્યાદા અને એ રીતે જાણે તો સત્ય જ્ઞાનતત્ત્વને એણે જાણ્યું કહેવાય. તો તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય. જ્ઞાનતત્ત્વ આત્માનો જ્ઞાનસ્વભાવ આ જડ વાણી, મનને જાણવાનો છે. આત્માના જ્ઞાનનો સ્વભાવ દયા, દાનના પરિણામ થાય તેને જાણવાનો છે, કરવાનો નહિ. તેમ પરની દયા અને પરની હિંસા કરવાનો જ્ઞાનનો સ્વભાવ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! કાપડના મોટા વેપાર હોય તો આમ કાપડમાં ઉથલપાથલ કરતા હોય આખો દિ'. કેટલુંય આવતું હોય પણ ... ચારે કોરથી આમ દશ દશ લાખનું કાપડ, પંદર વીસ વીસ લાખના કાપડના... તમાકુ આવતી હોય મોટી ... લાખોની તમાકુ. આને આમ કરો, આને આમ કરો, આને આમ કરો. એનો ભુક્કો કરો, એનો આમ લોટ કરો, લોટ કરીને આમ કરો.. અહીં કહે છે કે ભગવાન! જેને જે ધંધામાં, એ બધી ક્રિયાઓ જડની અને પરની તેને કાળે તે દશા થાય, એને આત્માનું જ્ઞાનતત્ત્વ કરે એ માન્યતા તે મોટા આત્માના જ્ઞાનના ખુનની છે. લાદી-બાદીનું કરે નહિ એમ કહે છે આમાં. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તમારા બાપ તો કહે છે સાચી વાત, કોણ કરે છે? સમજાણું કાંઈ? ભોગીભાઈ! ભારે વાત આકરી હોં! મકાન બનાવવા અને કહે કે બનાવી શકે નહિ. કોણ બનાવે? જગતના તત્ત્વો છે કે નહિ? એ પરમાણુઓ, રજકણો અસ્તિ-હયાતી ધરાવનારા પદાર્થ છે કે નહિ? અને એ હયાતી ધરાવનારા પદાર્થ એનું રૂપાંતર થયા કરે કે નહિ? અને રૂપાંતરને કાળે રૂપાંતરથી

જ્યાં કાર્ય થયું એને જ્ઞાન માને કે મારાથી થયું, મોટો મૂઢ અને પાપી આત્માનો ખુન કરનાર કસાઈ છે. એ.. ભીખાભાઈ! એને મિથ્યાદર્શન શલ્ય કહ્યું છે. સમજાણું કાંઈ?

અને મારા જ્ઞાનતત્ત્વના ભાવને, એ જ્ઞેયો ને રાગ ને પુણ્યના ભાવ મારા જ્ઞાનના વિકાસને ટકવાને, શુદ્ધિને, વૃદ્ધિને મદદ કરે એ માન્યતા મિથ્યાશલ્ય અને અજ્ઞાન છે. આમાં તો બહુ આવ્યું. હિંમતભાઈ! જ્ઞાનપ્રકાશ પ્રભુ એનું ટકવું, એની શુદ્ધિની વૃદ્ધિ થવી, એને એ જ્ઞાનમાં જ્ઞેય જે પુણ્ય ને દયા, દાનના ભાવ કે બહારની ક્રિયા એ મારા જ્ઞાનતત્ત્વનો જે ભાવ તેને ટકાવી રાખે, એની શુદ્ધિની વૃદ્ધિ કરે એ માન્યતા મિથ્યા શલ્ય અને અજ્ઞાન છે. પ્રેમચંદજી! ખ્યાલમાં આવે છે કે નહિ? આવે છે. આહા..હા..!

ક્ષેમકુશળની વાત છે આ તો. ... નથી લેતા સગાવ્હાલા? કે તમારા ક્ષેમકુશળનો પત્ર લખ્યા કરજો. એમ લખે કે નહિ? એમ અહીં ભગવાનનો પત્ર છે. સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ જૈન પરમેશ્વર એના શાસ્ત્ર અને પત્ર છે કે તારી ક્ષેમકુશળતા કેમ રહે? પ્રભુ! તારી ક્ષેમકુશળતા એમ રહે કે તું એક જાણનાર જ્ઞાનતત્ત્વપ્રકાશી આત્મા છો અને જણાવાયોગ્ય પરચીજ, હું એનો જાણનાર છું, તો તારી ક્ષેમ અને કુશળતા રહેશે, નહિતર ક્ષેમકુશળતા રહેશે નહિ. સમજાણું કાંઈ? કહો, કપુરભાઈ! ભારે ભગવાનની વાતું ... તો તો પછી કાંઈ કરવું નહિને અમારે? બેસી રહેવુંને? વળી એમ કહે. પણ કે દિ' કરે છે તો બેસી રહે કે ન બેસી રહે વાત કરે છે? બેસે તોય શરીર અને ઉઠે તોય શરીર, બોલે તોય વાણી અને ન બોલે તોય વાણી. એમાં તારો અધિકાર આવ્યો ક્યાં? સમજાણું કાંઈ? ઓહો..હો..! તને તારી શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. તું ક્યાં અને કેમ તારું કામ ચાલે છે. તને તારી ખબરું નહિ અને તું પરની ખબરું કરવા મંડી પડ્યો.

કહે છે, કે ભગવાન આત્મા તારું જ્ઞાનતત્ત્વ. જુઓ અધિકાર તો જુઓ! જ્ઞાનતત્ત્વનો અધિકાર પ્રજ્ઞાપન, છેને? એનું કથન. જાહેર કરે છે જ્ઞાનની પ્રસિદ્ધિ, કે આત્મા વર્તમાનમાં કે ત્રિકાળમાં કે સર્વજ્ઞમાં જ્ઞાનનો સત્ત્વ-ભાવ જાણવા દેખવાનો સ્વભાવ છે. એવો નિર્ણય થઈને ઠરવું એ સમ્યગ્દર્શન અને ચારિત્ર છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાન જાણનાર દેખનાર છે. એમ નિર્ણય કરી જ્ઞાનનું જ્ઞાન કરી, જ્ઞાનમાં ઠરવું એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ જ્ઞાન પરના જ્ઞેયપદાર્થને શરીર, વાણી, મન, કર્મ, દેશના, જગતના પદાર્થને ડાહ્યો હું થયો માટે એમાં કાંઈક વ્યવસ્થાથી રાખી શકું પરને, વ્યવસ્થિત સરાડે ચડાવી દઉં પદાર્થને... સરાડે સમજો છો? સરાડે સરાડે સમજો છો? રસ્તા ઉપર. વ્યાજબી રસ્તા ઉપર આને ચડાવી દઉં, આ છોકરાને સમજાવીને આમ કરી દઉં, બધાનું આમ કર્યું, બધાનું આમ કર્યું. ડાહ્યાનો દીકરો થયો તું તો, મરી જઈશ. કહો, સમજાણું કાંઈ? કહે છે.. કેમ લાવ્યા નથી ઓલું?

જ્ઞાનતત્ત્વ અધિકાર છે આ. કહે છે, ભગવાનના જ્ઞાનમાં આ જ્ઞાનપ્રભુ, જેમ ચંદ્ર બીજથી વિકાસ થઈને પૂનમ સુધી થયો, એમ આત્મા હું જ્ઞાનમૂર્તિ છું, રાગ પુણ્ય નહિ, શરીર નહિ,

પર નહિ એમ સમ્યક્ નિર્ણય કરીને ચંદ્ર ઊગ્યો એ સ્વરૂપની સ્થિરતા દ્વારા પૂનમનો ચંદ્ર કેવળજ્ઞાન પ્રગટ કર્યું. એવા કેવળજ્ઞાની પરમાત્મા એ લોકાલોકને જાણે અને લોકાલોક જ્ઞાનમાં જણાય. એ સિવાય કોઈ સંબંધ બીજો નથી. એ અપેક્ષાએ એમ કહેવાય કે જાણે જ્ઞાનમાં લોકાલોક આવી ગયા. ખાલી એનું જ્ઞાન આવ્યું એટલું. અને જ્ઞાને બધાને જાણી લીધું એટલે જાણે એને પહોંચી વળ્યું હોય એમ વ્યવહારે કહેવાય. એ સિવાય...

અહીં તો કહે છે કે નિશ્ચય તો આમ અને વ્યવહાર હોય તો આટલો. ભાઈ! બીજો વ્યવહાર પણ નહિ એમ કહે છે. બહુ વ્યવહાર હોય તો આ જ્ઞાન જ્ઞેયને જેમ છે તેમ જાણે છતાં એકબીજામાં પ્રવેશ ન કરે. છતાં જ્ઞાન બધાને જાણે અને બધા ન્યાં જણાઈ જાય છે એવો સંબંધ દેખીને આ જ્ઞાન એમાં ગયું અને એ એમાં આવ્યા એટલો વ્યવહાર ઉપચાર કરવામાં આવે છે. બીજો એમાં વ્યવહાર લાગુ પડતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આવો વીતરાગનો માર્ગ હશે? બોલી બોલીને મરી ગયા બધા. કેવલિ પણ્ણંત્તો ધમ્મો મંગલં. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલિ પણ્ણંત્તો ધમ્મો મંગલં. કોને કહેવો કેવલિ પણ્ણંત્તો ધમ્મો મંગલં? ખબર ન મળે કાંઈ. કેવલિ ભગવાન આમ ફરમાવે છે કે અમારા જ્ઞાનનું સામર્થ્ય સ્વપરપ્રકાશક અમારા અંતરના જ્ઞાનના આશ્રયથી પ્રગટ થયું પણ અમારું સામર્થ્ય પરને કાંઈ રચે એવું અમારું સામર્થ્ય નથી. અમારું પૂર્ણ જ્ઞાન સામર્થ્ય થયું, પણ એક રજકણને પણ હલાવે કે પરની દયા પાળે એવું અમારું સામર્થ્ય નથી. એટલે કે જ્ઞાનનો એવો સ્વભાવ નથી. તો તું વળી અલ્પજ્ઞાની અને અલ્પજ્ઞાનના ભાવમાં આ જગતના પદાર્થની વ્યવસ્થા કરી દઉં અને હું ડાહ્યો ઘરમાં એટલે દશજણાને સરખા હલાવ્યા, એઈ..! ડાહ્યો માણસ હોય તો કરતો હશે કે નહિ? વધારે લેપાય ઈ. દુનિયાના ડાહ્યા દુનિયામાં વધારે રખડે. માન્યતામાં ખૂંટા નાખે. આહા..હા..! સંસારના સમજુ એ સંસારમાં ખરડાવાના, ઊંડા ગરવાના. અમે આમ કર્યા, અમે આમ (કર્યા). અરે..! પણ પ્રભુ! તને ખબર નથી. સર્વજ્ઞ ભગવાન કહે છે કે અમે કેવળજ્ઞાન લીધું અમારા આશ્રયથી અને અમે જાણીએ જગતને એટલો સંબંધ, બીજો કાંઈ નથી. ત્યારે તું વળી અલ્પજ્ઞ પ્રાણી, એનું વીર્ય પણ અલ્પ, જ્ઞાનનું વીર્ય તો અનંત. આહા..હા..! એ કહે છે કે વાણી અમે બોલીએ એ અમારામાં નથી. વાણી હાલે છે એને અમે જાણીએ છીએ. અમારી વાણી અને અમે બોલ્યા એવું અમારા તત્ત્વમાં છે નહિ. ભારે વાત ભાઈ! તત્ત્વને તત્ત્વ તરીકે જેમ છે તેમ તેને રાખજે. આડુઅવળું કરીશ નહિ. શ્રીમદ્ કહે છેને, વસ્તુને વસ્તુપણે રાખજે, આડુઅવળું તું કરીશ નહિ.

એમ જ્ઞાન વસ્તુ આત્મા પદાર્થ એ જાણનાર છે. આંખ વીંચીને પડ્યો હોય તો પણ તેમાં જાણવાનું કામ થયા જ કરે છે. ૨૫-૫૦ વર્ષની વાત યાદ કરે. આમ રાગ થયો હતો એમ યાદ કરે. એ જાણવાની ક્રિયાની વસ્તુ તે આત્મા. એમ જેનું લક્ષ આત્મા ઉપર જઈને આવો જાણનાર હું છું, એમ કામ થાય એને પુણ્ય ને પાપના ભાવ થયા એ જણાઈ જાય,

પણ મારાથી થયા એમ એ માને નહિ. ભક્તિનો ભાવ મારાથી થયો એમ માને નહિ. આહા..હા..! હોય ખરો, શુભભાવ હોય ખરો પણ મારા જ્ઞાનથી થયો, કંઈ વિકાર તે જ્ઞાનથી થાય? તે કાળે થયેલા રાગને જ્ઞાન જાણે. એ રાગ જ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય. એ અપેક્ષાએ એમ કહીએ કે જ્ઞાનનો કોઈ વિચિત્ર સ્વભાવ (છે) કે પ્રવેશ કર્યા વિના જાણે, આને પ્રવેશ પણ કરે એમ પણ અપેક્ષાએ કહેવાય. પ્રવેશ કરે એમ હોં! એનું કરી દે ઈ વાત અહીં નથી. પ્રવેશ એટલે કે જાણે જ્ઞાન પહોંચી વળ્યુંને બધાને. બધાને જાણ્યું, જેમ છે તેમ જાણ્યું. ઈ જેમ છે તેમ જાણ્યું એ જ્ઞાન પૃથક્ રહીને જાણતા છતાં, જ્ઞેયો પૃથક્ રહીને ટકતા, વર્તતા છતાં એકબીજાના જ્ઞેય જ્ઞાયક સંબંધને લઈને એવો ઉપચાર કરવામાં આવે. બીજો ઉપચાર-કુપચાર કરવામાં આવતો નથી. એ ૨૯ ગાથામાં કહેશે.

'**હવે આત્મા પદાર્થોમાં નહિ વર્તતો હોવા છતાં...**' ભગવાન આત્મા શરીર, વાણી, કર્મમાં નહિ વર્તતો હોવા છતાં અને કેવળીનો આત્મા લોકાલોકમાં નહિ વર્તતો હોવા છતાં '**જેનાથી** (**જે શક્તિવૈચિત્ર્યથી**) **તેને પદાર્થોમાં વર્તવું સિદ્ધ થાય છે...**' એને પદાર્થોમાં વર્તવું એટલે એ જ્ઞાન થયુંને, એમાં ગયું એવું સિદ્ધ થાય છે. '**તે શક્તિવૈચિત્ર્યને પ્રકાશે છે.**'

**ण पविट्ठो णाविट्ठो णाणी णेयेसु रूवमिव चक्खू।**
**जाणदि पस्सदि णियदं अक्खातीदो जगमसेसं।।२९।।**

**જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને**
**નિત્યે અતીંદ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.**

અરે..! આ તો સંજીવની ઔષધિનું જ્ઞાન કરાવે છે. બાપા! તું મરી ગયો છો. તારા જ્ઞાનને જ્ઞેયથી થયું જાણવું અને તારા જ્ઞાનથી જ્ઞેયો રચાઈને ટકે (એમ) જાણવું, એ મરી ગયો છો, પ્રભુ! એની આ સંજીવની ઔષધિ છે.

લક્ષ્મણને જ્યારે રાવણની શક્તિ વાગી, મૂર્છા આવી ગઈ. વાસુદેવ. રામચંદ્રજી જેવાને એમ થયું, અરેરે..! આ બંધુનું શું થશે? વાસુદેવ મારો જમણો હાથ, અરે..! મૂર્છાઈ ગયો. હવે રાવણની સાથે શું કરવું? કોઈએ કહ્યું, ... વિશલ્યા. એક વિશલ્યા સ્ત્રી છે. ભારે બ્રહ્મચારી અને કોઈ લબ્ધિવાળી છે. એના સ્નાનનું પાણી આને નાખો તો આ મૂર્છા ઊતરશે. કરોડો મનુષ્યો વાટ જોતા હતા. રામચંદ્રજી આમ નજરે જોતા હતા કે આહા..! ઈ કોણ બાઈ છે? ઈ બાઈ એવી છે કે એનું સ્નાનનું પાણી નાખો તો મૂર્છા ઊતરી જશે ફડાક દઈને. લાખો મનુષ્યો ને રામ ને બધા આમ... ક્યારે આવશે? ક્યારે? સવાર પડ્યા વિના જો આવે તો જીવશે નહિતર સવારે ખલાસ. કેટલી ઝંખના!

એમ આ જીવનની ઝંખના જેને થાય, અરે..! મારા જ્ઞાનનું જીવન-અમૃત શું છે? એની વિદ્યા શું છે કે જેનાથી હું જીવું? ભગવાન ફરમાવે છે, સંતો કહે છે અને એમ છે. આ

જ્ઞાન સંજીવની એ જાણવા-દેખવાના સત્‌વાળું સ્વરૂપ છે. એ વિદ્યા લગાડ એને. એ રાગ ને પુણ્ય ને દેહાદિનું ક્રિયાનું જ્ઞાન રચનાર નથી. આ વિદ્યા ભગવાન બ્રહ્માનંદસ્વરૂપ એના જ્ઞાનનો ગુણ આ રીતે જાણીને પરિણમે એ જીવતો થયો. સમજાણું કાંઈ? એ જીવતો થયો. એ અહીંયા ૨૯મી ગાથામાં જરી વૈચિત્ર્યશક્તિનું સ્વપરના માહાત્મ્યનું વર્ણન કરીને વાત કરે છે.

'**ટીકા :— જેવી રીતે ચક્ષુ રૂપી દ્રવ્યોને સ્વપ્રદેશો વડે અણસ્પર્શતું હોવાથી...**' આ આંખ આંખ. અગ્નિને અને બરફને અડ્યા વિના અપ્રવિષ્ટ રહીને. આંખ અગ્નિ અને બરફમાં પ્રવેશ કર્યા વિના દેખે છે, જાણે છે આંખ. '**તેમ જ જ્ઞેય આકારોને આત્મસાત્ (-પોતારૂપ) કરતું હોવાથી અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે;...**' આંખ અગ્નિને અને બરફને જ્ઞેય આકારોને આત્મ નામ પોતારૂપ કરતું એ આંખ, જણાય જાય છેને બધું એટલે, '**અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે;...**' એટલે કે જાણે અંદરમાં પ્રવેશ કરે છે એમ કહેવામાં આવે છે. અપ્રવિષ્ટ નહિ રહીને એટલે પ્રવેશ કરીને. એમ. એનો અર્થ એવો છે. બે નકારે હકાર.

'**તેવી રીતે આત્મા પણ,...**' હવે આત્મા. ઓલી આંખ અને અગ્નિની વાત કરી. એમ આત્મા '**ઈન્દ્રિયાતીતપણાને લીધે...**' એ તો ઈન્દ્રિયાતીત જ છે અત્યારે અને ભગવાન તો ઈન્દ્રિયાતીત થઈ ગયા છે. ભગવાન ઈન્દ્રિયાતીત થયા છે અને આ આત્મા ઈન્દ્રિયાતીત છે. આ તો માટી છે, જડ છે. ખંડ ખંડ ઈન્દ્રિય પણ ક્ષણિક છે. '**ઈન્દ્રિયાતીતપણાને લીધે પ્રાપ્યકારિતાના વિચારગોચરપણાથી (પણ) દૂર થયો થકો...**' '**પ્રાપ્યકારિતા-જ્ઞેય વિષયોને સ્પર્શીને જ કાર્ય કરી શકવું-જાણી શકવું-તે. (ઈન્દ્રિયાતીત થયેલા આત્મામાં પ્રાપ્યકારિતાના વિચારનો પણ અવકાશ નથી).**' એવા '**જ્ઞેયભૂત સમસ્ત વસ્તુઓને સ્વપ્રદેશોથી અણસ્પર્શતો હોવાથી અપ્રવિષ્ટ રહીને...**' ભગવાન આત્માનું જ્ઞાન બીજા બધા પદાર્થોને સ્પર્શ્યા વિના, અડ્યા વિના '**રહીને (જાણે-દેખે છે)...**' આહા..હા..! અરે..! ચૈતન્યપ્રભુ તું, કહે છે કે રાગને સ્પર્શ્યા વિના જાણે-દેખે છો. શરીરને સ્પર્શ્યા વિના શરીરને જાણે દેખે એવી તારી ચીજ બની રહી છે એમાં. બની રહીને માનવું નહિ અને અણબન્યાને માનવું, મિથ્યાશલ્યના પોકાર છે.

'**તેમ જ શક્તિવૈચિત્ર્યને લીધે...**' બીજો બોલ કહે છે. '**વસ્તુમાં વર્તતા સમસ્ત જ્ઞેયાકારોને જાણે...**' વસ્તુમાં વર્તતા સમસ્ત આકારોને જાણે '**કે મૂળમાંથી ઉખેડીને કોળિયો કરી જતો હોવાથી...**' જ્ઞાનમાં જગતની ચીજો વિચિત્રપણે વર્તે એ બધા જ્ઞેયાકારોને મૂળમાંથી ઉખેડી, એના દ્રવ્ય-ગુણ-પર્યાય જગતની ચીજ, એની શક્તિ અને એની દશાઓ એને મૂળમાંથી ઉખેડીને જાણે જ્ઞાનમાં ગરી ગયું હોય! જ્ઞાને જાણી લીધું બધું કે આમ છે. '**અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે.**' જાણે કે જ્ઞેયમાં જ્ઞાન પેઠું હોય એમ કહેવામાં વ્યવહારે આવે છે. ભારે વાત ભાઈ! આ ધર્મકથા કઈ જાતની? ધર્મકથા સાંભળે કે દેરાસર કરવા, પૂજાઓ કરવી,

દયાઓ પાળવી એવું આવે ધર્મકથામાં. અપવાસ કરવા, આ કરવા... અરે..! સાંભળને હવે. એ તો બધી રાગની કથાઓ છે. એ ધર્મકથા નથી. ધર્મ, જ્ઞાનસ્વભાવના ધર્મની કથા એ (કે) જ્ઞાનસ્વભાવ પરમાં પ્રવેશ વિના જાણે અને એક અપેક્ષાએ જાણે કે જ્ઞાન એમાં પેઠું હોય એવો જ કોઈ જ્ઞાનનો સ્વપરપ્રકાશક વિચિત્ર સ્વભાવ છે. રતિભાઈ! શું હશે આ બધું હેડ માસ્તરની બધી વ્યવસ્થાનું? કરવું તો પડેને? પહેલા આવ્યા હતા એક, ઈ કહેતા હતા, કે વ્યવહાર કરવો તો પડેને? અરે..! ભગવાન! વ્યવહાર એટલે શું? એની વ્યાખ્યા કર. રાગ, શરીર એ તો પર છે. એને જ્ઞાન જાણવાનું કામ કરે. એ સિવાય બીજું કામ જો સોંપીશ, મરી ગયો છે આત્મા. પોતાના પ્રાણના ... વોરવિયા કર્યા. બરાબર હશે? રતિભાઈ!

એટલે કહે છે કે '**આ રીતે આ વિચિત્ર શક્તિવાળા આત્માને પદાર્થોમાં અપ્રવેશની જેમ પ્રવેશ પણ સિદ્ધ થાય છે.**' બે વાત સિદ્ધ કરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૫, શનિવાર, તા. ૨૪.૮.૧૯૬૩**
**ગાથા-૯૪, પ્રવચન-૬૬**

... ભગવાન અરિહંતદેવ એક સમયમાં ત્રિકાળ જ્ઞાન જેને થયું (એમણે) દિવ્યધ્વનિ દ્વારા ચાર પ્રહર, દિવ્યધ્વનિ નામ પ્રવચન. પ્ર એટલે ઉત્કૃષ્ટ વચન એને દિવ્યધ્વનિ કહે છે. એ પ્રવચનમાં સાર તત્ત્વ શું છે, એ કુંદકુંદાચાર્ય કહે છે. એમાં ૯૪ ગાથા ચાલે છે. ૯૪ ગાથા ચાલે છે, જુઓ! '**(સ્વસમય અને પરસમયનો ભેદ) નક્કી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છે :—**' ગાથામાં શું કહે છે? કે જેને આત્મધર્મ થાય છે એવા પ્રાણીની પરિણતિ કેવી છે? અને જેને અધર્મ પરિણતિ અધર્મદશા હોય છે, એ આત્મા કેવો હોય છે? બેની વાત ચાલે છે. ધર્મપરિણતિ નામ ધર્મપર્યાય એને શાસ્ત્રકાર ભગવાન અહીંયા સ્વસમય કહે છે. અને અધર્મપર્યાય, પર્યાય નામ દશાને અહીંયા પરસમય કહે છે. એ સ્વસમય અને પરસમય શું છે ઈ વાત કરે છે. ૯૪.

जे पज्जएसु णिरदा जीवा परमसइग त्ति णिद्दिट्ठा।
आदसहावम्हि ठिदा ते सगसमया मुणेदव्वा।।९४।।

એનો સામાન્ય અર્થ. પહેલો અન્વયાર્થ. અન્વયાર્થ છેને?

'**જે જીવો પર્યાયોમાં લીન છે...**' જે કોઈ આત્મા આ શરીર, વાણી મારા છે એવી

દૃષ્ટિ રાખીને અંદરમાં પુણ્ય અને પાપના ભાવ કરે છે એ વિકારમાં લીન છે. આ શરીર, વાણી, મન ઉપર દૃષ્ટિ રાખીને, એનું હું કાંઈક કરું છું, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એવા જેના પરિણામ છે અને દેહને પોતાનો માનીને કરે છે, એની ક્રિયાના પરિણાને પરસમય કહેવામાં આવે છે. એને અધર્મ પરિણતિ કહેવામાં આવે છે, એને અધર્મપર્યાય કહેવામાં આવે છે. **'તેમને પરસમય કહેવામાં આવ્યા છે;...'** છે?

**'જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે...'** ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ પવિત્ર સ્વભાવ જેનો ત્રિકાળ શુદ્ધ છે એમાં દૃષ્ટિ રાખીને તેમાં એકાકાર જે થાય છે તેને **'સ્વસમય જાણવા.'** તેને ધર્મદશા જાણવી, તે આત્મપરિણતિ દશાવાળાને આત્મવ્યવહારનું કાર્ય કરવાવાળો જાણવો. નરભેરામભાઈ! બહુ ઝીણું છે હોં! આ ભગવાનના સારમાં એ આવ્યું દેખો જ્ઞેયતત્ત્વમાં. કહે છે જુઓ. આ તો શબ્દાર્થ કર્યો.

**'ટીકા :— જેઓ જીવપુદ્ગલાત્મક અસમાનજાતીય...'** ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ શુદ્ધ સ્વભાવી પ્રભુ અને આ અસમાન જાતિ-આત્માથી વિરુદ્ધ જાતવાળું આ તત્ત્વ શરીર, વાણી ને મન. આ શરીર. અસમાનજાતિ. બેય એક જાતિ નથી. આત્મા ચૈતન્ય જ્ઞાન આનંદ ચૈતન્યાત્મક વસ્તુ અને આ શરીર અચેતનાત્મક વસ્તુ. ચૈતન્યથી શરીર અસમાનજાતિ, અસમાનજાતિ—એક જાતિ નથી. એક જાત છે? નથી. એક જાતિ નથી. આત્મા જ્ઞાન ચૈતન્ય જાણન-દેખન એવા સ્વભાવસ્વરૂપ ચેતન અને આ શરીર અચેતન. બેય મળીને **'અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો...'** આવા દ્રવ્યની જે અવસ્થા શરીરમાં બહારની દેખાય છે **'કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...'** મૂળ નામ જડ છે. શું કહે છે? શરીરની ક્રિયા-અવસ્થા અને અંદરમાં રાગ દ્વેષની પર્યાય થવી એ પોતાના ચૈતન્યથી ભિન્ન જાત છે. એને એક માનવા કે જે સકળ અવિદ્યાનું મૂળ છે. સકળ અજ્ઞાનનું એ મૂળ છે. શરીરની અવસ્થા હું આમ ચાલું, આવી ક્રિયા કરું, આમ દયા પાળું, આમ ભક્તિ કરું, આવા વ્રત પાળું, આમ પૂજા કરું, આમ બોલું એવા વિકલ્પસહિત, રાગસહિત દેહની ક્રિયા. એને એક માનવા, આશ્રય કરવો, આશ્રય કરવો તે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે.

મકાન બનેને, એનો પાયો નાખેને પાયો પાયો. તો કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ શુદ્ધ ચૈતન્ય આનંદ અને પવિત્રતાનું ધામ અને આ શરીરાદિ પર અચેતન. બેને પરનો આશ્રય કરીને... શું કહે છે? જુઓ! **'તેનો—આશ્રય કરતા થકા...'** શરીર, વાણી પર તરફનો આધાર-આશ્રય કરતા થકા. એનો અર્થ પરનો આશ્રય કરવાથી એમાં શુભ અને અશુભ રાગ જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? પુસ્તક છે? ગુજરાતી છે? જીવ અને પુદ્ગલસ્વરૂપ અસમાનજાતીય ભગવાનના જ્ઞાનમાં જ્ઞેય આવ્યા કે કેવા પર છે અને કેવા સ્વ. તો જે અજ્ઞાની અનાદિ કાળથી નિજ ચૈતન્ય શુદ્ધ નિર્મળાનંદનો આશ્રય નહિ લઈને, શરીર, વાણી, મનનું આલંબન આશ્રય કરીને, આશ્રય કર્યો એમાં દૃષ્ટિમાં ... બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? ચંદુભાઈ!

આશ્રય કરતા થકા છેને? '**આશ્રય કરતા થકા...**' હું જ્ઞાતા દૃષ્ટા છું, હું આનંદ છું એવો આશ્રય નહિ કરીને, શરીરનો આશ્રય કરીને ક્રિયાકાંડમાં જેનું લક્ષ જોડાય છે તે '**યથોક્ત આત્મસ્વભાવની સંભાવના કરવાને નપુંસક હોવાથી...**' આહા..હા..! શું કહે છે?

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ વીતરાગના પ્રવચનમાં એમ આવ્યું કે જે કોઈ પ્રાણી, પોતાનું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદ છે એની અંતરમાં દૃષ્ટિ અને આશ્રય અંતરમાં છે નહિ અને આ શરીરાદિનો આશ્રય કરતા થકા '**આત્મસ્વભાવની સંભાવના...**' આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય આનંદ છે એની સંભાવના, સંચેતન-અનુભવ, માન્યતા, આદર. ચાર અર્થ નીચે છે. શુદ્ધ જ્ઞાનમૂર્તિ આત્મા છે, પવિત્ર છે, પુણ્ય પાપના રાગ વ્યવહાર મનુષ્યવ્યવહાર એ છે, એનાથી રહિત છે એવા આત્માના સ્વભાવની માન્યતા, આદર નહિ કરીને આત્માના આનંદ તરફની દૃષ્ટિનો અનુભવ નહિ કરીને, આત્માનું સંચેતન—શાંતિ અને જ્ઞાનાનંદનો અનુભવ, સંચેતન-એનો સમ્યક્ પ્રકારે એકાગ્રતાનું વેદન નહિ કરીને. એનો ચૈતન્યસ્વભાવ પવિત્ર છે તેનો આદર નહિ કરીને '**નપુંસક હોવાથી...**' શું કહે છે?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં આમ જ્ઞાનપ્રકાશરૂપ ચૈતન્યની મૂર્તિ (છે) એનો આશ્રય નહિ કરીને, એની ભાવના નહિ કરીને, એનો આદર નહિ કરીને, એનો સ્વીકાર નહિ કરીને શરીર તરફના ઝુકાવની ક્રિયાનો આદર કરે છે તે પોતાના સ્વભાવની ભાવના કરવામાં નપુંસક છે, હીજડો છે, પાવૈયો છે એમ કહે છે. આહા..હા..! શું કહે છે સમજાણું? શોભાલાલજી! આહા..હા..! કહે છે, અરે..! તારી દૃષ્ટિમાં હજી તને ખબરેય નથી કે હું કોણ છું? અને હું કોની ભાવના કરું છે અને કેવું ચિંતવન કરું છું? મારી ચીજ જ્ઞાન આનંદ શુદ્ધ ચૈતન્ય છે. ભલે ક્રિયા હો શરીરાદિની, બધું હો, રાગ દ્વેષના પરિણામ પણ હો, પણ મારી ચીજમાં એ નથી. હું તો જ્ઞાતા અને આનંદ છું એવી અંતર દૃષ્ટિમાં ભાવના, આદર, સન્માન, સત્કાર કરવામાં જેના વીર્યમાં નપુંસકતા છે. સમજાણું કાંઈ? નપુંસક છે. આહા..હા..!

આ પુણ્ય પાપના ભાવનો આશ્રય કરવો અને શરીરનો આશ્રય કરવો એને વીર્યની નપુંસકતા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બે ભાવ છે. એક આત્મા ચૈતન્યપ્રકાશ શુદ્ધ ચૈતન્ય એનો આશ્રય કરીને જે નિર્મળ પર્યાયનું થવું, સમ્યક્જ્ઞાન, દર્શન સ્વભાવના આશ્રયથી અંતરમાં શુદ્ધતાનું પ્રગટ થવું તે આત્મવ્યવહાર, તે આત્મવ્યવહાર (છે). એ આત્મવ્યવહારની ભાવના અને અંતરનો આશ્રય આદર છોડીને શરીર તરફનો ઝુકાવ કરવાથી જે પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન કરે છે, એ પોતાનો શાંત જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની ભાવના કરવામાં નપુંસક છે. ...ભાઈ! ભારે કઠણ ભાઈ! પ્રભુ છે, પ્રભુ તો ગમે તે કહે, એને કાંઈ કહેવાય એવું છે કાંઈ? આહા..હા..! કહે શું? કહે છે કે...

જ્ઞેયતત્ત્વ અધિકાર છેને, જુઓ! જ્ઞેયતત્ત્વ. એ જ્ઞેય (અને) જ્ઞાતા પોતાનો, એનો એવો જ સ્વભાવ છે કે પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરવા એ

તારું જ્ઞેય છે. આવી નિજ જ્ઞેયની ભાવનાને છોડીને પોતાના સ્વભાવની (સંભાવના) કરવામાં '**નપુંસક હોવાથી તેમાં જ બળ ધારણ કરે છે...**' શું? '(**અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે**),...' મેં શરીરથી આવી ક્રિયા કરી, મેં અપવાસ કર્યા, હું શરીરમાં નબળો થઈ ગયો, જુઓ! હું આવો, હું કરું છું, મેં અપવાસ કર્યા, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી, મેં દાન કર્યા, મેં દયા પાળી એમ શરીરની પર્યાયમાં અભિમાનનું બળ ધારણ કરે છે. છે? '**જોરવાળા છે,...**' જોરવાળા છે એનો અર્થ—પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનની જે અંતરમાં પરિણતિ કરવી છે તેને છોડીને એકલું શરીર અસમાનજાત ઉપર લક્ષ રાખીને, આશ્રય કરીને પુણ્ય અને પાપના ભાવની ઉત્પત્તિ કરે છે અને પોતાના સ્વભાવમાં ભાવના કરવામાં નપુંસક નામ એનું વીર્ય હણાઈ ગયું છે. શોભાલાલજી! ભારે કઠણ. રતનલાલજી! સમજાણું? જુઓ! ભગવાનના પ્રવચનમાં આ આવ્યું. નટુભાઈ! સમજાય છે આમાં?

કહે છે કે શરીરાદિની ક્રિયા, પંચ મહાવ્રતના પરિણામની ક્રિયા, દયા, દાન ભાવની ક્રિયાનો આશ્રય કરે છે પણ જ્ઞાનાનંદનો આશ્રય કરતા નથી, તેને અહીંયા વીતરાગ ત્રિલોકનાથ નપુંસક કહે છે. કહો, હવે હિન્દી ભાષા સમજાય છે કે નહિ? ભીંડવાળા છેને, તમારે .... રામસ્વરૂપજી અહીંયા છે. આમનું નામ શું છે? ઈન્દ્રસેન. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! બે વાત છે અંદર. એક કોર પ્રભુ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ. જેવી ભગવાનને સિદ્ધપર્યાય પ્રગટ થઈ, કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એવો આત્મા એકલો કેવળજ્ઞાન ચૈતન્યમૂર્તિ આત્મા છે, એવી અંતરમાં દૃષ્ટિ અને અંતર ભાવના નહિ કરીને, શરીરની ક્રિયામાં રાગ દ્વેષ કરે છે, પુણ્ય દયા, દાનના ભાવ કરે છે ભાવના (કરે છે), પરનો આશ્રય કરે છે તેને અહીંયા પરસમય, અધર્મી, અધર્મદશા, પાપદૃષ્ટિની દશા, રખડવાની દશા કહેવામાં આવે છે. ચંદુભાઈ!

બે વાત. આત્મસ્વભાવની સંભાવનામાં નપુસંક અને અહીં બળ ધારણ કરવામાં સમર્થ. ગુલાંટ ખાધી છેને. ગુલાંટ સમજો છો? પલટો, પલટો ખાવો. હું આ વસ્તુ ચૈતન્ય (છું). પુણ્ય-પાપના વિકલ્પો પણ નહિ, શરીર, વાણી, મન તરફનો આશ્રય નહિ, હું તો ચૈતન્ય આનંદ દળ છું. એકલો અખંડાનંદ શુદ્ધ ચૈતન્યજ્યોત રાગથી ભિન્ન છું, વિકલ્પથી પર છું, એવી નિર્વિકલ્પ ચૈતન્યની ભાવના કરવામાં નપુંસક અને શરીરનો આશ્રય કરીને ક્રિયામાં, પુણ્ય-પાપના ભાવ કરવામાં જોરવાળા છે એને પરસમય અને અધર્મી કહે છે. સમજાય છે કાંઈ? માંગીલાલજી!

'**જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે...**' દેખો! જુઓ આ એકાંત અનેકાંતની વાત ભગવાનના ઘરની. '**જેમને નિરર્ગળ...**' નિરર્ગળ છેને? ત્રગડો. 'અંકુશ વિનાની, બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે).' શું કહે છે? આ જુઓ એકાંત અનેકાંતની વ્યાખ્યા! પહેલા ... વ્યાખ્યા કરી, હવે એકાંત અનેકાંત કોને કહે છે? ભગવાન આત્મા ચૈતન્ય... પહેલી શ્રદ્ધા તો કરે. જ્ઞાન તો કરે કે ચીજ કાંઈક ભિન્ન છે.

વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપના એનાથી પણ મારી વસ્તુ ભિન્ન છે. એવી અનેકાંતદષ્ટિ નહિ કરીને, મારી ચીજમાં શુદ્ધતા ને પરિપૂર્ણતા આનંદની ભરી છે અને મારામાં પુણ્ય-પાપ અને શરીરની ક્રિયાનો અભાવ છે, એનું નામ અનેકાંતદષ્ટિ છે, એનું નામ અનેકાંત સમ્યક્દષ્ટિ છે. એવી અનેકાંતદષ્ટિને છોડીને... છે? '**નિરર્ગળ એકાંતદષ્ટિ ઊછળે છે...**' અંકુશ વિના, બેહદ, મર્યાદા વિના. હું શરીર, વાણી, મનથી આવા કામ કરી દઉં, આવા કામ કરી દઉં, આવા કામ કરી દઉં... પોતાની પર્યાયમાં પરઆશ્રય કરીને સ્વચ્છંદી થઈને નિરર્ગળ-અંકુશ વિના એમાં જે પ્રવૃત્તિ કરે છે તેને એકાંતદષ્ટિ ઊછળે છે. મિથ્યાદષ્ટિ એમાં એકાંત ઊછળે છે. ઊછળે છે નામ મિથ્યાદષ્ટિરૂપ એનું પરિણમન થાય છે. શું કહે છે સમજાય છે? સમજાણું કે નહિ? ભાઈ! આ તો હિન્દી આવ્યું આજે. આહા..હા..!

અરે..! એને સત્ય સાંભળ્યું ન જાય. સત્યની વાત સાંભળવા મળે નહિ, સાંભળ્યું ન જાય. ધ્રુજી ઉઠે આમ. શ્રીમદ્ કહે છેને?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, પણ કાયરને પ્રતિકૂળ રે..
ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં...

સમજાણું કાંઈ? 'વચનામૃત વીતરાગના અને પરમ શાંતરસ મૂળ,' પરમ શાંત. આત્મા પુણ્ય ને પાપ ને શરીરના આશ્રયથી ભિન્ન એવી આત્માની શ્રદ્ધા-જ્ઞાન, જેમાં શાંતરસ અને અકષાય સ્વભાવ પડ્યો છે, એવી વીતરાગની આજ્ઞા છે તેનો આશ્રય કર અને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ કર. સમજાય છે? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' શાંતરસનું મૂળિયું. કષાય અને પુણ્ય-પાપ કરાવવાનું મૂળિયું ભગવાનનું વચન નથી.

'ઔષધ જે ભવરોગના' વીતરાગના વચનો, આમ પુણ્ય પાપ અને શરીરનો આશ્રય છોડીને અંતરમાં આશ્રય કરવાની જે આજ્ઞા એને છોડી. 'ઔષધ જે ભવરોગના' એ ભવરોગનો નાશ કરવાના વીતરાગના વચન છે. એટલે કે એમાં આત્મા તરફની સ્વભાવની દષ્ટિ કર, પ્રયોગ કર, અજમાયશ કર, જ્ઞાન કર અને ઠર. એવી જે આજ્ઞા છે, ઔષધ, ભવરોગના ટાળવાના એ ઔષધ છે. પણ કાયરને... આહા..! પ્રતિકૂળ. અર..ર..ર..! આ માર્ગ આવો? સમજાય છે? નપુંસક... આ કરવાનું કહેતા નથી? સાચી સમજણ કરીને શુદ્ધ આત્મા તરફ વળ એ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું ધર્મમાં છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

પાવૈયાનું દષ્ટાંત આપીએ છીએ. જામનગર, જામનગર. જામનગરમાં પાવૈયા બહુ. પાવૈયા સમજો છોને? હીજડા. પહેલા બહુ હતા, પાવૈયાનો મઠ હતો મઠ. રામજીભાઈ પણ ગોંડલમાં પાવૈયાની શેરીમાં રહેતા હતા. પાવૈયાની શેરી છે ત્યાં ગોંડલમાં. એક શેરી છે શેરી, ત્યાં રહેતા હતા. પહેલા મઠ હતા ઘણા ઠેકાણે. જામનગરમાં પાવૈયા હતા. વિભોજામ હતા. ...ના દરબાર. પછી પોલીસ ઘણા રાખે. પોલીસ સમજ્યાને? લડાઈ કરવા માટે. પાવૈયા કહે, અરે..!

અન્નદાતા! તમે પોલીસને આટલા (પૈસા) આપો છો, ઈ કરતાં અમને રાખો. અમારા શરીર કેટલા મજબુત છે. પાવૈયાનું શરીર મજબુત હોય, બહુ આમ લઠ જેવું દેખાય. હીજડા મોટા. અમને રાખો તો તમને બધું કરી દેશું, અમે રાજની વ્યવસ્થા રાખશું અને કરી દઈશું. ભાઈ! તમારા કામ નહિ ઓલો વિભો કહે. હિજડાઓ! તમારા કામ નહિ. પણ એકવાર અમને આપો તો ખરા. થોડીક તો ... આપો. પહેલા રિવાજ એવો હતો કે જ્યારે રાજા બીજા ઉપર ચડી આવે, ચડી આવે સમજ્યાને? લડાઈ કરવા. તો પહેલા ગાયું હોયને ગાયું? ગાયોનું ધણ, ધણ સમજ્યા? ટોળા હોય એને વાળે. તો કોઈ રાજા લડાઈ કરવા આવ્યો છે એમ રાજને ખબર પડી. તો રાજાએ ... ખબર પડી રાજાને કે ગાયોનું ધણ ... જાઓ! પોલીસ જાઓ. પાવૈયા ... મોટા વેષ પહેરીને ઘોડા ઉપર લઈને બરાબર આમ શરીર મજબુત ... એમાં કાંઈક જે રાજા હતો ... એને ... ઓહો..હો..! આ પાવૈયા આવીને મારી નાખશે આપણને. બીના, ભાગ્યા. એમાં એક કંઈક નદી આવી મોટી અને નદીનો ધૂરો હોયને ઊતરવાનો કાંઠો, ઈ કાંઠો ઊતરવામાં એક ભાષા બોલે પાવૈયા એની ભાષામાં, એની ભાષા કાંઈક હશે, આપણને આવડે નહિ એ ભાષા. સમજ્યાને? આમ કર. ત્યાં ઓલા સમજ્યા કે આ તો હીજડા છે. ઈ પાછો રાજા જ્યાં નીકળ્યો, તો ભાગ્યા પાવૈયા ગયા રાજા પાસે. અરે..! અન્નદાતા! ખીચડા ખાઈએ અને ગીતડા ગાઈએ. પોલીસમાં અમારું કામ નહિ. શોભાલાલજી! કહ્યું નહોતું પહેલું? પહેલા તમને કહ્યું હતું કે તમારા કામ નહિ, એ તો પોલીસ જે હોય જુવાન, જે વીર્યવાન હોય (એનું કામ છે). તમે પાવૈયા નપુંસક. અમે કહીએ છીએ, મા-બાપા! તમારી વાત સાચી છે. અમે ખીચડા ખાઈએ, ગીતડા ગાઈએ. રાજ સામે અમે ઊભા રહી શકીએ નહિ. ઓલો રાજા પાછળ આવે ને ઓલા ભાગ્યા ઘોડા લઈને હોં! એવી ભાષા કાંઈક બોલે છે. આપણને આવડે નહિ. આ તો પાવૈયા લાગે છે. આ કોઈ પોલીસ નથી.

એમ વીતરાગ માર્ગમાં ચડેલા દુશ્મનો, મિથ્યાત્વ અને રાગ દ્વેષ આદિ તારા સ્વભાવના સમાજને લૂંટે છે. સમજાય છે કાંઈ? શરીરની ક્રિયા હું કરું, પુણ્ય પાપના કાર્ય મારા એવો મિથ્યાત્વભાવ તારા સમાજને લુંટે છે. હવે તૈયાર તારે થવું હોય તો એના તરફનો આશ્રય છોડી, ભગવાન જ્ઞાનાનંદનો આશ્રય કર એવી ... એ સમાજનો, અજ્ઞાન અને પુણ્ય પાપનો નાશ થશે, તે વિના નાશ થશે નહિ. હાય.. હાય..! આ વાત અમારે કાને પડી. અર..ર..ર..! શી રીતે કરવું આમાં સૂઝ પડતી નથી. શેઠ! કહે છે કે અજ્ઞાનીને આત્માનું વીર્ય અંદરમાં ચૈતન્યસ્વરૂપ ભગવાન એ પુણ્ય પાપ અને દેહની ક્રિયાથી પાર દૃષ્ટિ કરવી એ કાયરોને ધ્રુજાવે છે, ધ્રુજી ઉઠે છે કે હાય.. હાય..! અર..ર..ર..! આ તે ધર્મ કઈ જાતનો? રામસ્વરૂપજી! ધર્મનો નાશ થાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ તો પરિણામના કાળમાં પુણ્ય આવશે જ, શુભરાગ આવશે જ. પણ એમાં તારું ... ઈ મારું કર્તવ્ય છે અને મારું કાર્ય છે, મિથ્યાદૃષ્ટિ મૂઢ તારી કાયરતા, તારો પુરુષાર્થ રાગમાં ગયો, ચૈતન્ય ભગવાન બિરાજમાન

પ્રભુ અંદર છે એની દૃષ્ટિ તું કરતો નથી. એ તારા આનંદના સમાજની સંપદા અંતરમાં પડી છે એની રક્ષા કરવાની તારી તાકાત નથી. રાગની તાકાત, રાગનું પોષણ, રાગ સમાજ. શુભ અને અશુભભાવ અને દેહની ક્રિયા એનું પોષણ અને એનું રક્ષણ કરવાની તારી તાકાત એ મિથ્યાદૃષ્ટિ કાયરની તાકાત છે. રતિભાઈ! ધ્રુજી ઉઠે એવું છે હોં!

આ ચમકારો નથી થાતો વિજળીનો. તલવાર. ભરત ચક્રવર્તી પાસે એક તલવાર હોય છે. એક હજાર દેવ સેવા કરે. તલવાર, તલવાર. સમજ્યા? એ પડે અને પોતે જરી ક્રોધમાં આવી જાય, છે તો જ્ઞાની, ભાન અંદર છે કે આ ક્રિયા મારી નહિ અને આ ક્રોધ આવે એ હું નહિ, હું તો જાણનાર દેખનાર છું, પણ પ્રસંગ આવે અને એની તલવાર જ્યારે કાઢે મ્યાનમાંથી, એને કાઢીને આમ વજ્રના થાંભલા હોય વજ્રના હીરાના હોં! એક વાર તો બીજાને સમાજને બતાવે કે જુઓ આ તલવાર, હીરાના થાંભલાને કાકડી કાપે એમ કાપી નાખે ફડાક દઈને. કાકડી સમજો છો? કાકડીને શું કહે છે? કાકડી હોય છેને? ઈ તલવારની એક હજાર દેવ સેવા કરતા હોય. એવી તીખી હોય કે હીરાના સ્તંભ, એક એક કરોડ રૂપિયાનો હીરો એવા હીરાના સ્તંભ ચક્રવર્તીને ઘરે હોય છે. મોટું રાજ, પુણ્યવંત છે. એના ઉપર આમ મૂકે, ફડાક દઈને (ચીરી નાખે). મનુષ્યોને ત્રાસ થઈ જાય અંદર કે હાય.. હાય..! આ તલવાર જો આવી, લાખો કરોડોને ચીરી નાખશે. એવી તલવારનો ઝબકાર જોતાં, હજાર દેવ તો જેની સેવા કરે, સાધારણ સમાજ તો કાયર તો ભાગી જાય. શેઠી!

એમ સર્વજ્ઞની વાણી ત્રિલોકનાથ પરમાત્મા ધર્મચક્રી, ધર્મચક્રી છે કે નહિ? આવે છે કે નહિ? નમોત્થુણંમાં નથી આવતું? શું કહેવાય છે? '**चाउरंत–चक्कवटीणं**'. આવે છે? નમોત્થુણં કર્યું છે કે નહિ? ડોસાએ તો કર્યું હશે, તમે પણ કર્યું હશે. આવે છે કે નહિ? ...ભાઈ! '**धम्म–वरचाउरंत–चक्कवटीणं**' નમોત્થુણંમાં આવે છે. હે નાથ! આપ તો ધર્મમાં પ્રધાન ચાર ગતિનો અંત કરનારા ચક્રવર્તી છો. એ ભગવાનની વાણી અહીં પ્રવચનમાં આવી, શ્રોતા, ઈન્દ્રો, નરેન્દ્રો, સર્પો, વાઘ મોટા, બાર જાતની સભા ... ભગવાનની વાણીમાં આવ્યું, અરે.. આત્મા! અખંડ શુદ્ધ ચૈતન્યદળ આનંદકંદની ભાવના અને આશ્રય કર્યા વિના, તેં પુણ્ય-પાપમાં ને શરીરમાં બળ, મારું આ જોર છે એમ જે તારી પર્યાયમાં વીર્યની ગતિ છે તો અમે તને નપુંસક કહીએ છીએ. જે ભાવે સ્વર્ગ મળે, જે પુણ્યભાવથી સ્વર્ગ મળે એવા ભાવમાં તારું બળ-જોર વર્તે છે, પાવૈયો હીજડો છો તું. આહા..હા..!

સાધુ નામ ધરાવીને, શ્રાવક નામ ધરાવીને દયા, દાનના પરિણામ, ભક્તિ, પૂજાના, શરીરાશ્રિત નિમિત્તે જે થયા એ મારું કર્તવ્ય છે અને આત્માની ભાવના છોડી દે છે, ભગવાન કહે છે કે અમારા માર્ગની બહાર નપુંસક છે. એ હીજડા, આત્માના પુરુષાર્થની જાગ્રતિના ફળને અને કાર્યને સમજતા નથી. સમજાય છે? ભાઈ! શોભાલાલજી! કાયરના નહિ કામ જોને, આવે છેને? એ અન્યમાં પણ આવે છે.

હરિનો માર્ગ છે શૂરાનો. હરિ એટલે આત્મા હોં! નહિ કાયરના કામ જોને,

પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતું લેવું નામ જોને,

હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને.

પ્રભુનો માર્ગ છે શૂરાનો. શ્રીચંદજી! અમારે હવે દયા પાળવી કે નહિ? હવે સાંભળને હવે. એ ભાવ હોય છે, આવે છે પરનું લક્ષ કરવાથી, એમાં તારું વીર્ય રોકાઈ ગયું, એને અહીંયા ભગવાન કહે છે, અધર્મ પરિણતિ છે. શોભાલાલજી! આહા..હા..! આજે ઉત્તમક્ષમાનો દિવસ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના. એમ કે આ ઉત્તમક્ષમા છે તો આ તો સંહાર સંહાર અજ્ઞાનનો થાય છે, અજ્ઞાનનો સંહાર થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! શું લખ્યું છે જુઓ!

**'જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ...'** આહા..હા..! ભગવાનની આજ્ઞા બહાર એ રાગ ને પુણ્ય ને શરીર જ હું છું, હું આત્માનો સ્વભાવ નહિ. દેખો! આનું નામ એકાંત. પુણ્ય-પાપના ભાવ ઉઠે છે તેને અહીંયા મનુષ્યવ્યવહાર કહેશે. મનુષ્યનો વ્યવહાર છે, એ આત્મવ્યવહાર નહિ. શું કહે છે. જે શુભ અશુભ ભાવ ઉઠે છે અને શરીરનું લક્ષ જેમાં થાય છે એ ભાવને ભગવાન અહીંયા મનુષ્યવ્યવહાર કહે છે. આત્માનો વ્યવહાર નહિ, એ તારો વ્યવહાર નહિ. આહા..હા..! વાડીભાઈ! બહુ ઝીણી વાતું છે હોં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બધું છે. આ શું કીધું? સાંભળોને આ. આ બધું આવે છે. સાંભળ્યું નથી હજી ...

અહીં કહે છે, અહીં કહેશે જુઓ હમણાં. **'જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે એવા—'આ હું મનુષ્ય જ છું...'** જુઓને! મેં તો પહેલેથી અર્થ કર્યો, જુઓ! આમાં આવ્યું. છે કે નહિ? હું મનુષ્ય છું, મનુષ્ય છું એવો વિકલ્પ રાગ છે અને એ માન્યતા મનુષ્યવ્યવહારની છે. પરિભ્રમણ કરવાવાળાની એવી માન્યતા છે. **'હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્યશરીર છે'** શરીરથી હું બધા કામ લઈ શકું છું, શરીરથી હું બધા કામ લઈ શકું છું. **'એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા,...'** આ શરીરની ક્રિયા, જુઓ કેવી હું કરું છું! અપવાસ કર્યા, આમ કર્યું, જુઓ! શરીર જીર્ણ થઈ ગયું, પાણી પણ પીધું નહિ, ગળું સુકાઈ ગયું, મેં આવી આવી ક્રિયા કરી કે નહિ? **'એમ અહંકાર...'** પર શરીરાદિમાં અહંકાર અને એ મારું એવો મમકાર. એ હું એનો અહંકાર અને એ મારું એવો મમકાર. સમજાણું કાંઈ?

ખુબી શું કરી છે એમાં? નિરર્ગળ એકાંતદૃષ્ટિ. ભગવાનની આજ્ઞા બહાર સ્વચ્છંદી. રાગ

અને પુણ્ય પાપના પરિણામ અને દેહની ક્રિયા હું છું, હું છું એમ માને છે એ વીતરાગની આજ્ઞા બહાર સ્વચ્છંદી છે. આજ્ઞાનો અંકુશ એમાં નથી. ભગવાનની આજ્ઞાનો અંકુશ એમાં છે જ નહિ. ત્રિલોકનાથ વીતરાગ ચૈતન્યપ્રભુ સર્વજ્ઞ દેવાધિદેવ જેમની આજ્ઞા છે એ આજ્ઞા ચૈતન્યપ્રભુ એના જ્ઞાનમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કર. એ ભગવાનની આજ્ઞા છે. અને રાગ ને પુણ્ય ને શરીરની અવસ્થા છોડી દે, તારી ... નથી, તારા આત્મામાં નથી. .... ભગવાન ચૈતન્ય-શરીરમાં પુણ્ય-પાપ અને શરીર નથી અને એ પુણ્ય પાપ ને શરીરમાં તારો સ્વભાવ નથી.

**'એકાંતદષ્ટિ ઊછળે છે એવા—આ હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્યશરીર છે' એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા,...'** ઠગાઈ ગયો ભાઈ તું. ચૈતન્યની ક્રિયા શાંતિની, શ્રદ્ધા, જ્ઞાન અંતરમાં આત્માના કરવા (એ નહિ કરીને, બાહ્ય પદાર્થના અહંકાર-મમકારમાં) ઠગાઈ ગયો. કાંઈક કરીએ છીએને, કાંઈક કરીએ છીએને, કાંઈક કરીએ છીએને, કાંઈક તો સારું થાશે. કાંઈક કરીએ છીએને, પુણ્ય ને પાપ ને શરીરની ક્રિયા. ઠગાઈ ગયો, કહે છે. ધુતારા તારી મિથ્યાશ્રદ્ધામાં ઠગાઈ ગયો તું. શોભાલાલજી! આહા..હા..! શેઠ! શું છે? પચાસ હજાર આપીને, દશ હજાર આપીને, અગિયાર હજાર આપીને... ઓહો..હો..! મોટા દાનવીર ને ભારે ધર્મી. અહીં કહે છે, મીંડા વાળ એ ધર્મને. મોટાનો દાખલો લેવાય કે નહિ?

અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. તું કોણ છો? તું તો ગુપ્ત ચૈતન્ય આનંદ છો. એવો ગુપ્ત ચૈતન્ય, જેનો ચમત્કાર અલૌકિક છે. શ્રીમદ્ કહે છે એકવાર, સૃષ્ટિને અંતર ગુપ્ત ચમત્કારની શ્રદ્ધા નથી. ગુપ્ત ચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી. અંતર ચૈતન્ય એકલો પુણ્ય અને પાપના રાગના ધુમાડા, ધુઆં કહે છેને ધુઆં, પુણ્ય-પાપના ધુમાડાની પાછળ આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે, એ ચૈતન્યચમત્કાર સૃષ્ટિને લક્ષમાં આવતું નથી. અને એકલા પુણ્ય-પાપ ને શરીર એના જ્ઞાનમાં દૃષ્ટિ રોકાય છે, ભગવાન કહે છે, એકાંત ઊછળે છે. મિથ્યાત્વ ઊછળે છે. રાગ પણ હું છું, શરીરમાં પણ હું છું અને હું આત્મા પણ છું. એનું નામ અનેકાંત કહેવું છે? ના. અનેકાંત તો એને કહે છે કે હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું અને હું પુણ્ય-પાપ ને શરીર નથી. એનું નામ અનેકાંત અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ!

**'એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા, અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...'** આત્મવ્યવહારનો અર્થ નીચે છે. 'આત્મારૂપ વર્તન, આત્મારૂપ કાર્ય, આત્મારૂપ વ્યાપાર.' જુઓ! શું કહે છે? ઓહો..હો..! કહે છે, પ્રભુ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય પુણ્ય-પાપથી રહિત, વિકલ્પથી રહિત એવો આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપની રમણતા એ જ આત્માનું કાર્ય, એ આત્માનું વર્તન, એ આત્માનું આચરણ, એ આત્માનો વેપાર. શું વેપાર? આ બહારના વેપાર નહિ? ચીમનભાઈ! આ તમાકુના થોથા ને સાકરના

ને ચાના, એ બધી ક્રિયામાં આત્માનો વેપાર નહિ. આ શરીરની ક્રિયા આમ આમ થાય એ આત્માનો વેપાર નહિ. આ પુણ્ય અને પાપના ભાવ થાય એ આત્મવેપાર નહિ. એ આત્માનો વેપાર નહિ. રતનલાલજી! શું વેપાર છે? જુઓ ભાષા!

'**અવિચલિત-ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...**' ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે એવી અંતરમાં શ્રદ્ધા, જ્ઞાનનું પરિણમન થવું કે જે પર્યાય અવિચલિત છે, ચેતનાવિલાસ છે, આત્મા જ્ઞાનાનંદનો એ વિલાસ છે. શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ સ્વભાવમાંથી ઉત્પન્ન થઈને અંતરમાંથી કરી એ જ તારું કર્તવ્ય છે, એ તારો આત્મવિલાસ—આત્મવ્યવહાર છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ પણ આત્માનો વ્યવહાર નહિ, આત્માનું કાર્ય નહિ, આત્માનું વર્તન નહિ, આત્માનો વેપાર નહિ. સમજાણું કે નહિ? '**આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...**' અવિચલિત-ચેતનાવિલાસભાવ, વિલાસમાત્ર. રાગથી પૃથક્ થઈને અંતરમાં ચૈતન્યના શ્રદ્ધા જ્ઞાન કરવા, અંતર સ્વરૂપમાં અંતર આદર કરીને શુદ્ધતા પ્રગટ કરવી એ જ આત્માનો અવિચલિત ચેતનાવિલાસની દશા એ આત્મવ્યવહાર, એ આત્મવર્તન, એ આત્મકાર્ય, એ આત્મવેપાર. ઓહો..હો..! ચંદુભાઈ!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્મવ્યવહાર નહિ. જે ભાવે સ્વર્ગ મળે એ આત્મવ્યવહાર નહિ, જે પુણ્યભાવથી સ્વર્ગનો ભવ મળે સર્વાર્થસિદ્ધનો એ ભાવ આત્મવ્યવહાર નહિ. એ મનુષ્યવ્યવહાર છે. સમજાય છે કાંઈ? વસ્તુ ચૈતન્ય જ્ઞાનજ્યોત, પ્રકાશનો સૂર્ય એકલો ચૈતન્યનો. એવી અંતર દૃષ્ટિ ને જ્ઞાનનું અંતર જ્ઞાન કરવું અને એમાં લીનતા (થવી), એ અવિચલિત-ચેતનાવિલાસ એ આત્માનો પર્યાય, આત્માનું કાર્ય, આત્માનો વેપાર, આત્માનું વર્તન (છે). ભોગીભાઈ! પહેલા શ્રદ્ધામાં, આ વસ્તુ ચૈતન્યપ્રકાશ અંતર્મુખ દૃષ્ટિ અને એકાકારતા થવા એ જ આત્મવ્યવહાર છે. નિર્વિકલ્પ અંદર શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જે પ્રગટ થયા એ જ આત્મવ્યવહાર છે. ઓહો..હો..!

જુઓ! આ પ્રવચનસાર. ભગવાનની વાણીમાં આમ આવ્યું. સાંભળવા મળે નહિ, કરે શું? રાડ નાખી જાય. પંડિતો રાડ નાખે અંદર. ધ્રુજી જાય છે કેટલાક તો. અર..ર..ર..! સોનગઢની આ વાત? સોનગઢની નથી, ત્રણ લોકના નાથની છે, સાંભળને! સમજાણું કાંઈ? નામ ધરાવે ઓઢણું વીતરાગનું, ધણીનું ઓઢણું અને ધણીને માનવું નહિ. ઓઢણું સમજો છો? આ ચુંદડી ઓઢે છે કે નહિ? કોની ચુંદડી? મારા ધણીની આવી છે. ધણીની આજ્ઞા માને છે? ઈ આજ્ઞા-બાજ્ઞાની મને ખબર નથી. એમ વીતરાગના અમે ભગત છીએ, જૈન છીએ. એની આજ્ઞા શું છે ખબર છે તને? ઈ આજ્ઞા-બાજ્ઞાનું કાંઈ નહિ. નરભેરામભાઈ! આ થોડું થોડું લેવું છેને એટલે આ બધું ઘણું આવી જાય છે આમાં. સારું આવે છે? આહા..હા..!

એક વાર એની શ્રદ્ધામાં, એની રુચિમાં એ વાત આમ સજ્જડ ન બેસાડે ત્યાં સુધી આત્મા તરફનું અંદર વલણ સમ્યગ્દર્શનનું એને ત્રણ કાળમાં ન થાય. આ કરું ને આ કરું ને આ

કર્યું. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણની સભામાં કહેલું, સીમંધર પરમાત્માએ ત્યાં સભામાં કહેલું, કુંદકુંદાચાર્ય તો અનુભવી ચારિત્રવંત હતા, છતાં ત્યાં ગયા, આઠ દિન સાંભળ્યું અને આવીને આ રચના કરી કે ત્રણ લોકના નાથ વીતરાગ જૈન પરમેશ્વર આમ કહે છે. તમે તમારા સ્વચ્છંદે એકાંત નિરર્ગળદૃષ્ટિ (કરો છો), પુણ્ય ને પાપના પરિણામ ને દેહાશ્રિત ક્રિયામાં અમને લાભ થશે, ધર્મ થશે, એકાંત ઊછળતી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...**' ભ્રષ્ટ થઈને. હવે આવ્યું જુઓ! '**જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો...**' છે? ક્યાં છે? આ મનુષ્યવ્યવહાર આવ્યો. કેવો મનુષ્યવ્યવહાર? '**જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...**' જેમ નાનું બાળક હોયને, છાતીએ લગાડીને.. આહા..હા..! મારા દીકરા! બહુ વ્હાલો લાગે છે. આ નાનું બળક હોયને? રૂપાળું હોય, શરીર કાંઈક ઠીક હોય, ફાંદો-બાંદો કાંઈક ઠીક હોય. એવું હોય ... આમ છાતીએ (લગાડે). આહા..હા..! એક કહેતો હતો, આ છોકરા પર મને એવો પ્રેમ છેને. પણ હોયને, ધૂળ, અનાદિનો પ્રેમ છે એમાં શું છે? એક બાપ કહેતો હતો, આ છોકરા પર મને (એટલો પ્રેમ), એકનો એક દીકરો એટલે આ છોકરા પર મને બહુ વ્હાલ. પણ હોય, હોળી સળગે છે અનાદિની, એમાં શું પણ નવું તેં કીધું. આના ઉપર મને (બહુ) પ્રેમ. પ્રેમ જ છે, લાળ વળગી છે અજ્ઞાનીને. એ પોતાની છાતીએ (સરસો) ભેટીને.. આહા..હા..! સમજાણું?

રામજીભાઈના સાસરા હતા. રામજીભાઈ છેને. સાસરા હતા જૂનીના. જેચંદભાઈ, જેચંદ ગોપાળજી, બેચર ગોપાળજી અને .. ગોપાળજી. વડાળમાં. એના બાપના ગામમાં પોણોસો લાખ રૂપિયા લઈને આવ્યા. સાંઈઠ-સીત્તેર વર્ષ પહેલાની વાત છે હોં! આમ ઉપાડ્યા બાપે. આહા..! મારો દીકરો કર્મી. પણ તે દિ' પોણો લાખ એટલે તમારા અત્યારના પચ્ચીસ લાખની ગણતરી ન મળે. આહા..! દીકરા, તું કર્મી જાગ્યો હોં! જેચંદભાઈ કહેતા હોં! મારા બાપ આમ (કરે). જ્યાં ગામમાં ગયો તો.. આહા..હા..! બે હજાર ને પાંચ હજારમાં, પચ્ચીશ હજારમાં ઘણું થઈ જાય એમાં પોણોસો લાખ એંસી વર્ષ પહેલા. આમ ભેટીને ઊંચો કર્યો મને આમ. એમ અહીં કહે છે,... ...ભાઈ! તમને ખબર છેને એ વાત? સંતબાળે આમ કર્યું હતું. ... તમારે નહિ પાલેજ પાસે? ત્યાં સંતબાળ ગયા હતાને? ત્યાં તમે એક ફેરી નહોતા ગયા માખણ ચોપડવા? ખબર છે કે નહિ? એણે વાત કરી, આપણને ક્યાં ખબર? ઈ કહે, હું ગયો હતો.

વીતરાગ પરમેશ્વરના કથનથી વિરુદ્ધ વાત કરનારા છે બધા. સમજાય છે? એ તો વળી વેદાંતની વાત કરતા હતા. વેદાંત સાચું છે. અરે.. હાલ હાલ! વીતરાગ જૈન પરમેશ્વર ત્રણ લોકના નાથ જેણે જાણ્યું એવું કહ્યું, એવું ત્રણ કાળમાં કોઈ કહી શક્યા નથી. એ વાત ક્યાંય બીજો હોઈ શકે નહિ. એ વીતરાગ પરમાત્મા કહે છે, અરે.. આત્મા! તારો આનંદ અને

શુદ્ધ સ્વભાવ જે વિલાસ ચેતનાનો એ વ્યવહાર, એને છોડી દઈને **'જેમાં સમસ્ત ક્રિયાકલાપ...'** દેખો! આ મેં દયા પાળી, આ મેં પૂજા કરી, આ મેં ભક્તિ કરી, આ મેં વ્રત પાળ્યું, આ મેં ત્યાગ કર્યો, મેં આ તપસ્યા કરી એવી ક્રિયાકલાપ—ક્રિયાનો સમૂહ એને **'છાતી-સરસો ભેટવામાં આવે છે...'** એને એમ થાય, આહા..! મેં તો કંઈ અપવાસ કર્યા હતા હમણાં. આહા..! પચ્ચીશ અપવાસ કર્યા. મેં હમણાં દાન કર્યું હતું, મેં દયા પાળી હતી, મેં ભક્તિ કરી. એવા ક્રિયાના રાગ અને શરીરની ક્રિયાને છાતી-સરસો જેમ ભેટે, તેમ અજ્ઞાનીએ રાગ ને દેહની ક્રિયાને આત્મા સાથે ભેટાડી દીધી છે. ભેટી સમજો છો? ભેળવી દીધી. દેખો!

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપ...'** સવારથી સાંજ સુધી આ કર્યું ને આ કરવું ને આ કરવું ને આ કરવું, આ કરું એ ક્રિયાનો રાગ અને શરીરની ક્રિયાકલાપને છાતી-સરસો ભેટ્યો.

મુમુક્ષુ :— આદરણીય..

ઉત્તર :— આદરણીય માનીને ભેટ્યો. રામસ્વરૂપજી! આહા..! જેનાથી ભેદજ્ઞાન કરવાનું છે એને ભેટ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— જેને દૂર કરવું છે...

ઉત્તર :— જેને દૂર કરવાના છે, જ્ઞાનમાં ભેદજ્ઞાન કરવાનું છે એને ભેટ્યો એમ કહે છે. ત્યારે કહે, અર..ર..ર..! આવું થઈ જશે, આ બધું છોડી દેશે. પણ કોણ છોડે? સાંભળ તો ખરો. એ તો પર્યાયના કાળમાં જડની જડમાં થાય છે તે કાળે થશે, થશે અને થશે જ. અને પર્યાયમાં જ્યારે શુભરાગ આવવાનો હશે ત્યારે આવશે, આવશે ને આવશે જ. તું રાગ અને દેહની ક્રિયાને ભેટે છે એ એકાંત મિથ્યાદૃષ્ટિ ઊછળે છે. તને ધર્મદૃષ્ટિની ખબર નથી. મનુષ્યવ્યવહાર એમાં આવ્યો કે ન આવ્યો? ક્યાં આવ્યો?

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...'** છાતી-સરસો ભેટવામાં આવે છે. **'એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને...'** આવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને. સાતડો છેને અંદર. 'મનુષ્યવ્યવહાર=મનુષ્યરૂપ વર્તન, (અર્થાત્ 'હું મનુષ્ય જ છું' એવી માન્યતાપૂર્વકનું વર્તન).' લે! **'રાગી અને દ્વેષી થતા થકા...'** ક્ષણે ક્ષણે, મેં આમ કર્યું, મેં આમ કર્યું, મેં આમ કર્યું અને અનુકૂળ પ્રતિકૂળ હોય તો, અરે..! આમ ન થયું હોં! શરીરથી આમ ન થયું. એમ રાગ અને દ્વેષ કરતા થકા **'પરદ્રવ્યરૂપ કર્મ સાથે...'** પરદ્રવ્યરૂપ કાર્ય રાગનું, એ વિકાર પોતાનો ત્રિકાળ સ્વભાવ નથી, સમ્યગ્દૃષ્ટિનો એ વિષય સ્વભાવ નથી એવા **'પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે...'** પરદ્રવ્યરૂપ કર્મ નામ કાર્ય એની સાથે જોડાઈ જવાથી.

ભગવાન આત્મા આમ ચૈતન્યબિંબ આનંદકંદનું સ્ફટિક રતન પડ્યું છે આખું. ચૈતન્યમૂર્તિ દેહથી ભિન્ન એની અંતર દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું છોડી દઈને, એના જ્ઞાન-શ્રદ્ધા કરવા

છોડી દઈ, પુણ્ય અને પાપ, રાગ ને દ્વેષને છાતી-સરસો ભેટ્યો અને પરદ્રવ્યના કાર્ય સાથે સંગતતા—મેળ કરીને, સંગતપણાને લીધે '**(-પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે) ખરેખર પરસમય થાય છે...**' ખરેખર તે મિથ્યાદૃષ્ટિ થાય છે. આઠડો છે. 'પરસમય= જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય તેને પરસમય કહેવામાં આવે છે.' એ ભગવાનનો જૈનમાર્ગ નહિ, વીતરાગનો માર્ગ નહિ. પરસમય, પરધર્મ, અજ્ઞાનધર્મ (છે). રાગ દ્વેષ ને શરીરની ક્રિયાને પોતાની માનવી એ પરસમય અજ્ઞાનભાવ છે. વીતરાગ કહે છે કે મારો ધર્મ એમાં નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એકત્વ. જુઓ!

'**સંગતપણાને લીધે (-પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે) ખરેખર પરસમય થાય છે...**' એ વિકારની લાગણીમાં અને શરીરની ક્રિયામાં અહંબુદ્ધિ મમબુદ્ધિમાં ચોંટ્યા છે તે પરસમય થાય છે. '**અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે.**' વિકારમાં પરિણમે છે, વિકારની અવસ્થામાં લીન થઈ જાય છે તેને અહીંયા પરસમય કહે છે, અધર્મ કહે છે, અનાત્મા કહે છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુ સ્વરૂપ જૈનદર્શન છે. આવા પરમાનંદ ચૈતન્યની પ્રતીત, જ્ઞાનના અનુભવ વિના એ વિકારની સાથે એકાકાર થાય છે તેને અણાત્મા અને તેને અજૈન કહે છે. સમજાય છે કાંઈ? ભારે! ગાથા આકરી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાચી છે? ... અફર વાત ત્રણ કાળ ત્રણ લોકમાં. ભગવાન પાસે હો, ઈન્દ્ર પાસે હો કે ગણધર પાસે હો. શાસ્ત્રમાં પણ જુઓ તો આ વાત નીકળે છે. એમાં બીજી વસ્તુ નથી. પ્રવચનસાર છે કે નહિ? આ તો પ્રવચનનો સાર કહે છે. સમજાણું કાંઈ?

કેટલી વાત કરી એક લીટીમાં! એક તો એક વાત, ભગવાન આત્મા અસમાનજાતીય શરીરાદિ અને પરમાં અહંપણું માનીને અને એની ક્રિયાકલાપમાં, આમ અમારે કરવું પડે, આમ અમારે કરવું પડે, આમ અમારે કરવું પડે, નહિતર સમાજમાં રહેવાય નહિ. સમાજમાં રહેવાય નહિ. આમ પાણી લાવવું, આ આમ કરવું ને આ આમ કરવું એ ક્રિયાકલાપ. આમ ગાળવું ને આમ રાખવું ને આમ ... નાખવું. એ બધી ક્રિયા પરની છે અને પોતે પરનો આશ્રય કરીને ક્રિયાને છાતી-સરસો ભેટીને એકત્વ માને છે તે અધર્મની પરિણતિ કરવાવાળો આત્માના સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનને ચૂકી જાય છે. કહો, સમજાય છે કાંઈ? એવી વાત છે. ચૂકી જાય છે.

સ્વભાવ જ્ઞાનમૂર્તિ હું પ્રકાશ ચૈતન્યજ્યોત છું એનો આશ્રય કરીને જે સમ્યક્શ્રદ્ધા જ્ઞાન કરવા એ કર્તવ્ય છે, ઈ તો કરતો નથી અને પુણ્ય પાપ ને શરીરાશ્રિત ક્રિયા કરીને, અમારું કામ છે, અમારી ફરજ છે, અમારું કામ છે, અમારા વિના ચાલે નહિ, એ વિના અમને

શાંતિ થાય નહિ. એમ પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે તેને પરસમય કહે છે. એ શાસ્ત્રની આજ્ઞામાં નથી. અજ્ઞાની, અધર્મી એને કહેવાય છે. આહા..હા..! રાડ નાખી જાય માણસ. કહો, બરાબર છે? એ અજ્ઞાનીની વાત કરી, ઈ અજ્ઞાનીની કરી. હવે જ્ઞાનીની કહે છે. હવે ધર્મીની દૃષ્ટિ ક્યાં છે અને ધર્મી શું કરે છે (ઈ કહે છે). અધર્મી આમ કરે છે. હવે ધર્મી શું કરે છે?

આત્મા '**અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત...**' ભગવાન આત્મા.. અસંકીર્ણનો અર્થ છેને? 'અસંકીર્ણ=ભેળસેળ નહિ એવા, સ્પષ્ટપણે ભિન્ન. (ભગવાન આત્મસ્વભાવ સ્પષ્ટ-ભિન્ન (-પર સાથે ભેળસેળ નહિ એવાં) દ્રવ્ય-ગુણ-પર્યાયો સાથે સુસ્થિત છે.)' આત્મા અંતર દ્રવ્ય નામ ... શક્તિનો પિંડ અને ગુણ નામ પવિત્ર શક્તિ અને એની નિર્મળ પર્યાયમાં આત્મા સ્થિત છે. આત્મા પુણ્ય-પાપ અને પરમાં સ્થિત નથી. પોતાનો શુદ્ધ સ્વભાવ એમાં આત્મા સ્થિત છે. '**કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે...**' ઓહો..! સુસ્થિત ભગવાન આત્મા. દેખો તો ખરા. ભગવાન આત્મા એમ કહે છે. સ્વભાવનો, આત્માના સ્વભાવનો. શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એનો અનુભવ દૃષ્ટિ કરવા, શ્રદ્ધા જ્ઞાન કરવા એ સકળ વિદ્યાઓનું મૂળ છે. સકળ જ્ઞાનનું એ મૂળિયું છે. સમ્યક્જ્ઞાન ઉત્પન્ન એ બધા જ્ઞાનની એ જડ છે. અહીં મૂળ કીધું, ઓલામાં જડ કીધું હતું. છેને ભાઈ પહેલામાં જડ કહ્યું હતું. મગનભાઈ! ઓલામાં જડ કહ્યું હતું. જડ એટલે મૂળ. પહેલા શબ્દમાં. '**સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...**' આપણે મૂળ લીધું છે. અહીં મૂળ લીધું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. પુણ્ય પાપની ક્રિયા અને શરીરની ક્રિયાને પોતાની માનવી એ અજ્ઞાનનું મૂળ છે. અને પોતાના જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા જ્ઞાન કરવા એ બધું કેવળજ્ઞાન આદિ સર્વ વિદ્યાઓનું એ મૂળ છે. એમાંથી કેવળજ્ઞાન થશે અને સમ્યક્જ્ઞાન (થશે). રાગ અને પુણ્યથી હું ભિન્ન છું, એવા શ્રદ્ધા જ્ઞાન કરવા.. કરવા.. કરવા.. કરવા. એવા સમ્યક્જ્ઞાન, દર્શન રાગથી ભેદ કરવો એ બધું સમ્યક્જ્ઞાનનું મૂળ છે. સમજાણું કાંઈ?

'**તેનો—આશ્રય કરીને...**' જે એનો આશ્રય કરે છે તે '**યથોક્ત આત્મસ્વભાવની સંભાવનામાં સમર્થ...**' એ જ આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન કરવામાં સમર્થ છે. એ જ ધર્મી છે. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :-** પ્રવચન નં.-૬૭ તથા ૬૮માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.

**ભાદરવા સુદ ૮, મંગળવાર, તા. ૨૭.૮.૧૯૬૩**
**ગાથા-૧૮૯, પ્રવચન-૬૯**

... આત્મા પોતાની પર્યાયમાં જે પુણ્ય-પાપ વિકાર કરે છે એ શુદ્ધ દ્રવ્યનું નિશ્ચય કથન છે એમ કહેવામાં આવ્યું અને એને સાધક પણ કહ્યું. દેખો! **'અહીં નિશ્ચયનય સાધકતમ હોવાથી (ઉત્કૃષ્ટ સાધક) હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે'...'** છેલ્લી પંક્તિ છે. શું કહ્યું? છે? સાધકતમ છે? નીચે છે જુઓ! આ બાજુ, આ હિન્દી છે, પેલી બાજુ છે જુઓ! **'અહીં નિશ્ચયનય સાધકતમ (ઉત્કૃષ્ટ સાધક) હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે'...'** પેલી બાજુમાં છેલ્લી લીટી. એની પહેલા, પહેલા. અહીં.. છેને? છેલ્લી લીટી છે, ટીકામાં લીટી છે, ટીકાની છેલ્લી લીટી. **'અહીં નિશ્ચયનય...'** એ બીજામાં હશે. **'સાધકતમ (ઉત્કૃષ્ટ સાધક) હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે...'** આનો અર્થ ઘણો સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

'(કારણ કે) **સાધ્ય શુદ્ધ છે તેથી...'** પાછળ. **'સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક** (પ્રકાશક) **હોવાને લીધે નિશ્ચયનય જ સાધકતમ છે,...'** ઘણું જોર દીધું છે. પોતાની પર્યાયમાં વિકાર જે થાય છે તે શુદ્ધ દ્રવ્યનું સાધ્ય કહેવામાં આવ્યું છે. ચંદુભાઈ! એની પર્યાય છે એ દ્રવ્યની સાધ્ય છે. પોતામાં વિકાર થાય છે પુણ્ય, પાપ, દયા, દાન, કામ, ક્રોધ વગેરે એ બધાનું સાધ્ય શુદ્ધ હોવાથી, સાધ્ય શુદ્ધ નામ પરની અપેક્ષા નહિ હોવાથી, સાધ્ય નામ પોતાની વિકારી પર્યાયને લક્ષમાં લેવાને લીધે અને પર લક્ષમાં નહિ આવતું હોવાને લીધે **'સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક** (પ્રકાશક) **હોવાને લીધે...'** આત્માની વિકારી પર્યાય પોતાથી છે એમ શુદ્ધનય સાધ્ય પોતાની પર્યાયને સિદ્ધ કરે છે. પોતાથી વિકાર થાય છે, પરથી થતો નથી. એને અહીંયા સાધકતમ કહ્યું. એનો અર્થ ઝીણો છે.

**'નિશ્ચયનય જ સાધકતમ છે,...'** પોતાની પર્યાયમાં મલિન પર્યાય વિકારી થાય છે તે પરની અપેક્ષા વિના પોતાના આશ્રયે, પોતાને કારણે, કર્તા, કર્મ, કરણ ષટ્કારકની દશાથી પોતે સ્વયંસિદ્ધ દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય પાપના મલિન ભાવ ઉત્પન્ન થાય છે એ

પોતાની અપેક્ષા રાખીને થાય છે તેથી તેને નિશ્ચયનય કહ્યું છે. તેને શુદ્ધ દ્રવ્ય સાધ્ય કહ્યું છે. સાધ્ય એટલે શું? પરનું લક્ષ નહિ અને પોતાની મલિન પર્યાય પોતાથી છે એ જ સ્વદ્રવ્યને સાધ્ય કરવું છે કે પોતાને કારણે વિકાર થાય છે, પરને કારણે થતો નથી. ભગવાનજીભાઈ! ઝીણી વાત છે જરી.

મુમુક્ષુ :— શુદ્ધ દ્રવ્ય..

ઉત્તર :— શુદ્ધ દ્રવ્ય એટલે પર્યાય.

**'સાધ્ય શુદ્ધ છે તેથી...'** વિકારી પર્યાયને અહીંયા શુદ્ધ કહે છે. કેમકે પરના લક્ષ વિનાની પોતાને કારણે વિકારી પર્યાય થઈ એ સાધ્ય શુદ્ધ હોવાને લીધે, શુદ્ધ નામ પરની અપેક્ષા વિના મલિન પર્યાય પોતાના દ્રવ્યની છે તેને સાધ્ય શુદ્ધ કહેવામાં આવ્યું છે. ઓહો..હો..!

મુમુક્ષુ :— કર્મને કારણે નથી.

ઉત્તર :— નહિ, પોતાને કારણે છે. એવી પર્યાયને સાધ્ય દ્રવ્ય કહેવામાં આવ્યું. દ્રવ્યની પર્યાય છેને. તો શુદ્ધ પોતાની અપેક્ષાથી (થઈ) છે તો સાધ્ય શુદ્ધ હોવાથી એ વિકારી પર્યાયને આત્માનું સાધકતમ, ધર્મનું સાધક કરનાર એમ કહ્યું છે. ઝીણી વાત છે.

**'પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી.'** પણ કર્મનું કાર્ય આત્મા કરે છે એવો અશુદ્ધનય, એવો વ્યવહારનય, એવો અસદ્‌ભુત વ્યવહારનયને અહીંયા અશુદ્ધનય કહ્યો છે. કર્મની પર્યાય આત્મા કરે એમ કહેવું એ અસદ્‌ભુત વ્યવહારનયને અહીંયા અશુદ્ધનય કહ્યું છે. એ મલિન પર્યાય પોતામાં પોતાને કારણે છે તેને શુદ્ધદ્રવ્યનો નિશ્ચયનય કહ્યો છે. રતિભાઈ! સમજાય છે કાંઈ? લાલચંદભાઈ! આ મોટી તકરાર છે એનો ખુલાસો છે. હવે કેમ કહ્યું? એ પ્રશ્ન થયો, જુઓ! પેલી બાજુ.

'નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય હેય છે.' ફૂદડી છેને નીચે નોટમાં. અહીંયા એમ કહ્યું કે પોતાના પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ છે તે આત્મા જ કરે છે. એ શુદ્ધદ્રવ્યનું સાધ્ય છે અર્થાત્ પરની અપેક્ષા વિના પોતાની પર્યાય મલિન છે તે જ શુદ્ધ દ્રવ્યનું સાધ્ય છે. ભગવાનજીભાઈ! કેમ? ઈ કહે છે, જુઓ! 'નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય હેય છે.' તો પ્રશ્ન ઉઠ્યો. નીચે નોટમાં છે. છે નીચે નોટ? 'પ્રશ્ન :— દ્રવ્યસામાન્યનું આલંબન જ ઉપાદેય...' છે. પ્રભુ! આ શું કહ્યું આપે? શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે તો કહ્યું કે વિકારી પર્યાય તે શુદ્ધ છે. શુદ્ધ નામ નિશ્ચય છે અને તે સાધકતમ છે. શુદ્ધ સાધક યથાર્થ હોય છે. કર્મની પર્યાય આત્મા કરે એનાથી સાધકતમ થતું નથી. તો એનો તો આપે નિષેધ કર્યો. આ વિકારી પર્યાય પુણ્ય-પાપના પરિણામને આપે શુદ્ધનય પોતાને કારણે થયા છે માટે સાધક કહ્યું, આટલો બધો ફેર કેમ? અત્યાર સુધી તમે બીજું કહેતા હતા. શું કહે છે જુઓ! પ્રભુ! અત્યાર સુધી તો આપ એમ કહેતા હતા કે 'દ્રવ્યસામાન્યનું આલંબન જ ઉપાદેય...' છે. શું છે? નિશ્ચયમાં, યથાર્થમાં, પરમ સત્યમાં

પોતાનો શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ જ અંગીકાર કરવાલાયક છે. નિમિત્ત નહિ, રાગ નહિ, વર્તમાન મલિન પર્યાય નહિ, નિર્મળ પર્યાય પ્રગટ છે તે નહિ, ગુણ-ગુણીનો ભેદ નહિ. આપ તો અત્યાર સુધી ત્યાં સુધી કહેતા હતા કે દ્રવ્યસામાન્યનું અવલંબન ઉપાદેય છે. શું શોભાલાલજી! એ દ્રવ્ય સમજ્યા? નિજ શુદ્ધ ચૈતન્ય ... પૂર્ણ આનંદ, જ્ઞાયક, જ્ઞાયક જ ઉપાદેય છે. આપે સમયસારની અગિયારમી ગાથામાં અને વારંવાર આ કહેતા આવ્યા છો કે એકલો આત્મા, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નહિ, સમજાણું કાંઈ? જિનવાણી પણ ઉપાદેય નહિ. રાગ પણ ઉપાદેય નહિ, પોતાની પર્યાય પણ ઉપાદેય નહિ. અવસ્થા થાય છે તે અંગીકાર કરવાલાયક નથી. ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ ભગવાનની દૃષ્ટિ કરો, તે આત્મા જ ઉપાદેય છે એવો નિશ્ચય કરો તો સમ્યગ્દર્શન થશે. એ વિના સમ્યગ્દર્શન થશે નહિ. આમ તો અત્યાર સુધી આપ કહેતા આવ્યા છો, વળી આ ક્યાં નાખ્યું કે વિકારી પર્યાય સાધક છે? સમજાણું કાંઈ? પ્રશ્ન છે.

'દ્રવ્યસામાન્યનું આલંબન જ ઉપાદેય...' છે. જુઓ! 'છતાં, અહીં રાગપરિણામના ગ્રહણત્યાગરૂપ પર્યાયોનો...' આત્મામાં વિકાર પરિણામ થાય છે તે આત્મા ગ્રહણ કરે છે અને વિકાર પર્યાયને આત્મા છોડે છે. આવો 'સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો છે?' આ તો સૂક્ષ્મ વાત અનંત કાળમાં એણે કદી યથાર્થ સાંભળી જ નથી. શું ચીજ છે? અને કઈ રીતે પ્રાપ્ત થાય છે એનું લક્ષ પણ કર્યું નથી. શિષ્યનો પ્રશ્ન છે, ભગવંત! શું કહો છો? ભગવાનજીભાઈ! ... શુદ્ધ દ્રવ્યનું સાધક. ઈ શુદ્ધ દ્રવ્ય અહીં નહિ. ..ભાઈ! શુદ્ધ દ્રવ્ય સાધ્ય એ દ્રવ્ય નહિ. પાઠની ટીકામાં તો વિકારી પર્યાય પરની અપેક્ષા વિના, પર કર્તા નથી, પોતાના પરિણામ વિકાર, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, નામસ્મરણ વગેરે ભાવ એ રાગ વિકાર છે. એ આત્માનું કાર્ય છે, આત્મા કર્તા છે, આત્માએ સાધન થઈને કર્યું છે, આત્મા વિકાર કરીને પોતાને આપ્યો છે, આત્માથી થયો છે, વિકાર આત્માના આધારે થયો છે. આમ કહીને, આપ એમ કહો છો કે મલિન પર્યાય પણ આત્માની સાધક થાય છે, સાધક થાય છે. આ શું કહ્યું? અત્યાર સુધી તો આપ કહેતા હતા કે આત્મદ્રવ્ય એકલો ચિદાનંદ પ્રભુ એક સમયમાં પવિત્ર આનંદકંદ છે, તેની દૃષ્ટિ કરો. બધાનું લક્ષ છોડી દો. ત્યારે આત્મા જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ થાય. ત્યારે આત્મા શુદ્ધ દ્રવ્ય છે તે જ ઉપાદેય અંગીકાર કરવાલાયક છે, આ વાત તો અત્યાર સુધી આપ કહેતા હતા. બાબુરામજી! તો આ શું આવ્યું? એવો શિષ્યનો પ્રશ્ન છે. સાંભળો! હવે ઉત્તર.

'ઉત્તર :— રાગપરિણામનો કરનાર પણ આત્મા જ છે...' રાગ શબ્દે વિકાર હોં! કોઈપણ વિકાર. શુભ કે અશુભ વિકાર. એનો કર્તા પણ આત્મા છે 'અને વીતરાગપરિણામનો કરનાર પણ આત્મા જ છે,...' શું કહે છે? પુણ્ય પાપના ભાવનો કરનાર પણ આત્મા અને વીતરાગપરિણામ (અર્થાત્) સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગી પરિણતિનો કરનાર પણ આત્મા છે. સમજાણું કાંઈ? બેયનો કર્તા આત્મા છે. વિકારી પરિણામ

હો કે ધર્મની અંતર્મુખ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (હો), જે શુદ્ધ ચૈતન્યના અવલંબને પ્રગટ થનારી વીતરાગ અવિકારી નિર્દોષ દશા, વીતરાગી પરિણતિ આત્મા કરે છે. રાગ પણ આત્મા કરે છે. સંસારનો વિકારભાવ પણ આત્મા કરે છે અને મોક્ષનો માર્ગ વીતરાગી પરિણતિ પણ આત્મા કરે છે. બે વાત (થઈ).

'અજ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે...' શું કહે છે જુઓ હવે. અજ્ઞાનદશા. પહેલા રાગ અને વીતરાગ (પરિણામ) કહ્યા. હવે 'અજ્ઞાનદશા પણ...' સ્વરૂપનું અભાન, ચૈતન્યનો અબોધ, અજ્ઞાન મિથ્યાત્વભાવ એ આત્મા સ્વતંત્રપણે કરે છે. મિથ્યાત્વભાવ પણ આત્મા સ્વતંત્રપણે કરે છે કર્મની અપેક્ષા રાખ્યા વિના. કર્મની અપેક્ષા કહેવી એ તો નિમિત્ત વ્યવહારનય થઈ ગઈ. તે હેય છે. સમજાણું કાંઈ? પોતાના પરિણામ અજ્ઞાનદશામાં પણ આત્મા સ્વતંત્રપણે સ્વતંત્રપણે, સ્વતંત્રપણે કરે છે. સ્વતંત્રપણે સંસારના વિકારી (પરિણામ) કરે છે. ધર્મચંદજી! સમજાણું કાંઈ? કર્મથી થયા નથી અને કર્મનો કર્તા આત્મા નથી. એ તો બધા વ્યવહારના, હેય નયના કથન છે, છોડવાલાયકના કથન છે. આહા..હા..!

કહે છે, 'અને જ્ઞાનદશા પણ...' બે વાત આવી. પહેલા (કહ્યું) વિકારનો કર્તા પણ આત્મા અને વીતરાગદશા ધર્મની આત્માની નિર્વિકલ્પ પરિણતિ-પર્યાયનો કર્તા પણ આત્મા. બે વાત. હવે અજ્ઞાનદશાનો કર્તા પણ આત્મા અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જ્ઞાનદશાનો કર્તા પણ આત્મા. પર નહિ. પરની અપેક્ષા કહેવી એ તો વ્યવહારનય છે. અશુદ્ધનયનો વ્યવહારનય હોં! એ છોડવાલાયક છે, એ હેય છે. 'આવા યથાર્થ જ્ઞાનની અંદર...' શું કહે છે જુઓ! 'આવા યથાર્થ જ્ઞાનની અંદર દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે.' શું કહે છે? કે વિકારી પરિણામ કરનાર પણ હું-પર્યાય, અને અવિકારી ધર્મપર્યાયનો કરનાર પણ હું. આવું પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય તો એની અંદર દ્રવ્યસામાન્યનું જ્ઞાન (અર્થાત્) એકરૂપ ચૈતન્ય છે એનું જ્ઞાન ગર્ભિતપણે, પેટામાં.. પેટામાં સમજો છો? અંદરમેં, ગર્ભિત. પર્યાયનું જ્ઞાન યથાર્થ થાય તો પેટામાં—ગર્ભિતપણે દ્રવ્ય એકરૂપ સામાન્ય છે એનું જ્ઞાન એમાં સમાવિષ્ટ થઈ જાય છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

પર્યાયનું યથાર્થ જ્ઞાન કોને થાય છે? કે જેને દ્રવ્યસામાન્યનું જ્ઞાન થાય છે તેને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે. તો પર્યાયનું યથાર્થ જ્ઞાન અહીંયા કહેવામાં આવ્યું એના પેટામાં-ગર્ભિતમાં-અંદરમાં, દ્રવ્ય શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા સામાન્ય એકરૂપ છે એનું જ્ઞાન પર્યાયના જ્ઞાનમાં સમાવિષ્ટ અંદરમાં થઈ જાય છે. સમજાણું કાંઈ? રતનલાલજી! ... રામસ્વરૂપજી ત્યાં બેઠા છેને. સમજાણું કાંઈ? જુઓ!

સાત તત્ત્વની શ્રદ્ધા છે કે નહિ? સાત તત્ત્વની શ્રદ્ધા કહીને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. હવે એમાં જીવ અને અજીવ તો બે દ્રવ્ય છે અને પાંચ તો પર્યાય છે. પર્યાય છેને? આસ્રવ અને બંધ વિકારી પર્યાય છે, સંવર, નિર્જરા અને મોક્ષ

અવિકારી પર્યાય છે. બરાબર છે? સાતમાં. સમ્યગ્દર્શન કરવામાં સાત તત્ત્વ આવે છે કે નહિ? તો કહે છે કે જીવ અને અજીવ તો બે પદાર્થ છે અને આસ્રવ, બંધ આત્માની વિકારી પર્યાય છે. અને સંવર, નિર્જરા, મોક્ષ નિર્વિકારી પર્યાય છે. તો અહીંયા કહે છે, એ આસ્રવ, બંધની અપેક્ષા અહીંયા લીધી કે આસ્રવ, બંધ એટલે જડબંધ નહિ, આત્માની મલિન પર્યાય જ નહોતી થઈ તે થઈ તેથી તેને આસ્રવ કહ્યું. અને એ જ આત્મા ચિદાનંદ આસ્રવમાં રોકાઈ ગયો તેને ભાવબંધ કહ્યું. તો ભાવબંધ અને આસ્રવનું યથાર્થ જ્ઞાન જેને થાય તેને દ્રવ્યસામાન્ય જે દ્રવ્ય છે તેનું જ્ઞાન આવી જાય છે કે દ્રવ્યસામાન્યનું જ્ઞાન કરવાથી આસ્રવ, બંધ, સંવર, નિર્જરાનું જ્ઞાન પણ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? મૂળ વાત લોકોને અંતર્મુખ ચીજ શું છે, કઈ રીતે છે એની ખબર નથી.

અહીંયા આચાર્ય આ જ્ઞેય અધિકારની વાત (કરે) છે. સમ્યગ્દર્શન, જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની વાત છે. જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનો અધિકાર છે. અને જ્યાં એકલો દર્શનનો (અધિકાર) કહ્યો, ત્રિકાળ ચિદાનંદસ્વરૂપ ભગવાનમાં એકાકાર અંતર આશ્રય લે તો સમ્યક્ થશે. એ દૃષ્ટિપ્રધાન સમ્યગ્દર્શનનું કથન છે. સમજાણું કાંઈ? તો કહે છે, જુઓ! 'આવા યથાર્થ જ્ઞાનની અંદર દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જાય છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય...' વિશેષ નામ પર્યાય. આસ્રવ ને બંધ મારી પર્યાય, મારાથી થઈ, હું કરું છું. સંવર, નિર્જરા અને મોક્ષ મારી પર્યાય હું કરનાર છું. આવું પાંચ પર્યાયનું વિશેષનું બરાબર યથાર્થ જ્ઞાન હોય તો એ વિશેષને કરનાર, વિશેષને કરનાર. કરનાર કોણ છે? સામાન્ય. કરનાર કોઈ બીજું નથી. પુણ્ય પાપના પરિણામ અને બંધ-જે રોકાઈ ગયો એ વિકારી ભાવબંધ અને આત્માની સંવર, નિર્જરા શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ વીતરાગી પર્યાય, એ બેયનું વિશેષ જ્ઞાન થાય તો વિશેષને કરનાર કોણ? વિશેષ આવ્યું ક્યાંથી? સામાન્ય છે આત્મા ત્રિકાળ એકરૂપ તે જ વિશેષરૂપ પરિણમ્યો છે. ...ચંદજી! સમજાય છે કે નહિ? થોડું થોડું. ...

આત્મા વસ્તુ છે. જુઓ! શરીર, વાણીને કાઢી નાખો લક્ષમાંથી. શરીર, વાણી પર છે, કર્મ પણ પર છે. થયું? દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે, બાયડી, છોકરા પર છે, લક્ષ્મી આદિ પર છે. રહ્યો એકલો આત્મા. તો આત્માના બે ભાગ. એક ત્રિકાળી સામાન્ય, દ્રવ્ય ત્રિકાળી અને એની વર્તમાન દશા, વર્તમાન હાલત-દશા. હવે હાલતના બે ભેદ. એક મલિન હાલત-આસ્રવ ને બંધ-ભાવબંધ. અને એક નિર્મળ હાલત-પર્યાય. સંવર, નિર્જરા અને મોક્ષ. સમજાણું કાંઈ? તો કહે છે કે એ વિશેષ જે પર્યાય છે એનું યથાર્થ જ્ઞાન થાય તો વિશેષને કરનાર કોણ? સામાન્ય છે. એ સામાન્ય જ વિશેષરૂપ પરિણમન કરે છે. ત્રિકાળ દ્રવ્ય જે છે એ જ વિકારરૂપ પરિણમે છે, જે ત્રિકાળી દ્રવ્ય છે તે જ સંવર અને વીતરાગી ધર્મરૂપ પર્યાયને પરિણમાવનાર છે. શોભાલાલજી! સવારનું સહેલું હતું પણ આકરું પડ્યું હતું, આ તો એનાથી પણ સહેલું છે. સહેલું સમજ્યા? સરલ, આસાન. ...

જુઓ! આ લાકડી છે કે નહિ? તો લાકડી છે તો કાયમ રહેવાવાળા પરમાણુ છે કે નહિ પરમાણુ? તો પરમાણુમાં અવસ્થા થાય છે તે વિશેષ છે વિશેષ, પલટી એ એની વિશેષ દશા થઈ અને સામાન્ય તો પરમાણુ અને પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ એ કાયમ રહેવાવાળા છે અને અવસ્થા થાય છે તે વિશેષ છે. તો એ અવસ્થા વિશેષને કરનાર કોણ? સામાન્ય દ્રવ્ય-પરમાણુ. બરાબર છે?

મુમુક્ષુ :— દ્રવ્યસામાન્ય..

ઉત્તર :— સામાન્ય વિના વિશેષરૂપ પરિણમન કોણ કરે? વિશેષ પરિણમન છે કોનું? સામાન્યનું છે. સોનું છે સોનું, સોનું-સુવર્ણ. સોનાની લગડી સામાન્ય છે. એમાં કુંડળ, કડાંની અવસ્થા થાય છે અવસ્થા વિશેષ, અવસ્થા વિશેષ, એ વિશેષ અવસ્થાને કરનાર સામાન્ય સોનું છે, સોની નહિ.

જયધવલમાં એમ લીધું છે. થોડી સૂક્ષ્મ વાત છે. આ ઇન્દ્રિયો છેને ઇન્દ્રિય, જે તારી જ્ઞાનની પર્યાય થાય છેને, વર્તમાન વિશેષ જ્ઞાનની દશા એ ઇન્દ્રિયો જો કરતી હોય તારી વિશેષ દશા, તો સામાન્ય જે ત્રિકાળ જ્ઞાન છે એણે કર્યું શું? શું સામાન્ય વિશેષના પરિણમન વિનાનું રહ્યું? ચંદુભાઈ! ..ભાઈ! શું કહ્યું? આ પાંચ ઇન્દ્રિયો છેને? અમારી જ્ઞાનની વર્તમાન વિશેષ દશા, પર્યાય-દશા, પર્યાય કહો કે વિશેષ કહો, એ એનાથી—ઇન્દ્રિયોથી થઈ. તો આચાર્ય કહે છે, સાંભળ! જો ઇન્દ્રિયોથી થઈ તો તારો જ્ઞાનગુણ ત્રિકાળ છે, ત્રિકાળ જ્ઞાનગુણ એ ગુણ વિશેષ વિના રહ્યો? પર્યાય વિના રહ્યો કે એ પર્યાય વિશેષને ઇન્દ્રિયોએ કરી? ઇન્દ્રિયોએ કરી જ નથી. એ જ્ઞાનગુણ જે ત્રિકાળ સામાન્ય એકરૂપ છે એ જ પર્યાયપણે, વિશેષપણે પરિણમિત થાય છે, કર્તા થાય છે. મીઠાલાલજી! ... સહેલુંસટ કરી નાખ્યું.

વર્તમાન પર્યાયનું જો યથાર્થ જ્ઞાન થાય તો વિશેષ પર્યાયને કરનાર દ્રવ્ય છે. એનું કર્તા દ્રવ્ય છે. તો દ્રવ્યનું જ્ઞાન થયા વિના પર્યાયનું યથાર્થ જ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :— ... આવી જાય છે.

ઉત્તર :— આવી જાય છે. આવી જાય છે સમજ્યા? આ જાતા હૈ. વચ્ચે થોડી ગુજરાતી આવી જાય. રતનલાલજી! સમજાણું? આ બીજી વાત છે હોં! તમાકુ ને બીડીમાં ધમાધમ થતી હોય, એના કરતાં આ બીજી વાત છે. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા ફરમાવે છે, સાંભળ એક વાર. અમે એમ કહ્યું, સર્વજ્ઞે કહ્યું એમ કુંદકુંદાચાર્ય કહે છે, ત્રિલોકનાથ વીતરાગની વાણીમાં આવ્યું એમ કુંદકુંદાચાર્ય કહે છે, આ તો પ્રવચનસાર છેને. પ્રવચન એટલે વીતરાગના પ્ર—વિશેષે વચન એટલે ઊંચા વચન તે દિવ્યધ્વનિ. પ્રવચન કહો કે દિવ્યધ્વનિ કહો. ભગવાનના મુખે દિવ્યધ્વનિ નીકળી એનું નામ પ્રવચન. દિવ્ય એટલે પ્ર અને ધ્વનિ એટલે અવાજ, વચન. તો ભગવાનના મુખે દિવ્યધ્વનિ નીકળી એમાં એમ આવ્યું છે... અહીંયા ગાથામાં કહે છે, કે તારી વિકારી પર્યાય

તારાથી થાય એ નિશ્ચયનય પોતાને સિદ્ધ કરવા માટે સાધકતમ છે. અને પરનું કાર્ય આત્મા કરે એ આત્માની સ્વતંત્ર પર્યાયને સાધવામાં—સિદ્ધ કરવામાં સહાયક છે જ નહિ. સમજાણું કાંઈ? કહ્યું કે, જયધવલમાં એમ લીધું કે તું આત્મા છે કે નહિ? છું. તો એમાં જ્ઞાનશક્તિ ત્રિકાળ પડી છે કે નહિ ગુણ? ગુણ કાયમ છે કે નહિ? છે. ગુણ કાયમ રહે. જેમ સોનું. સોનામાં જે પીળાશ છે પીળાશ, એ પીળાશ કાયમ રહે છે કે નહિ? કાયમ રહે છે. તો કાયમ રહેનાર પીળાશને સામાન્ય કહેવું. અને એની કુંડળ, કડાની અવસ્થા થાય છે તેને વિશેષ (કહે છે). એ વિશેષને કરનાર કોણ છે? સામાન્ય છે તે વિશેષને કરનાર છે. સામાન્ય વિશેષરૂપે પરિણમે છે. એ વિશેષનું પરિણમન કોઈ નિમિત્તથી, રાગથી કે પરથી થાય છે એમ નથી.

પોતાનો જ્ઞાનગુણ 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' એમ દ્રવ્યસંગ્રહમાં લખ્યું છેને? પોતાની પર્યાય જે ઉપયોગ જાણવું દેખવું થાય છે એ ભગવાનની વાણીથી નથી થતું. વાણી તો પર ચીજ છે.

મુમુક્ષુ :— ભગવાને કહ્યું એનાથી નહિ?

ઉત્તર :— ભગવાને કહ્યું એનાથી જ્ઞાનપર્યાય (થતી નથી). એ જ્ઞાનપર્યાયે ઇન્દ્રિય દ્વારા જાણ્યું એ ઇન્દ્રિય છે તો જ્ઞાનપર્યાય છે એમ નથી. એમ હોય તો ત્રિકાળી ભગવાન જ્ઞાનગુણસંપન્ન પ્રભુ ચૈતન્ય, જેમ સુવર્ણમાં પીળાશ કાયમ છે, એ જ વર્તમાન અવસ્થામાં સામાન્ય ગુણ અને દ્રવ્ય જે એકરૂપ છે તે જ વિશેષ અવસ્થારૂપે પરિણમે છે. તો વિશેષ અવસ્થાની કર્તા તો પીળાશ અને સોનું છે. એમ પોતાની જ્ઞાનની ઉપયોગની દશા-જાણવા-દેખવાની દશા એના વિશેષને કરનાર કોણ? ઇન્દ્રિયો? ઇન્દ્રિય કરનાર હોય તો આત્મા સામાન્યએ કર્યું શું? પૂરનચંદજી! સમજાણું કે નહિ? હજી સૂક્ષ્મ પડે છે. એકમાંથી બીજી (વાત).

કહે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે કે નહિ? ત્રિકાળ સ્વરૂપ છે કે નહિ જ્ઞાન? એ ગુણ છે કે પર્યાય છે? ત્રિકાળ ગુણ છે, એ ત્રિકાળ ગુણ—શક્તિ ત્રિકાળ છે. જેમ કેરી હોય કે નહિ? કેરી કહે છેને? આમ-કેરી. એ કેરી છે એમાં પહેલા લીલી હતી પછી પીળી થઈ. તો લીલી અને પીળીને અવસ્થા કહે છે. અવસ્થા નામ વિશેષ. અને કેરીનો રંગગુણ જે અંદર કાયમ પડ્યો છે પરમાણુમાં એ રંગગુણ સામાન્ય કાયમ રહેવાવાળો છે. અને લીલી, પીળી (અવસ્થા) થઈ તે એનું વિશેષ છે. તો લીલી, પીળી અવસ્થાને સામાન્યએ કરી છે. બીજાએ કરી નથી. થડે કરી નથી. થડને શું કહે છે? ... અહીં ના પાડે છે. તારી દૃષ્ટિ અસત્ય છે. સાંભળ! એ લીલીમાંથી પીળી થઈ અને ખાટામાંથી મીઠી પર્યાય થઈ તે વિશેષ છે. ક્યાંથી વિશેષ આવ્યું? સામાન્ય એમાં રસગુણ અને રંગગુણ જે ત્રિકાળ પરમાણુમાં પડ્યા છે એ જ સામાન્ય પરિણમન કરીને લીલામાંથી પીળી અને ખાટીમાંથી મીઠી થઈ છે. તો એ વિશેષ પર્યાયને કરનાર એ પરમાણુના ગુણ અને પરમાણુ છે. બીજો નથી.

એમ તારા આત્મામાં વસ્તુ આત્મા છે એમાં જ્ઞાનગુણ ત્રિકાળ પડ્યો છે. જેમ પરમાણુમાં

રંગ અને રસ પડ્યા છે, એમ આત્મામાં જ્ઞાન, દર્શન અને આનંદ ત્રિકાળ પડ્યા છે. એની વર્તમાન અવસ્થા એ ગુણરૂપ દ્રવ્યનું પરિણમન છે. એ પરિણમન ન થાય તો પર્યાય વિના દ્રવ્ય રહી શકે નહિ. મોતીલાલજી! ભારે વાત ભાઈ! જૈનદર્શનમાં આવીને શું તત્ત્વ છે એ સાંભળવા (મળતું નથી). બહારમાં આમ કરો ને તેમ કરો, ... કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને દાન દો ને વ્રત પાળો. ધૂળમાં એમાં કંઈ નથી, સાંભળ તો ખરો. હજી ધર્મ શું છે એની ખબર નથી. મહેન્દ્રભાઈ! બરાબર છે?

ભગવાન! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગનો પંથ છે. આ કોઈ આલીદુઆલી સાધારણ માની લે એવી ચીજ નથી. જેને ગણધર માને છે, ઈન્દ્ર સાંભળે છે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકર પાસે, એ જ વાણી ભગવાને કહી તે જ કુંદકુંદાચાર્ય, મહાવીરપ્રભુથી પરંપરા આવી હતી, સર્વજ્ઞ પરમાત્મા પાસે ગયા હતા, પોતાની જ્ઞાનપર્યાય ત્યાં પોતાથી થઈ છે એ જગતને કહે છે. સમજાણું કાંઈ? તો કહે છે...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમાંથી પર્યાય આવી, પરિણમી. વિભાવ અને સ્વભાવરૂપી પર્યાય, રાગ અને વિકાર ને અવિકારી પર્યાયને કરનાર દ્રવ્ય છે. નિમિત્ત નહિ, કર્મ નહિ, પર નહિ, દેવ-ગુરુ-શાસ્ત્ર નહિ, સ્ત્રી, કુટુંબ નહિ. સમજાણું કાંઈ?

તો કહે છે, 'જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય તો...' એ વિશેષોને કરનાર, વિશેષોને રચનાર, વિશેષરૂપ થનાર, વિશેષરૂપ થનાર. વિશેષરૂપ કોણ થાય છે? સામાન્ય જ્ઞાન ત્રિકાળ. સામાન્ય જે દ્રવ્ય છે, ગુણ છે તે વિશેષરૂપ થાય છે. વિશેષને કરનાર 'એવા સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ.' સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. વિશેષનું પર્યાયની સ્વતંત્રતાનું જ્ઞાન થયું, વિકારી કે અવિકારી પર્યાયનો હું જ કર્તા છું એવું વિશેષનું જ્ઞાન થયું તો એનું કરનાર સામાન્ય છે તેનું જ્ઞાન થાય જ છે. આ પર્યાયને કરનાર ક્યાંથી આવ્યો? પર્યાયમાં કોણ પરિણમ્યું? સામાન્ય જે ત્રિકાળ છે તે પરિણમન કરે છે. સમજાણું કાંઈ? આ તો હજી નવ તત્ત્વમાં ભિન્ન ભિન્ન પર્યાય કેવી છે એની વાત કરે છે. 'જ્ઞાન હોવું જ જોઈએ.'

'દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના...' જુઓ! શું કહ્યું? વસ્તુ એક સમયમાં ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એવા દ્રવ્યનું, ધ્રુવપણાના સામાન્યપણાના જ્ઞાન વિના 'પર્યાયોનું યથાર્થ જ્ઞાન હોઈ શકે જ નહિ.' દ્રવ્ય દ્રવ્ય વસ્તુ જે ચિદાનંદ ધ્રુવ ચિદાનંદમૂર્તિ ધ્રુવ ધ્રુવ નિત્ય એવા ધ્યેયનું. સામાન્ય કહો, ધ્રુવ કહો, સદશ કહો, એકરૂપ વસ્તુ કહો, એવા જ્ઞાન વિના એના પર્યાયને કરવાવાળાનું જ્ઞાન વિના, પર્યાયને કરવાવાળાના જ્ઞાન વિના કાર્યનું જ્ઞાન યથાર્થ હોતું નથી. ભગવાન! સમજાણું કે નહિ? શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હજી ફરમા દીજીયે.

'દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના...' દેખો! શું? જે રાગ દ્વેષની પર્યાય અને ધર્મની પર્યાય એને કરનાર આત્મા છે, દ્રવ્ય છે, દ્રવ્ય છે. તો જેને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે એને કરનારનું જ્ઞાન થયા વિના પર્યાયનું જ્ઞાન યથાર્થ થતું નથી. અપવાસ કરી નાખો, પોષા કરો, પોષા કરો, અપવાસ કરો. કર્મ ખરી જશે. તપ કરો, નિર્જરા થઈ જશે. મફતનો કાળ જાશે, સાંભળને હવે. શેઠ! કડક વાત છે હોં! અપવાસ કરી નાખો બે, ચાર, પાંચ, પચ્ચીસ ... ૧૧૮ અઠાઈ કરી હતી હમણા ત્યાં પાલીતાણા. દોઢ માસ ને ... લોકો રાજી રાજી. હવે સાંભળને ભાઈ! એ તો રાગ કદાચિત્ મંદ આહાર પ્રત્યે કર્યો હોય, પુણ્ય થશે. પણ મેં આહાર છોડ્યો ને મેં આહાર ત્યાગ્યો, જડનો મેં ત્યાગ કર્યો તો મારે તપસ્યા થઈ અને એ મંદ રાગમાં મને ધર્મ થયો એવી માન્યતા મિથ્યાત્વભાવને પોષણ કરનારી છે.

મુમુક્ષુ :— પુણ્ય પણ ન રહ્યું.

ઉત્તર :— પુણ્ય પણ ક્યાં રહ્યું? પહેલા કહ્યુંને, રાગની મંદતા હોય તો એટલું પુણ્ય છે. પણ સાથે એ આહારનો મેં ત્યાગ કર્યો, જડનો મેં ત્યાગ કર્યો, જડનો મેં ત્યાગ કર્યો તો મારે અપવાસ થયો. તો જડના ત્યાગ-ગ્રહણ (માને) એ તો મિથ્યાદષ્ટિ છે. જડના ત્યાગ ગ્રહણ આત્મામાં છે જ નહિ. આત્માએ જડને ગ્રહણ કર્યું નથી કે આત્મા જડ છોડી દે. આત્મા રાગને ગ્રહણ કરે અને રાગને છોડે એ પણ અશુદ્ધનયનું વ્યવહારનયનું કથન છે. અશુદ્ધનય. એ તો ગ્રહણત્યાગનો તો પ્રશ્ન ઉઠ્યો છે. આત્મા વિકારને ગ્રહણ કરે છે અને વિકારને છોડે છે. એ ખરેખર અશુદ્ધનય છે. પણ પરની અપેક્ષાથી એને શુદ્ધદ્રવ્ય, પોતાની પર્યાયને સિદ્ધ કરવી હોય ત્યારે શુદ્ધદ્રવ્યનું કથન કહેવામાં આવ્યું છે. ખરેખર તો વિકાર અસદ્ભુત વ્યવહારનય છે. પણ અહીંયા પરની અપેક્ષા લીધી નહિ અને પોતાથી વિકાર થયો છે એટલું સિદ્ધ કરવા માટે અશુદ્ધનય, પોતાની પર્યાય અશુદ્ધ છે તેને શુદ્ધ કહેવામાં આવ્યું છે. કેમકે સ્વતંત્રતાની સિદ્ધિ કરે છે માટે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એટલું સિદ્ધ કરવા માટે નિશ્ચયનયના કથનમાં નિશ્ચયનયનો વિષય કહેવામાં આવ્યો છે. તો કહે છે, એવું કેમ કહ્યું? અને એને તમે સાધકતમ કહો છો. વિકાર પોતાથી કરવામાં આવ્યો, વિકાર પોતાથી થયો એ વાતને તમે સાધક કહો છો. સાધક, એ મદદ કરે છે ધર્મમાં સાધકતમ છે એવું આપે કેમ કહ્યું? એમ શિષ્યનો પ્રશ્ન છે. તો એના ઉત્તરમાં કહે છે, સાંભળ!

'દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના પર્યાયોનું યથાર્થ જ્ઞાન હોઈ શકે જ નહિ.' હજી તો દ્રવ્ય અને પર્યાય કોણ, કેટલાકે તો નામેય સાંભળ્યા ન હોય. ..ભાઈ! દ્રવ્ય-પર્યાય સાંભળ્યું હતું થોડા વર્ષ પહેલા? ભગવાન જાણે દ્રવ્ય પર્યાય. અને આ હુશિયાર માણસ કહેવાય લ્યો. મોટા કારખાનાના માલિક. સમજાણું કાંઈ? ધૂળમાંય પરનું કરી શકે નહિ.

અંદરમાં રાગ આવ્યો એ રાગને કરનાર આત્મા છે, એ વિશેષ દશા છે, પોતાની વિશેષ દશાની સ્વતંત્રતાને સિદ્ધ કરે છે, પરતંત્રતાનો નિકાલ કરે છે એ અપેક્ષાથી શુદ્ધનય નિશ્ચયનય સાધકતમ કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પર્યાય કોની છે? અને પર્યાય કરનાર કોણ છે? એનું જ્ઞાન કરાવવામાં એ જ્ઞાન થયું તો પર્યાયનું જ્ઞાન યથાર્થ થયું.

'દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના...' એમ ન થયું, જુઓ! આ પરની દયા પાળે છે, ... નથી ખાતો, આમ ખાય છે, એ સિદ્ધ કરે છે આત્માની પર્યાય અને એ સિદ્ધ કરે છે દ્રવ્ય. એમ નથી. એ તો જડની પર્યાય સિદ્ધ કરે છે. આમ આમ થાય છે એ તો જડની પર્યાય સિદ્ધ કરે છે. આવું કાર્ય થાય છે એને કરનાર તો પરમાણુ દ્રવ્ય સામાન્ય છે. એનાથી વિશેષ અવસ્થા થઈ છે. અહીંયા તો વિકારી પર્યાય અને અવિકારી (પર્યાય), છે તો પહેલા વિકારી પર્યાયની વાત, પણ એમાં ૧૨૬મી ગાથામાં લીધું છે એની સાથે મેળ કરીને પંડિતજીએ અહીંયા નાખ્યું. ૧૨૬ ગાથામાં પહેલા લીધું છે. કર્તા, કર્મ, કરણ અને સંપ્રદાન ફળ. હું આત્મા એકલો જ વિકારને કરવાવાળો છું, વિકારનું કાર્ય મારું છે, વિકારનું કરણ નામ સાધન પણ હું છું અને વિકારનું ફળ ભોગવવાવાળો હું એકલો છું એમ ૧૨૬ ગાથામાં આવી ગયું. નીચે લખ્યું છે. '(વિશેષ માટે ૧૨૬મી ગાથાની ટીકા જુઓ).'

અને એમાં ત્યાં સુધી લખ્યું છે, બેય વાત લખી છે કે હું જ એકલો જ્ઞાની થયો, મુમુક્ષુ થયો, તો હું જ મારા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનો કર્તા હું જ છું. વિકલ્પ નહિ. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનું કાર્ય મારું જ છે. વિકલ્પ આવ્યો એનું નહિ. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનું કરણ નામ સાધન હું જ છું. વિકલ્પ સાધન નથી અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનું ફળ મારા શુદ્ધ આનંદનો અનુભવ એ હું જ છું. એમાં ચાર કારક લીધા છે. ૧૨૬માં ચાર કારક લગાવ્યા છે. ષટ્કારક લગાવ્યા છે ૧૬મી ગાથામાં. ૧૬મી ગાથામાં સ્વયંભૂની, એમાં ષટ્કારક લગાવ્યા છે અને ૧૨૬માં ચાર કારક લગાવ્યા છે. સમજાણું કાંઈ? ૧૬મી ગાથામાં ભલામણ છે, ૧૨૬માં ૧૬ની ભલામણ છે, આ ૧૮૯માં ૧૨૬ની ભલામણ છે. નહિ તો કામ શું છે? ... તો જાવું ક્યાં છે એને? રખડવું છે ચાર ગતિમાં? એ તો પડી છે અનાદિ કાળમાં ચોર્યાશીના અવતારમાં રખડે જ છે. ધર્મને નામે તપ ને જ્ઞાન ને આ કર્યું ને તે કર્યું ને શાસ્ત્ર કર્યા ને ભણતર ભણ્યો ને આમ કર્યું ને અપવાસ કર્યા ને સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા, બધા મિથ્યાદૃષ્ટિના ભાવ છે. શું કર્યું? રાગ કર્યો એમાં ધર્મ ક્યાં આવ્યો? એ તો રાગની ક્રિયાના પરિણામ છે. સમજાણું કાંઈ? માંગીલાલજી! ...

આહા..! પ્રભુ! તું તો વિકાર કરવામાં પણ નિરપેક્ષ છો, પરની અપેક્ષા વિના વિકાર

કરવાની અપેક્ષા તારાથી છે અને ધર્મ કરવાની પર્યાયમાં પણ નિરપેક્ષ છો. એ ૧૬મી ગાથામાં કહ્યું છે. અરે..! શું પરની સામગ્રી શોધવામાં વ્યગ્ર થાય છે? પરની સામગ્રી આ હોય તો મારું કલ્યાણ થાય, આ હોય તો મારું કલ્યાણ, આ હોય તો.. શું વ્યગ્ર થઈ રહ્યો છો? તારા આત્મામાં પણ સ્વતંત્ર, પરની સામગ્રીના નિમિત્તની અપેક્ષા વિના અંતર શુદ્ધ ચૈતન્યના સ્વભાવથી નિરપેક્ષતાથી તારી મોક્ષની પર્યાય અને મોક્ષમાર્ગની પર્યાય થાય છે. એવો અનુભવ અને નિર્ણય કર. સમજાણું કાંઈ? ભારે કઠણ જગતને. વીતરાગ ધર્મ સાંભળવા મળ્યો નથી અને વીતરાગના નામે બધું ખતવી નાખ્યું. ખતવી નાખ્યુંને શું કહે છે? ખતવણી કરી નાખી ખતવણી કે અમે ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. વીતરાગની આજ્ઞા પ્રમાણે અપવાસ કર્યા. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. ઈ અપવાસ-બપવાસ બધી લાંઘણું છે. સમજાય છે કાંઈ?

હજી આત્મા સામાન્ય કોણ અને વિશેષ કોણ? કોણ છે બેમાં-એમાં? અને વિશેષમાં જે વિકલ્પ ઉઠે છે ક્યા પ્રકારના? એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જપ, તપના વિકલ્પ ઉઠે છે શુભરાગ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના અશુભરાગ, બેય વિકારી પર્યાય આત્મા પોતાથી કરે છે. બાહ્યનો ત્યાગ થયો તો રાગ થયો એમ પણ નથી. આજે આહાર છોડ્યો, છૂટ્યો તો મને રાગ થયો-એમ નથી.

મુમુક્ષુ :— કર્મના ઉદયે...

ઉત્તર :— કર્મના ઉદયની તો વાતેય અહીંયા ક્યાં છે. પોતાની પર્યાયમાં સ્વતંત્ર થઈને.. પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં લીધું, સ્વતંત્ર આત્મા વિકાર કરવામાં પણ નિરપેક્ષ, પરની અપેક્ષા વિના નિરપેક્ષ વિકાર પોતાથી થાય છે. અને કર્મની પર્યાય પુદ્‌ગલની જે કર્મરૂપ થાય છે, સવારે ગુણ-દોષ કહ્યા હતાને? બહુ સૂક્ષ્મ પડ્યું. પુણ્ય અને પાપની પર્યાય જડમાં જે જડની થાય છે અશાતા આદિ, એ પણ આત્માના રાગની અપેક્ષા વિના નિરપેક્ષ એમાં પરિણતિ-પર્યાય જડમાં થાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વાત જ ખોટી છે. એમ કહેવું એ વ્યવહારનયનું લક્ષ છે અને તેને છોડવાલાયક છે. એ તો અહીંયા ભગવાન પોકાર કરે છે. ... કેમ રામસ્વરૂપજી! બરાબર છે?

મુમુક્ષુ :— મૂળમાં ભૂલ..

ઉત્તર :— મૂળમાં ભૂલ. આપણે પુસ્તક છપાવ્યું છેને ઉપાદાન-નિમિત્તનું. 'મૂળમાં ભૂલ' નામ રાખ્યું છે. મૂળમાં ભૂલ. પાણી પાવું (હતું) આંબાને અને પાણી પાયું બોરડીને. બોરડી સમજ્યા? શું કહે છે? બોર. એમ કે આંબો પાકશે. ધૂળમાંય નહિ થાય. આંબો ક્યાંથી આવશે? પાણી પાયું બોરડીને. આવડા આવડા આંબા આવશે. ઝાડ છે બોરડીનું મૂળ છે. એમ પરનો હું કર્તા છું અને પરથી મને રાગ થાય છે અને રાગથી મને ધર્મ થાય છે. મૂળિયા જ ખરાબ

છે, અજ્ઞાન છે. અને અજ્ઞાનની રુચિનું પોષણ કર્યું (અને માન્યું કે) કલ્યાણ થશે. ધૂળમાંય નહિ થાય, રખડવાનું થશે. સમજાણું કાંઈ? કઠણ પડે. અહીં તો જંગલમાં રહ્યા એટલે અહીં કોઈનો ... નહિ. નહિતર બીજા સંઘમાં રાખે નહિ. કેમ શેઠ? સમજાણું કાંઈ? હવે સાંભળને, તારે સાંભળવું હોય તો સાંભળ, માનવું હોય તો (માન). ક્યાં ગયા ઉત્તમચંદભાઈ? ત્યાં બેઠા પાછળ? આ રહ્યા. સમજાય છે આમાં?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ... અને લોજીક યુક્તિથી તો સિદ્ધ કરે છે. તારી પર્યાય વિકાર હો કે ધર્મની પર્યાય હો, એ પર્યાય નામ વિશેષ અવસ્થા છે. અને વિશેષ અવસ્થા... કેમકે ધર્મની પર્યાય કંઈ ત્રિકાળ નથી રહેતી, એ તો નવી પ્રગટે છે અને વિકાર પણ ત્રિકાળ દ્રવ્ય-ગુણમાં નથી, નવા ઉત્પન્ન થાય છે. નવી જે દશા થાય તેને વિશેષ કહે છે. અને કાયમ રહેવાવાળી શક્તિ હોય તેને સામાન્ય કહે છે. બરાબર છે? તો કહે છે કે જો વિશેષનું યથાર્થ જ્ઞાન થાય, સામાન્યના જ્ઞાન વિના (થાય નહિ). કેમ? એ વિશેષ જે પર્યાય છે, વિકારી કે અવિકારી, એને કરનાર તો સામાન્ય દ્રવ્ય છે. તો વિશેષનું જ્ઞાન, સામાન્યના જ્ઞાન વિના વિશેષનું જ્ઞાન થતું નથી. અને એનું જ્ઞાન અંશીના જ્ઞાન વિના થતું નથી. ધ્રુવના જ્ઞાન વિના એની વિશેષ કાર્યની દશાનું જ્ઞાન થતું નથી.

'માટે ઉપરોક્ત નિશ્ચયનયમાં...' દેખો! 'માટે ઉપરોક્ત...' ઉપર ઉક્ત. ઉપર કહી એ નિશ્ચયનયમાં. ઉપર કહ્યુંને? સાધકતમ કહ્યુંને? '**સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક...**' છે. દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક છે. ચંદુભાઈ! પોતાની સ્વતંત્રતાનો દ્યોતક એનું નામ શુદ્ધતાનો દ્યોતક છે—પ્રકાશક છે. 'નિશ્ચયનયમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે.' નિશ્ચયનયમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન, ઉપરોક્ત કથન જે કહ્યું એમાં ગર્ભિતપણે સમાઈ જ જાય છે. 'જે જીવ બંધમાર્ગરૂપ પર્યાયમાં...' દેખો! બંધમાર્ગરૂપી વિકારી પર્યાય. પુણ્ય હો કે પાપ હો, વિકારી પર્યાય એ બંધમાર્ગ છે. વિકારી દશા બંધમાર્ગ છે. છે પોતાની પર્યાય, પોતામાં છે. પણ બંધનો માર્ગ છે. 'તેમ જ મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં...' અને મોક્ષમાર્ગની પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પોતાના શુદ્ધ ચૈતન્યના અવલંબનથી પર્યાય થાય છે તેમાં 'આત્મા એકલો જ છે...' બેયમાં આત્મા એકલો જ છે. વિકાર બંધમાર્ગમાં આત્મા એકલો જ કરે છે બંધની પર્યાય અને મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય પણ આત્મા એકલો જ કરે છે. બે થઈને થાય છે એમ નથી.

મુમુક્ષુ :— વિકાર અવસ્થા પણ આત્મા જ કરે છે.

ઉત્તર :— આત્મા જ કરે છે. વિશેષ એની અવસ્થા છેને. તો વિશેષ કોણ કરે? સામાન્ય કરે કે વિશેષ બીજું કોઈ કરી દે? સામાન્ય કરે. તો વિકારી પર્યાય પણ વિશેષ છે, એ પણ સામાન્ય કરે. કે બીજો કર્મ-બર્મ કરી દે? એમ છે જ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, મોક્ષમાર્ગની પર્યાયમાં આત્મા એકલો જ છે. એકલો જ છે. એ ૧૨૬મી ગાથામાં આવ્યું છે. એટલે લીધું છે. ૧૨૬માં છેને? એકલો જ છે. કાલે બતાવ્યું હતું. બંધમાર્ગ અને મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે. બતાવ્યું હતું? ૧૨૬ ગાથા. દેખો! ૧૨૬ છેલ્લો પેરેગ્રાફ. ગુજરાતીમાં ૨૪૯ પાનું. '**આ રીતે બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે...**' સંસ્કૃત છે, અમૃતચંદ્રાચાર્યનું કથન છે. પાંચ-પચ્ચીસ રૂપિયાની ખોટ જાય તો નામું લખવામાં આખી રાત ગાળે. ... શેઠ! આમાં નિર્ણય કરવાનો વખત ન મળે. રતનલાલજી! આડતિયા સાથે પાંચ રૂપિયાનો ફેર પડે તો.. ક્યાં ગયા? વાણિયા કહે છેને, હિસાબ કોડીનો, બક્ષિસ લાખની. ... પણ હિસાબ તો પાઈ પાઈનો કરવો. એમ વસ્તુનું સ્વરૂપ શું છે એનો હિસાબ એણે બરાબર કરવો જોઈએ. આવો નિર્ણય ... રાગ-દ્વેષ થાય છેને? થાય છે, એટલો ચારિત્રદોષ છે, પણ તારું સમ્યગ્દર્શન જાતું નથી. તમે કહો છો કે રાગ-દ્વેષ નથી, રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ થાય તો છે. તમે કહો છો કે આત્માના નથી. પહેલા કહ્યું કે આત્માના છે. એ તો સામાન્યનું જ્ઞાન કરાવવા કહ્યું. સામાન્ય વિશેષરૂપ પરિણમે છે. તો સામાન્યનું જ્ઞાન થયું એમાં રાગની પર્યાય પોતામાં છે પણ ભિન્ન તરીકે જ્ઞાની જાણે છે. એ ભિન્ન તરીકે જાણવું, એમાં રાગ આવે તો છે, પણ પ્રતીતિ યથાર્થ અનુભવ થયા તો રાગ આવે છે એ ચારિત્રદોષમાં છે, શ્રદ્ધાદોષમાં નથી. એની ખતવણીના દોષમાં નથી. અહીંયા હિસાબ તો પાઈ પાઈનો લેવાનો છે. રાગ આવે છે, .. પણ આવે છે, અશુભ છે તો એ ચારિત્રદોષ છે, શ્રદ્ધાનો દોષ નથી. સમજાણું કાંઈ? પણ શ્રદ્ધામાં જ્યાં ખતવણી કરી નાખે કે વિકાર પર કરાવે છે અને પુણ્ય દયાના પરિણામથી ધર્મ થાય છે, તો તારી ખતવણી ઊંધી છે. તારા આંકડા જ નહિ મળે, હિસાબ નહિ મળે. સમજાણું કાંઈ? '**આ પુરુષ પરમાણુની માફક...**' છેને? એકલો છે, એકલો છે. દેખો! એમાં ઘણું લીધું છે. બધી વાત ઘણી લીધી છે, ૧૨૬માં ઘણું લીધું છે ...

અહીંયા કહે છે, 'જે જીવ બંધમાર્ગરૂપ પર્યાયમાં...' અત્યારે ચાલે છે એમાં. 'તેમ જ મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં...' પર્યાય એટલે અવસ્થામાં 'આત્મા એકલો જ છે...' કથંચિત્ કરો. પણ નિશ્ચયનયે તો એમ જ છે. નિશ્ચયમાં એકલો (પણ) છે અને નિશ્ચયમાં પરની અપેક્ષા પણ છે એમ નિશ્ચયમાં છે જ નહિ. શું કહ્યું? અનેકાંત કહે છેને? 'જ' નહિ લગાવો. નિશ્ચયમાં પોતાથી જ છે તે નિશ્ચય છે. પ્રમાણજ્ઞાન કરવા માટે લે તો નિશ્ચયથી પોતાથી છે, વ્યવહારથી પરનો કર્તા છે એમ ઉપચારનું જ્ઞાન કરવાનું કહ્યું છે. સમજાણું કાંઈ? 'એમ યથાર્થપણે (દ્રવ્યસામાન્યની અપેક્ષા સહિત)...' વસ્તુ એક સમયમાં સામાન્ય ધ્રુવ ત્રિકાળ છે એની અપેક્ષા સહિત 'જાણે છે,...' વર્તમાન વિકારી પર્યાય મારાથી થાય છે અને મોક્ષમાર્ગની પર્યાય વિશેષ મારાથી થાય છે એવું સામાન્ય દ્રવ્યનું જ્ઞાન કરે છે તે અપેક્ષા સહિત પર્યાયને જાણે છે 'તે જીવ પરદ્રવ્ય વડે સંપૃક્ત થતો નથી...' તે પરદ્રવ્યનો સંબંધ કરતો નથી. પરદ્રવ્યનું લક્ષ

એનું છૂટી જાય છે. સમજાણું કાંઈ? અલૌકિક ચૈતન્ય! નવ તત્ત્વ, સાત પદાર્થને સિદ્ધ કરે છે. સાત પદાર્થમાં પાંચ પર્યાય છે અને તું જીવદ્રવ્ય છો. એ પર્યાય તારાથી તારામાં છે. એ પર્યાયને કરનાર સામાન્ય ત્રિકાળી દ્રવ્ય છે. આવું જ્ઞાન થયા વિના પર્યાયનું જ્ઞાન થતું નથી.

'દ્રવ્યસામાન્યની અંદર પર્યાયોને ડુબાડી દઈને...' હવે એવી વાત લીધી. શું કહે છે? કે વર્તમાન પર્યાય બંધની કે મુક્તની, રાગ આવે છે, અરાગ પર્યાય વીતરાગી પરિણતિ થાય છે, એ પર્યાય મારાથી થઈ એવું જ્ઞાન સામાન્યના જ્ઞાનમાં આવી જાય છે. પછી એ પર્યાયને ડુબાડીને, વર્તમાન પર્યાયને દ્રવ્યને તરફ વાળીને, સામાન્ય તરફ વાળીને પર્યાયનું લક્ષ છૂટી જાય છે. પર્યાય પોતાથી સામાન્યથી પર્યાય થઈ એમ સામાન્યજ્ઞાનપૂર્વક વિશેષનું (જ્ઞાન) થયું તો એ વિશેષ પર્યાયને સામાન્યને ડુબાડી દીધી. (અર્થાત્) અંતર્મુખ થઈને સામાન્ય દ્રવ્ય છે એનું જ્ઞાન કરનાર વર્તમાન પર્યાયને દ્રવ્યમાં સમાવી દે છે. ભારે ભાષા ભાઈ! 'દ્રવ્યસામાન્યની અંદર પર્યાયોને ડુબાડીને...' ડુબાડી દઈને અર્થ-પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કર્યું તો પર્યાય એમાં ડુબી ગઈ. 'સુવિશુદ્ધ થાય છે.' એવી પર્યાય જ્યાં દ્રવ્ય તરફ ઢળી તો નિર્મળતા, પવિત્રતા પ્રગટ થાય છે. તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

'આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં...' એટલે કે વિશેષના યથાર્થ જ્ઞાનમાં 'દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી...' શું કહે છે? વિશેષના જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન અપેક્ષિત છે. સાથે અપેક્ષા છે જ એમ કહે છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ તો નીચે હોય છે. છઠ્ઠા ગુણસ્થાનની પૂર્ણ પર્યાય ... સમ્યગ્દર્શન ચોથે થાય છે. એવી પર્યાયના જ્ઞાનમાં 'દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી...' વિશેષના જ્ઞાનમાં સામાન્યની અપેક્ષા હોય જ છે. 'અને દ્રવ્ય-પર્યાયોના...' દ્રવ્ય-પર્યાયોના. દેખો! પહેલા (કહ્યું), વિશેષ પર્યાયનું જ્ઞાન સ્વતંત્ર થયું તો દ્રવ્યના જ્ઞાન વિના થતું નથી. પછી કહે છે કે દ્રવ્યસામાન્યમાં એ પર્યાય ડુબી ગઈ. તો દ્રવ્યનું જ્ઞાન થઈ ગયું. હવે 'દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં...' સામાન્ય અને વિશેષના યથાર્થ જ્ઞાનમાં. કર્તા સામાન્ય અને કાર્ય વિશેષ છે એના યથાર્થ જ્ઞાનમાં 'દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી...' હવે અભિપ્રાય આવ્યો. સમજાણું કાંઈ? વિશેષનું જ્ઞાન થયું, વિકારી કે અવિકારીનું, તો એની અપેક્ષા સામાન્ય રાખે જ છે. સામાન્યનું જ્ઞાન થયું. હવે બેયના જ્ઞાનમાં, દ્રવ્ય અને પર્યાય બેયના જ્ઞાનમાં, 'દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી...' બેના જ્ઞાનમાં ત્રિકાળી દ્રવ્યને લક્ષમાં લેવું એવો અભિપ્રાય એમાં આવી જાય છે.

'દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય...' દેખો! સમ્યગ્દર્શનનો અભિપ્રાય ત્રિકાળ સામાન્યનો આશ્રય કરે છે. એક સામાન્ય.. સામાન્ય.. સામાન્ય... એકરૂપ ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય... પર્યાયનું પણ નહિ, રાગનું નહિ, નિમિત્તનું નહિ, પરનું નહિ. એવો સામાન્યના

આલંબનરૂપ અભિપ્રાય 'અપેક્ષિત હોવાથી...' શું અપેક્ષિત હોવાથી? સામાન્યના અને વિશેષના જ્ઞાનમાં. પહેલા (કહ્યું), વિશેષનું જ્ઞાન સામાન્યની અપેક્ષા રાખે છે, માટે સામાન્ય જ્ઞાન આવી ગયું. અને બેયના જ્ઞાનમાં સામાન્યના (આલંબનરૂપ) અભિપ્રાય અપેક્ષિત હોય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેય પ્રકારના. ... એકલા સામાન્ય ઉપર આવી ગયો. આહા..હા..! મહેન્દ્રભાઈ! સમજાણું? બહુ સૂક્ષ્મ વાત છે. આ સમ્યગ્દર્શન કઈ રીતે થાય છે ઈ વાત છે. પહેલા સમ્યગ્દર્શન કઈ રીતે થાય છે ઈ વાત ... લ્યે છે. પછી ધ્યાન શું કરવું... આ પહેલા કરવાનું છે.

'દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય...' આલંબન દેખો! બેયનું જ્ઞાન થયું તો દ્રવ્યના આલંબનપૂર્વકની અપેક્ષા આવી. 'હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.' વિકારની પર્યાયને નિશ્ચયનય કહીને સાધકતમ કહ્યું છે. આવો આશય જોઈને કહ્યું છે. '(વિશેષ માટે ૧૨૬ની ગાથાની ટીકા જુઓ).' લ્યો. પરંપરા આવી ગયું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૯, બુધવાર, તા. ૨૮.૮.૧૯૬૩**
**ગાથા-૧૮૯, ૧૯૦, પ્રવચન-૭૦**

... તો દ્રવ્યસામાન્યનું જ્ઞાન એને યથાર્થ થતું નથી. દ્રવ્યસામાન્યનું કેમ? એ તો આવ્યું આપણે કે વિશેષ પર્યાય જે વિકારી છે તેને કરનાર સામાન્ય છે. વિકારી પર્યાય... રામસ્વરૂપજી! સવારે વાત આવી હતી એ બીજી વાત છે, અત્યારે બીજી વાત છે. બેય મળીને એક જ વાત છે. સવારે તો સ્વભાવ છે એ તેર ગુણસ્થાનનો કર્તા નથી. એ બીજી વાત. એ તો સ્વભાવની ત્રિકાળ દૃષ્ટિમાં ચૈતન્યસ્વભાવમાં તેર ગુણસ્થાન એ પુદ્ગલનું જ કાર્ય છે અને પુદ્ગલનું જ ઈ કર્મ છે. એ બીજી વાત. એ સ્વભાવની દૃષ્ટિ કરાવવા. અહીંયા તો પહેલા પર્યાયમાં સંસારના દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી, વિષય એવા જે શુભાશુભ ભાવ જીવ જ કરે છે અને જીવમાં જ છે અને તેને અહીંયા નિશ્ચય કહ્યું છે. નિશ્ચય નામ સ્વ અપેક્ષાએ નિશ્ચય કહ્યું. ત્યાં તો ત્યાં સુધી કહ્યું કે સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક હોવાને લીધે, એમ કહ્યું. પાઠમાં તો, ટીકા. શુદ્ધ દ્રવ્ય

એટલે કે પર્યાય.

પર્યાયમાં પરની અપેક્ષા વિના વિકારની દશા જીવ કરે છે એવું સાધ્ય શુદ્ધ છે. શુદ્ધ નામ પરની અપેક્ષા નથી. પોતાની વિકારી દશા પોતે કરે છે એ સિદ્ધ થયું. અને આવા વિશેષનું જ્ઞાન યથાર્થ ક્યારે થાય છે? કે એને કરનાર સામાન્ય છે. તો સામાન્યનું જ્ઞાન વિશેષજ્ઞાનમાં ગર્ભિત થઈ જાય છે અને સામાન્ય અને વિશેષનું જ્ઞાન થયું એમાં સામાન્યના આલંબનનો અભિપ્રાય પણ એમાં ગર્ભિત છે. શેઠી! કાલે તો બધું ચાલ્યું હતું. હવે આજ તો ભાઈએ ચંદુભાઈએ કહ્યું, આ અમારે રહી ગયું છે પરંપરાએ. ટીકામાં છે જુઓ! શું કહે છે જુઓ! શિષ્યનો પ્રશ્ન છે, આ જયસેનાચાર્યની ટીકામાં છે. પ્રભુ! **'रागादीनात्मा करोति भुङ्क्ते चेत्येबंलक्षणो निश्चयनयो व्याख्यातः स कथमुपादेयो भवति।'** આપ કહો છો... એમાં નથી ઈ. એમાં નથી, સંસ્કૃત ટીકા છે. શિષ્ય પૂછે છે,... ઈ જયસેનાચાર્યની ટીકા છે. આપ રાગ, દ્વેષ, દયા, દાન, પુણ્ય, પાપ, કામ, ક્રોધ, શુભ, અશુભ એ ભાવ આત્મા જ **'करोति'** અને આત્મા જ **'भुङ्क्ते'** આત્મા જ વિકારને ભોગવે છે. ઈતિ એવ **'लक्षणो निश्चयनयो'** એ આપ નિશ્ચયનયનું લક્ષણ કહો છે. નિશ્ચય નામ સત્ય જ્ઞાનનું લક્ષણ કહો છો. **'स कथमुपादेयो भवति।'** ભગવંત! એ વિકાર પર્યાય કેમ ઉપાદેય થાય?

**'परिहारमाह–रागादीनेवात्मा करोति, न च द्रव्यकर्म,'** વિકારની પર્યાય... રાજારામજી! વિકારની પર્યાય શુભ-અશુભ તું જ કરે છે, નહિ કે દ્રવ્યકર્મ. સમજાણું કાંઈ? જડ કર્મ કરતું નથી. જડ કર્મ વિકાર કરતા નથી. કાલે રાજારામજી બહુ કહેતા હતા કે અમે તો બીજું જ સાંભળ્યું છે અને આ ક્યાં બીજી વાત આવી? અત્યાર સુધી સાંભળ્યું જ છે બીજું. શુભ-અશુભ ભાવ, પાપભાવ-પુણ્યભાવ તો કર્મ હોય તો થાય છે. એવું ક્યાંથી લાવ્યો? કોણે કહ્યું? વીતરાગ તો એમ કહેતા નથી. સર્વજ્ઞ વીતરાગ તો કહે છે કે પુણ્ય, પાપ, દયા, દાન, કામ, ક્રોધ, શુભાશુભ ભાવ તારા છે, શુદ્ધ દ્રવ્યના છે. શુદ્ધ દ્રવ્યનો અર્થ પરની અપેક્ષા વિના તારી પર્યાય છે એ શુદ્ધ દ્રવ્યનું કથન છે. સમજાણું કાંઈ? માંગીલાલજી!

**'न च द्रव्यकर्म'** એમ શબ્દ આવ્યો પાઠમાં. ત્યારે કેમ **'रागादय एव बन्धकारणमिति यदा जानाति'** જવાબ આપે છે હવે કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધના વિકારભાવ એ **'बन्धकारणमिति यदा जानाति'** પોતાના **'जानाति जीवस्तदा रागद्वेषादिविकल्पजालत्यागेन'** પુણ્ય અને પાપ વિકારી (ભાવ) હું કરું છું, મારું કાર્ય છે એમ જો જાણે તો તેને છોડવાનો પ્રયત્ન કરે. પણ કર્મ કરાવે છે તો પછી છોડવાનો પ્રયત્ન ક્યાં રહ્યો? કર્મ કરાવે, કર્મ ખસે તો છૂટશે. મારે છોડવાનો પ્રયત્ન (કરવાની) જરૂર નથી. એમ બતાવવા **'जालत्यागेन रागादिविनाशार्थं'** રાગ-દ્વેષ પોતાથી થાય છે, પુણ્ય-પાપ, કામ, ક્રોધ, શુભ, અશુભ બધું આત્માથી અને આત્મામાં અને આત્માની પર્યાયમાં થાય છે. એમ સમજે તો **'रागादिविनाशार्थं निजशुद्धात्मानं भावयति।'** પુણ્ય-પાપના વિકલ્પ આદિ વિકાર પોતાથી (થયા) છે એમ જાણે

તો 'निजशुद्धात्मानं' એ વિકારને નાશ કરવામાં, હું શુદ્ધ ચિદાનંદ છું એવી દૃષ્ટિની ભાવના કરે. 'ततश्च रागादिविनाशो भवति।' તે કારણે પુણ્ય-પાપનો નાશ થાય છે. શુદ્ધાત્માના આશ્રયે દૃષ્ટિ કરવાથી નાશ થાય છે. પોતાનો માને તો નાશ કરવાનો ઉપાય કરે. પણ વિકાર મારો નથી, ઈ કર્મ કરાવે છે, કર્મ કરાવે છે. નાશ કરવાનો ઉપાય હાથમાં રહ્યો નહિ. કેમ, બરાબર છે? ન્યાં બીજું કહેશે હોં! બીજા પંડિત ન્યાં (બીજું) ખોસશે. કઈ અપેક્ષાથી વાત છે?

'रागादिविनाश चात्मा शुद्धो भवति।' રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકાર હું જ કરું છું, મારી દશામાં છે. મારી દશા, મારી હાલત, મારી સત્તા, મારા સત્ત્વ હયાતીમાં છે એમ જાણે તો રાગ-દ્વેષનો નાશ કરવા માટે શુદ્ધ ચિદાનંદ આત્માની ભાવના કરવાથી વિકારનો નાશ થાય છે અને આત્મા 'शुद्धो भवति। ततः' હવે આવ્યું તમારું. 'परंपरया शुद्धात्मसाधकत्वाद' પરંપરા શુદ્ધ આત્માના સાધકપણાને લીધે 'अशुद्धनयोऽप्युपचारेण शुद्धनयो भण्यते' ઠીક! ભાઈ નવરંગભાઈ! છે તો પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ અશુદ્ધનય, અશુદ્ધનય. કારણ કે મલિન છે. પણ મારામાં રાગ દ્વેષ થાય છે એવો નિશ્ચય કરે તો શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને નાશ કરવાનો પ્રયત્ન કરે. તેથી નાશ કરતાં શુદ્ધ આત્મા થાય છે. એવી 'परंपरया शुद्धात्मसाधकत्वाद' સાધક કહ્યું હતુંને? એનો ખુલાસો કરે છે. શુદ્ધાત્મસાધક. શુદ્ધ ચિદાનંદ આત્મા પરમપવિત્ર. એ વિકારની પર્યાય મારાથી થઈ છે તો મારે શુદ્ધાત્મ સ્વભાવના આશ્રયે નાશ કરવી. એવો પ્રયત્ન કરવાવાળાને 'शुद्धात्मसाधकत्वाद' એ વિકાર મારી પર્યાયમાં મારે કારણે છે એમ જાણે છે તો શુદ્ધાત્મ સ્વભાવના સાધકમાં એ ઉપચાર નીવડ્યો. 'साधकत्वादमशुद्धनयोऽप्युपचारेण शुद्धनयो भण्यते'. છે તો અશુદ્ધ, પણ એને શુદ્ધ કેમ કહ્યું? પવિત્ર આત્મા મારી ચીજ ભિન્ન છે, પુણ્ય-પાપને કરનારો હું છું એમ જાણે તો સ્વભાવમાં અંતર્મુખ થઈને નાશ કરવાનો ઉપાય કરે. નાશ કરીને શુદ્ધાત્મા થાય. તો શુદ્ધાત્મામાં એ અશુદ્ધનય હોવા છતાં એને ઉપચારથી શુદ્ધનય કહેવામાં આવ્યું છે. કહો, શેઠી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— હજી ખુલાસો..

ઉત્તર :— હજી ફરીથી ખુલાસો કરીએ. હિન્દીમાં કરીએ છીએ. હવે હેમરાજજી પંડિતનો ખુલાસો થોડો લેવો છે, જુઓ!

અહીંયા શુદ્ધ દ્રવ્યનું કથન... હવે કહે છે, અહીંયા જે બંધરૂપ નિશ્ચયનય ગ્રહણયોગ્ય કહ્યું છે, હવે હિન્દીમાં ચાલે છે. હેમરાજજી પંડિતે હિન્દીમાં લખ્યું છે. અહીં આ ઠેકાણે પુણ્ય પાપના ભાવ, દયા, દાનના ભાવ, શુભ અશુભ ભાવ, ભક્તિ, પૂજાના ભાવ... દયા, દાનના ભાવ પણ શુભ છે અને ભક્તિ, પૂજાનો પણ શુભ છે, બધા શુભ જ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના અશુભ છે. બેય ભાવબંધ છે, ભાવબંધ. આ ઠેકાણે બંધરૂપ

નિશ્ચયનય ગ્રહણયોગ્ય કહ્યું. ભાવબંધ વિકારને ગ્રહણ કરવાયોગ્ય કહ્યું. એટલા માટે કે આ જીવ પોતાના જ પરિણામોથી પોતાને બંધાયેલો સમજશે. શોભાલાલજી! સમજાણું? જે જીવ પોતાના જ પરિણામોથી પોતાને બંધાયેલો સમજશે તો પોતે જ પોતાને છોડાવશે. પણ પરથી બંધાયેલો માને તો એને છોડાવવાનો પ્રયત્ન કરવો રહ્યો નહિ. પરાવલંબી થયો, એને ચાર ગતિમાં રખડવું પડે. સમજાણું કાંઈ? મોતીલાલજી! ...

જીવ પોતાના જ પરિણામોથી. વિકાર પરિણામ પુણ્ય-પાપના જે શુભાશુભ ભાવમાં પોતાથી જ બંધાયેલો માને, કર્મથી નહિ. મારા વિકાર પરિણામથી હું બંધાયેલો છું, તો પોતે જ પોતાને છોડાવશે. મેં વિકારનું બંધન મારાથી કર્યું છે તો મારા સ્વભાવનો આશ્રય લઈને એ વિકારને છોડવા. પણ વિકાર કર્મ કરાવે છે તો છોડાવવાનો પ્રયત્ન કરવાનો રહ્યો નહિ.

મુમુક્ષુ :— રસ્તો જ ખતમ થઈ ગયો.

ઉત્તર :— રસ્તો જ ખતમ થઈ ગયો. સમજાણું કાંઈ?

તેથી આવી સમજણ કરવા માટે ગ્રહણ કરવાયોગ્ય કહ્યું છે. ગ્રહણયોગ્ય નામ પુણ્ય પાપના શુભ (અશુભભાવ) ગ્રહણયોગ્ય છે. એનો અર્થ છે, આદરણીય કેમ કહ્યું? આદરણીય ગ્રહણયોગ્યનો અર્થ એ કે પોતાથી વિકાર પરિણામ થયા છે. પોતાને ભૂલીને હું બંધાયો છું તો પોતાથી પુરુષાર્થ કરીને છોડાવવાનો પ્રયત્ન કરે. એક વાત અસ્તિથી લીધી, હવે નાસ્તિથી.

અને જો પોતાને બીજા વડે બંધાયેલો માનશે, હવે આવ્યું આ, અને જો પોતાને બીજા વડે (એટલે) કર્મ વડે બંધાયો છું એમ માનશે, જડ દ્વારા હું બંધાયો છું, મારાથી નહિ, તો કદી છૂટવાનો ઉપાય નહિ કરે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કર્મની કૃપા થાય... જેમ કહે છેને, ઈશ્વરની કૃપા થાય તો મુક્તિ (થાય). ઈશ્વરની કૃપા શું કામ કરે અહીંયા? સમજાણું કાંઈ? ભ્રમણા છે. તારી કૃપા, બંધના ભાવ તેં કર્યા તો બંધ છૂટવાની કૃપા તારું કામ છે. કંઈ જડે બંધ નથી કરાવ્યો, જડથી બંધ નથી થયો.

પોતાને પોતાથી વિકારી પર્યાય પોતાથી થઈ, પોતાથી દોષ થયો છે એમ સમજશે તો એ છૂટવાનો ઉપાય કરશે. પણ પોતાને બીજાથી બંધાયેલો માનશે (તો પોતે પ્રયત્ન કરશે નહિ). રતનલાલજી! સમજાય છે કે નહિ? ... પણ પ્રયત્ન કરજો હવે ભાઈ! ઓલું મૂકોને હવે, ક્યાં સુધી કરવું છે? પોતાને બીજા દ્વારા બંધાયેલો માનશે તો કદી છૂટવાનો ઉપાય નહિ કરે. કોઈએ બાંધ્યો, હવે એ આવી છોડે ત્યારે છૂટાશે, મારો તો ઉપાય રહ્યો નહિ. કોઈએ દોરડી બાંધી હોય, ઈ બાંધી ગયો, ક્યાં ગાંઠ બાંધી છે, કેવી રીતે થયું, મારો ખોલવાનો પ્રયત્ન નકામો થશે. એમ જડ કર્મે તને બાંધ્યો હોય તો જડ કર્મ છોડશે ત્યારે છૂટવાનો તારો પ્રયત્ન થશે. એમ છે નહિ. સમજાણું કાંઈ? બહુ ગડબડ છે અત્યારે હોં! જ્યાં ત્યાં

સાંભળીને નિર્ણય નથી કર્યો કે યથાર્થ શું છે. જય ભગવાન!

અને પોતાને બીજા વડે બંધાયેલો માનશે તો છૂટવાનો કદી પોતાથી ઉપાય નહિ કરે. તેથી પોતાને પોતાથી બંધાયેલો માનતા જ, મારા વિકારથી હું બંધાયો છું, જડથી નહિ. વિકાર પરિણામ મેં કર્યો તેથી હું ત્યાં રોકાઈ ગયો છું. એમ માનતા જ રાગાદિ પરિણામોનો ત્યાગી થઈને... એ વિકાર પરિણામ મારા સ્વભાવમાં નથી. એ સ્વભાવનો આશ્રય લઈને, વિકારનો ત્યાગી થઈને પોતાના વીતરાગ પરિણામને ધારણ કરશે. રામસ્વરૂપજી! સમજાણું કાંઈ? આ જ અપેક્ષાથી નિશ્ચયબંધ શુદ્ધ દ્રવ્યનો સાધક કહેવામાં આવ્યો છે. નિશ્ચયબંધ.. પુદ્‌ગલકર્મનો બંધ તો વ્યવહારબંધ છે. એ તો અશુદ્ધનયનો વિષય થયો, એ નહિ. પોતામાં વિકારી ભાવ પુણ્ય, પાપ, શુભ, અશુભ જે થાય છે એ જ ભાવબંધ છે. રતિભાઈ! કહો, હવે ગુજરાતી કરવું છે આમાં? નહિ. ... કહ્યું હતું કે થોડું ગુજરાતી કરો. ... સમજાય છે કે નહિ?

આ જ અપેક્ષાથી નિશ્ચયબંધ શુદ્ધ દ્રવ્યનો સાધક (કહ્યો છે). શું કહ્યું? પોતાની પર્યાયમાં ભાવબંધ છે વિકારી પરિણામ, જેમ સ્ફટિક છેને સ્ફટિક, સ્ફટિક, તો લાલ અને કાળા ફૂલ છે એને કારણે એમાં જે લાલ, પીળી પર્યાય દેખાય છે તે તેનાથી નથી. પોતાથી છે. સ્ફટિકની પોતાની પર્યાયમાં લાલ, કાળી પર્યાય પોતામાં પોતાને કારણે થઈ છે. એમ આત્મા ચૈતન્ય સ્ફટિક જેવો છે તો પોતાની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં શુભ-અશુભ ભાવ— દયા, દાન, વ્રતના શુભ, હિંસા, જૂઠું, ચોરીના અશુભ, એ બેય ભાવમાં આત્મા સ્ફટિક જેવો પોતાની પર્યાયમાં રોકાઈ ગયો છે. પોતાને કારણે રોકાયો છે. રોકાણો એટલે બંધાયો. ભાવબંધ હોં, જડ નહિ. એ ભાવબંધ પોતાથી થયો છે એમ માનશે તો ભાવબંધથી છૂટવાનો ઉપાય કરશે. પણ ભાવબંધ પરથી થયો છે એમ માનશે તો પોતાને છૂટવાનો ઉપાય કોઈ દિવસ હાથ આવશે નહિ અને કદી એની મુક્તિ થશે નહિ. કહો, બરાબર છે? રામસ્વરૂપજી! રાજારામજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કર્મ તો જડ છે. એ જ્યારે છૂટશે ત્યારે તમારું કલ્યાણ થશે, તમારા હાથની વાત રહી નહિ. એમ નથી. કહો, શેઠ! બરાબર છે?

નિશ્ચયબંધ શુદ્ધ દ્રવ્યનો સાધક કહ્યો. સાધક છે તો પર્યાયને સિદ્ધ કરવી છે, પણ શુદ્ધ દ્રવ્ય ત્રિકાળ છે તેની પર્યાયમાં વિકાર મારાથી થયો છે, એમ જો જાણશે એ ત્રિકાળ શુદ્ધ દ્રવ્યનો આશ્રય લઈને ટાળવાનો, નાશ કરવાનો ઉપાય કરશે. પણ પરથી બંધાયો એમ માનશે તો છૂટવાનો પ્રયત્ન કરશે નહિ. એને કદી સમ્યગ્દર્શન પણ નહિ થાય. દર્શનમોહ આવે અને દર્શનમોહ ટળે ત્યારે સમ્યક્ થાય, આપણા હાથની વાત રહી નહિ. એમ નથી. કહો, સમજાણું કે નહિ? બેય વાત થઈ. પરંપરા અને ...

હવે ૧૯૦ ગાથા. માંગીલાલજી! સમજાણું? આ તો એવો અર્થ કરે છે કે કર્મ પ્રમાણે

વિકાર કરવો પડે. જુઓ, આપણે વિકાર કર્યો છેને, તો વિકાર કર્યો તો કર્મબંધન થયું. તો બંધ થયો છે તો જ્યારે છૂટવાને લાયક થશે ત્યાં સુધી આપણે વિકાર કરવો જ પડે. વારા ફરતી વારો. વારા ફરતી વારાને શું કહે છે? વારાફરતી એટલે બાળકો નથી રમતા? તારો દાવ પછી મારો. બાળક રમે છે કે નહિ? પહેલા બાળક રમતાને, ... અત્યારે તારો દાવ, પછી મારો દાવ. અત્યારે તને ઉપાડીશ, પછી તું મને ઉપાડજે. એમ કરતા... અહીં તો કહે છે કે મેં વિકાર કર્યો અને કર્મબંધન થયું. કર્મબંધનો પાક આવશે ત્યારે વિકાર કરવો જ પડશે. વારાફરતી વારો, દાવ પછી દાવ. એમ નથી. સમજાણું કાંઈ?

પોતાની ભૂલ પર ઉપર નાખવાની ટેવ પડી ગઈ છે. શાસ્ત્ર વાંચનારા પંડિત અને ત્યાગી નામ ધરાવીને પણ આમ લખે છે. જુઓ ભાઈ, એમ લખ્યું છે કે કર્મથી થાય, કર્મથી થાય છે. તારાચંદજી! સમજાણું કાંઈ? તમારા કલકત્તાથી પ્રશ્ન આવ્યો હતો. બાબુલાલ હતા. એવું હોય કે કર્મનો ઉદય હોય અને આત્મા વિકાર ન કરે? એમાં આવ્યું છે. સમજાણું કાંઈ? ... શું કહે છે? જડ કર્મ છે જડ, એનો ઉદય આવવા છતાં જો શુદ્ધાત્મભાવના બલેન, હું શુદ્ધાત્મા છું એવી ભાવનાના પુરુષાર્થના બળે, ભાવમોહરૂપ પરિણમતો નથી. આત્મા વિકારરૂપ થતો નથી. તદા બંધ ન ભવતિ. સમજાણું કાંઈ? અહીંયા વળી પ્રદેશોનું ખોસે. અરે..! ક્યાં હતા? સાંભળને! પ્રદેશ ... જડ છે કે નહિ? સમજાણું? ... એ તો કહે, અમારે કર્મ ભોગવવા જ પડશે, કર્મ આવે તો ભોગવવા પડે. શું પણ? જડને આત્મા ભોગવે છે કદી? અને જડને આત્મા બાંધે છે? જડની પર્યાય જડથી બંધાય, જડની પર્યાય જડથી છૂટે. તારા ભાવમાં વિકાર કર્યો એનાથી તું બંધાયો છે. બરાબર છે? શોભાલાલજી! પુણ્ય અને પાપ, શુભ અને અશુભ બેય ભાવ બંધનું કારણ છે, ભાવબંધ. પર્યાયમાં-અવસ્થામાં મારાથી થયો છે એમ માનીશ તો અવસ્થામાં વિકારનો નાશ કરવાનો સ્વભાવ તરફનો ઉદ્યમ કરીશ. બરાબર છે? બાબુલાલજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સુધાર નો અવસર મળશે. કર્મ કરાવે છે, કર્મ આવ્યા, કર્મ આવ્યા. જુઓ અહીં ના પાડે છે. એને કહે છે .... બંધ કારણ હોય જડ, પણ ક્યારે? કે વિકાર કરે તો. વિકાર જો આત્મા ન કરે તો પૂર્વના કર્મ બંધનું કારણ નથી.

જ્ઞાન આત્માનો સ્વભાવ બંધનું કારણ નથી, જડ કર્મનો ઉદય પણ બંધનું કારણ નથી. તે સમયે જીવ વિકાર કરે તો બંધનું કારણ થાય છે, વિકાર ન કરે તો બંધનું કારણ થતું નથી. આવ્યું કે નહિ? રામસ્વરૂપજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહારની વસ્તુની બીજી વાત છે. શાતા-અશાતાનો ઉદય આવે છે તો સંયોગો અનુકૂળ પ્રતિકૂળ મળે એ તો બરાબર છે, પણ કર્મનો ઉદય વિકાર કરાવે એમ વાત નથી.

અહીં તો કહે છે કે ... દ્રવ્યમોહકર્મનો જડ બંધ છે તેનો ઉદય આવ્યો છતાં .. જો શુદ્ધાત્મભાવનાના બળે, આત્મા શુદ્ધ ચૈતન્ય છું એવી અંતરના સન્મુખના પુરુષાર્થ દ્વારા ભાવમોહરૂપ પરિણમતો નથી, વિકારરૂપ આત્મા પરિણમતો નથી પોતાના પુરુષાર્થથી. કર્મ આવ્યા તો વિકાર કરવો જ પડે એમ નથી. ... કર્મનો બંધ તો સદાય છે. .... એ તમારા તરફથી પ્રશ્ન આવ્યો હતો. તમારું કહેવાયને કલકત્તા. બાબુલાલજીએ દેખાડ્યો હતો પ્રશ્ન કે ... જુઓ! ભાઈ શું છે? જડ કર્મ પરમાણુનો ઉદય આવ્યો તો તમારે વિકાર કરવો પડે એમ વાત છે જ નહિ. પોતાના પુરુષાર્થની ઊલટી ગતિ કરે તો વિકાર થાય છે અને સ્વભાવનો આશ્રય કરે તો વિકાર થતો નથી. રામસ્વરૂપજી! બરાબર છે? ઓહો..હો..!

એક પ્રશ્ન ઈ આવ્યો હતો ત્યાંથી. રામસ્વરૂપજી! કોઈ એમ કહે છે કે એ લોકોને ક્રમબદ્ધનું પકડાઈ ગયું છે, હવે સમજાણું છે કે આપણું ખોટું છે. પણ ક્રમબદ્ધ મૂકને. હવે છોડવું કઠણ પડે છે. અરે.. ભગવાન! આહા..હા..! શું કહે છે તું? શું કહે છે? ... આવ્યું હતુંને? ક્રમબદ્ધ.. જુઓ! અશુદ્ધ તો થશે ક્રમબદ્ધમાં. હવે કર્મથી નહિ, કર્મથી નહિ. અશુદ્ધતા ક્રમમાં આવે છે તો આવશે. એમાં આત્મા શું કરે ક્રમબદ્ધ માનવાવાળાને? એમ છે જ નહિ, સાંભળ તો ખરો. ક્રમબદ્ધ જ્યાં પરની પર્યાય પોતા સિવાય પર અનંત પદાર્થની અવસ્થા એક પછી એક થાય છે, મહેન્દ્રકુમારજી! ધ્યાન રાખજો, ક્રમબદ્ધમાં ક્યાં પુરુષાર્થ આવે છે? પોતા સિવાય અનંત પદાર્થ છે એમાં ક્રમબદ્ધ પર્યાય જ થાય છે. એક પછી એક, એક પછી એક થવાવાળી થાય છે. આત્મા એને કરનારો નથી. ક્રમબદ્ધ માનવાવાળાનો પુરુષાર્થ કેવો થયો અને યથાર્થ શું છે? પોતામાં પણ પર્યાયમાં જ્યારે રાગાદિ થાય છે તો તે સમયે આવશે. પણ એનો નિશ્ચય કરવાવાળો પરનું લક્ષ છોડીને અને રાગ આવ્યો એનું લક્ષ છોડીને, હું જ્ઞાયક છું, મારો જ્ઞાનસ્વભાવ રાગનો અને પરનો અકર્તા છે, એવો અંતરમાં નિર્ણય કરશે ત્યારે ક્રમબદ્ધનો જ્ઞાતા દૃષ્ટા રહેશે. એનું ઈ ફળ છે. માંગીલાલજી! સમજાણું? ભારે ગડબડ ભાઈ!

'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા,' એવું સાંભળતા તો ઘણી વાર હશે. અર્થની કોને ખબર છે? ઈ શું અર્થ કરે છે એને ખબર નથી. શેઠી! ઈ શેઠ જ છેને. 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા રે, અનહોસી કબહુ ન હોસી, કાહે હોત અધીરા રે' વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા. તે તે સમયે ક્યાં ક્યાં જેની પર્યાય થશે, એ બધું જ્ઞાનમાં આવ્યું છે. બાકી છે? ક્યો જીવ ક્યે સમયે મોક્ષમાં જશે એ કેવળજ્ઞાનમાં આવ્યું છે. સમજાણું કાંઈ? આવ્યું છે. સાંભળ્યું છે કે નહિ? એમાં છે, જુઓ! કળશટીકા છેને. જુઓ! દશમે પાને છે (કળશ ૪).

'**ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે.**' આ સમયે મોક્ષ જાશે એ કાળનું માપ છે જ્ઞાનમાં. '**વિવરણ—આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' નોંધ છે નોંધ કેવળજ્ઞાનમાં.

નોંધ જ કહે છેને તમારે? અરે.. ભગવાન! જુઓ! આ કળશટીકા છે કળશટીકા. જેમાંથી બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે. આમાંથી બનાવ્યું છે. કળશટીકા છે. પણ જૂની ઢુંઢારી ભાષા છે. અત્યારે સાદુ હિન્દી થાય છે, ૩૦૦૦ પુસ્તક બહાર આવશે. એમાં લખ્યું છે જુઓ, '**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' કેવળજ્ઞાની એક સમયમાં જાણે છે. આ સમયે એને સમ્યગ્દર્શન થશે, આ સમયે કેવળજ્ઞાન થશે, આ સમયે નરકગતિ જાશે, આ સમયે ચારિત્ર થશે. કેવળજ્ઞાનીના એક સમયના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છે. કહો, બરાબર છે? ઈન્દ્રસેનજી! શું છે? હવે શું કરવું? એ પ્રશ્ન ઉઠ્યો. સમજાણું કાંઈ? નોંધ છે, જુઓ નોંધ છે.

કેવળજ્ઞાને એમ જાણ્યું, એવી કેવળજ્ઞાનની એક સમયની પૂર્ણ પર્યાયને નિશ્ચયથી પ્રતીતમાં લાવનારને, એની પ્રતીતિ ક્યારે થાય છે? કે પરદ્રવ્યની પર્યાય ક્રમસર થાય છે તેનું કર્તૃત્વ છોડીને, પોતાને રાગાદિ થાય છે તેનું કર્તૃત્વ છોડીને પોતાનું કેવળજ્ઞાન સર્વજ્ઞપદ અંદરમાં પડ્યું છે તેની સન્મુખ થઈને, હું જ્ઞાતા દૃષ્ટા છું, એવો નિર્ણય કરવાવાળાને કેવળજ્ઞાનની પ્રતીતિ યથાર્થમાં થાય છે એમ કહેવામાં આવે છે. નહિતર કેવળજ્ઞાનની પ્રતીતિ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ એને ક્યાં છે પ્રતીતિ? એને માટે ક્યાં છે? અરે..! આ હજી સમજતા નથી. પણ એને ક્યાં નિર્ણય છે? એને નિર્ણય છે? એને ક્યારે નિર્ણય થશે? એને ક્યારે નિર્ણય થશે કે કેવળજ્ઞાને જોયું એમ થશે? એ તો માનતો જ નથી. કેવળજ્ઞાનને માનતો નથી, કેવળજ્ઞાનમાં જણાયું છે એમ માનતો નથી. પણ માનવાથી જ નિર્ણય થાય છે. માન્યા વિના નિર્ણય થાય? કેવળજ્ઞાન જગતમાં છે એ માન્યું કેવી રીતે? કોણે માન્યું? એક સમયનું કેવળજ્ઞાન છે, પૂર્ણ જાણવાવાળું છે. મારી પર્યાયમાં અલ્પજ્ઞતા છે. તો જ્ઞાનગુણની એક સમયની પૂર્ણ પર્યાય છે, એ છે, છે, એનો સ્વીકાર કેવી રીતે કર્યો? સ્વીકાર કર્યા વિના વાત કરે છે? કેવળજ્ઞાન છે, એમણે જોયું છે. ગાંડો છે, પાગલ છે. રાજારામજી! સમજાણું? પાગલ છે. કેવળજ્ઞાન છે અને એમાં જણાયું તેમ થશે. પાગલ છે એ તો માનવાવાળો. અંદરમાં માનતો તો નથી. માને છે જ્યારે, એક સમયની જ્ઞાનની પરિપૂર્ણ પર્યાય આત્માના એક ગુણની પર્યાય પ્રગટ થઈ અને એની પ્રતીતિ કરવા જાય છે તો મારી પર્યાય તો અલ્પજ્ઞ છે, તો હું અલ્પજ્ઞ, અલ્પજ્ઞના આશ્રયે સર્વજ્ઞની પ્રતીતિ થતી નથી. જરી સૂક્ષ્મ વાત છે. હું અલ્પજ્ઞ, સર્વજ્ઞ આત્માના ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરવાથી હું અલ્પજ્ઞ (મને) સર્વજ્ઞની પ્રતીતિ થાય છે. ત્યારે કેવળજ્ઞાન છે એમ માન્યું છે. બીજાએ માન્યું નથી. માને નહિ અને કહે કે કેવળજ્ઞાન જગતમાં છે, એનો શું અર્થ છે? શેઠી!

એ તો કહ્યું હતુંને, અમારે (સંવત) ૧૯૯૨માં પ્રશ્ન રાત્રે નહોતો કર્યો? રામજીભાઈ હતા ને અમારે એક ઓલો આવ્યો હતો. અમે દ્રવ્યસંગ્રહ વાંચતા હતા. એણે પ્રશ્ન કર્યો કે કેવળજ્ઞાની..

મૂળ તો કેવળજ્ઞાનને માનવું નહોતું એને. કેવળજ્ઞાનીએ જોયું એમ થાય તો અમારો પુરુષાર્થ ક્યાં રહ્યો? એવો પ્રશ્ન કર્યો. મેં કીધું, કેવળજ્ઞાન તમે માનો છો? હું પૂછું છું. પણ તમે પૂછો છો એમાં ઈ છે. કેવળજ્ઞાન તમે કહો છો કે કેવળજ્ઞાન છે અને એણે દીઠું એમ થાય. એ પહેલું કેવળજ્ઞાન છે એમ કરીને તો તમે પૂછો છો. નહિતર જો કેવળજ્ઞાન નથી એમ પૂછો, કેવળજ્ઞાન હોઈ શકે જ નહિ એ પૂછો પહેલું. કેવળજ્ઞાન છે અને જે પર્યાય જ્યાં થવાની ત્યાં ત્યાં પુરુષાર્થ કામ કરશે, એવું કેવળજ્ઞાન છે એમ માનીને તો પૂછો છો. તમારે કેવળજ્ઞાનને ઊડાવવું છે, કીધું. કેવળજ્ઞાનને ઊડાડવું છે એને. કેવળજ્ઞાન જગતમાં હોઈ શકે નહિ. કારણ કે જો કેવળજ્ઞાન હોય તો પોતાને પુરુષાર્થ કરવાનો પોતાને અવકાશ નથી રહેતો. એમ કહીને કેવળજ્ઞાન ઊડાડવું હતું. ઊડાડવાનો ભાવ હતો. જૈન સાધુ થયો હતો પહેલા. પાંચ વર્ષ જૈન સાધુ સ્થાનકવાસીમાં થયો હતો. શ્રદ્ધા ઊડી ગયો. કોઈ કર્તા હોવો જોઈએ. પછી પંડિત થયો, ઘણું ભણ્યો. સ્ત્રી સાથે લગ્ન કરીને અહીં આવ્યો. ૯૨ની સાલની વાત છે. ૨૭ વર્ષ થયા. એના મકાનમાં ત્યાં, આના મકાનમાં. એને ક્યાં છે કંઈ નિર્ણયની ખબર. એ વાસુદેવભાઈ! ... હતું? હા પાડે છે. સમજાય છે કાંઈ?

ત્યાં આગળ એણે એ પ્રશ્ન કર્યો. ઓલા હતાને? મુનિ નહોતા મુનિ? જીવરાજ મુનિ નહોતા? એનો આ બનેવી, એનો આ બનેવી. પહેલા સાધુ થયો સ્થાકનવાસીમાં... પાંચ વર્ષ રહ્યો પછી છોડી દીધું. મને પ્રશ્ન કર્યો, આમ એક કોર. પછી સાંજે વળી આવ્યા. આ બળદ હોય બળદ, બળદ નીકળ્યો અને એક માણસ નીકળ્યો. અને બળદના શીંગડા વાગ્યા શીંગડા. સમજ્યા? એને શીંગડા (વાગ્યા). તો બળદને કેવી રીતે ખબર પડી કે આને અશાતાનો ઉદય છે? અશાતાના ઉદયને કેવી રીતે ખબર પડી તે શીંગડા લાવ્યો? શંકા પડી ગઈ. નિમિત્ત કોઈ કરાવવાવાળું છે. અરે..! સાંભળ તો ખરો. એને જ્યારે અશાતાનો ઉદય હોય ત્યારે એવું નિમિત્ત આવ્યા વિના રહેતું નથી. એ ઉદયને આધીન નથી. સહજ એવું નિમિત્ત આવે છે તો એને શીંગડા વાગ્યા. અશાતાનો ઉદય છે તો નિમિત્ત પડ્યો. અશાતાના ઉદયને ખબર પડે તો આવે અને આને પણ (અશાતા) આવવાની છે તો અશાતાનો ઉદય ખેંચીને લાવે એમ નથી. બહુ ગડબડ. આવો પ્રશ્ન સાંજે કર્યો, પહેલા બપોરે આ પ્રશ્ન કર્યો હતો. કેવળજ્ઞાનીએ દીઠું હોય... એટલે વાત ઈ કે એને કેવળજ્ઞાન જ ઊડાવવું હતું.

એક સમયમાં જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોક જાણે છે. પછી કોઈ પર્યાયને આઘીપાછી કરવાનો કોઈને અવસર રહેતો નથી. એમ પ્રશ્ન કર્યો. તમે કેવળજ્ઞાનને માનો છો? કહે, મારો પ્રશ્ન એમ નથી. તારો પ્રશ્ન એમ જ છે. તારે કેવળજ્ઞાનને ઊડાડવું છે. નહિતર કેવળજ્ઞાન ન માનો તો પૂછો કે કેવળજ્ઞાન હોઈ શકે નહિ. કેવળજ્ઞાન હોઈ શકે નહિ તો એનો ઉત્તર દઈએ. જ્ઞાનગુણની પર્યાય પૂર્ણ થયા વિના એની પરિપૂર્ણતાનું ભાન થતું નથી. આત્માનો જ્ઞાનગુણ છે એની પરિપૂર્ણ પર્યાય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ગુણ પૂર્ણ થઈ શકતો

નથી પર્યાયમાં. તો એવી પર્યાય જ્યારે થાય છે તો ત્રણ કાળ ત્રણ લોક એ પર્યાય જાણે છે. એવી પર્યાયની પ્રતીત કરવાવાળો, સાત તત્ત્વમાં મોક્ષતત્ત્વ આવે છે કે નહિ? તો સાત તત્ત્વની શ્રદ્ધામાં મોક્ષ આવ્યો. તો મોક્ષ નામ કેવળજ્ઞાન આવ્યું. તો કેવળજ્ઞાનની પ્રતીતિ કરવાવાળાને (સર્વજ્ઞ) જગતમાં છે એવી પર્યાયની પ્રતીતિ, દ્રવ્યની પ્રતીતિ કર્યા વિના પર્યાયની પ્રતીતિ થતી નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ ક્યાંથી આવી? અલ્પ જ્ઞાનમાં ખબર તો નથી કાંઈ. જ્ઞાન ઓછું.. ઓછું.. ઓછું.. આમાં કેવળજ્ઞાનની પ્રતીતિ... એક સમયમાં પૂર્ણ જાણી શકે છે એવી એક સત્તા—હયાતી જગતમાં છે. જગતમાં છે એવો જ્યારે નિર્ણય થશે ત્યારે અલ્પ જ્ઞાનની પર્યાય એના દ્રવ્યમાંથી એ પર્યાય આવી છે. મારી પર્યાયની તાકાત પૂર્ણ થવાની અલ્પજ્ઞમાં નથી, અંદર છે, દ્રવ્યસ્વભાવમાં છે એનો આશ્રય લેવાથી, અલ્પ જ્ઞાનમાં સર્વજ્ઞનો આશ્રય લેવાથી, નિજ સર્વજ્ઞનો આશ્રય લેવાથી એ સર્વજ્ઞની પ્રતીતિ એને થાય છે. સમજાય છે કાંઈ? વાત તો એવી છે. એમ કંઈ ગડબડ કરે તો ચાલે નહિ. સમજાણું કાંઈ?

ક્રમબદ્ધ જ્યાં છે, એનો અર્થ કે આત્મા અકર્તા છે. ક્રમબદ્ધ સીધું નથી લીધું આચાર્યએ. '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपरस्सरमाख्याति**'. એવો પાઠ છે. આત્માનું અકર્તૃત્વ દૃષ્ટાંતસહિત કહીએ છીએ. અકર્તૃત્વ. આત્માને અકર્તા બતાવવામાં આત્મા જ્ઞાયકભાવ છે, પરમાં જે ક્રમસર પર્યાય થાય છે અને પોતામાં થાય છે તેને જ્ઞાયકભાવ જાણનાર છે. આઘુંપાછું કરવાવાળો જ્ઞાયકસ્વભાવ નથી. એવું જ્ઞાયકનું અકર્તૃત્વ સિદ્ધ થયું એમાં ક્રમબદ્ધનો જ્ઞાતાદૃષ્ટા(પણું) આવી ગયું. સમજાણું કાંઈ? તમારો પ્રશ્ન સમજાણો છે હોં! એને શું જરૂર એને અલ્પજ્ઞમાં સર્વજ્ઞની પ્રતીતિ કરવાની? એમ ભાઈ એનો પ્રશ્ન હતો. પણ પૂર્ણ પર્યાય જગતમાં છે એનો વિશ્વાસ ક્યારે આવશે? પૂર્ણ છે એનો વિશ્વાસ (કેવી રીતે આવે)? નિરાધાર એનું લક્ષ કરશે તો આવશે? આ સર્વજ્ઞ છે એનું લક્ષ કરે તો? એનો આધાર છે ત્યાં? એ તો પર છે.

એક સમયમાં જ્ઞાનની પર્યાય પૂર્ણ ત્રણ કાળ ત્રણ લોક દેખે. ઓહો..હો..! એમાં જેવું થયું, થશે એમ જાણે છે. એવી પર્યાય છે, એવો વિશ્વાસ કરવાવાળો નિજ જ્ઞાયકભાવ તરફ વિશ્વાસ કરશે તો વિશ્વાસ થશે, નહિતર વિશ્વાસ થશે નહિ. બસ, એમાં સમ્યગ્દર્શન થઈ ગયું. પોતાની પર્યાયમાં સર્વજ્ઞની પ્રતીતિ નામ મોક્ષની પર્યાયની પ્રતીત કરવાવાળો, એ પર્યાય અંશ છે એ અંશ ક્યાંથી આવે છે? દ્રવ્યમાંથી આવે છે. તો દ્રવ્યની પ્રતીત કરે છે ત્યારે કેવળજ્ઞાનની પ્રતીતિ અને ક્રમબદ્ધની પ્રતીતિ એમાં આવી ગઈ છે. રામસ્વરૂપજી! એવી વાત છે હોં! ક્રમબદ્ધ માને છે શું કરીએ? ભારે ગપ્પ ઊડાડે છે. જોરદાર વાત છે. ત્રણ કાળ ત્રણ લોકમાં એ વાત છે. ભગવાન પાસે જાય તો એ છે, ઈન્દ્ર પાસે જાય તો એ છે, શાસ્ત્ર શોધે તો એમાં ઈ છે અને આત્મામાં શોધે તો ઈ છે. સમજાણું કાંઈ?

અમારે શેઠિયા છેને શેઠિયા? સરદારશહેરવાળા. ઈ તો પહેલા જ પ્રશ્ન કરે, કોઈપણ ... આવી જાય કોઈક. દીપચંદજી શેઠિયા હતાને? ઓળખો છો કે નહિ? મળ્યા નથી? મળ્યા નથી. બહુ મગજ. સરદારશહેરવાળા. ... ત્યાં મોટો બંગલો છે એનો. ત્યાં એકાંતમાં કોઈ કોઈ ચર્ચા કરવા જાય. ... કોઈ આવી જાય સાધારણ. પહેલા તમે પદાર્થની અવસ્થા વ્યવસ્થિત છે એમ માનો છો? પહેલો પ્રશ્ન, પહેલો પ્રશ્ન આ જ કરે શેઠિયા. ઓલા શેઠ, આ શેઠી અને ઈ શેઠિયા. આ શેઠ ન હોય ત્યારે અમારે ઓલા હતાને, વચ્છરાજજી શેઠ. વચ્છરાજજીને શેઠ કહે છે, તમને શેઠી કહીએ છીએ અને ઓલા શેઠિયા. એક વાર ત્રણે ભેગા થઈ ગયા હતા. સમજાણું કાંઈ? શેઠિયા પહેલો પ્રશ્ન આ કરે બધાને. શું? પદાર્થ વ્યવસ્થિત છે કે નહિ? કોઈ પદાર્થ નકામો છે? નકામાનો અર્થ—કોઈ પદાર્થ વર્તમાન પર્યાયનું કાર્ય કર્યા વિના રહે છે? તો બધી પર્યાય પોતાનું કાર્ય કરે છે તો પરની પર્યાય કરવાનું ક્યાં રહ્યું? અને વ્યવસ્થિત છે કે નહિ? વ્યવસ્થિત ન હોય તો પદાર્થની સ્થિતિ જે અનાદિ-અનંત એકરૂપ છે ઈ રહી શકે નહિ. એક પછી એક જેમ ત્રિકાળ ગુણ અનંત પડ્યા છે આત્મામાં, અનંત ગુણ એક સમયમાં આમ તીરછા પડ્યા છે, એક સમયમાં આમ.

આત્મા છે કે નહિ? એમાં અનંત ગુણ છે કે નહિ? આમ પડ્યા છે. તીરછા સમજ્યા? જ્ઞાન વ્યાપક, દર્શન વ્યાપક, આનંદ વ્યાપક, અસ્તિત્વ વ્યાપક, વસ્તુત્વ વ્યાપક, સ્વચ્છત્વ વ્યાપક આમ પડ્યા છે. જુઓ આ. આમાં સુગંધ વ્યાપક, અસ્તિત્વ વ્યાપક, સુંવાળપ વ્યાપક બધામાં એકસાથે છે. એમ આત્મામાં અનંત ગુણ એકસાથે છે. આમ (તીરછા). એમ પર્યાય એકસાથે આમ ઊર્ધ્વ છે. આઘીપાછી ત્રણ કાળ ત્રણ લોકમાં થતી નથી. સમજાણું કાંઈ? પણ દરકાર નહિ, શું વસ્તુ છે. ધર્મ કરવો છે. હજી સમજ્યા વિના ધર્મ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? કાં તો સર્વ ધર્મ સમાન છે. સમન્વય કરો. મિથ્યાત્વ સાથે શું સમન્વય કરે? શોભાલાલજી! સમન્વય કરો. સર્વ ધર્મ સમન્વય, સર્વ ધર્મ સમન્વય. ક્યાંથી આવ્યો મિથ્યાદૃષ્ટિમાં આવો બોલ? સમન્વય ક્યાંથી આવ્યો? શેઠ! સમજાણું? સર્વ ધર્મ સમન્વય કરો. ક્યાં આવ્યો સમન્વય? એક જ, સર્વજ્ઞ વીતરાગ કહે છે એ એક જ ધર્મ છે, એનો બીજા સાથે સમન્વય થાય જ નહિ. રામસ્વરૂપજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમ પણ છે એવું છે જ નહિ. આમ છે અને બીજી રીત નથી. સમજાણું કાંઈ? પૂરણચંદજી! રાત્રે કહ્યું હતુંને થોડું? એટલે વળી. લગાવે છેને ક્યાંના ક્યાંય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોની સાથે સમન્વય કરવો? ... સાથે રેશમનું કપડું પહેરીને કોઈ કોટ ઓઢે છે? ... સમજો છો? ...નું કપડું છે અને એક રેશમનું છે. કપડું જ છે, પણ પત્થરનું... પત્થરના પણ કપડા થાય છે હોં! પણ એની સાથે રેશમનું કપડું લગાવે તો શું સમન્વય

થશે? એમ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એમણે જે અહિંસા કહી એ અહિંસા દુનિયામાં કોઈની પાસે નથી. સમજાણું કાંઈ? કોઈ કહે કે બીજાએ પણ અહિંસાનું અનુકરણ કરીને આમ કર્યું. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવે જે અહિંસા કહી એવી અહિંસા કોઈ કહી શકે નહિ. સર્વજ્ઞના પંથ સિવાય બીજામાં એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

પોતાની પર્યાયનો જ્યારે નિર્ણય કરે છે, ઓહો..! આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તો જ્ઞાન શું કરે? જાણવાનું કામ કરે કે પરનું કામ કરે કે રાગ કરવાનું કામ કરે? કે જ્ઞાનની પર્યાય આવી નિર્મળ લાવું એવું વિકલ્પનું કામ કરે? જ્ઞાન પ્રભુ ચૈતન્યસૂર્ય પૂર્ણ ચૈતન્યસૂર્ય, ચમકતો સૂર્ય એવો જ્યારે નિર્ણય થયો, ક્રમબદ્ધ થઈ ગયું એવું જ્ઞાનમાં આવી ગયું. બસ, એ સિવાય અકર્તાપણા સિવાય ક્રમબદ્ધનું જ્ઞાન યથાર્થ થાય નહિ. અને એનો નિર્ણય એ જ સમ્યગ્દર્શન છે, એનો નિર્ણય એ જ મોક્ષનો માર્ગ છે. મોતીલાલજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, સ્વને જાણ્યો. પર તો પર રહ્યું. નિજને જાણ્યા વિના પરની પ્રતીતિ ક્યાંથી આવી? એકલો પરપ્રકાશક આત્માનો સ્વભાવ નથી. સ્વપરપ્રકાશક આત્માનો સ્વભાવ છે. ભગવાન આત્મા સ્વને જાણતા પરને જાણવાની તાકાત અંદરમાં સ્વના આશ્રયે રાખે છે. આવા પર સર્વજ્ઞ છે એવું અસ્તિત્વ, હયાતી, કબુલાત પોતાના નિજ આત્માનું જ્ઞાન થયા વિના સર્વજ્ઞની યથાર્થ પ્રતીતિ થતી નથી. સમજાણું કાંઈ? ૩૧મી ગાથામાં કહ્યુંને? સમયસાર. ૩૧ ગાથામાં સમયસારમાં કહ્યું. ભગવાન કેવળીનું સ્તવન કોને કહે છે? ઈ સમયસારમાં આવ્યું છે. કેવળીની સ્તુતિ આપ કોને કહો છો? કુંદકુંદાચાર્યને શિષ્યે પૂછ્યું, પ્રભુ! કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહો છો? કેવળજ્ઞાનની સ્તુતિ એને અમે કહીએ છીએ, પોતાનો નિજ કેવલ્ય વિકાર વિનાનો ચૈતન્યપ્રભુ એનો નિર્ણય, અનુભવ કરે એને કેવળજ્ઞાનની સ્તુતિ કહેવામાં આવે છે. સમજ્યા? પરની નહિ. પરની સ્તુતિમાં વિકલ્પ ઉઠે છે. હો, આવે છે, પૂર્ણ ન થાય ત્યાં આવ્યા વિના રહેતો નથી.

જેમ પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે, ભક્તિ આવે છે, વિનય આવે છે, ઈ ભાવ આવે છે. પણ સ્વભાવ પોતાનો નિજ સ્વરૂપનો અનંત ગુણ સમાજ ચૈતન્યપ્રભુ, એનો નિર્ણય ... બહુમાન કર્યું. નિર્ણયનો અર્થ બહુમાન કર્યું, ... કરી, પ્રશંસા કરી. અનાદિ કાળથી નિમિત્તની પ્રશંસા હતી, રાગની પ્રશંસા હતી, એક સમયની પર્યાયની પ્રશંસા હતી. એ અનંતગુણ પિંડ ચૈતન્યસૂર્યનો અંદર આદર કર્યો, એનું નામ અંગીકાર કર્યો, એનું નામ પ્રશંસા કરી, એનું નામ સત્કાર કર્યો, એનું નામ સ્વભાવમાં એકત્વ થયું, એનું નામ કેવળજ્ઞાનીની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય.. સમજાણું કાંઈ? બીજે હોઈ શકે નહિ. કોઈની સાથે સમન્વય કરે, એનું પણ સાચું અને

અમારું પણ સાચું, બધા ઝેર નાખે છે. દૂધમાં ઝેર. સમજાણું કાંઈ? દૂધપાક દૂધપાક હોયને? ખીર કહે છે. નાખો ઝેર. લ્યો, ઈ ૧૮૯ ગાથા થઈ. એના પ્રશ્નનો ઉત્તર પણ આવી ગયો. ચંદુભાઈ!

'રણે ચડ્યા રજપુત છૂપે નહિ, ચંચળ નારીના નૈન છૂપે નહિ, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા, એમ રણે ચડ્યા રજપુત છૂપે નહિ.' એમ સમ્યક્ ચૈતન્યની પ્રતીતિ થાય એ છૂપાય નહિ, એ ઢાંકી રહે નહિ. આમ થાય ને તેમ થાય. ચાલ.. ચાલ. એક સમયમાં ભગવાન આત્મા વિકારથી પાર, નિમિત્તથી પાર, એક સમયની પર્યાય જેવડો નહિ એવા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરવી એ અકર્તાપણાનો પુરુષાર્થ થયો, એમાં ક્રમબદ્ધનું જ્ઞાન આવી ગયું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. ભલે ઊતરે. નવરંગભાઈ પાસે છેને. આ નોંધ છે. અને નોંધ અને નોમ છે. અફર છેને નોમ? નવનો આંકડો અફર કહે છે કે નહિ? નવરંગભાઈ! નોમ છેને, આજે નોમ છે. કાલે સુગંધદશમી છે. નવનો આંકડો. નવ એકુ નવ, નવ દુ અઢાર, નવ તેરી સત્યાવીશ.. બધા નવ જ આવે. એમાં પછી આઠ આવે નહિ અને સાત આવે નહિ. એમ સમભાવમાં સત્ય વાતમાં એક જ આવે, સત્યમાં બીજી વાત હોય નહિ. રતિભાઈ! હિન્દીમાં હવે સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :— થોડું થોડું...

ઉત્તર :— નહિ, નહિ. બરાબર સમજવું પડશે હવે. લ્યો, ૧૮૯ ગાથા થઈ.

'**હવે અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે એમ કહે છે :—**' અશુદ્ધનયનો અર્થ પરદ્રવ્યની અપેક્ષા કરીને જે અશુદ્ધનય કહ્યો એનો જો આશ્રય કરો તો આત્મામાં અશુદ્ધની પ્રાપ્તિ, સંસારની પ્રાપ્તિ થાય છે. શુદ્ધનયનો આશ્રય નામ પર્યાયમાં વિકાર એવું લક્ષ કરો તો એને કરનાર દ્રવ્ય છે, એ દ્રવ્યનો અભિપ્રાય થયા વિના રહેતો નથી, તો એમાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કે નહિ કાંઈ? મોતીલાલજી!

૧૯૦.

ण चयदि जो दु ममत्तिं अहं ममेदं ते देहदविणेसु।
सो सामण्णं चत्ता पडिवण्णो होदि उम्मग्गं।।१९०।।

'**ટીકા :— જે આત્મા શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનયથી નિરપેક્ષ રહીને...**' દેખો! પોતાથી વિકાર થાય છે એમ છોડી દીધું. પોતાથી વિકાર થાય છે એવું શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન છોડી દીધું. '**જે આત્મા શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનયથી નિરપેક્ષ રહીને અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ...**' અશુદ્ધનય કહે છે, કર્મના પરિણામ જીવ કરે છે, કર્મના પરિણામ જીવ કરે છે. એમ '**વ્યવહારનયથી જેને મોહ ઊપજ્યો છે...**' '**અશુદ્ધદ્રવ્યના**

**નિરૂપણસ્વરૂપ વ્યવહારનયથી જેને મોહ ઊપજ્યો છે...**' વ્યવહારમાં જેની સાવધાની થઈ ગઈ છે. પરદ્રવ્યના પરિણામ હું કરું છે. પરદ્રવ્યના કહ્યુંને વ્યવહારનયથી, અશુદ્ધનયથી કહ્યુંને અશુદ્ધદ્રવ્યથી. કહ્યું એ તો નિમિત્ત જોઈને કહ્યું છે. તારા પરિણામ તું કરે છે, એ એનાથી થાય છે ત્યારે તારા પરિણામ નિમિત્ત છે તો કર્મના પરિણામ તારા પરિણામે કર્યા એવો વ્યવહાર કહેવામાં આવ્યો હતો. સમજાણું કાંઈ?

'**જે આત્મા શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ...**' શુદ્ધ એટલે આ હોં! પોતાનો વિકાર પોતાથી છે એવા નિશ્ચયનયને છોડીને, એવું શુદ્ધદ્રવ્યના કથનનું જ્ઞાન છોડીને, '**નિશ્ચયનયથી નિરપેક્ષ...**' એ નહિ, નહિ, એ નહિ. બસ, કર્મથી... કર્મના પરિણામ મેં કર્યા, કર્મના પરિણામ મેં કર્યા અને કર્મથી મારામાં વિકાર થયો. એમ નિશ્ચયથી નિરપેક્ષ રહીને '**અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ...**' પરનું કાર્ય મેં કર્યું તો પરે મને વિકાર કરાવ્યો. એમાં આવી ગયું છે, જયસેનાચાર્યે એ જ નાખ્યું છે. સમજ્યા? દ્રવ્યકર્મ જો તને વિકાર કરાવે તો તું પરથી રહિત, વિકારથી રહિત થવાનો તને અવસર રહેશે નહિ. '**જેને મોહ ઊપજ્યો છે...**' વ્યવહારમાં મોહ ઉત્પન્ન થયો, પરના કાર્યમાં મોહ ઉત્પન્ન થયો. પરદ્રવ્યનું હું કરી દઉં, કર્મને હું બાંધુ, કર્મને હું બાંધુ, હું છોડું, કર્મ હું ભોગવું. એમ બાહ્ય પદાર્થમાં નોકર્મ આદિ આવી ગયા. બાહ્ય પદાર્થ હું કરું અને હું ભોગવું એવી જેની દૃષ્ટિ છે, એ વ્યવહારનયથી જેને મોહ ઉત્પન્ન થયો છે '**એવો વર્તતો થકો 'હું આ છું...**' હું કર્મ છું, હું શરીર છું, હું વાણી છું. હું જ્ઞાયક છું એવી પ્રતીત કરતો નથી. જ્ઞાયક છે એ પોતાની પર્યાયમાં વિકારની પરિણતિ પોતાથી કરે છે–એવી પ્રતીતિ નહિ કરીને વ્યવહારનયથી જેને મોહ ઉત્પન્ન થયો. દેખો! ત્યાં વ્યવહાર નાખ્યોને.

'**એવો વર્તતો થકો 'હું આ છું અને આ મારું છે**' કર્મ હું છું અને કર્મ મારા છે. દેખો! અરસપરસ આવી ગયું. મેં કર્મ કર્યા અને કર્મે મને વિકાર કરાવ્યો. તો એ મારા છે. સમજાણું કાંઈ? મારા કર્મ છે, હું કર્મ છું અને કર્મ મારા છે. મેં કર્મની ક્રિયા કરી અને કર્મે મારો વિકારભાવ કર્યો. એવું જે અશુદ્ધદ્રવ્યનું કથન વ્યવહારનું છે એમાં જે મૂઢ થઈને મોહી થયો કે આ મારું છે. '**એમ આત્મીયપણે...**' આત્મીયપણે (અર્થાત્) નિજરૂપે. અજ્ઞાની જીવ... નીચે નોટ છે. 'અજ્ઞાની જીવ દેહ, ધન વગેરે પરદ્રવ્યને પોતાનું માનીને તેમાં મમત્વ કરે છે.' કેમ? કે પરનો હું છું એમ આવ્યું તો પરના કાર્ય મારાથી થયા અને પરથી મારામાં કાર્ય થયું. એવી માન્યતા અજ્ઞાનીને છે. મારામાં વિકાર કર્મથી થયો અને કર્મ મારાથી થયા. મારામાં વિકાર કર્મથી થયો તો એ મારા થયા અને મેં કર્મ બાંધ્યા (તો) હું કર્મનો થઈ ગયો. મેં વિકાર કર્યો તો કર્મ થયા અને કર્મ છે તો મારામાં વિકાર થયો એવી દૃષ્ટિ રાખવાવાળો મૂઢ જીવ મોહી થયો. જેમ કર્મને પોતાના માને છે અને વિકારને કરવાવાળો કર્મને માને છે, કર્મનું બંધન કરનાર પોતાને માને છે, એમ શરીર અને લક્ષ્મીમાં હું છું એમ માનનાર છે.

... દૃષ્ટિ બહાર ઉપર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહાર ગઈ, દૃષ્ટિ જ બહિરાત્મ છે. વિકારી પરિણામ પોતામાં થયા, પોતાથી છે, તો એની દૃષ્ટિ એને કરનાર સામાન્ય ઉપર જાય છે. અને સામાન્ય કોણ છે એનું જ્ઞાન કરવાનો અભિપ્રાય સામાન્ય ઉપર આવી ગયો. સમજાણું? પણ જ્યારે પર્યાય વિકાર પરથી થઈ અને મેં પરનું કાર્ય કર્યું, એની દૃષ્ટિ ગઈ બહાર. પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. સ્વતંત્ર પર્યાય કરવાવાળાની દૃષ્ટિ અંદર સામાન્ય ઉપર જાય છે. અને પર્યાય પરથી થઈ અને પરનું મેં કર્યું, એની દૃષ્ટિ પર ઉપર જાય છે. દ્રવ્ય, લક્ષ્મી ને શરીર એ બધી ક્રિયા મારી.

મુમુક્ષુ :— જડ અને ચેતન એક થઈ ગયા.

ઉત્તર :— એક થઈ ગયા. એવી માન્યતાથી મૂઢ થઈને મમત્વ છોડતો નથી અને બંધનમાં પડીને ચાર ગતિમાં રખડે છે. એ વાત વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૦, ગુરુવાર, તા. ૨૯.૮.૧૯૬૩**
**ગાથા-૧૯૦, ૧૯૧, પ્રવચન-૭૧**

જ્ઞેયતત્ત્વ અધિકાર ચાલે છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે અનંત જ્ઞેયો જ્ઞાનમાં જાણવાલાયક છે એ બધા પૃથક્ પૃથક્ જોયા છે. વિભિન્ન છે બધા. કોઈ જ્ઞેયને કોઈ જ્ઞેયની સાથે પરમાર્થે કાંઈ સંબંધ છે જ નહિ. એક જ્ઞેય આત્મા એને કર્મ કે શરીરાદિ કોઈ પદાર્થની સાથે યથાર્થમાં કાંઈ સંબંધ નથી. એમ જે જાણતો નથી તે પરપદાર્થનો સંબંધ જોઈને પરપદાર્થ મારા છે, શરીર મારું છે, હું શરીરથી સાધન કરી શકું છું, શરીર સારું હોય તો ધર્મસાધન થઈ શકે, લક્ષ્મી આદિ હોય તોપણ ધર્મસાધન દાન દેવાય, એમાંથી મંદિર બંધાવાય, પૂજા થાય, ભક્તિ થાય. શેઠી! જાત્રા નીકળે પૈસા-બૈસા હોય તો. એનાથી આત્માને ધર્મલાભ થાય એમ અજ્ઞાની પરને કારણે ધર્મ માને છે. તો પોતાનું નિજ સ્વરૂપ પરથી પૃથક્ છે તેને જાણતો નથી. એ વાત ૧૯૦માં ચાલે છે. જુઓ!

'**ટીકા :— જે આત્મા શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ...**' શુદ્ધ નામ પોતાનો આત્મા... ૧૯૦ છે, ૧૯૦ની ટીકા છેને. શુદ્ધદ્રવ્યના કથનસ્વરૂપ અર્થાત્ પોતાનો આત્મા પોતાની વિકારી

પર્યાયસહિત પોતાનો આત્મા સ્વજ્ઞેય પરથી તદ્દન ભિન્ન છે. એમ '**નિશ્ચયનયથી નિરપેક્ષ રહીને...**' એમ નિશ્ચયનયને નથી ગણતો, નિશ્ચયને માનતો નથી, નિશ્ચયની ઉપેક્ષા કરે છે. ઉપેક્ષા નામ એ તો નિશ્ચય છે, નિશ્ચય છે, નિશ્ચય છે. એ તો નિશ્ચયની વાત છે. આપણે નહિ, આપણે વ્યવહારથી કામ લેવું છે. નિશ્ચય નિશ્ચયની વાત છે. એ તો ભિન્ન ભિન્ન... શું પણ ભિન્ન? વ્યવહારથી કામ ચાલે છેને, નિશ્ચયથી કાંઈ કામ ચાલે છે? એ વાત આવી હતી એક ફેરી. નિશ્ચયથી આત્મા શુદ્ધ છે એ તો અમે બધા જાણીએ છીએ. ઈ આવ્યું હતું એ તરફથી. પણ વ્યવહાર તો કરવો પડેને. શું કરવો પડે છે? ધૂળ કરવો પડે છે? સમજાણું કાંઈ?

પોતાનો આત્મા... અહીં તો શુદ્ધ કહેતાં પરથી ભિન્ન. એકલું સ્વજ્ઞેય પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય પૃથક્, પરથી ભિન્ન ભિન્ન, પોતાના દ્રવ્ય-ગુણથી અભિન્ન-એવો પોતાનો આત્મા નિશ્ચયનયથી છે તેનાથી નિરપેક્ષ રહીને, અજ્ઞાની એની અપેક્ષા કરતો નથી. નહિ, નહિ, સાધન છે, સાધન છે બધા. પૈસા સાધન, લક્ષ્મી સાધન, વાણી પણ સાધન છે કે નહિ? વાણીથી બોલાય છે, દુનિયાને લાભ થાય છે. એમ પરદ્રવ્યને પોતાના માનીને અને નિશ્ચયથી પોતાનો આત્મા ભિન્ન છે તેની ઉપેક્ષા કરીને, ગણતરીમાં નહિ લાવીને અને નહિ માનનાર '**અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનયથી જેને મોહ ઊપજ્યો છે...**' એ પરદ્રવ્યનું વ્યવહારથી કહ્યું હતું કે પરદ્રવ્યનો કર્તા વ્યવહારે છે. એવા કથનને બરાબર લક્ષમાં લઈને એમાં મોહ કરે છે. નિરૂપણ, વ્યવહારનયથી જેને મોહ ઊપજ્યો છે. વ્યવહારથી તો છે કે નહિ? વ્યવહારથી તો છે કે નહિ? શરીર વ્યવહારથી તો પોતાનું છે કે નહિ? શાસ્ત્રમાં કેમ કહ્યું? આત્માને પાંચ શરીર હોય છે. ચાર આદિ, જે હોય તે. સમજાણું કાંઈ? એકસાથે ભલે પાંચ ન હોય, પણ આત્માને શરીર હોય છે, આત્માને કર્મ હોય છે, આત્માને વાણી હોય છે, આત્મા ભાષા બોલે છે, આત્માને સ્થૂળતા સૂક્ષ્મતા છે, આત્મા સૂક્ષ્મ સ્થૂળ છે. આત્મા એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય છે.

મુમુક્ષુ :— વ્યવહારથી તો છે?

ઉત્તર :— વ્યવહારથી એના છે, ઈ જ કહે છે. વ્યવહારથી છે ઈ કરતાં એ મારા છે, વ્યવહારથી કહ્યું તો એમાં મમતા કરે છે એ મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? કેમ પુસ્તક નથી લાવ્યા? ભૂલી ગયા, અચ્છા. સમજાણું કાંઈ?

'**અશુદ્ધદ્રવ્યના નિરૂપણ...**' અશુદ્ધદ્રવ્યનું નિરૂપણ અર્થાત્ પરદ્રવ્યનો વ્યવહારથી કર્તા કહેવામાં આવ્યો એવા નિરૂપણમાં એને મોહ થઈ ગયો. એ વ્યવહાર તો છે કે નહિ? વ્યવહારથી કરે છે કે નહિ? અરે..! ધૂળમાંય નથી કરતો, સાંભળ તો ખરો. એ તો વ્યવહારનું નિમિત્ત કોણ હતું એ કાર્યમાં એનું જ્ઞાન કરાવ્યું હતું, પણ વ્યવહારથી કરી શકું છું શરીરનું, વાણીનું (એમ નથી). અત્યારે બહુ કહે છે, જુઓ ભાઈ! શરીરથી ધર્મ થાય છે, શરીર અનુકૂળ હોય

તો થાય છે, લક્ષ્મી અનુકૂળ હોય તો (ધર્મ થાય છે). શરીર મજબુત હોય તો અહિંસા પળાય છે. શરીરમાં જોર હોય અને કોઈ વિરોધ કરવાવાળો આવ્યો, મજબુત શરીર હોય તો (સામનો કરી શકાય). શરીર અનુકૂળ હોય તો સામે જમૈયા લઈને ઊભા રહીએ તો ધર્મની રક્ષા થાય છે, અહિંસા પાલન થઈ શકે છે. એમ કહે છે, છાપામાં આવ્યું હતું. અરે..! શું પ્રભુ! તારી ચીજમાં તારું કામ છે, પર સાથે તારે કાંઈ કામ નથી. અમારે દેશની સેવા કરવી છે. ભઈ, શરીર હોય તો દેશની સેવા કરી શકાય, શરીર હોય તો અહિંસાની રક્ષા કરી શકાય, ગુરુની સેવા પણ શરીર ઠીક હોય તો કરી શકાય. પણ શું છે? શરીર તારી ચીજ જ નથીને. શરીરથી હાલવું-ચાલવું તારું કર્તવ્ય નથી અને તારાથી કદી શતું નથી ને શું કરવું છે તારે શરીરથી? સમજાણું કાંઈ?

તો કહે છે કે એવો મોહ ઉત્પન્ન થયો. વ્યવહારથી તો હું શરીરસહિત છુંને. વ્યવહારથી તો કર્મસહિત છુંને, વ્યવહારથી તો પોતાનો દેશ છે કે નહિ? વ્યવહારથી તો પોતાના સ્રી, કુટુંબ, પરિવાર છે કે નહિ?

મુમુક્ષુ :— અસદ્‌ભુત વ્યવહારનયથી છે.

ઉત્તર :— પણ અસદ્‌ભુતનો અર્થ કે નથી, ખોટુ છે.

એવો '**મોહ ઊપજ્યો છે એવો વર્તતો થકો 'હું આ છું...'** શરીરાદિ હું છું, લક્ષ્મી હું છું, **'આ મારું છે...' 'હું આ છું અને આ મારું છે'** અરસપરસ આવી ગયું. શરીર હું છું અને શરીર મારું છે. હું આ છું. આત્મા શરીર છે, શરીર મારું છે. લક્ષ્મી હું છું, લક્ષ્મી મારી છે. સ્રી હું છું, સ્રી મારી છે. સમજાણું કાંઈ? **'એમ આત્મીયપણે...'** પોતાની નિજરૂપની માન્યતાને કારણે **'દેહ-ધનાદિક પરદ્રવ્યમાં મમત્વ છોડતો નથી,...'** પોતાના વ્યવહાથી માન્યુંને? પણ વ્યવહારથી છે જ નહિ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહારથી પણ તારા નથી. ધન આદિ, લક્ષ્મી, વાણી, કર્મ **'પરદ્રવ્યમાં મમત્વ છોડતો નથી,...'** વ્યવહારથી તો છેને, એમ કરીને પરદ્રવ્યનું અભિમાન છોડતો નથી.

**'તે આત્મા ખરેખર શુદ્ધાત્મપરિણતિરૂપ...'** દેખો! **'તે આત્મા ખરેખર...'** પોતાનો શુદ્ધાત્મા પરથી તદ્દન ભિન્ન છે. જ્યારે પરથી ભિન્ન જાણ્યું તો પોતાની પરિણતિ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર જ ગઈ. પોતાનો શુદ્ધાત્મા, હવે અહીંયા શુદ્ધાત્મપરિણતિરૂપ એ શુદ્ધાત્મા વિકારસહિત ન લેવો. અહીં તો **'શુદ્ધાત્મપરિણતિરૂપ જે શ્રામણ્ય નામનો...'** દેખો! સાધુ નામ ધરાવીને પણ શરીરથી કામ લેવું છે, વાણીથી કામ લેવું છે, વાણી પણ સહાયક છે, શરીર સહાયક છે એમ માનીને **'શુદ્ધાત્મપરિણતિરૂપ જે શ્રામણ્ય નામનો માર્ગ તેને દૂરથી છોડીને...'** સાધુપદનું સ્વરૂપ શું છે? પોતાનો આત્મા પરની ક્રિયા તો કરનારો નથી અને પુણ્ય-પાપના પરિણામ, પુણ્યાદિના થાય છે એ પણ મારું કર્તવ્ય નથી. હું તો જ્ઞાન, આનંદસ્વરૂપ મારી ચીજમાં શાંત વિકારરહિત દશા પડી છે, શક્તિ પડી છે. એવા પોતાના આત્માની દૃષ્ટિ કરીને

પર્યાયમાં શુદ્ધ પરિણતિ નિર્વિકારી અવસ્થારૂપ થવું એનું નામ શ્રામણ્ય નામ મોક્ષમાર્ગ છે. દેખો! શેઠી! '**શ્રામણ્ય નામનો માર્ગ...**' શું શ્રામણ્ય નામનો માર્ગ? '**શુદ્ધાત્મપરિણતિરૂપ...**' જુઓ! ખુલાસો કરી નાખ્યો. વ્યવહાર-ફ્યવહાર નહિ.

મુમુક્ષુ :— ... અઠ્યાવીશ મૂળગુણ મોક્ષમાર્ગ ...

ઉત્તર :— અઠ્યાવીશ મૂળગુણ મોક્ષમાર્ગ નહિ. શેઠ! સમજાણું કાંઈ? વિકલ્પ આવે છે મુનિને. ભાવલિંગી સંત.. અહીં તો ઉત્કૃષ્ટ વાત છેને. એના પેટામાં ગૃહસ્થ પણ લઈ લેવા. ગૃહસ્થમાં, મારે બાર વ્રતનો વિકલ્પ છે, ષટ્કર્મના પરિણામ છે એ જ મારો મોક્ષમાર્ગ છે. નહિ, એ મોક્ષમાર્ગ છે જ નહિ. શ્રાવકને પણ ષટ્કર્મના પરિણામ જે શુભ આવે છે તે મોક્ષમાર્ગ નથી.

મુમુક્ષુ :— શ્રાવકનું કર્તવ્ય છે.

ઉત્તર :— કર્તવ્ય વ્યવહારથી કહેવામાં આવ્યું છે, પરમાર્થે નથી. એ (વ્યવહારે) નિત્ય કરવાનું કામ અને (નિશ્ચયે) નહિ કરવાનું કામ. એવી વાત છે. વ્યવહાર કહે છે કે નિત્ય કરવા. નિશ્ચય કહે છે કે મારું કર્તવ્ય નથી. સમજાણું કાંઈ?

પોતાનો શુદ્ધ પ્રભુ આત્મા.. એ તો નિયમસારમાં પણ લીધું છેને? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો ભક્ત છે શ્રાવક. શ્રાવક ગૃહસ્થાશ્રમમાં પણ... ચંદુભાઈ! ભક્તિ અધિકાર. કહે છેને, હમણાં નથી આવ્યું? સાતમે ગુણસ્થાને જ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય છે. પ્રમત્ત ભાવ આવે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એવો લેખ આવ્યો છે હમણાં. કોઈ જ્ઞાનસાગર મુનિ છે. એમાં મોટો લેખ છે. કાંઈ ખબર નથી. અહીં તો કહે છે, પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ, એ પુણ્યના પરિણામથી પૃથક્ અને દેહાદિ ક્રિયાથી પૃથક્ એવા પોતાના સ્વરૂપની અંદર પ્રતીત, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની શુદ્ધ પરિણતિરૂપ જે અંશ પ્રગટ છે તેને જ ભગવાને મોક્ષમાર્ગ શ્રાવકનો કહ્યો છે. મોતીલાલજી! શ્રમણ અને શ્રાવક, બે જ નિશ્ચયભક્તિ કરે છે. ઈ જ વાત અહીંયા લે છે.

'**ખરેખર શુદ્ધાત્મપરિણતિ...**' પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ છે એ મોક્ષમાર્ગ નહિ. એકે તો વળી ઈ લગાવી દીધું છે. તત્ત્વાર્થસૂત્ર નવું બનાવ્યું છે. એક છેને નામધારી? નામ છે, ખબર છે. બધો ખ્યાલ તો છેને. અઠ્યાવીશ મૂળગુણ છે તે સંવર છે. તત્ત્વાર્થસૂત્રમાં લગાવી દીધું. અને આચાર્યની ભૂલ કાઢે છે. અમે પણ સાધુ છીએ. અરે.. ભગવંત! શું થયું તને? ચૈતન્યપ્રભુ એક સમયમાં જ્ઞાયકમૂર્તિ શુદ્ધ આનંદકંદ એની અંતર દૃષ્ટિ કરીને શુદ્ધ પરિણતિ નિર્વિકલ્પ અવિકારી, અધ્યાત્મ સ્વભાવ શાંતરસનું પોતાનું પરિણમન એ એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ વીતરાગમાર્ગમાં નથી. બીજામાં તો છે જ નહિ.

જિનેન્દ્ર વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા... પોતાનું નિજ સ્વરૂપ પરથી પૃથક્ અને પોતાના ગુણ શાંતિથી અભેદ છે. એમ અંતરમાં શુદ્ધાત્મપરિણતિ... દેખો! ટોડરમલજીની ભૂલ કાઢે

છે. લ્યો, એ તો શુદ્ધઉપયોગને મુનિપણું કહે છે. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણને નથી કહેતા. આ શું કહે છે અમૃતચંદ્રાચાર્ય? શુદ્ધાત્મપરિણતિ. નિર્મળ પ્રભુ એમાં રાગનો, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એનાથી પણ પૃથક્, અંતરમાં નિર્મળાનંદ વીતરાગી પરિણતિ પર્યાયનું થવું તે જ શ્રામણ્ય નામ મુનિમાર્ગ છે. શોભાલાલજી! આ માર્ગ છે, જુઓ! ઓહો..હો..! એમાં તો આ ખાવું ને પીવું ને.. શું લગાવી દીધું. આખો દિ' એ વાત. ધર્મચંદજી!

'**તે આત્મા ખરેખર શુદ્ધાત્મપરિણતિરૂપ શ્રામણ્ય નામનો માર્ગ તેને દૂરથી છોડીને...**' પુણ્યના પરિણામ ને કર્મ મારા, શરીરની ક્રિયા મેં કરી એવી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યારાગમાં રમણ કરનારો મોક્ષમાર્ગને છોડી દે છે. સ્વભાવનો આશ્રય કરવાનું છોડી દે છે અને વિભાવ અને નિમિત્તનો આશ્રય કરવામાં તત્પર રહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સંયોગ શરીરના નિમિત્તે... આમ કરું છું, શરીરથી બોલવું, આવું કામ હું કરું છું જુઓ! હું નગ્ન થયો, એક મોરપીંછી રાખી. એમ પરદ્રવ્યનો આશ્રય કરીન સ્વદ્રવ્ય ચિદાનંદનો આશ્રય દૂરથી છોડી દે છે. કહો, સમજાણું કાંઈ? આ ગૃહસ્થમાં પણ ખબર નથી પછી જ્યાં ત્યાં માની બેસે. ક્યાંક માનવું તો હોયને, કલ્યાણ તો કરવું છે. મોતીલાલજી!

મુનિપણું... મોક્ષમાર્ગ શ્રાવકનો હો કે મુનિનો હો, બન્નેનો માર્ગ, ભગવાન આત્મા પરમાનંદ જ્ઞાયકજ્યોત એની અંદર રુચિનું પરિણમન, એને જ્ઞેય કરીને.. અહીં જ્ઞેય (અધિકાર) છેને, એને જ્ઞેય કરીને જાણીને પરિણમન (થવું) અને એમાં અવિકારી અઠ્યાવીશ મૂળગુણ ને બાર વ્રતના વિકલ્પરહિત જે નિર્મળ પરિણતિની દશા છે તેને ભગવાન મોક્ષમાર્ગ કહે છે. સમજાય નહિ, સાંભળવા મળે નહિ, માની લ્યે કે ઓહો..! આ મુનિ થઈ ગયા ને આ મુનિ થઈ ગયા. ઈન્દ્રચંદજી! અરે..! ભગવાન! બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! એક વિકલ્પ ઉઠે, કહે છે કે પરનો આશ્રય લીધો તો ઉઠ્યો છે. ભગવાન! એ માર્ગ તારો નહિ. આવે, પણ આવે છે તે મોક્ષમાર્ગ નથી, એ બંધમાર્ગ છે. બરાબર છે? પૂનમચંદજી! અઠ્યાવીશ મૂળગુણ મોક્ષમાર્ગ નથી એમ કહે છે. વળી પંચ મહાવ્રત પાળવા એમ કહે છે ક્યાંક.

મુમુક્ષુ :— ચરણાનુયોગમાં...

ઉત્તર :— ઈ ચરણાનુયોગમાં વ્યવહારથી કહેવામાં આવ્યું છે. પાળવું શું? શું આસ્રવને પાળવો છે? સમજાણું કાંઈ? આહા..હા..! આસ્રવને પાળવો તો આસ્રવ વિકલ્પ છે. વ્યવહારનયના કથન આવે. ત્યાં હોય છે એ બતાવવા એવા કથન કરવામાં આવ્યા છે.

અહો..! '**શ્રામણ્ય નામનો માર્ગ તેને...**' શુદ્ધાત્મપરિણતિ. પરનો આશ્રય લઈને હિત માનવાવાળો પોતાનો આશ્રયથી શુદ્ધાત્મપરિણતિને દૂર કરે છે. તિરસ્કાર કરે છે, છોડી દે છે. શુદ્ધાત્મપરિણતિરૂપ. પરિણતિ સમજ્યા? પરિણતિ નામ પર્યાય, પર્યાય નામ અવસ્થા. પોતાની શુદ્ધ નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવું ચારિત્રનું અવિકારી પરિણમન, પર્યાય

તેને શુદ્ધાત્મપરિણતિ કહેવામાં આવી છે. પહેલી શ્રદ્ધા, જ્ઞાનમાં તો વાત લે કે આ ચીજ છે, બીજી ચીજ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભગવાનનું ભજન, નમસ્કાર (મંત્રનું) સ્મરણ બધા વિકલ્પ છે, એ મોક્ષમાર્ગ નહિ. શેઠ! ભારે વાત!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... થાય છે, પણ અહીંયા મોક્ષનો માર્ગ થાય કે નહિ? પરના આશ્રયમાં લાભ માનવો એ મિથ્યાત્વભાવ છે. પહેલા સમ્યગ્દર્શનની મુક્તિ બતાવે છે. સમ્યગ્દર્શનરૂપ મુક્તિ, મિથ્યાત્વથી મુક્ત થવું. સમજાણું કાંઈ? એ જ પહેલો મોક્ષ છે. રાગના પરિણામથી હું ભિન્ન (છું). પંચમઆરાના મુનિ છે કે કોણ છે? અને પંચમઆરાના મુનિ પંચમઆરાના જીવને બતાવે છે કે કોને બતાવે છે. એમને ખબર નથી કે મારે અત્યારે મોક્ષ નથી. પણ મોક્ષમાર્ગ છે કે નહિ? અને માર્ગ તો શુદ્ધાત્મપરિણતિ માર્ગ છે. બસ, એક જ વાત છે. લાખ વાતની વાત.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મિથ્યાત્વથી મુક્ત થાય છે. મિથ્યા અભિપ્રાયથી તો મુક્તિ થાય છે કે નહિ? અને મિથ્યાજ્ઞાનથી મુક્તિ થાય છે કે નહિ? અને અમુક કષાયથી મુક્તિ થાય છે કે નહિ? એ મૂળ વાત કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... એ તો પૂર્ણ મોક્ષની વાત છે. પણ અંશે જે થયું એને શાસ્ત્રકાર મોક્ષ જ કહે છે. આગળ પ્રવચનસારમાં કહે છે. મુનિપણાની દશા શ્રામણ્ય પરિણતિને મોક્ષતત્ત્વ કહે છે. એને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. પાછળ આવ્યું છે, પાછળ ગાથામાં. સમજાણું કાંઈ? પાછળ પાંચ ગાથા છેને? કેટલામી આવી? ૨૭૨ ગાથાની ચોથી લીટી છે. '**શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...**' દેખો! ચોથી લીટી છે. ૨૭૨. '**ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...**' છે? હિન્દીમાં ૩૨૩ પાનું, ... જુઓ! '**ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...**' ચંદુભાઈ! મોક્ષતત્ત્વ કહ્યું. મોક્ષ નથી નથી શું કહો છો? છે કે નહિ? રામસ્વરૂપજી! જુઓ જુઓ! એ.. ધર્મચંદજી! ધર્મચંદજીએ કાઢ્યું નથી તો બીજાને શું બતાવે? ૨૭૨ ગાથા છે? વાંચો, શું છે?

અહીંયા જે શુદ્ધાત્મપરિણતિ કહી તેને ત્યાં મોક્ષતત્ત્વ કહ્યું. સમજાણું કાંઈ? એ મોક્ષ જ છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ પ્રભુ મુક્તસ્વરૂપ ત્રિકાળ એની અંતરની દૃષ્ટિ, રમણતાની પર્યાયને જ મોક્ષતત્ત્વ કહે છે. સમજાણું કાંઈ? જે ત્રિકાળ દ્રવ્યસ્વભાવ મુક્ત છે, મુક્ત વસ્તુસ્વભાવ. વસ્તુ તો મુક્ત જ છે ત્રિકાળ અને એ વસ્તુની શુદ્ધાત્મપરિણતિ અહીંયા થઈ તેને મોક્ષતત્ત્વ જ કહ્યું. એ પૂરું અલ્પકાળમાં થવાનું છે તેને મોક્ષતત્ત્વ જીવને કહ્યું. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે કે અમે મોક્ષતત્ત્વ છીએ. લ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

પંચમ આરામાં નથી. પણ સાંભળ તો ખરો!

અહીંયા કહે છે, અમે મોક્ષતત્ત્વ છીએ. એમ કહે છે. જુઓ! અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય પંચમ આરાના મુનિ હજાર વર્ષ પહેલા, ૯૦૦ વર્ષ પહેલા અમૃતચંદ્રાચાર્ય થયા, બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય થયા. સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા પાસે ગયા અને કહે છે કે અમે મોક્ષતત્ત્વ છીએ. આહા..હા..! અમારો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા એ તો મોક્ષસ્વરૂપ જ છે વસ્તુ તો, પણ વસ્તુનો અંદર આશ્રય કરીને નિર્વિકારી દશાની દર્શન, જ્ઞાન, ચારિત્રની અવસ્થા પ્રાપ્ત થઈ એ જ અમારું મોક્ષતત્ત્વ છે. સમજાય છે કાંઈ? ખ્યાલેય નથી. મુક્ત પ્રભુ આખો પડ્યો છે મુક્ત.

કહે છે કે '**શુદ્ધાત્મપરિણતિરૂપ જે શ્રામણ્ય નામનો માર્ગ તેને...**' જુઓ! '**દૂરથી છોડીને...**' એની તો દરકાર નથી. નિશ્ચય નહિ, નહિ. એ નિશ્ચય, એ નિશ્ચય, નિશ્ચય (કહીને) એને છોડી દે છે. અને '**અશુદ્ધાત્મપરિણતિરૂપ ઉન્માર્ગનો જ આશ્રય કરે છે.**' દેખો! અશુદ્ધાત્મપરિણતિરૂપ. અહીં તો હવે પરિણતિ લીધીને. અશુદ્ધ નામ પુણ્યપરિણામ, મલિનપરિણામ પરના આશ્રયે થયા એવી અશુદ્ધાત્મપરિણતિરૂપ ઉન્માર્ગનો આશ્રય લ્યે છે. એ ઉન્માર્ગ છે. પરના લક્ષે, આશ્રયથી ઉત્પન્ન થાય એ તો રાગ જ ઉત્પન્ન થાય, એ રાગ મોક્ષમાર્ગ નથી, એ ઉન્માર્ગ છે. ઓહો..હો..! ધર્મચંદજી! વીતરાગ વીતરાગમાર્ગ. જિનેન્દ્ર પરમાત્મા ત્રિલોકનાથ આમ સર્વથી ઉદાસ, તદ્દન વીતરાગ. ત્રણ કાળ ત્રણ લોક જણાયા વીતરાગને.

કહે છે કે પહેલા શ્રદ્ધા અને લક્ષમાં તો વાત લે કે અંતરમાં, શરીરની ક્રિયા નગ્ન (થાય) એ મોક્ષમાર્ગ નહિ, પંચ મહાવ્રતના પરિણામ મોક્ષમાર્ગ નહિ, અહિંસા પાળવી એ મોક્ષમાર્ગ નહિ.

મુમુક્ષુ :— ધન છોડી દીધું તો મોક્ષમાર્ગ છે.

ઉત્તર :— શું છોડે? ધન જ છોડ્યું નથી. છોડવાનું હતું તે છૂટ્યું, અજ્ઞાન અને રાગ. બીજું શું છોડવું છે? એ છૂટ્યું. સ્વભાવ ચિદાનંદમૂર્તિની અંદર અનુભવ, પ્રતીતિ કરીને સ્થિર થયો તો છુટવાની ચીજ છૂટી ગઈ અંદર અજ્ઞાન અને રાગ. રહી ગઈ શુદ્ધ સ્થિરતા. દર્શનપૂર્વક સ્થિરતા અંદર રહી એનું નામ મોક્ષમાર્ગ છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જુઓ! આ તો એકાંત થાય છે. છેને ભાઈ જુઓ! એમાં લખ્યું છે.

શુદ્ધાત્મપરિણતિરૂપ મોક્ષમાર્ગને '**દૂરથી છોડીને...**' એ જ અનેકાંત છે. સમ્યક્ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અંતરમાં લીન, દૃષ્ટિ નિર્વિકારી પરિણતિ જ મોક્ષમાર્ગ છે અને રાગાદિ નહિ, એનું નામ અનેકાંત છે. આ તો એકાંત થઈ જશે. નિશ્ચય પણ મોક્ષમાર્ગ છે, રાગ વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે તો અનેકાંત થાય છે. એમ નથી. કહેવામાં, કથન કરવામાં આવે છે. વસ્તુસ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કથન એ તો નિમિત્ત જોઈને કથન કરે છે. વ્યવહારનય અન્યથા કથન કરે છે. વસ્તુના સ્વરૂપનું કથન એ નથી કરી શકતો, વ્યવહારનું એ જ લક્ષણ છે. સમજાણું કાંઈ?

એક જ માર્ગ છે એમ કહ્યું. જુઓ! આ અનેકાંત કહ્યું. પોતાનો પવિત્ર ભગવાન પ્રભુ એક સમયમાં... કેટલી વાત! સવારે જરી વિચાર આવ્યા હતા ઉઠ્યા પછી. અહિંસાનો પ્રશ્ન ઉઠ્યોને, ભાઈએ કહ્યું હતું. અહિંસા, આત્મા એક સમયમાં અનંત અનંત ગુણ અને એમાં એક પર્યાય જ્ઞાનની એક પર્યાય.. સાંભળો! એક પર્યાયમાં અનંત દ્રવ્યને જાણવાની તાકાત. એ વીતરાગમાર્ગમાં જ્ઞાનની પર્યાયની તાકાત કેટલી છે એક સમયની? અનંત જીવ છે, અનંત પરમાણુ છે, અનંત દ્રવ્ય છે, અનંત ગુણવાળા, અનંતી પર્યાયવાળા બધાને એક જ્ઞાનની પર્યાયમાં જાણવાની તાકાત, એવી જેની એક સમયમાં જ્ઞાનની પર્યાયની તાકાત, એવી શ્રદ્ધાની એક સમયની પર્યાયની (તાકાત). એટલી પર્યાય, એટલા ગુણ અને એવી અનંત પર્યાયનો (પિંડ) ગુણ અને અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય. એવી પ્રતીતિમાં તાકાત. એવી પ્રતીતિ અને એ જ્ઞાનપર્યાયમાં લીનતા એની રક્ષા કરવી કે હું આવો જ છું, એનું નામ અહિંસા છે. ઈ તો ઉઠ્યોને પછી આ વિચાર (આવ્યા). ઈ તો વાત ચાલતી હતીને કે બીજામાં અહિંસા (કહી છે). અરે..! પ્રભુ! તને ખબર નથી.

છ દ્રવ્ય ભગવાને જોયા ત્રિલોકનાથ વીતરાગદેવે. છ દ્રવ્યમાં દ્રવ્ય અનંત, અનંત આત્મા, અનંત પરમાણુ, અનંત નિગોદના જીવ, સિદ્ધના અનંત અને અનંત પરમાણુ જીવથી અનંતગુણા, બધાને એક સમયની જ્ઞાનની પર્યાયમાં જાણવાની લાયકાત છે. એવી પર્યાય ગુણની છે. એમ શ્રદ્ધાની પર્યાયમાં એટલી તાકાત છે કે બધી આવી પર્યાયસહિત દ્રવ્યની પ્રતીત કરવી, જ્ઞાનપ્રધાન કથનમાં, એવી એક સમયની સ્થિરતાની તાકાત, એટલી પર્યાય. અને એ શ્રદ્ધામાં સ્થિરતા થવાની તાકાત. એવી અનંત પર્યાયનો પિંડ ગુણ અને એવા અનંત ગુણનો (પિંડ) દ્રવ્ય એમાં લીન થવાની એક સમયની તાકાત. એની રક્ષા કરવી પહેલા પ્રતીતથી, આવો હું છું, બીજું નહિ એનું નામ શ્રદ્ધાથી અહિંસા કરી અને શ્રદ્ધાથી આત્માની રક્ષા કરી. આ તો અગમનિગમની વાત છે. શોભાલાલજી!

વીતરાગમાર્ગ વીતરાગ ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ ચૈતન્યસૂર્ય જ્યાં પૂર્ણ ખીલ્યો, ખીલી ગયો અંદર. અનંત કળી આત્મામાં ખીલી ગઈ. અનંત અનંત ગુણ હતા શક્તિરૂપ. ઓહો..! કહે છે તમારે, નહિ? તારણસ્વામીએ એક લીધું છે. ભાઈ! એમાં એક શબ્દ પડ્યો છે કે આ અરિહંત અને સિદ્ધ આત્માના ગર્ભમાં પડ્યા છે. શોભાલાલજી! ... આત્માના ગર્ભમાં અરિહંત અને સિદ્ધ પડ્યા છે એનો જન્મ થાય છે. સમજાણું કાંઈ? કહે છેને, અહિંસા ... ધર્મ, લીધો છેને ભાઈ બંધમાં? ... અજ્ઞાન ... ગર્ભ છે. એક સમયમાં ભગવાન આત્મા

અનંત અરિહંતપદની પર્યાય, અનંત દર્શન, આનંદની સિદ્ધની અનંતગુણી પર્યાય પ્રગટ થવાનો આત્મા ગર્ભ છે. ગર્ભ ન હોય અંદરમાં તો આવે ક્યાંથી? સમજાણું કાંઈ? સમજવું પડશે. આમ બહારથી રક્ષણ કરવામાં કંઈ નથી એમ કહે છે. શોભાલાલજી! ઓળંભો તો સમજવામાં લેવો પડેને, ભાઈ! મોટું નામ છે ત્યાં, સમાજભુષણ. શું કાંઈક બીજું નામ છે? એવા નામ આપ્યા છે. આ ... નો ખ્યાલ કરવો એ સાચું ભુષણ છે. બરાબર છે? શેઠ! અને તો પોતાની અને પરની, પરની શું લાયકાત છે એ પણ એના ખ્યાલમાં આવી જાય. પરની પરીક્ષામાં પોતાને પ્રતીતિમાં વિપરીતતા ન આવી જાય માટે ખ્યાલ કરવો છે. સમજાણું કાંઈ? પરની વિપરીતતા હોય અને પોતાને ખ્યાલમાં આવી જાય કે ઈ બરાબર છે તો પ્રતીતિમાં વિપરીતતા આવી ગઈ. પોતાને કારણે.

ભગવાન આત્મા એક સમયમાં, એક સમય કોને કહે છે? સેકંડના અસંખ્યભાગમાં સિદ્ધપદ જે પર્યાયપણે પૂર્ણ થયું એ બધી (પર્યાય) પેટમાં—ગર્ભમાં પડી છે, એનો પર્યાયમાં જન્મ થયો. રાગથી નહિ, ઈ કહેવું છે ભાઈ અહીંયા જરી. પુણ્યના પરિણામ, મહાવ્રતના પરિણામથી સિદ્ધપદ નથી થયું. એના મહાવ્રતના પરિણામના ગર્ભમાં સિદ્ધપદ પડ્યું છે? સમજાણું કાંઈ? રતનલાલજી! તારણસ્વામી એમાં એક ઠેકાણે કહે છે, બહુ ખ્યાલ નથી, શબ્દ મગજમાં રહી ગયો છે. વાત બરાબર છે. અહો..! વીતરાગ જિનોત્તમ પ્રભુ આપે કહ્યું એ બહાર બીજે ક્યાંય નથી આવું. બહુ શબ્દ લ્યે છે, જિનોત્તમ, જિન.. લ્યે છેને. જિનબિંબ, જિનબિંબ, જિનબિંબ.. શબ્દ. અરિહંત અને સિદ્ધપદ જે પર્યાયમાં આવે છે એ ક્યાંથી આવ્યા? પુણ્યના પરિણામમાંથી આવ્યા? નિમિત્તનું લક્ષ કરવાથી આવ્યા? નિમિત્તના આશ્રયે, ધૂળમાંથી, પરમાંથી આવ્યા? કર્મ અને શરીરમાંથી (આવ્યા)? સમજાણું કાંઈ? અરે.. ભગવંત! તને ખબર નથી.

કહે છે કે ભગવાન આત્મા અંતર ધ્રુવ ચૈતન્યપ્રભુ આનંદકંદ પેટમાં સિદ્ધપદમાં લઈને બેઠો છે. એનો આશ્રય કરવાથી જે શુદ્ધ પરિણતિ નિર્મળ વીતરાગ વિકારરહિત થઈ તેનું નામ મોક્ષમાર્ગ છે. આહા..હા..! એનું નામ અહિંસા છે એમ કહ્યું હતું, સવારે કહ્યું હતુંને? આ તો અહિંસા ક્યાં છે? અહિંસા.. અહિંસા.. કોને કહે? ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં એટલું જાણવાની તાકાત (રાખે છે). અનંત જીવની રક્ષા કરવાની નહિ, અનંત જીવને મારવાની નહિ. નિગોદ છે તો રક્ષા કરવાની (તાકાત છે) એમ નહિ. અને સિદ્ધ છે તો એનું બહુમાન કરવાલાયક વિકલ્પ છે એમ નહિ. જ્ઞાનની પર્યાયમાં અનંત જ્ઞેય છે એને જાણવાની તાકાત (છે). એવી એક સમયની જ્ઞાનની પર્યાય એ ક્યાં છે બીજે ઠેકાણે? લાવો! બીજે ઠેકાણે સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર સિવાય કોઈ વાત એક્કેય છે જ નહિ. રાજારામજી! સમજાણું કાંઈ? આ પક્ષ નથી, આ વસ્તુને લોજીકથી—ન્યાયથી તો સિદ્ધ કરે છે.

એક સમયમાં જ્ઞાનની પર્યાય અનંત જ્ઞેય, જીવ, જડને જાણવાની તાકાત રાખે છે. એવી

પર્યાયની હજી જેને શ્રદ્ધા નથી, જ્ઞાનની પર્યાય છે, જ્ઞાન છે, જ્ઞાન છે પણ જ્ઞાન કેટલું છે? કેટલું? સર્વજ્ઞ પરમાત્મા સિવાય, એ જ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે એ બીજે ઠેકાણે છે જ નહિ. શેઠ! સમજાણું કાંઈ? આ તો અવલદોમની વાત છે. રતનલાલજી! રતનલાલજીને કહ્યું હતું, સમજવું પડશે. ... કરવું પડશે. તમાકુનું કેવું ધ્યાન રાખે છે બહાર? ધન્નાલાલજી!

અહીં તો ભગવાન પરમાત્મા ત્રિલોકનાથના ખોળે બેસવું છે. સમજાણું કાંઈ? 'મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા? તેમ પ્રભુચરણ પસાય, સેવક થયા નિશ્ચિંતા...' પ્રભુ! તારા ખોળે બેઠા. વીતરાગ ત્રિલોકનાથ... ખોળો સમજો છો? ગોદી ગોદી. સર્વજ્ઞ પરમાત્માએ માર્ગ કહ્યો એના ખોળે બેઠા છીએ. પ્રભુ! માતાના ખોળામાં બેઠો હોય એને કોઈ મારવા આવે તો મારવા ન દે, એની રક્ષા કરે છે. પ્રભુ! વીતરાગ એક સમયમાં પૂર્ણાનંદ છે એની અમને અંદરથી પ્રતીતિ થઈ છે. આપના ખોળે બેઠા છીએ, ગોદમાં બેઠા છીએ, શું ચિંતા છે હવે અમારે? કોઈ જન્મ-મરણની ચિંતા-ફિંતા અમારે છે નહિ. સમજાણું કાંઈ? એવી અંદરમાં પ્રતીતિની જવાબદારી કેટલી છે એનો ખ્યાલ કરીને કરવું, ઈ વાત છે. આહા..હા..!

ઓહો..હો..! એક એક પર્યાય કેટલું સામર્થ્ય રાખે છે! શ્રદ્ધાની પર્યાય દ્રવ્ય-ગુણ સહિત પૂર્ણ એટલી પર્યાયની પ્રતીત કરે છે, એટલી પર્યાય અનંત અને એ અનંત પર્યાયનો (પિંડ) એક ગુણ અને એવા અનંત ગુણનો (પિંડ) એક દ્રવ્ય, એવા દ્રવ્યની પ્રતીત કરે છે એ પ્રતીતમાં કેટલું જોર છે!! સમજાણું કાંઈ? એ નિર્વિકલ્પ થઈ જાય ફટ દઈને! ઓહો..હો..! આવો આત્મા!! રાગના આશ્રયે આવી પ્રતીતિ થતી નથી. ઓહો..હો..! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ જિનેશ્વરદેવ જેમણે એકલો વીતરાગ ... પ્રગટ કર્યો. તો કહે છે કે સ્વદ્રવ્યનો આશ્રય કરવાથી પરિણતિ થાય છે. પરદ્રવ્યના આશ્રયે જે કોઈ વિકલ્પ ઉઠે છે, ત્રિલોકનાથ સર્વજ્ઞ સમવસરણમાં હો, શાસ્ત્રમાં આવે છે કે અનંત વાર સમવસરણમાં ગયો અને મણિરત્નના દીવડા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ (વડે) આરતી ઉતારી. શુભભાવ છે. શોભાલાલજી! સાક્ષાત્ ભગવાન હોં! ત્રિલોકનાથ આમ વીતરાગ ચૈતન્યસૂર્ય જેના પ્રદેશે અનંતા સૂર્ય ખીલી ગયા છે. શું ધર્મ છે? તો શું ન કરવું? એ (ભાવ) આવ્યા વિના રહેતો નથી. આવે છે, ધર્મ નથી. કારણ કે એમાં પરનું લક્ષ છે. સમજાણું કાંઈ?

જેનાથી સ્વદ્રવ્યનો આશ્રય થયો નિશ્ચયનય એની તો ... એક શેઠ હતા, એ પ્રરૂપણા ચાલતી હતી (સંવત) ૧૯૯૯માં. શેઠ હતા, ગુજરી ગયા. હવે તો ગુજરી ગયા એટલે નામ લેવામાં વાંધો નહિ. એ શેઠ હતા ગૃહસ્થ, જીવણલાલ. પૈસા બહુ ખર્ચે. પછી ૯૯ની સાલમાં સાંભળવા આવ્યા, રાજકોટ. એની સાથે જૂનાગઢના ...ભાઈ હતાને, મુનિમ નહિ આપણે? ...ભાઈ મુનિમ હતા, દિગંબર મુનિમ, ...ભાઈ હતા, ગુજરી ગયા. એ હતા. ઈ આવ્યા એણે કહ્યું, શેઠ! સાંભળો, મહારાજ શું કહે છે. .... છોડી દીધું. પૈસા ખર્ચવા. ત્રીસ ત્રીસ હજાર,

પચાસ પચાસ હજાર એકસાથે, મંદિર કરવું હોય તો કરી નાખો. અરે..! સાંભળ તો ખરો, કોણ મંદિર કરાવે? એ તો જડની પર્યાય થવાની હોય તો થાય છે. ભક્તોનો શુભભાવ હોય, સમજાણું કાંઈ? પણ એ શુભભાવ પરના લક્ષે થયો છે માટે મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બોલતો થઈ જાય. શું કહે છે સમજાણું? શું કહે છે? મૃત્યુકાળે જરી વાચા બંધ થઈ જાય છેને, સોગઠી નથી હોતી? સોનાની, હિરણગર્ભની સોગઠી હોય છે. હિરણગર્ભ. એને જરી પાયને તો એ ઓલો જરી જવાબ આપે. .. હિરણગર્ભની સોગઠી હોય છેને? હિરણગર્ભની, બધી ધાતુ ભેળવીને. ગરમી આવી જાય થોડી. થોડી હોં! અહીં તો એકદમ ગરમી આવી જાય, કહે છે. બોલતો ન હોય એ બોલે અંદરથી. આહા..! શોભાલાલ! નથી સાંભળ્યું? મૃત્યુકાળે આપે છે. ગોળી આવે છે. મેં તો જોઈ છે. ઈ અમારે ન્યાં પાલેજમાં નજરે જોઈ હતી. એક જણો આવ્યો હતો, વેચતો હતો, એક સ્થાનકવાસી સાધુ ત્યાં હતો લક્ષ્મીચંદભાઈના મકાનમાં. ... ઓલો લેતો હતો સોગઠી, ત્યારે જોઈ હતી પાલેજમાં. સોગઠી... શું છે? આ હિરણગર્ભની બહુ ધાતુ એમાં હોય. શું આમાં છે? ... આ હિરણગર્ભની ગોળી છે. એમાં ધૂળમાંય નથી, એ તો બોલવાનો હોય તો બોલે.

અહીંયા તો એક વાર ચૈતન્ય એક સમયમાં સિદ્ધપદ પેટમાં રાખીને બેઠો છે અને ફાટશે નહિ, જન્મ નહિ થાય ત્યારે? ગર્ભમાં આવ્યો અને જન્મ નહિ થાય. પ્રસિદ્ધ થયો, ફાટ અંદરથી. સમજાણું કાંઈ? મનુષ્યના પેટમાં વાંદરો રહે? કે માણસ? એમ ચૈતન્યપ્રભુ એક સમયમાં ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. એ ૧૯૨માં આવશે. એક સમયમાં આવો શક્તિરૂપ સિદ્ધ પડ્યા છે. એનો આશ્રય કરવાથી સિદ્ધનો માર્ગ અને સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. પરદ્રવ્યનો આશ્રય કરવાથી શરીર ને વાણી ને મન ને સ્ત્રી, કુટુંબ, પરિવાર ને સમેદશિખર.. એક જણો કહેતો હતો, સમેદશિખરને એકવાર વંદે કોઈ... જાઓ. હવે સાંભળને, લાખ વાર વંદે તોય શુભરાગ છે. શેઠ! કઠણ પડે છે હોં! પછી લોકો કહે, એકાંત છે. હવે સાંભળને, એકાંત અનેકાંતની તને શી ખબર પડે? સમેદશિખરના દર્શન કરે, જાઓ! શું કહે છે? નથી આવતું? 'એક વાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ...' હવે નરક પશુ ન થાય એમાં શું ડાળિયા થયા? જેમાં જન્મ મરણનો અંત ન આવે એ કોઈ ચીજ નથી. અને જન્મ મરણનો અંત દર્શન કરવાથી થાશે,... શું છે? રતનલાલજી! અહીં ઈ કહે છે.

પરદ્રવ્યનો... હોય છે, જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી એવો વિકલ્પ આવે છે પણ એની મર્યાદા બંધની છે, મોક્ષમાર્ગની નહિ. સમજાણું કાંઈ? તો કહે છે, અહો..! શુદ્ધાત્મપરિણતિરૂપ. ગજબ વાત! કુંદકુંદાચાર્યની વાત.. આગળ પણ મોક્ષમાર્ગમાં પણ આ જ કીધું હતુંને. '**દૂરથી છોડીને...**' ઈ તો કહે, નહિ, નહિ, નહિ. અંતર ચીજ આખી

પૂર્ણ પડી છેને, એનો.... નહિ, એ નહિ. આપણે તો વ્યવહાર કરવો છેને. એ તો પર આવ્યું... શું તારે વ્યવહાર કરવો છે? કરવું તો સ્વભાવનો આશ્રય કરવો ઈ કરવાનું છે. સમજાણું કાંઈ? '**દૂરથી છોડીને...**' આવો ભગવાન આત્મા એનો આદર છોડીને-અનાદર કરીને '**અશુદ્ધાત્મપરિણતિરૂપ...**' ઉન્માર્ગ છે. આહા..હા..! અહીં તો પુણ્ય-પાપ બેય પરિણતિને ઉન્માર્ગ ભાઈ કહ્યું. શું કહ્યું? આ શુભરાગ આવે, કહે છે કે માર્ગથી ઉન્માર્ગ—બીજો માર્ગ છે. બંધનો માર્ગ એ આત્માનો માર્ગ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? સમજાય છે ભાઈ? પુસ્તક છે કે નહિ? જુઓ અંદર લખ્યું છે. લખ્યું છે? ... કહેતા હતા ત્યાં ... ઈસરીમાં.. અરે..! ભગવંત! વાત જ કોઈ જુદી છે.

એક સમયમાં પ્રભુ આવી વસ્તુ પડી છે કે જેનો અંતર આશ્રય કરીને નિર્મળાનંદ પરિણતિ ઉત્પન્ન થાય એને તો અજ્ઞાની છોડી દે છે અને પરનો આશ્રય કરતા કરતા મારું કલ્યાણ થશે. તો કહે છે કે અશુદ્ધપરિણતિ તો ઉન્માર્ગ છે, માર્ગથી વિમુખ છે. મોક્ષમાર્ગથી વિમુખ છે, સન્મુખ નથી. બરાબર છે? ઈન્દ્રસેનજી! બીજા બીજું કહેશે હોં! અહીંથી જાશો પછી. અહીં આમ લખ્યું છે ને ત્યાં આમ લખ્યું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શ્રાવકાચારમાં લખ્યું છે. એ તો બધી વ્યવહારની વાત છે. વ્યવહારની જાણવાલાયક છે. વ્યવહારથી કરવાલાયક છે એમ કહેવામાં આવે છે. રાગ કરવાલાયક, કર્તૃત્વબુદ્ધિ રાગની? આત્મા અમૃતનો પિંડ છે એને છોડીને રાગની પરિણતિ કરવાલાયક છે? રાગ તો ઝેર છે. રાડ નાખી જાય, અર..ર..ર..! સાંભળને હવે, ધર્મ કરવો હોય તો બીજી વસ્તુ છે. પહેલા રુચિમાં શ્રદ્ધા પણ પલટે નહિ તારી, તો દિશા ક્યાંથી પલટશે? લક્ષ ક્યાંથી પલટશે? બહાર જ ભમશે. આમ ને આમ ને આમ.. કરતા કરતા તો અનંત કાળ વીત્યો.

'**અશુદ્ધપરિણતિરૂપ ઉન્માર્ગનો જ આશ્રય કરે છે. આથી નક્કી થાય છે કે અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની જ પ્રાપ્તિ થાય છે.**' દેખો! શું કહ્યું? કે પરદ્રવ્યનો આશ્રય કરવાથી તો સંસારની જ પ્રાપ્તિ થાય છે. અશુદ્ધનયથી એટલે પરદ્રવ્યનો આશ્રય કરવાથી અશુદ્ધઆત્મા નામ વિકારભાવની ઉત્પત્તિ થાય છે અને વિકારભાવનો લાભ થાય છે. એમાં નિર્વિકાર આત્માનો ભાવ થતો નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નય છે તો જાણવાલાયક છે. બોલવામાં એવો નિમિત્તનો સંબંધ બતાવે છે. નય છે તો શું આદરવાલાયક છે? નય છે તો શું છે? સમજાણું કાંઈ? લ્યો, એ ૧૯૦ ગાથા પૂરી થઈ.

'**હવે શુદ્ધનયથી શુદ્ધ આત્માની જ પ્રાપ્તિ થાય છે એમ નક્કી કરે છે :**' દેખો! હવે સુલટું, ઓલું ઊલટું હતું.

णाहं होमि परेसिं ण मे परे संति णाणमहमेक्को।
इदि जो झायदि झाणे सो अप्पा णं हवदि झादा।।१९१।।

જુઓ! 'एक्को' શબ્દ આવ્યો અહીંયા, ન્યાં ૧૯૨માં પણ લેશે.

'**ટીકા :— જે આત્મા,...**' ૧૯૧ની ટીકા. આ પ્રવચનસાર, સર્વજ્ઞની દિવ્યધ્વનિનો સાર. ભગવાનની વાણી, ત્રિલોકનાથ પરમાત્માની સો ઇન્દ્રોની વચ્ચે સમવસરણમાં જે વાણી નીકળી એનો સાર ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. સાર જ કહ્યો છે બધો. જુઓને, સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયને ભાઈ સમયસાર કહે છેને. આ નિયમસાર, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર... બધા સાર સાર. માખણ કાઢીને સાર બતાવ્યો છેને. '**જે આત્મા, માત્ર પોતાના વિષયમાં પ્રવર્તતા...**' દેખો! જ્ઞેય અધિકાર છેને. પરજ્ઞેયના આશ્રયથી તો અશુદ્ધતાની જ પ્રાપ્તિ થાય છે. અને '**માત્ર પોતાના વિષયમાં...**' એકલો ચૈતન્યપ્રભુ પોતાનું ધ્યેય, પોતાના ધ્યેયના વિષયમાં પ્રવર્તતા, પોતાના વિષયમાં પ્રવર્તતા '**(અશુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ) વ્યવહારનયમાં અવિરોધપણે...**' એમ જાણે છે કે આવું નિમિત્તથી કહેવામાં આવે છે કે કર્મના સંબંધમાં આવો વિકાર (થાય છે), એમ જાણવામાં આવે છે. અશુદ્ધ દ્રવ્યના કથનસ્વરૂપ વ્યવહારનયમાં અવિરોધ. નથી એમ નહિ, જાણવાલાયક ચીજ છે. આદરવાલાયક નથી. '**મધ્યસ્થ રહીને,...**' દેખો! ફક્ત એ જાણવાલાયકનો સંબંધ બતાવ્યો હતો. પણ પરના આશ્રયથી લાભ થાય છે એમ તો ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ...**' ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય એકલું એના નિરૂપણ(સ્વરૂપ) '**નિશ્ચયનય વડે જેણે મોહને દૂર કર્યો છે...**' ઓલામાં મોહ ઊપજ્યો હતો, કહ્યું હતુંને? મોહ ઊપજ્યો છે એમ કહ્યું હતું. પરદ્રવ્યનો આશ્રય કરે છે અને સ્વદ્રવ્યના આશ્રયની કથની અને જ્ઞાનનો અનાદર કરે છે. એ તો મોહ ઉત્પન્ન થયો હતો. જ્ઞાની શુદ્ધદ્રવ્યનું નિરૂપણ કથન... એકલો પ્રભુ આત્મા પવિત્ર ઘન, ચૈતન્યમૂર્તિનો આશ્રય કરવાથી '**નિશ્ચયનય વડે જેણે મોહને દૂર કર્યો છે...**' એ નિશ્ચયનય વડે જેણે મોહને દૂર કર્યો છે. વ્યવહારનય વડે મોહ દૂર થાય છે એમ નથી. એ તો મોહ ઊપજે છે એમ કહ્યું. નય છે તોપણ એમ કહ્યું. વ્યવહારનયથી મોહ ઉત્પન્ન થાય છે અને નિશ્ચયનય વડે મોહને દૂર કરવામાં આવે છે. એ અનેકાંત છે. વ્યવહારનયથી પણ મોહ દૂર કરી શકે છે, નિશ્ચયનયથી પણ દૂર કરી શકે છે, એ તો એકાંત થઈ ગયું, ફૂદડીવાદ થયો.

મુમુક્ષુ :— અદ્વૈતપણું રહ્યું નહિ.

ઉત્તર :— અદ્વૈત ચૈતન્યપણાથી અદ્વૈત, પરની સાથે નહિ. પરની સાથે અદ્વૈત નથી. પર તો ભિન્ન અનંત છે. દ્વૈત થયું. શું થયું? પોતાનું પરથી ભિન્નપણું અને પોતાની પર્યાયના આશ્રયમાં દ્રવ્યપણું. પરના આશ્રયમાં દ્રવ્યપણું એ દ્વૈત થયું. અભેદ થઈને અદ્વૈત થયું. બધું મળીને અદ્વૈત નહિ. શું કહે છે? બધું એક છે. એમ નથી, મૂઢ માને છે. અહીંયા તો અનંત

પરદ્રવ્ય છે, અનંત આત્મા છે, અનંત સિદ્ધ છે, અનંત નિગોદ છે, અનંત પરમાણુ છે, અનંત તૈજસ, કાર્મણ શરીર છે, અનંત સ્કંધ છે એવી વસ્તુ છે, છે. અનંત છે એનો આશ્રય છોડીને, હું આત્મા એક પરથી ભિન્ન છું, એમ આશ્રય કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન છે. એથી પરવસ્તુ છે જ નહિ એમ નહિ.

મુમુક્ષુ :— હું પરથી ભિન્ન છું.

ઉત્તર :— ભિન્ન છું. પર છે જ નહિ એમ નહિ. પર છે જ નહિ, બધા એક થઈ ગયા. મૂઢ છે. એમ નથી. સમજાણું કાંઈ? ભઈ, કર્મ પણ નથી, શરીર પણ નથી, કંઈ નથી. શેમાં? તારામાં. પોતપોતામાં બધા છે. અનંત નિગોદ જીવ છે, અનંત સિદ્ધ જીવ છે, સંખ્યાત તીર્થંકર છે, સંખ્યાત કેવળી, લાખો કેવળી આદિ બધા છે. તારા સિવાય અનંત અનંત પદાર્થ અનાદિ-અનંત છે. તું એક, એ બધા અનંત. પણ અનંતનો આશ્રય નહિ લઈને એકનો આશ્રય લેવો એ જ પોતાનો મોક્ષનો માર્ગ છે. એનો અર્થ એમ નથી કે બધા શુદ્ધ છે, બધા આત્મા મળીને શુદ્ધ છે. એમ નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ-સ્થૂળ મિથ્યાત્વ છે. બધા આત્મા એક છે, બધા એક જ જગતમાં વ્યાપક છે, મહા તીવ્ર મિથ્યાત્વ છે. પણ સ્વદ્રવ્ય ભિન્ન છે, હું એનાથી ભિન્ન છું, મારો આશ્રય કરવાથી મને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ થાય છે. એનું નામ સમ્યગ્દર્શન (અને) મોક્ષમાર્ગ છે. સ્વદ્રવ્યને નિશ્ચય પોતામાં કર્યો. એ નથી એમ નહિ. સમજાણું કાંઈ? બહુ વિરોધ. વસ્તુમાં કેટલાક અદ્વૈત લગાવી દે છે. લ્યો, ભાઈ! અંતે શું? અનંતમાં અનંત ભળી જાય. બધાનો એક જ માર્ગ છે. એમ છે જ નહિ. વળી કેટલાક તો શું કહે છે? સિદ્ધ થાયને સિદ્ધ? ત્યાં એકમાં બીજા મળી જાય. એકમાં અનેક અને અનેકમાં એક. આવે છે કે નહિ? રાજારામજી! સિદ્ધ થયા પછી બધા એકમાં ભળી ગયા. શું ભળે?

ત્રણ કાળ ત્રણ લોકમાં એક સત્તા બીજામાં ભળતી નથી. સિદ્ધમાં પણ અનંત સિદ્ધ ભિન્ન છે. પોતપોતાની સત્તા રાખવાવાળા ભિન્ન છે. એવી કબુલાત તો પહેલા અહીંયા કરી છે. સ્વદ્રવ્યની કબુલાત નથી એને એક દ્રવ્યનો આશ્રય કરવાની તાકાત કદી ખીલતી નથી. સમજાણું કાંઈ? મોતીલાલજી! મહેન્દ્રકુમારજી! સમજાણું? બધા એક નહિ. હું એકલો ... જુઓ! '**एक्को**' શબ્દ પડ્યો છેને? '**णाणमहमेक्को**'. '**अहम् एक्को**' બધા મળીને એક નહિ. પરથી તો હું ત્રિકાળ ભિન્ન છું. મારાથી પર ત્રિકાળ ભિન્ન છે, ત્રિકાળ ભિન્ન છે. અનંત આત્મા ભિન્ન, અનંત નિગોદ ભિન્ન, અનંત પરમાણુ ભિન્ન. જુઓ!

'**માત્ર પોતાના વિષયમાં...**' દેખો! પોતાનો વિષય. તો પરવિષય તો છે. પણ પરના વિષયની વસ્તુને લક્ષમાંથી છોડીને '**પ્રવર્તતા અશુદ્ધદ્રવ્યનિરૂપણાત્મક...**' પરવસ્તુ છે એનો આશ્રય કરવો એ અશુદ્ધદ્રવ્યનું નિરૂપણ છે. એવા વ્યવહારનયથી '**અવિરોધપણે...**' અવિરોધ નામ છે ખરો, પણ મારે આશ્રય કરવાલાયક નથી. '**મધ્યસ્થ રહીને,...**' નથી એમ નહિ.

નથી એમ માને છે તે મધ્યસ્થ નથી. છે, મારે શું ચિંતા? મારે તો મારું દ્રવ્ય આશ્રય કરવાલાયક છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, અવિરોધપણે. વિરોધ કરે કે વ્યવહાર નથી, પર નથી, કોઈ વસ્તુ નથી, એકમાં અનેક ભળી ગયા. મૂઢ છે. ક્યાંથી ભળી જાય? સત્તા અનાદિની ભિન્ન કોઈમાં ભળતી નથી ત્રણ કાળ ત્રણ લોકમાં, સિદ્ધમાં પણ ભળતી નથી. એ પ્રશ્ન થયો હતો અમને પહેલા. પ્રશ્ન કરવાવાળા તો ઘણા આવે છેને. વાંચનવાળો હતો. સિદ્ધમાં પછી જુદા કેમ? જુદા અનાદિથી છે તો અનાદિ જુદા જ છે. વળી જુદાનું શું? મુક્તિ થઈ કે આત્માનો નાશ થયો? અજ્ઞાન, રાગ દ્વેષથી મુક્તિ થઈ. શું સત્તાનો નાશ થઈને બીજી સત્તામાં ભળી જાય તો સત્તાનો નાશ થયો, મુક્તિ ક્યાં થઈ? સિદ્ધ પરમાત્મામાં પણ પ્રત્યેક સિદ્ધ ભિન્ન ભિન્ન પોતાનો આનંદ મોજૂદ રાખે છે. અનંત ગુણ અને પર્યાય. એમ કબુલ કર્યું છે, પણ પરનો આશ્રય છોડવા માટે સ્વદ્રવ્યનો આશ્રય કરે છે.

મુમુક્ષુ :— જ્યોતમાં જ્યોત ન ભળી.

ઉત્તર :— નહિ ભળે, એમ છે જ નહિ.

મુમુક્ષુ :— સમુદ્રનો દૃષ્ટાંત...

ઉત્તર :— સમુદ્રનો શું છે? સમુદ્રનો દૃષ્ટાંત શું આપે છે? સમુદ્ર પોતાની પર્યાયમાં અભિન્ન છે, બીજી પર્યાય બીજામાં અભિન્ન છે. ભળી ગયા, પોતાની પર્યાયમાં. પર સાથે શું ભળી જાય? શું ભળે? આ તો બધા ભળી ગયા એમ કહે છે. સમુદ્રમાં જેમ બધા ભળી જાય છે એમ બધા આત્મા એમાં ભળી જાય છે. ધૂળમાંય મળતા નથી. મહામિથ્યાત્વના જોરથી ભળે છે એમ માની લે છે. સમજાણું કાંઈ? માંગીલાલજી!

વીતરાગમાર્ગને સમજવો... અદ્વૈત લ્યે છે. કઈ રીતે અદ્વૈત? કે તું અદ્વૈત છો. તારી વસ્તુ એક દ્રવ્ય છે. તો આશ્રય કરવાવાળી પર્યાય છે. આશ્રય કરે છે ઈ દ્રવ્ય છે. આશ્રય જેનો કરે છે તે દ્રવ્ય છે. એવો ભેદ તો છે, એમાં પણ છે. પરવસ્તુ પરમાં છે એવું જ્ઞાન કર્યું. પરનો લોપ કરે તો તો દૃષ્ટિમાં તીવ્ર મિથ્યાત્વ આવી જાય. તો સ્વનો આશ્રય કરવાની એનામાં તાકાત રહેતી નથી. સમજાણું કાંઈ? સમજાણું? મહેન્દ્રભાઈ! આ સમજી લેવું હોં! બહુ ગડબડ ચાલે છે. એ શ્લોકમાં પણ તમારે ત્યાં ગડબડ ચાલે છે. આમ વ્યાપક થાય છે અને પછી આમ થાય છે. આ શેઠિયાને ખબર નહિ, પછી જય નારાયણ! શોભાલાલજી! પૈસાની ખબર પડે છે કે નહિ? શોભાલાલજીને સવારે પૂછ્યું હતું. પૈસાની ખબર પડે છે? હા, ઈ ખબર પડે છે. બે ભાઈ પાસે પૈસા કેટલા... ઉઘરાણી રાખેને, ખ્યાલ હોય છે. આ? આપણને ખબર નથી.

નિશ્ચયથી '**નિશ્ચયનય વડે જેણે મોહને દૂર કર્યો છે...**' દેખો! પોતાનું શુદ્ધ એકાકાર પર અનંતથી ભિન્ન છે તેનો આશ્રય કરવાથી તેને મોહનો નાશ થાય છે. બીજો (કોઈ માર્ગ નથી).

**ભાદરવા સુદ ૧૧, શુક્રવાર, તા. ૩૦.૮.૧૯૬૩**
**ગાથા-૧૯૧, ૧૯૨, પ્રવચન-૭૨**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર છે એમાં ૧૯૧મી ગાથા ચાલે છે. '**હવે શુદ્ધનયથી શુદ્ધાત્માની પ્રાપ્તિ જ થાય છે એમ નક્કી કરે છે :—**' આ એનું મથાળું છે. મથાળું કહે છેને? શિર્ષક.

'**ટીકા :— જે આત્મા,...**' એ આત્મા કેવો છે અને કઈ રીતે સ્વનો આશ્રય કરે છે અને પરના આશ્રયમાં મધ્યસ્થ છે? '**માત્ર પોતાના વિષયમાં પ્રવર્તતા...**' વજન ઘણું ઓછું આપે છે આમ. માત્ર પરના પરિણામ જીવ કરે એવા નિમિત્ત સંબંધની વ્યાખ્યા, એનું જ્ઞાન કરે છે, બસ! '**માત્ર પોતાના વિષયમાં પ્રવર્તતા...**' કોણ? શુદ્ધદ્રવ્ય. પરનું અવલંબન, પરનું કાર્ય કે પરની અપેક્ષાના જે કથન છે એ '**(અશુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ) વ્યવહારનયમાં અવિરોધપણે...**' છે, એટલી વાત, બસ. છે એટલું. નથી કહેતા વિરોધ થાય છે. છે તે અવિરોધ છે. શું કહ્યું સમજાણું? નિમિત્તનો સંબંધ, શરીરની સાથે, કર્મની સાથે એવો છે, આમ છે એમ જાણ્યું, બસ! આદરણીય નહિ.

'**પોતાના વિષયમાં પ્રવર્તતા (અશુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ)...**' અશુદ્ધ એટલે પોતાની પર્યાય અહીં નહિ. પરદ્રવ્યની અપેક્ષાવાળું કથન,.. અપેક્ષાવાળું કહે છેને? અપેક્ષાવાળું. વ્યવહારનયમાં પરની અપેક્ષાનો સંબંધ છે, કર્મનો સંબંધ છે, શરીરની ક્રિયા આત્મા વ્યવહારનયથી કરે છે એવું અશુદ્ધ દ્રવ્યનું કથન એમાં મધ્યસ્થ રહીને. છે એટલું સંબંધનું જ્ઞાન કર્યું. સમજાણું કાંઈ? કાલે બીજું ... હતું. ઈ ખબર નથી. અલ્પવિરામ નહોતુંને એટલે માત્ર પોતાના વિષયમાં ચાલ્યું હતું. પણ પછી ગુજરાતીમાં જોયુંને, અહીંયા એમ છે જ નહિ. આત્મા પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ શુદ્ધ છે, એટલી વાત. હવે એ આત્મા કર્મ, શરીર, વાણી, મન, પરપદાર્થ સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ એની અપેક્ષાનું અશુદ્ધ દ્રવ્યનું જે કથન કરવામાં આવે છે તેમાં વ્યવહારનય આવી. પરની અપેક્ષા આવીને એમાં વ્યવહાર. એમાં અવિરોધપણે. અવિરોધ એટલે નથી એમ નહિ. જાણે છે કે આવી એક વાત છે.

'**મધ્યસ્થ રહીને, શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય વડે...**' પોતાનો આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાયકસૂર્ય, વીતરાગપિંડ, અનંત આનંદરસનો કંદ, એવો જે આત્મા તે શુદ્ધ દ્રવ્ય. એનું કથન. અહીં તો નય શબ્દ છેને (એટલે) કથન (કહ્યું), પણ એનો જે ભાવ. '**નિશ્ચયનય વડે...**' પોતાનું પવિત્ર સ્વરૂપ એક સમયમાં ચૈતન્યપિંડ, જ્ઞાનમૂર્તિ છે એવા નિશ્ચયનય વડે '**જેણે મોહને દૂર કર્યો છે...**' પરના આશ્રયે મોહ દૂર નથી થતો. નિજ ચૈતન્ય શુદ્ધ આનંદકંદના આશ્રયથી મિથ્યાદૃષ્ટિપણું અને

અચારિત્રપણાનો નાશ થઈ શકે છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ... કોઈ ક્રિયાકાંડથી, પરથી નથી. ભગવાને એમ જોયું કે પરમાત્માની વાણી સાંભળી, એ બધી પર અપેક્ષા આવી. એમાં મધ્યસ્થ રહીને (એટલે) છે એટલું. એ નિમિત્તપણાનું લક્ષ કરીને જે રાગની મંદતા થઈ અને જ્ઞાનમાં પણ જરી વિકાસ થયો એને જાણ્યું કે છે એટલું. પણ એનાથી આત્માનો આશ્રય થાય છે એમ નથી. માટે ત્યાં જાણવામાં મધ્યસ્થ થઈ ગયો. શું કહ્યું સમજાણું?

વીતરાગની વાણીથી જ્ઞાન થાય છે એમ નથી. વાણી પર છે. પરની અપેક્ષાનું જ્યાં કથન આવ્યું તે અશુદ્ધદ્રવ્યનું કથન વ્યવહારનયનું છે. એને જાણે છે કે ઈ છે, બસ એટલું. એ કથનની પદ્ધતિ અને એવો પરલક્ષીભાવ હોય છે, હો, જાણવાલાયક છે. એ આશ્રય કરવાલાયક નથી, એનાથી સંવર, નિર્જરા અને ધર્મ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— જાણવા માટે...

ઉત્તર :— જાણવા માટે છે, છે એમ જાણ્યું. ન જાણે તો વ્યવહારનય છે અને વ્યવહારનયનો વિષય નથી એમ થયું. જાણવામાં આવ્યું. શરીર, કર્મ, વીતરાગ દેવ, ગુરુ, વાણી સર્વજ્ઞની એ આદિનું લક્ષ કરીને રાગ મંદ થયો, એનાથી કંઈક થોડો ક્ષયપોશમ થયો એ જાણવામાં આવ્યું, બસ છે એટલું. એના આશ્રયથી મિથ્યાત્વનો નાશ થાય છે કે રાગનો નાશ થાય છે એમ નથી.

મુમુક્ષુ :— ઉપદેશ...

ઉત્તર :— ઉપદેશ એ પરલક્ષી જાણવાલાયક વાત થઈ. અંતર દ્રવ્યનો આશ્રય કરશે તો મિથ્યાત્વનો નાશ કરશે એમ કહે છે.

મુમુક્ષુ :— ઈ જાણવાલાયક છે.

ઉત્તર :— જાણવાલાયક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— જાણીને અંદરમાં માનવું.

ઉત્તર :— અંદરમાં આત્માનો આશ્રય કરવો. એ તો છે એટલી વાત, બસ. આશ્રય કરવાલાયક નથી, લાભ નથી.

મુમુક્ષુ :— પ્રત્યક્ષ લાભ થાય છે.

ઉત્તર :— શું પ્રત્યક્ષ લાભ થાય છે? શેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કહે છેને, શું કહ્યું? જુઓ!

**'શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય વડે...'** પોતાનું એક સમયનું પૂર્ણ આનંદઘન તત્ત્વ છે એમ આશ્રય લઈને મિથ્યાત્વનો નાશ થાય છે. પરનું લક્ષ, ભગવાનની પ્રતિમા ત્રણ લોકના નાથ કે એમની વાણીનું લક્ષ અને આશ્રય કરવાથી મિથ્યાત્વનો કદી નાશ થતો નથી. સમજાણું કાંઈ? એ છે એમ નિમિત્ત સંબંધનો ખ્યાલ (કરે). વાણી સાંભળી, એનાથી

જ્ઞાન થયું એમ કહેવામાં આવ્યું છે. જ્ઞાન તો એનાથી પણ થતું નથી. એ તો પોતાના ઉપાદાનથી પોતાની પર્યાયમાં જ્ઞાનના ક્ષયોપશમનો અંશ પોતાને કારણે પ્રગટ થયો. ત્યારે વાણી આદિ, ભગવાન આદિને નિમિત્ત કહેવામાં આવે છે. એ અશુદ્ધ દ્રવ્યનું કથન પરની અપેક્ષાથી ચાલ્યું એમાં મધ્યસ્થ રહેવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— મધ્યસ્થનો ભાવ શું?

ઉત્તર :— મધ્યસ્થ એટલે જાણ્યું કે એક છે, એટલી વાત. આદરણીય નહિ. સમજાણું કાંઈ? એ.. માંગીલાલજી! ભારે વાત!

કહે છે કે ભગવાન આત્મા.. બીજો નય, નયનો વિષય.. નય છે કે નહિ? તો નયનો વિષય છે કે નહિ? વિષય છે એમ જાણવું. એ જાણવું એનું નામ મધ્યસ્થતા. પછી શુદ્ધદ્રવ્યના નિરૂપણ... કથન શબ્દ લીધો છે પણ એનો શુદ્ધદ્રવ્યનો જે ભાવ ત્રિકાળ. આવી '**નિશ્ચયનય વડે જેણે મોહને દૂર કર્યો છે...**' ભ્રમણા, મિથ્યાભ્રાંતિ, મિથ્યાત્વ અને રાગ દ્વેષ. એ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ પોતાના નિજ લક્ષથી, નિજ દૃષ્ટિથી મોહનો નાશ થાય છે.

મુમુક્ષુ :— ત્યાં મધ્યસ્થતા લીધી, અહીંયા આશ્રય લીધો.

ઉત્તર :— આશ્રય લીધો. પેલાનું જ્ઞાન કર્યું અને આશ્રય લેવાની વસ્તુ આ છે. ઈ વાત છે. આજે એક પૂછતા હતા. ... આવ્યા હતાને? ઓલા એક છેને? નિજ નામ.. શબ્દ તો બોલતો હતો. નિજ નામ. પણ નિજ નામ શબ્દ નહિ, નિજ ચૈતન્યસ્વરૂપ. એક સમયમાં અખંડ આનંદકંદ જ્ઞાયક ધ્રુવ એ નિજ નામ છે. એનો આશ્રય કરવાથી કલ્યાણ થાય છે. પરના નામ અને ભક્તિથી કલ્યાણ-બલ્યાણ થતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ભાવમાં અને શબ્દમાં ઘણો તફાવત છે.

ઉત્તર :— તફાવત છે. એમાં આશ્રય કોનો કરવો અને જાણવું શું, બેમાં ફેર છે.

એમ કહ્યું કે જે શાસ્ત્રમાં નિમિત્તની અપેક્ષાવાળા કથન આવે, આવેને શું કહે છે? આવે છે, ગુજરાતીમાં સીધું સમજાય (એવું આવે). સંયોગની અપેક્ષાથી જે કથન આવ્યા, તને એનો સંયોગ થયો અને તેનો સંયોગ તને થયો એવી કથનની પદ્ધતિ જે શાસ્ત્રમાં આવે છે તેને જાણવી, કે આમ છે, એમ જાણવું. બસ, એટલું. આશ્રય કરવાનો અને એનાથી મિથ્યાત્વનો નાશ થાય છે એવી વાત ક્યારેય નથી. સમજાણું કાંઈ? ભગવાનની વાણીથી જ્ઞાન થયું એવું અશુદ્ધદ્રવ્યનું કથન છે, જ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સમજવાનો અર્થ ત્યાંથી સમજણ થતી નથી. તે સમયે મળે તો છે પોતાની પર્યાયથી, પણ પરના લક્ષવાળો જે જ્ઞાનનો ક્ષયોપશમ છે તે જાણવાલાયક છે, આદરવાલાયક નથી. મહેન્દ્રભાઈ! સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ વાત છે. અહીંયા તો વીતરાગ ત્રણ લોકના નાથ ચૈતન્યપ્રભુ સર્વજ્ઞની વાણી નીકળતી હોય, તો કહે છે કે વ્યવહારથી એવું કથન આવે.

પરની અપેક્ષા પોતામાં અને પોતાની અપેક્ષા પરમાં, એવા કથન આવે છે. તે જાણવાલાયક છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. એ તરફના લક્ષથી મિથ્યાત્વનો નાશ થાય કે રાગનો નાશ થાય એમ નથી. આ વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્માનું સ્વરૂપ બતાવે છે. આત્માનું સ્વરૂપ તો પોતાનો આશ્રય કરે ત્યારે સમજાય છે. પરના લક્ષે આત્માનો ખ્યાલ આવે કે આમ છે, આમ છે એ તો ક્ષયોપશમજ્ઞાન થયું પોતામાં-પોતાની પર્યાયમાં, ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવ્યું. પણ તે જાણવાલાયક છે. અવિરોધપણે મધ્યસ્થ રહેવું. એટલે નથી એમ ન જાણવું, પણ છે એટલું, બસ. પણ એનાથી સમ્યગ્દર્શનનો લાભ થાય છે, મિથ્યાત્વનો નાશ થાય છે એમ ન માનવું.

મુમુક્ષુ :— પોતાના આશ્રયે જ થાય છે.

ઉત્તર :— સ્વના આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? કેમ, ઈન્દ્રસેનજી! જુઓ, પુસ્તક છે કે નહિ? જુઓ પુસ્તકમાં. નામું તો મીંઢવો. મીંઢવો સમજો છો? મિલાન મિલાન કરે છે કે નહિ? દિવાળીમાં નામું મેળવે છે કે નહિ? તમને પાંચ લાખ રૂપિયાનું તમાકુ આપ્યું હિન્દુસ્તાનમાં, લાવો. વડોદરાવાળા સાથે મેળવો, કાનપુરવાળા સાથે મેળવો. રતનલાલજી! રતનલાલજી તમને પચાસ હજારનો માલ આપ્યો છે. આટલા આવ્યા છે, આટલા બાકી છે, આટલું આમ છે. બધું મેળવે છે કે નહિ? દશેરા આવે છેને? આસો સુદ દસમ. દિવાળી પહેલા દશેરા (આવે). અહીં કહે છે કે ભાઈ! તારે કેવળજ્ઞાન પામવાનો દશેરાનો દિવસ આવ્યો. તું સાંભળ, અહીંયા મીંઢવ આત્મા સાથે. સમજાણું કાંઈ? દિ' વળ્યો, દિ' વળ્યો. કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાનો પર્યાયનો દિવસ આવશે એનો ઉપાય કર. પરની અપેક્ષાના જેટલા કથન આવે તે જાણવાલાયક છે એમ જાણ. આદરવાલાયક નથી, તેમ એ નથી એમ નહિ. છે, બસ છે એટલું જાણ.

જ્ઞેય અધિકાર છેને. પરજ્ઞેયની અપેક્ષાથી કંઈ પણ બતાવ્યું હોય, જાણવું કે છે એટલું, બસ. શાસ્ત્રમાં આવે છે કે ભગવાનની મૂર્તિથી આમ થાય છે, નિદ્ધત નિકાચીત કર્મ તૂટી જાય એમ આવે છે. બધું સાંભળીને જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ આવે, અહો..! સમજ્યાને? સમવસરણ .. મિથ્યાદૃષ્ટિ અને અભવિ ન જાય. જાય એ સમ્યગ્દૃષ્ટિ. એમ નથી, સાંભળ તો ખરો. સમવસરણમાં મિથ્યાદૃષ્ટિ પણ અનંત વાર ગયો. સાક્ષાત્ ત્રણ લોકના નાથ, સો ઈન્દ્રથી પૂજ્ય પરમાત્મા વીતરાગઘન થયા. વિકલ્પ વિનાની વાણી ૐ ધ્વનિ ઉઠી. ૐ ધ્વનિ. એમના સમવસરણમાં અનંત વાર સાંભળ્યું. છે એટલું જાણવું. નિજનો આશ્રય કર્યા વિના મિથ્યાત્વનો નાશ ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ થાય. મોતીલાલજી!

બાહુબલીજીની મૂર્તિ. કુંભોજમાં છેને. અમે ત્યાં ગયા હતા. ૨૮ ફૂટ. એમ વિકલ્પમાં

... બાહુબલી છેને, શ્રવણબેલગોલા. બાર વર્ષનો મોટો મહોત્સવ કર્યો હતો એવું સાંભળ્યું હતું. દાળ દાળ મગની દાળ. ... ખાવાની ચીજ .. કાંઈ ભાનેય ન મળે માણસને. ભગવાનને ત્યાં ભૂખ લાગતી હશે. સાંભળ્યું છે કે નહિ? મગની દાળ. અરે..! શું કરે છે માણસ? ભગવાનની પ્રતિમા આદિ હો તો એ તો સાફ કરવા માટે અભિષેકમાં જળ હોય છે, બસ એટલી વાત. એ પણ પરલક્ષી ભાવ છે તો શુભભાવ છે. એનાથી કોઈ સમ્યગ્દર્શન થઈ જાય અને આત્મધર્મ થઈ જાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં થતું નથી. સમજાણું કાંઈ?

એક જણાએ પ્રશ્ન પૂછ્યો હતો એક પંડિતને. આપણા પિતાજી હતા બાપના બાપ, મીઠાલાલજી! તમારા પિતા અને એના પિતા દાદાજી. અહીંયા અત્યારે ચર્ચા થાય છે, ઉપાદાન-નિમિત્તની, નિશ્ચય-વ્યવહારની એવી વાત તો તે વખતે હતી નહિ. હતી? નહોતી. આપણા બાપ-દાદા તો ભગવાનની ભક્તિ પૂજા કરતા હતા. ઉપાદાનથી લાભ થાય છે, નિમિત્તથી નહિ. નિશ્ચયથી કાર્ય થાય છે, વ્યવહારથી નહિ. આ વાતની ચર્ચા પણ સાંભળી નહોતી આપણા પિતાજીએ. રાજારામજી! બરાબર છે? નહોતી સાંભળી. એણે પ્રશ્ન કર્યો કે તો મારા પિતાજીને ધર્મ થશે કે નહિ? ત્યારે એક પંડિતે ઉત્તર આપ્યો કે ભગવાન પાસે જાય છે, ભગવાનની પૂજા કરે છે તો એ ભગવાન છે એને જાણે છેને. એને જાણે છે તો એમને સમ્યક્જ્ઞાન થઈ ગયું, ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો ખરો. એવા ગપ મારે છેને! ભગવાન છે તેમની પૂજા કરે છે. ભગવાન કેવળજ્ઞાની છે. પણ કેવળજ્ઞાની છે એનું એને ભાન ક્યાં છે? અહીં તો હજી સ્થાપનાનિક્ષેપ છે. સ્થાપનાનિક્ષેપમાં ભાવનિક્ષેપ શું ચીજ હતી, એનું પણ જ્યાં સુધી પોતાનું લક્ષ કરીને ન જાણે ત્યાં સુધી પરના જ્ઞાનની અપેક્ષામાં મિથ્યાત્વ-બિથ્યાત્વનો નાશ થતો નથી. શેઠી! બધાને ધર્મ થઈ ગયો. એને ભાનેય નહોતું કાંઈ. આત્મા પોતાનું કામ પોતાથી લ્યે છે, પરથી નહિ. પર તો નિમિત્તમાત્ર વસ્તુ છે અને પોતાની પર્યાયમાં પણ પરલક્ષીમાં જ્ઞાનનો જે વિકાસ થયો એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પોતાનું સ્વરૂપ અખંડાનંદ ધ્રુવ ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે. એની અંતર દૃષ્ટિ એટલે આશ્રય કરવાથી, દર્શન—દૃષ્ટિ દ્રવ્યનો આશ્રય લેવાથી દૃષ્ટિ સમ્યક્ થાય છે. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યનો આશ્રય થાય છે તો જ્ઞાન સમ્યક્ થાય છે. સ્થિરતા—ચારિત્રમાં વસ્તુનો આશ્રય થાય તો ચારિત્ર થાય છે. પરના આશ્રયથી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થતા નથી. બહુ વાત... બહુ ફેરફાર કરી નાખ્યો અને સૌને મનાવી દીધું. સોંઘું સોંઘું. સોંઘુંને શું કહે છે? સસ્તા માલ. સમજાણું કાંઈ? છે તો સોંઘો, પણ સ્વનો આશ્રય થાય ત્યારે સોંઘો છે. હજી એને ખ્યાલ પણ નથી.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ ભાવલિંગી સંત મહાઆનંદકંદમાં ઝુલનારા,

આનંદની દશા, ચારિત્રની દશા આહા..હા..! પરમેષ્ઠીપદમાં ભળ્યા. પાંચ પરમેષ્ઠી છે કે નહિ? વિકલ્પ આવ્યો, કહે છે કે અરે..! સાંભળ તો ખરો. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માનું એ ફરમાન છે કે પરની અપેક્ષાના જેટલા કથન આવે તેને જાણવા, મધ્યસ્થ રહેવું. ખેંચાતાણ ન કરવી. નથી એમ ન માનવું અને એનાથી લાભ થશે એમ નહિ માનવું.

મુમુક્ષુ :— એનું નામ મધ્યસ્થતા.

ઉત્તર :— એનું નામ મધ્યસ્થતા.

શુદ્ધદ્રવ્ય વસ્તુ સ્વરૂપ ચિદાનંદપ્રભુ એને નિશ્ચયનય દ્વારા... જુઓને! 'નિશ્ચનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' આવે છેને? એ તો એની એ બીજી શૈલી. અહીં જ્ઞેય અધિકારમાં સ્વજ્ઞેયને આશ્રયે લાભ થાય એમ સિદ્ધ કરવું છે. '**જેણે મોહને દૂર કર્યો છે એવો વર્તતો થકો,...**' એવો વર્તતો થકો '**હું પરનો નથી...**' હું પરનો નથી. હું સ્ત્રી, કુટુંબ, દેશ, દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ હું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરવું, આશ્રય કરવો તે નિશ્ચયનય. કહ્યુંને, કેટલી વાર કહ્યું. '**શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ...**' કોણ? નિશ્ચયનય. એટલે જે જ્ઞાનનો ભાવ ત્રિકાળ સ્વભાવનો આશ્રય કરે તેને નિશ્ચયનય કહે છે. એ તો વાત ચાલતી હતી, હમણાં ચાલી કે નહિ? ઈ તો કહ્યું, સમયસારની વાત કે 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો...' પોતાનો શુદ્ધ ચૈતન્યનો સ્વભાવ તે જ નિશ્ચયનય. નય એ જ્ઞાન છે, વિષયી છે, વિષય શુદ્ધ છે. પણ વિષય વિષયી અહીંયા અભેદ કરી નાખ્યા. નહિતર નિશ્ચયનય દ્વારા તો જ્ઞાનની પર્યાય દ્વારા (એમ થાય). પણ ઈ કહે છે કે શુદ્ધ દ્રવ્ય ત્રિકાળ દ્રવ્ય છે તેનો આશ્રય કરો એમ નિશ્ચયનય કહે છે. સમજાણું કાંઈ?

અંતર્મુખ ચૈતન્યપ્રભુ બિરાજમાન પરમાત્મા અખંડાનંદ અંદર છે તારો સ્વભાવ. એનું લક્ષ કરો, આશ્રય કરો, અવલંબન લો એનાથી મોહ દૂર થાય છે. મોહનો આ કારણે નાશ થાય છે. બીજા કોઈ કારણથી ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ જીવને પંચમ આરો હો કે ચોથો આરો હો કે મહાવિદેહ હો કે ભરત હો. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન આત્મા. પર્યાયનું જ્ઞાન કરો, છે એટલું જાણવું. આશ્રય કરવાલાયક તો ભગવાન આત્મા શુદ્ધ ત્રિકાળ એ જ નિશ્ચયનયનો વિષય છે.

'**એવો વર્તતો થકો, હું પરનો નથી,...**' હું દેવ-ગુરુ-શાસ્ત્રનો નથી, કુટુંબ-કબીલાનો નથી, હું શરીરનો નથી, હું કર્મનો નથી. બરાબર છે? '**પર મારાં નથી,...**' એ પર મારાં નથી. એ પર સ્ત્રી, કુટુંબ મારા નથી. પણ દેવ-ગુરુ-શાસ્ત્ર ને સિદ્ધ ને અરિહંત, પાંચ પદ એ પણ મારા નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— શું કરવા થાય તો? .. નથી એને. ઈ તો કહે છે. મારું ઘર છે, મારું ઘર છે, છોડીને આવવું કઠણ પડે છે એમ કહે છે. તારું ઘર તો તારી પાસે છે. નિજાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ નિર્વિકલ્પ આનંદકંદ તારું ઘર છે. એ ઘરમાંથી નીકળવું એ જ લાંછન અને શરમ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**હું પરનો નથી,...**' હું કર્મનો નહિ, સમેદશિખરનો નહિ, અરિહંતનો નહિ, પંચ પરમેષ્ઠીનો હું નથી. સમજાણું કાંઈ? પંચ પરમેષ્ઠીનો હું દાસ. નહિ, એમ કહે છે. રેકર્ડમાં ઊતરે છે માથું ફોડી નાખે એવું. '**હું પરનો નથી,...**' હું પરનો ત્રણ કાળમાં નથી. ઓહો..! સમજાણું કાંઈ? પંચ પરમેષ્ઠીનો હું નથી, હું એનો દાસ નથી. વ્યવહારથી બોલવામાં આવે છે એમ જાણવું. સમજાણું કાંઈ? આહા..હા..! 'દાસો અહં' આવે છેને? 'સોહં દાસો અહં' પછી સો રહી જાય. એ તો બધા વિકલ્પની વાતું છે. હું પરનો, ત્રણ કાળ ત્રણ લોકમાં હું પરનો દાસ નથી, હું પરનો સ્વામી નથી, પર સાથે મારે બિલકુલ સંબંધ નથી. અને '**પર મારાં નથી,...**' હું એનો નથી, એ મારાં નથી. પંચ પરમેષ્ઠી મારાં નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર મારાં નથી, લક્ષ્મી આદિ મારાં નથી, આબરૂ, કીર્તિ, કુટુંબ આદિ મારા નથી, સમેદશિખર મારું નથી, ભગવાન મારાં નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આઘા રાખ્યાને. સમજાણું કાંઈ? છે કે નહિ પણ? જુઓ એમાં છે કે નહિ? રતિભાઈ! પરમાં શું (આવ્યું)? અહીં જ્ઞેય અધિકાર છે કે નહિ? એક સ્વજ્ઞેય સિવાય બધા પર મારાં નથી. આહા..હા..! આનું નામ મોહ નાશ કરીને સમ્યગ્દર્શન થયું એવો વર્તતો થકો આવી માન્યતા કરે છે. સમજાણું કાંઈ?

'**એમ સ્વ-પરના પરસ્પર સ્વસ્વામિસંબંધને ખંખેરી નાખીને,...**' દેખો! જુઓ! ખંખેરી નાખીને. આમાં ભલે છોડીને લીધું. ક્યાં છે? બગડો છેને? 'માલિકીનો પદાર્થ અને માલિક વચ્ચેના સંબંધને સ્વસ્વામિસંબંધ કહેવામાં આવે છે.' .. ધ્યાન રાખો. શું કહે છે? એમ સ્વ અને પર પરસ્પર. ઈ મારું સ્વ અને હું એનો સ્વામી અને એ સ્વામી અને હું એનો સ્વ. એમ નથી. શું કહ્યું? '**પરસ્પર સ્વસ્વામિસંબંધ...**' પંચ પરમેષ્ઠી મારા સ્વ અને એનો હું સ્વામી અથવા સ્ત્રી, કુટુંબ, પરિવાર મારું સ્વ અને (હું એનો) સ્વામી એમ તો નથી, પણ હું સ્વ એનો એ સ્વામી, અરિહંત ભગવાન મારા સ્વામી. જુઓ, એમાં આવ્યું કે નહિ? જુઓ તો ખરા.

'**સ્વ-પરના પરસ્પર...**' પરસ્પરમાં શું આવ્યું? કે પર મારા સ્વામી અને હું પરનો દાસ એમ નથી. અને હું સ્વામી અને હું એ મારા (સ્વ). હું સ્વામી અને એ મારા એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કે નહિ? ભારે કઠણ ભાઈ! આ તો સીધી વાત છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ અખંડાનંદ હું, એ હું છું. હું પરનો સ્વામી નથી. લક્ષ્મીનો,

પતિ કહે છેને? આ લક્ષ્મીપતિ ને નૃપતિ ને ધૂળપતિ ને ગૃહપતિ, પત્નીનો પતિ. બિલકુલ નહિ. જ્ઞાની જાણે છે કે હું કોઈનો પતિ નથી અને મારો કોઈ પતિ નથી. ઓહો..! પતિ નામ સ્વામી નહિ. સ્ત્રી સમ્યગ્દૃષ્ટિ હોય તો માને છે કે જગતમાં મારો કોઈ પતિ નથી. અરિહંત મારા પતિ નહિ. સ્તુતિમાં તો કોઈ કોઈ વાર એમ આવે કે હું આપની સ્ત્રી છું, આપ મારા સ્વામી છો. એમ નિર્માનપણે (સ્તુતિ કરે). સમજાણું? નહિ, એમ છે જ નહિ.

મુમુક્ષુ :— મીરાબાઈ...

ઉત્તર :— મીરા-બીરા એ તો વિપરીત દૃષ્ટિ છે. પણ આ તો વીતરાગમાર્ગમાં પણ એમ આવતું હતું. ભક્તો જ્યારે બોલે. એમાં તો આખી લાઈન જ ફેર છે. વસ્તુ ફેર છે. સમજાણું કાંઈ? અહીંયા તો સર્વજ્ઞ. ઈશ્વર કોઈ છે અને કર્તા છે ઈ વાત તો છે જ નહિ. સમજાણું કાંઈ? મારો કોઈ ઈશ્વર કર્તા છે, એ મારા સ્વામી છે અને હું એમની દાસી છું, એમ તો છે જ નહિ. એ તો વસ્તુ જ નથી. પણ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ (જેને થઈ) એ મારા સ્વામી અને હું એનો સ્વ, એમ છે જ નહિ. ઓહો..!

પરસ્પર. અને એ મારા સ્વ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર મારો છે, કર્મ મારા છે, કર્મ મારા છે, શરીર મારું છે. નહિ, નહિ. એનો હું સ્વામી અને એ મારું, એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? હું સ્ત્રી, કુટુંબ, રાજનો સ્વામી. નૃપતિ કહે છેને? રાજા હો, ભરત ચક્રવર્તી. ખમ્મા અન્નદાતા! જ્યાં છન્નુ હજાર સ્ત્રી અને બત્રીસ હજાર રાજા આમ ચામર ઢાળતા હતા. ઈન્દ્ર શક્રેન્દ્ર લ્યો. પહેલા સ્વર્ગમાં બત્રીસ લાખ વિમાનનો નાયક. અંદરમાં અનુભવમાં પ્રતીતમાં છે કે હું બત્રીસ લાખ વિમાન, અર્ધ લોકનો હું સ્વામી નથી અને મારા સ્વામી સર્વજ્ઞ પણ નથી. આહા..હા..! એવો નિર્ણય અંદરમાં સમ્યગ્દર્શન થયું તો થયો એ કહે છે. **'મોહને દૂર કર્યો છે એવો વર્તતો થકો,...'** સમજાણું કાંઈ? આહા..હા..!

ખરેખર તો જ્ઞાની (માને છે કે) રાગ મારું સ્વ અને હું એનો સ્વામી એ મારામાં છે જ નહિ. રાગ મારું સ્વ, વ્યવહારરત્નત્રય એ મારું સ્વ અને હું એનો સ્વામી વ્યવહારનો એમ મારા સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ.

મુમુક્ષુ :— વ્યવહારરત્નત્રય પણ નહિ?

ઉત્તર :— વ્યવહારરત્નત્રય રાગ છે. એ મારું સ્વ અને એનો સ્વામી (એમ માને એ તો) અજ્ઞાની થઈ જાય છે. વ્યવહાર પરજ્ઞેયમાં જાય છે. એનો સ્વામી આત્મા નહિ. સમજાણું કાંઈ? શું કહે છે જુઓને.

**'મોહને દૂર કર્યો છે એવો વર્તતો થકો, 'હું પરનો નથી, પર મારાં નથી' એમ સ્વ-પરના પરસ્પર સ્વ-સ્વામિસંબંધને ખંખેરી નાખીને,...'** ખંખેરી સમજ્યા? પંખી હોય છેને, એના ઉપર ધૂળ લાગે ધૂળ. જીવાંત હોય છેને. આહા..હા..! એ પંખી હોયને, પંખી. ખંખેરી નાખ્યું છે. અહીં તો છોડી દીધું છે (લખ્યું છે). ખંખેરી નાખીને.

મારો કોઈ સ્વામી નહિ અને હું કોઈનો સ્વામી નહિ. ઓહો..હો..! વસ્તુ તે વસ્તુ. સહજાનંદ ચૈતન્યસ્વામી સહજાત્મસ્વરૂપ ચૈતન્યસ્વામી. એકલો સ્વભાવ ચૈતન્યમૂર્તિ સહજાત્મસ્વરૂપ એનો, ચૈતન્યનો હું સ્વામી. હું રાગનો, પરનો, નિમિત્તનો, કોઈનો હું ધણી—સ્વામી છું જ નહિ. સમ્યગ્દૃષ્ટિને અંતરમાં મિથ્યાત્વનો નાશ થયો તો એવો અનુભવ પ્રતીતમાં આવ્યો કે મારું કોઈ ત્રણ કાળમાં નથી અને હું કોઈનો ત્રણ કાળમાં નથી. મારું કોઈ નહિ તો હું કોઈનો નહિ. આહા..હા..! સિદ્ધનો તો હું છે કે નહિ ચેલો?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ નહિ. એમ કહે છે. એ મારા ગુરુ અને હું એમનો ચેલો. મારે કોઈ સાથે સંબંધ જ નથી. હું ગુરુ અને ઈ મારો શિષ્ય, એમ વસ્તુમાં છે જ નહિ. મોતીલાલજી! ભારે વાત ભાઈ! પણ કોઈ કોઈનો સ્વામી છે દ્રવ્યનો? સ્વતંત્ર સ્વયંસિદ્ધ વસ્તુ અનાદિ અનંત નિજ સ્વરૂપનું ભાન થયું તો કોઈ કોઈ સ્વામી છે જ નહિ. વ્યવહારમાં બોલવામાં આવે, વિકલ્પ આવે તો, હે નાથ! આપનો હું દાસ છું, આપનો ભગત છું, ચરણરજ છું. એમ બોલવામાં આવે. પણ એનું જ્ઞાન કરીને મધ્યસ્થ રહેવું. સ્વરૂપમાં આશ્રય કરવાલાયક એ વસ્તુ નથી. ઓહો..હો..! રામસ્વરૂપજી! છે કે નહિ એમાં? જુઓ! યથાર્થ છે એવી વસ્તુ.

ઓહો..! ચૈતન્યસૂર્ય પરનો થાય છે? અને પર ચીજ ચૈતન્યની થાય છે? ચૈતન્ય ... એક તો કહેતો હતો, દેવ-ગુરુ શુદ્ધ છે એ મારા નહિ? મારા નહિ? પણ અનંત વાર મારા નહિ, સાંભળ તો ખરો. એ તો પર છે. સમજાય છે કાંઈ? ભોગીભાઈ! ક્યાં ગયા હતા? ખબરેય નથી ક્યાં ગયા હતા. અહીં આવ્યા ત્યારે ખબર પડી.

**'એમ સ્વ-પરના પરસ્પર સ્વ-સ્વામિસંબંધને ખંખેરી નાખીને, 'શુદ્ધ જ્ઞાન જ એક હું છું...'** બસ. હું તો જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનપુંજ, પ્રકાશપુંજ હું એક જ છું. 'એક હું છું...' એક હું છું. **'એમ અનાત્માને છોડીને,...'** અનાત્મા સમજ્યા? આત્મા સિવાય બધા અનાત્મા. બધા આવી ગયા? સિદ્ધ પણ અનાત્મા પોતાની અપેક્ષાએ. બધા અનાત્મા. પોતાનું દ્રવ્ય પોતાનું, પરદ્રવ્ય પોતાની અપેક્ષાથી અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે અને અભાવ છે. ઓહો..હો..! **'એમ અનાત્માને છોડીને,...'** કીધુંને? શુદ્ધ જ્ઞાન જ એક હું છું, ઈ આત્મા. જે આત્મા કીધું હતુંને માથે? **'શુદ્ધ જ્ઞાન જ એક હું છું' એમ અનાત્માને છોડીને...'** ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનના પિંડ સિવાય બધા અનાત્મા. મારા માટે મારી હયાતીમાં જે ચીજ નથી તે બધા અનાત્મા. મારો આત્મા નહિ. એનો આત્મા ભલે હો. પણ મારી અપેક્ષાથી બધા અનાત્મા. ઓહો..હો..! પરમાણુ, શરીર અનાત્મા. એમ સિદ્ધ ભગવાન મારી અપેક્ષાથી અનાત્મા છે.

મુમુક્ષુ :— એક સમયની પર્યાય...

ઉત્તર :— એક સમયની પર્યાયમાં આવી દૃષ્ટિ થઈ કે હું પરનો નહિ અને પર મારા

નહિ. આ સમ્યગ્દર્શનના ધર્મની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

'**સ્વ-પરના પરસ્પર સ્વસ્વામિસંબંધને ખંખેરી નાખીને, 'શુદ્ધ જ્ઞાન જ એક હું છું' એમ અનાત્માને છોડીને, આત્માને જ આત્માપણે ગ્રહીને,...**' લ્યો, જુઓ! ઓહો..હો..! '**આત્માને જ આત્માપણે...**' આત્માપણે—સ્વભાવપણે. શુદ્ધ જ્ઞાયક આનંદરૂપ મારું એમ આત્માપણે ગ્રહીને. સમજાણું કાંઈ? ઓલો કહે, કોઈ ઈશ્વર મારું ભલું કરી દેશે, ઈશ્વર કરે, ઈશ્વર વિના પાંદડુ હલે નહિ. એ વાત સાચી નથી. તું જ પૂર્ણ ઈશ્વરાનંદ છો. બીજા ઈશ્વર સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે હું તારો ઈશ્વર નથી. આ શું કહે છે? સર્વજ્ઞ કહે છે કે નહિ? હું તારો ઈશ્વર-સ્વામી નહિ. તારો ઈશ્વર બીજો કોઈ નથી, તારો ઈશ્વર તું છો. પ્રગટ સર્વજ્ઞપણું જેને પ્રગટ થયું, વીતરાગભાવ, હું તારો સ્વામી નહિ, તું મારો સેવક નહિ. તું સ્વામી નહિ, તારા કોઈ શિષ્યો એ તારા સેવક નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

એ મિથ્યાત્વનો નાશ થયો, આવી પ્રતીત અને દૃષ્ટિમાં સ્વનો સ્વ અને પરનો પર, ભિન્ન છે, મારે અને એને કાંઈ સંબંધ નથી. આકરી વાત. અરે..! ભગવાન? અરે..! ભગવાનની વાણીથી લાભ નહિ? એમ કોઈ કહેતું હતું. વીતરાગની વાણીથી લાભ નહિ? જીભ નહિ મળે એવું બોલનારાને. અરે..! સાંભળને. સાક્ષાત્ વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાનઘન એનાથી પણ આત્મામાં લાભ નહિ. એ તો પર છે. પરનો હું સ્વામી નહિ અને પર મારો સ્વામી નહિ. ડાલચંદજી! બરાબર છે? કઠણ પડે હોં ત્યાં. ભિન્ન ભિન્ન માન્યું છેને. આહા..હા..! એ તો સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે, પણ પહેલા? પહેલા પણ એ (તારા નથી), તેં માન્યું છે. સાંભળને. તારા હતા કે દિ'? પર તારું નહિ અને તું એનો નહિ. એમ અંતર નિર્ણય કર્યા વિના સ્વભાવ સન્મુખનો સમ્યગ્દર્શનનો અનુભવ થતો નથી.

'**આત્માપણે ગ્રહીને,...**' શું? અનાત્માને છોડીને આત્માને. કેવા આત્માને? આત્માપણે. પોતાના નિજાનંદ જ્ઞાયકભાવરૂપે ગ્રહણ કરીને. '**પરદ્રવ્યથી વ્યાવૃત્તપણાને લીધે...**' પરદ્રવ્યથી ભિન્નતાને લીધે '**આત્મારૂપી જ એક અગ્રમાં ચિંતાને રોકે છે,...**' આત્મારૂપ જ એક અગ્ર-મુખ્ય વસ્તુ ભગવાન આત્મા. એવા અગ્રમાં. બગડો છેને. 'એકાગ્રચિંતાનિરોધ=એક જ વિષયમાં—ધ્યેયમાં—વિચારને રોકવા તે. (એકાગ્રચિંતાનિરોધ તે ધ્યાન છે).' લ્યો. એવા '**એક અગ્રમાં ચિંતાને રોકે છે,...**' એક અગ્રમાં ચિંતાને રોકે છે હોં! એકાગ્રચિંતાનિરોધો ધ્યાન. '**(—એક વિષયમાં વિચારને રોકનાર આત્મા)...**' પોતાના જ સ્વરૂપને વિષય કરીને એમાં રોકનાર આત્મા. '**એકાગ્રચિંતાનિરોધના સમયે ખરેખર...**' જુઓ! નિરોધના સમયે. એકાગ્રચિંતાનિરોધ. જ્ઞાયકમૂર્તિ હું અખંડાનંદ છું. મારો કોઈ રાગનો કણમાત્ર નથી, ... શકે નહિ એમ એકાગ્રતાના સમયે. નિરોધના સમયે ખરેખર '**શુદ્ધાત્મા હોય છે.**' એ સમયે નિર્મળાનંદ પ્રભુ પોતાની પર્યાયમાં પ્રકાશમાન થાય છે. સમજાણું કાંઈ?

એકલો આત્મા ચૈતન્યપ્રકાશમય પ્રભુ પર સાથે મારે સંબંધ નથી, રાગનો હું સ્વામી નહિ,

રાગ મારું સ્વ નહિ એમ ચૈતન્ય... જ્ઞાનમાત્ર આવ્યુંને? એમાં ક્યાં રાગ-ફાગ આવ્યો? અને આત્મારૂપથી ગ્રહણ કરે છેને. તો વ્યવહાર એ આત્મારૂપ નથી. વ્યવહારરત્નત્રય હેય છે. ઓહો..હો..! બરાબર છે? ભઈ, આવું હશે તો બધા મૂકી દેશે, એવું આવ્યું છે, લ્યો. એક કાગળ. કોણ મૂકે અને કોણ છોડે? સાંભળને! માટે જરી કાંઈક વ્યવહારની ક્રિયાકાંડનો ઉપદેશ આપો તો રાગ-દ્વેષ ઘટે. સનાવદથી પત્ર આવ્યો છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા ઈશ્વરચંદજી?

મુમુક્ષુ :— લિખનેવાલે કા દિમાગ ખરાબ હૈ...

ઉત્તર :— દિમાગ ખરાબ હૈ. દિમાગ ખરાબ હૈ?

‘**ખરેખર શુદ્ધાત્મા હોય છે. આથી નક્કી થાય છે કે શુદ્ધનયથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.**’ પહેલા નિશ્ચયનય વડે કહ્યું હતુંને? શેઠી! એ જ અહીં શુદ્ધનય લીધું. પરની અપેક્ષા છોડીને શુદ્ધનયથી. પોતાનો ચૈતન્યપ્રભુ... રાગ તો આવે છે, નથી આવતો? અજ્ઞાનીને પણ આવે છે અને જ્ઞાનીને પણ આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એના કાળમાં ભક્તિનો, પૂજાનો, દયાનો, દાનનો એવો ભાવ આવે છે. આવો, જાણો. મધ્યસ્થતાથી જાણો કે છે. આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક પ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ? ... આવું કરશો તો આ બધું ... પણ કોણ ઊડે? એની પર્યાયમાં જે થવાનું છે તે થશે જ થશે. દૃષ્ટિ ફેરવ્યા વિના એનું કલ્યાણ થશે નહિ.

કહે છે કે ‘**શુદ્ધનયથી જ...**’ વળી એકાંત થઈ જાય છે. શુદ્ધનયથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે અને વ્યવહારથી પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહો. અહીં તો આચાર્ય કહે છે કે ‘**શુદ્ધનયથી જ...**’ અશુદ્ધનય અને વ્યવહારનયથી આત્માને કદી લાભ થતો નથી. ભગવાન આત્મા પોતાના સ્વરૂપનો આશ્રય કરીને નિશ્ચય શુદ્ધનયથી આત્માનો લાભ થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો નિજ આશ્રયથી લાભ થાય છે, બીજાથી કોઈ દિ’ થતો નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એનું નામ અનેકાંત છે. અનેકાંત—પોતાથી લાભ થાય છે, વ્યવહારથી લાભ થતો નથી. એનું નામ અનેકાંત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિશ્ચય. શુદ્ધ કહો, નિશ્ચય કહો. એકાકાર સ્વભાવ.

મુમુક્ષુ :— ‘જ’નો ઝઘડો છે.

ઉત્તર :— ‘જ’નો ઝઘડો છે. અહીં તો કહે છે, ‘જ’. નિશ્ચયથી પોતાથી લાભ થાય છે. પરથી ન થાય એનું નામ અનેકાંત છે. ઓલા કહે, આમ નહિ કહો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ‘જ’ નહિ લગાવવો. છે, નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે, એટલું.

છેની અપેક્ષાથી 'પણ' છે, પણ લાભની અપેક્ષાથી 'પણ' નથી. ધર્મની પ્રાપ્તિ પોતાના સ્વભાવના આશ્રયે થાય છે, ત્યાં 'જ', ત્યાં 'પણ' નહિ. અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય કેવળજ્ઞાનીના પેટ ખોલીને જેવી વાત છે તેવી કહે છે.

**'શુદ્ધનયથી જ...'** શુદ્ધનયથી પણ એમ નહિ. પોતાથી પણ લાભ થાય છે અને પરના આશ્રયે પણ લાભ થાય છે, એમ નહિ. એ તો એકાંત થઈ ગયું, અનેકાંત ન રહ્યું. અનેકાંત પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું. પોતામાં નિશ્ચયથી લાભ છે, વ્યવહારથી નથી. એવા ભાવને અનેકાંત કહે છે. એવી વાત છે. સ્વાધ્યાય મંદિરમાં આપણે ચાકળો છે. 'પરસ્પર વિરુદ્ધ શક્તિઓનું અસ્તિ-નાસ્તિ આદિ, વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' એવો ચાકળો એમાં છે. અહીંયા નથી. જુઓ! શું કહે છે? વ્યવહારનયનું કથન છે. જાણવાલાયક કહ્યું. છે એમ જાણવું. આ પણ છે અને ઈ પણ છે. છે એમ જાણવું પણ આદરવામાં લાભમાં તો એક જ નય છે, બીજી નય નથી.

મુમુક્ષુ :— નિષેધ કરે તો...

ઉત્તર :— ના, વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર છે, લાભ એના આશ્રયે નથી. વ્યવહારનય જ નથી, એનો વિષય જ નથી તો એકાંત થઈ જાય છે. પણ વ્યવહાર છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ?

હવે ૧૯૨ ગાથા. બહુ ગાથા ઊંચી છે. આપણે (સંવત) ૨૦૦૫ની સાલમાં (ચાલી હતી). ત્યારે તો હજી નવરા નહિ હોય. ભાઈ તો આવતા હતા. ત્યાં આપણે નહિ ભાઈ? નાનાલાલભાઈના મકાનમાં.

**'હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—'** ભગવાન આત્મા ધ્રુવ.. ધ્રુવ ચિદઘન, આનંદકંદ પૂર્ણાનંદ ધ્રુવ એ જ ધ્રુવત્વને લીધે, એમ પાછું. એ **'ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે...'** શુદ્ધ આત્મા જ અનુભવ કરવાલાયક છે. વિકલ્પ આદિ અશુદ્ધ છે તે અનુભવ કરવાલાયક નથી, જાણવાલાયક છે.

મુમુક્ષુ :— અધ્રુવ છે.

ઉત્તર :— એ બધા અધ્રુવ છે. આવશે, ઈ આવશે. એ બધા અધ્રુવ છે. વિકલ્પ આદિ બધા ક્ષણિક છે. એનો આશ્રય કરવાલાયક નથી, એ પ્રાપ્ત કરવાલાયક વસ્તુ નથી. સમજાણું કાંઈ? ૧૯૨.

**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदिमयमहत्थं।**
**धुवमचलमणालंबं मण्णेऽहं अप्पगं सुद्धं।।१९२।।**

**'ટીકા :— શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે...'** હિન્દીવાળાએ અર્થ કાઢી નાખ્યો છે. આપણે તો ગુજરાતીમાં રાખ્યો છે ભાઈએ નીચે. આણે કાઢી નાખ્યું.

મુમુક્ષુ :— હિન્દીવાળા તો જાણે જને.

ઉત્તર :— જાણ્યા, ધૂળમાં જાણતા નથી. ... દિગંબર કોને કહેવા એની ખબર નહોતી. દિગંબર કોને કહેવા? દિગંબર ધર્મ શું છે? આત્મધર્મ એ દિગંબર ધર્મ છે. દિગંબર ધર્મ કોઈ વાડો નથી, સંપ્રદાય નથી. આ તો મુનિપણાની અપેક્ષાથી (કહે છે). મુનિને વસ્ત્ર નથી હોતા, દિક્ નામ આકાશ અંબર એને છે એ અપેક્ષાથી નામ પડ્યું. બાકી નિગ્રંથ માર્ગ છે. નિગ્રંથ માર્ગ અનાદિ અનંત સર્વજ્ઞનો કહેલો. આવો માર્ગ.. જન્મ્યો એટલે થઈ ગયો? જન્મ્યો એટલે થઈ ગયો દિગંબર? વસ્તુને સમજ્યા વિના, સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થયા વિના ખરેખર એ ધર્મી નથી. .. અનંત વાર થયો, નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, એમાં શું થયું?

‘**શુદ્ધ આત્મા સત્**...’ (અર્થાત્) ‘છે’ ‘**અહેતુક**...’ અકારણ છે. એનું કોઈ કારણ નથી. છેને ગુજરાતીમાં અર્થ છે નીચે. શુદ્ધ આત્મા ભગવાન અસ્તિ, અસ્તિ એટલે છે, છે. અહેતુક (અર્થાત્) કોઈ કારણ નથી. કોઈ કારણ નથી. કોઈ ઈશ્વર-ફિશ્વરે આત્માને ઊપજાવ્યો છે એમ નથી. સ્વતઃ અહેતુક સત્. ચૈતન્યસ્વભાવ ધ્રુવ-સૂર્ય અનાદિ જ્ઞાનપ્રકાશમૂર્તિ પ્રભુ હયાતી, અહેતુક—કારણ-બારણ નથી. સમજાણું કાંઈ? એવો ધ્રુવસ્વરૂપ પ્રભુ. નિત્ય ધ્રુવ તારો. ‘**અનાદિ-અનંત**...’ સત્ હયાતીવાળું, કારણ વિનાની વસ્તુ છે તે કારણથી અનાદિ-અનંત છે. અનાદિ-અનંત. રાત્રે પ્રશ્ન લીધોને? ભગવાને શું જોયું? ભાઈ! પહેલી કઈ પર્યાય? પણ પહેલી છે જ નહિ તો શું જોવે? અનાદિ છે.

મુમુક્ષુ :— જોઈ નથી તો ભગવાન કેમ કહેવાય?

ઉત્તર :— બધું જોયું. જોયું નથી એમ કોણ કહે છે? બધું જોયું. જેવું છે એવું જોયું. અનાદિ છે એમ જોયું. છે.. છે.. છે.. છે.. છે.. કંઈ નવી ચીજ ઉત્પન્ન થઈ છે? નવી ઉત્પન્ન થાય છે? નવી ઉત્પન્ન થાય તો એ નિત્ય નથી રહેતી. નિત્ય છે તે નવું ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ? છે, ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે, ભવિષ્યમાં છે. ભગવાન શુદ્ધ પ્રભુ આત્મા એવા અનંત આત્મા ધ્રુવપણે અનાદિ-અનંત ત્રિકાળ છે. કદી ઉત્પત્તિ નથી થઈ અને કદી નાશ થઈને બીજા પદાર્થમાં ભળી જતો નથી. અરે..! એક સમયની પર્યાયમાં ધ્રુવ આવી જતો નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં ધ્રુવ આવે છે? ધ્રુવ તો ત્રિકાળ અનાદિ-અનંત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પર્યાય એક સમયની જ હોય અને ધ્રુવ છે તે અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? તે જ શુદ્ધ છે એમ બતાવવું છે. ધ્રુવત્વને કારણે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે ઈ બતાવવું છે. સમજાણું કાંઈ?

‘**શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત**...’ અનાદિ-અનંત છે.. છે.. અને છે. ‘**સ્વતઃસિદ્ધ છે**...’ પોતાથી છે. પરથી નથી એમ કહ્યું, પછી કહ્યું

પોતાથી છે. સ્વતઃસિદ્ધ. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ સત્ જ્ઞાનનો પુંજ પ્રભુ એવો ને એવો અનાદિ સ્વતઃ જ સિદ્ધ છે. કોઈથી બન્યો છે અને કોઈને બનાવે છે એવું વસ્તુમાં નથી. આવો આત્મા છે સ્વયંસિદ્ધ. ઓલા કહે કે, ભગવાને અમને બનાવ્યા. ત્યારે પહેલા નહોતોને? નહોતો તો બનાવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? ભ્રમણા અજ્ઞાનીની, પાર નહિ. અમારું અનાદિ-અનંત છે તો ભગવાને જોયું છે કે નહિ? ભગવાને તો બધું જોયું છે. કોણ ના પાડે છે? બધું જોયું છે, નથી જોયું? અનાદિ-અનંત છે, છે, છે. ક્યારે નહોતો? ક્યારે નહોતો? ક્યારે નહિ રહે? અનાદિ-અનંત છે. છે આદિ વિનાનો છે, અનંત છે એમ ભગવાને જોયું છે. તારે જોવાની વસ્તુ શું છે ઈ કહે છે. ધ્રુવ. સમજાણું કાંઈ? વાત ઈ, આત્મા શું ચીજ અને એની મહિમા શું છે, એનો પત્તો લેતો નથી. અરે..! એમ ને એમ (ચાલે છે), આમ થાય છે ને આમ થાય છે.

મુમુક્ષુ :— મહિમા આવતી નથી, પરની મહિમા આવે છે.

ઉત્તર :— મહિમા આવે છે, પરની આવે છે. શું નિજપદ છે? શું નિજસ્વરૂપ છે? ત્રિકાળી. એક સમયની પર્યાય છે તેને અહીંયા ગૌણ કરે છે. લાભ તો ધ્રુવના આશ્રયે થાય છેને. ધ્રુવ શુદ્ધત્વનું કારણ છેને. ઓહો..હો..!

**'તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...'** દેખો! શું (કહે છે)? આત્માને શુદ્ધ આત્મા ત્રિકાળ રહેનાર એ જ ધ્રુવ છે. બીજું કોઈ ધ્રુવ નથી. એવી ચીજનો અંદર આશ્રય કરવો એની વાત બહુ... ગાથામાં ઘણી વાત છે. ઈ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઇ.
www.vitragvani.com